THE

CONCISE

ENGLISH—GUJARATI DICTIONARY.

WITH

Syllables, Accents, Pronunciations, Roots, Otherwords, Meanings, Prepositional & Idiomatic Phrases & useful Appendices.

Published By

SHANKERBHAI G. PATEL.

One of the compilers

of

Standard Eng. Gujarati Dictionary.

udents' Standard Eng. Gujarati Dictionary

2100 Copies.

Printed at the "Jnan Mandir" Press, & In "Satya Vijaya"

Press By—Sankalchand Harilal Shah.

Ahmedabad.

Summat 1968. **A. D. 1912.**

Price Rs. 2—4—0. **Postage Rs. 0—6—0.**

Registered under Act XXV of 1867.

Printed at the "Gnyan Mandir" Press by Sankerrai
Amratrai & at the "Satya Vijaya" Press
by Sankalchand Harilal Shah.—
Ahmedabad.

DEDICATED

To

Sheth Chunilal Dharamdas Saraiya Esq:

L. M. & S., J. P.

Fellow of the University of Bombay.

THE MANAGING DIRECTOR,

INDIAN SPECIE BANK LIMITED.

BOMBAY.

For his eminent qualities of head and heart, his glorious and exemplary career as a Banker, his unrelenting zeal in the cause of native Banks, his world-wide fame as a Merchant, rightly termed "*The Prince of the Merchants of Bombay*" in many public addresses, his sympathetic, appreciative and generous bent of mind towards his subordinates, and for the deep sense of reverence and gratitude for the munifarious obligations received,

By

His most obedient & grateful servant,

SHANKERBHAI GALABHAI Patel.

Preface.

In the first place, I should explain where stands the necessity for such a work, when so many of the type are already extant. The public are aware that our earlier publications.—"The Standard English Gujarati Dictionary" & its abridgment, "The Students' Standard" are current for nearly the last twenty years, & have passed, in all, four editions. They have met with the general approbation of the appreciative public and are sufficient to cope with the requirements of advanced students, and professional gentlemen, but far off the reach of the means of poor students.

Encouraged as above by the generous and genial support, I was tempted to put my shoulder to the wheel once more, to win public favour by meeting the cry for a cheaper and simpler dictionary as might meet the wants of a poorer and less advanced class of students.

What with Pronunciations based on the line of the well-known Dr. Ogilvie, and what with the special prominence given to Syllables in the body of the word and Accents in that of pronunciations based on the same author, the present work is expected to be very useful. Special care is taken to maintain the line and style of our previous works, and though the present work is in a concise form, their original importance is preserved all through.

To place it, however, within the easy reach of all, unmindful of its bulk and the prices of the similar works in the market, the price of the present work is kept very low.

Though every attempt is made to maintain uniformity throughout, the unsettled condition of the Gujarati Orthography leaves much room for careful revision. For these, as well as for errors of a typographical nature and mistakes due to oversight, which are likely to creep in, in a work like this, I crave the indulgence of the generous public and critics, and invite their sympathetic and friendly cooperation as might lead to their complete elimination in the second edition.

I must here express my sincere thanks to all gentlemen who have kindly helped me in my present work, and in particular, Mr.

Narayandas D. Dave, an undergraduate of excellent capacity and Mr. Balavantrao R., from whom I have received material help in the general get-up of this work.

In conclusion, if this work fulfils the mission with which it goes out, I shall deem my labour to have been amply rewarded.

Kakabaliani Pole,
Mandvi's Pole,
Ahmedabad, 16th January 1912.

Shankerbhai G. Patel.

PREFIXES.

GREEK.

A,	expresses	want, absence, privative, blame.
Amphi,	,,	on both sides, about, around, on all sides.
Ana,	,,	up, upon, upthrough.
Anti,	,,	against, over against, in opposition to.
Apo,	,,	from, away from, as under.
Cata,	,,	down, downwords, from above.
Dia,	,,	throughout, right through.
En, (in)	,,	in, on, at.
Epi, Ep,	,,	on or upon; by or near.
Eu,	,,	well, implying greatness, abundance, &c.
Eso,	,,	to within, within.
Ex, (Ec)	,,	out of, from out of, away from.
Exo,	,,	Without, out of doors.
Hyper,	,,	over above, beyond, away.
Hypo,	,,	from under, under, beneath.
Meta, (Met)	,,	in the midst of, among, between.
Para,	,,	beside, from the side of.
Peri,	,,	around, about, beyond measure.
Syn,(Sy,Syl,Sym)	,,	along with, in company with, together with.

LATIN.

A, Ab, Abs, expresses from or away.

Ad, (ab, ac, af, ag, al, an, ap, ar, as,at,) ,, to, towards, at or near anything.

Ante,	,,	before.
Bene,	,,	well, rightly.
Bi, bis,	,,	twice.
Circum, circu,	,,	around, all around.
Cis,	,,	on this side.
Co,con,(col, cor)	,	together with.
Contra,	,,	over against, on the opposite s....
De,	,,	down from, away from, out of.
Dis,di,dif,	,,	asunder, apart in two.
Ex or **E(ee, ef)**	,,	out of, from, down from.
Extra,	,,	on the outside, without, beyond.
In,(ig,il,im, ir,)	,,	into, also, not.
Inter,	,,	in the midst, between.
Intro,	,,	to within, into the side.
Juxta,	,,	by the side of, close to, near to, nigh.
Ob,(oc,of,o,op,os,)	,,	towards,to, before, against.
Per,	,,	thoroughly.

Post,	„	behind, after.
Præ,	„	before, in front of, in advance of.
Prœter,	„	except, unless, before, beyond, besides.
Pro,	„	before, in, in favor of, in front of.
Re,	„	back, again, against.
Retro,	„	backword, behind.
Se,	„	aside, apart.
Sine,	„	without.
Sub (suc, suf, sug, sum, sup, sus, su,)		under, below.
Subter,	„	below, beneath, underneath.
Super (sur)	„	above, over, beyond.
Trans, Tra,	„	on the farther side of, beyond, across.
Ultra,	„	beyond, farther, past, longer then.
Ve,	„	without.

LIST OF ABBREVIATIONS.

USED IN THIS BOOK.

a.. adj. stands for adjective.
adv..........................adverb.
conj..........................conjunction.
e.g..........................*exempli gratia* (for-example.)
i. e..........................*id. est.* (that is)
L..........................Latin.
n..........................Noun.
Pert..........................Pertaining.
Pl..........................Plural.
vb. n..........................Verbal noun.
v. i.................... Verb intransitive.
v. t..........................Verb transitive.

A KEY TO PRONUNCIATION.

ફેટ્ = Fate.
ફાર્ = Far.
ફાસ્ટ્ = Fast.
ફૅટ્ = Fat.
ફૉલ્ = Fall.
મી = Me.
મેટ્ = Met.
પિન્ = Pin.
નોટ્ = Note.
નૉટ્ = Not.
ટ્યૂબ્ = Tube.
પુલ્ = Pull,

THE
CONCISE
English-Gujarati Dictionary.

A.

A,(એ, આ ઍ)1. The first letter of the alphabet in most of the known languages of the earth:દુનિયાની ઘણી ખરી જાણીતી ભાષાઓના મુળાક્ષરનો પ્રથમાક્ષર.2.An adjective commonly called the indefinite article and signifying'one' or 'any',but less emphatically:વિશેષણ તરીકે વપરાતો શબ્દ;એને ઇંગ્રેજીમાં ઇન્ડેફીનિટ આર્ટિકલ કહે છે;અને એનો અર્થ, એક, એકાદ, કંઈક,કોઇ એક,એવો થાય છે;પરન્તુ તે ઓછો નિશ્ચયાત્મક છે.3.Each;every:દરેક;પ્રતિ;હરેક;હર.

A,1, (એ–વન્) *a*. Stamp showing a ship of the first class: પહેલા વર્ગના વહાણની છાપ. Excellent;superior:સરસ;ધજ;તોફુ; પહેલા નંબરનું.

A-back, (ઍબૅક્) *adv*.1.Backward:પછાડે;પાછળ.2.Unexpectedly:અકસ્માતથી;ઓચિંતા.

Aba-cus,(ઍબ્'ઍકસ્)*n*.[L.*abacus*.]1.A drawing board or calculating-table: હિસાબ ગણવાની પાટી-પાટીયું.2.A cupboard;a buffet:પ્યાલા વીગેરે ગોઠવવાનું ખાનાંવાળું એક મેજ-પાટીયું.

Ab-addon,(ઍબૅડ્'ડન્)*n*.1. The destroyer or the angel of the bottomless pit: નાશ કરનાર; યમ.2.The bottomless pit;hell:અઘોર ખાડો;નર્ક.

A-baft, (ઍબાંફ્ટ્) *adv*. On or towards the hinder part of the ship:વહાણના પાછલા ભાગમાં.

A-baisance,(ઍબે'સંન્સ્)*n*. Same as **obeisance**.

A-bandon,[ઍબૅન્'ડન્)*vt*.[L.*ad*,to & *bandon*, permission.]1.To banish:દેશનિકાલ કo.2. To quit:મૂકી દેવું;તજવું.3.To resign:છોડવું;હાથ ઉઠાવવો.4.To give up as lost:પડતું મૂકવું;-નીઆશા-છોડવી-મૂકવી.5.To yield to without control: માં ગરક-લીન થઇ જવું.

A-bandoned,(ઍબૅન્'ડન્ડ્)*a*.Extremely wicked: અતિ દુષ્ટ; પાપમાં લીન થયેલું;ભ્રષ્ટ.2.Vicious: વંઠેલું.

A-bandon-ment,(ઍબૅન્'ડન્મેન્ટ્)*n*. 1. Total desertion:ત્યાગ;પરિત્યાગ.

A-base,(ઍબેસ્')*vt*.[L.*a* & *bassare*,to lower.] To lower;to cast down:હલકું પાડવું;નીચું કoનમાવવું.2.To humiliate:માનભંગ કo;પદવી ઉતારવી.

A-basement, (ઍબેસ્'મેન્ટ્)*n*.1. The act of bringing low:નીચું-હલકું પાડવું તે.2.Humliation:માનભંગ;અવજ્ઞા;હીણપત;તિરસ્કાર.

A-bash,(ઍબૅશ્)*vt*.To put to shame;to discomfit:શરમાવી નાંખવું; ઝંખવાણું-ફિકું પાડવું.

A-bate,(ઍબેટ્')*vt*.[L. *ad* & *batuere*,to beat.] 1. To reduce to a lower degree: ઉચ્ચા દરજ્જાથી નીચે-હલકું ઉતારવું-પાડવું.2.To lessen:ઓછું-કમી કo;ઘટાડવું;છૂટ મૂકવી.3.To put an end to:દૂર કo;કાઢી નાખવું.*vi*.1. To become less in strength: જોર નરમપડવું-કમી થવું. 2. To fall through: નિષ્ફળ-વ્યર્થ જવું; ભાગી પડવું;ધુળ ધાણી થવું.

A-batement,(ઍબેટ્'મેન્ટ્)*n*. 1. Diminution: છૂટ;ઘટાડો.2. The sum abated; decrease: ઘટાડેલી-માંડીવાળેલી રકમ;મૂકેલી છૂટ.

A-bater, **A-bator**, (ઍબેટ્'અર્)*n*.1. One who abates or destroys:દૂર કરનાર.2.An illegal intruder:વારસની પહેલાં મરનારની મિલ્કતમાં ઘુસી જનાર.

Aba-tis, **Aba-ttis**, (ઍબ્'ઍટિસ્)*n*.[Fr.*abattere*, to beat.]A sort of fence made of branches in front of a fortification:શત્રુઓને અટકાવવા માટે કિલ્લાની સામે ઝાડની ડાળીઓની કરેલી વાડ.

A-batt-oir,(ઍબૅટ્વાર્)*n*.A slaughter-house: કસાઈખાનું.

Abba,(ઍબ્'બે)*n*.1. Father:પિતા.2. Religious superior:ધર્માધ્યક્ષ.

Abba-cy,(ઍબ્'ઍસિ)*n*.[LL.*abbatia*.]Rights of an abbot:મહંત-મહાધ્યક્ષના હક.

Ab-be,(ઍબે)*n* An abbot:મઠાધિકારી;મહંત.

Abbess,(ઍબ્'એસ્)*n*. The female superior of convent of nuns:યોગીનિ;મઠાધિકારિણી.

Abbey,(ઍબ્'બી)*n*.1.A monastery:મઠ; આશ્રમ. 2. A society of persons devoted to religion:મઠવાસીઓની મંડળી.

Abbot,(ઍબ'બટ્) *n.* [See *Abbacy.*] The governor of an abbacy:મઠાધ્યક્ષ.

Ab-brevi-ate,(ઍબ્બ્રી'વિએટ્)*vt* [L.*ad,&brevis,* short.]1. To abridge; to shorten:સંક્ષિપ્ત-ટુકું ક૦.2 To reduce:ભેદ ઉડાવવા.

Ab-brevi-ation,(ઍબ્બ્રી'વિએ"શન્)*n.*Abridgment;contraction:સંક્ષેપ;સંક્ષેપચિન્હ.

Abdi-cate,(ઍબ્'ડિકેટ્)*vt.*[L.*ab&dico,* I proclaim.] To renounce:હક ઉઠાવવો:2.To abandon:જગા-રાજ્ય આદીનો હક ત્યાગ ક૦.3.To disinherit:બીનવારસી ઠરાવવું;વારસામાંથી બાતલ કરવું.

Ab-di-cation,(ઍબ્ડિકે'શન્)*n.*Renunciation; relinquishment:અધિકારત્યાગ;પરિત્યાગ;રાજીનામું.

Ab-domen,(ઍબ્ડો'મેન્)*n.*[L.*abdo,* I hide]. That part of the body which lies between the thorax and the pelvis:પેટ;પેડુ;ઉદર;જઠર.

Ab-domi-nal,(ઍબ્ડૉમ્'ઈનલ્)*a.*Relating to abdomen:પેટાનું-સંબંધિ.

Ab-domin-ous,(ઍબ્ડૉમ્'ઈનસ્)*a.*Having a large belly;pursy:મોટા પેટવાળું.

Ab-duce(ઍબ્ડયૂસ')*vt.*[*L.ab & duco,*I lead]. To withdraw: બાતલ ક૦; ખેંચી લેવું; વાળી લેવું.

Ab-duct,(ઍબ્ડક્ટ')*vt.*[*Lab&duco,* I lead.] To take away by force:હરણ કરી જવું.

Ab-duction,(ઍબ્ડક્'શન્)*n.*The act of carrying away:મનુષ્યહરણ; અપહરણ.

A-bed,(ઍબેડ્')*adv.*On or in bed: બીછાનાપર; પથારીમાં.

Ab-errance } (ઍબેર્'રૅન્સ-ન્સિ)*n.*[L.*ab& erro,* I wander]. Deviation
Ab-erran-cy } from truth or rectitude:આડે રસ્તે જવું તે;વિગતિ;નિયમભ્રષ્ટતા;તકસીર;ચુક.**A.***of mind:* ચિત્તભ્રમ.

A-bet,(ઍબેટ્')*vt.*To encourage;to support (used in bad sense as, *to* **a**.*crime,vice.*) ખરાબ કામ કરવામાં મદદ ક૦-ટેકો આપવો; ઉશ્કેરવું.

A-better } (ઍબેટ્'ટર્)*n.*Instigator of an
A-bettor } offence, or an offender: નઠારા કામમાં-દુરાચરણમાં-ગુન્હાને ઉત્તેજન આપનાર.

A-beyance(ઍબે'અૅન્સ્)*n.*1.Suspension:મોકુફી; તહકુબી;2. Want of an occupant or holder: વારસનો અભાવ.

Ab-hor,(ઍબ્હૉર્')*vt.*[*L.ab&horreo,*I shudder.] To detest;to abominate:ધિક્કારવું;તિરસ્કાર ક૦.

Ab-horrence,(ઍબ્હૉર્'રેન્સ્)*n.*Extreme hatred; detestation:અતિધિક્કાર;તિરસ્કાર.

Ab-horrent, (ઍબ્હૉર્'રેન્ટ્)*a.*Detesting;repugnant:છેક ઉલટું;વિરૂદ્ધ;અણગમતું.

A-bide,(ઍબાઇડ્')*vi.* To dwell: વસવું;રહેવું.2. To remain:રહેવું. 3. (*by*) To remain stable: પાસે રહેવું.*vt.*1.To await:રાહ જોવી;તૈયાર હોવું.2. To endure:તાબે થવું;ખમવું;સહન ક૦.

A-biding(ઍબાઈ'ઇંગ્)*ad.* Lasting; permanent:ટકાઉ; ટકેએવું;નિભતું.

Abil-gail,(ઍબ્'ઇગેલ્) *n.* A lady's waiting maid:દાસી;ચાકરડી;લુંડી.

A-bili-ty,(ઍબિલ્'ઈટિ)*n.*[L *habeo,*I hold.]1. Competence;capacity:સામર્થ્ય;ગુંજાસ;શક્તિ;બળ. 2.(*pl.*)Talent;efficiency:કૌશલ્ય;બુદ્ધિ;મતિ;અક્કલ.

Abject,(ઍબ્'જેક્ટ્)*a* [L *ab & jaceo,* I throw.] Mean;worthless:નીચ;હલકું;પામર;અધમ.

Ab-jection, } (ઍબ્જેક્'શન્) } *n.* Baseness;servility:નીચપણું; હલકાઈ; અધમતા.
Ab-ject-ness, } (ઍબ્'જેક્ટ્-નેસ્) }

Ab-ju-ration,(ઍબ્જ્યૂરે'શન્)*n.*Renunciation upon oath:સોગન ખાઈને ત્યાગક૦-છોડીદેવું તે;પ્રતિજ્ઞા પૂર્વક ત્યાગ.

Ab-jure,(ઍબ્જ્યૂર')*vt.*[L.*ab & juro,*I swear.] 1.To renounce upon oath:સોગંદથી તજવું;મુકી દેવું.2.To reject;solemnly: પરિત્યાગ ક૦.

Ab kari,(ઍબ્કાર્'ઇ)*n.*[**Skt**.*ap,*water &*Kara,* making.]In British India the Government excise upon liquors:દારૂ વીગેરે માદક પદાર્થ ઉપરની જકાત.

Abla-tive,(ઍબ્'લટિવ્)*n.*[L.*ab & latus,*carried.]A case of nouns in Latin,corresponding to 3rd 5th & 7th,case in Sanskrit:તૃતીયા,પંચમી કે સપ્તમી વિભક્તિ;અપાદાન.**A.***absolute:* સતિ સપ્તમી.

A-blaze,(ઍબ્લેઝ્')*adv.*& *a.*On fire:ધગધગતું; ભડકે સળગતું.2. In a state of excitement or ardent desire: અતિ ઉત્કંઠિત-આતુર.

Able,(એ'બલ્)*a.*[L.*abilis,*fit.] 1. Possessing sufficient mental & physical capacity: ગુંજાસવાળો;શક્તિવાન;સમર્થ.2.Competent:સમર્થ;કુશળ;પ્રવીણ.3.Adequate;fit:લાયક;યોગ્ય.[બળવાન.

Able-bodied,(એ'બલ્બૉ'ડિડ્)*a.* Robust:લઠ;

A-blepsy,(ઍબ્લૅપ્'સિ)*n.*[Gr.& *blepo,*to see.] Blindness:અંધત્વ;અંધાપો.

Ablo-cate, (ઍબ્'લોકેટ્)*vt.* [L. *ab. & locus,*a place.]To lease;to let:ભાડે-ગણોતે-પટે આપવું.

A-bloom,(ઍબ્લૂમ્')*adv.*In a blooming state: લાલીવાળું;લાલ સુરખ.

Ab-lution,(ઍબ્લ્યૂ'શન્)*n.*[L.*ab,& luo,*I wash.] 1.Purification by water for religious duties:ધર્મક્રિયા માટે પાણીથી સ્વચ્છ-શુદ્ધ-પવિત્ર ક૦તે. 2.Water or anything used for purification:સ્વચ્છ-પવિત્ર થવા સારૂ વાપરેલું પાણી અથવા હરકોઈ પદાર્થ.3.Bathing:નાવણ;સ્નાન.

Ably,(એ'બ્લિ)*adv.* With great ability:ચાલાકીથી;હોશિયારીથી.

Abne-gate,(ઍબ્'નીગેટ્)*vt.* [L.*ab,* & *nego,*I deny.]To deny and reject:નકાર ક૦;ના પાડવી.

Ab-ne-gation,(ઍબ્નીગે'શન્)*n.*Renunciation denial:નકાર;ના પાડવી તે;સંયમ;નિગ્રહ.*Self* **a.**આત્મસંયમ.

Ab-normal, (ઍબ્નૉર્મલ્) } a. [L. *ab* & *norma*, a rule.] Irregular: ધારાથી ઉલટું; નિયમવિરુદ્ધ.
Ab-normous, (અબ્નૉર્'મસ્) }

A-board, (ઍબૉર્ડ્') *adv.* On board: વહાણ ઉપર-માં. *To go* a: વહાણ ઉપર ચઢવું-બેસવું.

A-bode, (ઍબૉડ્') *n.* 1 Residence; રહેઠાણ; ઉતારો; ઘર. 2. Stay: રહેવું તે; વાસો; ઉતારો.

A-bolish, (ઍબૉલ્'ઇશ્) *vt.* [L. *ab.* & *olere*, to grow.] 1. To destroy: નાશ કo; નાબુદ કo; તોડી નાંખવું. 2. To repeal; to abrogate: કાઢી નાંખવું; રદ્દકo

Abo-lition, (ઍબૉલિ'શન્) *n.* Utter destruction; abrogation: નાશ; ભંગ; લોપ; ખંડન; ઉચ્છેદ.

Abomin-a-ble, (ઍબૉમ્'ઇનેબલ્) *a.* Loathsome; odious: ઘણો કંટાળો આપનાર; તિરસ્કાર ભરેલું.

A-bomin-ate, (ઍબૉમ્'ઇનેટ્) *vt.* [L. *ab* & *omen*, a portent.] To detest: ધિક્કારવું; તિરસ્કાર કo.

A-bomi-nation, (ઍબૉમ્'ઇને"શન્) *n.* 1. Abhorrence; extreme hatred: તિરસ્કાર-કંટાળો; ધિક્કાર.

Ab-o-rigin-al, (ઍબૉરિજ્'ઇનલ્) *n.* (*pl.*) [L. *ab.* & *origo*, origin.] An original inhabitant: અસલ રહેવાસી. *a.* Original; primitive: પ્રથમનું; અસલી; મૂળનું.

Ab-o-rigin-es, (ઍબૉરિજ્'ઇનીઝ્) *n.* (*pl.*) The first inhabitants: મૂળ વતની લોક; પ્રાચીન લોક.

A-bort, (ઍબૉર્ટ્') *vi.* [*ab* & *orior*, I rise.] To miscarry in birth: ગર્ભપાત થવો; કસુવાવડ થવી.

A-bortion, (ઍબૉર્'શન્) *n.* 1. (*Med.*) Miscarriage: ગર્ભપાત-સ્રાવ; 2. Immature product; અધુરે મહિને ગયેલો ગર્ભ. 3. A failure of anything: નિષ્ફળતા. 4. *Artificial or induced* a.: ઔષધ કે શાસ્ત્રોપચારથી જાણીબુઝીને કરેલો ગર્ભપાત.

A-bortive, (ઍબૉર્'ટિવ્) *a.* Fruitless: નિષ્ફળ; વ્યર્થ; નિરર્થક; મિથ્યા. 2. (*Med.*) Causing abortion: ગર્ભ પાડે તેવું.

A-bound, (ઍબાઉન્ડ્') *vi.* [L. *ab* & *unda*, wave.] 1. To be very prevalent; in great plenty: પુષ્કળ હોવું; ઘણું થવું.

A-bout, (ઍબાઉટ્) *prep.* & *adv.* 1. All over; here & there: ચારે બાજુ; ચોગરદમ. 2. Around: આસપાસ. 3. Nigh; near: સમીપમાં; પાસે. 4. Ready to; on the point of: તૈયારીમાં; કરવા માંડવું. 5. Relating to: વિષે; સંબંધી. 6. Nearly: આશરે; સુમારે. 7 Engaged in; dealing with: રોકાયલું.

A-bove, (ઍબવ્) *prep.* & *adv.* 1. Surpassing; ચઢીઆતું. 2. Higher in number: સંખ્યામાં વત્તું; ઉપર. 3. Beyond: દૂર; બહાર. 4. Too proud for: મગરૂર. 5. Too elevated in mind or rank: મોટા મનનું; મોટું. 6. In a former part: આગળ ઉપર; ઉપર. a. *mentioned*: પૂર્વોક્ત; મજકુર; સદરહુ. [કરીને; વિશેષેત.

Above-all, (ઍબવ્'-ઑલ) Particularly: વિશેષે

A-bove-board, (ઍબવ્'-બૉર્ડ) *adv.* Openly; publicly: ખુલ્લી રીતે; છચોક; ઉઘાડે છોગે. [હયાત; જીવતું.

A-bove-ground, (ઍબવ્'-ગ્રાઉન્ડ્) *a.* Living:

A-brade, (ઍબ્રેડ્') *vt.* [L. *ab*, & *rado*, I scrape.] To waste by friction: ઘસી નાખવું; ચોળવું.

Ab-rasion, (ઍબ્રે'ઝન્) *n.* 1. The act of rubbing off: ઘસી નાખવું તે; ઘસારો; મર્દન. 2. The substance worn off: ઘસારો; ચૂરો; ભુકો; છોલ.

A-breast, (ઍબ્રેસ્ટ્') *adv.* 1. Side by side: સાથે સાથે; પાસેપાસે. 2. Opposite to: સામુ-મા.

A-bridge, (ઍબ્રિજ્') *vt.* [L *a*, & *brevis*, short.] To shorten; to epitomize: ટુંકું કo; સંક્ષિપ્ત કo. 2. To diminish: ઘટાડવું; ઓછું કo; કમી કo.

A-bridgment, (ઍબ્રિજ્'મેન્ટ્) *n.* 1. An epitome; synopsis: સારસંગ્રહ; સંક્ષેપ. 2. Reduction; deprivation: ઘટાડો; કમી કo તે.

A-broad, (ઍબ્રૉડ્') *adv.* 1. Widely: ચોતરફ. 2. Free from: મોકળું. 3. Out of a house or a camp; ઘરની બહાર; મેદાનમાં; ખુલ્લી હવામાં. 4. In foreign countries: દેશાંતરે; પરદેશમાં; દેશાવર.

Abro-gate, (ઍબ્'રોગેટ્) *vt.* [L. *ab*, & *rogo*, I ask.] 1. To cancel: કાઢી નાંખવું; રદ્દ કo; મોકુફ રાખવું.

Ab-ro-gation, (ઍબ્રોગે'શન્) *n.* Annulment; repeal: રદ્દ કo તે; નાશ; લોપ; ખંડન; ઉચ્છેદ.

A-brupt, (ઍબ્રપ્ટ્') *a.* [L. *ab* & *rumpo*, I break.] 1. Precipitous; steep: ઉભું; ઢોળાવ વગરનું; ભાગેલું; વિષમ. 2. Accidental; sudden: અચાનક; આકસ્મિક; ઉતાવળું; અવિવેકી; અસભ્ય. 3. Unconnected: સંબંધ રહીત; તુટેલું; અસંગત.

Ab-ruptness, (ઍબ્રપ્ટ્'નેસ્) 1. *n.* Steepness: ઉભાપણું; વિષમતા. 2. Sudden haste: ઓચિંતી ઉતાવળ.

Abscess, (ઍબ્'સેસ્) *n.* A localised collection of puss in a cavity of body: ફોલ્લો; ગડ; ગુમડું.

Ab-scond, (ઍબ્સ્કૉન્ડ્') *vi.* [L. *ab*, & *condo*, I hide.] To retire from public view; to decamp: નાશી જવું; સંતાઈ-ભરાઇ બેસવું; પોબારા ગણી જવા.

Absence, (ઍબ્'સેન્સ્) *n.* [L. *ab*, & *sum*, *esse*, to be.] 1. A state of being absent: ગેરહાજરી; પરોક્ષતા. 2. Destitution; want: ગેરહાજરી; અભાવ. 3. Heedlessness: બેભાનપણું; ગફલત; સૂનકારપણું; as, a. *of mind*: શૂન્યહૃદયતા; બેભાનપણું; હોલેદીલપણું.

Absent, (ઍબ્'સેન્ટ્) *a.* 1. Not present: ગેરહાજર; અવિદ્યમાન. 2. Inattentive; heedless: બેભાન; ગાફેલ; a. *minded*: હૃદયશૂન્ય; હોલેદીલ; હૈયાસુનુ. *vt.* (*one self*) To withdraw from: ગેરહાજર રહેવું.

Absent-mind-ed, (ઍબ્'સેન્ટ્-માઇન્ડ્'એડ્) *a.* Having the mind withdrawn from what is passing around: ચિત્તશૂન્ય; અસાવધ; શૂન્યમાનસ; અનવધાન.

Abso-lute, (ઍબ્'સોલ્યૂટ્) *a* [L. *ab* & *solvo*, I solve.] 1. Complete in itself; perfect: સંપૂર્ણ; નિર્દોષ. 2. Peremptory: આજ્ઞારૂપ; સપ્રમાણ. 3. Pure; unmixed: શુદ્ધ; ચોખ્ખું; ભેગ વિનાનું; ઉત્તમ; શ્રેષ્ઠ; કેવલ. 4. Self-existing: સ્વયંભૂ. 5. Uncondi-

tional: સ્વતંત્ર;છુટું;બીન શરતી.6. Not relative: કેવળ; માત્ર; નિરાળું. 7. Not dependant on the other parts of a sentence: વાક્યમાં બીજા સાથે સંબંધ નહિ રાખનાર; સતિ.

Abso-lute-ly, (ઍબ્'સૉલ્યૂટ્લિ) *adv*.1. Independently:સ્વાધીનતાપૂર્વક;કેવલ સ્વતંત્રપણે.2.Unconditionally:બીનશરતે;એમને એમ.3.Positively:ખચિત; ખાસુખા;નક્કી.4. Wholly: તદ્દન;કેવળ.

Abso-lute-ness, (ઍબ્'સૉલ્યૂટ્નેસ્) *n*. 1.Independence: મુખત્યારી; આપખુદી; જહાંગીરી. 2. Positiveness:ખચિતપણું;નિશ્ચિતપણું;નિઃસંશયતા.

Ab-so-lution,(ઍબ્સૉલ્યૂ'શન્)*n*.A remission; freedom; aquittal: નિર્દોષ નિરપરાધી ઠરાવવું તે; પ્રાયશ્ચિત;છુટકારો; માફી.

Ab-solve,(ઍબ્સૉલ્વ્')*vt*.[L.*ab* & *solvo*,I loose.] To acquit;to release:નિર્દોષ ઠરાવવું;મુક્ત-છુટું કo.

Ab-sorb,(ઍબ્સૉર્બ્')*vt*.[L. *ab* & *sorbeo*,I suck in.]1.To suck up:ચુસી લેવું;શોષવું.2.To engage wholly:-માં ગરક-તલ્લીન કરી નાખવું.

Ab-sorbent,(ઍબ્સૉર્બ્'એન્ટ્)*n*.A Substance absorbing,(as,sponge):શોષી લે તેવી ચીજ (વાદળી).*a*.Engulfing;swallowing:શોષક;ચૂસે તેવું..

Ab-sorption,(ઍબ્સૉર્પ્'શન્)*n*.1.The process of imbibing:શોષી લેવું તે; શોષણ.2.The entire occupation of mind: નિમગ્નતા;ગરકપણું.

Ab-stain,(ઍબ્સ્ટેન્')*vi*.[L.*ab*&*teneo*,I hold.] To refrain:ત્યાગ કo; વર્જવું;-થી દુર રહેવું.

Ab-stemi-ous,(ઍબ્સ્ટી'મિઅસ્)*a*.[L.*ab*& *temetum*,strong drink.]1.Sober;temperate: મિતાહારી;થોડું ખાનાર.2.Devoted to, or spent in abstinence:ઉપવાસી;અપવાસી;પરહેજગાર.

Ab-stemi-ous-ness,(ઍબ્સ્ટી'મિઅસ્નેસ્)*n*,The quality of being sober:મિતાહાર; પરહેજગારી.

Ab-sterge,(ઍબ્સ્ટર્જ્') } *vt*. [L.*ab* &*tergeo*, I
Ab-sterse, (ઍબ્સ્ટર્સ્) } wipe off.]To cleanse;to wipe:સ્વચ્છ-સાફ કo;લુછી નાંખવું.

Ab-stergent,(ઍબ્સ્ટર્જેન્ટ્) *n*. Serving to clean: સાફ કરે તેવી ચીજ.

Absti-nence,(ઍબ્'સ્ટિનેન્સ્)*n*.The practice of refraining,from an indulgence of passions or appetites;fasting:પહેરેજ઼ી;કરી;ઉપવાસ.

Ab-stract, (ઍબ્સ્ટ્રૅક્ટ્) *vt*. [L.*ab*&*traho*, I draw.]1.To separate: છુટું-નોખું-જુદું પાડવું.2. To purloin:ચોરીથી કાઢી લેવું.3.To epitomize: સાર કાઢવો.4.To extract: ગાળવું;અર્ક કાઢવો.1. *a*. Separate:છુટું;પૃથક;નિરાળું. 2. Abstruse;difficult:ગૂઢ; ગહન. *n*. A Summary;a synopsis: સાર;સારાંશ;સંક્ષેપ; સાર સંગ્રહ.

Ab-straction, (ઍબ્સ્ટ્રૅક્'શન્)*n*.1.Analysis: પૃથક્કરણ;વિવેચન.2.Recluse life:સંસારત્યાગ;વિરક્તતા.3,Inattention:બેભાનપણું; અભાનાવસ્થા.4. Contemplation: સમાધિ.5.A purloining:અપહરણ;ચોરી.

Ab-struse(ઍબ્સ્ટ્રૂસ્')*a*.[L.*ab*&*trudo*,I thrust.]Difficult to be comprehended; concealed:અઘરું; ગુહ્ય;ગૂઢાર્થી.

Ab-surd,(ઍબ્સર્ડ્)*a*. [L.*ab*&*surdus*,deaf.] Ridiculous;irrational; preposterous: બેવકુફી ભરેલું;અસંગત;અસંભાવ્ય;વિવેકશૂન્ય.

Ab-surdi-ty,(ઍબ્સર્'ડિટિ) } *n*. Quality of
Ab-surdness,(ઍબ્સર્ડ્'નેસ્) } being absurd: બેવકુફી; અવિવેક;અસંગતિ; વિવેકાભાવ.

A-bundance,(ઍબન્'ડૅન્સ્)*n*.[L.*ab*&*unda*, a wave.]Copiousness:ભરપુરપણું;પુષ્કળતા;રેલછેલ.

A-bundant,(ઍબન્'ડૅન્ટ્)*a*.Overflowing;rich; ample:પુષ્કળ;ઘણું;અતિશય;ભરપૂર; આઢ્ય.

A-buse,(ઍબ્યૂઝ઼્')*vt*.[L,*ab*&*utor*,I use.]1.Misuse:ગેર ઉપયોગ કo;આડે રસ્તે વાપરવું; ઉલટો-ખોટો અર્થ કo;એબ લગાડવી.2. To revile; to maltreat:ગાળ ભાંડવી.3. To deceive: છેતરવું.4. To violate:બળાત્કાર કo.*n*. (ઍબ્યૂસ્') 1. Ill use: ખોટો ઉપયોગ;ઉલટો-ઉંધો અર્થ.2.Insulting speech:ગાળ; નિંદા;અપશબ્દ.3. Corrupt custom: ગેરબંદોબસ્ત;દુરાચાર.4. Rape: બળાત્કાર.5. Deception:છેતરપીંડી;ઠગાઇ.

A-busive,(ઍબ્યૂ'સિવ્) *a*. 1. Opprobrious; offensive:અપશબ્દ વાપરે તેવું;નિંદક.2.Containing abuse;rude: નિંદાત્મક-ભરેલું;અપશબ્દવાળું.

A-but,(ઍબટ્')*vi*.[Fr.*a*.&*but*,extremity.] To meet;to be continuous: છેડેછેડા મળવા; સીમાડા ઉપર-લગોલગ આવવું.

A-butment,(ઍબટ્'મેન્ટ્)*n*.Solid support for the extremity of an arch,&:ટેકો સીમા;સરહદ.

A-bysm,(ઍબિઝ઼્મ્') } *n*.[Gr.*a*&*byssos*, bot-
A-byss,(ઍબિસ્') } tom.]Bottomless pit; hell:અગાધ-ઉંડો ખાડો;નર્ક.Hence,any deep,immeasurable space:અમાપ-અગાધ વસ્તુ-જગો;વિવર.

A-cac-ia, (ઍકે'શિઍ)*n*. [*Gr.akakia* fr. *ake*, point.] A genus of trees or plants usually with thorns:બાવળ;ખેર.

Ac-a-demic, (ઍકિડેમ્'ઈમિક્) } *a*.1. Be-
Ac-a-demic-al,(ઍકૅડેમ'ઇમિકૅલ્) } longing to an University:પાઠશાળા-વિદ્યાલયને લગતું.

A-cade-my, (ઍકૅડ'મિ)*n*.[L.*academia*.] 1. A school or seminary: પાઠશાળા; કલાભવન; વિદ્યાલય.2.A society of members for promoting arts & sciences:કળા અને વિદ્યાની અભિવૃદ્ધિ કરનારી સભા; વિદ્વત્સભા;

Ac-cede,(ઍક્સીડ્')*vi* [L.*ad*&*cedo* I go.] To comply with; to assent to:કબુલ-માન્ય-અંગીકાર કo; સ્વીકારવું.

Ac-celer-ate, (ઍક્સેલ્'અરેટ્) *vt*. [L.*ad* & *celer*, swift.] 1. To expedite; to hasten: ઉતાવળુ કo; ગતિ વધારવી.2.To add to the motion of: ની ગતી-વેગમાં વધારો કરવો.

Ac-celer-ation,(ઍક'સેલરે"શન)*n.*A hastening:સતાબી;ઉતાવળ; ત્વરા; ઝડપ.
Ac-celer-at-ive,(ઍક્સેલ'અરેટિવ) } *a.*Quickening: ગતિ વધારતું.
Ac-celer-ato-ry, (ઍક્સેલ'અરેટોરિ }
Accent,(ઍક્'સેન્ટ્) *n.* [*L. ad&cano*, I sing.] **1.**A tone of voice:સ્વરભેદ ઉચ્ચારણ. **2.**Stress of voice on a word:ભાર; જોર. **3.** The mark which indicates this stress:સ્વરચિન્હ;**4.**Language; words:ભાષા;શબ્દ.**5.**(*Pros.*) A slight stress upon a tone:તાલ.**6.**Manner of speaking:કંઠ;સ્વર.*vt.*To Pronounce or mark with proper accent:સ્વરપર ભાર મુકવો;ભારદઈઉચ્ચાર કo.
Ac-centu-ate, (ઍક્સેન્ટ્'યુએટ્) *vt.* To pronounce or mark with proper accent: સ્વર પર ભાર મુકવો;સ્વર યુક્ત ઉચ્ચાર કo.
Ac-cept,(ઍક્સેપ્ટ્')*vt.*[L.*ad&capeo*, I take.] **1.**To admit: સ્વીકારવું;કબુલ કo.**2.** To promise to pay:(હુંડી) શીકારવી.**3.** To receive with favour:તરફદારી કo;પક્ષમાં લેવું.
Ac-cepta-ble, (ઍક્સેપ્'ટબલ્) *a.* Welcome; agreeable:માન્ય કરવા જોગ; ગ્રહણીય;પ્રિય; ગમતું; રૂચિકર.
Ac-ceptance,(ઍક્સેપ્'ટન્સ્)*n.***1.** Favorable reception:અંગીકાર;સ્વીકાર.**2.**Assent to pay: (હુંડી) શીકારવાની કબુલાત.**3.**A bill of exchange accepted:શીકારેલી હુંડી.**4.** Meaning:અર્થ; આશય;હેતુ.
Ac-cep-tation,(ઍક્સેપ્ટે'શન)*n*-**1.** Kind reception:આદરસત્કાર;અંગીકાર.**2.**Meaning: અર્થ; માયનો; આશય.
Ac-cepter-or,(ઍક્સેપ્ટ'અર-પ્'ટૉર્) One who accepts a bill of exchange:હુંડી શીકારનાર.
Access,(ઍક્'સેસ્)*n.* [L. *ad&cedo*, I go.] **1.** Admission:પ્રવેશ.**2.**Way of approach:રસ્તો; વાટ.**3.**Increase:વધારો.**4.**Admission to sexual intercourse:સંભોગને માટે આવવાનીછુટ-રજા.
Ac-cessi-ble,(ઍકસેસ્'સિબલ્)*a.* Approach: પહોંચાય તેવું.**2.** Affable:મિલનસાર.
Ac-cession,(ઍક્સે'શન)*n.***1.**Augmentation: વધારો; વૃદ્ધિ.**2.**The act of coming to throne; or office:ગાદી-અધિકારઉપર આવવું તે;રાજ્ય પ્રાપ્તિ.
Acces-so-ry,(ઍક્'સેસ્સૉરિ)*n.***1.**An acomplice: નઠારા કામમાં સામેલ થનાર મદદગાર-પ્રવર્તક. *a.*Aiding in crime:ગુન્હાને મદદ કરનાર.**2.**Additional: સાહાયક;પેટાનું;ગૌણ.
Acci-dent,(ઍક્'સિડેન્ટ્)*n.* [L.*ad&cado*, I fall.]Chance: અકસ્માત્ બનાવ; દૈવયોગ-ગતિ.
Ac-ci-dental,(ઍક્સિડેન્ટ્'અલ્)*a.* Casual;unexpected:અણધાર્યું;અકસ્માત્;કાકતાલીય. *n.* Casualty;contingency:આકસ્મિક બનાવ.
Ac-claim,(ઍક્ક્લેમ્')*vt.*[L.*ad&clamo*.I cry out.]To honor with applause: ખુશીના પોકાર સાથે માન આપવું.*n.*A shout of applause; a cry of joy:ખુશીનો પોકાર;જય જયકાર;હર્ષનાદ.
Ac-cla-mation,(ઍક્ક્લૅમે'શન)*n.* A cry or assent of approbation: સાબાશી; ધન્યવાદ;
Ac-climate-ize, (ઍક્કલાઈ'મેટ્ મેટાઇઝ્)*vt.*To accustom to a climate not native: પરદેશના હવા પાણી માફક આવે તેવું કo.
Acclivi-ty,(ઍક્કલાઈવ્'ઇટિ)*n.* [L.*ad&clivus*,a slope.]Rising ground;ascent:ટેકરો;ઢોળાવ;ચઢાવ.
Ac-clivous,(ઍક્કલાઈવ્'અસ્)*a.*Rising; sloping upward:ચઢાવવાળું;ચઢતું.
Ac-commo-date,(ઍક્કૉમ્'મોડેટ્) *vt.* [L.*ad*, *com&modus*, a measure] **1.** To render fit: લાયક-અનુસરતું કo. **2.** To furnish: પુરૂ પાડવું.**3.** To reconcile: સમાધાન કo; પતાવવું. **4.** To lend to:ઉછીનું આપવું.
Ac-commo-dation,(ઍક્કૉમ્'મોડે"શન)*n.* **1.** Convenience:સોઈ સવડ.**2.**(*pl.*)Refreshments: મુકામ;ઉતારો.**3.**Reconciliation:સમાધાન; નિકાલ.
Ac-compa-ny,(ઍકમ્'પેનિ) *vt.* [L.*ad,com* & *panis*,a bread.]To go with;to escort:સાથે જવું-જોડાયલું હોવું.*vi.*To keep company:સંગત કo.
Ac-complice, (ઍક્કૉમ્'પ્લિસ્)*n.*[L.*ad&plico*,I fold.]**1.**An associate in general:સામાન્ય સોબતી-મળતીયો.**2.**An associate in a crime:નઠારા-ગુનાના કામમાં સામેલ રહેનાર-મળતીયો.
Ac-complish,(ઍક્કૉમ્'પ્લિશ્)*vt* [L.*ad&pleo*, I fill.]To complete:સમાપ્ત-પુરૂં; કo;બરલાવવું.
Ac-complished,(ઍક્કૉમ્'પ્લિશ્ડ્)*p.a.***1.** Having a finished ednca tion:પ્રવીણ;સકળગુણસંપન્ન; નિપુણ;વિશારદ.**2.**Polished: સફાઈદાર; ખુબીવાળું.
Ac-complish-ment,(ઍક્કૉમ્'પ્લિ-શ્મેન્ટ્)*n.* **1.**Fulfilment;completion: પૂર્ણતા; સિદ્ધિ;સમાપ્તિ.**2.**Acquirement:પ્રાપ્તિ:નિપુણતા;પ્રવીણતા.
Ac-cord,(ઍક્કૉર્ડ્')*n.*[L.*ad* & *cor,cordis*,the heart.]Concurrence;consent:મનમેળાપ;એકમત; સમ્મતિ.**2.**Harmony of sound:એકતાલ;સ્વરમેળ. **3.**Voluntary motion:પોતાની ખુશી; સ્વેચ્છા.*vt.* **1.** To settle; to harmonize:તોડ કાઢવો; નિવેડો લાવવો.**2.**To grant;to concede:આપવું;દેવું.**3.**To make to agree or correspond:મળતું-બંધબેસતું કo.To agree: મળતું આવવું-થવું; એકરાગ થવું.
Ac-cordance-cy, (ઍક્કૉર્ડ્'અન્સ્-સિ)*n.*Unison;agreement:એકમત;સરખાપણું; બનાવ.*In a. with*:અનુસાર;પ્રમાણે;મુજબ.
Ac-cording,(ઍક્કૉર્ડ્'ઈન્ગ્)*p. a.* Agreeable; consonant:અનુકુળ;માફક.
Ac-cording-ly,(ઍક્કૉર્ડ્'ઇન્ગ્લિ)*adv.* Suitably;agreeably:માફકસર;બંધ બેસ્તીરીતે;એ પ્રમાણે.
Ac-cordi-on,(ઍક્કૉર્ડ્'ઈઑન)*n.*A small,keyed wind instrument: હાથમાં પકડી વગાડવાનું વાજું.

Ac-cost,(ઍક્કૅાસ્ટ્')*vt* 1.[L.*ad* & *costa*, a rib.] To approach;to address;to speak to first: પાસે જઇ પહોંચવું;સલામ કo;પ્રથમ બોલાવવું.

Ac-costa-ble,(ઍક્કૉસ્ટ્'ઍબલ્)*a.*Affable;easy of access:મિલનસાર;મળતાવડું;સહેલથી મળાય તેવું.

Ac-couche-ment,(ઍક્કૂ'શમેન્ટ્ ,or માંન્)*n.* [L.*ad*, & *colloco*,I lay.] Delivery in child bed:જન્મ આપવો તે;સુવાવડ.

Ac-cou-cher,(ઍક્કૂશર્')*n.*A surgeon attending women in child-birth:પ્રસવકારીવૈદ;સુતિવૈદ્ય.2.A midwife:સૂયાણી;દાઇ.

Ac-count,(ઍક્કાઉન્ટ્')*n.* [L.*ad* & *computo*,I reckon.] 1. Reckoning: ગણત્રી; ગણના. 2. A statement of debts & credits:હિસાબ; ખાતુ; જમાંખર્ચ.3.Reason;ground:જવાબ;ખુલાસો; કારણ;હેતુ;નિમિત્ત.4.Description;narrative:વર્ણન; હેવાલ;ઇતિહાસ;વૃતાન્ત.5.Value;importance:ગણતી;તુલના.6.Explanation of one's conduct: જવાબ;હિસાબ.7.An estimation: વિચાર;ગણના; હિસાબ;ભાવ. *On any* a:ગમે તેમ થાય તોપણ. *To take into* a:નજરમા લેવું;ગણવું. *To turn to* a:કામમાં-ખપમાં લેવું.*vt.*1.To compute:ગણત્રી કo;ગણવું. 2.To judge;to consider:માનવું;ગણવું;વિચાર કo. *vi.*1.To render an account: હિસાબ આપવો.2. To explain;to give reasons: જવાબ દેવો;કારણ બતાવવાં.3.To be the reason of:-નું કારણ થવું;હોવું.

Ac-counta-ble,(ઍક્કાઉન્ટ્'ઍબલ્)*a.*Responsible;answerable:જવાબદાર;જોખમદાર; જુમ્મેદાર.

Ac-countant,(ઍક્કાઉન્ટ્'ઍન્ટ્) *n.* A person who keeps accounts: હિસાબ રાખનાર. *A village* a.:તલાટી;મેહેતો.

Ac-couter-ments, } (ઍક્કૂ'ટરમેન્ટસ્)*n. pl.*
Ac-coutre-ments, } Dress;equipage:લડાઇની સામગ્રી;લશ્કરી પોશાક.

Ac-credit (ઍક્ક્રેડ્'ઇટ્)*vt.*[L.*ad* & *credo*,I believe.]1.To put confidence in:વિશ્વાસ રાખવો. 2.To receive as an envoy:મુખત્યાર તરીકે કબુલ કo.3.To send with credentials as an envoy: વિશ્વાસ પત્રો આપીને મુખત્યાર તરીકે મોકલવું.

Ac-cretion,(ઍક્ક્રી'શન્)*n.*[L.*ad*,& *cresco*, I grow.]An increase by natural growth: વધારો;વૃદ્ધિ.

Ac-crue,(ઍક્ક્રૂ')*vi.*[L.*ad* & *cresco*,I grow.] To augment;to increase:નિપજવું;આવવું;મળવું.

Ac-cumbent,(ઍક્કમ્'બેન્ટ્)*a.*[L.*ad*, & *cumbo*, I lie down.]Reclining:પાછળ ઢળતું;અઢેલીનેબેસતું.

Ac-cumu-late, (ઍક્ક્યૂ'મ્યુલેટ્) *vt.* [L. *ad*, & *cumulo*,I heap.]To augment;to amass:એકઠું કo;સંગ્રહ કo;ઢગલો કo.*vi.*To increase greatly: ઘણું વધી પડવું-જવું;જમા થવું.*a.*Collected into a mass:જથાબંધ.

Ac-cumu-lation,(ઍક્ક્યૂ'મ્યૂલે"શન્) *n.*A heap; a collection:ઢગલો;સંગ્રહ;પુંજ;જથો.

Ac-cumu-lat-ive,(ઍક્ક્યૂ'મ્યૂલેટિવ્)*a.*Causing accumulation:સંગ્રહકારી;સંચય કરે તેવું.

Accu-ra-cy,(ઍક્'ક્યૂરૅસિ)*n.*Correctness;nicety:ચોકસપણું;ખરાપણું;સત્યતા.

Accu-rate,(ઍક્'ક્યૂરેટ્)*a.*[L.*ad*,& *curo*,I take care.]Exact;precise:બરાબર;ખરું;યથાર્થ;ચોકસ.

Ac-cu-rate-ness,(ઍક્'ક્યૂરેટ્નેસ્)*n.*[See **Accuracy**.]

Ac-curse,(ઍક્કર્સ્')*vt.* [A.S. *ad*,& *carsien*, to curse.] To invoke harm against; to execrate:શાપ દેવો; બદદુઆ આપવી.

Ac-cursed. (ઍક્કર્સેડ્') *p. a.* 1. Doomed to misery:શાપિત;દગ્ધ; શાપગ્રસ્ત. 2. Detestable: નિંદ્ય;ગર્હણીય;શાપપાત્ર.

Ac-cu-sation, (ઍક્ક્યુઝે'શન્) *n.*Charge:દોષ; આરોપ;તોહોમત;દૂષણ.*False* a :અપવાદ;આળ;બટ્ટો.

Ac-cusat-ive,(ઍક્ક્યૂઝ્'ઍટિવ્) *a.* Accusing: તોહોમત મુકતું. *n.* A term in grammar:દ્વિતીયા વિભક્તિ;કર્મ.

Ac-cuse, (ઍક્ક્યૂઝ્')*vt.*[L,*ad* & *causa*,cause.] 1.To impeach;to charge with some offence:તોહોમત મુકવું;ફરિયાદ માંડવી. 2. To blame: અપવાદ મૂકવો;આળ ચઢાવવું;દોષ ચઢાવવો-કાઢવો.

Ac-custom,(ઍક્કસ્'ટમ્)*vt* [Fr.*ad*,& *costume*, custom.]*To habituate;to familiarize:*આદતમહાવરો-ટેવ-અભ્યાસ પાડવો.

Ace,(એસ્)*n.*[L *as*,unity.]1.A unit:એક્કો.(ગંજીફાનો.) 2. An atom;a particle:કણ;લેશ;કરચ; અણુ; લવ.

A-cerb,(ઍસર્બ્')*a.*[L.*acer*,sharp.]Sour;bitter: [ખાટું;તુરૂ;કડવું.

A-cerbit-y,(ઍસર્બ્'ઈટિ)*n.*1.Sourness of taste: ખટાશ; કડવાશ;તુરાશ. 2.Bitterness;severity: આકરાપણું;સખતપણું;કરડાકી.

A-cetic,(ઍસેટ્'ઇક્ or ઍસીટ્'ઇક્) *a.* Relating to acid:સરકામાંના તેજાબનું.

A-ceti-fy,(ઍસેટ્'ઇફાઇ-ઍસીટ્'ઇફાઇ)*vt.*[L.*acetum* vinegar,& *facio*, I make.] To convert into acid:ખાટું કo. *vi.* To turn acid:ખાટું થઈ જવું. અખરાઇ જવું.

Ache,(એક્)*vt.* [A.S.*æce*,ache,pain.]To have pain:દુખવું; વેદના; થવી; દરદ થવું. *n.* Continued pain:દરદ; વેદના; પીડા.

A-chieve,(ઍચીવ્')*vt.*[L.*caput*,the head.] To accomplish;to execute:પુરૂ કo; સાધવું. 2. To obtain:સંપાદન-પ્રાપ્ત કo.

A-chievement,(ઍચીવ્'મેન્ટ્)*n.* 1.Accomplishment;completion:સાધન;નિષ્પત્તિ;સમાપ્તિ. 2. Exploit:સાહસકર્મ; પરાક્રમ;મોટું કામ.

Aching,(એકિં'ન્ગ્)*p.a.*Continuously painful: દુખ્યા કરવું; દુ:ખ થવું. *n.* Continued pain:જારી રહેતું દરદ–વેદના;જથુનો દુખાવો.

Achro-matic,(ઍક્રોમૅટ્'ઇક્)*a.*[Gr.*a.*& *chroma*, colour.] Free from colour; not showing colour:રંગ વગરનું;રંગની અસર નહી થાય તેવું.

Acid,(ઍસ્'ઇડ્)*a*, [L.*acidus*,sour.] Sour:ખાટું. *n.* A sour substance:ખાટી ચીજ;તેજાબ.

A-cidi-fy,(ઍસિડ્'ઇફાઈ)*vt.* [L.*acidus* & *facio*, I make.]To convert into acid:ખટાસપર લાવવું.

A-cidi-ty, (ઍસિડ'ઈટિ)*n.* See **Acerbity.**

A-cidu-late,(ઍસિડ્'યૂલેટ્)*vt.*To make acid in a moderate degree:ખાટું કo; ખટાશપર લાવવું.

Ack-nowledge, (ઍક્નૉલ્'એજ્) *vt.* [L. *ad*,& *nosco*,I know.]1.To admit; to confess:કબુલ કo;સ્વીકારવું. 2. To recognize:ઓળખવું;કર્તાહર્તા ગણવું. 3.To avow or assent to: પોતાનું છે એમ કબૂલ કરવું.

Ack-nowledg-ment,(ઍક્નૉલ'એજ્મેન્ટ્) *n.* 1.Confession of a fault: અપરાધની કબુલાત; સ્વીકાર.2.Recognizance:સત્કાર;અંગીકાર 3.Expression of thanks: આભાર; કૃતજ્ઞતા.4 Something done or given in return of a favour: પ્રત્યુપકાર.5.Avowal:પહોંચ;કબૂલાત;સ્વીકાર.

Acme,(ઍક્મી) *n.* [Gr.*akme*,point.] 1. The summit:શિખર;ઊંચાઈ.2.Height of a disease: દુ:ખ-દરદનું ઘણું જોર.

Acon-ite,(ઍક્'ઑનાઈટ્) *n.* [Gr.*akoniton.*] The herb wolf's bane:વચ્છનાગ;અતિવિષ.

Acorn, (ઍ'કૉર્ન્)*n.* The fruit of the oak: ઓક ઝાડનું ફળ.

A-cou-stic,(ઍકાઉસ્'ટિક્) *a.* [Gr.*akoustikos*, I hear.]Relating to the sense of hearing: શ્રવણ સંબંધી;શ્રવણવિષયક;કાનનું.

Acoustics,(ઍકાઉસ્'ટિક્સ્) *n.*(*sig.*)The science of sounds:શ્રવણ-નાદ વિષયક વિદ્યા-શાસ્ત્ર.

Ac-quaint, (ઍક્ક્વેન્ટ્') *vs.* [L.*cognosco*, I know.]To make familiar:વાકેફ-જાણીતું કo.

Ac-quaintance,(ઍક્ક્વેન્ટ્'ઍન્સ્) *n.*1. Intimacy;familiarity:ઓળખાણ; વાકેફગારી; પિછાન; પરિચય; માહિતગારી.2.Person or persons acquainted:ઓળખાણવાળો માણસ; મિત્ર;પરિચિત.

Ac-qui-esce,(ઍક્વિએસ્') *vi.* [L.*ad*.&*quiesco*,I rest.]1.To concur upon conviction: કબુલ કo;માન્ય રાખવું.2.To rest satisfied:બહાર-ઉપર ઉપરથી રાજી રહેવું-થવું;સંતોષ માનવો.

Ac-qui-escence,(ઍક્વિએસ્'એન્સ્)*n.*Quiet submission:કબુલાત;સમ્મતિ;અનુમતિ.

Ac-quira-ble,(ઍક્ક્વાઇર્'ઍબલ્) *a.* Capable of being obtained:મેળવવા જેવું; પ્રાપ્તવ્ય; લભ્ય.

Ac-quire,(ઍક્ક્વાઇર્') *vt.* [L.*ad*.&*quæro*, I seek.]To procure;to attain: સંપાદન કo;મેળવવું;કમાવું.

Ac-quirement,(ઍક્ક્વાઇર્'મેન્ટ્) *n.* Attain-

Ac-qui-sition, (ઍક્ક્વિઝિ'શન) ment;earning: લાભ; પ્રાપ્તિ;ગુણ;જ્ઞાન;સંપાદન.

Ac-quisit-ive ness, (ઍક્વિઝ્'ઇટિવ્-નેસ્)*n.* Desire of securing:સંપાદન કરવાની ઈચ્છા લાલસા.

Ac-quit,(ઍક્વિટ્) *vt.*[L.*ad*,&*quito*,I quit.] 1.To release or absolve from guilt, accusation,&c:નિર્દોષ ઠેરવવું;મુક્ત કo.2.(*Reflexively.*)(*a*)To clear one's self:મુક્ત થવું;છૂટવું.(*b*) To conduct one's self;પોતાની ફરજ બજાવવી.

Ac-quittal,(ઍક્વિટ્'ઍલ્) *n.*(*Law.*) A discharge from an offence: છુટકારો;(દોષ)મોચન.

Ac-quittance,(ઍક્વિટૅ'ઍન્સ્)*n.* A writing which is evidence of a discharge:ફારગતી.

Acre,(એ'કર્) *n.*[L.*ager*,a field.] A piece of land containing 4840sq.yds:૪૮૪૦ ચોરસ-વારનું અથવા ૧।।। વિઘાનું માપ.

Acrid,(ઍક્'રિડ્) *a.*[L.*acer*,sharp.] Harsh; pungent:તીખું; ધમધમાટ; ઉગ્ર.

Ac-ri-mo-ni-ous,(ઍક્રિમો'નિઅસ્)*a.*1 Sharp; bitter:તીખું;કડવું.2.Severe;sarcastic:તીવ્ર (સ્વભાવ);કરડી (ભાષા.)

Acri-mo-ny-tude,(ઍક્રિ'મોનિ,ઍક્રિ'ટ્યૂડ્)*n.* [L.*acer*,pointed.] 1. Harshness:તિખાસ;ચચરાટ.2.Tartness:કરડાપણું;તીવ્રપણું;ઉગ્રતા.

Acro-bat,(ઍક્'રોબૅટ્) *n.*One who practises rope dancing:દોરડાં ઉપર કસરત કરનારો નટ.

A-cropo-lis, (ઍક્રૉપ્'ઑલિસ્) *n.* [Gr. *acros*, highest & *polio*,a city.] The highest part of a city;a citadel:શેહેરના બચાવ સારૂ બનાવેલો કોટ;કિલ્લો.

A-cross,(ઍક્રાસ્)*prep.or adv.*Athwart;crosswise:આરપાર;આડું;પેલેપાર;ઉપર.

Act,(ઍક્ટ્)*vi.* [L.*ago*, I drive.] 1. To exert power:અસર થવી. 2. To perform an action: કામ કo;ચાલવું.3. (*a*)To behave:આચરવું; વર્તવું; (*b*) (*upto*) to fulfil; to equal:પાળવું. *vt.*1. To play:(નાટકમાં) સોંગ ધરવો;બનાવું;બજાવવું.2. To feign:ઢોંગ કo.3.To perform:બનાવવું;કરવું. *n.*1. Performance;deed:કામ; ક્રિયા;કૃત્ય. 2.A division of a play:અંક.3.Law; edict:કાયદો;ઠરાવ. 4.A state of readiness: તૈયારી. **A.***of God,*: અસ્માની સુલતાની. [કામ ચલાઉ;બદલે;હંગામી.

Acting.(ઍક્'ટિન્ગ્)*pa.*Temporary;in lieu of:

Action,(ઍક્'શન)*n.*1.Effect of power;exerted motion:હીલચાલ;પ્રવૃત્તિ;વ્યાપાર; અસર;ગતિ. 2.Deed;behavior:કર્મ;કાર્ય;વર્તણુક;ચાલચલગત;કરણી.3.Gesture: હાવભાવ;ચાળા. 4. A suit:દાવો; ફરિયાદી.5.Engagement;battle:યુદ્ધ;સંગ્રામ.

Active,(ઍક્'ટિવ્)*a.*1.Having power to act: ક્રિયાકારક.2.(*a*)Lively;agile:ચંચળ;ચાલાક. (*b*)Diligent:મહેનતું;ઉદ્યોગી.3.Operative; practical:વ્યવહારોપયોગી.4. (*gram.*) Denoting action;transitive:કર્મક.**A**.*capital*:તુરત,જોઈએ ત્યારે

નાણુંમાં વટાવી શકાય તેવી મિલકત.

Active-ness, Ac-tivi-ty, (ઍક્'ટિવ્નેસ્, ઍક્ટિવ્'ઇટિ) *n.* Nimbleness; briskness: ઝડપ; ચાલાકી; ચપળતા.

Actor, (ઍક્'ટર્) *n.* 1. A doer: કરનાર; કર્તા. 2. A stage-player: નાટકનો પાત્ર; સોંગી. 3. (*Law*) (*a*) An advocate: વકીલ; 4. A plaintiff: વાદી; ફરિઆદી.

Actu-al, (ઍક્'ટ્યૂઅલ્) *a.* [L. *actualis*, actual.] 1. Real; certain: વાસ્તવિક; ખરેખરૂં; યથાર્થ; સત્ય. 2. Present: હાલનું; વિદ્યમાન; વર્તમાન.

Actu-al-ly, (ઍક્'ટ્યૂઅલિ) *adv.* Positively; really: ખરાપણાથી; ખરી રીતે; વાસ્તવિક રીતે; યથાર્થરીતે.

Actu-a-ry, (ઍક્'ટ્યૂઅરિ) *n.* 1. A registrar or clerk: અદાલતનો મહેતો. 2. The manager of an insurance company: વિમા કંપનીનો મેનેજર.

Actu-ate, (ઍક્'ટ્યૂએટ્) *vt.* To instigate, to impel: ઉશ્કેરવું; ચાલતું કરવું.

A-cumen, (ઍક્યૂ'મેન્) *n.* [L. *acus*, needle] Quickness of discernment: તીક્ષ્ણ-કુશાગ્ર-તીવ્ર બુદ્ધિ.

A-cute, (ઍક્યૂટ્') *a.* 1. Pointed: અણિયાળું; અણીદાર; ધારદાર. 2. Keen; shrewd: તીક્ષ્ણબુદ્ધિનું; ઉંડી નજરનું. 3. Shrill: તીક્ષ્ણ(અવાજ); તીણો. 4. Severe: સખત. (રોગ) **A.** *angle*: કાટખૂણા કરતાં ન્હાનો ખુણો.

A-cuteness (ઍક્યૂટ'નેસ્) *n.* 1. Sharpness: અણી; નોકદારી. 2. Keenness: કુશાગ્રતા; ઉંડી પહોંચ.

Adage, (ઍડ્'એજ્) *n.* [L. *ad&ago*, I say.] A maxim; a proverb: કહેવત; કહેણી; ઉખાણો.

Adam-ant, (ઍડ્'અમૅન્ટ્) *n.* [Gr. *a.* & *damao*, to tame.] Anything very hard; a diamond: ઘણોજ કઠણ પથર; હીરો. 2. Loadstone: લોહચૂંબક.

Ad-a-mantine, (ઍડૅમૅન્ટ્'ઈન્) *a.* Very hard: વજ્ર સરખું; અતિકઠણ; મજબુત.

A-dapt, (ઍડૅપ્ટ્') *vt.* [L. *ad&apto*, I fit.] To adjust; to fit: બેસવું-લાયક ક૦; બંધ બેસાડવું. [લાયકી.

A-dap-tation, (ઍડૅપ્ટે'શન્) *n.* Fitness: યોગ્યતા;

Add, (ઍડ્) *vt.* [L. *ad&do*, I give.] To unite: વધારવું; ઉમેરવું; સરવાળો ક૦. *vi.* To increase: વધવું.

Ad-dendum, (ઍડ્ડેન્'ડમ્) *n.* [*pl.* **addenda.**] [L.] An appendix: વધારો; ઉમેરો; પુરણી. [સાપ; એરૂ.

Adder, (ઍડ'અર્) *n.* A serpent in general:

Ad-dict, (ઍડ્ડિક્ટ્') *vt.* [L. *ad* & *dico*. I say.] To devote: લાગુ રહેવું; લપટાવું; છંદમાં પડવું. 2. To adapt; to fit: લાયક-યોગ્ય-બંધબેસતું ક૦

Addicted-ness, (ઍડ્ડિક્ટેડ્'નેસ્) *n.* Dedication: છંદ; વ્યસન; નાદ, લંપટપણું; આસક્તિ.

Ad-dition, (ઍડ્ડિશન્) *n.* Increase: વધારો. ઉમેરો. 2. The adding numbers: સરવાળો; બેરીજ.

Ad-dition-al, (ઍડ્ડિ'શનૅલ્) *a.* Augmented; added: નવું; વધારેલું; અધિક.

Addle, (ઍડ્'લ્) *a.* 1. Putrid: કોહી-સડી ગયેલું. 2. Unfruitful; empty: ફળહીન; વાંઝીયું; ખાલી; પોકળ; **a.** *headed*: મૂઢ; બેવકુફ; વિચારશૂન્ય. *vt.* To make morbid: કહોવડાવી દેવું; બગાડવું. *vi.* 1. To earn: કમાવું. 2. To grow: ઉગવું; (ઝાડ) વધવું; ઉછરવું. *n.* 1. Wages: મજુરોના રોજ. 2. Lees of wine: દારૂનીચે ઠરેલો કચરો.

A-d-dress, (ઍડ્ડ્રેસ') *vt.* [L. *ad* & *directus.*] 1. To prepare: તૈયારી ક૦. 2. To apply to by words: પ્રત્યે બોલવું; કહેવું; સંભાષણ ક૦. 3. To direct in writing: શીરનામું લખવું-ક૦. 4 To court: પરણવાના વિચારથી સ્ત્રિની પ્રીતિ મેળવવી; માગું ક૦. *n.* 1. Speech; thanks: ભાષણ; માનપત્ર. 2. Manner of speaking: સત્કારથી બોલાવવાની રીત. 3. (*pl.*) Courtship: પરણવાનું માગું. 4. Adroitness; tact: ચતુરાઈ; યુક્તિ; દક્ષતા; નિપુણતા. 5. Direction or superscription: સરનામું; ઠેકાણું; નામઠામ.

A-ddressee, (ઍડ્ડ્રેસ્'ઇ) *n.* One who is addressed: જેના પ્રત્યે કહેવામાં આવ્યું હોય તે.

Ad-duce, (ઍડ્ડ્યૂસ્') *vt.* [L. *ad&duco*, I lead.] To bring forward; to allege; to mention: ઉભુ-હાજર-રજુ ક૦; પુરાવામાં કહેવું; આધાર બતાવવો.

A-dept, (ઍડેપ્ટ્') *n.* [L *ad&apisci*, to pursue.] One skilled in arts: પ્રવીણ-નિપુણ માણસ. *a.* Well-versed: કાબેલ; નિપુણ; પ્રવીણ.

Ade-quate, (ઍડ્'ઈક્વેટ્) *a.* [L. *ad* & *æquus*, equal.] Sufficient: પુરતુ; સરખું; લાયક; સમાન.

Ad-here, (ઍડ્હીર્') *vi.* [L. *ad* & *hærere*, to stick to.] 1. To attach; to cling: ચોંહોંટવું; વળગવું. 2. To remain fixed: વળગી રહેવું; બાઝી રહેવું. 3. To concur: મળતું આવવું; અનુકુળ થવું.

Ad-herence, (ઍડ્હીર્'એન્સ્) *n.* 1. Steady attachment: બાઝી રહેવું તે. 2. Fidelity: આસ્થા; નિષ્ઠા; અવલંબન.

Ad-herent, (ઍડ્હીર્'એન્ટ્) *a.* Clinging: વળગી રહેતું; જોડાએલું. *n.* Follower: આશ્રિત; અનુયાયી.

Ad-hesion, (ઍડ્હી'ઝન્) *n.* 1. Adherence; union વળગણ; ચિકાશ; વળગી-ચોંટી રહેવાની શક્તિ. 2. Concurrence; assent: સંમતિ; કબુલાત; એકમત; મેળાપ. 2. Firmness in opinion: આસ્થા; આસક્તિ; અવલંબન.

Ad-hesive, (ઍડ્હી'સિવ) *a.* Sticky; tenacious: ચિકણું; ચોંટી રહે તેવું.

A-dieu, (ઍડ્યૂ') *adv.* & *n.* Goodby; fare-well: છેલ્લી સલામ; છેલ્લા રામ રામ; સાહેબજી; જેજે.

Adi-pose, (ઍડ્'ઈપોસ્) *a.* [L. *adeps*, fat.] Fatty: ચરબીદાર; પુષ્ટ.

Ad-jacence-cy, (ઍડ્જે'સેન્સ્-સિ) *n.* [L. *ad* & *jaceo*, I lie.] Contiguity: પાસેપાસે હોવું તે; લગત.

Ad-jacent, (ઍડ્જે'સેન્ટ્) *a.* Adjoining; near: નજદીક; પાસે; નિકટનું; પડોશનું.

Adjective, (ઍડ'જેક્ટિવ્) *n.* [L. *ad* & *jacio*, I throw.] A word put before a noun to express its quality: વિશેષણ; ગુણવાચક શબ્દ.

Adjoin, (ઍડ્જૉઈન્') *vt.* [L. *ad.* & *jungo*, I join.] To unite: મેળવી દેવું; જોડવું; એકઠું ક૦. *vi.* To be contiguous: પાસે આવવું; નજદીક-લગતું હોવું.

Ad·joining,(ઍડ્જૉઇન્'ઇન્ગ્)*pa.*Adjacent:પાસેનું;લગતું;પડોશનું.

Ad·journ. (ઍડ્જર્ન્') *vt.* [L.*ad* & *jor*,a day.] To defer;to put off: મુલતવી રાખવું; તહકુબ રાખવું. *vi.* To suspend business: કામ બંધ કo; (સભા)ઉઠી જવી.

Ad·journment,(ઍડ્જર્ન્'મેન્ટ્)*n.*Postponement:તહકુબી;મોકુફી.

Ad·judge, (ઍડ્જજ') } *vt.* [L. *ad* &
Ad·judi-cate,(ઍડ્જ્યુ'ડિકેટ્) } *judico*,I judge.] To decide:નિવેડો-ફેંસલો કo.2. To condemn: શિક્ષા ઠેરવવી-કo.3.To judge:ધારવું;વિચારતોલ કo.

Adjudi·cation, (ઍડ્જ્યુ'ડિકેશન્) *n.* Judgement;judicial sentence:ઠરાવ;ચુકાદો;શિક્ષા;ફેસલો

Adjunct,(ઍડ્'જન્ગ્ક્ટ્)*n.*[L.*ad* & *jungo*,I join.] Something added:જોડેલો પદાર્થ.2.A colleague: સાથે રહેનાર;સાથી; સહાયકારી. 3. A word added to denote the force of other words:વિવર્દ્ધિત શબ્દ *a.*United with: સંબંધ રાખવું-ધરાવવું.

Ad·junctive,(ઍડ્જન્ક'ટિવ્) *n.* That which is joined:જોડેલી ચીજ;જોડ નામ.*a.*Joining:જોડાવું;જોડાય તેવું (નામ);ઉભયાન્વયિ(અવ્યય).

Ad·ju-ration,(ઍડ્જ્યુરે'શન્)*n.*An oath: કસમ; સોગન.

Ad·jure,(ઍડ્જ્યૂર')*vt.*[L.*ad* & *juro*,I swear.] To bind under oath:સોગન-સમ દેવા; આણદેવી.

Ad·just,(ઍડ્જસ્ટ્)*vt.*[L.*ad* & *justus*, just.] 1. To fit;to suit:બેસતું-અનુકુળ કo.2.To arrange: ગોઠવવું;બરાબર કo.3.To settle:પતાવવું; ચુકવવું.

Ad-justment,(ઍડ્જસ્ટ'મેન્ટ્)*n.*Settlement; arrangement:ચુકાદો;નિવેડો;બંદોબસ્ત;સુધારો.

Adju·tant,(ઍડ'ઝ્યુટૅન્ટ્) *n.* [L.*ad*&*juvo*, I assist.] An officer who assists superior officers,conducts correspondence,&c:લશ્કરનો એક અમલદાર-કારભારી.2 A very large species of stork:સારસની જાતનું એક મોટું પક્ષી;ગરજણ.3. A helper;an assistant:મદદગાર-કરનાર; સહાયી.

Ad·measure·ment,(ઍડ્મે'ઝ્યૂરમેન્ટ્)*n.*The ascertaining of dimensions: માપ; ક્ષેત્રફળ.

Ad-minis·ter,(ઍડ્મિન્'ઈસ્ટર્) *vt.* [L.*ad*& *ministro*, I serve.]1.To manage: કારભાર ચલાવવો.2. To supply; to afford:આપવું (ઈનસાફ); દેવું; કરવું.3. To tender (as an oath):(સમ) દેવા; (સોગન) ખવડાવવા. *vi.* To contribute to: મદદ-સહાય થઇ પડવી.

Ad·minis·tration,(ઍડ્મિન્'ઇસ્ટ્રે'શન્) *n.* 1. Management: કારભાર;અમલ;રાજ્ય.2. The executive part of Government: રાજ્ય-કારભારી મંડલ.3.The management of the estate of an intestate:મરનારની મિલકતનો વહિવટ.

Ad-minis-tra-tive, (ઍડ્મિન્'ઇસ્ટ્રેટિવ્) *a.* That which administers: કારભાર ચલાવી શકે-કરે તેવું; કાર્યનિર્વાહ કુશલ.

Ad·minis·trat·or,(ઍડ્મિન્'ઈસ્ટ્રેટર્) *n.* One who administers: વહિવટદાર; કારભારી.2. One who manages an intestate estate:વસિયતનામું કર્યા વિનાની મરનારની મિલકતનો કારભાર કરનાર.

Admi-ra-ble,(ઍડ'મિરૅબલ્) *a.* Excellent; surprising:વખાણવા જોગ;અજાએબ;અદ્ભુત;અનુપમ.

Admi·ral, (ઍડ'મિરૅલ્) [Ar.*amir*,a lord,] 1. The chief commander of a fleet or navy: દરીઆઈ સેનાધિપતિ.2.The ship which carries the admiral:દરિયાઈ સેનાધિપતિ જેમાં હોય તે વહાણ.

Admi·ral·ty,(ઍડ'મિરૅલ્ટિ)*n.* 1. A board of officers for the management of naval affairs:દરિઆઈ સેનાનાં કામકાજ કરનાર સભા.2. The building, where this board transacts business:આ સભાને બેસવાનું મકાન.

Ad-mi-ration,(ઍડ્મિરે'શન્) *n.*1.Prodigy: ચમત્કાર; ઉત્પાત.2.Wonder;astonishment: અચંબો; આશ્ચર્ય; વાહવા; પ્રસંશા;અવનવો બનાવ.

Ad-mire, (ઍડ્માઈર્') *vt.* [L. *ad*&*miror*, I wonder.] To regard with wonder, surprise,or esteem: તાજુબ થવું; અચરત પામવું. 2. To estimate highly: વખાણવું; ચ્હાવું. *vt.* To marvel; to wonder:તાજુબ થવું;વિસ્મય પામવું.

Ad·mirer,(ઍડ્માઇર્'અર્)*n.*One who admires: ચહાનાર; પ્રીતિ રાખનાર; પ્રસંશા કરનાર.

Ad·missible,(ઍડ્મિસ્'ઇબલ્) *a.* Capable of being allowed:કબુલ-માન્ય કરવા-લેવા જોગ; ગ્રાહ્ય.

Ad·mission, (ઍડ્મિ'શન્) *n.* 1. Permission to enter;access:દાખલ થવાની રજા; પ્રવેશ; દાખલ કo તે.2.Concession:સ્વીકાર; કબુલાત;અંગીકાર.

Admit,(ઍડ્મિટ્')*vt.* [L.*ad*&*mitto*,I send.]1. To suffer to enter:આવવા-પેસવા દેવું;દાખલ કo. 2.To grant:માન્ય કo; ખરૂં માનવું.

Ad·mittance. (ઍડ્મિટૅન્સ્) *n.* (See **Admission.**)

Ad·mix,(ઍડ્મિક્સ્')*vt.*[L.*ad*.&*misceo*,I mix.] To mingle:એકઠું-મિશ્રકo; મેળવી દેવું.

Admixture,(ઍડ્મિક્સ્'ટ્યૂર)*n.*Mixture:ભેગ; મેળવણી; સંમિશ્રણ.

Ad·monish,(ઍડ્મૉન્'ઈશ)*vt.*[L. *ad*&*moneo*, I warn.]1.To reprove gently;to warn:ઠપકો દેવો;-ના કાન ઉઘાડવા.2.To counsel:શિખામણ દેવી.

Ad·mo·nition, (ઍડ્મોનિ'ઇશન્) *n.* Instruction;direction:ઉપદેશ; બોધ;ચેતવણી; શિખામણ; સલાહ; ઠપકો;નશીયત.

Ad·moniti-ve,-to·ry, (ઍડ્મૉન્'ઇટિવ્-ટૉરિ) *a.* Instructive:બોધ કરતું;શિખામણવાળું;ચેતવનાર.

A-do,(ઍડૂ')*n.* Bustle;stir;trouble;difficulty: ગરબડ;ધામધુમ;શ્રમ;ચાંચળ;માથાકુટ;ખટપટ.*To make a great* **a.***about trifles*:મારવો ઉંદર અને ખોદવો ડુંગર

Ad·o·lescence-cy,(ઍડોલેસે'ન્સ્-ન્સિ)*n.*[L.*ad* & *olesco*,I grow.]Youth; age between 14&25 in man &12&21 in woman:ભરજુવાની;તારૂણ્ય.

A·dopt, (ઍડૉપ્ટ્')*vt.* [L. *ad*&*opto*,I choose.]

1. To take & treat as a child:દત્તક કરી લેવું.
2. To select & take:ગ્રહણ ક૦;લેવું;સ્વીકારવું.

A-doption, (ઍડૉપ્'શન્) *n.* 1. The taking & treating of a stranger as one's own child: દત્તક કરી લેવું તે; દત્તવિધાન. 2. The receiving as one's own:પોતાનું કરી લેવું તે; સ્વીકાર; અંગીકાર; અનુકરણ. [pted:દત્તક લેનારૂં-લીધેલું.

A-dopt-ive, (ઍડૉપ્ટ્'ઈવ્)*a.* Adopting; ado-

A-dora-ble,(ઍડૉર્'એબલ્)*a.*Worthy of divine honors:પૂજ્ય; પૂજનીય;વંદનીય;આરાધ્ય; માનપાત્ર.

A-dor-ation, (ઍડૉરેશન્)*n.* 1. The worship of God:આરાધના;પૂજન; અર્ચન;ભક્તિ; ઉપાસના. 2. Profound reverence:માન; સન્માન.

A-dore,(ઍડૉર')*vt.*[L.*ad* & *orio*, I speak.] 1. To worship:ભક્તિ ક૦;પુજવું;અર્ચન ક૦;બંદગીક૦.2 To love in the highest degree:અતિશય ચ્હાવું.

A-dorn,(ઍડૉર્ન')*vt.*[L.*ad* & *orno*,I beautify.] To embellish:સુશોભિત-અલંકૃત ક૦;શણગારવું.

A-dorn-ing,-ment, (ઍડૉર્ન્'ઈન્ગ-ન્'-મેન્ટ્) *n.* Ornament:શણગાર;ઘરેણાં;શોભા;ભૂષણ;મંડન.

A-down,(ઍડાઉન્') *prep.* & *adv.*Downward: નીચે;હેઠળ.

A-drift, (ઍડ્રિફ્ટ્')*adv.* Floating at random: ગમેતેમ તરવું;વહેવું;ઘસડાવું. *a.* Helpless: અનાથ; નિરાધાર.

A-droit, (ઍડ્રૉઇટ્')*a.* [L. *ad* & *dexter*,right.] Ingenious;expert:હોશિયાર;ચાલાક;ચતુર.

A-droitness, (ઍડ્રૉ'ઈટ્'નેસ્) *n.* Dexterity; readiness:ચપળતા;કુશળતા;ચાલાકી;હોંશીયારી.

Ad-u-lation, (ઍડ્યૂલે'શન્) *n.* [L. *adulo*,I flatter.] Servile flattery:ખુશામત;ચાપલુશી.

Adu-la-to-ry,(ઍડ્'યૂલેટૉરિ)*a.* Flattering: ખુશામતિયું;માખણિયું.

A-dult, (ઍડલ્ટ') *a.* [L.*ad* & *aleo*, I grow.] Grown up to manhood:પ્રૌઢ; પુખ્તવયે આવેલું; તરૂણ; પુખ્ત ઉમ્મરનું માણસ.

A-dulter-ate, (ઍડલ્'ટરેટ્) *vt.* [L. *ad*&*alter*, another.]To contaminate:મેળવણી કરીને બગાડવું;ભેગ ક૦.*vi.*To commit adultery:છિનાળુ ક૦.

A-dulter-ation, (ઍડલ્'ટરે"શન્)*n.*Debasement:હલકી વસ્તુનો ભેગ;ભેળ;મિશ્રણ;દૂષણ.

A-dulter.er,(ઍડલ્'ટરર્)*n.* A man guilty of adultery:વ્યભિચારી;કાછડા છુટો;છિનાળવો.

A-dulter-ess,(ઍડલ્'ટરેસ્)*n.* A woman who commits adultery:જારિણી;છિનાળ;વ્યભિચારિણી.

A-dulter-ine, (ઍડલ્'ટરાઈન્)*a.*Spurious:રાંડના પેટનું;ખોટું;અશાસ્ત્ર;ગેરકાયદાનું. *n.*A child issuing from an adulterous connection;છિનાળનું છોકરૂં;જારજ.

A-dulter-ous, (ઍડલ્'ટરસ્)*a.* Pertaining to adultery:છિનાળાંના દોષવાળું;જારકર્મને લગતું.

A-dulte-ry, (ઍડલ્ટરિ) *n.* Violation of the marriage bed:જારકર્મ;છિનાળુ;વ્યભિચાર.

A-dultness,(ઍડલ્ટ્'નેસ્)*n.* State of coming to manhood: તરૂણાવસ્થા; ભરજુવાની; યૌવન.

Ad-um-bration, (ઍડમ્બ્રે'શન્) *n.* A faint sketch:છાયા; પ્રતિબિંબ. [બળેલું;સુકું.

A-dust,(ઍડસ્ટ્')*a.*[L.*ad*&*uro*,I burn.]Burnt:

Ad-vance,(ઍડ્વૅન્સ્')*vt.*[L.*ad* & *ante*,before] 1.To bring forward: આગળ ક૦;અગાડી લાવવું-ક૦.2. To promote: મોટી પદ્વીએ ચઢાવવું; ઉન્નતિ-ચઢતી ક૦. 3. To accelerate: વૃદ્ધિ ક૦; (આબરૂ) વધારવી. 4.To supply funds on credit:ધીરવું. 5.To enhance:વધારવું;ચઢાવવું.*vi.*1.To proceed: આગળ વધવું-જવું.2.To increase in any respect: દોલત,જ્ઞાન ઇ૦-માં વધવું.3.Progress; improvement:વધારો;સુધારો;ઉત્કર્ષ;ઉન્નતિ.4.Rise in price: ભાવમાં વધારો; તેજી. 5. Money or goods; furnished beforehand:આગળથી ધીરેલા પૈસા,માલ.

Ad-vancement,(ઍડ્વૅન્સ્'મેન્ટ્)*n*.1.Improvement;progress:સુધારો; વધારો; અભ્યુદય;ઉન્નતિ.2. Money paid in advance: આગળથી ધીરેલાં નાણાં;તગાવી.

Ad-vantage,(ઍડવૅન્'ટેજ્) *n.* [L.*avant*, before.]1.Profit;gain:ફાયદો;લાભ;ફળ;હિત;ગુણ 2. Opportunity:લાગ;તક;સગવડ;અવસર;પ્રસંગ. 3. Superiority:પ્રાધાન્ય;અધિકતા;જય;ચઢિઆતાપણું.

Ad-vantageous,ઍડ્વૅન્ટે'જસ્)*a.*Useful;beneficial:ફાયદો પડતું;લાભકારી;હિતાવહ;હિતકર;ફલપ્રદ.

Ad-vent,(ઍડ્'વેન્ટ્)*n.*[L.*ad* & *venio*,I come.] Arrival;visitation: આવવું તે; આગમન; પ્રવૃતિ.

Ad-ven-titious,(ઍડ્વેન્ટિશ્'અસ્)*a.*Accidental;casual:નૈમિત્તિક;બાહ્ય ઉપાધિનું.

Ad-venture,(ઍડવેન્'ટયૂર્)*n.* [L.*ad* & *venio*, I come.]1.Incident; chance:દૈવગતિ; દૈવયોગ; હોનારત.2. An enterprize or hazard:સાહસ; જોખમનું કામ;અદ્ભૂતકર્મ. 3. Striking event or occurrence:ચરિત્ર;ચમત્કારિક બનાવ.4. Danger; peril:જોખમ;ભય.*vt.*To risk;to venture: જોખમમાં પડવું;મોટું કામ માથે લેવું;સાહસ ક૦.

Ad-ventur-er, (ઍડ્વેન્'ટ્યૂરર્) *n.* One who adventures:સાહસિક માણસ;જોખમમાં ઉતરનાર.

Ad-venture-some, (ઍડ્વેન્'ટયૂરસમ્) *a.*
Ad-ventur-ous, (ઍડવેન્'ટ્યૂરસ્) Courageous; enterprising:હિમ્મત-છાતીવાળો:નિર્ભય. 2.Hazardous(things):જોખમ-ભયભરેલું;દૈવાધીન.

Adverb,(ઍડ્'વર્બ્)*n.*[L.*ad* & *verbum*,a word.] A word used to modify the sense of a verb,participle, adjective, or another adverb:ક્રિયાવિશેષણ અવ્યય.

Adver-sa-ry,(ઍડ્'વર્સરિ)*n.* An antagonist: પ્રતિપક્ષી;દુશ્મન;શત્રુ;વેરી.*a.*Adverse:ઉલટું;વિરૂદ્ધનું.

Adverse,(ઍડ્'વર્સ્)*a.*[L. *ad* & *verto*,I turn.] 1.Conflicting;hostile:વિરૂદ્ધ;ઉલટું;સામું;પ્રતિકૂળ.

2.Pernicious:દુ:ખદાયક;અનિષ્ટ; વાંકુ.

Ad-versi-ty,(ઍડ્વર્સ્'ઇટિ)*n*.Misfortune;calamity:પડતી દશા;આફત;વિપત્તિ;સંકટ.

Ad-vert,(ઍડ્વર્ટ્)*vi*.[L.*ad* & *verto*,I turn.]To turn attention to:ધ્યાન લઇ લગાડવું; વિષે કહેવું.

Ad-vertence-cy,(ઍડ્વર્ટ્'એન્સ્ સિ)*n*.Notice; attention;regard:ધ્યાન;લક્ષ;કાળજી;ચિત્ત.

Ad-ver-tise,(ઍડ્વર્ટાઇઝ્)*vt*. [L.*ad* & *verto*, I turn.] To publish:જાહેર કo; પ્રસિદ્ધ કo. 2. To inform:ખબર આપવી;જણાવવું.

Ad-vertise-ment,(ઍડ્વર્'ટાઈઝ્મેન્ટ્)*a*.Public notice;intelligence:જાહેર ખબર-નામું;વિજ્ઞાપના.

Ad-vice,(ઍડ્વાઇસ્)*n*.[L.*ad* & *video*, I see.] 1.Suggestion;counsel:સલાહ;ઉપદેશ;બોધ.2.*pl*. Intelligence;notice:સમાચાર;બાતમી;ખબર.

Ad-visa-ble,(ઍડ્વાઈઝ્ ઍબલ્)*a*.Prudent;fit: મુનાસબ;લાયક;ઉચિત.

Ad-visa-bili-ty, (ઍડ્વાઈઝ્'ઍબિલ્"ઈટિ) } *n*.
Ad-visa-ble-ness, (ઍડ્વાઇઝ્'ઍબલ્નેસ્) }
Quality of being advisable:યોગ્યતા;લાયકાત.

Ad-vise, (ઍડ્વાઈઝ્)*vt*.1.To counsel, to admonish:સલાહ આપવી;શિખામણ દેવી; બોધ કo.2. To inform;to apprise:જણાવવું;માહિત કo;ખબર આપવી.*vi*.To deliberate: વિચારવું; વિચાર કo.

Advo-ca-cy,(ઍડ્'વૉકૅસિ) *n*. Defence;vindication:વકીલાત; ઉપરાણું; પક્ષ; હિમાયત.

Advo-cate,(ઍડ્'વૉકેટ્)*n*.[L.*ad*&*voco* I call.] 1.A counsellor;a pleader: વકીલ;હિમાયતી;પક્ષધારી.2.An intercessor:મધ્યસ્થ.*vt*.To support: પક્ષ ધરીને બોલવું; હિમાયત કo; પક્ષ ખેંચવો-તાણવો.

Ad-vowson,(ઍડ્વાઉ'સન્) *n*. [L.*ad*&*voco*, I call.]Right of nominating to a vacant benefice in the church:દેવળમાં પાદરી નીમવાનો હક.

A-dy-tum,(ઍડ્ઇટમ્) *n*.[L.*a*,neg.,&*dyein*,to enter.]A secret place:છુપી જગા; ગુપ્તસ્થળ.

Adze;(ઍડ્ઝ)*n*.A carpenter's tool:વાંસલો.

Ægis,(ઇ'જીસ્)*n*.[L.*ægis*,a goat skin.]A shield:ઢાલ; રક્ષણ કરનાર.

Ae-ri-al,(એઇ'રિઍલ્) *a*.1.Pertaining or belonging to air:હવા સંબંધી; હવાઈ;વાતમય;વાયુરૂપ.2.Lofty;high:ઉંચું; ઉન્નત.

Aer-i-form,(એં'અરિફૉર્મ્)*a*.[L.*aer*;air&*forma*, form.]Having a form of air:વાયુરૂપ;હવાજેવું.

Aer-i-fy, (એં'અરિફાઈ) *vt*. [L.*aer*&*facio*, I make.]1. To infuse air into:હવાથી ભરવું.2. To change into air:વાયુરૂપ-માં રૂપાંતર કo.

Aer-o-lite,(એં'અરોલાઇટ્) *n*.[Gr.*aer*&*lithos*,a stone.]A meteoric stone: ખરતા તારામાંથી પડેલો પથ્થર; ઉલ્કા.

A-er-o-lo-gy,(એઅરૉલ્'ઑજી) *n*.[Gr.*aer*&*logos*,discourse.]A treatise on the air:વાયુવર્ણન.

Aer-o-mancy,(એં'અરોમૅન્"સિ)*n*.[Gr.*aer*,air &*manteia*, divination.] Divination by means of the air:વાયુ ઉપરથી ભવિષ્ય જાણવું તે.

A-er-omet-er(એઅરૉમ્'એટર્) *n*. [Gr.*aer*&*metron*,measure.]An air measurer:વાયુ માપક યંત્ર;હવામાન.

Aer-o-naut,(એં'અરોનૉટ્)*n*.[Gr.*aer*&*nautes*, a sailor.]A balloonist:આકાશગામી; વૈમાનિક.

A-far,(ઍફાર્)*adv* At a distance:દૂર;લાંબે;છેટે.

Af-fa-bili-ty, (ઍફૅબિલ્'ઇટિ) *n*. Civility; urbanity:સભ્યતા;મલમનસાઈ; સુજનતા; અશરાફી.

Affa-ble,(ઍફ્ફૅબલ્)*a*.[L. *ad*&*fari*,to speak.] Courteous:મળતાવડું;મિલનસાર; સભ્ય;અશરાફ.

Af fair,(ઍફેર્)*n*.[L. *ad* & *facio*, I do.] 1. Business;transaction:કામ; કાર્ય; વ્યાપાર;મામલો; ખટપટ.2.An endeavor:પ્રયાસ;પ્રયત્ન.

Affect,(ઍફ્ફેક્ટ્)*vt*.[L.*ad*, to & *facio*,I do.] 1.To act upon:અસર કo.2.To touch:પીગાળવું; અસર કo.3.To love:પ્યાર બતાવવો. 4.To make a show of:ડોળ ઘાલવો;ઢોંગ કo.

Af fec-tation,(ઍફ્ફેક્ટે'શન્)*n*.False pretence: ઢોંગ;ડોળ;આરોપ;અભિનય;હાવભાવ;નખરાં.

Af-fected,(ઍફ્ફેક્ટ્'એડ્)*pa*.1. Given to false show:ઢોંગી;દંભી;આકુલ. 2 Not natural:ઢોંગ ભરેલું;કૃત્રિમ;મિથ્યા;દાંભિક *Well* a.*to*:નિષ્ઠ;ભક્ત;વફાદાર.

Af-fection,(ઍફ્ફેક્'શન્)*n*.Fondness:પ્રેમ;પ્યાર; પ્રીતિ;વાત્સલ્ય;મમતા;રાગ; સ્નેહ.

Af-fection-ate-ed, (ઍફ્ફેક્'શનેટ્-ટેડ્)*a*. Loving,tender:મમતાળુ;માયાળુ ;પ્યાર;સ્નેહશીલ;વત્સલ.

Af-fiance,(ઍફ્ફાઇ'ઍન્સ્) *n*. [L.*ad* & *fido*, I trust.]1. Trust; confidence: ભરોંસો; વિશ્વાસ; શ્રદ્ધા.2.Marriage contract:વિવાહનું સાટું-બોલી -કરાર. *vt*.To betroth:વિવાહ-સગાઈ કo.

Af-fi-davit,(ઍફ્ફિડે'વિટ્)*vt*.[L.*ad* & *fido*, I trust.](*Law*.) A sworn statement in writing:કસમપર જુબાની;ઈકરારનામું ઈકરાર.

Af-fili-ate, (ઍફ્ફિલ્'ઈએટ્)*vt*. [L.*ad* & *filius*, son.]1.To adopt:દત્તક કરી લેવું. 2.To ally:સાથે જોડવું;મેળવવું.3.To receive into society: મંડળીમાં દાખલ કરી ગુપ્ત વાતોથી જાણીતું કo.

Af-fili-ation, (ઍફ્ફિલ્'ઇએ"શન્)*n*. 1. Adoption:દત્તક લેવું તે. 2. The assignment of a bastard,to its father:છિનાળના છોકરાને તેના બાપને સ્વાધીન કo તે.

Af-fi ni-ty, (ઍફ્ફિન્'ઇટિ) *n*. [L. *ad* & *finit*, boundary.] 1. Relationship by marriage: લગ્નસંબંધ;યોગ.2.Conformity;relation: મળતાપણું;સરખાપણું.3.Attraction: સ્નેહાકર્ષણ. 4.Intercourse;acquaintance:પરિચય;વ્યવહાર.

Af-firm,(ઍફ્ફર્મ્)*vt*.[L.*ad* & *firmus*,strong.] 1.To confirm:બહાલ-મંજુર રાખવું;કાયમ કo. 2. To assert with confidence: ખાતરીથી બોલવું; નિશ્ચયપૂર્વક કહેવું.*vi*.To declare positively: ખા-

ત્રિપૂર્વક કહેવું.(*Law*) To testify under affirmation:સોગન-પ્રતિજ્ઞા ઉપર જુબાની આપવી.

Af-fir-mation,(ઍફર્મે'શન)*n.*1.Averment: નિશ્ચય પૂર્વક કહેવું તે;દ્રઢ-પ્રમાણ વચન;હકાર. 2. Ratification:કાયમ રાખવું તે;બહાલી;મંજુરી. 3. A solemn declaration:પ્રતિજ્ઞા;ઇકરાર;સોગન.

Af-firmat-ive,(ઍર્ફર્મ્'અટિવ્)*a.*1.Asserting as opposed to negative: હા છે એમ બતાવનારૂં 2.Confirmative:સ્વીકાર-અંગીકાર સુચક.3.(*Alg.*) Positive:જેમાં + વત્તાનું ચિન્હ હોય તેવું.A word expressing assent;as,*yes*:હા; હા કહેવી તે;હકાર.

Af-fix,(ઍફ્ફિક્સ્)*vt.* [L.*ad*& *figo*, I fasten.] To unite; to subjoin:જોડવું; લગાડવું; વળગાડવું; સાંધવું.*n.*A suffix:શબ્દને છેડે જોડેલો અક્ષર;પ્રત્યય.

Af-flatus, (ઍફ્ફ્લે'ટસ્)*n.*[L.*ad*&*flatus*,breathing.]1.A breath;a blast of wind:શ્વાસ; પવનનો સપાટો.2.Inspiration:ઇશ્વરપ્રેરણા.

Af-fl-ict,(ઍફ્ફ્લિક્ટ્)*vt.*[L.*ad* & *fligo*,I strike] To torment;to grieve;to harass: પીડવું;દુઃખ દેવું;રીબાવવું;પરિતાપ આપવો;કષ્ટ દેવું.

Af-flicting, (ઍફ્ફ્લિક્ટ્'ઈન્ગ્)*pa.* Grievous; painful:પીડાકારક;દુઃખ કરે તેવું;દુઃખદ.

Af-fliction,(ઍફ્ફ્લિક્'શન)*n.*1.Cause of pain: દુઃખનું કારણ.2.Distress:ક્લેશ;ખેદ;પીડા;કષ્ટ; દુઃખ.

Af-flictive,(ઍફ્ફ્લિક્ટ્'ઈવ્)*a.*Painful:દુઃખકારક; ખેદયુક્ત;પીડાકારી;ક્લેશકર.

Afflu-ence, (ઍફ્'ફ્લુએન્સ્)*n.* [L.*ad* & *fluo*, I flow.]Exuberance;wealth;opulence:સમૃદ્ધિ;દોલત;સંપત્તિ;છત; લક્ષ્મી.

Afflu-ent, (ઍફ્'ફ્લૂએન્ટ્)*a.* Wealthy:શ્રીમંત; ધનવાન;ધનાઢ્ય.*n* A stream:નાની નદી;વેળીયું.

Afflux, (ઍફ્'ફ્લક્સ્)*n.*[L.*ad* & *fluo*, I flow.] A flowing to:-ના ભણી વહેવું તે;પ્રવાહ;ઓઘ;છોળ.

Af-ford, (ઍફ્ફોર્ડ્) *vt.* [L.*ad* & *forum*, a market.]1.To produce;to yield:નિપજવું; દેવું; આપવું. 2.To be able to sell, expend or grant: પાલવવું; પરવડવું; પોસાવું.3.To confer:આપવું;દેવું.

Af-fray,(ઍફ્રે')*n.* [L.*ad* & *frigidus*, cold.] Encounter;fight:મારામારી;લડાઈ.2. Tumultuous quarrel:ટંટો;બખેડો; દંગો; તોફાન.

Af-fright,(ઍફ્ફ્રાઈટ્)*vt.*To alarm;to frighten: ભડકાવવું;ચમકાવવું;બિવડાવવું.*n.*Terror:ભય;બીક;ત્રાસ.

Af-front, (ઍફ્ફ્રન્ટ્)*n.* [L. *ad*&*frons*,front.] Insult;outrage:અપ્રતિષ્ઠા;અપમાન; અવજ્ઞા; માનભંગ;તિરસ્કાર. *vt.*1. To offend:અપમાન કર; માઠું લગાડવું.2.To face in defiance:હિંમતથી સામા થવું.

Af-fusion,(ઍફ્ફ્યૂ'ઝન)*n.* [L. *ad* & *fundo*, I pour.]Act of pouring upon:દડૂડો; ધાર; રેલો.

A-float,(ઍફ્લોટ્) *adv.* or *a.* Floating:તરતું; ફેલાવું.2.Moving without control:આરેવાટ જવું.

A-foot,(ઍફુટ્)*adv.* On foot:પગે ચાલતાં. 2. In action:ચાલું;જારી.

A-fore,(ઍફોર્)*prep.*Before:આગળ;સામું.

A-fore-said,(ઍફોર્'સેડ્)*a.*Said before:પ્રથમ કહેલું;સદરહુ;પૂર્વોક્ત.

A-fore-time, (ઍફોર્'ટાઇમ્)*adv.* In a former time:આગલા વખતમાં;અસલના વખતમાં;ગતકાલમાં.

A-fraid, (ઍફ્રેડ્)*a.*[*pp* of *affray*.] Impressed with fear:fearful:ભયભીત;બ્હીનેલું;ભયાન્વિત.

A-fresh, (ઍફ્રેશ્)*adv.*Again:ફરીથી;નવેસર;તાજું.

A-front,(ઍફ્રન્ટ્) In front; face to face:મોખરે;આગળ;સામસામાં.

Aft,(ઍફ્ટ્)*adv.*&*a.*Astern;abaft: વહાણના પાછલા ભાગમાં;ડબુસાતું.

After, (ઍફ્ટ્'અર્) *a.*[Comp degree of *af* or *aft*.]More aft:વધારે પાછળ. 2.Later in time: હવે પછીનું;આવતું;પછી. *prep.* 1. Later in time: પછી.2.Behind in place:પાછળ;પછી 3.Following:પાછળ;શોધમાં. 4.In imitation of:મુજબ;જોઇને;પ્રમાણે.5.Concerning:વિષે.

After-all, (ઍફ્ટ્'અર્-ઑલ્)*adv.*When all has been said or done:અંતે;સઘળું છતાં;છેવટે.

After-birth, (ઍફ્ટ્'અર્ બર્થ્)*n.*The placenta in which the fetus is involved:ઓર.

After-life,(ઍફ્ટ્'અર્-લાઇફ્) *n.*Old age: ઉત્તર વય-કાળ; ઉત્તરાવસ્થા;ઘરડપણ.

After-noon,(ઍફ્ટ્'અર્-નૂન્')*n.*The part of the day following noon: પાછલો-ત્રીજો પહોર;વિકાલ.

After-pains,(ઍફ્ટ્'અર્-પેન્ઝ્)*n.pl.*The pains succeeding childbirth:પ્રસવ પછીની વેદના.

After-thought,(ઍફ્ટ્'અર્ થૉટ્) *n.* Subsequent thought:પશ્ચિમબુદ્ધિ;પાછળથી ઉઠેલો વિચાર.

After-ward-s,(ઍફ્ટ્'અર્વર્ડ્-ડ્ઝ્)*adv.*Subsequently:પછી;પછવાડે;આગળ;હવેપછી.

Again,(અગેન્'-ગેન્')*adv.*1.Another time;once more:ફરીથી;વળી 2.In return:જવાબમાં; પાછો.

A-gainst,(અગેન્સ્ટ્')*prep.*1. Facing;opposite to:સન્મુખ;સામું.2.In opposition to:વિરૂદ્ધ;ઉલટું.

Aga-pe,(અગૅપ્')*adv.*or *a.*Having the mouth wide open:મોઢું વિકાશીને; ડાચું ફાડીને.

Agate,(ઍગ્'એટ્)*n.*A precious stone;a variety of quartz:ગોમેદ; અકીક.2.A type of letters:એક જાતના અક્ષરો.

Age,(એજ્)*n.*[L.*ævum*, age.]1.Whole duration:આવરદા;આયુષ્ય.2. Part of duration:ઉમ્મર;વય.3.Decline of life:ઘડપણ;વૃદ્ધાવસ્થા;જરા. 4.Mature years:પાકી-લાયક-ઉમ્મર.5. Generation:પેઢી.6.Century:સૈકો;સદી.

Aged,(એજ્'એડ્)*a.*Old:વૃદ્ધ;બુઢ્ઢું;ઘરડું;જીર્ણ.

Agen-cy,(એજેન્સિ)*n.*[L.*ad*&*ago*,I do.] 1.Instrumentality:આડત; કારણ; મારફત 2. Power; action:સત્તા;શક્તિ;કર્તૃત્વ.

Agent,(એ'જેન્ટ્) *n.* 1. One exerting power: કર્તા;કારક;સાધક. 2. An attorney; a substitute: વકીલ;આડતીયો;મુનીમ; પ્રતિનિધિ; ગુમાસ્તો. 3. An

active cause or power:શક્તિ;હેતુ;કારણ;સાધન

Ag-glomer-ate,(ઍગ્‌લૉમ્‌અરેટ્‌) *vt.*[L.*ad*& *glomero*, I wind up] To wind into a ball: ગોળવિંટાળવું; પિંડુ ક૦-વાળવું. *vi.* To gather into a mass:ગોળો થઈ જવો.

Ag-glutin-ate,(ઍગ્‌લૂટિનેટ્‌) *vt.*[L.*ad*&*glutino*, I glue.]To cause to adhere;to unite: ચોંટાડવું;વળગાડવું; લગાડવું.

Ag-glutin-ation,(ઍગ્‌લૂટિને'શન્‌) *n.* Adhesion (of parts); union (of words):સંબંધ; સંયોગ;મિલાપ.

Aggran-dize,(ઍગ્‌ઍન્ડાઈઝ્‌)*vt.*[L.*ad*&*grandis*,large.]1.To increase:મોટું ક૦; વધારવું;વૃદ્ધિ ક૦.2.To promote:ચઢાવવું;ઉન્નતિક૦.

Aggran-diz-ation,Aggran-dize ment,(ઍગ્‌ઍન્ડાઇઝે"શન્‌, ઍગ્‌ઍન્ડાઇઝ્‌મેન્ટ્‌) *n.* Exaltation:ચઢતી;વૃદ્ધિ;ઉત્કર્ષ;ઉન્નતિ; ઉદય;અભ્યુદય.

Aggra-vate,(ઍગ્‌ગ્રે વેટ્‌)*vt.*[L.*ad* & *gravis*, heavy.]1.To add to:વધારો ક૦. 2. To make worse:વધારે ખરાબ-ભારે ક૦.3.To exaggerate: અતિશયોક્તિ ક૦.4.To tease:ખીજવવું.

Ag-gra-vation,(ઍગ્‌ગ્રેવે'શન્‌)*n.*1. Addition to what is wrong:વધારે ખરાબ ક૦ તે.2.Heightened description: અતિશયોક્તિ. 3. Provocation:ખીજવણી;ઉદ્દીપન;પ્રકોપ.

Aggre-gate, (ઍગ્‌ગ્રીગેટ્‌)*vt.* [L. *ad* & *grex-gregis*,a herd.]To collect:ભેગું ક૦;એકત્ર ક૦;સંગ્રહ-સંચય ક૦.*n.*A mass:સંગ્રહ;સમૂહ;સમુદાય;જથો. *a.*Formed into a mass:એકત્ર;એકંદર;જુમલે;કુલ.

Ag-gre-gation,(ઍગ્રીગે'શન્‌)*n.*Collection: સમૂહ;જુમલો;સમુદાય.સમુચ્ચય.

Ag-gre ss,(ઍગ્રેસ્‌') *vt.* [L. *ad* & *gradus*, a step.]To invade first:પહેલી ચઢાઈ-પહેલ ક૦. *n.* Attack:પહેલો હુમલો; પહેલ.

Ag-gression,(ઍગ્રે'શન્‌)*n.*The first assault: પહેલી ચઢાઈ;કજીઆની પહેલ.

Ag-gressive, (ઍગ્રેસ્‌'ઇવ્‌) *a.* Making first attack:પહેલો હુમલો કરે તેવું;કજીઓરોધવું;પહેલકરતું.

Ag-grieve,(ઍગ્રીવ્‌)*vt.*[L *ad* & *gravis*,heavy.]To afflict:દુઃખ દેવું;સંતાપવું;જુલમ ક૦.

A-ghast,(ઍઘૅસ્ટ્‌')*p.p.*or *a.* Stupified with horror:ગભરાયલું;બાવરૂં;હેરતમંદ.

Agile(ઍજ્‌'ઇલ્‌)*a.*[L. *ago*,I *do.*] Active;nimble:ચપળ; ચકોર;ચાલાક;ચંચળ.

Agile-ness,(ઍજ્‌'ઇલ્નેસ્‌) } *n.*Activity;liveli-
A-gili-ty, (ઍજીલ્‌'ઇટિ) } ness:ઝડપ;ચાલાકી.

Agit-ate, (ઍજ્‌'ઇટેટ્‌) *vt.* [L.*Agito*, I put in motion,stir.]To move violently:ખળભળાવવું; ઉશ્કેરવું.2.To purturb:વ્યાકુળ ક૦;ગભરાવવું.3.To debate:વાદવિવાદ ક૦;ચર્ચવું.

Ag-it-ation,(ઍજીટે'શન્‌)*n.*1.Commotion:ખળભળાટ;ક્ષોભ.2.Excitement:મનનોગભરાટ; વ્યાકુળતા;સંતાપ 3.Discussion:સંવાદ;ચર્ચા;વાદવિવાદ.

Agit-at-or,(ઍજ્‌'ઇટેટર્‌) *n.*One who excites (discontent):ખળભળાટ મચાવનાર;ક્ષોભક.

Agnate,(ઍગ્‌'નેટ્‌)*a.*[L. *ad* & *nascor*, to be born.]Related by father's side:ગોત્ર સંબંધી;સગોત્ર;ગોત્રજ.2.Allied:સંયુક્ત;સંબંધ ધરાવતું.

Ag-nation,(ઍગ્‌ને'શન્‌)*n.*Relation by father's side only:ગોત્રનો સંબંધ;પિતૃપક્ષનો સંબંધ.

Ag-nostic,(ઍગ્નૉસ્‌'ટિક્‌)*a.*[Gr *a* & *gignosko*, to know.] Professing ignorance: અજ્ઞેયવાદ સંબંધિ;અજ્ઞેયવાદી.

A-go, (અગો')*a.*or *adv.*Past;gone by:થયું;ગયું; [વાતઉપર; અગાઉ;ઉપર.

A-gog,(ઍગૉગ')*a.*or *adv.*Highly excited by eagerness:આતુર;ઉત્કંઠિત.

A-going,(અગો'ઇન્ગ્‌)*adv.*In motion:ચાલુ;જારી.

Ago-nize,(ઍગ્‌'ઓનાઈઝ્‌)*vt.*[Gr.*agon*,a struggle]To torture:અતિ દુઃખ દેવું;રિબાવવું;કષ્ટ આપવું.*vi.*To feel extreme pain: અતિ વેદના થવી; રિબાવું. [કષ્ટ; સંતાપ; વેદના;વ્યથા;પીડા.

Ago-ny,(ઍગ્‌'ઓનિ)*n.*Anguish;pangs: અતિ-

A-grari-an,(ઍગ્રે'રિઅન્‌)*a.* [L *ager*, a field.] Relating to lands:ક્ષેત્રભૂમિ સંબંધી-વિષે.

A-gree,(ઍગ્રી')*vi.*[L.*ad* & *gratus*,pleasing.] 1.(*a*) To concur:એક મત-સમંત થવું.(*b*) To be in concord:સંપસંપીને રહેવું; બનવું. 2. (*to*) To yield assent to:કબુલ રાખવું. 3. To come to terms:કરાર-બોલી ક૦.4.To resemble:મળતું આવવું.5. To suit:માફક આવવું;સદવું. *vt.* To be of one mind:એકમત થવું.2. To make friend:મિત્રાચારી બાંધવી;પાછા જોડાવું;ભેગા થવું.

A-greea-ble,(ઍગ્રી'ઍબલ્‌)*a.*1.Conformable: માફક;અનુકુળ.2.In accordance:મુજબ;પ્રમાણે.3. Pleasant;welcome: ખુશકારક;મનગમતું;પ્રિય.

A-greement,(ઍગ્રી'મેન્ટ્‌)*n.*1.Unison;harmony:સંપ;ઐક્ય;બનાવ; મેળ.2.(*Gram.*) Concord: સમન્વય;એકરૂપતા.3.A bargain;a contract:સાટું; બોલી;શરત;કરાર. *Written* a.:કરારનામું.

Ag-ri-cultur-al,(ઍગ્રિકલ્‌'ટ્યુરૅલ્‌)*a.* Relating to husbandry:ખેતીવાડી સંબંધિ.

Ag-ri-cul-ture, (ઍગ્‌'રિકલ્ટ્યૂર)*n.* [L. *ager*, field&*colo*,I till.]Husbandry:ખેતીવાડી;ખેતી;કૃષિ.

Ag-ri cultur-ist,(ઍગ્રિકલ્‌'ટ્યૂરિસ્ટ્‌)*n.*A husbandman:ખેડુત;કૃષિવલ;ક્ષેત્રી;વૈશ્ય;કણબી.

Ague,(એ'ગ્યૂ)*n.*[L.*acuo*,I sharpen.]Chilliness: શીત;કંપ;ટાઢિયોતાવ; ધ્રુજારી. 2. An intermittent fever: ટાઢીયો તાવ. *Tertian* a.: એકાંતરીઓ તાવ. *Quartan* a.:ચોથીઓ તાવ.

Ah,(આં)*interj.*An exclamation:'હં! હેં! અરેરે! છટ! છિ! હત! વાહવા! શાબાશ! અહહ-અધધધ! ઓ! ઓરે!

A-head,(ઍહેડ્‌')*adv.*Onward:સામે મોઢે;અગાડી; મોખરે;આગળ.2.Headlong:ઉંધેમાથે;વગર વિચારે.

Aid,(એડ્)vt. [L.ad&juvo, I help.] To assist: મદદ-સહાય ક૦;કુમક આપવી. n.1 Help;support: કુમક;આશ્રય.2.A helper:મદદકરનાર;મદદગાર.

Aide-de-camp,(એડિકોન્ગ્)n.(Fr.)An officer attendant on a general:મુસાહીબ;નકીબ.

Ail,(એલ્)vt.To pain:દુઃખ દેવું;પીડા ક૦.vt.To be in uneasiness:દુઃખ થવું;પીડાવું.n.Pain:દુઃખ; પીડા.

Ailment,(એલ્મેન્ટ્)n.Indisposition:અસુખ; રોગ;દુઃખ;વ્યાધિ;દરદ.

Aim,(એમ્)vi. [L.ad & æstimo, I estimate.] 1.To point at with a missile weapon:તાકવું; નિશાન ધારવું. 2. To endeavour:-નો લોભ-પ્રયત્ન ક૦;ઇચ્છા થવી;તાકવું. vt. To direct(a weapon): નિશાન તાકવું. n.1.The object aimed at:નિશાન; ચોટ.2.Purpose;intention:ધારણા;હેતુ;મુરાદ;આશય.3.Conjecture:કલ્પના;અટકળ.

Air,(એર્)n.[L. aer,air.]1. The atmosphere: વાતાવરણ;હવા;વાયુ;પવન.2.Breeze:પવનની લહેર 3.Publicity:વાત ઉઘાડી પડવી તે;પ્રકાશ 4.A tune: રાગ;સુર;તાલ. 5. The peculiar look, manner, mien or carriage of a person:ચહેરો; દેખાવ; આકાર;મુદ્રા;રૂપ.6.(pl.)Haughtiness: અક્કડાઈ;મિજાજ;પત્રાજી.vt. To expose to air;to ventilate: હવામાં મુકવું.

Air-gun,(એર્ગન)n.A gun to discharge bullets by means of air:હવાભરીને ફોડવાની બંદુક.

Air-hole,(એર્-હોલ)n.1.A hole to admit or discharge air:જાળીયું;બારી;વાતાયન;ગવાક્ષ.

Airi-ness,(એર્'ઇનેસ્)n 1.Gaiety;liveliness:ખુશમિજાજ;મોજ.2.Exposure to the air:ખુલ્લીહવા.

Air-pump,(એર્'પમ્પ્)n.A pump for exhausting the air from a vessel:વાતાકર્ષક-વાતશોષકયંત્ર.

Airy,(એરિ)a.1.Consisting of air:વાયુરૂપી;હવાવાળું.2.Open to air:પવન-હવાવાળું.3. Unsubstantial: હલકું;નકામું;અસાર.4.Vain: ફોકટ;વ્યર્થ; પોકળ; ખાલી.5.Gay;lively: આનંદી;રંગીલું;મોજી.

Aisle(આઇલ્)n.[L.ala, a wing.](a) A wing or side of a church: દેવળની બાજુનો ભાગ. (b) A wing of a building:-પડખું;પાંખ બાજુ.

A jar,(અજાર્)adv.Partly open:થોડું ઉઘાડું.

Akin,(અકિન્)a.1.Related to:સગું;સંબંધી;સગોત્ર; સજાતીય.2.Resembling:મળતું;સરખું; સમાન;જેવું.

Ala-bas-ter,(અલ્'અબેસ્ટર્)n.A kind of stone resembling marble: આરસપાણની જાતનો પથ્થર.

A-lacka-day,(અલૅક્'અ')(Interj.)Alas the day!An exclamation expressing sorrow: અરેરે!હાયહાય;અફસોસ.

A-lacri-ty,(અલૅક્'રિટિ)n.[L.alacer, lively.] Liveliness:આનંદ;ઉત્સાહ;હોંસ.2.promptitude: ઉલટ;ઉતાવળ;શીઘ્રતા.

A-la-mode,(આલામોડ્) adv. According to the fashion:રિવાજ-રીતિ પ્રમાણે.n.A thin,glossy,black silk:કાળું,ઝીણું રેશમ.

A-larm,(અલાર્મ્)n.1.A call to arms:હથિયાર બંધ થવાનો હુકમ.2. A signal of danger:ભયની સૂચના-ચેતવણી-બુમરાડ;ભયધ્વનિ.3.Fright;terror; ધાસ્કો;ધાસ્તી; દહેશત; ત્રાસ; ભય. vt. 1.To call to arms:હથિયાર સજ્જ કરવા હુકમ ક૦.2.To surprise with fear: ચોંકાવવું; ભયભીત ક૦; બ્હિવડાવવું. 3. To give notice of danger: ભયની ખબર આપવી.

A-larm-bell,(અલાર્મ્'બેલ્) n.A bell, giving notice of danger:ભયની ચેતવણી આપનાર ઘંટ.

A-larming,(અલાર્મિંગ્) pa. 1. Terrifying: બીવડાવતું;ભયપ્રદ; ત્રાસજનક;ચેતવણી આપતું.

A-las,(અલૅસ્')interj. [L.lassus, weary.] An exclamation expressive of weariness,grief pity,etc:અરેરે! હાય હાય ! અફસોસ ! તોબા તોબા !

Al-beit,(ઑલ્બી'ઈટ્) adv. [all, be&it.] Notwithstanding;although:છતાં;તોપણ;અગર જોકે.

Al-bino,(અલ્બાઈ'નો) n.A person whose skin&hair are preternaturally white:અદ્દભૂત ધોળી ચામડી તથા વાળવાળું માણસ.

Album,(અલ્ બમ્) n. [L.albus,white.] 1. A blank book for the insertion of autographs of celebrated persons:પ્રખ્યાત માણસોનાં ચિત્ર ઈ૦ સંગ્રહ કરવાની કોરી ચોપડી,

Al-bumen,(અલ્બ્યૂ'મેન્) n. The white of an egg:ઇંડાની સફેતી.

Alchem-ist,(અલ્કેમિસ્ટ્)n. One who practises alchemy:કિમિયાગર.રસાયણી.

Alche-my, (અલ્ કેમિ) [Ar.Al-kimia,chemistry.]n.A science which aimed to transmute the baser metals into gold:રસાયન;કિમિયો;રસવિદ્યા;રસસિદ્ધિ.

Alco-hol,(અલ્કોહોલ્)n.Pure spirit of wine: દારૂનો અર્ક;મદ્યસાર.

Alcove,(અલ્ કોવ્) n. [Fr.] A recess containing seats for company:એકાંત સ્થળ;એકાંત. 2.A recess in a garden:કુંજ;વાડીનો માંડવો.

Alder-man,(ઑલ્ડર્મેન્) n. [A.S. ealdor, an elder.]A magistrate of a town corporate: શહેરનો કોટવાળ.

Ale,(એલ્)n.A liquor made from an infusion of malt:જવનો બનાવેલો એક જાતનો દારૂ.A-house: પીઠું;કલાલની દુકાન.

A-lembic, (અલેમ્'બિક્)n. [Gr. ambix a cup] An apparatus used in distillation,made of glass or metal:અર્ક કાઢવાનું યંત્ર-કાચપાત્ર.

A-lert,(અલર્ટ્)a. [L erectus, erect.] Vigilant: સાવધ;જાગૃત;સાવધાન.2. Brisk:ચંચળ;ચપળ.

A-lertness,(અલર્ટ્'નેસ્)n.Vigilance:હોશિયારી; સાવધપણું;ચંચળાઈ;ચપળતા;દક્ષતા.

Alge-bra,(અલ્'જીબ્રે)n.The science of computing by symbols:બીજ-અક્ષર ગણીત.

Al-ge-braic-al,(અલ્જીબ્રે'ઇક્-કલ્)a.Pertaining to Algebra:બીજ ગણીતને લગતું;બીજવિષયક.

Ali-as,(ઍ'લિઍસ્)*adv* [L.*alius*,other.]Otherwise:ઉર્ફે;બીજે નામે.

Ali-bi,(ઍલ્'ઈબાઈ)*n*.Elsewhere: અન્ય સ્થળે.

Alien,(ઍલ્'યેન્)*a*. [L.*alius*,another.]1. Foreign:પરાયા દેશનું;પારકું;વિદેશીય;પરાયું.2.Adverse: વિરૂદ્ધ;ઉલટું;વિરોધી.*n*.A foreigner:પરદેશી;વિદેશી; અજાણ્યો;બીનઓળખીતો.

Alien-a-ble,(ઍલ્'યેનબલ્)*a*.Capable of being transferred or sold to another: બીજાને નામે ચઢાવાય-વેચાય-હવાલે કરાય તેવું.

Alien-ate, (ઍલ્'યેનેટ્) *vt*. **1**. To transfer to another:બીજાને હવાલે ક૦;સોંપવું.**2**.To Estrange: સ્નેહ તોડવો; જુદાઈ ક૦; પ્યાર ઉતારવો *a*. (*with*) Estranged:તજાયલું;છુટું પડેલું;ઉલટું;વિરૂદ્ધ.

Al-ien-ation, (ઍલ્યેને'શન્) *n*. **1**. (*Law*.) A transfer of title,etc:બીજાને સોંપવું તે; હવાલો;વેચાણ;ઇનામ.**2**.An estrangement:જુદાઈ;મનઉતારો; વિરાગ;વિરક્તિ.**3**.Delirium:બેશુદ્ધિ;ચિત્તભ્રમ;ઘેલચ્છા.

A-light,(ઍલાઈટ્)*vi*.**1**.To dismount carriage: (ગાડી ઘોડેથી) ઉતરી પડવું-નીચે ઉતરવું.**2**.To lodge: મુકામ ક૦; ઉતરી-આવી બેસવું

A-lign,(ઍલાઈન્) *vi*. [L.*ad* & *linea*, line] To form in a line:હારબંધ ઉભું રહેવું-ગોઠવાવું.To lay out a ground plan: ખુંટીઓ મારી હદ મુકરર ક૦.

A-like, (ઍલાઈક્)*a*.Similar; like:સમાન;સરખું; બરાબર;તુલ્ય;સમ.*adv*.In the same manner or form:તેજ પ્રમાણે;સરખી રીતે;એજ પ્રકારે.

Ali-ment,(ઍલ્'ઇમેન્ટ્)*n*.[L.*alo*,I feed.]Food; nutriment:આહાર;ભોજન;ખોરાક;અન્ન;પોષકદ્રવ્ય.

Al-imo-ny,(ઍલ્'ઈમોનિ)*n*.[L.*alo*,I feed.] An allowance to wife,legally separated from her husband: છાંડેલી બઈરીને આપેલી ખોરાકી પોષાકી.

Ali-quot, (ઍલ્'ઇકવૉટ્) *a*. Dividing exactly without a remainder:નિરશેષભાજક;એકાંશ.

Alive, (ઍલાઈવ્')*a*.**1**.Having life:સજીવ; જીવતું. **2**.Unexpired:ચાલુ;જારી;અમલમાં. **3**.Cheerful; lively:આનંદી;ચપળ-ચાલાક.

Alka-li,(ઍલ્'કૅલિ)*n*. [*pl*.**Alkalies**.]A substance which when combined with an acid produces a neutral salt:ક્ષાર;ખાર.

Alkal-ine,(ઍલ્'કૅલાઈન્) *a*. Having the properties of alkali:ખારના ગુણવાળું;ક્ષારધર્મક વિશિષ્ટ.

All,(ઑલ્)*a*.Whole of;every part of;every one of;a large part: આખુ;બધું; સમસ્ત; સકળ; સઘળું;સર્વ.*n*.The whole; the total:સર્વસ્વ;સર્વે; બધું;સઘળું.*adv*. Entirely; completely:સુળગું; છેક;તદ્દન.**2**.At the moment:તેક્ષણે; તરતજ.

Allah,(ઍલ્લે') *n*. The Arabic name of the Supreme Being:અલ્લા;ખુદા.

Al-lay,(ઍલ્લે')*vt*.[L. *allevare*,to alleviate.] To pacify;to soothe:શાંત-શમન ક૦;મન મનાવવું; **2**.To abate;to repress:ઓછું ક૦;મટાડવું;સમાવવું.

Al-le-gation,(ઍલ્લીગે'શન્) *n*. Positive assertion;a plea: નિશ્ચયપૂર્વક કહેવું-કહેલું તે;દલીલ;તકરાર;દોષારોપ.

Al-lege,(ઍલ્લેજ્')*vt*.*ad*&*lego*,I send.] **1**. To adduce;to assert:ખાતરીથી કહેવું.**2**.To produce as plea:તકરાર દલીલ દાખલ કહેવું.

Al-legi-ance,(ઍલ્લી'જંન્સ્) *n* [L.*ad*& *ligo*,I bind.]Loyalty;devotion: વફાદારી; નિષ્ઠા;પ્રેમબંધ;રાજનિષ્ઠા;રાજભક્તિ; તાબેદારી.

Al-le gorio,-al,(ઍલ્લીગૉકર્"ઈક્-કલ્)*a*. Figurative:દ્રષ્ટાંતરૂપી;જોડી કાઢેલું;લાક્ષણિક;રૂપકમય;અલંકારી.

Alle-go-ry, (ઍલ્'લીગૉરિ)*n*. [*Gr*.*allos*,other &*agoreuo*,I speak.]A speech or discourse which conveys a meaning different from the literal one:દ્રષ્ટાંતરૂપી કથા; રૂપકથન;રૂપક.

Al-le-luia-h,(ઍલ્લીલ્યૂ'યે)*n*.A song of praise to God:ઈશ્વરની સ્તુતિ વાચકગીત.

Al-levi-ate,(ઍલ્લી'વિએટ્) *vt*. [*L.ad* & *levis*, light.]To mitigate;to assuage:કમ-હલકું ક૦; નરમ પાડવું;સમાવવું; ઓછું-કમતી ક૦; ઘટાડવું. **2**. To extenuate:ઓછું ક૦-ઢાંકવું;છાવરવું.

Al-levi-ation,(ઍલ્લી'વિએ"શન્)*n*.Mitigation; extenuation:ઘટાડો;ઓછું ક૦ તે; શમન; સાંત્વન.

Alley,(ઍલ્'લી) *n*.*pl*. **Alleys**.A walk in a garden:બાગમાંનીવાટ;પગથી; વિથી.**2**. A narrow way in a city:ચાલી;ગલી-કુંચી;ગલી.

All-fools'-Day,(ઑલ્'ફુલ્ઝ્ડે)*n*.The first of April: એપ્રીલ મહીનાથી પહેલી તારીખ; એપ્રીલ ફુલ.

All-hail,(ઑલ્હેલ્') *inter*. All health: મજેમાં; સુખચેનમાં;આનંદમાં;કુશળતામાં.

Al-liance,(ઍલ્લાઇ'ઍન્સ્)*n*.[L.*ad*&*ligo*I bind.] **1**.Union by marriage,etc:વિવાહસંબંધ;સગાઈ.**2**.Treaty;league:સંધિ;મેળ;સલાહ;મિત્રાચારી; મિલાપ;સંપ **3**.Persons allied:સાથી;મિલાપી.

Al-li-gation,(ઍલ્લિગે'શન્) *n*.A rule in arithmetic:અંકગણિતનો એક પ્રકાર; મિશ્ર ગણિત.

Alli-ga-tor,(ઍલ્'લિગેટર્) *n*.[L *lacerta*,a lizard.]A crocodile:મગર;સુસવાટ.

Al-lit-er-ation,(ઍલિટરે'શન્) *n*.[L.*ad*&*litera*,a letter.] The repetition of the same letter at the beginning of two or more words in close succession:ઝટઝમક;અક્ષર-સગાઈ.

All-ocate, (ઍલ્'લૉકેટ્) *vt*. [L. *ad*&*locus*, a place.]To distribute; to assign: ખંડી-વેહેંચી આપવું;હિસ્સો આપવો;કોઇને વાસ્તે જુદું કરી રાખવું.

Al-lo-cution, (ઍલ્લોક્યૂ'શન્)*n*. [L.*ad* & *loquor*,I speak.]An address:સંભાષણ.

Al-lodi-al, (ઍલ્લૉડિઍલ્) *a*. Free of rent or service:સ્વસત્તાનું; ઇનામી; પસાયતી;બહારખલી.

Al-lopa-thy, (ઍલ્લૉપ'ઍથી)*n*.[L.*allos*,other & *pataos*, feeling.]A system of medical pra-

ctice:ગરમીથી ગરમાને અને ઠંડકથી શરદીને મારવાની વૈદ્યકવિદ્યા.

Al-lot,(ઍલૉટ્)*vt.*1 To distribute by lot:ચિઠ્ઠી નાંખી વહેંચવું 2.To distribute to each individual: ભાગ પાડવા; વહેંચણ કo. 3. To give, assign or appoint in general:ઠરાવવું;જુદું પાડવું

Al-lotment, (ઍલૉટ્ મેન્ટ્) *n.* Share or part assigned:ભાગ;હિસ્સો:વાટો;વિભાગ;અંશ.

Al low,(ઍલાઉ)*vt.*[L.*ad.*& *loco*,I place] 1. To grant:આપવું;દેવું.2.To own; concede:કબુલ-માન્ય કo. 3 To approve:પસંદ-મંજુર કo;બહાલ રાખવું.4.To abate;to deduct(a sum):છુટ મુકવી; મજરે આપવું.5.To permit:રજા-પરવાનગી આપવી.

Al-lowance, (ઍલાઉઅન્સ્)*n.* 1. Acknowledgment: કબુલાત; અનુમોદન; અનુમતિ સ્વીકાર. 2. License;permission:રજા;પરવાનગી. 3.Indulgence:છુટ; સ્વતંત્રતા. 4.A portion appointed પગાર; રોજ;વેતન. 5. Deduction:છુટ;ઘટાડો;માફી. દરગુજર.6.A customary deduction from the gross weight of goods:વળતર;બાદ;કપાત; ઘટ.

Al-loy,(ઍલૉઈ)*vt.*[L.*alligo*,I combine.] 1. To reduce the purity of by mixing with a less valuable substance: (ધાતુને) ભેગવાળું મિશ્રણ કo.2.To abate-to impair:ભેગ કરીને હલકું કo; બગાડ-ભંગ કo. *n.* A metallic compound: ધાતુનો ભેગ; મિશ્રધાતુ.

All-spice, (ઑલ્સ્પાઇસ્)*n.*A spice of mildly pungent taste:ચીનીકબાલા;કબાબચીની;કપુરચીની.

Al-lude, (ઍલ્લ્યૂડ્)*vi* [L.*ad* & *ludo*,I play.] To suggest;to refer:સૂચના કo;-વિષે બોલવું.

Al-lure,(ઍલ્લ્યૂર્)*vt.*To entice:લાલચ દેખાડવી; લોભ-મોહમાં નાંખવું; ફસાવવું;આકર્ષવું;-નું મન હરવું;

Al-lurement,(ઍલ્લ્યૂર્મેન્ટ્)*n.*Temptation; enticement:લાલચ;લોભ;મોહ; આકર્ષણ;પ્રલોભન.

Al-lusion, (ઍલ્લ્યૂઝન્)*n.* A hint; a suggestion:ઈશારો;સૂચના;સૂચન;ઉદ્દેશ. [સૂચનાકરતું;સૂચક.

Al-lusive,(ઍલ્લ્યૂસિવ્)*a.* Hinting at: ઈશારો-

Al-luvi-on,(ઍલ્લ્યૂવિઑન્)*n.* [L. *ad*&*luvo*,I wash.] Deposits of earth,sand,gravel, &c. made by rivers, floods, &c.: નદીના પ્રવાહથી બસડાઈ આવેલી રેતી, કાદવ, માટી વીo ચીજો; ચંગુ.

Al-ly, (ઍલાઇ)*vt.* [L *ad* & *ligo*,I bind.] To unite by marriage or treaty:વિવાહસંબંધ કo; સગાઈ કo;સંપ કo;દોસ્તી-મિત્રાચારી કo.2.To join; to associate;to bind:જોડવું; સામેલ થવું; બાંધવું. *n.*A confederate:મદદગાર;કુમકી; મિત્ર; મળતીઓ.

Alma-mater, (ઍલ્મૅમેટર્) [L.]Fostering mother:ધાવ.2.A college or seminary where one is educated:પોતે કેળવણી લીધેલી પાઠશાળા.

Alma-nac, (ઑલ્મૅનક્) *n.* A calendar of days,weeks & months:ટીપણું; પંચાંગ.

Al-mighty, (ઑલ્માઇટિ)*a.*Omnipotent;possessing all power:સર્વશક્તિમાન; સર્વ સમર્થ. *n.* Omnipotent God:ઈશ્વર;સર્વ શક્તિમાન;પરમેશ્વર.

Al-mond, (આંમન્ડ્)*n.* Nut of the almond tree:બદામ.

Almon-ry. (ઍલ્મૉન્રિ) *n.* The place where alms are distributed:સદાવ્રત;દાનગૃહ;દાનશાળા

Almost, (ઑલ્મૉસ્ટ) *adv.* Nearly; for the greatest part:ઘણું કરીને;નજદીક;લગભગ;છેક.

Alms, (આંમ્ઝ)*n. pl* Charity or charitable gift:દાન; ધર્મ; ભિક્ષા;ખેરાત.

Alms-house,(આંમ્ઝ્હાઉસ્)*n.*A house where poor persons are lodged and supported: ભિક્ષાગૃહ;ધર્મશાળા;અનાથાશ્રમ.

Aloe, (ઍલ્ઓ) *n.* [L.] A succulent plant, with broad prickly leaves:કુંવારનું ઝાડ; પાઠું; કુંવાર. [એળિઓ.

Aloes,(ઍલ્ઓઝ્)*n.pl* The juice of the aloe:

A-loft,(ઍલૉફ્ટ્)*adv.*On high:ઉંચે;ઉપર.

A-lone,(ઍલૉન્) *a.*Single;solitary.એકલું;છુટું. *adv.*Separately;by itself:માત્ર;ફક્ત; નોખું;એકલું.

A long,(ઍલૉન્ગ્)*adv.*& *prep.*Lengthwise:ઉભું; સીધું.2.Onward:આગળ.3. In company:સાથે.

A-loof,(ઍલૂફ્)*adv.*Apart: દૂર;છેટે;વેગળે;આઘે.

A-loud,(ઍલાઉડ્)*adv.* Loudly:મોટે સાદેથી;પોકારીને;બાંટો કાઢીને;બુમ મારીને.

Al-paca,(ઍલ્પૅકૅ)*n.*1.A kind of sheep:એક જાતનું ઘેટું.2.Cloth,made of its wool:અલ્પાકો.

Alpha-bet, (ઍલ્ફ્બેટ્)*n.* [Gr.*alpha*,& *beta*, the first & second letters of the Gr alphabets.] The letters of a language arranged in order:મુળાક્ષર.*vt.*To arrange in the order of an alphabet:અક્ષરના અનુક્રમે ગોઠવવું.

Al-pha-betic,-al, (ઍલ્ફ્બેટ્ઇક્-કલ્)*a.*Relating to or in order of the Alphabet: અક્ષરના અનુક્રમનુ-માં ગોઠવેલું;કક્કાવાર.2.Literal:અક્ષરશઃ.

Al-ready,(ઑલ્રેડ્ઈ) *adv.*1. Sometime ago; now;at this time:ક્યારનું;અગાઉથી;પહેલાનું.

Also,(ઑલ્સૉ)*adv.*or *conj.*Likewise:પણ; વળી.

Altar,(ઑલ્ટર્)*n.*[L.*altus*,high.]An elevated place on which sacrifices were offered:બળી આપવાની જગા;યજ્ઞકુંડ;વેદી;ચૈત્ય.

Alter,(ઑલ્ટર્)*vt* [L.*alter*,other.]To change: ફેરવવું;થોડો ઘણો ફેરફાર કo.2. To change wholly:તદ્દન બદલવું;અન્યથા કo.*vi.*To vary: બદલાવવું.

Al-ter-ation,(ઑલ્ટરેશન્)*n.* Partial change; variation:ફેર;ફેરફાર;બદલવું તે,વિકાર; પરિવર્તન;વિકૃતિ.2.Changed condition:બદલેલી સ્થિતિ-હાલત.

Alter-cate,(ઑલ્ટર્કેટ્)*vi.*[L.*alter*,another.] To dispute with:જોસ્સાથી-તપી જઇને તકરાર કo; તડમ તડા ઉશડવી.

Al-ter-cation,(ઑલ્ટર્કેશન્)*n.* Warm contention:બોલા-બોલી;રકઝક;તકરાર;કલહ;વાદ વિવાદ.

Al-ternate,(ઑલ્ટર્નેટ્)*a.*[L.*alter*,other.] Reciprocal:વારાફરતી થતું; અવાર નવાર.*vi.* To happen by turns:વારા ફરતી થવું;અદલબદલ થવું.

Al-ter-nation,(ઑલ્ટર્નેશન્)*n.* Interchange; reciprocal succession:ફેરફાર;પર્યાય;અદલાબદલી.

Al-ternat-ive, (ઑલ્ટરનૅટિવ્) *a.* Offering a choice of two things: બેમાંથી એક પસંદ કરવાનું બતાવતું.*n.*A choice given of two things:ઈલાજ;ઉપાય;વિકલ્પ;પક્ષ;પક્ષાંતર.

Al-though,(ઑલ્ધો)*conj* Be it that;notwithstanding;however: જોકે;અગરજો;જો પણ;યદ્યપિ.

Alti-tude, (ઍલ્ટિટ્યૂડ)*n.* [L.*altus*; high.] 1. Height:ઉંચાઈ.2.Highest point:કેન્દ્ર.

Al-to-gether. (ઑલ્ટૂગેધ્અર્) *adv.* Completely;wholly:બિલકુલ;છેક્જ;બધું;તમામ;સર્વથા;તદ્દન.

Alum,(ઍલ્અમ્)*n.* [L *alumen.*] A mineral salt:ફટકડી સૌરાષ્ટ્રી. *vt.* To steep in a solution of a alum:ફટકડીના પાણીમાં ઝબોળવું.

A-lumnus,(ઍલમ્નસ)*n.*[L.*alo*,I nourish.] A graduate:શાગીર્દ; શિષ્ય; વિદ્યાર્થી;ગ્રેજ્યુએટ.

Alvine,(ઍલ્વાઈન્)*a.*[See *supra.*]Pertaining to the lower belly:પેટ-પેડુને લગતું;આંતરડાં સંબંધિ.

Always,(ઑલ્વેઝ્)*adv.* At all times; constantly; continually:હમેશાં;સર્વકાળ;નિરંતર;સદા.

Am,(ઍમ્)The first person singular number, present tense of the verb *to be*: છું.

A-main,(ઍમેન્)*adv.*1.Violently:મોટા વેગ-જુસ્સાથી.2.At once:એકાએક;એકદમ;તાબડતોબ;ઝડપથી.

A-malgam, (ઍમલ્જૅમ્)*n.*1.[Gr.*malasso*,to soften.]A compound of mercury with another metal: પારા સાથે કોઈપણ ધાતુનો ભેળ; કાંસું; મિશ્રધાતુ.2.A mixture:મિશ્રણ; મેળવણી;ભેગ. *vt.* & *vi.*To form an amalgam:મેળવણી-ભેગ થવો-કo.

A-malgam-ate, (ઍમલ્જૅમેટ્) *vt.* To mix quick-silver with another metal: પારા સાથે બીજી ધાતુ મેળવવી. 1. To unite:ભેગું કo; મેળવી-જોડી દેવું. *vi.*To blend; to coalesce:જોડાવું;મિશ્ર-ભેગું થવું;સંધાઈ જવું.

A-malga-mation, (ઍમલ્જૅમેશન્)*n.* 1. A mixture:મેળવણી;મિશ્રણ;સંમેલન;સંયોજન.

Ama-ranth, (ઍમ્ઍરૅન્થ્) *n.*[Gr. *a.* priv. & *maraino*, to fade.] 1. A genus of annual plants:ગુલમખમલ;કલગો;માટની ભાજી.2.A color inclining to purple:જાંબુરંગને સહેજ મળતો રંગ. 3.A flower that never fades:ન કરમાતુ ફુલ.

Amass, (ઍમૅસ્)*vt.* [L. *massa*, a lump.] To accumulate;to heap up:એકઠું-સંગ્રહ કo; ઢગલો કo;સંચય કo;ધનનો સંચય કo;ખજાનો તર કo.

A-massment,(ઍમૅસ્મેન્ટ્)*n.*Accumulation: ઢગલો;સંચય;સંગ્રહ;રાશિ;પુંજ;જથો.

Ama-teur,(ઍમ્ઍટ્યૂર)*n.* [L.*amo*, I love.] One who has a taste of study or arts: વિદ્યાકળાનો શોખી-વ્યસનિ.

Amat-ive,(ઍમ્ઍટિવ્)*a.* Amorous:પ્રેમ-પ્યાર-પ્રીતિ;પ્રીતિજનક;મોહક;પ્રેમશીલ. [**amative.**

Am-a-tori-al, (ઍમૅટોરિઍલ્)*a.* The same as

A-maze,(ઍમેઝ્)*vt.*To perplex;to astonish: ભયથી ગભરાવવું-તાજુબ કo; વિસ્મિય-આશ્ચર્ય પમાડવું; દંગ-ચકિત કo.*n.*Wonder: આશ્ચર્ય;વિસ્મય;ગભરાટ.

A-mazement, (ઍમેઝ્મેન્ટ્)*n.*Wonder; confusion:વિસ્મય અચરતી;અચંબો;આશ્ચર્ય.

A-mazing, (ઍમેઝ્ઇન્ગ્)*pa.*Exciting amazement:તાજુબ કરે એવું;અચરતી ભરેલું;વિચિત્ર.

Ama-zon,(ઍમ્ઍઝૉન્)*n.*[Gr.*a.priv.*& *mazos*, the breast.] A virago:બહાદુર સ્ત્રી;વીરાંગના.2. A name of numerous species: જાત.

Am-bassa-dor, (ઍમ્બૅસ્સૅડોર)*n.*[Fr. *Ambassadeur.*] A representative of a sovereign power at the court of another:રાજ્યદૂત; એલચી;વકીલ.

Amber,(ઍમ્બર્)*n.*1. A yellow substance like copal,highly electric.કેરબો;તૃણમણિ.

Amber-gris, (ઍમ્બર્ગ્રીસ્) *a.* A fragrant, solid,ash-coloured opaque substance:અમ્બર.

Am-bi-dexter,(ઍમ્બિડેક્સ્ટર્)*n.*[L.*ambo*,both & *dexter*,the right hand.]1.A person using both hands with equal facility:બંને હાથે સરખી રીતે કામ કરી શકે તેવો;ઉભયહસ્તકુશળ;સવ્યસાચી. 2.A double dealer: બંને તરફનાને સમજાવનારો.

Am-bi-gui-ty,(ઍમ્બિગ્યૂઈટિ)*n.* [L.*ambi*,about & *ago*,I drive.] Doubtfulness of signification:શક ભરેલોઅર્થ;દ્વીઅર્થ;સંદેહાર્થ; વક્રોક્તિ.

Am-bigu-ous,(ઍમ્બિગ્યૂઅસ્)*a.* Uncertain; equivocal:શક ભરેલું;અસ્પષ્ટ;દ્વિઅર્થી;શકમંદ.

Ambit,(ઍમ્બિટ્)*n.*[L.*ambio*, I go about.] Compass;circuit:હદ;ઘેરાવો;ઘેર;મંડલ;વર્તુલ.

Am-bition, (ઍમ્બિશન્)*n.* [L. *ambio*, I go about.] Aspiration; greediness: માન-મ્હોટાઈ મેળવવાનીઆતુર ઈચ્છા.;કીર્તિ-સ્પૃહા-આકાંક્ષા.

Am-bitious,(ઍમ્બિશસ્) *a.* Aspiring:રાજ્યલોભી;મહત્વાકાંક્ષી;કીર્તિ લોભી;માનાભિલાષી.

Amble,(ઍમ્બલ્)*v.t.*[L.*ambulo*, I walk.]1. To go between a walk & trot: રવાલચાલ ચાલવી.*n.* A pace of a horse between a walk & a trot:ઘોડાની રવાલ-ચાલ.

Am-brosi-a, (ઍમ્બ્રોઝીઅ)*n.* [L.*a.* & *mors*, death.]1.The imaginary food of the gods: અમૃત;સુધા;પીયુષ;દેવાન્ન.

Am-brosi-al,(ઍમ્બ્રોઝિઅલ)*a.*Delicious:અમૃતમય;સ્વાદિષ્ટ;અમૃત તુલ્ય;મધુર.

Ambu-lance,(ઍમ્બ્યૂલૅન્સ)*n.*1. [L.*Ambulo*, I walk.]A cart for conveying the wounded:ઘાયલ થએલાને લઈ જવા સારૂ ગાડી.

Ambu-lant,(ઍમ્બ્યૂલૅન્ટ્)*a.*Wandering;walk-

ing:ભટકતું; રખડતું;રઝળતું.

Ambu-la-to-ry,(ઍમ્'બ્યુલેટોરિ)*a.*1 Having the power of walking:ચાલવાની શક્તિવાળું;ચાલતું.2.Moving:ભટકતું;ફરતું.*n.* A place to walk in:ચાલી;પરસાળ;ચોક.

Am-bus-cade,(ઍમ્બસ્કેડ્) } *n.*[Gr. *bosco*,a
Am-bush, (ઍમ્'બુશ્) } wood.]1. The act of attacking an enemy unexpectedly from a concealed station:સંતાઈ રહેલા સ્થળેથી દુશ્મન ઉપર એકદમ તુટી પડવું તે-છાપો મારવો તે;છાપો.2.A concealed station for troops:દુશ્મન ઉપર એકાએક ધસારો કરવા માટે લશ્કરને સંતાવાનીજગા.3.Troops lying in wait for allack:એકદમ ધસારો કરવા માટે સંતાઈ રહેલું સૈન્ય-છુપું લશ્કર.*vt.*To lie in wait for:ભરાઇ-સંતાઈ રહેવું.

A-melior-ate,(અમીલ્'યૉરેટ્)*vt.*[L. *ad* & *melior*,better.] To make better:સુધરવું;સારું કo; શ્રેય-ઉન્નતિ કo.*vi.* To grow better: સુધરવું.

A-melior-ation,(ઍમીલ્'યૉરે"શન્)*n.*Improvement:સુધરવું-સુધારવું તે;સુધારો;વર્ધન; સમુન્નતિ;શ્રેય.

Amen,(એ'મેન્)*interj.* Be it so:તથાસ્તુ; ભવતું; આમીન.*n.*A title of Christ: ક્રાઈસ્ટનું નામ.

A-mena-ble, (ઍમી'નૅબલ્)*a.* [Gr *mener,* to lead.]Responsible;accountable:જોખમદાર;જવાબદાર.2.Submissive:આધીન;આજ્ઞાધીન;વશ.

Amend,(ઍમેન્ડ્')*vt.* [L.*e* & *menda*,a fault.] To improve:સુધારવું;દુરસ્ત કo;શોધવું;શુદ્ધ કo.

A-mendment,(ઍમેન્ડ્'મેન્ટ્) *n.* Correction; reformation:સુધારો;ફેરફાર;સંશોધન;દોષશોધન;ત્યાગ

A-mends,(અમેન્ડ્ઝ્)*n.sing.*& *pl.*Compensation;recompense:બદલો;અવેજ;પ્રતિકાર;સાટું.

A-merc̄ement, (ઍમર્સ્'મેન્ટ્) *n.* Pecuniary punishment:દંડ.

Ame-thyst,(ઍમ્'ઇથિસ્ટ્)*n.*[Gr.*a*,*not*&*methy*, drink.] A jewel of a bluish violet color: આસમાની રંગનું ઝવાહેર;ગોમેદ;યાકુત.

Ami-a-bili-ty, (એ'મિઍબિલ્"ઇટિ) } *n.* Love
Ami-a-ble-ness,(એ મિઍબલ્નેસ્) } liness: ભલાઇ;સૌજન્ય;સદ્ભાવ;સુશીલતા.

Ami-a-ble, (એ'મિઍબલ્)*a.*[L. *amo*, I love.] Charming:પ્યારું;પ્રીતિપાત્ર;ભલું;મળતાવડું;સુશીલ.

Amic-a-ble, (ઍમ્'ઇકૅબલ્) *a.* [L. *amicus*, a friend.]Friendly:મિલનસાર;માયાળું;સ્નેહશીલ.

A-mid, (ઍમિડ્) } *prep.*In the middle
A-midst, (ઍમિડસ્ટ્) } of;among; surrounded by:વચ્ચે;મધ્યે;અંતરે;અંદર;માં;છતાં.

A-miss,(ઍમિસ્')*a.* Wrong; improper:ખોટું; અનુચિત;અયોગ્ય.*adv.*Improperly:ખોટી રીતે.

Ami-ty,(ઍમ્'ઇટિ)*n.*[L.*amo*,I love.]Harmony; friendship:મિત્રાઈ;સ્નેહભાવ;દોસ્તી;સલાહ-સંપ;સંધિ.

Am-moni-a,(ઍમ્મો'નિઍ) *n.*An alkali,which is gaseous in its uncombined state:નવસાર.

Am-mu-nition,(ઍમ્યુનિ'શન્) *n.* [L. *ad*, & *munio*,I fortify.]Military stores:લડાઇનો સામાન;દારૂગોળો;યુદ્ધસામગ્રી-સાહિત્ય.

Am-nes-ty, (ઍમ્'નેસ્ટિ)*n.* General pardon of offences against government: રાજદ્રોહી ગુન્હેગારોને આપેલી સામાન્ય માફી.

A-mong,A-mongst,(ઍમન્ગ,'ઍમન્ગસ્ટ્)*prep.* Amidst;mixed with:અંદર;માં;મધ્યે; માંનું; પૈકી.

A-mor-et, (ઍમ્'ઑરેટ્) *n.* A lover;a gallant: કામી પુરૂષ;રમણ.

Amor-ous, (ઍમ્'ઑરસ્)*a.* [L.*amo*, I love.] 1.Inclined to love;loving:ઇશકી; કામી; વિષયી; રસિક.2.Enamoured;fond:માયાળું;હેતાળ;શોખીન.

A-mount,(ઍમાઉન્ટ્)*vi.*[L.*ad*&*mons*,a mountain.]1. To go up:ઉપર જવું;ચઢવું.2. To come in the whole:જુમલે થવું;એકંદર-સામટું-બધું મળીને થવું.3.To be equivalent:તાત્પર્ય હોવું;સારાંશ-સાર હોવો;સરખું થવું;હોવું;પહોંચવું. *vt.*To increase:વધારવું.*n.*1.Sum total: સરવાળો; જુમલો. 2.Result: સાર;અર્થ;પરિણામ. 3. Sum:રકમ;સંખ્યા; આંકડો.

A-mour,(ઍમૂર્)*n.* [L. *amor*, love.] A love intrigue:ઇશકબાજી;રંડીબાજી;પરસ્ત્રીસંગ.

Am-phibi-ous, (ઍમ્ફિબ્'ઇઅસ્) *a.* Having the power of living on land and water: ભુજળચર; જળવાયુગ; જળસ્થળચર. 2. Partaking of two natures:દ્વિધાગુણ-ગતિ-ધર્મવાળું.

Am-phi-bolo-gy, (ઍમ્ફિબોલ્'આજિ) *n.* [Gr. *amphibos*, doubtful & *logos*, speech.] A phrase, or discourse, susceptible of two meanings:બે અર્થનું વાક્ય-ભાષણ.

Ample,(ઍમ્'પલ્)*a.*[L.*am*,round *pleo*,I fill.] 1.Wide;extended:વિશાળ વિસ્તીર્ણ;મોટું. 2. Copious;fully sufficient:પુષ્કળ;પેટપુર;ધરાઈને;પુરતું.

Ampli-fi-cation,(ઍમ્'પ્લિફિકે"શન્)*n.*Enlargement;discussion:વિસ્તાર;વધારો;સવિસ્તર વર્ણન.

Ampli-fy, (ઍમ્'પ્લિફાઈ)*vt.*[L.*amplus*,large & *facio*,I make.]To enlarge:લંબાવવું;વિતારવું; વૃદ્ધિ કo. 2.To treat copiously:લંબાવીને વિવેચન કo. *vi.* 1.To grow large:મોટું થવું;વધવું.2. To speak copiously:વિસ્તારીને કહેવું-બોલવું.

Ampli-tude,(ઍમ્'પ્લિટ્યૂડ્)*n.*1 Ampleness; wideness:વિશાળપણું;વિસ્તાર; ફેલાવો;લંબાઈ પહોળાઇ. 2.Extent of capacity:પુષ્કળતા;બુદ્ધિ;સામર્થ્ય;ધારણશક્તિ;ધનસામર્થ્ય.

Amply,(ઍમ્'પ્લિ)*adv.*Copiously:સારી પેઠે.

Ampu-tate, (ઍમ્'પ્યૂટેટ્)*vt.* [L.*amb*, about & *puto*,I prune.]To cut off, as a limb:અંગ કાપવું-છેદવું.2.To prune:સોરવું; છાટવું.

Am-pu-tation, (અમ્પ્યૂટે'શન્) *n.* Surgical cutting off of a limb:અંગછેદન; છેદ; કાપ.

Amu-let,(ઍમ્'યૂલેટ્)*n.* [L. *amolior* to drive away.]A charm against evils or mischiefs

મંત્રેલું માદળિયું;તાવિજ;દોરાચિઠી; રક્ષાકરંડ.

A-muse, (ઍમ્યૂઝ્) *vt.* [Fr. *a.* to & *mnseo,* to muse.]1.To occupy in a pleasant manner: મનરંજન કo;ગમ્મતમાં નાંખવું;ગમત-ક્રીડા કo;રમાડવું. 2.To delude:રમાડવું;તાળવે ગોળ ચોંટાડવો; છેતરવું.

A-musement, (ઍમ્યૂઝ્મેન્ટ્) *n.*Recreation; entertainment:ગમત;તમાસો;વિનોદ;વિલાસ;મજા.

A-musing,-sive,(ઍમ્યૂઝ્ઇન્ગ્-ઍમ્યૂ'સિવ્) *pa.* Pleasing:રમુજી; મનોરંજક; વિનોદી; ગમતી.

An, (ઍન્) This word is properly an *adj.* but is commonly called an *indefinite article,* and signifies *one* or *any*:આ શબ્દ વાસ્તવ રીતયે વિશેષણ છે.પરન્તુ સામાન્ય રીત્યે ઇંગ્રેજીમાંતેને 'ઈન્ડેફિનિટ્આર્ટિકલ' કહે છે, અને તેનો અર્થ 'એક,' 'એકાદ,' 'કોઈએક,' 'કંઈક' એવો થાય છે.

An-achron-ism,(ઍનૅક્રૉનિઝમ્)*n.*[Gr.*ana,* up&*chronos,*time.]An error in chronology: પ્રાચીન બનાવોના વૃત્તાંતમાં-કાળ ગણનામાં ભૂલ-ચૂક.

Anal,(ઍ'નલ) *a.* [L.*anus,*the fundament.] Pertaining to,or situated near,the anus: ગાંડ-મળદ્વાર સંબંધી-નજીક.

An-a-leptic, (ઍનલેપ્'ટિક)*a.* [Gr.*ana.*up & *lambane,*to take.]Invigorating; giving strength:બળ આપતું; પુષ્ટિકારક; પૌષ્ટિક.*n.* A medicine which gives strength:પૌષ્ટિક-ઔષધ-દવા.

An-a-logic-al, (ઍનૅલૉજ્'ઇકલ્) *a.* Founded on analogy: ઉપમા-સાદૃશ્યતા પ્રમાણે કરેલું-સ્થાપેલું.

An-alog-ous,(ઍનલ્'ઑગસ્)*a.*Correspondent; similar:સાદૃશ; સમાન: તુલ્ય;અનુરૂપ; સરખું;મળતું.

An-alo-gy,(ઍનલ્'ઑજિ)*n.*[Gr.*ana,*according to&*logos,*ratio.]Similarity or likeness between things in some circumstances:ઉપમા; મુકાબલો;સરખાપણું;સાદૃશ્ય; સંબંધ.

An-aly-sis, (ઍનલ્'ઇસિસ્) *n. pl.***analyses.** [*Gr.ana,*again & *lyo,*I loosen.]1.(*a*)A resolution of anything into its original elements:મૂળતત્વ જુદાં પાડવાં તે;અવચ્છેદ; વિભાગ.(*b*) An examination of the component parts each separately:કોઈ વસ્તુના અંગોનો પૃથક્ પૃથક્ વિચાર-વિવેચન;પરચ્છેદ;વ્યાકરણ.2.A brief illustration of the principles of a science; synopsis:શાસ્ત્રસાર;સાર;સારગ્રંથ; પ્રથક્કરણ.3. (*Chem.*) The separation of a compound by chemical processes into its constituents:રસાયણિક પૃથક્કરણ. [પૃથક્કરણ કર્તા.

Ana-lyst,(ઍન્'ઍલિસ્ટ)*n.*One who analyzes:

An-a-lytics,(ઍનૅલિટ્'ઇક્સ)*n.* 1. The science of analysis:મુળ તત્વશોધનવિદ્યા; પૃથક્કરણવિદ્યા.

Ana-lyze, (ઍન્'ઍલાઇઝ્)*vt.*To separate into component parts:પૃથક્કરણ કo.

Ana-pest,(ઍન્'ઍપેસ્ટ્)*n.* [Gr. *ana,* back & *paio,*I strike.]A poetical foot of three syllables,first two short & the last long:બે લઘુ અને એક ગુરૂ એવા અક્ષરવાળો ગણ;સગણવાળું ચરણ.

An-archic,-al,(ઍનાંર્'ઇક-કૅલ્)*a.*Without rule or government:અંધેર;અવ્યવસ્થિત;નિયમ રહિત.

Anar-chy,(ઍન્'આંર્કિ)*n.*Political confusion: અંધેરરાજ્ય,ગેરબંદોબસ્ત;અંધાધુંધી. 2.Confusion in general:ગોટાળો;ગુંચવણ;અવ્યવસ્થા.

A-nato-mist,(ઍનૅટ્'ઑમિસ્ટ્)*n.* One skilled in anatomy:કાપકુપની વિદ્યામાં પ્રવિણ;શારીરવૈદ્ય.

A-nato-my, (ઍનૅટ્'ઑમિ)*n.* [Gr. *ana,*up & *temno,*I cut.]1.Dissection:શરીરછેદન;વિચ્છેદન. 2. The doctrine of the structure of the body,learned by dissection:શરીર છેદન વિદ્યા; શારીર વિદ્યા;શારીરિક શાસ્ત્ર.

Ances-tor, (ઍન્'સેસ્ટર્)*n* [L.*ante,*before & *cedo,*I go.]1. A forefather;a progenitor:બાપદાદા;પૂર્વજ;વડુવા;વડા.

An-cestral,(ઍન્સેસ'ટ્રલ્)*a.* Pertaining to or descending from ancestors: વડવાનું-થી ચાલ્યું આવેલું;વડીલોપાર્જીત.

Ances-try(ઍન્'સેસ્ટ્રિ)*n.*1.Lineage:વંશ; પેઢી; કુળ; ઓલાદ. 2. Birth:ખાનદાની; કુલીનતા.

Anchor,(ઍન્ગ્'કર્)*n.* [L. *ancora,*a bend.]An iron instrument for holding a ship at rest in water:બિલાડી;લંગર; નાંગર. 2. That which gives safety or security:રક્ષણ-સલામતી આપનાર. 3.Any contrivance designed to hold fast: પકડ.*To cast* **a.**:લંગરવું.*To weigh* **a.**:લંગર ઉપાડવું.*vt. To* place at anchor:નાગરવું;બંદર કo.2.To fasten:મજબુત-દૃઢ કo,*vi.*1.To come to anchor: લંગરવાર થવું.2.To fix or stop:સ્થિર થવું;અટકવું.

Anchor-age,-ground,(ઍન્ગ્'કરેજ્-ઍન્કરૂગ્રાઉન્ડ્)*n.*1.A place for anchoring:લંગારવાની જગા; લંગરવાડો 2.Anchor and all necessary tackle for anchoring:લંગર કo જોઇતો સામાન,લંગર ઈo.

Ancho-ret,-ite, (ઍન્ગ્'કોરેટ્ ,ઍન્ગ્'-કોરાઇટ્) [Gr. *ana,* back& *choreo,* I go.] A hermit; recluse:વનવાસી; યોગી;તપસ્વી;યતિ;સન્યાસી.

Ancient, (ઍન્'શેન્ટ્)*a.* [L.*ante,*before.] Old: પ્રાચીન; પુરાતન; જુનું. 2. Advanced in years: અસલી;પુરાણું;જુનું. 3. Experienced; versed: કાબેલ;નિપુણ;અનુભવી. *n.* (*pl.*)Those who lived in former ages:પુરાતન કાળના માણસો;અસલનાલોક.

Ancon-e,(ઍનકૉન-કૉન)*n.* Elbow;angle:કોપરીયું. 2. Console:ટેકો;લાકો.

And, (ઍન્ડ્) *conj.* A particle connecting words or sentences together:અને;તથા;ને;હવે.

Anec-dote,(ઍન્'એક્ડોટ્) *n.*[*Gr. a.*priv., *ek.,* away & *dopos,*given.]A story; a tale:વાર્તા; કહાણી; કથા; આખ્યાયિકા;ઉપાખ્યાન.

A-nent, (અનેન્ટ્) *prep.* About;concerning: વિશે; સંબંધી. 2. Over against: સામા; સન્મુખ.

A-new,(ઍન્યૂ')*adv.*Afresh:ફરીથી; પાછું;નવેસરથી.

An-frac-ture, (ઍન્ફ્રેક્ટ્યૂર)*n.*A mazy winding:ગુલમુલામણી.

Angel,(ઍન'જેલ્)*n.*[L.*angeles*,a messenger.] A messenger:દૂત;જાસુસ;કાસદ. **2.** A spiritual being:દેવ દૂત; ફિરસ્તો; સ્વર્ગદૂત. **3.** A beautiful person:ખુબસુરત માણસ; **a.***of death*:યમદૂત.

An-gelic,-cal,(ઍન્જેલ્'ઈક્-કૅલ્)*a.*Pertaining to angel: દેવ દૂત સંબંધી-સરખું.

Anger, (ઍન્ગ્'ગર્) *n.* [L. *ango*, I trouble.] Resentment;rage;wrath:રીસ;કોપ; ક્રોધ;ગુસ્સો; રોષ. *vt.*To irritate:ગુસ્સે-ક્રોધાયમાન ક૦.

Angle,(ઍન્ગ્'ગલ્)*n.*[L. *angulus*,a corner.]A corner:કોણ; ખુણો. **2.**A fishing tackle:માછલાં પકડવાનો આંકડો; ગલ. **3.** A gull:ભોળીઓ;મહૂશળાધિરાજ. *A right* **a.**:કાટખૂણો.*An acute* **a.**:સાંકડો ખુણો. *An obtuse* **a.**:પોહોળો ખુણો. *vi.***1.**To fish with a hook:આંકડાથી માછલી પકડવી.**2.**(for)To intrigue; to scheme: યુક્તિ રચવી;છળ પ્રપંચ ક૦ દાવ પેચ ખેલવો.

Angler,(ઍન્ગ્'લર્)*n.* One who fishes with an angle:ગલવતી માછલાં પકડનાર.

Anglic-an, (ઍન'ગ્લિકૅન્)*a.* English: અંગ્રેજી; ઇંગ્લાંડને લગતું. *n.* A member of the church of England:ઇંગ્લાંડના દેવળનો એક માણસ.

Angli-cism, (ઍન્ગ્'લિસિઝમ્) An English characteristic: ઇંગ્રેજનું લક્ષણ-રીત-રિવાજ પદ્ધતી.

Angli-cize, (ઍન્ગ્'લિસાઈઝ્) *vt.* To make English:અંગ્રેજી ક૦.[same as English:અંગ્રેજી.

Ang-lo, (ઍન્ગ્'લો) A prefix meaning the

Angri-ly,(ઍન્ગ્'ગ્રિલિ)*adv.*Peevishly;furiously:રીસથી;ડોળા કાઢીને;રોષથી;ગુસ્સે થઇને;ક્રોધ પૂર્વક.

Angry,(ઍન'ગ્રિ) *a.*[See **anger**.]**1.**Provoked;passionate;irritated:ક્રોધાયમાન; કોપાયમાન; ખફા.**2.**Showing anger:ક્રોધી;ક્રોધયુક્ત-સુચક;રાતુ; લાલ. **3.** Vigorous:ઉત્તેજિત; સતેજ;જોરાવર; ઉત્કટ. **4.**Raging;furious: તોફાની; જબરૂ.

Anguish,(ઍન્ગ્'વિશ્)*n.*[L.*ang*,I cause pain] Grief; distress; pang:દુ:ખ;વેદના; પીડા.

Angu-lar, (ઍન્ગ્'યૂલર્)*a.* Having an angle or corner; pointed:ખુણાવાળું; ખુણેદાર.

Anile,(ઍન'આઈલ્)*a.*[L.*anus*,an old woman.] Old; imbecile:કમજોર; ઘરડું;અશક્ત; નબળું;મંદબુદ્ધિનું.

A-nili ty, (ઍનિલ્'ઈટિ) } *n.* Dotage:ઘ-
Anileness, (ઍન'આઈલ્નેસ્) } રડી ડોશીના જેવી અવસ્થા;સાઠીબુદ્ધિ.

Ani-mad-vert,(ઍન'ઈમૅડ્વર્ટ")*vi.*[L.*animus*, the mind & *verto*, I turn.] **1.** To turn the mind with intent to notice:મન-લક્ષ-ધ્યાન આપવું-દેવું-ઘાલવું. **2.** To comment; to blame:ઠપકો દઈ બોલવું;ટીકા-ચર્ચા-નિંદા ક૦; ગુણદોષ બતાવી કહેવું.

Ani-mal,(ઍન'ઇમૅલ્)*n.*[L.*anima*, breath.] **1.** A living being endowed with sensation and the power of voluntary motion:દેહવાળો પ્રાણી;દેહી;પ્રાણી; જીવ. **2.** Irrational being:પશુ; જાનવર;હેવાન. *a.***1.** Relating, or belonging, to animals:પ્રાણી-જીવ વિષે-સંબંધી. **2.**Consisting of the flesh of animals:માંસનું વાળુ.**3.**Pertaining to the sentient part of a creature: સચેતન;ઇંદ્રિયજન્ય;A.*pleasures*; વિષયસુખ; વિષય.

An-i-malcule, (ઍનિમૅલ્'ક્યૂલ્)*n.*A little, invisible animal:અલ્પજંતુ;પોરા; ક્ષુદ્રજંતુ.

An-i-mali-ty,ness, (ઍનિમૅલ્'ઇટિ'લ્નેસ્) *n.* Animal existence or nature:હેવાનપણું;પશુત્વ.

Ani-mal-ize, (ઍન'ઇમૅલાઈઝ્)*vt.* To give animal life:સજીવન-સચેતન ક૦;જીવ-પ્રાણીના ધર્મવાળું ક૦. **2.** To regard as merely animal:પશુવત્-તુલ્ય ગણવું-ક૦.

Ani-mate,(ઍન'ઇમેટ્) *vt.* [L. *anima* breath.] **1.**To give natural life to:સજીવન-જીવતું ક૦. **2.** To stimulate:ઉત્તેજન આપવું;ઉત્સાહી બનાવવું;હિમ્મત આપવી;ઉશ્કેરવું. Alive:સજીવ; જીવતું.

Ani-mat-ed,(ઍન'ઇમેટેડ્)*pa.*Lively;vigorous સજીવ;સચેતન;ઉત્સાહી; પ્રફુલ્લ;ઉલ્લાસિત.

A-ni-mation, (ઍનિમે'શન્) *n.* **1.** The act of animating:જીવસંચારણ;જીવપ્રદાન.**2.**Liveliness; vivacity:દમ;જીવ;તેજ;ઉત્સાહ;ઉલ્લાસ; હોંશ.

Ani-mosi-ty, (ઍનિમૉસ્'ઇટિ)*n.* Active enmity:શત્રુવટ;વૈરભાવ;અદાવત;દ્વેષ;વિરોધ.

Ani-mus, (ઍન'ઇમસ્) *n.* Intention;purpose; temper:હેતુ;કપટ;અંટસ;આંટી;અદાવત.

Anise, (ઍન'ઈસ્)*n.* An aromatic plant:વરિયાળી–સુવાનો છોડ.**A.***seed*:સુવા.

Ankle,(ઍન્ગ્'કલ્)*n.*The joint connecting the foot with the leg:પગની ઘુંટી; ઘુંટણ.

Anklet, (ઍન્ગ્'ક્લેટ્)*n.* An ornament for the ankle:કલ્લાં;સાંકળાં,તોડો;લંગર.

Annal-ist, (ઍન'નલિસ્ટ્)*n.* A writer of annals:સાલવાર તવારીખ-ઇતિહાસ લખનાર;ઇતિહાસકાર.

Annals, (ઍન'નૅલ્ઝ્)*n. pl.* [L.*annus*,a year.] **1** A history of events, in the chronological order: સાલવાર-પ્રતિવાર્ષિક ઇતિહાસ-વૃત્તાંત;સાલવાર ખબર;વાર્ષિક વૃત્તાન્ત; શકાવળી.

An-neal, (ઍન્નીલ્)*vt.* [L. *Nigellus*,blackish.] To heat to fluidity & then cool slowly: (ધાતુ-કાચ,ઈ૦) ઉનું કરી પિગાળીને ધીમે ધીમે ઠંડુ ક૦; ટીપાય તેવી રીત્યે તપાવીને ધીમે ધીમે ઠંડુ ક૦.

An-nex, (ઍનૅક્સ્) *vt.* [L. *ad*, to & *necto*,I tie.] To subjoin:છેડે જોડવું-લગાડવું-સાથેલ ક૦. **2.** To add, as a smaller thing to a greater: મેળવી દેવું;ખાલસા ક૦;જોડી દેવું.**3.**To connect:જોડવું. *vi.*To be united: જોડાઇ જવું; સંધાવું, *n.* Something joined:જોડાયલો ભાગ; અનુબંધ;સાંધણ.

An-nex-ation,(ઍન્નેક્સે'શન્)*n.*Conjunction; addition:જોડી દેવું-ખાલસા ક૦ તે;સંયોગ;સયોજન. **2.**A thing annexed:અનુબંધ;જોડાણ;સાંધણ.

An-nihil-ate,(ઍન્નાઈ'હિલેટ્)*vt.*[L.*ad* &*nihil*, nothing.]To reduce to nothing,to destory: નાશ-ફના ક૦;જડમુળથી ઉખેડી નાંખવું.

An-nihil-ation,(ઍન્નાઈ'હિલે"શન્)*n.*Destruction;ruin:નાશ;ક્ષય;ઉચ્છેદ;વિનાશ;પ્રલય;લય; લોપ.

An-ni-versa-ry,(ઍન્નિવર્સ્'અરિ)*a.*[L.*annus*, year & *verto*,I turn.] Yearly; annual:વાર્ષિક; દરેક વરસે આવતું;સાંવત્સરિક.*n.*A day celebrated each year:વાર્ષિક દિવસ; વાર્ષિકોત્સવ; **a.***of birth*: જન્મ દિવસ;વર્ષગાંઠ;સાલગિરી.**A.***of eath*:વર્ષી.

AnnoDomi-ni,(ઍન્'ડૉમ્'ઇનાઈ) Contracted A.D.*n.*In the year of the Lord: ઇસુખ્રિસ્તને વર્ષે;ઈસ્વીસન.

An-no-tate,(ઍન્'નોટેટ્)*vi.*[L. *ad* & *nota*, a mark.] To make comments: ટિકા-ભાષ્ય ક૦.

An-no-tation,(ઍન્નોટે'શન્)*n.*A note added by way of comment; (generally used in *pl.*) ટીકા;ભાષ્ય;વ્યાખ્યાન;ટિપ્પણી. **2.**Symptoms of an intermittent fever:મુદ્દતી તાવની નિશાની.

An-nounce,(ઍન્નાઉન્સ્')*vt.*[L.*ad* & *nuncio*, I relate.]To proclaim;to publish; to make known:પ્રસિદ્ધ-જાહેર ક૦; ખબર આપવી; કહેવું.

An-nouncement, (ઍન્નાઉન્સ્'મેન્ટ્)*n.* Proclamation;publication: જાહેરખબર-નામું; ખ્યાપન;નિવેદન;વાર્તા;સમાચાર;સંદેશો.

An-noy,(ઍન્નૉઈ')*vt.* [Fr.*anoi*, vexation.]To molest;to trouble:દુખ દેવું:ઇજા ક૦;પીડવું;સંતાપવું.

An-noyance, (ઍન્નૉઈ'ઍન્સ્)*n.* Vexation; molestation:ત્રાસ;કંટાળો;દુઃખ;પીડા; વ્યથા;કલેશ

Annu-al,(ઍન્'ન્યૂઅલ્)*a.* [L.*annus*, a year.] Yearly:વાર્ષિક;વર્ષેવર્ષે આવતું;સાંવત્સરિક.**2.** Lasting a year:એક વર્ષ ચાલે-ટકે તેવું. *n.* **1.** A book published yearly:વર્ષેવર્ષે છપાતું ચોપાનિયું; વાર્ષિક પુસ્તક.**2.** A plant that lasts a year only: એક વર્ષ રહે એવો છોડવો.

An-nui-ty,(ઍન્યૂ'ઇટિ)*n.*An yearly allowance: વર્ષાશન;વાર્ષિક નિમણોક;સાલ;સાલિયું;વરસોંત.

An-nul,(ઍન્નલ્')*vt.*[L.*ad*,to & *nullus*,none.] To repeal;to abrogate:રદ્દ-બાતલ ક૦;કાઢીનાંખવું.

Annu-lar, (ઍન્'ન્યૂલર્) } *a.*[L.*annulus*, a
Annu-la-ry,(ઍન્'ન્યૂલૅરિ) } ring.] Having the form of a ring:વીંટીના આકારનું;મંડલાકાર; વલયાકાર.**A.***eclipse*:કુંડલાકાર ગ્રહણ.

Annu-let,(ઍન્'ન્યૂલેટ્)*n.***1.**A little ring: નાની વીંટી;ગોળ કડી.**2.**A small flat fillet:ઝાલર; કોર.

An-nulment, (ઍન્નલ્'મેન્ટ્)*n.* Abolition;revocation:બાતલ-રદ્દ ક૦ તે;લોપ.

An-numer-ate, (ઍન્યૂ'મરેટ્)*vt.*[L.*ad* & *numerus*,number.]To add:ઉમેરો-વધારો ક૦.

Ano-dyne, (અન્'ઑડાઇન્)*n.* [Gr.*a*, priv.& *odyne*,pain.] A medicine, that allays pain: દુઃખ નરમ પાડનારૂં ઔષધ. *a.* Assuaging pain: દુઃખહર-વેદના શામક.

A-noint, (ઍનૉઇન્ટ્')*vt.* [L. *in* & *unguo*, I smear.]**1.**(*a*)To rub or smear with oil: તેલ ચોળવું;લેપ ક૦;અભ્યંગ ક૦.(*b*)To pour oil upon; to spread over:ઉપર તેલ રેડવું;પાથરવું;ચોપડવું.

A-noint-ed,(ઍનૉઈન્ટ'એડ્) *pa.* Consecrated with oil:તેલ ચોપડી પવિત્ર કરેલું;અભિષિક્ત;લિપ્ત.

A-uomal-ism,(ઍનૉમ્'ઍલિઝમ્)*n.*A deviation from rule:નિયમ વિરૂદ્ધતા.

A-noma-listic-cal,A-noma-lous,(ઍનૉમ'-એલિસ્ટ્'ઈક્-કૅલ્)(ઍનૉમ્'ઍલસ)*a.*[Gr. *a*, priv.& *hemos*, the same.] Irregular: ગેરશિરસ્તે-કાયદે; ગેરવાજબી.

A-noma-ly,(ઍનૉમ્'ઍલિ)*n.*A departure from rule;irregularity:કાયદાથી ઉલટી રીત;વિલક્ષણતા; નિયમ વિરૂદ્ધતા.

A-non,(ઍનૉન્')*adv.*Quickly;soon:ઝટપટ;તરત; જલદી.**2.** At another time;again:બીજે વખતે; ફરીથી.*Ever* & **a.**,frequently:વારેઘડીએ; વારંવાર.

A-nonym-ous,(ઍનૉન્'ઇમસ્)*a.*[Gr.*a*, priv. & *onoma*,name.]Nameless:નનામું.

Ano-re-xy,(ઍન્'ઑરેક્સિ)*n.*[Gr.*an*,priv.&*oreго*,I desire.]Want of appetite:અરૂચિ;મંદાગ્નિ.

An-other,(ઍનઅધ્'અર્)*a.*[*an* & *other.*]**1.**Different:અન્ય;જુદું;બીજું.**2.**One more:બીજું એક.

Answer, (ઍન્'સર્)*v.t.* [*Gr. anti*, against & *sweriаn*,to swear.]**1.**To respond to: જવાબ-પ્રત્યુત્તર આપવો;જવાબ વાળવો-દેવો.**2.** To refute: ખંડન ક૦;તોડવું.**3.** To act in return to: બદલો-સાટું વાળવું. **4.** To be or act in compliance with:મરજી પ્રમાણે વર્તવું-થવું.**5.**To face: સામસામા હોવું;સન્મુખ હોવું.**6.**To render accounts to: હિસાબ-જવાબ આપવો.**7.** To be sufficient for: મતલબ પુરી પાડવી;કામમાં-ખપમાં આવવું;ગરજસારવી.*vi.*(*to,for*) Same as *vt.n.***1.**A reply:ઉત્તર; જવાબ;પ્રત્યુત્તર.**2.**Response:પડઘો;પ્રતિધ્વનિ.**3.**Solution:હિસાબ;જવાબ.**4.**Confutation: રદીઓ.

Answer-a-ble,(ઍન્'સરૅબલ્)*a.***1.** Capable of being answered satisfactorily: સંતોષપૂર્વક જવાબ અપાય એવું.**2.**Responsible:જવાબદાર;જુમ્મેદાર.**3.**Suitable:યોગ્ય;લાયક;બંધબેસતું. **4.**Equal: સરખું;બરાબર;અનુકુળ.

Ant, (ઍન્ટ્) *n.* A pismire; an emmet: કીડી. *Black* **a.**:મંકોડો.*Red* **a.**:ઝીમેલ.*White* **a.**:ઉધાઈ

An-tago-nism,(ઍન્ટૅગ'ઑનિઝમ્)*n.* Contrariety of things or principles:વિરૂદ્ધતા;વિરોધ; વેર;દુશ્મનાવટ.

An-tago-nist, (ઍન્ટૅગ'ઑનિસ્ટ્)*n.* [Gr.*anti*, against & *agon*,a struggle.] An opponen;

an adversary:વિરોધી;શત્રુ;પ્રતિસ્પર્ધી;પ્રતિપક્ષી.

Ant-arctic,(ઍન્ટાર્ક્‌ટિક્‌)*a*. Opposite to the northern or arctic pole:દક્ષિણધ્રુવ સંબંધી. **A.** *circle*:દક્ષિણવૃત્ત.

As-sortment,(ઍસ્સૉર્ટ'મેન્ટ્)*n*.1.Act of distributing into sorts:વર્ગ તે; વર્ગીકરણ;પૃથક્કરણ; રચના. 2. A variety or kinds:જૂદી જૂદી જાત-પ્રકાર-ભાત.

As-suage,(ઍસ્સ્વેજ્')*vt*.[L.*suavis*, sweet.] To calm;to soften; to mitigate:શાંત ક૦; સમાવવું; દિલાસો આપવો;મટાડવું;નરમ-થંડુ પાડવું;હલકું ક૦.*vi*, To subside;to abate:નરમપડવું;ઉતરી જવું;ઓસરવું.

As-suasive,(ઍસ્સ્વે'સિવ્) *a*. Tranquilizing; persuasive:દિલાસો આપે-નરમ પાડેએવું; શાંતિપ્રદ.

Assue-tude,(ઍસ્'સ્વીટ્યૂટ)*n*. [L. *ad*,& *sueo* to be wont.] Habit;custom: મહાવરો;ટેવ;રીત.

As-sume,(ઍસ્સ્યૂમ્')*vt*.[L.*ad* & *sumo*,I take.] 1.To take upon one's self:ધારણ ક૦; પોતાના હાથમાં લેવું.2.To suppose:માનવું;ધારવું;ગ્રહણ ક૦. 4. To pretend: ડોળ ઘાલવું;વેષ લેવો.*vi* 1.To be arrogant; to claim more than due:હક કરતાં વધારે માગવું;ઉદ્ધત થવું; ગર્વિષ્ઠથવું.

As-suming,(ઍસ્સ્યૂમ્'ઇન્ગ્)*a*.Presumptuous: ગર્વિષ્ઠ; મગરૂર; અહંકારી; ઉદ્ધત.

Assumption,(ઍસ્સમ્'શન્)*n*.1.Act of taking to one's self:ધારણ;ગ્રહણ; સ્વીકાર.2.Supposition:કલ્પના;ધારણા.3. Postulate:ધારેલી વાત;ધારણા.4.The minor proposition: પ્રતિજ્ઞા; પ્રમેય.

As-surance,(ઍશ્યૂર'ઍન્સ્)*n*.1.Act of assuring:ખાતરી;અભય વચન.2.Full confidence:ખાતરી;ભરંસો;ખાતરજમા.3.Selfreliance:હિમ્મત; શ્રદ્ધા;નિશ્ચય.4.Impudence:અસભ્યતા;ઉદ્ધતાઇ;સાહસ.

A-ssure, (ઍશ્યૂર્')*vt*. [L. *ad* & *securus*, secure.]1.To make sure;to confirm:ખાતર જમા ક૦; ભરંસો આપવો; ખાતરી કરી આપવી.

Aster-isk, (ઍસ'ટરિસ્ક્)*n*.[Gr.*aster*,a star.] Figure of a star (*) used in printing or writing:ચોકડી; ફુદડી: ફુલી.

Aster-ism.(ઍસ્'ટરિઝમ્)*n*.1.(*a*)A constellation:નક્ષત્ર;તારા. (*b*) A small cluster of stars: તારામંડળ.2. (*a*) A mark of reference(*);an asterisk:ફુલી;ચોકડી.(*b*)Three asterisks placed in this way(⁂):આ પ્રમાણે મૂકેલી ત્રણ ફુદડીઓ.

A-stern, (ઍસ્ટર્ન્')*adv*.1.In the hinder part of a ship:વહાણના પાછલા ભાગ તરફ-માં.

Aster-oid, (ઍસ્'ટરૉઈડ્)*n*.[Gr. *Aster*, a star & *eidos*, form.]A small planet:ઉપગ્રહ;લઘુગ્રહ.

Asthma, (ઍસ્મૅorઍસ્ટ્'મૅ) *n*. [Gr. *Asthma*, hard breathing fr. *azo*,I pant.] A disease of respiration with cough & wheezing: દમનો રોગ; હાફ;અમુઝણું;દમ.

Asth-mat-ic-al, (ઍસ્ટમૅટ'ઈક્-કલ્) *a*.Affected by asthma:દમિયલ.

As-tonish,(ઍસ્ટૉન'ઇશ્)*vt*. [L. *ad* & *tono*,I thunder.]To amaze;to surprise greatly:આશ્ચર્ય-પમાડવું;તાજુબ ક૦;વિસ્મય પમાડવું;ચકિત-દંગ ક૦.

As-tonish-ing,(ઍસ્ટૉન'ઇશિન્ગ) *a*. Marvellous;wonderful:અચરત-અનયબી ભરેલું;આશ્ચર્યકારક.

As-tonishment,(અસ્ટૉન'ઇશમેન્ટ્)*n*. Intense surprise;amazement:ચમત્કાર;વિસ્મય; અચંબો;

As-tound, (ઍસ્ટાઉન્ડ્')*vt*. See **Astonish.**

Astral, (ઍસ્'ટ્રલ્) *a*. [L. *astrun*, a star.] Starry:તારાના-સંબંધિ-જેવું.

A-stray, (ઍસ્ટ્રે') *adv*. Out of the proper way:આડેમાર્ગે-રસ્તે;ગેર-કુમાર્ગે;અવળે રસ્તે; ઉન્માર્ગે.

A-stride,(ઍસ્ટ્રાઇડ્')*adv*.With one leg on each side:બંન્ને તરફ એક્કેકો પગ મુકીને;પલાણીને;પલંગીને.

As-tringe, (ઍસ્ટ્રિન્જ') *vt*. [L.*ad* & *stringo*, I draw tight] To bind fast; to compress: ખેંચીને બાંધવું;સંકોચવું;સ્તંભન ક૦.2.To bind by obligation:ફરજ-ઉપકારથી બાંધી લેવું.

As-tringent,(ઍસ્ટ્રિન્'જેન્ટ્)*a*. Binding; contracting:મુજબુત કબજ કરેએવું;બંધક;સંકોચનશીલ.

As-trolo-ger,(ઍસ્ટ્રૉલ'ઑજર)*n*. One versed in astrology:જ્યોતિષ-જાણનાર;જોશી;દૈવજ્ઞ.

As-trolo-gy, (ઍસ્ટ્રૉલ્'ઑજિ)*n*.[Gr. *astron*, a star & *logos*, discourse.] The art of foretelling events by the situation & aspects of the stars:જ્યોતિષ;ગ્રહદશા-મુહૂર્ત જોવાની વિદ્યા.

As-trono-mer,(ઍસ્ટ્રૉન'ઑમર્)*n*.One versed in astronomy:ખગોળવેત્તા;જ્યોતિર્વિદ્.

As-trono-my,(ઍસ્ટ્રૉન'ઑમિ) [Gr. *astron*,a star & *nomos*, a law.] The science which

fully treats of the heavenly bodies:ખગોળ-વિદ્યા;જ્યોતિષશાસ્ત્ર.

As-tute, (ઍસ્ટ્યૂટ્')*a.* [L. *astus*, craft.]Keen; subtle;shrewd:ચતુર;ઊંડી નજરનું;અક્કલમંદ;નિપુણ.

As-tuteness, (ઍસ્ટ્યૂ'ટ્નેસ્) *n.* Cunning; shrewdness:વિચિક્ષણતા;ચતુરાઈ;નિપુણતા;કાર્યદક્ષતા.

A-sunder,(અસન્'ડર્)*adv.*Apart:છૂટું છૂટું;અલગ.

A-sylum,(ઍસાઇ'લમ્)*n.* [Gr.*a.*not&*syle*,the right of seizure.]1. A place of refuge for criminals & debtors:શરણ-આશ્રમસ્થળ;આશરો; ઓથ.2.An institution for the care & relief of the unfortunate:ધર્મશાળા;અનાથગૃહ.*Lunatic* a.:ગાંડાઓની ઈસ્પીતાલ.A.*for animals*:પાંજરાપોળ.

At,(ઍટ્')*prep.*[L.*ad.*]1.Near;close to:પાસે;નજદીક;સમીપ;આગળ.2.Engaged in;in a state of: માં;માંહિ;ઉપર.3.By;on;with:થી;ઉપરથી;લીધે.

Athe-ism,(એ'થીઇઝમ્)*n.*[Gr.*a*;priv.& *Theos*, God.]The denial of the existence of God: ઇશ્વર નથી એમ માનવું તે;ઇશ્વરનિંદા;નાસ્તિકતા.[નાસ્તિક.

Athe-ist,(ઍથીઈસ્ટ્)*n.*An infidel;unbeliever:

A-the-istic,-al,(ઍથીઈસ્ટ્'ઇક્-કૅલ્)*a.*1.Pertaining to atheism:નાસ્તિકના મત સંબંધી. 2.Impious;godless:દેવનિંદા કરનારો;પાપી;નાસ્તિકવૃત્તિવાળો

A-thirst,(ઍથર્સ્ટ્')*a.*1.Thirsty;wanting drink: તરસ્યું;પ્યાસુ.2.Desirous:આતુર.

Athlete,(ઍથ્'લીટ્)*n.*[Gr.*athlos*,a contest.]A contender;a champion:જીત માટે લડનાર; પહેલવાન;મલ્લ;તાલીમબાજ.

Ath-letic, (ઍથ્લેટ્'ઇક્)*a.*1.Relating to exercises:કસરત સંબંધી;મલ્લક્રીડા સંબંધિ. 2.Robust; strong:મલ્લ;લઠ;તાલિમબાજ;બળવાન; જોરાવર.

A-thwart, (ઍથ્વૉર્ટ્')*adv.* Sidewise;wrong; crossly:આડી-વાંકી રીતે. *prep.*Across:વાંકું;આડું.

At-lantic,(ઍટ્લૅન્'ટિક્)*a.*Of or pertaining to the ocean between Europe, and America: અમેરિકા અને યુરોપ વચ્ચેનો આટલાંટિક મહાસાગર.

Atlas, (ઍટ્'લૅસ્) *n.*1.A collection of maps in a volume: નકશાનું પુસ્તક. 2. A volume of plates:છાપ;ચિત્રનું પુસ્તક.

Atmos-phere, (ઍટ્'મૉસ્ફીર્) *n.* [Gr.*atmos*, smoke & *sphaira*, sphere.] 1. The air surrounding the earth:વાતાવરણ;ગગન;આકાશ. 2. Any surrounding influence:મામલો;આવરણ.

At-mos-pheric,-al, (ઍટ્મૉસ્ફેર્'ઇક્-કૅલ્) *a.* Pertaining to atmosphere:વાતાવરણ સંબંધિ.

Atom, (ઍટ'ઑમ્)*n.* [Gr. *a*,not & *temno*, I cut.]1.An indivisible particle;a molecule: અણું;પરમાણું;રજ;કણ; લેશ. 2.Anything extremely small:અતિસૂક્ષ્મ પદાર્થ; રજ.

A-tomic-al, (ઍટૉમ્'ઇક્-કૅલ્) *a.* Extremely minute:અણુનું-સંબંધિ;ઝીણું;પરમાણુમય સૂક્ષ્મ.

A-tone, (ઍટોન') *vi.* [L. *ad* & *unus*, one.] To make reparation or amends for:નુકશાન ભરી આપવું; બદલો-સાટું વાળવું; અવેજ આપવો. *vt.* 1. To reconcile:સલાહ-સમાધાન કo. 2.To expiate:પ્રાયશ્ચિત-પાપનિવારણ કo.

A-tonement, (ઍટોન'મેન્ટ્)*n.*1. Expiation; reparation:પ્રાયશ્ચિત્ત; પાપનિવારણ. 2. Reconciliation:concord:મેળાપ;સમજુતી;સમાધાન;મેળ.

A-trocious,(ઍટ્રો'શસ્)*a.*Extremely heinous or cruel:અતિદુષ્ટ;પાપી;મહાઘાતકી; ઘોર;પાપિષ્ટ;ક્રૂર; ભયંકર; આસુરી.

A-troci-ty,(ઍટ્રૉસ્'ઇટિ)*n.* [L.*atrox*,cruel.] Enormous;wickedness:ઘોર-દુષ્કર્મ; મહાપાપ.

Atro-phy, (ઍટ્'રૉફિ)*n* [Gr.*a.*priv,& *trepho*, I nourish.] A wasting away for want of nourishment:ક્ષય; કમતાકાતી;ક્ષીણતા.

At-tach, (ઍટૅચ') *vt.* [L. *ad* & *taca*, peg, nail.]1.To bind:બાંધવું;જોડવું;સાંધવું;સામેલ કo.2. To take by legal authority: કલમબંધી જપ્તિ લાવવી;ટાંચ મારવી; જપ્ત કo. 3. To take,seize & lay hold on by force:બળાત્કારથી લેવું-પકડવું-ઝાલવું. 4.To win the heart of:મન હરી લેવું;તરફ ખેંચવું-દોરવું; પ્રીતિ કરાવવી. 5.To connect (in a figurative sense):માનવું;ધારવું;ગણવું; લેખવું.

A-tta-che,(ઍટૅશે')*n.*One attached to the suite of an ambassador:રાજાના એલચીનો ચાકર.

At-tachment,(ઍટૅચ્'મેન્ટ્)*n.*1.Adherence: fidelity;affection: વળગણ;પ્રીતિ;સ્નેહ;આસક્તિ; ભાવ.2.A seizure:ટાંચ;જપ્તિ;કલમબંધી.

At-tack,(ઍટૅક્')*vt.*[L.Same, as *attach.*]1. To assault:તુટી પડવું;હુમલો કo.2. To begin a controversy with: વાદવિવાદ કo;લડવું; લડત ચલાવવી-સામે લખવું. *n.* An onset; an invasion: ચઢાઈ; હલ્લો;છાપો;હુમલ્લો;ધાડ.

At-tain, (ઍટેન્')*vi.* [L. *ad*, to & *tango*, I touch.]1.To arrive by motion,bodily exertion or efforts;to reach:પહોંચવું,આવી પહોંચવું. 2.To arrive by an effort of mind:પ્રાપ્ત-સંપાદન થવું.*vt.*To achieve;to gain:મેળવવું;સંપાદનકo.

At-taina-ble,(ઍટેન્'ઍબલ્) *a.* Capable of being attained:પહોંચી-મેળવી શકાય એવું;સાધ્ય;લભ્ય.

At-tainder, (ઍટેન્'ડર્) *n.*A stain;corruption;forfeiture:લાંછન;અપયશ;બટ્ટો;દોષ.

At-tainment,(ઍટેન્'મેન્ટ્)*n.*The act of attaining;acqisition:મેળવવું તે;પ્રાપ્તિ; સંપાદન;લાભ.2.(*pl*)Acquirements:સંપાદન કરેલા ગુણ.

Attaint,(ઍટેન્ટ્')*vt.*[L.*ad* & *tango*,I touch.] 1.To stain; to disgrace: બટ્ટો-કલંક-લાંછન-દૂષણ લગાડવું;કલંકિત કo.2.To corrupt:ભ્રષ્ટ કo;બગાડવું. *n.*1.Taint;spot:ડાઘ;દોષ;ટપકો; કલંક;લાંછન. 2. A writ which lies after judgment to inquire whether a jury has given false verdict: જ્યૂરીએ ખોટો ચૂકાદો-મત આપ્યો છે કે કેમ તેની ત-

પાસ માટે જજમેંટ(ઠરાવ)પછી નિકળેલ હુકમ-ચિઠ્ઠી.

At-temper,(ઍટ્ટેમ્'પર્)*vt.*[L.*ad* & *tempero*, I soften.]**1.**To modify;to reduce:ઘટાડવું; શમાવવું;ઓછું ક૦.**2.**To soften:નરમ ક૦;શાંત ક૦.**3.** To regulate:નિયમમાં આણવું;અનુકૂળ ક૦.

At-tempt,(ઍટ્ટેમ્પ્ટ્')*vt* & *vi* [L.*ad* & *tempto*, I try.]**1** To endeavor:યત્ન-પ્રયત્ન-પ્રારંભ-કોશીશ ક૦.**2.**To attack:હલ્લો-હુમલો-ક૦.*n.*Effort;trial; endeavor અજમાયશ; તજવીજ; આરંભ; પ્રવૃત્તિ.

At-tend,(ઍટ્ટેન્ડ્')*vt.*[L.*ad* to and *tendo*, I stretch.]1.To give heed to;to regard(*obs*): સાંભળવું; ગણકારવું. **2.** To go or stay with; to wait on:સાથે જવું-આવવું-રહેવું;હાજર રહેવું; ચાકરી-સેવા ક૦.**3**.To accompany:-માં રહેવું;સાથે હોવું.*vt.* (*to*)**1**.To consider;to give heed to(*on,upon*): ધ્યાન આપવું;મન લગાડવું;સાંભળવું;લક્ષ્યદેવું.**2.**To accompany;to wait on:ખિજમત-સેવા-ચાકરીમાં રહેવું.

At-tendance,(ઍટ્ટેન્ડ'અન્સ્)*n.* **1.** Service: હાજરી;ચાકરી;સેવા.**2.**Train;retinue:હાજર રહેનાર માણસો;સ્વારી. **3.** Attention;regard: લક્ષ;ધ્યાન; મન;ચિત્ત.

At-tendant,(ઍટ્ટેન્'અન્ટ્)*a.*Being present: જનાર-આવનાર; સાથે રહેનાર. **2.** Accompanying' લગતું;અનુષંગી.*n.***1.**Companion; servant:સેવક; ચાકર;હજુરી;અનુચર,ખિજમતદાર;અનુયાયી. **2.** Concomitant:અનુષંગી;સહચારી પદાર્થ.

At-tention,(ઍટ્ટેન્'શન્)*n.***1**.Heed;care;consideration:લક્ષ;ચિત્ત;મન;અવધાન;ધ્યાન; પરાયણતા. **2.**Act of civility or courtesy:આદરમાન;સત્કાર.

At-tentive,(ઍટ્ટેન્ટ્'ઇવ્)*a.***1.**Mindful;watchful;observant:સાવચેત;ચોકસ;સાવધાન;તત્પર.

At-tenu-ate, (ઍટ્ટેન્'યુએટ્)*vt.*[L.*ad*&*tenuo*, I make thin.]**1.**To make thin;to subtilize: ઝીણું-પાતળું-બારીક ક૦.**2**.To comminute:ભૂકો-ચુરો ક૦.**3.**To extend in length:ખેંચવું;લંબાવવું.*vi.*To become thin,slender or fine;to grow less: પાતળું-બારીક-ઝીણું-નાજુક-સુંદર થવું;દુર્બળ-ક્ષીણ થવું;ઘટવું.

At-test,(ઍટ્ટેસ્ટ')*vt.*[L.*ad*,to & *testis*,a witness.]**1.**To certify;to bear witness to:સાખ પુરવી-ક૦.**2.** To give proof of:સિદ્ધ ક૦; સાબેતી આપવી. [evidence:સાક્ષી;પ્રમાણ;સાખ.

At-test-ation, (ઍટ્ટેસ્ટે'શન્)*n.* Testimony;

At-tester, or **Attestor,** (ઍટ્ટેસ્ટ્અર્) *n.* One who attests:સાક્ષી;સાક્ષી આપનાર-કરનાર.

Attic,(ઍટ્'ટિક્)*n* The uppermost story of a house:ઘરનું કાતરિયું.**2.**Pure;elegant:સુંદર.

At-tire, (ઍટ્ટાઇર્')*vt* To dress;to array:વસ્ત્ર પોશાક પહેરાવવો;શણગાર;સજાવવા.*n.*(*pl*)Clothes ornamental dress: વસ્ત્ર;સુંદર પોશાક;અલંકાર.

Atti-tude,(ઍટ્'ટિટ્યૂડ્)*n.*[L.*apto*,I fit.]**1**.Posture of a person:શરીર-અંગ સ્થિતિ;ઢબ;ડોળ;આસન;વૃત્તિ. **2**.Postition of things:દેખાવ;આકાર; ધોરણ.

At-torney,(ઍટર્'નિ) *n.* [L. *ad* & *torno*, to turn] One who takes the place or turn of another:મુનીમ.પ્રતિનિધિ.**2.**One who is legally appointed by another to transact any business for him:મુખત્યાર;વકીલ.

At-tract,(ઍટ્ ્રૅક્ટ્')*vt.*[L.*ad* & *traho*,I draw.] **1.**To cause to adhere:ખેંચવું;આકર્ષણ ક૦;તાણવું. **2.**To allure:લલચાવવું;મોહપમાડવું; મન હરવું.

At-traction,(ઍટ્ટ્રૅકશન્)*n.***1.**The force which draws bodies towards each other: આકર્ષણ શક્તિ.**2.**Enticement;charm:મોહ.**A**.*of gravity*: ગુરુત્વાકર્ષણ.

At-tractive,(ઍટ્ટ્રૅક્ટ્'ઇવ્) *a.***1.** Having the power of drawing: આકર્ષક; આકર્ષણશીલ.**2.**Engaging;alluring:મનમોહક; મનોહર; ચિત્તાકર્ષક.

At-tractive-ness,(ઍટ્ટ્રૅક્ટ્'ઇવ્નેસ્) *n.*Power of attracting: ખેંચવાની શક્તિ; મનોહરતા-પણું.

At-tribute,(ઍટ્રિબ્'યૂટ્) *vt.* [L.*ad*&*tribuo*,I bestow.]To assign:ને લીધે છે એમ માનવું;લગાડવું; કારણ જાણવું; આરોપવું.*n.*Property;quality: ધર્મ; ઉપાધિ; ગુણ.

At-tri-bution,(ઍટ્રિબ્યૂ'શન્)*n.***1**.Quality ascribed:ગુણ;ધર્મ.**2.**A scription:આરોપ;આરોપણ.

At-tribu-tive, (ઍટ્રિબ્'યૂટિવ) *a.* Attributing:ગુણદર્શક;લગતું;વાચ્ય.*n.*A word expressing quality:વિશેષણ. [by friction:ઘસાઈ ગએલું.

At-trite,(ઍટ્રાઇટ્')*a* [L.See below.]Worm

At-trition,(ઍટ્રિ'શન્)*n.*[L.*ad*&*tero*,I rub.] Act of wearing; abrasion: ઘસારો; ઘર્ષણ. **2.** Grief for sin:અનુતાપ;પશ્ચાત્તાપ.

At-tune,(ઍટ્'ટ્યૂન) *vt.***1.** To put in tune; to adjust: રાગ-સુર મેળવવો-ઉતારવો. **2.** To make accordant:મળતું-બંધબેસતું ક૦; અનુકુળ ક૦.

Auburn,(ઑ'બર્ન્)*a.*Reddish brown:રતાશપર; ભુરો;રાતુંભુરૂં;ગૌર;પાંડુવર્ણ;ભગવું.

Auct-ion,(ઑક્'શન્)*n.*[L.*augeo*,I increase.] **1.** A public sale of property to the highest bidder;a vendue:હરાજ;લિલામ.

Auc-tion-eer,(ઑકશનીર્')*n.* A person who sells at auction:હરાજી-લીલામ કરનાર.

Au-dacious (ઑડે'શસ્)*a.*[L.*audax*,bold fr. *audeo*,I hear.]**1.**Daring;spirited:ધીટ;બહાદુર; સાહસિક;છાતીચલો; નિર્ભય;ધૃષ્ટ.

Au-dacious-ness,(ઑડે'શસ્નેસ) *n.* **1.** Insolence;effrontery:બેઅદબી;ઉદ્ધતાઈ; બેનકૂરી.

Audi-ble,(ઑડિબલ્) *a.*[L.*auris*,ear.] Capable of being heard:સાંભળી શકાય એવું; સ્પષ્ટ.

Audi-ence,(ઑ'ડિઍન્સ્)*n.*[L.*audeo*,I hear.] **1.**A hearing:શ્રવણ; સાંભળવું તે.**2.**Admittance to a hearing; reception to an interview: સાંભળવા સારૂં મુલાકાત; દર્શન. **3.** An auditory:

સાંભળનારા;શ્રોતાજન;શ્રોતા; પ્રેક્ષક.

Audit, (ઑ'ડિટ્) *n.* [L.*audio*,I hear.]1. (*a*) Examination in general:તપાસ;તપાસણી;પરીક્ષા. (*b*)Examination of accounts: હિસાબની તપાસણી.To examine&adjust an account:હિસાબ તપાસી નક્કી ક૦.

Audit-or,(ઑ'ડિટર્)*n.*1.A hearer: સાંભળનાર; શ્રવણ કરનાર.2. A person appointed to audit an account:હિસાબ તપાસનાર-લેનાર; ઑડિટર.

Audi-to-ry,(ઑ'ડિટરિ) *a.* (*a*) Having the power of hearing:શ્રવણ શક્તિવાળું.(*b*) Pertaining to the sense of hearing:શ્રુતિવિષયક-સંબંધિ;શ્રવણ સંબંધિ.*n.*1.An assembly of hearers;an audience:સાંભળનારીમંડળી; શ્રોતૃમંડળ.2. Place for lectures:ભાષણ-વ્યાખ્યાનમંદિર-શાળા.

Auger,(ઑ'ગર્)*n.* A carpenter's instrument for boring large holes:સારડી;ગીરમીટ.

Aught,(ઑટ્)*n.*Any thing-part:કંઈ પણ વસ્તુ.

Aug-ment,(ઑગ્મેન્ટ્)*vt.*[L.*augeo*,I increase. 1. To increase: વધારવું; વૃદ્ધિ ક૦.*vi.* To grow larger:વધવું.*n.*Increase:વૃદ્ધિ; વધારો.

Aug-men-tation,(ઑગ્મેન્ટે'શન્)*n.*1.The act of augmenting: વધારવું તે;વર્ધન.2. The state of being augmented:વૃદ્ધિ.3.Addition:વધારો.

Aug-menta-tive,(ઑગ્મેન્ટ્'એટિવ)*a.*Having the quality of increasing:વધારો કરે એવું.*n.* A derivative word denoting an increase: વૃદ્ધિદર્શક શબ્દ-નામ.

Augur,(ઑ'ગર્) *n.*[L.*avis*,a bird.] A soothsayer; a foreteller: શુકન જોઈને ભવિષ્ય કહેનાર; શુકન-ભવિષ્ય જોનાર.*vi.*To conjecture: અનુમાનતર્ક ક૦; અટકળ બાંધવી;-થી જણાઈ આવવું. *vt.* To forebode;to presage:ભવિષ્ય ભાખવું-કહેવું.

Augu-ry, (ઑ'ગ્યુરિ)*n.*1.A prediction:શુકન.2. Art of foretelling events:ભવિષ્ય કહેવાની વિદ્યા.

August, (ઑ'ગસ્ટ્)*a.* Majestic; solemn:પ્રતાપી;પ્રૌઢ;ભવ્ય.*n.*The eighth month of the Christian year:ઇંગ્રેજી વર્ષનો આઠમો મહિનો.

Aunt,(આંન્ટ્)*n.*1. The sister of one's father or mother:ફોઈ;માસી.2.Wife of the brother of one's father or mother: કાકી; મામી.

Aura,(ઑરે)*n.pl.***auræ** [Gr.*ao*,I blow.]Any subtile, invisible fluid supposed to flow from a substance: ઓજસ; તેજ;પદાર્થમાંથી નિકળતી મનાતી તેજ જેવી વસ્તુ;પ્રભા; તેજપુંજ.

Aurat-ed, (ઑ'રેટેડ્) } *a.* [L. *aurum*, *gold.*]
Aure-ate, (ઑરીએટ્) } Gold-colored;gilded; golden:સોના જેવું;સોનેરી;પીળું;ઢોળ ચઢાવેલું.

Au-reli-a,(ઑરી'લિઅ)*n.* [L. *aurum*, gold.] The chrysalis of an insect:કોશાવાશી જીવડો.

Au-reo-la-e, (ઑરી'ઑલૅ-ઑલ્)*n.*A circle of rays; halo of light: કિરણોનું ચક્ર; કીર્તિનું તેજ; તેજોમંડલ.

Auri-cle, (ઑ'રિકલ્)*n.* [L. *auris*,an ear.] 1. The external ear:બહારનો કાન. 2. One of the two muscular sacs situated at the base of the heart:હૃદયની નીચેની બે કોથળીમાંની એક.

Au-ricu-lar,(ઑરિક્'યુલર્)*a.*1 Pertaining to the ear:કર્ણસંબંધિ-નું 2.Told in the ear;secret: કાનમાં કહેલું;છુપું;ગુપ્ત.3.Known by the sense of hearing:સાંભળેલું;દીઠેલું નહિ તેવું;કાને પડેલું.4.Traditional:કાનોકાન આવેલું;પરંપરાગત; આખ્યાયિક.

Auri-form,(ઑ'રિફૉર્મ્)*a.* Earshaped:કર્ણાકાર.

Au-rora, (ઑ'રોરે)*n.* [L.] The dawn of the day:પ્રાત:કાળ;પ્રભાત;ઉષા.**A**.*borealis*:ઉત્તર ગોળાર્ધ અરૂણમાં થતો પ્રકાશ-અરૂણોદય; a. *australis* દક્ષિણ ગોળાર્ધમાં થતો પ્રકાશ-અરૂણોદય.

Auspice,(ઑ'સ્પિસ્)*n.* *avis*, a bird & *specio*, I look.] 1. The omens drawn from bird; augury:પક્ષિની ગતિપરથી લીધેલા શુકન;નિમિત્ત;પૂર્વલક્ષણ.2.(*pl.*)Favour; protection;patronage: કૃપાદૃષ્ટિ;આશ્રય,નેકનજર;અનુગ્રહ.

Au-spicious,(ઑસ્પિ'શસ)*a.*1.Having good omens:શુભ; મંગળ; માંગલિક. 2. Prosperous; propitious:આબાદ;શ્રેયસ્કર;કલ્યાણકારી;ઇષ્ટ.

Au-stere,(ઑસ્ટીર્')*a.* [Gr. *austeros*, harsh.] 1. Sour and astringent:ખાટું;તુરૂં;રૂક્ષ;પરુષ.2. Severe;rigorous:કઠોર;આકરૂં;સખ્ત; કરડું;તીવ્ર; ઉગ્ર.

Au-stereness, (ઑસ્ટીર્'નેસ)*n.*Harshness in taste:તુરાશ;ખટાશ.2.Austerity, (which see.)

Au-sterity, (ઑસ્ટે'રિટિ)*n.*Severity of manners or life: આકરાપણું; કઠોરતા; વૈરાગ્ય; ઉગ્રતા. *Power acquired through* a.:તપોબળ.

Au-thentic,c-al,(ઑથેન'ટિક્-કલ)*a.*Genuine; true:ખરૂં;અસલ; ખાતરીનું;સત્ય;સપ્રમાણ.

Au-thenti-cate,(ઑથેન'ટિકેટ્)*vt* 1.To prove as real or true:ખરૂ-સાચું-સત્ય ઠરાવવું;સપ્રમાણક૦

Au-then-ti-cation,(ઑથેન'ટિકે"શન)*n.*Confirmation:સાબિત-ખરૂ કરી આપવું તે;મંજુરી.

Au-then-tici-ty,(ઑથેન્ટિસ્'ઇટિ)*n.*Genuineness:સત્યત્તા;ખરાપણું;સપ્રમાણતા;અસલતા.

Author,(ઑ'થર)*n.*[L.*augeo*,I increase.] 1. The first mover; the beginner:મૂળકર્તા;કર્તા;પ્રવર્ત્તક;ઉત્પાદક; જનક. 2. The writer of a work: ગ્રંથકાર;ગ્રંથકર્ત્તા. [ગ્રંથકરનારી સ્ત્રી;ગ્રંથકર્ત્રી.

Author-ess, (ઑ'થરેસ)*n.* A female writer:

Authori-ta-tive, (ઑથૉર'ઇટેટિવ્)*a* 1.Commanding:સ્વામિત્વસૂચક;દબદબાભરેલું;દાબવાળું 2. Positive;peremptory:સત્તાવાળું;સપ્રાણ;પ્રમાણયુક્ત;આપ્ત.

Au-thori-ty,(ઑથૉર'ઇટિ)*n.*1.Legal power; dominion: અધિકાર; અખત્યાર; સત્તા; પ્રભુત્વ. 2. Government;a ruling body: સત્તાધિકારી;સરકાર;અધિકારી.3.(*a*)The power derived from

opinion,respect oresteem:પ્રમાણ; આધાર. (*b*) Credit:વજન;વકર;ભારઓજ.4 Testimony;witness:સાબિતી;આધાર;પ્રમાણ;પુરાવો; સાક્ષી.5.(*a*.)A precedent: દાખલો; પ્રમાણ; ઉદાહરણ.(*b*)An official statement;order:સનદ;હુકમ;અધિકાર-પત્ર; શાસન;ફેંસલો.

Author-ize,(ઓ'થૉરાઈઝ)*vt*.1.To empower: સત્તા-અખત્યાર-અધિકાર આપવો 2. To legalize: કાયદેસર કo.3. To give credit or authority: પુષ્ટી-ટેકો-આધાર આપવો.4.To establish by authority,as by usage or public opinion: પ્રમાણ-રૂઢી-વિધિ-લોકાચારથી સ્થાપવું; લોકરૂઢિથી પ્રચલિત કo. [an author:ગ્રંથકારપણું.

Author-ship,(ઓ'થૉરશિપ્)*n*.State of being

Auto-bi-ogra-pher, (ઓ'ટોબાઇઆગ્"રફર્)*n*. One who writes his own life:સ્વચરિત્રલખનાર.

Auto-bi-ogra-phy,(ઓ'ટોબાઇઆગ્"રફિ)*n*. [Gr.*autos*,one's self, *bios*, life & *grapho*, I write.]Memoirs of one's own life written by one's self:સ્વચરિત્ર વર્ણન-કથન;આત્મચરિત્ર.

Au-tocra-cy,(ઓટૉક'રસિ)*n*.[Gr.*autos*, self & *kratos*,power.]Self supremacy; supreme authority:સ્વતંત્રઅધિકાર;મુખત્યારી;આપઅખત્યારી.

Auto-crat,(ઓ'ટૉક્રટ્)*n*.An absolute prince or sovereign:સ્વતંત્રરાજા;રાજાધિરાજ; અધિરાજ.

Auto-graph,(ઓ'ટૉગ્રફ્)*n*.One's own hand-writing; an original manuscript or signature:સ્વહસ્તાક્ષર;પોતાના હાથનો લેખ-સહી.

Au-togra-phy,(ઓટૉગ'રફિ)*n*. Process in lithography by which a writing on paper is transferred to stone:કાગળ ઉપરથી પથ્થર ઉપર છપાય એવી શીલાછાપવિદ્યાની રીત.

Au-to-matic-al,(ઓટૉમૅટ'ઇક્-કલ્)*a*.Self acting:સ્વત-ચાલનાર (યંત્ર);આત્મચાલક; પોતાની મેળે ચાલતું.

Au-toma-tism,(ઓટૉમ'ઍટિઝમ્) *n*. Power of self-moving:સ્વયંશક્તિ;આત્મચલનશક્તિ.

Autumn,(ઓ'ટમ્) *n*.[L.*augeo*,I increase]1. Third season of a year or the one between summer and winter: શરદ ઋતુ;શરત્કાલ;ખરીફનો સમય. (in England) the fall: પાનખર ઋતુ. 2. Decline;third stage:પડતી;ઉતરતી વય.

Au-tumnal,(ઓટમ્'નલ્)*a*.1. (*a*) Belonging to autumn:શરદ ઋતુ સંબંધિ-વિષેનું.(*b*) Produced in autumn: શરદ ઋતુમાં ઉત્પન્ન થતું-નિપજતું. (*c*) Flowering in autumn:શરદમાં ફુલ આવતું-ફુલતું.2.Past the middle of life;in the third stage:ઉતરતી વયનું;ત્રીજી વીશીનું.

Au-xili-ar,-ry, (ઓગ્ઝિલ'ઈઅર્-ઍરિ) *a*. [*L*. *augeo*, I increase.]Subsidiary:મદદગાર; સહાયકારક.*n*.1.A helper:મદદ કરનાર.2.(*pl*.)Foreign troops employed in war:પારકા દેશનું કુમકે આવેલું લશ્કર.3 A verb helping to form the moods, and tenses of other verbs:સહાયકારક ક્રિયાપદ.

A-vail, (ઍવેલ્')*vt*. [L. *ad* and *valeo*, I am strong.] 1.To profit;to benefit:ફાયદો લેવો;ઉપયોગ કo;કામમાં લેવું;લાભ લેવો;કામ લાગવું.2.To assist or aid:મદદ કo-થી ચાલવું-વળવું-ફળ થવું-કામમાં આપવું.*vi* To be of advantage;to answer the purpose:ઉપયોગી થઈ પડવું;કામમાં આવવું;-થી ચાલવું; વળવું-ફળ થવું-કામ પાર પડવું.*n*.1.Benefit;efficacy: લાભ;ઉપયોગ;ફળ;ફાયદો;હિત.2.(*pl*.)Proceeds (of a sale):ઉત્પન્ન;પેદાશ.*Of no* **a**.useless:વ્યર્થ;નિષ્ફળ.

A-vaila-ble,(ઍવેલ્'અબલ્)*a*.1.Advantageous profitable:કામમાં આવે એવું;મળી શકે એવું;ઉપયોગી;લાભકારક;હિતાવહ;ફળપ્રદ.2.Valid:મજબુત;યોગ્ય.

Aval-anche,(ઍવ્'ઍલન્શ્)*n*.[L.*ad*&*vallis*, a valley.]A large mass of snow rolling down from a mountain:પહાડ ઉપરથી પડતો બરફનો ઢગલો

Ava-rice, (ઍવ્'ઍરિસ્) *n*. [L. *aveo*,I strive after.]Covetousness:ધન તૃષ્ણા;દ્રવ્યલોભ-તૃષ્ણા.

Av-a-ricious,(ઍવૅરિ'શસ્)*a*.Greedy of gain: ધનલોભી;કૃપણ;લોભી. [બસ;સબુર.

A-vast,(ઍવાસ્ટ્') *interj*. Cease; hold; stop:

Avaunt,(ઍવોન્ટ્)*interj*.Begone:કાળુકર; ચલજા; નિકળ;હત.

A-venge,(ઍવેન્જ્')*vt*.[L.*vindico*,I vindicate.] To take vengeance for;to vindicate without malice:બદલો વાળવો;વેર લેવું.

Ave-nue, (ઍવ્'એન્યૂ)*n*. [L. *ad*, to & *venio*,I come.]1.Passage:માર્ગ;રસ્તો;દરવાજો;દ્વાર.2.An alley:કુંજગલી;તરુપંક્તિ.3.A wide street:પહોળો મહોલ્લો.

A-ver,(ઍવર્')*vt*.[L.*ad* & *verus*,true]To assert; to declare positively:ખાતરીથી-પ્રતિજ્ઞાપર કહેવું.

Aver-age,(ઍવ્'અરેજ્)*n*.[L.*habeo*,I have.]A mean;propertion:મધ્યપ્રમાણ;સરાસરી.*a*.Medial: મધ્યમ;મધ્યમપ્રમાણનું.*vt*.To find the mean:સરાસરી કાઢવી.*vi*.To form a mean sum:સરાસરીથવી.

A-verment,(ઍવર્'મેન્ટ્)*n*.Affirmation:ખાતરીથી બોલવું તે;પ્રતિજ્ઞા; દ્રઢ વચન.

Av-erse,(ઍવર્સ્')*a*. [L.*ab*, from & *verto*, I turn.]Disinclined to;unwilling:પ્રતિકૂળ;નારાજ; અણગમતું;વિમુખ.

A-verseness,(ઍવર્સ્'નેસ્) } *n*. Dislike; re-
A-version, (ઍવર'શન) } pugnance:નાખુશી;અભાવ;પ્રતિકુળતા;વિરાગ;દ્વેષ.

A-vert,(ઍવર્ટ્')*vt*.[L.*ad* & *verto*,I turn.]To turn aside;to prevent:ફેરવવું;અટકાવવું;દુર કo.

Avi-a-ry,(એ'વિઍરિ)*n*. [L. *avis*,a bird.] A building or inclosure for keeping birds: પક્ષિભવન-શાળા;પક્ષીઓ રાખવાની જગા;ખડો;પાંજરું.

A-vidi-ty, (ઍવિડ'ઇટિ) *n*.[L.*aveo*,I desire.] Eagerness:આતુરતા; તીવ્રઈચ્છા-હોંશ;તૃષ્ણા.

Av-o-ca'tion,(ઍવોકે'શન્)*n* [L.*ab* & *voco*,I call.]1.Calling;occupation:ધંધો;પૈસો;કામકાજ; વૃત્તિ.2.The business which calls off: આડકામ;અંતરાય.

A-void, (ઍવૉઇડ્')*vt.*[L. *ex*, out & *viduus*, empty.]1.To shun;to abstain from:છોડી દેવું; તજવું;-થી અલગ દૂર-વેગળા રહેવું.2.To evade: ઉડાવવું;અખાડા ક૦.

A-voida-ble,(ઍવૉઇડ્'અબલ્)*a.*.Capable of being shunned or escaped:તજવા-દૂર રાખવા જોગ; વર્જનીય.

Av-oirdu-pois,(ઍવર'ડ્યુપૉઇઝ")*n.*A weight of which a pound contains *16* ounces or 7000 grains troy:એક જાતનું વિલાયતી તોલ જેમાં એક પૌન્ડના સોળ ઔંસ ગણાય છે.

A-vouch',(ઍવાઉચ્')*vt.*[L *ad* & *voce*,I call.] To maintain;to affirm:નિશ્ચય પૂર્વક કેહવું;બોલવું.

A-vow',(ઍવાઉ')*vt.*[L *voveo* I vow.] To own or acknowledge frankly: ખુલ્લી રીતે કબુલ ક૦; માનવું;સ્વીકાર-અંગીકાર ક૦.

A-vow'al,(ઍવાઉ'અલ્)*n.*An open declaration:જાહેર કબૂલત;અંગીકાર;સ્વી ાર [ner:ખુલ્લી રીતે.

A-vow'ed-ly,(ઍવાઉ'એડ્લિ)*adv.*In open man-

A-wait',(ઍવેટ્')*vt.*(*a.*+*wait.*)To wait or look out for;to expect:વાટ-રાહ જોવી;થોભવું.2.To be in store for;to attend:તૈયાર-સાર રાખેલું હોવું.

A-wake-en, (ઍવેક્'-ન)*vt.* To rouse from sleep;to wake:જગાડવું;ઉઠાડવું. 2. To put into action,or new life:સચેતન-સજીવન-જાગૃત-સાવધ ક૦.*vt.*To cease to sleep:જાગવું;સાવધ થવું.

A-wake',(ઍવેક')*a.*Not sleeping; in a state of action:જાગૃત;સાવધ;જાગતું.

A-wak'en-ing,(ઍવેક્'નિંગ્)*p.a.* Rousing from sleep;exciting:જગાડતું;જાગૃત કરતું;પ્રબોધક. *p.n.*Act of awaking;a revival of religion: પ્રબોધ;પ્રબોધન;નિદ્રાભંગ.

A-ward,(ઍવૉર્ડ્)*vt.*To adjudge:ફેંસલો-ચુકાદો નિવેડો કરીને આપવું-અપાવવું.*vi.* To judge:નિવેડા-નિર્ણય-ફેંસલો-ચૂકાદો ક૦.*n.* 1.A judgment;final decision: નિવેડો; ચુકાદો; ફેંસલો;નિર્ણય.2.Paper containing a judgment: ફેંસલનામું; હુકમનામું.

A-ware',(ઍવેર્')*a.*1. Vigilant:સાવધ; સચેત; હોશિયાર.2.Cognizant:વાકેફ;જાણીતું;માહીતગાર.

A-way',(ઍવે') *adv.* Absent;at a distance: ગેરહાજર;આઘે; દૂર; છેટે.

Awe,(ઑ) *n.*[Gr.*achos*,anguish.]Reverential fear;fear mingled with admiration; reverence:આદરયુક્ત ભય;ધાસ્તી;દબદબો;દાબ;ત્રાસ.*vt.*To strike with fear& reverence:બીવડાવવું;ધાક દે૦

Awful,(ઑ'ફુલ્)*a.*1.Terrible;appalling: ઘોર; પ્રૌઢ;ધાસ્તી ભરેલું;દારુણ;ભીષણ;ભયંકર.2.Frightful; ugly:બેઢંગું;કઢંગુ;ધીક્કારવાજોગ.[રતા;દબદબો;ઘોરતા.

Awful-ness (ઑ'ફુલનેસ્)*n.*Solemnity:ગંભી-

A-while,(ઍવ્હાઇલ્)*adv.*For some time;for a short time:થોડીવાર સુધી; કિંચિત્કાલ.

Awkward, (ઑક્'વર્ડ્)*a.* 1. Wanting dexterity; without skill:અનાડી;અણઘડ;અણઘડ.2.Uupolite:અસભ્ય;અનાડી.3.Unfavourable; adverse:પ્રતિકૂળ;નાપસંદ.4.Clumsy:બેડોળ;વિરૂપ.

Awkward-ness, (ઑક્'વર્ડ્નેસ્) *n.* Want of dexterity; ungracefulness in manners: બેડોળપણું;બે અદબી;અનાડીપણું;અણઘડતા.

Awl, (ઑલ્) *n.* A pointed instrument for making holes in leather or wood:સોયો;(મોચીનું) ટોચણું; આર.

Awn,(ઑન્)*n.*[Gr.*achne*,chaff.] The bristle of corn or grass arista:અનાજ-ઘાસનું સુંઆળું.

Awning,(ઑન્'ઇન્ગ્) *n.* A cover of canvas to shelter from sun's rays:ચંદરવો;છત્ર;ચંદની.

Ax, (ઍક્સ્)*n.*[L. *ascia*, an axe.] An instrument of iron for hewing & chopping wood:કુહાડી-ડો;ફરશી. [ધરીને લગતું-ના જેવું.

Axi-al,(ઍક્સ્'ઈઅલ્)*a.*Pertaining to an axis:

Axil-Ax-i'lla,(એક્સિલ્-લૅ)*n.*The armpit: બગલ;કાખ; કક્ષ.

A'xi-om,(ઍક્સ્'ઈઑમ્) *n.*[*Gr axido* I deem worthy.] A self-evident truth:પ્રત્યક્ષ પ્રમાણ. 2 An established principle:સિદ્ધવાક્ય;સિદ્ધાંત; 3. Maxim: વચન; સુત્ર.

Axi-omatic-al,(ઍક્સ્'ઈઑમૅટ્ઇ્-કૅલ *a.*Pertaining to axiom:પ્રત્યક્ષ પ્રમાણ સંબંધિ-ની રીતનું; સ્વતસિદ્ધ;પ્રત્યક્ષ.

Axis,(ઍક્સ્'ઈસ્)*n.*[Gr. *axon*,an axle.] *pl.***axes.**A straight line passing through a body on which it revolves:ધરી; આંસ;અક્ષ;ધ્રુવ;ગુણ.

Axle-Axle-tree,(ઍક્સ્'લ્-ઍક્સ'લ્ટ્રી)*n.* The pole on which a wheel revolves:ધરી;લઠ્ઠો.

Ay-Aye,(આંઈ)*adv.*Yes;indeed: હા;સારૂ ; ઠીક.

Aye,(આંઈ)*n* An affirmative:હકાર.

Aye, (એ)*adv.*Always;ever:હમેશાં; સદા; [નિત્ય.

A'zi-muth,(અઝ્'ઈમથ્)*n* An arc of the horizon between the meridian of the place and vertical circles:સમાંશ; સમકોણ.

Azote',(ઍઝ્ઑટ્)*n.*[Gr.*a* & *zoe*,life.] Nitrogen gas:એક જાતની ઝેરી હવા.

Az'ure,(ઍઝ્યૂર) *a.* [Fr. *azur*, blue.] Sky-coloured:આસમાની; વાદળી રંગનું; નીલવર્ણનું. *n.* Fine blue color of the sky:વાદળી-આસમાની રંગ;નીલવર્ણ

B.

B, The second letter & first consonant in the English language: ઇંગ્રેજી મૂળાક્ષરનો બીજો અક્ષર અને પેહેલો વ્યંજન;બ.

Baa,(બં)*n*.The cry or bleating of sheep:ઘેટા-બકરાનો શબ્દ;બેંબેં.*vi*.To blealt:બેંબેં ક૦.

Babble,(બૅબ્'બલ્)*vi*.1. To utter words unintelligibly:તોતડું બોલવું 2.To talk irrationally:લવરી ક૦;બડબડવું. 3. To prate; to tell secrets:બહુ છાનીવાત કહી દેવી;ભસી દેવું;વાત ફોડવી.4. To make a constant murmuring noise:ખળખળ અવાજ ક૦.*vt*.To prate: બડબડવું; લવારો ક૦. *n*.Idle talk:બકવા;લવરી;બકબક.

Babe-by,(બેબ્-બેબિ)*n*.1.An infant:બાળક;બચ્ચું. 2. A doll for children:છોકરાઓનું રમકડું-ઢીંગલું.

Babel,(બેંબલ)*n*.A confusion;disorder:ગડબડ;ધાંધળની કોલાહલ.

Babish,Baby-ish,(બૅબ્'ઇશ બે'બિશ)*a*.Childish:છોકરવાદ;નાદાન.

Ba-boon, (બૅબૂન')*n*.A kind of monkey: એક [જાતનું વાંદરૂ.

Baccha-nal, (બૅક્'ઍનૅલ્) *n*.1.A Draukard: દારૂડિયો;છાકટો માણસ.*a*. Riotous: દારૂડીયો;છાકટું; રંગી ભંગી.2.*pl*. The festival of Bacchus:મદ્યદેવનો ઉત્સવ;પાનોત્સવ.

Bacch-a-nali-a, (બૅકને"લિઍ)*n.pl*.Drunken feasts:દારૂડીયાની મીજબાની;પાનોત્સવ;પાનસમારંભ.

Bachel-or,(બૅચ્એલર્)*n*.1.An unmarried man: વાંઢો;કુવારો. 2. A person who has taken the first degree in the liberal arts at a college or university:પાઠશાળાની પહેલી પદવી મેળવનાર.

Bacillus,(બૅસિલ્'લસ)*n*. *pl*. *Bacilli* [L. *bacillum*,little stick.]A variety of bacterium: ઝીણાં જંતુઓ; સૂક્ષ્મ જંતુ.

Back, (બૅક્) *n*. [S. *bac*, back.]1. The upper part in animals and the hinder part in men:પીઠ; પુંઠ; વાંસો; બરડો. 2. A broad, high ridge:કરાડ. 3. The outward or upper part of a thing:પાછલો ભાગ;પુંઠ;પૃષ્ઠભાગ.4.The hinder part:નીચેનો-પૃષ્ઠ ભાગ. 5. The part out of sight:અદૃશ્ય ભાગ;બીજો ભાગ-છેડો. 6. The thick and strong part of a cutting tool:કાપવાના હથિયારનો ઉપરનો જાડો ભાગ;પીઠ. 7. 1. A large, shallow vat:ડોલ;કુંડું;ટાંકી. 2. A ferry boat: હોડી;પનાઈ. *adv*. 1. To the place from which one came:પાછા ફરીને.2.To a former state or condition: અસલની સ્થિતિએ. 3. Away from contact:પાછું;પ્રતિ. 4. Behind:પુંઠે; પછવાડે;વાંસે; 5.In times past;ago:ઉપર;નીવાત ઉપર.6.Again; in return:પાછા;ફરીને;ફેર.*vt*. 1. To mount:સ્વારી કરવી; ચઢવું-ઉપર બેસવું. 2. To support:મદદ-પુષ્ટિ-ઉત્તેજન આપવું.3.To cause to recede:પાછા હઠાવવું. 4. To make a back for: પુઠું ક૦-ચઢાવવું. 5. To write upon the back of; to endorse: શેરો કરવો-ની તળે લખવું. *vi*. 1. To move backward:પાછા હઠવું.*a*.1.Remote:પહેલાનું. 2.Backward in direction:વળતું.

Backbite, (બૅક્'બાઈટ્) *vt*. To speak ill of a person behind his back:ચાડી ખાવી;ચુગલી ક૦; પાછળ ભુંડું બોલવું. *vi*. To censure the absent: ચાડી-ચુગલી ક૦.

Backbit-er, (બૅક્'બાઇટર્) *n* A secret calumniator:ચાડી-ચૂગલી-નિંદા કરનાર;ચાડીઓ.

Backbit-ing, (બૅક'બાઇટિન્ગ્) *n*. Secret calumny:ચાડી;ચૂગલી; નિંદા.

Back-bone, (બૅક્બોન્) *n*-The spine:કરોડ.

Back-gammon,(બૅક્ગૅમ્મૉન)*n*.A game played with a box & dice:એક જાતની ચોપટ જેવી રમત.

Back-ground, (બૅક્ગ્રાઉન્ડ્)*n*. 1. Ground in the rear:પાછલો ભાગ.2.A place in obscurity: ગુપ્ત-એકાંત સ્થળ.

Back-house, (બૅક્'હાઉસ્)*n*. (*a*) A building behind the main one: ઘરની પાછળનો ભાગ.(*a*) A privy;a necessary:જાજરૂ;વાડો;સંડાસ.

Back-side, (બૅક્'સાઈડ્) *n*. 1.(*a*) The hinder part of a person or an animal: પાછલો-પૃષ્ઠ ભાગ;ગાંડ;ઘગડા;કુલા. (*b*) The rear of a house: ઘરની પાછળનો ભાગ;વંડો;વાડો.

Back-slide,(બૅક્-સ્લાઈડ્)*vi*.Topostatize:ધર્મ ભ્રષ્ટ-પતિત થવું;સ્વધર્મ-સન્માર્ગ ત્યાગ ક૦.

Back-stairs,(બૅક્'સ્ટેર્ઝ)*n*.Stairs on the back part of a house:પાછલો-છૂપો-ચોર દાદર-છાનોરસ્તો.

Back-sword,(બૅક્'સોર્ડ્)*n*.A sword with one sharp edge:એક ધારી તલવાર 2.A kind of stick:એક જાતની લાકડી.

Backward,(બૅક્'ઉવર્ડ્)*a*.1. Unwilling:નારાજી; વિમુખ;ગેરમરજીવાળુ.2.Dull:મંદ; ઠોઠ;જાડી બુદ્ધિનું. 3.Late in time:મોડું આવેલું.

Backward-s, (બૅક્'ઉવર્ડ્ઝ) *adv*.1. With the back in advance:પાછે પગે.2.On the back:ચત્તા. 3.Towards the back:પાછા; પુંઠે; પાછળ. 4. In past time or events:થઈ ગએલું.5.Contrarily: ઉંધું;અવળું.

Bad,(બૅડ્)*a*.1. Wanting good qualities; corrupt:ખરાબ;દુષ્ટ;ભુંડું;નઠારૂં.2.Injurious;hurtful: નુકશાનકારક;ઈજા કરે તેવું. 3.Offensive, unwholesome: દુષ્ટ;બાધક;અહિતકારક;નઠારૂં. 4. Defective; unskiful: વાંધા પડતું; ઓછી આવડતનું; કાચું; ઉણું. 5.Ill;evil:નઠારૂં;દુષ્ટ;ખરાબ;નકામું;નરસું;અશુભ;ખોટું.

Bade,(બૅડ્)*vt*.The past tense of **bid**:ફરમાવ્યું.

Badge,(બૅજ્)*n*.1. A distinctive mark worn on person:ચિન્હ; પટ્ટો; બિલ્લો. 2. Something

that gives prominence:નિશાની;લક્ષણ;ચિન્હ.

Badger, (બૅજ્'અર્) *n.* 1. A kind of bear: રીંછની જાતનું પ્રાણી. 2. A brush made of the badger's hair used by artists:બ્રશ;કુચડી;પીં-છી.*vt.*1. (*a*) To pester;to tease:છેડવું; કેડો લેવો. (*b*) To pursue eagerly:વાંસે લાગવું; પુંઠે પડવું.

Baffle, (બૅફ્'ફલ્)*vt.*1.To elude:વ્યર્થ-નિષ્ફળ કo. 2. To frustrate or defeat:ગુંચવવું; ચાલવા-ફાવવા-ન દેવું; પરાજય કo *vi.*1.To practise deceit: છેતરપીંડી કરવી;ઠગવું. 2.To struggle against in vain:વ્યર્થ-ફાંફાં મારવા;ફોકટ શ્રમ વ્યર્થ કરવા.*n.*Discomfiture:હાર;પરાભવ;પરાજય; નિષ્ફળતા; નિરાશા.

Bag, (બૅગ્) *n.* [L.Lat. *baga*,coffer.]A sack or pouch: થેલો-લી;કોથળો-ળી. 2. A sort of silken purse:રેશમની કોથળી 3.Quantity held in the b.:કોથળાપુર;કોથળો. B. & *baggage*:સરસામાન;ઘરખટલો. *To give one the* b., (*a*) to disappoint him:નાઉમેદ-નાશીપાસ કo. (*b*) To dismiss:રજા આપવી;કાઢી મુકવું. *vt.*1.To put into a bag:થેલી-કોથળો-ભરવો. 2. To capture; to entrap:પકડવું; સપડાવવું. *vi.* 1. To swell like a full bag:ભરેલી થેલી માફક ફુલવું-ફુલીને દડો થવું.

Bag-a-telle,(બૅગૅટેલ')*n.*[L *baga*,a bundle.] 1.A trifle;a thing of no importance:નજીવી-હલકી-માલ વગરની વાત; ક્ષુદ્રવિષય. 2. A kind of game:એક જાતની રમત.

Baggage, (બૅગ્'એજ્)*n.* The tents & other necessaries of an army: તંબુ વીગેરે લશ્કરનો સામાન. 2. Luggage:મુસાફરનો સરસામાન; બોજો. 3. A prostitute: રાંડ; વેશ્યા.

Bagnio,(બાન્'યો) *n.*[L.*balneum*, bath.]1. A bath:હમામખાનું. 2.A brothel:વેશ્યાગૃહ; ખાંનગું.

Bagpipe, (બૅગ્'પાઈપ્)*n.* A musical wind instrument:એક જાતની વાંસળી;મોરલી; શરણાઇ.

Bail, (બેલ્) *vt.* [L. *bajulus*, a tutor.] 1. To liberate on security of another:જામીનપર છોડવું. 2. To deliver, as goods in trust:અનામત મુકવું-સોંપવું.3.To free from water:પાણી ઉલેચવું-કાઢી નાંખવું.*n.*1.Surety for another:જામીન;જમાન.2.The security given for the release of a prisoner: જામિનગીરી.*n.* 1. The handle of a kettle or other vessel: કીટલી કે તેવા વાસણનો વાળેલો દાંડો-હાથો. 2. The top of a wicket in the cricket:ક્રિકેટના દાંડા ઉપર મુકવાની ફરકડી;ચલ્લી.

Baila-ble,(બેલ્'ઍબલ્)*a* Admitting of bail: જામિન ઉપર છોડી શકાય તેવું.

Bail-bond,(બેલ્'બૉન્ડ્)*n.*A written security for the appearance of a prisoner at the trial: જામીનખત;જમાની ખત.

Bail-ee,(બેલી)*n.* A person to whom goods are delivered in trust: અનામત માલ રાખનાર.

Bailiff,(બેલિફ્)*n.* 1.A sheriff's deputy,appointed to make arrests: સમન્ બજાવનાર;બેલીફ.3.An overseer of an estate: જાગીરની દેખરેખ રાખનાર.

Bail-wick, (બેલિવિક્) *n.* The limits of a bailiff's authority: બેલીફની હકુમત.

Bailor-er, (બેલ્'અર્) *n.* One who delivers goods or money to another in trust:બીજાને માલ અનામત સોંપનાર.

Bait,(બેટ્)*n.* Any substance put on a hook to entice fish to swallow it: ગલમાં ભરાવેલું ભક્ષ. 2. Temptation:લાલચ; મધલાળ. *vt.* 1. To allure by food:ખોરાક આપી લલચાવવું. 2. To give food or drink to a beast in journey: (રસ્તે) જાનવરને ઘાસ નીરવું-દાણો ખવરાવવો પાણી પાવું. 3. To provoke & harass: હેરાન કo;પજવવું;કુતરાં ભસાવવાં;સતાવવું. *vi.*To refresh one's self or one's beast with food and drink in a journey: ભાથુ ખાવું;હાજરી કરવી.

Bake, (બેક્) *vt.* 1. To heat, dry & harden: પકવવું;શેકવું;તપાવવું. 2.To harden by cold:ઠંડકથી કઠણ કo. *vi.* 1. To do the work of baking: ભઠીયારાનું કામ કo;શેકવું;પકવવું. 2. To be baked; to dry and harden in heat:શેકાવું; ચઢવું;સુકાવું.

Baker-y, (બેક્'અરિ)*n.*1.The trade of a baker:ભઠીયારાનો ધંધો; ભઠીયારૂં. 2.A bake-house: ભઠીયારખાનું; રસોડું.

Balance,(બૅલ્'ઍન્સ્) *n.*[L.*bis*,twice&*lanx*,a scale.]1.A pair of scales:કાંટો; ત્રાજવાં;ચેલીયું.2. Equilibrium: સમતોલપણું.3.(*a*)An equality between the total of the two sides of an account: સરભરપણું; મેળ. (*b*) The excess on either side of the account: સિલક;બાકી. 4.A wheel in a watch or clock:ઘડિયાળનું ચક્કર.5. A sign in the zodiac:તુલારાશિ.*vt.*1.To weigh in a balance:તોળવું;જોખવું.2.To counterpoise: સરખું-સમતોલ-ધરો કo.3.To estimate: નીતુલના-તોલ કo;તોળી જોવું;લેવું.4.To settle an account: માંડીવાળવું;ચુકવવું.*vi.*1.To be in equipoise:સમતોલ હોવું.2.To hesitate:ઢચુપચુ રાખવું;આનાકાની કo.

Balance-sheet,(બૅલ્'ઍન્સ્શીટ્)*n.* A statement showing balance of account: સરવૈયું.

Balco-ny,(બૅલ્'કોનિ)*n* [Fr.*balco*,a scaffold.] A projecting gallery:કઠેરો; ગોખ;ઝરૂખો;છજું.

Bald,(બોલ્ડ્)*a.*1. Wanting hair: તાલપડેલું. 2. Unadorned;bare:અલંકાર-શોભારહિત;નિરસ;અસભ્ય. 3. Destitute of the natural covering: પીછાં-છાલ આચ્છાદન વગરનું;નાગુ.

Balder-dash, (બોલ્'ડરડૅશ્) *n.*A [illegible]less mixture of liquors:હલકી મેળવણી ([illegible]).2. Nonsense;trash:જંગલી બોલી; ટાયડ[illegible]

Baldric, (બોલ્ડ્'રિક્)*n.* [Fr. *balz*,a belt.] A girdle belt:કમર પટો; મેખલા;રાશિચક્ર-મંડલ.

Bale,(બેલ્)*n.*Bundle of goods:ગાંસડી;બચકી;પોટલી;બિંડી.*vt.*1.To make up in a bale:ગાંસડી બાંધવી.2.To free from water by dipping: પાણી ઉલેચવું.

Bale, (બેલ્) *n.* Calamity; misfortune: સંકટ; દુઃખ;આપત્તિ;વિપત્તિ.

Baleful,(બેલ્'ફુલ્)*a.*1.Calamitous; destructive:સંહારક;અનર્થકારક;વિનાશી;દુઃખદાયક; શોકાર્ત.

Balk,(બૉક્)*n.*1.A ridge of unploughed land: શેઢો;પડતર;વગર ખેડેલી જમીન. 2.A great beam: મોભ-ભારવટીઓ.3.Disappointment: નિરાશા;નાશી પાશી. *vt.*To make balk in:પડતર રાખવું;શેઢા રાખવા. 5. To frustrate;to baffle:નિષ્ફળ-વ્યર્થ કo;નિરાશ કo.*vi.*1.To stop short:અટકવું;અટકી જવું.

Ball,(બૉલ્)*n.* [F*r.balle*,ball.]1.A round body:દડો;ગોળો;પીલ્લું. 2. Any protuberant part of the body: શરીરનો આગળ પડતો દડા સરખો ભાગ,આંખનો ડોળો.3. Musket: લાલ ગોળી બંદૂકવિંગની ગોળો-ગોળી દારૂગોળો.

Ball,(બૉલ્) *n.* [Gr. *ballo*,I heap.] A social assembly for the purpose of dancing:નાચ; નૃત્યોત્સવ:નૃત્યસમારંભ.

Ballad,.(બૅલ્'લૅડ્)*n.* A simple popular song: ગીત;લાવણી;ગરબી.*vi.*To sing ballads:ગીત ગાવાં.

Bal-last,(બૅલ્'લૅસ્ટ્)*n.*[E.*bare*, & *las*, load.]1. Heavy substance to sink a vessel to a certain depth so as to keep it steady:વહાણ ઉંધું ન વળે માટે પાણીમાં ઉતારવાનો ભાર:નેહાવ;વીરમ. 2.Broken stones: કાંકરેટ;ભાંગેલો પથર. *vt.*1. To keep steady:દઢતાનો ગુણ સ્થિરતાએ લાવવું.

Ballet,(બૅલ્લે or બૅલ્'લૅટ્)*n.* A kind of dance: એક જાતનો નાચ.

Bal-loon, (બૅલ્લૂન્')*n.*1. A bag of light material filled with gas so as to rise in the air:બલુન;ગબારો;વિમાન. 2. A ball on the top of a pillar:થાંભલા ઉપરનો ગોળ ભાગ. 3. A ball stuffed with combustibles:હવાઈ તારો.

Bal-loonist,(બૅલ્'લૂનઇસ્ટ્)*n.* An aeronaut: બલુનમાં ઉડનાર-મુસાફરી કરનાર.

Ballot,(બૅલ્'લૉટ્)*n.* 1. (*a*)A little ball used in voting:મત આપવાની ગોળી;લખોટી.(*b*)Hence, a printed or written ticket used for the same purpose: મત આપવાની ચિઠ્ઠી. (*c*) The whole amount of votes cast: પડેલા-આવેલા સર્વમત મત સમસ્ત. *vi.* To vote or decide by ballots:ચીઠ્ઠીથી મત આપવો.

Balm,(બાંમ્) *n.* [L. *balsamum*, balsam.]1. A fragrant plant:ખુશબોદાર છોડ.2.Aromatic sap of certain tree:કોઇ ગુગળ. 3. Any fragrant ointment: ખુશબોદાર લેપ-મલમ-ઉટણું. 4. Anything which heals pain: દુઃખ નિવારક ઔષધ. *vt.*1.To anoint with balm:લેપ કરવો-ચોળવો. 2. To mitigate:દરદ મટાડવું-શમાવવું.

Balmy,(બાંમ્'ઈ)*a.*1. Aromatic:સુગંધીદાર;ખુશબોદાર;સુવાસિત.2.Assuaging;refreshing:શાંતિકારક;સુખકર;ગુલાબી; નરમ.

Balsam,(બૉલ્'સૅમ્)*n.* 1.Soothing ointment of an oily nature: ખુશબોદાર તેલ; અભ્યંજન. 2. (*a*)A species of tree:એક જાતનું ઝાડ.

Balus-ter,(બૅલ્'અસ્ટર્) *n.* [L. *baluk stium.*] A small pillar:કઠેરાનો સળીઓ.

Bal-us-trade,(બૅલ્સ્ટ્રેડ્)*n.* See-**Baluster.**

Bam-boo,(બૅમ્બૂ) *n.* A strong Indian reed with hollow jointed stems:વાંસ.*Manna of* **b.**: વાંસકપુર; વંશલોચન. *vt.* To flog with the bamboo: વાંસથી મારવું-ઝુડવું-કુટવું.

Bam-boozle, (બૅમ્બૂ'ઝલ્) *vt.* 1. To deceive; to mystify: છેતરપંડી કરવી;ઠગવું; આંખમાં ધુળ નાંખવી;ગુંચવવું;ફસાવવું.

Ban,(બન્) *n.* 1. A public notice,mandatory or prohibitory:ઢંઢેરો;દાંડી;જાહેરનામું. 2. An interdiction;prohibition:મના;આણ;દુવાઈ. 3. A curse:શ્રાપ;શાપ;બદદુવા.4.A pecuniary penalty: દંડ.*vt.*1.To curse:શ્રાપ દેવો.2.To forbid;મનાઇ કo.

Ba-nana,(બૅનાં'ને)*n.*An herbaceous plant & its edible fruit: સોનેરી કેળ તથા સોનેરી કેળું.

Band,(બન્ડ્)*n.*1.A narrow strip of cloth for binding;a fillet:પટો;પાટો;દોરી;બંધ.2.Means of union between persons:સંપ;સંબંધ;સાંકળ;શ્રેણી. 3.A linen dress for clergymen:પાદરીના પોશાકનો ગલપટ્ટો.5.(*a*)A company of persons; multitude assembled:મંડળી;જમાત;ટોળી.(*b*)A body of armed men:લશ્કરી ટુકડી;પલટણ.**B.***of music*: બેંડવાજું;નગારખાનું;ટકોરખાનું;ચોઘડીયાં.**B.***of knaves*,&c.:ચંડાળ ચોકડી;ભુતાવળ;શેતાની ટોળી.*vt.*1.To bind:બાંધવું.2.To unite in troop,&c:એક સંપ કo.

Bandage,(બૅન્ડ્'એજ્)*n.* 1. A fillet or roller used in dressing wound:પાટો. 2.Something resembling a bandage:બંધન;બંધ;પાટો. *vt.*To bind with a banda; e:પાટો બાંધવો.

Bandit,(બૅન્'ડિટ્) *n.* A robber;a brigand;an outlaw:બારવટીઓ;લુટારો;ધાડપાડુ.

Bandog,(બૅન્'ડૉગ્)*n.*A large, fierce kind of dog;mastiff:વિકરાળ કુતરો.

Bandy,(બૅન્'ડિ)*n.*1.A bent club for striking a ball at play:ગેડી;આંકડીદાર લાકડી.2.The play with such a club:ગેડી દડાની રમત *vt.*1.To beat to & fro:આમતેમ ફેંકવું.2.To exchange:ટપાટપી -વાદવિવાદ કo.*vi.* To contend at a game:ટપાટપી કo.

Bane,(બેન્)*n.*1. (*a*) Poison of a deadly quality:હળાહળ ઝેર;વિષ.(*b*)hence,any fatal cause of mischief or destruction:વિષનો પ્યાલો; વિનાશહેતુ;અનર્થમૂળ.2.Ruin:નાશ;મરણ;કાળ.

Baneful, (બેન'ફુલ્) *a.* Poisonous:ઝેરી; નાશકારક.

Bang, (બેન્ગ્) *vt.* **1**. To handle roughly; to beat: પ્રહાર ક૦; તાડન ક૦; ઝાપટવું. **2**. To excel: ચઢીયાતા થવું; ટપીજવું. *n.* **1**. A heavy blow: સપાટો; ઝપાટો; પ્રહાર. **2**. An intoxicating Turkish drug: ભાંગ.

Bangle, (બેન્ગ્'ગ્લ્) *n.* An ornamental ring worn on the arms & ankle by women in India & Africa: બંગડી; ચુડો; કડી; ગુજરી.

Bani-an, (બેન'યન્) *n.* A Hindu merchant: વાણીયો; વેપારી; વૈશ્ય. **2**. A man's loose gown: અંગરખું; અંગરખ; બંડી. **3**. The Indian figtree: વડ.

Banish, (બેન'ઇશ્) *vt.* **1**. To condemn to exile: દેશનિકાલ-પાર ક૦. **2**. To drive away: દૂર ક૦; કાઢી મુકવું.

Banish-ment, (બેન'ઇશ્મેન્ટ્) *n.* State of being banished: દેશનિકાલ; દેશવટો.

Bank, (બેન્ક) *n.* **1**. A mound, pile or ridge of earth: બાંધ; કિનારો; પાળ; કોટ. **2**. A steep acclivity: કરાડ; કરાડો. **3**. The margin of a water course: કાંઠો; કિનારો; તટ; તીર. **4**. A shoal; a shallow: બાહુ. *n.* **1**. An establishment for the custody, loan, exchange or issue of money: પેઢી; સરાફી દુકાન; બેંક. *vt.* To embank: ઘેરો-બાંધ-પુસ્તો બાંધવો. *vi.* To keep a bank: સરાફી કામ ક૦; પેઢી ચલાવવી.

Banker, (બેન્ક્'અર) *n.* One who traffics in money: શરાફ; શાહુકાર.

Bank-note, (બેન્ક'નોટ્) *n.* A promissory note issued by a bank & payable on demand: તરત મુદ્દતની હુંડી.

Bankrupt, (બેન્ક્'રપ્ટ્) *n.* [L. *ruptus*, broken.] A trader who fails to pay his debts: દેવાળિઓ. *a.* Insolvent: નાદાર. *vt.* To make bankrupt: દેવાળું કઢાવવું. [દેવાળું; નાદારી.

Bankrupt-cy, (બેન્ક'રપ્સિ) *n.* Failure in trade:

Bank-stock (બેન્ક્'સ્ટૉક્) *n.* Share of a bank: બેંકના શેર. [નિશાન; પતાકા; ધ્વજ.

Banner, (બેન'નર્) *n.* A flag or ensign: વાવટો;

Banner-ol, (બેન'અરોલ્) *n.* A flag displayed at a funeral procession: મુડદું લઇ જતી વખતે ધરવામાં આવતો વાવટો.

Banquet, (બેન્ગ્'ક્વેટ્) *n.* A feast: મિજબાની; ઉજાણી. *vt.* To treat with a feast: મિજબાની આપવી; જ્યાફત આપવી.

Banter, (બેન'ટર્) *vt.* To joke: મશ્કરી-હાંસી-ઠઠ્ઠો ક૦. *n.* A joking; a wit: વિનોદ; ઉપહાસ; ઠઠ્ઠો. [ળક; બચ્ચું.

Bantling, (બેન્ટ્'લિન્ગ્) *n.* A young child: બા-

Banyan, (See **banian.**)

Baptism, (બેપ્'ટિઝમ્) *n.* [Gr. *bapto*, I dip in water.] An initiating sacrament of the Christian religion: ધર્મ નિવેશાર્થે જળ સંસ્કાર.

Baptist, (બેપ્'ટિસ્ટ્) *n.* One who administers baptism: જળસંસ્કાર કરનાર.

Bap-tistic, (બેપ્ટિસ્ટિક્) *a.* Pertaining to baptism: જળસંસ્કાર સંબંધી. [મ પાડવું.

Bap-tize, (બેપ્ટાઇઝ્) *vt.* To christen: ખ્રિસ્તી ના-

Bar, (બાર્) *n.* Bolt: ભુંગળ; ગજ; આગળો. **2**. An obstruction; a barrier: વિઘ્ન; અડચણ; અંતરાય; આડખીલ. **3**. A sand bank at the entrance to a river: નદીના મોં આગળનું બાહુ. **4**. (*a*) The railing enclosing the space which counsels occupy in courts of justice: અદાલતમાં વકિલોને બેસવાની જગાની આસપાસનો કઠેરો. (*b*) The whole body of lawyers: સમસ્ત વકીલ મંડળ. *vt.* **1**. To fasten with a bar: ભુંગળ દેવી; આગળો દેવો. **2**. To obstruct: અટકાવવું; અડચણ-નડતર-વિઘ્ન ક૦; રોકવું. **3**. To except: બાતલ કરવું; અપવાદ ગણવો.

Barb, (બાર્બ્) *n.* [L. *barba*, beard.] **1**. A beard: દાઢી. **2**. The point that stands backward in an arrow: આંકડો-ડી; કાંટો. **3**. An armour for horses: ઘોડાનું બખ્તર; પાખર. **4** A horse of Barbary noted for speed: બારબરી દેશનો ચપળ ઘોડો. **5**. A bit for a horse: ઘોડાની લગામ. *vt.* **1**. To furnish with barbs: આંકડાવાળું-કાંટાદાર ક૦. **2**. To clothe a horse with armour: ઘોડાને બખ્તર પહેરાવવું.

Bar-bari-an, (બાર્બે'રિઅન્) *n.* [L. *barbarus*, rude.] *n.* **1**. An uncivilized person: જંગલી-અભણ-અસભ્ય-માણસ. **2**. A cruel man: ઘાતકી-ક્રુર-નિર્દય માણસ. *a.* **1**. Rude: જંગલી; અસભ્ય; અણઘડ; રાની. **2**. Brutal; cruel: ઘાતકી; દયાહીન; નિર્દય.

Barbar-ism, (બાર્'બારિઝમ્) *n.* Savagism: જંગલીપણું; ક્રુરતા; નિર્દયતા. **2**. Solecism: અશુદ્ધ ભાષણ; અપશબ્દ; અશુદ્ધ પ્રયોગ.

Bar-bari-ty, (બાર્બેર્'ઇટિ) *n.* Savageness; inhumanity: નિર્દયતા; ક્રુરતા; અસભ્યતા; નિષ્ઠુરતા.

Barbar-ize, (બાર'બારાઇઝ્) *vt.* To use or adopt foreign mode of speech: અશુદ્ધ ભાષા વાપરવી. *vt.* To make barbarous: જંગલી-અસભ્ય-અણઘડ ક૦

Barba-rous, (બાર'બરસ્) *a.* [L. *barbarus*, foreign.] **1** Uncivilized; rude: જંગલી; રાની; અસભ્ય. **2**. Cruel; ferocious: ઘાતકી; ક્રૂર; નિર્દય.

Barba-ry, (બાર્'બરિ) *n.* [L. *barbaria*.] A Barbary horse: બારબરી દેશનો ઘોડો.

Barbate, (બાર્બ્'એટ્) *a.* [L. *barbatus*, having a beard.] Bearded: દાઢીવાળું; વાળના ગુચ્છાર.

Barbed, (બેર્બ્ડ્) *a.* Bearded; armed: આંકડાદાર; અણીદાર; કાંટાદાર. [હજામ; ગાંયજો; વાળંદ; રાત.

Barber, (બાર્'બર્) *n.* One who shaves beards:

Barbe-rry, (બાર્'બેરિ) *n.* Wild bush or its fruit: એક જાતનો જંગલી છોડ અને તેનું ફળ.

Bard, (બાર્ડ્) *n.* A professional singer and poet: ભાટ; ચારણ; બારોટ; બંદિજન; કવિ.

Bardic, (બાર્ડ્'ઇક્) *a.* Pertaining to the bard or his poetry: ભાટ-ચારણ-કવિ-સંબંધિ; તેમની કવિતા સંબંધિ-વિષે-બાબત.

Bardism,(બાર્ડ'ઇઝ્મ્)*n*.The learning & maxims of bards:ભાટ ચારણના ઉખાણા-કહેવત;ભાટાઈ

Bare, (બેર્)*a*. Naked:ખુલ્લું;નાગું;બોડું. 2. With the head uncovered from respect:ઉઘાડું;બોડું.3. Plain;unadorned:સાદું; અલંકાર રહિત.4. Destitute; empty:વિનાનું; રહિત; ખાલી; ગરિબ. 5.Much worn;thread bare:જુનું ખાખ થઈ ગયલું;ખખળી ગયેલું; જીર્ણ 6.Mere;alone:એકલું;છડું.

Bare-faced, (બેર્'ફેસ્ટ્)*a*.1.With face uncovered:ખુલ્લા મોંવાળું; બુરખા વગર;મોં ઢાંક્યા વગરનું. 2.Shameless;impudent:લાજ વગરનું;નિર્લજ;ધૃષ્ટ.

Barefoot, (બેર્'ફુટ્)*a*. & *ad*. With the feet bare: ઉઘાડા પગવાળું-પગે;અડવા પગવાળું-પગે.

Barehead-ed, (બેર્'હેડેડ્)*a*.& *ad*.Having the head uncovered:ખુલ્લા માથાવાળું; બોડું;બોડે માથે.

Bareness,(બેર્'નેસ્)*n*.Nakedness;indigence: નાગાઇ:દુબળાઈ; શૂન્યતા;ક્ષીણતા.

Bargain, (બાંર્ગિન્)*n*.An agreement:બોલી; કરાર;સાટું 2.A gainful or satisfactory transaction:નફા પડતો સોદો; કિફાયતનું વેચાણ-ખરીદી. *vi*. To agree:કબુલ ક૦; સાટું ક૦; પઇઠરવું. *vt*. To transfer for a consideration:વેચવું.

Barge,(બાંર્જ્)*n*.1.A pleasure boat:ક્રીડાનૌકા;હોડી.

Bark,(બાંર્ક્)*n*.The rind:છાલ;છોલ;છોડું. *v.t*.1. To peel:છાલ-છોલ ઉતારવી.2.To cover with bark: છાલથી છાજી લેવું.

Bark,(બાંર્ક્)*n*. The sound uttered by a dog: કુતરાનું ભસવું. *vi*. 1. To make the noise of a dog:ભસવું.2.To clamour:ભસવું;નિરર્થક નિંદા ક૦.

Bark,(બાંર્ક્)*n*. A small ship:ન્હાનું વહાણ.

Bark-pit,(બાંર્ક્'પિટ્)*n*.A pit filled with water to steep hides for tanning:ચામડિયાનો કુંડ.

Barley, (બાંર્'લી)*n*.A well known grain:જવ.

Barm,(બાંર્મ્)*n*. The foam rising upon beer: બીર જાતના દારૂનું રીણ;ખમીર

Barn,(બાંર્ન્)*n*. A covered building for storing farm produce:છાપરાવાળુ ખળુ.2.A house for stabling cattle & horses:તબેલો;કોઢ;ગમાણ.

Ba-romet-er, (બૅરૉમ્'ઍટર્) *n*. [Gr. *baros*, weight & *metron*,a measure].An instrument for determining the atmosphere: વાયુ-ભાર માપક યંત્ર:હવામાન;વાયુમાપક યંત્ર.

Bar-o-metric,-cal,(બૅરોમેટ્રિક્ કલ)*a*. Pertaining to barometer:વાયુભારમાપકયંત્રનું-સંબંધિ

Baron (બૅર્'ઑન્)*n*. [L.*baro*,a man]1 A title or degree of nobility in England: ઉમરાવની પદ્વી.A man holding that title:ઉમરાવ.A husband:ધણી;પતિ;ખાવિંદ.

Baron-age,(બૅર્'ઑનેજ્)*n*.1.The whole body of barons:ઉમરાવ મંડળ.2.The dignity of baron: બૅરોનની પદ્વી. 3. The land which gives title to a baron:બૅરોનની જાગીર;ઉમરાવનું વતન-જાગીર.

Baron-et,(બૅર્'એનેટ્)*n*.The title next below a baron: ઉમરાવથી ઉતરતી પદ્વીનો પુરૂષ.-cy, the title & dignity of a baron:બૅરોનેટની પદ્વી.

Baro-scope,(બૅર્'ઑસ્કોપ્)*n*.[Gr. *baros*,heavy & *scopio*, I view.] An instrument showing changes in the weight of atmosphere: એક-જાતનું વાયુમાપક યંત્ર.

Ba-rouche,(બૅરૂશ્)*n*.[L.*bis*,two&*rota*,wheel.] A four-wheeled carriage with a falling top: ચાર પૈડાની ખુલ્લી ગાડી;ચારઠ; ફેટીન.

Barque,(બાંર્ક્)*n*.A small ship:એક ન્હાનું વહાણ.

Barrack, (બૅર્'ઍક્)*n*. A hut or house for soldiers especially in garrison:લશ્કરી સિપાઈ-ઓને રહેવાનું ઝુંપડું-ઘર;'બરાક.'

Barra-try,(બૅર્'ઍટ્રિ) *n*.1.Fraud by a shipmaster against the owners, as embezzlingo goods or running away with the ship:વહાણના માલીક પ્રત્યે,વહાણના નાયકે કરેલો દગો;ગેરવર્તણુક. 2. The practice of encouraging law-suits: દાવા ઉઠાવવાની ઉશ્કેરણી ક૦ તે.

Barrel,(બૅર્'ઍલ્)*n*. 1.A round cask of more length than breadth bulging in the middle: પીપ.2.The quantity which a cask contains: એક પીપમાં માય તેટલું. 3. A tub:નળી. *vt*.To put or pack in a barrel: પીપમાં ભરવું.

Barren,(બૅર્'એન્)*a*.1.Not producing offspring:વાંઝણી; વંધ્યા. 2. Unproductive; sterile: ઉજ્જડ; અફળદ્રુપ; રૂક્ષ. 3. Not producing fruits: વાંઝીયું. 4. Unprofitable: વ્યર્થ;નિષ્ફળ;ખાલી. 5. Dull;stupid:મંદ;બોથડ;શુન્ય.

Barren-ness,(બૅર્'એન્નેસ્)*n*. Unfruitfulness; sterility:વાંઝીયાપણું;નિષ્ફળતા;વંધ્યત્વ;શુષ્કતા.

Ba-rri-cade, (બૅરિકેડ્') *n*. 1. A fortification made in haste in defence against enemies: શત્રુ સામે બચાવ માટે ઉતાવળમાં કરેલો કિલ્લો;લક્કડકોટ. 2. Any obstruction or means of defence: બચાવનું સાધન; અટકાવ. *vt*.To obstruct:અટકાવવું; શત્રુને અટકાવવા કામ ચલાઉ કોટ બાંધવો.

Barri-er, (બૅર્'ઇઅર્) *n*. 1. A fence made to stop an enemy: શત્રુને ખાળવા કરેલો કોટ. 2. A fortress on the frontier of a country:સરહદ પરનો કિલ્લો. 3. Anything which hinders approach or attack:અટકાવ;અંતરાય;વિઘ્ન;અડચણ.4. Any limit or boundary:હદ;સીમા;મર્યાદા;સરહદ.

Barris-ter,(બૅર્'ઈસ્ટર્)*n*. An advocate:પહેલા વર્ગનો સનંદી વકીલ;બારિસ્ટર.

Barrow,(બૅર્'ઑ)*n*.1. A light carriage moved by hand: ઠેલણગાડી; લારી. 2. A hog;especially a male hog castrated:ડુક્કર;ખાસી કરેલું ડુક્કર.

Barter,(બાંર્'ટર્)*vt*. To traffic by exchanging one commodity for another:સાટું-બદલો ક૦.T exchange:અદલબદલ ક૦.*n* 1. Exchange: સાટું;

સાટાપાટી;અદલા બદલી. [ઢોર બાંધવાનો વાડો-માંડવો.
Barth,(બાંર્થ)*n.*A place of shelter for cattle:
Basal,(બસ'ઍલ)*a.*Forming the base:તળિયાનું.
Ba-salt, (બૅસોલ્ટ)*n.*[Lat, *basaltes*,a species of marble.]1. A dark greyish black-stone: એક જાતનો ભૂરો કાળો પથર. 2. A kind of black porcelain:એક જાતનાં કાળાં ચીનાઈ વાસણ.
Base,(બેસ)*a.*[L.*bassus*,low.]1.*(a)*Of humble birth&low degree *(persons)*:હલકા કુળનું; નીચ; હીણું;પાજી;અધમ;ખળ;દુષ્ટ.*(b)*Mean*(things)*:હલકું; નજીવું.2.Bastard:રાંડના પેટનું; હરામજાદુ. 3.Low in value:હલકી કિંમતનું; રાસી.4.Not classical or refined:હલકું; અધમ.5.Deep (in sound): ઉંડું;ગંભીર.*n.*1.The bottom:પડથી; બેસણી;તળિયું; મૂળ.2.The lower part of wall:દીવાલનો પાયો.3. That extremity of a leaf,fruit,&c.at which it is attached for support:દીંટું.4.The chief ingredient in a compound: કોઇ પણ મિશ્રણનો મુખ્ય ભાગ.5. The line of a figure on which it is supposed to stand:પાયો (ભૂમિતિ). *vt.*To found:પાયો નાંખવો.
Base-born,(બેસ'બૉર્ન) *a.*Born out of wedlock:જારજ; હરામજાદુ.2. Born of low parentage:નીચા કુળનું. [નિરાધાર;નિર્મૂળ;આધાર શૂન્ય.
Baseless,(બેસ'લેસ)*a.*Without foundation:
Bashful,(બૅશ'ફુલ)*a.*Very modest; shy;sheepish:શરમાળ; લજ્જાળું;ગોમુખું;ગરીબડું.
Bashful-ness,(બૅશફુલનેસ)*n.*Modesty in excess:શરમ;લજ્જા;વિનય; લાજ; સંકોચ.
Basify,(બેસિફાઈ)*v.t.*[L. *basis*, base&*facio*, I make.]To convert into a base:પાયાનું રૂપ આપવું.
Basil,(બૅઝ'ઈલ)*vt.*To form the edge of a tool: ધાર કાઢવી.*n.*The skin of a sheep tanned:મેંઢાનું પકાવેલું ચામડું.
Ba-silic,(બૅઝિલ'ઈક) } *n.*Gr.*basilikos*,royal.
Ba-silic-a,(બૅઝિલ'ઈકે) } *pl.*1.A large hall used for administering justice: દરબાર; કોરટ;ન્યાયમંદીર.2.Public meeting:લોકોને સાર્વજનિક સભા ભરવાનું મકાન;સભાગૃહ 3.A royal place:રાજગૃહ.*n.* A digest of the laws of Justinian translated by order of Basil I.:જસ્ટીનીઅન ન્યાય કોડ.
Ba-silic-on,(બૅઝિલ'ઇકૉન)*n.*[L.*basilicus.*]An ointment composed of wax, pitch, resin& olive-oil:એક જાતનો મલમ-લેપ.
Basil-isk,(બૅઝ'ઇલિસ્ક) *n.* [L. *basiliscus*, a little king.]A fabulous serpent with a crest on the head:મણીધર-કલ્પિત નાગ.
Basin,(બે'સન)*n.*1. A hollow vessel to hold water for washing:છીછરું વાસણ;કથરોટ; વાટકો;તપેલું; તસ્ત. 2. Any hollow place containing water:હોજ;કુંડ;તળાવ.3.Coal formations:કોયલાનું પડ-થર-ખેતર.4.The entire tract of country drained by a river:દેશના જે ભાગમાંથી નદીનું પાણી જતું હોય તે આખો ભાગ.
Basis,(બેસ'ઈસ)*n.pl.* **bases**, [Lat. *basis*, a base.]1.The foundation of any thing: પાયો; મૂળ;આધાર.2. The pedestal of a pillar: થાંભલાની બેસણી-કુંભી.
Bask,(બૅસ્ક)*vi.*To lie in warmth: તડકે બેસવું; તડકો ખાવો.2.To enjoy ease and prosperity: સુખ ચેન-ચમન-મજા ક૦. *vt.* To warm with genial heat:શેકવું;ઉનું કરવું.
Basket,(બૅસ'કેટ)*n.*A vessel made of twigs: ટોપલી-લો; કંડિયો; છાબડી; ડલી. *vt.* To put in a basket:ટોપલામાં ભરવું.
Bass,(બાંસ) *n.*1. The lowest part in a musical composition:ખરજ.*adj.*Deep-low in sound: ખોખરા ઘાંટાવાળું. [ખવાની ચટાઇ- સાદડી.
Bass,(બાંસ)*n.*A door mat:બારણા આગળ ના-
Bass-re-lief,(બૅસ'રીલીફ)*n.*Sculpture whose figures do not stand out far from the plane: બહાર થોડુંક ઉપસી આવેલું કોતરકામ; પ્રતિચ્છાયા.
Bastard,(બૅસ'ટર્ડ) *n.* 1.Spurious child; one born of an illicit union: છીનાળના પેટનું છોકરું; દાસીપુત્ર;જારજ સંતાન;અનૌરસ પુત્ર.2.An inferior quality of sugar:હલકી જાતની ખાંડ.*a.*1.Illegitimate: છીનાળના પેટનું;જારજ; અનૌરસ;હરામજાદુ. 2. Spurious;adulterate:ખોટું;કૃત્રિમ;બનાવટી.
Bastard-y,(બૅસ'ટર્ડિ) *n* Illegitimacy:જારજાવસ્થા;વ્યભિચારોત્પત્તિ; અનૌરસતા.
Bas-tile,(બૅસ્ટીલ') *n.*Any tower or fortification:કિલ્લો; બુરજ;કેદખાનું.
Bas-ti-nade-o,(બૅસ્ટિનેડ'-ડો)*n.*A sound beating with a stick:લાકડીના મારના ઝપાટા;કુંદીપાક; દંડ પ્રહાર. *vt.*To beat with a cudgel especially on the soles of a foot:પગના તળીયાને લાકડીવતી મારવું. [of a fortification:બુરજ.
Basti-on,(બૅસ'ટિઑન) *n.* A projecting part
Bat, (બૅટ) *n.* A heavy stick: દંડો;દંડુકો; ગેડી; બૅટ.2.A sheet of cotton prepared for filling quilts: ગોદડુ-રજાઈ ભરવા કરેલું રૂનું પડ.*vi.*To play with a bat:બૅટ લઈ રમવું.
Bat, (બૅટ) *n.* A small animal with wings without feathers:વાગોળ;ચામાચિડિયું.
Batch,(બૅચ) *n.* 1.Quantity of bread baked at one time:એક વખતનો રોટલીનો ઘાણ.2.An assortment:એક જાતની વસ્તુનો સમૂહ;જથ્થો.
Bate,(બેટ)*vt.*1.To abate:ઓછું કરવું;ઘટાડવું.2.To leave out: મુકી દેવું; બાતલ ક૦. 3. To remit or retrench a part:કમી કરવું;ઘટાડવું.4.To flutter: પાંખ ફફડાવવી.
Bath,(બાંથ) *n.*1.A place for bathing: ન્હાવાની જગ્યા;હમામખાનું;સ્નાનાગાર.2.The act of exposing the body for the purposes of cleanli-

ness,to water or vapour:સ્નાન;અંઘોળ; ન્હાવણ.

Bath-brick,(બાથ્‌બ્રિક્‌) *n.* A brick used for cleaning knives:છરીઓ માંજી સાફ કરવાની ઇંટ.

Bathe,(બેધ્‌) *vt.* **1.** To wash by immersion: સ્નાન કરાવવું;નવાડવું. **2.** To moisten with a liquid:ઝબકોળવું;પલાળવું. **3.**To take a bath:ન્હાવું;સ્નાન ક૰.

Bathing, (બેધ્‌ઇન્ગ્‌)*n.* The act of washing the body in water:સ્નાન;અંઘોળ; ન્હાવણ.

Batlet, (બૅટ્‌લેટ્‌) *n.* [See-**bat.**] A short bat for beating clothes in washing:કુંદી કરવાની મોગરી; કુદી; ધોકણું.

Baton,ba-toon, (બૅટ્‌ઑન-બૅટૂન')*n* A staff used for various purposes:ડંગોરો;દંડ;ગદા.

Bat-tali-a, (બૅટ્ટેલિયે)*n.*[Lat.*battalia*,battle] The order of battle for action:વ્યૂહ-રણ-સેના રચના; લશ્કરની ગોઠવણ.**2.** Army in array:વ્યૂહિત સૈન્ય.

Bat-tali-on (બૅટ્ટેલિયૅાન્‌)*n.*A body of about *800* soldiers:૮૦૦ માણસના લશ્કરની ટુકડી;પલટણ

Batten, (બૅટ્‌ન્‌) *n.* **1.** A piece of board or scantling:પટી;ચીપ.**2.**The moveable bar of a loom:સાળનો ફરતો ગજ. *vt.* To fasten with battens:ચીપ-પટીથી બંધ ક૰-સાંધવું-જોડવું.

Batter,(બૅટ્‌ટર્‌)*vt.*[L.*batuo*,I beat.]**1.**To beat with successive blows; *specifically*, to attack with artillery: ઉપરા ચાપરી ઠોકવું; તોડી પાડવું;તોપનો માર ચલાવવો. **2.** To impair with beating:માર મારી નરમ ક૰.*vt.*To slope gently backward:પાછળ નમી પડવું. *n.* A backward slope in the face of a wall: પાછલા ભાગ તરફ ભીંતનો ઢોળાવ-ઢાળ-ઉતાર.

Batter-ing-ram,(બૅટ્‌અરિંગ્‌-રૅમ્‌)*n.*An engine used to beat down the walls of a besieged place:કિલ્લો તોડવાનું યંત્ર.

Batter-y, (બૅટ્ટરિ)*n.*(*a*)**1.** Any place where cannons are mounted for battering: મોરચો. (*b*) Number of guns & mortars ranged for firing:મોરચાપર ગોઠવેલી તોપો. **2.**An apparatus for generating galvanic electricity: વિજળીનો વેગ ઉત્પન્ન કરનાર યંત્ર; વિજળીની પેટી.

Battle, (બૅટલ્‌)*n.* [Lat *batuo*, I strike.]A fight between enemies;an engagement:લડાઈ;વિગ્રહ;યુદ્ધ. *Brave in* **b.**:રણશૂર; રણધીર;રણસિંહ.*Field of* **b.**:રણભૂમી-ક્ષેત્ર;રણાંગણ;સમરાંગણ. *vi.* To join in battle:લડવું;યુદ્ધક૰;હલ્લો ઝીલવો.

Battle-a-rray, (બૅટ્‌લ્‌અૅરે') *n.* Order of battle:યુદ્ધ રચના; વ્યૂહ.

.Battle-axe,(બૅટ્‌લ્‌ઍક્સ્‌)*n.* An axe formerly used as an offensive weapon:ફરશી;પરશુ.

Battle-ment,(બૅટ્‌લ્‌મેન્ટ્‌)*n.*One of the solid upright party of a parapet; the whole parapet consisting of alternate solids and open spaces:જંગી-બારીવાળી ભીંત-કોટ.

Bauble, (બૉ'બલ્‌) *n.* [L. *babulus*,foolish.]A showy trifle;a gewgaw: દેખાવડી-ન જીવી ચીજ.

Bawd, (બૉડ્‌)*n.*A procuress(*usually applied to females*):કુટણી; ભડવેણ; દુતી. [છીનાળું.

Bawdi-ness,(બૉ'ડિનેસ્‌)*n.*Lewdness:વ્યભિચાર;

Bawdy,(બૉ'ડિ)*a.* Obscene;unchaste: ભુંડું; છીનાળવું;બીભત્સ.

Bawdy-house, (બૉ'ડિ-હાઉસ્‌)*n.* A house of lewdness & prostitution:છીનાળવનું ઘર; ખાંજરૂ.

Bawl,(બૉલ્‌)*vi.* [Lat., *balo*, I bleat]To cry with vehemence:બુમ પાડવી;પોકારવું;ઘાંટો કાઢવો. **2.**To cry loud:આરડવું; ગાંગેડવું; રાડ નાંખવી; બુમ પાડી ખબર આપવી-જાહેર ક૰. *n.*A loud cry:મોટી બુમ;રાડ;ચીસ. [રતાશ પડતું;રાતુ ભુરૂ.

Bay,(બે)*a.*[L.*badius*,brown.]Red or reddish:

Bay,(બે)*n.*An inlet of the sea:અખાત;ઉપસાગર.

Bay,(બે)*n.*[L. *bacca*, berry.]**1.** A laurel tree: લૉરલ નામનું ઝાડ;તજનું ઝાડ.*Bark of* **b.**:તજ;દાલચિની.

Bay, (બે) *n.* The bark of a dog: કુતરાનું ભસવું. *To keep at* **b.**:સામું થવું;દૂર રાખવું. *v.i.* To bark at:સામુ ભસવું-થવું.

Bayon-et,(બે'યૉનેટ્‌)*n.*.A steel dagger at the end of a gun: સંગીન. *vt.* **1.** To stab with a bayonet:સંગીન ભોકવું. **2.** To drive by the bayonet:સંગીનથી જરૂર પાડવી-જબરજસ્તી ક૰.

Bay-salt,(બે'-સૉલ્ટ)*n.*Salt obtained by evaporation of seawater:દરિયાનું મીઠું.

Ba-zar-aar,(બૅઝાંર્‌)*n.* A place where goods are exposed to sale:બજાર;ચૌટું.

Bdell-ium, (ડેલ્‌'અમ્‌)*n.*[L.]A gummy substance of an agreeable odour: ગુગળ; દેવધૂપ.

Be,(બી)*vi.***1.**To exist:હોવું.**2.**To become:થવું. **3.** To be present in a place:હોવું;આવવું.*Let it* **b.**, be it so:અસ્તુ;ભલવું. **B.** *that as it may*,at all events;in spite of:ગમે તેમ થાય તોપણ;છતાં;તથાપિ.

Beach,(બીચ્‌)*n.*The shore of the sea or lake; the strand:દરિયા કે સરોવર કાંઠો;તીર;કિનારો.*vt.*To run upon a beach:કિનારે ચઢાવી દેવું-અથડાવવું.

Beacon,(બી'કન્‌)*n.* **1.** A signal-fire to notify the approach of an enemy:શત્રુ પાસે આવ્યાની સૂચના માટે સળગાવેલો દેવતા.**2.**A light house or signal to direct navigation: દીવાદાંડી; આકાશદિવો. That which gives notice of danger: ભય સૂચક નિશાની. *vt.*To light up;to illumine: રોશની ક૰;ભયની ચેતવણી આપવી.

Beacon-age, (બી'કનેજ્‌) *n.* Money paid for maintaining a beacon: દીવાદાંડી ચાલુ રાખવા આપેલા પૈસા.

Bead,(બીડ્‌)*n.***1.**A small ball pierced for hanging on a string:મણકો;કાચનો દાણો.(*a*)A bub-

ble in spirits:દારૂપરનો પરપોટો. (*b*)A drop:ટીપું બિંદુ-ટપકું. *A rosary of* **b.**s:જપમાળ;બેરખો.

Beadle,(બી'ડલ્)*n.***1.** Messenger or crier of a court:અદાલતનો ચોપદાર;પટાવાળો;ચપરાસી. **2.**An officer in an university: પાઠશાળાનો ચોપદાર; દફ્ટર.

Beagle,(બી'ગલ્)*n.*A small hound or hunting [dog:નાનો શિકારી કુતરો.

Beak, (બીક્)*n.* **1.** The bill or nib of a bird: પક્ષીની ચાંચ;મ્હોડું;ડાચું. **2.**Anything ending in a point:અણી. **3.**The pointed forepart of a ship:વહાણનું મુહું.

Beaker,(બીક'અર્)*n.* [L. *bacar*, wine-glass.] A large drinking cup:પહોળો વાડકો;પ્યાલો.

Beam, (બીમ્)*n.***1.**Any large & long piece of timber or iron:ભારવટિયો;મોભ. **2.** The width of a vessel:વહાણની પોહોળાઈ. **3.** The bar of a balance from the ends of which the scales are suspended:ત્રાજવાની દાંડી. **4** Horn of a stag:સાબરનું શિંગડું.**5.**The pole of a carriage: ધોરિયો; ગાડી-ગાડાની ઉધ. **6.** A part of a loom:તોર;તુરી.**7.** A collection of rays: તેજ; કિરણ;રશ્મિ.*vt.*To send forth;to emit:પાડવું;ફેંકવું; આપવું.*vi.*To shine: લાલી આવવી;તગતગવું;પ્રકાશવું.

Beamy,(બીમ'ઈ)*a.***1.**Shining:ચળકતું;ચકચકિત.**2.** Massy:ભારે;મજબુત.**3.**Having horns:શિંગડાવાળું.

Bean,(બીન્)*a.*A leguminous plant&its seeds: કઠોળનો છોડ; કઠોળ; શિંગ-જેવાં કે વાલોળ,પાપડી,વિ૰. *Full of* **b.**s:પાણીદાર (ઘોડો.)

Bear,(બેર્)*vt.*[Lat *ferro*,I bear.] **1.**To support; to hold up:વેહેવું,ઉંચકી રાખવું; ઝાલવું.**2.** To convey:ઉઠાવી લઈ જવું;ઉચકી જવું.**3.**To exercise: વાપરવું;ચલાવવું.**4.**To wear:રાખવું;ધારણ કરવું.as *to* **b.***a sword*:તરવાર રાખવી. **5.** To entertain; to cherish:મનમાં રાખવું; વરાવવું. **6.** To endure;to undergo:સેહેવું;ખમવું;વેઠવું;સહનક૰.**7.**To sustain or be answerable for: માથે લેવું-રાખવું;જુમ્મેદાર હોવું.**8.**To bring forward: બતાવવું;દેખાડવું;જણાવવું.**9.**To carry on;to have:સામેલ હોવું;ભાગ લેવો.**10.**To admit or be capable of: લાગવું;-નું થઈ શકવું.**11.**To behave: ચાલવું;વર્તવું **12.**To afford:માં રહેવું;સાથે રહેવું.**13.** To bring forth;to give birth:ને લાગવું; આવવું;જન્મ આપવો; જણવું. *To* **b.***the bell*,to be first: આગેવાન-વિજયી થવું. *To* **b.** *down*, to overthrow: હઠાવવું; હરાવવું. *To* **b.***off*,(*a*)to restrain:અટકાવવું;દૂર રાખવું. (*b*) To carry away: (as, *a prize*): લઈ જવું; લઇને નાશી જવું.*To* **b.***in mind*; to remember: સ્મરણમાં-ધ્યાનમાં-યાદ રાખવું.*vi.***1.**(*a*)To suffer: દુ:ખ ખમવું.(*b*)To endure:સહન ક૰; હિમ્મત રાખવી.**2.** To be fruitful:ફળ લાગવાં-આવવાં. **3.** To press (with *on* or *upon*):દબાવવું;-થી દબાણ થવું-દબાવું; પાછળ લાગવું-પડવું. **4.** To take effect:લાગુ પડવું; સફળ થવું; પાર પડવું.**5.**To behave: વર્તવું;-ની આફક વર્તવું. **6.** To be situated as to the point of compass: હોવું;મ્હો અભિમુખ હોવું. **7.**To relate; to refer(with *on*, *upon*):સંબંધ હોવો-ધસવવો-રાખવો;લાગવું;વળગવું. *To* **b.***against*,to approach for attack:તલપ મારવી;ધસવું.*To* **b.***back*,to retreat:પાછાં હઠવું-ફરવું. *To* **b.***off*,to steer away from the land:જમીનથી દૂર ખેંચાઈ જવું. *To* **b.** *up*,to be firm:હિમ્મત રાખવી;ધીરજ પકડવી.*To***b.** *upon*,to act upon:-ની અસર થવી-થાય એવી સ્થિતિમાં હોવું.

Bear,(બેર્)*n.*[Lat.*fera*, a wild beast.]A wild animal covered with rough shaggy hair: રીંછ. **2.**One of the two constellations in the hemisphere,*the Great* **b.**; *Ursa Magor*: સપ્તર્ષિ. *The Lesser* **b.**:ધ્રુવ;પુચ્છ.

Beara-ble,(બેર'અબલ્)*a.*Tolerable:ખમાય એવું.

Beard, (બીર્ડ્)*n.* [L. *barba*, beard.] The hair that grows on the lips, chin and adjacent parts of the human face:દાઢી. **2.** The awn or sharp prickles on the ears of corns:સુંખળાં. **3.** Rays of a comet:ધુમકેતુની પુછડી. **4.** Sharp point of an arrow: તીરનો આંકડો. *To take by the* **b.**:દાઢી પકડવી-તાણવી-ખેંચવી.*vt.*To set at defiance:સામુ થવું;મ્હોપર કહેવું;અપમાન ક૰.

Bearer, (બેર'અર્)*n.* One who bears or carries:લઈ જનાર;લાવનાર;ઉચકનાર.**2.**One who carries a dead body to the grave:ખાંધિયો ;મુડદું ઉચકનાર.**3.**One who holds a cheque;note &:ચેક રજુ કરનાર. **4.** A supporter, as,a wall, post,or stud:ધારણ કરનાર;ટેકો.

Bearing,(બેર'ઇન્ગ્)*a.*Without a post stamp: ટપાલની ટીકીટ ચોડ્યા વિનાનો; નોટપેડ. *n.* Mien; behaviour:ચાલ ચલગત;વર્તણુક;આચરણ. **2.**Relation:સંબંધ;અવસ્થાન;સ્થિતિ.

Beast,(બીસ્ટ્)*n.*[L. *bestia*,a beast.]**1.**(*a*) Any quadruped:પશુ;ઢોર.(*b*)Any irrational animal: ઢોર;હેવાન;જનાવર. **2.** A brutal man: પશુ-હેવાન જેવું માણસ.

Beastings, *n. pl.* See **Biestings**

Beastli-ness, (બીસ્ટ્'લિનેસ્)*n.* Brutality;coarseness:પશુવૃત્તિ;હેવાનિયત;ક્રૂરતા;નિર્દયતા;મલિનતા.

Beastly,(બીસ્ટ્'લિ)*a.*Having the form&nature of a beast:પશુ જેવું. **2.**Brutal; filthy:પશુ તુલ્ય.

Beat,(બીટ્)*vt.* (*a*) To strike often;to knock: અફાળવું;મારવું;કુટવું;વગાડવું **2.**To scour or range over in hunting:શિકારને બહાર લાવવા વન ગજાવવું-જગાડવું. **3.**To tread as a path:ચાલવું;રસ્તો કાપવો. **8.**To vanquish;to conquer:હરાવવું;જીતવું;પરાજય પમાડવું. **5.**To thresh:ઝુડવું;ઝાટકવું. *To* **b.***back*:હઠાવવું;પાછું ફેરવવું. *To* **b.***an alarm*:ડંડેરો પીટી ભયની સૂચના આપવી. **2.**To break, or

pulverize by beating: ખાંડવું; કચરવું; ભુકો ક૦. 3.To hammer:ટીપવું;ટીપી ટીપીને વધારવું. *To* **b.** *down*:તોડી પાડવું;પાડી નાંખવું;ઢોળી પાડવું;સુવાડી દેવું;દબાવી દેવું;કચરી નાખવું;બેસારી દેવું; ભાવ ઘટવો-ઉતારવો;-થી ભાવ બેસી જવો. *To* **b.***off*, to repel: પાછા હઠાવવું;કાઢી મુકવું. *To* **b.***up*.:છાપો મારવો;ઓચિંતો હુમલો કરવો. *To* **b.***the bush*:ગોળ ગોળ વાત ક૦. *To* **b.***about the bush*:ભુલ ભરેલી રીતે વિચારવું-તર્ક ક૦;ઢોંગ ધરવો;મનાવવું;ગણાવવું;સમજણ-ગમ ન પડવી;લંબાવવું;આડા ઉતરવું. *To* **b.***hollow or to* **b.** *all hollow*:સર્વોપરી થવું;ચઢિયાતા થવું.2.To meet: to encounter:મળવું;સામા આવવું.*vi.*To knock: ઠોકવું;ઠેલવું. 2.To throb:ધડકવું;ધબકવું.3.To dash or fall with force:અફળાવું. 4. Fluctuate; to be in doubt:શક લાવવો;ઢચુપચુ હોવું.5.To make progress against the wind:પવનની સન્મુખ ચાલવું.*n.*A stroke:માર;ઝપાટો;ધક્કો;તાડન.2.A pulsation:ધબકારો;સ્ફુરણ. 3. A round or course frequently gone over:ફેરો;ચક્કર; આંટો.4.The rise or fall of hand in regulating the divisions of time (*in music*): તાલ.5. A place of frequent resort: બેઠક; સ્થાન; રહેઠાણ. **B.***of clock or watch*:ટકટક.

Beaten,(બીટ્'ન)*a.*Worn by use;trodden:વાટી નાંખેલો;ઘસાઈ ગયેલો; જાવ આવ થયેલો. 2. Become common:સાધારણ થઈ પડેલું.

Beater,(બીટ્'અર્)*n.*An instrument for pounding:સાંબેલું;ધાણ;દંડો;મોગરી.

Be-a-tific,-al, (બીઍટિફ્'ઈક્-કલ્)*a.* Imparting blissful enjoyment; blissful: સ્વર્ગ સુખદાયક સુખ પ્રદ-કર;મોક્ષપ્રદ. [dness:પરમાનંદ;સ્વર્ગસુખ.

Be-ati-fi-cation,(બ્ઍટ્'ઈફિકે"શન્)*n.*Blesse-

Be-ati-fy, (બીઍટ્'ઈફાઇ)*vt.* [L.*beatus*,happy & *faeio*,I make.]To regard as happy:સુખી ગણવું-માનવું.2.To make happy:સ્વર્ગ સુખ-મુક્તિ આપવી;પરમાનંદ આપવો.

Be-ati-tude, (બીઍટ્'ઇટ્યૂડ)*n.* Felicity of the highest kind:પરમસુખ;મોક્ષ;મુક્તિ; નિર્વાણ.

Beau,(બો)*pl.***beaux**.*or.* **beaus**.*n.*[L *bellus*, gay.]A fine gay man:ફક્કડ;વરણાગિયો;છેલ;લાલ.

Beauish,(બોઈશ્)*a.*Foppish; fine:અક્કડબાજ; બાંકું;ફાંકડું.

Beaute-ous,-ti-ful,(બ્યૂ'ટિઅસ્-ટિફુલ)*a.*Very fair;elegant in form:સુંદર;ફુટડું;શોભિત;ખુબસુરત;મનોહર;સુરેખ.

Beaut-ify,(બ્યૂ'ટિફાઇ)*v.t.*To adorn;to grace: ખુબસુરત ક૦;શોભા આપવી;શણગારવું.*vi.*To become beautiful:સુંદર-રૂપાળુ દેખાવું; શોભવું.

Beauty,(બ્યૂ'ટિ)*n.*[L.*bellus*,pretty.]The graces & properties in any person or thing that delight the eye:ખુબસુરતી; સૌંદર્ય;લાવણ્યતા;શોભા;કાંતિ.2.A particular grace:લીલા;ખુબી; ગુણ;રસ.3.A beautiful woman:ફુટડી સ્ત્રી;સુંદરી;મહેતાબ; પરી;અપ્સરા.

Bea-uty-spot,(બ્યૂ'ટિ-સ્પૉટ્)*n* A spot placed on the face to heighten beauty:ચાંલ્લો;છુંદણું.

Beaver,(બીવર્) *n.* An amphibious animal valued for its fur:જળ-સ્થળ ચર રૂવાંવાળું પ્રાણી; બ્હીવર.2.A hat or cap made of its fur:તે જનાવરનાં રૂવાંની બનેલી ટોપી.

Be-calm,(બિકામ્')*vt.* To appease:સ્થિર-શાન્ત ક૦;શમાવવું;શાંત્વન ક૦.2.To keep from motion: અટકાવવું.

Be-cause,(બીકોઝ્')*Conj.*For the cause that; on this account that:કારણ કે;કેમકે;તેથી;કાંજે.

Be-chance,(બીચૅન્સ્)*v.t.*To befall:આવી પડવું; વિતવું;ગુજરવું.*adv.* By chance:અકસ્માત;એકદમ.

Beck,(બેક્)*n.*A significant nod of the head or hand:અણસારો;સાન;ઇશારો;સંજ્ઞા;ઇશારત. 3.A beak:ચાંચ.*vt.*To notify or call by a nod of the head or hand:સાનમાં સમજાવવું;ઈસારો કરીબોલાવવું.*vi.*To make a sign:અણસારો-ઇસારો-સાન ક૦.

Beck,(બેક્)*n.*A small brook:નાળું;વેહેળીયું.

Beckon,(બેક્'ન)*vt.*[See **Beck.**] To make a sign to another by nodding or a motion of the hand or finger:હાથકે આંગળી વતી ઈસારો-સાન ક૦;સંકેત-સૂચના ક૦.*vt.* To summon:બોલાવવું;નેટવું.*n.* A sign made without word; a beck:ઈશારત;સાન;અણસારો;સૂચના;સંકેત;સંજ્ઞા.

Be-cloud,(બીક્લાઉડ્')*vt.* To obscure;to dim: આંખુ પાડવું;નિસ્તેજ ક૦.

Become,(બીકમ્')*vi.*To pass from one state to another:થવું;બનવું; થઇ જવું. *To* **b.***of,* to be the fate of;to be the end of:થવું;છેવટ પરિણામ આવવું;વલે-ગતિ થવી.*vt.*To suit; to be fit:શોભવું;દીપવું;છાજવું.*a.* Suitable:ઘટે એવું;લાયક; યોગ્ય; લાજમ;ઉચિત.

Bed,(બેડ્)*n.*Something to sleep or take rest on; a couch:પથારી;તળાઇ;બિછાનું; શય્યા;સેજ. 2. Marriage; lawful co-habitation:લગ્ન;વિવાહ; અભિગમન.3.Level piece of ground in a garden:ક્યારો;તકતો;ક્યારી.4.The bottom of a river, &c.:તળિયું.5.A layer; a stratum:પડ;થર.*To go to* **b** :સુઇ રહેવું-જવું.*vt.*To plant & cover:રોપવું; ઘાલવું.2.To lay in any hollow place inclosed: દાટવું;પૂરવું.3. To plant & cover:રોપવું;ઘાલવું.*vi.* To go to bed;to cohabit:ભેગા સુઇ જવું;સંભોગ ક૦

Be-dabble,(બીડૅબ્'બલ્)*vt.*To wet:છાંટવું;પલાળવું.

Be-daub,(બીડૉબ્')*vt.*To besmear:ચોપડવું;લપેડવું.

Be-dazzle,(બીડૅઝ્'ઝલ્) *vt.* To make dim by lustre:આંજી નાંખવું.

Bed-cham-ber, (બેડ્'ચેમ્બર્) *n.* A room in which there is a bed:સુવાનો ઓરડો,શયનગૃહ.

Bedding,(બેડ્'ઈન્ગ)*n.*1. Materials of a bed:

બિછાનું;તળાઇ;પથારી;બીસ્તરો.
Be-deck,(બીડેક્)*vt.*To adorn:શણગારવું.
Be-dew,(બીડ્યૂ)*vt.*To wet as with dew:ઝાકળથી ભીનું ક૦; પલાળવું;આર્દ્ર ક૦;-થી પલળી જવું;ઝાંખુ થવું.
Bed-fellow,(બેડ્ફેલ્લો) *n.* One who lies in the same bed:સાથે સુનાર; શયનબંધુ-સખા
Bed-hangings,(બેડ્હેંગિંગ્ઝ્)*n.*Curtains of a bed:મચ્છરદાની. [અંધારું-ઝાંખુ ક૦.
Be-dim,(બીડિમ્)*vt.*To make dim;to darken:
Bedlam,(બેડ્લૅમ્)*n.*A madhouse:ગાંડાની ઔષધશાળા-ઇસ્પિતાલ.2.An insane person;a lunatic:ગાંડો;દિવાનો.3.A place where there is a great deal of noise:જ્યાં શોરબકોર-ઘોંઘાટ થતો હોય તેવી જગ્યા. *a.* Belonging to or fit for a madhouse:ગાંડા સંબંધિ-માટે-લાયક.
Bed-rid,-en,(બેડ્રિડ્-ડન્)*p.a.*Wholly confined to bed by age or sickness:ખાટલા-શય્યાવશ;શય્યાગ્રસ્ત. [with drops:છાંટાપાડવા;છાંટવું.
Be-drop,(બીડ્રૉપ્)*vt.* To cover or sprinkle
Bedstead,(બેડ્સ્ટેડ્)*n.*Wooden or iron frame work of a bed:ખાટલો;પલંગ.
Bed-tick,(બેડ્-ટિક્)*n.* The case for holding materials of a bed:ખોળિયું;ખોળ. [ધૂળ છાંટવી.
Be-dust,(બીડસ્ટ્)*vt.*1. To cover with dust:
Bee, (બી)*n.* An insect that makes wax:મધમાખ;મધુકર;ભ્રમર.2.An industrious & careful person:ઉદ્યોગી પુરૂષ.*To have a* **b.***in the head*: બેચેન રહેવું;અજંપામાં રહેવું.
Bee-garden,(બી-ગાર્ડન્)*n.*An enclosure where bees are reared: માખીઓને ઉછેરવાનો વાડો.
Bee-hive, (બી-હાઇવ્) *n.* A case used as a habitation for bees: મધપુડો. [by bees:મીણ.
Bee's-wax, (બીઝ્વૅક્સ્)*n.*The wax collected
Beef,(બીફ્)*n.*[L.*bos,bovis*,an ox.] An animal of the genus *Bos*:ગાય;બળદ; ગોઢો. The flesh of bovine animals:ગોઢાનું માંસ;ગોમાંસ.
Beer,(બીર્)*n.*[L.*bibo*,I drink.]A fermented liquor made from malted grain:જવનો દારૂ.
Beestings, (બીસ્ટ્ઇંગ્ઝ્) Also spelt **Biestings.***n* First milk given by a cow after calving:વિયાયેલી ગાયનું પહેલું દુધ;ખરેડુ.
Beet,(બીટ્)*n.*[L.*beta.*]A garden or field vegetable with large roots: એક જાતનું કંદમૂળ.
Beetle,(બીટ્લ્)*n.*A heavy wooden mallet: મ્હોટી મોગરી. 2. A general name of insects having a horny wing cover:વંદો.*vi.*To extend out:ઝઝુમી રહેવું;બહાર નીકળવું-પડવું.
Beetle-headed,(બીટ્લ્હેડેડ્)*a.* Dull;stupid: મૂર્ખ;ઠોઠ;અક્કલશૂન્ય.
Be-fall,(બીફૉલ્)*vt.*To happen to:આવી પડવું; વિતવું;ગુજરવું.*vi.*To come to pass:થવું;બનવું.
Be-fit,(બીફિટ્)*vt* To suit:લાયક-યોગ્ય હોવું; ઘટવું.
Be-fool, (બીફૂલ્)*vt.* To lead astray: બેવકૂફ બનાવવો;ભૂલથાપ દેવી; મૂર્ખ બનાવવું.
Be-fore, (બીફોર્) *prep.* In front of:આગળ: સામું.2.Preceding in time;earlier than:પહેલાં; અગાઉ; પૂર્વે.3. In presence of:સમક્ષ; રૂબરૂ; દેખતાં.*adv.*In front:અગાઉ;મોખરે. 2.Already; beforehand:ક્યારનું; પહેલાં; પૂર્વે.*adv.*Sooner in time; at first:આગળથી;પહેલેથી. [બગાડવું.
Be-foul,(બીફાઉલ્)*vt.* To soil:ખરડવું;મેલું કરવું;
Be-friend,(બીફ્રેન્ડ્)*vt.*To assist;to favour: મિત્રતા-કૃપા રાખવી;મદદ આપવી.
Beg,(બેગ્)*vt.*To ask earnestly for;to entreat: કરગરવું;આજીજી-કાલાવાલા કરી માગવું. 2. To take for granted;to assume: માની લેવું; ખરૂં ધારવું; સ્વીકારવું.3.To ask for as a charity:ભીખ માગવી.
Be-get,(બીગેટ્)*vt.*To generate;to produce: જન્મ આપવો;પેદા ક૦. 2.To produce as an effect:ઉપજાવવું; ઉત્પન્ન ક૦. [માગણ;ભિક્ષુક
Beggar,(બેગ્ગર્)*n.*1.A mendicant:ભિખારી;
Beggar,(બેગ્ગર્)*vt.*To reduce to poverty: ભીખ માગતુ-દરિદ્રિ કરી નાંખવું; *to* **b.***description*: અવર્ણનિય હોવું.
Beggar-ly,(બેગ્ગર્લિ) *a.* Mean;poor:કંગાલ.
Beggar-y, (બેગ્ગરિ)*n.* State of great poverty:દરિદ્રાવસ્થા;ગરીબી;કંગાલિયત.
Be-gin,(બીગીન્)*vi.* To commence: આરંભ-શરૂ થવું; મંડાવું. *vt.* To enter on; to commence: આરંભવું;શરૂ ક૦;કરવા માંડવું.
Be-ginner,(બીગિન્અર્)*n.*One who begins: શિખાઉ;આરંભ કરનાર. [મંડાણ;પ્રારંભ;શરૂઆત.
Be-ginning,(બીગિન્ઈંગ્)*n.*1.Origin;source:
Be-gird,(બીગર્ડ્)*vt.*To bind with a band: કમર બાંધવી;પટો બાંધવો.2.To enclose:ઘેરવું;વિંટવું.
Be-gone,(બીગોન્)*interj.*Go away: નિકળ! કાળુ કર !
Be-grudge,(બીગ્રજ્)*vi.*To grudge;to envy the possession of:અદેખાઇ કરવી;નાખુશ થવું.
Be-guile,(બીગાઇલ્)*vt.*To deceive or impose on:ઠગવું;છેતરવું.2.To evade by craft:થાપ દેઇ ઉડાવવું;નજર ચુકાવવી.3.To divert:ગમતમાં વખત ગાળવો.
Be-guilement,(બીગાઇલ્મેન્ટ્)*n.* Act of deceiving:ભુલથાપ;ફરેબ. [લાભ;બાજુ;પક્ષ.
Be-half,(બીહાફ્)*n.* Advantage;favour: હિત;
Be-have,(બીહેવ્)*vt.*To conduct;to manage: ચાલવું; આચરવું.
Be-haviour, (બીહેવ્યર્) *n.* Deportment; manners:વર્તણુંક;આચરણ;આચાર;વર્તન.
Be-head,(બીહેડ્)*vt.*To sever the head from: ગરદન મારવું;માથુ કાપી નાંખવું.
Be-hest,(બીહેસ્ટ્)*n.*A command;an injunction:આજ્ઞા;હુકમ;ફરમાન.2.A vow:બાધા;વચન.
Be-hind,(બીહાઇન્ડ્)*prep.* On the other side

of:પાછળ;પૂંઠે.**4.**Left after the departure of: પછવાડે;પાછળ. *Close* **b.**:છેક નજીક;લગોલગ; અડીને. *adv.***1.**In the rear:પાછળ પડતું.**2.**Back-ward: પાછું.**3.**Remaining:બાકી રહેલું.**4.**Past:આગળનું; ગયા વખતનું;ગઈ ગુજરી.

Be-hind-hand,(બીહાઈન્ડ્'-હૅન્ડ્.)*n.* Dilatory; tardy:પછાત;પાછળ રહી ગયેલું.

Be-hold,(બીહોલ્ડ્')*vt.*To look at;to observe with care:નિહાળવું;ધ્યાન પૂર્વક જોવું.*vi.*To look:જોવું.

Be-holden,(બીહોલ્ડ્'ન્)*a.*Bound in gratitude; indebted:આભારી;ઓશીઆળું;ઉપકૃત.

Be-hoove, (બીહૂવ્')*vt.* To be fit for; to be necessary for: અગત્યનું-જરૂરનું હોવું;ઘટવું; છાજવું.

Being,(બી'ઇન્ગ્)*n.*Existence in fact or thought:હોવાપણું;અસ્તિત્વ; હયાતી; સદ્ભાવ.**2.**That which exists or lives:જીવ;પ્રાણી.

Be-labour,(બીલે'બર્)To ply diligently:ખૂબ ઉદ્યોગ કરવો;મહેનત કરવી.**2.**To beat soundly:ખૂબ મારવું-ઠોકવું;પ્રસાદી આપવી.[શયપ્રશંસા-સ્તુતિ કo.

Be-laud,(બીલૉડ્')*vt.* To praise greatly;અતિ-

Be-lay,(બીલે')*vt.*To obstruct or block up:ઘેરો ઘાલવો.**2.**To adorn:પહેરાવવું;શણગારવું.**3.**To fasten or make fast:તાણી-કઠણ બાંધવું.

Belch,(બેલ્શ્)*vt.*To eject or throw up violently from the stomach:ઓડકાર ખાવો-આવવો. **2.** To cast forth: બહાર કાઢવું. *vi.* To eject wind from the stomach:વા છૂટ થવી;ઓરકાર આવવો.*n.* Eructation:ઓરકાડ-ડકાર.

Beldam, beldame,(બેલ્'ડમ્'-ડેમ્)*n.*An old woman:ડોશી;ડોસલી.**2.**An ugly old woman; a hag:કુબજા;ડાકણ;શાકણ.

Be-lecture, (બીલેક્'ટ્યૂર્)*vi.* To vex with lectures:ભાષણો કરી કંટાળો આપવો.

Belesp-rit,(બેલેસ્પ્રી') *pl.* **beauxesprits,**(બોઝેસ્પ્રી)*n.*A man of wit:અક્કલબાજ;હાજર જવાબી.

Belfry,(બેલ્'ફ્રી)*n.*A moveable tower erected by besiegers:ઘેરો ઘાલવા અને બચાવ કરવા લશ્કરમાં રાખેલો છૂટો બુરજ.**2.**A belltower in a church:દેવળમાં ઘંટ રાખવાનો બુરજ-ઘુમટ.

Beli-al,(બી'લિઍલ્)*n.*An evil spirit:ભૂત;પિશાચ; સેતાન;અધર્મી.A worthless:છેક નકામો.

Be-lie,(બીલાઈ)*vt.* To show to be false:જુઠું-ખોટું પાડવું;જુઠું છે એમ સાબીત કo. **2.** To give a false account of:જુઠું કહેવું.**3.**To slander:જુઠી નિંદા કo;બદબોઈ કo.**4.**To counterfeit;to mimic: નકલ કo;ચાળા પાડવા.

Be-lief,(બીલીફ્')*n.* **1.** Opinion:મતિ;માન્યતા;બુદ્ધિ.**2.**Conviction:ભરોસો;પતીજ;વિશ્વાસ.**3.**Faith: આકીન;શ્રદ્ધા;ભાવ.**4.**Doctrine;creed;tenet:ધર્મ; પંથ;મત;માર્ગ.

Be-lieve,(બીલીવ્') *vt.* To regard as true;to place confidence in:સત્ય માનવું-જાણવું; વિશ્વાસ-ઈતબાર રાખવો;માનવું.*vi.*To have a firm persuation:શ્રદ્ધા-આકીન-ભાવ રાખવો. **2.** To think;to suppose:ધારવું;માનવું.

Be-liever,(બીલીવ્'અર્)*n.*One who believes: માનનાર;શ્રદ્ધાવાન;ભાવિક.**2.**(*a*)One who believes in the scriptures,as revelation from God: શાસ્ત્ર ઇશ્વરોક્ત છે એમ માનનાર;આસ્તિક.(*b*)A professor of Christianity:ખ્રિસ્તી ધર્મ માનનાર.

Be-like,(બીલાઈક્')*adv.*Probably; it is likely; perhaps:ઘણું ખરું કરીને;કદાચ;કદાચિત,

Bell,(બેલ્)*n.*A hollow metallic vessel which gives a ringing sound:ઘંટ;ઘંટડી.**2.**Anything in the form of a bell:ઘંટાકાર વસ્તુ;*To lose the* **b.**:હારવું.*vi.* To bellow:બરાડવું. **2.** To grow in the form of a bell:ઘંટાકારે ઉગવું.

Belle,(બેલ્)*n.*[L. *bellus,* fine.]A young lady of superior beauty & much admired:રૂપાળી-છેલ છબીલી-અલબેલી-ફાંકડી સ્ત્રી;રંભા;પ્રમદા.

Belles-let-tres, (બેલ્લેટ્ર્) *pl. n.* Polite or elegant literature:સાક્ષર વિદ્યા; અલંકાર શાસ્ત્ર.

Bell-found-er,(બેલ્'ફાઉન્ડર્)*n.*A man whose occupation is to cast bells:ઘંટ બનાવનાર.

Bel-liger-ent, (બેલિજ્'અરેન્ટ્) *n.* [L. *bellum,* war & *gero,*I wage.]Waging war:લડાઇ-સંગ્રામ-યુદ્ધ મચાવનાર-કરનાર. **2.** Tending to war: લડાઈ કરાવે તેવું. *n* Nation or power carrying on war:લડાઈ ચલાવનાર પ્રજા-રાજ્ય.

Bell-met-al,(બૅલ્'મેટલ્) *n.* Alloy of copper & tin,used for making bell: કાંસું.

Bellow,(બેલ્લો)*vi.* To make a loud noise as an enraged bull:બરાડવું;તડુકવું. **2.**To clamor: આરડવું;બુમ પાડવી.**3.**To roar:ઘોંઘાટ-ઘુઘુ કo;ઘુઘવવું; સુસવાટા લેવા.*n.*A loud outcry: ઘુઘવાટ; ગર્જના.

Bellows,(બેલ્'લોઝ્)*n.* *Sing* & *pl.*[A.S.*bælg,* belly,bag.] An instrument or supplying the pipes with wind:ધમણ;ધમની. [દોરડું.

Bell-pull,(બેલ્પુલ્)*n.*A bell cord:ઘંટ વગાડવાનું

Bell-weth-er, (બેલ્'વેધર) *n.* A sheep which leads a flock:ઘંટવાળો મેંઢો; આગેવાન ઘેટો.

Belly,(બેલ્'લિ)*n.*The abdomen:પેટ; ઉદર;કોઠો;જઠર.**2.**The womb:ગર્ભસ્થાન;ગર્ભાશય;કુખ. **3.**The part of anything which resembles human belly in protuberance:પેટની માફક કોઇપણ ચીજનો આગળ પડતો-ઉપસેલો ભાગ.*vi.*To swell and become protuberant like the belly: ઉપસવું; ફુલવું.*To pinch one's* **b.**:પેટ બાળવું.

Belly-band,(બેલ્લિબૅન્ડ્)*n.*A band that fastens the saddle of a horse:ઘોડાનો તંગ.

Belly-ful,(બેલ્'લિફુલ્)*a.*As much as fills the belly or satisfies the appetite:પેટપુર;ધરાઇને. **2.**More than enough:પુષ્કળ;હદ ઉપરાત.

Be-long,(બીલૉન્ગ્')*vi.*To be the property of;

to appertain:-નું હોવું;તાબામાં હોવું. 2. To be a part of or connected with:-નો ભાગ હોવો;હદમાં હોવું. 3. To be native to or to have a legal residence: -ના રહેવાસી-રહીશ-વતની હોવું. 4. To be the proper business of:-નું કામ હોવું.

Be-loved,(બીલવ્'ડ્,બીલવ્'એડ્)*a.*Greatly loved;dear to the heart:વાહાલું;પ્યારું;જીવજાન;પ્રિય.

Be-low,(બીલો')*prep.*Beneath;under in place: તળે;નીચે. 2. Inferior to:હલકું; ઉતરતુ. 3. Unworthy:અયોગ્ય;નાલાયક;અઘટિત. *adv.* In a lower place;beneath:હેઠળ;નીચે.2.On the earth as opposed to the heavens:પૃથ્વીપર; આ લોકમાં;ઇહલોકમાં.3.In hell:નરકમાં.

Belt,(બેલ્ટ્)*n.* [L. *balteus,*border.] A band;a girdle:પટો;પાટો;બંધ;કંદોરો;કમરબંધ; મેખલા. 2. That which restrains like a girdle: પટાની માફક જે કંઇ બંધમાં રાખે તે;મર્યાદા;હદ.3. One of the zones which surround the planets Jupiter & Saturn:બૃહસ્પતિ તથા શનિની આસપાસ આવેલો કટિબંધ.4. A narrow passage or strait:સામુદ્રધુની;નહેર.

Be-mire,(બીમાઈર્')*vt.*To drag in the mire or dirt:કીચડમાં રગદોળવું-ખરડવું

Be-moan,(બીમોન્)*vt.*To lament:શોક-ખેદ કo.

Bench,(બેન્ચ્)*n.*A long seat:પાટલી;બાંક.2.The seat of justice:ન્યાયાસન;ધર્માસન. 3. The persons who sit as judges;the court: ન્યાયાધીશ; કોર્ટ;ઇનસાફદાર.

Bend,(બેન્ડ્)*vt.*To curve:વાંકુ કo-વાળવું;મરડવું.2. To direct:તરફ વાળવું-ફેરવવું.3.To exert;to apply:ઘણી મહેનત કo;લગાડવું;ચોંટાડવું.4.To subdue: તાબે-આધીન કo;કબજે રાખવું.5.To fasten,as one rope to another:સંધાડવું;બાંધવું;જોડવું.*vi.*To jut; to overhang;to bow:નીકળી આવવું; ઝઝુમી રહેવું; વાંકુવળવું.2. To be inclined:નો નિશ્ચય કરી બેસવું; વલણ હોવું;ને ચડવું-વળવું.3.To bow in prayer:નમવું.*n.*A curve: વાંક; વંટ;ખાંચો.2.A knot: ગાંઠ.

Beneath,(બીનીથ્')*prep.*Lower in place with something on:નીચે.2.Uder,as from the effect of pressure:દટાયલું;તળિયે;તળે.3.Unbecoming:હલકું;ઉતરતું;અયોગ્ય;અઘટિત;અણછાજતું. *adv.* In a lower place:તળે;નીચે.

Ben-e-diction,(બેનીડિક્શન્)*n.*[L.*bene,*well & *dico,*I say.]Act of blessing: આશીર્વાદ દેવો તે. 2.Expression of gratitude;a blessing: આશીર્વચન;આશીર્વાદ;દુવા;આશીષ;ધન્યવાદ.3.A short prayer:પ્રભુની સ્તુતિ.

Ben-e-dictive,(બેનીડિક્ટ્'ઇવ્)*a.*Giving a blessing: દુવા દે એવું;આશીર્વાદાત્મક.

Ben-e-dictory,(બેનીડિક્'ટોરિ)*a.* Expressing wishes for good:શુભ વાચક;માંગલિક.**B** *stanza:* નાંદિશ્લોક.

Ben-e-factor,(બેનીફેક્ટ'ર)*n.*One who confers a benefit, especially,a charitable one:કલ્યાણકર્તા;પરગજુ;પરોપકારી;દાતાર.

Bene-fice,(બેનઈફિસ્)*n.*An advantage;benefit::લાભ;ઉપકાર;બક્ષીસ.2.An ecclesiastical living:ધર્માદાય;પુરોહિત વૃત્તિ.

Be-nefi-cence,(બેનેફ્'ઇસેન્સ્)*n.*Active goodness;kindness or charity:પરોપકાર;દયા;સખાવત; લોકોપકાર;પાડ;હીત.

Be-nefi-cent,(બેનેફ્'ઇસેન્ટ્)*a.* Doing good; performing acts of charity:ઉપકારશીલ;ઉપકારી; દયાળુ;કૃપાળું;હિતકર-કારી; હિતાવહ.

Ben-e-ficial,(બેનીફિ'શલ્)*a.* Useful;profitable:ગુણકારી;ઉપયોગી;લાભકારી;હિતાવહ;કલ્યાણકારક; સુખપ્રદ.

Ben-e-fici-a-ry,(બેનીફિ'શિઅરિ)*a.* Holding some office in subordination to another: પરાધીન;પરતંત્ર;માંડલિક. *n.*1. One who holds a benefice &uses its proceeds:ઉપાધ્યાય;પુરોહિત;કોઈ ધર્મ સ્થાનનો સેવક; પુજારો. 2. One who is maintained by charity:ઉપકારજીવી;દાનાશ્રયી.

Bene-fit,(બેન્'ઇફિટ્)*n.*Advantage;profit:લાભ;ફાયદો;ફળ;હિત;હાંસલ;ગુણ.2. For some public charity: ધર્માદામાં જેની પેદાશ આપી હોય તેવો નાટ્યપ્રયોગ.*For public* b.:સાર્વજનિક લાભાર્થે;પ્રજાર્થે. *v.t.* To be useful; to do good to:હિત-સારુ-કલ્યાણ કo. *vi.*To gain advantage: લાભ મળવો.

Be-nevo-lence,(બીનેવ્'ઑલેન્સ્)*n.* [L.*bene,* well&*volo,*I wish.]Good will;kindness:ઉદારતા;ભલાઈ;દયા;પરમાર્થબુદ્ધિ. 2. Good done; charity given:પરોપકાર.

Be-nevo-lent,(બીનેવ્'ઑલેન્ટ્)*a.* Possessing love to mankind;kind:દયાળુ;પરોપકારી;ભલું;પરગજુ.

Be-nign,(બીનાઈન્')*a.*[L.*bonus,*good & *genus,* kind or race.]Gracious; generous; favourable:કૃપાળું;માયાળુ;દયાળુ;અનુકુળ;પરોપકારી.2.Manifesting kindness:ઉદાર;સખી;દાતાર. 3. Wholesome:ગુણકારી;રોગહારી;સૌમ્ય;હિતાવહ;સાત્વિક.

Be-nigni-ty,(બીનિગ્'નિટિ)*n.*[L.*benignus,* kind.]Goodness;kindness:કૃપા; મહેરબાની;પ્રીતિ;અનુગ્રહ;દયા.2.Salubrity:આરોગ્યજનકતા.

Bent,(બેન્ટ્)*pp.a.*Curved;crooked:વાંકુ;વક્ર;વળેલું.*n.*Curvity;flexure:વાંક;વક્રતા;મરડાટ.2.Slope: ઢાળ;ઢોળાવ.3.Propensity;inclination:વલણ;ઈચ્છા;રૂખ;ઝોક. [coarse grass:ડાભ;દર્ભ.

Bent,Bent-grass,(બેન્ટ્,બેન્ટ્'ગ્રૅસ્)*n.*A kind of

Be-numb,(બીનમ્')*vt.* To stupefy; to make torpid:ઝેર મારી જવું;જડ-મંદ કo-થી થઈ જવું;જડ્ડ પડી જવું. [having a fragrant odor:લોબાન.

Ben-zoin,(બેનઝો'ઇન)*n.*A resinous substance,

Be-queath,(બીક્વીધ્')*vt.*To give or leave by will: વારસામાં આપવું-મુકી જવું,-થી વારસો આપવો.

To hand down;to transmit:વારસામાં આપવું; પેઢી ઉતાર ક૦.

Bequest,(બીક્વેસ્ટ્')*n.*Legacy:વારસો;વસિયત.

Be-reave,(બીરીવ્')*vt.*To deprive:નિરાધાર ક૦; છીનવી લેવું; રહિત-વિનાનું ક૦. 2. To take away from:માંથી-પાસેથી લઇ લેવું.

Be-reavement,(બીરીવ્'મેન્ટ્)*n.*Deprivation: છીનવી લેવું તે;હાનિ;નાશ; મરણથી થએલો વિયોગ.

Berry,(બેરિ)*n.* 1. A small fruit containing seeds:ઠળીયાવાળું બોર જેવું નાનું ફળ.2.A mound: ટેકરો;ટેકરી.*In* b.:ઇંડાથી ગાભણું.*vi.* To bear or produce berries:બોર જેવાંફળ લાગવાં.2.To impregnate with eggs:ગાભણું ક૦.

Berth,(બર્થ)*n.*1.The place where a ship lies at anchor:વહાણ લંગરવાનીજગ્યા.2.A place in a ship to sleep: વહાણમાં સુવાનો ઓરડો. 3. Official situation:હોદ્દો;નોકરી; જગો.*vt.*To give an anchorage to:વહાણ લંગારવું.2.To allow or furnish berths to:વહાણમાં સુવાનો ઓરડો આપવો-પુરો પાડવો.

Beryle,(બેર્'ઇલ્)*n.*[L.*beryllus.*]A mineral of great hardness;aqua-marine:નીલમણી;પિરોજો.

Be-seech,(બીસીચ્')*vt.*To implore:વિનંતિ-અરજ-આજીજી ક૦. 2.To solicit;to beg:યાચના ક૦; વિનંતિ કરી માગવું.

Be-seem,(બીસીમ્')*vt.*To befit:છાજવું;ઘટવું;શોભવું.

Be-seemly,(બીસીમ્'લિ)*ad.*Fit;suitable;becoming:લાયક;ઘટતું;છાજતું;યોગ્ય;મુનાસબ; લાજમ.

Be-set, (બીસેટ્')*vt.*To set or place on,in or round:જડવું;બેસાડવું.2.To waylay;to besiege: ઘેરો ઘાલવો; આંતરવું;ઘેરી લેવું. 3. To perplex;to harass:ગુંચવવું;અકળાવવું;અમુઝાવવું.

Be-shrew,(બીશ્રૂ')*vt.*To execrate:શ્રાપ દેવો.

Be-shrouded.(બીશ્રાઉડ્'એડ્)*a.*Covered with a shroud:કફન ઓરાડેલું;કફનીવાળું.

Be-side,(બીસાઇડ્')*prep.*At the side of;at one side of:પાસે;જોડે; પડખે;બાજુએ; સોડે. 2. Aside from;out of: આડું; બહાર; વિનાનું. 3. Over & above: ઉપરાંત; સિવાય. To *be* b.*one's self*: ઘેલું થવું;અક્કલ-ભાન જવું-ઠેકાણે નહીં હોવું.

Be-side,Be-sides,(બીસાઇડ્' બીસાઇડ્ઝ્) *adv.* Moreover;in addition:વળી;બીજું; સિવાય.

Be-sides, (બીસાઇડ્ઝ્)*prep.*Over & above; in addition to:ઉપરાંત.સિવાય;વિશેષમાં.

Be-siege,(બીસીજ્')*vt.* To beset;to blockup: ઘેરો ઘાલવો;ઘેરવું.

Be-smear,(બીસ્મીર્')*vt.*To soil:લપટવું;ખરડવું.

Be-som,(બી'ઝમ્)*n.*A broom:સાવરણી;સાવરણો; ઝાડુ;બુહારી.*vt.*To sweep,as with a broom:ઝાડુ કાઢવું;વાળવું;સાફ કરવું;પુંજો-કચરો કાઢવો.

Be-sotted' (બીસૉટેડ્)*a.*Stupified;infatuated: છકેલ;છાકટું;ગાંડું;મુઢ.

Be-spangle,(બીસ્પેન્ગ્'ગલ્)*vt.*To adorn with spangles:ચાંદ્લા-ટપકીઓથી શણગારવું.

Be-spatter,(બીસ્પૅટ્'ટર્)*vt.* To sprinkle with dirt,or water & dirt:કાદવથી ખરડવું-છાંટી ભરવું. 2.To asperse with reproach:નિંદા કરવી;ભાંડવું.

Be-speak, (બીસ્પીક્') *vt.* To speak before hand:અગાઉથી નક્કી કરી-કહી રાખી મૂકવું.2.Foretell: અગાઉથી સૂચવવું-સૂચના આપવી. 3. To speak;to address: પ્રત્યે બોલવું-કહેવું. 4. To indicate by external marks:જણાવવું; માલમ પાડવું;કહી આપવું.

Be-sprinkle, (બીસ્પ્રિન્ગ્'ક્લ્) *vt.* To sprinkle over;to scatter over:છાંટવું;રેડવું;સિંચવું;છંટકાવ ક૦.

Best,(બેસ્ટ)*a.*(*Superl.*of *good.*) Most good: ઉત્તમ; શ્રેષ્ઠ;સૌથી સારું;સરસ;બેશ.2.Most advanced;most complete:આગળ પડેલું;સૌથી પ્રવીણ;સંપૂર્ણ; (in comp.)વર્ય;વર;રત્ન.*n.*Utmost;highest endeavour:બને તેટલું;યથાશક્તિ. *At* b.*or at the* b.:છેવટ;આખરે:સમગ્ર રીત્યે જોતાં.*To make the* b. *of*: ઘણુંજ સુધારવું; સારો નફો થાય તેવો ઉપયોગ ક૦. *For* b.:છેવટે; આખરે; હમેશાને માટે. *adv.* To the highest degree:બહુજ; ઘણુંજ;અત્યંત. 2. Most thoroughly:સંપૂર્ણ રીતે;ઘણુંજ.

Besti-al,(બેસ્'ટિઅલ્)*a.*Pertaining to or having the quality of a beast:પશુ જેવું;અતિ મલિન.

Bes-ti-ali-ty,(બેસ્ટિઍલ્'ઇટિ)*n.*Brutism:પશુ સરખી રીતભાત.2.Unnatural connection with a beast:પશુ સાથે સંભોગ;સૃષ્ટિક્રમવિરૂદ્ધ મૈથુન.

Be-stir, (બીસ્ટર્') *vt.* To put into vigorous actions:જાગ્રત-સાવધાન ક૦;હોશિયાર થઇ જવું.

Be-stow,(બીસ્ટો') *vi.* To lay up in store:સંઘરવું;એકઠું ક૦;રાખી મુકવું.2.To use;to apply: ઉપયોગ ક૦;વાપરવું;લગાડવું. 3. To give;to confer: આપવું; બક્ષવું; અર્પણ-સમર્પણ ક૦. 4. To give in marriage:પરણાવવું; લગ્ન કરવાંદેવું.

Be-stow-al,(બીસ્ટો'ઍલ્)*n.*Disposal:અર્પણ;દાન.

Be-stowment,(બીસ્ટો'મેન્ટ્)*n.*A bestowal:અર્પણ;દાન.2.Donation:બક્ષીસ;દાન;ઈનામ.

Be-strew,(બીસ્ટ્રૂ')*vt.*To sprinkle:વેરવું;નાંખવું.

Be-stride,(બીસ્ટ્રાઇડ્')*vt.* To stride over:ઘોડા પલંગી બેસવું.2.To step over:ઓળંગવું;કુદીને જવું.

Bet,(બેટ્)*n.* That which is pledged or staked;wager:હડપ;હોડમાં મુકેલી વસ્તુ;હોડ;શરત; પણ. *vt.*To wager: શરત કરવી-બકવી; હોડ મારવી-બકવી.

Be-take,(બીટેક્')*vt.* To apply; to resort:આશ્રય લેવો;મન લગાડવું;કરવા માડવું.

Betel, (બી'ટ્લ્) *n.* A species of pepper the leaves of which are chewed with betelnut: નાગરવેલ;પાનનો વેલો. **B.***leaf*: પાન.

Betel-nut,(બી'ટ્લ્નટ્)*n.*The nut of the areca palm:સોપારી;પુંગીફલ.

Be-think,(બીથિન્ક્')*vt.* To recollect:યાદ ક૦-લાવવું;સંભારવું.*vi.*To think;to consider:યાદ લા

વવું; સાંભરવું.

Be-tide,(બીટાઈડ્)*vt.*To befall:ગુજરવું;આવી પડવું; *vi.*To happen:બનવું;થવું;ગુજરવું.

Be-times,(બીટાઈમ્ઝ્')*adv.* Seasonably: ટાંકણાસર;વખતસર;બરોબર વખતે;અણીને વખતે.2.Soon: વહેલું;જલદી;સત્વર.

Be-token,(બીટો'કન્)*vt.*To show by signs:સૂચના આપવી;-થી જણાવું-દેખાવું. 2. To foreshow by present signs:ભવિષ્ય સૂચવવું.

Be-tray, (બીટ્રે')*vt.* [L. *trado*,I give up.] To give up treacherously or faithlessly:વિશ્વાસઘાતથી-દગાથી સોંપી દેવું-હવાલે-સ્વાધીન ક૦.2. To violate the confidence of: વિશ્વાસઘાત ક૦; વિશ્વાસ તોડવો.3.To disclose or discover:ઉઘાડું પાડવું;કહી દેવું. 4. To show or indicate: ઉપરથી દેખાવું-જણાવું;કહી આપવું.5.To deceive: છેતરવું.

Be-trayal, (બીટ્રે'ઍલ્)*n.* Act of betraying: વિશ્વાસઘાત;દગો; છેહ.

Be-troth,(બીટ્રોથ્')*vt.*To affiance: વિવાહ-વેવિશાળ-ચાંલ્લો કરવો.2.To spouse:સાથે પરણવું.

Be-trothal,(બીટ્રોથ્'ઍલ્)*n.* Act of betrothing:લગ્ન; વિવાહ.

Better,(બેટ્'ટર્)*a. Compar.*of good.Having good qualities in a greater degree:વધારે સરસ-સારું.2. Preferable:પસંદ કરવા જોગ;ચઢિયાતું. 3. Improved in health:સારું-સાજું થયેલું. **B.** *half*, is an expression used to designate one's wife:પ્રિયા;અર્ધાંગના;સ્ત્રી;ધણીયાણી. *To be better off*:વધારે સારી હાલતમાં હોવું;સુખી હોવું.*adv.* (*compar. of well*)In a more excellent manner: ઉત્તમ-ચઢતી-સરસ રીતે; વધારે ચતુરાઇથી. 2. More correctly:વધારે સારી-શુદ્ધ રીતે.*n.* (*Pl.*) Superiors:ઉપરી;વડીલ.*vt.*To improve; meliorate:સુધારવું;ચઢિયાતું ક૦.2.To surpass in excellence:ચઢવું;વધવું;ચઢીયાતું થવું.

Better, (બેટ્'ટર્) *n.* One who bets or lays a wager:સરત મારનાર-બકનાર.

Be-tween,(બીટ્વીન્')*n. prep.* In the middle: માંયે;વચ્ચે. 2. From one to another:-માં;-ની વચ્ચે. 3. Having mutual relation: માંહે માંહે; અંદર અંદર.

Be-twixt,(બીટ્વિક્સ્ટ્)*prep.* [See **between.** [Between:વચ્ચે.

Bever-age, (બેવ્'અરેજ્)*n.* [L. *bibo*,I drink.] Liquid for drinking: પીવાનો દારૂ; શરબત.

Bevy, (બેવ્'ઇ)*n.*A flock of birds:પક્ષીનું ટોળું. 2. A collection of persons; especially of ladies:ટોળું;મંડળ;જથો;સ્ત્રીવૃંદ.

Be-wail, (બીવેલ્')*vt.*To lament:શોક-ખેદ-વિલાપ કરવો.*vi.*To express grief:દિલગીર-ઉદાસ થવું

Be-ware,(બીવેર્)*vi.*To be cautious;to take heed:સાવધ-હોશિયાર-સાવચેત રહેવું;-થી દૂર રહેવું.

Be-wilder, (બીવિલ્'ડર્) *vt.* To perplex; to puzzle: ગુંચવવું; વ્યાકુળ-બ્હાવરૂં બનાવવું.

Be-wilder-ment, (બીવિલ્'ડર્મેન્ટ્)*n.*State of being bewildered;confusion:ગભરાટ; ગુંચવણ.

Be-witch, (બીવિચ્')*vt.*To affect by witchcraft or sorcery: મોહ પમાડવો; વશીકરણ ક૦.2.To charm;to fascinate; જાદુ-કામણ ક૦.

Be-witching,(બીવિચ્'ઇંગ્)*a.* Charming:મનોહર;કામણગારૂં;મોહક.

Be-yond,(બીયૉન્ડ્')*prep*& *adv.*On the further side of:પેલીમેર-તરફ.2.Before:આગળ;અગાડી.3. Out of reach of;past:પાર;ઉપરાંત;વગરનું.4.In a degree exceeding or surpassing:કરતાં-ચઢિયાતું-અધિક.

Bezoar, (બી'ઝોર્)*n.* A calculous concretion found in the stomach of certain animals, formerly regarded as antidote to poison: કેટલાક પ્રાણીના પેટમાં થતો પથરા જેવો પદાર્થ;ઝેર ઉતારનાર ઔષધ; સાપનો મ્હોરો.

Bi-angu-lar, (બાઈઍન્ગ્'યૂલર્)*a.*[L.*bis* & *angulus*,a corner.] Having two angles:દ્વિકોણ.

Bias, (બાઈ'ઍસ્)*n.*1.Inclination; prepossession:વલણ;ઇચ્છા;પક્ષપાત;તરફદારી; ભાવ. 2.A wedgeshaped piece of cloth:લુગડાની કળી. *adv.* Crosswise;diagonally:આડું;ત્રાંસું;વાંકું. *vt.*To prepossess: તરફદારી કરાવવી;મન ફેરવવું.

Bibber,(બિબ્'અર્)*n.* A man given to drinking:છાકટો;દારૂડિયો;દારૂબાજ.

Bible, (બાઈ'બલ્)*n.*[Gr.*biblos*,a book.]A sacred book containing the principles of Christian faith;Scriptures:ખ્રિસ્તિ ધર્મ પુસ્તક-શાસ્ત્ર;બાઇબલ.

Bibler,(બિબ્'લર્)*n.*A great drinker:દારૂડિયો.

Biblic-al, (બિબ્'લિકૅલ્)*a.* Pertaining to the Bible:ખ્રીસ્તિ ધર્મશાસ્ત્રનું;બાઇબલનુ.

Bib-li-ogra-phy, (બિબ્લિઑગ્'રફિ)*n.* [Gr. *biblos*,a book & *grapho*,I write.]A history of literature:પુસ્તકોનું વર્ણન;પુસ્તક વિદ્યા.

Bibl-ist,(બાઈ'બ્લિસ્ટ્)*n.*One who makes the scriptures the sole rule of faith:ખ્રીસ્તી ધર્મ-પર ખરું આકીન રાખનાર.2.One who is conversant with Bible:બાઇબલમાં પ્રવીણ.

Bibu-lous, (બિબ્'યૂલસ્)*a.* [L. *bibo*,I drink.] Spongy:શોષક;ચુસી લે તેવું;જલશોષક.

Bi-cipit-al,-ous,(બાઇસિપ્'ઇટૅલ્-ટસ્)*a.*[L.*bis*, twice & *caput*,the head.]Having two heads: બેમાથાં-ડોકાંવાળું. 2.Having two origins, as,a muscle:બે સ્થાન-મૂળ-ઉત્પત્તિવાળું.

Bicker,(બિક્'અર્)*vi.* To qarrel;to contend in words:કજીઓ કરવો;ટંટો-કંકાસ થવો;ટપાટપી ક૦.2. To move quickly:ધ્રુજવું; હાલવું; ડોલવું.

Bicker-ing. (બિક્'અરિંગ્)*p. n.* Quarrelling: કજીયો;લડાઇ; ટંટો; કલહ.

Bid,(બિડ્)*vt.*To offer to pay;to propose:કહેવું; માગણી કરવી. (*at an auction.*)2.To declare as a wish:જણાવવું;આપવું;ઇચ્છા જણાવવી. *To* **b.***good morning, farewell,*&c.:જતી કે જુદા પડતી વખત આશીર્વચન કહેવાં;છેલ્લી સલામ ક૦.3. To order;to command:હુકમ-આજ્ઞા ક૦;ફરમાવવું.4.To invite; to call in:નિમંત્રણ ક૦; બોલાવવું.*n.*An offer of a price (at auction):માગણી.

Bidder, (બિડ્'અર્) *n.* One who bids:માગનાર.

Bidding,(બિડ્' ઈન્ગ્)*n.*Command;offer;proposal of a price;invitation:હુકમ;આજ્ઞા;આમંત્રણ;નિમંત્રણ;ન્હોતરું;માગણી.

Bide,(બાઇડ્)*vi.*To inhabit: વસવું; રહેવું.*vt.* To remain firm under; to suffer:ટકવું; ખમવું; નભવું.2 To wait for:વાટ-રાહ જોવી.

Bi-dental,(બાઇડેન્'ટલ્-ટેલ્)*a.*[L.*bis*,twice & *dentis*,a tooth.]Having two teeth:બે દાંતવાળું;દ્વિદંતી.

Bi-det,(બીડેટ')*n.*A small horse:ટટ્ટુ; વછેરો.

Bi-enni-al,(બાઇએન્'નિઅલ્)*a.*[L.*bis*,twice & *annus*,year.]Happening once in two years: દ્વિવાર્ષિક; બબે વર્ષે થતું. 2. Continuing for two years:બે વર્ષ સુધી જીવનાર-રહેનાર-ચાલનાર.

Bier,(બીર્) *n.* A carriage;a frame of wood to carry dead bodies to grave:મુડદાં સ્મશાનમાં લેઈ જવાની ખાટલી; ઠાઠડી.

Biestings,Beestings,(બીસ્ટ્-ઈન્ગ્ઝ્) *n. pl.* The first milk given by a cow after calving:ગાયનું ખરેટું.

Bi-fari-ous,(બાઇફે'રિઅસ્)*a.*[L.*bis*,twice, & *fari*,to speak.] Two fold; arranged in two rows:બેવડું; બેહારમાં.2. Pointing two ways: દોપટ; બે તરફનું. [દુપટ;બમણું.

Bifold,(બાઇ'ફોલ્ડ્) *a.* Twofold;double:બેવડું;

Biformed,(બાઇ'ફોર્મ્ડ્)*a.*[L.*bis*,twice&*forma*, shape.]Having two forms,bodies or shape: દ્વીરૂપ;બેવડા આકારનું; દ્વિવિધ; દ્વિગુણ.

Bi-furcate-ed,(બાઇફર્'કેટ્-ટેડ્)*a.*Forked; divided into two branches:બે શાખા-પાંખાવાળું.

Big,(બિગ્)*a.*Large;great;bulky:મોટું; જાડું;ભારે. 2.(*a*)Pregnant:બે જીવ; દહાડાવાળી; ગર્ભવતી. (*b*) Full:ભરપુર;ભરેલું. [જવ.

Big-gg,(બિગ્)*n.*A kind of barley:એક જાતના

Biga-mist,(બિગ્'અમિસ્ટ્) *n.* [L.*bis*,twice & Gr.*gamos*,marriage.]One who has two wives or husbands at one time:બેવડુ કે વર કરનાર;બે પત્નીનો વર,બે પતિની પત્ની.

Biga-my,(બિગ'અમિ)*n.*The crime of having two wives or husbands at a time:બે વર-વહુ કરવા તે.

Bigot,(બિગ્ઑટ્)*n.* One unreasonably wedded to a particular religious creed, opinion,practice or ritual;a devotee:ધર્માન્ધ પુરૂષ;સ્વમતાગ્રહી;ધર્મચુસ્ત; મતાંધ.

Bigot-ed,(બિગ્'ઑ ટેડ્)*a.*Obstinately&blindly attached to some creed,opinion practice or ritual:દુરાગ્રહી; ધર્માન્ધ; સ્વમતાગ્રહી.

Bigot-ry,(બિગ્'ઑટ્રિ) *n.* Perverse or blind attachment to a particular creed; excessive zeal:ધર્માન્ધપણું;દુરાગ્રહ;સ્વમતાગ્રહ;મતાભિમાન.

Bi-jou,(બીઝ્હૂ')*a.*[L.*bis*, twice&*jeco*,I jest] A trinket;a jewel:દાગીનો;ઝવેર.[તરવાર; બિછવો.

Bilbo,(બિલ્'બો) *n.* A rapier:એક જાતની લાંબી

Bile,(બાઇલ્) *n.*[L.*bilis.*]A yellow greenish, bitter nauseous fluid secreted by the liver: પિત્ત.2.Bitterness of feeling:ચીઢીઓ સ્વભાવ.

Bilge,(બિલ્જ્)*n.*The protuberant part of a cask:પીપનું પેટ-નો વચલો જાડો ભાગ2. The broadest part of a ship's bottom or floor:વહાણના તળિયાનો ઉપસેલો ભાગ. *vt.*To suffer a fracture in the bilge:વહાણને તળિયે ગાબડું પાડવું.

Bilge-wa-ter,(બિલ્જ્'વૉટર્)*n.*Water which enters a ship &lies upon her bilge:ગાબડાથી વહાણમાં આવેલું પાણી.

Bi-lingual,-ar,(બાઇલિન્ગ્'ગ્વેલ્-અર્) *a.* [L. *bis*,twice&*lingua*,,tongue.]Containing two languages: દ્વભાષી;બે ભાષાનું.

Bili-ous,(બિલ્'ઇઅસ્) *a.* [L.*bilis*,the bile.] Pertaining to the bile:પિત્તવાળું-સંબંધિ.

Bilk,(બિલ્ક્)*vt.* To frustrate or disappoint: નાઉમેદ ક૦;ઠગવું.

Bill,(બિલ્)*n.*The beak of a fowl:પક્ષીની ચાંચ.*vt.*To join bills:ચાંચે ચાંચ મેળવવી.2.To caress in fondness:લાડ કરવાં-લડાવવાં.

Bill,(બિલ્)*n.* A curved cutting instrument with a handle:દાતરડું;*hedge* **b.**:ધારિયું.

Bill, (બિલ્)*n.*[L.*bulla*,anything rounded.]A declaration in writing:વાદીની અરજી;ઈકરાર.2. A security for money:નાણાં બદલ આપેલી હામી;હુંડી.3.A proposed or projected law:નવા કાયદાનો ખરડો-મુસદ્દો;બીલ.4.An account of goods sold or delivered or work done:બીલ; ભરતિયું.5. Any paper containing a statement of particulars:વિગતવાર યાદી;ટીપ;લેખ;તપસીલ.**B.***of divorce*: ફારગતી; તલાકનામું; છુટાછેડા. **B.***of exchange*:હુંડી.**B.***at sight*:દર્શની હુંડી; તરત મુદતની હુંડી.**B.***of lading*:વહાણમાં ચઢાવેલા માલની વહાણવાળાની સહી સાથેની પહોંચ. **B.** *of sale*: વેચાણનો કબાલો;વેચાણખત;બાનાખત.

Billet;(બિલ્'લેટ્) *n.* A short letter:ચીઠ્ઠી; ટિકેટ. *vi.* To direct by a ticket where to lodge: સિપાઇઓને મુકામ જણાવવો.

Billet,(બિલ્'લેટ્)*n.*A small stick:નાની લાકડી.

Bil-let-doux,(બિલ્લેડૂ')*n.***Billot,**&[L.*dulcis*,

sweet.]A love note or letter:પ્રીતિપત્ર;પ્રેમપત્ર.

Billi-ards,(બિલ્'યર્ડ્ઝ) *n.*A game played on a table:મેજ ઉપર રમવાની દડા લાકડીની રમત.

Billion,(બિલ્'યૅાન્) *n.* According to French method,a thousand millions,1,000,000,000; according to English method, a million of millions:1000,000,000,000:મહાપદ્મ. *Ten* b. s:શંકુ. A *hundred* b.s:જલધિ. *A thousand* b. s:અંત્ય.*Ten thousand* b.s: મધ્ય. *A hundred thousand* b.s:પરાર્ધ.

Billow,(બિલ્'લો)*n.*A great wave or surge of the sea:મોટું મોજું; હોડો;પૂર.*vi.*To rise and roll in large waves:મોજાં આવવાં.

Billow-y,(બિ'લ્લોઇ)*a.*Turgid:તરંગ-છોળવાળું.

Bi-me-tallic,(બાઇમેટૅલ્'ઇક્)*a.*Of or relating to,or using a double metallic standard for a system of coins or currency:બેધાતુનાં નાણાં પ્રચલિત હોય તેવું-સંબંધી.

Bin,(બિન્)*n.*[L. *benna,*a kind of carriage.] A box or inclosed place used as a repository of any commodity:કોઠાર;કોઠી.

Bina-ry,(બાઇ'નરિ)*a.*[L.*bini,*two&two.]Compounded of two; two-fold:બે; બેવડું;દ્વિગુણ.

Binate,(બાઇ'નેટ્)*a.*[L.*bini,*two&two.]Growing in pairs:જોડએ ઉગતું;સાથે ફુટતું.

Bind,(બાઇન્ડ્)*vt.*To tie to-gether:બાંધવું;જકડી લેવું.2.To confine or hold by physical force or influence of any kind:બાંધવું;પકડી રાખવું.3. To prevent or restrain from customary or natural action:બંધ-કબજે કo;-થી કબજે રહેવું;મ-ભાવરોધ કo. 4. To protect or strengthen by a band or border:મુગજી-કોર મુકવી. 5. To sew or fasten together:બાંધવું;શીવવું.6.To oblige, restrain or hold:વચન કે બીજા કરારથી બાંધવું-કબજે રાખવું.*vi.*To grow hard or stiff:કઠણ થવું.2.To be restrained from motion: બંધ-અટકી પડવું. 3 To be obligatory:બંધક-ફરજીઆત રહેવું-હોવું.

Binder,(બાઇન્ડ'અર્)*n.*A person who binds: બાંધનાર.2.A bandage:પાટો;બંધ;દોરી;પટી.

Binding,(બાઇન્ડ્'ઇન્ગ્)*a.*Obligatory:બંધનકારક;અગત્યનું;ફરજિયાત. *n.* The act of fastening with a band:પાટો બાંધવો તે.2. Bandage; the cover of a book; something that secures the edge of cloth from raveling: બંધ;પાટો; ચોપડીનું પુઠું;બાંધણી;મગજી;કોર.

Bino-cle,(બાઇ'નોકલ્)*n* [L.*bini,*two & two, & *oculus,*eye.]A kind of telescope:દુરબીન.

Bi-nocu-lar, (બાઇનોક્'યુલર્) *a.* Having two eyes:બે આંખવાળું;દ્વિનેત્ર. 2. With or pertaining to both eyes:બે આંખ સંબંધિ.

Bi-nomi-al,(બાઇનો'મિઍલ્)*n.*[L.*bis,*twice & *nomen,*a name.] An expression consisting of two terms connected by the sign plus or minus: ઓછા કે વધાની નિશાનીથી જોડાયલા બે પદ;દ્વિપદ.*a.*Consisting of two terms:દ્વિપાદ.2. Having two names:બે નામવાળું.

Bio-dy-namics,(બાઇઑડિનૅમ"ઇક્સ્)*n.*(*Biol*) The doctrine of vital forces or energy:પ્રાણિમિમાંસા;ચેતનાશક્તિવાદ.

Bi-ograph, (બાઇઑગ્'રૅફ)*n.* A machine, in which the pictures present a living spectacle:ચિત્રોને સજીવ દર્શાવનારી પેટી.

Bi-ogra-pher,(બાઇઑગ્'રૅફર)*a.*A writer of lives:જન્મવૃતાંત-ચરિત્ર લખનાર;ચરિત્ર કવિ.

Bi-o-graphic,-al,(બાઇઑગ્રૅફ્'ઇક્-ક્લ્)*a.*Pertaining to biography:જન્મચરિત્ર સંબંધિ-વાળું.

Bi-ogra-phy,(બાઇઑગ્'રૅફિ)*n.*[Gr.*bios,* life & *grapho,*I write.] The history of the life & character of a particular person:જન્મવૃત્તાન્ત. 2.Biographical writings in general:ચરિત્રલેખ;વર્ણન;નિરૂપણ;આખ્યાન.

Bi-olo-gy,(બાઇઑલ'ઑજિ)*n.* [Gr.*bios,* life & *logos,*discourse.]The science of life:પ્રાણીધર્મ ગુણવિદ્યા.

Biped,(બાઇ'પેડ્)*n.*[L.*bis,*twice & *pes,pedis,*a foot.]An animal having two feet:બે પગુપ્રાણી.

Biped,Biped-al,(બાઇ'પેડ્-ડૅલ)*a.*Having two feet:બે પગુ;દ્વિપદી.

Bi-quadrate,(બાઇક્વૅાડ્'રેટ્)*n.*[L.*bis,*twice & *quatuor,* four.] The fourth power arising from the multiplication of a square number or quantity by itself:વર્ગનો વર્ગ;ચતુર્ઘાત.

Birch,(બર્ચ્)*n.*A tree of several species:એક જાતનું ઝાડ;ભોજપત્ર.

Bird,(બર્ડ્) *n.* A feathered flying animal: પક્ષી; પંખી; ખેચર. **B.** s. *of the same feataer*: એક તળાવનાં પાણી;એક માળાના મણકા.

Bird-catch-er, (બર્ડ્'કૅચર)*n.* Fowler:વાઘરી.

Bird-eyed, (બર્ડ્'આઇડ્)*a.*Quicksighted:બારિક નજરનું-વાળું.

Bird's-eye,(બર્ડ્ઝ્'આઇ)*a.*General; not minute or entering into details:ઉપલક;ઉપર ચોટિયું.

Birth,(બર્થ્)*n.*The act of coming into life or of being born:જન્મ;અવતાર;સંભવ;ઉત્પત્તિ. *Blind from* b.:જન્માંધ. *Rich from* b.:ગર્ભેશ્વર;ગર્ભશ્રીમંત.2.Lineage;descent:કુળ;વંશ;ખાનદાન;કુલીનતા.3.Natural state or position:જન્મસ્થિતિ; જન્માવસ્થા. 4.The act of bringing forth:પ્રસવ. 5.Origin;beginning:ઉત્પત્તિ;આરંભ;મૂળ.

Birth-day, (બર્થ્'ડે)*n.*The day on which a person is born:જન્મ તિથિનો દિવસ.2.The anniversary of one's birth:જન્મ-વર્ષગાંઠ;સાલગિરી.

Birthplace, (બર્થ્'પ્લેસ)*n.*The town,city or country in which a person is born:જન્મભુ-

મિ;વતન;સ્વદેશ.

Biscuit,(બિસ્'કેટ્)*n.*[L.*bis*,& *coctus*,cooked.] A kind of unfermented bread,baked hard: એક જાતની રોટલી;બીસ્કુટ.2.A kind of earthen ware:એક જાતનું માટીનું વાસણ.

Bi-sect, (બાઇસેક્ટ્')*vt.* [L. *bis*,twice & *seco*,I cut.]To cut or divide into two parts:બે સરખા ભાગ કરવા.

Bi-section,(બાઇસેક્'શન્)*n.*The act of cutting into two equal parts:દુભાગવું તે;દ્વિધાકરણ.

Bishop, (બિશ'અપ્) *n.* A spiritual superintendent or ruler:ઉપરી; ધર્માધ્યક્ષ.

Bishop-ric,(બિશ્'અપ્રિક્)*n.*The district over which the jurisdiction of a bishop extends: ધર્માધ્યક્ષના તાબાનો પ્રદેશ.2.Office of a bishop: ધર્માધ્યક્ષનો હોદ્દો.

Bison,(બાઇ'સૉન્)*n.*[L. *bison*,a wild.] (*Zool.*) A wild buffalo: રાની પાડો.

Bis-sextile,(બિસ્સેક્સ્'ટાઇલ)*n.*[L.*bis* & *sextus*, the sixth.] Leap year:જે વર્ષમાં ફેબ્રુઆરીમાં ૨૯ દિવસ આવે છે તે વર્ષ.

Bit, (બિટ્) *n.* The iron part of bridle to which the reins are fastened:લગામનું ચોકડું.*vi.* To put the bit in the mouth of:ચાકડું ચઢાવવું; લગામ ઘાલવી-ચઢાવવી.

Bit, (બિટ્) *imp.* & *pp.* of **bite.**

Bit, (બિટ્)*n.*1.A mouthful:a morsel;hence, a small piece of any thing;a little;a mite:કોળિયો;બુકો;ગ્રાસ;કટકો;ટુકડો. *Not a* **b.**:જરીએ નહિ. **B.***by* **b.**:કકડે કકડે; વિગતવાર.

Bitch,(બિચ્)*n.*The female of the canine kind as of dog, wolf & fox:કુતરી; વરુ વિ૦ ની માદા.

Bite, (બાઈટ્)*vt.*To seize with the teeth: કરડવું; બચકુ લેવું-ભરવું.2.To cheat;to trick:ઠગવું;છેતરવું. 3 To cause sharp pain,or smarting to:ઝાટકો લગાડવો; ઝમઝમાટ કરવો;-થી ચચરવું. 4. To take hold of:વળગી રહેવું;ચોંટવું. 5.To reproach with sarcasm:દુઃખ લાગે તેવું કહેવું; મેણું મારવું;ઠપકો દેવો. *n.* The act of seizing with the teeth or mouth:બચકું;લોથરૂ. 2. The wound made by the teeth or something analogous:ડંખ; દંશ. 3.A morsel;mouthful:કોળિયો;બુકો.4.A cheat, a trick:ઠગાઈ;કાવતરૂ;દગો. 5.Sharper:ઠગ;ગંઠીઓ.

Bitmouth,(બિટ્'માઉથ્)*n.*The bit or that part of a bridle which is put in a horse's mouth:ચોકડું;લગામ.

Bitter,(બિટ્'ટર્)*a.* Having a peculiar acrid, biting taste:કડવું;કડવું વિખ. 2.Piercing taste: તીવ્ર;સખત;કડકડતી. 3.Calamitous:દુઃખદાયક;વેદના કારક. 4.Harsh;stern:કઠણ;નિર્દય. 5. Mournful: શોક જનક. [sorrowfully:બહુજ;પોકેપોક;છાતી ફાટ.

Bitter-ly, (બિટ્'ટર્લિ)*adv.*In a bitter manner

Brew,(બ્રૂ)*vt.* To boil or seethe: ઉકાળવું; ઉના પાણીમાં બાફવું.2.To prepare,as a liquor:જવનો કે બીજી ચીજનો દારૂ ગાળવો-બનાવવો.3.To contrive; to plot:રચવું;તરકટક૦;ઘાટ ઘડવો;યોજવું.*vi.*To perform the business of brewing: ઉકાળવાનું કામ ક૦.2.To be forming or gathering:તૈયારી હોવી-થવી;થવા માંડવું.

Brewage (બ્રૂ'એજ્)*n.* Malt liquor:જવનો દારૂ.

Brewer-y,(બ્રૂ'અરિ)*n.*A brew house:દારૂની ભઠ્ઠી.

Bribe,(બ્રાઈબ્)*n.*Illegal gratification:લાંચ;રૂશવત.*n.*Allurement:લાલચ.*vt.*(*a*)To give or promise a reward or consideration to prevent the judgment or corrupt the conduct:લાંચ-રૂશવત આપવી.(*b*)To hire for bad purpose:નીચ કામને માટે રાખવું.2.To gain by a bribe:રૂશવત આપી તરફેણમાં આણવું.

Briber-y,(બ્રાઈબ્'અરિ)*n.*The practice of giving or taking rewards for corrupt practices:રૂશવત આપવા લેવાનો ચાલ;લાંચખોરી;લાંચલુચ.

Brick,(બ્રિક્)*n.*A hard body of clay & sand: ઇંટ.2.A kind of loaf of the shape of a brick: ઇંટના આકારનો રોટલો-પાંઉ. *vt.* To lay or pave with bricks:ઇંટથી ચણવું;ચોરસાં જડવાં.

Brick-bat,(બ્રિક્'-બૅટ્)*n.*A piece or fragment of a brick:રોડું;ઇંટાળો.

Brick-kiln,(બ્રિક્'-કિલ્ન)*n.*A furnace in which bricks are burnt:ઇંટ પકવવાની ભઠ્ઠી;ઈંટવાડો.

Brick-lay-er,(બ્રિક્'લેઅર)*n.* A mason:કડીઓ.

Brick-mak-er,(બ્રિક્'મેકર્)*n.*One who makes bricks:ઈંટ પાડનાર;દલવાડી;કુંભાર.

Bridal,(બ્રાઈડ્'અલ્)*a.*Nuptial: કન્યા-લગ્ન સંબંધિ;વૈવાહિક;વિવાહ યોગ્ય.*n.* The nuptial festivity;marriage:લગ્ન;વિવાહોત્સવ;લગ્નોત્સવ;લગ્નકાર્ય.

Bride, (બ્રાઈડ્)*n.*A woman recently married: વહુ;તરત પરણેલી સ્ત્રી;નવોઢા;વધુ;કન્યા. 2. Woman espoused or contracted to be married:કન્યા.

Bride-groom, (બ્રાઈડ્'ગ્રૂમ) *n.* A man newly married or about to be married:વરરાજા;વર.

Bride-s-maid, (બ્રાઇડ્-ઝ્'-મેડ્) *n.* A woman who attends a bride at her wedding: કન્યા તરફની સ્ત્રી;માંડવિયેણ.

Bride-well,(બ્રાઇડ્'વેલ્)*n.* A house of correction for the confinement of disorderly persons:બંદિખાનું;કેદખાનું.

Bridge, (બ્રિજ્)*n.*A structure raised over a river or other water course:પૂલ; સેતુ; ધરણ. *Wooden* **b.**:લક્કડપૂલ. 2. The small arch at right angles to the string of a violin, &c.: ઘોડી;ખીટી;ટેકી. **B.** *of the nose*:નાકની દાંડી. *Draw* **b.**,*swing* **b.**:ખેંચી લેવાય એવો પૂલ. *Suspension*

b.:ઝુલતો પૂલ;ઝોલા પૂલ. vt.To build a bridge over:ઉપર પૂલ બાંધવો. *To b.over a difficulty*: હરકત-અડચણ દૂર ક૦.

Bridle,(બ્રાઇ'ડલ્)n.An instrument with which a horse is governed:લગામ;રશ્મિ.2.A restraint;a curb:અંકુશ;દાબ;અટકાવ;લગામ.vt.To put a bridle upon:લગામ ચઢાવવી.2.To curb: દાબ-અંકુશમાં-કબજે-રાખવું. vi.To hold up the head as an expression of pride:ગર્વમાં માથુ ઉંચુ ક૦.

Brief,(બ્રીફ્)a.[L.*brevis*,short.]Short in duration:ટુંકું;સ્વલ્પ; ક્ષણિક. 2. Concise:સંક્ષિપ્ત;પરિમિત;ટુંકું.3.Common: સાધારણ;ચાલુ. n.An epitome:ટુંકું પત્ર;સાર;સંક્ષેપ.2.(a)An abridgment of a client's case made for the instruction of counsel on a trial:મુકદ્દમાનો સંક્ષિપ્ત હેવાલ-બ્રીફ. (b) A writ summoning a man to answer to any action:કોઈ કામમાં જવાબ આપવા કાઢેલો સમન;હુકમ.vt. To make an abstract: ટુંકી નોંધ ઉતારવી.

Brier,(બ્રાઇ'અર્)n. A prickly shrub: કાંટાવાળો છોડ.2.(*Bot.*)Species of rose:જંગલી ગુલાબ.

Brier-y,(બ્રાઇ'અરિ)a.Thorny:કાંટાવાળું;કંટકાવૃત.

Brig,(બ્રિગ્)n.(Abbrev.of **brigantine**) A vessel with two masts:બેડોલવાળું વહાણ.

Bri-gade,(બ્રિગેડ્')n.(*Mil.*)A body of troops whether,cavalry, artillery or infantry commanded by a brigadier-general:લશ્કરની મોટી ટુકડી.

Brig-a-dier-gener-al,(બ્રિગેડીર્"-જનરૅલ્)n. (*Mil.*) An officer, commanding a brigade: બ્રીગેડનો સરદાર;ચમૂપતિ.

Brigand,(બ્રીગ્'એન્ડ્)n.A robber;plunderer; a freebooter:લુંટારો;પિંઢારો;ચોર;ધાડપાડુ.

Brigand-age,(બ્રિગ્'એન્ડેજ્)n.Theft;robbery;plunder:લુંટ;ચોરી;ધાડ.

Bright,(બ્રાઇટ્)a.Shining;luminous;splendid: ચળકતું;ભભકાદાર;ઝગઝગતું;ઉજ્વળ;ચકચકિત;તેજસ્વી. 2.Clear;transparent:સ્વચ્છ;નિર્મળ;નીતરેલું; શુદ્ધ. 3.Glorious;illustrious:મનોહર;નામીચું; વિખ્યાત;પ્રસિદ્ધ;નામાંકિત.4.Active:હોંશીઆર; ચપળ;ચાલાક;તીવ્ર.5.Clear; evident:સ્પષ્ટ; ખુલ્લું; સાફ. 6. Promising good: શુભ-કલ્યાણ-લાભ દર્શક-સૂચક.

Brighten,(બ્રાઇટ'ન્)vt.To make to shine;to increase the lustre of: ઉજ્વળ-તેજસ્વી-ચકચકિત -ચળકતું ક૦.2.To make illustrious:પ્રખ્યાત-નામિચું-પ્રતાપી-નામાંકિત ક૦.3.To make cheerful: આનંદી-હસમુખુ-ઉલ્લાસિ-ખુશીમય ક૦. 4.To make acute or witty: હોંશીઆર-તીવ્ર-ચાલાક-ચપળ ક૦. vi.To grow bright:ઉજેશવાળુ-ખુલ્લું થવું.

Brightness,(બ્રાઇટ્નેસ્)n.Splendor; lustre; brilliancy: તેજ;પ્રભા; કાન્તિ; ઉજેશ; ઝગે; તેજી. 2. Sharpness of wit:તીક્ષ્ણ બુદ્ધિ;ઝીણી નજર;તીવ્રતા.

Brilliance-y,(બ્રિલ્'યૅન્સ્-સિ)n.Splendor;glitter:ભભકો;ચળકાટ;પ્રતાપ;તેજ;ઉજેશ;ઝગે;પાણી.

Brilliant,(બ્રિલ્યૅન્ટ્)a.[L.*beryllus*,a precious stone of a seagreen color.]Sparkling with luster;glittering:ચળકતું;ઝગઝગતું; ભભકાદાર. 2. Illustrious:પ્રતાપી;તેજસ્વી;પ્રખ્યાત.n.A diamond of the finest cut:ઘણા પાણીવાળો-તેજદાર હીરો.

Brim,(બ્રિમ્)n.The border of any vessel or other thing:કાનો;કોર;કાંઠો;માથું.2.The edge or margin:કાંઠો;તીર;કિનારો.vt.To fill to the brim or top:કાના સુધી ભરવું;છલોછલ ભરવું. vi.To be full to the brim:કાના સુધી ભરેલું-છલોછલ હોવું.

Brimful,(બ્રિમ્'ફુલ્)a.Full to the top;completely full:ટોકાટોક; છલોછલ;પરિપૂર્ણ;કાંઠોકાંઠ;ભરપુર.

Brimstone,(બ્રિમ્'સ્ટોન્)n.Sulphur:ગંધક. a. Made of,or pertaining to brimstone:ગંધકનું બનેલું;ગંધકનું.as b.*matches*: ગંધકની દીવાસળીઓ.

Brinded-dled,(બ્રિન્ડ્'એડ્-ન્'ડલ્ડ)a.Variegated:કાબરચિતરૂ;અટાપટાદાર;પચરંગી;છાંટીદાર.

Brine,(બ્રાઇન્)n.Water saturated with salt: ખારૂં પાણી.2.The ocean;sea:દરિયો;સમુદ્ર;સાગર. 3.Tears so called from their saltness:આંસું. vt.To steep the brine: ખારાપાણીમાં બોળવું. To mix salt with:મીઠું ચઢાવવું.

Brine-pan,(બ્રાઇન્'-પૅન્)n.A pit of salt water where,by the action of the sun,salt is formed by crystallization:મીઠાનો અગર.

Bring,(બ્રિન્ગ્)vt.To fetch:લાવવું;આણવું. 2.To procure:મેળવવું;પ્રાપ્ત થવું.3. To induce;to prevail on:લલચાવવું;સમજાવવું. 4. To convey; to carry:લેઇ જવું;ખસેડવું.*To* b.*about*:સાધવું;પાર ઉતારવું.*To* b.*down*: હલકુ પાડવું;ગર્વ ઉતારવો; માન ખંડન ક૦.*To* b.*forth*:જન્મ આપવો;જણવું;નિપજવું. *To* b.*off*:લઈ જવું;છોડવવું;નસાડવું.*To* b.*on*,(a) શરૂ ક૦;માંડવું.(b)ઉત્પન્ન ક૦;પેદાથવું;આવવું. *To* b. *out*:પકડવું;ખોળી કાઢવું. *To* b.*over*: તરફ લઈ લેવું; પક્ષમાં ખેંચી લેવું; ફોડવું. *To* b.*round*:સાજું-સાજું કરવું;તબીયત ઠેકાણે લાવવી.*To* b.*to*:સાવચેત ક૦;શુદ્ધિમાં લાવવું.*To* b.*under*:તાબે-વશ ક૦.*To* b.*up*: પાલણ પોષણ ક૦;ઉછેરવું; કેળવણી આપવી;શિખવવું. *To* b.*home to*: સાબેત ક૦; નક્કી નિર્ણય-કરવો-તોડનિકાલ ક૦;ખુલાસો માગવો.*To* b.*to light*:ઉઘાડા પાડવું;જણાઈ આવવું;ખુલ્લા થવું-ક૦.

Brinjal, (બ્રિન્'જેલ્) a. The egg-plant & its point:વંત્તાકડી;રીંગણી;વંત્તાક;બેંગણ;રીંગણાં.

Brink,(બ્રિન્ક્)n. Verge; border:કોર;ધાર;કિનારો.

Briny, (બ્રાઇન્'ઈ)a. Pertaining to the brine or to the sea:મીઠાના પાણીનું;દરિયાનું;ખારૂં.

Brisk,(બ્રિસ્ક્)a.Full of liveliness & activity; agile:ચપળ;ચંચળ;ખુશમિજાજી.2. Full of spirit or life:તેજ;જલદ.vt. To make lively; to animate:ચપળ-ચંચળ ક૦;સ્ફુરતા આણવી.*To* b. *up*,to

grow lively:ચાલાક-ચપળ-રંગીલા થવું.

Brisket,(બ્રિસ્‌'કેટ્‌)*n*. The breast of an animal:છાતી;ઉરઃસ્થળ.

Briskness,(બ્રિ'સ્કનેસ્‌)*n*.Liveliness;vivacity: ચાલાકી;ચપળતા;ખુશમિજાજ;રંગીલીઆરી.

Bristle,(બ્રિસ્‌'લ્‌)*n*.A short,stiff,coarse hair: ભંડ-ડુક્કરના વાળ 2.A species of pubescence on plants in the form of a stiff,roundish hair: છોડ ઉપર એક જાતના ઉગતા સુંવાળા વાળ; રૂંવાટી. *vt*. To erect the bristles of:વાળ ઉભા-ટટ્ટાર કo.

British,(બ્રિટ્‌'ઇશ્‌)*a*.Pertaining to great Britain or its inhabitants: ગ્રેટબ્રિટનનું-ના રહેવાસીઓનું;અંગ્રેજી.

Briton,(બ્રિટ્‌'ઑન્‌)*n*.A native of Britain:અંગ્રેજ.

Brittle,(બ્રિટ્‌'લ્‌)*a*.Easily broken;fragile; not tough:બરડ;તકલાદી; કાચવું; ભંગુર.

Brittle-ness,(બ્રિટ્‌'લનેસ્‌)*n*.Fragility:બરડપણું.

Broach,(બ્રોચ્‌)*n*.1.An awl; a bodkin:આરી;ટંચણું;સોયો.2. A tool of steel for smoothing or enlarging holes in metal: મારગ મારવાની શારડી.2.A rod of tough,pliant wood,sharpened at both ends:શંકુ;બંન્ને છેડે અણીદાર લાકડી.*vt*.To pierce as with a spit:શારવું; ભોંચવું. 2.To tap;to let out:મ્હોં છોડવું;કાઢવું.3.To open for the first time:ખોલવું;ઉઘાડવું.4.To make public; to give out:પ્રકટ કo;બહાર પાડવું.

Broad,(બ્રૉડ્‌)*a*.Wide:પહોળું;વિશાળ;વિસ્તીર્ણ.2. Spread abroad;open:ખુલ્લું; ઉઘડેલું; વિસ્તૃત. 3. Extended;comprehensive:બધાને લાગુ પડે તેવું;વ્યાપક B.*compliment*:વિનયહીન અભિવંદન. B. *nonsense*:હડહડતી મૂર્ખાઇ.

Broad-axe,(બ્રૉડ્‌-ઍકસ્‌) *n*. A military weapon:ફરશી.2.An axe with a broad edge for hewing timber:કુહાડો;કુહાડી.

Broad-cloth,(બ્રૉડ્‌'ક્લૉથ્‌) *n*.A kind of broad woolen cloth:બનાત.

Broad-gauge,(બ્રૉડ્‌-ગેજ્‌)*n* A wide distance between the rails on a railway:પહોળું માપ.

Broad-sword,(બ્રૉડ્‌-સૉર્ડ્‌) *n*. A sword with a broad blade:પહોળા પાનાની તરવાર.

Broaden,(બ્રૉડન્‌)*vi*. To grow broad:પથરાવું; પહોળું-મોટું થવું.*vt*. To render more comprehensive:પહોળું કo; વિશેષ સ્પષ્ટ-ખુલાસાભરેલું કરવું.

Bro-cade,(બ્રોકેડ્‌)*n*.Silk stuff wrought with gold & silver threads:કિનખાબ.

Bro-caded,(બ્રોકેડ્‌'એડ્‌)*a*.Woven or worked, as brocade, with gold & silver: કિનખાબનું; જરીનું; કસબી. 2. Dressed in brocade: કસબી પોશાક પેહેરેલું.

Brochure, (બ્રોશૂર્‌')*n*.A pamphlet:ચોપાનિયું.

Broil, (બ્રૉઇલ્‌)*n*.A tumult;contention:કજીયો; ટંટો;અણબનાવ;કલહ. *vt*. To dress or cook by direct exposure to heat over coals:શેકવું;ભુંજવું. *vi*.To sweat with heat:તપવું;બફાઇમરવું.

Broken,(બ્રોક'ન્‌)*p.a*.Made in fragments:ભાંગેલું;ફૂટેલું;તુટેલું. 2.Made weak;infirm:દુબળું પડેલું;કમજોર;દેવાળું કાઢેલું. 3. Subdued;humbled; contrite:વશ કરેલું;અતિદીન; શોકાતુર.

Broken-hearted, (બ્રોક્‌'ન્‌-હાર્ટેડ્‌) *a*. Having the spirits depressed with grief or despair નિરાશ;દિલગિર;શોકમાં ગરક થએલું. [સરખું-નહિ.

Broken-ness,(બ્રોક્‌'નનેસ્‌)*n*.Unevenness:તુટ;

Broker, (બ્રોકર્‌) *n*. An agent:દલાલ; આડતિયો; મારફતિયો. 2.A pimp;a procurer:ભડવો;કુટણો.

Broker-age,(બ્રો'કરેજ્‌) *n*. The business of a broker:દલાલનો ધંધો;દલાલું;આડત;મારફત.2.Fee or commission charged by a broker:દલાલી; હકસાઈ;દસ્તુરી.

Bromide, (બ્રોમાઇડ્‌)*n*. A compound of bromine with a more positwe radical: ધાતુની ભસ્મનું તથા બ્રમનું સંમેલન;બ્રોમાઇડ્‌.

Bronchial,(બ્રૉન્‌ગ્‌'કિઍલ્‌) *a*.[Gr. *brong-chos*, the windpipe.]Belonging to ramifications of the lungs:કંઠમાંની નળીયોનું-સંબંધિ.

Bronchitis, (બ્રૉન્‌કાઇ'ટિસ્‌) *n*. An inflamation of any part of brochial membrane:કંઠનીનળીયોનો સોજો.

Bronze, (બ્રૉન્‌ઝ્‌)*n*.An alloy of copper,tin,& zinc:કાંસુ. 2.A statue or other work of art cast in bronze:કાંસાની મૂર્ત્તિ કે બીજી ચિજ. 2.A brown color:ભૂરોરંગ.4.Boldness;impudence: ઉદ્ધતાઇ;તોછડાઈ;નિર્લજતા. *vt*.To make brown:કાંસાના રંગનું-ભૂરૂ કo.2.To brazen:કઠણ-વજ્રસરખુંકo.

Brood, (બ્રૂડ્‌)*vi*. To sit over & cover eggs for warming & hatching the young:સેવવું;નું સેવન કo.2.To sit quietly:શાન્તચુપકીથી બેસવું.3. To have the mind uninterruptedly dwell a long time on one subject:અમુક બાબત મનમા ઘોળાયા કo-નો વિચાર આવ્યાં કo *vt*.To sit over cover & cherish:સેવવું.*n*.Offspring;progeny: સંતાન;છોકરાં;ઓલાદ;પ્રજા. 2.Product:ફાલ;નિપજ. 3.A hatch:એકવેતરનાં ફાલના બચ્ચાં.

Brook, (બ્રુક્‌)*n*.A rivulet:વહેળીયું;ઝરો;નાળું.

Brook, (બ્રુક્‌) *vt*. To bear; to endure:ખમવું; સહેવું; સાંખવું;સહન કo.

Broom,(બ્રૂમ્‌)*n*.A genus of leguminous plants: શીંગવાળો એક જાતનો છોડ. 2. A besom or brush with a long handle for sweeping floors:સાવરણી; કરાંટો; ઝાડું.

Broth,(બ્રૉથ્‌)*n*.Liquor in which flesh or anything is boiled & macerated:માંસની કઢી;સેરવો. *Many cooks spoil a* b.:સાત સુયાણીએ વેતર વંઠે.

Brothel, (બ્રૉથ્‌એલ્‌)*n*.A house of lewdness;a bawdy-house:વેશ્યા-કસબણ-રાંડનું ઘર: ખાંજરૂ.

Brother, (બ્ર'ધ્રુઅર)*n. pl.***brothers,** or **brethren** (in solemn style.) [L. *frater*,a brother.] One born of the same parent with another:ભાઈ;બંધવ;સહોદર.2.An associate:બંધુ;મિત્ર;સોબતી.3.One that resembles another in manners or traits of character:ભાઇ. *vt.* To call or treat as a brother: ભાઇ કo;ભાઇબંધુ સમાન ગણવું.

Brother-hood,(બ'ધઅર્-હુડ્)*n.*The state of being a brother:ભ્રાતૃત્વ;ભ્રાતૃભાવ. 2.An association for any purpose; fraternity:મંડળી; સમાજ.3.A class of individuals or the same kind, profession or occupation:એકજાતના ધંધાના માણસ; જોડે બેસનાર.

Brother-in-law, (બ્રધ્અર્-ઇન-લૉ)*n.*The elder brother of a husband:જેઠ.His younger brother:દિયેર. Wife's brother:સાળો. A sister's husband:બનેવી.

Brotherly, (બ્રધ'અર્લિ) *a.* Pertaining to brothers; kind; affectionate: ભાઇનું; ભાઇના જેવું; માયાળુ;સ્નેહશીલ;મમતાળુ.

Brougham,(બ્રું'અમ્ or બ્રૂમ)*n.*A two or four wheeled single or double carriage for general use:બે કે ચાર પૈડાંની ઘોડા ગાડી; બ્રૂમ.

Brow, (બ્રાઉ)*n.*The prominent ridge over the eye with hairs on it:ભમ્મર;ભ્રકુટી;ભવું.2.The forehead:કપાળ;લલાટ;ભાલ. 3.The general air of the countenance:મ્હોંના મ્હેરાનો સામાન્ય દેખાવ; મુખમુદ્રા.4.The edge of a steep place:કોર;ધાર; કાંઠો.*To knit the* b.s,:આંખો કાઢવી;ભવાં ચઢાવવાં; ગુસ્સે થવું.*vt.*To bound;to limit:સીમા-હદબાંધવી.

Brow-beat, (બ્રાઉ'બીટ્)*vt.* To depress with haughty looks or arrogant speech:દબડાવવું; સપડાવવું;ડોળા કાઢી બોલવું. [રમું;નિર્લજ;નફટ.

Browless, (બ્રાઉ'લેસ્)*a.* Without shame:બેશ-

Brown, (બ્રાઉન્)*a.*Dusky:શામળું;ભુરું;બદામી.*vt.* To make brown or dusky:ભુરું-તપખિરીયા કo.

Brownish,(બ્રાઉન્'ઇશ્)*a.* Somewhat brown: ભુરાશ પડતું.

Brown-study, (બ્રાઉન્-સ્ટડિ) *n.* A state of mental abstraction:સમાધિ;નિરર્થકધ્યાન.

Browser,(બ્રાઉ'ઝ્અર્)*n.*An animal that browses:ભાજીપાલો ખાનાર જનાવર.

Bruin, (બ્રુઇન્)*n.*A bear:રીછ.

Bruise,(બ્રૂઝ્)*vt.*To injure or crush,as by collision of,or against,a solid body:કચરવું;ખાંડવું;છુંદવું;વાટવું;-નો ચૂરો કo.2.To box:મુક્કા મુક્કી કo; ટોસાટોસી કo. *n.* An injury to the flesh:સોળ; ચાંમઠું;ચાઠું;ઢીમચું;ચાંઠું;ઉઝરડો.

Brumal, (બ્રૂ'મૅલ્)*a.* [L. *bruma*, winter.] Belonging to the winter:શિયાળું;શિયાળાનું-સંબંધિ.

Brunette, (બ્રૂનેટ્')*n.*[Fr.]A woman with a brown or dark complexion:શ્યામ-ઘઉંવર્ણીસ્ત્રી. કજુડા રંગની સ્ત્રી.

Brunt, (બ્રન્ટ્) *n.* The utmost violence of an onset;the strength of any contention:ઝપાટો;જોર;જોસ.2.A collision:ધક્કો;આંચકો.3.A sudden contact or engagement:ઝપાઝપી;તડાકો;ધક્કો.

Brush,(બ્રશ)*n.*An instrument composed of bristles or other like materials used for clearing dust:કુચડો-ડી;બ્રશ;કલમ;પિંછી. 2.Branches of trees lopped off:ઝાડવાં;કાપેલી ડાળીયો. 3.A thicket of shrubs:ખાંટવાં;ઝુંગાં. 4. A skirmish:ન્હાની લડાઇ;ઝપાઝપી.*vt.*To rub,clear, paint,&c.,with a brush:કુચડાથી સાફ કo;રંગ દેવો.2.To touch in passing:અડકવું;ઘસાઈને જવું. *vi.*To move nimbly in haste:ચપચપ ચાલ્યા જવું.

Brush-wood,(બ્રશ'-વુડ્)*n.*A thicket or coppice of small trees or shrubs: ઝાડી;ઝાડવાં.2. Small branches of trees cut off:કાપેલી-મોરેલી ઝાડની ડાળીયો; ક્ષાં. [બચડું;ગુચ્છાદાર.

Brushy,(બ્રશઈ)*a.*Rough;shaggy:બ્રશ જેવું;ખર-

Brusque, (બ્રૂસ્ક્)*a.*Rude;blunt:જંગલી;અસભ્ય; તોછડું; ઉતાવળું.

Brutal, (બ્રૂટ્'અલ્)*a.* Pertaining to a brute: પશુનું-સબંધિ;as,b.*nature*:પશુવૃત્તિ 2. Savage; cruel:પશુના જેવું;જંગલી;નિર્દય;ઘાતકી;નિષ્ઠુર.

Bru-ta-lity,(બ્રૂટ્'ઍલિટિ)*n.*Quality of being brutal;inhumanity:પશુધર્મ;પશુપણું;નિર્દયતા;ક્રૂરતા.

Brutal-ize,(બ્રૂટ્'ઍલાઇઝ્)*vt.*To make brutal, churlish or inhuman:જંગલી-નિર્દય કo.

Brute, (બ્રૂટ્)*a.*[L.*brutus*, stupid.] Senseless; unconscious:જડ;અચેતન.2.Not possessing reason;irraional: અજ્ઞાન; ઢોરસરખું. 3. Unintelligent:જડબુદ્ધિનું;જનાવર જેવું.4.Bestial:પશુ-જનાવર સરખું;જાનવરી.5.Rough;uncivilized:અસભ્ય;જંગલી;મૂર્ખ.*n.*A beast:હેવાન;પશુ;જનાવર.2. A brutal person;an unfeeling man: પશુ જેવું ઘાતકી-અસભ્ય માણસ;દુરાચારી;કમેંચંડાળ;દૈત્ય;ખવીસ.

Brutish,(બ્રૂટ્'ઇશ્)*a.* Savage;cruel;unfeeling; stupid:પશુનું-ના સમાન;જડ;મૂર્ખ;અજ્ઞાન;ક્રૂર;ઘાતકી.

Brutism, (બ્રૂટ્'ઇઝ્મ્) *n.* Extreme stupidity: પશુપણું;ક્રૂરતા;નિર્દય-અજ્ઞાનતા;મૂર્ખતા;જડતા;હેવાનિયત.

Bubble,(બબ્'લ્)*n.* A small vesicle of water or other fluid:પરપોટો. 2. A vain project; a false show;a cheat:અસાર-સ્વપ્નવત્ વસ્તુ;માયા; જાળ; છળ પ્રપંચ. *vi.* To rise in bubbles:પરપોટા થવા. 2. To run with a gurgling noise:ખળખળ વેહેવું.*vt.*To cheat:ઠગવું; છેતરવું. [ઠગ;ધુતારો.

Bubbler,(બબ્'લર્)*n.*One who cheats:ઠગારો;

Bubby,(બબ્'ઇ)*n.*A woman's breast:સ્તન;થાન. 2.A word applied to small boys:ભાઈ;બાબુ; કીકો. [ચાંચિયો.

Buccaneer-nier,(બકૅનીર્')*n.*A pirate:વહા-[ણનો લુટારો;ચાંચિયો.

Buck,(બક્)*n*. The male of the fellow deer: કાળિયાર;હરણ;-of the goat:બકરો; બોકડો;-of the sheep:મેંઢો;ઘેટો.2.A gay,dashing young fellow:ફક્કડ;ફાંકડો;લાલ.

Buck,(બક્)*n*. Lye in which cloth is soaked in the operation of bleaching:કપડું નિખારવાનો ખાર;ખારનું પાણી.2.A wash of clothes:નિખારેલાં કપડાં.*vt*.To sack in lye: ખારમાં નિખારવાં-બોળવાં.

Bucket, (બક્'એટ્) *n*. A vessel for drawing up water:ડોલ;ડોલચી;દોણી;ચંબુ.

Bucket-ful,(બક્'એટ્ફુલ્)*n*.The quantity held by a bucket:ડોલપુર-ભર.

Buckish, (બક્'ઈશ્) *a*. Pertaining to a gay young fellow;foppish:નખરાંબાજ; ઈશ્કી;ફાંકડું.

Buckle (બક્'લ્)*n*.[L. *buccula*,a little cheek or mouth.] An instrument, or metal used for fastening things together: આંકડો. 2. A curl, as of hair:(વાળનો) ગુચ્છો. *vt*. To fasten with a buckle:આંકડી ભેરવવી.

Buckler,(બક્'લર્)*n*.A kind of shield:એક જાતની ઢાલ.

Bud,(બડ્)*n*.An undeveloped branch or flower:અંકુર;ફણગો;કળી.*vi*.To put forth buds:અંકુર-ફણગો-પીલો ફુટવો;કળી બેસવી-આવવી.2.To begin to grow:ખીલવું; વધવું. *vt*. To inoculate, as a plant:(ઝાડને) કલમ કo-સંધાડવું.

Budge,(બજ્)*vt*. To move off; to stir:ખસવું; ચાલવું;હાલવું.

Budgero,(બજેરો)*n*.A large Bengal pleasure-boat:એક જાતની બંગાળી ક્રીડા-સહેલ કરવાનું વહાણ.

Budget,(બજ્'એટ્)*n*.A bag with its contents:ભરેલો થેલો;સંચય;સંગ્રહ. 2.An annual financial statement:ઉપજ ખરચના અડસટ્ટાનો હિસાબ. *To* open *the* b.: કાયદા ઘડનાર સભાને આવક ખરચના અડસટ્ટાનો હિસાબ આપવો.

Buff,(બફ્)*n*. A sort of dressed leather prepared from the skin of the buffalo & other animals:ભેંસ વિગેરેનું સાફ કરેલું ચામડું.2. A military coat made of buff skin: લશ્કરી ડગલો. 3.A color light yellow: આછો રાતો પીળો રંગ. 4.A blow:ઠોંસો. *a*. 1. Of the colour of buff leather:આછા રંગનું.2.Firm:દૃઢ;સ્થિર.

Buffa-lo,(બફ્'ફેલો)*n*. [L.*bos*, *bovis*,an ox.]A species of the genus Bos:પાડો.*Female* b.:ભેંસ.

Buffer, (બફ્'ફર્) *n*. A cushion with strong springs to deaden concussion:રેલ ગાડીને દરેક ખુણે બીજી ગાડીનો ધક્કો જીરવવા રાખેલા ટેકા.

Buffet, (બફ્'ફેટ્)*n*.A cuff:મુક્કો;ઠોંસો.2.A violent force or resistance,as of winds&waves: ઝપાટો.3.A small stool:નાનું સ્ટુલ. *vt*.To box: મુક્કી મારવી.

Buffoon,(બફ્ફૂન્)*n*.A clown;a mimic:વિદુષક; મશ્કરો;ભાંડ.*vt*.To make ridiculous: અણગમું કo.

Buffoon-er-y,(બફ્ફૂ'નઅરિ)*n*.Low jests:મશ્કરી

Bug,(બગ્)*n*.An insect:માંકણ-ડ.

Bugbear,(બગ્'બેર્) *n*. Something frightful: હાઉ;બ્હાઉ;બોઘર. *a*. Causing needless fright: ખાલી બ્હીવડાવવું-ભય આપવું.

Buggy,(બગ્'ઈ)*a*. Abounding with bugs:માંકણથી ભરેલું.*n*.A light one-horse chaise:બગી.

Bugle,(બ્યૂ'ગલ્) *n*. A musical wind instrument used for military music:રણશીંગુ.

Build,(બિલ્ડ્)*vt*.To construct:બાંધવું; ચણવું. *To* b. *castles in the air*: શેખશલ્લીના વિચાર કo. *n*. General figure:બાંધો;બાંધણી.

Builder,(બિલ્ડ્'અર્)*n*. One who builds:કડીઓ.

Building,(બિલ્ડ્'ઈન્ગ્)*n*.The act of constructing:બાંધવાનું કામ.2.The art of constructing edifices:બાંધણી;ઇમારત;ઘર;હવેલી.

Bulb,(બલ્બ્)*n*.[L.*bulbus*.]A spheroidal body growing from a plant below the ground: કંદ.2.A name given to certain parts resembling certain bulbous roots: કાંદાના આકારના શરીરના અવયવ.**B**. *of a tooth*:અવાળુ. **B**. *of the eye*:eye-ball:આંખનો ડોળો.

Bul-bous, (બલ્'બસ્)*a*. Having a bulb:કંદના આકારનું.

Bulbul,(બુલ્બુલ્)*n*. The Persian nightingale: બુલબુલ પક્ષી.

Bulge,(બલ્જ્)*n*.*vi*.To swell:ઉપસી આવવું.2.To bilge, as a ship:-માં ગાબડું પડવું.

Buli-my,(બ્યૂ'લિમિ)*n*. [L.*bulimus*.]A disease in which the patient has a perpetual appetite for food:ઘણી ભુખ ઉઘડે એવો એક જાતનો રોગ. 2.Voracious appetite:રાક્ષસી ભુખ.

Bulk,(બલ્ક્)*n*.Dimension:કદ.2.The principal portion:મુખ્ય ભાગ. 3.The whole cargo of a ship when stowed:વહાણમાં ભરેલો માલ. 4. A projecting part of a building: ઘર કે દુકાનનો આગળ પડતો ભાગ. *Sale by* b.: ઉચ્ચક-વેચાણ. *To break* b.:માલ ઉતારવો.

Bulky,(બલ્ક્'ઈ)*a*.Of great size:મોટું;જંગી.

Bull,(બુલ્)*n*. The male of any bovine quadruped:આખલો.2.Taurus;one of the twelve signs of the zodiac:વૃષભ (રાશિ.)*a*. Of large size (used in comp.):મ્હોટું;ભારે.

Bull,(બુલ્)*n*. [L. *bulla*,a stamp.] The seal & briefs of the pope:પોપના આજ્ઞાપત્ર ઉપર લગાડેલી મહોર છાપ. 2. A letter or edict of the pope:પોપનું આજ્ઞાપત્ર.

Bull-bait-ing,(બુલ્'બેટિન્ગ્)*n*. The practice of exciting bulls with dogs:કુતરાં પાસે આખાને ખિજવવો તે.

Bull-beg-gar,(બુલ્'બેગર્)*n*.Something terrible;a bugbear:બોઘર;હાઉ;બ્હાઉ.

Bull-dog,(બુલ્'ડૉગ્)*n*.A ferocious dog with a large head:એક જાતનો મ્હોટા માથાનો કુતરો.

Bulled,(બુલ્ડ્)*a.*Swollen:સુજેલું.
Bullet,(બુલ્'લેટ્) *n.* [L. *bulla*, a bubble.]A small ball of lead:બંદુકની ગોળી.
Bulle-tin,(બુલ્'લેટિન્)*n.* [Fr.]A brief statement of facts issued by an officer:અમલદાર તરફથી નિકળતું સમાચાર પત્ર;સમાચાર.
Bull-fly-bee, (બુલ્'ફ્લાઇ-બી)*n.* Stinging insect which torments cattle:ડાંસ;બગાઇ.
Bull-head,(બુલ્'હેડ્)*n.*A kind of fish:એક જાતની માછલી.2.A stupid fellow:મૂર્ખ.3.A small black water-insect:નાનું કાળા રંગનું જળચર જંતુ.
Bullion,(બુલ્'યૉન્) *n.* [L *bulla*, a bubble.] Uncoined gold or silver:સોના રૂપાની લગડી.
Bullock,(બુલ્'ઑક્)*n.*An ox or castrated bull બળદ.
Bull's-eye,(બુલ્ઝ્'-આઇ) *n.* An oval wooden block used for connecting rigging: વહાણનાં દોરડાંને ટેકો આપનાર લાકડાનો કડકો. 2. A police man's lantern:ચોર ફાનસ. 3.The centre of a target:નાની ઢાલનું મધ્ય બિંદુ.
Bully,(બુલ્'ઈ)*n.* A quarrelsome person:લડ્કણો.*a.*Jovial;merry: આનંદી; ખુશમિજાજી. *vt.* To insult with noise:ધાંધલ કરી સપડાવવું-અપમાનકo.
Bully-ing,(બુલ્'ઈઈન્ગ્)*n.*The act or behaviour of a bully:ધાંધળ કરી ઉતારી પાડવું તે.
Bulwark,(બુલ્-ઉવર્ક્)*n.*a bastion: બુરજ;કોટ
Bum,(બમ્)*n.*The buttocks: ગાંડ;કુલા.
Bump,(બમ્પ્)*n.* A thump;a heavy blow:મુક્કો; ધપ્પો; ઠોંસો.2.A swelling:ઢીમણું.*vt.*to thump: સાથે અફાળવું. [the brim:છલ્લોછલ ભરેલો પ્યાલો.
Bumper,(બમ્પ્'અર્)*n.*A cuy or glass filled to
Bumpkin,(બમ્પ્'-કિન્)*n.*An awkward,heavy rustic;a clown;a country lout:ગામડીયો.
Bun,(બન્)*n.* A small sweet cake:ચાનકી;પુરી.
Bunch,(બન્શ્)*n.* A hunch;a lump:ખુંધ; ઢેકો. 2. A cluster;a collection:ઝુમખું;લુમ;ભારો.*vi.* To swell out:ખુંધ-ઢેકો નિકળવો.
Bunchy,(બન્શ્'ઇ)*a.* Massy:ઝુમખાદાર-વાળું.2. Resembling a bunch;having tufts:ગુચ્છાદાર.
Bundle,(બન્ડ્'લ્)*n.*A number of things bound together;a roll:ગાંસડી;બચકો. To tie in a bundle:ગાંસડી-પોટલી બાંધવી. To b.*off*:જલદી વિદાય કo;ખરખડીયું આપવું.*vi.*To prepare for departure: જવાની તૈયારી કo.
Bung,(બન્ગ્)*n.*A cork to stop a barrel:પીપનો ડાટો;બુચ.2.The orifice of a cask:પીપનું મોં-બાકું.
Bunga-low,(બન્ગ્'ગૅલો)*n.* A house of a single floor: ઘર; બંગલો.
Bunghole,(બન્ગ્'હોલ્) *n.*The hole or orifice in the bilge of a cask:પીપનું મોં-કાણું.
Bungle,(બન્ગ્'ગલ્) *vi.* To work in a clumsy, awkward manner:કઢંગી રીતે કo. *n.* a clumsy work:ઢંગ-ધડા-વગરનું કામ.
Bungler,(બન્ગ્'લર્)*n.* An awkward unskilful workman:અનાડી-અણકસબી કારીગર.
Bunion,(બન્'યૉન્)*n.*An enlargement of the joint of the great toe:અંગુઠાના સાંધાનું ફુલવું; અંગુઠાના સાંધાપરની રસોળી.
Bunk,(બન્ક્)*n.*A wooden box used as a seat: બિછાના તથા પથારો તરીકે વપરાતી પેટી.
Bunker,(બન્ક્'અર્)*n.*A large bin or receptacle for various things:કોઠાર; મ્હોટી કોઠી.2.A sort of chest in a window:જેનું ઉઘાડેલું ઢાંકણું બેઠક તરીકે વાપરી શકાય એવી એક જાતની બારીમાં મુકેલી પેટી.
Bunt,(બન્ટ્) *n.* The middle part of a sail: શઢનો વચલો ભાગ.*vt.*To swell out:ઉપસીઆવવું.
Bunting,(બન્ટ્'ઇંગ્)*n.*A thin woolen stuff for flags:વહાણની ધજા-વાવટાનું કપડું.
Buoy,(બૉઈ)*n.*[L *boja.*] A floating mark to point out the position of objects beneath the water:છછરાપાણી,ખડક વગેરે સૂચવવા માટે તરતી મુકેલી વસ્તુ;બોયુ.*vt.*To keep afloat:તરતુંરાખવું.
Buoyan-cy,(બૉઇ'ઍન્સિ)*n.*specific lightness: હલકાપણું.2.Cheerfulness; ઉત્સાહ.
Buoyant,(બૉઇ'ઍન્ટ્)*a.* Having the quality of floating in a fluid:તરતું;હલકું;ડુબે નહિ તેવું.
Bur-r,(બર્)*n.*Any rough or prickly envelope of the seeds of plants:કાંટાવાળું કોટલું-પડ-છોડું. 2.(*a*)A rough ridge left by a tool:ધાતુને સાફ કરતાં રહી ગએલી ધાર.(*b*)The neck left on a bullet in casting:બીબામાં પડતાં ગોળી ઉપર રહેલીકોર.3. A broad ring to support a spear:ભાલો ટેકવવાની કડી.4.The lobe or lap of the ear:કાનનીબુટ.
Burden,(બરડન્)*n.*(written also **(burthen)** A load:ભાર બોજો. **B.** *of a favor received*:આભાર. **B.***of proof*:દાવામાં મુદ્દાની સાબેતીનો બોજો. *vt.* to load:ભાર-બોજો-ભરવો.
Burden,(બર્'ડન્)*n.* The verse repeated in a song:ગાયનમાં વારેવારે બોલાતી ટુક;ટેક; ધ્રુપદ.
Burden-some,(બર્'ડન્સમ્) *a.* Grievous;oppressive:ઘણું ભારે;દુઃખદાયક.
Bureau,(બ્યૂરો)*n.*A desk or writing table with drawers:ખાનાવાળું મેજ.2. Office where business is transacted:આફીસ.3.A body of subordinate officers:ખાતું;સ્ટાફ.4.A chest of drawers:લુગડાંવિo રાખવાની પેટી.
Bu-reaucra-cy,(બ્યૂરો'ક્રૅસિ)*n.*A government carried on in departments each under a chief:એકેક અમલદારના તાબામાં જુદાં જુદાં ખાતાં રાખી રાજ્ય ચલાવવાની પદ્ધતિ.
Burganet-gonet,(બર્'ગૅનેટ્-ગૉનેટ્)*n.*A kind of helmet;લડાઈની ટોપી-ટોપ.
Burgess,(બર્'જેસ્)*n.* An inhabitant of a borough:શહેરનો વતની.2.A representative of a

borough:કસ્બાનો પ્રતિનિધિ.

Burgher,(બર્ગ'અર્) *n.* An inhabitant of a borough:શેહેરનો વતની; વકીલ.

Burglar,(બર્ગ્'લર)*n.* One guilty of housebreaking by night:રાત્રે ઘર ફોડી ખાતર પાડનાર.

Burgla-ry,(બર્ગ્'લરિ)*n.* A housebreaking to commit a felony:ઘર ફાડવાનો અપરાધ.

Burgo-mas-ter (બર્ગો-મેસ્ટર્)*n.* A burghmaster:કોટવાળ;એક જાતનું જળચર પક્ષી.

Burgun-dy,(બર્ગન્ડિ)*n.*A superior kind of wine:એક જાતનો ઉત્તમ દારૂ.

Burial,(બે'રિએલ્)*n.*1.(*a*)The act of burying: ભુમિદાહ;દફન.2 A burying place:કબ્રસ્તાન.

Burin,(બ્યુ'રિન્)*n.*An engraver's tool,ખોદવા-કોતરવાનું હથિયાર;કોતરણી.[cloth:દોરાની ગાંઠ;ગુંચ.

Burl,(બર્લ્)*n.* A knot or lump in thread or

Bur-lesque,(બર્લેસ્ક્') *a.* Jocular: હાસ્યજનક. *n.* satire:મશ્કરી; ટોળ; પરિહાસ.*vi.* To turn into ridicule:હસવું આવે એવું બોલવું.

Burly,(બર્લિ) *a.* Full in figure,મ્હોટું;કદાવર; જબરૂ.2.Coarse:અસભ્ય.

Burn,(બર્ન્)*vt.* To consume with fire:બાળવું; બાળીને ભસ્મ કo.2.To injure by fire:દઝાડવું.3. To produce sensation akin to fire:થી અગન, લાય બળવી;આગ ઉઠવી. To **b.***a bowl* (*Game of bowls*):(રમતમાં) દડો અનાયાસે ખસેડવો. To **b.** *one's fingers*:અણધારી મુશીબતમાં આવી પડવું.*vi.* To be on fire,to flame: બળવું; સળગવું.4.To be in a state of strong passion or desire:બળવું કo;બળવું;તલસવું 5. To act or rage with destructive violence:ઘાણ કાઢવો.*n.*A hurt or injury caused by the action of fire:ચપકો;ડામ.

Burn,(બર્ન્)*n.* A small stream,a brook:વેહેળિયું;નાળું.

Burner,(બર્ન્'અર્)*n.* A person who sets fire to anything:બાળનાર.2. An appendage to a lamp to promote combustion:ચીમનીનું મોઢિયું.

Burning, (બર્ન્'ઈન્ગ્) *n.* Combustion; inflamation:બળ;આગ.*a.*Scorching:બાળે એવું;પ્રચંડ; ઝગઝગતું.2.Powerful;vehement: અતિશય;ભારે.

Burning-glass,(બર્ન્'ઈન્ગ્-ગ્લૅસ્)*n.* A convex lens for producing heat by converging the sun's rays to a focus:આગિયો કાચ;સૂર્યકાંત.

Burnish,(બર્'નિસ)*vt.* To make smooth:ઓપવું.2.To render bright:તેજ મારવું કo.

Burnish-er,(બર્નિશર્)*n.*One who burnishes:ઓપનાર;સિકલીગર. 2. A tool for smoothing:ઓપણી. [અવાજે બોલવું.

Burr,(બર્)*vi.* To whisper hoarsely: ખોખરે

Burrow, (બ'રો) *n.* A whole in the ground made by rabbits, &c.:દર; બોડ;શાહુડો.2. Any heap of weeds:કચરાનો ઢગલો.*vt.* To excavate a hole:દર-કાતર પાડવું.2.To hide:સંતાઈ જવું.

Bursar,(બર્સ'અર્)*n.*[L.Lat.*bursa*, a purse.] A treasurer or cashkeeper: ખજાનચી. 2. A stipendiary student:સ્કોલરશીપ લેનાર વિદ્યાર્થી.

Bursa-ry,(બર્'સરિ)*n.*The treasury of a college or monastery:પાઠશાળા કિંવા મઠનો ખજાનો.

Burst,(બર્સ્ટ્)*vt.* To fly or break open with force:જોરથી ફાટવું. 2. To rush in with violence:જોરથી અંદર ઘુસવું-જવું.3.To open:તોડવું; ફાડવું.*n.*A sudden explosion:ધડાકો;કડાકો.

Burthen,(બર્'ધન)*n.*&c.(See **Burden.**)

Bury,(બે'રિ)*vt.*To conceal by covering:દાટવું. સમાવવું.2.To inter with funeral ceremonies: ભુમિદાહ-સંસ્કાર કo. *To* **b.***the hatchet*:લડાઈનાં હથિયાર મૂકી બધું વિસારે નાંખી સલાહ કo.

Burying-ground-place,(બેરિંગ્-ગ્રાઉન્ડ્-પ્લેસ)*n.*A grave-yard; a church-yard:દખમું;કબરસ્તાન.

Bush,(બુશ)*n.*A thicket:ઝાડી. **B.** *metal*:તાંબા અને કલાઈનું મિશ્રણ.*vt.* To support with bushes:ઝાડવાંનો ટેકો આપવો.2. To use a bush-harrow on:સમારને બદલે ઝાડવું ફેરવવું.

Bushel,(બુશ'એલ્)*n.*A measure,containing eight gallons:આઠ ગેલનનું માપ.2.A vessel of the capacity of a bushel:બુશલ માય એવું વાસણ.

Bushy,(બુશ'ઈ)*a.*Full of branches:ઘટાદાર;ગુચ્છાદાર.2.Full of bushes:ઝાડવાંવાળું.

Business,(બિઝ્'નેસ)*n.* Employment; occupation:ધંધો;રોજગાર.2.A mercantile transaction:વેપાર;રોજગાર.3 Affair;transaction:કામકાજ.4.Duty:ફરજ;ધર્મ.5.Profession; art:રોજગાર;કસબ.

Busket,(બસ્કેટ્)*n.*A small bush:ન્હાની ઝાડી.

Buskin,(બસ્'કિન્)*n.*A covering for the foot: ઉંચી એડીના અડધા જોડા. 2.A tragedy: કરુણારસ નાટક;બનાવ.

Busky,(બસ્'કિ)*a.*Bushy;wooded:ઝાડીવાળું.

Buss, (બસ્)*n.*[L.*basium*, kiss.] A kiss:બાથ આપવા કરેલી બચ્ચી-બોકી.2. A small vessel of from *50* to *70* tons:૫૦ થી ૭૦ ટનનું વહાણ.

Bust,(બસ્ટ્)*n.*A piece of statuary representing the head, shoulders & breast:પેટથી ઉપરના ભાગની છબી.

Bustle,(બસ્'લ્)*vi.*To stir quickly:ધામધુમ-ગરબડ-ચાંચળ કo.*n.*Great stir:ચાંચળ; ગરબડ.

Bustling,(બસ્'લિંગ્)*a.*Agitated;noisy: ધાંધલીયું;ધાલમેલીયું.

Busy,(બિ'ઝિ)*a.*Full of business:ઉદ્યોગી;કામમાં રોકાયલું. 2.Constantly active;restless:જાગ્રુ ઉદ્યોગી.3.Officious:ધાલમેલીયું. *vt.*To employ;to occupy:કામમાં રોકવું.

Busy-bo-dy,(બિ'ઝિ-બૉડિ)*n.*A meddling per-

son:બાલમેલિ પે;ખટપટીઓ:બીજાના કામમાં માથુ મારનાર.

But,(બટ્)*prep.& conj.*Except;besides;save: શિવાય;વિના;વળી;ફક્ત.**2.**Save that;were it not that:નહોતતો;શિવાય. **3.** Only;solely:માત્ર;ફક્ત. **4.**Still;however:નહિતો;તોપણ;છતાંપણ;પરંતુ.

Butcher,(બુચ્'અર્)*n.*One whose occupation is to kill animals for food:ખાટકી;કસાઇ.*vt.*To kill as animals for food:કાપી મારી નાંખવું.

Butcher-y, (બુચ્'અરિ)*n.* The business of a butcher:કસાઇ-ખાટકીનો ધંધો.**2.**Great slaughter:ખુન;કતલ.**3.** A slaughter-house:કસાઇવાડો.

But-end, (બટ્'-એન્ડ્) *n.* The blunt end of a thing:છેડાનો બુઠ્ઠો-જાડો ભાગ.

Butler,(બટ્'લર્)*n.* A servant whose principal business is to take charge of the liquors,&c:બુટલેલ-ર;સાહેબનું ખાણું પીરસનાર.

Butment,(બટ્મેન્ટ્)*n.*A buttress of an arch: ટેકો;પુસ્તો.

Butt,(બટ્)*n.*An end:છેડો;હદ.**2.**A mark to be shot at:નિશાન.**3.**The person at whom ridicule,jest,&c.,is directed:જેની મજાક-મશ્કરી થતી હોય તે;રમકડું.**4.**A push by the head of an animal:માથુ-ગોથુ મારવું તે.**5.**A large cask:પીપ.**B.s** & *bounds*:સીમા;સીમાડો.*vi.*To strike by thrusting the head forward:માથુ-ગોથુ મારવું.

Butter,(બટ્'અર્)*n.*[L.*butyrum.*]An cily,unctuous substance obtained from cream or milk by churning:માખણ;મસ્કો. *vt.*To cover or spread with butter:માખણ લગાડવું.*Clarified* **b.**:ઘી;ઘૃત.

Butter-fly,(બટ્'અર્ફ્લાઇ)*n.*A kind of winged insect:પતંગિયું.

Butter-milk,(બટ્'અર-મિલ્ક્)*n.*After-whey: છાસ;તક્ર.

Butter-y,(બટ્'અરિ)*a* Having the qualities, of butter:માખણ સરખું ચીકું.*n.*An apartment in a house where butter milk,&c.,are kept: માખણ વિગેરે રાખવાની કોટડી.

Buttock,(બટ્'ઑક્)*n.*The rump or protuberant part of the body behind:કુલો;ઢગરો.

Button,(બટ્'ન)*n.* A knot;a small ball:બહાર પડતી ગાંઠ.**2.**A catch of various forms: બટન; બોરિયું.*To hold up by the* **b.**:થાકતા સુધી વાતમાં રોકવું.*vt.*To fasten with a button:બોરિયાં ઘાલવાં.

Button-hole,(બટ્'ન્હોલ્)*n.*The hole in which button is caught:બોરિયાંકાણું;ગાજ.

Buttress,(બટ્'રેસ્)*n.* A support to the exterior of a wall:ટેકો.*vt.*To prop:ટેકો દેવો.

Buxom,(બક્'સમ્)*a.* Yielding; pliable:આજ્ઞાધીન;નરમ.**2.**Brisk;jolly:ચપળ;ચાલાક;રંગીલું.

Buy,(બાઇ)*vt.* To purchase: વેચાતું લેવું.**2.** To procure by a consideration,deemed worth the thing bought: -થી મેળવવું-પ્રાપ્ત કર.**3.** To bribe:લાંચ આપવી;ચાંપવું.*To* **b.***off*,to influence to compliance: મનમનાવવું.*To* **b.** *out*,: તરફ લેઈ જુદું પાડવું.*To* **b.***on credit*:ઉધારે ખરીદવું.

Buzz,(બઝ્)*vi.*To make a low,continuous humming sound:ગણગણવું.*vt.* To sound forth:ગણગણાટ કરી જણાવવું.*n.*A whisper:છુપી વાત.

Buzzard,(બઝ્'અર્ડ્)*n.*[L.*buteo*, a falcon.] A bird of prey of the falcou family:એક જાતનું બાજ પક્ષી.**2.**A blockhead;a dunce:મૂર્ખ;ઠઠ્ઠ.

By,(બાઇ)*prep.*Next to:પાસે; નજીક.**2.**Near to in motion,past:આગળ-પાસે થઇને.**3.** Through means of;with aid of:વડે;થી;લીધે.**4.**According to;after:પ્રમાણે.**5.**At the rate of;in measure or quantity of:ભાવે;દરથી.*By* & *by*;(*a*)immediately;at once(*obs.*):તરતજ;(*b*) ધીમેધીમે.

By-Bye,(બાઇ) *n.* A thing not directly aimed at:વચમાં મળેલી વસ્તુ.**By** the **bye**,in passing; apropos to the matter in hand:ફરતાં ફરતાં.

By-corn-er,(બાં'ઇકૉર્નર્)*n.*A private corner: ચોરખુણો.

By-design-end, (બાઇ'-ડિઝાઇન-એન્ડ્) *n.* An incidental purpose; secret purpose: ખાનગી કામ;સ્વાર્થ;છુપી મતલબ.

By-ex-penses, (બાઇ'-એક્સ્પેન્સ'ઇઝ્)*n.*Out of way expenses:ઉપરાંત ખર્ચ;ગેરવાજબી ખર્ચ.

By-gone, (બાઇ'ગૉન) *a.* Past;gone by:ગત;ગુજરેલું.*n.*A past event:ગઇ ગુજરી વાત.

By-lane, (બાઇલેન) *n.* A private lane; one out of the usual road:આડો રસ્તો;ચોરગલી.

By-law,(બાઇ'-લૉ)*n.*A local or subordinate law:પેટા કાયદો;પેટા ધારો;ગામ-કસ્બાનો કાયદો.

By-name, (બાઇ'નેમ્) *n.* A nickname:અડક.

By-path-road,way, (બાઇ'પૅથ્ રોડ-વે) *n.* An obscure way:આડો રસ્તો;ગલીકુંચી.

Byssine, (બિસ્'આઇન)[L. *byssus*,fine flax.] Made of silk:રેશમનું બનાવેલું;રેશમી.

By-stander,(બાઇ'-સ્ટૅન્ડ્અર્)*n.*One who stands near;a spectator:પાસે ઉભેલું;જોનાર માણસ.

By-stock-store,(બાઇ'-સ્ટૉક્-સ્ટોર્)*n.*A round about estimation:અટકળ;અંદાજ.

By-story-tale, (બાઇ'-સ્ટોરિ-ટેલ્) *n.* A story by the way;an incidental tale:આડકથા.

By street,(બાઇ'-સ્ટ્રીટ્)*n.*A separate,private, obscure street:અલગ રસ્તા-ગલી;ચોરગલી.

By-word,(બાઇ'-વર્ડ્) A common saying; a proverb:કહાણી;કહેવત.

C.

C, (ક્સ્) 1. The 3rd letter of the English alphabet:અંગ્રેજી મુળાક્ષરનાં ત્રીજો વર્ણ;એનાં સામાન્ય બે ઉચ્ચાર છે " ક્ " અને " સ્ " a, u, l, r, s,ની પૂર્વે અને છેડે એનો ક્ ઉચ્ચાર થાય છે અને e, i, yની પૂર્વે સ્ થાય છે.chના ચ્ , શ્ અને ક્ એવા ત્રણ ઉચ્ચાર થાય છે. 2. પ્રાચીન રોમન લોકમાં સોના આંકડો.

Caa-ba,(કા'અબ)*n*. The temple of Mecca:કેબા નામની મક્કામાં મસજીદ; આ નામનો મસજીદમાંનો પથ્થર,જેની મુસલમાન લોક યાત્રા કરે છે.

Cab, (કૅબ્) *n*. A covered carriage with two or four wheels:બે કિંવા ચાર પૈડાંની ઘોડાગાડી.

Ca-bal,(કૅબૅલ્)*n*.A number of persons united in some secret intrigue;a junto:કાવતરાંખોરની ટોળી.2.Intrigue:તરકટ. *vi*.To plot:કાવતરું ક૦.

Cabal-la, (કૅબ્'અૅલૅ)*n*. A tradition or a mysterious kind of science among the Jews: યાહુદી લોકની ગૂઢ દંતકથા. [ધાર્મિક; ગૂઢ;ગુપ્ત.

Cabal-istic-cal, (કૅબૅલિસ્ટિ'ક્-કૅલ્)*a*. Occult:

Caballer,(કૅબૅલ'લર્)*n*. One who intrigues: કાવતરાંખોર; ખટપટીઓ.

Cabbage, (કૅબ્'અૅજ્)*n*. [L. *caput*,the head.] 1.A culinary vegetable:કોબીજ.*vi*.To form a head in growing:કોબીજમાં ગડો બંધાવો-થવો.

Cabin, (કૅબ્'ઈન્)*n*.(Fr.)1.A small room:નાની કોટડી.2.A cottage;hut:ઝુંપડું.3 Any covered place:માંડવો;રાવટી.4.An apartment in a ship: વહાણમાં ઉતારૂઓ સારૂ ઓરડી.

Cabin-et, (કૅબ્'ઇનેટ્)*n*. 1.A closet:નાની-એકાંત ઓરડી. 2. A private room for holding consultations:મસલત કરવાની એકાંત ઓરડી. 3. The collective body of ministers of state:મંત્રિમંડળ. 4.A hut:ઝુંપડું; છાપરું.

Cabinet-coun-cil, (કૅબિનેટ્-કાઉન્સિલ્) *n*. A council of ministers;a privy council:ખાસ મંત્રિઓની સભા;સલાહકાર મંડળ.

Cable, (કે'બલ્)*n*. [L. *captum*,a rope.] 1. A large strong rope or chain:વહાણ લંગારવાનો દોર;તારનું દોરડું. **C.'s** *length*:દોર જેટલી લંબાઈ; ૭૨૦ ફીટ.*To serve the* **c.**:દોરથી બાંધવું. *vt*. 1.To fasten with a **c.**:દોરથી બાંધવું.

Ca-boose,(કૅબૂસ્)*n*.[L.*kabuse*,a small room.] A cookhouse on desk:વહાણમાં રસોઈખાનું-રસોડું.

Cab-ri-o-let,(કૅબ્રિઓલે'ટ્)*n*.[L.*caper*,a hegoat.] A kind of pleasure carriage:છત્રીવાળી ઘોડાગાડી.

Ca-chectic-cal,(કૅકે'ટિક્-કૅલ્)*a*. Having a bad state of body:ખરાબપ્રકૃતિવાળું.

Ca-chexy, (કૅકૅ'ક્સિ)*n*.[Gr.*kakos*,bad & *exis*, state.]A depraved condition of the system: એકંદરતનો રોગ;ખરાબ પ્રકૃતિ;દુઃસ્થિતભાવના. [વાજવું.

Cach, (કૅક્)*vi*.[L.*cacao*.]To go to stool:ઝાડે ફરવાજવું.

Cackle,(કૅક્'લ્)*vi*.1.To make a sharp broken sound:હંસ અથવા મરઘીની પેઠે અવાજ ક૦. 2.To laugh with a sharp,broken noise:ખડખડ હસવું.*n*.The broken noise of a goose or hen: હંસશબ્દ-નાદ.

Caco-chy-my, (કૅકો'કાઇમિ)*n* [Gr.*kakos*,bad, & *chymos*, juice.] A vitiated state of the blood:ત્રિદોષવિકાર;સન્નિપાત; દોષ વિકાર.

Ca-co-pho-ny, (કૅકૉ'ફોનિ)*n*. [(Gr.*kakos*, bad,& *phone*,sound.] An uncouth or disagreeable sound of word:કઠોર ઉચ્ચાર. [કંટાળ થુવર: થોર.

Cactus,(કૅક્'ટસ્)*n*.A kind of prickly plant: કંટાળ થુવર: થોર.

Cad, (કૅડ્) *n*. 1. The conductor of an omnibus: ઓમનીબસ નામની ગાડી ચલાવનાર માણસ. 2.A messenger:કાસદ;દૂત. [મડદું;શબ;લાસ.

Cadaver,(કૅડૅવર્)*n* [L.*cado*,I fall.] A corpse: મડદું;શબ;લાસ.

Ca-daver-ous,(કૅડૅ'વરસ્)*a*.1.Pertaining to a dead body:શબ-લાસ-મડદાનું-સંબંધી.2.Having the appearance of a dead body;pale;ghastly:મડદા જેવું; ઝાંખું ફક; બિહામણું.

Caddy,(કૅ'ડ્ડિ)*n*.A small box for keeping tea: ચાહ રાખવાની નાની પેટી-ડબ્બો.

Cade,(કેડ્)*n*.[L.*cadus*,a jar.]A cask:પીપ.*vt*.To nourish:ઉછેરવું. *a*. Domesticated:પાળેલું;ઉછરેલું.

Cadence, (કે'ડેન્સ્)*n*. [L. *cado*,I fall.] 1.The sinking of the sun:(સૂર્યનું)નીચું ઉતરવું-અસ્ત થવું તે. 2.A fall of the voice in reading:વાંચતાં વાક્યને છેડે ઘાંટો નીચે ઉતારવો તે.4.A just proportion observed by a horse in his motion: ઘોડાની એક સરખી ચાલ.5.A pause at the end of an air:રાગને છેડે લેવાતો જરા વિસામો.

Ca-det,(કૅડે'ટ્)*n*.[Fr.]1.(*a*)The younger of two brothers:બે ભાઇઓમાંનો નાનો ભાઈ.(*b*)The youngest son:કનિષ્ઠપુત્ર.2.A young man in a military school:યુદ્ધશાળાનો વિદ્યાર્થી.

Cadi,(કે'ડિ)*n*.A judge in civil affairs among the Turks:ન્યાયાધીશ;કાજી;કોટવાલ.

Ca-duce-us,(કૅડ્યૂ'સિઅસ્)*n*.[L.]1.A mercury's rod entwined by two serpents & surmounted by two wings:બુધ (ગ્રહ)નો દંડ-છડી,જેની આસપાસ બે સર્પ વિંટલાયેલા તથા ટોચે બે પાંખો હોયછે.

Cag,(કૅગ્)*n*.A small cask or barrel:નાનું પીપ.

Cage,(કેજ્)*n*.[L *cavea*,a cavity.]1.An inclosure formed of wire,twigs,etc.,for confinin birds or beasts:પાંજરૂં.2.A prison for criminals:બંધીખાનું.3.*vt*.To confine:પાંજરામાં ઘાલવું.

Cairn,(કેર્ન્)*n*.A heap of stones,of round or conical form, erected as a sepulchral monument:કબરને બદલે કરેલો પથરાનો ઢગલો-ટેકરો.

Caitiff,(કેટિફ્)*n*.[L.*capio* I take.]1.A mean

villain:હરામી;ચંડાળ.

Ca-jole,(કજોલ્‌)*vt.*To deceive by flattery;to coax:ફોસલાવી ખાવું; પટાવવું.

Cajolement, (કજોલ્‌મેન્ટ્) **Cajolery,** (કજોલ્‌અરિ) *n.* Coaxing language;a wheedling:પટામણું;ખુશામત;મસ્કા.

Cake,(કેક્)*n.* 1.A composition of flour,butter, sugar, etc., baked into a small round mass: રોટલો-લી;અંગાખરી;ભાખરી;પુરી.

Cala-bash,(કૅલઅૅબૅશ)*n.*1.The fruit of the calabash-tree:દુધી;તૈં;તુંબડું. [તું; તુરંગ;જેલ.

Cal-a-boose,(કૅલબુઝ)*n.*A prison;a jail:કેદખા-

Ca-lami-tous,(કૅલમિટસ)*n.* 1. Miserable: દુઃખ ભરેલું.

Ca-lami-ty,(કૅલૅમિટિ)*n.* [L. *cado*,I fall.] Any great misfortune;disaster:સંકટ; આફત; વિપત્તિ.C.*from Heaven&kings or Government*: અસમાની-સુલતાની.

Cala-mus,(કૅલઅૅમસ)*n.pl.* **calami**.[L.*calamus*,reed.]1.The Indian cane:નેતર.2.A species of plant the root of which is used in medicine:વેખંડ.

Ca-lash,(કૅલૅશ)*n.*1.A light hooded carriage with low wheels:એક જાતની ઘોડા ગાડી.

Calcar,(કૅલ્કર)*n.*[L.*Calcaria*,lime-kiln.]1.A kind of furnace in use at glass manufactory: કાચના કારખાનાની ભઠ્ઠી.

Cal-cine,(કૅલ્સાઇન)*vt.*[L.*Calx*,lime.]1.To reduce to powder by the action of heat:બાળીને રાખ-ભસ્મ ક૦.

Cal-ciner, (કૅલ્સાઇનઅર)*n.*One who or that which calcines:ભસ્મ કરનાર; ધાતુ મારનારો.

Calcu-la-ble,(કૅલ્ક્યુલેબલ)*a.*Capable of being calculated:ગણી શકાય-ગણાતી થાય એવું.

Calcu-late, (કૅલ્ક્યુલેટ)*vt.*[L.*Calculus*,a pebble.]1. To compute:ગણવું.2.To ascertain by reckoning: ગણિતથી નક્કી ક૦.

Cal-cu-lation,(કૅલ્ક્યુલેશન)*n.*Computation: અટકળો;અંદાજ;આંકડો;ગણતરી.

Calcu-la-tive,(કૅલ્ક્યુલેટિવ)*a.* Tending to calculate:હિસાબ ગણી કામ કરનારો;ઠરેલ.2.Pertaining to calculation:ગણિતનું-ના સંબંધિ.

Calcu-lous,(કૅલ્ક્યુલસ)*a.*1.Like stone:કઠણ. 2.Affected with the gravel:પથરીના દરદવાળું.

Calcu-lus,(કૅલ્ક્યુલસ)*n. pl.* **calculi**, [L. *Calculus*,a pebble.]1.Any hard concretion formed in the bladder:પથરી.

Caldron,(કોલ્ડ્રન)*n.*[L.*caleo*,I am warm.]A large kettle or boiler:દેગડો;કુંડીઓ;હાંડો;તાવડો.

Calen-dar,(કૅલઍન્ડર)*n.*[L.*calendarium*, an account book.]1.An almanac:પંચાંગ;ટીપણું. 2.C. *month*, solar months:સૌરમાસ.

Calen-der,(કૅલૅન્ડર)*n.*[L.*caleo*,I am hot.]1.A machine or hot press,used to press cloths, paper, etc.:કાપડ અથવા કાગળને દાબી-ઘુંટીને સફાઇ વાળું લાવવાનું યંત્ર.2.One having the business of calendering:બંધારો;કુન્દીકર;અસ્તરી કરનાર.

Calf,(કાફ્)*n.pl.* **calves**.1.The young of the cow or of the bovine genus:વાછરડો-ડી-ડું.

Cali-bre,(કૅલિબર)*n.* [L. *qua, libra*,of what weight.]1.The weight of a gun:તોપના ગોળા તથા બંદુકનું વજન.2.Compass of mind:ગજું;ગુંજાસ.

Cali-brate, (કૅલિબ્રેટ્) *vt.* To ascertain the diameter of:વ્યાસ કાઢવો.[સુતરાઉ સાદું કાપડ;કેલીકો.

Cali-co,(કૅલિકો)1.Plain white cloth of cotton;

Calid(કૅલિડ્)*a.*[L.*caleo*,I am hot.]Burning; ardent:ઉષ્ણ;ગરમ.

Ca-ligra-phy,(કૅલિગ્રફિ)*n.*[Gr.*kalos*,beautiful & *grapak*, I write.]Fair or elegant penmanship:સુંદર અક્ષર;લેખ;સુંદર લિપિ.

Calipers,-Compasses, (કૅલિપર્ઝ-કૅલિપર્ઝ-કમ્પસિઝ)*n.pl.*Compasses with curved legs for measuring the diameter of round bodies: ગોળ પદાર્થનું વ્યાસ માપવાનું યંત્ર;કમ્પાસ.

Calix, (કેલિક્સ)*n.*Same as **calyx**.

Calk,(કૉક્)*vt.*[Fr.] 1. To drive oakum into the seams of a ship, to render them water tight:(વહાણના)સાંધામાં શણના કુચા ઘાલીમજબુત કરવું *n.* 1.A pointed iron on a horseshoe:ઘોડાની નાળ ઉપરનો ખીલો; ઘોડાની નાળ.

Call,(કૉલ)*vt.*[L.*Calo*,I talk.]1.To invite:બોલાવવું.2.(*a*)To give a name to;to name: નામ કહેવું.કહેવું.3. To utter aloud:પોકારવું;હાક મારવી. 4, To **c.** *back*:રદ ક૦. To **c.** *for*:માંગવું. To **c.** *forth*: બાહાર. To **c.** in: વસુલ ક૦: તેડવું. To **c.** *off*:મન ખસેડવું.To **c.** *out*:લડાઈ માગવી.To **c.** *up*: મન-નજર આગળ લાવવું.To **c.** *a spade a spade*: ખરેખરું કહી દેવું.To **c.** *in question*:ને માટે શક હોવું;વાંધા લેવા.*vi.*1.To cry out:બુમ પાડવી.2.(*at*) To make a short visit:મળવા જવું-આવવું.3.(*a*) To make a brief visit to:મળવા જવું-આવવું (*b*) To pray to:સ્તુતિ-પ્રાર્થના ક૦.*n.*1.A vocal address of summons or invitation:હાક. 2. A demand;acquisition:ફરમાસ.3.Divine vocation:ઈશ્વરનું તેડું.4.A brief visit or stay:મુલાકાત;મેળાપ. [graphy.

Calligraphy. (કૅલિગ્રફિ)*n.*Same as **Cali-**

Calling, (કોલિંગ્)*p.n.* 1. A naming: જવાબ મેળવવા માટે દરેક સભાસદનાં નામ બોલી જવાં તે. 2. Occupation:ઉદ્યમ;ધંધો;રોજગાર.

Callous,(કૅલસ)*a.*[L.*callus*,hard.]1.Hardened:કઠણ.2.Unfeeling;insensible: કઠોર;કઠણ.

Callow,(કૅલો)*a.*[L.*calvus*,bald.]Destitute of feathers;naked:પિંછા વગરનું;પિંછારહિત;બોડું.

Calm, (કામ)*a*.1.Serene;quiet:સ્થિર;શાંત.2.Not agitated;tranquil:સ્વસ્થ;નિશ્ચલ.*n*.Tranquillity:સ્વસ્થ-સ્થિરપણું.*vt*.1.To render quiet:શાંત પાડવું.

Calmly, (કાંમ્લિ)*adv*.Quietly:શાંતતાથી.

Calmness, (કાંમ્નેસ્)*n*.1.Quietness:સ્થિરતા.2. Sedateness: શાંતતા;શાન્તિ.

Calmy, (કાંમઈ)*a*, See **Calm**.

Calomel, (કૅલોમેલ્)*n*. [Gr. *kalos*, good & *melas*, black.] A preparation of mercury: પારાનીમાત્રા;રસ કપુર.

Ca-loric, (કૅલૉરિક્)*n*.[L.*calor*,heat.]The principle of heat:ઉષ્ણતા-ગરમીનું મુળતત્વ.

Cal-orific, (કૅલૉરિફિક્)*a*.[L.*calor*,heat,&*facio* I make.] Causing heat:ઉષ્ણતાજનક.

Calotype, (કૅલોટાઈપ્)*n*.[Gr.*kalos*, beautiful, & *tupos*, type.] An invention for making pictures on paper by the agency oflight: પ્રકાશથી ચિત્ર પાડવાની વિદ્યા.

Caltrop, (કૅલ્ટ્રૉપ્)*n*.A genus of plants and its fruit:ગોખરૂનું ઝાડ;ગોખરૂ.

Ca-lumba, (કૅલંબ)*n*.A kind of root used as a tonic [called also *colombo* and *calombo*]: કલમબચથી; કોલંબો.

Calumet, (કૅલ્યુમેટ્)*n*.[L.*calamus*, reed.] A kind of pipe,for smoking tobacco:હુક્કો;ચલમ.

Ca-lumni-ate, (કૅલ્યુમ્‌નિએટ્)*vt*.[L.*calvor*,I devise tricks.]To accuse falsely: જુઠોઆરોપ મુકવો.

Cal-umni-ation, (કૅલ્યુમ્‌નિએ"શન્)*n*.Aspersion;defamation:ખોટીફજેતી;અપવાદ;કલંક;જુઠું આળ

Ca-lumni-ator, (કૅલ્યુમ્‌નિએ"ટર્)*n*.Lampooner; back biter:જુઠાં આળ મુકનાર;નિંદા કરનાર.

Calumnious, (કૅલમ્નિઅસ્)*a*. Libellous: બદબોઈ ભરેલું;નિંદક.

Calumny, (કૅલમ્નિ)*n*.See **Calumniation**.

Calvar-y, (કૅલ્વૅરિ)*n*.[L.*calvus*,bald.]A place of skulls, and particularly the place near Jerusalem,where Christ was crucified:જેરૂસલેમ પાસે જ્યાં ક્રાઈસ્ટને મારી નાંખ્યો હતો તે ટેકરી.

Calve, (કાવ્)*vi*.1.To bring forth a calf:વાછરૂં જણવું.2.To produce offspring:વિયાવું;જણવું.

Calvin-ist, (કૅલ્વિનિસ્ટ્)*n*.A follower of Calvin:કૅલ્વિનના મત પ્રમાણે ચાલનારો; કૅલ્વિનમતવાદી.

Calx, (કૅલ્ક્સ્)*n*.*Eng.pl*.**calxes**.L. *pl*.**calces**. [L.*cala*,a limestone.]Lime of chalk:સફેતો.

Calyx, (કૅલિક્સ્) *n*. *Eng.pl*. **calyxes**.*L*. *pl*. **calyces**.The outer covering of a flower: ફુલનું ડીંડું.

Camber, (કૅમ્‌બર્)*n*. [L.*camera*,a vault.] An arch on the top of a beam:કમાન;મહેરાબ.

Cambric, (કૅમ્‌બ્રિક્)*n*. A fine, thin & white fabric of flax:શણનું ઝીણું સફેદ કપડું.

Camel, (કૅમૅલ્)*n*.[L.*camelus*.]A large quadruped in Asia & America:ઊંટ.[ked:ખુંધો.

Camel-backed, (કૅમૅલ્‌બૅક્ડ્)*a*.Hump-bac-

Camelo-pard, (કૅમેલૉપાર્ડ્)*n*.[L.*camelus*,& *pardalis*,the female panther.]The giraffe: જીરાફ.

Camera-obscura, (કૅમ્‌અરૅ-ઑબ્સ્ક્યૂરૅ)*n*.An instrument in which the images of external objects are thrown on a white surface: સૂરજના કિરણથી છબી-ફોટોગ્રાફ પાડવાનું યંત્ર.

Camlet, (કૅમ્‌લેટ્) *n*. Sometimes written **Camelot**. A stuff made of silk:ઉન તથા રેશમથી બનાવેલું કાપડ;કામલેટ;બનુસ.

Camp, (કૅમ્પ્)*n*. [L. *campus*,a field.] 1. The spot on which tents of an army, etc., are erected:છાવણી;પડાવ;મુકામ.2.A game at ball: નાચ-મીજલસમાં એક જાતની રમત. *vt*. To afford lodging for:મુકામ કરાવવો.*vi*. To pitch tents; to encamp:તંબુઠોકવા;મુકામ ક૦.

Cam-paign, (કૅમ્પેન્)*n*.1.An open field:ખુલ્લું મેદાન.*vi*.To serve in a campaign:લડવું;લડાઈમાંજવું.

Cam-panology, (કૅમ્પૅનૉલૉજી)*n*.[L L.*campana*,bell & Gr.*lagos* discourse.]The art of ringing bells:ઘંટ વગાડવાની વિદ્યા.

Camphor, (કૅમ્‌ફર્)*n*. A solid concrete fragrant substance:કપુર;કપૂર.

Camphor-ate, (કૅમ્‌ફરેટ્)*vt*. To impregnate with camphor:કપુરવાળુ ક૦.

Can, (કૅન્) *v*. Began; used for *gan*, *began* in poetry:શરૂકીધું;આરંભ કીધો.*n*.[L.*canna*,a reed] A cup or vessel:પ્યાલો. *vi*. Tb be able:શકવું. *Cannot but*:યથા વગર રહે નહીં.

Canaille, (કૅનેલ્)*n*.[L.*canis*,a dog.]The vulgar:હલકટ;ગામનો ઉતાર. [tle cup:નાનો પ્યાલો.

Cana-kin, (કૅનૅકિન્)*n*.[Dim.of can.] A lit-

Ca-nal, (કૅનેલ્)*n*.[L.*canna*, a reed.]An artificial water course:પાણીનો કાંસ.

Ca-nary, (કૅનેરિ)*a* [L.*canis*,a dog.]1.Of Canary:કેનેરી બેટનું.2.Of a yellowish color:પીળચટુ.

Cancel, (કૅન્‌સેલ્)*vt*.[L.*cancello*,I strike out.] 1.To blot out:ચેહેરી-ભેકી-ભુસી નાંખવું;ભેકવું.2.To revoke:રદ્દ ક૦.

Can-cellation, (કૅન્સેલેશન્)*n*.1.A cancelling: ભેકા;ચેહેરી નાખવું તે.2.The operation of striking one common factors:છેદ ઉડાડવા તે;છેદ.

Cancer, (કૅન્‌સર્)*n*.[L.*cancer*,crab, ulcer.]1. The crab:કર્ક;કરચલો.2.A sign of the zodiac, resembling a crab:કર્કરાશિ.3.A hard tumour resembling a crab:સખત ગાંઠ.[cer:નાસુર પડવું.

Cancer-ate, (કૅન્‌સરેટ્)*vi*.To grow into can-

Cancer-ous, (કૅન્‌સરસ્)*a*.Affected with cancer:નાસુર-વિદ્રધિવાળું.

Candent,(કૅન્ડૅન્ટ્)*a.*[L *candeo*,I am white.] Heated to whiteness: બહુ તપાવેલું;તાપથી ધોળું થએલું [Frank:નિષ્કપટી.2.]Impartial:નિષ્પક્ષપાતી.

Candid,(કૅન્ડિડ્)*a.*[L *candeo*,I am white.]1.

Candi-date,(કૅન્ડિડેટ્)*n.*[L.*candidus*,white] One who aspires to some office:ઉમેદવાર.

Candi-dacy, (કૅન્ડિડેસિ)
Candi-dateship, (કૅન્ડિડેટ્શિપ્)
Candi-da-ture, (કૅન્ડિડેટ્યૂર્) } *n.* The position of a candidate:ઉમેદવારી;ઉમેદવારપણું.

Candid-ly,(કૅન્ડિડ્લિ)*adv.*Openly:ખુલ્લા મનથી.

Candid-ness,(કૅન્ડિડ્નેસ્)*n.*See **candour**.

Candle,(કૅન્ડલ્)*n.*[L.*candeo*,I am white.] A cylindrical body of tallow,wax,&c.,formed on a wick,for giving light:મિણબત્તિ.

Candle-mas,(કૅન્ડલ્મૅસ્)*n.*A festival on the 2 nd of February: ફેબ્રુઆરીની બીજી તારીખે થતો ઉત્સવ.

Candle-stick,(કૅન્ડલ્સ્ટિક્)*n.*An instrument to hold a candle:મિણબત્તિની શમેઈ;શમેદાન.

Candour,(કૅન્ડર્)*n.*[L.See **candid**.]Frankness;sincereness:નિખાલસપણું;દીલપાકી;સરળતા.

Candy,(કૅન્ડિ)*vt.*To boil in sugar: ખાંડ પાવી. *n.*A conserve or confection of sugar:મીઠાઈ.

Cane,(કૅન્)*n.*[L.*canna*,a reed.]1.A plant of several pieces:નેતરનો છોડવો;નેતર.2.A walking stick:સોટી;લાકડી.*vt.*To beat with a cane:નેતરની સોટી મારવી.2.To furnish with cane:નેતર ભરવી.

Cane-mill;(કૅન્મિલ્)*n.* A mill for grinding sugar-canes:શેરડી પીલવાનો સંચો; કોલું.

Ca-ninal, (કૅનાઈનૅલ્)
Ca-nine,(કૅનાઈન્) } *a.* [L.*canis*,a dog.] Pertaining to or having the qualities of a dog:કુતરાનાજેવું;કુતરાનું.

Canis-ter,(કૅનિસ્ટર્)*n.*[L.*canistrum*, a basket.]1.A small basket of reeds:નેતર-વાંસની ટોપલી-છાબડી.2.A case for tea:ચાહ ભરવાનો ડબો.

Canker(કૅન્ગ્કર્)*n.* [L.*cancer*, a crab.]1. An ulcer in a mouth:ચાંદી.2.Anything that corrodes:સળો. 3.A caterpillar:રેશમનો કીડો. *vt.* To corrode:સળી જાય-ખવાઇ જાય તેવું કર.

Canker-worm,(કૅન્ગ્કર્વર્મ્)*n.* The caterpiller:સળો-ઉધઇનો કીડો;ઉધઈ. [Unkind:દ્વેષી;અદેખું.

Canker-y,(કૅન્ગ્કરી)*a.*1.Rusty:ખવાઈગએલું.2.

Canni-bal,(કૅનિબૅલ્)*n.*A man-eater;an anthropophagite:મનુષ્યાહારી માણસ;નરભક્ષક.

Canni-bal-ism,(કૅનિબૅલિઝ્મ્)*n.*The act or practice of eating human flesh; barbarity: મનુષ્યભક્ષણ.

Cannon, (કૅનન્)*n.*[L.*canna*,a reed.]1. A large piece of ordnance;a great gun:તોપ.

Can-non-ade, (કૅનનેડ્)*n.* An attack with cannon:તોપનો માર. *vt.* & *vi.* To attack with cannon-shot:તોપનો માર ચલાવવો-મારવો.

Cannon-ball,(કૅનન્બોલ્)*n.*A ball of a cannon:તોપનો ગોળો-ગોળી.[cannon:ગોલંદાજ;તોપચી.

Can-non-eer,(કૅનનીર્)*n.*One who manages

Ca-noe,(કૅનૂ)*n.* [Fr.] A boat hollowed out of the trunk of a tree:હોડિયું;હોડકું.

Canon,(કૅનૉન્)*n.*[L.*canon*,a rule.]A law; rule:ધારો.2.A rule of doctrine:ખ્રિસ્તિ ધર્મસભાનો ઠરાવ-ધારો.3.The genuine books of the Holy Scriptures:ખ્રિસ્તિધર્મના જુના ગ્રંથો. 4. A kind of musical composition:એક જાતનો રાગ. 5.A dignitary of the church: ખ્રિસ્તિ ધર્મગુરૂ.

Ca-nonio-cal,(કૅનૉનિકલ્)*a.*According to the rule;pertaining to a canon:ધારા પ્રમાણે.

Ca-nonicals,(કૅનૉનિકલ્ઝ્)*n.pl.*The full dress of the clergy:ધર્મગુરૂનો પોશાક.

Canon-ist, (કૅનૉનિસ્ટ્)*n.* A professor of canon law:ધર્મના કાયદામાં પ્રવીણ;ધર્મશાસ્ત્રી.

Canon-ize,(કૅનૉનાઈઝ્)*vt.* To enroll in the canon as a saint:સંતની પંક્તિમાં નામ દાખલ કર.

Cano-py,(કૅનૉપિ)*n.*[L.*canopium*,sofa.]1.A covering over the head or bed: મચ્છરદાની; ચંદની. [Melodious: મધુર ગાયનવાળું.

Ca-norous, (કૅનોરસ્) *a.* [L. *cano*, I sing.]

Cant,(કૅન્ટ્)*vt.* [L. *Cano*,I sing.]1.To incline: નમાવવું. 2. To jerk: આંચકો-ઠોકર મારવી. *n.* An inclination from a horizontal line:વાંક.

Cant,(કૅન્ટ્)*vi.*[L.*cano*,I sing.]1.To speak in a whining voice.ચીપી ચીપીને બાવાની પેઠે બોલવું.2.To sell by auction:હરાજી કર;હરાજીમાં માગણી કર. *n.*1.The idioms or peculiarities of speech in any profession:પરિભાષા. 3.Slang: હલકી બોલી. *a.*Affected;vulgar:ઢોંગિક;હલકું.

Chamber-Practice,(ચેમ્બર્-પ્રૅક્ટિસ્)*n.*The

practice of counsellors at law, who give their opinion in private: ખાનગીમાં કાયદાની સલાહ આપવાનો ધંધો-કામ.

Cha-mele-on,(કૅમી'લીઑન) *a.* [Gr. *chamai*, creeping & *leon* lion.] A reptile:કાંકીડો;કાચંડો.

Chamfer,(ચૅમ્‌'ફર્) *vt.*1. To cut a groove or channel in:ખાંચણ-નીક કાઢી કાપવું.

Chamfret,(ચૅમ્‌'ફ્રેટ્) *n.*(*Carp.*) A small gutter or furrow:ખાંચણ;નીક;નેર.

Champ,(ચૅમ્પ્) *vt.* [L. *campus*, field.] To bite with the teeth:ખરડ ખરડ ચાવવું.

Cham-pagne,(શૅમ્પેન્)*n.*Light wine of several kinds:જુદી જુદી જાતનો ફુલદારૂ;શેમ્પેનદારૂ.

Cham-paign,(શૅમ્પેન્)*n.*A flat, open country: મોટું ખુલ્લું મેદાન.

Champi-on, (ચૅમ્‌'પિઑન)*n.*[L.*campus*, the field.] A defender:બીજાની તરફથી લડનાર.*vt.*To challenge:દ્વન્દ્વયુદ્ધ કરવા બોલાવવું.

Chance,(ચૅન્સ્)*n.*[L.*cado*, I fall.]**1**.Fortune; fate:કિસમત;નસીબ. 2. An accident:આકસ્મિક-અચાનક બનાવ.**3**.A possibilty; a likelihood: બનવાનો જોગ;સંભવ. **4**. Probability:સંભાવ્યતા. *To mind one's* **c.**s: દરેક તક-પ્રસંગનો લાભ લેવો. *adv.*By chance:દૈવયોગે;જોગજોગે.

Chancel,(ચૅન્‌'સેલ્)*n.* [L. *cancelli*, lattices.] That part of a church, where the altar or communion table is placed:યજ્ઞવેદી.**C.***aisle*: યજ્ઞવેદી આસપાસનો સભા મંડપ.

Chancell-or,(ચૅન્‌'સેલર્)*n.*[L.*cancelli*, lattices.]A judicial officer of high rank:ન્યાય કોરટનો મુખ્ય ન્યાયાધીશ. **C.***of a University*: કોલેજનો અધ્યક્ષ.*Lord high* **c.**of *England*:ઇંગ્લંડમાં મોટામાં મોટો ન્યાયાધિશ.

Chance-ry,(ચૅન્‌'સેરિ)*n.*In England formerly the highest court of judicature:ઇંગ્લાંડમાં પેહેલાંની-પાર્લામેન્ટથી ઉતરતી સદર અદાલત.

Chanore,(શૅન્ગ્‌'કર્)*n.*[Fr.] A venereal sore or ulcer:સ્ત્રી સંભોગથી થતી ચાંદી-ચાઠું.

Chan-de-lier, (શૅન્ડલીર્') *n.* A frame with branches to hold a number of lights: ઝુમર.

Chandler,(ચૅન્ડ્‌'લર્)*n.*[L.*candela*, candle.]**1**. A maker or seller of candles:મિણબત્તિ બનાવનાર-વેચનાર.

Chandler-y-Chandry,(ચૅન્ડ્‌'લરિ-ચૅન્ડ્રિ) *n.* Commodities sold by a chandler: વેપારીની વેચવાની જણસો;વેપારની ચીજો.

Chanfrin (શૅન્‌'ફ્રિન) *n.* The forepart of a horse's head:ઘોડાના માથાનો આગલો-કપાળનોભાગ.

Change,(ચેન્જ્)*vt.*[L.*cambo*, I exchange.]**1**. To alter:બદલવું.**2**.To exchange:અદલબદલ કo. *To* **c.***a horse*:ઘોડાનું મોંયું ડાબા જમણી ફેરવવું.*To* **c.***hands*, to change owners:ધણી-માલિક બદલવા.*vi.*To be altered:બદલાવું.*n.*Alteration:ફેરફાર;ફેર.**2**.A passing from one phase to another:અવસ્થાન્તર;રૂપાન્તર.**3**. Small money:ખુરદો; પરચુરણ.

Changea-ble,(ચેન્જ'એબલ્)*a.***1**. Capable of change:બદલાય એવું. **2**. Appearing different: જુદું દેખાતું. [વાળું.

Changeful, (ચેન્જ્‌'-ફુલ્)*a.* Uncertain:ફેરફારવાળું.

Changeless,(ચેન્જ્‌'લેસ્)*a.*Constant:દૃઢ;સ્થિર.

Changeling,(ચેન્જ્‌'લિન્ગ્)*n.* A child left or taken in the place of another:બીજાને બદલે લીધેલું છોકરું.*a.*Inconstant:ચળિત;અસ્થિર.

Changer,(ચેન્જ્‌'અર્)*n.***1**.One who changes the form of anything:કોઈ પણ પદાર્થ-ચીજનું રૂપ બદલનાર.**2**.One who deals in or changes money:શરાફ;નાણાવટી.

Channel,(ચૅન્‌'નેલ્)*n.*[L.*cana*, a pipe.]**1**.The hollow bed where a stream of water runs: નેહેર.**2**.A strait:ખાડી.**3**.That through which anything passes:રસ્તો.**4**.A gutter:મોરી.*vt.***1**. To groove:ખાંચણ પાડવી;કાંસ-નેહેર-નિક ખોદવી.To course through:ખાડીમાં-કાંસમાં વહેવું.

Chant, (ચૅન્ટ્)*vt.*& *vi.*[L. *cano*, I sing.]**1**.To sing:ગાવું.**2**.To sing:તાલ પ્રમાણે ગાવું.*vi.*To sing: રાગ ખેંચવો.*To* **c.***horses*:ના ગુણ ગાવા.*n.* Song:રાગ.

Chantor,(ચૅન્ટ્‌'અર્)*n.*A chanter:ગવૈયો;ગાંધર્વ.

Chantoress, (ચૅન્ટ્‌'રેસ્)*n.*A female chanter or singer:ગાનારી;ગાનારી સ્ત્રી.

Chantry,(ચૅન્ટ્‌'રિ)*n.*An endowment for the chanting of masses:કીર્તન કરવાની જમા.

Chaos,(કેઑસ્)*n.*[Gr.*chaos*, fr.*cha*, to yawn.] **1**.An empty, immeasurable space:અગાધ ઉંડી જગ્યા;ખાઇ **2**.Confusion:ખીચડો;ગોટાળો;ઘાલમેલ.

Cha-otic,(કેઑટ્‌'ઈક્) *a.* Resembling chaos; confused:અસ્તવ્યસ્ત;વેરણ-ખેરણ;અવ્યવસ્થિત.

Chap,(ચૅપ્)*vt.*To split:ચીરવું;ફાડવું.To strike: મારવું;ઠોકવું.*vi.*To crack or open in long slits: ફાટવું;ચીરાવું;તડ પડવી. To rap:ધોલ મારવી. *n.***1**.A cleft:તડ. **2**.A blow:ઠોસો.

Chap, (ચૅપ્)*n.* One of the jaws:જડબું; ડાચું.

Chap, (ચૅપ્) *n.* **1**.A youth:જુવાન પુરુષ. **2**.A buyer:ખરીદનાર.

Chape, (ચૅપ્)*n.* [L. *cappa.*] **1**. The catch of anything:અટકણ. **2**. The transverse guard of a sword or dagger:તરવારની મુઠ.

Chapel, (ચૅપ્‌'એલ્)*n.***1**.A subordinate place of worship:ન્હાનું મંદીર.**2**.A choir of singers: ગાનારાઓની ટોળી.

Chaper-on,(શેપ્‌'અરોન)*n.***1** A hood or cap: સાધુનો ટોપ-ટોપી. **2**. A device placed on the foreheads of horses:ઘોડાઓના કપાળ ઉપર કરવામાં આવતું નિશાન.**3**.A matron:પ્રતિષ્ઠિત સ્ત્રી જેડે

જનાર આપેડ સ્રી.

Chap-fallen,(ચૅપ્ફૉલન) *a.* Dejected: ઉદાસ; મ્હો ઉતરેલું;નાસીપાસ થયેલું. [has a chapel:પાદરી.

Chaplain,(ચૅપ્'લૅન)*n.* An ecclesiastic who

Chaplet,(ચૅપ્'લેટ્)*n.*A garland or wreath to be worn on the head:માથે પહેરવાની ફુલની વાડી.2.A small chapel or shrine:ન્હાનું દેવળ-મંદીર.

Chapman,(ચૅપ્'મૅન)*n.*[L.*ceapian*, to buy.] 1.A purchaser:ખરીદનાર.2.A peddler:ફેરીઓ.

Chapter,(ચૅપ્'ટર્) *n.*[L.*caput*,head.]1.A division of a book:પ્રકરણ.2.(*a*)An assembly of monks: ધર્મોપદેશકોની મંડળી. (*b*) A business meeting:કોઇ ધાર્મિક કાર્ય સભા.3 An organized branch of some society:કોઈ સમાજની શાખા. 4.A chapter house:મઠ;મંદિર;દેવળ.*vt.*To censure:સુધારવું;ઠપકો દેવો.

Char,(ચાંર્)*n.* Work done by day:ઉપરૂં કામ. *vt.*1.To perform;to do.કરવું. 2.To hew:પથ્થર કોતરી બાર કાઢવો. [carbon:બાળીને કોયલો ક૦.

Char,(ચાંર્)*vt.*To burn or reduce to coal or

Charact-er(કૅર્'ઍક્ટર્)*n.*[Gr. *charassein*,to engrave.]1.A letter:અક્ષર. 2.Handwriting: લીપિ;મરોડ.3.Distinguishing qualities:વિશેષ ગુણ-ધર્મ.4.Moral quality:સદ્‌ગુણ.5.Capacity: યોગ્યતા.6.Reputation:આબરૂ;પ્રતિષ્ઠા.7.A certificate:આબરૂ પત્ર;સર્ટિફિકેટ. 8.One of the persons of a drama or a novel:પાત્ર.

Charac-ter-istic-cal,(કૅર્'ઍક્ટરિસ્ટ્'ઇક્-કેલ્) Peculiar:વિશિષ્ટ;લાક્ષણિક; અસાધારણ;લક્ષણ સૂચક.

Charac-ter-istic, (કૅ'રૅક્ટરિ-સ્ટ'ઇક્)*n.* A distinguishing truth:લક્ષણ;ખુબી.

Charac-ter-ize,(કૅ'રૅક્ટરાઇઝ્)*vt.* 1. To mark with a peculiar stamp:નિશાન-ચિન્હ ક૦.2.To engrave or imprint:કોતરવું.3.To express the character of:-ની વર્તણુક-ગુણ બતાવવા.

Charade,(શૅરાંડ્')*n.*[Fr.] An enigma based upon a word:શબ્દ;સમસ્યા;ઉખાણું;કોયડો.

Charcoal,(ચાર્કોલ્)*n.*Coal made by charring wood:કોયલો;કોલસો.*Animal* c.:હાડકાંને બાળવાથી તૈયાર થયેલો સુંદર કોલસો.

Chare,(ચેર્)*n.*A small street:સાંકડો મ્હોલો;શેરી.

Charge, (ચાંર્જ)*n.* 1.The load:ભાર.2.A trust: સોંપેલી વસ્તુ.3.Responsibility;duty;management:કામ;કારભાર.4.Care:ચિન્તા.5.An address containing instruction or exhortation:તાકીદ.6.An accusation:તહોમત. 7.Costs:ખરચ.8. The price demanded for a thing or service: કિંમત;મૂલ.9 A sudden attack:આકસ્મિક હુમલો; 10. The position of a weapon fitted for attack: હુમલા માટે તૈયાર કરેલા હથિયારની સ્થિતિ. *vt.*1.To make liable for:કામનો ભાર મુકવો. 2.(*a*)To impose as a task, duty or trust:કંઇ કામ ફરજ-કિંવા ટ્રસ્ટ તરીકે સોંપવું-માથે નાંખવું.(*b*)To command:હુકમ ક૦.3.To fix or demand as a price:કિંમત રાખવી-લેવી.4.To debit:ખાતે ઉધારવું. 5.To lay the responsibility at the door of: જોખમદાર ગણવું.6.To load;to fill:(બંદુકનો)બાર ભરવો.7.To assume as a bearing:ચિન્હતરીકે ધારણ ક૦.8.To debit on an account:નામે ઉધારવું.

Chargea-ble, (ચાંર્જ'ઍબલ્)*a.* 1.Capable of being charged:ઉપર મુકવા-રાખવા જોગ. 2. Liable:આળ મુકવા લાયક.3.Costly:મોંઘું;ભારે પડે તેવું.

Charger, (ચાંર્જ'અર્)*n.* 1. One who,or that which charges:આળ મુકનાર.3.A horse used in battle:લડાઇનો ઘોડો.

Charil-y,(ચે'રિલિ)*adv.*Carefully,frugally;cautiously:સાવચેતીથી;કરકસરથી;સંભાળ પૂર્વક;સાવધાનીથી.

Chariot,(ચૅ'રિઑટ્)*n.*1. A war car or vehicle: યુદ્ધરથ;લડાઈ નો રથ;ગાડી.

Charioteer,(ચૅ'રિઑટીર્)*n.*The person who drives a chariot:ગાડી-રથ હાંકનાર;સારથી.

Charitable,(ચૅ રિટેબલ્)*a.*1.Benevolent:પરોપકારી;માયાળુ.2.Generous:ઉદાર.3.Pertaining to charity:દાન-પુણ્યસ બંધી. [રતાથી.

Charitably, (ચૅ'રિટેબ્લિ) *adv.* liberally:ઉદા-

Charity,(ચૅ'રિટિ)*n.* [L.*carus*, dear.]1.Love; universal benevolence:પ્રીતિભાવ;પરોપકાર-બુદ્ધિ. 2.Liberality:ઉદારતા.3.Liberality in judging of men and their actions: મનુષ્યો અને તેમના કૃત્યો સંબંધિ વિચાર બાંધવામાં ઉદાર બુદ્ધિ;મોટું મન. 5.Any act of kindness or benevolence:પરોપકારી કૃત્ય.6.A charitable institution:ધર્માદા ખાતું.

Chark,(ચાંર્ક્)*vt.*To burn to the coal;to char: બાળીને કોયલો-ખાખ ક૦.*n.*Charcoal:કોયલો.

Charlatan,(શાંર્'લૅટન્)*n.*A quack:ઉંટવૈદ;ધુતારો.

Charlatanry,(શાંર્'લૅટન્રિ)*n.*Quackery:ઉંટવૈદુ.

Charles's-wain,(ચાંર્લ્ઝિઝ્-વેન્)*n.* The cluster of seven stars called the *Dipper* in the constellation, the Great Bear:સપ્તર્ષિ.

Charm,(ચાંર્મ્)*n.*[L.*carmen*,song.]1.A magic spell: મંત્ર; જાદુ. 2. Any thing worn for its supposed efficacy on the wearer:તાવીજ. 3. Fascination:મોહિની.*vt.*1.To affect by magic: મંત્રના બળથી વશ-તાબે કરવું;જાદુ ક૦.

Charmer,(ચાંર્મ્'અર્)*n.*1.One who charms:જાદુગર. 2. One who delights and attracts the affections:મનરંજન કરનાર;મોહક.

Charming,(ચાંર્મિં'ઇંગ્)*a.*Pleasing: મનોહર.

Charred,(ચાંર્ડ્)*a.*Burnt:બાળી નાંખેલો.

Chart,(ચાંર્ટ્)*n.*1.A sheet of paper on which information is exhibited:પટ; નકશો. 2.Marine map:દરિયાઇ નકશો.3.A written deed:સનદ; લેખ.*vt.*To lay down in a chart:નકશામાં કાઢવું. *To* c. *a coast*:કિનારો કાઢવો.

Charter, (ચાર્ટર્)*n.*[L.*charta*,a paper.]1.A deed: ખતપત્ર; લેખ. 2. A writing bestowing privileges:સનદ.C.*land*, land held by charter:સનદ-તામ્રપત્રથી મળેલી જમિન.*vt.*To establish by charter:દસ્તાવેજ-ખતપત્રથી સ્થાપવું.

Chartered,(ચાર્ટર્ડ્)*a.*Enjoying a privilege, liberty or license:સનદી;ખાસ હક ધરાવનાર.

Charterd-party, (ચાર્ટર્ડ્-પાર્ટિ)*n.*A mercantile lease of a vessel:વેપાર માટે વહાણ.

Char-woman,(ચૅર્'વુમન્)*n.pl.Char-women.* A woman hired for odd work or for single days:મજુરણ;ઉધડિયણ;હાડીયણ.

Chary,(ચૅરિ)*a.*Careful:કસરીઓ;સાવચેત.

Chase, (ચેસ્)*vt.* [L.*capio*,I take.] To hunt: નો શિકાર કરવો.To pursue eagerly:ની પાછળ પડવું; કેડો લેવો. *n.* 1.The act or habit of hunting: મૃગયા. 2. That which is hunted:શિકાર.3.An open huntingground:મૃગયા ભૂમિ.4.[L.*capsa*, box;case.]An iron frame to confine types: બીબાં ગોઠવવાનું ચોકઠું.

Chaser,(ચેસ્'અર્)*n.*1.A hunter:શિકારી.2.An enchaser:મેનાકારી વિગેરે ચિત્ર કાઢનાર

Chasm,(કૅઝ્મ્)*n.*[Gr.*chainein*,to gape.]1.A cleft:ઉંડીફાટ;ચીરો.2.A gap:પોલ;ખો.

Chasmy,(કૅઝ્મિ)*a.*Abounding with chasms: ઉંડી ફાટ-તડ-ચીરા-ખાલી જગ્યાવાળું.

Chaste,(ચેસ્ટ્)*a.*[L.*castus*,pure.]1.Virtuous: સતી;પતિવ્રતા.2.Correct:શુદ્ધ;પવિત્ર;નિર્મળ.

Chasten,(ચેસન્)*vt.* [L.*castus*,pure,& *ago*, I drive.]1. To correct by punishment:શિક્ષા કરી સુધારવું.2.To purify from errors:દોષમુક્ત ક૰.

Chasteness,(ચેસ્ટ્નેસ્)*n.*1.Chastity;purity: સતીત્વ;પાતિવ્રત્ય;શુદ્ધતા;નિર્દોષતા;નિર્મળતા.

Chastise,(ચૅસ્ટાઇઝ્)*vt.* [L.*castus*,pure.]1.To inflict pain upon,by means of stripes:શિક્ષા ક૰;ફટકા મારવા.To purify: શુદ્ધ કરવું.

Chastisement,(ચૅસ્ટિઝ્મેન્ટ્)*n.*Pain inflicted for punishment:શિક્ષા;સજા.

Chastity, (ચૅસ્'ટિટિ)*n.*1.Purity of body:સતીપણું;પાતિવ્રત્ય.2.Moral purity:નેકી;પાકદીલી.

Chat,(ચૅટ્)*vi.*To talk in a light and familiar manner:તડાકા મારવા.*vt.*To talk of:ની વાત કરવી. *n.*Light talk:ગપાટા.2.A twig;a little stick: ડાળી; ન્હાની સોટી. 3. (*pl.*) Small stones with ore:કાચી ધાતુના મિશ્રણવાળા નાના પથરા.

Ch-ateau,(શૅટો)*n pl.***chateaux,**(શૅટોઝ્)A castle:કિલ્લો;દેશમાંનું (ગામડાનું) રહેઠાણ.

Chattel,(ચૅટેલ્)*n.* Any item of movable or immovable property:સરસામાન;જમિન સિવાયની બીજી મિલકત.

Chatter,(ચૅટ્'અર્)*vi.*1.To utter sound inarticulate:બકબક કરવું.2.To talk idly;to jabber: ગપ્પાં હાંકવાં.*n.*Idle talk:બકબકાટ;ગપ્પાં.

Chatter-box,(ચૅટ્'ટર્બૉક્સ્)*n.*One who talks incessantly and idly:બકવાખોર;લવરીખોર.

Chatter-er,(ચૅટ્'ટરર્)*n.*1.A prater:બકબકીઓ. 2.A bird of the family Ampelidae:એક જાતનું પક્ષી. [વાતોડું.

Chatty,(ચૅટ્'ઇ)*a.*Given to free conversation:

Cheap, (ચીપ્) *a.* Bearing a low price:સસ્તું. *Dog* c.,very cheap:ઘણું સોંઘું.

Cheapen,(ચીપ્'અન્)*vt.*1.To attempt to buy: ખરીદવાનો યત્ન કરવો. 2. To beat down the price;to depreciate:હલકું-સસ્તું-સોંઘું ક૰.

Cheaply,(ચીપ્'લિ)*adv.* At a small price;at a low rate:સોંઘું;સસ્તું;સોંઘે ભાવે.

Cheapness, (ચીપ્નેસ્) *n.* Lowness in price: સસ્તાઈ;સોંઘાઇ;હલકોભાવ;સોંઘવારી.

Cheat,(ચીટ્)*vt.*To deceive:ઠગવું;છેતરવું;ધૂતવું.2. To beguile:છેતરવું. *n.* 1. A fraud;an imposition;a trick:છળ;દગો.2.One who cheats:ઠગ.3. A trouble some grass growing as a weed in grainfields:દાણાના ખેતરમાં વચ્ચે ઉગતુ નકામુ ઘાસ.

Cheating,(ચાટ્'ઇંગ્)*n.*Fraud;trick:ઠગાઇ.

Check,(ચેક્)*n.*1.A stop;obstruction:અટકાવ. 2.A mark placed against items in an account:હિસાબ તપાસતાં ભૂલને માટે રકમો ઉપર કરેલું નિશાન. 3.A draft:ચેક;ચિઠ્ઠી. હુંડી;ડ્રાફ્ટ. 4. A corner register:સામો હિસાબ;સામું અડધિયું.5. *To take* c.,to take offence:અપમાન ગણવું. *vt.* 1.To curb:અટકાવવું.2.To put a mark against an item:નિશાન એંધાણથી ઓળખાવવું.3.To chide: ઠપકો દેવો.*vi.*1.To make a stop;to pause:અટકવું;બંધ-પડવું;સેકાવું.2.To act as a curb or restraint:અંકુશ રૂપ હાથ હોવો.

Checker, (ચેક્'અર્)*vt.* 1. To variegate with cross lines:ચોકડી પાડવી.ચિત્રવિચિત્ર કરવું. *n.*1.A piece in the game of draughts or checkers: શેત્રંજનું એક મ્હોરૂં 2 A pattern in checks:ચોકડીનાં ખાનાદાર નમુનો.C.*board*:ચોસઠ ખાનાનું શેત્રંજનું ઘર.

Checkered,(ચેક્'અર્ડ્)*a.* 1 Variegated with cross lines:રંગ બેરંગી. 2.Diversified:વિલક્ષણ.

Check-mate,(ચેક્મેટ્)*n.*1.The movement in the game of chess which stops all further moving,and ends the game:માત. C. *with a pawn*:પ્યાદમાત 2.A complete defeat or overthrow:તદન હાર.*vt.*1.To put in check:શહેમાત ક૰.2.To defeat completely:તદન હરાવવું;નડવું.

Cheek,(ચીક્)*n.*1.The side of the face below the eye:ગાલ.2.*pl.*Those pieces of a machine or of any timber which are similar & in pairs: કોઇ યંત્રના કે કોઇ લાકડાના સરખા ડિંચા જેડાબંધ કકડા. 3.*pl.* The branches of a bridle

bit:લગામના ચોકડાની કડીઓ.

Cheep,(ચીપ્)*vi.*To chirp as a small bird:ચ-ક્ચક-ચીંચી-ચું ચું ક૦.*n.*A chirp:ચીંચી-ચું ચું.

Cheer, (ચીર્)*n.* [L. *cerebrum*, brain.]1. The face:ચ્હેરું.2.Feeling:લાગણી.3.Gaiety;mirth: આનંદ; હર્ષ. 4. That which promotes good spirits or cheerfulness;entertainment:ગમત. 5. A shout or hurrah expressing joy &c: ખુશાલીના પોકાર;હર્ષનાદ.*vt.*1.To gladden:ખુશ-રાજી ક૦.2.To inspirit:ઉત્તેજન આપવું.3.To urge on by or salute with, cheers: ઉત્તેજનના શબ્દથી માન આપવું.3.To utter a shout of applause, triumph,&c:હર્ષનાદ-પોકાર ક૦.

Cheerful, (ચીર્ ફુલ્)*a.*1.Lively:ખુશ. 2.Promoting happiness:સુખવર્ધક.

Cheerful-ly, (ચીર્ ફુલિ) *adv.* In a cheerful manner;gladly:ખુશીકારક રીતે;રાજી ખુશીથી;આનંદ પૂર્વક;ઉમંગ-હર્ષથી.

Cheerful-ness,(ચીર્ ફુલ્નેસ્)*n.*Good spirits: ખુશમિજાજ;આનંદી સ્વભાવ;હર્ષ;ઉમંગ.

Cheering,(ચીર્ ઈંગ્)*p.a.*1.Comforting:સંતોષ આપનારું.2.Gladdening:આનંદ દાયક-કારક.

Cheerless, (ચીર્ લેસ્)*a.* Without joy:આનંદહીન-રહિત;ઉદાસ;ખીન્ન;દીલગીર.

Cheery,(ચીર્ ઈ)*a.*1.Cheerful:ખુશ;આનંદી.2.Promoting cheerfulness:આનંદ હર્ષમાં વધારો કરતું.

Cheese,(ચીઝ્)*n.*[L.*caseus.*]The curd of milk: પનીર.2.A kind of fruit:એક જાતનું ફળ.3.A low courtesy:હલકા પ્રકારની વિવેકની રીત.C.*cake*:દહીં, ખાંડ તથા માખણની-અગર અંદર મુકીને બનાવેલી રોટલી.

Chemic-al,(કેમ્ ઇકલ્)*a.*Pertaining to chemistry:રસાયણશાસ્ત્રના નિયમાનુસાર-શાસ્ત્ર સંબંધિ.

Chemic-als,(કેમ્ ઇકલ્સ્)*n.pl.*Substances used for producing chemical effects:રસાયણ પ્રયોગમાં ઉપયોગી વસ્તુઓ.

Che-mise, (શેમીઝ્)*n.*[Low L.*camisia*,shirt.] A shirt worn by females:સ્ત્રીઓને પહેરવાની ચોળી

Chemist, (કેમ્ ઇસ્ટ્) *n.* A person versed in chemistry:રસાયનશાસ્ત્રી;રસાયનવેત્તા;રસાયણી.

Chemist-ry, (કેમ્ ઇસ્ટ્રિ) *n.* That branch of science which treats of the composition of substances and of the changes which they undergo:રસાયનશાસ્ત્ર.2.A treatise on chemistry:રસાયન વિદ્યાનું પુસ્તક.

Cheque,(ચેક્)*n.*An order for money,drawn on a banker or on the cashier of a bank, payable on sight:નાણાં મળવાની ચિઠ્ઠી;હુંડી;ચેક.

Chequer,(ચેક્ અર્)*vt.*To variegate with cross lines:ચિત્રવિચિત્ર ક૦;ચોકડી પાડવી.

Cherish,(ચે રિશ્)*vt.*[L.*carus*,dear.]1.To treat with tenderness:માયા-હેત દેખાડવાં.2.To hold dear:પ્યાર માનવું;ગણવું.

Che-root,(ચેરૂટ્)*n.*A kind of cigar:એક જાતની તમાકુનાં પાંદડાંની બીડી.

Cherry,(ચે રિ)*n.*[L. *cerasus*, cherry tree.]1. (*a*)The fruit of a species of prunus:આલુ-ફળ.(*b*)The tree which bears the fruit:ચેરી-આલુનું ઝાડ.2.A cordial composed of cherry juice and spirit:ચેરી નામના ફળના રસનો અને દારૂનો અર્ક. [ક્ષીસ; પાનસોપારી.

Cherry-merry, (ચેરિ-મેરિ)*n.*Gift:ચેરીમેરી;બ-

Cherso-nese,(ચેર્ સોનીઝ્)*n.*[Gr.*chersos*,land & *nesos*, island.] A peninsula:દ્વિપકલ્પ.

Cherub, (ચેરબ્) *n. pl.* **cherubim** is also used. 1. One of an order of angels:દેવદુત; ફિરસ્તો. 2. A beautiful child:રૂડું-રૂપાળું છોકરું; ખૂબસુરત બચ્ચું.

Chess,(ચેસ્)*n.*1.A game played by two persons,on a board containing sixty-four squares:શેતરંજ. 2.A kind of grass:એક જાતનું ઘાસ.

Chess-man,(ચેસ્-મૅન્)*n.*(*pl.***chess-men.**)A piece used in the game of chess:શેતરંજનું મ્હોરું.

Chest,(ચેસ્ટ્)*n.*1.A box of wood:લાકડાની પેટી 2.A coffin:કફન.3.The thorax:છાતી.4.A case in which certain goods are transported:માલ દેશાંતરખાતે મોકલવામાં વપરાતી પેટી બારદાન.

Chest, (ચેસ્ટ્)*n.* Strife:કજીયો;લડાઈ; ટંટો;ફિસાદ.

Chest-nut, (ચેસ્ ટ્નટ્)*n.*[L.*castanea*,a chestnut.] 1. The nut of a forest tree: એક જાતનું ફળ. 2.The tree itself or its timber:એ ફળનું ઝાડ કે તેનું લાકડું.3.A bright brown colour:ચળકતો બુરો રંગ.4.An old joke or story:અસલી મશ્કરી.

Cheva-lier,(શેવૅલીર્)*n.*A horseman:ઘોડેસ્વાર. C.*d'industries*,a pickpocket:ખીસાકાતરૂ.

Cheveril,(શેવેરિલ્)*n.* Soft leather made of kidskin: બકરીના બચ્ચાનું સુંવાળું ચામડું. 2. An yielding disposition:નમે એવો સ્વભાવ.

Chew,(ચૂ) *vt.*& *vi.* To bite and grind with the teeth:ચાવવું. *To* **c.** *the cud*, to chew the food over again: વાગોળવું. *n.*A cud: ચાવવાનો પદાર્થ; વાગોળ.

Chi-cane-ry,(શિકેન્ શિકેનરિ)*n.*Shift;sophistry:પેચ;છળભેદ. *vi.*To use shifts or artifices: પેચ-પ્રપંચ ક૦.

Chich,(ચિચ્)*n* [L. *cicer*, the chick-pea.] A dwarf pea;a chickpea:ન્હાનો વટાણો;ચણો.

Chick-en, (ચિક્-ચિકેન્) *n.* 1. The young of fowls:મરઘાની જાતનાં પક્ષીઓનાં બચ્ચાં. 2. (*a*) A young person:બચ્ચું.(*b*)A young woman:કુંવારી સ્ત્રી.

Chicken-heart-ed,(ચિક્ એન-હાર્ટેડ્)*a.*Timid; fearful:બ્હીકણ;બ્હીકણબીલાડી;કાયર;બાયલો.

Chicken-pox, (ચિક્ એન-પૉક્સ્) *n.* (*Med.*) A mild, contagious,eruptive disease:અછબડા.

Chide,(ચાઇડ્)*vt.*To rebuke:ધમકાવવું;ઠપકો દેવો. *vi.*To chafe:મ્હોટી બૂમ પાડવી;અવાજ-ઘોંઘાટ કo.

Chief,(ચીફ્)*n.*[L.*caput*,the head.]1.(*a*) The head or leader of any body of men: આગેવાન.(*b*)A headman,as of a tribe:પટેલ. (*c*)A person in authority who directs the work of others: પ્રધાન.The principal actor or agent:મુખ્ય કર્તાહર્તા. 2. The principal part:મુખ્ય ભાગ-અંશ.*a.*1.Highest in office:મુખ્ય;આગેવાન. 2.Important;main:શ્રેષ્ઠ;ઉત્તમ;પરમ.*adv.*Chiefly:મુખ્યત્વે-ઘણું કરીને. [ણું કરીને.

Chiefly,(ચીફ્લિ)*adv.*For the most part:ઘ-

Chieftain, (ચીફ્ટેન્)*n.* Captain, leader or commander:નાયક;આગેવાન;સરદાર.

Chief ship,chieftain-ry-ship,(ચીફ્-શિપ્, ચીફ્'ટેન્રિ,ચીફ્'ટેન્-શિપ્)*n.*The rank or office of a chieftain:સરદારી;નાયકપણું.

Child,(ચાઇલ્ડ્)*n.pl.* **Children**. 1. A son or daughter:છોકરું;ફરજંદ. 2. A young person of either sex:બાળક. *spoiled* c.:બગડી ગયેલું છોકરું. *To be with* c.,to be pregnant:ભારેવાયા-ગર્ભવતી-સગર્ભા હોવું;*child's play*, light work:બાળચેષ્ટા; બાળક્રીડા; છોકરાની રમત.

Child-bearing,Child-bed,Child-birth, (ચાઇલ્ડ'બેરિન્ગ્) (ચાઇલ્ડ્'બેડ્) (ચાઇલ્ડ્'બર્થ્) Parturition;travil; labour:પ્રસવાવસ્થા; પ્રસવ; પ્રસૂતિ;સુવાવડ.

Child-hood,(ચાઇલ્ડ્'હુડ્)*n.*1. The state of a child:બચપણ.2.The commencement;the first period:પ્રારંભ;શરૂઆત. *second* c., the state of being feeble from old age:ઘડપણને લીધે ઉત્પન્ન થતી અશક્તપણાની દશા. [બુદ્ધિનું;અણસમજુ.

Childish,(ચાઇલ્ડ્'ઇશ્)*a.*Puerile:છોકરવાદ;બાળક-

Childless,(ચાઇલ્ડ્'લેસ્)*a.*Destitute of children or offspring:નિ:સંતાન;વાંઝીયું.

Child-like,(ચાઇલ્ડ્'લાઇક્)*a.*Becoming a child; meek:બાળક જેવું;ભોળું;ગરીબ.

Chili-ad, (કિલ્'ઇઍડ્)*n.*[Gr. *chilion*, a thousand.](*a*)A thousand:હજાર;સહસ્ર;સહસ્રક.(*b*)A period of thousand years:હજારવર્ષ;સહસ્રાબ્ધિ.

Chill,(ચિલ્)*a.*1.Moderately cold:ઠંડું;શીતળ. 2 Affected by cold:ટાઢચઢી ગયેલું. 3. Distant: મ્હોડું;ઉપલક. *n.*A moderate degree of cold: શરદી;ઠંડી;શીત.2.Discouragement: હર્ષભંગ;નાઉમેદી;ધૈર્યભંગ. *vt.*1.To make chilly:ઠંડું-શિતળ કo.2.To depress:નાહિંમત કo.

Chilli,(ચિલિ)*n.*A kind of red pepper:મરચું.

Chil-ly, (ચિલ'ઇ)*a.*Moderately cold so as to shiver:ધ્રુજારો આણે એવું ઠંડું-શિતળ;શરદ.

Chime,(ચાઇમ્)*n.*[L.*cymbalum*,cymbal.]1.The harmonious sound: એકનાદ-રાગ. 2. A set of bells musically tuned to one another: એક-રાગ થંચવળી.*vi.*1.To sound in harmonious accord:એક રાગે વાગવું.2.To join in a conversation;to express assent:હા ભણવી.*vt.*To utter harmoniously:એકતાલ-રાગબંધ ગાવું;બોલવું.*n.*The edge or brim of a cask:લાકડાના પીપની કોર.

Chi-mera,(કિમી'રે)*n.*[Gr.*chimaira*,a shegoat.] An imagined monster: કલ્પિત રાક્ષસ.

Chi-meric al, (કિમેર્'ઇકલ્) *a.* Fanciful; unfounded:ખાલી;વૃથા; કલ્પિત; અસંભવિત;માનસિક.

Chimney,(ચિમ્'ની)*n.*[L.*caminus*,furnace.]1. The fireplace or hearth:ચૂલો.2.The passage through which the smoke is carried up to the open air:ધુમાડિયું.3.A tube of glass:ફાનસની ચીમની.C.*money*:ચુલાવેરો.

Chim-panzee,(ચિમ્પૅન્'ઝી)*n.*A species of the monkey tribe:એક જાતનો વાંદરો.

Chin,(ચિન્)*n.* The lower extremity of the face below the mouth:હડપચી;ડાચું;દાઢી.

China,(ચાઇનૅ)*n.* A species of earthenware made in China:ચીનાઈ વાસણ;ચીનીકામ.C.*ware*: ચિનાઈ વાસણ. [ઉટાંટિયો;હડખાંઇ;ઉધરસ;ખોખલો.

Chin-cough,(ચિન્'કૉફ્)*n.*Whooping cough:

Chine,(ચાઇન્)*n.*[L *spina*,thorn.]1.The backbone of an animal:કરોડ. 2.Edge or brim of cask: પીપની કોરણ.3.A chink:ફાટ.*vt.*1. To cut through the back-bone of:.ની કરોડમાં કાપવું.

Chi-nese,(ચાઈનીઝ્')*a.*Pertaining to China: ચીન દેશ સંબંધી.*n. sing. pl.* A native or natives of China:ચીન દેશનો રહેવાશી;ચીનો-ચીના. 2.The language of China:ચીન દેશની ભાષા.

Chink,(ચિન્ક્)*n.*A gap:ચિરો.*vi.*To crack:ફાટવું. *vt.*1. To form a fissure in:માં ચીરો પાડવો. 2.To fill up the chinks of:-ની ફાટો-ચીરો પુરી નાંખવી.*To* c.*a wall*:ભિંતની સાંધ બીડવી.

Chink,(ચિન્ક્)*n.*1.A short,sharp sound: ખણખણાટ;ખખડાટ;રણકારો.2.Money;cash:પૈસો;પુંજી. *vt.*To cause to sound:ખણખણ વગાડવું;ખખડાવવું;ખણખણવું. [ચીરા-ફાટ વાળું.

Chinky,(ચિન્ક્'ઇ)*a.*Full of fissures;gaping:

Chintz,(ચિન્ટ્ઝ્)*n.*Cotton cloth,printed with different colors:છીંટ;છાપેલું સુતરાઉ કાપડ.

Chip,(ચિપ્)*vt.*To cut into small pieces:નાની ચીપ કાઢવી-ઉતારવી. *vi.* To break off in small pieces:છોડિયાં ઉખડી જવાં;ચીપો નીકળવી.*n.* 1. A piece of wood, stone or other substance separated by a cutting instrument:ચીપ.C. *of the old block*:મા કે બાપને મળતું આવતું છોકરું.

Chirm,(ચર્મ્)*vi.* To make a mournful sound as a bird:પક્ષીની પેઠે ઉદાસીન અવાજ કo-બોલવું.

Chi-rograph-er,(કાઇરૉગ્'રૅફર્)*n.*One who exercises the art of writing:લખનારો;લહિયો.2. One who tells fortunes by examining the

hand:હાથની રેખાઓ જોઇને નશીબ બતનાર;સામુદ્રિક.

Chi-rolo-gy, (કાઇરૉલૉજિ) *n.* [Gr. *cheir,* hand,& *logos,* science.] Dactylology:કરપલ્લવી.

Chiro-man-cer,(કાઇ'રૉમૅન્સર્)*n.*One who attempts to foretell future events by inspecting the hand:સામુદ્રિક;હસ્તરેખાપરીક્ષક.

Chi-ro-man-cy,(કાઇ'રૉમૅન્સિ)*n.*[Gr.*cheir,* the hand,& *manta,* divination.] Divination by hand;palmistry:હસ્તલક્ષણવિદ્યા;સામુદ્રિકવિદ્યા.

Chirp,(ચર્પ્)*vi.*To make a sharp sound:ચકચક-ચીંચીં કરવું.*n.* A short sharp note:ચકચક ચીંચીં.

Chirrup,(ચિર્'રપ્)*vt.*To quicken by chirping: ચીંચીં કરીને ઉશ્કેરવું.*vi.*To chirp:ચીંચીં-ચકચક કરવું. *n.*A chirp:ચીંચીં;ચકચક.

Chirurgeon,(કાઇરર્'જન)*n.*[Gr.*cheir,*hand& *ergon,*work.]A surgeon:શસ્ત્રવૈદ;વાઢકાપીયો વૈદ.

Chisel,(ચિઝ્'એલ્)*n.*[L.*cædo,*I cut.]A tool with a cutting edge used in working in timber; stone,metal,&c.:સુતારની ફરસી-વિંધણું; ટાંકણું. *vt.*I.To cut,engrave with a chisel:ચિરવું; કોરવું;ટાંકવું; કોતરી કાઢવું.

Chit,(ચિટ્)*n.*1.A shoot;a sprout:ફણગો;પેશી. 2.A child:બચ્ચું.3.An excrescence on some part of the body: શરીરના કોઇ પણ ભાગ ઉપર થયેલો મસો-ગાંઠ-રસોળી. [ઠંડાખ્હોરની વાતો તડાકા.

Chit-Chat,(ચિટ્-ચેટ્) *n.*Familiar talk:વાત;

Chival-ric-rous,(શિવ્'ઍલ્રિક્-શિવ્'ઍલરસ્)*a.* Warlike;bold;gallant:સાહસિક;બહાદુર;સભ્ય.

Chival-ry,(શિવ્'ઍલ્રિ)*n.*[L.*caballus,*a horse.] 1.Cavalry:ઘોડેસ્વારનો સમૂહ.2.The dignity of knighthood:'નાઈટ'નામની પદવી.3. The qualifications of knights: બાહાદુરી. 4. Exploit: પરાક્રમ;કૌતુક.

Chives,(ચાઇવ્સ) *n.pl.*1.Slender threads in the blossoms of plants:ફુલના તંતુ. 2.A species of onion:ડુંગળીની જાતનો કંદ.

Chloro-dyne,(ક્લૉ'રોડાઇન)*n.*A compound of chlorine and iodine: ઓડો બંધકરનારૂં ઓસડ.

Chloro-form,(ક્લૉ'રોફૉર્મ)*n.* An oily liquid substance:એક પ્રકારનો તેલ જેવો પદાર્થ;ક્લોરોફાર્મ.

Chook,(ચૉક્)*vt.*To fasten with a wedge:ફાચર મારીને મજબૂત કરવું.2.To encounter: મુલાકાત;ભેટ લેવી. *vi.* To fill up,as a cavity: ખાડો પુરવો.*n.*A wedge:ફાચર.

Choice,(ચૉઇસ્) *n*-1.The act of choosing:પસંદ કર તે;ચુંટણી.2.The power of choosing: પસંદગી;મરજી;ખુશી.3.The thing chosen:પસંદ કરેલી વસ્તુ-ચીજ.4.The best part of any thing: ઉત્તમ ભાગ.*a.*Select:ઉત્તમ;કિંમતી.

Choir,(ક્વાઇર્)*n.*[L.*chorus,*song.] 1. A band or organized company of singers:ગાનાર મંડળ.2.The part of a church appropriated t singers: દેવળમાં ગાનારને બેસવાની જગ્યા.

Choke,(ચૉક્)*vt.*1. To suffocate: ગુંગળાવવું.2. To block up:પુરી નાંખવું.3.To hinder:અટકાવવું. 4. To effect with a sense of strangulation by passion:ડૈયું ભરાઇ આવવું *n.*A stoppage or irritation of the windpipe:ડૈયામણ;ગુંગળાટ.

Choke-damp, (ચૉક્ડૅમ્પ્) *n.* Carbonic acid gas:નુકશાનકારક હવા;ઉભાર.

Choler,(કૉલ્'અર્)[Gr.*cholera,*bile.]1.The bile: પિત્ત.2.The seat of irascibility:તમોગુણ;પિત્ત-પ્રકૃતિ-સ્વભાવ.3.Anger:ગુસ્સો;ક્રોધ.

Cho-ler-a,(કૉલ્'એરે)*n.* A disease characterized by vomiting and purging:કોગળીઉ;કોલેરા.

Choler-ic, (કૉલ્'અરિક્)*a.*1.Abounding with choler or bile:પિત્તવાળું.2. Easily irritated: ચીઢીયું;તમોગુણી;તામસી.3.Angry: ગુસ્સાવાળું.4. Pertaining to cholera:કોગળીયાનું.

Choose,(ચુઝ્) *vt.*1. To select:પસંદ કર; ચૂંટી કાઢવું. 2. To exercise the power of choice: પસંદ કરવાની સત્તા પાવરવી-નો ઉપયોગ કરવો.

Chop,(ચૅાપ્)*vt.*1.To cut into pieces(with *up*) કાપવું; છુંદવું;છુંદવું. 2. To divide; (with *off* or *down*):કાપી નાંખવું;ફાડી દેવું.3.To seize or devour greedily (with *up*): ઝોડબ-બચબચ ચાવી જવું.4. To barter:અદલાબદલી કર.*vi.*1.To interrupt(with *up* or *out*): બોલતાં અટકાવું 2. To purchase by way of truck: સાટામાં ખરીદવું.*n.* A stroke:ઘા;ઘેદ.2. A slice of meat: માંસનો કડકો.3. A cleft:ફાટ; ચીરો.4. (*a*) The jaws:ડાચા;જડબાં.(*b*) The fleshy parts about the mouth:ગલોફું.5. The land at each side of the mouth of a river:નદીના મુખના બે બાજુના ભાગની જમીન. [થઇ ગયેલું;નાસીપાસ;નાઉમેદ.

Chop-fallen,(ચૅાપ'ફૉલન)Dejected: નાહિમ્મત

Chopping, (ચૅાપ્'ઇન્ગ્)*n.* Act of cutting by strokes;a cutting:કાપવું કકડા કરવા તે.*a.*Having tumbling waves:ખળભળતું;ઉછળતું.

Chopping-knife,(ચૅાપ્'ઇન્ગ્-નાઇફ્)*n.*A knife for chopping or mincing meat:સુડો;છરો;છરી.

Choral,(કૉ'રલ્)*a.*[L.*chorus,*a dance in a ring.] Of or pertaining to a choir or chorus;singing or sung in chorus: ગાયકમંડળીનું. *n.* A hymn, by the congregation: ભજન; મંડળીમાં સાથે ગાયેલું ભજન.

Chord,(કૉર્ડ) *n.*[L.*chorda,*a gut.]The string of a musical instrument: વાજીંત્રમાં તાર.2. A right line uniting the extremities of the arc of a circle:જિવા.*vt.*To string:તાર ચઢાવવા.

Chorist,Choris-ter,(કૉ'રિસ્ટ્)(કૉર્'ઇસ્ટર્)*n.*A singer in a choir:ગાયન મંડળીનો ગવૈયો;ક્રીસ્તીઓ.

Cho-rograph-er,(કોરૉગ્'રેફર્)*n.*[Gr.*choros,* oplace & *grapho,* I describe.] 1. One who

makes a map of a district: કાર્ગિષણું પ્રગણું કે દેશનો નકશો કાઢનાર.2. One who investigates the locality of ancient places: અસલી સ્થળો જગોનું-ના તળનું શોધન કરનાર.

Chorus, (કોરસ્) *n.* [L.*chorus*, a dance in a ring.]1.A band of singers& dancers: ગાયક-ગાનાર મંડળ.2. A company of singers singing in concert:સંગાથે ગાનાર ગાયકમંડળ.3.Recurring stanza of a song:ટુંક;ટેક.

Chouse,(ચાઉસ્) *vt.* To chest:છેતરવું. *n.* 1. A simpleton: સ્હેલાઇથી છેતરાય તેવો ભોળો. 2. A tric:ઠગાઈ.3.A swindler:ઠગ;ધુતારો;લુચ્ચો.

Chowry, (ચાઉરિ) *n.*A whisk to keep off flies;a fly-flap:ચમરી;ચમ્મર; ચમર.

Chrism,(ક્રિઝમ્)*n.*[Gr *crio*,I annoint.]1.Concecrated olive oil:દેવાર્પણ કરેલું તેલ;સંસ્કારી તેલ.

Christ,(ક્રાઇસ્ટ્)*n.*[L.*christus*, annointed,]The annointed;the appellation given to Jesus, the Savior:ઇસુ ખ્રિસ્ત-ખ્રિસ્તી પેગંબર.

Christen,(ક્રિસ'ન્)*vt.* To baptize:જલસંસ્કાર કરી ખ્રિસ્તિધર્મમાં લાવવું અને નામ પાડવું.

Christen-dom,(ક્રિસ'ન્ડમ્)*n.*[L *crinten*,a christian.] 1.(*a*) The profession of faith in Christ by baptism:બાપ્ટી લઈ-ક્રાઇસ્ટમાં આસ્થા-શ્રદ્ધા રાખવી તે. (*b*) The Christian religion: ખ્રિસ્ત ધર્મ-મત-પંથ. 2. The name received at baptism: જલસંસ્કાર વખતે જે નામ પાડ્યું હોય તે નામ 3.That portion of the world in which Christianity prevails: ખ્રિસ્ત મુલક. 4. The whole body of Christians:ખ્રિસ્તિ સમસ્ત.

Christian,(ક્રિસ્'ટિઍન્)*n.*1. One who believes in Jesus Christ:ખ્રિસ્તિ;વિશ્વાસી. 2.One born in a Christian country or of Christian parents: ખ્રિસ્ત મુલકમાં ખ્રિસ્તી માબાપને પેટે જન્મેલો માણસ. *a.* Pertaining to Christ or his religion:ઈસુખ્રિસ્તને લગતું. 2. Professing Christianity:ખ્રિસ્તી ધર્મ માનનાર.3.Ecclesiastical:ધર્મ સંબંધી. C.*era*:ખ્રિસ્ત સંવત્. C.*name*:બાપ્ટીઝમ-જલસંસ્કાર વખતે પાડેલું નામ.

Chris-ti-ani-ty,(ક્રિસ્ટિઍન્'ઇટિ)*n.*1. The religion of Christ: ખ્રિસ્ત ધર્મ. 2. The body of Christian believers:ખ્રિસ્ત મંડળ-માત્ર સમાજ.

Christian-ize,(ક્રિસ્'ટિઍનાઇઝ્)*vt.*To convert to Christianity:ખ્રિસ્તી ધર્મમાં લાવવું.

Christmas, (ક્રિસ્'મૅસ્)*n.*An annual church-festival(December 25):ઇસુખ્રિસ્તના જન્મદિવસ તરીકે મનાતો વાર્ષિકોત્સવ. C. *box*:નાતાલના મહોત્સવમાં નજર કરવાની પેટી.C.*day*,same as **Christmas**: નાતાલ. C. *eve*, the evening before Christmas: નાતાલના મહોત્સવની પહેલાની સાંજ; તા॰ ૨૪ મી ડીસેંબર.

Chro-matic,(ક્રોમૅટ્'ઇક્)*a.*[Gr. *chroma*,*chromator*, colour.] 1. Relating to colour or colours: રંગ સંબંધિ. 2. Proceeding by the smaller intervals of the scale:સારીગમના ગૌણ સુરમાંથી ઉદ્ભવતું.C.*)printing*:રંગબેરંગી છાપ.

Chro-matics,(ક્રોમૅટ્'ઇક્સ્)*n.sing.*The science of colours:રંગશાસ્ત્ર;રંગવિદ્યા;રંગકલા.

Chronic-cal, (ક્રોન્'ઇક્-કૅલ્):*a.*[Gr. *chronos*, time.] Relating to time: કાળ સંબંધિનું 2. Continuing for a long time:ઘણા દહાડાનું.

Chroni-cle,(ક્રોન્'ઇકલ્)*n.*1. An historical register of facts:કાળ-કાલક્રમકવૃત્તાન્ત.2.A history: આખ્યાન;ઇતિહાસ;ત્વારિખ.*vt.*To record in a history:નોંધવું;ઇતિહાસ-ત્વારિખમાં લખવું.

Chron-o-logic-al, (ક્રોનોલૉજ્'ઇકલ્)*a.* [Gr *chronos*,time,&*logos*, discourse.] Relating to chronology:કાલમાન-કાલગણનવિદ્યા સંબંધિ.

Chro-nolo-ger-gist, (ક્રોનૉલ્'ઑજર-જીસ્ટ્)*n.* One skilled in chronology:કાળમાનવેત્તા;કાળગણનવેત્તા; કાળમાન શાસ્ત્રી; ભૂતકાળના વૃત્તાંતની સાલ, તારીખ વિ॰ નક્કી કરનાર.

Chro-nolo-gy,(ક્રોનૉલ્'આજી)*n.* The science which treats of measuring time by regular divisions or period:કાલમાનવિદ્યા;કાલગણનવિદ્યા

Chro-nomet er,(ક્રોનૉમ્'એટર્)*n.*A very exact time piece:કાળસાધન;કાળમાનકયંત્ર;ખગોળ વિદ્યા માટે ઘણું ચોક્સ ઘડિયાળ.

Chrysa-lis,(ક્રિસ્'ઍલિસ્)*n.* [Gr.*chrusos*,gold.] *pl.***chrysalides**.The pupa state of certain insects:કોશવાસી;કોશસ્થ;કોશકીટ

Chryso-lite(ક્રિસ્'ઑલાઇટ્)*n.*[Gr.*chrusos*,gold & *lithos*, stone.] A mineral stone of a yellow & green colour:લસણીઓ (હીરો.)

Chrystal,(ક્રિસ્ટલ્)*n.*A glass:કાચ;બિલોર.

Chubby,(ચબ્'ઇ)*a.*Plump, short:ઠીંગુ.

Chuck,(ચક્) *vi. vt.*To cluck:મરઘી બચ્ચાંને બોલાવતી વખતે જેવી રીતે બોલાવે છે તેવી રીતે બોલવું. મરઘી પોતાનાં બચ્ચાંને બોલાવે છે તેમ બોલાવવું.*n.*1. The voice or call of a hen:મરઘીનું બોલવું તે.

Chuck,(ચક્)*vt.*1.To strike gently:હળવો ઠુંસો મારવો. 2. To pitch; to throw with quick motion:ઝડપથી ફેંકવું. *n.* A clamp for holding objects on a lathe:પકડ;ચાપ.2.A slight blow under the chin:હડપચી નીચે હળવો ઠુંસો. 3. A short throw:ફેંકવું તે.

Chuckle,(ચકલ્)*vt.* 1. To cluck:મરઘી પોતાનાં બચ્ચાંને બોલાવે છે તેમ બોલાવવું.*vi.*To laugh in a broken manner to express derision: ઠઠ્ઠા કે મશ્કરીમાં ગાલમાં રહી રહીને હસવું.

Chuff,(ચફ્)*n.*A clown:મુરખો;ગમાર;ગામડીઓ;ઠોઠ. *a.*Surly:ચીડવાઇ જાય એવો;ખરાબ સ્વભાવનો;મુરખ.

Chum,(ચમ્)*n.* A chamber fellow:એક ઓરડામાં રહેનાર સોબતી. *vi.*To occupy a chamber with

another:બીજામાણસ સાથે એક ઓરડીમાં રહેવું.

Chunam, (ચુનૅમ્)*n*. Quicklime; plaster or mortar:કળી ચૂનો;ચુનો;કેલ.

Church,(ચર્ચ્)*n*.[Gr. *churios*,the Lord.]1.A building set apart for Christian worship: ખ્રિસ્તી લોકનું ઈશ્વરભક્તિ-પ્રાર્થના કરવાનું દેવળ. 2.A jewish temple:યાહુદી લોકોનું દેવળ. 3. A body of Christian believers worshipping together:સાથે બેસી ભક્તિ કરનાર ખ્રિસ્તીઓનો રીતસર મળેલો સમુદાય 4.The collective body of Christians:ખ્રિસ્તી સમાજ. 5.The aggregate of religious influence:પાદરી વર્ગ. *Universal* c.:આખી દુનિયાપર ખ્રિસ્તમાં ઈશ્વરબુદ્ધિ ધરાવનારનો સમુદાય.

Church-man,(ચર્ચ્'મૅન્)*n*.*pl*.**church-men**. 1.A clergyman:પાદરી.2.One who is attached to or attends church:દેવળમાં જનાર.

Church-yard,(ચર્ચ્'-યાર્ડ્)*n*.The ground adjacent to the church, where the dead are buried;cemetery:કબરસ્તાન;દખમું;મસાણ.

Churl,(ચર્લ્)*n*.1.A rustic:ગામડીઓ. 2.A surly ill-bred man:ગમાર;જંગલી.*a*.Churlish:ગમાર.

Churlish,(ચર્લિશ્) *a*.1. Rude:ગમાર જેવું.2. Unyieding:વળે અથવા નમે નહીં તેવું; જક્કી.

Churn, (ચર્ન્) *n*. A vessel in which milk is beaten in order to separate the butter from other parts:વલોણા ગોળી.C.*rope*:નેતરું; નેતરાં.*vi*. To agitate cream in order to separate the butter:માખણ જુદું પાડવાને માટે દહીંને હલાવવું.

Churning,(ચર્નિંગ્)*n*.1 .The act of churning: વલોણું. 2. The quantity of butter made at one operation:એક ટંકે થયેલું માખણ.

Churning-staff, (ચર્નિંગ્ સ્ટૅફ્) } *n*. The in-
Churn-staff, (ચર્ન્'સ્ટૅફ્) } strument used in churning:વલોણાનો વાંસ;રવઇ;રવૈયો.

Chyle,(કાઇલ્)*n*. [Gr. *chulos*, juice.]A milky fluid consisting of the fatty matter:અન્નરસ.

Chy-li factive, (કાઇલિફૅક્ટિવ્) *a* Changing into chyle:અન્નરસકારક.

Chyme,(કાઇમ્)*n*. [Gr.*chulos*,juice.]The pulp made by the food in the stomach:પક્વાશયમાં રસ થયેલું અન્ન;આમરસ.

Ci-cada,(સિકેડ)*n*.[*pl*.**cicadæ**. [L]An insect of the order Hemiptera:તીડ.

Ci-catrix-ice,(સિકૅ'ટ્રિક્સ-ટ્રિસ્)*n pl*.**cicatrices**.[L. *cicatrise*, cicatrix].A scar:ચાઠું; ચાંદું.

Cica-trize,(સિક્'ઍટ્રાઇઝ્)*vt*.[L.*cicatrise*;scar.] To heal:રૂઝવવું. *vi*.To heal or be healed:રૂઝવું.

Cic e-rone,(સિસેરૉ'ન)*n*.[L.*cicero*,the Roman orator.]One who shows local curiosities, a guide:ભોમિયો;માહિતગાર;રસ્તો બતાવનાર.

Ci-de-vant,(સીડેવૅન્)*a*.Previous:પાછળનું.

Cider,(સાઇ'ડર્)*n*. [L. *sicra*,a kind of strong drink.]A drink made from the juice of apples:સેબફળનો રસ-દારૂ-મદ્ય.

Ci-gar, (સિગાર્') *n*.A small roll of tobacco, used in smoking:તમાકુનાં પાંદડાની બીડી;ચીરૂટ.

Ci-licious,(સિલિ'શસ્)*a*.[L.*cilicium*,a covering.] Made of hair: વાળવાળું.

Cime-ter,(સિમ્'એટર્)*n*.A short sword with a convex edge: ખંજર; કટાર.

Cim-meri-an,(સિમ્મી'રિઍન્)*a* [L.*cimmerius*, a fabulous people.] Pertaining to the Cimmeric:અતિશય અંધારી જગ્યામાં રહેનાર લોક સંબંધી.

Cin-chona,(સિન્કો'ન)*n*.1.A genus of trees in Peru:પિરૂમાં ઉગતું એક જાતનું ઝાડ;સિનકોના.2.The bark produced from a cinchona tree:સીનકોના ઝાડની છાલ.

Cincture, (સિન્ક્'ટ્યૂર્)*n*. [L. *cingo*,I gird.] A belt: કમરપટો.

Cinder,(સિન્'ડર્)*n*.Small particle of matter remaining after combustion, in which fire is extinct:ખાખ;રાખ.2.An ember:અંગારો;ચણગારી.

Cinna-bar,(સિન્'નૅબાર્)*n*.[L.*cinnabaris*.]Red sulphur ef of mercury:રક્ત પારદ.

Cinna-mon,(સિન્'નૅમૅન્)*n*.The inner bark of a kind of tree growing in Ceylon:તજ.

Cion, (સાઇઑન્) *n*. [Same as *scion*.]

Cinque, (સિન્ક્) *n*. [L. *quinque*, five.] The number five upon dice or cards:પાંચ;પંચો.

Cipher, (સાઇ'ફર્)*n*. A character (o) which standing by itself expresses nothing but when placed at the right hand of a whole number, increases its value tenfold:શૂન્ય; મીંડું. 2.A person of no worth:ટકાનો આદમી. *vt*. To represent:અક્ષરથી બતાવવું. *vi*. To use figures:આંકડા માંડી હીસાબ ગણવો-કરવો.

Cir-cean,(સરસી'ઍન)*a*.[L. *circoeus*,circian.] Magical:મનોહર;કામણગાર;મોહનીરૂપ.

Circle,(સર'કલ્) *n*. [L. *circus*, a circle.]1.A plane figure bounded by a curved line called its *circumference*, every part of which is equally distant from a point within it, called the *centre*:ગોળ વર્તુલ.2.An instrument of observation:ગોળો; અવલોકન કરવાનું સાધન.3. Compass:ચકર;ઘેરો;ચક્ર;મંડળ;મંડળભૂમિ 6.A set; a company:મંડળ;ટોળું;સમૂહ. 7.A series ending where it begins:ચક્રાકાર;ફરમાલ *vi*. To move circularly: ચક્રાકારે-કુંડાળામાં ગોળ ફરવું;*vt*. [L.*circulo*,I make round.]To move around: ની પ્રદક્ષણા કરવી. *To* c.*in*,to confine:-માં રાખવું; ઘેરી-આંતરી લેવું.

Circuit (સર'ક્યૂટ્)*n*.[L.*circum*,around & *eo*, I go.]1.The act of moving:ફરવું તે;પરિવર્તન.2. A regular journeying from place to place in the exercise of one's calling: સ્વારી; સવ-

મારી નોકરી વીગેરેની સરકીટ.3.A judicial district: અદાલતની હકુમત. 4. The measure of a line around, and area:ઘેરાવો.5.The space inclosed within a circle:વર્તુલની અંદર આવેલી જગા. *vt.* To move round: ગોળ ફેરવવું.

Cir-cuit-ous,(સરક્યૂઇટસ્) *a.* Round about; indirect:ફેરવાળું;આડું;દીર્ઘસૂત્ર.

Circu-lar,(સરક્યુલર્)*a.*1.Pertaining to a circle; round:ગોળ. 2.Repeating itself:પોતાને સ્થળે વિરામવું.3.Addressed to a circle of persons: સંબંધ હોનારા સર્વ માણસ ઉપર લખેલો(કાગળ.)C. *numbers*:જે રકમના મુળનો અંત્ય અંક તેજ હોય તેવી રકમ.*n.*A circular letter or paper:સરક્યુલર.

Cir-culate,(સરક્યૂલેટ્)*vi.*1.To move or pass round: ચોગરદમ ફરવું. 2. To pass from hand to hand:પરીભ્રમણ કર. *vt.* Te cause to pass from place to plaee or person to person;to spread:ચલવવું;ફેલાવવું.

Cir-cu-lation,(સર્ક્યૂલેશન)*n.*1.The act of moving in a circle:ચક્રાકાર-ગોળ ફરવું તે;પરિભ્રમણ.2. Currency:ચલણી બજારમાં ચાલતું નાણું. 6. The movement of the blood:લોહીની ગતિ.

Cir-cu-la-tory, (સર્ક્યૂલેટોરિ)*a.*1. Circular: સંબંધના સર્વેજણમાં ફેરવવાનું.2. Circulating:ચોતરફ ફરતું.

Cir-cum-am-bi-ent, (સર્કમ્-ઍમ્બિએન્ટ્) *a.* [L. *circum*, around, & *ambio*, I go round.] Surrounding:ઘેરીવળતું.

Cir-cum-am-bu-late, (સર્કમ્ઍમ્બ્યૂલેટ્)*vi.* [L.*circum*, around, & *ambulo*, I walk.] To walk round about:પ્રદક્ષિણા-પરિક્રમા ક૦.

Circum-cise, (સરકમ્સાઇઝ્) *vt.* [L. *circum*, around,& *cædo*,I cut.] To cut off the foreskin of infants:સુન્તા-સુનત કરવી.

Cir-cum-cision,(સકમ્સિશન)*n.*The act of circumcising:સુનત;સુન્તા.

Cir-cumfer-ence, (સર્કમ્ફરેન્સ્)*n.*[L.*circum*, & *fero*,I bear.]1 The line that goes round a circular figure:પરિઘ.2.The space included in a circle:કુંડાળામાં સમાએલી જગ્યા;મંડળ.

Cir-cumflu-ence, (સર્કમ્ફ્લ્યૂએન્સ)*n.*[L.*circum*,round & *fluo*,I flow.]A flowing ronud on all sides: ચોતરફ ફેલાઇ જવું તે.

Cir-cum-fuse, (સર્કમ્ફ્યુઝ) *vt.* [L. *circum*, around& *fundo*;I pour.]To pour round;to spread round:આસપાસફેલાઇ જવું; ચોતરફ રેડવું.

Cir-cum-jacent,(સર્કમ્જેસેન્ટ્)*a.*[L.*circum*, arpund & *jaceo*,I lie.]Lying round;bordering on all sides: ફરતું પડેલું; ચોતરફ આવેલું.

Cir-cumlo-cution,(સર્કમ્લોક્યૂશન)*n.*[L.*circum*,& *loquor* I speak.]Indirect or round bout language:દીર્ઘસૂત્રિ ભાષણ.

Cir-cum-locu-to-ry,(સર્કમ્લૉક્યૂટૉરિ)*a.*Periphrasic:લાંબુલાંબુ;દીર્ઘસૂત્રિ.

Cir-cum-navi-gate,(સર્કમ્નૅવ્યુગેટ્) *vt.* [L. *circum*,& *navigo*,I navigate.]To sail round: જળ માર્ગે વહાણમાં બેસીને પ્રદક્ષિણા ક૦.

Cir-cum-polar,(સર્કમ્પોલર) *a.*[L.*circum* & *polus*,pole.] About the pole; situated near the pole:પૃથ્વીના એક ધ્રુવની આસપાસનું-નજીકનું.

Cir-cum-rota ry,(સર્કમ્રોટરિ) *a.*[L.*circum* & *roto*,I turn round.]Turning round: ગોળ-ચક્કર ચક્ર ફરતું.

Circum-scribe,(સર્કમ્-સ્ક્રાઇબ્)*vt.*[L.*circum*, around, and *scribo*, I write.]1. To write around:લખવું.2.To bound;to confine: ઘેરવું; આંતરવું;હદ બાંધવી.

Circum-scribed.(સર્કમ્સ્ક્રાઇબ્ડ્)*a.*Bounded; inclosed within a certain limit:પરિમિત; નિયમિત; સમર્યાદ;ચોતરફથી બંધ કરેલું;ઘેરી લીધેલું.

Cir-cumspect, (સર્કમ્સ્પેક્ટ્)*a.*[L. *circum*,around,and *specto*,I look.] Prudent; watchful:સાવધ; ડહ્યો;ડહાપણથી ભરેલો; પ્રબળ-સંભાળવાળો;સાવધાન;સાવચેત;ચોકસ;હોંશિયાર.

Cir-cum-spection,(સર્કમ્સ્પેક્શન)*n.*Prudence;caution:ડહાપણ;સાવચેતી;સાવધાની; ચોકસાઇ.

Circum-stance,(સર્કમ્સ્ટન્સ) *n.*[L. *circum*, around,and *sto*,I stand.] 1. An attendant thing or state of things: આસપાસની-લગતી બીના.2. An event:વાત; બીના;હકીકત; પ્રસંગ. 3. *pl.*Worldly estate: હાલ; હવાલ; અવસ્થા;દશા. *Straightness* of c.s:ગરીબાઇ. *Of easy* c s:ખાતું પીતું; ખાવે પીવે સુખી.

Circum-stanced, (સર્કમ્સ્ટન્સ્ડ્) *a.* Placed in a particular position: સ્થિતિમાં મુકેલું-પડેલું.

Cir-cum-stantial,(સર્કમ્સ્ટૅન્શિઍલ્)*a.*1.Pertaining to circumstances:આગન્તુક; અનુષંગિક; આસપાસની-લગતી હકીકતનું-સંબંધી. 2. Minute: ઝીણું.3. Incidental; આનુમાનિક.. C.*evidence*, (*Law*)any evidence not direct:અનુમાન પ્રમાણ.

Cir-cumval-lation, (સર્કમ્વૅલ્લેશન)*n*-[L. *circum*,and *vallum*,a rampart.](*Mil.*)Fortification round a place:કોટબંધી;મોરચો.

Cir-cum-vent, (સર્કમ્વેન્ટ્) *vt.* [L.*circum*,around and *venio*, I come.] To deceive:ઠગવું.

Cir-cum-vention,(સર્કમ્વેન્શન)*n.*Deception: કપટ;ઠગાઇ;દગલબાજી; છળ;છેતરપંડી.

Cir-cum-volve, (સર્કમ્વૉલ્વ્) *vt.*[L.*circum*, around,and *volvo*,I roll.]To roll round:ગોળ ફેરવવું-ગગડાવવું.*vi.*To roll round:ગોળ ફરવું.

Circus,(સરકસ્)*n.*[L *circus*.circle.]1.An open space in which games and shows were exhibited: કુસ્તી-કસરત-પટા વીગેરે ખેલ-તમાશા કરવાની જગા.2.The company of performers in a

circus:ઘોડા ઉપર ખેલ.

Cis-al pine,(સિસૅલ્'પાઇન્)*a.*[L.*cis*,on this side, and *Alpes*, the Alps.] On the South side of the Alps:આલ્પ્સ પર્વતની આ બાજુનું.

Cistern,(સિસ્'ટર્ન્)*n.* [L.*cista*,box.]1.An artificial reservoir for holding water:ટાંકી.2.A hollow place containing water:કુંડ;સરોવર.

Cita-del,(સિ'ટૅડલ્)*n.*A fortress;a stronghold: કિલ્લો;કોટ;ગઢ.

Ci-tation,(સાઇટે'શન્) *n.*1.An official notice given to a person to appear:સમન;હાજરથવાનો હુકમ.2.The act of citing a passage from a book:કોઇપણ ગ્રંથ્ગજરનો કે ગ્રંથનો ઉતારો.

Cite,(સાઇટ્)*vt.*[L.*cito*,I cite.]1.To summon: અધિકાર-હોદ્દાની રૂએ બોલાવવું.2. To quote; to repeat:ગ્રંથ વગેરેમાં કોઇના કહેલા બોલ કહેવા.

Citi-zen,(સિટ્'ઇઝેન્)*n.*1.One who enjoys the freedom and privileges of a city:શહેરના હક ભોગવનાર મનુષ્ય; શહેરી.

Citi-zen-ship, (સિટ્'ઇઝેન્શિપ્)*n.*The state of being vested with the rights and privileges of a citizen:શહેરીના બધા હક ભોગવવાપણું.

Citric,(સિટ'રિક્) *a.*(*Chem.*)Pertaining to an acid existing in the juice of the lemon: મીઠા લીંબુના રસ સંબંધિ.

Citron,(સિટ્'રૉન્) *n.*The fruit of the citron tree,resembling a lemon:મીઠું લીંબુ.

City,(સિટ'ઇ)*n.*[L.*civis*,a citizen.]1. A large town:શહેર. 2. The collective body of citizens:શહેરની બધી વસ્તિ.

Civet,(સિવ્'એટ્)*n.*1.A substance consisting of butter and honey taken from glands in the anal pouch of the civet:જબાદી બિલાડીની કસ્તુરી; માર્જાર કસ્તુરિકા.

Civic, (સિવ્'ઇક્)*a.*Relating to a city or citizen:શહેરને લગતું;શહેરી સંબંધી;નાગરિક;નગરવિષયક.

Civil,(સિવ્'ઇલ્)*a.*[L.*civis*,a citizen.]1 (*a*)Pertaining to a city or to a citizen in his relatians to his fellow citizens or to the state; within the city or state: શહેર સંબંધી. 2. Civilized:સુશિક્ષિત.3.Polite:સભ્ય.4.Not military,ecclesiastical,or official:મુલકી પ્રકરણનું. 5.Relating to rights and remedies sought by action or suit distinct from criminal proceedings: દીવાની.*c. war*:એક દેશના લોકોની અંદર અંદરની લડાઇ.

Ci-vili an,(સિવિલ્'ઇઍન્)*n.*1.One who is skilled in civil law:રોમન લોકના કાયદામાં પ્રવીણ.2.A student of the civil law at a university or college: પાઠશાળા અથવા કોલેજમાં રોમન લોકોનો કાયદો ભણનાર વિદ્યાર્થી;સીવીલીઍન;સીવીલ સરવીસમાં પાસ થએલા.

Ci-vili-ty,(સિવિલ્'ઇટિ)*n.*1.The state of society in which the relations and duties of a citizen are obeyed;a state of civilization: સુધારાની સ્થિતિ;સુધારો.2.Politeness:સભ્યતા.

Civil-iz-ation,(સિવ્'ઇલાઇઝે'શન)*n.*Refinement; national culture: સુધારો; રીતભાત તથા કળા કૌશલ્યમાં સુધારો. [educate:કેળવણી આપવી; સુધારવું.

Civil-ize,(સિવ્'ઇલાઇઝ્) *vt.*[L.*civitis*,civil.]To

Civil-ized,(સિવ્'ઇલાઇઝ્ડ્)*a.*Refined;cultivated: સુધરેલું;સુધારેલું;સુશિક્ષિત;કેળવણી પામેલું.

Civil-ly,(સિવ્'ઇલિ)*adv.*1.In a manner relating to government:રાજ્યને લગતી રીતે.2. In a manner relating to private rights:દિવાની રાહે;દિવાની કાયદાપ્રમાણે.3.Politely: સભ્યતાથી-રીતે.

Clack,(ક્લૅક્)*vi.*1.To rattle;to click:એકદમ તીણો અવાજ ક૦.*vt.*1.To clink: એકદમ તીણો અવાજ ક૦.*n.*1 A sharp,abrupt sound made by striking an object:સપાટો;સટાકો;અવાજ.

Clad,(ક્લૅડ્)*vt.*To clothe(*obs*): વસ્ત્ર-લુગડાં પહેરાવવાં.*p.a.*Clothed:કપડાવાળું.

Claim,(ક્લેમ્) *vt.*[L.*clamo*,I cry out.] 1. To demand as due:હક કરીને-થી માગવું-દાવો કરવો. *vi.*To have a claim: ના હકદાર-દાવેદાર હોવું.*n.*1. A demand of a right:હકની માગણી;હક;દાવો.

Claimant-mer,(ક્લેમ્'ઍન્ટ્-મર્)*n.*1.One,who claims;one who demands as due:દાવેદાર.

Claiming,(ક્લેમ્'ઇન્ગ્)*n.*Act of demanding as due:હકથી માગવું તે;સ્વીકાર;અંગીકાર.

Clair-voyance,(ક્લેરવૉઇ'યન્સ્)*n.* [L.*clarus*, clear &*video*,I see.]A power,attributed to persons in a mesmeric state: અતીન્દ્રિયદર્શન; અપ્રત્યક્ષવિષયદર્શન;ભેદ સમજવાની શક્તિ.

Clam,(ક્લૅમ્) *vt.* To clog,as with glutinous matter: ચીકણા પદાર્થથી ડખલ-હરકત કરવી;ચોંટવું. *vi.*To be moist or glutinous:ચીકણું-ભીનું થવું.

Clam ber (ક્લૅમ્'બર્)*vi.*To climb with difficulty:મુશ્કેલીથી ચઢવું-હાથ પગ ટેકીટેકીને ચઢવું.

Clammy,(ક્લૅમ્'મિ)*a.*Soft and sticky:ચીકણું.

Clamor-ous,(ક્લૅમ્'અરસ્)*a.*Noisy;turbulent: ખુમાટ-ઘોંઘાટ કરનાર.

Clamonr, } (ક્લૅમ્'અર્)*n* [L.*clamo*,I cry out.]
Clamor, } 1. Loud and continued shouting:ખુમાટ.*vt.*1. To salute or approach with noise:અવાજ-ઘોંઘાટ કરીને પાસે જવું.

Clamp,(ક્લૅમ્પ્)*n.*1.Something that binds: પટો.2.(*a*) An instrument with a screw: ચાંપ. (*b*)A piece of wood placed across another to bind or strengthen:મજબુત કરવાને બીજી વસ્તુને આડો મુકેલો લાકડાનો કકડો. 3. A mass of bricks heaped up to be burned:ઈંટવાડો. *vt.* To render firm by means of a clamp:ચાપડાવડે-મજબુત ક૦;બંધનમાં લેવું.[સંપીને મંડળી

Clan,(ક્લૅન)*n*.1.A tribe જાત.2.A clique:ટોળી;

Clan·destine,(ક્લૅન્ડેસ્'ટિન)*a*.Hidden:સંતાડેલું.

Clan·destine-ness,(ક્લૅન્ડેસ્ટિન્નેસ્)*n*.Secrecy;a state of concealment:ગુપચુપ-ચોરટાપણું..

Clang,(ક્લૅન્ગ્)*vt*.[L.*clango*,I make noise.]To strike together with a ringing metallic sound:ખણખણાવવું. *vi*. To resound:ખણખણવું. *n*.A sharp ringing sound:ખણખણાટ.

Clanger-ker;(ક્લૅન્ગર્-કર્) } *n*.A sharp,shrill
Clangour, (ક્લૅન્ગ્'ગર્) } sound:ખણખણાટ.

Clank,(ક્લૅન્ક્) *n*. The loud, ringing sound made by a collision of metallic bodies:ધાતુ સામસામા અથડાવાથી-થતો અવાજ.*vt*.To cause to make a sharp ringing sound:ખણખણ ક૦. *vi*. To clang:ખણખણવું.

Clanship,(ક્લૅન્શિપ્)*n*. A state of union as in a family or clan: એકસંપ; એકગાંઠ.

Clansman,(ક્લૅન્ઝ્'મૅન્)*n*. One belonging to a particular clan:કોઇ કુળ-કોમ-ટોળીમાંનો માણસ.

Clap,(ક્લૅપ્)*vt*.1.To strike: ધબ લઇને અથડાવવું; અવાજ થાય એવી રીતે અફાળવું-ઠોકવું. 2. To applaud: સાબાશીના તાબોટા-તાળીઓ પાડવી. *To c. hands*:હાથથી વચન આપવું-કોલ આપવો.*To c.hold of*:એકદમ ઝડપથી-પકડવું-ઝાલવું.*To c.a dish at the wrong door*:જ્યાંથી દાદ મળી ન શકે ત્યાં અરજ ગુજારવી.*vi*.To knock,as at a door: કમાડ-બારણું ઠોકવાં.*n*.A loud noise made by sudden collision:ઓચિંતા એકાએક અફળાવાથી થતો અવાજ.

Clap·trap,(ક્લૅપ્'ટ્રૅપ્)*a*.Deceptive:ઠગાઈ ભરેલું. *n*.A trick to gain applause;a hunting: શાબાશી મેળવવા સારું કરેલું તરકટ.

Clari fi-cation,(ક્લૅર્'ઇફિકે'શન્)*n*.[L.*clarus*, clear & *facio*,I make.]The act of clearing: રસાયણથી શોધવું તે;શોધન.[કરેલું;તાવેલું.*C.butter*.ઘી.

Clarified,(ક્લૅર્'ઇફાઇડ્)*a*.Made clear:શુદ્ધ-સાફ-

Clarifier,(ક્લૅર્'ઇફાઇઅર્)*n*.That which purifies:શુદ્ધ-સાફ સ્વચ્છ-નિર્મળ કરનાર.

Clari-fy,(ક્લૅર્'ઇફાઇ)*vt*. To make clear:શુદ્ધ ક૦ *vi*.To grow clear; સ્વચ્છ-નિર્મળ-શુદ્ધ-સાફ થવું.

Clash,(ક્લૅશ્)*vt*.To strike noisily against:સામસામું અફળાવવું.*n*.(*a*)A loud noise resulting from collision:ખડખડાટ.(*b*)A collision: અથડાઅથડી.

Clashing,(ક્લૅશ્'ઇંગ્) *n*. Dashing noisily together:અફળાવું-અથડાવું તે. *a*. Opposite:ઉલટું; આડું;વિરુદ્ધ;પ્રતિકૂળ.

Clasp,(ક્લૅસ્પ્)*n*. A flattened hook,for holding together the parts of anything: ચાપડો; કડી;બે વસ્તુઓને એકઠી રાખવાનો હુક. *vt*.1. To embrace;to grasp:ભેટવું;બાથમાં ભીડવું. 2. To surround and cling to:ઘેરવું ને બાઝી રહેવું.

Class,(ક્લૅસ્)*n*.[L.*classis*,class.]1.A group of individuals or object possessing common characteristics:વર્ગ;વર્ણ.2.A number of students in a school or college of the same standing or pursuing the same studies:એકજ જાતનો અભ્યાસ કરનારા નિશાળીઆઓની સંખ્યા; વર્ગ.*vi*.To be grouped:માં સમાઈ જવું;એકઠું થવું.

Classic,-Classic·al,(ક્લૅસ્'ઇક્-કૅલ્)*a* 1.Superior in dignity;of the first class or rank: પહેલા વર્ગનું;ઉત્તમ;સરસ;સર્વોત્કૃષ્ટ;શ્રેષ્ઠ;પહેલા નંબરનું. 2.Pertaining to the Greeks and Romans especially to Greek and Roman authors: ગ્રીક અને લાટીન ગ્રંથકારોને લગતું-ના સંબંધી.

Classic,(ક્લૅસ્'ઇક્)*n*.1.A work of acknowledged excellence and authority: ઉત્તમ ગ્રંથ. 2. One learned in classics:ઉત્તમ ગ્રંથમાં પ્રવીણપુરુષ.

Classi-fy, (ક્લૅસ્'ઇફાઇ)*vt*. [L.*classis*, class & *facio*,I make.]To make a class or classes; to systematize:વર્ગ પાડવા;જાતવાર ગોઠવવું;વર્ગીકરણ

Clatter,(ક્લૅટ્'અર્)*n*.1.A rattling noise made by the collision of hard bodies:ખડખડાટ.2. Commotion;disturbance:કડકડાટ;ક્ષોભ; વ્યગ્રતા; ઉદ્વેગ. *vi*.1.To make a rattling sound:ખડખડવું.2.To prate:લવારો કરવો. *vt*. To strike and make a rattling noise:ખણખણાટ-અવાજ કરવો.

Clause,(ક્લૉઝ્)*n*. [L.*c laudo*,I shut.]1.A separate portion of a written paper;an article in any legal document:પ્રકરણ;કલમ 2.A portion of a sentence containing a subject and its predicate:કર્તા અને ક્રિયાપદવાળો વાક્યનો ભાગ.

Clavi·cle,(ક્લૅવ્'ઇકલ્)*n*. [L.*clavicula*,a little key.](*Anat.*) The collar-bone:હાંસડીનું હાડકું.

Claw,(ક્લૉ)*n*.1.A sharp hooked nail as of a bird:નહોર;પંજો. 2. The whole foot of an animal armed with hooked nails:નહોર પંજાથી હથિઆરબંધ થયેલા જનાવરનો પગ.*vt*.1.To pull or tear with nails:નખ-નહોરથી ખેંચવું-ફાડવું.2. To tickle:ખજવાળવું 3. To rail at;to scold: નિંદવું;ગાળો દેવી. *To c. on the back*;to tickle: ખમો-બરડો થાબડવો.

Clay,(ક્લે)*n*.1.A soft earth which is plastic: મટોડી;માટી.*Potter's c*.:કુંભાર કામમાં વપરાતી મટોડી.

Clayey-ish, (ક્લે'ઈ,-ક્લે ઇશ્)*a*. Consisting of clay:માટીનું બનેલું.

Clay·more,(ક્લે'મૉર્)*n*.A large two-handed sword used by the Scottish Highlanders: સ્કૉટલૅન્ડના હાઈલૅન્ડરોની બે હાથાવાળી મોટી તરવાર.

Clean,(ક્લીન્)*a*.1.Free from dirt:કચરા વગરનું; ચોખ્ખું.2.Complete:પુરૂ. 3. Pure: નિષ્પાપ. 4. (*Script.*)Free from ceremonial defilement: ક્રિયામાર્ગ પ્રમાણે ચોખ્ખું. 5.Healthy:તંદુરસ્ત.6. Free from errors:શુદ્ધ.7.Well-proportioned; shapely:બાંધાબંધ;ઘાટદાર;સરખાં;આકાર શુદ્ધ. *Ad*.

bill of health:ઉડતા રોગથી મુક્ત છે એવું યોગ્ય સત્તાધીશ તરફનું સર્ટિફિકેટ. *To make a c. breast*, to disclose secrets: હૃદય ખોલીને વાત ક૦. *adv.* 1.Perfectly:બીલકુલ.*vt.*To purify:ચોખ્ખું કરવું.

Cleaning,(ક્લીન્'ઇન્ગ્)*n.*1.The act of making clean:સ્વચ્છ ક૦ તે.2.The afterbirth of cows, ewes,&c:ગાય બેટાં વિગેરેની ઓર.

Cleanly,(ક્લીન્'લિ)*a.* Pure;innocent: ચોખ્ખું; સાફ;સુઘડ;ચોખાળ;સ્વચ્છ રહેનાર;શુદ્ધ;નિર્દોષ;નિષ્પાપ; નિષ્કલંક.2.Skilful;dexterous:ચતુર;કુશળ;કાબેલ.

Com-mute (કોમ્યૂટ્) *vt.* [L. *con* & *muto*,I change.]1.To exchange:બદલામાં આપવું-લેવું.2. To diminish;to lessen:ઘટાડવું; ઓછું ક૰;કમી ક૰. *vi.*To effect a commutation:સાટું-અદલાબદલીક૰.

Com-mutu-al,(કોમ્યૂટ્યૂઅલ્)*a.*Mutual;reciprocal:અરસપરસ;આમનસામન.

Com-pact, (કોમ્પૅક્ટ્) *a.* [L *con* & *pango*,I fasten.]1.Close:ઘટ્ટ-ઘન.2.Composed:નું થયેલું. 3.Joined or held together:સાથે એકઠું જોડેલું. 4.Brief:ટુંકું. *vt.*1.To join firmly:ચીંગુ-ઘટ ક૰. 2.To unite:બંધબેસતું ક૰.

Com-pact,(કોમ્પૅક્ટ્)*n.* [L.*con* & *paciscor*,I bargain.] Contract:કરાર;બોલી;ઠરાવ;સરત.

Com-panion,(કોમ્પૅન્યૌન)*n.*[L *con* &*panis*, bread.]A comrade:સોબતી;સાથી. 2.A knight of the lowest rank:હલકામાં હલકી પંક્તિનો ઉમરાવ.

Com-panion-a-ble,(કોમ્પૅન્યૌનબલ્)*a.*Agreeable;sociable:મિલનસાર;મળતાવડો;ગમતી.

Com-panion-ship, (કોમ્પૅન્યૌન્શિપ્)*n.*Fellow-ship;association:સોબત;સમાગમ;સાથીપણું.

Compa-ny,(કમ્પનિ)*n.*1 Fellowship:સંગત;સંગ.2.A companion:સાથી;સોબતી.3.An assemblage:મંડળી. 4.Society:મંડળી;સભા 5.A corporation:પેઢી;કમ્પની.6.A subdivision of the regiment of a troop: લશ્કરી પલટણ-રેજીમેંટની ટુકડી. 7.The body of actors employed in a theatre:નાટક મંડળી;નાટક કમ્પની.

Compara-ble, (કોમ્પરબલ્) *a.* Worthy of comparison:સરખાવા જેવું લાયક.

Compa-rates, (કોમ્પરેટ્સ્) *a.* (*Log.*) Two things compared together: (તર્ક શાસ્ત્રમાં) ઉપમાનો પમેય.

Com-para-tive, (કોમ્પૅરઅટિવ્)*a.*Of or pertaining to comparison:મુકાબલો-તુલના-ઉપમાનું. 2.Proceeding from comparison:ઉપમાનુસારી. 3.Relative:મુકાબલાનું;અન્યસાપેક્ષ.

Com-para-tive-ly,(કોમ્પૅરઅટિવ્લિ)*adv.* By comparison;relatively:મુકાબલે;સરખાવી જોતાં.

Com-pare,(કોમ્પેર્)*vt.*[L.*con* & *par*, equal.] 1.To examine the mutual relations of:સરખાવી જોવું.;તુલના ક૰.2.To inflect according to the degrees of comparison:અધિકતા-શ્રેષ્ઠતા પ્રમાણે વિશેષણને રૂપ આપવાં.

Com-pari-son, (કોમ્પૅરિસન)*n.* 1.Relative estimate:મુકાબલો;તુલના;સરખામણી. 2.Illustration;similitude:ઉપમા.3.The inflection of an adjective or adverb: વિશેષણ-ક્રિયા વિશેષણને અધિકતા-શ્રેષ્ઠતા પ્રમાણે રૂપ આપવાં તે. 3.A figure by which two things are considered with regard to some property or quality,which is common to them both:ઉપમા;ઉત્પ્રેક્ષા.

Com-part,(કોમ્પાર્ટ્)*vt.*[L.*con* & *pars*,part.] To divide;to separate:ભાગ-ખંડ-વિભાગ પાડવા.

Com-partment,(કોમ્પાર્ટ્મેન્ટ્)*n.*One of the parts into which anything is divided:ખંડ.

Compass,(કમ્પસ્)*n.* [L. *con* & *passus*,pace.] 1.Circuit:ઘેર;ચક્કર. 2. Any inclosing limit; boundary:મર્યાદા;હદ.3.Extent;reach;capacity: વિષય;ગોચર;પહોંચ;ટપ્પો;હદ;યોગ્યમર્યાદા. 6.A magnetic instrument to determine the cardinal points:હોકાયંત્ર. *Points of the* c.:દિશા. *To fetch a* c.,to make a circuit: ચક્કરમાં ફ૰; પ્રદક્ષિણા ક૰. *vt.* To go about or round:ફરતો આંટો-ચક્કર મા૰.

Compass-a-ble,(કમ્પસબલ્)*a.* Capable of being compassed :-ની આગળ પાછળ ફરવા-પુરું થવાલાયક; પ્રાપ્ય.

Com-passion,(કોમ્પૅશન)*n.*[L.*con* & *patior*, I suffer.]Sympathy:દયા;દાઝ;અનુકંપા;માયા;કરુણા. *vt.*To pity:દયા આણવી-ખાવી.

Com-passion-ate,(કોમ્પૅશનેટ્)*a.* Merciful: દયાળુ;કરુણાર્દ્ર. *vt.*To pity:દયા-કરુણા આણવી.

Compati-bili-ty,(કોમ્પૅટ્ઇબિલ્ઇટિ) *n.*Congruity:સંભાવના;સંભવ;મેળાપ;અવિરૂદ્ધતા;અવિરોધ.

Com-pati-ble,(કોમ્પૅટ્ઇબલ્)*a.* [L.*compatior*, I sympathize.] Suitable:લાયક;યોગ્ય.

Com-patri-ot,(કોમ્પૅટ્રિઑટ)*n.* [L.*con*&*pat-*

rius,one's own country.] One of the same country:સ્વદેશી;એકદેશીય દેશી.

Com-peer,(કૉમ્પીર')*n*.[L.*con* & *par*, equal.] A companion:બરોબરીયો;સાથી.*vt*.To be equal with;to match:ની સાથે બરોબરીયા હોવું-થવું.

Com-pel,(કૉમ્પેલ્')*vt*.[L.*con* & *pello*,I drive.] 1.Urge with force: જબરદસ્તી-જોરજુલમ-બળાત્કારથી જરૂર પા૦;જરૂર-ફરજ પા૦. 2. To take by force:જોરજુલમ-બળાત્કારથી લેવું-પકડવું.

Com-pendi-um,(કૉમ્પેન્'ડીઅમ્)*n*.[L.*con* & *pendo*,I weigh.] An abridgment; an epitom; a summary:સારસંગ્રહ;સારગ્રંથ

Com-pendi-ous,(કૉમ્પેન્'ડિઅસ્)*a*.Abridged; short;brief;concise:મુખ્તેસર; સંક્ષિપ્ત;ટુંક.

Com-pensate,(કૉમ્પેન્'સેટ્)*vt*.[L.*con*&*pendo*,I weigh.]1.To remunerate:બદલો વાળવો. 2.To make amends for:બરોબર-સમતોલ થવું.

Com-pen-sation, (કૉમ્પેન્સે'શન)*n*. Remuneration;recompense;amends:બદલો; સાટું;ખંગ; અવેજ;નુકશાની;ખોટ;ખાધ.

Com-pensa-tive,(કૉમ્પેન્'સેટિવ્)*a*.Affording compensation:બદલો-અવેજવાળવું;પાડ માનવું.

Com-pete,(કૉમ્પીટ્')*vi*.[L.*con* & *peto*,I seek.] To contend emulously:બરાબરી-હરીફાઈ ક૦.

Compe-tence-cy(કૉમ્'પીટેન્સ કમ્'પીટેન્સિ)*n*. 1.Fitness:લાયકી;શક્તિ;યોગ્યતા. 2.Sufficiency: નિર્વાહ પુરતું ધન.3. Legal capacity:કાયદા પ્રમાણે યોગ્યતા-લાયકાત.

Compe-tent,(કૉમ્'પીટેન્ટ્)*a*.1.Capable; qualified:યોગ્ય;લાયક; કાબેલ; સમર્થ. 2.Rightfully belonging:વાસ્તવિક સત્તા-અધિકારનું.

Com-pe-tition,(કૉમ્પીટિ'શન)*n*. Rivalry;emulation:પ્રતિસ્પર્ધા; ચડસા ચડસી;હરીફાઇ.

Com-peti-tive,(કૉમ્પેટ્'ઇટિવ્)*a*.Rival;emulous:સ્પર્ધાથી થયેલું;સ્પર્ધાસંબંધી;હરીફાઇવાળું.

Com-peti-tor,(કૉમ્પેટ્'ઇટર્)*n*.1.One who competes:પ્રતિસ્પર્ધી;એકાર્થાભિલાષી;હરીફ.

Com-pi-lation, (કૉમ્પિલે'શન)*n*.That which is compiled:સંગ્રહ;સંગ્રહગ્રંથ;સંહિતા;સાર.

Com-pile, (કૉમ્પાઇલ્') *vt*. [L. *con* & *pilo*, I plunder.]1.To put together:ભેગું ક૦. 2. To contain:-માં સમાવેશ થવો.3.To put together or compose out of materials from other books:જુદા જુદા ગ્રંથપરથી ગ્રંથ રચવો. 4. To write:લખવું;રચવું;બનાવવું.

Com-piler,(કૉમ્પાઇલ્'અર્)*n*. One who forms a book from various authors:ગ્રંથકાર.

Com-placence,-cy,(કૉમ્પ્લે'સેન્સ,-ન્સિ)*n*. 1. Satisfacton:સંતોષ;ખુશી;ખુશાલી;હર્ષ. 2. Complaisance:સભ્યતા;આદરશીલતા;ભલાઇ;સુજનતા.

Com placent,(કૉમ્પ્લે'સેન્ટ્)*a*.[L.*con* & *placeo*, I please.]Contended:સંતોષ-આનંદવાળું;પ્રસન્ન.

Com-plain,(કામ્પ્લેન્')*vi*.[L.*con* & *plango*, I bewail.] ફરિયાદ ક૦;દોષ કાઢવો. 2. To bring in accusation;to make a charge:ફરિયાદી ક૦-માંડવી.

Com-plainant,(કૉમ્પ્લેન્'અન્ટ્)*n*.1.One who makes a complaint:અભિયોક્તા;વાદી.2.(*Law.*) One who commences a legal process by a complaint:ફરિયાદી;દાદી

Com-plaint, (કૉમ્પ્લેન્ટ્')*n*.1. Lamentation; murmuring;faultfinding:શોક;ખેદ; વિલાપ; દોષ; બડબડાટ.2.Cause of or murmuring:દુઃખ શોક-સંતાપ-ખેદ-બડબડાટનું કારણ; મૂળ; ફરિયાદ. 3. A malady;a disease:વ્યાધી;પીડા;રોગ. 4.A form of legal process:ફરિયાદ.

Com-plaisance, (કૉમ્'પ્લેઝન્સ)*n*. [L. *con* & *placeo*,I please.]Courtesy:સભ્યતા;સુજનતા.

Com-plaisant,(કૉમ્'પ્લેઝન્ટ)*a*.Desirous to please:આદરમાન ભરેલું;સભ્ય;સુશીલ.

Com ple-ment,(કૉમ્'પ્લીમેન્ટ્)*n*.[L.*con*& *pleo*, I fill.]1. That which fills up or completes: પૂરવણી;પૂરણ.2.Full quantity,number or amount; a complete set: ભરતી; જોઇએ તેટલું. 3. (*Math.*)A second quantity added to a new quantity to make it equal to a third sum or quantity:ભરણ;અંતર.

Com-ple-mental, (કૉમ્પ્લીમેન્ટ્'અલ) *a*. Supplying deficiency:ભરતીનું;ખૂટતું;પૂરવણીનું; પૂરક.

Com-ple-menta-ry,(કૉમ્પ્લીમેન્'ટરિ) *a*.Serving to complete: ખોટ પુરી કરનાર; ખૂટતું. **C.** *angles*:બન્ને મળીને કાટખૂણો થાય એવા બે ખુણા.

Com-plete,(કૉમ્પ્લીટ્')*a*.[L.*con*&*pleo*,I fill.] Entire;perfect:પૂર્ણ;પૂરું;આખું; સંપૂર્ણ; સમાપ્ત. C.*army*:ચતુરંગસેના.*vt*.1.To perfect;to fulfil: સંપૂર્ણ ક૦;પારપૂરવું.

Completely,(કૉમ્પ્લીટ્'લિ)*adv*.Fully: સંપૂર્ણ રીતે;તદ્દન;છેક;બીલકુલ;પુરેપુરું;તમામ.

Com-pletion,(કૉમ્પ્લી'શન) *n*. 1. The act or state of being complete:સંપૂર્ણતા.2. Fulfilment:સફળતા;સમાપ્તિ;પાર; અંત.

Complex,(કૉમ્'પ્લેક્સ્)*a*. [L.*con* & *plecto*, I twist.]1.Composed of two or more parts; composite:બે અથવા વધારે ભાગ-અંશનું બનેલું;સંયુક્ત;મિશ્ર; વિષમ.2 Complicated:ગુંચવણ ભરેલું; કઠણ;કસુતર.

Com-plexion,(કૉમ્પ્લેક્'શન)*n*.1.Complexity: મિશ્રતા;મિશ્રણ.2. The bodily constitution:બાંધો;બાટ; બંધારણ. 3. The color or hue of the skin,esp;the face:અંગવર્ણ;કાંતિ;બાટ;રંગ;ચેહરો.

Com-plexi-ty,(કૉમ્પ્લેક્સ્'ઇટિ) *n*. Intricacy; entanglement:ગુંચવણ;ઘોટાળો;મિશ્રતા;ગુંથાગુંથ.

Com-pliance,(કૉમ્પ્લાઇ'અન્સ્)*n* 1.Concession: માન્ય-કબુલ ક૦ તે;સ્વીકાર;સંમતિ. 2.Disposition to yield to others:બીજાનું માન્ય રાખે એવો સ્વ-

સ્વ-પ્રકૃતિ. [missive:વિનયી;સભ્ય;સત્કારી;વિવેકી.

Com-pliant, (કૉમ્પ્લાઇ'અન્ટ્)*a.*Yielding;sub-

Complicacy,(કૉમ્'પ્લિકૅસિ)*n.*A state of being complex or intricate:ગુંચવણ;ગડબડ;ગોટાળો.

Compli-cate,(કૉમ્'પ્લિકેટ્)*vt.*[L.*con* & *plico*,I fold.]1.To render complex:ગુંચવવું;ગુંચવી નાખવું;ગુંચવાડો કo. *a.*Complicated:ગુંચવેલું;ગુંચાયેલું;ગુંચવણ ભરેલું.

Com-pli-cation,(કૉમ્પ્લિકે'શન્)*n.*1.Entanglement:ગુંચવણ;ગોટાળો.2.A disease or diseases coexistent with a primary disease:એક રોગ ચાલતો હોય ત્યારે તેમાં બીજો રોગ થવો તે.

Com-pli-city,(કૉમ્પ્લિસ'ઇટિ)*a.*The state or condition of being an accomplice: સામેલપણું હોવું તે;સામેલીયત; હાથ; લાગતું વળગતું.

Compli-ment,(કૉમ્'પ્લિમેન્ટ્)*n.*[L.*con* & *pleo*, I fill.]A manifestation by word of regard: સલામ;શાબાશી;સ્તુતિ;પ્રસંશા; આદરસત્કાર. *vt.* To praise:વખાણવું;શાબાશી આપવી.

Com-pli-mental,a-ry, (કૉમ્પ્લિમેન્ટ'અલ્,કૉમ્પ્લિમેન્ટ'અરિ)*a.*Expressive of regard:સ્તુતિમય.

Com-ply,(કૉમ્પ્લાઇ')*vi.*[L.*con*&*plico*,I fold.] To consent:કબુલ કo-થવું;માન્ય કo;સંમતિ આપવી.

Com-ponent,(કૉમ્પો'નેન્ટ્)*a.*Composing;constituting:અંગભૂત.*n.* A constituent part:અવયવભૂત અંશ;અંગ;ભાગ;સાધન.

Com-port,(કૉમ્પોર્ટ')*vi.*[L.*con* & *porto* I carry.] 1.To bear:ખમવું.2.To suit:મળતું-બેસતું આવવું. *n.*Behaviour;conduct:વર્તણુક;ચાલ;ચાલચલગત; આચાર;વ્યવહાર.

Com-porta-ble, (કૉમ્પોર્ટ'એબલ્) *a.* Suitable; consistent:યથાયોગ્ય; બેસતું; મળતું; અનુકૂળ; માફક.

Com-portment,(કૉમ્પોર્ટ'મેન્ટ્)See,**Comport.**

Com-pose,(કૉમ્પોઝ')*vt.*[L.*con* & *pono*,I put.] 1.To put togethe[illegible] કo. 2. To construct by mental labor:રચવું;બનાવવું. 3. To adjust: ગોઠવવું;મુકવું;પતાવવું;સમજુતી કo.4.To tranquilize: ઠંડું શાંત પાડવું 5.To place in proper order for printing:બીબાં ગોઠવવાં.

Com-posed,(કૉમ્પોઝ્ડ')*a.* Calm; quiet:સ્થિર.

Com-posed-ly,(કૉમ્પોઝ'એડ્લિ)*adv.*In a composed manner:શાંતપણે;ગંભીરાઇથી.

Com-poser,(કૉમ્પોઝ'અર્)*n.*1.One who composes:ગ્રંથકર્તા.2.One who quiets:શાંત-ઠંડુ પાડનાર;પતાવનાર.

Compos-ite,(કૉમ્'પોઝિટ્)*a.*1.Made up of distinct parts:સંયુક્ત;મિશ્રિત.C.*number*:એકી કરતાં વધારે રકમથી જે સંખ્યા શેષશિવાય ભાગી શકાય તે.

Com-po-sition, (કૉમ્પોઝિ'શન્) *n.* The act of composing:એકઠું-મિશ્ર કo તે;રચવું તે.(*a*)The combination of the parts of a literary work:નિબંધ.(*b*)The arrangement of types in printing: છાપવા માટે બીબાં ગોઠવવાં તે.2.Adjustment: સંયોગ;રચના. 3.A mass formed by combining two or more substances:મેળવણી;મિશ્રણ.4. The adjustment of a debt:દેવું પતાવવું તે;નકાલ;તોડ.5.A literary or musical production: નિબંધ; પ્રબંધ. C. *deed*: દેવાદાર અને તેના કેટલાક લેણદારો વચ્ચે તોડ લાવવાનો કરાર.

Com-posi-tor, (કૉમ્પૉઝ'ઇટર્)*n.* 1. One who composes:જે નિયમસર એક પછી એક ગોઠવે-બનાવે છે તે.2.One who sets types:બીબાં ગોઠવનાર.

Com-posure, (કૉમ્પો'ઝ્યૂર્)*n.* 1. The act of composing:રચવું-બનાવવું તે.2. Orderly arrangement:નિયમસર ગોઠવણી-રચના.3. Sedateness; calmness:સ્વસ્થતા;ગંભીરતા;નિવૃત્તિ;શાંતિ.

Compound,(કૉમ્'પાઉન્ડ્)*vt.* [L.*con* & *pono*, I put.]1. To put together; to combine: એકઠું કo;મિશ્ર કo.2.To compose:રચવું;બનાવવું. 3. To adjust by agreement:કબૂલાતથી નિવેડો-સમાધાન-ફેંસલો કર્યો કo.*a.* Composed of elements: મિશ્ર;મિશ્રિત.C.*interest*:ચક્રવૃદ્ધિ વ્યાજ. C. *ratio*: બે અથવા વધારે પ્રમાણ-પરિમાણનો ગુણાકાર. *n.* A yard round a building:ઘર-મકાનની આગળ પાછળ-આસપાસનો વંડો-વાડો-ચોગમ-કંપાઉંડ.

Com-pounder,(કૉમ્પાઉન્ડ'અર્)*n.*1.One who compounds different things: જે માણસ જુદી જુદી ચીજો એકઠી-મિશ્ર કરે છે તે; કંપાઉન્ડર. 2. One who attempts to bring parties to terms of agreement: બે પક્ષનો ટંટો-કજીઆ પતાવનાર-નો નિવેડો-ફેંસલો લાવનાર.

Com-pre-hend, (કૉમ્પ્રીહેન્ડ')*vt.*[L.*con* & *prehendo*,I take.]1.To comprise:સમાવેશ-સમાસ કo. 2. To understand:ગ્રહણ કo;-ના મનમાં-મગજમાં ઉતરવું;આવવું.3.To contain:-માં આવવું-હોવું.

Com-pre-hensi-ble, (કૉમ્પ્રીહેન્'સિબલ્)*a.* 1. Capable of being included: અંદર સમાસ-સમાવેશ થાય એવું.2.Intelligible:સમજી શકાય એવું.

Com-pre-hension,(કૉમ્પ્રીહેન્'શન્)*n.*1.Inclusion:સમાવેશ. 2. Understanding:ગ્રહણ શક્તિ; સમજ;બુદ્ધિ;જ્ઞાન;અક્કલ.*Power of* C.:ગ્રહણ સામર્થ્ય.

Com-pre-hensive,(કૉમ્પ્રીહેન્'સિવ્)*a.*1.Including much;extensive:બહોળું; બહુવ્યાપી. 2.Having the power to comprehend or understand many things at once:બધી ચીજો-બાબતો એકદમ સમજી-મનમાં ઉતારી શકે એવું.

Compress, (કૉમ્'પ્રેસ્) *vt.* [L. *con* & *pressus*, pressed.]1.To press together:દાબવું;સંકડાવી નાંખવું; સંકોચવું. *n.* A folded piece of small linen cloth:ગાદી;ગાદલું.

Com-pressi-bili-ty.(કૉમ્પ્રેસ્'ઇબિલ્"ઇટિ)*n.*The quality of being compressible:સંકોચક્ષમતા.

Com-pressi-ble,(કૉમ્પ્રેસ્'ઇબલ્)*a.*Capable of being pressed together:સંકોચનીય.

Com-prisal,(કૉમ્પ્રાઇઝ્'અલ્)*n.*The act of comprising;a compendium:સમાવેશ;સારસંગ્રહ;સાર.

Comprise,(કૉમ્પ્રાઇઝ્)*vt.*[L.*con* & *prehendo*,I take.]To include:સમાવેશ-સમાસ કo.

Compro-bate, (કૉમ્'પ્રોબેટ્)*vt.*[L.*con*&*probo*, I prove.]To agree in approving; to concur in testimony:સાબિત-પુરવાર કરવામાં મળતા આવવું.

Compro-mise, (કૉમ્'પ્રોમાઇઝ્)*n.* [L. *con*,*pro* & *mitto*, I send.] 1. A mutual promise to refer matters in dispute to the decision of arbitrators:તકરારી વિષય-બાબત લવાદ-પંચને નિકાલ માટે સોંપવાનો અરસપરસ ઠરાવ-કરાર. 2. An agreement, a settlement by arbitration or mutual consent: સમાધાન; ફેંસલો; નિકાલ; નિર્ણય તોડ. *vt.* 1. To bind by mutual agreement: અરસપરસ કબૂલાતથી બાંધવું. 2. To adjust and settle by mutual concessions: બાંજગડ-તોડ-સમાધાન કરી પતવવું.*vi.*To agree:પતવવું;તોડ કાઢવો.

Comp-troller,(કૉન્ટ્રોલ્'લર્)*n.* A controller: બીજાનો હિસાબ તપાસનાર અધિકારી.

Com-pulsa-tor-y,(કૉમ્પલ્'સેટરિ)*a.* Compelling:ફરજ પાડતું.

Com-pulsion(કૉમ્પલ્'શન્)*n.*1.The act of compelling:જબરદસ્તી; બળાત્કાર;જુલમ; જબરાઇ;બળ.

Com-pulsive, (કૉમ્પલ્'સિવ્)*a.* Forcing:જોરાવરી કરતું;ફરજ પાડતું.

Com-pulso-ry, (કૉમ્પલ્'સોરિ) *a.* Having the power of compelling;constraining:બળાત્કાર-જોરજુલમ-જબરાઇથી કરાવવાનું-કરાવવાની સત્તાવાળું. 2.Obliging;necessary:આવશ્યક;જરૂરનું;ફરજીઆત.

Com-punction, (કૉમ્પન્ક્'શન્)*n.* [L. *con* & *pungo*, I prick.]1.A pricking; stimulation; irritation:ઉશ્કેરણી; ઉત્તેજન; ઉદ્દીપન. The sting of conscience:પશ્ચાતાપ;પસ્તાવો;કચવાટ;ચણચણાટ; ખેદ;બળાપો;દીલગિરી; ખટકો.

Com-punctious,(કૉમ્પન્ક્'શસ્)*a.* Attended with compunction:જીવને કચવાવે એવું.

Com-puta-ble,(કૉમ્પ્યુટ્'અબલ્)*a.* Capable of being computed:ગણી શકાય તેવું.

Com-pu-tation,(કૉમ્પ્યુટે'શન્)*n.*Calculation; estimate:ગણત્રી;ગણના;હિસાબ.2.The result of computation:ગણિત.

Compute,(કૉમ્પ્યૂટ્)*vi.*[L.*con*&*puto*,I reckon.] To reckon:હિસાબ-ગણત્રીથી નક્કી કo; સુમાર-અટસટ્ટો-આશરો કાઢવો.

Comrade,(કૉમ્'રેડ્)*n.* [L. *camera*, a chamber fellow.]A companion:સોબતી; સાથી;મિત્ર.

Con-cate-nate,(કૉન્કેટ્'ઇનેટ્)*vt.*[L.*con*&*catena*, chain.]To link together:જોડવું;વળગાડવું.

Con-cate-nation, (કૉન્કેટ્'ઇને"શન્)*n.*A series of links united,a chain:સાંકળ;માલા;શ્રેણી.

Concave,(કૉન્'કેવ્) *a.*[L.*con*&*cavus*,hollow.] Hollow and curved or rounded: અંતર્ગોળ; ગોળ.*n.*A hollow:પોલાણ.*vt.*To make hollow: પોલું કo. [To hide:સંતાડવું;છુપાવવું;ઢાંકવું.

Con-ceal,(કૉન્સીલ્')*vt.*[L.*con*& *celo*, I hide.]

Con-cealment,(કૉન્સીલ્'મેન્ટ્)*n* 1.The act of concealing: નજર-દેખાવમાંથી સંતાડવું-ગુપ્ત રાખવું તે; પ્રચ્છાદન.2.Privacy:અપ્રકાશ;છુપાપણું.3. The place of hiding;a secret place:છુપાવવાની-સંતાડવાની જગ્યા;ઓઠું.

Con-cede,(કૉન્સીડ્')*vt.*[*con*&*cedo*,I yield.]To suffer to pass;to grant:વગર તકરારે કબૂલ કo-રાખવું.2.To grant as a right or privilege:હક-દાવા તરીકે આપવું. *vi.* To yield:કબૂલ થવું;હા પાડવી.

Con-ceit,(કૉન્સીટ')*n.*1. Idea:વિચાર;ખ્યાલ. 2. Lively fancy:કલ્પના શક્તિ. 3. Vanity:મગરૂબી; ગર્વ;ગુમાન. *vt.*To conceive:ધારવું; કલ્પવું. *vi.* To form an idea:મનમાં વિચાર કo.

Con-ceited (કૉન્સીટ્'એડ્)*a.*1.Entertaining a flattering opinion of one's self;vain:સ્વાભિમાની;ગુમાની;પતરાજખોર;ગર્વિષ્ઠ.

Con-ceiva-ble,(કૉન્સીવ્'અબલ્)*a.*Capable of being imagined:ખ્યાલ કરી શકાય તેવું;કલ્પનીય.

Con-ceive,(કૉન્સીવ્)*vt.*[L.*con* & *capio*,I take.] 1.To receive into the womb and breed:ગર્ભ રહેવો-ધારણ કo.2 Devise:મનમાં યોજવું;ધારવું;વિચારવું.

Conceiving,(કૉન્સીવિન્ગ્)*n.* Pregnancy:હમેલ; દહાડા;ગર્ભધારણ.

Con-center, } (કૉનસેન્'ટર્) *vi.* [L.*con*&*centrum*,a centre.]To come *to*
Con-centre. } a point or to meet in a common centre: એકત્ર થવું.*vt.*To draw or direct to a common centre:એક સામાન્ય-સાધારણ બિંદુ-મધ્યમાં લાવવું.

Con centrate, (કૉન્સેન્'ટ્રેટ્)*vt.*To bring to a common centre;to unite more closely:જોડવું;-ની એકાગ્રતા કo.

Con-centration,(કૉન્સેન્ટ્રે'શન્)*n.*The act or process of concentrating:કેન્દ્રમાં લાવવું તે.C. *of the mind*:એકાગ્રતા;સમાધિ.

Con-centra-tive-ness,(કૉન્સેન્'ટ્રેટિવ્નેસ્)*n.* (*Phren.*) The power of concentrating the intellectual force:એકાગ્રતા.

Con-centric,(કૉન્સેન્'ટ્રિક્)*a.* Having a common centre:સમકેંદ્ર;મધ્ય બિન્દુ-વાળું.

Con-ception,(કૉન્સેપ્'શન્)*n*.1.The first formation of the embryo of an animal:ગર્ભધારણ.2.The formation in the mind of an image:મનમાં વિચાર ઉત્પન્ન થવો તે.3.The image in the mind; idea: કલ્પના;ભાવના;વિચાર;સંકલ્પ;ખ્યાલ.

Con-cern,(કૉન્સર્ન્')*vt.*[L *con* & *cerno*,I separate.]1.To relate:સંબંધ હોવો. 2. To engage by feeling or sentiment;to interest:તું લાગું-સારૂં હિત-સ્વાર્થ તાકવો *n.*1. Business:કામકાજ.2. Moment: અગત્યપણું. 3. Regard; solicitude:

દરકાર;ચિંતા;કાળજી. 4. (*Com.*) A firm and its business:કારખાનુંપેઢી.

Con-cerning,(કૉન્સર્'નિન્ગ્)*Prep.*Pertaining to having relation to:સંબંધી; વિષે; લગતું. *n.* Concern:દરકાર;કાળજી.

Con-cert,(કૉન્સર્ટ્)*vt.* [L.*con*&*certo*,I strive.] 1. To plan together:એકરાગ-મત થઈ ઠરાવ કo. 2. To plan:ગોઠવવું. *vi.* To act in harmony: સંપમાં ચાલવું.*n.*1.Harmony:એકરાગ-મત-એકમત. 2. Musical accordance or harmony:સુરમેળ. C.*hall*:સંગીતશાળા. 3.A public musical entertainment:જાહેર ગાનતાનનો તમાસો;જલસો.

Con-cer-tina,(કૉન્સર્ટીનૅ)*n.*A small musical instrument of the accordion species:હાથે વગાડવાનું એક નાનું વાજું.

Con-cession,(કૉન્સૅ'શન્)*n.* [L.*con* & *cedo*,I yield.]1. The act of granting: હક આપવો તે. 2.A grant:બક્ષીસ.3.A privilege granted by government to do certain things: અમુક કામ કરવાને સરકારે આપેલો-બક્ષેલો હક.

Conch,(કૉન્ક્)*n.*[L.*concha*,shell.]1.A marine shell:દરિયાની છીપ.2.A concave surface:અંતર્ગોળ-ઘુમટદાર સપાટી. 3.The external ear:બાહ્ય-કર્ણ;બહારનો કાન.

Con-cili-ate,(કૉન્સિલ'ઇએટ્)*vt.*[L. *concilio*, I bring together.]To win over:મન-પ્રીતિ મેળવવી

Con-cili-ation, (કૉન્સિલ'ઇએ'શન્)*n.* The act of winnig over or reconciliation:સુલેહ;સમજુતી

Con-cili-a-tor-y,(કૉન્સિલ'ઇઍટરિ)*a.* Tending to conciliate:મેળવી લે તેવું. C.*measures*:સામોપચાર. [Condensed:ટુંકું અને સમજી શકાય એવું.

Con-cise,(કૉન્સાઇસ્)*a.*[L.*con* & *cædo*,I cut.]

Con-cision,(કૉન્સિઝન)*n.* 1. A division; a faction;a cutting off:ભાગ;વિભાગ; છેદન.

Conclave,(કૉન્ક્લેવ)*n.*[L.*con* & *clavis*,key.] 1.A private apartment:ખાનગી ઓરડો.2.The body of cardinals: ધર્માધ્યક્ષોની સભા; મંત્રગૃહ. 3.A private meeting:ખાનગી મંડળી.

Con-clude,(કૉન્કલ્યૂડ્)*vt.*[L.*con* & *claudo*, I shut.]1.To shut up;to inclose:બંધ કo; અંદર પુરવું.2.To include:સમાવેશ કo.3.To infer:અનુમાન કo.4.To bring to an end:બંધ કo.5.To make a final determination of:-નો છેલ્લો ઠરાવ કo.6.To bring about as a result;to effect: પરિણામ લાવવું.*vi.*To form a final judgment; to decide:-નો છેલ્લો ઠરાવ કo;તોડ કાઢવો. [ખરનું.

Con-cluding,(કૉન્કલ્યૂડ'ઇન્ગ્)*a.*Final;last:આ-

Con-clusion,(કૉન્કલ્યૂ'ઝન)*n.*1. Close:termination;end:અંત;છેવટ.2.Final decision:છેલ્લો ઠરાવ.3.Inference:અનુમાન. 4.(*Logic*.)The inferred proposition of a syllogism: સિદ્ધાંત. *In* c.,(*a*)finally:છેવટે (*b*)shortly:ટુંકામાં.

Con-clusive,(કૉન્કલ્યૂ'સિવ્)*a.* Belonging to a close:અંત-છેડે આવે એવું;પ્રતિપાદક.C.*evidences* (*Law.*) કાયદેસર છેલ્લો ગણવામાં આવતો પુરાવો.

Con-clusive-ness, (કૉન્કલ્યૂ'સિવ્નેસ્)*n.*The quality of being conclusive:ફેંસલો;સિદ્ધાંત.

Con-coct,(કૉન્કૉક્ટ્)*vt.*[L *con*&*coquo*,I cook.] 1.To digest:પચાવવું; પાચન કo. 2. To mature: પાકું કo; પુરૂં કo.3.To contrive:રચવું;કલ્પ કo.4. To invent or prepare by combining new ingredients:નવા પદાર્થો ભેળવીને બનાવવું-શોધી કાઢવું.

Con-coction,(કૉન્કૉક્'શન્)*n.*1. Digestion:પાચન. 2. The act of bringing to perfection: પૂર્ણતા-પરિપક્વતામાં આણવું-લાવવું તે.3.The act of devising:બનાવટ;રચના.4.The food prepared: પાક. [of accompanying:સોબત;સાથ;સંગતિ.

Con-comi-tance,(કૉન્કૉમ'ઇટન્સ્)*n.*The state

Con-comi-tant, (કૉન્કૉમ'ઇટન્ટ્)*a.*[L. *con* & *comes*, a companion.] Concurrent:જોડે આવનાર-જનાર.*n* An associate:અનુષંગી;સંગી;સાથી.

Con-cord,(કૉન્કૉર્ડ્)*n.* [L *con* & *cor, cordis*, heart.]1.Harmony:સંપ. 2.Compact;treaty: પ્રતિજ્ઞા;કોલકરાર.3.(*Gram.*)Agreement of words with one another (*in gender,number, person*,or *case*.):મળતાપણું.4.Consonance:સુરમેળ. *vi.*To agree:મળતા આવવું;એકમત થવું-હોવું.

Con-cordance, (કૉન્કૉર્ડ'ઍન્સ્)*n.* 1. Agreement:મળતાપણું.2.Concord:અન્વય.3.A topical index or orderly analysis of the contents of a book:પુસ્તકના વિષયોની પૃથક્કરણરૂપ અનુક્રમણિકા.

Con-cordant,(કૉન્કૉર્ડ'ઍન્ટ્)*a.*Agreeing;correspondent;harmonious:મળતું;માફક;યોગ્ય.

Con-corpo-rate, (કૉન્કૉર'પોરેટ્)*vt.*[L. *con* & *corpus*, the body.] To unite in one mass: એક કરી દેવું;ભેગું-એકું થઇ જવું. *a.* United in one body:એક મેક મિશ્ર-ભેગું થઇ ગયેલું;મિશ્ર.

Concourse,(કૉન્ગ્કૉર્સ્)*n.* [L. *con* & *curro*, I run.]1.Confluence:સંગમ;સંયોગ.2.An assembly:મેળાવડો;ઠઠ. 3.The place or point of meeting: સંધિસ્થાન 4. An open space where several roads or paths meet:ચૌવટું;પંચવટી; પાંચપટી; ઘણા રસ્તા જ્યાં મળે તે સ્થળ.

Concrete,(કૉન્ગ'ક્રીટ્)*a.*[L.*con*&*cresco*,I grow] 1.Consistent in a mass:ઘટ્ટ થયેલું C.*number*: પદાર્થસૂચક અંક.*n.*1. A mass of stone gravel, pebbles, &c:પથ્થરના કકાનું બાઝેલું દેકું; કાકરેટ. 2. A concrete term: ગુણ-ધર્મવિશિષ્ટ પદ. *vi.* To unite into a mass:જમવું; ઘટ્ટ થવું.*vt.* To form into a mass:જમાવવું;બાંધવું;ઘટ્ટ કo.

Con-cretion,(કૉન્ક્રી'શન્)*n.* 1. Solidification: કોઇ પદાર્થ નાના નાના કકડા ભેગા કરીને ઘટ્ટ કરવું.

Concu-bine,(કૉન્ગ'ક્યુબાઇન્)*n.*[L.*con*&*cubo*,I lie down.]1.A woman who cohabits with

man without being his wife:રાખેલી સ્ત્રી;રાખાત.

Con-cupi-scence, (કોનક્યુ'પિસેન્સ્)*n.*[L.*con* & *cupio*,I desire.]Sexual lust:વિષયવાસના.

Con-cur,(કોનકર્')*vi.*[L.*con* & *curro*,I run.]1. To run together: એક બીજાસાથે અથડાવું; મળતા આવવું. 2. To meet in the same point: એકજ વાતે મળવું.3.To agree:એક મતીલું થવું.

Con-currence,(કોન્કર'રન્સ્)*n.*1.Union:એકસંપ. 2 Agreement in opinion:મન મળવું-એક થવું તે.

Con-current,(કોન્કર'રન્ટ્)*a.*1.Acting in conjunction:જોડે-સાથે શ્રમ કરનાર.2.Conjoined:જોડે રહેલું.3.Joint and equal:સમાધિક.*n.*1.A person pursuing the same course: એકજ-ધંધો કરનાર માણસ.2.A rival:હરીફ;પ્રતિપક્ષી,

Con-cussion, (કોન્ક'શન્)*n.*[L.*con* &*quatio*,I shake.]1.The act of shaking:(ધક્કા કે આચકાથી) હલાવવું તે. 2. (*Surg.*) The shock of some organ by a fall: પડવા-અથડાવાથી કોઈ શરીરના અવયવને આંચકો લાગવો તે.

Con-demn (કોન્ડેમ્')*vt.* [L. *con* & *damno*, I condemn.]1.To pronounce to be wrong:દોષવાન-ખોટું-દૂષિત ઠરાવવું-કહેવું.2.To declare the guilt of:ગુન્હો દોષ-અપરાધ જણાવવો. 3.To pronounce a judicial sentence against:ગુન્હેગાર ઠરાવી શિક્ષા કo.4.To adjudge to be unfit for use or service:ઉપયોગ વાપરવા માટે ના લાયક ઠરાવવું.

Con-demna-ble,(કોન્ડેમ્'નેબલ્)*a.*Worthy of condemnation; culpable;blamable: રદ કરવા જોગ;ધિક્કારી કાઢવા જોગ;ગુન્હેગાર ઠરાવવા જેવું.

Con-dem-nation,(કોન્ડેમ્ને'શન્)*n.*1.Censure: નિંદા;દૂષણ.2.The act of declaring guilt:ગુન્હેગાર ઠરાવવું તે.3.The act of dooming to punishment:શિક્ષા-સજા કo તે. 4.The act of dooming to forfeiture:જપ્ત કરવાનો હુકમ કoતે.5.The state of being condemned: ગુન્હેગાર-અપરાધી ઠરવું તે;શિક્ષા 6.The ground or reason of condemning:ગુન્હેગાર-દોષવાન-શિક્ષાપાત્ર ઠરાવ્યાનું કારણ.

Con-demna-tor-y,(કોન્ડેમ્'નેટોરિ)*a.* Condemning:શિક્ષા-દંડ પાત્ર ઠરાવે એવું;અપવાદક.

Con-densate, (કોન્ડેન'સેટ્)*vt.*[L *con*&*densus*, thick.] To condense: જાડું-ઘટ્ટ કo. *a.* Made dense:જાડું-ઘટ્ટ કરેલું; થોડામાં સમાવેલ.

Con-den-sation,(કોન્ડેન્સે'શન્)*n.* The act of making more dense:વધારે જાડું-ઘટ્ટ કo-થવું તે.

Condense,(કોન્ડેન્સ્)*vt.*[L.*con* & *densus*,thick.] 1.To make more compact: ઘટ્ટ-જાડું કo.2.To reduce into another and denser form: ઠારવવું; બીજા અને જાડા-ઘટ્ટ આકારમાં બદલવું-ફેરવવું.

Con-density,(કોન્ડેન'સિટિ)*n.*Denseness:જાડાશ.

Con-descend, (કોન્ડીસેન્ડ્) *vi.* [L. *con*, *de* & *scando*,I climb.]1.To descend;to yield:મ્હોટાઇ-માન મૂકી આચરવું-બોલવું-કo;મહેરબાની કo. 2. To consent:હા પાડવી;સંમતિ આપવી.

Conde-scend-ing, (કોન્ડીસેન્ડિન્ગ્)*a.*Yielding to inferiors;affable:વિવેકી;મ્હોટામનનું;નમ્ર.

Con-de-scension,(કોન્ડીસેન્'શન્)*n.*Voluntary descent from rank or dignity to equality with another:નિરભિમાન;મહેરબાની.

Con-dign,(કોન્ડાઇન્')*a.*[L.*con* & *dignus*, worthy.]Deserving:યોગ્ય;લાયક;ઘટતું;વાજબી.

Condi-ment, (કોન્'ડિમેન્ટ્) *n.* [L. *con* & *do*,I preserve.] Something used to give relish to food:મશાલો;ગરમ મશાલો;મરી મરચું;વઘાર.

Con-dition,(કોન્ડિ'શન્)*n.*[L.*con*& *do*,I give.] 1.State:સ્થિતિ;હાલત. 2. Disposition:સ્વભાવ; પ્રકૃતિ. *vi.*To make terms; to stipulate:શરત-બોલી-કરાર કo. *vt.*1.To contract;to stipulate: ઠરાવ-કરાર કo.

Con-dition-al,(કોન્ડિ'શનલ્)*a.*1.Not absolute; made or granted on certain terms:શરતવાળું.2.(*Gram.* & *Logic.*) Expressing a condition or supposition:શરત-ધારણાબતાવે-જણાવે-એવું સંકેતાર્થક;સંકેતાર્થી.

Con-dole,(કોન્ડોલ્')*vi.* [L.*con* & *doleo*, I feel pain.] To express sympathetic sorrow:પારકા દુઃખે દુઃખી થવું.*vt.*To lament:ને માટે શોક કo; દિલગીર થવું; ખરખરો કo.

Con-dolement,(કોન્ડોલ્'મેન્ટ્)*n.* Condolence; પરદુઃખે દુઃખ;ખરખરો;દિલાસો; શોક;ખેદ;દિલગીરી.

Con-dolence, (કોન્ડોલ્'એન્સ્)*n.* Expression of sympathy with another in sorrow:દિલાસો;પારકાના દુઃખનો ખેદ.

Con-duce,(કોન્ડ્યુસ્')*vi.*[L.*con*& *duco*,I lead.] To promote or further an and:કારણભૂત-ઉપયોગી થવું;વધારવું.*vt.*To conduct:લઇ જવું.

Con-ducive,(કોન્ડ્યુ'સિવ્)*a.*Leading or tending:સહકારી;સાધક.

Con-duct, (કોન્ડક્ટ્')*n.*[L *con* & *duco*,I lead.] 1.Guidance:વહીવટકo તે.2.Skilful guidance; generalship:હોશીયારીથી દોરવું તે. 3. Convoy: વળાવો. 4.Personal deportment;behaviour: ચાલચલગત.*vt.*1. To lead or guide;to escort: લઇ જવું.2.To lead as a commander:આગેવાન-સેનાપતિ થઇ-તરીકે લઇ-દોરી જવું.3.To manage;to regulate:ચલાવવું.4.To behave; (*with the reflexive*):વર્તવું;આચરવું.*vi.*To behave; to act:વર્તવું.[lity or power of conducting:લઇ જાય એવું.

Con-ductive, (કોન્ડક્'ટિવ્)*a.*Having the qua-

Con-ductor,(કોન્ડક્'ટર)*n.*1.A leader:આગેવાન. 2.The leader or director of a chorus:ગાયનનો પ્રથમ રાગ ચલાવનાર.3.(*Physics.*)A substance capable of forming a medium for the transmission of heat or electricity:ઉષ્ણતાવાહક.

Conduit,(કોન્'ડિટ-કન્'ડિટ્)*n.* [L.*con* & *duco*,I lead.]1. Pipe;canal of water or any other liquid:નીક;નેહેર;નળી;નળ.

Cone,(કોન્)*n.* [L. *cuneus* wedge.]1.A solid body having a circle for its base & tapering to a point:શંકુ. 2. (*Bot.*) The conical fruit: શંકુ આકારનું ફળ. *vt.* To render cone-shaped: શંકુ આકારનું બનાવવું-ક૦.

Coney-cony, (કોની-કોનિ)*n.* [L. *coniculus*, a rabbit.] A rabbit:સસલું.2.A fish:માછલું.

Con-fab-u-lation,(કાન્ફેબ્યુલે"શન્)*n.*[L.*con* & *fabula*,a fable.] Familiar talk:ખાનગી વાતચિત;ખુલ્લી વાતચિત.

Con-fection, (કોન્ફેક્'શન્) *n.* [L. *confecio*, I prepare.] 1. A preparation of fruit, &c , with sugar,a confect:ખાંડ પાયેલી કાંઇપણ વસ્તુ; ખાંડમાં પાએલો મેવો;મિઠાઈ;મુરબ્બો;હલવો.

Con-fection-er, (કોન્ફેક્'શનર્)*n.* One whose occupation is to make or sell confections, candies,&c.:મિઠાઇવાળો;કન્દોઇ;સુખડીઓ; હલ્વાઈ.

Con-fection-er-y,(કોન્ફેક્'શનરિ) *n.* 1.Sweetmeats:મિઠાઇ; સુખડી. 2. A place where sweetmeats are made and sold:કંદોઇઓળ.

Con-feder-a-cy,(કોન્ફેડ'અરેસિ)*n.*1.A league: એકસંપ.2.The persons bodies,states or nations united by a league:એક સંપી પુરૂષો-મંડળીઓ-રાજ્યો અથવા પ્રજાઓ.

Co-nfeder-ate, (કોન્ફેડ'અરેટ્)*a.*[L.*con* & *fœdus*, a league.] United by a league: સંપથી જોડાયેલું. *n.* One who is united with others in a league; an ally: એક સંપીલો. *vt. vi.* To unite in a league:એકસંપ-એકોક૦.[એકો;એક સંપ.

Con-feder-ation,(કાન્ફેડ્'અરે"શન્)*n.*A league:

Con-fer,(કોન્ફર')*vt* [L.*con* & *fero*,I bear.]1.To compare:સરખાવો-મુકાબલો ક૦. 2. To grant a permanent possession; to bestow:જાગુ કબજે આપવો-બક્ષવો-આપવું. 3.To contribute;to conduce:જોઇતી મદદ આપવી;સાહયકારી-મદદગાર થવું.

Confer-ence,(કોન્'ફરેન્સ્)*n.*1.Comparison:સરખામણી. 2. A meeting for consultation or discussion:મસલત-મનસુબો-સલાહની બેઠક સમાજ.

Con-fess,(કોન્ફેસ')*vi.*[L *con* & *fetior*, I confess.]1.To acknowledge a crime,fault,&c.: વાંક-ગુન્હો-દોષ વિગેરે કબુલ ક૦. 2. To admit as true; to assent to: માનવું; કબુલ ક૦; સાચેસાચું કહી દેવું. 3.(*Eccl.*) To make known as one's sins to a priest:પાદરી પાસે પોતાના પાપ નિવેદન-કબુલ ક૦-માનવાં.

Con-fessed-ly,(કોન્ફેસ્'એડ્લિ)*adv.*By confession;avowedly;undeniably:નિસ્સંશય;ખચિત.

Con-fession,(કોન્ફે'શન્)*n.*1. The admission of a debt, obligation or crime; avowal; acknowledgment: દેવું-ફરજ-ગુન્હાની કબુલાત. 2. (*Eccl.*) The act of disclosing sins or faults to a priest:પાદરી આગળ પાપ સ્વીકાર;પાપ નિવેદન.

Con-fession-al,(કોન્ફે'શનેલ્)*n.*The seat where a priest or confessor sits to hear confessions:પાપસ્વીકાર-શ્રવણ કરનાર પાદરીનું આસન.

Confi-dant,Con-fi-dante,(કોન્'ફિડેન્ટ્ ,કોન્ફિડેન્ટ્')*n.* A confidential or bosom friend:વિશ્વાસુ આઇબંધ;દીલ મિત્ર;એકાંત મિત્ર.

Con-fide,(કોન્ફાઇડ્)*vi.*[L.*con* & *fido*,I trust.] To put faith;to rely; to trust:-માં આધીન રાખવો.*vt.*To intrust to:સોંપવું;-ને ભરોંસે રાખવું.

Confi-dence, (કોન્'ફિડેન્સ્)*n.*1.Trust:ભરોંસો. 2.Private conversation: છાની-છુપી વાતચિત.

Confi-dent, (કોન્'ફિડેન્ટ)*a.*1.Trustful:વિશ્વાસ રાખનાર.2.Bold;undaunted:બહાદુર;હિંમતવાન. 3. Giving occasion for confidence: ભરોંસા-વિશ્વાસ આપવું-જણાવવું;વિશ્વાસુ.

Con-fi-dential, (કોન્ફિડેન્શિઅલ્)*a.*1.Trusted in:વિશ્વાસુ. 2.Privately intrusted;secret:છુપી-ગુપ્તરીતે સોંપેલું.

Confi-dent-ly (કોન્ફિડેન્ટ્લિ)*adv.* With confidence;with strong assurance:ખાતરી-ભરોંસાથી;ખાતરજમાથી;નક્કી;નિઃશંક.

Con-figure, (કોન્ફિગ્'યુર્)*vi.*[L.*con* & *figura* a form.] To arrange or dispose in a certain form:કોઈ અમુક આકાર, રૂપ અથવા આકૃતિ પ્રમાણે ગોઠવવું-મુકવું.

Confine,(કોન્'ફાઇન્)*n.*[L.*con* & *finis*,limit.]1. Common boundary:સિમાડો.2.Place of restraint;prison:કેદખાનું;બંધીખાનું. *vt.*1.To restrain within limits:હદ મર્યાદામાં રાખવું;પૂરવું.કેદમાં રાખવું.*To be confined*:સુવાવડમાં હોવું;ખાટલે હોવું.

Con-finement,(કોન્ફાઇન્'મેન્ટ્)*n*.1.Restraint within limits: મર્યાદા હદ નિગ્રહ-નિયમમાં રાખવું તે;કેદ;નિરોધ,અટકાવ;બન્ધન;પ્રતિબંધ. *Place of* c.: બંધીખાનું; કારાગૃહ. 2. Restraint from going abroad by child-birth:સુવાવડ;પ્રસુતિ;પ્રસવકાળ; સુવાવડનો ખાટલો.

Con-firm, (કોન્ફર્મ્)*vt.*[L.*con* & *firmus*,firm.] 1.To make firm:મજબુત-દૃઢ ક૦. 2.Te verify; to corroborate:પાકુંસુદૃઢ-ક૦;ખરૂં છે એમ ઠસાવવું. 3.To justify:બહાલ-મંજુર કાયમ-મુકરરક૦;સહીક૦.

Con-firm-ation,(કોન્ફર્મે'શન્)*n*.1.The act of confirming or giving strength:મજબુત દૃઢ ક૦ તે.2.Corroboration:જાસ્તી પુરાવો. 3.Ratification:મંજુરી.

Con-firma-tor-y,(કોન્ફર્મ્'એટરિ)*a.*1.Serving to confirm;corroborative:પુષ્ટિકર્તા;સ્થાપક;મજબુતી.

Con-fisca-ble, (કોન્ફિસ્'કેબલ્) *a.* Capable of being confiscated:જપ્તકરવા જેવું;જપ્ત કરવા જોગ.

Con-fiscate,(કોન્ફિસ્'કેટ્)*vt.* [L.*con* & *fiscus*,a

money bag.]To appropriate as a penalty: જપ્ત કર.a.Appropriated,as a penalty,to the public use:જપ્ત કરેલું;કબજે કરેલું.

Con-fis-cation,(કૉન્ફિસ્કે'શન)n.The act of appropriating,as a penalty to the public use: જપ્તિ;કબજે;દંડ દાખલ સરકારમાં લઇ લેવું તે.

Con-fla-gration, (કૉન્ફ્લેગ્રેશન) n. [L.con & *flagro*, I blaze.] A fire on a great scale or extending to many objects:મ્હોટી આગ.

Conflict,(કૉન'ફ્લિક્ટ) n [L.con & *fligo*,I dash.] 1.A striking or dashing together;a violent collision:અફાળવું;સામાસામી જોરથી અથડાઅથડી; વિરોધ.2.Contest:લડાઇ.vi.1.To strike or dash together:સામાસામું અથડાવું.2.To contend:લડવું.

Con-flicting,(કૉન્ફ્લિક્ટ'ઇંગ્) } a. Contrary;
Con-flictive,(કૉન્ફ્લિક્'ટિવ્) } opposing;contradictory;incompatible:પરસ્પર વિરોધી;ઉલટું;વિરૂદ્ધ; પ્રતિકૂળ.

Conflu-ence,(કૉન્ફ્લ્યુએન્સ્)n.[L.con & *fluo*,I flow.]A flowing to-gether; a place of meeting:સાથે વહેવું તે;સંગમ;વેણી.

Conflu-ent,(કૉન'ફ્લ્યુએન્ટ્)a.1.Flowing together;running one into another:સંગમ કરનાર; ભેગાં થનાર;સમેલક; ભેગાં થઇને પસરનાર.

Conflux,(કૉન'ફ્લક્સ્)n.1.A flowing together; a meeting of streams:સાથે-જોડે વહેવું તે;સંગમ.

Con-form,(કૉન્ફૉર્મ્)vt [L.con & *forma*,form.] To make alike:-ના જેવું ક૦. vi. 1. To comply with:-ને તાબે રહેવું.a.Resembling:-ને મળતું આવવું.

Con-forma-ble,(કૉન્ફૉર્મ'એબલ્)a.1.Similar; like:મળતું;સરખું.2.Proper:ઘટતું.3.Submissive compliant:આધીન.4.Parallel:સમાંતર.

Con-form-ation,(કૉન્ફૉર્મે'શન)n.1. The act of conforming: પ્રમાણે-મળતું-ક૦ તે. 2. Form; arrangement:રચના;આકૃતિ;ઘાટ.

Con-formist,(કૉન્ફૉર્મ્'ઇસ્ટ્)n.One who complies with the worship of the church of England or of the established church:ઇંગ્લાંડમાં ખ્રિસ્તિ ધર્મના સ્થાપન મત પ્રમાણે ચાલનાર.

Con-formi-ty,(કૉન્ફૉર્મ્'ઇટિ)n.1 Resemblance: મળતાપણું.2.Compliance with the usages of the established church:સ્થાપિત ધર્મ-પંથનાં નિયમોનું પ્રતિપાલન-ની અનુવૃત્તિ.

Con-found, (કૉન્ફાઉન્ડ્) vt. [L. con & *fundo*, I pour.] 1. To mingle: ગુંચવી નાંખવું. 2. To mistake for another: ભૂલથી એકને બદલે બીજાને ધારવું-ગણવું;ખોટું ઓળખવું.

Con-founded,(કૉન્ફાઉન્ડ્'એડ્)a.Confused;perplexed:આકુળ;વ્યાકુળ:ગાભરૂં;છક્ક;બાવરૂં.

Con-fra-terni-ty,(કૉન્ફ્રેટર્નિટિ)n. [L.con&*frater*, a brother.] A body or society of men united for some purpose:બન્ધુવર્ગ;મંડળ.

Con-front, (કૉન્ફ્રન્ટ્)vt.[L. con & *frons*, the forehead.]1.To stand in front of;to face:સન્મુખ-સામે મ્હોંડે ઉભા રહેવું.2.To stand in direct opposition to;to oppose:સામા થવું.3.To put face to face:રૂબરૂ-સમક્ષ મુકવું-ઉભુ ક૦.

Con-fron-tation,(કૉન્ફ્રન્ટે'શન)n. The act of confronting;comparison:રજુઆત;મુકાબલો.

Con-fuse, (કૉન્ફ્યુઝ્) a. [L. con & *fundo*, I pour.]Mixed:મિશ્રિત.vt.1.To confound:ગુચવી નાંખવું.2.To perplex;to disconcert:ગુચવવું;ગભરાવવું.

Con-fusion, (કૉન્ફ્યુ'ઝ્હન)n. 1. Disorder; tumult:ગુંચવણ;ઘોટાળો;ચાલમેલ.

Con-futa-ble, (કૉન્ફ્યુટ્એબલ્) a. Capable of being confuted: ખંડન યોગ્ય; ખોટું પાડી શકાય એવું;ખંડનીય.

Con-futa-tion,(કૉન્ફ્યુટે'શન)n.The act or process of confuting; refutation:તકરારથી ઠરાવવું તે;ખંડન;રદીઓ;વિતંડા.

Con-fute,(કૉન્ફ્યુટ્)vt.[L.con & *futo*,I argue.] To refute conclusively; to overcome:તકરારદલિલથી રદ્દ ક૦-ઠરાવવું.

Conge,(કૉન'જ્)n.[L.com&meo,I go.]1. (a)The act of taking leave:છેલ્લી સલામ. (b) To take leave with the customary civilities: સલામ ક૦;રામરામ કહેવા;નમસ્કાર ક૦.

Con-geal,(કૉન્જીલ્) vt [L. con & *gelo*, I freeze.]1.To freeze:જમાવવું.2.To chill;to cord: શિથિલ ક૦.vi.To coagulate:ટાઢ-ઠંડને લીધે કઠણ-જાડું-ઘટ્ટ થવું;જમવું.

Con-gealment, } (કૉન્જીલ્'મેન્ટ્-લેશન)n.1.The
Con-ge-lation, } act or process of congealing:ઠરવું તે.

Con-gener, (કૉન્જીનર્) n. [L. con & *genus*, a race.] A thing allied in kind or nature:સજાતીય-એક જાતીય વસ્તુ;સજાતીય;એકજાતીય.

Con-ge-neric-ous,(કૉન્જીને'રિક્-કૉન્જેન'અરસ્)a. Of the same genus:સમજાતીય;એક જાતનું.

Con-geni-al,(કૉન્જી'નિઅલ્)a.[L.con & *genialis*,genial.]1.Kindred:સમજાતીય.2.Naturally adapted:કુદરતથી માફક આવવું.

Con-genit-al,(કૉન્જેન'ઇટલ્)a.[L con & *gero*, I bear.] Existing at birth:જન્મનું;સ્વાભાવિક.

Con-gest, (કૉન્જેસ્ટ્)vt.[L.con & *gero*,I bear.] To bring together:એકઠું ક૦.

Con-gestion, (કૉન્જેસ્ટ્'યૉન)n. 1.The act of gathering into a heap or mass:ઢગલો;જમાવ. 2.(*Med.*)An accumulation of blood in any part of the body:શરીરના કોઈ પણ ભાગમાં લોહી એકઠું થવું તે.

Con-gestive,(કૉન્જેસ્ટ્'ઇવ્)a.(*Med.*)Attended by an accumulation of blood in some part of the body:લોહીની ગાંઠ બંધાવું;રક્તાવરોધ સૂચક.

Con-glomer-ate,(કૉન્ગ્લૉમ્'અરેટ્)*a.*[L.*con* & *glomero*,I wind into a ball]Concentrated; collected:જથાબંધ;દડીબંધ;ગઠ્ઠાબંધ.*vt.*To collect into a round mass: ગોળ-દડા એકઠું-ભેગું કરવું.*n.*(*Geol.*)A rock composed of pebbles: ગોળ કાંકરાની બનેલી ખડક.

Con-glomer-ation,(કૉન્ગ્લૉમ્'અરે'શન)*n.*The act of gathering into a mass: જમાવ; સંગ્રહ.

Con-glutin-ate,(કૉન્ગ્લ્યુ'ટિનેટ્)*vt.*[L. *con* & *glutino*,I glue.] To glue together:જોડવું. *vi.* To coalesce:જોડવું;સાંધવું.

Con-glutin-ation,(કૉન્ગ્લ્યુ'ટિનેશન)*n* A gluing together;junction;union:ચોટવું તે;સંયોગ.

Con-gratu-late,(કૉન્ગ્રૅટ્'યુલેટ્)*vt.* [L.*con* & *gratus*,pleasing.] To wish joy to:મુબારકી-મુબારકબાદી આપવી. *To c. one's self*,to rejoice: આનંદિત થવું.

Con-gratu-lation,(કૉન્ગ્રૅટ્યુલેશન)*n.*The act of gratulating:વધામણી;મુબારકબાદી;અભિનંદન.

Congre-gate,(કૉન્ગ્'ગ્રીગેટ્)*vt.*[L.*con* & *grex*, flock.] To assemble:એકઠું કરવું;ભેળો-જમાવ કરવો. *vi.*To come together:એકઠું થવું. *a.*Collected; close:ભેગું-એકઠું થયેલું; સઘન;ઘન.

Congre-gation,(કૉન્ગ્'ગ્રીગે'શન)*n.*1.The act of congregating:જમાવ કરવો તે.2.An assembly of persons:વર્ગસમાજ.

Con-gre-gation-al,(કૉન્ગ્રીગે'શનૅલ)*a.*Pertaining to a congregation:મંડળી-સમાજ સંબંધી.

Con-gre-gation-al-ism,(કૉન્ગ્રીગે'શનૅલિઝ્મ)*n.*That system of church government which vests all ecclesiastical power in the assembled brotherhood of each local church: દરેક સ્થાનિક ધર્મ પંથના ભેગા થયેલા મંડળને સર્વોપરિ સત્તા આપી હોય એવી વ્યવસ્થા રીતિ.

Con-gre-gation-al-ist,(કૉન્ગ્રીગે'શનૅલિસ્ટ્)*n.* One who belongs to the congregational church:સામાજીક પંથ-સમુદાયનો માણસ.

Congress,(કૉન્ગ્'ગ્રેસ્)*n.* [L *con* & *gradior*, I go]1. A meeting of individuals: લોકોનો મેળાપ. 2. A meeting of the representatives of several states to consider & determine matters of common interest:સાર્વજનિક લાભ-ફાયદાઓની બાબતો વિચારી નક્કી કરવા મળેલા જુદા જુદા રાજ્યના પ્રતિનિધિઓ-વકીલોની સભા મંડળી.

Con-gressive,(કૉન્ગ્રેસ્'ઈવ્)*a.*Encountering or coming to-gether:એકઠું થતું;જમાવ થતું;મળતું

Congru-ence-cy,(કૉન્ગ્'ગ્રુએન્સ્-સિ)*n.*[L.*congruentia.*] Agreement:ઐકરાગ.

Con-gru-ous,-ent,(કૉન્ગ્'ગ્ર્યુઅસ્-એન્ટ્)*a.*Suitable; agreeing;fit;harmonious:મળતું; બેસતું; માફક;યોગ્ય;અનુરૂપ.

Con-grui-ty,(કૉન્ગ્રૂ'ઇટિ)*n.* Fitness;harmony; correspondence:ઐકરાગ;યોગ્યતા;મેળાપ.

Conic-al,(કૉન્'ઇક્-કૅલ્)*a.* [L. *conus.*]1. Having the form of, or resembling,a cone:શંકુ આકૃતિ-આકારનું. **C.***secti-ns*:શંકુચ્છેદ.

Conics,(કૉન્'ઇક્સ્)*n.* That part of geometry which treats of the cone and the curves which arise from its sections:શંકુચ્છેદ ભૂમિતિ.

Con-jectur-a-ble,(કૉન્જેક્'ટ્યુરૅબલ્)*a.*Capable of being guessed:અનુમેય;અનુમાનસાધ્ય.

Con-jectur-al,(કૉન્જેક્'ટ્યુરૅલ્)*a.*Depending on conjecture:અટકળ ભરેલું;કલ્પિત.

Con-jecture,(કૉન્જેક્'ટ્યુર)*n.* [L. *con* & *jacio*, I throw.] Probable inference;surmise:અટકળ;અનુમાન.*vt.*To arrive at by conjecture: અટકળ-ક્યાસ-અનુમાન કરવું.

Con-join,(કૉન્જૉઇન્)*vt.*[L.*con* & *jungo*,I join.] To join together:સાથે જોડવું; સાંધવું;સંયોગ કરવો. *vi.*To unite:જોડાવું.

Con-joint,(કૉન્જૉઇન્ટ્')*a.*United:જોડેલું; સાંધેલું.

Con-jointly,(કૉન્જૉઇન્ટ્'લિ)*adv.*In a conjoint manner;unitedly:મળીને;જોડે;ભેગું;એકઠું-સાથે.

Conju-gal,(કૉન્'જ્યુગૅલ્)*a.* [L. *con* & *jugum*, a yoke.]Matrimonial;connubial:વિવાહનું;વિવાહસંબંધી.

Conju-gate,(કૉન્'જ્યુગેટ્)*vt.* [L.*con* & *jugo*,I join.] 1. To unite in marriage;to join:લગ્ન કરવું.2.To distribute the parts or inflections as a verb:ક્રિયાપદનાં રૂપાખ્યાપન આવવાં-કરવાં.

Con-ju-gation,(કૉન્જ્યુગે'શન)*n.*1.The act of uniting;union; assemblage:જોડવું-ભેગું કરવું તે; મેળાપ.2.The act of distributing the several inflections or variations of a verb:ક્રિયાપદનાં રૂપાખ્યાપન.

Con-junct,(કૉન્જન્ક્ટ્')*a.* United;conjoined: જોડેલું;સાંધેલું.*n.*A combination:સાંધો;સંયોગ;સંધિ.

Con-junction,(કૉન્જન્ક્'શન)*n.* 1.Union;association:સંયોજન.2.The meeting of two or more stars or planets in the same degree of the zodiac:યોગ. **C.***of sun & moon*:સૂર્યચંદ્રસંગમ;યુતિ.3. (*Gram.*) A connective or connecting word: ઉભયાન્વયી અવ્યય. *In c. with*: સાથે;લગતું;જોડે.

Con-junctive,(કૉન્જન્ક્'ટિવ્)*a.*Closely united:મજબૂત જોડાયેલું;જોડવામાં કામ આવતું;જોડનારૂં.

Con-jencture,(કૉન્જન્ક્ટ્યુર)*n* 1. Union:સંયોગ.2.An occasion:સંધિ;પ્રસંગ.

Con-ju-ration,(કૉન્જ્યુરે'શન)*n.*1. The act of binding by an oath: સોગંદ ઘાલવા તે. 2. Incantation:યંતર મંતર.

Con-jure,(કૉન્જ્યૂર')*vt* [L.*con*& *juro*,I swear.] (*a*)To adjure:સોગંદ ઘાલીને બોલાવવું.(*b*)To implore earnestly:કાલાવાલાથી વિનંતિ કરવી.

Conjure,(કન્જર્)*vt.*To affect by magic:મંત્રવું;તંત્રમંત્રથી ફ૦.*To c.up.* (*a*) to call up:ઉશ્કેરણી ફ૦.(*b*)To invent:બનાવવું.*vi.*To practise magical arts:જાદુ ક૦.

Conjur-er,(કન્જરર્)*n.*1.One who practises magic:જાદુગર.2.A man of sagacity:ચાલાક-ચતુર-હોશીયાર માણસ.

Connate,(કોનેટ્)*a.*[L.*con* & *natus*, born.]1.Born with another;being of the same birth:બીજા સાથે જન્મેલું. 2.(*Bot.*) United in origin: એકજમાંથી થયેલું;જોડાઇને એક થયેલું.

Con-natu-ral,(કોનૅચ્યુરૅલ્)*a.*[L *con* & Eng. *natural.*]Inborn:એકજાતીય;સજાતીય.

Con-nect,(કૉનેક્ટ્)*vt.*[L.*con* & *necto*,I bind.] To knit:પૂર્વાપર સંબંધ રાખવો;સાંધવું.*vi.*To become joined:સંધાવું;જોડાવું.

Con-nected,(કૉનેક્ટેડ્)*p.p.*Joined:સંધાયેલું.

Con-nection-xion,(કૉનેક્શન્)*n.*1.Junction: સંબંધન 2.That which connects or joins together:અનુસંધાન.3.A relation;esp,a person connected with another by marriage: સંબંધી;સગું.

Con-nective,(કૉનેક્ટિવ્)*a.*Having the power of connecting:જોડવાની-સંયોગ કરવાની શક્તિવાળું.*n.* A conjunction:ઉભયાન્વયી-વાક્યયોગી અવ્યય.

Con-nivance, (કૉનાઇવૅન્સ્)*n.* Voluntary oversight:આંખ આડા કાન;અખાડા;આંખમીંચામણી.

Connive,(કૉનાઇવ્) *vi.*[L.*con* & *nivo*,I close.] 1.To wink:જલદીથી આંખો ઉઘાડીને મીંચી દેવી.2. To fail to see a fault:જોયું ન જોયું ક૦.

Connois-seur,(કૉનસ્યૂર્)*n.*[L.*con* & *nosco*,I learn.] One well versed in any subject:પ્રવીણ-નિપુણ-ગુણજ્ઞ-રસજ્ઞ પુરુષ;મર્મજ્ઞ;વાકેફગાર;પરીક્ષક.

Con-note,(કૉનોટ્)*vt.*[L.*con* & *noto*,I mark.] To imply:-નો ગુણ દેખાડવો;-નો અંદર સમાવેશ ક૦.

Conn-o-ta-tion,(કૉનોટેશન્) *n.* Implication of something more than is asserted:સંકેત.

Con-nubi-al,(કૉન્યૂબિઍલ્)*a.*[L.*con* & *nubo*, I marry.]Pertaining to marriage:વિવાહ-લગ્ન સંબંધી.

Conquer,(કોન્કર્)*vt.*[L *con* & *quaro*,I seek.] To gain force;to vanquish:બળથી મેળવવું;જીતવું

Conquer-a-ble, (કૉન્કરેબલ્)*a.* Capable of being conquered:જીતવા-તાબે કરવા જેવું.

Conquer-or,(કૉન્કરર્)*n.*One who conquers:જીતનાર;વિજયી.*a mighty* c.:દિગ્વિજયી.

Conquest,(કૉન્ક્વેસ્ટ્) *n.*1. The act of conquering;victory:જીત;ફત્તેહ. 2.The acquiring of property by other means than inheritance:વારસા શિવાય બીજાં સાધનોથી મિલકત મેળવવી તે.

Con-san-guine-ous,(કૉન્સૅન્ગ્વિનિઅસ્)*a.*[L. *con* & *sanguis*, blood.] Of the same blood, related by birth:એક લોહીનું;સગાઇ ધરાવતું.

Con-san-guini-ty,(કૉન્સૅન્ગ્વિનિટિ)*n.*Blood relationship:એકલોહી-શરીર સંબંધ.

Conscience, (કૉનશેન્સ્) *n.* [L. *con* & *scio*,I know.] 1. Knowledge of one's own thoughts:શુદ્ધિ.2. The moral faculty: સદસદ્વિચારશક્તિ;અંતર્દીપ. *Court of* c.:થોડી રકમનું દેવું વસુલ કરવાને માટે સ્થાપેલી અદાલત.*A matter of* c.:અંતઃકરણની સૂચના.

Con-sci-entious,(કૉન્શિએન્શસ્)*a.* 1.Influenced by conscience:નેકીવાળો;ન્યાયનિષ્ઠ.2.Conformed to the dictates of conscience:અંતઃકરણ મુજબ કરેલું.

Con-sci-entious-ness,(કૉન્શિએન્શસ્નેસ્) *n.* A sense of justice and strict conformity to the dictates of conscience:સાચી નિષ્ઠા;નેકીપણું.

Conscious, (કૉનશસ્) *a.* 1. Possessing the faculty or power of knowing one's own thoughts:ભાન-શુદ્ધિવાળું. 2.Aware: વાકેફ.

Conscious-ness, (કૉનશસ્નેસ્)*n.* The state of being conscious:શુદ્ધિ;સાવચેતી. *To return to* c.:શુદ્ધિ-ભાનમાં આવવું.

Conscribe,(કૉન્સ્ક્રાઇબ્) *vt.*[L.*con* & *scribo*,I write.]To write down;enlist:લખવું;નોંધવું.

Conscript,(કૉનસ્ક્રિપ્ટ્)*a.* [L. *con* & *scribo*, I write.]Registered: લખેલું. *n.* One taken by lot, to serve as a soldier or sailor:દફતરમાં નોંધેલાં નામમાંથી કે ચીઠ્ઠી નાંખીને મુકરર કરેલો સિપાઇ અથવા ખલાસી.

Con-scription,(કૉન્સ્ક્રિપ્શન્)*n.*1. An enrolling or registering: નોંધ. 2. A compulsory enrollment of men for military or naval service:લશ્કરી કે વહાણમાં નોકરી કરવાને માટે જબરદસ્તીથી નામ નોંધવાં તે.

Conse-crate,(કૉનસીક્રેટ્)*vt.* [L.*con* & *sacer*, sacred.]1.To declare to be sacred:પવિત્ર ક૦. 2.To set apart to a sacred office:પવિત્ર સ્થળે યોજવું.3.To canonize: પૂજ્ય પ્રતિષ્ઠિત ક૦.

Con-se-cration, (કૉન્સીક્રેશન્)*n.* The act or ceremony of consecration:પ્રતિષ્ઠા;સંસ્કાર.

Conse-cra-tor,(કૉનસીક્રેટર્)*n.*One who consecrates:દેવાર્પણ કરનાર;પ્રતિષ્ઠા કરનાર. [રંપરા;હાર.

Con-se-cution, (કૉન્સેક્યૂશન્)*n.*A sequel:પ-

Con-secu-tive,(કૉન્સેક્યૂટિવ્)*a.*[L.*con*&*sequor* I follow.]1.Successive:અનુક્રમનું.2.Following as a consequence:પરિણામ તરીકે નિપજતું.

Con-sent,(કૉન્સેન્ટ્)*n.*[L.*con* & *sentio*,I feel.] 1. Accord;concurrence:સંમતિ;અનુમતિ. 2.Agreement:એક રાગ;એકમત. *With free* c.:રાજીખુશીથી. *The* c.*bill*:સંમતિવયનો ખરડો.*vt.*To be of the same mind:એકજ મત-વિચારના હોવું.

Con-sen-tane-ous,(...નીઅસ્)*a*.Agreeable:...;લાયક,...;અનુકૂળ.

Con-senti-ent,(કૉન્સેન્'શિએન્ટ્)*a*.Agreeing in mind;accordant:સ મતકબૂલ;રાજી;એકચિત;એકમત.

Conse-quence, (કૉન્'સીક્વેન્સ)*n*.1.Result:પરિણામ.2.(*Logic.*)Inference:અનુમાન. 3.Chain of causes and effects: કાર્ય કારણ સંબંધ. 4. Importance:વજન.*Of* no **c**.:નિરર્થક. *In* **c**,.for this cause:એટલા માટે.*In* **c**.*of*,by reason of: લીધે.*vt*.To draw inferences:અનુમાન ક૦.

Conse-quent,(કૉન્'સીક્વેન્ટ્)*a*.1 Following as a result: પરિણામ-અનુમાન દાખલ નિપજતું. 2.(*Logic.*)Following by necessary inference: અનુમાન જન્ય. *n*.A conclusion:અનુમાન.

Con-se-quential,(કૉન્સીક્વેન્'શલ)*a*.consequent:પરિણામક.2.Self important:માની;ગર્વિષ્ટ.

Con-se-quential-ly,(કૉન્સીક્વેન્'શલિ)*adv* 1. With just deduction of consequences:કાર્યકારણભાવથી;અર્થાત. 2. Eventually:આખરે.

Con-sequent-ly(કૉન્'સીક્વેન્ટલિ)*adv*.In consequence of:તેથી-તેણે કરીને; તેને લીધે;એટલા માટે.

Con-servan-cy,(કૉન્સર્વ'ઍન્સિ)*n*.The act of preserving;preservation;સંભાળ;રક્ષણ;સંરક્ષણ.

Con-ser-vation,(કૉન્સર્વે'શન)*n*.The keeping of a thing in safe and entire state: સંભાળ.

Con-servat-ism,(કૉન્સર્વ'ઍટિઝ્મ્)*n*.Opposition to change:ચાલતી રૂઢી રહેવા દેવાની ઈચ્છા.

Con-serva-tive, (કૉન્સર્'વેટિવ્)*a*.1. Having power to preserve in a safe or entire state: સલામત-આખું-નુકશાન-ઈજા ન થાય તેમ રાખનાર.2. Tending or disposed to maintain existing institutions:ચાલતી રીતીને વળગી રહેનાર. *n*.One who desires to maintain existing institutions and customs:ચાલતી રૂઢી-રીવાજ રાખી રહેવાની ઇચ્છાવાળો માણસ.

Con-ser-vator,(કૉન્સરવે'ટર્)*n*. 1.One who preserves from injury: ઈજા-નુકશાનમાંથી સંભાળી રાખનાર;પાલક.

Con-serva-tor-y, (કૉન્સરવ'ઍટરિ)*a*.Having the quality of preserving from loss,decay or injury: દુઃખ-ઇજા-નુકશાન-સડામાંથી બચાવતું. *n*.1.A place for preserving from loss,decay or injury:રક્ષણ શાળા. 2. A public place of instruction:સાર્વજનિક કેળવણી આપવાની જગા.

Con-serve,(કૉન્સર્વ્)*vt*.[L.*con* & *servo*,I keep.] 1.To save:સારૂ-સહીસલામત રાખવું;રક્ષણ ક૦.2.To prepare with sugar as fruits, &c. for the purpose of preservation:સાચવી રાખવાને માટે ફળ વિગેરેને પાક પાવી.

Con-sider,(કૉન્સિડ્'અર્)*vt*. [L. *con* & *sideo*,I sit.]1.To ponder:વિચારવું.2.To take into account:ધ્યાનમાં-લક્ષમાં લેવું.3.To look at attentively:તરીકે જોવું લક્ષપૂર્વક જોવું.

Con-sider-a-ble,(કૉન્સિડ્'અરૅબલ્)*a*.1.Worthy of consideration: ધ્યાનમાં-લક્ષમાં લેવા-રાખવા લાયક.2.Of importance or value:મ્હોટું.

Con-sider-a-bly,(કૉન્સિડ્'અરૅબ્લિ)*adv*.Greatly; much:બહુ ક;ઘણું એક.

Con-sider-ate,(કૉન્સિડ્'અરેટ્)*a*.1.Deliberate: વિચારવંત;વિચારશીળ. 2. Having respect of; regardful:ધ્યાન આપનાર.

Con-sider-ate-ly, (કૉન્સિડ્'અરેટ્લિ)*adv*.Deliberately:વિચાર પૂર્વક;વિચારથી;બુદ્ધિ પૂર્વક.

Con-sider-ation,(કૉન્સિડ્'અરે"શન્)*n*.1.Contemplation: વિચાર. **C**.*of prons & cons*: કાર્યાકાર્યવિચાર;ફલાફલ વિચાર.2.Thoughtful or sympathetic regard:ચિંતા;દયાની લાગણી.3.Claim to notice:પ્રતિષ્ઠા.4.Motive:હેતુ.5.(*Law.*)Compensation:બદલો.

Con-sider-ing, (કૉન્સિડ્'અરિન્ગ્)*p.p*.Taking into account:ઉપરનજર રાખતાં;વિચારમાં લેતાં;જોતાં.

Con-sign, (કૉન્સાઇન્') *vt*. [L. *con* & *signo*, I mark.] 1.To give:આપવું.2.To commit:હવાલે ક૦. 3. To give into the hands of an agent for superintendence,&c.:વેચવા સાટવા અને વ્યવસ્થા કરવા આડતિયાને સોંપવું.

Con-sign-ee,(કૉન્સાઇની')*n*.A person to whom goods or other things are delivered in trust, for sale or superintendence:જેને ભરોસે જાળવવા અને વેચવા માલ સોંપ્યો હોય તે;આડતિયો.

Con-signer,(કૉન્સાઇનર્)*n*.One who consigns: માલધણી;માલ મોકલનાર.

Con-signment,(કૉન્સાઇન્'મેન્ટ્)*n*.1.The act of consigning:હસ્તગત ક૦ તે; હવાલો.2.The goods sent or delivered to a factor for sale:આડતિયાને વેચવાને માટે સોંપેલો અથવા મોકલેલો માલ. 3. The writing by which anything is consigned:માલ સોંપ્યા બાબતનું લખત.

Con-sist,(કૉન્સિસ્ટ્')*vi*.[L.*con* & *sisto*,I stand.] 1.To be composed of:-નું હોવું-બનેલા હોવું. 2. To have as its substance or character(followed by *in*):-માં રહેવું-હોવું.

Con-sistence-cy, (કૉન્સિસ્ટ્'એન્સ-કૉન્સિસ્ટ્'એન્સિ)*n*. 1.Existence;firmness:હયાતી; મજબૂતી. 2.A correspondence: પૂર્વાપરસંગતિ.

Con-sistent,(કૉન્સિસ્ટ્'એન્ટ્)*a*. Accordant;congruous:મળતું;બેસતું; અનુસંધી.

Con-sistent-ly,(કૉન્સિસ્ટ્'એન્ટ્લિ)*adv*.In a consistent manner:અનુકુળતાથી;યથાયોગ્ય રીતે.

Consis-tory, (કૉન્'સિસ્ટરિ)*n*. 1. Solemn assembly or council:મ્હોટી વાતની સલાહ-વિચાર કરવાને મળેલી મંડળી.2.The spiritual court of a diocesan bishop: પ્રગણાના ધર્માધ્યક્ષની ધર્મકોર્ટ સભા.3.A church tribunal:ખ્રિસ્તિ ધર્મના લોકોનું

મનસાદ્-કેમણું.

Con-soci-ate,(કૉન્સૉ'શિએટ્)*n.*[L.*con*&*socius*, a companion.] One who is confederated with another:સાથી;સોબતી.*vt.*1.To join:જોડવું. *vi.*To form an ecclesiastical consociation: મુખ્ય ખ્રિસ્તિ ધર્માધ્યક્ષોની સભા ભરવી-ક૦.

Con-sola-ble,(કૉન્સૉલ્'એબલ્)*a.*Capable of receiving consolation:સુખ-દિલાસો મળી શકે તેવું.

Con-sol-ation,(કૉન્સૉલે'શન્)*n.* Comfort;solace:દિલાસો;દુઃખ;મનનું સમાધાન.

Con-sola-tor-y,(કૉન્સૉલ'એટોરિ)*a.*That which consoles:દિલાસો આપે એવું;સમાધાનનું.

Con-sole,(કૉન્સૉલ્')*vt.*[L.*con* & *solor*,I comfort.] To cheer in distress or depression: દિલાસો આપવો-દેવો;મન વાળવું;સમાધાન ક૦.

Con-sole,(કૉન્'સોલ્)*n.*[L.*con* & *solidus*,firm, solid.]A bracket:માંડણી;ટેકો.

Con-solid-ate,(કૉન્સૉલ્'ઇડેટ્)*vt.*[L.*con* & *solidus*,firm,solid.]1. To make solid: ઘટ્ટ-ધીરું ક૦;એકઠું ક૦.2.(*Surg.*) To unite by means of applications:કંઇ લગાડીને (શરીરનો ભાગ-હાડકું) સાંધવું-જોડવું.*vi.*To grow firm:મજબૂત-કઠણ-ઘટ્ટ થવું.

Con-sols,(કૉન્સૉલ્ઝ્)*n. pl.* The leading English funded government security:વિલાયતમાં એક જાતની વ્યાજુ નોટ.

Conso-nance-cy,(કૉન્'સૉનન્સ-સિ)*n.*[L.*con* & *sono*,I sing.] Agreement of sounds:સ્વર મેળ.2.Agreement:મેળ.*In c.with*:પ્રમાણે; અનુસરીને.3.Friendship: મિત્રતા;મિત્રાચારી;મૈત્રી.

Conso-nant,(કૉન્'સૉનન્ટ્)*n.*A member of the spoken alphabet other than a vowel:વ્યંજનાક્ષર;વ્યંજન.*Conjunct c.*:સંયોગ:યોગ.*a.*1.Congruous;consistent:મળતું;બેસતું; અનુસરતું.

Con-so-nantal, (કૉન્સૉનન્ટ્'અલ્)*a.*Pertaining to consonants:વ્યંજનનું-સંબંધી-વિષેનું.

Consort,(કૉન્'સૉર્ટ્)*n.*[L.*con* & *sors*,lot.]1. A companion;a partner; especially,a wife or husband:સાથી;ભાગીઓ;ભાગીઅણ;સોબતી;(મુખ્યત્વે કરીને) ધણી અથવા ધણીઆણી;પતિ કિંવા પત્ની.2. Concurrence;combination:અનુમતિ. 3.Company:મંડળી;જથો 4. Harmony of sounds:એકરાગ-તાલ;મેળ. *Prince c.*: રાજ્યકર્તી રાણીનો ધણી. *Queen c.*:રાજ્યકર્તા રાજાની સ્ત્રી. *vi.*To unite:-ની સોબત-સંગત ક૦;સાથે ભળવું-મળવું. *vt.*1.To unite as in affection:પ્યાર-હેત બાંધવું.

Con-spicu-ous, (કૉન્સ્પિક્'યૂઅસ્)*a.*[L.*con* & *specto*,I see.]1.Manifest: ખુલ્લું;ઉઘાડું.2.Eminent:પ્રસિદ્ધ;પ્રખ્યાત;નામિચું.

Con-spicu-ous-ness,(કૉન્સ્પિક્'યૂઅસ્નેસ્)*n.* 1.Openness or exposure to the view: ખુલ્લાપણું;સફાઇ.2.Eminence:કીર્તિ;પ્રખ્યાતિ.

Counter-plot,(કાઉન્‌ટર્‌પ્લૉટ્)*vt.* To oppose, as another plot,by plotting:કાવતરા સામે કાવતરૂં કo.*n.*A plot opposed to another: કાવતરા સામે કરેલું કાવતરૂં.

Counter-poise,(કાઉન્‌ટર્‌પૉઇઝ્) *vi.*[L.*contra & penso*,I weigh.]1.To equal in weight;to counter balance:સમતોલ થવું.*n.* 1. An equal weight:બીજાના સામું-સરખું વજન.

Coun-ter-sign,(કાઉન્ટરસાઇન્)*vt.* To sign on the opposite side of an instrument or writing: ખત-દસ્તાવેજની સામેની બાજુએ સહી કo.*n.*1. The signature of a subordinate officer to a writing signed by the superior:મુખ્ય પુરૂષે સહી કરી હોય તેની સાથે તેના તાબાના માણસની સહી. 2.(*Mil.*)A military watchword:લશ્કરમાં એક બીજાને ઓળખાવવા માટે છાની ઇશારતનો શબ્દ.

Coun-ter-vail,(કાઉન્ટરવેલ્)*vt.*[L.*contra*,and *valeo*, I am strong.]To act against with equal force:નું સાટું-અવેજ-વાળવો. Compensation:સાટું;અવેજ. [er-poise;ધડો;ધડાનું વજન.

Counter-weight,(કાઉન્‌ટરવેટ્)*n.*A count-

Countess,(કાઉન્ટ્‌એસ્)*n.* The consort of an earl or count:કાઉન્ટ-અર્લની સ્ત્રી-બૈરી.

Countless,(કાઉન્ટ્‌લેસ્)*a.*Incapable of being counted;innumerable:અગણિત;અસંખ્ય;અનંત

Country,(કન્ટ્રિ)*n.*[L.*con & terra*,earth.]1.A region:દેશ. *One's own* c.:સ્વદેશ.*a.* 1. Rural: ગામઠાનું. 2. Rude: અસભ્ય. 3. Pertaining to one's own country:સ્વદેશને લગતું; સ્વદેશીય.

Country-seat,(કન્ટ્રિ સીટ્)*n.*A place of retirement from the city: ગામડામાં રહેવાની એકાંત જગા.

County,(કાઉન્‌ટિ)*n.*1.An earldom;the domain of a count or earl:કાઉન્ટ અથવા અર્લના તાબાના

મુલક. 2. A circuit o particular portion of a state or kingdom: પ્રગણું.C.*seat*,a county town:પ્રગણાનું મુખ્ય શેહેર.

Couple.(કપલ્)*n.*[L.*copula.*] 1. That which links two things together;a bond or tie; coupler: જેથી બે ચીજો જોડાય છે અથવા એક થાય છે તે.2.A pair:જોડી.3.A male and female connected by marriage: વરવહુ-કન્યાનું જોડું. *vt.*1. To link or connect together;to join: જોડવું; એકઠું કરવું;બાંધવું;સાંધવું.2.To marry:પરણાવવું.

Couplet,(કપ્લેટ્)*n.*Two lines of verse that rhyme with each other: બેસરખા અનુપ્રાસની ટુંકો.

Coupon,(કૂપૉન્)*n.*A certificate of interest warrant:ચડેલા વ્યાજની ચીઠ્ઠી;વ્યાજુચીઠ્ઠી;કુપન.

Courage,(કરેજ્)*n.*[L.*cor,cordis*,heart.] Valor:હિંમત *Moral* C.:હૃદયબળ;મનોબળ.

Cou-rageous,(કરેજસ્)*a.*Brave:હિંમતવાન;શૂરૂં; બહાદુર; બેધડક; ધૃષ્ટ;સાહસિક.

Cou-rageous-ly,(કરેજસ્લિ)*adv.*In a courageous manner:હિંમતથી;બહાદુરાઇથી.

Couri-er,(કૂરીઅર્) *n.*[L.*curro*,I run.]1. A messenger sent with haste for conveying letters or dispatches:જાસુસ;ખેપીઓ.

Course,(કોર્સ્)*n.*[L.*curro*,I run.]1. Progress; passage:ગતિ; ચાલ. 2. The ground or path traversed: જવાનો રસ્તો;માર્ગ; શરતકુંડું.3. Line of progress:રસ્તો 4.Method of procedure; behaviour:વૃત્તિ;રહેણી;આચરણ.5. A succession of acts or practices:અનુક્રમ;ક્રમ.6.Order; turn:વારો.7.*pl.*The menses: આભડછેટ. *In the* c.*of*,at some time:ચાલતાં.*In* c.*of time*:દિવસે દિવસે.*vt.*To run through or over:માં દોડવું.*vi.* To move with speed; to race: ઉતાવળે ફરવું-વહેવું-દોડવું.

Courser,(કોર્સઅર્) 1. One who courses or hunts:શિકાર કરનાર;શિકારી;મૃગયા કરનાર.2.Swift or spirited horse:ઝડપથી ચાલનારો-પવનવેગી-ઘોડો.

Court,(કોર્ટ્)*n.*[L.*cors,cortis*,an enclosure.]1. [*a*]An inclosed space;a courtyard:વંડો; વાડો;ચોક.2.The residence of a sovereign:રાજમહેલ.3.The person composing the retinue of a sovereign:રાજાના દરબારી માણસ.4.(*Law.*) The place where justice is administered: અદાલત;કોરટ.*The* c.*s of the Lord*,the temple at Jerusalem: જેરૂસલમનું દેવળ. **C.** *breeding*: રાજ્ય દરબારમાં લીધેલી કેળવણી.**C.***dress*:રાજ્યદરબારી પોશાક. *To pay one's* **c.**,to seek to gain favour by attentions:ની તાબેદારી ઉઠાવીને મહેરબાની પ્રીતિ મેળવવા પ્રયાસ ક૦.*vt.* 1. To endeavor to gain the favour of: ની મેહેરબાનીકૃપા મેળવવાને પ્રયત્ન ક૦.2.To woe:-ની પ્રીતિ મેળવવાને પ્રયત્ન ક૦.*vi.* To imitate the manners of the court:કોરટ-દરબારની રીતભાતની નકલ ક૦.

Courte-ous,(કોર્ટ્ઈઅસ્) *a.* Civil; obliging; polite:સભ્ય;અતિવિવેકી;લાયકીવાળું;રીતભાતવાળું.

Courte-san,(કોર્ટિઝૅન્)*n.*[L.Lat.*cortirsanus* courtier.]A prostitute;a harlot:વેશ્યા;પાતર.

Courte-sy,(કોર્ટ્સિ) *n.* 1.Civility:સભ્યતા. 2. An act of civility: સભ્યતાથી કરેલું કામ. 3. Favor:મેહેરબાની;રહેમીઅત;દયાદાન.

Courti-er,(કોર્ટ્યર્)*n.* 1. A member of a princely court:રાજદરબારી-દ્વારી માણસ. 2.One who flatters to please:ખુશામતીઓ.

Court-like,(કોર્ટ્-લાઇક્)*a.* Polite;civil;well-bred:વિવેકી;અદબ જાણનારો;કેળવણીલીધેલ;શિષ્ટ.

Courtli-ness,(કોર્ટ્લિનેસ્)*n.*Elegance of manners;civility:સભ્યતા;સુજનતા;વિવેક;શિષ્ટાચાર.

Courtly,(કોર્ટ્લિ)*a.*1. Highbred:કેળવણી પામેલો.2.Obsequious;flattering:ખુશામતિયું; હાજીહા કરનાર.

Court-martial,(કોર્ટ્-માર્શલ્)*n.pl.***Courts-martial**. A court consisting of military or naval officers, for the trial of offences against military or naval laws:લશ્કરી ગુન્હાની તપાસ માટે ભરેલી અદાલત.

Court-ship,(કોર્ટ્શિપ્)*n.*1.The act of soliciting favor:-ની મેહેરબાની-કૃપા મેળવવી તે. 2. The act of wooing in love;solicitation of a woman to marriage:પરણવાની ઇચ્છાથી સ્ત્રીની પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ.

Court-yard,(કોર્ટ્-યાર્ડ્)*n.*A court or inclosure round a house:ઘરને ફરતો વંડો-વાડો.

Cousin,(કઝ્ન્)*n.*The son or daughter of an uncle or aunt:કાકા ફોઇના કે મામા માસીનાં છોકરાં.

Cousin-ger-man,(કઝ્ન્જર્મન્)*n.pl.***Cousins-german**. A cousin in the first generation:મામા ફોઇ-કાકા-માશીનાં ભાઇ બ્હેન.

Cousin-ly,(કઝન્લિ)*a.* Like or becoming a cousin:સગાને ઘટે એવું;સગાનું.

Cove,(કોવ્)1.A retired nook:નાની ખાડી. 2.A recess in the side of a mountain:પર્વતની બાજુમાં ગોખલા જેવી એકાંત બેઠક. *vt.* 1. To brood or sit over:ના ઉપર બેસીને સેવવું.

Coven-ant,(કવૅનન્ટ્) *n.* [L. *con & venio*,I come]1. A contract:કરાર 2.A writing containing the terms of agreement:કરારનામું.3. A solemn agreement made by the Scottish Parliament in 1638: ૧૬૩૮ ની સાલમાં સ્કૉટલાંડની પાર્લામેંટે કરેલો કરારપત્ર. 4. The promises of god as revealed in the scriptures: બાઇબલમાં જણાવેલાં-પ્રગટ કરેલાં ઇશ્વરનાં વચન. *vi.* To bind one's self by contract:બોલી-કરારથી ઠરાવ ક૦.*vt.*To grant:કરાર-બોલીથી આપવું-બક્ષવું.

Coven-ant-ee,(કવ્'એનન્ટી")*n.*(*Law.*)The person to whom a covenant is made:જેની સાથે બોલી કરી હોય તે શખ્સ;જેને કરાર કરી આપ્યો હોય તે.

Coven-ant-er,(કવ્'એનન્ટર્)*n.***1.** One who makes a covenant:જે કોલ કરે છે તે;બોલી-ઠરાવ કરનાર;સ્કૉટ્લાંડ દેશમાં ધર્મ પાળવાના કરારને અનુસરનાર.

Cover,(કવ્'અર્)*vt.* [L.*con* & *operio*,I cover.] 1. To overspread the surface of:ના ઉપર પાથરવું;ઉપર ચઢાવવું.**2.**To envelop:ઢાંકવું.**3.**To conceal:સંતાડવું. **4.**To brood or sit on:સેવવું. **5.** To protect: બચાવ ક૰. **6.** To put the usual covering or headdress on: માથું ઢાંકવું. *To* **c.** *ground or distance*:પસાર ક૰. *n.* **1.** An envelope:પરબીડિયું.**2.**Shelter or defence:ઓઢું. **3.** The woods and underbush which shelter and conceal game:શિકારને ભરાઈ રહેવાની ઝાડી. *Under* **c.**,in an envelope: પરબીડીયામાં; કાગળલખોટામાં.

Cover-ing,(કવ્'અરિન્ગ્)*n.* 1. An envelope;a lid:આચ્છાદન;ઢાંકણ; આવરણ;ઢાંકણું;ચાદર;પડ;પુંઠું.

Cover-let,(કવ્'અર્લેટ્) *n.* [L. from *cover*,and *lectus*, a bed.] The uppermost cover of a bed:ચાદર;પલંગપોશ.

Covert,(કવ્'અર્ટ)*a.***1.**Covered over:ઢાંકેલું;ગુપ્ત. **2.**Sheltered:રક્ષિત.*n.*1.A shelter:આશ્રય;જગ્યા. 2.Feathers covering the bases of the quills of the tail of birds:પક્ષીઓની પૂંછડીનાં પીછાં.

Covert-ure,(કવ્'અર્ટ્યુર)*n.***1.**Shelter:રક્ષણ;આશ્રય.**2.**Condition of a woman during marriage:પરણેલ સ્ત્રીનું ભરથાર ઉપર આશ્રિત-આધીનપણું.

Covet,(કવ્'એટ્)*vt.*[L.*cupeo*,I desire.] *vt.***1.**To wish for with eagerness:મેળવવાની ઇચ્છા-ક૰.*vi.* To indulge in inordinate desire:તૃષ્ણા રાખવી.

Covet-ous,(કવ્'એટસ્)*a.***1.**Very desirous;eager to obtain:અતિશય ઈચ્છા-લોભ રાખનારો. **2.**Inordinately desirous:લોભી;અતિલાલચુ.

Covet-ous-ness,(કવ્'એટસ્નેસ્)*n.***1.**Strong desire:લોભ;ઈચ્છા;અભિલાષ.**2** Avarice:ધનલોભ-આશા.

Covey,(કવ્'ઈ)*n.*[L.*cubo*,I lie down.]**1.**A brood of birds:પક્ષીઓનાં બચ્ચાં. **2.**A small flock of birds:પક્ષિઓનું ટોળું.

Covin, (કવ્'ઇન્) *n.* A collusive or deceitful agreement:તરકટી કરાર.

Cow,(કાઉ) *n. pl.* **Cows,** Old *pl.***kine. 1.** A female of the bovine genus of animals:ગાય.*vt.*To depress with fear:દબાવવું.

Coward,(કાઉ'અર્ડ્) *n.* [L. *cauda*, tail.] **1.** A timid man:ડરકણ.*a.*1.Destitute of courage: બીકણ.*vt.*To make timorous બીવડાવવું.

Coward-ice, } (કાઉ'અર્ડિસ્-કાઉ'અર્ડ્લિનેસ્)
Coward-li-ness, } *n.*Timidity;pusillanimity:ડરકણપણું;બીકણપણું;નામર્દી.અપરાક્રમ;હીનવીર્ય.

Coward-ly,(કાઉ'અર્ડ્લિ)*a.*1. Timid: નામર્દ. 2. Proceeding from fear of danger:ભયમાંથી ઉત્પન્ન થએલું.*adv.*Meanly;basely:નામર્દાઈથી.

Cow-dung,(કાઉ'ડન્ગ્) *n.* The excrement of cow:ગાયનું છાણ.

Cow-herd,(કાઉ'હર્ડ્)*n.*One whose occupation is to tend cows:ગોવાળ;રબારી;ગોપ.

Cow-hide,(કાઉ'હાઇડ્)*n* **1.**The hide of a cow: ગાયની ચામડી **2.**Leather made of the hide of a cow:ગાયની ચામડીનું બનાવેલું ચામડું.

Cowl,(કાઉલ્')*n.* [L. *cucullus*, a hood.] **1.** A monk's hood:બાવા-સાધુનો ઝુમખાનો ટોપ.

Cow-lick,(કાઉલિક્)*n.* A tuft of hair turned up:અવળો ફેરવેલો વાળનો ગુચ્છો.

Cowpen-shed or house, (કાઉ'પેન્-શેડ્-હાઉસ્)*n.*A place where cows are kept:ગૌશાળા.

Cow-pox, (કાઉ'પૉક્સ્)*n.* (*Med.*) A pustular eruption of the cow which preserves from small-pox:ગોશિતળા;બળીયા;સાહીયડ;શીતળા.

Cowry,(કાઉ'રિ)*n.*A small shell:કોડી.

Cox-comb, (કૉક્સ્'કોમ્)*n.***1.** (*a*) A strip of red cloth:લાલ લુગડાની પટી.(*b*)A cap:ટોપી. **2.** A fop:અક્કડબાજ.

Cox-combic-al,(કૉક્સ્કોમ્'બિકૅલ્)*a.*Foppish; conceited;fanciful:અક્કડબાજીનું;બાબકાદાર.

Coy,(કૉઇ)*a.*[L.*quietus*,quiet.]**1.**Bashful:શરમાળ.*vt.***2.**To allure:લલચાવવું.

Coy-ish,(કૉઇ'ઈશ્)*a.*Somewhat coy: શરમાળ.

Cozen,(કઝ્'ન્)*vt.*To cheat:છેતરવું;ઠગવું.

Cozen-age,(કઝ્'નેજ્)*n.*Artifice:ઠગાઇ;કપટ.

Cozy,(કોઝિ)*a.*1 Comfortable;easy: સુખદાયક; સગવડ ભરેલું.**2.**Chatty:વાતોડીઉં.

Crab,(ક્રૅબ્)*n.***1.**A kind of animal:કરચલો.**2.**The constellation Cancer: કર્કરાશિ.*To catch a* **c.**: હલેસું મારવું.*vt.*To embitter:સદા ઉદાસ-ચીડિઉં ક૰.

Crab,(ક્રૅબ્)*a.*[L.*acerbus*, sour;harsh.] Sour; rough;austere:કડુણ;કઠોર;કરડું;કર્કશ.

Crabbed,(ક્રૅબ્'એડ્)*a.***1.**Harsh; cross:કઠોર;ચીડિઉં.

Crack, (ક્રૅક્)*vt.***1.** To break:ભાગવું.**2.** (*a*) To rend with grief or pain:દુઃખથી ભેદાઈ જવું.(*b*) To disorder:મગજ ખસી જવું. **3.**To cause to sound suddenly and sharply:ફટકાવવું;વગાડવું. **4.** To utter smartly & sententiously:મશ્કરી ક૰.*To* **c.** *a bottle*:શિશો ઉઘાડીને તેમાં હોય તે બધું પી જવું. *To* **c.** *a crib*: ચોરી ક૰.*vi.* To utter a loud,sharp sudden sound:કડાક અવાજ થવો.*n.* **1.**A crevice:ફાટ. **2.**The tone of voice when changed at puberty:ઉમ્મર લાયક થયે ઘાંટી ફુટવી તે; ઘાંટો બદલાવો તે. **3.** A crazy or crack-brained person:તુરંગી;ખસેલ.

Crack-brained,(ક્રૅક્'બ્રેન્ડ્) *a.* Having an impaired intellect; whimsical; crazy: મગજનો ફાટેલો.ખસેલો;તુરંગી;વાયલ;ઉન્મત્ત.

Cracker,(ક્રૅકર્)*n*.1.One who or that which cracks:તરડ-ફાટ પાડનાર. 2. A small firework: ફટાકો;ફટાકિયો; ટેટા. 3. *pl.* A pair of rolls for grinding caoutchouc:સુડી.

Crackle,(ક્રૅક્'લ્)*vi*.To make slight cracks;to decrepitate:તડતડ થવું;તડતડવું-તણતણ થવું.

Cradle,(ક્રે'ડલ્)*n*.1.(*a*) A movable bed:ઘોડીયું. (*b*) The place of origin or in which anything is nurtured in the earlier period of existence:પ્રારંભ. *vt*. To lay in a cradle; to quiet:પારણામાં સુવાડવું.

Craft,(ક્રૅફ્ટ્)*n*. 1. Art:કળા. 2. Manual art; a trade:કસબ;ધંધો 3.An artifice:કપટ 4.Vessels of any kind:વહાણ;મછવા.[યુક્તિથી,છળથી;કાવાદાવાથી.

Crafti-ly,(ક્રૅફ્'ટિલિ)*adv*.Artfully;cunningly:

Crafti-ness,(ક્રૅફ્'ટિનેસ્)*n*. Artifice:ખટપટ;પકાઈ;કાવાદાવા;છળ;પ્રપંચ;પેચ;યુક્તિ;ચુતારાવેડા.

Craftsman,(ક્રૅફ્ટ્સ્'મૅન)*n*.An artificer:કારિગર

Crafty,(ક્રૅફ્'ટિ)*a*. 1.Relating to skill: યુક્તિકળા સંબંધી.2 Cunning:કપટી.

Crag,(ક્રૅગ્)*n*.1.A steep rugged rock:ખડક.2. The neck or throat:ગર્દન;ડોક;ગળું ગળચી.

Cragged,(ક્રૅગ્'એડ્) *a*. Full of crags; rough; rugged:ખડબચડું;ખડકવાળું.

Craggi-ness,(ક્રૅગ્'ઇનેસ્)*vt*.The state of being craggy:ખડકવાળી જગ્યા.

Cram,(ક્રૅમ્)*vt*..To stuff:ઠાંસવું;મુકવું.*vi*.1.To eat greedily: અકરાંતિયાપણે ખાવું.2. To make preparation for an examination by a hasty review of studies:પોતાનાં પાઠ જલદીથી તપાસી જઈને પરીક્ષાને માટે તૈયારી કરવી.

Cramming-Cram,(ક્રૅમ્'ઇન્ગ્,ક્રૅમ્)*n*.The act of making preparation for an examination by reading often and often:પરિક્ષા માટેનીતૈયારી.

Cramp,(ક્રૅમ્પ્)*n*.1 A limit:પ્રતિબંધ.2.A piece of iron bent at the end: છેડેથી વાળેલો લોઢાનો સળીઓ.*vt*.1 To confine and contract;to check:સંકોચવું.2.To fasten or hold with a cramp:ચાપડો-ચાંપજડવી-બેસાડવી.

Crane, (ક્રેન)*n*.1.A wading bird:બગલું. 2.A bent pipe for drawing liquors out of a cask પીપમાંથી પ્રવાહી પદાર્થ બહારકાઢવાની વાળેલી નળી.

Cra-ni-olo-gy,(ક્રેનિઑલ્'ઑજિ)*n*. [Gr. *kara* head & *logos*,speech.] Phrenology:કપાળશાસ્ત્ર-વિદ્યા;કપાલ-સામુદ્રિક.

Crani-um,(ક્રે'નિઅમ્)*n.pl.* **crania**.(*Anat.*) The skull of an animal:ખોપરી;કપાળ.

Crank,(ક્રૅન્ક્)*n*.1.A bent portion of an axis serving as handle for communicating circular motion: ચક્રાકારમાં સંચો હલાવવાને કરેલો પેચ.*a*.1.Liable to be overset:ઉંધું વળે એવું.2. Brisk:હુરસાવાળું;ચંચળ;ચતુર

Cranny,(ક્રૅન્'નિ)*n*.1.Fissure:તરડ;ફાટ. 2.A secret retired place:ખુણો ખોચરો.*a*.Quick:ઉતાવળિયું.*vi*.To make crannies:કાણું-ફાટ-ચીરાપાડવાં

Crape,(ક્રેપ્)*n*. [L.*crispus*,curled.] A thin, transparent stuff of raw silk: કાચા રેશમનું પાતળું પારદર્શક લુગડું.*vt*.To form into ringlets: ગુચ્છા બનાવવા.

Crash,(ક્રૅશ્)*vt*.To break to pieces:ભાગીને કકડે કકડા કર.*vi*. To make a loud, clattering noise:કડાકો ધડાકો થવો.*n*.Sound of things breaking:કડાકો.

Crass,(ક્રૅસ્)*a*.[L *crassus*,thick.]Thick:જાડું.

Crassa-ment,(ક્રૅસ્'ઍમેન્ટ્)*n*.[L *crarrare*, to make thick.]The thick part of blood:લોહીનો લાલ ગલફાવાળો જાડો ભાગ;લોહીની ગાંઠ-દડબ.

Crassa-ment-um,(ક્રૅસ્'ઍમેન્ટમ્)*n*.Purport; moral:સારાંશ; સાર.

Crate,(ક્રેટ્)*n*.[L.*crates*.]A basket:કંડીઓ.

Crater,(ક્રે'ટર્)*n*.[L.*crater*.]1. The mouth of a volcano:જ્વાળા-મુખી પર્વતનું મ્હોં.

Craunch,(ક્રોન્ચ્)*vt*.To crush with the teeth; to chew with violence and noise: દાંતવતી ચાવી નાંખવું;બચડ બચડ-ચાવી જવું.

Cra-vat,(ક્રૅવૅટ્)*n*.A neck-cloth:ગલેબંધ;ગલપટો.

Crave,(ક્રેવ્)*vt*.1.To beg:કાલાવાલા કરીને માંગવું. 2.To long for:તૃષ્ણા હોવી.

Craven,(ક્રે'વન્)*n*.A recreant;a coward: નામર્દ;બાયલો. *a*. Cowardly: નામર્દ.*vt*. To make weak or cowardly:બ્હીકણ-બાયલો કર.

Craving,(ક્રેવ્'ઇન્ગ્)*n*.Earnestness:અતિશઇચ્છા.

Crawl,(ક્રોલ્)*vt*.1.To creep:પેટે-ભાંખડીએ ચાલવું.2.To insinuate one's self:ધીમે ધીમે-યુક્તિથી દાખલ થવું.

Crayon,(ક્રે'ઑન્)*n*.[L.*creta*,chalk]1.A piece of chalk or other soft stone used in drawing:ચિત્ર કાઢવાના કામમાં આવતો ચાક અથવા બીજા નરમ પથ્થરનો કટકો.2.A drawing made with a crayon:ચિત્રશલાકાથી પાડેલું ચિત્ર. *vt*.To sketch: ચિત્રનો આકાર કાઢવો.

Craze, (ક્રેઝ્) *vt*. 1.To break into pieces:કકડે કકડા કર. 2. To weaken: જર્જરીત-અશક્ત કર. 3. To render insane:ગાંડું-દિવાનું-ઘેલું કર.

Crazi-ness,(ક્રેઝ્'ઇનેસ્)*n*.The state of being broken:અશક્તપણું. 2.Derangement:ગાંડાઈ.

Crazy,(ક્રેઝ્'ઇ)*a*.1.Decrepit:નિર્બળ. 2.Deranged:ગાંડું;ઘેલું;દિવાનું.

Creak,(ક્રીક્)*vi*.To make a sharp,harsh,sound: તીણું-ચરરરથઈ કરીને અવાજ થવો. *n*. The sound produced when anything creaks: કોઈ ચીજ ચરરર-ચમચમ થવાથી અવાજ થાય છે તે.

Cream, (ક્રીમ્) *n*. [L. *cremor*, thick juice or broth.]1.The [illegible]y substance when milk st-

ands unagitated in a cool place:તર;મલાઇ.2. The best part of a thing:ઉત્તમાંશ. 3.A cosmetic:લેપ.C.*gauge*:દૂધની કસોટી કાઢવાનું યંત્ર. *vt.* To skim:તર-મલાઇ કાઢી લેવી.2.To form or become covered with cream:ઉપર તર-મલાઈ બાઝવી.

Crease,(ક્રીસ્)*n.*1.A mark made by folding: કોઈ વસ્તુને વાળ્યાથી પડેલી નિશાની-સળ;વળ. *vt.* To make a mark by folding:સળ પાડવો.

Cre-ate,(ક્રીએટ્')*vt.*[L. *creo*, I create.]1. To bring into being:સરજાવવું; પેદા કરવું.2. To appoint:નિમવું.

Cre-ation,(ક્રીએ'શન્)*n.*1 The act of creating or causing to exist:ઉત્પત્તિ; સૃષ્ટિ.2. Appointment:નિમવું-નિમણૂક-ક૰ તે.*a.of the mind*: માનસીસૃષ્ટિ; કપોલકલ્પના.

Cre-ative,(ક્રીએટ્'ઇવ્)*a.* Having the power to create:પાદક;ઉત્પન્ન કરવાની શક્તિવાળું.

Cre-ator,(ક્રીએટ્'અર્)*n.* 1. One who creates or produces:બનાવનાર. 2. The Supreme Being:જગત્કર્તા;સરજનહાર.

Creature,(ક્રી'ટ્યૂર્)*n.*1. Any thing created: ઉત્પન્ન થયેલીચીજ-વસ્તુ;પ્રાણી;જીવ;દેહી;મનુષ્ય; માણસ.2. A servile dependent:ખુશામતિયો.

Credence,(ક્રી'ડેન્સ્)*n.*[L.*credo*,I believe.] 1. Belief:ભરોસો. 2. That which gives a claim to belief or credit: જેથી ભરોસો-વિશ્વાસ રાખવામાં આવે તે.*A letter of* c.:વિશ્વાસ પત્ર. *vt.* To believe:ના ઉપર ભરોસો રાખવો.

Cre-dendum (ક્રીડેન્'ડમ્)*n.pl.***credenda**.A thing to be believed;article of faith:શ્રદ્ધા.

Cre-denti-als,(ક્રીડેન્'શિઅલ્સ્)*n.pl.*Testimonials showing that a person is entitled to credit:અખત્યારનામું;મુખત્યારનામું.

Cred-i-bili-ty,(ક્રેડિબિલ્'ઇટિ)*n.*The quality or state of being credible;credibleness: વિશ્વાસ.

Credi-ble,(ક્રેડ્'ઇબલ્)*a.*Worthy of belief;trustworthy:ભરોસો-વિશ્વાસ રાખવા જેવું;માનવા લાયક.

Credi-bly, (ક્રેડ્'ઇબ્લિ) *adv.* In a manner that deserves belief:ઈતબારથી; વિશ્વાસથી.

Credit,(ક્રેડ્'ઇટ્)*n.* 1. Belief:ભરોસો; વિશ્વાસ. 2. Reputation:આબરૂ;પ્રતિષ્ઠા.(*a*)Trust given or received: ઉધાર. (*b*) Mercantile reputation entitling one to be trusted: વટ; આબરૂ; પત. The side of an account on which are entered all items: જમાપાસું. *Public* c.:સરકારની આંટ.*vt.*1.To put trust in:ઉપર ભરોસો-વિશ્વાસ-ઈતબાર રાખવો. 2. To enter upon the credit side of an account: જમા ક૰. 3. To reflect credit:સાબાસી આપવી.

Credit-a-ble,(ક્રેડ્'ઇટેબલ્)*a.*1.Worthy of belief:વિશ્વાસ રાખવા લાયક. 2. Reputable; estimable:ઇજ્જતદાર; પ્રતિષ્ઠિત.

Credit-a-bly,(ક્રેડ્'ઇટેબ્લિ) *adv.* Reputably: શાબાશીથી; નામ રાખીને;વખાણવા જોગ રીતે.

Credit-or,(ક્રેડ્'ઇટર્)*n.*One to whom money is due:માગનાર; લેહેણદાર; ધીરનાર.

Cre-duli-ty,(ક્રેડ્યૂ'લિટિ) *n.* Easiness of belief:ભોળપણ;તરત માની લેવાનો સ્વભાવ;શ્રદ્ધાળુતા;શ્રદ્ધા.

Credu-lous,(ક્રેડ્'યૂલસ્)*a.*1.Easily convinced ભોળો.2. Capable of being easily believed: સહેલાઈથી માની શકાય એવું.

Creed,(ક્રીડ્)*n.*[L.*credo*,I believe.] A summary of Christian belief:ખ્રિસ્તિ મતનાં કાનુન; માર્ગ;સત;પંથ;ધર્મ.

Creek,(ક્રીક્)*vt&vi.* To make a sharp, harsh noise:ચીંચૂં ચરરર કરીનેઅવાજ કરવો.*n.*1 A small inlet:ન્હાની ખાડી.2.A small brook:નાળું;ન્હેળીયું. 3. Any turn or winding:વાંક;વલણ;ખાંચો.

Creel,(ક્રીલ્)*n.*An osier basket:વાંસનીટોપલી.

Creep,(ક્રીપ્)*vi.*1. To crawl: પેટે ચાલવું. 2.To move slowly:ધ્હીમે ધ્હીમે પગલું ભરવું.3.To move stealthily: અણજાણતાં-છાનામાના જતા રહેવું.

Creeper,(ક્રીપ્'અર્)*n.*1. One who creeps:પેટે-ભાંખડીએ ચાલનાર.2.A plant which clings by rootlets:વેલ;વેલો.3.A fixture with iron points:લોઢાની અણીઓવાળી વિલાયતી પાવડી.

Creeping-ly,(ક્રીપ્'ઇન્ગ્લિ)*adv.*Slowly:ધીમેથી; પેટે ચાલીને;કીડાની માફક.

Cre-mation,(ક્રીમે'શન્)*n.*[L.*cremo*,I burn.]A burning of the dead:બાળવું; દાહ;દહન;પ્રેતદહન.

Creole,(ક્રી'ઓલ્)*n.*1.One born in America, of European ancestors: યુરોપીઅન ઓલાદનો અમેરિકાનો વતની.

Crepane-ce (ક્રી'પેન-પેન્સ્)*n.*[L.*crepo*,I crack.] An injury in a horse's leg:ઘોડાના પગની ઇજા.

Crepit-ate,(ક્રેપ્'ઇટેટ્)*vi.*[L *crepito*,I crackle.] To crackle;to snap:તડતડવું;તણતણવું.

Cre-puscule,(ક્રીપસ્'ક્યૂલ્)*n.*[L.*creper*,dusky, dark.]Twilight:ઝળઝળું;ઝાંઝવાળું;બગબગું.

Cre-puscul-ar,(ક્રીપસ્'ક્યૂલર્)*a.*Glimmering; imperfectly luminous:ઝળઝળતું.

Crescent,(ક્રેસ્'એન્ટ્)*a.*[L.*cresco*,I grow.]1. Increasing or growing:મોટું થતું. 2.Shaped like a crescent:અર્દ્ધચંદ્રાકાર.*n.*1.The increasing moon:નવચંદ્રકળા;અર્દ્ધચંદ્ર.2.The Turkish power:તર્કી સત્તા;રાજ્ય. *vt.* To ornament with something of crescent form: નવીનચંદ્રના આકાર જેવી ચીજથી શણગારવું;ચાંદો મૂકવો.

Cresset, (ક્રેસ્'એટ્)*n.*Any great light:આકાશદીવો;આકાશદીપ.

Crest,(ક્રેસ્ટ્)*n.*[L.*cresco*,I grow]1.A tuft or other natural ornament,growing on an animal's head: માંજર; કલગી. 2. The plume of feathers:પીંછાનું ઝુંમખું-કલગી. 3. The helm or

head:તાજ.4.The highest part or summit of a hill:ટેકરી-ડુંગરીની ટોચ. C.*jewel*:ચૂડામણી.1.*vt.* To furnish or adorn with a crest:છોગું-કલગી-તાજ મૂકવો.

Crest-fallen,(ક્રેસ્ટ્'-ફૉલેન્) *a.* 1. Dispirited: ઉતરેલું.2. Having the crest hanging to one side(*said of a horse*):એક્જ બાજુએ લટકતા વાળ વાળુ. [cleft:તરડ;ચીર.*vt.*To crack:તરડ પાડવી.

Crevice,(ક્રેવિસ્)*n.* [L. *crepo*, I crack.] A

Crew,(ક્રૂ)*n.* An assemblage of people:ટોળું. The company of seamen who man a ship, vessel or boat:વહાણ કે હોડીના ખલાસીઓ.

Crib,(ક્રિબ્)*n.* 1. Feeding place:ઢોરની ગમાણ. 2.A stall for oxen or other cattle:બળદ અથવા બીજા ઢોરને બાંધવાનો તબેલો. 3. A box for storing grain, salt, &c.:દાણા; મીઠું વિગેરે ભરી મૂકવાની પેટી;કોઠી.4. A translation or key to aid a student:ભણનારની સુગમતાને માટે કરેલી કુંચી કિંવા ભાષાંતર.*vt.*To confine:પાંજરામાં મૂકવું.

Cribbage,(ક્રિબ્'એજ્)*n.*A game at cards:એક જાતની પાનાની રમત.

Cribble,(ક્રિબ્'બલ્)*n.*[L.*cribrum*,sieve.]1. A coarse sieve or screen:ચાળવાની ચારણી. *vt.*To cause to pass through a sieve;to sift:ચાળવું.

Crick,(ક્રિક્)*n.* The creaking of a door:બારણાનો કચકચાટ.2.A spasmodic and acutely painful affection of some part of the body: ચસકઃ;તાણ. [જાતનું તમરૂ-જીવજંતુ.

Cricket, (ક્રિક્'એટ્) *n.* A kind of insect: એક

Cricket,(ક્રિક્'એટ્)*n.*1.A game played with a bat and a ball:એક પ્રકારની ગેડીદડાજેવી રમત;ક્રીકેટ.

Crier,(ક્રાઈ'અર્)*n.* One who cries; one who makes proclamation:પોકારનાર;બુમ-શબ્દ કરનાર; દાંડી પીટનાર.

Crime,(ક્રાઇમ્)*n.* [L.*cerno*, I decide judicially.]1.Any violation of law:અપરાધ. 2.That which occasions crime:ગુન્હાનું કારણ.*Capital* c.:દેહાંત દંડને યોગ્ય ગુન્હો.

Crimin-al,(ક્રિમ્'ઇનલ્)*a.*1. Guilty of crime: ગુન્હેગાર.2.Involving a crime:પાપી. 3. Relating to crime:ફોજદારી. C.*conversation*:adultery:પરદારાસંગ.*n.*One who is found guilty by verdict or proof:ગુન્હેગાર;અપરાધી.

Crim-in-ali-ty,(ક્રિમિનૅલ્'ઇટિ)*n.* The quality or state of being criminal:દોષ;અપરાધ.

Crimin-al-ly,(ક્રિમ્'ઇનૅલિ)*adv.* In violation of law:તકસીરવાન-ગેરવાજબી રીતે;ફોજદારી રાહે.

Crimin-ate,(ક્રિમ્'ઇનેટ્)*vt.*[L. *crimen*.]To accuse or charge with a crime; to convict of crime:ગુન્હામાં લાવવું;ગુન્હેગાર ઠરાવવું;આરોપ મૂકવો.

Crim-ina-tion,(ક્રિમિને'શન)*n.*The act of accusing:તહોમત;આરોપ;દોષારોપ;દોષારોપણ.

Crimin-a-to-ry,(ક્રિમ્'ઇનૅટોરિ)*a.*Relating to or involving crimination:દોષ લાવવું.

Crimp,(ક્રિમ્પ્)*a.*1.Friable:કકરૂં;બરડ.

Crimp,(ક્રિમ્પ્) *vt.* 1. To crimple:ગુચ્છા-ઝુમખાં વાળવાં.2.To pinch:ચીમટામાં લેવું. *n.* 1. A coal broker:કોયલાનો દલાલ-આડતિયો.2.A game at cards:પત્તાની એક રમત.

Crimson,(ક્રિમ્'ઝન્)*n.*A deep red color tinged with blue; red: કિરમજી રંગ. *vt.*To dye with crimson or deep red:કરમજી ક૦.*vi.*To become crimson:શરમાવું.

Cringe,(ક્રિન્જ્)*vt.*To cause to shrink:સંકોચવું. *vi.*To bend with base humility:બહીને ટુંટીઆં વાળવાં;ખુશામત ક૦. *n.* Servile civility;a mean bow:ખુશામત;આર્જવ.

Cringeling,(ક્રિન્જ્ લિંગ્)*n.*One who cringes meanly:ખુશામત કરનારો;ખુશામતીઓ.

Cripple,(ક્રિપ્'પલ્)*n.*One who creeps:લંગડો; પાંગળો.*a.*Lame:લંગડો.*vt.*1.To lame:લંગડું-લુલું-પાંગળું ક૦. 2.To deprive of strength or activity:અશક્ત-બળહીન-દુર્બળ ક૦.

Crisis,(ક્રાઈ'સિસ)*n.* [L.] *pl.* **Crises.** 1. The turning point:અણી;અણીનો સમય;બારીક સમય.

Crispy,(ક્રિસ્પ્'ઈ)*a.* [L.*crispus*.]1.Formed in short curls or ringlets:ટુંકા-નાના ગુચ્છા-ગુંચળાં કરેલું-બનાવેલું.2.Brittle:તરત ભાગી જાય એવું.

Cri-teri-on, (ક્રાઈટી'રિઅન્) *n. pl.* **criterin.** [Gr.*crites*,a judge.]A standard of judging: કસોટી;પરીક્ષા.

Critic, (ક્રિ'ટિક્)*n.* [L. *criticus*.] 1.One skilled in judging of the merits of literary works: ગ્રંથ વિવેચન કર્તા;પરીક્ષક.2.The art of criticism: ટીકા. *a.* Relating to criticism:બારીક તપાસ-શોધનું-સંબંધી.

Critical,(ક્રિ'ટિકલ્)*a.*1.Qualified to criticize: વિવેચન કરવાની યોગ્યતાવાળું;ગુણદોષ વિવેચન સંબંધી; બારીક. 2. Pertaining to or indicating a crisis:અણી-એનના સમયનું;અણીનું.*a.*Dangerous: દહેશત ભરેલું.

Criti-cise,(ક્રિ'ટિસાઇઝ્)*vt.*1. To examine and judge as a critic:-ના ગુણ દોષનું વિવેચન ક૦. 2. To animadvert;to find fault with:ખોડખાંપણ-ખોતરવાં-ભૂલચૂક કાઢવી.

Criti-cism,(ક્રિ'ટિસિઝમ્)*n.*1.The art of judging of the beauties and faults of a literary performance:વિવેચનશાસ્ત્ર-કળા; ગુણદોષ નિરૂપણ; ગુણાગુણ પરીક્ષા.

Cri-tique, (ક્રિટીક્')*n.*[Gr *kritike*,the critical art.]1.The art of criticism:વિવેચનશાસ્ત્રકળા.2. A critic:વિવેચક;ટીકાકાર.*vt.*To criticise:ટીકા કરવી.

Croak,(ક્રોક્)*vi.*To make a low,hoarse noise in the throat:ગળામાં ભારે ધીમે સાદે બોલવું. *n.*

The low, harsh sound uttered by a frog: દેડકા એ કાઢેલો ભારે ધીમો સાદ. [નાર;રોદણાં રોનાર.
Croaker,(ક્રોક્'અર્)*n.*One who croaks:ખડબડ-
Croceous, (ક્રો'શસ્) *a.* [L. *crocus*, saffron.] Consisting of,or like saffron:કેસર જેવું.
Crock,(ક્રોક્)*n.*An earthen pot:માટીનું વાસણ. *vt.*To lay up:માટીના વાસણમાં મૂકવું.
Crock.(ક્રોક્)*n.*Soot:કાજળ *vt.*To blacken with soot:કાળું કરવું. *vi.*To give off brock:કાળો રંગ કાઢી નાંખવો. [ચિનાઇ વાસણ;હલકું ચિનાઇખાનું.
Crocke-ry, (ક્રોક્'અરિ) *n.* Earthenware:હલકાં
Crocky,(ક્રોક્'ઇ)*a* Smutty:કાજળ-મેશવાળું;કાળું.
Croco-dile,(ક્રોક્'ઓડાઇલ્)*n.*[L.*crocodilus*.]1.A large reptile:મગર.C.*tears*,false tears:જૂઠાં-આંસુ.
Croft, (ક્રોફ્ટ્) *n.* A small close or inclosed field:નાનું વાડબંધ ખેતર.[old woman:ડોશી;ડોકરી.
Crone,(ક્રોન્)*n.*1.An old ewe:ઘરડી ઘેટી. 2.An
Crony,(ક્રો'નિ)*n.*An intimate companion;a familiar friend:ખુદ-ખરો ભાઇબંધ;ગોઠીઓ;પ્રિયમિત્ર.
Crook,(ક્રુક્)*n.* 1.Curve:વાંક 2.A trick:કપટ 3. Any implement having a bent or crooked end:ગમે તે કોઇ છેડે વાળેલું ઓજાર. (*a*)The staff used by a shepherd: ગોવાળીયાની ડાંગ. (*b*) A bishop's staff:પાદરીનો દંડ. *By hook or* C.,by fair means or foul:ગમે તેમ કરીને.*vt.*To bend; મરડવું. *vi.*To be bent:વાંકું હોવું.
Crooked, (ક્રુક્'એડ્)*p. a.* 1.Bent:વાંકુ;આડે રસ્તે ચાલનાર. 2.False:ખોટું. C.*bodied*:કદરૂપું.
Crop,(ક્રોપ્)*n.*1.The top of a plant:ઝાડની ટોચ. 2.Harvest:ફાલ;પાક.3.Grain or other product of the field while standing: ઉભું અનાજ. *vt.* (*Fig.*)To cut off:કાપી નાંખવું.*vi.*To yield harvest: પાક થવો. *To crop out*,to appear above the surface: સપાટી ઉપર નીકળવું. *To c.up*, to spring up:જન્મ પામવો;ફુટી નિકળવું.
Cross,(ક્રોસ્)*n.* [L. *crux*,a cross.]1-A gibbet consistsng of two pieces of timber placed transversely upon each other: બે આડાં લાકડાંનો બનાવેલો વધસ્તંભ; ક્રૂસ. 2. The religious import of the death of Christ:ક્રાઇસ્ટના મૃત્યુ સૂચક ચિન્હ.3.The ensign and chosen symbol of Christianity: ખ્રિસ્તિમત-ધર્મનું નિશાન. 4. A monument in the form of a cross: 'ક્રોસના આકારનો કીર્તિસ્તંભ.'હાથનો કરેલો સાથીઓ.*To take up the* C.:સંકટ ખમવું. *a.*1.Oblique:ત્રાંસું;આડું. 2.Adverse:વિપરીત 3 Ill-humoured:ચીડીયું.C. *action*:સામો દાવો.C.*wind*,unfavorable wind: પ્રતિકૂળ પવન.*Prep.*Athwart:વાંકું;આડું. *vt.*1.To put across:ત્રાંસું-આડું મૂકવું. 2. To traverse: પેલે પાર જવું. 3.To interfere and cut off; to debar:અટકાવ કરવો.4 To erase:છેકવું.*To C.one's path*:કોઇની ધારણા-મનસુબો-મુરાદ-યુક્તિની આડે આવવું.
Cross-bow,(ક્રોસ્'બો)*n.*(*Archery*)A weapon used in discharging arrows:તીર મારવાના કામમાં આવતું હથિયાર.
Cross-ex-am-ine, (ક્રોસ્'-એ-ઝૅમિન્)*vt.*To examine or question, as a witness who has been called:ઉલટપાલટ સવાલ કo-તપાસ કo.
Cross-grained,(ક્રોસ્'ગ્રેન્ડ્)*a.*1. Having the grain or fibres crossed or intertwined: આડા અવળી રેશાવાળું; વિલોમ.
Crossness,(ક્રોસ્'નેસ્)*n.*Peevishness;fretfulness; ill-humour:આડાઇ;અવળાઇ; હઠીલાઇ;ઝીદ.
Cross-pur-pose, (ક્રોસ્'-પર્પસ્) *n.*A counter purpose:ઉલટો વિચાર.To be at *cross-purposes*: અણજાણતાં એક બીજાથી ઉલટું વર્તવું;આંધળેબ્હેરે કુટવું.
Cross-wise,(ક્રોસ્'-વાઇઝ્)*adv.*In the form of a cross;a cross:વધસ્તંભના આકારમાં;આડું;ત્રાંસું.
Crotch,(ક્રોચ્)*n.*1.The angle formed by the intersection of two legs or branches:બે પગ અથવા ડાળાં એક બીજાને આડા મૂકવાથી થયેલો ખુણો.
Crotchet,(ક્રોચ્'એટ્)*n.* 1. A forked piece of wood:લાકડાનો હાથવાળો કકડો. 2. The arrangement of a body of troops:લશ્કરની ગોઠવણ-રચના
Croton-oil, (ક્રો'ટોન્-ઓઇલ્) *n.* The oil of euphorluaceous plants:જમાલ ગોટાનું તેલ.
Crouch, (ક્રાઉચ્)*vi.* 1.To bend down:દબીજવું; નીચું નમવું;દબાઇને બેસવું.2.To fawn;to cringe: ખુશામત-ગાંડગુલામી કરવી.
Croup,(ક્રૂપ્)*n.*The place behind the saddle ઘોડાની છીનની પાછળનો ભાગ;ઘોડાના ધગડા-થાપા.
Croupi-or,(ક્રૂ'પીઅર્)*n.*1.One who presides at a gaming table and collects the stokes: જુગટામાં મુખ્ય આસને બેસીને હોડ ભેગી કરનાર.
Crow,(ક્રો)*n.*1.A large bird,usually black of the genus cornus:કાગડો.2.A bar of iron:કોશ.3.The voice of the cock:કુકડીકુક;કુક. *vi.* To make the shrill sound characteristic of a cock:કુકડીકુક કo; કુકડાના જેવું બોલવું.
Crow-bar,(ક્રો-બાર્)*n.* A bar of iron sharpened at one end:પરાઇ; કોશ.
Crowd, (ક્રાઉડ્)*vt.*1.To press,urge or drive together:ભરચક એવું ભરવું.*To C.out*,to prevent the publication of:પ્રસિદ્ધ ન થવા દેવું. *vi.*1. To press together in numbers: ખીચોખીચ ભરાતાં આવવું;ભીડ થવી.*n.*1.A number of things collected or closely pressed together:ટોળું.
Crown,(ક્રાઉન્)*n.*[L.*corona*,crown.]1.A royal headdress or cap of sovereignty: મુગટ 2. Sovereign:રાજા.3.Anything which imparts beauty:શોભા. 4.The summit:શિખર. 5. The dome of a furnace:ભઠ્ઠીનો ઘુમટ. 6. A denomination of money:શિક્કા-નાણાંનું નામ;અઢી રૂપૈયાનો શિક્કો 7. An ornament or decoration

representing a crown: રાજાના મુગટવાળી છાપ-શેલાની વસ્તુ વિગેરે. **C.** *prince*:યુવરાજ. *v.t.*1.To cover,with a crown:મુગટ-તાજ પહેરાવવો.2.To complete:સંપૂર્ણ-પરિપૂર્ણ-સિદ્ધ ક૦.

Cruci-al,(ક્રુ'શિઍલ્)*a.*[L.*crux*,a cross.]1.Transverse:ત્રાંસુ;આડું. 2.Severe:સખત.

Cruci-ate,(ક્રુ'શિએટ્)*vt.* [L. *crux*, cross.]To torment:દુઃખ-કષ્ટ આપવું-દેવું;રીબાવવું.

Cruci-ble,(ક્રુ'સિબલ્)*n.* 1. A vessel used for melting metals:ધાતુઓ વિગેરે ગાળવાની કુલ્ડી.

Cruci-fix, (ક્રુ'સિફિક્સ્)*n.*[L.*crux*,cross & *figo*, I fix.]1.A cross with the figure of Christ crucified upon it: ઇસુખ્રિસ્તને સુળીએ ચઢાવ્યો હતો તે સળી સાથે તેની મૂર્તિ.

Cru-ci-fixion,(ક્રુસિફિક્'શૅન્)*n.*The act of nailing a person to a cross,for the purpose of putting him to death: કોઈ માણસને ક્રોસ ઉપર ખીલા જડીને મારી નાંખવો તે.

Crucify,(ક્રુ'સિફાઈ)*vt.*[L.*crux* & *figo*,I fix.] 1. To put to death by nailing the hands and feet to a cross:ક્રુસપર હાથ પગપર ખીલા ઠોકીને મારી નાંખવું. 2.To vex or torment:ઇજા-દુઃખ-સંકટ ક૦-દેવું-આપવું; ખેદ કરાવવો.

Crude,(ક્રુડ્)*a.*[L.*crudus*,raw.]1.In its natural state:પકવ્યા-રાંધ્યા વગરનું.2.Unformed:અધુરૂં. 3.Without culture and profundity:કેળવણી વિનાનું.[hasty manner;rudely:પુખ્ત વિચાર વગર.

Crudely,(ક્રુડ્'લિ)*adv.*In a crude,immature or

Crudeness, (ક્રુડ્'નેસ્)*n.*Unripeness:અપૂર્ણતા.

Cruel,(ક્રુ'એલ્)*a.*[L.*crudelis* from *crudus*,raw.] Inhuman:નિર્દય;ઘાતકી.

Cruel-ly,(ક્રુ'એલ્લિ)*adv.*With cruelty:ક્રૂરપણાથી.

Cruel-ty,(ક્રુ'એલ્ટિ)*n.*1.Inhumanity:ક્રૂરતા. 2.A cruel deed:ક્રૂરકર્મ.

Cruent-ate,(ક્રુ'એન્ટેટ્)*a.*Smeared with blood: લોહીમાં રગદોળાયેલું; લોહીવાળું.

Cruet-stand, (ક્રુ'એટ્-સ્ટૅન્ડ્) *n.* A frame for holding cruets:નાની શીશી મુકવાનું ખાનું;સીસીખાનું.

Cruise,(ક્રુઝ્)*vi* To go back and forth on the ocean:સમુદ્ર પર્યટન કર્યા ક૦. *n.*A voyage made in various directions:સમુદ્ર પર્યટન.

Cruis-er,(ક્રુઝ'અર્)*n.*One who,or a ship that cruises:સમુદ્ર પર્યટન કરનાર વહાણ-અગર માણસ.

Crumb,(ક્રમ્)*n.* 1. A small fragment:કકડો. 2. The soft part of bread:રોટલીનો નરમ ભાગ.

Crumble,(ક્રમ્'બલ્)*n.*A very small fragment: ઘણો નાનો કકડો;ચુરો;ભુકો.*vt.*To break into pieces:કરચો-ચુરા ક૦.*vi.*To fall into small pieces: કરચો-ચૂરા થવા.

Crump, (ક્રમ્પ્)*a.* Crooked:વાંકું; આડું.

Crumple, (ક્રમ્'પલ્)*vt.*To draw or press into wrinkles:કરચલી વાળવી.*vi.*To contract:કરચલી વળવી.

Crupper,(ક્રપ્'પર્)*n.*A strap of leather which is buckled to a saddle:દુમચી.*vt.*To place a crupper upon: ના ઉપર દુમચી ચઢાવવી.

Crural, (ક્રૂર'ઍલ્)*a.*[L.*crus, cruris*,leg.]1.Belonging to the leg:પગનું.*The* **c.***arteries*:પગની ધોરી નસો.

Cru-sade,(ક્રુસેડ્)*n.*[L.*crux*,cross.]1. A military expedition undertaken by christian powers for the recovery of the Holy Land from the Mohammedans:જેરૂસલમ શેહેર મુસલમાન લોકો પાસેથી મેળવવાને ખ્રિસ્ત લોકોએ કરેલી સ્વારી-ચઢાઇ. *vi.* To engage in a crusade:ધર્મ સંબંધી લડાઇમાં જવું..

Cru-sader,(ક્રુસેડ્'અર્)*n.*A person engaged in a crusade:પાલેસ્ટાઈન પાછું મેળવવાને કરેલી લડાઇમાં જનાર લડવૈયો. [પ્યાલો અથવા સીસી.

Cruse,(ક્રુસ્)*n.*A small cup or bottle:એક નાનો

Cruset, (ક્રસ'એટ્)*n.* A goldsmith's melting pot:સોનું ગાળવાની કુલ્ડી.

Crush,(ક્રશ્)*vt.*1.To press:કચરવું.2.To subdue totally:બીલકુલ કમજોર કરી નાંખવું.*To* **c.***a cup*,to drink:પીવું;ગટગટાવી જવું. *To* **c.***out*,to force or separate by pressure:દાબી-ચાંપીને કાઢવું. *n.*A violent collision or compression:જોરશોર ધડાકો.

Crust,(ક્રસ્ટ્)*n.*[L.*crusta.*]1.An exterior surface: પોપડો. 2. The hard surface of bread: રોટલીની કઠણ કપોટી.3.The exterior portion of the earth:પૃથ્વીનું ઉપલું થર-પડ.*vt.*To incrust:ના ઉપર કઠણ પડ ક૦.

Crusta,(ક્રસ'ટે)*n.*[L.*crusta*,shell;inlaid work.] 1.A shell:છીપ.2.A gem engraved:કોતરેલું નંગ.

Crus-tace-a,(ક્રસ્ટે'શીઍ)*n.pl.* One of the classes of avriculated animals:કાચબા વગેરે કઠણ પડવાળા પ્રાણી.[manner:મીજાજથી;છણકાથી;ચીડથી.

Crusti-ly,(ક્રસ્ટ્'ઇલિ)*adv.*In a crusty, peevish

Crusty, (ક્રસ્ટ'ઈ)*a.* 1. Having the nature of crust:પોપડા જેવું. 2. Peevish;surly:ચીડીયું.

Crutch,(ક્રચ્)*n.*A staff with a cross-piece at the head,placed under the arm or shoulder: લંગડાની ઘોડી;કાખલા ઘોડી. *vt.* To support on clutches:કાખમાં લાકડી ઘાલી ઉભા રહેવું.

Cry,(ક્રાઇ) *vi.*[Fr.*crier.*] 1. To utter a loud voice:બૂમ પાડવી;શોરબકોર પોકાર ક૦.2.To utter a loud sound expressive of pain: પોક મુકવી. *To* **c.***out*, To complain loudly: મોટેથી પોતાનું દુઃખ જણાવવું;શોક-દિલગીરી ક૦.*To* **c.***out against*, to complain loudly or with a view to censure: બૂમ પાડીને વખોડવું. નિંદવું. *To* **c.***to*,to implore:ને આજીજી. ક૦.*vt.*1. To make public & oral proclamation of:વિષેનો ઢાંઢી-ઢંઢેરો પીટવો. 2.To publish the bonds of marriage:લગ્નના

ઠરાવની જાહેર ખબર આપવી. *To* c.*out*, to proclaim: જાહેર ક૦.*n.pl.***cries**.1.A loud utterance: ચીસ.2. Any expression of grief with tears: રૂદન.3.Loud expression of triumph: હર્ષનાદ. 4.Common report; fame: લોકવાયકા.

Crypt,(ક્રિપ્ટ્)*n*.1. A cell:ભોંયરૂ. 2. The space hidden from view:નજરથી છૂપી-સંતાડેલી જગ્યા.

Crystal,(ક્રિસ્'ટલ્)*n*.[Gr.*crystallos*,ice.] 1. A species of glass more perfect in its composition and manufacture than the common glass: બિલોર.2.The glass of a watch-case:ઘડીયાળની ડબીનો કાચ.

Crystal line,(ક્રિસ્'ટલાઇન્)*a*. Consisting of crystal:બિલોરીનું;બિલોર જેવું-સ્વચ્છ.

Crystal·liz·ation, (ક્રિસ્'ટલિઝે"શન્) *n*. The act or process by which a substance in solidifying assumes the form and texture of a crystal:ગાંગડા.

Crystal·lize, (ક્રિસ્'ટલાઇઝ્) *vt*. To cause to form crystals:પાસલી-લા બાંધવા.*vi*.To be converted into crystals:ગાંગડા-ગઠ્ઠા બંધાવા.

Cub,(કબ્)*n*.[L.*cubo*,I lie down.]1. A young of the bear or tiger:રીંછનું વાઘનું બચ્ચું. 2. A young boy or girl:નાનો છોકરો અથવા છોડી.

Cub,(કબ્)*n*.[L.*cubo*,I lie down.] 1.A stall for cattle:ઢોરને ખાવાની ગમાણ.2.A cupboard: કબાટ.*vt.*&*vi*.To bring forth:જણવું; પેદા-ઉત્પન્ન ક૦.

Cube,(ક્યૂબ્)*n*.1.A regular solid body with six equal square sides: ઘનાકૃતિ;ઘન 2.The product of a number multiplied twice into itself:ઘન.*Cube root*:ઘન મૂળ.*vi*.To raise to the third power:નો ઘન ક૦.

Cubeb,(ક્યૂ'બેબ્)*n*.The small, spicy berry of a tropical plant:ચીની કબાલા;કબાબચીની.

Cubic·cal,(ક્યૂબ'ઇક્ કલ્)*a*.Having the form of a cube:ઘનાકાર.

Cubit,(ક્યૂ'બિટ્)*n* [L.*cubitum*,elbow.] 1. The forearm:આગલો હાથ.2.A measure:(ભરતનો)હાથ.

Cuckold,(કક્'ઓલ્ડ્)*n*.[L.*cuculus*,cuckoo.]A man whose wife is false to his bed; the husband of an adulteress: છિનાળનો ધણી.*vt*. To make cuckold:-ને ભડવો કરવો.

Cuckoo,(કકૂ)*n*.[L.*cuculus*.] A bird of the genus cuculus:કોયલ;કોકિલા.

Cucum·ber,(ક્યૂ'કમ્બર્)*n*.[L.*cucumis*.](Bot.) A well-known plant and its fruit, of the genus Cucumis:કાકડી;ખીરૂં;તુરીયું;આરીયું.

Cud,(કડ્)*n*.1.That portion of food which is brought up into the mouth by ruminating animals from their first stomach, and chewed a second time:વાગોળ.*To chew the* c.,to ruminate:વાગોળવું.

Cuddle,(કડ્'લ્)*vi*.To crouch:છૂપાઇ-સંતાઇ જવું. *vt* To embrace closely; to hug; to fondle:દૃઢ આલિંગન દેવું;બાથમાં લેવું; લાડ લડાવવું.

Cudgle,(કડ્'એલ્)*n*.A short thick stick:ડંગોરી.*To take up the* c.s *for*, to engage in a contest in behalf of:-ને માટે લડાઈમાં ઉતરવું.*vt*. To beat with a cudgel:ડંગોરા-બુચાથી મારવું.*To* c.*one's brains*:અક્કલ વાપરવી.

Cue,(ક્યૂ)*n*.[L.*canda*, a tail.]1.The tail:પૂછડું. 2.Any hint or intimation:ઇસારો.3.Straight rod used in plying billiards:'બિલિઅર્ડ' રમત રમવાની સીધી લાકડી.

Cuff,(કફ્)*n*.A blow with the open hand:થપ્પડ;ધોલ.*vt*.1.To strike with the palm or plat of the hand:તમાચો-ધોલ-લપડાક મારવી.

Cuff,(કફ્)*n*.The fold at the end of a sleeve: બાંહ્યનો વાળેલો ભાગ;કફ

Cui·rass,(ક્વિરૅસ્')*n*. [L.*corium*, leather.] A piece of defensive armor covering the body from the neck to the girdle:ગળાથી કેડ સુધીનું બખ્તર.

Culin·a·ry,(ક્યૂ'લિનરિ)*a*.[L.*culina*,kitchen.]; Relating to cookery or its art:રસોઇ વિષે.

Cull,(કલ્)*vt*.[L *con*&*lego*,I gather.] To select:વિણવું; ચૂંટી કાઢવું. [ઉથલો.

Cullen·der,(કલ્'અૅન્ડર્)*n*.A strainer:ચાલણી,

Cully,(કલ્'લિ)*n*.A person who is easily tricked: ભોળો; જલદી;ઠગાઇ જાય એવો માણસ.*vt*. To cheat:ઠગવું; છેતરવું; ધૂતવું.

Culmin·ate,(કલ્'મિનેટ્)*vi*.[L.*culmen*, top or ridge.]1. To reach the highest point:ઉંચામાં ઉંચુ આવવું.2.To reach the highest point as of rank, size, &c.:પરાકાષ્ઠાએ પહોંચવું.

Culmin·at·ing,(કલ્'મિનેટિન્ગ્)*a*.Reached at the highest altitude or rank:સહુથી ઉંચું-ચડતી સ્થિતિએ પહોંચેલું; ઉન્નત.

Cul·min·ation,(કલ્મિને'શન્) *n*. Attainment of the highest pitch of power: ઉંચામાંઉંચે દરજ્જે ચડવું તે.

Culp·a·bili·ty,(કલ્પૅબિલ્'ઇટિ)*n*.The quality or condition of being culpable: વાંક; તકસીર.

Culpa·ble,(કલ્પ્'અૅબલ્)*a*.[L.*culpa*,fault.] 1. Deserving censure:વાંક-કસુરવાળું; ઠપકાયોગ્ય.2. Guilty:ગુન્હેગાર.

Culprit,(કલ્'પ્રિટ્)*n*.[L.*culpa*,fault.]1.A person accused of a crime:અપરાધી;ગુન્હેગાર.

Culti·vate,(કલ્'ટિવેટ્) *vt*.[L.*colo*,I till]1.To till:ખેડવું.2.To direct special attention to:-ના તરફ ખાસ ધ્યાન આપવું-નો વિશેશ અભ્યાસ ક૦. 3.To impart culture: ઉપર મહેનત કરી સુધારવું.

Cul·ti·vation(કલ્ટિવે'શન્)*n*.1.Tillage: ખેતી; કૃષિકર્મ.2.Fostering care: સુધારો કરવાને મહેનત-

અભ્યાસ.3.Refinement:કેળવણી; સુધારો.

Culti-vat-or, (કલ્'ટિવેટર્)*n*.1. One who cultivates:ખેડુત.2.One who labors to educate or refine:જે કેળવણી આપવાને અથવા સુધારવાને યત્ન-મહેનત કરે છે તે.

Culture,(કલ્'ટ્યુર્)*n*.[L.*colo*,I till.]1. The act or practice of cultivating:ખેતી.2.Civilization:કેળવણી.*vt*.To cultivate;to educate: ખેડવું;કેળવવું.

Culver,(કલ્'વર્)*n*.1.A dove:કબુતર.2.A small piece of ordnance:નાની તોપ.

Cumbent,(કમ્'બેન્ટ્)*a*.[L.*cumbo*,I lie down.] Lying down;recumbent:નીચે-હેઠળ પડેલું.

Cumber,(કમ્'બર્)*vt*. [*L. cumulus*, heap.] To be burdensome: ભારે મારવું.*n*. Oppression; trouble;embarrassment:નડાવ; અડચણ.

Cumber-some,(કમ્'બર્સમ્)*a*.1.Burdensome: ભારે મારે એવું. 2.Not easily managed:જલદીથી-સહેલાઈથી ચલાવી શકાય નહિ એવું;ભારે.

Cumbrance, (કમ્'બ્રન્સ્) *n*. Encumbrance; hinderance:ભાર;અડચણ;અટકાવ;પ્રતિબંધ;જોખમ.

Cumbrous,(કમ્'બ્રસ્)*a*.1 Burdensome:અગવડ ભરેલું.2.Giving trouble:કંટાળો ઉપજાવે એવું.

Cumin-seed, (કમ્'ઈન-સીડ્) *n*. The seed of a dwarf umbelliferous plant:જીરૂ.

Cumu-late,(ક્યૂ'મ્યુલેટ્)*vt*.[L.*cumulus*,a heap.] To gather or throw into a heap; to heap together:એકઠું-ઢગલો ઢગ કર.

Cu-mu-lation, (ક્યૂમ્યુલે'શન્) *n*. The act of heaping together;a heap:ઢગલો;ઢગ;સંચય.

Cumu-lat-ive,(ક્યૂ'મ્યુલેટિવ્)*a*.1. Forming a mass:ઢગલા કરતું.2.Augmenting:વર્ધમાન.3.Given by the same testator to the same legatee:પ્રથમ જે માણસે જેને વારસો આપ્યો હોય તેને જ પાછું તેણે આપેલું.

Cunning,(કન્'ઇન્ગ્)*a*.1.Artful:કારસ્થાની;કપટી. *n*.Deceit;art:ખટપટ;પ્રપંચ; કાવાદાવા.

Cup,(કપ)*n*. 1. A small vessel:પ્યાલું.2. (*pl.*) Excessive drinking:દારૂ પીવાનો અતિશય છંદ.3. To be in one's *cups*,to be drunk:પીધેલ-છાકટા હોવું.

Cup-board,(કપ્'બોર્ડ્) *n*. A small closet in a room: કબાટ. *To cry* c , to cry for food:ભુખ લાગી છે એમ કહેવું.*vt*.To hoard:એકઠું ભેગું કર.

Cupel,(ક્યૂ'પેલ્) *n*. [L. *cupella*, small cask.] A small vessel used in refining precious metals:કિંમતી ધાતુઓ ગાળવાની કુલ્ડી.

Cupid,(ક્યૂ'પિડ્)*n*.[L.*cupido*,I desire.](*Myth*). The god of love:કામદેવ;મદન;અનંગ.

Cu-pidi-ty,(ક્યૂપિડ્'ઇટિ)*n*.Covetousness:લોભ.

Cupo-la,(ક્યૂ પોલે)*n*.[L.*cupa*,a tub.]1.A spherical or domelike vault on the top of an edifice:ઘુમટ;કળશ.

Cupre-ous,(ક્યૂ'પ્રીઅસ્)*a*.[L.*cuprum*,copper.] Consisting of copper:તાંબા જેવું બનાવેલું.

Cur,(કર્)*n*.1.A worthless dog:હલકી જાતનું કુતરું; માણસ.

Cura-ble, (ક્યૂર્'અબલ્) *a*. Capable of being cured:મટાડી શકાય તેવું;સાધ્ય;ચિકિત્સાધીન.

Curate,(ક્યૂ'રેટ્)*n*. [L. *cura*, care.]Any clergyman:અવેજી કે મદદનિશ પાદરી-ધર્મગુરૂ.

Cura-tive,(ક્યૂ'રેટિવ્)*a*.Relating to the cure of diseases; tending to cure:રોગ મટાડે એવું.

Cu-rator,(ક્યૂરેટ્'અર્)*n*.[L.*cura*,care.]1.One who has the care and superintendence of any thing: કોઇ ચીજ સાચવનાર જાળવનાર. **C.** *of a depot*:ગ્રંથશાળાધિકારી.

Curb,(કર્બ્)*n*.[L.*curvus*,bent.]1. That which curbs, restrains:સંયમ;અંકુશ *vt*.To subdue: અંકુશમાં રાખવું;નિયમ હાથ તાબામાં રાખવું.

Curd,(કર્ડ્)*n*.1. The thickened part of milk: દહીં. 2. The coagulated part of any liquid: કોઈ પ્રવાહી પદાર્થનો જામેલો ભાગ. *vt*. To curdle: જમાવવું.

Curdle,(કર્ડ્'લ્)*vi*.*vt*. 1. To change into curd: જામી જવું;મેળવવું.

Cure,(ક્યૂર્)*n*.[L.*cura*,care.]1.The office of a curate:પાદરીનું કામ.2.Remedial treatment of disease:ઓસડ કર તે.*vt*.1.To heal:મટાડવું *vi*.To restore health:સાજા થવું.2.To become relieved:-થી મુક્ત થવું.

Curfew,(કર્'ફ્યુ)*n*.1.The ringing of a bell at nightfall to extinguish all fires:બધે ઠેકાણેથી દીવા દેવતા હોલવી નાંખવાનો રાત પડે થતો ઘંટનાદ.

Cu-ri-osi-ty,(ક્યૂરિઑસ્'ઇટિ)*n*.[L.*curiosus*.]1. Inquisitiveness:જીજ્ઞાસા;શોધક બુદ્ધિ;ઉત્કંઠા.

Curi-ous,(ક્યૂ'રિઅસ)*a*.[L.*cura*,care.]1.Careful or anxious to learn:જીજ્ઞાસુ;શોધક.2.Awakening surprise;singular;strange:વિલક્ષણ;તરેહવાર.

Curl,(કર્લ્)*vt*.1.To twist or form into ringlets: ગુચ્છા વાળવા. 2. To raise in undulations; to ripple:કરચળવું.

Curly,(કર્'લિ)*a*.Having curls:ગુચ્છાવાળું.

Curren-cy, (કર્'રેન્સિ) *n*. [L. *curro*, I run.]1. General acceptance;circulation:પ્રચાર.રિવાજ; ચલણ. 2.Current value;general estimation: ચાલતી સાધારણ કિંમત.

Current, (કર્'રેન્ટ્) *a*. 1. Running or moving rapidly:જલદીથી દોડતું.2.Passing from person to person or from hand to hand;common: સાધારણ;ચાલુ.3 Now passing in its progress: ચાલતું.*n*.1.A stream:પ્રવાહ.

Current-ly,(કર્'રેન્ટલિ)*adv*. Generally; commonly:સાધારણ રીતે;સર્વ લોકમાં;ઘણું કરીને.

Curri-cle,(કર્'રિકલ્) *n*. [L. *curro*, I run.]1. A small or short course: નાનો અથવા ટુંકો રસ્તો.

માર્ગ.2.A chaise with two wheels:બે પૈડાંની ગાડી·

Cu-rricu-lum,(કરિક્યુલમ્)*n.*A fixed course of study:અભ્યાસ માટે ઠેરવેલો ક્રમ;અધ્યયનક્રમ.

Curri-er,(કરિઅર્)*n.* [L.*coriarius.*]One who curries, dresses and colors leather:ચામડિયો.

Curry,(કરિ)*vt.*1.To dress or prepare for use (ચામડાં)સાફ ક૦.2.To rub or cleanse the skin of:ખરેરો ક૦.*To c. favor,* to seek or gain favor by flattery;ખુશામતથી વહાલા થવા જવું. *n.* 1.A kind of sauce much used in India,containing red pepper and other strong spices:કઢી;આમટી;કઢી.

Curry-comb,(કરિ-કોમ્)*n.* An instrument or comb for currying or rubbing horses:ખરેરો

Curse,(કર્સ્)*vt.*1. To utter a wish of evil against:શાપ દેવો. *n.*1.The malediction:શાપ.2. Affliction:આપદા.

Cursed,(કર્સ્‌એડ્)*a.*1.Deserving a curse:શાપિત.2.Producing trouble or vexation:ત્રાસદાયક.

Curso-ry,(કર્સોરિ)*a.* [L. *cursor,* a runner.] Slight;superficial;careless:ઉપર ટપકાનું;ઉપલક;બેદરકારી; ઉપર ચોટિયું.

Curt(કર્ટ્)*a* [L.*curtus.*]Short:ટુંકું ને તોછડું.

Curtail,(કર્ટેલ્)*vt.*To shorten:ટુંકું-સંક્ષિપ્ત ક૦.

Curtain,(કર્ટિન્)*n.*1.A cloth screen:પડદો;ચક. *Mosquito c.*:મચ્છરદાની.*Behind the c.*,in concealment:ગુપ્ત; છાનું. *To draw the c.*, to hide or disclose an object:પડદો ખેંચવો. *To drop the curtain*:વાત પૂરી ક૦.*C.lecture*:સ્ત્રીએ પોતાના પતિને આપેલો ઉપદેશ.[in regular form:વાંકું;ત્રાંસું.

Curva-ted,(કર્વ્‌એટેડ્)*a* [L.*curvus* bent.]Bent

Curv-ation, (કર્વેશન્)*n.* [L *curvatis.*] The act of bending or crooking:વાંકું વાળવું તે.

Curva-ture,(કર્વ્‌એટ્યૂર્)*n.*[L *curvo,*I curve.] The continual flexture or bending of a line: વક્રીભવન;વાંક;વલણ;કુટિલતા;વક્રીભાવ;વક્રતા.

Curve, (કર્વ્) *n.* A bending without angles: વાંક.*vt.*To bend:વાળવું. *vi.* To turn gradually from a given direction:અમુક દિશામાં ધીમે ધીમે બીજી દિશામાં વળવું.

Cur-vet,(કર્વેટ્)*n.* (*Man.*) A particular leap of a horse:ઘોડાની અમુક તરેહની છલંગ.*vi.*1. To leap and frisk:કુદીને ગેલ કરવું. *vt.*To cause to frisk:કુદાવવું;ગેલ કરાવવું.

Curv-i-line-ar,(કર્વિલિનિઅર્) *a.* [L. *curva* and *linea,* line.]Consisting of curve lines; bounded by curve lines:વાંકી લીટી વાળું.

Curvi-ty,(કર્વિટિ)*n.*[L.*curvus.*]The state of being curved;crookedness:વાંક;વાંકાપણું.

Cushion,(કુશન્) *n.* 1. A soft pillow or pad:ગાદી;તકીયો.*vt.*To seat on a cushion:ગાદી ઉપર બેસવું.

Cusp,(કસ્પ્)*n.*[L.*cuspis,*point.] 1.A pendant of a pointed arch: અણીદાર કમાનની અલર. 2. The point or horn of the crescent moon: ચંદ્રકાર.

Custard,(કસ્ટર્ડ્)*n.* [L.*crusta,*crust.]A dish composed of milk and eggs,sweetened and boiled: દૂધ અને ઇંડાં સાકર ભેગાં કરીને ઉકાળેલી રાબડી.

Custard-ap-ple, (કસ્ટર્ડ્-ઍપ્પલ્)*n.* (*Bot.*)A plant;a species of the anona:સીતાફળી;સીતાફળ.

Cus-todi-an,(કસ્ટોડિઅન્)*n.*[L.*custos,*a guard.] One who has care:રખવાળ.

Custo-dy, (કસ્ટોડિ)*n.*[L. *custos,*guard.]1.A keeping or guarding:હવાલો.2.Confinement: કેદ;જાપતો.

Custom,(કસ્ટમ)*n.*[L *consuetumen,*custom.] 1.Ordinary manner:ચાલ;રિવાજ. 2.Habitual buying of goods:ઘરાકી. *vt.*1.To pay custom for:ને માટે-વાસ્તે જકાત આપવી.

Custom, (કસ્ટમ્) *n.* The customary toll: જકાત;દાણ;મેહેસુલ;દસ્તુરી.

Custom-a-ry, (કસ્ટમરિ)*a.*1.According to custom;conventional,habitual:રીત-રિવાજ-રૂઢી પ્રમાણેનું.2.Holding or held by custom:દસ્તુર મુજબ.

Custom-er,(કસ્ટમર્)*n.*1. One who collects customs or duties: જકાત-મેહેસુલ એકઠું કરનાર. 2.A purchaser:ઘરાક;ગ્રાહક.

Custom-house, (કસ્ટમ્હાઉસ્)*n.* The building where customs are paid:જકાતખાતું;માંડવી.

Cut,(કટ્)*vt.*1.To sever:કાપવું.2.To carve:કોતરવું. 3.To pierce:નું હૃદય ભેદવું.4.To intersect:છેદવું. *C.and dried,*prepared beforehand:તૈયાર લેશ. *To c.down,*(*a*)to fell:પાડવું;કાપી નાંખવું. (*b*)To lessen:ઓછું ક૦ *To c the knot or the Gordian knot,* to dispose of a difficulty summarily: ગુંચવણ-મુસીબત અડચણનો ઝટ લઇને ફડચો-લાવવો. *To c.lots,* to draw lots:ભાગ પાડવા.*To c off,* (*a*)to sever:કાપી નાંખવું;જુદું ક૦. *To c.out,* (*a*) to remove by carving: કાપી લેવું; વચ્ચેથી કાપીને કાઢવું.(*b*)To fashion:વેતરવું;કોતરીને ઘાટ કાઢવો. (*c*) To debar: અટકાવવું; રોકવું.*To c. to pieces,* to slaughter:કતલ ક૦. *To c. short*:ટુંકું ક૦. *To c.teeth,*to put forth teeth:દાંત ફુટવા. *To have c.one's eye teeth*:ચંચળ થવું;હોશીયાર થવું. *To c. one's wisdom teeth,* to come by years of discretion:સમજણના વરમાં આવવું.

Cut,(કટ્)*vi.*1. To admit of incision:કપાવું. 2. To perform the operation of dividing:કાપવું-જુદું પાડવું વગેરે ક૦.*To c.across,*to pass over or through in the most direct way: સુસરું-

સીવું જવું.*To c.in or into,* to interrupt: વચ્ચે પડવું;ખસેલ ક૦.*a.*Tipsy:છાકટું.

Cut,(કટ્)*n* 1. A wound:કાપ;ચીરો. 2.A stroke or blow with an edged instrument:ઘાઢ;ઘા. 3.That which wounds the feelings:કઠોર વચન.4.A furrow:ખોભણ. 5. A portion severed:કકડો.6.An engraved block:બીબું.7.The act of dividing a pack of cards: ગંજીફાની વહેંચણી.*A short c.*, a cross route which shortens the way:ટૂંકો રસ્તો.

Cu-tane-ous,(ક્યૂટે'નીઅસ્)*a.*[L. *cutis*,skin.] Belonging to the skin:ચામડી-સંબંધીનું.

Cuti-cle,(ક્યૂ'ટિકલ્)*n.* [L. *cutis*, skin.]1. The scarf skin:ઉપલી ખાલ-ત્વચા-ચામડી.2.The thin external covering of the bark of a plant: ઝાડની ઉપલી છાલ.

Cutlass,(કટ્'લૅસ્)*n.*[L.*culter*,knife.]A broad, curving sword:એક ધારવાળી પહોળી વાંકી તલવાર

Cutler, (કટ્'લર)*n.* [L.*culter*,knife]One who makes knives and other cutting instrument: કાપવાના હથીઆર બનાવનાર અને તેમને વેચનાર;સરાણીઓ. [સવાર

Cutle-ry,(કટ્'લરિ)*n.*1.The business of a cutler:હથિયાર બનાવવાનો હુન્નર.

Cut-purse, (કટ્'પર્સ)*n.*A pickpocket:ગજવાકાતરૂ;ચોર;સાહેમટો.

Cutter, (કટ'અર)*n.*1.One who cuts or hews: કાપનાર.2.An instrument used for cutting:કાપવાનું-ચાટવાનું;હથિયાર. 3.A fore tooth:આગલો દાંત.4.A small boat:નાની હોડી.5.A small one-horse sleigh:એક ઘોડાવાળી નાની ગાડી.

Cut-throat,(કટ્'થ્રોટ્)*n.*One who cuts throats: ફાંસીઓ;ગળુકાપનાર;ગળાં કાપુ.

Cutting, (કટ્'ઇન્ગ્)*n.*1.The act or operation of making an incision &c.:કાપ 2.Something cut or cut off;a cut:કાપી નાખેલી-છેડેલી ચીજ-પદાર્થ;કાપ;કાપલા; છાંટ.

Cycle, (સાઇ'કલ્)*n.* [Gr. *kuklos*,a circle.]1.A periodical space of tire marked by the recurrence of something peculiar:કાળચક્ર; સંવત્સર ચક્ર;યુગ.

Cyclic-cal,(સાઇ'ક્લિક્-સાઇ'ક્લિકલ્)*a.*Pertaining to a cycle: કાળચક્ર સંબંધી. *C. poets*, certain epic poets:કેટલાક ઐતિહાસિક કાવ્યો લખનાર-કવિઓ.

Cyclone,(સાઇ'ક્લોન)*n.* [Gr. *kuklos*,a circle.] A rotatory storm:વંટોળીઓ;તોફાન.

Cy-clo-pedi-a,(સાઇક્લોપી'ડિઅ)*n.*[Gr.*kuklos*,a circle and *paidea*,education.]The circle or compass of the arts and scies:સર્વવિદ્યામાળા સંગ્રહ.

Cyclops,(સાઇ'ક્લોપ્સ્)*n.*[Gr.*kuklos*,circle and *ops*,eye.]1.A class of giants,one eye in the middle of the forehead:એક આંખવાળા રાક્ષસ.

Cylin-der,(સિલિ'ન્ડર)*n.* [Gr. *culindros.*] A body of roller-like form:ભુંગળું.નળાકાર.

Cy-lindric-al,(સિલિન'ડ્રિકલ્)*a.* Having the form of a cylinder: ભુંગળા જેવું; નળીના આકારનું-સંબંધી.

Cymbal,(સિમ્'બૅલ્)*n.*[Gr.*kumbos*,a cavity.] A musical instrument of brass,of a circular form,like a dish:ઝાંઝ;તાલ;કાંશી;કરતાલ.

Cyni-c,-c-al,(સિન્'ઇક,સિન્'ઇકલ્)*a.*[Gr. *kuon*, a dog.]1.Surly:ચીડીઉં;ચીસાળ;કુટીલ.2.Pertaining to the dog star: લુબ્ધકના તારા સંબંધી-નું.

Cyni-cism,(સિન્'ઇસિઝ્મ્)*n.*The practice of a cynic:કૂતરાજેવો સ્વભાવ;સંસારના વૈભવનો ચીડથી તિરસ્કાર.

Cyno-sure,(સાઇન'ઑસ્યુર)*n.* [Gr.*kuon*,a dog & *oura*,tail.]The constellation of the Lesser Bear:ધ્રુવનો તારો;

Cypress,(સાઇ'પ્રેસ)*n.* [L.*cupressus*, the cyprus.]A tree of the genus *Cupressus*: સરૂનું ઝાડ;સરૂવર. [stuff:એક જાતનું. પાતળું કાળું લુગડું.

Cyprus,(સાઇ'પ્રસ)*n.*A thin transparent black

Cy-the-rean,(સિથેરી'અન) *a.* [Gr.*cerigo*, an island in the Ægean sea.] Pertaining to venus:શુક્રને મળતું.

Czar,(ઝાર)*n.*[L.*cæsar.*]A king title of the emperor of Russia: રૂશ દેશના રાજાનો ખિતાબ; શેનશાહ.

Cza-rina,(ઝારી'ન)*n.* The empress of Russia:રૂશ દેશના રાણી.

Czaro-witz,(ઝાર્'ઓવિટ્સ્)*n.*The title of the eldest son of the czar of Russia:ઝારનો પાટવી કુંવર.

D.

D,(ડ)The fourth letter of the English alphabet: ઇંગ્રેજી મુળાક્ષરનો ૪ થો અક્ષર. When softly sounded it is represented by ડ or દ,when aspirated,by ધ.As a numeral it stands for 500.

Dab, (ડૅબ્)*vt* To strike gently:ટીપવું. *n.*1.A sudden blow; blow; hit:થપ્પડ. 2. A skillful hand:ચાલાક માણસ; ઉસ્તાદ.

Dabble, (ડૅબ્'બલ્)*vt.* To sprinkle:ભીંજવવું. *vi.* To play in water:પાણીમાં મસ્તી ક૦. 2.To do superficially:ઉપલક કામ ક૦.

Dabbler, (ડૅબ્'બ્લર્)*n.* 1. One who dabbles: ભીંજનાર; ભીંજવનાર;ચંચુ પ્રવેશ કરનાર.

Dacoit, (ડ'કૉઇટ)*n.*A gang-robber:ધાડ પાડુ.

રૂં.*n.*An aperient:રેચ;જુલાબ.

De-odor-ize,(ડીઑ'ડરાઇઝ઼)*vt.*[L. *de* & *odor*, smell.]To deprive of odor:ગંધ-વાસ વિનાનું કર.

De-oxid-ize,(ડીઑક્ઝ઼'સિડાઇઝ઼)*vt.*To deoxidate: કોઈ પદાર્થમાંથી પ્રાણવાયુ"ઑક્સીજન" છૂટો કર.

De-part,(ડીપાર્ટ')*vi.*[L.*de* & *pars* a part.] 1. To go forth or away:જવું.2.To pass away: નાશ પામવું.3.To die:મરી જવું.4.To part:પાસેથી -હાથમાંથી જવા દેવું.*vt.*To leave;to quit:છોડી-તજી દેવું;છોડી દેવું;-ને તજવું.

De-partment, (ડીપાર્ટ'મેન્ટ્)*n.* 1.Appointed sphere or province:ખાતું;પેટા;પ્રકરણ.2.A part, portion or subdivision:ભાગ.3.Province:પરગણું.4.A military subdivision of a country:કોઈ દેશનો લશ્કરી મહાલ;પ્રગણું.

De-partment-al,(ડીપાર્ટ'મેન્ટલ્)*a.*Pertaining to a department or division: ખાતાનું-સંબંધી. ખાતાને લગતું.

De-parture,(ડીપાર્ટ'ચુર)*n.*1.The act of departing or going away:મૂકીને જવું તે;ગમન. 2.Death:પરલોક ગમન. 3. Deviation or abandonment:પ્રમાણે ન ચાલવું તે.4 Separation:છુટકારો.

De-pauper-ate,(ડીપૉ'પરેટ્)*vt.*[L.*de*&*pauper*, poor.]To impoverish:ગરીબ કરી નાંખવું.*a.*(*Bot.*) Falling short of the natural size: સુકાઈ જવું.

De-pend,(ડીપેન્ડ્')*vi.*[L.*de* & *pandeo*,I hang.] 1.To rely for support:આધાર માટે ભરોસો રાખવો.2.To rely;to trust:ભરોસો રાખવો. 3. To act as a dependent:આશ્રિત-તાબેદાર તરીકે વર્તવું.

De-pendence,(ડીપેન્'ડેન્સ)*n.*1.Mutual connection and support:અરસપરસ સંબંધ અને ટેકો.2.Subjection to the disposal of another: તાબેદારી;પરાધીનતા.3.Reliance:ભરોસો. 4. That on which one depends:આધાર.

De-pendency,(ડીપેન્'ડેન્સિ)*n.*1.Subordination:તાબેદારી;ભરોસા.2.That which is attached to something else:જે બીજાને આધારે એવી વસ્તુ; અનુયાયી.3 A colony:તાબાનો મુલક.

De-pendent,-ant, (ડીપેન્'ડેન્ટ્)*a.* Not self-sustaining:પરાધીન;તાબેદાર. *a.*1.One who depends:તાબેદાર;આશ્રિત. [ઉજ્જડ-વસ્તી વગરનું કર.

De-people,(ડીપી'પલ્)*vi.* To depopulate: ઉ-

De-pict,(ડીપિક્ટ્')*vt.*[L.*de*&*pingo*,I paint.]1. To portray:ચિતરવું.2.To represent in words: વર્ણન કર.[strip of hair:વાળ ખેંચી-ચૂંપી નાંખવા.

Depil-ate,(ડેપ'ઇલટ્)*vt.*[L.*de*&*pilus*,hair.] To

De-pilous,(ડેપિલ'અસ)*a.*[L.*de*&*pilus*,hair.] *Without* hair;hairless:વાળ વિનાનું-વગરનું.

De-plora-ble, (ડીપ્લોર'અબલ્)*a.* Lamentable; pitiable;causing grief:દીલગીરી-દયા ઉપજે એવું.

De-plore,(ડીપ્લોર')*vt.*1.To bewail;to lament: ને માટે દિલગીરી દુઃખ લાગવું;વિલાપ-શોક કર.

De-ploy,(ડીપ્લોઇ')*vt.*[L.*de*&*plico*,I fold.]To open:હારબંધ ઉભા કર;(દંડવ્યૂહમાં) ઉભા રહેવું.*vi.* To form in line of battle from column:વ્યૂહરચનામાંથી દંડવ્યૂહમાં હારબંધ ઉભારહેવું.

De-plume,(ડીપ્લૂમ') *vt.*[L.*de*&*pluma*, feather.]1. To strip or pluck off the feathers of:નાં પીછાં તોડી લેવાં.

De-pone,(ડીપોન')*vt.*[L.*de*&*pono*,I put.]1.To wager:હોડ મારવી.2.To assert under oath;to depose:સોગન ખાઇને લઇને પ્રતિજ્ઞા ઉપર કહેવું.

De-ponent,(ડીપોન'એન્ટ્)*a.*Having a passive meaning:અર્થ મુળભેદ અને રૂપ સહાભેદનું હોય એવું. *n.*1. One who deposes or gives a deposition under oath:શાહેદ;શાક્ષી; જુબાની આપનાર.

De-popu-late,(ડીપૉ'પ્યુલેટ્)*vt.*[L.*de*&*populus*, people.]To dispeople:વસ્તીછેક ઓછી કરી નાંખવી.

De-popu-lation,(ડીપૉપ્યુલે"શન)*n.* Destruction or expulsion of inhabitants:વસ્તીની ખરાબી;વસ્તી વિનાનું કર તે.

De-port,(ડીપોર્ટ')*vt.*[L.*de* & *porto*,I carry.]1. To exile:સમુદ્ર-દેશપાર કર 2.To conduct:ચાલવું.

De-port-ation,(ડીપોર્ટે'શન)*n.* Banishment; transportation:દેશ-સમુદ્ર પારની શિક્ષા; દેશનિકાલ.

De-portment,(ડીપોર્ટ'મેન્ટ્)*n.* Behavior; demeanor;conduct:ચાલ ચલગત;વર્તણુક; આચરણ.

De-posal,(ડીપોઝ઼'અલ્)*n.*The act of deposing or divesting of office:પદભ્રષ્ટ કર તે.

De-pose,(ડીપોઝ઼')*vt.*[L.*De*&*pono*,I put.]1.To dethrone:ગાદી-પદવી ઉપરથી ઉઠાડી મૂકવું;રાજપદભ્રષ્ટ કર.2. To aver upon oath: સોગનપર ખાત્રીથી કહેવું-બોલવું.*vi.*To bear witness: પ્રતિજ્ઞાપર કહેવું; શાહેદી-સાક્ષી આપવી.

De-posit,(ડીપૉઝ઼'ઇટ્)*vt*[L.*de*&*pono*,I put.]1. To lay down:મૂકવું.2.To put up: થાપણ મૂકવું; ભરી-રાખી મૂકવું.3.To intrust:સોંપવું;બેંકમાં મૂકવું. *n.*1.That which is deposited: ઘસડાઇ આવેલી ચીજ.2.That which is placed for safe keeping:અનામત થાપણ.

De-posit-a-ry,(ડીપૉઝ઼'ઇટરિ) *n.* 1. A person with whom anything is left in trust:જેને ત્યાં -જેની પાસે કંઇ અનામત મૂકયું છે તે; અનામત રાખનાર.2.(*Law.*)One to whom goods are bailed:જેને જમીનપર માલ આપવામાં આવે છે તે.

De-posi-tion,(ડીપોઝિ઼'શન)*n.*1.The act of depositing:ઘસડાઈ આવવુંતે.2.The act of bringing before;presentation:ની આગળ મૂકવું-બતાવવું તે; પ્રદર્શન.3.(*Law.*)Written affirmation: પ્રતિજ્ઞા ઉપર કહેવું-બોલવું તે.4. Displacement;removal:ગાદી પરથી ઉઠાડી મૂકવું તે.5.Incrustation: ક્યારો;ઠરેલો મેલ.

De-posit-o-ry,(ડીપૉઝ઼'ઇટોરિ)*n.*A place where any thing is deposited:ભંડાર;વખાર.

De-pot,(ડીપૉ'-ડેપો')*n.*1.A ware-house:ભંડાર; વખાર;કોઠી.2 A military station where stores and provisions are kept: જે લશ્કરીમુકામે-સ્થળે ભંડાર તથા ખોરાક ભરી મૂકવામા આવે છે તે; ડેપો.

De-pra-vation,(ડેપ્રૅવે'શન)*n.*1. Censure; ill-natured critism:કોઇનુંખોટું બોલવું તે; નિંદા. 2. The act of degrading or defaming:બગાડવું-ભ્રષ્ટ ક૦ તે.3.Degeneracy:પાપબુદ્ધિ; કુમતિ.

De-prave, (ડીપ્રેવ')*vt.*[L.*depravus*,crooked.] 1.To speak ill of:નું ભુડું બોલવું.2.To impair; to corrupt:બગાડવું.

De-praved,(ડીપ્રેવ્ડ્)*a.*Impaired:બગડેલું; ખરાબ;દુષ્ટ.પાપી;ભ્રષ્ટ;આચારભ્રષ્ટ;પતિત;હરામી.

De-pravi-ty,(ડીપ્રૅવ્'ઇટિ)*n.*Want of virtue; extreme wickedness, absence of religious feeling & principle:તદ્દન દુષ્ટતા-મલીનતા-ભ્રષ્ટતા; દુષ્કર્મ;કુકર્મ.

Depre-cate,(ડે'પ્રીકેટ્)*vt.*[L. *de* & *precare*, to pray.]To disapprove of strongly:નિવારણ થાય-અમલમાં ન આવે એવું માગવું; છુટકારો માગવો;માફ-ક્ષમા માગવી; અફસોસ ક૦.

De-pre-cation, (ડેપ્રીકે'શન) *n.*1. A praying against evil:ખોટા કામ નિવારણાર્થે કરેલી પ્રાર્થના.

Depre-ca-tory, (ડે'પ્રીકેટોરિ) *a.* Tending to remove or avert evil by prayer: દુખ નિવારણ થાય તે માટે કરેલી પ્રાર્થનાનું-સંબંધી.

De-preci-ate,(ડીપ્રી'શિએટ્)*vt.*[L.*de*&*pretium*, price.]To lessen in price: ની કિંમત ઓછી ક૦; વખોડવું.*vi.*To fall in value:ની કિંમત ઘટવી.

De-preci-ation, (ડીપ્રી'શિએ"શન) *n.* 1. The act of lessening the price or value: કિંમત ઘટાડવી તે.2.The state of being depreciated: કિંમત ઓછી થવી-ઘટવી તે.

De-preci-a-to-ry,(ડીપ્રી'શિએટોરિ)*a.*Tending to depreciate:કિંમત ઘટે એવું; કિમત ઘટાડવું.

Depre-date,(ડે'પ્રીડેટ્) *vt.* [L. *de* & *præda*, plunder.]1.To despoil:લુંટી લેવું.2.To destroy by eating:ખાઈ જઇને નાશ ક૦.*vi.*To take plunder:લુંટ લેવી.

De-pre-dation,(ડેપ્રીડે'શન) *n.*1. The act of depredating: લુંટ; લુંટફાટ. 2. The act of despoiling or making inroads:બગાડ;ધાડ.

Depre-dut-or,(ડે'પ્રીડેટર્)*n.*A spoiler;a waster;a robber:લુંટારો;પીંઢારો.

De-press,(ડીપ્રેસ્')*vt.*[L.*de*&*premo*,I press.] 1.To let fall;to lower: નીચું ક૦-રાખવું-ઉતારવું. 2.To humble:ભાંગવું;તોડવું.3.To sadden:ઉદાસ-દીલગીર ક૦.4.To lessn the activity of:-ની ચાલાકી-ચંચળાઇ ઘટાડવી.5.To cheapen: સોંઘુ-સસ્તું ક૦.

De-pression,(ડીપ્રે'શન)*n.*1.The act of causing to fall: પાડવું-નમાવવું તે. 2. The state of being depressed;a sinking:નમન;પતન.3.Humiliation:(*pride.*):નરમ પડવું તે.4. Dejection: ઉદાસી.5-Dullness:મંદી;સુસ્તી.

De-pressive,(ડીપ્રેસ્'ઇવ્) *a.* Tending to depress or cast down:દબાવે-નમાવે-નીચું પાડે એવું.

De-pri-vation,(ડેપ્રિવે'શન)*n.*1. The act of depriving:છીનવી લેવું તે.2.Loss:હાનિ;તંગી.

De-prive,(ડીપ્રાઇવ્')*vt.*[L.*de* & *privus*, one's own.]1.To take away:લેઈ લેવું.2. To dispossess:પાસેથી લેઇ-છીનવી લેવું.3.To divest of office: અધિકાર છીનવી લેવો;પદભ્રષ્ટ ક૦.*Deprived* of wealth:નિર્ધન.*Deprived* of authority: અધિકારભ્રષ્ટ.

Depth,(ડેપ્થ)*n.*1.Deepness:ઉંડાઇ.2.The deep: દરિયો;સમુદ્ર.3.The middle part: મધ્યભાગ. 4. The comprehension:ગ્રહણ શક્તિ.

Depthless,(ડેપ્થ્'લેસ) *a.* Having no depth: ઉંડાણ વિનાનું;છછરૂં;છાલિકું.

De-pulse,(ડીપલ્સ્)*vt.*[L.*de* &*pulsus*, driven.] To drive away:હાંકી-કાઢી મૂકવું.

Depur-ate,(ડે'પ્યૂરેટ્)*v.*[L.*de* &*purus*, pure.] To free from impurities: કચરો કાઢી નાંખવો; સાફ-સ્વચ્છ-નિર્મળ શુદ્ધ ક૦.

De-pur-ation,(ડેપ્યૂરે'શન)*n.*The act of freeing from impurities: અસ્વચ્છ પદાર્થ કાઢી નાંખવો તે.

De-pu-tation,(ડેપ્યૂટે'શન)*n.*1 The act of deputing or of appointing a representative: પ્રતિનિધિ બનાવવું-નિમવું તે. 2. The person or persons deputed by another person to act on their behalf:પ્રતિનિધિ.

De-pute,(ડેપ્યૂટ્')*vt.* [L.*deputo*,I send an ambassador.]1.To appoint as an agent;to delegate:વતિનું કામ કરવાને નિમવું.

Depu-ty,(ડે'પ્યૂટિ)*n.*1.A representative;a delegate;a vicar:મુખ્તાર;પ્રતિનિધિ:વકિલ;મુનીમ.

De-range,(ડીરેન્જ્')*vt.* [L.*dis*&*rang*,row.]1. To throw into embarrassment:ગરબડ સરબડ ક૦.2.To disturb in the action or function: કામ બગાડવું. 3. To render insane: ગાંડું-ઘેલું-દિવાનું-ચળેલ ક૦.

De-ranged,(ડીરેન્જ્'ડ્)*a.*Disordered;insane: અવ્યવસ્થિત;ચસકેલું;બુદ્ધિભ્રષ્ટ;ભ્રાન્તચિત્ત;ગાંડું.

De-rangement,(ડીરેન્જ્'મેન્ટ)*n.*1.Confusion: બગાડ;અવ્યવસ્થા.2.Insanity:દિવાનાપણું.

Dere-lict,(ડેર'એલિક્ટ્)*n.* [L. *de* & *relinquo*,I leave.](*a.*)A thing voluntarily abandoned: છોડી દીધેલી ચીજ.(*b.*)A tract of land left dry by the sea and fit for cultivation: દરિયાનું પાણી નહિં ફરી વળેલો અને ખેતીવાડીને માટે ઉપયોગી એવો જમીનનો કકડો. *a.* 1. Left and abandoned:છોડી દીધેલું;ત્યાગ કરેલું.

De-reliction, (ડેરેલિક્'શન)*n.*1.An utter forsaking;abandonment:ત્યાગ;વર્જન;ત્યાગ-કર્મ.

De-ride,(ડીરાઇડ્)*vt.* [L.*de* & *rideo*,I laugh.

To laugh at with contempt:તરફ ધિક્કારથી હસવું.
De-rision,(ડીરિ'ઝહ્ન)*n*.1.Mockery:ઠઠ્ઠા;મશ્કરી.
De-risive,(ડીરાઇ'સિવ્)*a*.Expressing derision: મશ્કરી-ઠઠ્ઠા ભરેલું;હસી કરાવું;ઠઠ્ઠાબાજ.
De-riva-ble, (ડીરાઇવ્'ઍબલ્) *a*. Capable of being known by inference:અનુમાન-તર્કથી જણાય એવું.
De-ri-vation,(ડેરિવે'શન્)*n*.1.The act of procuring an effect from a cause:કંઈ કારણ-મૂળ પરથી પરિણામ મેળવવું તે.3.The act of tracing: નું મૂળ-ઉત્પત્તિ-વ્યુત્પત્તિ બતાવવી-કાઢવી તે. 4.A derivative:સાધિતશબ્દ;ધાતુ.
De-rivat-ive, (ડીરિવ્'ઍટિવ્) *a*. Derived; secondary: બીજા ઉપરથી નિકળેલું-બનેલું; સાધિત. *n*.A word formed from another word by a prefix or suffix: ઉપસર્ગ અથવા પ્રત્યય લગાડવાથી બીજા ઉપરથી નિકળેલો શબ્દ;સાધિતશબ્દ.
Derivatively,(ડીરિવ્'ઍટિવ્લિ)*adv*.In a derivative manner;by derivation:સાધિતરીતે.
De-rive,(ડીરાઇવ્')*vt*. [L *de*&*rivus*,a stream.] 1.To receive:મેળવવું;પ્રાપ્ત કરવું;ને મળવું. 2.To trace the origin:નું મૂળ-ઉત્પત્તિ-વ્યુત્પત્તિ કાઢવી-બતાવવી.
Derm,(ડર્મ્)*n*.The skin:ત્વચા;ચામડી.
Dern,(ડર્ન્)*a*. Hidden;secret:સંતાડેલું;છુપું-છાનું રાખેલું.Lonely;sad:શોકાતુર;દીલગીર;ખીન્ન.
Derne,(ડર્ન્)*vi*.To hide:સંતાડવું;છુપાવવું.
Dernful,(ડર્ન્'ફુલ્) *a*. Sad;mournful:શોકાતુર.
Der-nier, (ડર્નિઅર્) *a*. Last; final: છેવટનું; અંતનું;છેલ્લેનું;છેલ્લું;નિદાન.
Dero-gate,(ડેરોગેટ્)*vt*.[L. *de* & *rogo*,I ask.] 1.To restrict; to limit the action of:ની હદ-મર્યાદા કo-બાંધવી. 2. To Depreciate:ઘટાડવું; હલકું કo.*vi*.1.To take away:માંથી લેઈલેવું. 2.To act beneath one's rank, place or birth: પોતાની સ્થિતિ,પદ્દી કે કુળને નછાજે એવું કામ કo.
De-ro-gation,(ડેરોગે'શન્) *n*.Detraction;depreciation:હલકું પાડવું તે;કિંમત હલકી પાડવી તે.
De-roga-tive,-to-ry,(ડેરૉગ્'ઍટિવ,ડીરૉગ્'ઍટોરિ)*a*.Detracting;depreciating:હલકું પાડે એવું.
Dervise,-s,-sh, (ડર્'વિસ્,-શ્) *n*. A Persian monk:ઇરાની ફકીર;દર્વેસ;સાંઇ.
Descant, (ડેસ્'કન્ટ્)*n*.[L *dis*&*cantus*,singing.] 1.A variation of an air:રાગ-સુર ફેરવીને ગાવું તે. 2. A comment: ટીકા; ભાષ્ય. *vi*. 1. To sing a variation:સુર-રાગ-તાન ફેરવીને ગાવું. 2. To comment:ટીકા કરવી;લંબાણ વિસ્તારથી બોલવું.
De-scend,(ડીસેન્ડ્)*vt*.[L.*de*&*scando*,I climb.] 1.To come down:ઉતરવું 2.To come suddenly and with violence: તૂટી પડવું. 3. To proceed by generation:વંશ-કુળ ઓલાદમાં ઉતરવું.
De-scendant, (ડીસેન્ડ્'ઍન્ટ્)*n*.One who descends:વંશજ માણસ;વંશજ;સંતતિ;સંતાન;ઓલાદ.
De-scendent, (ડીસેન્ડ્'ઍન્ટ્)*a*. Descending; falling:નિચે પડતું;ઉતરતું.
De-scending,(ડીસેન્ડ્'ઇન્ગ્)*p. a*. Of or pertaining to descent:ઢોળાવને લગતું-નું-સંબંધી-વિષે.
De-scent,(ડીસેન્ટ્)*n*.1.The act of descending or coming down:ઉતરવું તે;ઉતાર.2.Extraction: વંશ;કુળ.3.Transmission by inheritance:વારસાથી હાથમાં આવવું તે.
De-scribable, (ડીસ્ક્રાઇબ્'ઍબલ્) *a*. Capable of being described:વર્ણન કરવા લાયક;વર્ણનીય.
De-scribe,(ડીસ્ક્રાઇબ્')*vt* [L. *de* & *scribo*, I write.]1. To give an account of;sketch in writing:વર્ણવવું વર્ણન-બ્યાન કo. [જોનાર;દેખનાર.
De-scrier,(ડીસ્કાઈ'અર્)*n*.One who descries:
De-scription,(ડીસ્ક્રિપ્'શન્) *n*. 1. The act of describing:દોરવું-કાઢવું-પાડવું તે.2.An account:વર્ણન;બ્યાન.3.The class:જાત;તરેહ.
De-scriptive,(ડીસ્ક્રિપ્'ટિવ્)*a*.Tending to describe;containing description:દર્શાવતું;વર્ણવનારૂં.
De-scry,(ડીસ્કાઈ')*vt*.To espy:જોવું; દેખવું.2.To discover:શોધી કાઢવું.
Dese-crate,(ડેસ્'ક્રેટ)*vt*.[L.*de* & *seco*,I cut.] To cut,as with a sythe;to mow:કાપણી કo;લણવું.
Desecrate,(ડેસીક્રેટ્)*vt*.[L.*de*&*sacer*,sacred.] 1.To divest of a sacred character or office; to profane:વટલાવવું;-થી વટલવું;પતિત કo.
Dese-cration, (ડેસીક્રે'શન)*n*.The act of divesting of a sacred character or office:વટાળ
De-sert,(ડીઝર્ટ્')*vt* [L *de* & *sero*,I join.]1. To abandon:મૂકી-તજી છોડી દેવું.*vi*.To quit a service without permission:રજા સિવાય નોકરી મૂકી દેવી.*a*. Forsaken:નિર્જન;ઉજ્જડ.*n*.A wilderness:વેરાન પ્રદેશ 2.Right to reward:બદલો ઇનામ આપવાનો હક
De-serter,(ડીઝર્ટ્'અર્) *n*. One who forsakes his duty:ફરજ,સોંપેલું કામ,પક્ષ અથવા દોસ્તી મૂકી-છોડી દેનારૂં;નિમકહરામ;બેવફાદાર.
De-sertion,(ડીઝર'શન)*n*.1.The abandonment of a service:નોકરી ફરજ પક્ષ-સોંપેલા કામનો ત્યાગ.
De-serve,(ડીઝર્વ')*vt*.[L.*de* & *servio*,I serve.]1. To be worthy of:ને લાયક-પાત્ર-યોગ્ય હોવું. *vi*. To be worthy of recompense:બદલા ને યોગ્ય-લાયક થવું.
De-served-ly,(ડીઝર્વ્'એડ્લિ)*adv*.Justly:વાજબી-ખરી-ન્યાયી રીતે;યથા યોગ્ય;બરાબર-પ્રમાણે;ઉચિતપણે.
De-serving,(ડીઝર્વ્'ઇન્ગ્)*a*. Meritorious:લાયક.
De-sider-ate,(ડીસિડ્'અરેટ્)*vt*. [L. *desidero*,I long for.]To lack;to want:ની ખોટ-જરૂર માગવી.
De-sider-at-ive,(ડીસિડ્'અરેટિવ્)*a*.Expressing desire:ઇચ્છા બતાવતું;ઇચ્છાર્થક. *n*. An object of desire:જેને માટે ઇચ્છા છે એવી વસ્તુ;ઇષ્ટ પદાર્થ.
De-sider-atum, (ડીસિડ્'અરેટમ્) *n*. That of which the lack is felt:જેની ખોટ-જરૂર છે એવા

મસ્તુ. [sit.] Idle; lazy:આળસુ;સુસ્ત.

De-sidi-ous,(ડીસિડ્'ઇઅસ્)a. [L. de & sideo,I

De-sign,(ડીઝાઈન્')vt. [L. de&signum,a mark.] 1. To delineate:-નો ચિત્ર આકાર કહાડવો. 2 To show:બતાવવું.3.To form an idea of:-નો વિચાર કo;-નો મનમાં ઘાટ ગોઠવવો;-નીયોજના-તજવીજ કo. vi. To start in accordance with a settled plan:ધારેલી યુક્તિ-ઈરાદા-વેત-મનસુબા પ્રમાણે વર્તવું. n.1.Device;plot:ઘાટ;યુક્તિ; તદબીર.

Desig-nate,(ડે'સિગ્નેટ્)vt. 1. To indicate; to show:દેખાડવું;સૂચવવું. 2. To point out by distinguishing from others: ફલાણું તે આ એમ બતાવી આપવું.3.To appoint:ની નીમણુંક કરવી.

Desig-nate,-ted,(ડે'સિગ્નેટ્,-ડે'સિગ્નેટેડ્)a.Indicated; appointed:બતાવી આપેલું; નિમેલું.

De-sig-nation, (ડેસિગ્ને'શન્)n.1.Indication; denomination:-નું નામ પાડી આપવું તે. 2. Distinctive title;appellation:ઓળખાય એવો ખિતાબ;નામ; સંજ્ઞા.

De-signed-ly,(ડીઝાઇન્'એડ્લિ)adv.Purposely; intentionally:ઈરાદાથી;જાણી જોઈને-બૂઝીને.

De-signer,(ડીઝાઈન્'અર્)n.1.One who designs યોજનાર;રચનાર. 2. A plotter:કાવત્રાંખોર.

De-signing, (ડીઝાઈન્'ઇન્ગ્)a.Artful scheming: દગલબાજ;દગાખોર-કરતું; કાવત્રાંખોર.

De-sipi-ent,ડેસિપ્'ઇએન્ટ્)a. [L.de & lapeo,I am wise.] Foolish;silly:મૂર્ખ;બેવકૂફ.

De-sira-ble,(ડીઝાઈર્'અબલ્)a.Worthy of desire; pleasing; agreeable:ઈચ્છવા-ચહાવા લાયક.

De-sire,(ડીઝાઇર્')vt. [L.desidero,I wish for.] 1.To wish:લેવા-મેળવવા ચાહાવું;ઇચ્છવું;વાંચ્છના રાખવી. n.1.The indulged inclination:ઈચ્છા 2. Object of longing:ઈષ્ટવસ્તુ-પદાર્થ.3.Excessive longing:અતિશય લોભ;લાલસા. *Carnal* d.:કામ; વિષયલાલસા.

De-sirous,(ડીઝાઇર્'અસ્)a.Solicitous;covetous: eager:ઇચ્છા રાખનાર; ચાહનારૂં; લોભી;ઇચ્છાતુર.

De-sirous-ly,(ડીઝાઇર્'અસ્લિ)adv.With desire; eagerly:ઈચ્છાથી;આતુરતાથી;ઉત્કંઠિતપણે.

De-sist,(ડીઝિસ્ટ્')vi.[L.de & sisto,I stand.]To stand aside;to cease to proceed:કોરે ઉભા રહેવું;-થી દૂર-વેગળા રહેવું;આગળ વધતાં બંધ પડવું-અટકવું;-ને છોડી દેવું.

Desk, (ડેસ્ક્)n. 1.A table with top sloping forward:ઢળતું મેજ. 2. The pulpit:પાદરીને માટે બનાવેલી ઉંચી જગા-આસન. vt.To shut up,as in a desk:મેજમાં મૂકી બંધ કo.

Desolate,(ડે'સોલેટ્)vt.[L.de & solus,alone.]1. To leave alone; to make desert:એકલું રહેવા દેવું. 2 To lay waste:નાશ-ઉજ્જડ-ખેદાન મેદાન-પાયમાલ કo. a.1.Deserted:વસ્તી વિનાનું-રહિત,વેરાન;સુનું.2.Destroyed:પાયમાલ;નાશ થયેલું;ખેદાન મેદાન;ખરાબખસ્ત; તારાજ. 3. Forsaken;lonely: એકલું;નિરાધાર;નિરાશ્રય;અનાથ.

De-so-lation,(ડેસોલે'શન્)n.1.The act of desolating; destruction: નાશ. 2. A desolate place:ઉજ્જડજગા;વેરાન.

De-spair,(ડીસ્પેર્')vi. [L.de & spero,I hope.] To be without hope:નિરાશ થવું. vt.To cause to despair:નાઉમેદ-નિરાશ કo.n.Loss of hope: આશા ઉમેદી ભંગ;નિરાશા. [Same as dispatch.

Des-patch,(ડેસ્પેચ્')vt. [L.de & spatior,I go.]

Des-pe-rado,(ડેસ્પેરે'ડો)n.A desperate fellow a reckless ruffian:સાહસિક;સાહસી;મરણીઓ.

Despe-rate,(ડેસ્'પેરેટ્)a.1.Hopeless:નિરાશ.2. Reckless:સાહસિક.

Des-pe-ration,(ડેસ્પેરે'શન્)n.1.A giving up of hope:નાઉમેદી;આશાભંગ.2.The state of despair:નિરાશાપણું.

Despic-a-ble,(ડેસ્'પિકેબલ્)a.Mean;vile;worthless:નીચ;હલકું; દમડીનું;કોડીનું;ટકાનું; પાજી; ક્ષુદ્ર.

De-spise,(ડીસ્પાઇઝ્')vt.[L.de & specio,I look.] 1. To scorn; to disdain:હલકું-તુચ્છ-નીચ-ગણવું; અવગણના-અનાદર-તિરસ્કાર કo.

De-spite,(ડીસ્પાઈટ્')n.1.Malignity:ખાર;અદાવત;દ્વેષ.vt. To vex:ચીડવવું;સતાવવું. prep.In spite of:એમ છતાં; છતાં.

De-spiteful,(ડીસ્પાઈટ્ફુલ્)a.Malicious;malignant:દ્વેષી;ખારીલું;ડંશીલું; ખુની;દ્રોહી;કપટી;કીનાખોર.

De-spoil, (ડીસ્પોઈલ્') vt [L. de & spolium, spoil.] To strip;to rob:નું લઈ-લુંટી-હરણ કo. n. Despoliation:નું લુટી-હરી લેવું તે.

De-spound,(ડીસ્પોન્ડ્')vi. [L. de & spondeo,I promise.]To give up;to lose courage:આશા છોડવી.n.Despondency: નિરાશા;નાઉમેદી.

De-sponden-cy,(ડીસ્પોન્ડ્'એન્સિ)n. Abandonment of hope;discouragement:નાહિંમત;નિરાશા;નાઉમેદી.[spondence:નાહિંમત;નિરાશ;નિરુત્સાહી

De-spondent,(ડીસ્પોન્ડ્'એન્ટ્)a. Given to de-

De-sponding,(ડીસ્પોન્ડ્'ઇન્ગ્)a.Discouraging: નાહિંમત કરતું;નિરાશ કરતું.

Despot,(ડેસ્'પોટ્)n. [Gr despotes.]1.An absolute sovereign:કુલ અખ્તિયાર ભોગવનાર રાજા.2. A tyrant:જુલમી રાજા.

Des-potic,-c-al, (ડેસ્પોટ્'ઇક્-કલ્)a. Absolute in power;tyrannical;arbitrary:કુલ અખ્તિયારી.

Des-pot-ism,(ડેસ્'પોટિઝ્મ)n.1.Absolute control:કુલ અખ્તિયાર; અપ્રતિબંધસત્તા; સ્વતંત્રતા. 2. An arbitrary government: જ્યાં રાજા પોતાની મરજીમાં આવે તેમ ચાલી શકે છે એવું રાજ્ય.

De-ssert, (ડેઝર્ટ્)n [Fr.de & servio,I serve] A service of fruits or sweetmeats, at the close of an entertainment:મુખવાસ.

Des-tin-ation, (ડેસ્ટને'શન્)n. 1 Predeter-

mined end:આગળથી ધારી મુકેલી વાત. 2.Place or point aimed at:ધારેલી જગા.

Destine,(ડેસ્'ટિન)*vt.*[L.*de*&*sto*,I stand.]1.To ordain;to allot;to doom:નક્કી કo;ઠેરવવું;નિર્માણકo.

Destined,(ડેસ્'ટિન્ડ્)*a.*Ordained;allotted:નક્કી કરેલું; ઠેરવેલું;નિર્મેલું;નિર્મિત.

Desti-ny,(ડેસ્'ટિનિ)*n.* 1.Fate:નિર્માણ;બ્રહ્મલેખ; કર્મફળ;પ્રારબ્ધયોગ. 2. Fixed order of things; fate:નશીબમાં લખેલી વાત:ભવિષ્ય.

Desti-tute,(ડેસ્'ટિટ્યૂટ્)*a.*1. In want;devoid: વિનાનું;હીન. 2. Needy:તંગીવાળું;ગરીબ. *vt.* To leave deserted:તજવું.

Des-ti-tution,(ડેસ્ટિટ્યૂ'શન્)*n.* Deprivation; lack; poverty;utter want:હીનતા;અભાવ;તંગી.

De-stroy, (ડીસ્ટ્રોઇ')*vt.* [L.*de* & *struo*,I build.] 1. To pull down;to demolish:પાડી-ભાંગી-તોડી નાખવું.2.To ruin:નાશ કરવો.3.To kill:મારી નાo.

De-stro-yer,(ડીસ્ટ્રોઇ'અર્)*n.*One who destroys or kills:નાશ કરનાર;મારનાર;સંહાર કરનાર.

De-structi-ble,(ડીસ્ટ્રક્'ટિબલ્)*a.* Capable of being destroyed:નાશ પામે એવું;નાશવંત.

De-struction,(ડીસ્ટ્રક્'શન્)*n.* 1. Demolition; devastation:સંહાર; ક્ષય; નાશ. 2.The state of being destroyed:સત્યાનાશ.

De-structive,(ડીસ્ટ્રક'ટીવ્)*a.*Ruinous;pernicious; fatal:પાયમાલ-તારાજ-નાશ-નુકશાન કરે એવું; જીવ લે એવું;ભંજક;નાશકારક; નાશક.

Desue-tude, (ડેસ્'વીટ્યૂડ્)*n.*[L.*de* & *suesco*,I am accustomed.]The cessation of use; disuse:ઉપયોગ-ચાલ-વહીવટ નિકળી જવો તે.

Desul-to-ry, (ડેસ્'અલ્ટોરિ)*a.* [L.*de*, *salio*, I leap.]Disconnected;immethodical;aimless: મોહો માથા વગરનું;જેમ તેમ કહેલું;અવ્યવસ્થિત;અસ્થિર.

De-sume,(ડીસ્યૂમ્')*vt.*[L.*de* & *sumo* I take.] To take from;to borrow:-ની પાસેથી લેવું;ઉછીનું-ઉધાર લેવું.

De-tach,(ડીટૅચ્')*vt.*1. To part:છૂટું પાડવું.2.To separate from a special object: અમુક-મુકરર બાબત-ઉપયોગમાંથી છૂટું-જુદું પાડવું-કo.

De-tached,(ડીટૅચ્ડ્)*a.*Separate;unconnected: છૂટું છૂટું;જુદું જુદું;પૃથક્;ભિન્ન;અલગ.

De-tachment,(ડીટૅચ્'મેન્ટ્) *n.* 1.The act of separating:જુદું-છૂટું પાડવું તે. 2.The state of being separated:છૂટું-જુદું થવું તે;વિભાગ;વિયોગ. 3.A body of troops:લશ્કરની ટુકડી.

De-tail,(ડીટેલ્')*vt.*To relate in particulars: વિગતવાર કહેવું.2. To appoint for a particular service as an officer or a troop:લશ્કર-સરદારને કોઇ અમુક કામગિરી ઉપર મોકલવો-નિમવો. *n.* A particular:વિગત;તપસીલ.*In* d.:સવિસ્તર;વિગતવાર.

De-tain,(ડીટેન')*vt.*[L.*de* & *teneo*,I hold.]1. To withhold: અટકાવી રાખવું. 2. To restrain from proceeding:આગળ જતાં-વધતાં રોકવું.3.To hold in custody:કેદખાનામાં રાખવું.

De-tainment,(ડીટેન્'મેન્ટ્)*n.*The act of detaining;detention:રોકાણ;અટકાવ.

De-tect,(ડીટેક્ટ્')*vt.*[L.*de* & *tago*,I cover.]1. To find out:શોધી કાઢવું.2. To accuse:તોહોમત મૂકવા.

De-tection,(ડીટેક્'શન્)*n.* The act of detecting;discovery:શોધ;તપાસ;ભાળ;ખોળ.

De-tective, (ડીટેક્'ટિવ્) *a.* Fitted or skilled in detecting:શોધી-પકડી કાઢવાને લાયક;-માં ચતુર. *n.*A policeman whose business is to detect rogues secretly:છૂપી પોલીસ; ડીટેક્ટીવ.

De-tention,(ડીટેન્'શન્)*n.*1.The act of detaining or holding back:ન આપવું-અટકાવી રાખવું તે. 2.Confinement;restraint;delay:નજર કેદ.

De-ter,(ડીટર્')*vt.*[L.*de* & *terreo*,I frighten.] To prevent:અટકાવવું;રોકવું;ખાળવું.

De-terge,(ડીટર્જ્') *vt.* [L.*de* & *tergeo*,I rub.] To cleanse;to purge away as foul matter: લુછી સાફ કo;મેલ કાઢી નાંખવો.

De-tergent,(ડીટર્જ્'એન્ટ્)*a.* Cleansing;purging:મેલ કાઢે-સાફ કરે એવું. *n.* A medicine that has the power of cleansing: મેલ કાઢે-સાફ કરે એવી દવા;જુલાબ.

De-teri-o-rate,(ડીટી'રિઑરેટ્)*vt.*[L.*deterior*, worse,]To make worse:બગાડવું. *vi.*To grow worse;to degenerate:બગડવું;ખરાબ થવું.

De-teri-o-ration, (ડીટી'રિઑરે'શન્)*n.* The state of growing worse:વિકાર;અપભ્રંશ;અધોગતિ.

De-termin-ate, (ડીટર્'મિનેટ્)*a.*1.Established:મુકરર.2.Positive:શક ન રહે એવું.3.Resolute: દૃઢ;નિશ્ચયવાળું.*vt.*To bring to an end:છેડો-અંત આણવો.

De-termin-ation,(ડીટર્'મિને'શન્)*n.*1.The act of determining:નક્કી-નિર્ણય કo તે.2.Bringing to an end:અંત-છેડો આણવો તે. 3.Purpose:વિચાર;નિશ્ચય.

De-termine,(ડીટર્'મિન્)*vt.*[L.*de* & *terminus*, an end.]1.To fix the boundaries of:-ની હદસીમા બાંધવી.2.To bring to an end: અંત આણવો.3.To regulate:-નો તોડ-ફડચો કo.4.To fix the course of:-નું નક્કી કo.5.To find out the specific name of:-નું ચોકસ નામ શોધી કાઢવું.6. To resolve on to have a fixed intention of:-નો વિચાર-ઇરાદો કo;મન સાથે નક્કી કo.

De-termined, (ડીટર્'મિન્ડ્) *a.* Resolved on; definitely ascertained:દૃઢ નિશ્ચય સંકલ્પનું-નિશ્ચિત;વજ્ર સંકલ્પી;ધીર;ધીટ.

De-test, (ડીટેસ્ટ્')*vt.* [L.*de* & *testor*, I call to witness.]To loathe;to abhor:ધિક્કારવું; -નો ધિક્કાર કરવો;તિરસ્કાર કરવો.

De-testa-ble,(ડીટેસ્ટ્'અબલ)*a.* Abominable

ધિક્કારવાલેગ-ગુસ્સો આવે એવું.[ધિક્કાર કરવો તે;ધિક્કાર.

De-tes-tation, (ડીટસ્ટૅ'શન)*n.* Abhorrence:

De-throne, (ડીથ્રોન') *vt.* [L. *de* & *thronus*, throne.]To depose:ગાદી-તખ્ત-સિંહાસન ઉપરથી કાઢી-ઉઠાડી મુકવું;રાજ્યભ્રષ્ટ કરવું.

De-thronement, (ડીથ્રોન'મેન્ટ્) *n.* Removal from a throne:રાજ્યભ્રષ્ટતા;રાજ્યભ્રંશ.

Deti-nue,(ડેટિન્યૂ) *n.* A person or thing detained:અટકાવેલો માણસ-ચીજ.

De-tonate,(ડે'ટોનેટ્)*vt.*[L.*de* & *teno*,I thunder.]To cause to explode:ફોડાવવું;ફોડવું;ભડકવું.

De-tort,(ડેટૉર્ટ્')*vt.* [L.*de* & *torqueo*,I twist.] To pervert;to wrest:ફેરવવું;લપેટવું;વળ દેવો.

De-tour,(ડીટુર્')*n.*[L.*dis* & *tour*.]A turning: ચક્કર;ફેરો;ચકરાવો;ફેરાવો.

De-tract,(ડીટ્રૅક્ટ')*vt.*[L.*de*&*traho*,I draw.]1. To take away:લેઇ લેવું;ઓછું ક૦.2.To defame: માન-આબરૂ ઓછી ક૦.

De-traction,(ડીટ્રૅ'શન)*n.*1.The act of taking away or withdrawing:હલકું પાડવું-ઓછું ક૦ તે.

De-tractive,(ડીટ્રૅક્ટ'ઇવ્)*a.*Tending to detract:માનભંગ કરવું;વખોડવું;નિંદક.

Detri-ment,(ડે'ટ્રિમેન્ટ્)*n.*[L.*de* &*tero* I rub.] 1.Mischief;harm;damage:નુકસાન;હાનિ. 2. A charge:ખરાજાત;ચઢતર. *vt.*To hurt:ઈજા-નુકસાન ક૦.

De-tri-mental, (ડેટ્રિમેન્ટ્'અૅલ્)*a.* Injurious; hurtful:નુકશાન પહોંચાડે એવું; નુકશાન હાનિકારક.

De-trition,(ડીટ્રિ'શન)*n.*[L.*de* & *tero*,I rub.]A wearing off or away:ઘસારો;ઘસાઇ જવું તે.

De-tritus,(ડીટ્રાઇટ્'અસ્)*n.*A mass of substances worn off from solid bodies: નક્કર પદાર્થ ઘસવાથી પડેલો કચરો.

De.tur-bation,(ડીટર્બે'શન)*n.*The act of deturbating;degradation:હલકું પાડવું તે;માનભંગ.

De-turpate,(ડીટર્'પેટ્)*vt.*[L.*de*&*turpis*,ugly.] To defile:ખરાબ-અપવિત્ર ક૦;ભ્રષ્ટ ક૦.

Deuce,(ડ્યૂસ્) *n.* [L. *dusis*, armor.] An evil spirit; the devil:ભૂત; પિશાચ. 2. Two;a card with two spots:દુરી;દુઓ.

Deu-ter-oga-my, (ડ્યુટરૉગ્'અૅમિ)*n.*[Gr *deuteros*, second,& *gamos*, marriage.]A second marriage, after the death of the first husband or wife:પહેલી પરણેલી સ્ત્રી અથવા પુરુષના મરણ પછી બીજીવાર કરેલું લગ્ન;બીજું પુનરલગ્ન.

De-vast,(ડેવૅસ્ટ્')*vt.*[L.*de* & *vastus*,waste.]To lay waste;to plunder:ઉજ્જડ ક૦;લુંટવું.

Devas-tate,(ડે'વૅસ્ટેટ્)*vt.*[L *de*&*vasto*,I waste.]To desolate:ખરાબ ક૦;મેદાન-વેરાન કરી મુકવું.

De-vas-tation,(ડેવસ્ટે'શન)*n.*The act or state of devastating:ખરાબી;પાયમાલી;વેરાની;નાશ.

De-velop,(ડીવેલ્'અપ્)*vt.*[L. *de*&*volvo*,I roll] 1.To go through a process of outgrowth: ખીલવું.2.To be formed by natural growth: કુદરતિ ઉત્પત્તિથી બનવું-પેદા થવું;પક્વાવસ્થામાં આવવું.

De-velop-ment,(ડીવેલ્'અપ્મેન્ટ્)*n.*1.The act of disclosing or the state of being disclosed that which is unknown: જે અજાણ્યું હોય તે જાણીતું-ખુલ્લું-સ્પષ્ટ ક૦ તે.

De-vergence-cy,(ડીવર્'જેન્સ્;ડીવર્'જેન્સિ)*n.* A receding from each other in radiating lines: ઢોળાવ;ઉતરાણ;ઢાળ.

De-vex,(ડીવેક્સ્')*a.*[L.*de* & *veho*,I carry.]Bending down;sloping:નીચું નમવું;વાંકું વળવું.;ઢળવું.

Devi-ate,(ડી'વિએટ્)*vi.*[L.*de* & *via*,way.] To err;to wander;to go out of one's path:માર્ગ મુકીને આડા જવું. *vt.* To cause to deviate:માર્ગ મુકીને આડા કાઢવું.

De-vi-ation,(ડીવિએ'શન)*n.*1. The act of deviating: રસ્તો મુકી આડું જવું તે. 2. An act of sin:પાપનું કર્મ;અપરાધ;ભુલ;ચૂક.

De-vice,(ડીવાઇસ્')*n.* [L. *divido*,I separate.] 1.A contrivance:યુક્તિ.2.An invention:બનાવટ

Devil,(ડે'વિલ્)*n.*1.Satan:શેતાન;પિશાચ. 2.An evil spirit: દૈત્ય;ભુત. 2. A machine for cutting rags,cotton,&c.:ચિંથરાં-સુતર વિગેરે કાપવાનો સંચો;કાતર. 3.A very wicked person:ઘણો ક્રુર નઠારો માણસ. D's *dealer*:ભુવો. *To play the* d.*with*,to ruin:નાશ ક૦;ખરાબ ક૦.

Devil-ish,(ડે'વિલિશ્)*a.* Diabolical:ભુત સંબંધી; સેતાન જેવું;અતિદુષ્ટ.

Devi-ous,(ડી'વિઅસ્)*a.*[L. *de* & *via*,way-]1. Out of a straight line;winding:આડું;વાંકું ચુકું.

De-visa-ble, (ડીવાઇઝ્'અબલ્) *a.* 1. Capable of being devised or contrived: કલ્પના કરવાજોગ.2.Capable of being given by will:વારસામાં આપવા સરખું.

De-vise,(ડીવાઇઝ્')*vt.*[L.*divido*,I divide.]1.To invent; to contrive: શોધી-વિચારી કાઢવું. 2. To give by will: વસિયતનામું કરીને આપવું. *vt.* To contrive:શોધવું *n.*1. The act of giving real estate by will: વિસિયતનામાથી સ્થાવર મિલ્કત આપવી તે.2.A will of real estate:સ્થાવર મિલ્કતનું વસિયતનામું.

Dev i see,(ડેવાઇઝી')*n.*[*Law.*]One to whom real estate is given by will: જેને વસિયતનામાથી સ્થાવર મિલ્કત મળી છે તે. [કાઢનાર-રચનાર.

De-viser,(ડીવાઇઝ્'અર્)*n.*An inventor: તદબીર

De-visor, (ડીવાઇઝ્'અર્) *n.* (*Law.*) One who gives real estate by will:વસીઅતનામું કરી આપનાર

De-void,(ડીવૉઇડ્')*a.*1.Void;empty; vacant: ખાલી;પોકળ;ફોકટ.2.Destitute:વિનાનું,રહિત;હીન; શૂન્ય;નિરાળું;વેગળું.

De-volution,(ડીવૉલ્યુ'શન)*n.* Removal from one person to another: એક પાસેથી બીજા પાસે

જવું-ના હાથમાં આવવું તે.

De-volve,(ડીવૉલ્વ્')*vt.*[L.*de*&*volvo* I roll.]1. To roll onward or downward:ઉતરવું. 2. To hand over:હાથોહાથ આપી દેવું.*vi.*To be handed over or down:ના હાથમાં આવવું.

De vote,(ડીવોટ્')*vt.*[L.*de* & *voveo*,I vow.]1. To dedicate:અર્પણ ક૦.2.To give up wholly: મચવું-મચ્યા રહેવું. [પરાયણ;આસક્ત;તલ્લીન;હિત.

De-voted,(ડીવોટ્'એડ્)*a.*Addicted:સોંપી દીધેલું;

Dev-o-tee,(ડેવોટી')*n.*1. One who is wholly devoted:વૈરાગ;ભક્ત;સંત;પુનરી.2.A bigot:ધર્માંધ.

De-votion.(ડીવો'શન્)*n.*1.The state of being devoted:એક નિષ્ઠા.2.Act of devoutness; manifestation of strong attachment:ભક્તિ;સેવા. 3.An object of devotion:જેની પૂજા-ભક્તિ કરાય છે તે;મૂર્તિ.

De-votion-al,(ડીવો'શનલ્) *a.* Pertaining to devotion;suited to devotion:ભક્તિ- પૂજા સંબંધી.

De-vour,(ડીવાઉર્')*vt.*[L.*de*&*voro*,I eat whole.] 1.To eat greedily:ખઉં ઉતાવળથી ખાઈ જવું.

De-vout,(ડીવાઉટ્')*a.*1.Pious;reverent:ભાવિક; પરમભક્તિવાળું-વાન; પરમધાર્મિક. 2. Expressing devotion or piety:ઇશ્વરનિષ્ઠ હોય એવું.

Dew, (ડ્યૂ) *n.* Moisture deposited on the ground from the atmosphere: ઓસ; ઝાકળ.

Dew-lap,(ડ્યૂ'લૅપ્)*n.*1.The flesh that hangs from the throats of oxen or cows:બળદ-ગાયને ગળા નીચે જે માંસ લટકતું હોય છે તે.[ઝાકળનું ભરેલું.

Dewy,(ડ્યૂ'ઈ)*a.*1. Dewlike: ઝાકળ-તુષારના જેવું;

Dexter,(ડેક્સ્'ટર્)*a.*Right:જમણું.

Dex-teri-ty,(ડેક્સ્ટેરિટિ)*n.*[L.*dexter*, right hand.]1.Physical activity and skill:શરીરની -શારીરિક ચાલાકી-ચપળતા-હોશિયારી-ખબરદારી. 2. Quickness and skill:ખબરદારી;કુશળતા.

Dexter-ous-trous,(ડેક્સ્'ટરસ્-ડેક્સ્'ટ્રસ્)*a.*1. Skilful and active with the hands: હાથની ચાલાકી-ચતુરાઈનું;ચપળનું;ચંચળ.2.Expert: ખબરદાર;3.Skilful:ચતુરાઈથી કરેલું.

Di-a-betes,(ડાઇઍબી'ટીઝ્)*n.*A disease attended with excessive discharge of urine: સાકરિયો પરમિયો;મૂત્રાતિસાર;પેશાબમાં સાકર જાયતે.

Di-abolic-al,(ડાયઍબૉલ્'ઇક્-કલ્)*a.* [Gr.*diabolos*,the devil.] Devilish;infernal:શેતાનના જેવું.

Dia-dem,(ડાઈ'ઍડેમ્)*n.*[Gr.*dia*,throughout, & *deo*,I bind.]1.An ornamental head-fillet; a crown:રાજમુગટ;માથાનો મુગટ;મુગટ.

Di-ag-nosis,(ડાઇઍગ્નો'સિસ્)*n.*[Gr.*dia*, through &*gignosko*,I know.]1.The determination of a disease by means of distinctive marks:ચિકિત્સા;રોગનિદાન. 1; Scientific determination of any kind: કોઈ જાતનો શાસ્ત્ર નિયમાનુસાર-શાસ્ત્રાનુસાર નિશ્ચય-ઠરાવ.

Di-agon-al,(ડાઇઍગ્'ઑનલ્)*a.*[Gr.*dia*,through & *gonia*,an angle.]Crossing at an angle with one of the sides:ત્રાંસું;કોણ;ત્રાંસુ.

Dia-gram,(ડાઇ'ઍગ્રૅમ્)*n.* [Gr.*dia* & *grapho*,I describe.]1. A figure made to illustrate a statement:સિદ્ધાંતસિદ્ધ કરી બતાવવાને કાઢેલી આકૃતિ.

Dial,(ડાઇ'ઍલ્)*n.*[L.*dies*,day.]1.An instrument for measuring time by the sun's shadow: શંકુયંત્ર;ઘડી.2.A mariner's compass:ખલાસીનું હોકાયંત્ર.

Dia-lect,(ડાઇઍ'લેક્ટ્)*n.*[Gr.*dia*&*lego*,I speak.] 1.Language:ભાષા.2.A branch of a language: બોલી;દેશભાષા.

Di-a-lectic,-al,(ડાઇઍલેક્'ટિક્-કલ્)*a.*1.Pertaining to dialect:ભાષાનું.2.Logical:તર્કશાસ્ત્ર વિષેનું.

Dia-lectics, (ડાઇઍલેક્'ટિક્સ્) *n.*That branch of logic which treats the mode of reasoning:ન્યાય;ન્યાયશાસ્ત્ર;તર્કશાસ્ત્ર.

Dia-lec-tician,(ડાઇઍલેક્ટિ'શન્) *n.* A logician;a reasoner:ન્યાયશાસ્ત્રવેત્તા;ન્યાય જાણનાર;નૈયાયિક.

Dia-logue,(ડાઇ'ઍલૉગ્)*n.* [Gr. *dia* & *lego*, I speak.] 1. A conversation between two or more persons:બે અથવા વધારે માણસો વચ્ચે વાતચીત,સવાલ જવાબ,સંવાદ. *vi.*To discourse together;to confer:સવાલ જવાબ-સંવાદ ક૦.

Di-amet-er,(ડાઇઍમ્'એટર્)*n.* [Gr.*dia* & *metron*, measure.] 1. A straight line which bisects the chords drawn in a curve parallel to a tangent at its vertex: વ્યાસરેખા. 2. Width:પહોળાઈ.

Di-a-metric,-cal. (ડાઇઍમેટ'રિક્-કલ્)*a.*1.Relating to a diameter:વ્યાસનું;વ્યાસરૂપી. 2. Directly adverse:તદ્દન વિરુદ્ધ-ઊલટું.

Di-ametric-al-ly,(ડાઇઍમેટ્'રિકલિ)*adv.* Directly:બેશક;તદ્દન;ખરેખર;શુદ્ધ;સિદ્ધુ.

Dia-mond, (ડાઇ'ઍમન્ડ્)*n.*[Gr.*a*,and *damao*, I subdue.]1. A gem:હીરો. 2. One of a suit of cards:ગંજીફાનાં ચોકડીનાં પાનાં;ચોકડી. 3. The smallest kind of type used in English printing:ઇંગ્રેજી છાપવામાં આવતું એક જાતનું નાનામાં નાનું બીબું;ઝીણા ટાઇપ.D.*bit*,હીરાકણી.

Dia-per, (ડાઇ'ઍપર્) *n.* Figured linen cloth: શણનું ચિત્ર-ચિત્રામણવાળું કપડું.*vt.*To variegate with figures:તરેહ-બુટ્ટા-ચિત્ર કરવાં. *vi.*To draw figures,as upon a cloth:કપડાંપર બુટ્ટા-તરેહ કરવી.

Di-aphan-ous, (ડાઇઍફ્'અનસ્) *a.* [Gr. *dia*, through & *phaino*, I show.] Pellucid; transparent;clear:પારદર્શક;સ્વચ્છ;નિર્મળ.

Dia-pho-retic,(ડાઇ'ઍફોરેટ''ઇક્)*a* Having the power to increase perspiration in fever: તાવમાં પરસેવો લાવનારી દવા; પરસેવો વધારવાની જેનામાં શક્તિ હોય એવું.

Dia-phragm,(ડાઇ'અફ્રૅમ્)*n.*[Gr.*dia* & *phrasso*, I fence.]1.A thin partition:પાતળો આંતરો-પડદો. 2. A muscle separating the chest; the midriff:પેટ અને છાતીને જુદાં કરનારો પડદો.

Di-a-rrhœa,(ડાઇઅરી'અ)*n.*[Gr.*dia* & *rheo*,I flow.] Purging:અતિસાર; સંગ્રહણી.

Dia-ry, (ડાઇ અરિ)*n.*[L.*dies*,a day.]A journal; a daily record:દિનચર્યા;લેખ પોથી; નિત્ય નોંધ.

Dia-tribe,(ડાઇ'અટ્રાઇબ્)*n.*[L.*diatriba*,a learned discussion.] (*a*)A continued discourse: ટાહ્યલું;સંવાદ. (*b*)A strain of reproach:ઠપકો.

Dia-trib-ist,(ડાઇ'અટ્રાઇબિસ્ટ્)*n.* The author of a diatribe:વાદવિવાદ-સંવાદ-ટહાયલું કરનાર.

Dibble, (ડિબ્'બ્લ્)*n.*A pointed hand instrument:હાથાવાળું અણીદાર હથિયાર; કુરપી. *vt.* To plant with a dibble:કોદાળીથી ખોદીને વાવવું.

Dice, (ડાઇસ)*n.Pl.*of **die.**1.(*a*) Small cubes used in gaming:રમવાના પાસા.(*b*)A game:એક જાતની (પાસે રમવાની) રમત; જુગાર.

Di-cephal-ous,(ડાઇસેફ્'અલસ્)*a.*Having two heads on one body:એક ધડ ઉપર બે માથાવાળું.

Dictate, (ડિક્'ટેટ્)*vt.*[L.*dico*,I say.]1.To utter so that another may write down:લખાવવું;ઉતરાવવું.2.To command: ઉપરીપણાથી હુકમ કરીને કહેવું. [આજ્ઞા;હુકમ;ફરમાન; પ્રેરણા; સૂચના.

Dictate,(ડીક્' ટેટ્)*n.*A command;a direction:

Dic-tation,(ડીક્'ટેશન્)*n.*The act or practice of prescribing:બોલીને લખાવવું તે.

Dictat-or,(ડીક્'ટેટર્)*n.*1 One who dictates:લખાવનાર;હુકમ આપનાર. 2. One invested with absolute authority:કુલ અધિકારી.

Dicta-tori-al, (ડીક્'ટટો"રિઅલ્)*a.*1. Absolute; unlimited:કુલ;અપ્રતિબંધ. 2.Imperious;overbearing:અભિમાની હોય એવું.

Diction,(ડિક્'શન્)*n.* [L.*dico*,I say.]Choice of words;mode of expression;language:શબ્દોની પસંદગી;શબ્દ પાડવાની રીત:ઇબારત;શૈલી;ભાષાસરણી.

Diction-ari-an, (ડિક્શનૅ'રિઅન્) *a.* One who constructs a dictionary:શબ્દ સંગ્રહ બનાવનાર; કોષકર.[bulary:શબ્દકોષ;શબ્દસંગ્રહ;શબ્દનો કોષ;ગ્રંથ.

Diction-a-ry,(ડિક'શનરિ)*n.*A lexicon;a voca-

Dictum,(ડિક્'ટમ્)*n. pl.***Dicta.**[L.*dico*,I say.] 1. An authoritative assertion:વચન. 2. A judicial opinion expressed by judges on points that do not necessarily arise in a case:મુકદ્દમામાં મુદ્દાની બાબત ન હોય તેનો ચુકાદો.

Did, (ડિડ્) *Pret.* of do:કર્યું.

Di-dactic-o-al, (ડિડૅક્'ટિક્ ડિડૅક્'ટિકલ્)*a.* [Gr. *didasco*, I teach.] Intended to instruct: બોધ-ઉપદેશ કરવાને યોજેલું.

Dido,(ડાઇ'ડો)*n.*(*a*)A trick:મશ્કરી.(*b*)An antic: અળવીતરાઇ;ફાંકાબાજ માણસ. (*c*) A caper;ઝલંગ;કૂદકો.

Die, (ડાઇ) *vi.*To cease to live;to expire:મરવું; દેહત્યાગ કરવો;પ્રાણ જવા. 2.To become imperceptible:જતા રહેવું. *To* **d.** *in the last ditch*,to fight till death:મરણ પર્યંત લડવું;કેસરિયાં કરવાં.*To* **d.***out*, to cease gradually:ધીમે ધીમે બંધ પડવું.

Die,(ડાઇ)*n.*1.A small cube used in gaming: પાસો. 2. A stamp for coining:સીક્કો પાડવાની મુદ્રા. *The* **d.**is *cast*:હવે તો જે બનવાનું હોય તે બને.

Diet, (ડાઇ'એટ્)*n.*[L. *dæta*,manner of living.] 1. Habitual food:ખાણું; ભોજન. 2. A deliberate convention;a council:મંત્રસભા;સભા. *vt.* To feed:જમાડવું;ખવાડવું.

Di-et-etic,-o-al,(ડાઇએટેટ્'ઇક્-કલ્)*a.*Pertaining to diet:પથ્ય પરહેજ સંબંધી;પથ્ય આહાર સંબંધિ.

Differ,(ડીફ્'ફર્)*vi.*[L.*dis* & *ferro*,I carry.] To disagree:જુદા પડવું; જેવા-સરખા નહોવું; પૃથક-ભિન્ન હોવું; તફાવત-ફેર હોવો.

Differ-ence, (ડિફ્'ફ્રેન્સ્)*n.* 1.Distinction:ફેર; તફાવત. *Slight* **d.**:ફેરફેર.2.The remainder left after deducting the one from the other: શેષ;બાકી.*vt.*To make different:ભેદ ગણવો.

Differ-ent,(ડિફ્'રેન્ટ્)*a.*1.Distinct:નિરાળું;જુદું. 2. Dissimilar;unlike:વિજાતીય.

Dif-fer-enti-a, (ડિફ્ફરેન્'શિઅ) *n.* (*Logic.*) *pl.* **differentiæ.** Specific difference:વિશેષ.

Diff-i-cult,(ડિફ્'ફિકલ્ટ્)*a.*[L *dis* & *facilis*,easy.] 1.Not easy:જડ; ક્લિષ્ટ; કઠણ; અઘરું;મેહેનતનું. 2. Austere; stubborn:કડક.

Diff i-cul-ty,(ડિફ્'ફિકલ્ટિ)*n.* 1.Hardness:મુશ્કેલપણું;મુશ્કેલી.2.An objection;a controversy: તકરાર;હરકત.

Dif-fide,(ડિફ્'ફાઇડ્) *vi.*[L.*dis* & *fido*,I trust.] To have no confidence; to distrust:ભરોસો ન રાખવો-હોવો.

Diffi-dence,(ડિફ્'ફિડેન્સ્)*n.*1.Distrust;want of confidence:ભરોસા-ખાત્રી ન રાખવી તે;અવિશ્વાસ. 2.Lack of self reliance:આત્મશ્રદ્ધા.

Diffi-dent,(ડિફ્'ફિડન્ટ્)*a.*1.Distrustful:ભરોસો-વિશ્વાસ ન કરે એવું. 2. Notself-reliant: પોતાની જાત માટે શંકિત રહેનાર.

Dif-fuse,(ડિફ્'ફ્યૂઝ્)*vt.*[L *dis*& *fundo*,I pour.) To pour out and spread:ફેલાવવું;પ્રસારવું;પસરાવવું; વિસ્તારવું. [ફેલાવો;વિસ્તાર;લંબાણ.

Dif-fuseness,(ડિફ્ફ્યૂ'ઝનેસ્)*n.*Copiousness:

Dif-fusi-ble, (ડિફ્ફ્યૂઝ'ઇબલ્) *a.* Liable to be diffused; diffusive:પથરાય-વિસ્તાર થાય એવું.

Dif-fusion,(ડિફ્ફ્યૂ'ઝન)*n.*Dissemination;extension;circulation:પ્રસાર;ફેલાવો;વિસ્તાર;પ્રચારણ

Dif-fusive,(ડિફ્ફ્યૂસ'ઇવ્)*a.* Extending;copious; diffuse:વ્યાપક;પ્રસરે ફેલાય એવું.

Dig,(ડિગ્)*vt imp.*&*p.p.***dug.**1.To turn up and throw up as the earth;to loosen:ખોદીને મ-

થઈ વગેરે ફેંકવું-નાખવું.2.To excavate:ખોદવું ક૦; ખોદીને ખાડો ક૦.3.To thrust;to poke:આંગળીઓ ઘોચવી;ગોદા મારવા. *vi.*To work with a spade;to do servile work:કોદાળીથી ખોદવું. *n.*A thrust:ધક્કો.

Di-gest,(ડિજેસ્ટ્')*vt.*[L.*dis*&*gero*,I bear.] 1.To arrange methodically:ગોઠવવું.2.To separate into neutrive elements;to turn into chyme: પાચન કરે એવા તત્વમાં ફેરવવું;પચવવું;પાચન ક૦.*vi.*1. To undergo digestion: પચવું; પાચન-હજમ થવું; જરવું.*n.* 1.A body of laws:કાયદાનો ગ્રંથ-સંગ્રહ.

Di-gesti-ble,(ડિજેસ્ટ'ઇબલ્)*a.* Capable of being digested:પચે-હજમ-પાચન થાય એવું; પચનીય.

Di-gestion,(ડિજેસ્ટ'યૅન)*n.*1.The act of digesting:પાક;પરિપાક.2.Conversion of food into chyme:પાચનક્રિયા.*Slowness of* d.: અગ્નિ મંદતા.

Di-gestive,(ડિજેસ્ટ'ઇવ્)*a.*Causing to digest; producing digestion:પાચન કરતું; પચાવે એવું. *n.* 1. (*a*) A tonic:ઢીવતનું ઓષડ. (*b*) A substance which promotes suppuration:પરુ વધારતો પદાર્થ. 2.That which aids digestion:પાચનને મદદગાર.

Digit,(ડિ'જિટ્)*n.*[L.*digitus.*] 1.A finger:આંગળી. 2. The measure of a finger's breadth; three fourths of an inch: એક આંગળીની પહોળાઈનું માપ;આંગળ;પોણોતસુ. 3. One of the ten figures or symbols: મીંડાથી માંડીને ૯ સુધીનો કોઈપણ આંકડો; મૂળ આંકડો. *vt.* To point out with the finger:આંગળીથી બતાવવું.

Digni-fi-cation (ડિગ્નિફિકેશન્)*n* [L.*dignus*, worthy and *facio*,I make.] The act of dignifying;exaltation:મહાન-મોટું દમામવાળું ક૦ તે.

Digni-fied, (ડિગ્'નિફાઈડ્)*a.*Suited to inspire respect; stately:પ્રૌઢ;ગૌરવવાળું;મ્હોટા રોબવાળું;

Digni-fy,(ડિગ્'નિફાઇ)*vt.*To make illustrious;to exalt in rank; to honor: મોહોટું પ્રતિષ્ઠિત ક૦.

Digni-ta-ry,(ડિગ્'નિટેરિ)*n.* One who possesses exalted rank:કુલીન પુરૂષ;ઉચી પદવીનો ધર્મગુરૂ.

Digni-ty,(ડિગ્'નિટિ)*n.*1.Elevation of mind or character:મ્હોટાઇ;પ્રભુતા;પ્રતિષ્ઠા;ગૌરવ;માહાત્મ્ય.2. Elevated rank;exaltation; high office; preferment:મ્હોટી પદવી.3.Loftiness:દબદબો; દાબ; દમામ. 4. Elevation; grandeur:પ્રતાપ; તેજ. *To stand upon one's* d.: પોતાના દરજ્જા કિંવા માન પ્રતિષ્ઠાનો મ્હેરો ફંકો રાખવો.

Di gress,(ડિગ્રેસ્')*vi.*[L.*dis*&*gradior*, I walk.] 1.To deviate:આડે રસ્તે જવું. 2.To turn aside from the right path:સિદ્ધા રસ્તામાંથી જતાં રહેવું.

Di-gression,(ડિગ્રે'શન્)*n.*1. A part of a discourse deviating from the main design: આડકથા;આડવાત;શાખા. 2. A turning aside from the right path:સિદ્ધા માર્ગમાંથી આડા જવું તે.

Dike,(ડાઇક્)*vi.*To dig:ખોદવું. *n.*1.A ditch:નહેર; પાણીનો માર્ગ. 2. A mould thrown up to prevent low lands from being innndated by the sea or a river:બાંધ;પાળ;પુસ્તો. *vt.* 1. To drain by a dike:બંધ-બાંધ વડે પાણી કાઢી નાખવું.

Di-lacer-ate,(ડાઇલૅ'સરેટ્)*vt.*[L.*dis* & *lacero*, I tear.]To separate by force:જોરથી જુદું ક૦.

Di-lapi-date,(ડિલૅ'પિડેટ્) *vt.*[L.*dis* & *lapis*,a stone.] 1. To bring into a condition of decay:ભાંગી-તોડી નાંખવું 2.To diminish by waste:વાપરી વાપરીને ઓછું ક૦.

Di-lapi-dated,(ડિલૅ'પિડેટેડ્)*a.* Decayed; destroyed:ભાંગી-તૂટી પડેલું;નાશ પામેલું;ખંડેર.

Di-lapi-dation,(ડિલૅ'પિડે'શન્)*n.*1.(*a*)The act of dilapidating: તોડી-ભાંગી પાડવું તે. (*b*) The state of being dilapidated:પાયમાલી;ખંડેર 2. (*Law*) The pulling down of a building: મકાન ઘરને જમીન બરોબર કરી નાંખવું-તોડી નાંખવું તે.

Di-lat ation,(ડાઇલેટે'શન્)*n.*1.Expansion:ફેલાવો;પ્રસાર.2.(*Surg.*)The enlargement of a canal:કોઇપણ શિરા કિંવા બીજી ઇંદ્રિયનો વિસ્તાર-ફેલાવો.

Di-late,(ડાઇલેટ્')*vt.*[L.*dis* & *latus*,wide.]1.To expand:ફૂલાવવું. 2. To enlarge upon: વિસ્તાર કરીને બોલવું.*vi.*1.To grow wide:પહોળું થવું;પ્રસરવું. 2.To speak copiously:વિસ્તાર કરીને બોલવું.

Di-lation,(ડાઇલે'શન્)*n.* [L. *dilatio.*] Delay: ઢીલ;વાર લગાડવી તે;વાર 2.Expansion:ફેલાવો.

Dila-to-ry,(ડિ'લેટોરિ)*a.*[L.*dis*&*latus*,carried.] 1. Delaying: ઢીલ કરતું. 2. Tardy:ઢીલું. 3. Intended to make delay:વાર લાગે એવું.

Dila-to-ri-ness, (ડિ'લેટોરિનેસ્)*n* Lateness; slowness; tardiness:મંદપણું;ધીમાપણું;ધીમાશ; સુસ્તી.

Di-lection,(ડિલેક્'શન્) *n.* [L. *dilecto.*] Love; [preference;choice:પ્રીતિ;પસંદગી.

Di-lemma,(ડિલેમ'મે)*n.* [L.*dis*,twice&*lemma*, an assumption.] 1. An argument which is equally conclusive:બેઉ તરફથી બરોબર રીતે બાંધીએ એવી તકરાર.2.A difficult choice or position:વિટંબના;આપદા;પંચસંકટ.

Di-le-ttante,(ડિલેટૅન્'ટે)*n.pl.***Dilettanti** An admirer of the fine arts; an amateur:સારરસિક હુન્નરોને વખાણનાર-પસંદ કરનાર વિદ્યાનો શોખી.

Dili-gence,(ડિલ્'ઇજેન્સ્)*n.* [L. *dis* & *lego*, I choose.] 1. Careful attention:મહેનત; ઉદ્યોગ; પરિશ્રમ. *To do one's* d., *give* d., *use* d., to exert one's self:પોતાની મેળે-જાતે યત્ન પ્રયત્ન ક૦.

Dili-gent, (ડિ'લિજેન્ટ્)*a.* 1. Painstaking;not careless:ખંતથી ધ્યાન-લક્ષ આપનારૂં.2. Industrious:મહેનતુ;ઉદ્યમી.[try:ઉદ્યોગ-ખંતથી;મેહેનતથી.

Dili-gent ly,(ડિ'લિજેન્ટ્લિ)*adv.*With indus-

Dil-li-dal-ly,(ડિલ'લિ-ડૅલ્'લિ)*vi.*To loiter or trifle:રસળવું;રમવું;નકામો વખત ગુમાવવો.

Di-lucid-ate,(ડાઇલ્યૂ'સિડેટ્)*vt.* [L.*dis* & *lux*,

light.]To make clear; to elucidate:સાફ ક૦.

Dilu-ent,(ડિલ્યુ'એન્ટ્) *a.* Making more thinner:વધારે પાતળું કરવું. *n.*That which thins or weakens: જે કાંઇ પાતળું બનાવે છે તે.

Di-lute,(ડિલ્યૂટ્) *vt.* [L. *dis* & *luo*, I wash.]1. To make more thin or liquid: વધારે પાતળું-પ્રવાહી નરમ-પોચું ક૦.

Di-lute-ted,(ડિલ્યૂટ્,-ડિલ્યૂટ'એડ્)*a.*Thin;reduced in strength:પાતળું;નરમ;કમજોર;નિર્બળ.

Di-lution,(ડિલ્યૂ'શન્)*n.* The act of diluting, or the state of being diluted:વધારે નરમ ક૦ તે.

Di-luvi-an, (ડિલ્યૂ'વિઅન્)*a.*Pertaining to a deluge:રેલને-રેલ આવી હોય તે વખતને લગતું.

Di-luvi-um, (ડિલ્યૂ'વિઅમ્) *n.*[L. *de* & *lavo*, I wash.] A deposit of superficial sand, pebbles, &c , caused by the action of the sea: દરિયાના પાણીના જોસથી ઘસડાઇ આવેલી રેતી.

Dim,(ડિમ્)*a.*1.Not bright: ઝાંખું. 2. Dull of apprehension:ઉપર ચોટીક દેખાય એવું. *vt.* 1. To darken:-નો પ્રકાશ-તેજ લઇ લેવું-જતું રહે એમ ક૦.

Di-mension,(ડિમેન'શન્)*n.*[L.*dis* & *metior*,I measure.] 1. Measure in a single line as length, breadth, height or thickness: એકજ લીટીમાંનું માપ;જેવું કે લંબાઇ,પહોળાઇ, ઉંચાઇ,જાડાઇ. 2.*pl.*Extent;size:કદ;વિસ્તાર;ક્ષેત્રફળ.

Di-minish,(ડિમિન'ઇશ્) *vt.* [L. *dis* & *minus*, less.]1. To lessen: ઘટાડવું;ઓછું ક૦. 2.To degrade:માનભંગ ક૦;નમાવવું. 3. To take away; to subtract:-માંથી લેઈ લેવું;કાપવું; બાદ-ઓછું ક૦. *vi.*To become or appear less or smaller: ઓછું-વધારે ન્હાનું દેખાવું.

Di-min ution, (ડિમિન્યૂ'શન્)*n.*1. The act of making less:ઓછું ક૦-ઘટાડવું તે.2.(*Law*)Omission or defect in a record: ખત લેખમાં ભૂલ-ખોટ કાંઈ લખ્યા વિના રહી જવું તે.

Di-minut-ive,(ડિમિન'યુટિવ્)*a.* 1. Of small size:નાના કદનું;ઝીણું.*n.*(*Gram.*) A derivative from a noun denoting a small or young object of the same kind:અલ્પાર્થ સાધિત નામ.

Di-misso-ry,(ડિમિસ્'સ૊રિ)*a.*[L.*dis* & *mitto*,I send.]1.Dismissing to another jurisdiction: પરવાનારૂપ;મોકલી દેતું 2. Granting leave to depart:જવાની રજા આપતું-આપનારું.

Dimi-ty,(ડિ'મિટિ)*n.* [Gr.*dis*,twice & *mitos*, a thread of the warp.]A kind of stout,white figured cotton cloth.એક પોતું સુતરાઉ કપડ.

Dimly,(ડિમ્'લિ)*adv.*Not brightly:અસ્વચ્છ-સાફ નહિ એવી રીતે; અસ્પષ્ટ રીતે.

Dim-ness,(ડિમ્'નિસ્)*n.*1.Lack of lustre: ઝાંખું હોવું તે;કમતેજ.2. Dullness of intellectual perception:મંદબુદ્ધિ;સમજશક્તિ.

Dimple,(ડિમ્'પલ્)*n.*A slight natural depression on the cheek or chin:ગાલ-ચાંગર હડપચી ઉપરનો ખેડો ખાડો. *vi.* To form dimples:ખાડો-ખંજન-કુમિત્ર પડવા.

Din,(ડિન્)*n.*A loud,stunning voice:શોરબકોર; ઘડાકો.*vt.*To stun with noise: અવાજથી કાન ફોડવા-બહેરા ક૦.

Dine,(ડાઇન્)*vi.*[L.*dis* & *jejunus*, fasting.]To take dinner:દહાડાનું મુખ્ય ખાણું ખાવું-જમવું.*vt.*To give a dinner to:-ને જમાડવું-ભોજન આપવું. *To d.with Duke Humphrey*,to go without dinner:ભૂખે મરવું. [ઘંટનો અવાજ:ટીંગ ટીંગ;ઘંટાનાદ.

Ding-dong,(ડિન્ગ્'ડૉન્ગ્)*n.*The sound of bells:

Dingle,(ડિન્ગ્'ગલ્)*n.*Valley:ખીણ.

Dingy,(ડિન્'જી)*a.*Sullied:કાળા-ધૂળના રંગનું.

Dinner,(ડિન્'નર્)*n.*1.The principal meal of the day:દહાડાનું મુખ્ય ભોજન.2. An entertainment:ઉજાણી;જમણ.

Dint,(ડિન્ટ્)*n.*1.A blow:ઝપાટો.2.The mark left by a blow:ગોબો;ઘા.3.Force:બળ.*vt.*To make a mark or cavity on,by blow:ઘાથી નિશાની ક૦.

Di-oces-an,(ડાઇઑસ'સૅન્) *a.* Pertaining to diocese: "બિશપ"ના વિષયને લગતું-સંબંધી.*n.*A bishop viewed in relation to his diocese: "બિશપ"નામનો ખ્રિસ્તી ધર્માધિકારી.

Dio-cese,(ડાઇ'ઑસિસ્)*n.*[Gr.*dia* & *oikos*, a house.]The circuit or extent of a bishop's jurisdiction:પાદરીની હકુમતની-સરહદનો મુલક.

Di-o-rama,(ડાઇઓરાં'મં)*n.*[Gr.*dia*& *horao*, I see.] 1. A mode of scenic representation: ચિત્ર જેવું હોય તેના કરતાં વધારે ભભકાદાર અને સરસ દેખાય એવી યુક્તિ-યંત્ર.

Dip,(ડિપ્)*vt.*1 To withdraw again;to plunge: બોળવું;ઝબોળવું. 2. To immerse for baptism: જળ સંસ્કાર-બેપ્ટિઝમને માટે બોળવું.3. To plunge or engage throughly in any affairs:કોઇ કામમાં પુરેપુરા ઉતરવું;માં સામેલ હોવું.*To d.the colors*:વાવટા નમાવીને પાછા ઠેકાણે મૂકવા.*vi.*To enter slightly or cursorily:ઉપલક ઉપલક જોવું.*n.*1. The action of dipping or plunging:ડુબકી.2. Gravy:સેરવો.3 A dipped candle:બોળેલી દિવેટ.

Diphthong,(ડિફ્'થૉન્ગ્)*n.*[Gr.*dis*&*pthongos*, sound.] Two vowels sounded together in one syllable:સંધિસ્વર;દ્વિસ્વર.

Di-ploma,(ડિપ્લો'મં)*n.pl.*[Gr.*diploos*, twofold.] A writing conferring some power, privilege,honor,&c:પદવી અધિકાર દાયક-પત્ર; સનદ;પરવાનો.

Di-ploma-cy,(ડિપ્લો'મસિ)*n.*The science or art of conducting negotiations between nations: પ્રજા વચ્ચે તહનામું કરાવવું તે;એલચીપણું. 2.Skill in securing advantages;tact:સ્વાર્થસિદ્ધિ કરવામાં કુશળતા ચાલાકી.

Dip-lo-matic,-c-al, (ડિપ્લોમૅટ્ઇક-ડિપ્લોમૅટ્ઇકલ) *a.*1. Furnished with a diploma: સનંદી.2. Consisting of envoys of state: રેસીડન્ટ-વકીલોનું બનેલું.3. Dexterous: ખબરદાર;કુશળ.

Di-plomat-ist, (ડિપ્લોમૅટિસ્ટ) *n.* A person skilled in diplomacy: કુશળ-બાહોશ એલચી.

Dipper, (ડિપ્'અર) *n.*1. One who or that which dips: ડુબાવનાર;બોળનાર.2. A vessel used to dip liquor: કડછી;કડછો;પળી.

Dire, (ડાઇર) *a.* [*L. dirus*] 1. Dismal; horrible; terrible: ભયાનક.2. Ill-boding: અપશુકનિયું;અમાંગલિક.

Di-rect, (ડિરેક્ટ) *a.* [*L. dis&rego*, I rule.]1. Straight: સીધું;પાધરૂં.2. Express: સાફ. 3. In a line of descent: પેઢીનું;અનુલોમ. 4 (*Astron.*) In the direction from west to east; not retrograde: પશ્ચિમથી પૂર્વ તરફનું. *vt.*1. To aim: તાકવું; નિશાન માંડવું. *To d. the eye*: નજર ફેરવવી.2. To regulate: કારભાર કરવો-ચલાવવો.3. To put upon the right track; to guide: ખરા-સીધા રસ્તા ઉપર મૂકવું;રસ્તે પાડવું.4. To instruct as a superior; to order: હુકમ-આજ્ઞા કરવી. *vi.* To point out a course: રસ્તો-માર્ગ બતાવવો.

Di-rection, (ડિરેક્'શન) *n.*1. Guidance: કારભાર; અમલ;વહિવટ.2. Order: હુકમ;આજ્ઞા. 3. Line or point of tendency: દિશા. 4. Board of directors: કારભાર ચલાવનારાઓ. *In all d.s*: ચારેપાસ.

Di-rectly, (ડિરેક્ટ્'લિ) *adv.*1. In a direct manner: સિધુ ને સિધુ;બારોબાર.2. Instantly; without delay: તરતજ;ઓગમેબ;તાબડતોબ.

Di-rectness, (ડિરેક્ટ'નેસ્) *n.* Straightness: પાધરા-સીધાપણું.

Di-rector, (ડિરેક્ટ'અર) *n.* A manager or superintendent: ઉપરી;કારભાર કરનાર;અધ્યક્ષ.

Di-rector-ate, (ડિરેક્ટરેટ્) *n.* A body of directors; the office of directors: કારભાર ચલાવનારાઓનું મંડળ.

Di-rec tori-al, (ડિરેક્ટો'રિઅલ્) *a.*1. Directive: રસ્તો દેખાડતું; હુકમ આપતું. 2. Pertaining to a director: સરકારભાર ચલાવનારને લગતું.

Di-recto-ry, (ડિરેક્'ટરિ) *n.*1. A collection of directions: આજ્ઞાસંગ્રહ ગ્રંથ.2. A book containing the names and residences of the inhabitants of a place: કોઈ ગામ-શેહેરના રહેવાશીઓનાં નામ, નિશાન-ઠેકાણું વિગેરેની યાદીનું પુસ્તક;ડાયરેક્ટરી.

Direful, (ડાઇર્ફુલ્) *a.* Dreadful; terrible: ભયંકર; ભયાનક.

Dirge, (ડર્જ) *n.* [*L. dirge.*] A funeral song: રોકકળનું ગીત;મરણ પ્રસંગનું ગીત;રાજીઆ.

Dirk, (ડર્ક) *n.* A kind of dagger: એક જાતની કટાર. *vt.* To stab with a dagger; to poniard: કટાર ભોંકવી. *a.* Dark: ઝાંખું; ઝાંખુ.

Dirt, (ડર્ટ) *n.*1. Any foul or filthy substance: મેલ;અશુચિ. 2. Meanness: અધમતા;હલકાઈ.

Dirti-ness, (ડર્'ટિનેસ) *n.* Filthiness; baseness; sordidness: મલિનપણું;મલિનતા.

Dirty, (ડર્'ટિ) *a.*1. Foul; filthy: મેલું.2. Sordid: નીચ;હલકું.3. Clouden: ઝાંખું;ધૂંધળું.4. Sleety; stormy: તોફાની. *vt.* To foul: ગંદુ-મેલું કરવું.

Dis-a-bili-ty, (ડિસબિલિ'ટિ) *n.*1. Deprivation of ability: અશક્ત-નિર્બળપણું.2. Want of legal capacity: અયોગ્યતા; નાલાયકપણું.

Dis-able, (ડિસે'બલ્) *vt.*1. To render unable: શક્તિહીન-અસક્ત કરવું. 2. (*Law.*) To deprive of legal right: યોગ્ય હક વિનાનું કરવું.

Dis-abuse, (ડિસ્અૅબ્યુઝ્') *vt.* To free from mistake: ભૂલ-ભ્રાંતિ કાઢી નાંખવી-દૂર કરવી.

Dis-ad-vantage, (ડિસ્અૅડ્વૅન્'ટેજ્) *n.*1. Unfavorable quality; circumstance: પ્રતિકૂળતા.2. Loss: ગેરફાયદો.

Dis-advan-tageous, (ડિસ્અૅડ્વૅન્ટે'જ્અસ્) *a.* Inconvenient; prejudicial: નુકસાનકારક;પ્રતિકૂળ.

Dis-af-fect, (ડિસ્અૅફેક્ટ્) *vt.*1. To diminish the affection of: નો પ્યાર-મમતા-ભાવ ઘટાડવો 2. To lack the affection for: ભાવ-પ્યાર ઓછો કરવો.

Dis-af-fected, (ડિસ્અૅફેક્ટ્'એડ્) *a.* Disliked; indisposed towards: નારાજ;બેદિલ; અસંતુષ્ટ;નાખુશી;વાંકું; પ્રતિકૂલ.

Dis-af-fection, (ડિસ્અૅફેક્'શન) *n.*1. Want of affection: નારાજપણું;અપ્રીતિ;અસંતોષ;બેદિલી.2. Disorder: ગેરબંદોબસ્ત;અવ્યવસ્થા.

Dis-af-firm, (ડિસ્અૅફર્'મ્) *vt.*1. To contradict: ના પાડવી-કહેવું.2. To refuse to confirm: નામંજૂર કરવું.

Dis-a-gree, (ડિસ્અૅગ્રી') *vi.*1. Not to agree: જુદા પડવું;મેળ ન આવવું 2. To differ in opinion: વિચાર-અભિપ્રાય-મતમાં જુદા પડવું.3 To be unsuited: માફક ન આવવું;પ્રતિકૂળ પડવું.

Dis-a-gree-able, (ડિસ્અૅગ્રી'અૅબલ્) *a.*1. Not agreeable; unsuitable: માફક-ગમતું ન આવે એવું. 2. Unpleasant: નાપસંદ;અરૂચિકર.

Dis-a-greement, (ડિસ્અૅગ્રી'મેન્ટ્) *n.*1. Dissimilitude: જુદાપણું; ભિન્નતા. 2. Difference of opinion: વિચાર-મતભેદ.3. A falling out: અણબનાવ;ફાટફૂટ;વિરોધ.

Dis-al-low, (ડિસ્અૅલાઉ') *vt.* To refuse to sanction: નામંજૂર કરવું.

Dis-al-lowance, (ડિસ્અૅલાઉ'અૅન્સ્) *n.* Refusal to admit; disapprobation: નાપસંદગી;નામંજૂરી.

Dis-ani-mate, (ડિસ્અૅન્'ઇમેટ્) *vt.*1. To deprive of life: મારી નાંખવું.2. To discourage: નાહિંમત કરવું;ઉત્સાહ ઓછો કરવો.

Dis-ap-pear, (ડિસ્અૅપીર્') *vi.* 1. To vanish from the sight: અદૃશ્ય-ગુમ અંતર્ધાન થઈ જવું. 2. To cease to be: બંધ પડવું;રહી જવું.

Dis-ap-pearance, (ડિસ્અૅપીર્'અૅન્સ્) *n.* Removal from sight; vanishing: લોપ;અદૃશ્યતા; અંતર્ધાન.

Dis-appoint, (ડિસ્અૅપોઇન્ટ્') *vt.* To deprive

of expectation or hope:આશાભંગ-નાઉમેદ ક૦. 2.To frustrate:ની ઉમેદ-આશાઉપર પાણી ફેરવવું.

Dis-ap-point-ed,(ડિસ્અૅપૉઇન્ટ્'એડ્)*a*.Defeated of expectation or hope:નિરાશ;આશાભંગ.

Dis-ap-point-ment,(ડિસ્અૅપૉઇન્ટ્'મેન્ટ્)*n*.1. The act of disappointing:નિરાશા;આશાભંગ.

E-cono-my,(ઇકોન'ઑમિ)*n*. [L.*œconomise*, or *oikos*,a house and *nomos* a law.]1.The management of domestic affairs:ઘર ખરચની વ્યવસ્થા.2.The pecuniary management of any undertaking,corporation:ત્રેવડ;કારભાર.*Political* **e.**:અર્થશાસ્ત્ર;રાજનીતિ શાસ્ત્ર.3.Thrifty and and frugal housekeeping:કરકસર.

Ecsta-sy,(એક્'સ્ટસિ)*n*.[Gr.*ek* aside and *statis*, a standing.]1.Excessive joy:અત્યાનંદ.

Ec-static,(એક્સ્ટૅટ્'ઇક્) *a*.1. Suspending the senses:સમાવિસ્થ.2.Rapturous:ખુશખુશ.

E-c-u-menic,-al(એક્યૂમેન'ઇક્,-કૅલ્)*a*.[L.*œcumenicus.*]General;universal:સામાન્ય;સાધારણ.

E-dacious,(ઈડે'શસ્)*a*.[L. *edase* from *edo* I eat.]Greedy;voracious:ઘણું ખાનારું.[ધરાપણું.

E-daci-ty,(ઇડૅસ્'ઇટિ)*n*.Voracity;rapacity:ખાઉ

Edder,(એડ્'ડર્)*n*.An adder or serpent:સાપ.*vt*. To make tight by edder:ખીટી કરવાને અણીવાળા લાકડાથી મજબૂત બાંધવું.

Eddy, (ઇડ'િ) *n*.1. A current of air or water running in a direction contrary to the main current:પાણીના પાછો મારતો ઓઘ. 2. A whirlwind:વંટોળીઓ.*vi*.To move as an eddy: વાવંટોળીઓ થવો.*vi*.To collect as into an eddy: ચકરમાં ફરવું.

Edge,(એજ્)*n*.[L.*acies*.Gr.*ake* a point.]1.The thin cutting side of the blade of instrument: ધાર;અણી.2. Margin:કોર;કિનારો;ધાર;કાંઠો;પાળ *vt*. To sharpen:ધાર ચઢાવવી.**E**.*away*:વહાણ અથવા કિનારાથી આઘા આઘા જવું. [કોરવાળું;ધાર-અણીદાર.

Edged,(એજ્ડ્)*a*.Having an edge:sharp:તીક્ષ્ણ;

Edging, (એજ્'ઇગ્) *n*. That which forms an edge:કોર;ઝાલર;સંજાબ-પ;મગજી.

Edgeless,(એજ્'લેસ્)*a*.Not sharp;blunt:બુઠું.

Edge-tool,(એજ્'ટૂલ)*n*. An instrument having a sharp edge:ધારવાળું હથિયાર.

Edge-wise,(એજ્'-વાઇઝ્)*adv*.In the direction of edge:ધાર આગળ કરીને; પાસું આગળ કરીને.

Edi-ble,(એડ્'ઇબલ્)*a*. [*edo*, I eat.] Fit to be eaten as food;esculent:ખાવા યોગ્ય;ભક્ષણીય.

Edict,(ઈ'ડિક્ટ્)*n*.[L.*e*.out & *dico*,I say.]A public command, or ordinance by sovereign power:રાજાનો હુકમ.*The* **e**.s.*of Asoke*:અશોકની આજ્ઞાઓ.

Edi-fi-cation,(એડ્'ઇફિકે"શન્)*n*. [L. *aedes*, a house and *facio*,I make.]1.The act of edifying;instruction in useful knowledge:જ્ઞાનવૃદ્ધિ.2.A building or edifice:ઈમારત; હવેલી.

Edi-fice,(એડ્'ઇફિસ્)*n*.A building; a fabric:ઇમારત;હવેલી;મંદીર;મહેલ;બાંધણી;ગૃહ;ઘર.

Edi-fy,(એડ'ઇફાઇ)*vt*.To build:બાંધવું.2.To teach or persuade:સમજાવવું.

Edi-fy-ing,(એડ્'ઇફાઇન્ગ)*a*.Instruction:જ્ઞાનવર્ધક.

Edit,(એડ'ઇટ્)*vt*.[L.*e*,and *do*,I give.] To conduct;to manage:ગ્રંથ-ચોપાનિયું વગેરે છપાવવાના અથવા પ્રગટ કરવાના કામ ઉપર ચોકસાઈ રાખવી.

E-dition,(ઇડિ'શન્)*n*.1.The publication of any literary work:ગ્રંથ છપાવી પ્રગટ ક૦ તે; પ્રકાશન; શોધન.2.The whole number of the copies of

a work published at once:આવૃત્તિ; અંત.
Edit-or,(એડ'ઇટર) *n.*One who edits and corrects a book:વર્તમાન પત્રનો અધિપતિ;લેખક.
Ed-i-tori-al,(એડિટો'રિઅલ્)*a.*Pertaining to the editor:વર્તમાનપત્રના અધિપતિ વિષેનું. *n.*An editorial article:અધિપતિની કલમથી લખાયેલો વિષય.
Edit-or-ship,(એડ'ઇટર્શિપ્)*n.*The business of an editor:અધિપતિનું કામ-હોદ્દો.
Edu-cate,(એડ્'યુકેટ્)*vt.*[L. *e*, out and *duco*, I lead.] To bring up as a child; instruct; to breed:કેળવવું;કેળવણી આપવી;શિક્ષણ આપવું.
Edu-cat-or,(એડ્'યુકેટર્)*n.*One who educates: શિક્ષક;શિખવનાર;પ્રેરક.
Ed-u-cat-ion,(એડ્યુકે'શન્)*n.*The act of educating;the result of educating;skill;discipline: વિદ્યા;સાક્ષરતા;કેળવણી;શિક્ષા;તાલીમ;શિક્ષણ.
Ed-u-cation-al,(એડ્યુકે'શનલ્)*a.* Pertaining to or derived from education:કેળવણી-વિદ્યા સંબંધી. **E.***department*:કેળવણીખાતું.
Ed-u-cation-ist,(એડ્યુકે'શનિસ્ટ્)*n.*One who is served in or who advocates and promotes education:કેળવણી આપવામાં પ્રવીણ.
E-duce,(ઈડ્યૂસ')*vt.*[L. *e*,out and *duco*,I lead.] To bring or draw out;to extract:કાઢી લેવું.
E-dulco-rate,(ઇડલ્'કોરેટ્)*vt.*[L.*e*,*out*& *dulcis*, sweet.]1.To sweeten:સ્વાદિષ્ટ-ગળ્યું કર. 2.To free from acids;to purify:સ્વચ્છ-ચોખ્ખું કર.
Eel,(ઇલ્)*n.*A snake-like fish:બામ માછલી.
Effa-ble,(એફ'અબલ્)*a.*[L.*ex*,out and *fari*, to speak.] Utterable:બોલાય તેવું;બોલવા જેવું.
Ef-face,(એફેસ')*vt.*[L.*ex*,and *facies*, face.]1. To rub out;to render illegible:ચેરીનાખવું.*vi.* To make erasures:છેકી મા૦
Ef-facement, (એફેસ'મેન્ટ્) *n.* The act of effacing:છેકી નાંખવું તે;લોપ.
Ef-fect,(એફેક્ટ્')*n.*[L.*ex*,and *facio*,I make.] Execution:અમલ. 2.Manifestation:સિદ્ધિ. 3. Consequence:અસર.*Cause* & **e.**:કાર્યકારણ.4.Impression produced:અસર.5.Force; importance;account:જોસ;અર્થ. 6.Purpose:અભિપ્રાય. 7.(*pl.*)Goods;movables:પુંજી;માલમત્તા.*In* **e.**, in fact:ખરેખર.*Of no* **e.**,*or none* **e.**,*to no* **e.***or without* **e.**,vain;fruit-less:ફોકટ.*To give* **e.***to*,to practise:અમલમાં મૂકવું. *To take* **e.**,to become operative:નો ગુણ લાગવો;-ની અસર થવી. *vt.* To produce as a cause;to cause to be:ઉત્પન્ન કર.
Ef-fection,(એફેક્'શન્)*n.* Creation; a doing: સૃષ્ટિ; ઉત્પત્તિ; કર્મ; સાધન; ઘટના.
Ef-fective,(એફેક્ટ'ઈવ્)*a.*[L.*effectivus.*] Efficient:અસરકારક.*n.*One who is capable of active service:બરોબર કામમાં આવી શકે એવું.
Ef-fective-ly,(એફેક્ટ'ઈવ્લિ)*adv.*With effect; powerfully;thoroughly:અસરકારક રીતે.
Ef-fectu-al,(એફેક્'ચ્યુઅલ્)*a.* Adequate; operative;efficient:અસરકારક;ઉપયોગી; ફળોત્પાદક.
Ef-fectu-ate,(એફેક્'ચ્યુએટ્) *vt.* To bring to pass;to achieve:પારપાડવું;સાધવું.
Ef-femin-a-cy,-tion,(એફેમ'ઇનસિ-એફેમ'-ઈને"શન્)*n.*Unmanly:બાયલાપણું;નામર્દાઇ.
Ef-femin-ate,(એફેમ'ઈનેટ્) [*ex* & *femina*,a woman.]*a.*1.Tender:બાયલું. 2.Womanly:સ્ત્રી સરખું.*vt.*To unman;to weaken:નામર્દ-બાયલા કર.
Effer-ous,(એફ'ફરસ્)*a.* [L. *fera*,wild beast] Fierce;savage:જંગલી;ક્રુર.
Ef-fer-vesce,(એફર્વેસ')*vi* [L. *ex* out of, and *ferveo*,I boil.]1.To be in a state of natural ebullition:ખદખદવું; ઉભરો આવવો.
Ef-fer-vescence,(એફર્વેસ'એન્સ્)*n.* A kind of natural ebullition:ઉભરો; જોસ;જુસ્સો.
Ef-fer-vescent,(એફર્વેસ'એન્ટ્) *a.* Gently boiling by means of the disengagement of gas:ઉકળતું; ઉભરાતું;ખદખદતું.
Ef-fer-vesci-ble,(એફર્વેસ'ઈબલ્)*a.*Capable of producing effervescence:ઉભરો આવે એવું.
Effete,(એફીટ્')*a.*[L.*ex*,out of& *fætus*,off spring] No longer productive;barren:વાંઝીઉં.
Ef-fi-cacious,(એફિકે'શસ્)*a.*[L. *ex* & *facio*, I make powerful:અસરકારક;રામબાણ;જબરૂ;સફળ;પ્રબળ.
Ef-fi-cacious-ly,(એફિકે'શસ્લિ)*adv.*Effectually:અસરકારક રીતે;સફળતાથી.
Effi-cacy,(એફિ'કસિ) *n.* Power to produce effects:સત્તા;અસર;બળ;પ્રભાવ;સામર્થ્ય;સફળતા;ગુણ.
Ef-ficience,-cy, (એફિ'શેન્સ્-ન્સિ)*n.*1.Effectual agency; efficient power:ધારેલી મતલબ પાર પાડવાની શક્તિ;કાર્યસિદ્ધિ;ક્ષમતા.
Ef-ficient,(એફિ'શેન્ટ્)*n.*A prime mover:કાર્યસાધક.*a.*Actively operative:ફળદાયક;ગુણકારી.
Effi-gy,(એફ્'ફિજી)*n.*[L.*ex* & *fingo*,I form.]1.An imitative figure:પુતળું;મૂર્તિ.2.The print upon a coin to represent the head of the prince by whom it was issued:નાણાં ઉપર પાડેલું ઠોકું.
Ef-flate,(એફ્લેટ્)*vt.*[L.*ex* out and *flo*,I blow.] To puff up;to fill with air:ફુલવવું;ફુગવવું.
Ef-flo-rescence, (એફ્લોરેસ'અન્સ્)*n.* 1.The time of flowering:ફુલે ખિલવાની મોસમ.2.(*a*) The crust itself thus formed:ઉપર ફૂટી નિકળેલો ખાર;ફુગ.[to effloresce on exposure:ફુટીઆવવું.
Ef-flo-rescent, (એફ્લોરેસ'એન્ટ્)*a.* 1.Liable
Efflu-ence,-y,(એફ્'ફ્લ્યૂએન્સ્,-ન્સિ)*n.*1.A flowing out;emanation:વહેવું તે;પ્રવાહ.
Efflu-ent, (એફ્'ફ્લ્યૂએન્ટ્)*a.* [L. *ex* and *fluo*, I flow.] Flowing out:વહેતું. *n.*A stream that flows out of another stream:(નદી)ની શાખા.
Ef-fluvi-um, (એફ્ફ્લ્યૂ'વિઅમ્)*n.* Exhalation

perceived by the sense of smell: દુર્ગંધ.

Efflux,(એફ્'ફ્લક્સ્)n.1.Effusion; flow:પ્રવાહ.

Ef-fluxion,(એફ્ફ્લક્'શન્)n. 1.Effusion:પ્રવાહ. 3. Effluvium, emanation:નિ:સાર;નિર્ગમ; વહી નીકળવું તે.

Effort,(એફ્'ફોર્ટ્ or એફ્ફર્ટ્)n. [L ex and *fortis*, strong.]An exertion of strength:પ્રયત્ન;મહેનત.

Ef-fray, (એફ્રે)vt. [L.ex and *frigus*,cold.]To frighten:બીવડાવવું.

Ef-fronte-ry,(એફ્રન્ટરિ)n.[L.ex and *frontis*, the forehead.]Impudence;assurance;shamelessness:નિર્લજ્જપણું;નફ્ફટાઈ;ધૃષ્ટતા;નઠોરપણું.

Ef-fulgencey, (એફ્ફલ્જ'એન્સિ) n. [L. ex & *fulgeo*,I shine.]Extreme brilliancy;a flood of light;splendor:અતિશયપ્રકાશ;તેજ;ચળકાટ.

Ef-fulgent,(એફ્ફલ્'એન્ટ્)a.Shining;splendid: પ્રકાશિત.

Ef-fume, (એફ્ફ્યૂમ્)vt. To emit: બહાર કાઢવું.

Ef-fuse,ef-fund, (એફ્ફ્યૂઝ્',એફ્ફન્ડ્')vt. [L.ex out and *fundo*,I pour. 1. To issue;to spill: રેળવું; રેડવું.

Ef-fusion,(એફ્ફ્યુ'ઝહન્)n.1.The act of pouring out:બહાર રેડવું તે;સ્રાવ;ઉત્સર્ગ. 2.The secretion of fluids from the vessel: શિરામાંથી લોહીનો પ્રવાહ. [ing forth largely:પુષ્કળ રેડવું.

Ef-fusive,(એફ્ફ્યૂસ્'ઇવ્)a. Pouring out;pour-

Eft, (એફ્ટ્)n.A European lizard:સરડો.

Egg,(એગ્)n. [L.*ovum*.]1.The roundish body formed in the female of animal species: ઈંડું. vt To instigate:ઉશ્કેરવું.

Egg-plant,(એગ્'પ્લૅન્ટ્)n.A plant bearing an egg-shaped fruit:વેંગણનો છોડવો;વેંગણી;વંત્તાકડી.

Egger-ler,(એગ્'અર્-એગ્'લર્)n. One who collects or deals in eggs:ઈંડાનો વેપારી.

Ego,(ઇ'ગો)n.[L.*ego*,I.]I;one's self;self:સ્વસ્વરૂપ;ચૈતન્ય;અહં;અભિમાની;આત્મા.

Ego-ism,(ઇ'ગોઇઝમ્)n.[L. *ego*,I.]1.The doctrine of a supposed sect of the disciples of Descartes:ડેસકાર્ટીસના ચેલાનો મત.2.An excessive love ofself:અહંકાર;અહંભાવ.

Ego-ist,(ઇ'ગોઇસ્ટ્)n.A follower of Descartes; one given to egoism:ડેસકાર્ટીસનો ચેલો.

Egotism,(એ''ગોટિઝ્મ્)n.Self-praise;self-commendation:હુંપદ;આપવડાઇ; સ્વપ્રસંશા.

Egot-ist,(એ'ગોટિસ્ટ્)n.One who speaks much of himself:બડાઇખોર-હાંકનાર.

E-got-istic,(એગોટિસ્ટ્'ઈક્)a. Addicted to or manifesting egotism: પોતાને મોઢે પોતાની તારીફ કરે એવું.

E-got-ize, (એ'ગોટાઇઝ્)vi.To write much of oneself:પોતાને મોઢે પોતાની તારીફ-આત્મસ્તુતિ કo.

E-gregi-ous,(ઇગ્રી'જીઅસ્)a.[L.e.out and *gregis*,herd.]Remarkable:મોટું પ્રખ્યાત;નામીતું.

E-gregi-ous-ly, (ઇગ્રી'જીઅસ્લિ)adv. Greatly; enormously;shamefully:ઘણું જ;અત્યંત;અતીવ.

E-gress,(ઇગ્રેસ્')n.[L.ex & *gradior*,I go.] 1. Departure: બહાર નિકળવું તે; નિર્ગમન. 2. The passing off from the sun's disk of an inferior planet,into a transit: સૂર્યના માર્ગમાંથી જવું આવવું તે.

E-gression, (ઇગ્રે'શન્) n. The act of going out from an inclosure;escape:નિર્ગમન; બહાર નીકળવું તે;સટકી જવું તે. [હીરા વગેરેનો શીરપેચ.

E-grette,(ઇગ્રેટ')n.An ornament of ribbons:

Eh, (એ or એ)*Interj*. An expression of surprise:એ ! અરે ! રે! [delight:અહા !

Eigh,(એ)*Interj*. An expression of sudden

Eight,(એટ્)a.An island in a river:નદીનો બેટ. 2.Seven and one:આઠ. [eight:અઢાર, ૧૮.

Eighteen,(એટ્'ઇન્) a. The sum of ten and

Eightfold,(એટ્'ફોલ્ડ્)a.Eight times the number or quantity:આઠગણું.

Eighth,(એટ્થ્)a.The quotient of a unit divided by eight:આઠમું. [ore:ઍંશી ૮૦.

Eighty, (એટ્'ઇ)a.Eight times ten;fourso-

Either,(આઈ'ધર્;ઇ'ધર્)a.&pron.1.One of two: એક અથવા બીજું.2.Each of two:the one and the other;two:બન્ને; દરેક. *Con*. The correlation to *or*:કાંતો.

E-jacu-late,(ઇજૅક્'યુલેટ્)vt.]L.e,.&*jacio*,I throw.]1.To shoot:ફેંકવું.2.To utter by a brief impulse:બાર દઇને બોલવું.

E-jacu-lation,(ઇજૅક્યુલે''શન્)n.1.The act of darting forcibly:ઘણીજ જલદીથી બહાર આવવાનું કામ.2.Uttering of a short,sudden exclamation:ઉદ્ગાર;ઉચ્ચારણ.

E-ject,(ઇજેક્ટ્')vt.[L.e.out and *jacio*,I throw.] 1.To throw out:બહાર ફેંકવું;કાઢી નાખવું. 2. To drive away:ખસેડી મુકવું;તગેડી કાઢવું.3. To dispossess of ownership:નો કબજો પડાવી લેવો.

Ejection,(ઇજેક્'શન્)n.1.Discharge:કાઢીમૂકવુંતે. 2.Dispossession:કબજો લેઇ લેવો.

E-jectment,(ઇજેક્ટ્'મેન્ટ્)n. 1.A casting out: બહારકાઢીમૂકવુંતે.આહુત પાસે કબજોસુપ્રતવવાનીફરિયાદી.

Eke,(ઇક્)vt.[L. *augeo*, I increase.] 1. To increase;to enlarge:વધારવું;વૃદ્ધિ કo.2.To add or supply:પુરૂં પાડવું;ઉમેરવું. *adv* In addition:ઉમેરામાં.n.An addition:ઉમેરો;વધારો;વૃદ્ધિ.

E-labo-rate,(ઇલૅબ્'ઓરેટ્)vt.[L.e,out and *labor*,labour.]To produce with labour:મહેનત-કરથી તૈયાર કo. *a*.Finished with great care: શ્રમ-મહેનતથી કીધેલું.

E-lapse,(ઇલૅપ્સ')vi.[L.e.out and *labor*,I fall.] To slide;to slip:ગુજરવું;પુરૂં થવું;જવું.

E-lastic,(ઇલૅસ્‌ટિક્‌)*a.*[Gr.*elaso,* I drive.] 1. Springing back:સ્થિતિસ્થાપક.

E-las-tici-ty,(ઇલૅસ્ટિસ્‌ઇટિ)*n.* The quality of being elastic;springiness:સ્થિતિસ્થાપકતા.

E-late,(ઇલેટ્‌)*a.*[*e* & *latus* carried.]1.Elevated:ફુલેલું;ઉપસેલું.2.Flushed with confidence: છકી-ચગીગયેલું;ફુલણજી.*vt.*To make proud:મગરૂર કo.

E-lation,(ઇલે'શન્‌)*n.*An inflation of mind;pride resulting from success:ફુલાસ;અભિમાની;મગરૂરી.

Elbow,(એલ્‌'બો)*n.*1.The outer angle made by the arm:કોણી. 2. The jointed part of any structure:હાથો;કોણી.*At the* **e.**:પાસે;નજીક.*Out at* **e.**,in needy circumstances:ગરીબ. *vt.*To push with the elbow:કોણીથી ધકેલવું.

Elbow-room,(એલ્‌'બો-રૂમ્‌)*n.*Room to extend the elbows on each side: પુરતો અવકાશ; છુટ; મોકળાશ.

Elder,(એલ્ડ્‌'અર્‌)*a.*Much advanced in age:વડિલ;પૂર્વજ.*n.*An ancestor,a predecessor: પૂર્વજ;વડિલો;બાપદાદા.

Elder-ly,(એલ્ડ્‌'અર્લિ)*a.*Somewhat old;bordering on old age:ઉત્તર વયનું;ઘરડું થવા આવેલું. વયસ્થ. [જ્યેષ્ઠ.

Eldest,(એલ્ડ્‌'એસ્ટ્‌)*n* Most advanced in age:

E-lect,(ઇલેક્ટ્‌)*vt.*[L.*e*,out and *lego*,I choose.] 1.To pick out:પસંદ કo. 2. Select:મતથી ચૂંટી કાઢવું.*a.*Chosen:પસંદ કરેલું.

E-lection,(ઇલેક્'શન્‌)*n.*1.Choice:પસંદગી.2.The act of choosing a person to fill an office or employment: નિમણુંક; ચુંટણી. 3. Divine choice: પસંદગી. 4. Those who are elected: પસંદ કરેલો માણસ.

E-lectione-er,(ઇલેક્'શનીર્‌) *vi.* To take interest for a candidate at an election:કોઇ ઉમેદવારને ચૂંટી કાઢવાને માટે ઉપાયો યોજવા.

E-lective,(ઈલેક્ટ્‌'ઇવ્‌)*a.*Making selection:પસંદ કરવાનું.

E-lector,(ઇલેક્ટ્‌'અર્‌)*n.*1.One who elects:પસંદ કરનાર;ચૂંટનાર.2.A person legally entitled to vote:મત આપવાને માટે અધિકારવાળો.

E-lectric,-al,(ઈલેક્‌'ટ્રિક્‌-કૅલ્‌)*a.* [Gr *electrum,* amber.] Pertaining to electricity:વીજળીનું. 3.Containing electricity: જેની અંદર વિજળી હોય તેવું.

E-lec-trician,(ઈલેક્‌ટ્રિ'શન્‌)*n.* A person who studies electricity:વિજળીના પ્રયોગ જાણનાર.

E-lec-trici-ty,(ઈલેક્‌ટ્રિસ્‌'ઇટિ)*n.*A power in nature often termed the electric fluid:વીજ;વિજળી.

E-lectri-fy,(ઇલેક્‌'ટ્રિફાઈ)*vt.*1.To charge with electricity:વીજળીથી ભરવું.2.To give an electric shock to:વીજળીની અસર લગાડવી. *vi* To become electric:વિજળીવાળું થવું.

E-lectrize,(ઇલેક્‌'ટ્રાઇઝ્‌)*vt.*To electrify:વિજળી ભરવી.

E-lectro-plate,(ઈલેક્‌'ટ્રોપ્લેટ્‌)*vt.*To cover with a coating of gold or silver,&c: વિજળીના પ્રયોગથી ધાતુ ઉપર અન્ય ધાતુનો ઓપ ચઢાવવો.

E-lectrum,(ઈલેક્‌'ટ્રમ્‌)*n.*1.Amber:કેરબો.2.An alloy of gold and silver:સોનારૂપાની મિશ્રધાતુ. 3.German-silver plate:જરમન સિલવરની રકાબી.

E-leemosy-na-ry,(એલીમૉસ્‌'ઇનેરિ)*a.*[Gr.*eleemosyne,eleos*,pity.] Relating to charity or alms-giving:ધર્માદા ખાતેનું. *n* One who subsists on charity;a dependant:ભિક્ષાથી ગુજરાન ચલાવનાર;ભિક્ષુક.

Ele-gance,(એલ્‌'ઇગૅન્સ્‌)*n.*[L.*eligo*,I choose.] The state or quality of being elegant:સફાઇ;કાંતિ;શોભા;સૌંદર્ય;ખૂબી;ખુબ સુરતી;લાલિત્ય.

Ele-gant,(એલ્‌'ઇગૅન્ટ્‌)*a.*1.Pleasing;nice;graceful: સુશોભિત;રૂપવાન. 2. Exercising a nice choice:રસિક;લાવણ્યતાવાળું.

El-egi-ac,-al,(એલીજી'એક્‌,-કૅલ્‌)*a.*Pertaining to elegy:શોક ભરેલું;શોકસુચક.

Ele-gy,(એલ્‌'ઇજી)*n.* [L. *elegia,* Gr.*elegos,* a lament.]A mournful or plaintive poem; a funeral song:શોકસુચક કવિતા;શોકગીત;પરજીઓ.

Ele-ment,(એલ્‌'ઇમેન્ટ્‌)*n.*[L.*elementum.*]1.One of the simplest or essential parts of which anything consists:મૂળતત્વ.2.One of the ultimate parts which are variously combined in any thing:અવયવ;ભાગ.3.(*pl.*) Rudiments: મૂળતત્વ. 4. That which ancient philosophy supposed to be simple and undecomposable:પંચમહાભૂત. 5. (*pl.*)The bread and wine used in the eucharist:(ખ્રીસ્તી)પ્રભુ ભોજનમાં જે રોટલી અને દ્રાક્ષરસ વપરાય છે તે.

El-e-mental,(એલીમેન્ટ્‌'ઍલ્‌)*a.*1. Pertaining to the elements:મૂળતત્વ-સંબંધી.2.Rudimentary:ભૌતિક;પંચભૂતાત્મક.

Ele-menta-ry,(એલીમેન્ટ'અરિ)*a.*1. Having only one constituent part:સાદું;એક ભાગવાળું. 2.Rudimental:મૂળતત્વનું.

Ele-phant,(એલ્‌'ઈફૅન્ટ્‌)*n.*[L.*elephantus.*]1.A quadruped of the tribe of pachyderms:ગજ;હાથી.

El-e-phantine,(એલીફૅન્ટ્‌'આઇન્‌)*a.*Pertaining to the elephant;huge:હાથીના જેવું;ઘણું મ્હોટું.

Ele-vate,(એલ્‌'ઈવેટ્‌)*vt.* [L.*e*,out and *levo,* I lift up.]1.To exalt;to lift up:ઉંચકવું;ઉંચું કo 2.To promote;to raise to a higher station: મ્હોટી પદવીએ-ઉંચે દરજ્જે ચઢાવવું.

El-e-vation,(એલીવે'શન્‌)*n.*1 Act of raising from a lower state to a higher: ઉન્નતિ. 2.

Height,exaltation:ઉંચાઇ.3. A hill:ટેકરી. 4. The angle which the style makes with substylar line:ખુણો.

E-leva-tor,(એલ્યુઈવેટર્)n.One who raises or lifts:ઉંચે ચઢાવનાર.A contrivance for lifting grain,&c:દાણા વિગેરે ઉંચકવાનો સંચો.

E-leven,(એલેવ્'ન્)a. Ten and one added:અગિયાર.2.The eleven men selected to play on one side in a match: ક્રિકેટની મિલમાં એક બાજુના અગિયાર માણસો.

Elf,(એલ્ફ્)n.[pl.**Elves.**][L.*elf*, spright] An imaginary being,supposed to exert a mysterious power over man:પિશાચ;ભુત; પ્રેત.

Elfin,(એલ્ફ્'ઈન્)a. Relating or pertaining to elves:પિશાચને લગતું.n.A little elf:નાનું પિશાચ.

E-licit,(ઇલિસ્'ઇટ્)vt.[L.*e*,out and *laceo*,I entice.]To draw out:સત્ય-ખોળી-શોધી કાઢવું.

E-lide,(ઇલાઇડ્)vt.[L.*e*,out and *lædo*,I strike off.]To crush:ચગદી નાંખવું.

Eli-gi-ble, (એલ્'ઇજીબલ્)a.1. Proper to be chosen:યોગ્ય;લાયક.2.Preferrable:પસંદ કરવાલાયક.

E limin-ate,(ઇલિમ્'ઇનેટ્)vt.[L.*e*, out and *limen*,threshold.]1.To expel:કાઢી મુકવું;છુટું મુકવું.2.To leave out of consideration: વિચારમાંથી પડતું મુકવું.

E-lixir,(ઈલિક્સ્'અર્)n.1.A tincture with more than one base:મિશ્રિત રસાયણ.2. The refined spirit: અર્ક, 3. Any cordial or substance which invigorates:પુષ્ટિકારક ઓસડ.

Elk,(એલ્ક્)n.[L. *alces.*] A quadruped of the stag kind:એક જાતનું મોટું સાબર.

Ell,(એલ્)n.[L.*ulna.*]A measure of different lengths:કાપડ ભરવાનું એક માપ.

El-lipse,(એલિપ્સ્)n.[L.*ellipsis.*]An oval or oblong figure:દીર્ઘવર્તુલ;અંડાકૃતિ.

El-lipsis,(એલિપ્સ્'ઈસ)n. [pl. **Ellipsis.**] 1. Omission:અધ્યાહાર; પદન્યૂનતા.

El-liptic,-al,(એલિપ્ટ્'ટિક્,-કલ્)a 1.Pertaining to an ellipse:અંડાકૃતિનું.2.Defective;having a part omitted:જેમાં કંઇ અધ્યાહાર છે એવું.

E-lo-cution, (એલોક્યુ'શન્) n.[L. *e*, out and *loqvor*,I speak.]1. Expression of thought by speech: બોલીને વિચાર બતાવવાની શક્તિ. 2. Manner of speaking in public:વાક્શક્તિ.

E-lo-cution-ist,(એલોક્યુ'શનિસ્ટ્)n. One who is versed in elocution:છટાદાર ભાષણ કરનાર.

E-longate,(ઇલોન્ગ્'ગેટ્)vt.[L.*langus*,long.]To lengthen:લંબાવવું. vi.To depart:છુટા પડવું.

E-long-ation,(ઇલોન્ગે'શન્)n.1.Protraction; extention:લંબાણ.2.Departure:દૂર-છેટું હોવું તે.

E-lope,(ઇલોપ્)vi.To run away privately:નિકળી જવું;યાર કે સ્ત્રી સાથે નાશી જવું.

Elo-quence,(એ'લોક્વેન્સ્)n. [L. *eloquens.*]1. Fluent;forcibly elegant & persuasive speech in public:બોલવાની છટા;શબ્દપાંડિત્ય. 2. That which is eloquently uttered:સુભાષણ.

Elo-quent,(એ'લોક્વેન્ટ્)a. Having the power of expressing strong emotions in an elevated manner:વક્તા;સુભાષણ કરનાર;ભાષણકાર.

Else,(એલ્સ્)a.& pron.[L *alius*] Other; one or something beside:બીજું;અન્ય. adv.1.Beside: બીજું;સિવાય.2.Otherwise:નહિ તો.

Elsewhere, (એલ્સ્'હ્વેર્) adv. In any other place:કોઈ બીજી જગાએ;અન્યસ્થળે.

E lucid-ate,(ઇલ્યૂ'સિડેટ્)vt.[L.*lucidus*,full of light.] To make clear or manifest; to illustrate:ફોડ પાડવું-ખુલ્લું સમજ પડે એવું કo.

E-lucid-ation, (ઇલ્યૂસિડે"શન્) n. A making clear;explanation:સ્પષ્ટીકરણ;ખુલાસા;ફોડકરણ.

E lucid at ive,(ઇલ્યૂ'સિડેટિવ્)a.Making clear: જેથી સ્પષ્ટ-ખુલ્લું સમજાય.સમજ પડે એવું.

E lucid-at-or,(ઇલ્યૂ'સિડેટર્) n. One who explains;an expositor:ખુલાસો કરનાર;વિવરણકાર.

E-lude,(ઇલ્યૂડ્)vt.[L.*e*,out and *ludo* I play.]To avoid by artifice:ચુકવવું;ટાળવું;ઉડાવવું.

E-lusion,(ઇલ્યૂ'ઝન્)n.An escape by artifice; a cheat;a mockery:ઠગાઇ;નજરચુક;છળભેદ;પ્રપંચ.

E-lusive so-ry,(ઇલ્યૂ'સિવ્,-ઇલ્યૂ'સોરિ)a.Evasive;fraudulent;deceitful:ચોરવે-ચુકાવે એવું.

E-lutri-ate,(ઇલ્યૂ'ટ્રિએટ્)vt [L.*elutreo*,I purify.] To purify by washing:ધોઇને સાફ કo.

E-lysi-an,(ઇલિ'ઝિઅન્)a.[L.*elysium.*]Pertaining to an abode of the blessed after death: સ્વર્ગનું-સબંધી.2.Beatific:પરમાનન્દપ્રદ.

E-lysi-um, (ઇલિ'ઝિઅમ્)n.A dwelling place assigned to happy souls after death:સ્વર્ગ.

E-maci-ate,(ઇમે'શિએટ્)vi.[L.*e*,*out*and*macero*, I make soft.]To waste away in flesh:સુકાવું. a.Emaciated:ગળી-સુકાઈ-ગયેલું.

E maci-ation,(ઇમેશિએ"શન્)n.The state of being emaciated:ક્ષીણતા;શરીરશોષણ.

Ema-nant,(એમ્'અનન્ટ્)a. Issuing or flowing forth;emanating:નીકળતું;વહેતું;ઉદ્ભુત.

Ema-nate,(એમ્'અનેટ્)vi. [L. *e* and *mano*, I flow]To issue forth from a source:નિકળવું; માંથી આવવું-પ્રસરવું.

Em-a-nation, (એમને'શન્)n.Act of flowing as from a fountain:નિકળવું તે;નિઃસરણ.

Ema-nat-ive,(એમ્'અનેટિવ્)a.Issuing forth: નિકળતું;વહેતું;ઉદ્ભુત;ઉત્પન્ન;જાત;જન્ય.

E-manci-pate,(ઇમેન્'સિપેટ્)vt.L.*e*.*manus*,the hand,& *capio*,I take.]To liberate:ગુલામગીરી-બંધનમાંથી છોડવું. 2.To free from evil influence:દુષ્ટ પ્રભાવ-સ્થિતિમાંથી છોડવું. 3.To deliver

from migratory existence:મુક્તિ-મોક્ષ આપવો.

E-manci-pation,(ઈમૅન'સિપે"શન)*n.*Act of setting free from slavery:છૂટકો;છૂટકારો;મુક્તિ.

E-manci-pat-or,(ઈમૅન'સિપેટર)*n.*One who liberates from bondage:મુક્ત-છૂટકો કરનાર;મોક્ષક.

E-mascu-late,(ઈમૅસ્'ક્યૂલેટ્)*vt.*[L.*e.*&*masculus* male.]1.To deprive of virile power:ખાસી-નપુંસક૰. 2.To deprive of masculine strength; to render effeminate:નામર્દ-બાયલું ક૰.

E-mascul-ation,(ઈમૅસ્'ક્યૂલે"શન)*n.*Act of depriving virility:castration:ખાસી;વૃષણચ્છેદ.

Em-balm,(એમ્બાંમ્')*vt.* To anoint with balm; to keep from putrefaction:સડો ન લાગવા દેવાને માટે મશાલો-સુગંધ-દ્રવ્ય ભરવું.2.To perpetuate in grateful remembrance; to cherish tenderly the memory of:મમતાથી યાદ રાખી મૂકવું.

Em-bargo,(એમ્બાંર્'ગો)*n.*A prohibition to sail; બંદરમાં વહાણ આવવા જવાની મના. *vt.*To hinder from sailing out of port:બંદરમાંથી બહાર જતાં અટકાવવું.

Em-bark,(એમ્બાંર્ક્)*vt.*1.To go on board a ship; વહાણપર ચઢવું. 2. To invest in any affair:નાખવું;રોકાવવું.*vt.*To engage in any business;to enlist:માથે લેવું;પડવું.

Em-bark-ation,(એમ્બાંર્કે'શન)*n.* An act of putting or going on board of a vessel:વહાણપર ચઢવું;ચઢાવવું તે;નૌકારોહણ.

Em barrass,(એમ્બૅ'રસ્)*vt.*[L.*barra,*a bar of metal or wood.]1.To perplex:ગુંચવવું;સપડાવવું.2.To incumber with debt:નાણાંની ભીડ-તંગીમાં હોવું.5.To impede:-ને બાધ આવવો.

Em-barrass-ment,(એમ્બૅ'રસ્મેન્ટ્)*n.* 1. Perplexity:ગુંચવણ;ગભરાટ. 2. Perplexity from temporary inability to discharge debts: નાણાંની ભીડ-તંગી.

Em-bas-sy,(અમ્'બૅસિસ્)*n.*[L.*amascia.*]1.The public function of an embassador:એલચીગિરી 2.The persons sent as embassadors:એલચી; વકીલ મંડળ.

Em-battle,(એમ્બૅટ'ટલ્)*vt.*1.To arrange in order of battle:વ્યુહ રચવું;વ્યૂહરચના ક૰-માં ગોઠવવું.

Em-battle-ment, (એમ્બૅટ્'ટલ્મેન્ટ્) *n.* An indented parapet:લડાઇની રચના;વ્યૂહરચના;મોરચો.

Em-bay,(એમ્બે')*vt.* 1.To inclose in a bay or inlet;to landlock:અખાતમાં બંધ કરવું-પુરવું.2.To bathe:નવડાવવું.

Em-bellish,(એમ્બેલ્'લિશ્)*vt.* [L.*bellus,* pretty.]To make beautiful ornaments:શણગારવું; સુશોભિત ક૰.

Em-bellish-ment,(એમ્બૅલ'લિશમેન્ટ્) *n.* The act of adorning:શણગારવાનું કામ 2.That which adds beauty:ઘરેણું;ભૂષણ.

Embers,(એમ્'બર્ઝ્) *n.* Cinders:ચીણગારા; ઊના અંગારા.

Em-bezzle, (એમ્બેઝ્'લ) *vt.* **1.** To apply to one's private uses by a breach of trust:ખાઈ જવું;હોઇયાં કરી જવું;ઉચાપત કરી જવું;પચાવી પડવું.

Em-bezzle-ment,(એમ્બેઝ્'ઝલ્મેન્ટ્)*n.*The act of frauduleutly appropriating to one's care and management:ખાઈ જવું-પચાવી પડવું તે.

Em-bitter,(એમ્બિટ્'ટર્)*vt.*1.To make bitter;to render distressing:કડવું-દુઃખી ક૰; ક્લેશ કરાવવો.

Em-blazon,(એમ્બ્લે'ઝન)*vt.*To adorn in glaring colours:રંગદાર-ભભકેદાર ક૰; શણગારવું.

Emblem,(એમ્'બ્લેમ્)*n.*[Gr. *em,* and *ballo,* I cast.]A symbol;a typical designation:સંકેત; નિશાની.

Em-blem-atic, al,(એમ્બ્લેમૅટ'ઈક્-કલ્)*a.* Pertaining to an emblem;symbolic:નિશાની-ચિન્હનું.

Em-blemat-ise,(એમ્બ્લેમ્'ઍટાઇઝ્)*vt* To symbolize:દર્શાવવું; સૂચક-દર્શક હોવું.

Embodied,(એમ્બૉ'ડિડ્)*a.*Having a body:દેહી; દેહધારી;શરીરી.*the* **e.***spirit*:શરીરાભિમાની આત્મા.

Em-body,(એમ્બૉ'ડિ)*vt.***1.**To form into a body; to make corporeal:દેહી-શરીરી ક૰;દેહધારી કરવું. **2.**To form or collect into a body; to concentrate:સંગ્રહ ક૰;એકઠેકાણે આણવું.*vi.*To unite into a mass:એકઠું-સંગ્રહ ક૰.

Em-bolden,(એમ્બૉલ્ડ'ન)*vt.*To give boldness: હિમ્મત આપવી;છાતીવાળું ક૰; ધૈર્ય-દિલાસો આપવો.

Embol-us,(એમ્'બૉલસ્) *n. pl.* **emboli.** [L.] Something inserted or acting in another: ચકલી;દાટો.

Em-border, (એમ્બૉર'ડર્)*vt.*To adorn with a border:તોઈ-રીત મૂકીને શણગારવું.

Em-boss,(એમ્બૉસ')*vt.* To ornament in relief: ઉપસી નિકળે એવી આકૃતિ પાડવી;નકસીદાર ક૰.**2.**To hide in a thicket:સંતાડી રાખવું;ગુપ્ત રાખવું;ઢાંકવું.

Em-bossment,(એમ્બૉસ'મેન્ટ્)*n.***1.**The act of forming raised figures or the state of being so formed:ઉપસી આવેલો આકાર.

Em-bou-chure,(આમ્બુશર્)*n.*1.A mouth;an aperture;opening:મ્હોડું;મુખ;મ્હે;બાકું. **2.** The mouth-piece of a wind-instrument: એક જાતના વાજીંત્રનો આગલોભાગ;ટોટી.

Em-bowel,(એમ્બાઉ'એલ્)*vt.***1.**To remove the bowels of;to free from viscera:જનવરનાં આંતરડાં કાઢવાં.**2.**To imbed;to bury:દાટવું;સંતાડવું.

Em-bower,(એમ્બાઉ'અર્)*vt.*To cover with a bower:-ના ઉપર મંડપ-માંડવો ક૰.

Em-brace, (એમ્બ્રેસ્') *vt.*1. To inclose in the arms;to hug:છાતી સરસું ચાંપવું.**2.** To cling to: to love:ચ્હાવું;-પર પ્રીતિ રાખવી.**3.** To comprehend; to take in:-માં સમાવેશ થવો;-માં આવવું-આવી જવું.*vi.*To join in an embrace: કૌટી ક૰;

બાથમાં લેવું.

Em-brasure,(એમ્બ્રેઝ્યુર)*n.*1 An embrace: બાથ; આલિંગન;ભેટો;કોટિ. 2. An opening in a wall through which cannons are pointed and discharged:બાકોરું;ગંગી;જંઝરી;તોપની બારી.

Em bro-cate,(એમ્'બ્રોકેટ)*vt.*[Gr.*em*&*brecho*, I wet.]To moisten and rub, as a diseased part:ચોળવું;પાલીસ ક૦;રગડવું.

Em broider,(એમ્બ્રોઇ'ડર) *vt.* To cover with ornamental needle-work: ઉપરભરત ભરવું;-ઉપર નકશી-વેલ-બુટ્ટા કાઢવા.

Em-broide-ry,(એમ્બ્રોઇ'ડરિ) *n.*Work in silver,silk or thread by the needle on cloth: ભરત;વેલ;નકશી;નકશી કામ.

Em-broil,(એમ્બ્રોઇલ્')*vi.* To throw into perplexity:ગુંચવણમાં નાંખવું;લઢાઇમાં ગુંચવવું.

Em-bryo-n,(એમ્'બ્રિઓન)*n.*[Gr.*em*,in&*bryo*, I swell.]The first rudiments of an organized being in the womb:તરતનો રહેલો-કચોગર્ભ. *In embryo*:પોતેનું પણ પાર ન પડેલું;અપરિપકવ.

Em-end,(ઇમેન્ડ્')*vt.*[L.*e*,&*menda*, fault.] To make better;to correct:સુધારવું; શુદ્ધ કરવું.

E-menda-ble, (ઇમેન્ડ'એબલ્)*a.*[L.*e*,out&*menda*,blemish.]Capable of being corrected: ભુલનો સુધારો ક૦ લાયક;સુધરી શકે એવું.

E-mend-ation,(ઇમેંડે'શન)*n.*1.The act of altering for the better:ભુલનો સુધારો;ભુલ સુધારવી તે. 2. Removal of errors from a document:સુધારો.

Emend-at-or,(ઈમેન્ડેટર)*n.*One who amends by correcting faults:સુધારનાર;શોધક; દુરસ્ત કરનાર.

Eme-rald,(એ'મેરલ્ડ)*n.*[L.*emaragdus.*]1. A precious stone of a rich green colour:પાનું; લીલમ.2.A kind of type:એક જાતનું બીબું.*a.* Of a green rich colour:લીલા રંગનું.

E-merge,(ઈમર્જ')*vi.*[L.*e*,out&*mergo*, I dip.] To rise out of a fluid:-માંથી નીકળવું.

E-mergence-y,(ઈમર્જ'એન્સ-ન્સિ)*n.*1. Act of rising out of a fluid:બહાર આવવું;-માંથી નીકળવુંતે.2.A sudden occasion:ઓચિંતો-અકસ્માત બનાવ;અવસર.3 Exigency:જરૂર.

E-mergent,(ઈમર્જ'એન્ટ)*a.*1.Issuing;coming to light:બહાર આવેલું;નીકળવું. 2. Suddenly appearing:જરૂરનું; અગત્યનું;આકસ્મિક; આવશ્યક.

E-mersion,(ઈમર'શન) *n.*[L.*emergo.*] 1. The act of rising out of,or coming forth to view: પાછું દેખાવું તે.

Emery,(એમ્'એરિ)*n.* Corundum intimately blended with oxide of iron:ધાતુને ધોવાનો એક ઘણી કઠણ ધાતુનો ભુકો.

E-metic,(ઇમેટ્'ઇક)*a.*Inducing to vomit:ઉલટી પેદા કરે એવું.*n.* A medicine which causes vomiting:ઉલટી-ઓસડ.

E-meute,(એમ્યુટ્')*n.*[L.*e*,out and *motus*,moving.]A seditious comotion:હુલ્લડ;બખેડો;દ્દિસાદ;હંગામો.

E-miction,(એમિક્'શન)*n.*[L.*e*,out and *mingo*,I make water.]1.The discharging of urine:પીશાબ કરવો-થવોતે;પીશાબ;મૂત્ર.

Emi-grant,(એમ'ઇગ્રન્ટ)*a.*[L.*e*,from &*migro*, I remove.] 1. Pertaining to an emigrant: સ્વદેશ ત્યાગ કરીને ગયેલાનું.*n.*One who removes his habitation:દેશાંતર ગયેલું માણસ.

Emi-grate,(એમ્'ઇગ્રેટ) *vi.* To remove from one country to another for the purpose of residence:સ્વદેશ છોડી પરદેશ રેહેવા જવું.

Em-i-gration,(એમિગ્રે'શન)*n.*1. Removal of inhabitants from one country to another for residence:સ્વદેશ છોડી પરદેશ જવું તે;દેશત્યાગ. 2.A body of emigrants:દેશત્યાગ કરનાર લોકો.

Emin-ence,(એમ્'ઇનેન્સ્)*a.*1. That which is exalted;a height;an elevation: ઉંચાણ;ટેકરી.2. An elevated situation among men;exaltation;high rank:મ્હોટાઇ;આબરૂ;ઉત્કર્ષ;ખ્યાતિ.

Emin-ent,(એમ્'ઇનેન્ટ)*a.*1. Exalted in rank: પ્રખ્યાત;પ્રસિદ્ધ.

Emis-sary,(એમ્'ઇસેરિ) *n.*[L.*e*,out &*mitto*,I send.]1.A person sent on a mission:દૂત;કાસદ.

E-mission,(ઇમિ'શન)*n.*1.The act of sending or throwing out:-માંથી નીકળવું તે.2.That which is sent out:ધાતુ-સ્રાવ.

E-mit,(ઇમિટ્') *vt.*[L.*e*.out and *mitto*,I send.] 1.To send forth:મોકલવું.2.To issue forth:છાપીને ફેલાવો ક૦.

Emmet,(એમ્'મેટ્)*n.*An ant or pismire:કીડી.

E-molli-ate,(ઇમૅાલ્'લિએટ્) *vt.*[L.*e.* &*mollis*, soft.]To soften,to effeminate:નરમ-સુંવાળું ક૦.

E-molli-ent,(ઇમૅાલ્'લિએન્ટ્) *n.* An external application to allay irritation:નરમ-પોચું કરનારૂં.

E molu-ment,(ઇમૅાલ્'યુમેન્ટ)*n.*[L.*e*.&*molor* I exert myself.] 1. The profit arising from office:પેદાશ;આવક;પ્રાપ્તિ.2. Profit;advantage: નફો;ફાયદો; લાભ.

E-molu-mental,(ઇમૅાલ્'યુમેન્ટ્એલ્)*a.* Yielding profit:લાભકારક;પેદાશ વાળું.

E-motion,(ઇમો'શન)*n.*[L.*e*.and *moveo*,I move.]A moving of the mind:મનોવિકાર;મનોભાવ.

E motion-al,(ઇમો'શનલ) *a.* Excitable;sensational:તિવ્રલાગણીનું; મનોવૃત્તિનું; મનોવિકારાધીન; નાજુક.E *disposition* or *temperament*: ભાવપ્રવૃતિ;ક્ષોભપ્રવૃતિ.E. *interest* or *mood*:રસ.

Em-pale, (એમ્પલ') *vt.* [L.*em*, and *palus*, pale.]1.To surround with a line of stakes:

[illegible] પુરવું. 2. To inclose: ઘેરવું. 3. To put to death by fixing on a stake: શૂળીએ [illegible]

Em-pan-nel, ([illegible]) *n.* A list of jurors; a panel: [illegible] યાદી. *vt.* To write down the names of jurors: જુરરોનાં નામ લખી લેવાં.

Emperor, (એમ્'પરર્) *n.* (L *em*, and *paro*, I prepare.] The sovereign of an empire: બાદશાહ; શહેનશાહ; રાજાધિરાજ.

Emphasis, (એમ્'ફસિસ્) *n.* [L. *emphasis.*] 1. A particular stress of utterance or of voice given to the words: શબ્દપર ભાર.

Empha-size, (એમ્'ફસાઈઝ્) *vt.* To lay stress upon: શબ્દ-વાક્યપર જોર-ભાર મૂકીને ઉચ્ચાર ક૦-બોલવું.

Em-phatic-al, (એમ્ફૅટિક્, -કલ્) *a.* 1. Uttered with emphasis: જોર-ભારવાળું; જોર-ભાર મુકવા યોગ્ય. 2. Striking the sense: ધ્યાન ખેંચે એવું.

Empire, (એમ્'પાઈર્) *n.* [L. *imperium*, command.] The dominion of an emperor: બાદશાહત; શહેનશાહત; મોટું ચક્રવર્તિ રાજ્ય.

Em-piric, (એમ્પિ'રિક્) *n.* [L. *em*, in and *peira*, trial.] 1. Depending upon the observation of phenomina: શાસ્ત્ર-વિદ્યાની અજમાયશથી થયેલું.

Em-piri-cism, (એમ્પિ'રિસિઝ્મ્) *n.* 1. The method of an empiric: અનુભવસિદ્ધથી ચાલવું તે.

Em-ploy, (એમ્પ્લૉઇ') *vt.* [L. *in* and *plico*, I fold.] 1. To inclose; to infold: કામમાં લેવું; વાપરવું. 2. To use as an instrument for accomplishing some purpose: હથિયાર-સાધન તરીકે કામમાં લેવું. 3. To use as an agent or servant; to intrust: ચાકરીમાં રાખવું. *n.* Employment: કામ; ધંધો.

Em-ployee, (એમ્પ્લૉઇ'ઈ) *n.* One who is employed: નોકરીમાં રાખેલું માણસ; નોકર; ચાકર; સેવક.

Em-ployment, (એમ્પ્લૉઈ'મેન્ટ્) *n.* 1. The act of employing: કામમાં લેવું તે. 2. That which engages: ઉદ્યોગ; ધંધો; રોજગાર.

Em-pori-um, (એમ્પો'રિઅમ્) *n.* [L. *em* & *poros*, way.] A place of extensive commerce; mart: વેપારનું મથક; મુખ્ય બંદર.

Em-power, (એમ્પાઉ'અર્) *vt.* To give legal power to; to authorize: સત્તા આપવી.

Empress, (એમ્'પ્રેસ્) *n.* 1. A consort of an emperor: રાજાની ધણિયાણી; રાણી. 2. A female who governs an empire: મહારાણી.

Emption, (એમ્'શન્) *n.* [L. *emo*, I buy.] The act of buying: ખરીદવું તે; ખરીદી; વિક્રય.

Empty, (એમ્'ટિ) *a.* 1. Containing nothing: ખાલી. 2. Destitute of sense or knowledge: જ્ઞાનશૂન્ય-હિન; મૂર્ખ. *vt.* To exhaust; to make void: ખાલી ક૦. *vt.* To pour or flow out; to discharge itself: ખાલી થવું. [few ideas: ખાલી અક્કલનું; મૂઢ.

Empty-hand-ed, (એમ્'ટિ-હૅન્ડેડ્) *a.* Having

Em-purple, (એમ્પર્'પલ્) *vt.* To tinge or dye of a purple colour: જાંબુડો રંગ દેવો.

Em-pyre-al, (એમ્પિર્'અલ્) *a.* [Gr. *empyros*, in fire.] Formed of pure fire: અગ્નિ-તેજનું બનેલું.

Em-py-rean, (એમ્પિરી'અન્) *a.* Empyreal: અગ્નિમય; તેજોમય. *n.* The highest heaven: સત્ય લોક.

Em-u-late, (એમ્'યુલેટ્) *vt.* [L. *æmulus*, striving with.] To strive to excel in qualities or actions: -ની બરોબરી-સરસાસરસી ક૦.

Em-u-lation, (એમ્યુલે'શન્) *n.* 1. The act of attempting to excel in actions & rivalry: ચડસા ચડસી. 2. Competition: લડાઈ; [illegible]; કજીયો.

Emu-lat-or, (એમ્'યુલેટર્) *n.* One who emulates; a rival; a competitor: સરસાસરસી કરનાર; ઈર્ષા રાખનાર; હરિફ. [ક૦; દૂધ કાઢવું.

E-mulge, (ઇમલ્જ') *vt.* To milk out: દૂધના જેવું

E-mulsion, (ઇમલ્'શન્) *n.* A soft, liquid remedy: દૂધ જેવી દવા; નરમ દવા.

E-mulsive, (ઇમલ્સ્'ઇવ્) *a.* 1. Softening; milklike: નરમ; દૂધના જેવું. 2. Producing a milklike substance: દૂધના જેવો પદાર્થ પેદા કરતું.

En-able, (એને'બલ્) *vt.* 1. To give strength: શક્તિવાન ક૦. 2. To render competent for: અખત્યાર આપવો. [enabling: શક્તિ; સામર્થ્ય; તાકાદ; કૌવત.

En-able-ment, (એને'બલ્મેન્ટ્) *n.* The act of

En-act, (એનૅક્ટ') *vt.* To make into a law: કાયદો બાંધવો. 2. To perform: રચવું.

En-act-ment (એનૅક્ટ્'મેન્ટ્) *n.* The passing of a bill into a law: પસાર થઇ કાયદો થવો તે; ધારો.

En-amel, (એનૅમ્'એલ્) *n.* A substance of the nature of glass: કાચના જેવી એક વસ્તુ. *vt.* To lay enamel upon: મીનો ચઢાવવો.

En-amell-er, (એનૅમ્'એલર્) *n.* One who enamels: મીનો ચઢાવનાર; મીનાગર.

En-amell-ing, (એનૅમ્'એલિન્ગ્) *n.* The art of enamelling: મીનાકામ; મીનાકારી.

En-amour, (એનૅમ્'અર્) *vt.* [L *en* and *amo*, I love.] To inflame with love; to captivate: પ્યાર ક૦. [in a cage; to coop: બંધ ક૦; પુરવું; ગોંધવું.

En-cage, (એન્કેજ') *vt.* To shut up or confine

En-camp, (એન્કૅમ્પ') *vi.* To form and occupy a camp: તંબુ મારવા. *vt.* To form into a camp: ડેરા-તંબુ તાણવા.

En-campment, (એન્કૅમ્પ્'મેન્ટ્) *n.* 1. An act of pitching tents: તંબુ તાણવાનું કામ. 2. A camp; regular order of tents for the accommodation of an army: છાવણી; મુકામ; પડાવ.

En-case, (એન્કેસ') *vt.* To inclose: પેટીમાં [illegible]; બંધ ક૦.

En-chain, (એન્ચેન') *vt.* 1. To chain: સાંકળથી બાંધવું. 2. To link together: સાંધવું; જોડવું.

En-chant, (એન્ચૅન્ટ્') *vt.* [L. *in* & *canto*, I sing.] 1. To charm by sorcery: મંતરવું. 2. To deli-

ght in a high degree: મોહ પમાડવું.

En-chanter,(એન્ચૅન્ટ્'અર્)*n.*One who enchants;a sorcerer;magician:જાદુગર;છળિમી;ભુવો.

En-chantment,(એન્ચૅન્ટ્'મેન્ટ્)*n.* The use of magic arts:જાદુ;મંતરમંતર;મેલી વિદ્યા.

En-chantress,(એન્ચૅન્ટ્'રેસ્)*n.*A woman who enchants;a sorceress:જાદુ જાણનાર સ્ત્રી.

En-chase,(એન્ચેસ્')*vt.*1.To incase:વીંટી લેવું;જડવું.2.To adorn with embossed work:મીનાકારી વિગેરે ચિત્ર કાઢવાં.

En-circle(એન્સર્'ક્લ્)*vt.* 1.To form a circle about;to embrace:વીંટી લેવું;ઘેરવું. 2. To pass around as in a circle:પ્રદક્ષિણા કo;આસપાસફરવું.

En-close,(એન્ક્લોઝ્')*vt.*[L.*in* & *claudo*,I shut.] To inclose:વાડ બાંધવી-કo.2. To put within a case:પેટીમાં ઘાલવું.3.To separate from common grounds by a fence:-માં વાડ કo.

En-closure,(એન્ક્લો'ઝ્યુર્)*n.*1.Act of inclosing:બંધ કરવાનું કામ. 2.That which is inclosed;a thing contained:વાડ અંદરની જગ્યા. 3.A fence:વાડ-ભીંત.

En-comi-ast,(એન્કો'મિઍસ્ટ્)*n.* One addicted to praise;a panegyrist:વખાણનાર;તારીફ કરનાર;પ્રશંસા કરનાર.

En-comi-um,(એન્કો'મિઅમ્)*n.*Formal praise; panegyric:વખાણ;તારીફ;સ્તુતિ;પ્રશંસા.

En-compass, (એન્કમ્'પૅસ્)*vt.* To describe a circle about;to environ:ઘેરી લેવું;ઘેરો ઘાલવો.

En-core,(આંનકોર્)*adv.*One more; again: ફરીથી;પાછું;ફરીથી એકવાર.

En-counter,(એન્કાઉન્'ટર્)*n.*[L. *in* & *contra*, against.]1.A meeting face to face:મેળાપ.2. A battle:યુદ્ધ.*vi.*To meet face to face;to oppose:સામસામા થવું;ભેટવું.*vt.*To oppose:સામાથવું.

En-courage,(એન્કરેજ્)*vt.*[L. *en* & *cor*, the heart.] To give courage to; to animate;to incite:હિંમત-ધૈર્ય-આશા આપવી;ટેકો આપવો.

En-courage-ment,(એન્કરેજ્મેન્ટ્)*n.* 1.The act of giving courage: હિંમત આપવી તે. 2. That which serves to incite,promote:ટેકો; ઉત્તેજન;ઉત્સાહ.

En-croach,(એન્ક્રોચ્')*n.*[L.*incroco*,I hang by a hook.]*vt.*To intrude:પગપેસારો કo; જવું-આવવું;ની સીમા દાબવી.

En-croachment,(એન્ક્રોચ્'મેન્ટ્)*n.*1.Unlawful intrusion:પગપેસારો. 2. That which is taken by encroaching on another:જે બીજાના હકમાંથી ધીમે ધીમે લઈ લેવામાં આવે છે તે.

En-cumber,(એન્કમ્'બર્)*vt.*[L.*cumbrus*,a mound.]1.To weigh down:બોજા ઘાલવી હરકત-અડચણ કo.2.To load with debts:ડુબાડી દેવું;ગિરો-ગિરવેનો બોજો મુકવો.

En-cumber-ment,(એન્કમ્'બર્મેન્ટ્)*n.*Encumbrance;molestation:પીડા;અડચણ.

En-cumbrance,(એન્કમ્'બ્રૅન્સ્)*n.*1.A burden: બોજો.2.Every right to or interest in an estate to the diminution of its value,&c:બોજો;રૂકાવટ.

En-cyclo-pœdi-a,(એન્સાઇક્લોપી"ડિઍ)*n.*The circle of sciences; a cyclopedia; a general survey of human knowledge: સર્વ વિદ્યા સંગ્રહ-કોશ.

End,(એન્ડ્)*n.*[L.*anti* over against.]1.The extreme or last portion:અંત. 2. The conclusion:સમાપ્તિ;છેવટ.3 Death; destruction:નાશ; વિનાશ;ક્ષય.4.Purpose in view:હેતુ;ઉદ્દેશ; મતલબ.*To make both* e.s *meet*: પોતાની શક્તિ ગુંજાશ પ્રમાણે રહેવું;આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવું. *To put an* e.*to*,to destroy:મારી નાંખવું.*In the* e.finally:આખરે.*vt.*1.To bring to an end; to finish:સમાપ્ત-પુરૂ કo. 2. To put to death:છેક અંત લાવવો.*vi.*To come to the ultimate point;to cease:સમાપ્ત-પુરૂ થવું.

En-danger,(એન્ડેન્'જર્)*vt.*1.To put to hazard: જોખમમાં નાંખવું. 2. To incur the hazard of: જોખમ માથે લેવું.

En-dear,(એન્ડીર્')*vt.*1.To make dear;to make more beloved:વહાલુ-પ્યારૂ કo;વહાલું લગાડવું.

En-dearment,(એન્ડીર્'મેન્ટ્)*n.*The act of endearing;the state of being endeared:પ્યાર.

En-deavour,(એન્ડેવ્'અર્)*n.*An evertion:પ્રયત્ન. *vt.*To attempt to gain:યત્ન-ઉદ્યોગ કo. *vt.* To try:પ્રયત્ન કo.

En-demic,-al,(એન્ડેમ્'ઇક્,-કૅલ્)*a.*Peculiar to a people or nation:એક દેશના લોકનુંજ;ખાસ.

Ending, (એન્ડ્'ઇંગ્)*n* 1.Termination; result; conclusion:અંત;પરિણામ;સીમા;આખર;છેડો.

En-dorse,(એન્ડૉર્સ્')*vt.*To load with:ભાર મૂકવો. 2.To write on the back:હુંડી વગેરેનીપાછળ સહી કરીને સ્વીકારવું.

En-dorsement, (એન્ડૉર્સ્'મેન્ટ્)*n.* The act of endorsing:શેરો કરવો તે;શેરો.

En-dow,(એન્ડાઉ')*vt.*[L.*do*,I give.]To furnish with a dower:નાણાંની નિમણુક અથવા વર્ષાશન કરી આપવું;સ્ત્રીનેઓકરીને મિલકત આપવી;પલ્લું આપવું.

En-dowment,(એન્ડાઉ'મેન્ટ્)*n.*1.The act of settling a fund:આપેલી મિલકત;વર્ષાશન. 2.That which is bestowed on a person: ધર્માદાન. 3. Gift of nature:ઈશ્વરી બક્ષીસ.

En-due,(એન્ડ્યુ')*vt.*1.To put on to;to invest; to clothe:લુગડાં પહેરવાં-પુરાં પાડવાં;આપવું.

En-dura-ble, (એન્ડ્યુર્'ઍબલ્)*a.* Capable of being endured or borne:સહન થાય તેવું;ખમી શકાય તેવું.

En-durance,(એન્ડ્યુર્'અૅન્સ્)*n.*1.State of lasting or duration; continuance: નિભાવ; ટકાવ; સ્થૈર્ય. 2.Sufferance;patience:સહનશીલતા.

En-dure,(એન્ડ્યુર્')*vt.* L.*in* & *durus*,hard.] To remain firm under:સોસવું; વેઠવું 2. To bear with patience; to bear up under:રહેવું; ટકવું. *vi.*To abide;to last:રહેવું.

Endwise,(એન્ડ્'વાઈઝ્)*adv.* In an upright position:ટટ્ટાર;સીધું.

Ene-ma, (એન્'ઇમૅ)*n.* [Gr. *in* & *hiemi*,I send.] (*Med.*)An injection,thrown into the rectum: ગુદા વાટે મારવામાં આવતી પીચકારી;જુલાબ.

Ene-my,(એન્'ઇમિ)*n.* [L. *in*,not and *amicus*,a friend.] A foe:શત્રુ;દુશ્મન;વેરી.

En-er-getic,-al,(એનર્જે'ટિક્,-કલ્)*a.*1. Showing activity:શક્તિવાન;તેજદાર. 2.Efficacious: ઉમંગી.

Ener-gize,(એન્'અર્જાઈઝ્)*vt.* To give strength or force to:શક્તિવાન-જબરૂં કo.

Ener-gy,(એન્'અૅર્જી)*n.* [L.*energia.*]1. Internal power:તાકાદ;બળ.2.Effectual operation:ઉદ્યમ.

E-nervate,(ઇનર્વ્'એટ્)*vt.*[L.*e*,out of and *nervus*,a nerve.]1.To deprive of nerve:નિર્બળ-દુબળ-શક્તિહીન-કમજોર કo. *a.* Weakened:કમજોર.

En-feeble,(એન્ફી'બલ્)*vt.* To render feeble;to weaken: નબળું-કમકૌવત નિર્બળ કમજોર કo.

En-feoff,(એન્ફેફ્')*vt.* [L. *infeodo*,*in* & *feoffare* I invest with a fief.] To give a fief to:જાગીર આપવી. 2. To surrender:તાબે કo.

En-force, (એન્ફોર્સ્')*vt.*1.To put force upon: જોરજુલમથી કરાવવું. 2.To put in force;to give effect to.બજાવવું;અમલમાં લાવવું.

En-forcement,(એન્ફોર્સ્'મેન્ટ્)*n.*1.Compulsion:જબરદસ્તી.2.That which constrains,gives force or effect to:ટેકો મળવો તે;ટેકો.

En-franchise, (એન્ફ્રેન્'ચાઈઝ્)*vt.*To set free; to liberate from slavery:છૂટું-મોકળું કo; મુક્ત કo. 2. To admit to civic and political rights: પરદેશીને કોઈ નગર અથવા મુલકના હક આપીને તેને ત્યાંના રહેવાશી સમાન કo.

En-gage,(એન્ગેજ્')*vt.*1.To put under pledge: વચનથી બાંધી લેવું.2.To gain for service:પોતાનું. 3.To employ:કામમાં રોકવું.4.To encounter:હલ્લો કo;લઢાઈ કo. *vi.* 1.To become bound;to warrant:વચનથી બંધાવું.2.To enter into conflict:હુમલો કo;લઢવામાંડવું.

En-gagement,(એન્ગેજ્'મેન્ટ્)*n.* 1.The act of engaging or pledging:કરાર;શરત.2.The state of being pledged:બંધન. 3. Employment: કામ;ધંધો.4.Battle:યુદ્ધ;સંગ્રામ;લઢાઈ.5. Betrothal:વિવાહ.

En-gaging,(એન્ગેજ્'ઇન્ગ્)*a.* Attractive:મનોહર; મોહક.

En-gender,(એન્જેન્'ડર્)*vt.* [L. *en* & *genero*,I beget.] 1. To beget;to produce:જન્મ આપવો; ઉત્પન્ન કo. 2.To come into existence:પેદા થવું.

En-gine,(એન્જિન્)*n.*[L.*ingenium*, invention.] 1. A compound machine by which any physical power is applied to produce a given physical effect:યંત્ર; સંચો.

En-gin-eer,(એન્જિનીર્')*n.*1.A person skilled in the principles and practice of engineering,either civil or military:યંત્રવિદ્યા જાણનાર; યંત્રશાસ્ત્રી.2.One who manages an engine:એન્જીન ચલાવનાર.

En-gin-eering,(એન્જિનીર્'ઇન્ગ્)*n.*The science and the art of utilizing the forces and materials of nature:સંચો ચલાવવવાનો હુનર.

Engine-ry,(એન્'જિનરિ)*n.*1.The act of managing engines: સંચો-ચલાવવો તે. 2. Engines in general:લઢાઇનાં હથિયાર;હથિયાર.

En-gird, (એન્ગર્ડ્')*vt.* To gird:ઘેરી લેવું.

Engle, (એન્'ગલ્)*n.*A paramour:પ્યારો;આશક. *vt.*To cajole or coax,as a favourite:ફોસલાવી લેવું; ખુશામત કo.

English,(ઇન્'ગ્લિશ)*a.*Belonging to England or to its inhabitants:અંગ્રેજ લોકનું;ઇંગ્રેજી. *n.*1. The people of England:અંગ્રેજ;અંગ્રેજ લોક.2. The language of England:અંગ્રેજી ભાષા.

En-grain,(એન્ગ્રેન્')*vt.*To dye in grain:રંગરેવો.

En-grave,(એન્ગ્રેવ્')*vt.*To carve letters,figures અક્ષર-ચિત્ર વગેરે કોતરવું;નકશી કાઢવી.

En-graver,(એન્ગ્રેવ્'અર્)*n.*One who engraves; a sculptor:કોતરનાર;નકશી પાડનાર.

Engraving,(એન્ગ્રેવ્'ઇન્ગ્)*n.*1.The art of cutting stones, metals, &c., and representing figures thereon:નકસી પાડવાનો હુન્નર;નકશી કામ.

En-gross, (એન્ગ્રોસ્')*vt.* 1.To make thick:જાડું બનાવવું.2.To copy in a large and fair hand: મ્હોટા સારા અક્ષરે લખવું. 3.To absorb:-માં ગરક-લીન-તલ્લીન થવું.

En-grossing,(એન્ગ્રોસ્'ઇન્ગ્)*n.*Act of writing in fair characters:મ્હોટા ને સારા અક્ષરે લખવું તે. *a.* Absorbing:ગરક લીન કરે તેવું.

En-gulf, (એન્ગલ્ફ્')*vt.* To absorb: ગરક કo.

En-hance,(એન્હૅન્સ્')*vt.*[L.*in*,&*altus*,high.]To add to:ભારે-મ્હોટું કo;-થી મ્હોટું થવું; વધારવું.

En-hancement,(એન્હૅન્સ્'મેન્ટ્)*n.*The act of increasing or the state of being increased; aggravation:વધારો; વૃદ્ધિ.

E-nigma, (ઇનિગ્'મૅ) *n.* [pl. **Enigmas.**] [L. *aenigma.*]An obscure question or saying;a puzzle:ઉખાણું;કોયડો;સમસ્યા.

E-nig-matic-cal,(ઇનિગ્મૅટ્'ઇક્-કલ્)*a.*Not easily explained or accounted for:કોયડાનું ગૂઢ.

E-nigmat-ist,(ઇનિગ્'મૅટિસ્ટ્) *n.*One who ut-

ters or talks in enigmas:કોયડા બનાવનાર.

En-join,(એન્જોઇન્)*vt.*1. To order:ફરમાવવું;આજ્ઞા-કo.2.To prohibit by a judicial order:કામ બંધ કરવાની તાકીદ આપવી;કાયદાથી મના કo. *vi.*To join or unite:ભેગા થવું.

En-joinment,(એન્જોઇન્'મેન્ટ્) *n.* The act of enjoining:ફરમાન;તાકીદ;સખ્ત મનાઈ.

En-joy,(એન્જોઇ)*vt.*1.To take pleasure:થી ખુશી થવું;-થી આનંદ ઉપજવો.2.To have possession of ભોગવવું.3.To have sexual intercourse with: મૈથુન કo.

En-joya-ble(એન્જોઇ'એબલ્)*a.* Capable of being enjoyed;capable of giving joy:ભોગવવાલાયક.

En-joyment,(એન્જોઇ'મેન્ટ્)*n.*1.The condition of enjoying:કબજો.2.Or gratification:સુખ;આનંદ.

En-kindle,(એન્કિન્'ડલ્)*vt.* 1.To set on fire;to kindle:સળગાવવું. 2.To excite:જાગૃત કo.

En-lace,(એન્લેસ્)*vt.*To work in,as lace:ભરત-કાર-રીત ચોડવી.

En-large,(એન્લાર્જ્)*vt.*1.To increase in quantity:મ્હોટું કo.2 To amplify:ફેલાવવું;વિસ્તાર કo. 3 To set at large:છૂટ આપવી.*vi.*To be diffuse in writing or speaking:વિસ્તારીને બોલવું.

En-largement,(એન્લાર્જ્'મેન્ટ્)*n.* Augmentation:વૃદ્ધિ;વધારો.

En-lighten,(એન્લાઇટ્'એન્)*vt.*1.To illuminate: પ્રકાશ-અજવાળું પાડવું. 2.To make clear to the intellect or conscience:જ્ઞાન આપવું;પ્રકાશ પાડવો.

En-lighten-ment,(એન્લાઇટ્'એન્મેન્ટ્)*n.*Act of enlightening:પ્રકાશ;ડહાપણ;જ્ઞાનસંપત્તિ.

En-list,(એન્લિસ્ટ્)*vt* 1.To enter on a list:નોંધવું. 2. To engage in public service:સરકારી ચાકરીમાં દાખલ કo.*vi.*To engage in public service by enrolling one's name:નામ દાખલ કરાવીને સરકારી ચાકરીમાં રહેવું.

En-listment,(એન્લિસ્ટ્'મેન્ટ્)*n.* 1. The act of listing:નોંધ.2.The writing by which a soldier is bound:સીપાઇને લશ્કરમાં રાખવાનો કરાર બાંધણી.

En-liven,(એન્લાઇવ્'એન્)*vt.*1.To give life:જીવતું-સજીવન કo. 2. To give spririt or vivacity to:તેજ આણવો;જુસ્સો આપવો.

Enmi-ty,(એન્'મિટિ)*n.*[L. *inimicitas.*]Animosity:અદાવત;વેર;શત્રુભાવ; દુશ્મનાઇ; દ્વેષ.

En-noble, (એન્નો'બલ્)*vt.* 1. To make noble: મ્હોટું-શ્રેષ્ઠ કo.2.To give titular rank to:અમીર કo;ઉમરાવની પદવી આપવી

En-noble-ment,(એન્નો'બલ્મેન્ટ)*n.*1.The act of making noble:ઉત્કર્ષ;ઉન્નતિ.2.Excellence:શ્રેષ્ઠતા.

E-normi-ty,(ઇનૉર્'મિટિ)*n.*1.The state of exceeding a measure or rule:ઘણું મ્હોટું થવું તે; અતિશયતા 2.An atrocity:મહાપાપ;તકસીર;મહાપાતક.

E-normous,(ઇનૉર'મસ)*a.*[L.*e* out & *norma,* rule.]1.Inordinate:બેહદ. 2.Great:ઘણું મ્હોટું. 3 Exceedingly wicked:મહાપાતકી.

E-normous-ly, (ઇનૉર્'મસ્લિ) *adv.* Beyond measure;excessively:અતિશય; બેહદ.

E nough,(ઇનફ્) *a.* Answering the purpose: જોઇએ તેટલું;પૂરતું.*adv.*1.To the satisfaction:બસ.

En-quire,(એનક્વાઇર્)*vt.*1 To ask about:પૂછવું. 2.To call or name:બોલાવવું.*vi.*1.To ask a question:સવાલ-પ્રશ્ન પૂછવો.2.To make examination :તપાસ કo.

En-rage,(એન્રેજ્)*vt.*To fill with rage:ગુસ્સે કo.

En-rapture,(એનરૅપ્'ટ્યૂર્)*vt.*To transport with pleasure:અત્યંત ખુશ કo;અત્યાનંદ પમાડવું.

En-ravish, (એનરૅ'વિશ્) *vt.*To enrapture; to charm:મગ્ન-ખુશ કo;આનંદિત કo.

En-ravish ment,(એનરૅ'વિશ્મેન્ટ્)*n.*Ecstasy; rapture:અતિહર્ષ;ખુશી;પરમાનંદ;સંતોષ.

En-rich,(એનરિચ્)*vt.*1.To render opulent:ધનવાન કo.2.To fertilize:ફળદ્રુપ કo. 3.To adorn: શણગારવું.

En-richment, (એનરિચ્'મેન્ટ્) *n.* The act of making rich;decoration;embellishment:સધનતા;ફળદ્રુપતા;ભૂષણ.

Enrobe,(એન્રોબ્)*vt.*To invest with a robe;to attire:સુંદર પોશાક પહેરવો.

En-roll,(એન્રોલ્) *vt.*1.To record; to leave in writing:નોંધવું;નોંધમાં દાખલ કo.2.To envelop: વિંટાળવું;પરબીડિયામાં ઘાલવું.

En-rollment,(એન્રોલ્'મેન્ટ્) *n.*1. The act of enrolling:નોંધ.2. That in which anything is enrolled:ચીટો.

En-route, (આંન્રૂટ્) *adv.* Along the way or road:રસ્તે જતાં.

En-root,(એન્રૂટ્)*vt.*To fix by the root;to fix fast:મજબૂત બેસાડવું;રોપવું;ઉંડાં મૂળ ઘાલવાં.

Ens,(એન્ઝ્)*n.*[L.*ens*,a thing] 1.Entity,being or existence:હોવાપણું;હયાતિ;અસ્તિત્વ.

En-sanguine,(એન્સન્'ગ્વિન્)*vt.*To stain or cover with blood;to smear with gore:લોહીલવાણ કo.

En-sconce,(એન્સ્કૉન્સ્)*vt.*To protect;to hide securely:બચાવ કo;આશરો આપવો.

En-seal,(એન્સી'લ્)*vt.*To impress with a seal: મોહોર કo;છાપ મારવી;સિક્કો કo.

En sem-ble,(આંન્સાંન્બલ્)*n* [L.*in* and *simul* together.]The whole:આખું; બધું;પુરેપુરૂં.

En-shrine,(એન્શ્રાઇન્)*vt.*To inclose in a shrine :પેટીમાં મૂકવું;હૃદયમાં રાખવું.

Ensign,(એન્'સાઇન્)*n.*[L.*in* & *signum*,mark.] 1.A flag:વાવટો. 2. A signal to give notice: નિશાન.3.A commissioned officer who carries the flag:નિશાન ઉંચકનાર સનંદી અમલદાર. *vt.* To designate by an ensign:વાવટાથી ઓળખાવવું.

En-slave,(એન્સ્લેવ્)*vt.*To reduce to slavery: to deprive of liberty:ગુલામ કo.

En-snare,(એન્સ્નૅર્) *vt.*To entrap:સપડાવવું.

En-stamp,(એન્સ્ટૅમ્પ્) *vt.*To stamp:છાપ મારવી.

En-sue,(એન્સ્યૂ) *vt* [L.*in* and *siquor*, I follow.] To follow:પાછળ પડવું-જવું.*vi.*To follow or come after:ઉદ્ભવવું;પરિણામ થવું.

En-sure, (એન્સ્યૂર્) *vt.*1.To make sure or secure:ખચિત-નક્કી દૃઢ ક૦.2.To secure against a possible loss:વીમો ઉતારવો-ક૦.

En-tail,(એન્ટેલ્) *n.*[L. *talea*,a cutting.] 1 (*a*) An estate or fee entailed:વંશપરંપરાથી આવેલી મિલ્કત 2.To cut or carve for ornament:શોભા માટે કોતરકામ કાઢવું.[ed:વંશપરંપરા આપેલી વસ્તુ.

En-tailment,(એન્ટેલ્મેન્ટ્)*n.*A thing entail-

En-tangle,(એન્ટૅન્ગ્લ્)*vt.* 1.To twist or interweave in such a manner as not to be separated:ગુંચવવું.2.To perplex:ગભરાવવું;ગુંચવવું.

En-tangle ment(એન્ટન્ગ્ગલ્મેન્ટ્)State of being entangled;intricacy;perplexity:ગુંચવણ.

Enter,(એન્ટર્)*vt.*[L.*inter*,within.]1.To come or go into:અંદર જવું-આવવું.2.To join:દાખલ થવું. 3.To engage in:કામ ધંધે વળગવું.4.To put in; to insert:માંહે મૂકવું-દાખલ ક૦.5.To inscribe;to record:નોંધ ક૦;લખવું;નોંધવું.6.To fill the required particulars:ને નામે-ખાતે ચડાવવું. *vi.* 1. To come in:અંદર-આવવું.2.To get within:માં ઉતરવું-જવું-પ્રવેશ ક૦.

En-teric, (એન્ટૅરિક્)*a.* Belonging to the intestines:આંતરડાંની સાથે સંબંધ રાખનારૂં.

Enter-prise,(એન્ટર્પ્રાઈઝ્)*n.*[L.*in* & *prehendo*, I take.]1.A hazardous undertaking;an adventure:સાહસ;જોખમ ભરેલું કામ.*vt.*To undertake:કામ કરવાનું માથે લેવું.

Enter-pris-ing, (એન્ટર્પ્રાઇઝિન્ગ્)*a.* Bold to undertake;resolute;prompt:સાહસિક;હિંમતવાન.

En-ter-tain,(એન્ટર્ટેન્)*vt.*[L.*teneo*,I hold.] 1.To maintain:રાખવું. 2. To give hospitable reception:પરોણાચાકરી ક૦.3.To engage agreeably the attention of:મનરંજન ક૦.4.To receive and take into consideration: ઉપર વિચાર ક૦;ધ્યાનમાં લેવું.

En-ter-taining,(એન્ટર્ટેનિન્ગ્)*a.* Affording entertainment;pleasing:ગમતી;રમૂજી;મનરંજક.

En-ter-tainment,(એન્ટર્ટેન્મેન્ટ)*n.* 1. The act of receiving as host or of pleasing:આગતા સ્વાગતા;આદરસત્કાર. 2. (*a*)A feast:ઉજાણી. (*b*)That which amuses:ગમત.

Enthe-al,(એન્થીઅલ્)*a.* Divinely inspired: ઇશ્વરી બુદ્ધિવાળું;ઇશ્વર પ્રેરિત.

En-thrall, (એન્થ્રોલ્) *vt.* To enslave;to inthrall:દાસ-ગુલામ ક૦;ગુલામીમાં રાખવું.

En-throne,(એન્થ્રોન્)*vt.*To place on a throne to invest with sovereign authority: રાજ્યાસનપર બેસાડવું;રાજ્યપદે સ્થાપવું; તખ્તનશીન ક૦.

En-thronement,(એન્થ્રોન્મેન્ટ્)*n.*The act of ehthroning:તખ્તનશીન કરવાનું અથવા થવાનું કામ.

En-thusi-asm,(એન્થ્યૂઝિઅઝ્મ્)*n.* [Gr.*en* & *theor*,God.] An ardent zeal or interest: ઉત્સાહ;ઉન્માદ;આવેશ.

En-thusi-ast,(એન્થ્યૂઝિઅસ્ટ્)*n.*(*a*) A religious madman:ધર્મોન્મત્ત.(*b*)An ardent:બહુ આતુરતાવાળો માણસ.

En-thusi-astic,-cal,(એન્થ્યૂઝિઅસ્ટિક્,-કલ્) *a.*Zealous in the persuit of an object: આવેશી;અત્યાતુર;હુરસવાળું;ઉત્સુક;વ્યગ્ર.

En-tice,(એન્ટાઇસ્)*vt.*[L.*titio*,a firebrand.]To draw on;to incite:લલચાવવું;લોભ-મોહ પમાડવો.

En-ticement, (એન્ટાઇસ્મેન્ટ્)*n.*1.Act of alluring to evil:લલચાવવું તે;ઉશ્કેરણી.2.Alluring object:મોહની;લોભ;લાલચ.

En-tire, (એન્ટાઇર્) *a.*[L.*in* not and *tago*, I touch.]1.Complete in all parts;full:પૂર્ણ;સંપૂર્ણ.2.Pure;faithful;unqualified: શુદ્ધ; સરળ; નિર્મળ;નરદમ.

En-tirely,(એન્ટાઇર્લિ)*adv.*1.Wholly: તદ્દન;તમામ.2.Truly;sincerely:અંતઃકરણથી;સત્ય રીતે.

En-title,(એન્ટાઇટલ્)*vt.*[L.*in* & *titulus* title.] 1.To give title to:ખિતાબ આપવો.2. To give a claim to:હક-અધિકાર આપવો.

Enti-ty,(એન્ટિટિ)*n.*[L.*ens*,*entis*,thing.]A real being;essence;existence:અસ્તિત્વ;વસ્તુ;હયાતિ.

En-tomb,(એન્ટૂમ્)*vt.*To deposit in a tomb;to bury:ઘોરમાં મુકવું.

En-tom-olo-gy(એન્ટોમોલજી)*n.*[Gr.*entema*, insects.]The science of insects:જંતુશાસ્ત્ર-વિદ્યા.

En-to-zoon,(એન્ટોઝોઑન્)*n.Pl.***Entozoa**.A worm-like animal:પેટમાંના કરમ.

Entrails,(એન્ટ્રેલ્ઝ્)*n.* [L. *intra*, within.] 1. Bowels;the guts:આંતરડાં;અંદરનો ભાગ.

Entr-ance(એન્ટ્રન્સ)*n.* [L. *intro*,I go in.]1 Phe act of entering or going in:પ્રવેશ;અંદર જવું તે 2. Permission to enter: જવા આવવાની રજા. 3.The door:દરવાજો. 4.The commencement:શરૂઆત;પ્રારંભ.

En-trap,(એન્ટ્રૅપ્)*vt.*To insnare;to entangle: ફાંસામાં પકડવું-નાંખવું;સપડાવવું;પેચમાં લેવું.

En-treat,(એન્ટ્રીટ્)*vt.*1.To beseech:વિનંતિ ક૦. 3.To pursuade by entreaty:વિનંતિથી સમજાવવું.

En-treaty,(એન્ટ્રીટિ)*n.*Urgent prayer;pressing solicitation:પ્રાર્થના;વિનંતિ;આજીજી;કાલાવાલા.

En-tree,(આંન્ટ્રે)*n.*A coming in; permission or right to enter:આવવા જવાની પરવાનગી.

En-trust,(એન્ટ્રસ્ટ્)*vt.*To deliver in trust:સોંપવું;સ્વાધીનમાં રાખવું-મુકવું.

Entry, (એન્ટ્રિ)*n.*1.Beginning:પ્રારંભ.2. The

act of making a record:દફતરમાં નોંધવાનું,ખારનીશી કામ. 2. One of the acts essential to complete the offence of burglary and house breaking:ઘરપ્રવેશ.

En-twine,(એન્ટ્વાઇન્)vt.To twist together to entangle વિંટાળવું;લપેટવું;વળ દેવા;ગુંથવું.vi.To become twisted:લપટાવું;વિંટલાવું

En-twist,(એનટ્વિસ્ટ્)vt.To twist or wreathe around:વિંટવું;લપેટવું:વિંટાળવું.

E-nucle-ate, (ઇન્યૂ'ક્લીએટ્) vt. [L.e,out and nucleus,kernel.]To uncover; to explain:સાફ કરવું;ખોલવું;સમજાવવું.

E-nume-rate, (ઇન્યૂ'મેરેટ્) vt.[L.e, out and numerus, number.] To number;to reckon; to recapitulate:ગણવું; ગણીને કહેવું;સુમાર કાઢવો.

E-nume-ration,(ઇન્યૂ'મેરે'શન્)n.1.The act of making separate mention:ગણત્રી.2.A detailed account:વિગતવાર હિસાબ.

E-nume-rat ive, (ઇન્યૂ'મેરેટિવ્)a. Counting one by one:ગણત્રી કરતું.

E-nunci-ate,(ઇનન્'શિએટ્)vt.[L.e.& nuncio,I tell.]To make distinctly audible:આખ્યા કહેવી.vt.To utter words or syllables:ઉચ્ચાર કo.

E-nunci-ation,(ઇનન્'શિએ'શન્)n.1.Open attestation;declaration:બોલવું તે;ઉચ્ચારણ.

En-velop,(એન્વેલ્'અપ્)vt.[L. volupe,agreeably.]1.To surround:લપેટવું; ઘેરવું. 2.To wrap: લપેટવું.

Envel-ope,(એન્'વેલોપ્)n.A wrapper;a cover: [ખોળ;પરબીડિયું;ઢાંકણ;આચ્છાદન.

En-velop-ment,(એન્વેલ્'અપ્મેન્ટ્)n. The act of wrapping:ઢાંકણ કરવાનું કામ.

En-venom,(એન્વેન્'ઓમ્)vt.To poison;to taint with venom:ઝેર ઘાલવું;ઝેર આપવું-પાવું.

Envi-a-ble.(એન'વિએબલ્)a.Fitted to excite envy:ઇર્ષ્યાવાળું;ઘણું ઇચ્છવા લાયક;સ્પૃહણીય;ઇર્ષ્યાપાત્ર. [ble manner:અદેખાઈથી.

Envi-a-bly,(એન'વિએબ્લિ)adv.In an envia-

Envi-ous,(એન'વિઅસ)a.[L.invidia,envy.]1. Feeling envy:ઝેરીલું;અદેખું.2.Inspiring envy: insidious:દગાખોર;કપટી.

Envi-ous-ly,(એન'વિઅસ્લિ)adv.In an envious manner;spitefully:અદેખાઇ ભરેલી રીતે.

En-viron,(એન્વાઇ'રોન્)vt.[L.ration,circle.] 1. To surround:ઘેરવું.2.To envelop:લપેટવું.

En-virons,(એન્વાઇ'રોન્સ)n.The parts or places which surround another place:આસપાસની જગ્યા.

Envoy,(એન'વૉઈ)n.[L.via,way.]1. A person sent by a prince to negotiate a treaty or transact other business:એક રાજાએ બીજા રાજા કેડે સલાહ વિ૦ કામની બાંજગડ કરવા મોકલેલો વકીલ.

Envoy-ship,(એન'વૉઇશિપ)n. The office of an envoy:વકીલાત-દૂતપણું;એલ્ચીયાત.

Envy,(એન'વિ) vt.[L in and video,I see.] 1. To regard with discontent and malevolent longing:-ની અદેખાઈ-ઇર્ષ્યા કo;-પર બળવું.2.To covet:તૃષ્ણા રાખવી.3.To hate:ધિક્કારવું.vi.1.To be filled with envious feelings:અદેખાઇ રાખવી.2.Ill will;malice:ખાર;દ્વેશ.

En-wrap,(એન્રૅપ્)vt.1.To involve: વિંટાળવું; વિંટવું.2.To perplex:ગભરાવવું.

Epaul-et, (એ'પોલેટ્) n. A Shoulder piece: લશ્કરી અમલદારનાપોશાકની ખાંધ ઉપર સુશોભિત નિશાન.

E-pheme-ra,(એફે'મેરે)n.[Gr.epi and hemesa, a day.] 1. The fever of one day's continuance only:એકજ દિવસને તાવ.

E-pheme-ral, (એફે'મેરલ્) a. 1. Diurnal:એક દિવસ રહેનારૂ.2.Shortlived:ક્ષણભંગુર.

E-pheme-ris,(એફે'મેરિસ્)n. pl. ephemerides.1.A journel af daily accounts;a diary:રોજનોંધ;રોજનીશી;રોજનામું.2.An astronomical almanac:પંચાંગ-ટીપણું.

Epic,(એપ્'ઈક્)a.[L.epos,a word.]Containing narration;designating an heroic poem: વીરચરિત્ર સંબંધી-નું; ઐતિહાસિક.

Epi-cure,(એ'પિક્યૂર)n [L.Epicurus, the famous Greek philosopher.]One who is devoted to dainty or sensual eujoyments:ખાવાપીવાનો શોખીન માણસ

Epi-cu-rean,(એ'પિક્યૂરી"ઍન)a.1. Pertaining to Epicurus or following his philosophy: એપિક્યુરસનું-ના મતનું.n.A follower of Fpicurus:એપિકુરસનો ચેલો.

Epi-curism,(એ'પિક્યુરિઝમ્)n.1,The doctrines of Epicurus: એપિક્યૂરસનો મત.

Epi-demic,(એપિડેમ્'ઈક્)n.A disease which arises from a widespread cause:મરકી.

Epi-demic-al, (એપિડેમ્'ઈક્ , એપિડેમ્'ઇકલ્) a. Common to, affecting many people: ઘણાને લાગુ પડતું;સાધારણ;બહુ મારક.

Epi-dermis,(એપ્ઈડર્'મસ)n.[Gr.epi,upon and derma,the skin.]1.Cutical;scarfskin:બહારની ચામડી-ત્વચા.

Epi-gastrium,(એપિગૅસ્'ટ્રિઅમ)n.The upper part of the abdomen:પેટનો ઉપલો ભાગ;મણિપુર.

Epi-glottis,(એપિગ્લૉટ્'ટસ)n.One of the cartilages of the larynx:શ્વાસમાર્ગનો પડદો;કંઠદ્વારપાલ.

Epi-gram,(એપ્'ઈગ્રૅમ્)n.[Gr.epi upon & grapho,I write.] A short poem treating only of one thing:એકજ વિષયપર જોડેલી મનોરંજકકવિતા

Epi-grammatic,(એ'પિગ્રૅમૅટ્"ઈક્) a.1.Writing epigrams;dealing in epigrams:ગજલનું.

Epi-grammatist, (એપિગ્રૅમ્'મૅટિસ્ટ્) n. One who composes epigrams:કવિતાના ટપ્પા જોડનાર.

Epi-graph-y,(એપિ'ગ્રફિ) *n.*1. The science of inscriptions:મુદ્રાલેખ.2.A motto:કહેવત.

Epilepsy,(એ'પિલેપ્સિ)*n.*[Gr.*epi* &*lambano*, I seize.]The falling sickness:ફેફરૂં;વાઇ.

Epi-leptic,(એપિલેપ્'ટિક્)*a.*Pertaining to the falling sickness:ફેફરાનું વિષે;ફેફરા વાળું.

Epilogue(એપ્'ઇલૉગ્)*n.*[Gr.*epi* & *lego*,I speal 1. A speech or short poem addressed to the spectators by one of the actors, after the conclusion of the play:અંત્યમંગળ;છેલ્લું પદ.

Episcopacy,(ઇપિસ્'કોપસિ) *n.*[Gr.*epi* and *scopio*,I look.] Government of the church by bishops or prelates: બીશપોને સત્તાહકુમત ચલાવવાનો હક છે એવું મત;બિશપોનોઅધિકાર.

Episcopal, (ઇપિસ્'કોપલ)*a.*1. Governed by bishops:ધર્મ ગુરૂઓની સત્તા તળેનું-હાથ નિચેનું.

E-pisco-pali-an,(ઇપિસ્કોપે'લિઅન્)*a.*Pertaining to bishops:પાદરીઓને લગતું;ખ્રિસ્તી મંડળીમાં અધ્યક્ષોને બીજા ઉપદેશકો ઉપર ઉપરીપણું ચલાવવાની સત્તા છે એવું મત ધરાવનાર.

E-pisco-pate,(ઇપિસ્'કોપેટ)*n.*1.A bishopric: અધ્યક્ષની પદવી 2. The collective body of bishopric:અધ્યક્ષોની પદવી.2.The collective body of bishops: અધ્યક્ષોનો સમૂહ; અધ્યક્ષમંડળ.*vi.* To fill the office of a prelate:અધ્યક્ષની ગાદીનો હોદ્દો ભોગવવો.

Epi-sode,(એ'પિસોડ્)*n.* [Gr.*epi* & *eisodos*, a coming in.]An incidental narrativa:ઉપકથા.

E-pistle,(ઇપિસ્'લ્) *n.* [Gr.*epi* and *stello*, I send.]A letter;a letter missive:કાગળ; પત્ર.

E-pisto-la-ry,(ઇપિસ્'ટોલરિ)*a.*1.Pertaining to letters:કાગળને લગતું-સંબંધી; પત્રવિષયક.

E-pistol-ize,(ઇપિસ્'ટોલાઇઝ્)*vt.*To write epistle:કાગળપત્ર લખવા.

Epi-taph,(એપિટફ્') *n.* [Gr.*epi* & *taphos*, a tomb.]1.An inscription on a monument,in honour of the dead:સ્મરણલેખ;મૃત્યુલેખ.

Epi-thal-ami-um,(એ'પિથેલે'મિઅમ્) *n.*[Gr. *epi*&*thalamos*,marriage.]A nuptial song or poem:ધોળ;લગ્નમાંગાવાનું ગીત;વિવાહગીત;મંગલાષ્ટક.

Epi-thet,(એ'પિથેટ્)*n.*[Gr.*epi*, and *tithemi*, I place.]An advantage expressing some quality:ગુણવાચક શબ્દ.2.Term: સંજ્ઞાનામ.

E pito-me,(ઇપિ'ટોમિ) *n.*[Gr.*ep.* and *temno*, I cut.]A brief summary: સંક્ષેપ; સારસંગ્રહ.

E-pitom-ise,(એપિ'ટૉમાઇઝ્)*vt.*1.To abstract in summary:સંક્ષેપમાં લખવુ.2.To curtail:ઓછું-કમી કરવું.

Epoch,(ઇ'પૉક્)*n.*[Gr.*epi* and *echo*;I hold.]1. A fixed point of time, from which succeeding years are numbered; era: જે દહાડાથી સાલવાર ગણાય છે તે દહાડો; શક; સંવત.2. A memorable period:નામાંકિતકાળ-સમય;વિશિષ્ટકાળ.3. A minor divison or a period:યુગ;કાલ;અવધિ.

Epode,(એ'પોડ્)*n.* The third or last part of the ode:કવિતાનું છેલ્લું અથવા ત્રીજુ ચરણ.

E-qua-bili-ty, (ઇક્વૅબિલ્'ઇટિ) *n.* Continued equality;evenness or uniformity: સમાનતા.

Equa-ble,(ઇક્વૅબલ્) *a.*[L.*aequus*, equal.] 1. Eqal and uniform:સમાન;સમ;સરખું;સમતોલ.

Equal,(ઇ'ક્વૅલ્)*a.*[L.*aequus*,equal.]1.Having the same magnitude:સમાન;તુલ્ય.

E-quali-ty,(ઇક્વૅાલ્'ઇટિ) *n* 1. The condition of becoming equal:બરાબરી; સમાનતા.

Eual-iz-ation,(ઇક્વે'લાઇઝે'શન્)*n.*The act of equalizing:સરખાપણું;બરાબરી.

Equal-ixe,(ઇ'ક્વૅલાઇઝ્) *vt.*1. To make equal: સરખાવવું.2.To be equal to:સરખું હોવું;થવું.

Equal-ly,(ઇ'ક્વલિ) *adv.* In an equal manner or degree;alike;evenly:બરાબરી રીતે;સરખે ભાગે.

E-qua-nimi-ty,(ઇક્વૅનિમ્'ઇટિ)*n.*[L.*animus*,the mind.]Evenness of mind:સમ ત્વ;સમાનવૃત્તિ.

E-quani-mous,(ઇક્વૅન'ઈમસ્)*a.* Of a steady temper:સમભાવનું;સમાનવૃત્તિવાળું-નું; નિર્વિકાર.

E-quangu-lar,(ઇક્વૅન્ગ્'યુલર્) *a.*[L.*aequus*, equal and *angulus*,an angle.]Having equal angles:સરખા ખુણાવાળું.

E-quation,(ઇક્વે'શન્)*n.*1.Equality: સમાનતા; સાદૃશતા. 2. An expression of the condition of equality between two algebraic quantities:સમીકરણ;સામ્ય.

E-quator,(ઇક્વે'ટર્) *n.*1. A great circle on the earth's surface, everywhere equally distant from the two poles:વિષુવવૃત્ત;વિષુવરેષા.

E-qua-tori-al,(ઇક્વૅટો'રિયૅલ્) *a.* Pertaining to the equator:વિષુવવૃત્તનું-સંબંધી.

Eque-rry,(એ'ક્વેરિ)*n.*[L.*equus*,horse.] 1. A large stable for horses:ઘોડાઓને બાંધવાનો મોટો તબેલો.2. An officer of nobles or princes, charged with the care and management of their horses:અશ્વપાલ;ખાસદાર.

E-questri-an,(ઇક્વેસ્'ટ્રિઅન્)*a.* 1. Of or pertaining to horsemen: અશ્વપાલ-અશ્વવિષયક; અશ્વસંબંધિ.2.Mounted:ઘોડેસ્વાર;અશ્વારૂઢ.

E-qui-angu-lar,(ઇક્વિઍન્ગ્'યુલર્)*a.* Having equal angles:સમકોણ;સમાનાસ્ત્ર.

E-qui-balance,(ઇક્વિબૅલન્સ્) *n.* [L.*aequus*, equal & *balance*.] Equal weight: સરખોભાર. *vt.*To eqiponderate:સરખોભાર કર; સમતોલ કર.

E-qui-distant,(ઇક્વિડિસ્'ટન્ટ્)*a.*[*aequus*,equal and *distans*, distant.] Being at an equal distance from the same point:સમાંતર.

Equi-form,(ઇ'ક્વિફૉર્મ્)*v.*[L.*aequus*,equal and *forma*,form.]Having the same form:સરખા

આકારનું.

E-qui-later-al, (ઇક્વિલૅટ્'અરલ્)*a.*[L. *æquus*, and *latus*,side.]Having all the sides equal: સરખી બાજુનું;સમબાજુ-ભુજ.

E-qui-librate, (ઇક્વિલાઇબ્રેટ્) *vt.* [L. *æquus*, equal & *libra*, balance.] To balance equally two scales or ends:સમતોલ કo.

Equi-li-bration,(ઈક્વિલાઇબ્રે'શન્)*n.*The act of keeping the balance even:સમતોલપણું.

E-qui-libri-ous, (ઇક્વિલિ'બ્રિઅસ્)*a* Equally poised:સરખા વજનનું.

E-qui-libri-ty,(ઇક્વિલિ'બ્રિટિ)*n.*Equal balance on both sides;equilibrium:સરખાપણું;સમતોલ.

E-qui-libri-um,(ઇક્વિલિ'બ્રિઅમ્)*n.* Equality of weight or force:ભારની સમાનતા.

E-quinal,-ne, (ઇક્વાઇન'ઍલ્ ,-ઇક્વાઇન') *a.* [L. *equus*,horse.] Pertaining to,or resembling, a horse:ઘોડાસંબંધિ-ને મળતું.

E-qui-noctial, (ઇક્વિનૉક્'શેલ્)*a.* [L.*æquinoctium.*]Designating an equal length of day and night:રાત અને દિવસની સરખી લંબાઇ જણાવનારૂં **E.***pointe*:અયન.

Equi-nox,(ઇ'ક્વિનૉક્સ્) *n.*[L.*æquus*,equal and *nox*,night.] 1. The precise time when the sun enters one of the equinoctial points: તોલરાશીમાં સૂર્યને આવવાનો વખત. *Autumnal* **e**: જલવિષુવ. *Vernal* **e.**:મહાવિષુવ.

E-quip,(ઇક્વિપ્)*vt.*1.To furnish for service; to fit out: સજ્જ-સિદ્ધ કo;તૈયાર કo.2.To dress up;to array:હથીઆરબંધ કo;હથીઆર સજવાં.

Equi-page,(એ'ક્વિપેજ્)*n.*1. Equipment:યુદ્ધ-સામગ્રી 2 Habiliments:લુગડાં. 3.Attendance; retinue:સ્વારી.

Equi-poise, (ઇ'ક્વિપોઇઝ)*n.* [L. *æquus*,equal and *pondus*,weight.] Equality of weight: સમતોલ-ભાર.2.Counterpoise:ધડો.

E-qui-pollence,(ઇક્વિપૉલ્'લેન્સ)*n.*[L.*æquus*, equal & *pollens*,strong.]Equality of power or application:સમાનશક્તિ.

E-qui-pollent,(ઇક્વિપૉલ્'લેન્ટ)*a* Having equal power:બરાબર શક્તિવાન.

E qui-ponder-ance,(ઇક્વિપૉન્'ડરન્સ)*n.*Equality of weight;equipoise:સમાન તોલ-ભાર.

E-qui-ponder-ate,(ઇક્વિપૉન્'ડરેટ્)*vi.*[*æquus* equal and *pondeo*,I weigh.] To be equal in weight:વજનમાં સરખું હોવું.

Equit-a-ble,(એ'ક્વિટેબલ્)*a.*1. Impartial:પ્રમાણિક;નીતિમાન,નિષ્પક્ષપાતી;ઈનસાફી.

Equit-a-ble-ness,(અ'ક્વિટેબલનેસ્)*n.*The quality of being just or impartial:પ્રમાણિકપણું.

Equit-a-bly,(એ'ક્વિટેબ્લિ)*adv.* Justly;impartially:વાજબી રીતે;યથાન્યાય;ન્યાય પૂર્વક.

E-quit-ation,(એક્વિટે'શન્)*n.*Horseman-ship: ઘોડેસ્વાર થવાની વિદ્યા.

Equi-ty(એ'ક્વિટિ)*n.*[L.*æquus*, even or equal.]1.Justice:ન્યાય.2.A system of jurisprudence administered in courts of equity:ન્યાય (ઈક્વીટી)ની અદાલતોમાં વપરાતુ ધર્મશાસ્ત્ર;શુદ્ધ ન્યાય.

E-quiva-lence,-y,(ઇક્વિવ્'ઍલેન્સ્ ,ઇક્વિવ્'ઍલેન્સિ)*n.*1. Equality of value or force:કિંમતજોરની બરોબરી.2.Equal power:સમજોર-બળ-સામર્થ્ય.

E quiva-lent,(ઇક્વિવ્'ઍલેન્ટ્)*a.*[L.*æquus*,equal & *valeo*,I am strong.]Equal in value,or worth,force:મૂલ્ય-વજન-શક્તિ-અર્થમાં સમાન.

E-quivo-cal,(ઇક્વિવ્'ઑકેલ્)*a.*[L.*æquus* equal and *vocis*, word.]1 Ambiguous:દ્વિઅર્થી. 2. Dubious:સંશય ભરેલું.**E** *generation*:બીજ વગર છોડવાઓની અને સ્ત્રી પુરુષના સંયોગ વગર પ્રાણીઓની મનાયેલી ઉત્પત્તિ.

E-quivo-cation,(ઇક્વિવ્'ઑકે'શન્)*n.*Ambiguity of speech:દ્વિઅર્થી-શકભરેલું ભાષણ;વક્રોક્તિ.

Equi-voke,(ઇ'ક્વિવોક્) *n.*1..An ambiguous term:સંશય ભરેલો શબ્દ.

Era,(ઇ'રે)*n.*A fixed point of time,from which a series of years is reckoned:સંવત;શક;કાળ.

E-radi-ate,(ઇરે'ડિએટ્)*vi.* [L *e*, out & *radius*, ray.]To beam:કિરણ ફેંકવાં.

E-radi-cate,(ઇરૅડ્'ઇકેટ્)*vt.*[L.*e*, out & *radix*, root.] To pull up by the roots:જડમૂળથી ઉખેડી નાંખવું. [જડમૂળથી કાઢી નાંખવું તે.

E radi-cation,(ઇરૅડ્ઇકે'શન્)*n.*Extirpation:

E-rase,(ઇરેસ્')*vt.*[L.*e*,out and *rasum*,to scratch.]To rub out;to efface:છેકા મારવા;ભુસીનાંo

E-rasement,(ઇરેસ્'મેન્ટ્)*n.* The act of erasing;expunction;destruction.છેકછેકા;નાશ;લોપ.

Ere,(એર્)*adv* & *prep.* Before;before in respect to time:અગાઉ;પૂર્વે.આગમચ.

Ere-bub,(એ'રીબસ્)*n.*[L.*erebus*.]The region of the dead:યમલોક;નરક;અંધકાર.

E-rect,(ઇરેક્ટ્)*a.*[L.*e*,& *rego*,I make straight] 1.Upright:સીધું;ઉભું. 2. Directed upward: ઉચું,ઉંચું કરેલું.3.Having an upward position as regards stem or base:ઉભુ *vt.*To set upright;to raise:ઉંચુ-સિધુ ટટાર કo;સ્થાપવું;દાટવું.2. To build:બાંધવું.

E-rection,(ઇરેક્'શન્)*n.* The act of erecting or establishing:પ્રતિષ્ઠાપન;સંસ્થાન ૨. A building or any thing erected:બાંધણી;ઈમારત.

E-rectness,(ઇરેક્ટ'નેસ્)*n.*The uprightness of posture or form:ટટારપણું;સરળપણું.

Ere-long,(એર્લૉન્ગ્')*adv.*Soon:થોડાવારમાં;જલદી.

Ere-mite,(એ'રીમાઇટ્)*n.*A hermit;an ascetic: બાવો;તપસી;સન્યાસી;ત્યાગી.

Ergo,(અર્'ગો)*adv.*Therefore:તેટલા માટે.

Ergot,(અર્'ગૅાટ્)*n.*1.A diseased condition of **eye & other** cereals:અનાજ ઉપર થતા ગાંઠા.2. **A kind** of medicine:એક જાતની દવા અર્ગૅાટ.

Ermine,(અર્'મિન્)*n.*An animal allied to the **weasel**:નોળીઆની જાતનું એક જનાવર.

Ern,Erne,(અર્ન્)*n.*The sea-eagle:ગરૂડપક્ષી.

Erne,(અર્ન્)*n.*A place or receptacle:ઝુંપડી.

Ero-gate,(ઇ'રૉગેટ્) *vt.* [L.*e*,out and *rogo*,I ask.]To give:બક્ષીસ આપવી;આપવું.

E-rosion,(ઇરૉ'ઝ્હન્)*n.*1.The act of eating away:સડો થવો તે.2.Corrosion;canker:સડો;નાસુર;ચાંદી.

Erotic,(ઇરૉટ્'ઇક્)*a.*Treating of love; amatory:કામી;શૃંગારી;શૃંગારરસ સંબંધી.

Err,(એર્)*vi.*[L.*erro*,I wander.]To mistake in judgment:ભુલ-ચુક કo;ભુલવું.

Errand,(એર્'રૅન્ડ્)*n.* A mandate;a message:સંદેશો;આદેશ.

Errant,(એર્'રૅન્ટ્)*a.*1. Wandering:ભટકતું;ભ્રમતું. 2.Itinerant:મુસાફરી કરતું.*n.*One who wanders about:ભ્રમનારો.

Er-ratum,(એરૅ'ટમ્)*n.*[*pl.***errata.**][L.*erro*,I wander from the truth.] An error or mistake in writing or printing:શુદ્ધિ પત્ર.

Er-rone-ous,(એરૉ'નીઅસ્)*a.* Irregular:અનિયમિત.2.False;mistaken:ભુલભરેલું;જુઠું.

Error,(એર્'રર્)*n.*[L. *erro*,I wander from the truth.]1.Mistake:ચુક;ભુલ. 2.A moral offence;fault:વાંક;ગુન્હો. **E** *excepted*:ભુલ ચુક લેવી દેવી.

Erst,(અર્સ્ટ્)*adv* 1.First;at the beginning:પેહેલું;શરૂઆતમાં;પ્રારંભમાં.

E-ru-bescence, (એર્યુબેસ્'એન્સ્)*n.*[L.*erubescens.*]The act of becoming red:રતાશ;લાલાશ.

E-ruca,(ઇરૂ'કે)*n.*1.A worm:કામળીઓ કીડો.

E-ruc-tation,(ઇરક્ટે'શન્)*n.*[L.*e* and *ructo*, I belch forth.] 1. The act of belching wind from the stomach:ઓડકાર.

E-ructate,(ઇરક્ટ'એટ્)*vt.*To belch:ઓડકાર ખાવો.

Eru-dite,(એ'ર્યુડાઇટ્)*vt.*[L.*ex*,and *rudis* rough.] To instruct:શીખવવું.*a.*Learned:પંડિત.

E-ru-dition,(એર્યુડિ'શન્)*n.*The state of being learnd:પાંડિત્ય;વિદ્યા;જ્ઞાન;ઇલમ.

Erugo,(એર્યુગો)*n.*Rust:કાટ.

Erumate,(અર્યુમેટ્)*vt.*To make poor:ગરીબ કo.[ગાલ-દરિદ્ર-નિર્ધન કo.

E-rupt, (ઇરપ્ટ્) *vi.* [L. *e*, out and *rumpo*, I break.]To burst forth:બહાર નિકળવું;ફાટવું.

E-ruption,(ઇરપ્'શન્)*n.*1.The act of bursting forth:બહાર નિકળવું તે.2.The breaking out of a cutaneous disease: ત્વચા-શરીરપર ફોલ્લા ગુમડાં નિકળવાં તે.

E-ry-sipe-las,(એરિસિ'પેલૅસ્)*n.*[Gr.*erythros*, red and *pella*,a skin.]Inflammatory swelling:તાવ સાથે સોજો આવે છે તે; રતવા.

Es-ca-lade,(એસ્કલેડ્'*)n.*[L. *Scala*,a ladder.]A furious attack on a fortified place in which ladders are used to pass a ditch or mount a rampart:નિસરણી મુકીને ચઢવું તે;દુર્ગલંઘન. *vt.* To scale:નિસરણી મુકીને ચઢવું.

Es-cape,(એસ્કેપ્')*vt.*1.To flee from and avoid: ટાળવું;-થી બચી જવું.2.To avoid the notice of: દ્રષ્ટિ-નજર ચુકાવવી. *vi.* 1.To hasten away:નાશી જવું.2.To get clear from danger:બચી જવું 3. To get free from:--માંથી નિકળી જવું. [છુટકારો.

Es-capement, (એસ્કેપ્'મેન્ટ્) *n.* 1. Escape:

Es-char-otic. (એસ્કરૉટ્'ઇક્) *a.* Producing a scar;caustic:માંસદાહક;દાહકારી;આસટ.

Es-cheat,(એસ્ચીટ્') *n* [L.*ex* and *cado*,I fall.]1. (*a*) The reverting of real property to the state:જે મિલકત વારસ ન હોવાથી ખાલસા થાય છે તે. (*b*)*vi.* To become forfeited to the lord or state:વારસ ન હોવાથી કે દગો ક્યાથી ખાલસા કo.

Es-chew,(એસ્ચૂ')*vt.*1.To shun:તજવું.

Escort.(એસ્'કૉર્ટ્)*n.* [L. *ex* and *corrigo*,I set right.] A guard of honour:રસ્તામાં રક્ષણ માટે રાખેલા માણસ.*vt.*To attend and guard:વળાવું કo

Es-cri-toire,(એસ્ક્રિટવાર્')*n.*[L.*ex* and *scribo*,I write.]A writing desk:લખવાની ચીજો રાખવાની પેટી.

Escu-lent,(એસ્'ક્યુલેન્ટ્)*n.*[L.*esca*,food.]Anything that is eatable:ખાવાજોગ પદાર્થ;ભક્ષ્ય.

Es-cutcheon. (એસ્કચ્'ઑન્)*n.*[L. *scutum*, a shield.] 1. The shield on which a coat of arms is represented:જે ઢાલપર કુલીનપણાની નિશાની હોય તે;કુલચિન્હપત્ર.

E-sopha-gus (ઇસૉફ'એગસ્)*n.*The gullet:અન્ન જવાની નળી-અન્નમાર્ગ.

Es-o-teric,(એસૉટે'રિક્)*a.*[Gr.*esoterikos* inner, *es* into.]Private;acroatic:ખાનગી;ગુપ્ત;ગૂઢ.

Es-pecial,(એસ્પે'શલ્) *a.* [L. *species*, a particular kind.]Principal;chief;particular:ખાસ.

Es-pecial ly,(એસ્પે'શલિ)*adv* Principally;chiefly;peculiarly:વિશેષ-મુખ્યત્વે-ઘણું કરીને.

Espe-rance,(એસ્'પેરન્સ્)*n.*Hope:ઉમેદ;આશા.

Espial,(એસ્પાઇ'અલ્)*n.*1.Notice;observation: દ્રષ્ટિ;નજર.

Espi-on-age,(એસ્'પિઑનેજ્)*n.* The employment of spies:ચાર આંખ;ચોકસ નજર;ચારદ્રષ્ટિ.

Es-plan-ade,(એસ્પ્લૅનેડ્)*n.*[L.*ex* out & *planus*, flat.] Any clear space used for public walks and drives: માણસ તથા ઘોડાગાડીને જવા આવવાનું મેદાન;ઍસ્પ્લૅનેડ.

Es-pousal, (એસ્પાઉઝ્'અલ્) *n.* [L. *spondeo*,I promise.]1. The act of bethrothing:વિવાહ; વવિશાળ.2.Adoption:સ્વીકાર.

Es-pouse,(એસ્પાઉઝ્)*vt.*1.To give as spouse: વિવાહ-સગાઈ કo.2.To wed:પરણવું;લગ્ન-પાણિગ્રહણ કo.3.To adopt;to embrace:તરફેણ ખેંચવી.

Es-py,(એસ્પાઇ')*vt.*1.To catch sight of:-ની નજરે પડવું;જોવું.*vi.*To observe:જોવું.*n.*A spy:જાસૂસ;ભેદુ.

Es quire,(એસ્કવાઇર્')*vt.*[L.*scutum*,a shield.] To attend:રક્ષણ સારુ સાથે જવું. *n.* 1.A title of dignity next in degree below a knight:નાઇટ્ના ઉતરતો એલકાબ ખિતાબ.2.A title of office or courtesy:મહેરબાન.

Es-say,(એસ્સે')*n.*[L.*exigo*,I examine.]1.A trial:યત્ન.2. (*Lit.*) A composition treating of any particular subject:લેખ;નિબંધ 3.A trial to prove the qualities of a metal:ધાતુની કસોટી-પરિક્ષા-પારખ.

Essayist,(એસ્'સેઇસ્ટ્)*n.*A writer of an essay: [નિબંધ રચનાર;નિબંધકાર.

Essence,(એસ્'સેન્સ્)*n.* [L.*esse*,to be.]1. The constituent quality or qualities; the real being;distinctive character:તત્વ. 3. Virtue or quality of a thing,separated from its grosser parts:સાર;સારાંશ.4.The predominant qualities or virtues of a plant or drug; extract:અર્ક;તેજાબ.Perfume;scent:સુવાસ;અત્તર.

Es-sential, (એસેન્'શલ્)*a.* 1. Important in the highest degree:આવશ્યક; અગત્યનું. 2. Necessary:અગત્યનું;મુખ્ય.

Es-sential-ly,(એસ્સેન્'શલિ)*adv.*In an essential manner;in effect:ખારીઅતે;અવશ્યે કરીને.

Es-tablish,(એસ્ટેબ્'લિશ)*vt.*[L.*sto*,I stand.]1. To settle:સ્થાપવું.2.To enact:નિમવું.3.To Found:સ્થાપવું.4.To settle or fix:ભરાઇ બેસવું.5. (*a*)To set up in business:ધંધે-રોજગારે વળગવું.

Es-tablish-ment,(એસ્ટેબ્'લિશમેન્ટ)*n.*1.Settlement:સ્થાપના.2. The state of being established:સ્થાપવાની સ્થિતિ.3.(*a*)That which is established:મંડળી:મંડળ; ખાતું;કારખાનું. (*b*) A permanent milit ry force:લશ્કરી કારખાનું.(*c*) Residence including grounds, furniture, &c.:રહેઠાણ;ખટલો. (*d*)Servants,&c.:નોકર ચાકર.

Es-tate,(એસ્ટેટ્')*n.*[L.*sto*,I stand.]1. Condition;state:સ્થિતિ.2.A possession:જાગીર.3.The state:રાજ્ય.

Es-teem,(એસ્ટીમ્')*vt.*[L.*estimo*,I value.]1.To value:ગણવું;લેખવું.2.To regard with reverence:પૂજ્ય-સમાન્ય માનવું;પ્રેમ રાખવો.*n.*1.Estimate:ગણત્રી;મત.2.High value:મમતા.

Estim-a-ble,(એસ્'ટિમૅબલ)*a.* 1. Capable of being valued:ગણવા-લેખવા લાયક. 2. Worthy of esteem:માન્ય;માનપાત્ર;ભલું.

Estim-ate,(એસ્'ટિમેટ્) *vt.* To fix the worth of; to compute or rate:સુમાર-અટકળ-આસરો કાઢવો. *n.* A calculation without measuring or weighing:સુમાર;અટકળ;આસરો.

Es-tim-ation,(એસ્ટિમે'શન)*n.*1.The act of estimating:ગણત્રી;અટકળ.2.An opinion or judgment of the worth:વિચાર.3.Esteem:માન;પ્રીતિ.

Es-tival,(ઇસ્ટાઇવ્'અલ્)*a.*[L.*aestas*,summer] Pertaining to summer:ઉનાળાને લગતું.

Es-top,(ઈસ્ટૉપ્')*vt.*To impede:અટકાવવું.

Es-toppel,(એસ્ટૉપ્'એલ્)*n.* A stop; a conclusive admission:અદાલતમાંની તકરાર;પોતાના વિરૂદ્ધ જતો ઇકરાર.

Es-trange,(એસ્ટ્રેન્જ્')*vt.*1.To withhold:થી દૂર-અલગ રહેવું.2.To make a strange of:ઉચાં મન કરવું;સંબંધ તોડવો;ની પ્રીતિ તોડવી.

Es-trangement, (એસ્ટ્રેન્જ્'મેન્ટ્) *n.*Alienation;removal:થી દૂર રહેવું તે;વિરામ;મન ઉતારો.

Es-tray,(એસ્ટ્રે')*vi.*[L.*extravagare.*]To stray: રઝળવું;રખડવું;ભુલું પડવું.

Estu-a-ry,(એસ્'ટ્યુઅરિ)*n.*[L.*aestus*,fire;heat.] An arm of the sea;a firth:અખાત;ખાડી [ઉકળવું.

Estu-ate,(એસ્'ટ્યુએટ્)*vi.*To swell and rage:

Esu-rine, (ઇસ્યુરાઇન) *a.* Eating:ખવાઇ જતું.*n.* (*Med.*)A medicine which provokes appetite:ભૂખ ઉઘાડતી-ભૂખની દવા.

Etcæte-ra(એટ્સેટ્'અર)And the rest:ઈત્યાદિ.વિ૦.

E-ternal,(ઇટર્ન્'અલ્)*a.*[L.*aevum*,lifetime.] 1. Always existing:અનાદ્યંત.2.Everlasting:અનંત;અવિનાશી. 3.Immutable:અવિકારી. *The e. city*,Rome:રોમ શહેર.

E-ternal-ly,(ઇટર્ને'લિ)*adv.*Perpetually:નિરંતર.

E-terni-ty,(ઇટર્ન્'ઇટિ)*n.* 1. Everlastingness: અનંતપણું. 2. The state or condition which begins at death:મરણ પછીની સ્થિતિ.

E-ternize,(ઇટર્ન્'આઇઝ)*vt.*1.To make eternal or endless; to perpetuate:અખંડ કરવું. 2. To immortalize:સર્વકાલિ કરવું.

E-tesi-an,(ઇટી'ઝિઅન્)*a.*[Gr.*etos*,a year.]Periodical;annual:વાર્ષિક;મોસમનું.

Ether,(ઈ'થર્)*n.*[L.*aether*]1.A light volatile fluid:વાફે ઉડી જતો એક જાતનો તેજાબ;ઇથર.

E there-al,(ઈથી'રીઅલ્) *a.* 1. Pertaining to other regions:આકાશનું.2.Relating to ether: ઇથર સંબંધી.

Ethic, c-al, (એથ્'ઇક્,-એથ્'ઇકલ્)*a.*[L.*ethicus*] Containing precepts of morality:નીતિશાસ્ત્ર સંબંધી.

Ethics, (એથ્'ઇક્સ્)*n.pl.*The body of rules of duty drawn from this science:નીતિશાસ્ત્ર.

Ethnic,-c-al,(એથ્'નિક્,-એથ્નિકલ્)*a.*[Gr.*ethnos* nation.] Belonging to races:મનુષ્યજાતસંબંધી.

Eth-nolo-gy,(એથ્નૉલ્'ઓજિ)*n.*[L.*ethnos*,a nation and *logos*, a discourse.] The science which treats of the different races and families of men: નરકુળ વિદ્યા;નરવંશ.

Eth-olo-gy,(એથૉલ્'ઓજિ)*n.*[Gr.*ethos*,custom, and *logos*,a discourse.] The science or cla-

racter:નીતિશાસ્ત્ર.

Eti-quette,(એટ્'ઇકેટ્)*n*. Conventional decorum:સભ્યાચાર પદ્ધતિ;સભ્યતાની રીતિ;વિનયરીતિ.

Et-y-molo-gy,(એટિમૉલ્'ઑજિ)*n*.[Gr.*etymos* true and *logos*,account.]That branch of the philosophical science which treats of the history of words and grammatical terms: શબ્દ વ્યુત્પત્તિ વિદ્યા;શબ્દ વિચાર.

Ety-mon,(એટ્'ઇમૉન્)*n*.[Gr.*tumon*.]Primitive word;root:મુળ શબ્દ;ધાતુ.

Eucha-rist,(યૂ'કરિસ્ટ્)*n*.[Gr.*eu* well and *charis*,favour]1.Thanksgiving:શાબાશી. 2. The sacrament of the lord's supper:ખ્રિસ્તી ધર્મનો એક સંસ્કાર;પ્રભુભોજન.

Eucra-sy,(યૂ'ક્રસિ)*n*.(*Med*.)Healthiness:તન્દુરસ્તી;ધાતુ સામ્યતા;સમધાતુક પ્રકૃતિ.

Eulo-gist,(યૂ'લૉજિસ્ટ્)*n*.One who writes or speaks in commendation of another:સ્તુતિ પ્રશંસા કરનાર;સ્તુતિ પાઠક.

Eulo-gize,(યૂ'લૉજાઇઝ્)*vt*. To extol in speech or writing:સ્તુતિ-વખાણ-પ્રશંસા-તારીફ કo.

Eulo-gy,(યૂ'લૉજિ)*n*.[Gr.*eu* and *lego*,I speak] Praise:પ્રશંસા;સ્તુતિ;તારીફ;વખાણ;શ્લાઘા.

Eunuch,(યૂ'નક્)*n*.[Gr.*eune*, a bed and *echo*, I have charge of.] A male of the human species castrated:હીજડો.

Eupho-ny,(યૂ'ફૉનિ)*n*.[Gr. *phone*, sound.]An agreeable sound:સુસ્વર;મધુર વચન.

Eu-ro-pean, (યૂરોપી'અન્) *n* A native of Europe:યુરોપખંડનો રેહેવાશી. *a*. Pertaining to Europe:યુરોપખંડનું.

E-vacu-ant, (ઇવૅક્'યૂઍન્ટ્)*n*.A purgative:જુલાબ. *vt*.[L.*e*,out and *vaco*, I empty.] 1.To make empty:ખાલી કo.2.To eject:જુલાબ આપીને પેટ સાફ ખાલી કરાવવું.

E-vacu-ation, (ઇવૅક્યૂએ'શન્)*n*.1.The act of emptying:પરિત્યાગ;વિસર્જન.2. That which is discharged:ઝાડો.

E-vade,(ઇવેડ્) *vt*. [L.*e*, out and *vado*, I walk hastily.]To escape; to elude: ટાળવું;ને ભુલથાપ દેવી;ઉડાવવું;ચુકવવું.*vi*.1.To escape:નાશી જવું.

E-van-escent,(ઇવૅનેસ્'સેન્ટ્)*a*.[L.*e*,and *vanesco*,I empty.]Vanishing;fleeting:ક્ષણિક.

E-vangel-ist,(ઇવૅન્'જલિસ્ટ્)*n*.[Gr.*eu* well and *angello*, I bring news.] 1. A writer of the history or doctrines,precepts, actions, life and death of Jesus Christ: બૈબલનો સુવાર્તા નામનો ભાગ લખનાર.2.A preacher of the gospel:બૈબલમાં લખેલી વાર્તાનો ઉપદેશક.

E-vapor-ate,(ઇવૅ'પરેટ્)*vt*.[L. *e*, out & *vapor*, steam.]1.To dissipate in vapor:બાફ-વરાળ કo. *vi*.To pass off in vapor:વરાળ આફરૂપે ઉડી જવું.

E-vapor-ation,(ઇવૅ'પરે"શન્)*n*. 1. The act of passing off in vapor:બાફ-વરાળ થવી-કo તે.

E-vasion,(ઇવે'ઝ્હન્)*n*.[L.*e*,out and *vado*,I go] The act of eluding the pressure of an argument or charge:બહાનું;ઉડાવણી. [વક્ર;કુટિલ.

E-vasive,(ઇવે'સિવ્)*a*.Elusive:આડું;કપટભરેલું;

Eve,(ઇવ્) 1. Evening:સાંજ; સંધ્યાકાળ. 2. The evening preceding some particular day: કોઈ અમુક દિવસની આગલી સાંજ;પૂર્વ સંધ્યા.

Even,(ઈ'વન્)*a*.1.Level:સપાટ.2.Equable:શાંત. 3.Not odd:બેકી. *vt*. To balance:બરોબર રાખવું. *adv*.Exactly:બરાબર રીતે.

Even-ing,(ઇ'વનિન્ગ્)*n*.1.The close of the day: સાંજ; સંધ્યાકાળ;સાયંકાળ. 2. The declining period:વૃદ્ધાવસ્થા. [ખાપણું.

Even-ness,(ઇ'વન્નેસ્)*n*. Uniformity:પાધ્રી;સર-

Even-hand-ed,(ઇ'વનહૅન્ડેડ્)*a*.Fair or impartial:વાજબી;નિષ્પક્ષપાતી. [એકજ મનનું;સમાનવૃત્તિનું.

Even-mind-ed,(ઈવન્માઇન્ડેડ્)*n*.Of one mind:

E-vent,(ઇવેન્ટ્')*n*.[L.*e*,out &*venio*,Icome.]An incident,good or bad:બનાવ;બિના; હકીકત;વાત; વૃત્તાન્ત.2.The issue;end;conclusion:પરિણામ;છેવટ;ફળ.*In the* e.*of*,if:જો. *vi*. To break forth: વહાવું:ફુટવું. [કાળ.

Even-tide,(ઈ'વન્ટાઈડ્)*n*.Evening:સાંજ; સંધ્યા-

E-ventu-al,(ઇવૅનટ્'યૂઍલ્)*a*.1.Consequential: થીઉત્પન્ન થએલું.2.Final:છેવટનું;છેલ્લું;આખરનું;અંત્યનું.

Ever,(એવ્'અર્)*adv* [L.*aevum*.]1.At any time: કદાપિ;કદી.2.At all times:હમેશાં; નિત્ય. **E**. *and anon*,now and then:જ્યારે ત્યારે. *For* **e**.,eternally:સર્વકાળ સુધી.

Ev-er-lasting,(એવરૂલૅસ્ટ્'ઇન્ગ્)*a*.1. Etern:નિત્ય-હમેશાંનું;અવિનાશી 2.Perpetual:સર્વકાલિક.

Ever-more,(એવ્'અર્મોર્)*adv*.1.Always:હમેશાંનું. [રેક;દરેક;પ્રત્યેક.

Eve-ry,(એવ્'અરિ)Each one of a number: હ-

Eve-ry-day,(એવ્'અરિડે) *a*. Common;usual: રોજનું. [place:બધે;સઘળે;હરકસ્થળે.

Eve-ry-where,(એવ્'અરિવ્હેર્) *adv*. In every

E-vict,(ઇવિક્ટ્')[L.*e*,out and *vinco* I conquer.] 1.(*Law*.)To expel from:કાયદા રૂએ કબજો છોડાવવો.2.To evince.:શાબિત કo.

Evi-dence,(એવ્'ઇડેન્સ્) *n*. [L.*e*, out *video*, I see.] 1. Any mode of proof:પુરાવો; સાબિતી. *Written* **e**.:લેખી પુરાવો.*Ocular* **e**.:પ્રત્યક્ષ પ્રમાણ.2.One who bears witness: સાક્ષી. *State's* **e**.,*Queen's* **e**.,*Crown's* **e**.,*King* **e**.:ફૂટીને સરકાર તરફથી સાક્ષી આપનાર અપરાધી.*vt*. To render clear:સ્પષ્ટ દેખાડવું. [ષ્ટ;જાહેર;ઉઘાડું;સાફ.

Evi-dent,(એવ્'ઇડેન્ટ્)*a*.Plain:સ્પષ્ટ;ખુલ્લું ;પ્રસિ-

Ev-i-dential,(એવિડૅન્'શૅલ્)*a*. Clearly proving:સાબિતી-પુરાવો આપે એવું.

Evi-dent-ly,(એવ્'ઇડેન્ટ્લિ) *adv.*Clearly: ખુલ્લી રીતે;સ્પષ્ટ રીત્યે;જાહેર રીત્યે.

Evil (ઇ'વિલ્)*a.*1.Not good:ખરાબ.2. Wicked: પાપી.*The evil one*,the devil:સેતાન.*n.*1.Moral badness:પાપ.2.That which produces unhappiness:સંકટ.*King's* **e.**:કંઠમાળ.

Evil mind-ed,(ઇ'વિલ્માઇન્ડેડ્) *a.* Malicious; wicked:મનનું કપટી;હૈયામેલું;દુષ્ટાત્મા;પાપમતિ.

Evil-speak-ing,(ઇ'વિલ્સ્પીકિન્ગ્) *n.* Slander; defamation:ચાડી;ચુગલી;નિંદા; અપવાદ.

Evil-spirit,(ઇ'વિલ્સ્પિરિટ્)*n.*The devil: ભૂત.

E-vince,(ઇવિન્સ્')*vt.*[L.*e*,out and *vinio*,I overcome.]To manifest;to evidence: સ્પષ્ટ બતાવવું;સિદ્ધ-સાબિત ક૦.

E-viscer-ate,(ઇવિસ્'સરેટ્)*vt.*[L.*e*,out&*viscera*, bowels.]To take out the entrails of:આંતરડાં બહાર કાડવાં.

E-voke,(ઇવોક્') *n.* [L.*e*,& *voco*, I call.] **1.** To call out;to summon forth:કઢાવવું;ચઢાવવું.

Ev-o-lution,(ઇવોલ્યુ'શન્)*n.*[L.*e*,&*volvo*.I roll.] **1.**The act of unfolding;development: પ્રકટીકરણ.**2.**A series of things unrolled:ક્રમ;શ્રેણી. **3.**The extraction of roots: ઘાત મૂળકર્મ;ઘાતમૂળ.*Theory of* **e.**:પરિણામવાદ.

Ev-o-lution-ist,(એવોલ્યુ'શનિસ્ટ્)*n.* One skilled in evolutions: કવાયત જાણનારો.

E-volve,(ઇવૉલ્વ્)*vt.*[L.*e*,&*volvo*,I roll.]**1.**To unfold: ખોળી કાઢવું;ઉઘાડું ક૦.**2.**To throw out: બહાર કાઢવું.*vi.*To become disclosed: ખુલવું.

Ewe,(યૂ)*n.*A female ship:મેંઢી;ઘેટી.

Euer,(યૂ'અર્)*n.* [L.*aqua*, water.] A pitcher with a wide spout:કુંજો;કળશીઓ.

Ex-acer-bate,(એક્સૅસ'અર્બેટ્)*vi.* [L. *ex* out and *acerbus*,bitter.]To irritate:ખિજવવું.

Ex-acer-bation,(એક્સૅસ'અર્બે"શન્) *n.*1. The act of rendeing more bitter:કડવું ક૦ તે;ગુસ્સે ક૦ તે.

Ex-act,(એગ્ઝૅક્ટ્')*vt.*[L.*ex* out&*ago*,I drive.] **1.**To demand:અધિકારથી લેવું.**2.**To wrest with force:જોરજુલમથી લઇ લેવું.*a.*1.Precisely agreeing with a fact,truth or standard:ખરું;વાજબી.**2.**Accurate:વખતસર કરતું.**3.**Careful: સંભાળ પૂર્વક;કાળજીવાળો.

Ex-action,(એગ્ઝૅક્'શન્)*n.***1.**A levying by force:બળાત્કાર;જોરજુલમ. **2.** Tribute: જોરજુલમથી લીધેલા પૈસા-ખંડણી. [તેવાજ.

Ex-actly,(એગ્ઝૅક્ટ્'લિ)*adv.*Accurately: બરાબર;

Ex-agger-ate,(એગ્ઝૅજ્'અરેટ્)*vt.* [L. *ex*, *ad* & *gero*,I bear.]**1.** To enlarge beyond bounds: મરી મસાલો ઉમેરીને બોલવું;અતિશયોક્તિ ક૦.

Ex-agger-ation,(એગ્ઝૅજ્'અરે"શન્)*n.* Hyperbole:અતિશયોક્તિ;રજનું ગજ કરીને બોલવું તે.

Ex-alt,(એગ્ઝોલ્ટ્')*vt.*[L.*ex*&*altus*, high.]1. To elevate;to lift up:ઉંચું ક૦.**2.** To dignify: ઉંચે ચઢાવવું.**3.**To extol:પ્રશંસા ક૦.**4.**To elate:ફુલાવવું.

Ex-alt-ation,(એગ્ઝૉલ્ટે'શન્)*n.***1.**Elevation:તેજોવૃદ્ધિ.*Self* **e.**:આત્મોત્કર્ષ **2.**(*Astrol.*)The place of a planet in zodiac: ચક્રમાં કોઇ ગ્રહની મુકરર જગા-સ્થળ.

Ex-amin-ation,(એગ્ઝૅમ્ઇને'શન્) *n.*[L.*examen*,the tongue of a balance.] **1.** A careful search or inquiry: સંભાળ પૂર્વક તપાસ-ચોકસી; શોધ;તલાસ.**2.** A process ascribed for qualifications:પરીક્ષા;કસોટી.*Cross* **e.** :ઉલટ પાલટ તપાસ.

Ex-amine,(એગ્ઝૅમ્'ઇન્)*vt.***1.**To test by a balance:તોળી જોવું;વિચારી જોવું.**2.**To inquire into: તપાસવું.**3.**To question as a witness;examine: શાક્ષી લેવી.**4.**Examinee:એગ્ઝામીની;પરિક્ષા આપનાર.

Ex-amin-er,(એગ્ઝૅમ્'ઇનર્)*n.***1.**One who examines:તપાસનાર.**2.**An officer, designated to conduct any kind of examination:પરીક્ષક.

Ex-ample,(એગ્ઝૅમ્'પલ્) *n.* [L.*ex* out of and *emo*,I take.]**1.**Sum:હિસાબના દાખલો.**2.**A precedent:દાખલો *vt.*To set an example;to exemplify:દાખલો આપવો.

Ex-asper-ate,(એગ્ઝૅસ્'પરેટ્)*vt.*[L.*ex* and *asphe*r,rough.]**1.** To provoke;to enrage: ગુસ્સે ક૦;ચિડવવું.**2.**To aggravate:વધારવું.

Exca-vate,(એક્સ'કવેટ્)*vt.*[L.*ex*,out and *cavus*,hollow.]**1.**To hollow out:ખોદું ક૦.

Ex-ca-vation,(એક્સકવે'શન્)*n.* **1.**The act of making hollow:ખોદવું તે.**2.** A hollow or cavity:પોકળ; પોલાણ.

Ex-ceed,(એક્સીડ્')*vt.*[L.*ex*&*cedo*,I go.]**1.** To pass or go beyend:કરતાં અધિક-વધારે ચઢતું હોવું. *vi.*To go too far;to pass the proper bounds: હદ બહાર જવું.**2.**To be more or large:વધારે હોવું.

Ex-ceeding-ly,(એક્સીડ'ઇન્ગ્લિ)*adv.*Unusually;surpassing:અતિશય;પુષ્કળ;ઘણું જ; બેહદ.

Ex-cel,(એક્સેલ્')*vt.*[Gr.*kello*,I impel.] **1.** To exceed or go beyond:હદપાર નિકળી જવું.*vi.*To surpass others;to be superior: શ્રેષ્ઠ-ઉત્તમ-ચઢીયાતા થવું.

Excel-lence,(એક'સેલ્લેન્સ)*n.***1.** Exalted merit;superiority:ઉત્તમતા; શ્રેષ્ઠતા; ઉત્કૃષ્ટપણું. **2.** An excellent or valuable quality: ઉત્તમ ગુણ. **3.** A title of honour:માનનો ખિતાબ.

Excel-len-cy,(એક્'સેલ્લેન્સિ)*n.***1.**Valuable quality:ઉત્તમ ગુણ;સુલક્ષણ;ઉત્કર્ષ;ભૂષણ.**2.** A title of honour:માનનો ખિતાબ. [erior: ઘણું સારૂં.

Excel-lent,(એક'સેલલેન્ટ્)*a.***1.** Admirable;sup

Ex-cept,(એક્સેપ્ટ્')*vt.*[L.*ex* outof,and *capio*, I take.]To exclude:બાદ ક૦. *Prep.* Leaving out:શિવાય.

Ex-ception,(એક્સેપ'શન)*n.*Exclusion: બાત-

બાદ કરવા ગણવું તે;વર્જન.2. That which is excepted:અપવાદ.3.(*Law.*)An objection: હરકત.

Ex-ception-al,(એકસેપ્'શનલ)*a.* Exceptive: અપવાદનું;નિયમ બહારનું;બાતલ કરવા જેવું.

Ex-cerpt,(એકસર્પ્ટ્)*n.* [L.*ex* out of and *carpere*,to pick.]*vt.*To select:ચૂંટી કાઢવું.*n.*An extract;a passage selected from an author:ફકરો.

Ex-cess,(એકસેસ્')[L.*ex*&*cedo*,I go.]1. Superfluity:અતિશયપણું.2.Intemperance:અમિતાહાર.3. That which exceeds what is usual or proper:વધારો;અધિકતા.

Ex-cessive, (એકસેસ્'ઈવ્) *a.* 1. Beyond the ordinary degree or measure:અતિશય;બેસુમાર.

Ex-change,(એકસ્ચેન્જ્')*vt.*[*ex*&*cambrie*,to barter.] To give or take in return for something else:બદલો ક૦;સાટું ક૦.2. To lay aside, and take in place of:એક ચીજ કોરે–બાજુએ મૂકીને તેને બદલે બીજી લેવી.3.To barter;to truck:એક લેઈ બીજું આપવું;બદલો ક૦.*n.*1. The act of giving and receiving reciprocally:સાટું;મોબદલો. 2. The thing given in return for something received:બદલો;વટાવ. 3. A place where merchants and brokers meet: નાણાવટ; ચોક. *Par,of* **e.**:કોઇ પણ સિક્કાની મુકરર કિંમત. *Bill of* **e.**:હુંડી.**E** *on bills.*:હુંડીયામણ.

Ex-chequer,(એકસ્ચેક્'અર્)*n.*1.One of the superior courts of law:રેવન્યુ કોરટ. 2.The treasury:જમાદારખાતું;રાજકોષ;સરકારી તીજોરી.

Ex-cisa-ble, (એકસાઈઝ્'એબલ્) *a.* Liable to excise:જકાત લેવા લાયક.

Ex-cise,(એકસાઇઝ્)*n.* [L.*ex* & *cædo*,I go.]An inland duty:જકાત;દાણ.*vt.*1 To lay or impose an excise upon:જકાત લેવી.

Ex-cision,(એકિસ'ઝન્)*n.*1.Extirpation:નાશ, 2.(*Eccl.*)Excommunication:મંડળી બહાર કાઢી મુકવું-મેલવું તે.

Ex-cita-ble, (એ સાઈટ્એબલ્')*a.*[L *ex* & *cio*,I move.]Easily stirred up:ઉશ્કેરાય એવું.

Ex-cit-ation,(એકસાઇટે'શન્) *n.* 1. The act of rousing or awakening:ઉશ્કેરણી;પ્રબોધન;ઉત્તેજન. 2.The excitement produced:આવેશ.

Ex-cite, (એકસાઇટ')*vt.* [L. *ex* & *cito*,I call.]1. To inflame,to agitate; to kindle:ઉશ્કેરવું;ઉદ્દીપન ક૦;ખીજવવું.

Ex-citement,(એકસાઈટ્'મેન્ટ્)*n.*1.The act of exciting;agitation:ઉશ્કેરણી;ઉત્તેજન;પ્રકોપ.

Ex-claim,(અકસક્લેમ્')*vi.*[L.*ex* & *clamo*,I cry out.] To utter with vehemence: બૂમ પાડવી; બરાડવું;ઘાંટા પાડવા.

Ex-clam-ation, (એકસક્લૅમે'શન્)*n.* 1. Vehement vociferation:બૂમ; બુમાટો; પોકાર..2. An uttered expression of surprise:ઉદ્ગાર. 3.A mark or sign by which emphatic utterance is marked:ઉદ્ગાર-આશ્ચર્ય ચિન્હ(!).

Ex-clude,(એકસ્ક્લૂડ્')*vt.*[L.*ex* & *claudo*,I shut.]1. To shut out: અંદર આવવા-દાખલ થવા ન દેવું;દૂર ક૦.2.To preclude:બહાર કાઢવું;કાઢી નાંખવું.

Ex-clusion, (એકસ્ક્લૂ'ઝન્)*n.*Ejection;preclusion:બહાર કાઢવું તે;બહિષ્કરણ; નિષેધ;નિવારણ.

Ex-clusive, (એકસ્ક્લૂ'સિવ્)*a.* 1. Having the power of preventing entrance:અંદર આવવાના દેનાર;પ્રતિબંધક,નિરોધક; બાધક. 2. Not taking into the account:શિવાય.

Ex-com-muni-cate, (એકસ્કૉમ્યૂ'નિકેટ્)*vt.*[L. *ex* & *communicare*.]1. To expel from communion:મંડળીમાંથી કાઢી મૂકવું;ન્યાત બહાર મુકવું.

Ex-com-muni-ca-tion,(એકસ્કૉમ્યૂ'નિકે"શન્) *n.* The act of excommunicating: ખ્રિસ્તી ધર્મ મંડળમાંથી બહાર કાઢવું તે;ન્યાત બહાર મુકવું તે.

Ex-cori-ate,(એકસ્કો'રિએટ્)*vt.* [L.*ex* and *corium*,skin.]To abrade:ત્વચા-ચામડાં કાઢવી.

Excre-ment,-tion, ((એકસ્'ક્રીમેન્ટ્,-એકસ્'ક્રીશન્)*n.*[L.*ex* and *cerno*,I sift.]1.An excrescence:ગુ;મળ;વિષ્ઠા;નરક.2.Dung;છાણ.

Ex-crescence, (એકસ્ક્રેસ'એન્સ્) *n.* [L. *ex* & *cresco*,I grow.]An incumbrance:રસોળી;વરસોળી.

Ex-crescent,(એકસ્ક્રેસ્'સેન્ટ્)*a.*Growing out in a preternatural manner:મસા માફક વધતું;વધતું.

Ex-crete,(એકસ્ક્રીટ્')*vt.* [L *ex* & *cerno*,I sift.] To separate and throw off:ફેંકવું;બહાર કાઢવું.

Ex-cruci-ate,(એકસ્ક્રૂ'શિએટ્)*vi.*[L.*ex* & *crucio*,I crucify.]To torture:દુઃખ દેવું;કષ્ટ આપવું.

Ex-culpate, (એકસ્કલ્'પેટ્) *vt.* [L.*ex* & *culpa*, a fault.]To relieve of blame:નિર્દોષ ઠરાવવું.

Ex-cul-pation, (એકસ્કલ્પે'શન્) *n.* The act of vindicating from a charge of fault:દોષ મુક્તિ-મોચન.

Ex-cursion,(એકસ્કર્'શન્)*n.* [L.*ex* & *curro*, I run.]1.A running forth; an expedition: મુસાફરી;સફર

Ex-cursive,(એકસ્કર્'સિવ્)*a.* Wandering;rambling:ભમતું;ભટકતું;ભ્રમણશીલ.

Ex-cuse,(એકસ્ક્યૂઝ્)*vt* [L.*ex* & *causa*,cause.] 1.To acquit of guilt;to absolve:નિર્દોષ-નિરપરાધી ઠરાવવું. 2.To pardon:ક્ષમા ક૦. To release by favor:માફ ક૦.*n.* 1.An apology:માફી-ક્ષમા. 2.A plea offered in extenuation of a fault: બાહાનું;મિષ;નિમિત્ત;કારણ.

Exe-cra-ble,(એક્'સીક્રેબલ)*a* [L.*ex* and *sacer*, sacred.] Detestable; abominable: અપ્રિય; અતિદુષ્ટ;અતિનિંદ્ય.

Exe-crate, (એક્'સીક્રેટ્)*vt.*To detest utterly; to abhor;to abominate:શાપ દેવો;બદદુવા દેવી.

Exe-cration,(એકસીક્રે'શન્)*n* 1.The act of cu-

sing;imprecation of evil:આપ;શાપ;બદદુવા.

Exe-cute, (એ'ક્સીક્યૂટ્)vt.[L. *ex* and *sequor*,I follow.] 1. To carry into complete effect: પુરૂં-પૂર્ણ ક૰;બજાવવું. 2.To complete as a legal instrument:રીતસર પાકુ કરી આપવું;ખત-લેખ નક્કી કરી આપવો. 3.To give effect to:અસર ક૰. 4. To carry into effect:અમલમાં લાવવું.5. To inflict capital punishment on:મારી નાંખવું-ફાંસી દેવું.*vi*.1.To perform an office or duty:કામ ક૰.

Ex-e-cution,(એકસીક્યૂ'શન્)*n*,1.Performance: અમલ; બજાવણી. 2. A putting to death as a legal penalty:દેહદંડ:દંડ.3.The carrying into effect the judgment of a court:બજાવણી.

Ex-e-cution-er,(એકસીક્યૂ'શનર્) *n*. One who executes:મારો;ફાંસી દેનાર;મસ્તક છેદનાર; ઘાતક.

Ex-ecut-ive,(એગ્ઝેક્'યૂટિવ્)*a*,Fitted for execution:અમલમાં લાવવાનું-લાવનારૂં.*n*. An officer who superintends the executoon of the laws:બજાવનારો-અમલમાં લાવનારો ઉપરી અમલદાર.

Ex-ecut-or,(એક્'સીક્યુટર્)*n*.1.A doer: કરનારો. 2.An executioner:ફાંસી દેનાર;મારો.3.The person appointed by a testator to execute his will:મરનારે પોતાનું વસિયતનામું અમલમાં લાવવા સારૂ નિમેલો પુરૂષ.

Ex-e-gesis,(એકસીજી'સિસ્)*n*.[Gr.*ex* & *ago*, I lead.]Exposition;explanation:વ્યાખ્યા;ટીકા.

Ex-e-getical, (એકસીજેટ્'ઇકલ્)*a*.Tending to illustrate;explanatory:ટીકારૂપ-વિવેચનું-સૂચક.

Ex-emplar,(એગ્ઝેમ્'પ્લર્)*n*.[L. *ex* and *emo*,I take.]A model:નમુનો;દાખલો.

Exem-pla-ry,(એગ્ઝ'એમ્પ્લેરિ)*a*.Serving as a pattern:અનુકરણીય;દાખલો લેવા જોગ.

Ex empli-fy,(એગ્ઝેમ્'પ્લિફાઈ)*vt*.[L *ex*& *facio*, I make.]To show by example:નમુના-દ્રષ્ટાંત-થી બતાવવું.

Ex-empt,(એગ્ઝેમ્પ્ટ્')*vt*.[L. *ex* and *emo*,I love or buy.]To free from obligation: છુટું-બાતલ ક૰-એટલું *a*.Released;liberated:છુટું;મોકળું;મુક્ત.

Ex-equies,(એકસ'ઇક્વિઝ્)*n.pl*.[L.*ex* and *sequor*,I follow.]Funeral rites:મરણ ક્રિયા.

Exer-cise,(એકસ'અર્સાઈઝ્)*vt*.[L.*ex* & *arceo*; I drive.]1.To train.શ્રમમાં લેવું. 2. To improve by practice:તાલીમ આપવી; પદ્ધતિ શીખવવી. *n*. Exertion for the sake of training or improvement:અભ્યાસ;ટેવ; મ્હાવરો. 2. Hygionic activity:કસરત.3.A lessonia task;પાઠ; અભ્યાસ પાઠ.

Ex-ert, (એગ્ઝર્ટ્')*vt*.[L.*ex* & *sero*,I join.]1.To put forth as strength, force:વાપરવું; ખરચવું. 2.To do or perform: કામ ક૰; બજાવવું. *To e. one's self*,to make an attempt:યત્ન-પ્રયત્નક૰.

Ex-ertion,(એગ્ઝર'શન્)*n*. An effort;struggle: મહેનત;ઉદ્યોગ;શ્રમ;યત્ન;પ્રયાસ.

Ex-ha-lation,(એગ્ઝૂહૅલે'શન્)*n*.[L.*ex* & *halo*,I breathe.]1. Evaporation: વરાળ રૂપે બહાર જવું તે.2.Effluvium:ધુમાડો.3.A meteor:ખરતો તારો

Ex-hale,(એગ્ઝ્હેલ્') *vt*.1. To breathe out; to evaporate:-માંથી નિકળવું. 2. To cause to be emitted in vapour:વરાળ રૂપે ખેંચી લેઈ લેવું.

Ex-haust,(એગ્ઝ્હૅાસ્ટ્') *vt*. [L. *ex* & *haurio*,I draw up.]1.To draw out or drain off completely:બધું ખેંચી લેવું;કાઢવું. 2. To empty by drawing out the contents:ખાલી ક૰.*a*.Drained:સમાપ્ત.

Ex-hausti-ble,(એગ્ઝ્હૅાસ્ટ્'ઇબલ્).*a*. Capable of being exhausted:બહાર કાઢી નાંખવા લાયક.

Ex-haustion, (એગ્ઝૅાસ્ટ'યન્)*n*. The act of exhausting or the state of being exhausted:શોષણ;ક્ષય;નાશ;ખટકો;સમાપ્તિ;આખેરી;શ્રમ;થાક.

Ex-haustive,(એગ્ઝ્હૅાસ્ટ્'ઈવ્) *a*. Serving or tending to exhaust:ખાલી કરે એવું.

Ex-hibit,(એગ્ઝિબ્'ઈટ્) *vt*. [L. *ex* & *habeo*, I hold.]1.To show:બતાવવું;દર્શાવવું.2.To present in a public or official manner:અધિકારી આગળ રજુ ક૰.*n*.1.A voucher or document produced:જેથી કંઇ પણ ચીજ સાબેત થાય એવો કાગળ; પરિશિષ્ટ;દાખલો.2. (*Law*.) A document produced and proved in a court: પુરાવામાં રજુ કરેલો કાગળ.

Ex-hi-bition,(એકિસબિ'શન્)*n*.1. Manifestation:દેખાડવું-બતલાવવું તે.2. A display of works of arts:પ્રદર્શન.3.Allowance for the maintenance of scholars: વિદ્યાર્થીને આપેલી નીમનૂક;વૃત્તિ;શિષ્યવૃત્તિ.

Ex-hi-bition-er,(એક્સિબિ'શનર્)*n*.(*Eng.Universities*.)One who has a pension or allowance granted for support:નિમનૂક લઈને ભણનારો વિદ્યાર્થી.

Ex-hila-rate,(એગ્ઝિલ્'ઍરેટ્)*vt*.[L.*ex* & *hilaris*, cheerful.]To make cheerful:ખુશ આનંદ.પમાડવો.*vi*.To become cheerful or glad:ખુશ થવું.

Ex hila-ration,(એગ્ઝિલ્'ઍરે"શન્)*n*.The act of making glad or cheerful:ખુશી-આનંદી ક૰ તે.

Ex-hort (એગ્ઝૅાર્ટ્')*vt*.[L.*ex*&*hortor*,to incite] To stimulate:સારૂ કામ કરવાને સલાહ આપવી. 2. To advise:ચેતવણી આપવી;શિખામણ આપવી.

Ex-hort-ation,(એક્'હૅાર્ટે'શન્)*n*.1.Incite to that which is good:બોધ.2.Advice:સલાહ.

Ex-hume,(એક્સ્હ્યૂમ્')*vt*.[L.*ex*&*humus*,earth.] To dig out of the ground; to unbury:દાટેલું ખોદી કાઢવું.

Exi-gence,-y,(એક્સ'ઇજન્સ-એકસઇજેન્સિ)*n*.[L. *ex*&*ago*,I drive.]Pressing necessity or distress;need;urgency;emergency:જરૂરિયાત; ત-

ગી;ગરજ;અણી;સંકટ;અવસર;સમય;વિપત્તિ.

Exi-gent,(એક્સ્'ઈજેન્ટ્)*n*.1.Exigency; extremity:ભીડ;ગરજ.2.(*Law*)A judicial writ:ઇનસાફ કરનારી કોરટે ઠરાવેલો હુકમ.

Ex-ile,(એક્સાઇ'-ગ્ઝાઇલ્)*n*.[L.*ex* & *solum*,soil.]1.Expulsion;banishment:દેશનિકાલ.2.The person banished or exiled:હદપાર-દેશનિકાલ કીધેલું માણસ.*vt*.To banish;to transport:દેશનિકાલ ક૦.દેશવટો દેવો.

Ex-ist,(એગ્ઝિસ્ટ્')*vi*.[L.*ex*&*sisto*,I stand.]1.To be,to have a real being:હોવું;હયાતિમાં હોવું.2.To live:જીવવું.

Ex-istence,(એગ્ઝિસ્ટ્'એન્સ્) *n*. Continuance in being:અસ્તિત્વ;વિદ્યમાનતા;ભાવ;ટકાવ.

Ex-istent,(એગ્ઝિસ્ટ્'એન્ટ્)*a*.Existing, taking place:જીવતું;હયાત;વિદ્યમાન; વર્તમાન. *Self* e.સ્વયંભૂ;આત્મભૂ.

Exit,(એક્સ'ઈટ્)*n*.[L.*ex* & *eo*,I go.] 1. The departure of a player from the stage when he has performed his part:નાટકશાળામાં રંગ ભૂમીપરથી વેષધારીનું જવું રહેવું તે. 2. Any departure;death;disease:મોત. 3 A way of departure:જતા રહેવાનો માર્ગ-રસ્તો.

Ex-of-fici-o,(એક્સ્ઑફિસિઓ) By virtue of office:હોદ્દાની રૂએ;અધિકાર પરત્વે.

Ex-ogen-ous,(એક્સૉજ'એનસ્)*a*. [Gr. *exo* & *gennao*,I produce.]Shooting out from any part:કોઇ પણ ભાગમાંથી ફૂટી નિકળતું.

Ex-oner-ate,(એગ્ઝૉન'અરેટ્)*vt*.[L.*ex* & *onus*, a burden.]1.To unload:ભાર ઓછો ક૦. 2.To relieve of, as a charge, obligation:ફરજ બજાવી છૂટવું;જવાબદારીમાંથી છૂટા થવું.દોષ-ટપકો ઉઠાવી દેવો.

Exo-ra-ble,(એક્સ'ઑરબલ્)*a* Capable of being moved by entreaty:આજીજીથી સમજાવી શકાય એવું.

Ex-orbit-ance,-y, (એગ્ઝૉર'બિટેન્સ્-ન્સિ) *n*. Enormity:અતિશયતા;અમર્યાદતા.

Ex-orbit-ant,(એગ્ઝૉર'બિટેન્ટ્)*a*.[L.*ex* & *orbis*,a circle.]Excessive:બેસુમાર;અતિશય;ઘણું જ;બેહદ.

Exor-cise,(એક્સ્'ઑરસાઇઝ્)*vt*.[Gr.*ex* & *horkizo*, I bind by an oath.]To deliver from the influence of an evil spirit:ભૂત કાઢવું-ઉતારવું.

Ex-ordi-al, (એગ્ઝૉર'ડિઅલ) *a*. Introductory: પ્રારંભનું;શરૂઆતનું.

Ex-ordi-um,(એગ્ઝૉર'ડિઅમ્)*n*.[L.*ex* & *ordior*, I weave.] The introductory part of a discourse;the preface:ઉપોદ્ઘાત;પ્રસ્તાવના;દિબાચો.

Ex-o-teric,-cal,(એક્સોટે'રિક્-કલ્)*a*. [Gr. *exo*, wihtout]External;public:ખુલ્લું;પ્રગટ; સાધારણ.

Ex-otic,(એગ્ઝૉટ'ઈક્)*a*.[Gr.*exo* outward.]Foreign;extraneous:પરમુલકનું;વિદેશી;અન્યદેશીય

Ex-pand,(એક્સ્પૅન્ડ')*vt*.[L.*ex*&*pando*,I spread] 1.To spread:વિસ્તારવું.2.To enlarge:મ્હોટું ક૦. *vi*.To become enlarged:ખીલવું;વધવું.

Ex-panse,(એક્સ્પૅન્સ્')*n*.A wide extent of space or body:મ્હોટો વિસ્તાર.

Ex-pansi-bili-ty, (એક્સ્પૅન્સ્'ઈબિલ્'ઇટિ) *n*. (*Surg*.)The capacity of being expanded:પ્રસરણશીળતા.[ફ્લાવો.2.Space:સપાટી;જગ્યા;અવકાશ.

Ex-pansion,(એક્સ્પૅન'શન્)*n*.1.Distention:ફે-

Ex-pansive,(એક્સ્પૅન્સ'ઇવ્)*a*. Dilating; diffusive;wide;extending:ફેલાય એવું;પ્રસારક;વ્યાપક.

Ex-parte,(એક્સ્પાર'ટે)*a*.Upon or from one side only:એકતરફી.E.*hearing or evidence*:એક પક્ષની ગેરહાજરીમાં બીજા પક્ષનો લેવાયેલો પુરાવો.

Ex pati-ate,(એક્સ્પે'શિએટ્)*vi*.[L. *ex* & *spatium*,space.]To enlarge in discourse or writing:વિસ્તારીને બોલવું-લખવું-બ્યાન ક૦.

Ex-patri ate,(એક્સ્પે'ટ્રિએટ્)*vt*.[L.*ex* & *pater*, father]To banish:દેશનિકાલ-હદપારક૦;દેશવટો દે૦.

Ex pect,(એક્સ્પેક્ટ્')*vt*.[L.*ex*&*specio*,I look at.] 1.To wait for:રાહ-વાટ જોવી.2.To lookforwith some confidence:થશે-આવશે-કરશે એમ ધારવું.

Ex-pectancy,-ce,(એક્સ્પેક્ટ્'અન્સ-ન્સિ)*n*.1.Expectation:આશા;ઉમેદ;અપેક્ષા.2.The object of expectation or hope:વકી;ધારણા.*Estate in* e.: ભવિષ્યમાંકબજેભોગવટો મળવાનો હક થાય એવીમિલ્કત.

Ex-pectant, (એક્સ્પેક્ટ્'અન્ટ્) *a*.Waiting:વાટ જોતું.*n*.One who waits inexpectation:વાટજોનાર.

Ex-pect-ation,(એક્સ્પેક્ટે'શન્)*n*.1.The act or state of expecting an event as about to happen:વકી;ઉમેદ;આશા.2.That which is expected or looked for:અપેક્ષિત વસ્તુ,પદાર્થ.3.The prospect of the future:સંભવ;આશા.

Ex-pecto-rate,(એક્સ્પેક્'ટોરેટ્)*vt*.[L.*ex* & *pectrois*, the breast.]To discharge phlegm; to spew:નો બલગમ-ગળફોકાઢવો;ખંખારવું;કફ કાઢવો.

Ex-pecto-rant, (એક્સ્પેક્'ટોરૅન્ટ્) } *a*.Tending to

Ex-pecto-rat-ive,(એક્સ્પેક્'ટોરેટિવ્) } facilitate expectoration:કફઘ્ન;કફનાશક;કફકારક.

Ex-pedi-ence,-cy,(એક્સ્પી'ડિએન્સ્-ન્સિ)*n*.1.Advisability;desirableness;advantage:પ્રસંગ;યોગ્યતા;ઉચિતતા;લાયકી.2.Self-interest:પોતાનું જતનું હિતશોધ.3.Haste:ઉતાવળ.

Ex-pedi-ent,(એક્સ્પી'ડિએન્ટ્)*a*.[L.*ex* & *pedis*, the foot.]1.Desirable;advisable;profitable: ફાયદાકારક;યોગ્ય;ઉપયોગી;લાયક.

Expe-dite, (એક્સ્'પીડાઇટ્)*vt*. [L. *ex* & *pedis* foot.]1.To hasten:ઉતાવળું ક૦.2.To despatch: જલદીથી મોકલવું.

Ex-pe-dition,(એક્સ્પીડિ'શન્)*n*.1.Haste: ઉતાવળ.2. An enterprise by a number of persons:કેટલાક માણસોએ કરેલી મુસાફરી.3. Hostile march:સ્વારી;કૂચ.

Ex-pe-ditious,(એક્સ્પીડિ'શસ)*n*.Quick;hav-

ing celerity:ઝટપટ;ઝડપનું;ઉતાવળું.

Ex-pel,(એક્સ્પેલ્)*vt.*[L.*ex* & *pello*,I drive.]1. To drive out:કાઢી મૂકવું.2.To banish:દેશનિકાલ કo.

Ex-pend,(એક્સ્પેન્ડ્)*vt.*[L.*ex* & *pendo*,I weight.]To consume by use:ખરચવું; વાપરવું; ખલાસ કo.

Ex-pendi-ture,(એક્સ્પેન્ડ્'ઈચ્યૂર)*n.*The act of expending;disbursement:ખરચવું-વાપરવું તે.

Ex-pense,(એક્સ્પેન્સ્')*n.*1.Disbursement:ખરચવું-વાપરવું તે.2.Cost;outlay;charge:ખર્ચ;દામ.

Ex-pensive,(એક્સ્પેન્સ્'ઈવ્)*a.*Costly;liberal: મોઘું;ભારેકિમતનું;ઘણો ખરચ થાય એવું.

Ex-peri-ence,(એક્સ્પી'રિએન્સ્)*n.*[L.*experior* I try.]Experimental knowledge:અનુભવ. *vt.* 1.To try personally: અનુભવ લેવો.2.To exercise:મહાવરા-અભ્યાસથી શીખવવું.

Ex-peri-enced,(એક્સ્પી'રિએન્સ્ટ્)*a.*Taught by practice:અનુભવી;ઘડાએલું;કસાએલું;વાકેફ;જાણ.

Experi-ment,(એક્સ્પે'રિમેન્ટ્)*n.* 1. Practical test:પ્રયોગ;અજમાયશ.2.Experience:અનુભવ.*vi.* To make an experiment!પરીક્ષા-અજમાયશ કo.

Ex-pert,(એક્સ્પર્ટ્)*a.*Well-instructed:હોશિયાર. *n.*An expert person:વાકેફગાર-હોશિયાર આણસ.

Expi-a-ble,(એક્સ્'પિએબલ્)*a.*Capable of being expiated or atoned for:પ્રાયશ્ચિત કરવાજોગ.

Expi-ate,(એક્સ્'પિએટ્)*vt.*[L.*ex* & *pio*,I appease.]To atone for:પ્રાયશ્ચિત કo.

Ex-pi-ation,(એક્સ્'પિએશન્)*n.*1.Atonement: પ્રાયશ્ચિત.2.પ્રાયશ્ચિત્ત નિવારણ કરવાનાં સાધન.

Ex-pir-ation,(એક્સ્પિરે'શન્)*n.*(*a*)A breathing out:શ્વાસ કાઢવો તે.(*b*)Death:મૃત્યુ;મોત.

Ex-pire,(એક્સ્પાઇર્)*vt.*[L.*ex* & *spiro*,I breathe.]To breathe out:(શ્વાસ)કાઢવો-છોડવો. *vi.*To breathe out the life of; to die:મરણ પામવું. 2.To cease;to terminate:-ની અવધીઆo-મુદત પૂરી થવી. [terminating:મરવું;છેડો-અંત આવવો.

Ex-piring,(એક્સ્પાઈરિંગ્)*a.* Dying;ending;

Ex-plain,(એક્સ્પ્લેન્')*vt.*[L.*ex* & *planus*,level] To make manifest;to expound: -નો અર્થ કo; સમજાવવું;ભેદ ચીરવું.

Ex-plan-ation,(એક્સ્પ્લેને'શન્)*n.*The act of explaining or expounding:સમજૂતી;ટીકા;અર્થ.

Ex-plana-to-ry,(એક્સ્પ્લેન્'અટરિ)*a.*Serving to explain; containing explanation:અર્થ બતાવે એવું.

Explet-ive, (એક્સ્'પ્લીટિવ)*a.*[L.*ex* & *pleo*,I fill.]Filling up:વધારાનું. *n.*A word or syllable not necessary to the sense but inserted to fill a vacancy: છંદ બેસાડવા-વાક્ય શોભાવવા સારૂ ઉમેરેલો શબ્દ.

Expli-cate, (એક્સ્'પ્લિકેટ્)*vt.*[L.*ex* & *plico*,I fold.]To unfold;to lay open:ઉઘાડું મુકવું.

Ex-plicit,(એક્સ્પ્લિસ્'ઇટ્)*a.*1 Distinctly stated;plain in language;express:ભાષામાં શુદ્ધ.2. Plain:સાફ;સ્પષ્ટ;ખુલ્લું.

Ex-plode,(એક્સ્પ્લોડ્')*vt.*[L.*ex* & *plaudo*,I clap the hands.]To cause to explode:ફોડી દેવું.

Ex-ploit,(એક્સ્પ્લોઇટ્)*n.*[L.*explico*,I unfold.] A deed of renown;a feat:પરાક્રમ;શૂરકર્મ.

Ex-plor-ation,(એક્સ્પ્લોરે'શન્) *n.* The act of exploring or penetrating:તપાસ; તલાસ;શોધ.

Ex-plore,એક્સ્પ્લોર્')*vt.*[L.*ex* & *ploro*,I cry.] To seek for or after:શોધથી મેળવવાને યત્ન કo.

Ex-plosion,(એક્સ્પ્લો'ઝ્હન્)*n.*[L.*explosio.*]A sudden inflaming with force:ભડાકો; ધડાકો.

Ex-plosive,(એક્સ્પ્લો'સિવ્)*a.*Causing explosion:બાર કરવાનું;ભડાકો કરે એવું.

Ex-ponent, (એક્સ્પો'નન્ટ્)*n.*[L.*ex* & *pono*, I put.] 1. A number, letter or any quantity written on the right hand of and above another quantity:ઘાત પ્રકાશક.

Ex-port,(એક્સ્પોર્ટ્')*vt.*[L.*ex* & *porto*,I carry.] 1.To carry away:લઇ જવું;ખસેડવું. 2.To send out:દેશાંતર ખાતે (માલ) મોકલવો.*n.*That which is exported:મોકલેલો માલ.

Ex-port-ation,(એક્સ્પોર્ટે'શન્)*n.*The act of exporting:દેશાવર ખાતે મોકલેલો માલ.

Ex-pose,(એક્સ્પોઝ્')*vt.*[L.*ex* & *pono*,I put.]1. To set forth;to lay out:બહાર મૂકવું;ઉઘાડું કo. 2.To lay bare; to lay open to danger: ખુલ્લું-ઉઘાડું મૂકવું;ભય આવી પડે તેવું મૂકવું.

Ex-po-sition, (એક્સ્પોઝિ'શન્)*n.*1. A laying open;a public exhibition or show:ઉઘાડું-ખુલ્લું-જાહેર-પ્રસિદ્ધ કo તે;પ્રદર્શન.2. Explanation; ટીકા;ભાષ્ય. [ટીકા-વિવરણકર્તા;ભાષ્યકાર.

Ex-posit or,(એક્સ્પૉઝ્'ઇટર)*n.*An interpreter:

Ex-posit-ory,(એક્સ્પૉઝ્'ઇટરિ)*a.*Illustrative; exegetical:ભાષ્ય ટીકાનું;ભાષ્ય કરે એવું.

Ex-postu-late,(એક્સ્પૉસ્'ટ્યુલેટ્)*vt.* [L.*ex* & *postulo*, I demand.] To discuss:તકરાર કo.*vi.* To reason earnestly with a person; to remonstrate:કોઇથી થયેલી ભૂલ વિષે તેને સમજાવવું.

Ex-postu-lation,(એક્સ્પૉસ્'ટ્યુલે'શન્)*n.* Remonstrance:ચેતવણી;શિખામણ;બોધ;ઉપદેશ.

Ex-posure,(એક્સ્પો'ઝ્હુર)*n.*1.The act of exposing:ફજેતી.2. Openness to danger: ઉઘાડું મૂકવું તે.

Ex-pound,(એક્સ્પાઉન્ડ્)*vt.*[L.*ex*& pono.I put] 1.To lay open:ઉઘાડું-ખુલ્લું મૂકવું. 2.To explain:અર્થ સમજાવવો.

Ex-press'(એક્સ્પ્રેસ્')*vt.*[L.*ex* & *premo*,I press.] 1.To press:પીલવું.2.To indicate:દર્શાવવું.3.To utter:કહેવું.4. To denote:દેખાડવું.*a.* 1. Plain: સાફ.2.Sent on particular errand:મુદ્દામ ક્રમને

સાર મોકલનાર. n. A courier:ખુદાસ મોકલેલું ખાનગી કાસદ.

Ex-pression,(એક્સપ્રે'શન્) n.1. The act of expressing:બોલવું તે.2.Declaration; utterance: બોલવું-કહેવું તે.3.Vivid representation of meaning:આબેહુબ આબેહુબ વર્ણન.4.The representation of and quantity by its appropriate signs:કોઈ પરિણામ-રકમને યોગ્ય નીશાનીથી દર્શાવવી તે

Ex-pressive,(એક્સપ્રેસ્'ઇવ્) a.1.Serving to utter;indicative: દર્શક;સુચક;બોધક. 2.Full of expression;significant:વાચકસુચક;અર્થક.

Ex-pressly,(એક્સપ્રેસ્'લિ) adv.In direct terms: ખુલ્લા શબ્દમાં;સાફ રીતે. 2. Particularly:ખાસ-વિશેષે કરીને.

Ex-pugn,(એક્સ્પ્યૂન્) vt.[L.ex & pugna,fight.] To overcome;to vanquish:જીતી લેવું;-નો પરાજય કરવો;-ને મહાત કરવું.

Ex-pulsion,(એક્સ્પલ્'શન્)n.[L.ex & pello,I drive.]1.A driving away by violence: કાઢી મુકવું-નાખવું તે. 2. The state of being expelled:કાઢી મુકવાની સ્થિતિ.

Ex-punge,(એક્સ્પન્જ્) vt. [L.ex & pungo, I prick,]1.To rub out:ભુંસી નાંખવું.2.To strike out;to annihilate:નાશ કo;રદ કo.

Ex-purgate,(એક્સ્પર્'ગેટ્) vt.[L.ex purgo, I purify.]To cleanse;to purge:માંથી કચરો કાઢવો.

Exqui-site.(એક્સ્'ક્વિઝિટ્) a.[L.ex and quæro, I seek.]1.Carefully selected:ઉત્તમ.2.Extreme;keen:ઘણું જ બારીક.

Extant,(એક્સ્'ટેન્ટ્) a.[L.ex &sto,I stand.]1.In being;now subsisting:ચાલુ;મોજુદ;હયાત;કાયમ.

Ex-tempo-re,(એક્સ્ટેમ્'પોરી) adv.[L.ex& tempus,time]Without preparation: આગળથી વિચાર કર્યા વગર;તેજ વખતે કરેલું.

Ex-tempo-rize,(એક્સ્ટેમ્'પોરાઇઝ્) vt. To prepare in great haste:તાત્કાલિક સિદ્ધ કo.

Ex-tend.(એક્સ્ટેન્ડ્') vt.[L.ex&tendo,I stretch.] 1.To expand:પસારવું;ફેલાવવું. 2. To lengthen: લંબાવવું.3.To stretch: લાંબો કo. (હાથ) vi. To Stretch:પસરવું.

Ex-tension,(એક્સ્ટેન્'શન્) n.1.The act of extending:વિસ્તાર.2.Enlargement in breadth: પોહોળાઈમાં વધવું તે. 3. A written engagement on the part of a creditor allowing a debtor further time to pay his debt:લહેણદારે દેવાદારને તેનું દેવું આપવાની મુદત વધાર્યાનો લખી આપેલો કરાર. [શાળ.

Ex-tensive,(એક્સ્ટેન્સ્'ઇવ્) a.1.Expanded: વિ-

Ex-tensive-ness,(એક્સ્ટેન્સ્'ઇવ્નેસ્) n. Wideness;diffusiveness:બહોળાપણું;વિશાળપણું.

Ex-tent,(એક્સ્ટેન્ટ્') n. Extension;compass;bulk:હદ;સીમા;મર્યાદા;વિસ્તાર.2.(Law.)A levy:ઉઘ-

રાત;વસુલાત.

Ex-tenu-ate,(એક્સ્ટેન્'યૂએટ્) vt.[L.ex &tenuis, thin.]1. To draw out;to make thin: પાતળું-નબળું-ક્ષીણ કo.2.To lessen;to diminish:ઘટાડવું કo.

Ex-tenu-ation,(એક્સ્ટેન્'યૂએ"શન્) n. The act of making thin or slender;mitigation:ગુનો ઓછો થાય-ઘટાડાય એવું કારણ બતાવવું તે.

Ex-teri-or,(એક્સ્ટી'રિઅર્) n.[L.exter,outward from ex,out.] 1. The outward surface of a thing:શરીરનો ઘાટ;બહારનું અંગ.2.The outward form:બહારનો આકાર.a.External:બહારનું.

Ex-termin-ate,(એક્સ્ટર્'મિનેટ્) [L.ex&terminus,a limit.]1.To destroy utterly:છેકનાશ કo. 2. To put an end to the power of;to root out:કોઇની સત્તા છોડાવી દેવી.

Ex-termin-ation,(એક્સ્ટર્'મિને"શન્) n.1.Eradication;extirpation;excision:સમૂળો નાશ;નિકંદન.

Ex-ternal,(એક્સ્ટર્ન્'અલ્) a.[L.exter,outward.] 1.Perceptible by the senses;outward:બહારનું.2.Related to the body or its appearance:શરીર કિંવા તેના દેખાવને લગતું.

Ex-tinct,(એક્સ્ટિન્ક્ટ્) a.1.Put out;quenched: હોલવાઇ ગયેલું.2.Terminated:નાશ પામેલું.

Ex-tinction,(એક્સ્ટિન્ક્'શન્) n.1. The act of extinguishing:હોલવવું તે.

Ex-tinguish,(એક્સ્ટિન્ગ્'વિશ્) vt.[L.ex & stinguo,I quench.]1.To quench: હોલવવું;બુઝવવું.2. To put an end to:નાશ કરવું

Ex-tinguish-a-ble,(એક્સ્ટિન્ગ્'વિશેબલ્) a.Capable of being quenched:નાશ કરાય એવું.

Ex-tirpate,(એક્સ્ટર્પ્'એટ્) vt.[L.ex & stirps, a root.]1.To root out: જડમૂળથી-ઉખેડી નાંખવું.2. To destroy wholly:સમૂળો નાશ કo.

Ex-tirp-ation,(એક્સ્ટર્પે'શન્) n.Eradication; total destruction:સમૂળો નાશ-લય;ઉચ્છેદ.

Ex-tol,(એક્સ્ટોલ્') [L.ex&tollo,I lift.]1.To lift up:ઉંચે સ્થળે-પદવીએ બેસાડવું.2. To elevate by praise:સ્તુતિ-પ્રશંસા-તારીફ કo.

Ex-tort,(એક્સ્ટોર્ટ્) vt.[L.ex&torqueo,I twist.] 1.To wrench away from: બળાત્કાર-જોર જુલમથી કઢાવવું.2.To take unlawfully:ગેરકાયદાથી લેવું.

Ex-tortion,(એક્સ્ટોર્'શન્) n.1.The act of extorting:લઇ લેવું-કઢાવવું તે.2.That which is exacted by force:જોર જુલમથી જે લેવામાં આવે છે તે.

Ex-tortion-ate,(એક્સ્ટોર્'શનેટ્) a.Oppressive; જુલમી;જુલમગાર.

Ex-tortion-er, (એક્સટોર્'શનર્) n. One who practises extortion:બળાત્કારે લેનાર-કઢાવનાર.

Extra,(એક્સ્'ટ્રે) a.Over and above:વધારે;વધારાનું. n.Something in addition to the regular charge:પુરવણી.

Ex-tract,(એક્સ્ટ્રૅક્ટ)*vt.*[L.*ex*&*traho*,I draw.] 1.To draw out;to withdraw:-માંથી કહડવું-ખેંચી કહડવું.2.To withdraw by distillation or other chemical process:અર્ક-તેલળ કહડવો. 3. To choose out as a passage from a book: ઉતારી લેવું.*To e.the root*:મૂળ કાહડવું.*n*.1. A quotation:ઉતારો.2.Essence:અર્ક;તેલળ

Ex-traction,(એક્સ્ટ્રૅક્શન)*n*.1.The act of extracting or drawing out:કહડવું તે (દાંત,વિ૦)2. Lineage;descent:કુળ.3.Extract;essence:અર્ક.

Ex-tra-dition,(એક્સ્ટ્રૅડિશન)*n*.[L.*ex*&*trado*,I deliver.]The delivery by one nation to another, of fugitives from justice,in pursuance of a treaty:તોહોમતદાર એક રાજ્યના તાબામાં હોય તેને બીજા રાજ્યને હવાલે કર તે.

Ex-tra-mundane,(એક્સ્ટ્રૅમનડૅન) *a*.[L.*extra* & *mundus*, world.] Beyond the limit of the material world: પારલૌકિક.

Ex-tra-mural,(એક્સ્ટ્રૅમ્યૂરઅલ) *a*. [L.*extra* & *murus*,wall.]Beyond the walls:બહાર-કોટનું.

Ex-trane-ous,(એક્સ્ટ્રૅનીઅસ) *a*. [L.*extra*.] Not essential;foreign: બીજી-જુદી જાતનું.

Ex-tra-ordin-a-ry,(એક્સ્ટ્રૉર્ડિનરિ) *a*. [L.*extra*&*ordo*,I order.] 1. Out of the common order: અસાધારણ.2.Remarkable;wonderful: અલૌકીક. 3. Specially sent or issued for a special purpose:વિશેષ;મુદ્દામ મોકલેલું.

Ex-trava-gance, (એક્સ્ટ્રૅવ'ગૅન્સ) *n*.1. The act of wandering beyond proper limits:હદ બહાર ભટકવું તે.2.The state of being prodigal: ઉડાઉપણું;અનીતિ.

Ex-trava-gant,(એક્સ્ટ્રૅવ'ગૅન્ટ)*a*.[L.*extra*& *vago*,I wander.]1.Irregular: હદબહાર ભટકતું. 2.Wild;uncontrolled:જંગલી;દાબમાં રહે નહિ તેવું.3.Prodigal:ઉડાઉ.

Ex-treme,(એક્સ્ટ્રીમ)*a*.[L.*exter*,outward.] 1. Utmost:અણીપર.2. Last:છેલ્લું.*n*. 1. Either of the extreme terms of a syllogism: અવયવ ઘટિત વાક્યનાં છેડાનાંપદોમાંનું એક.

Ex-tremi-ty,(એક્સ્ટ્રેમ્'ઇટિ) *a*. 1. The utmost limit:અણી.2.The utmost point:પરમ મર્યાદા.3. Greatest need or peril:અતિશય અડચણ-દુ:ખ.

Extri-ca-ble,(એક્સ્'ટ્રિકબલ)*a*.Capable of being extricated:છુટી શકે એવું; કઢાય એવું.

Extri-cate,(એક્સ્'ટ્રિકેટ)*vt*.[L.*ex*&*tricæ*, trifles.]1.To disentangle:છોડવવું;-છુટું કર.

Ex-tri-cation,(એક્સટ્રિકે'શન)*n*.1. Disentanglement: માંથી છુટુંકર-મોકળું કર તે.

Ex-trinsic,-al,(એક્સટ્રિન'સિક-એક્સટ્રિન'સિકલ) *a*.[L.*exter*,and *sequor*, I follow.] External; outward:પારકું;બીજું;ઉપલું; બાહ્ય.

Ex-trude,(એક્સ્ટ્રૂડ)*vt*. [L.*ex*&*trudo*, I push.] 1.To thrust out:બાહાર ધકેલવું.

Ex-uber-ance,(એક્સ્યૂબ'અરન્સ)*n*.Richness;luxuriance:પુષ્કળ-ભરપૂરપણું;રેલછેલ;ભરપૂર પહેલો પાક.

Ex-uber,-ant,(એક્સ્યૂબ'અરન્ટ)*a*. [L.*ex* & *uber*, rich.]Planteous;rich;superfluous:પુષ્કળ;ઘણું.

Ex-ud-ation,(એક્સ્યૂડે'શન)*n*.1.Sweating;moisture:શરદી નિકળવી તે.2. The substance exuded:પરસેવો.

Ex-ude,(એક્સ્યૂડ)*vi*.[L.*ex*&*sudo*,I sweat.] To flow from a body through the pores: પરસેવો છુટવો.To give out:કાણામાંથી કાઢી નાંખવું.

Ex-ulcer-ation,(એગ્ઝલ્'સરે"શન)*n*.1.The act of causing ulcers on a body:શરીર ઉપર ફોલ્લા ઉઠાડવા તે;નાસુર. [leap for joy:અત્યાનંદ થવો.

Ex-ult,(એગ્ઝલ્ટ)*vi*. [L.*ex* & *salio*,I leap.]To

Ex-ult-ation,(એક્સલ્ટે'શન)*n*.Rapturous delight:અત્યાનંદ;પરમાનંદ;અતિશય હર્ષ.

Exust,(એક્સસ્ટ)*vt*.To burn:બાળવું.

Ex-uvi-æ,(એગ્ઝ્યુ'વિઈ)*n*.*Pl*.[L.*exuo*,I draw.] Cast skins of animals: (સાપ વિ૦ ની) કાંચળી.

Eye,(આઈ)*n*.1.The organ of sight:આંખ.*evil e*.:પાપદૃષ્ટિ;કુદૃષ્ટિ 2.Watch:દેખરેખ.3.(*a*)A small hole:નાનું કાણું;સોયનું નાકું.*To keep an e.on*, to watch:નજર તપાસ રાખવી. *vt*. To look on:જોવું.

Eyeball, (આઇબૉલ)*n*. The ball of the eye: આંખનો ડોળો;નેત્રપિંડ. [the eye:ભ્રમર;ભવું;ભ્રકુટિ.

Eye-brow,(આઈબ્રાઉ)*n*.The hairy arch over

Eye-glass,(આઈગ્લૅસ)*n*.1.Spectacles; ચશમાં-મું.2.The eye-piece of a telescope:દુરબીનનો આંખેથી જોવાનો કાચ. [edges the eyelid:પાંપણ.

Eye-lash,(આઈલૅશ)*n*.The line of hairs that

Eyelet-hole,(આઇલેટ્હોલ)*n*.An eyelet:નાકું; વેહ. [આંખનું પોપચું.

Eye-lid,(આઇ'લિડ)*n*. The cover of the eye:

Eye-salve, (આઇ'સાવ) *n*. Ointment for the eye:આંખનું મલમ-ઓસડ.

Eye-sight,(આઇ'સાઈટ) *n*.1.View:નજર; દ્રષ્ટિ. 2.The power of seeing:જોવાની શક્તિ.

Eye-sore,(આઈ'સોર)*n*. Small thing offensive to the eye:નેત્ર કંટક.Sore eyes:આંખ આવેલી.

Eye-tooth, (આઇ'ટૂથ) *n*. The pointed tooth in the upper jaw next to the grinders:રાક્ષી.

Eye-wit-ness,(આઇ'વિટ્નેસ)*n*. He who sees a thing done:નજરે જોનાર;પ્રત્યક્ષ દર્શી.

Eyrie,-y,(આઇ'રિ)*n*.The place where birds of prey construct their nests and hatch their young ones:બખોલ;બોડ.

F.

F,(ફ઼)The sixth letter of the English alphabet and a nonvocal consonant: ઇંગ્લિશ મુળાક્ષરનો છઠ્ઠો અક્ષર.**F.** as a Latin numeral represents 40; F, 40,000.

Fable,(ફે'બલ્)*n.* [L. *fari*, to speak.] 1. A ficticoious story:વાર્તા.2.Fiction:untruth:કલ્પના;કલ્પિત-જોડી કાઢેલી વાત.*vi.*1.To compose fables:જુઠી વાર્તા બનાવવી;જોડવી.

Fabric,(ફેબ'રિક્)*n.* [L.*facio*,I make.]1.Texture:બનાવટ;બનાવટ. as (*a*) structure; ઇમારત. That which is fabricated(*b*)Cloth manufactured:કાપડ.

Fabric-ate,(ફેબ'રિકેટ્)*vt.*1.To frame:ઘડવું ક૦. 2.To manufacture:બનાવવું.3.To invent and form:શોધી કાઢવું ને બનાવવું.

Fab-ric-ation, (ફેબ્રિકે'શન્)*n.* [L.*fabricatio.*] 1.Construction; manufacture:બનાવટ.2.That which is fabricated:તરકટ;બનાવટ.

Fabric-at-or,(ફેબ'રિકેટર્) *n.* One who fabricates,constructs or makes:પાખંડી;તરકટબાજ.

Fabulist, (ફે'બ્યુલિસ્ટ્)*n.* 1. One who invents or writes fables:કલ્પિત વાત રચનાર;કથા જોડનાર.

Fabulous,(ફે'બ્યુલસ્)*a.*1.Fictitious:જોડેલું;ખોટું.

Fa-cade, (ફસાંડ્ or ફસેડ્)*n.*[L. *facies, face.*] The front of a building:ઇમારતનો આગલો ભાગ.

Face,(ફેસ્)*n.*[L.*facies*,face.]1.The front; the surface which comes first to view: મોઢું; મુખ.3.The principal flat surface of a part: કોઇપણ ભાગની મુખ્ય પહોળી સપાટી. 4. Countenance:મોઢું. 5.Airs:સ્વરૂપ. To make *faces* at: ચાળા પાડવા.*To fly in the* f.:સામા થવું 6. Presence;sight:સમક્ષ;રૂબરૂ.*Face to face*.મ્હોઢા મ્હોઢ. *To set the* f. *against*:સામા થવું. *vt.* To resist: સામા થવું.2.*To turn the* f.:મોં ફેરવવું.

Face-guard,(ફેસ'ગાર્ડ્)*n.* A kind of mast to defend the face:એકજાતના બુરખા-બખ્તર.

Face-paint-er, (ફેસપેન્ટર્) *n.* A painter of portraits:છબી ચીતરનાર;મોઢાની આકૃતિ કાઢનાર.

Facer,(ફે'સર્)*n* One who faces,one who puts on a false show:સામો થનાર ડોળ દેખાડનાર.

Facet,(ફેસ્'એટ્)*n.*A little face,a small plane surface:નાનું મો પાસા;નાની સપાટી પેલ.2.A circumscribed surface:ઘીસી ખાંચ-સપાટી.

Fa-cetious,(ફસી'શસ્)*a.* [L. *faceo*,I make.] Merry:રસિક,વિનોદી.2.Exciting laughter:મશ્કરી ભરેલું. [humor;pleasantry:વિનોદ;હાસ્ય;ઠઠ્ઠાબાજી.

Face-tious-ness, (ફસી'શસનેસ્) *n.* Sportive

Face-voiper,(ફેસ્વૈપર્)*n.*Facecloth:મુખવસ્ત્ર.

Faci-al,(ફે'શિઅલ્)*a.* [L.*facies*, face.]Pertaining to the face:મ્હોઢાનું-સંબંધિ.

Facile, (ફૅ'સિલ્)*a.*[L.*faceo*,I make.]1.Easy to be performed;not difficult:સહેલુ;સુગમ.2. Easily conquered:ઝટ તાબે થશ્ય-વશ થાય એવું. 3.Yielding:તાબે થઈ જાય તેવું ભોળું.

Fa-cilit-ate,(ફસિલ'ઇટેટ્)*vt.*[L.*facilis*,easy.] To make easy:સહેલુ-સુગમ ક૦.

Fa-cili-ty,(ફસિલ'ઇટિ)*n.* [L. *facilis* easy.]1. Ease:સહેલાઇ; સરળતા; સુગમતા. 2. Dexterity: ચંચળાઇ. [ornament:ટાઇલ.

Facing,(ફે'સઇંગ્)*n.*1. Covering in front for

Fac-simi-le,(ફેકસિ'મિલી)*n.*[L.*faceo*,I make & *similis*,like.]An exact copy:આબેહુબ નકલ. *vt.* To make a copy of:ની નકલ ક૦.

Fact,(ફૅક્ટ્)*n.* [L.*faceo*,I make.]1.An effect produced; an event;a circumstance:હકીકત; ખરી વાત.2.Reality;truth:ખરેખર-વાસ્તવિક હોય તે.*Matter* of f.:ખરી-બનેલી હકીકત.

Faction,(ફેક'શન્)*n.*[L. *factio*, a doing.]1.A party in political society combined in union in opposition to the government:તડ;પક્ષ;ટોળી.

Faction-a-ry,(ફેક'શનરી)*n.* A party man: ટોળીનો-પક્ષનો માણસ. [es faction:તડ પાડનારો.

Faction-ist,(ફેક'શનિસ્ટ્)*n.*One who promot-

Factious,(ફેક'શસ્)*a.*1.Turbulent:ફિતુરખોર. 2. Pertaining to faction:ટોળીને લગતો;ટોળીવાળો.

Fac-titious,(ફેકટિ'શસ્)*a.*[L. *faceo*,I make.] Artificial;unnatural:બનાવટી;કૃત્રિમ.

Factive,(ફેક્ટ'ઇવ્)*a.*Making;having power to make:કરવાની શક્તિ ધરાવતું.

Factor,(ફેક્'ટર્)*n.*[L.*factor*,a doer]1.An agent; commission merchant:આડતીયો 2.One of the elements or quantities which when multiplied together,form a product:અંક;અવયવ;ભાગ પાડવા.

Factor-age,(ફેક'ટરેજ્)*n.* The allowance or commission given to a factor by his employer:આડત;ગુમાસ્તિ;દલાલી;હકસાઇ.

Factory,(ફેક્'ટરિ)*n.*A warehouse:go-down: વખાર;કોઠી.2.A manufactory: કારખાનું.

Facul-ty,(ફે'કલ્ટિ)*n.*[L.*faceo*,I make.]1.(*a*)Ability:શક્તિ.(*b*)Intellectual endowment: બુદ્ધિબળ. 2. A body of men to whom any specific right or privilege is granted:ખાસ હક ધારણ કરનાર મંડળ. as, *medical* f.: વૈદમંડળ. 3. The president professors & tutors in a college:શાળાના પ્રમુખ;પંડિતો કે શિક્ષકો.

Facund,(ફેકન્ડ્)*a.* [L.*fari*, to speak.] Eloquent:છટાદાર.

Fade,(ફેડ્)*a.*[L.*fatuus*,foolish.] Weak;com-

monplace:ફીકું; નબળું. *vi*. To lose colour or brightness:રંગ જતો રહેવો.2.To lose strength: નબળું પડી જવું.3.To grow dim:ઝાંખું પડવું.

Faddle,(ફેડલ્) *vi*. To trifle:નકામો વખત કાઢવો. *vt*.To fondle:રમાડવું.

Fæces (ફીસીઝ્)*n*.[L.*fæx*,dregs.] Excrement; settings:મળ;વિષ્ટા; નીચે ઠરેલો કચરો.

Faffle,(ફેફલ્)*vi*.To stammer:બોલતાં અચકાવું.

Fag,(ફેગ્)*vt*.To compel to drudge:વેઠ કરવાની ફરજ પાડવી;હલકી નોકરી કરાવવી.*vi*.1.To become weary:થાકી જવું. 2.To work hard:સખત મહેનત કર;વૈતરું કર. [સખત વૈતરું.

Fagging,(ફેગ્'ઇંગ્)*n*. Laborious drudgery:

Fag-end,(ફેગ્'એન્ડ્) *n*. The end of a web of cloth: લુગડાના થાનનો છેડો.

Fagot,(ફેગ્'ઑટ્)*n*.[L.*facis*,torch.] A bundle of stick:લાકડાની ભારી.*vt*. To bind in a bundle;to make a fagot of:જુથમાં બાંધવું.

Fa-i-ence,(ફાઇઍન્સ) *n*. A kind of earthenware:એક જાતનાં માટીનાં વાસણ.

Fail,(ફેલ્)*vi*. [L. *fallo*,I deceive.]1. To become deficient:ખુટી જવું;ઓછુ થવું.2.To become weak (a patient):અશક્ત-નબળું થઇ જવું.3. To be baffled,or frustrated:ફોકટ જવું; નિષ્ફળ જવું. 4.To err in judgment: ચુકવું. 5. To become bankrupt:ખુટવું;દેવાદાર થવું.*vt*.1. To desert:છોડી દેવું.2.To lose: ચુકવું.

Failing,(ફેલ્'ઇંગ્)*n*.1.Dificiency;imperfection: ખોટ. 2. The act of becoming insolvent:દેવાદાર થવું તે.

Failure, (ફેલ્'યુર્)*n*.1.Failing;deficiency:ટોટો.2.Omission:તોડવું;નહી પાળવું તે.3. Want of success:પાછા પડવું.

Fain,(ફેન્)*a*.1.Glad;well-pleased: ખુશ;રાજી; આનંદી.2.Satisfied; contented:સંતુષ્ટ; ધરાયેલું. *adv*.Gladly:ખુશીથી.

Faint(ફેન્ટ્)*a*.[L.*fingere*,to feign.]1.Languid: નરમ;કમજોર.2.Not bright:ઝાંખું;ફિકું.3.Dejected:બીકણ.*n*.Swoon:મૂર્છા.*vi*.1.To grow feeble: નબળું-અશક્ત થઈ જવું. 2. To sink into dejection:હિંમત છોડી દેવી.

Faint-heart-ed, (ફેન્ટ્'હાર્ટેડ્) *a*. Wanting in courage;cowardly; dejected:બાયલો;બીકણ.

Fainting, (ફેન્ટ્'ઇંગ્)*n*. Syncope or loss of consciousness owing to a sudden arrest of the blood supply to thr brain:બેભાનપણું;મૂર્છા.

Faintness,(ફેન્ટ્'નેસ્)*n*.1.The state of being faint:મૂર્છાગત થવું તે;બેભાનપણું. 2.Want of vigour: નબળાઈ;કમજોર-કૌવત.

Fair,(ફેર્)*a*.1.Clear:ચોખ્ખું.2.Beautiful:સુંદર.3. Free from a dark line:ગોરું.4.Cloudless:વાદળાં વગરનું.5.Favorable: અનુકૂળ.6. Free from obstacles;open:હરકત વગરનું.7. Honest:પ્રમાણિક.8.Pleasing:આનંદિ.9.Legible;(handwritings):સાફ.10.Untarnished:નિષ્કલંક.**F**.*one*,a beauty:રૂપવંતિ સુંદરી **F**.*play*, a fair or equal chance:અદલ ન્યાય *The* **f**.*sex*,the female sex: સ્ત્રી જાતિ.*adv*.(*a*)Clearly:ચોખ્ખી રીતે.(*b*)Honestly:પ્રમાણિકપણે.*n*.A fair woman:સુંદર સ્ત્રી. *The* **f**.,anything beautiful;women collectively: સ્ત્રી જાત. *To be in a* **f**.*way to; to stand* **f**. *to*: આશા હોવી;સંભવવું. [Favorably:યોગ્ય રીતે.

Fairly,(ફેર્'લિ)*adv*.1.Honestly:પ્રમાણિકપણે.2.

Fairness,(ફેર્'નેસ્)*n*.Honesty; distinctness: પ્રમાણિકપણું;અનુકુળતા;સ્વચ્છતા.

Fair-world,(ફેર્'-વર્લ્ડ્)*n*.State of prosperity:સારો-આબાદીનો વખત;સુખસંપત્તિ.

Fairy,(ફેરિ)*n*.1.An imaginary supernatural being:વનદેવતા;અપ્સરા.(*a*) A prophesying female:ભવિષ્ય કહેનારી સ્ત્રી. *a*. Of or pertaining to fairies:પરીનું-સંબંધિ.

Faith,(ફેથ્)*n*.[L.*fido*, I trust.]1.Belief; reliance on testimony:ભરસો;આકીન; શ્રદ્ધા. 2.A system of religious belief of any kind:ધર્મ. 3.Fidelity to one s promises:વફાદારી.4.Promise given:વચન. *In good* **f**., with perfect sincerity:પ્રમાણીકપણે;ચોખ્ખા દીલથી. [સઘાત.

Faith-breach,(ફેથ્બ્રીચ્)*n*.Disloyalty:વિશ્વા-

Faithful,(ફેથ્'ફુલ્)*a*.1.Honest:વિશ્વાસુ.2.Loyal:વફાદાર;નિમકહલાલ.2.True to one's words: વચની;સત્યવાદી. [વચન.

Faithful-ness,(ફેથ્'ફુલ્નેસ્)*n*.Truth:વફાદારી;

Faithless,(ફેથ્'લેસ્)*a*. Wanting in faith:અવિશ્વાસી;નાસ્તિક.2-Disloyal:બેઇમાન;દગાખોર.

Faitour,(ફે'ટુર્)*n* [L.*ficio*, I make.] A doer or actor;henee,an evil doer:બુરું કરનાર.

Fake,(ફેક્)*n*. A single turn or coil:ગુંચળાની એક આંટી.*vt*.To cheat;to swindle:ઠગવું. 2. To make:બનાવવું.[broad sword:પોહોળી વાંકી તરવાર.

Falchion, (ફોલ્'શન્)*n*.[L. *falx*, a sickle.] A

Falci-form,(ફોલ્'સિફોર્મ્)*a*. [L.*falx*, a sickle and *forma*, form.] Resembling a reaping hook:કાપણી કરવાના દાતરડા જેવું. [બાજ;સકરો.

Falcon,(ફૉ'કન્)*n*.[L.*falx*,a sickle.] A hawk:

Falcon-er,(ફૉ'કનર્) *n*.One who follows the sport of fowling with hawks:બાજ પક્ષીથી શિકાર કરનાર;શિકારી. [જાડું કપડું.

Falding,(ફોલ્ડ્'ઇંગ્)*n*.A kind of coarse cloth

Faldstool,(ફોલ્ડ્'સ્ટૂલ્)*n*.A folding stool: પાદરીની ખુરશી;નાનો બાજઠ.

Fall,(ફૉલ્)*vi*.1, To descend:નીચે પડવું. 2. To drop:ટુટી પડવું. 3.To die by violence:પડવું.4. To lose strength: બંધ પડવું; નરમ પડવું.5. To decline in power:-ની ભાગતી આવવી.6. To be

degraded: ફેરામાં આવી પડવું.7.To happen;to come to pass;to terminate:બનવું. *To f.away* to loose flesh:ઝુરવું; કરમાઈ જવું;સુકઈ જવું. *To f. back*,to give way: પાછા હઠવું. *To f.down*, to prostrate one's self in worship:લાંબા થઈ પગે લાગવું.*To f.foul*, to assault:હુમલો કરવો. *To f. in*,to sink inwards:બેસી જવું;ખસી પડવું. *To f. in with*,to meet with accidentally:અનાયાસે -અચાનક મળવું.*To f.out*,(*a*)to quarrel:કજીયો ક૦. (*b*)To happen:થવું;બનવું.*To f.through*,to fail: નિષ્ફળ જવું. *To f.under*: ખીજાના તાબામાં આવવું. *To f.upon*,to attack: હુમલો ક૦. *vt.* 1. To let fall:પડવા દેવું.2.To diminish:ઓછું થવું.3.To cut down:કાપી નાંખવું.*n.*1. The act of dropping: પડવું તે.2.Death:મોત. 3.Downfall:પડતી.4.Decrease of price:બેસી જવું તે. 5. Cataract:ધોધવો;ધોધ. [epilepsy:ફેફર;વાઇ.

Falling-sick-ness,(ફૉલ'ઇંગ્-સિકનેસ)*n.* The

Fal-lacious,(ફૅલ્લે'શસ્)*a.* Fitted to deceive: ઠગ ઉત્પનકરે એવું;ભ્રાન્તિજનક.

Falla-cy,(ફૅલ'લૅસિ)*n.*[L. *fallo*, I deceive.]1. Deceitful-ness; mistake:ભુલ; ખોટ. 2. Sophism:આભાસ;ભ્રમ;સિદ્ધાન્તાભાસ.

Fallibility(ફૅલિબિલ્'ઇટિ)*n.*Liableness to deceive:ભુલમાં પડી શકવુંતે;ભ્રાન્તિ.

Fallow,(ફૅલ્'લો)*a.*1.Uncultivated:ખેડયા વિનાનું; પડતર;ઝાંખા રાતા-પીળા રંગનું.

False,(ફૉલ્સ્)*a.* [L. *fallo*, I deceive.] 1. Dishonest:ખોટું.2.Not faithful:નિમકહરામ.3.Not true:અસત્ય. 4. Not trustworthy: ભરોસો નહિ રાખવા લાયક.5.Not original:અસલ નહી.

Falsely,(ફૉલ્સ્'લિ)*adv.*Deceitfully:કપટથી.

Falsette-tto,(ફૉલ્સેટ'-ટૉ)*n.*[L.*fallo*,I deceive] A false or artificial voice:ખોટો અવાજ.

False-heart or hearted, (ફૉલ્સ્'હાર્ટ્-ટેડ્)*a.* Treacherous; perfidious:દગાખોર;બેવચની.

False-hood,(ફૉલ્સ્'હુડ્)*n.*[L.*fallo*,I deceive] An untrue assertion:અસત્ય.2.Treachery:કપટ.3.False appearance:આડંબર.

Falseness,(ફૉલ્સ્'નેસ્)*n.*Unfaithfulness;treachery:કપટ;બેવફાઈ;બેઇમાની.

Falsi-fi-er,(ફૉલ્સ્'ઇફાઈઅર) *n.* A falsificator: સાચી વાતને ખોટી પાડનાર;ખોટું કહેનાર.

Falsi-fy,(ફૉલ્સ્'ઇફાઈ)*vi.*1.To make false:ખોટું ક૦. 2. To prove to be false: ખોટું પાડવું. *vi.* To tell lies:અસત્ય બોલવું.

Falsism,(ફૉલ્સ્'ઇઝમ્)*n.* That which is evidently false:જે ખુલ્લી રીતે જુઠું છે તે;જુઠાણું.

Falsi-ty,(ફૉલ્સ'ઇટિ) *n.* The quality of being false:ખોટાપણું.2.Falsehood;lie:જુઠાણું;અસત્યતા.

Falsification,(ફૉલ્સ્'ઇફિકૅ"શન્)*n.*1.A counterfeiting:ખોટું ભરવું પાડવું તે.2.The showing of an item of charge in account to be wrong: હિસાબની રકમ ખોટી છે એમ બતાવી આપવું તે.

Falstaff,(ફૉલ્સ્ટૅફ્) *n.* A fat & happy fellow: ગઠારગચ્છ;જાડ આદમી;ગબ્બુશજી.

Falter,(ફૉલ્'ટર)*vi.*[L. *fallo*, I deceive.] 1.To hesitate; to fail: તોતડું બોલવું; લથડવું; ચુકવું.*vt.* To thrash in the chaff:છોડાં ઉખેડવાને અથવા છોડામાંથી અનાજને કાઢવાને ઝુડવું તે.

Famble,(ફૅમ્'બલ્)*vi.*To stammer:બોલવામાં અચકાવું;બોલતાં અચકાવું.*n.*A hand:હાથ.

Fame,(ફેમ્)*n.*[L.*fame*,fame.]1.Public report: લોકવાયકા. 2. Renown:કીર્તિ;પ્રસિદ્ધિ;નામના.*vt.*1. To report:જશગાવા.2.To make famous:પ્રખ્યાતક૦

Fa-miliar,(ફૅમિલ્'યર)*a.*[L.*familia*,family.]1 Domestic:ઘરનું;ખાનગી. 2.Well versed in:નિપુણ.3.Well known:જાણીતું.4.Free:હળી ગએલું.

Fa-mili-ari-ty,(ફૅમિલ્'ઇઍ"રિટિ) *n.*Intimacy: ઘરોબો;હળીમળીને વહેવાર રાખવો તે.

Fa-mili-ar-ise,(ફૅમિલ્'ઇયરાઇઝ્) *vt.* To accustom:માહિતી મેળવવી.2.To make easy by customary use:-ને મહાવરા અભ્યાસથી સહેલું ક૦.

Fa-miliar-ly, (ફૅમિલ્'ઇયર્લિ) *adv.*Uncermoniously:હળીમળીને;મિત્ર ભાવથી.

Fami-ly, (ફૅ'મિલિ)*n.* [L. *familia*, family.] A household:કુટુંબ;પરિવાર.2.A tribe or race:વંશ;કુળ. 3.Geneology:વંશ. 4.Honorable descent:ઉંચ કુળ;ખાનદાની.

Famine,(ફૅ'મિન્)*n.*[L. *fames*, hunger.] Scarcity of food:દુકાળ;અભાવ;અછત;મોંઘવારી.

Famish,(ફૅ'મિશ)*vt.*To starve:ભુખે મારવું.*vi.*To die of hunger:ભુખે મરવું.

Famish-ment,(ફૅ'મિશ્મેન્ટ્)*n.*Extreme want of sustenance:ભુખમરો;અતિશય ભુખ. [ખ્યાતિ.

Fa-mosi-ty,(ફૅમૉસ્'ઇટિ) *n.* Renown:પ્રખ્યાતિ;

Famous,(ફૅમ્'અસ્)*a.*[L.*fama*, a fame.] Renowned;celebrated:પ્રખ્યાત;નામાંકિત;મશહુર.

Famul-ate,(ફૅમ્યુલેટ્)*vi.*[L.*famulus*,servant.] To serve:ચાકરી ક૦;તાબેદારી ક૦-ઉઠાવવી.

Fan,(ફૅન્)*n.* 1. An instrument for producing air:પંખો. 2.An instrument for winnowing grain:સુપડું.*vt.*To move as with a fan:પંખાથી વા નાંખવો.2.To winnow:ઝાટકવું.

Fanal,(ફૅન'અલ્)*n.*A light-house:દીવાદાંડી.

Fa-natic,(ફૅનૅટ્'ઇક્)*a.*Unreasonable;excessively enthusiastic on religious subjects:ધર્માંધ;ઝનુની;ધર્મોન્મત્ત.*n.*An excessively religious enthusiast:ધર્માંધ;અતિધર્માભિમાની પુરૂષ;ઝનુની.

Fa-natic,-al,(ફૅનૅટ્'ઇક્,-કૅલ્)*a.*[L.*fanum*,temple.]Excessively enthusiastic:ધર્માન્ધ;ઝનુની.

Fanaticalness(ફૅનૅટિકૅલ્નેસ્) *n.* Fanaticism: ગાંડો જુસ્સો;ધર્માન્ધપણું.

Fan-blow-er,(ફૅન્'-બ્લોઅર)*n.*A fan;a fanner:

વા નાખનાર;ચીચીકે ધમણ ફુંકનાર.

Fanci-ful,(ફેન'સિફુલ્)*a*.1.Full of fancy;whimsical:લહેરી;મનમોજી;તુરંગી;કલ્પિત;માનસિક.

Fancy,(ફેન'સિ)*n*.[Gr.*phanio*, I show.]1.The faculty by which the mind forms images of things at pleasure:કલ્પના-તર્કશક્તિ.2.Conception:કલ્પના;ધારણા.3.Caprice:તુરંગ.4.Liking:મરજી.*vi*.1.To imagine:કલ્પના કo;માનવું.

Fane,(ફેન્)*n*.[L.*fari*,to speak.]A temple:દેરું;મંદિર;દેવાલય.[inted tooth:મોટો અણીવાળોદાંત;પંજો.

Fang, (ફેન્ગ્)*vt*.To seize:પકડવું.*n*.1.A long po-

Fangle,(ફેન્ગ્'લ્)*n*.A new attempt;a trifling scheme:ખોટા વિચાર;તુરંગ.

Fangled,(ફેન્ગ્'લ્ડ્)*a*.Showy; decorated:ભપકાદાર;દેખાવડું;ઢોંગી.

Fan-tasi-a,(ફેનટૅ'ઝીઍ)*n*.A continuous composition:ખુશનુમા ગાયન.

Fan-tastic, cal,(ફેન્ટૅસ્'ટિક-કૅલ્)*a*.1.Imaginary:તુરંગી 2.Irregular;wild:જંગલી.

Fantasy,(ફેન'ટૅસિ)*n*.*vt*. To fancy:કલ્પના કo.

Fantom, (ફેન્ટૉમ્)*n*.[Gr. *phaino* I show.]A ghost:ભૂત,પ્રેત,પિશાચ;પડછાયો. [અનાજ.

Fantom-corn,(ફેન્ટૉમ્કૉર્ન્)*n*.Light corn:હલકું

Far,(ફાર્)*a*.1. Distant: દુર; આઘેનું. *adv*.1.To a great distance:દુર; આઘે. 2.In a great part: ઘણું ખરૂં.*By far*,very much: ઘાણુંજ.**F**.*off*:ઘણે દુર; *so* f.:એટલે સુધી.

Farce,(ફાર્સ્)*n*.[L.*facio*,I stuff.]1. Ridiculous or empty show:હસવા લાયક પોકળ.*vt*.1.To render fat:જાડું કo.

Fare,((ફેર્)*vi*.1.To go;to travel:જવું;મુસાફરી કo. 2.To be in any state good or bad:હોવું;થવું.3 To be entertained:જમવું;ખાવું; ભોજન કo.4 To happen well or ill:વિતવું;-ની વરે થવી;ગુજરવું.*n*. 1.The price of passage:ભાડું;નુર.2.Food:અન્ન.

Farewell,(ફેર્'વેલ્)*Interj*.Good bye:સલામ. 2.Act of departing;leave: છેલ્લી સલામ.

Far-fetched,(ફાર્'ફેચ્ટ્) *a* 1. Not naturally deduced:તાણી ખેંચીને લાવેલું-મેળવેલું.

Fa-rina,(ફૅરાઇ'નૅ)*n* [L.*far*,a sort of grain.]1. The flour of any species of corn:અનાજનો લોટ

Farm,(ફાર્મ્) *n*.1. A tract of land cultivated by one man:ખેતર.2. A landed estate: ખેતર. 3.A lease: ભાડું ખાવાને આપેલી જમીનનો કોંટ્રાક્ટ. *vt*.To cultivate land:ખેડવું.2.To lease or let: ઇજારે આપવું.

Farmer, (ફાર્મ'અર્)*n*.(*a*) A husbandman: ગ્ભોતિયો;ખેડુત.(*b*)One who collects(taxes or customs)at a certain rate:ઇજારે રાખનાર.

Farming,(ફાર્મ'ઇન્ગ્)*n*.The business of cultivating land:ખેતી;કૃષિ;ખેડવાનું કામ; કૃષિકર્મ.

Fa-rragin-ous,(ફૅરૅજ્'ઇનસ્)*a*.Mixed; formed of various materials:પંચરસનું;મિશ્ર.

Fa-rrago,(ફૅરે'ગો)*n*. [L.*fas*,a sort of grain.] A medley:સેળભેળ;પંચરસ; ખીચડો.

Farrand,(ફૅર્'રન્ડ્)*n*. Manner; custom: રિવાજ; ચાલ;રીતભાત;રસમ.

Farri-er,(ફૅરિઅર્)*n*.1. [L.*ferrum*, iron.] A shoer of horses:ઘોડાને નાળ જડનારો.

Far-see-ing,Far-sight-ed,(ફાર્'-સીઇન્ગ્-સાઇટેડ્)*a*. Seeing to a great distance: દુરદર્શી.

Fart,(ફાર્ટ્)*n*.Breaking of the wind:વાછૂટ.

Farther,(ફાર્'ધર્)*a*.1.More remote: વધારે દુર. 2.*adv*.1.Beyond:વધારે.*vi*.To promote:વધારવું.

Farthing,(ફાર્'થિન્ગ્)*n*.The fourth of a penny part:એ પાઈનો સિક્કો.

Farthin-gale,(ફાર્'થિન્ગેલ્)*n*.A hoop petticoat: યુરોપીઅન ઓરતના ઝભા હેઠળ રાખવાનો મગરના હાડકાનો પટો.

Fasci-cle,(ફૅસ્'સિકલ્)*n*.[L.*fascis*,a bundle.]1. A small bundle or collection:ઝુમખું;જુડી.

Fascin-ate,(ફૅસ્'સિનેટ્)*vt*.[L.*facio*,I bewitch.] 1.To bewitch; to enchant:મંતર મારવો. 2. To charm:મોહ પમાડવું.

Fas-cin-ation,(ફેસ્'િનેશન્)*n*.1.Witchcraft: વશીકરણ;જાદુ કo તે.2.Charm: નજરબંધી;નજર.

Fashion,(ફૅ'શન્)*n*.[L.*facio*;I make.] 1. The form of anything:ઘાટ.2.The prevailing mode:રીત.3.Custom:રિવાજ.*vt*.To form: ઘડવું.

Fashion-a-ble,(ફૅ'શનેબલ્)*a*.Madeafter the prevailing mode:ચાલુ ઘાટ-તરેહનું.2. Observant of the fashion(person):મોહોટા લોકમાં ચાલુ ઢબ-રીત પ્રમાણે પોશાક પહેરનાર-ચાલનાર-વર્તનાર.

Fast,(ફાસ્ટ્)*a*.1.Firmly fixed: સજડ; મજબુત.2. Firm in adherence:વચની.3.Sound,deep, as sleep:ઘાટી.4.Close;tight:સજડ.5.Permanent; durable;lasting:ટકાઉ.6.Rapid;swift:જલદ;તેજ. **F**.*loose*,inconstant:કહેવું કંઈ અને કo કંઈ;ઘડી એકમાં અંબા ફેક.*vi*. 1. To abstain from food; to go hungry:ઉપવાસ કo.*n*.1.Abstinence from food:ઉપવાસ.*adv* 1,Fixedly:મજબુતાઈથી સજડ. 2.Quickly:ઝડપથી.**F**.*by*, or f *beside*, close to near to:પાસે;નજીક.[is observed:ઉપવાસનો દિવસ.

Fast-day,(ફાસ્ટ્'ડે)*n*.A day on which fasting

Fasten,(ફૅસ્'ન્)*vt*.1.To make fast:જડવું. 2. To hold together:જડવું;બેસાડવું;જકડવું.To lock:દેવું; બંધ કo;ને આગળો દેવો.

Fasten-ing,(ફૅસ્'નિન્ગ્)*n*.Anything that binds&makes fast,as a hook,&c.:બાંધણ;બંધ.

Fast-hand-ed,(ફૅસ્ટ્-હૅન્ડેડ્)*a*.Covetous;avaricious:મખીચુસ;ચિંગુસ;કંજુસ.

Fas-tidi-ous,(ફેસ્ટિડ્'ઇઅસ્)*a*.[L.*fastus*, contempt.]Disdainful:નિરજી;ચિપાશીયું.

Fast-ness,(ફૅસ્ટ્'નેસ્)*n*.1.A fortress: કિલ્લો. 2.

Firmness;security:મજબુતાઇ.

Fast-nosi-ty,(ફેસ્ટનૉસિટિ)*n*.Pride: મગરૂરી.

Fat,(ફેટ્)*a*.1.Fleshy:જાડું;પુષ્ટ.*n*.1.Tallow:ચરબી. 2.The best production:ઉત્તમ પાક.

Fatal,(ફેટ્'ઍલ્)*a*. [L.*fatum*,a prediction.] 1. Mortal:નાશકારક;પ્રાણ ઘાતક.

Fata-lism,(ફેટ્'ઍલિઝ્મ્)*n*. The doctrine that things are subject to fate:પ્રારબ્ધ-વાદ;દૈવવાદ.

Fatali-ty,(ફેટ્'ઍલિટિ)*n*.Pre-destination:દૈવાધીનતા;નસીબ;મોત;સજા.

Fate,(ફેટ્)*n*. [L.*fari*,to speak.]1. Inevitable necessity;destiny:નસીબ.2.Death:મરણ.3.A course of human life determind by a goddess:વિધાતાના લેખ.

Fates,(ફેટ્સ્)*n.pl*.A goddess who determines the course of human life:વિધાતા;છઠ્ઠી દેવી.

Father,(ફાધર્)*a*.[L.*pater*.]1.The male parent generator:બાપ;પિતા. 2. A first ancestor:મૂળ પુરુષ;પૂર્વજ.*Pl*.ancestors:બાપદાદા.3.An author or founder:કર્તા.4.The supreme being:ઈશ્વર. 5.A priest:પાદરી.6.Protector;supporter:પાલક.

Father-hood,(ફા'ધર્-હુડ્)*a*.Paternity:બાપપણું;પિતૃત્વ. [of one's husband or wife:સસરો.

Father-in-law,(ફા'ધર્-ઇન્ લૉ)*n*. The father

Father-land,(ફા'ધર્-લૅન્ડ)*n*.The native land of one's fathers:બાપનું વતન.

Father-less, (ફા'ધર્-લેસ્) *a*. Destitute of a living father:અનાથ;નબાપું.

Father-ly,(ફા'ધર્લિ)*a*.1.Paternal: પિતાતુલ્ય.

Fathom,(ફૅધ'અમ્)*n*.1.A measure of six feet: ઉંડાણ.*vt*.1.To measure by throwing the arms about:બાથમાંલેવું.2. To comprehend: સમજવું; ઉંડા ઉતરવું. [being fathomed:અગાધ;ગુઢ.

Fathom-less,(ફૅધ'અમ્લેસ્)*a*. Incapable of

Fa-tigue,(ફટીગ્')*n*.[L.*fatido*,I am weary.]1. Weariness:થાક;શ્રમ; કંટાળો.2.Lassitude:ઓવું કo તે. 3. The labours of military men: કષ્ટ. *vt*.To harass with toil;to tire: થકવીનાખવું.

Fa-tilo-quist,(ફટિલ્'ઑકિવસ્ટ્) *n*. [L.*fatum*, fate and *loqui*, to speak.]A fortune teller: ભવિષ્ય કહેનાર.

Fatling,(ફેટ'લિંગ્)*n*. A lamb or other animal fattened for slaughter:મારવાનું મેંઢું

Fatten,(ફૅટ્'ન્)*vt*.1.To make fat:જાડું કo.2. To make fertile:ફળદ્રુપ કo.*vi*.To grow fat:જાડું થવું.

Fatty,(ફૅ'ટ)*a*.Greasy;containing fat: ચરબીદાર;ચીકણું.

Fa-tui-ty,(ફટ્યુ'ઇટિ)*n*.[L.*fatvitus*]Foolishness;feebleness of intellect: જડબુદ્ધિ;મૂર્ખતા.

Fatu-ous,(ફૅ'ચ્યુઅસ) *a*. [L.*fatuus*, foolish.] Sily;stupid;imbecile:જડ;મૂઢ;ચળેલ.

Faucet,(ફૉ'સેટ)*n*.[L.*fauces*.]A small pipe for barrel:દારૂ કાઢવા સારૂ પીપમાં મુકેલી નળી.

Fault,(ફૉલ્ટ્)*n*.[L.*fallo*,I deceive.]1.Defect: ખોડ.2.Blemish:ભૂલ.3.A Slight offence:વાંક. To *find* f.*with*,to complain:દોષ-ઠપકો દેવો-મુકવો.

Faultless-ness, (ફૉલ્ટ્લેસ્નેસ્) *n*. Freedom from faults:નિર્દોષતા;પૂર્ણતા;નિરપરાધતા.

Faun.(ફૉન્)*n*.[L.*faunus*,the deity.] A deity represented as half goat&half man: અડધો માણસનો અને અડધો બકરાના રૂપનો દેવ.

Fauna,(ફૉન્'અ)*n*.[L.*faunus*, a god of the fields.] The animals of any given area or epoch: કોઇ દિશા-દેશના પ્રાણીમાત્ર.

Favour,(ફે'વર્)*n*.[L.*faveo*,I favour.]1.Kindness: કૃપા.2.Support:આશ્રય;ટેકો.3.A kind act: ઉપકાર;આભાર.4.Partiality:પક્ષપાત.In **favour** *of*,side of:ની પક્ષમાં-તરફ. *With or one's*f.,with leave:તમારી રજા લઇને.*vt*. To support; to befriend:કૃપા-મહેરબાની રાખવી.

Favour-a-ble,(ફે'વરૅબલ્)*a* 1.Friendly;propitious:દયાળુ;કૃપાળુ. 2.Advantagious:લાભકારક.

Favour-a-ble-ness,(ફે'વરૅબલ્નેસ્)*n*. Kindness;partiality:માયા;કૃપા;પ્રસન્નતા;પક્ષપાત;અનુગ્રહ.

Favoured,(ફે'વર્ડ્)*a.pp*.Featured:માનીતું.

Favour-ite,(ફે'વરિટ્) *n*. A person or thing regarded with beauty or favour:બહુ વહાલું.

Favour-it-ism.(ફે'વરિટિઝ્મ્)*n*.The disposition to favor and promote the interest of one person or family, or of one class of men,to the neglect of others having equal claims;partiality:તરફદારી;પક્ષપાત.

Fawn,(ફૉન્)*n*.[L *fetus*.]1.A young deer:હરણનું બચ્ચું.*vi*.To court favor by low cringing, frisking,&c.(as a dog); to flatter meanly: સાથે ગેલ કo.*n*.Sycophancy:ખુશામત.

Fawner,(ફૉન્'અર્)*n*.One who fawns;a sycophant:ખુશામત હાજીહા કરનાર. [fawn:મૃગલોચની.

Fawn-eyed,(ફૉન્-આઇડ્)*a*.Like the eye of a

Fawning,(ફૉન્'ઇન્ગ્)*a*.Flattering:ખુશામતીઓ; ખુશામત હાજીહા કરનાર.*n*.Flattery: ખુશામત.

Fax,(ફૅક્સ્)*n*.Hair:નિમાળા; વાળ.

Fay,(ફે)*n*.A fairy:પરી. *vt*.To fit:જોડવું;સાંધવું.

Feal,(ફીઍલ્)*a*.[L.*fides*,faith.]Faithful:નિમકહલાલ;વફાદાર.

Feal-ty,(ફી'ઍલ્ટિ)*n*.[L.*fidelis*,faithful.]Fidelity to one's lord;loyalty:નિમકહલાલી.

Fear,(ફીર્)*n*.Apprehension:ધાસ્તી;ચિંતા;ડર. *vt*. To be afraid of:થી બ્હીવું-ડરવું.

Fearful,(ફીર્'ફુલ્)*a*.1.Afraid;frightened:બ્હીધેલું;ભયભિત.2.Indicating fear:બ્હીકથી થયેલું.3. Terrible:ભયંકર. [હાડૂર;છાતીવાળો;નિર્ભય.

Fearless,(ફીર્'લેસ્)*a*.Free from fear;bold:બ-

Feas-i-bili-ty,(ફીઝિબિલ'ઇટિ) *n*. The quality

of being feasible;practicability:સંભવિતપણું.

Feasi-ble,(ફીઝ'ઇબલ્)*a*.[L.*faceo.*]Capable of being done or executed:શક્ય;સંભવિત.

Feast,(ફીસ્ટ્)*n*.[L.*festus*,joyful.]1.A festival; a holiday:ઓચ્છવ;સપરમો દહાડો;રૂડું ટાણું;તહેવાર. 2.A grand or sumptuous entertainment:મિજબાની.*vi*.1.To eat sumptuously:મિજબાની-ઉજાણી-જાફત કo.2.To be highly gratified or delighted:અતી-ઘણું ખુશ થવું;સંતોષ પામવો. *vt*.To entertain with sumptuous provisions:ઉજાણી આપવી.

Feastful,(ફીસ્ટ્-ફુલ્)*a*.Festive;joyful:માંગલિક

Feat,(ફીટ્)*n*.[L. *facio*,I do.]1.An act; an exploit:પરાક્રમ. 2.A striking act of strength: હાથ ચાલાકીનું કામ.*vt*.To form:બનાવવું.

Feather,(ફેધ્'અર્)*n*.[L.*pennas*, feather.]1.A covering of bird:પીછું;પાંખ. 2.The fringe of long hair on the legs of some dogs:કુતરાના પગ ઉપરના વાળના ગુચ્છા.3.One of the shaft of an arrow:તીરના બાણોદા ઉપરની ચૂંકો.*A feather* in the end:પ્રખ્યાતિ-માનની નિશાની-ચિન્હ.To be in high *feather*,to be in high spirits:આનંદિત તથા ખુશ હોવું.To cut a *feather*,to make one's self conspicuous: પ્રખ્યાત વિખ્યાત-નામીચું થવું. To show the white *feather*, to betray cowardice:બાયલાપણાની-નામર્દાઇની નિશાની બતાવવી. *vt*. To furnish with a feather or feathers:પીછાંવાળું કo.To *feather* one's nest,to provide for one's self:પોતાનું ઘર ભરવું.

Feathered,(ફેધ્'અર્ડ્)*a*. Covered with feathers or wings:પીછાં-પાંખોવાળું.

Featherless,(ફેધ્'અર્લેસ્)*a*.Destitute of feathers:પીછાં વિનાનું.

Feather-y,(ફેધ્'અરિ)*a*. Pertaining to or resembling feathers:પીછાંના જેવું-ને લગતું.

Feature,(ફી'ટ્યૂર્)*n*.[L.*facio*,I make.]1. The make, form, or outward appearance, of a person:ચહેરો *pl*.The face;the countenace:રૂપરેખા; રૂપ; મુખવટો.

Febri-fuge,(ફે'બ્રિફ્યૂજ)*n* [L. *febris*, fever & *fugeo*, I flee.] A medicine serving to mitigate or remove fever:તાવનું ઓસડ.

Febrile,(ફી'બ્રાઇલ્)*a*.[L.*febris*,fever.]Pertaining to fever:તાવ સંબંધી;તાવ દર્શાવતું.

Febru-a-ry,(ફેબ્'રયુઍરિ)*n*.[L.*februa*,*Pl*. the Roman festival of purification]The second month in the year:ખ્રિસ્તી સાલનોબીજો મહિનો; ફેબ્રુઆરિ;માઘમાસ.

Feces,(ફી'સીઝ્)*n.pl*. Dregs;sediment;excrement:મેલ;મળ;છાણ;કચરો.

Fecu-la,(ફે'ક્યૂલ)*n*.*Pl*.**Feculæ**,[L. *faicis*, sediment.]The nutrious part of wheat,starch or farina:કાંજી.

Fecu-lence,(ફે'ક્યૂલેન્સ્)*n*.The state of being feculent;muddiness:ગંદાપણું;નાપાકપણું.

Fecu-lent,(ફે'ક્યૂલેન્ટ્)*a* Muddy:કાદવવાળું.

Fecund,(ફી'કન્ડ્)*a*.[L. *fecundus.*]Fruitful in children;prolific:ફળદ્રુપ;ગર્ભધારણશીલ.

Fecund-ate,(ફીકન્ડેટ્)*vt*.[L *fecundus.*]1 To make fruitful or prolific:ગર્ભવંત કo. 2. To render fruitful or prolific:ફળવંત-દ્રુપ કo.

Fe-cundi-ty(ફીકન્ડ્'ઇટિ)*n*.[L.*fecunditas.*]1.The quality or power of producing fruit:ફળદ્રુપતા.

Fed,(ફેડ્)*Imp* & *p.p*.of**Feed**:સાચવેલું;પાળેલું;પુષ્ટ.

Feder-al,(ફે'ડરૅલ્)*a*.[L.*foedus*.league.]1.Pertaining to a league or treaty:કોલકરારસંબંધી. 2.Composed of states,which retain only a subordinate sovereignty:બીજા દરજ્જાનારાજ્યોનું બનેલું.

Feder-ate,(ફે'ડરેટ્)*a*.[L. *foedus*]United by compact;leagued:કરારથી જોડાયેલા;એક સંપી.

Fed-er-a-tion,(ફેડરે'શન્)*n*.1.The act of uniting in a league:એક સંપ કરવો.2.Confederacy; or confederated government:સંપ;એક સંપીરાજ્ય.

Fedi-ty,(ફી'ડિટિ)*n*.[L.*fœdus*,foul.]Turpitude: લુચ્ચાઇ;હલકા-પાજીપણું;નીચપણું.

Fee,(ફી)*n*.[L.*feus*,cattle]1.Property;possession;tenure: જાગીર;કબજો. 2. Charge;pay;requisite:દસ્તુરી;ફી.

Feeble,(ફી'બલ્)*a*.[L.*debilis*,weak.] 1.Weak: નબળું;અશક્ત.2.Faint:ઝાંખું.

Feeble-mind-ed,(ફી'બલ્-માઇન્ડેડ્) *a*. Weak in intellectual power; irresolute;imbecile: જડબુદ્ધિનું;પોચામનવાળું.

Feeble-ness,(ફી'બલ્નેસ્)*n*.Debility:અશક્તિ; દુર્બળતા; કમજોરી;શક્તિક્ષીણતા.

Feebly,(ફી'બ્લિ)*adv*. In a feeble manner:ધીરે ધીરે;ધીમે ધીમે;વગર કૌવતે.

Feed,(ફીડ્)*vt*. 1.To give food to:ખવડાવવું. To nourish:ને પુષ્ટિ-ટેકો-આધાર આપવો.2.To graze: ચરાવવું. *vi*.1. To take food;to eat:ખોરાક લેવો; ખાવું;જમવું.2.To subsist by eating;to satisfy the appetite(with *on* or *upon*): ખાઇને જીવવું. *Feed* door:ચમણનું મોઢું-બારણું.

Feeder,(ફીડ્'અર્)*n*.1.One who,or that which, gives food:ખવાડનાર;અન્નપૂરું પાડનાર.2.An encourager:ઉશ્કેરનાર;ઉત્તેજન આપનાર.3.One who eats or feeds:ખાનાર.4. A tributary: પાણીનો ઝરો-વહેળો;નદીમાં મળનારી નદી.5.A branch railroad:રેલવેની શાખા.

Feeding,(ફીડ'ઇન્ગ્)*n*.The act of eating or of supplying with food:ખાવું તે;ખોરાક પુરો પાડવો તે.

Feel,(ફીલ્)*vi*. 1. To perceive by the touch: સ્પર્શ કo;અડકવું; હાથ ફેરવી જોવો.2. To examine by touching:અડકીને તપાસી જોવું. 3.To perceive by the mind:લાગવું;જણાવું.4.To perceive: લાગવું;જોવું.5.To know with feeling;to be con-

scious:લાગવાથી જાણવું.3.To feel pulse:નાડ જોવી.

Feeler,(ફીલ્'અર્)*n.* One who or that feels: જેને લાગણી થાય છે તે.

Feeling,(ફીલ્'ઈન્ગ્)*a.*Possessing great sensibility:જેને જલદી અસર થાય તેવું;કરૂણાળુ;દયાળુ. *n.* 1.The sense of touch:સ્પર્શેન્દ્રિય.2.An act or state of perception by touch;consciousness: જ્ઞાન;બોધ. 3. The exercise of the capacity for emotion: ચિત્ત;મનોવૃત્તિ;લાગણી;મનોધર્મ.

Feelingly,(ફીલ્'ઈન્ગ્લિ)*adv.* Sympathetically:અસરકારક રીતેથે;દયા આવે એવી રીતે.

Feet,(ફીટ્)*n.pl.*See **Foot**.:પગનું બહુવચન;પગો.

Feign,(ફેન્)*vt.*[L *figura*,figure.]1.To represent by a false appearance of:ડોળ ઘાલવું;ઢોંગ કo.2.To dissemble:બહાનું કાઢવું.

Feigned,(ફેન્ડ્)*a.*Pretended;counterfeit;insincere;false:બનાવટનું;કલ્પિત;ખોટું;કૃત્રિમ;ઢોંગી.

Feint,(ફેન્ટ્)*a.*Feigned; counterfeit:ધારેલું; કલ્પિત;ખોટું;કૃત્રિમ.*n.*A pretence:બાહાનું;ડોળ.*vi.* To make a feint,or mock attack:જુઠો ધસારો કo.

Fe-licit-ate,(ફીલિસ્'ઇટેટ્)*a.*[L.*felix-icis*,happy.]Made very happy:ઘણું સુખી કરેલું *vt.*1. To make very happy:ઘણું સુખી કo.2.To express joy to;to congratulate:ખુશી બતાવવી.

Fe-licit-ation,(ફીલિસ્'ઇટે"શન્)*n.*The act of felicitating;a wishing of joy or happiness; congratulation:ખુશી;મુબારકબાદી;અભિનંદન.

Fe-licit-ous, (ફીલિસ્'ઇટસ્)*a.* Happy;prosperous;delightful:ખુશકારક;ઘણું જ સુખી;આબાદ.

Fe-lici-ty,(ફીલિસ્'ઇટિ)*n.*Blessedness;blissfulness:આનંદ;કલ્યાણ;પરમાનંદ.

Feline,(ફી'લાઇન્)*a.*[L.*felis*,a cat.]1.Catlike: બીલાડીના જેવું-ને લગતું.2.Sly:લુચ્ચું.

Fell,(ફેલ્)*Imp.*of **Fall**.:પડયું.*a.*1. Cruel;savage:જંગલી;ક્રૂર. *vt.* To cause to fall; to knock down:પાડવું;પાડી-કાપી નાંખવું.

Fell-mong-er,(ફેલ્-મન્ગર્)*n.* A dealer in the hides of beasts:ચામડાંનો વેપારી;ચમાર;ચામડ઼ ઓ.

Fellow,(ફેલ્'લો)*n.*1.A companion:સોબતી.2.A mean man:હલકો-નીચ માણસ.3.A person:માણસ. 4. A scholar who is appointed to a foundation called a fellowship:અધ્યયન વૃત્તિવાળો;ફેલો.5.A member of a literary or scientific society:વિદ્યામંડળીનો સભાસદ.

Fellow-crea-ture,(ફેલ્'લો-ક્રીટ્યૂર્)*n.*One of the same race or kind; one made by the same Creator:સજાતીય પ્રાણી

Fel-low-feel-ing,(ફેલ્'લો-ફીલિન્ગ્)*n.*Sympathy;a like feeling:બીજાના દુઃખની દાઝ;લાગણી.

Fellow-ship,(ફેલ્'લો શિપ્)*n.*1.The state or relation of being a fellow or associate:સોબત;સંગત;દોસ્તી. 2.Partnership:પંત્યાળું. 3. A foundation for the maintenance,on certain conditions,of a scholar:ફેલોની જગા;ફેલોશીપ.

Fellow-student,(ફેલ્'લો-સ્ટુડેન્ટ)*n.*One who learns under the same teacher:સાથે શીખનાર;સહાધ્યાયી.

Felly, (ફેલ્'ઇ)*adv.*In a cruel manner;fiercely;barbarously:જંગલીપણે;ઘાતકીપણે;ક્રૂરતાથી.

Felon,(ફેલ્'ઑન્)*n.*1 A person who has committed a falony:દેહાંત દંડને પાત્ર ગુન્હેગાર.2. A person guilty or capable of heinous crime: ઘોરકર્મ ગુન્હેગાર.*a.*Malignant:ખારીલું,ઘાતકી.

Fe-loni-ous,(ફેલો'નિઅસ્)*a.*Malignant;malicious;traitorous;perfidious:મહા પાપી;દ્વેષ-ઇર્ષા ભરેલું;દુરાચારી;પાપીષ્ઠ.

Felon-y,(ફેલ્'ઑનિ)*n pl* **Felonies**.1.An act on the part of a vessal which cost him his fee by forfeiture: જે ગુન્હાને લીધે નોકરને પોતાના શેઠની મિલ્કત શેઠને પાછી સ્વાધીન કરી દેવી પડે છે તે.2.A heinous crime:મહાપરાધ;મોટો ગુન્હો;ઘોર પાપ;મહાપાતક.

Felt,(ફેલ્ટ્)*Imp.*& *p.p.a.*from **Feel**:લાગેલું;અડેલું;અટકેલું.*n.*[L.*pilus*,hair.]1.A cloth or stuff made of matted fibres of wool: ઉનનું કપડું. 2.A skin or hide;a pelt:ચામડું-ડી.*vt.* To cause to adhere and mat together:ચોંટાડવું.

Female,(ફી'મેલ્)*n.*[L.*femina*,woman.]1. An individual of the sex which conceives and brings forth young:નારી;ઓરત.*a.* Belonging to the female:સ્ત્રી જાત સંબંધી.

Femin-ine,(ફેમ'ઇનિન્)*a.*[L.*femina*,woman.] 1.Of,or pertaining to a woman:નારી-સ્ત્રી જાતનું-સંબંધી.*n.*Any one of those words which are appellations of females: નારી જાતિનો શબ્દ;સ્ત્રિલિંગ.

Fen,(ફેન્)*n.*Boggy land:ભીની, શરદીવાળી જગા.

Fence,(ફેન્સ્)*n.*1.A defence:બચાવ;રક્ષણ.2.An inclosure about a field or other place:વાડ. 3.A protection on the blot:કળના ઉપરની ચાંપ.4.The art and practice of fencing and sword play:પટા ખેલવાની ચતુરી;પટાબાજી. 5.A receiver of stolen goods: ચોરીનો માલ લેનાર. *To be on the* f.:તટસ્થ રહેવું.*vt.* 1. To give security to:બચાવ કo.2.To inclose with a fence:વાડ બાંધવી.

Fencer,(ફેન્સ્'અર્)*n.*One who fences;one who teaches or practises the art of fencing with sword or foil:પટા ખેલનાર;પટા ખેલવાનું શીખવનાર.

Fenci-ble,(ફેન્સ્ઇબલ્)*a.* Capable of being defended:બચાવ-રક્ષણ કo લાયક.*n.pl.*A soldier enlisted for home service:પોતાના મુલકની ચાકરી સારૂ રહેલો સિપાઈ.

Fencing,(ફેન્સ્'ઇન્ગ્)*n.*1.The art or practice

of attack and defence with the sword:પટા-ખેલવાને.2.The art of fencers:પટાબાજી.3.The materials used for building fences:કઠેરો-વાડ બાંધવાના સાહિત્ય-પદાર્થો. [keep off:રોકવું;ખાળવું.

Fend,(ફેન્ડ્)*n.*A fiend: ભૂત; અસુર;સેતાન.*vt.* To

Fender,(ફેન્ડ્'અર્)*n.*(*a*)A screen to prevent coals or sparks of an open fire from escaping to the floor:ચુલાની પાળ.

Fennel,(ફેન્'એલ્)*n.*[L.*faenum*,hay]A parennial plant:વરિયાળી.

Fenny,(ફેન્'ઇ)*a.* Abounding in fens; boggy: ખીની ચાસવાળી જગાનું;કલાણવાળું.

Fenu-greek,(ફી'ન્યુગ્રીક્)*n.*[L.*fœnum.*]A plant cultivated for its strong-smelling seeds:મેથી.

Feoff,(ફેફ્)*vt.* To invest with a fee or feud; to enfeoff:વંશપરંપરા સુધી બક્ષીસ આપવી. *n.* A fief:જાગીર;વતન.

Feoffment,(ફેફ્'મેન્ટ્) *n.* (*a*) The grant of a feud or fee:જાગીરની બક્ષીસ.(*b*)A gift or conveyance in fee of land or other corporeal hereditaments;accompanied by actual delivery of possession:વંશ પરંપરા સુધી કરેલી ઈમારત-જમીનની બક્ષીસ.

Fe-racious,(ફીરે'શસ્)*a.*[L.*fero*,I bear.]Fruitful;producing abundantly ફળવંત;ફળદ્રુપ.

Fe-raci-ty,(ફીરૅસ્'ઇટિ) *n.* The state of being feracious or fruitful:ફળવંત-ફળદ્રુપપણું;ફળદ્રુપતા.

Feri-al,(ફી'રિઍલ્)*a.*[L.*feriae*, holidays.] Of or pertaining to holidays:તહેવાર સંબંધિ.

Ferie,(ફી'રિ)*n.*[*feriae*,holidays] A holiday: તહેવાર;રવિવાર શીવાયનોદિવસ;સપરમો દિવસ.

Ferine,(ફી'રાઇન્)*a.*[L.*ferus*,wild.]Wild;untamable:જંગલી;નપળાય એવું.

Ferly,(ફર'લિ)*adv.*Singular;wonderful;extraordinary:અજાયબ જેવું;અચંબો પમાડે એવું.

Ferment,(ફર્'મેન્ટ્)*n.*[L.*ferro*,I boil.]1. That which causes fermentation: જેથી ફીણ-ઉભરો આવે છે તે.2.*vt.* To cause fermentation in: મા ઉભરો થાય-ફીણ આવેતેમ કo. *vi.* 1. To undergo fermentation: ફીણ-ઉભરો આવવો.

Fer-ment-ation,(ફર્મેન્ટે'શન્)*n.*1.The process of undergoing an effervescent change:ઉભરો;જોસ.2.A state of agitation:ગભરાટ;ઉત્તાપ.

Fer-menta-tive, (ફર્મેન્ટ્'ઍટિવ્) *a.* Causing fermentation; fermenting: જોસઆણતું; ઉભરો લાવતું. [Ancient;old:અસલી;જુનું.

Fern,(ફર્ન્)*adv.*Long ago:ઘણાવખતપર; પહેલાં.*a.*

Fe-rocious,(ફીરો'શસ્)*a.*[L.*ferox-ocis*,fierce.] Fierce;wild;rapacious:ઘાતકી; ક્રૂર; જંગલી;ફાડી ખાનારૂં.

Fe-rocious-ness,Fe-roci-ty, (ફીરો'શસ્નેસ-ફીરૉસ્'ઇટિ)*n.*Savage ness;wildness;cruelty: ઘાતકીપણું.

Ferre-ous,(ફે'રીઅસ્)*a.*[L *ferrum*,iron.]Pertaining to iron:લોખંડી;લોઢાનું-ના જેવું.

Ferret,(ફે'રેટ્)*n.*[L.*fur*,thief.] An animal of the weasel family:નોળીઓ *vt.*To search out by patience: ધીરજ અને ચાલાકીથી શોધી-ખોળી કાઢવું.*n.*A kind of narrow tape:સાંકડી ફીત.

Ferry,(ફે'રિ)*vt.*To transport over a river,in a boat: હોડીમાં બેસારી પાણીની પાર ઉતારવું-લઈ જવું. *n pl.***Ferries.1.**A place where persons or things are carried across a river&c., in a ferry boat:તર; ઓવારો. 2. A ferry boat;a wherry:નાવ;હોડી

Ferry-boat,(ફે'રિબોટ્) *n.* A vessel for conveying passengers,merchandise,etc:ઉતારૂઓ; માલ,વિગેરેને ઉતારવાની હોડી.

Ferry-man,(ફે'રિમૅન્)*n pl.***Ferrymen**.One who maintains or attends a ferry:હોડીવાળો.

Fertile,(ફર'ટાઈલ્)*a.*[L.*fero*,I bear.]1. Fruitful:ફળદ્રુપ.2.(*a*)Capable of producing fruit: ફળ ઉત્પન્ન કરી શકે એવું.3. Produced in abundance;ample: જથાબંધ ઉત્પન્ન કરેલું;પુશ્કળ.

Fertile-ness-Fer-tili-ty, (ફર્ટિલ્'નેસ-ફર્ટિલ્'ઇટિ)*n.*Fruitfulness:ફળવંતતા;ફળદ્રુપતા.

Fertil-ize,(ફર'ટિલાઇઝ્)*vt.*1.To make fertile: ફળદ્રુપ-ફળવંત-આબાદ કo.2. To fecundate:ગર્ભવંત કo.

Ferven-cy,(ફર્'વન્સિ)*n.*Ardor:ઉત્સાહ;જુસ્સો.

Fervent,(ફર્'વન્ટ્)*a.*[L.*fervo*,I boil.] 1. Hot: ઉકળતું.2.Zealous:આતુર;તીખું.

Fervid,(ફર્'વિડ્)*a.*[L. *fervo*,Iboil.]1. Very hot:ઘણું ગરમ.2.Ardent:હોંસવાળું; આતુર.

Fervidness,Fervor,(ફર્'વિડ્નેસ-ફર્'વર્)*n.*[L. *fervor*.]1 Excessive warmth:ઉષ્ણતા;ગરમી.2. Earnestness:જુસ્સો;આતુરતા.

Festal-Festive,(ફેસ્ટ્'ઍલ્-ફેસ'ટિવ્)*a.* [L.*festum*,feast.]Joyous;gay,mirthful:માંગલિક;શુભ; ખુશીનું.

Fester,(ફેસ'ટર્)*n.*1.To generate pus:દરદપાકવું. *vt.*To cause to rankle:પેટમાં બળ્યા કરે તેમ કo.

Festiv-al,(ફેસ્'ટિવૅલ્) *a.*[L *festivus*, festive; gay.]*n.*A time of feasting or celebration: આનંદનો દિવસ;સપરમો દહાડો;ઉત્સવ; પર્વ.

Fes-tivi-ty,(ફેસ્ટિવ્'ઇટિ)*a.*Gaity: આનંદ;હર્ષ. 2.A festival;તેહેવાર; ઓચ્છવ.

Fes-toon,(ફેસ્ટૂન')*n.*[L.*festum*,festival.]1. A garland or wreath hanging in a depending curve:તોરણ. *vt.* To form in festoons or to adorn with festoons:તોરણ કo.

Fe-tation,(ફીટે'શન્) *n.* The formation of a fetus in the womb;pregnancy:ગર્ભધારણ;હમેલ.

Fetch,(ફેચ્)*vt.*1.To go and bring;to get:જઈને

ચાલવું.2. To obtain as price or equivalent; to sell for:-નું ઉપજવું-આવવું;કીમત ઉપજવી.*vt.*To make headway: ક્રિયા ભરવી. *To* **f.***away*, to break loose:છૂટા થવું.

Fete,(ફેટ્)*n.*A feat:પરાક્રમ;કસરત; હાથ ચાલાકીનું કામ.*n.*A festival:મીજબાની;ઉજાણી.

Fetid,(ફીટિડ્)*a.*[L.*fætere*.to stink.] Having an offensive smell;stinking:દુર્ગંધવાળું.

Fetid-ness,(ફીટિડ્નેસ્)*n.*The quality or state of being fetid:ગંધ;વાસ;દુર્ગંધ.

Fetor,(ફીટર્)*n.*[L.*fetor*.] A strong offensive smell;fetidness:ગંધ; દુર્ગંધ;બદબો.

Fetter,(ફેટ્અર્)*n.*1.A bond; a shackle: બેડી; સાંકળ;જંજીર.2.Anything that confines or restrains;a restraint:અંકુશ;દાબ; નિગ્રહ;કાબુ.*vt.*1. To put fetters upon;to bind:બેડી ઘાલવી; પગે સાંકળ જડવી;શૃંખલાબંધન ક૦.2.To restrain from motion;to confine:મના ક૦;અટકાવવું;રોકવું.

Fetus,(ફીટસ્)*n.Pl.***Fetuses**.[L.*fetus, fœtus*, a bringing forth;offspring.] The young or embryo of an animal in the womb or in the egg:ગર્ભસ્થાનનું બચ્ચું;ગર્ભ.

Feud,(ફ્યુડ્)*n.*A contention or quarrel:કજીઓ; તડ;લઢાઇ;યુદ્ધ.*n.*A fief:જાગીર;વતન.

Feudal,(ફ્યુડ્ અલ્)*a.*1. Of, or pertaining to feuds:જાગીર-વતનને લગતું-સંબંધિ.

Feudal-ism,(ફ્યુડ્ 'અલિઝમ્)*n.*The feudal system;feudal principles and usages: જાગીરનો પ્રકાર-પદ્ધતિ.

Feuda-ry, } (ફ્યુડ્અરિ,ફ્યુડ્અટોરિ)*a.&n. pl.*
Feuda-to-ry, } **Feudatories,** A tenant or vessel who held the lands of a superior, on condition of feudal service; the tenant of a feud or fief:જમીનદાર;ખેડુત;સાથે રાખનાર.

Fever,(ફીવર્)*n.*[L.*febris*.]1.A deseased state of the system, marked by increased heat: તાવ;જ્વર;બુખાર.*Typhoid* **f.**:સન્નિપાતજ્વર.*Bilious* **f**:પીતજ્વર.*Typhus* **f.**:કાળજ્વર.

Fever-ish,(ફીવરિશ્)*a.*1.Having a fever:તાવની કસરવાળું.2.Hot;sultry:ઉષ્ણ;ઉનું;ગરમ.

Fever-ous,(ફીવરસ્)*a.* Affected with fever; fever;feverish:તાવવાળું;તાવને લગતું.

Few,(ફ્યુ)*a.*Small or confined in number:થોડું;જ.*In few.*briefly:થોડા શબ્દમાં ટુંકમાં.

Fey,(ફે)*a.*Fated:નક્કી-નિર્માણ કરેલું.*n.*Faith:આસ્થા.To cleanse:ચોખ્ખું ક૦.

Fiat,(ફાઇ'અટ્)*n.*[L. *facio*, I make.]1.An effectual decree: ફરમાન;હુકમ; આજ્ઞા.2. A warrant of a judge for certain process: કોઇ કામને માટે જડજે કાઢેલું વારંટ.

Fib,(ફિબ્)*n.*A falsehood;a lie:જુઠું;જુઠાણું;ગપાટો

Fibber.(ફિબ્અર્) *n.* One who tells fibs:જુઠું બોલનાર;ગપમારનાર ગપાટી.

Fibre,(ફાઇબર્)*n.*[L.*fibra*.]1. Any fine, slender threadlike substance: રેશે. 2. Sinew; strength:તંતુ;નસ;રેશા.

Fibril,(ફાઇ'બ્રિલ્)*n.*A small fiber:ઝીણો રેસો.

Fibrous,(ફાઇબ્રસ્) *a.* Containing or consisting of fibres:રેસાદાર-વાળું.

Fickle,(ફિક્'લ્)*a.*Not fixed or firm;liable to change;inconstant:અસ્થિર:ચપળ;ઢચુપચુ.

Fickle-ness,(ફિક્'લ્નેસ્)*n.*The quality of being fickle:અસ્થિરપણું;ચંચળપણું;અસ્થિરતા.

Fiction,(ફિક્'શન્)*n.*[L.*fingo*,I form.]1. The act of feigning,inventing:કલ્પના. 2.A story told in order to deceive:જોડી કાઢેલી-કલ્પિત-બનાવટની વાત.3. Factitious literature: બનાવેલા-કલ્પિત ગ્રંથો.

Fic-titious, (ફિક્ટિ'શસ્) *a.* Imaginary; not real;counterfeit;false:બનાવટી;કલ્પિત;ખોટું.

Fic-titious-ness,(ફિક્ટિ'શસ્નેસ્)*n.* The state of being feigned:કલ્પિતપણું;અસત્યતા.

Fiddle,(ફિડ્'લ્)*n.* A stringed instrument of music played with a bow; a violin; a kit: સારંગી.**F**.*bow*,fiddle-stick:સારંગીનો વગાડવાનો ગજ.*vi.*To play on a fiddle:સારંગી વગાડવી.

Fiddle-Fadd-le(ફિડ્'લ્-ફૅડ્'લ્) *n.* A trifle; a nonsense: ઘાલમેલ.*vi.* To talk nonsense:વગર અર્થનું બોલવું.

Fiddler,(ફિડ્'લર્)*n.*One who plays on a fiddle or violin:સારંગી વગાડનાર.

Fiddle-stick,(ફિડ્'લ્-સ્ટિક્)*n.*The bow,strung with horse-hair used in playing the fiddle; a fiddle bow.સારંગીનો ગજ;શારિકા.

Fiddle-string,(ફિડ્'લ્-સ્ટ્રિંગ્)*n.* One of the catgut strings of a fiddle:સારંગીનો તાર.

Fi-deli-ty,(ફિડેલ્'ઇટિ)*n.*[L.*fido*,I trust.]Faithfulness:નિમકહલાલી.(*a*)Loyalty:વફાદારી.(*b*) Adherence to the marriage contact:પતિવ્રત; શિયળ.(*c*)Veracity:સાચવટ;પ્રમાણિકપણું.

Fidget,(ફિજ્'અટ્)*vi.*To move irregularly: ઉચાનીચા-તલપાપડ થવું.*n.*Uneasiness:બેચેની.

Fidget-y,(ફિજ્'એટિ)*a.*Restless;uneasy:બેચેન.

Fi-ducial,(ફિડ્યુ'શૅલ્)*a.*[L.*fides*, faith.] Confident:પુરા ભરોસાવાળું.

Fi-duci-a-ry,(ફિડ્યુ'શિઅરિ)*a.* Confident:પુરા ભરોસાવાળું.2.In trust:ટ્રસ્ટવાળું. *n.*1.One who holds a thing in trust for another; a trustee:સુપ્રતદાર;ટ્રસ્ટી.

Fie, (ફાઈ) *Interj.* An exclamation denoting contempt or dislike:છીટ;થુથુ.

Fief,(ફીફ્) *n.* (*Law.*) An estate held of a superior on condition of military service; a feud:જાગીર;વતન.

Field,(ફીલ્ડ્)*n.*1.A piece inclosed for tillage

or pasture:ખેતર.2. A place where a battle is fought:રણક્ષેત્ર. 3.An open space:સ્થાન 4. That part of the grounds reserved for the diamond:રમનારાઓને માટે રાખેલો જમિનનો કટકો. *To keep the* f.,to continue a campaign:લડાઇ જારૂ રાખવી.*To take the field*,to enter upon a campaign:લડાઈમાં નિકળી પડવું-ઉતરવું.

Field-book, (ફીલ્ડ્-બુક્)*n.* A book,used in surveying fields:જમીન માપની નોંધબુક.

Field-marshal,(ફીલ્ડ્માંર્'શૅલ્)*n.*(*Mil.*)The highest military rank conferred in the British and other European armies:(ઇંગ્રેજ) લશ્કરની એક ઉચામાંઉંચી પદવીનો અમલદાર.

Field-piece,(ફીલ્ડ્'પીસ)*n.* A piece of field artillery:નાની તોપ;સફરી તોપ.

Field-sports,(ફીલ્ડ્'સ્પોર્ટ્સ)*n.Pl.*Diversions of the field, as shooting & hunting: મૃગયા; શિકાર.

Field-work,(ફીલ્ડ્'ઉવર્ક્)*n.pl.*Any temporary fortification thrown up by an army in a field:લશ્કરે રણભૂમીમાં થોડા વખતને માટે ઉઠાવેલો કિલ્લો.

Fiend,(ફીન્ડ્)*n.* A malicious foe;an infernal being: ભૂત;અસુર;શેતાન;જીવનો વેરી;રાક્ષસ; વૈતાળ.

Fiendish,(ફીન્ડ'ઇશ્)*a.* Malignant; devilish; hellish:પિશાચ જેવું;દુષ્ટ;વેરી;દ્વેષી;આસુરી.

Fierce,(ફીર્સ્)*a.*[L.*ferus*,wild.] Furious; violent;unrestrained:તોફાની;ઘણું ;જુસ્સાભેર.

Fie-ry,(ફાઇ'અરિ)*a.*1.Consisting,containing, or resembling fire: દેવતાવાળું-જેવું; અગ્નિમય.2. Passionate; irritable: સહેજમાં ગુસ્સે થાય એવું. 3.Unrestrained:ઘણું જલદ. 4. Burning hot: લાલચોળ.5.Fieryhorse: પાણીદાર ઘોડો.

Fife,(ફાઇફ્)*n.*[L.*pipo*,I peep.] A small shrill pipe:મોરલી.*vi.*To play on a fife:મોરલી વગાડવી

Fifteen,(ફિફ્'ટીન્)*a.*Five and ten:પંદર;૧૫.

Fifty,(ફિફ્'ટિ)*a.*Five times ten:પચાસ;૫૦.

Fig,(ફિગ્)*n.*[L. *ficus*,fig tree.]1.A small fruit tree:અંજીરનું ઝાડ. 2.The value of a fig:દમડી;કોડી.

Figent,(ફિન્'એન્ટ્)*a.*Restless:ચલીત;ચંચળ.

Fight,(ફાઇટ્)*vi.* To contend for victory: લડાઈ મચાવવી.*vt.*To contend with in battle;to war against: સાથે લડાઇ-યુદ્ધ કo.*To f.it out*,to fight until a decisive and conclusive result is reached:લડાઈનું પરિણામ આવે ત્યાં સુધી લડવું. *n.*1.A contest in arms:લડાઇ;યુદ્ધ.2.A struggle of any kind: કોઈ પણ જાતનો કજીઓ.

Fighter,(ફાઇટ્'અર્)*n.*One who fights;a combatant;a warrior:લડવૈયો.

Fighting,(ફાઇટ'ઇન્ગ્)*a.* Fit for battle:લડાઈ-યુદ્ધને લાયક;લડાયક,લડાઈમાં કામ લાગે એવું.

Figment,(ફિગ્'મેન્ટ્)*n.* [L.*fingo*, I form.] An invention;a fiction:કલ્પિત વાત;બનાવટ;રચના.

Figur-ate,(ફિગ્'યૂરેટ્)*a.*1.Of a definite form or figure:મૂર્તિમાન;સાકાર.2.Figurative:લાક્ષણિક.

Fig-ur-ation,(ફિગ્યૂરે'શન્)*n.* The act of giving figure or determined form;determination to a certain form:આકાર કરવો;આકૃતિ;મૂર્તિ.

Figur-at-ive,ફિગ્'યૂરેટિવ્)*a.*1. Representative: લાક્ષણિક. 2. Flowery; florid: અલંકારી; અલંકારિક.

Figure,(ફિગ્'યુર્)*vt.*[L. *figura*,a figure.] 1.To represent by a figure:આકૃતિ કાઢવી.2.To indicate by numerals,to compute:ગણવું. 3.To represent by a metaphor:અલંકાર આપવો.*To f.out*,to solve:ગણીને ખોળી કાઢવું.*vi.*1.To be distinguished or conspicuous:પ્રખ્યાત થવું.*n.*1.A representation of the human body;statue: મૂર્તિ;છબી.2.A numeral;a digit:વર્ણ;આંકડો.

Figured,(ફિગ્'યૂર્ડ્)*a.*1.Adorned with figure: નકસી-બુટ્ટાદાર.2.Figurative:અલંકારી;અલંકારિક.

Fila-ment,(ફિલ્'અ'મેન્ટ્)*n.*A thread or thread-like object:રગ;નસ;દોરો;તંતુ;રેશો;તાર.

Fila-to-ry,(ફિલ્'ઍટોરિ)*n.*[*filum*, thread.] A machine which spins thread:દોરા કાંતવાનો સંચો;રેંટીઓ.

Fila-ture,(ફિલ્'ઍટ્યૂર્) *n.*[L. *filo*, I spin.] A drawing out into threads:તાર ખેંચી કાઢવા તે.

Filch,(ફિલ્શ ,ફિલ્ચ)*vt.*To steal;to take wrongfully from another;to pilfer:લુંટી-ચોરી લેવું.

File,(ફાઇલ્)*n.*[L *filusse*,a thread.]1.An orderly succession;a line;a row:પંક્તિ;શ્રેણી;હાર;માળા. (*a*)(*Mil.*)A row of soldiers:સિપાઈઓની હાર.(*b*) An orderly collection of papers:અનુક્રમ-વાર કાગળો;ફાઇલ;નોંધ. *vt.*1.To arrange;to place on file:ગોઠવવું;ફાઇલમાં નાંખવું;દફતરે રાખવું-મુકવું.2.To bring before a court by presenting proper papers in a regular way:કાયદેસર દાખલ કo *n.* A steel instrument for smoothing metals: કાનસ;રેતી.*vt.*To polish:કાનસ વતે ઘસી સાફ કo.

File-cutt-er,(ફાઇલ્'કટર્)*n.* A maker of files: કાનસ બનાવનાર લુવાર.

File-mot, (ફાઇલ્'મૉટ્) *n.* A yellowish brown [colour:પીળાસ પડતો ભુરો રંગ.

Filer, (ફાઇલર્) *n.* One who uses a file in smoothing and polishing : સાફ કરવામાં તથા પોલીશ કરવામાં કાનસનો ઉપયોગ કરનાર.

Fili-al,(ફિલ્'ઇએલ્)*a.*[L.*filius*,a son and *filia*,a daughter.]Pertaining to a son or daughter: દીકરા-દીકરીનું;છોકરાના સગપણવાળું.

Fili-ate, (ફિલ્'ઇએટ્) *vt.* To adopt as son or daughter:છોકરા-છોકરી દત્તક કરવું; લેવું.

Fil-i-ation,(ફિલિએ'શન્)*n.*[L. *filius* son.] The relation of a son or child to a father:પુત્રની

બાપ તરફની સગાઈ.

Fili-form,(ફિલ્'ઇફૉર્મ્)*n*.[L.*filum* thread and *forma*,shape.]Having the form of a thread: તંત્વાકાર;સુત્રાકાર.

Fili-grane,-grain,(ફિલ્'ઇગ્રેન્)*n*. [L *filum*, thread and *granum*,grain.] Net work containing beads:સોના રૂપાના તારનું ઝીણું કામ.

Filing,(ફાઇલ્ઇંગ્) *n*. A fragment or particle rubbed off by the act of filing:ધાતુનો ચૂરો.

Fill,(ફિલ્)*n*.A full supply:ભરપુર.*vi*.To become full:ભરાઈ જવું.*vt*.1.To make full:ભરવું.2.To satisfy:સંતોષ પમાડવો.*To* **f** *in,* to insert:ગોઠવવું; ભરવું.*To* **f**.*up*:છલ્લોછલ્લ ભરવું.

Fillet,(ફિલ્'લેટ્)*n*.[L.*filum*,a thread]1.A band for the hair:ચોટલો બાંધવાનો દોરો. 2. A thin strip or ribbon:પટ્ટિ; કોર. *vt*. To bind with a fillet:નાડાથી બાંધવું.

Filling,(ફિલ્'ઇંગ્)*n*.That which fills.પૂરવણી; પૂરણી. **2.** The woof in woven fabrics:વણેલા કાપડનો તાણો.

Fillip,(ફિલ્'લિપ્)*n*.A stroke with the finger-nail:ટકોરો.*vt*.To snap with the finger:આંગળી વતી ટકોરો મારવો.

Filly,(ફિલ્'લિ)*n*.A young mare:વછેરી;નાનીઘોડી.

Film,(ફિલ્મ્)*n*.1.A thin skin; a pellicle:પોપડી. **F**.*of the eye*:પડળ.2.A slenderthread:નાજુકદોરો;તાંતણો; તાર. *vt*. To cover with a thin skin: પાતળી ચામડીથી ઢાંકવું-મઢી લેવું.

Filose,(ફાઇલ્'ઓસ્)*a*.[L.*filum*,thread]Ending in a thread-like process:તાંતણા-દોરાના છેડા જેવું.

Filter,(ફિલ્'ટર્)*n*.[L.*feltrum*,properly felt.] A strainer:ગયણું;ગળણી. **F**. *bed*:રેતી તથા મરડીયાના તળીયાવાળું તળાવ.*vt*.To purify:ગાળવું;નિતરવું.*vi*.To percolate:ગળવું;નિતરવું.

Filth,(ફિલ્થ્)*n*.1.Dirt:મેલ;કચરો;ગલીચી. 2.Corruption;pollution:મલિનતા.

Filthy,(ફિલ્થ્'ઇ)*a*.Nasty;foul;impure:મેલું;ભ્રષ્ટ

Filthi-ness,(ફિલ્થ્'ઇનેસ્)*n*.1.The state of being filthy:ગંદાપણું.2.Foulness:ગંદવાડ.

Filtrate,(ફિલ્'ટ્રેટ્)*vt*.To percolate:ગાળવું.

Fimbri-ate,(ફિમ્'બ્રિએટ્)*vt*.To hem;to fringe: ઓટવું;કોર બાંધવી.

Fin,(ફિન્)*n*.An organ of a fish:માછલાની પાંખ.

Fina-ble,(ફાઇન્'અબલ્)*a*.Liable or subject to a fine:દંડને લાયક;દંડ કરવા જોગ. [sive:આખરનું.

Final,(ફાઇન્'અલ્)*a*.Last:છેવટનું;છેલ્લું. **2.**Conclu-

Fi-nali-ty,(ફાઇનૅલ્'ઇટિ)*n*.Final state:સમાપ્તિ.

Final-ly,(ફાઇ'નલિ)*adv*.Ultimately:આખરે.

Fi-nance,(ફિનૅન્સ્')*n*. [L. *fino*, I pay a fine.] Revenue;public money:રાજની મેહેસુલ.

Fi-nancial,(ફિનૅન્'શલ્)*a*.Pertaining to public revenue or finance:વસુલ પ્રકરણનું;મેહેસુલનું.

Fi-nancier,(ફિનૅન્'સીર્)*n*. A treasurer:સરકારી મેહેસુલ વસુલ કરનાર; કોશાધ્યક્ષ.

Fina-tive,(ફાઇન્'અટિવ્)*a*.Definitive;final:છેલ્લું.

Find,(ફાઇન્ડ્)*vt*.1.To gain the sight:મળવું;જડવું; જોવું..2.To discover:જાણવું. **3.**To come upon by seeking:નો શોધ-પત્તો લાગવો.**4.**To gain as the object:મેળવવું;પ્રાપ્ત કo. *To* **f**. *fault with*,to blame:ઠપકો આપવો-દેવો.

Finding,(ફાઇન્ડ્'ઇંગ્)*n*.1 Discovery:ફેંસલો;**2.** Verdict:ઠરાવ;નિવેડો;નિર્ણય.

Findy,(ફિન્'ડિ)*a*.Full;heavy;solid:ભરેલું;ભારે.

Fine,(ફાઈન્)*a*.[L.*finis*,an end.]1.(*a*) Excellent:ઉત્તમ;સુંદર.2.Showy:ઢબદાર. **3.**Not coarse: પાતળું.(*b*)In small particles: ઝીણું; બારીક.*n*.1. [L.*finis*,end]End;termination:આખર;પરિણામ.*In* **f**.,in conclusion: આખરે;છેવટે.

Fine-fing-ered,(ફાઈન્-ફિંગર્ડ્)*a*.Nice in workmanship:કારીગરીમાં સુંદર;નકશીદાર.

Fineless,(ફાઈન્લિસ)*a*.Endless:અનંત;અપાર.

Fine-looking,(ફાઈન્લુકિંગ્)*a*.Beautiful:ખુબસુરત;સુંદર;શોભાયમાન. [bly:સારીરીતે;સુંદર રીતે.

Finely,(ફાઈન્'લિ)*adv*.1. Beautifully; admira-

Fineness,(ફાઈન્'નેસ્)*n*.1.The quality or condition of being fine:બારીકાઇ;નાજુકાઇ;સુક્ષ્મતા.

Finer,(ફાઈન્'અર્)*n*.One who fines or purifies: ધાતુ ગાળી સાફ કરનાર.

Fine-ry,(ફાઈન્'અરિ)*n*.1. Fineness: સુંદરતા. **2.** Ornament;showy clothes:અલંકાર;ભૂષણ;ભપકાદાર પોશાક.

Fi-nesse,(ફિનેસ્')*n*.Artifice:યુક્તિ.

Finger,(ફિંગ્'ગર્)*n*.1. One of the five terminating members of the hand:આંગળી.*Talking with the* **f**.:હસ્તસંજ્ઞાની ભાષા. 2. A kind of measure:આંગળ. *To have at one's* **f**'s *end*,to be throughly familiar with:આંગળીને ટેરવે હોવું.*vt*. 1.To touch with the fingers:આંગળીવતી અડકવું.

Finger-ing,(ફિંગ્'ગરિંગ્)*n*.1. The act of touching lightly with the fingers.આંગળાં લગાડવાં તે.2.The dexterous management of the fingers in playing:વાજીંત્ર ઉપર આંગળીઓ ફેરવવાની ચાલાકી.

Fingered,(ફિંગ્'ગર્ડ્)*a*.1. Having fingers:આંગળાવાળું.2.Digitate: નાની આંગળીઓ જેવાં પાંદડાંવાળું.

Finger-post,(ફિંગ્'ગર્ પોસ્ટ્)*n*.A guide post bearing an index of the finger:અજાણ્યા માણસોને રસ્તો બતાવવા સારૂ આંગળીની નીશાનીવાળો થાંભલો.

Finger-stall,(ફિંગ્'ગર્ સ્ટૉલ્) *n*. A cover of leather worn by workemen as a protection for the finger: કારીગરો-મજુરો આંગળીના રક્ષણમાટે ચામડા વગેરેની ખોળી વાપરે છે તે;અંગુઠી.

Fingle fan-gle,(ફિંગ્'લ્-ફૅંગલ્)*n*.Trifle:ન-

છવી થીજ.

Finic,(ફિનિક)n.Top:ચપટીપીએો;વરણાગિયો.

Finic,-al,(ફિન'ઇક્-કલ્)a.Fastidious:અકડબાજ.

Fining-pot, (ફાઇન્'ઇંગ્પૉટ્)n.A vessel for refining:ગળણી.

Finis,(ફિન્'ઇસ્)n. An end;conclusion:છેડો;અંત.

Finish,(ફિન્'ઇશ્)vt.[L *finis* an end.]1.To terminate:અંત-આખર-પાર લાવવો.2.To complete:પુરૂ કo.n.1.Completion:સમાપ્તિ.

Finite,(ફાઇ'નાઇટ્)a.Having a limit:અંતવાન.

Finite-less,(ફાઇ'નાઇટ્-લેસ્)a.Having no limit;infinite:હદ વગરનું;અનંત;અમર્યાદ;અપાર.

Finite-ly, (ફાઇ'નાઇટ્લિ) *adv.* With limits:મર્યાદાથી.

Finite-ness, (ફાઇ'નાઇટ્-નેસ) n. The state of being finite:અંત-હદહોવાપણું;સાંતતા;સાવધિકત્વ.

Finit-ude,(ફિન્'ઇટ્યૂડ્)n.Limitation:હદ;મર્યાદા.

Finless,(ફિન્'લેસ્)a. Destitute of fins:પાંખ વગરનું;પક્ષહીન.

Finny.(ફિન્'ઇ)a.Furnished with fins:પાંખવાળું.

Fir,(ફર્)n.(*Bot.*)A genus of coniferous trees:દેવદાર.

Fire,(ફાઇર્)n.1.The igneous element:દેવતા.2.Conflagration:લાહ;આગ.3.Ardour;heat;passion:જુસ્સો;આવેશ. 4.The discharge of firearms: તોપનો-ગોળીનો માર-મારો. *To take* f., to begin to burn:સળગવું.*vt.*1.To set on fire:સળગાવવું;ચેતાવવું.2.To discharge:ફોડવું;છોડવું.*vi.*1. To take fire:બળી ઉઠવું;સળગવું;ચેતવું. 2. To discharge firearms:બાર કo-છોડવો.

Fire-arm, (ફાઇર્'આંર્મ્) n. A weapon which acts by the force of gunpowder: તોપ-બંદુક જેવાહારથી ફોડવામાંઆવતાં હથિયાર; અગ્નેયાસ્ત્ર.

Fire-brand,(ફાઇર્'બ્રૅન્ડ્)n.1 A piece of wood kindled or on fire:બળતું લાકડું;અગ્નિકાષ્ઠ.

Fireclay,(ફાઇર્'ક્લે)n. A kind of clay used in making firebricks: તાપથી ન બળે એવી માટી.

Firecock(ફાઇર્'કૉક્)n.A cock to let out water for extinguishing fire: આગ ઓલવવાને માટે પાણી જવાની ચકલી.

Fire-eat-er,(ફાઇર્'ઈટર્)n.A fighting character:અગ્નિખાઉ;લડવાડીઓ;ઝઘડાખોર

Fire-en-gine, (ફાઇર્'એન્જીન્)n.An hydraulic pump for throwing water to extinguish fires:આગ ઓલવવાનું યંત્ર;બંબો.

Fire-fly, (ફાઇર્'ફ્લાઈ)n. A winged,luminous insect:આગીઓ કીડો; આગીયો;પતંગ.

Fire-kiln, (ફાઇર્-કિલ્ન્)n. An oven or place for heating anything:ભઠી. [બંદુક.

Fire-lock,(ફાઇર્'લૉક્)n.A gun-lock:ચકમકવાળી

Fire-man, (ફાઇર્'મૅન્)n.A member of a fire company:આગ ઓલવનારી કંપનીનો માણસ.

Fire-new,(ફાઇર્'ન્યૂ)a.Bright;quite new:નવું;કોરૂં.

Fire-office,(ફાઇર્'ઑફિસ્)n.An office for making insurance against fire: આગનો વીમો ઉતારનારી પેઢી. [શગડી.

Fire-pan,(ફાઇર્'પૅન્)n.A pan for holding fire:

Fire-place,(ફાઇર્'પ્લેસ્)n.A hearth: ચુલો.

Fire-proof,(ફાઇર્'-પ્રૂફ્)a.Incumbustible:સળગી ઉઠે નહી તેવું; અગ્નિરક્ષક; અદાહ્ય.

Fire-ship, (ફાઇર્'શિપ્)n,A vessel filled with combustibles to set fire to an enemy's ships:દુશ્મનોના વહાણને આગલગાડનારૂં વહાણ.

Fire-side, (ફાઇર્'સાઇડ્)n.1.A place near the hearth:દેવતા પાસેની જગા;અગ્નિસ્થાન. 2.Domestic life;home:ઘરસંસાર;ગૃહસુખ; ઘરખટલો.

Fire stone, (ફાઇર્'સ્ટોન્)n.1.A kind of sandstone:ચકમક. 2.Iron pyrites:અગ્નિ પથ્થર.

Fire-tow-er, (ફાઇર્'ટૌઅર્)n. Light-house:દીવાદાંડી. [વાનાં લાકડાં; ઈંધણાં;કાઠી;બળતણ.

Fire-wood,(ફાઇર્'વુડ્)n.Wood for fuel:બાળ-

Fire-works,(ફાઇર્'વર્ક્સ્)n.1.Various combustible preparations:દારૂખાનું;દારૂકામ;ફુલઝરીઆતસબાજી.[who worships fire:અગ્નિપૂજક;પારસી.

Fire-wor-ship-per,(ફાઇર્'વર્શિપ્પર્) n. One

Firing,(ફાઇર્'ઇંગ્)n.1.The act of discharging fire arms:ગોળીમાર;તોપનો મારો;મારગિરી.

Firk,(ફર્ક્)vt.To beat:મારવું;શિક્ષા કo.

Firkin,(ફર્'કિન્) n. A measure of capacity being the fourth part of a barrel: બેરલના ચોથા ભાગ જેટલું એક માપ.2.A small cask used for butter:માખણ ભરવાનું નાનું પીપ.

Firm,(ફર્મ્)a.[L.*Firmus*,strong.]1.Compact:મજબુત.2.Constant:સ્થિર.3.Resolute: ધૈર્યવાન. n.A commercial house:પેઢી;દુકાન.

Firma-ment, (ફર્મ્'અમેન્ટ્)n.1. The sky;heavens:આકાશ;ગગન.

Firm-a-mental, (ફર્મેમેન્ટ્'અલ્) a. Celestial:આકાશમંડળનું;નભસ્થ.[બાદશાહી હુકમ,સનંદ;ફરમાન.

Fir-man, (ફર્'મન્)n. A royal order or grant:

Firmi-ty,(ફર્મ્'ઇટિ)a.Strength;firmness:દ્રઢતા.

Firmly,(ફર્મ્'લિ)adv.Closely;steadfastly:મજબુતાઈથી;હિંમતથી.

Firmness,(ફર્મ્'નેસ્)n Constancy:દ્રઢતા.

First,(ફર્સ્ટ્)a.Foremost:પહેલું;સર્વથી આગળ.2. Placed in front of others:પહેલું;પ્રથમ.3.Chief;excellent:મુખ્ય;શ્રેષ્ઠ.*At* f.*hand*:ઘરમૂળથી; બારોબાર;તરત.**F**.*fruits*,(a)the earliest fruits gathered:પહેલો ફાલ;નવાન્ન.**F**.*water*,the highest quality:ઉંચું પાણી;ખરીઉતરેલ.*adv.* Before anything else in time,space,rank &c: આગળ;પહેલાં;પ્રથમ;પૂર્વે;અગ્રે.*At* f.,*at the* f.,at the beginning:પૂર્વે;પ્રથમ.

First born,(ફર્સ્ટ'બૉર્ન્)a.First brought forth;

eldest:મોટું;વડું;જ્યેષ્ઠ;પૂર્વજ;અગ્રજ.

First-class,(ફર્સ્ટ'ક્લાસ્)a.Being of the highest rank or the best quality:ઉંચી પદવી-જાતનું.

First-day,(ફર્સ્ટ્'ડે)n.Sunday:અઠવાડીયાનો પહેલો દીવસ;રવિવાર.

First-hand,(ફર્સ્ટ'હૅન્ડ્)a. Obtained directly from the original source:બારોબાર મળેલું.

Firstling,(ફર્સ્ટ્લિંગ્)n. The first produce or offspring:પેહેલા વેતરનું પ્રાણી.

First-rate-sort,(ફર્સ્ટ રેટ્-સૉર્ટ્)a.Of the highest excellence:સરસ;ઉત્તમ;શ્રેષ્ઠ;ઉત્કૃષ્ટ. [નાળુ.

Firth,(ફર્થ)n.An arm of the sea;firth: ખાડી;

Fiscal,(ફિસ્'કલ્)a.[L.*fiscus*,a money basket.] Pertaining to the public treasury: સરકારી મહેસુલ સંબંધિ;નાણાં-ધન-સંબંધિ.

Fish,(ફિશ્)n.An animal that lives in water: માંછલું.2.A counter used in various games: રમતમાં ગણત્રી કરવાનું ટેબલ પાટીયું. *pl*.The twelfth sign of the zodiac;pisces: મીનરાશિ. F *story*:ગપ.vi.To attempt to catch fish:માંછલા પકડવાનો યત્ન-કોશીશ કo.

Fisher-Fisher-man,(ફિશ'અર્-ફિશઅર્મૅન) n.One whose occupation is to catch fish: માંછી;માંછલાં પકડનાર.

Fisher-town,(ફિશર્ટાઉન્)n.A town inhabited by fishermen:મછીમારથી વસેલું શેહેર.

Fishe-ry,(ફિશ'અરિ)n.1.The business of catching fish:માછીનો ધંધો.2. A place for catching fish:માંછલાં પકડવાની જગો.

Fish-fag,(ફિશ'ફૅગ્)n. A woman who sells fish:માંછેણ;માંછલાં વેચનારી.

Fish-hook,(ફિશ'હુક્)n.A hook for catching fish:માંછલાં પકડવાની આંકડી;ગલ.

Fish-wife-woman,(ફિશ'વાઈફ્-વુ'મૅન)n.A woman that cries fish for sale:માછેણ-માંછલાં વેચવા ફરનારી સ્ત્રી.

Fishy,(ફિશ'ઇ)a.1. Fish-like: માછલાં જેવું.2.Abounding in fish: મચ્છીથી ભરેલું. 3. Improbable:અસંભવિત. [self:આસપાસ દોડવું;ગભરાવું.

Fisk,(ફિસ્ક્)vi.To run about; to bestir one's

Fissile, (ફિસ'સાઈલ્)a. [L.*fissum*, cleaved.] Capable of being split:ચીરાઈ શકે એવું.

Fissure,(ફિ'શ્યૂર્)n [L.*findo*,I cleave.]A cleft તડ;ફાટ;ચીર;ચીરાડો; છિદ્ર;સાંધ. *vt*. To cleave; to divide:ચીરવું.

Fist,(ફિસ્ટ્)n. The hand closed tightly:મુઠ્ઠી; મુષ્ટિ;મુઠ.2.The *index* & *mark* ☞ :હાથની નિસાની;હાથ.vt.To strike with fist:મુક્કી-ઠોંસોમાર

Fisti-cuffs,(ફિસ્ટ'ઈકફ્સ્)n.[*Fist cuff*.]Boxing: મુક્કા મુક્કી;ધપ્પા ધપ્પી;ઠોસા ઠોસી.

Fistu-la,(ફિસ્'ટ્યુલૅ)n.[Gr.*phusao*,I blow.](*pl* fistulae.)A reed: સિસોટી. Hence, a wind-pipe of music:નળી; સીસોટી;વાંસળી. 2. Deep narrow,chronic abscess:ભગંદર.

Fistu-late,(ફિસ્'ટ્યુલેટ્)vi.To become a pipe: નળી જેવું બનવું(ભર).vt.To make hollow like a pipe:નળી જેવું પોલું કo;બખોલ પાડવી.

Fistu-li-form,(ફિસ્'ટ્યુલિફૉર્મ્)a. [L. *fistula*, pipe and *forma*,form.]Tubular:નળીના આકારનું.

Fistul-ous,(ફિસ્'ટ્યુલસ્)a.Having the form of a fistula:નળી જેવું;ભગંદર-નકસુરવાળું.

Fit,(ફિટ્)a. [L.*facio*, I make.] Worthy;suitable:લાયક;યોગ્ય.2.Prepared:તૈયાર.3.Convenient:લાયક.vt. To make fit;to render competent:બેસતું કo. 2. To bring into a required form:જોડવું. 3. To be suitable to: યોગ્ય હોવું; બંધ બેસતું આવવું;બેસવું. vi.To be proper: ઘટવું; છાજવું;લાયક હોવું.n 1.A stroke or blow:સપાટો. 2.A sudden and sharp attack of disease: રોગનો એકાએક ઉપાડ;ઉથલો.(*b*) Epilepsy:આંકડી; વાઈ.3.A transient passion; a paroxysm:મૂર્છા;ભ્રમ.4.A passing humour:તુરંગ;લહેર. *By* **fits** *and starts*:રહી રહીને;આંતરે આંતરે.

Fitful,(ફિટ્'ફુલ્)a.1.Impulsive and unstable: અસ્થિર;ચપળ;ચંચળ.2.Spamodic:મિજાજી;ચંચળ.

Fitly,(ફિટ્લિ)adv.Suitably:બરાબર રીતે.

Fitness,(ફિટ્'નેસ્)n.Suitableness:યોગ્યતા.

Fitting,(ફિટ્'ઇંગ્)a.Suitable:ઘટારત.

Fitting-up,(ફિટ્'ઇંગ્ અપ્)n. Equipment:જરૂરીઆતનો સામાન.

Five,(ફાઈવ્)n.The sum of four and one:પાંચ.

Fives,(ફાઈવ્ઝ્)n.1.A kind of game:એક જાતની રમત.2.A kind of disease in horses:ઘોડાઓનો એક જાતનો રોગ. [five-double:પાંચગણું-સંચપટ.

Five-fold,(ફાઈવ્'ફોલ્ડ્)a. & *adv*. Quintuple;

Fives-court,(ફાઇવ્ઝ્'કોર્ટ્)n.A place for playing fives:રમત રમવાની જગો.

Fix,(ફિક્સ્)vt.[L.*figo*,I fix.]1.To establish; to secure:સ્થાપવું;ઠરાવવું.2.To hold steadily:સ્થિર કo.3.To pierce:ઘોચવું.4.To arrange:ગોઠવવું. n.Predicament:દુર્દશાવસ્થા.

Fixed,(ફિક્સ્ડ્) a. Settled; established; firm; immovable:સ્થાપિત;દૃઢ;સ્થિર.

Fixed-ness,(ફિક્સ'એડ્નેસ્)n.Stability:સ્થિરતા.

Fixi ty,(ફિક્સ'ઇટિ)n.Fixedness:અચળતા;સ્થિરતા.

Fixture,(ફિક્સ'ટ્યૂર્)n.1.That which is fixed: સ્થાવર દ્રવ્ય-માલ.2.Fixedness:સ્થિરતા;સ્થૈર્ય;અચળતા. [ટ;ફસફસાટ.

Fizz,(ફિઝ્)n.A hissing sound: ગણગણ;ઘણઘણા-

Fizz,Fizzle,(ફિઝ્ ફિઝ્લ્)vi.1.To make a hissing sound: છમકારો થવો;છમ દઇને બોલવું. 2. To make a ridiculous failure:હાંસી થાય એવી રીતે નિષ્ફળ જવું. n. A failure or abortive effort: નિષ્ફળ યત્ન-પ્રયત્ન. [પાડું.

Flabbi-ness,(ફ્લૅબ્'બિનેસ્)*n.* Softness:પોચા-
Flabby,(ફ્લૅબ્'બિ)*a.* Soft;wanting firmness:
પોચું;નરમ. [wind.]A fan:પંખો;વિંજણો.
Flabel, (ફ્લૅ'બેલ્)*n.* [L. *flabrum*, a blast of
Flabile,(ફ્લૅબ્'આઇલ્)*a.*Subject to be blown
about:ઉડી જાય તેવું.
Flac-cid, (ફ્લૅક્'સિડ્)*a.* [L. *flaccus*, flabby.]
Soft;flably:અતિ નરમ;પોચું. [ચાપણું.
Flac-cidi-ty,(ફ્લૅક્સિડ્'ઇટિ)*n.* Flabbiness:પો-
Flacker,(ફ્લૅક્'અર્) *vi.* To flutter as a bird:
ફફડાવવું;ફફડવું.

Flag,(ફ્લૅગ્)*n.* A standard:વાવટો; નિશાન; ધજા. *Black* f.: હારેલાઓ ઉપર લેશ માત્ર પણ દયા નહિં બતાવવામાં આવે એવું દર્શાવનારો કાળો વાવટો.**F.** *of truce*:સુલેહનો વાવટો.*Red* f.:તુચ્છકાર-ભયદર્શક-લાલ વાવટો. *To strike or lower the* f.: શરણ થવાની નીશાની દાખલ વાવટો નીચે ઉતારવો.

Flagel-late, (ફ્લૅ'જેલ્લેટ્) *vt.* [L. *flagellum*, whip.]To scourge;to whip:ચાબખા-ફટકા મારવા. *a.*Flagelliform:નરમ;ઢીલું;શિથિલ.

Flageol-et, (ફ્લૅ'જેલેટ્) *n.* A small wind-instrument:એક જાતનું વાંસળી જેવું વાજીંત્ર; વીણા.

Flaggi-ness,(ફ્લૅગ્'ઇનેસ્)*n.* Laxity; limberness:નરમ પણું;શિથિલતા;ઢીલાશ;નરમાશ.

Flaggy,(ફ્લૅગ'ઇ)*a.***1.**Weak;limber:નરમ;ઢીલું.**2.** Insipid;weak in taste:બેસ્વાદ;સ્વાદરહિત.

Fla-gitious,(ફ્લૅજિ'શસ્) *a.* [L. *flagito*, I demand hotly.]**1.**Disgracefully criminal;scandalous;atrocious:ઘોર;દારૂણ;અતિ દુષ્ટ.

Flagon,(ફ્લૅગ'ઑન્)*n.*A vessel with a narrow mouth used for holding liquors:સિરોઈ;ચંબુ.

Flagrance,-cy,(ફ્લૅગ્રંન્સ્ ન્સિ) *n.* Atrocity: મહા-પાપી પણું;ઘોરતા;અતિ દુષ્ટતા.

Flagrant,(ફ્લ'ગ્રૅન્ટ્)*a.*[L.*flagro*, I fame.]**1.** Glowing:હડહડતું.**2.**Raging:ચાલતું.

Flagrate,(ફ્લ'ગ્રેટ્)*vt.*[L.*flagro*,I burn.] To burn:બાળવું;લગાડવું.

Flag-staff,(ફ્લૅગ્'-સ્ટૅફ્)*n.* A pole on which a flag is hung:ધજાનો થાંભલો-કાડી;ધ્વજ દંડ-સ્તંભ.

Flag-stone,(ફ્લૅગ્'સ્ટોન્)*n.***1.**A stone for pavement:ફરસ બંધી કરવાનો ચપટો પથર;ફરસી.

Flail,(ફ્લેલ્)*n.*An instrument for threshing or beating grain from the ear by the hand: ખુંપું;મુસળું;મુડીયું;સાંબેલું.

Flake,(ફ્લેક્)*vt.*To form into *flakes*:પોપડી બાઝવી *vi.*To break in layers:ભેલ ઉતરવી.*n.***1.** A film;flock,lamina;layer:પડ;થર;પોપડી;ટુકડો;ખંડ.

Flaky,(ફ્લેક્'ઇ)*a.*Consisting of flakes:પોપડી જેવું.

Flam,(ફ્લૅમ્)*n.*Deception;lie:ઢોંગ;બહાનું; મિષ. *vt.*To cheat:છેતરવું;ભુલાવામાં નાખવું;ઠગવું.

Flambeau,(ફ્લૅમ્'બો) *n.* [L.*flamma*,flame.] Torch:મશાલ;કાકડો.

Flame,(ફ્લેમ્)*n.***1.**[L.*flamma.*]A blaze:ભડકો. **2.**Passion:આવેશ.*vi.*To burn:બળવું;ભડકો થવો. *vt.*To kindle:સળગાવવું.

Flame-col-ored, (ફ્લેમ્'કલર્ડ્)*a.* Of a bright yellow colour:અગ્નિના રંગનું.

Flaming,(ફ્લેમ્'ઇંગ્)*a.*Burning,blazing;brilliant:ભડકાવાળું;ભુરસાવાળું;જ્વલિત;જ્વાજલ્યમાન.

Fla-mingo,(ફ્લૅમિં'ગ્ગો)*n.* A tropical bird, bright red:રાજહંસ.

Flamma-bili-ty, (ફ્લૅમ્'અૅબિલ્"ઇટિ) *n.* The quality of being flammable: સળગી ઉઠવાની શક્તિ. [બળતું;બળતું;જ્વાલામય.

Flamy,(ફ્લેમ્'ઇ)*a.*Flame-like; blazing: ભડકે-

Flank,(ફ્લૅન્ક્)*vt.***1.**To stand at the side of; to border upon:એક બાજુએ રહેવું;ની બાજુએ લાવવું.**2.** To attack the flank of: બાજુપર હુમલો કo.*vi.*To be posted on the side: બાજુએ રહેવું. *n.* **1.** The fleshy part of an animal's side between the riband & the hip:કુખ; કમર. **2.** Division of an army:લશ્કરની ટુકડી.**2.**(*Arch.*) The side of a building:ઈમારતનો એક ભાગ.

Flannel,(ફ્લૅન્'નેલ્)*n.*A soft,nappy, woolen cloth,of loose texture:ઉનનું એક જાતનું કપડું.

Flap, (ફ્લૅપ્)*vt.*[L.*flaccus*,flabby.]**1.** To beat with a flap: ફફડાવવું. *To* f. *in the mouth*,-ને ગ્હેણાં દેવાં *vi.*To move as wings:પાંખો ફફડવી.

Flare, (ફ્લેર્) *vi.* **1.** To burn with a waving flame:ભડભડ બળવું.**2.**To spread outward:બહાર ફેલાવું;ખુલવું;ફેલાવું **3.**To glitter:ચળકવું.

Flaring,(ફ્લર્'ઇંગ્)*a.*Glittering:ચળકતું.

Flash,(ફ્લૅશ્)*vi.***1.** To break forth; to show a momentary brilliancy:એ એક ચળકાટ મારવો. *To* f.*in the pan*,to fail of success:નિષ્ફળ જવું.*n.***1.**A sudden burst:એકાએક ચળકાટ;ચમકારો.

Flashy,(ફ્લૅશ'ઇ)*a.***1** Insipid: સ્વાદ વગરનું; અસાર.**2**.Showy;gay:ભભક ભરી.**3.** Dazzling for a moment:ક્ષણિક ચળકતું.

Flask,(ફ્લૅસ્ક્)*n.*A kind of bottle:સીસો;બાટલી. **2.**A portable vessel for gunpowder:બંદુકનો દારૂ લઈ જવાનું વાસણ.

Flat,(ફ્લૅટ્)*a.***1.**Plain;level:સપાટ.**2.**Prostrate: ચપાટ.**3.**Depressed;dull:મંદ;બેસી ગયેલું**4.** Positive:સાફ; ખુલ્લું કહેલું.**5.**Not acute:જાડું.*n.***1.**A level surface;a low tract: સપાટી; મેદાન. *vt.***1.** To make flat to level:સપાટ કo.*vi.*To become flat:સપાટ થવું.

Flatness,(ફ્લૅટ્'નેસ્)*n.*Levelness: સપાટપણું.

Flatten,(ફ્લૅટ્'ન્)*vt.***1.**To level; to make flat: સપાટ-સરખું-ચપટું કo.*vt.*To become flat:સપાટ-ચપટું થવું.

Flatter,(ફ્લૅટ્'અર્)*vt.*To gratify:ખુશી કo;સંતોષવું;સંતુષ્ટ કo.**2.**To sooth by praise:ખુશામત કo.

Flatter-er,(ફ્લૅટ્'અરર્)*n.*A wheedler:ખુશામતખોર.

Flatter-ing,(ફ્લૅટ્'અરિંગ્)*a.*With partiality: [ખુશામતભરેલું;સ્તુતિમય;પ્રસંશામય.

Flatte-ry,(ફ્લૅટ્'અરિ)*n.*Adulation:ખુશામત.

Flatt-ish,(ફ્લૅટ્'ઈશ્) *a.* Somewhat flat: લગાર સપાટ-ચપટું.

Flatu-lence,-cy,(ફ્લૅટ્'યૂલેન્સ્-ન્સિ)*n.*The state of being flatulent:આમવાયુ;વાયડાપણું;વાત.

Flatus,(ફ્લે'ટસ્)*n.*[L.*flo*,I blow.]1. A breadth;apuff of wind:શ્વાસ;પવનનો ઝપાટો.

Flaunt,(ફ્લોન્ટ્) *n.* Any thing displayed for show:ભપકો.*vt.*To display astentationsly:છેલછબીલા થવું;શેક મારવો.

Flavour,(ફ્લે'વર્) *n.*[L.*flagvo*,I smell.] 1. Smell:સોડમ;ગંધ;વાસ.2.Taste;relish: સ્વાદ; રુચિ.*vt.*To give flavour to:ખુશબોદાર કર.

Flavor-ous, (ફ્લે'વરસ્) *a.* Pleasant to the taste:સુગંધીદાર;સ્વાદિષ્ટ;મજેદાર;રૂચિકર;રસિક.

Flavous,(ફ્લે'વસ્)*a.*Yellow:પીળું.

Flaw,(ફ્લો)*n.*1.A breach;fissure: તડ;ફાટ; ચીર; ફાડ.2.A sudden burst of wind:પવનનો ઝપાટો.

Flawy,(ફ્લૉ'ઈ)*a.*1.Broken; defective: ખામીવાળું.

Flax,(ફ્લૅક્સ્)*n.*A plant of genus Linum: શણનો છોડ.

Flaxen,(ફ્લૅક્સ્'ન)*a.*1.Made of flax:શણનું.

Flay,(ફ્લે)*vt.*To strip off the skin of an animal:ચામડી ઉતારવી;ફાડવી.

Flea,(ફ્લી)*vt.*To flay:ચામડી-એડું ઉતારવું. *n.* An insect of the genus pulex:ચાંચડ.

Flea-bane,(ફ્લી'બેન)*n.*One of various plants, supposed to have efficacy in driving away fleas:ઝળી છરી.

Flea-bite,(ફ્લી'-બાઈટ્)*n.* The bite of a flea: ચાંચડનો ડંખ;ચાંચડ કરડવાથી પડેલું લાલ ચાઠું.

Fleck,(ફ્લેક્)*n.*A spot;a speckle:ટપકું. *vi.* To spot; to variegate: ડાઘો પાડવો;ટપકું પાડવું; પટા ખેંચવા.

Flecker,(ફ્લેક્'અર્)*vt.*Same as fleck.

Fleck-less, (ફ્લેક્'લેસ્) *a.* Without spot or blame:ડાઘ વગરનું;ચોખું.

Fled,(ફ્લેડ્)*pret.* & *p.p.* of **Flee.**Run away: [નાશી ગયો.

Fledge,(ફ્લેજ્)*a.*[L.*fugge.*] Feathered:પીછાંપાંખ આવેલું ઉડી શકે એવું. *vt.*1.To furnish with feather:પીછાં પુરાં પાડવાં.*vi* To become fledged: પીછાં ઉગવાં;પાંખ આવવી.

Fledgeling, (ફ્લેજ્'લિંગ્) *n.* A young bird just fledged: પાંખો આવેલું નાનું પક્ષી;તરતનું પાંખ આવેલું બચ્ચું.

Flee,(ફ્લી)*vi.*To run rapidly from:નાસવું.*To f., the question*:સવાલ ઉપર મત આપવાનું ઉડાવી દેવું.

Fleece,(ફ્લીસ્)*n.*1. (*a*)The coat of wool that covers a sheep:ઘેટાની ચામડી ઉપરનું ઉન. *vt.*1. To deprive of natural covering of wool:ઉન ઉતારી-કાતરીલેવું.

Fleecy,(ફ્લીસ્'ઈ)*a.*Covered with made of,or resembling fleece:ઉનથી ભરાયેલું;ઉન જેવું.

Fleer,(ફ્લીર્)*vi.*1. To deride:મશ્કરી કર. 2. To grin with an air of civility: સભ્યતાનું ડોળ રાખીને દાંત કાઢવા.*n.*Derision or mockery:ચીડવવું;મશ્કરી.

Fleet,(ફ્લીટ્)*n.*A squadron of ships;a number of ships of war: વહાણનો કાફલો; લડાઈના વહાણનો કાફલો. *a.*Swift in motion:જલદ;ઝડપથ ચાલનાર. *vt.*To pass over rapidly:ના ઉપર જલદીથી ચાલવું.

Fleet, (ફ્લીટ્)*p. a.* Not durable; transient: ક્ષણિક;ફાની;ચલ;ક્ષણભંગુર;અસ્થાયી.

Fleetly,(ફ્લીટ્'લિ)*adv.*Rapidly:ઝડપથી;જલદીથી; વેગથી. [અતિવેગ.

Fleetness,(ફ્લીટ્'નેસ્)*n.* Swiftness;velocity:

Flesh,(ફ્લેશ્)*n.* 1. Muscles:સ્નાયુ;માંસ.2.Animal food:માંસ.3.The soft, pulpy substance of fruit:ગર;માવો.

Flesh-brush,(ફ્લેશ્-બ્રશ્)*n.*A brush for exciting action in the skin by friction:ચામડી ઘસવાનું બ્રશ. [flesh:માંસાહાર.

Flesh-diet, (ફ્લેશ્'-ડાઈએટ્) *n.* The food of

Fleshi-ness,(ફ્લેશ્'ઈનેસ્)*n.* Corpulence:શરીરનું ભરાવાપણું;માંસપુષ્ટિ. [દૈહિક;શારીરિક.

Fleshly,(ફ્લેશ્'લિ)*a.*1.Pertaining to the flesh:

Fleshy,(ફ્લેશ્'ઇ)*a.*1. Full of flesh:માંસપુષ્ટ. 2. Composed of firm pulp: માવેદાર; ઠાલ્યા-માવાગરવાળું. [પીછાં બાંધવાં.

Fletch,(ફ્લેચ્)*vt.* To feather an arrow: તીરને

Flex-i-bili-ty,(ફ્લેક્સિબિલ્'ઇટિ) *n.* Flexibleness:પોચાશ.

Flexi-ble-Flexile,(ફ્લેક્સ્'ઇબલ્-ફ્લેક્સ્'આઇલ્) *a.* [L. *Flecto*,I bend.] 1. Capable of being bent:વળે એવું.2.Tractable:કેળવાય-શિખવાય એવું.

Flexion,(ફ્લેક્'શન)*n.* [L.*flexis.*]1.The act of flexing or bending:વાળવું-વાંકું કરવું તે.2.A fold: મરડ;વાંક. [or bending:વાળવું તે;મરડવું તે.

Flexure, (ફ્લેક્શ્'યૂર્) *n.* 1. The act of flexing

Flicker,(ફ્લિક્'અર્)*vt.*To flutter:વગર ઉડે પાંખ ફફડાવવી. 2.To waver unsteadily:પવનને લીધે ફફડ-ભગભગ થવું;ઝડપાવું.

Flickering,(ફ્લિકર્'ઇન્ગ્) *n.* Fluttering:ઉડ્યા વગર પાંખો ફફડાવવું;હાલવું;અસ્થિર.

Flight,(ફ્લાઈટ્)*n.*1.The act of fleeing:નાસભાગ. 2.The act of flying; mode of flying: ઉડવું-ઉડી જવું તે;ઉડવાની રીત. 3. (*a*) A flock of birds flying in company:ટોળું. 4. A reach of steps from one landing to another:દાદર; સીડી;નિસરણી.*To put to f.,to turn to f.*,to co-

mpel to run away:કેડાવી-નસાડી મૂકવું.

Flighti-ness,(ફ્લાઇટ્'ઇનેસ્) *n*. Slight delirium;extreme volatility:ચંચળપણું; જરાક-વાયલ-લ્હેરીપણું;ચંચળતા.

Flighty,(ફ્લાઇટ્'ઈ)*a*.1. Swift;transient:ઝડપવાળું;જલદ;ચંચળ;ચપળ;થોડો વખત ચાલે એવું.

Flimsy,(ફ્લિમ્'ઝિ)*a*.Weak;feeble:કમજોર;રેઢીયાળ;નજીવું;નિર્માલ્ય.*n*.Thin or transparent paper: પાતળો અથવા પારદર્શક કાગળ.

Flinch,(ફ્લિન્શ્)*vi* To shrink:હઠી જવું;પાછું હઠવું.

Fling,(ફ્લિન્ગ્)*vt*.[L.*fligo*,I strike.]1.To hurl; to dart:ફેંકવું;નાખવું.2.To shed forth:ફેંકવું;-માંથી નિકળવું.3.To throw down:પછાડવું;નીચે નાંખી -ફેંકી દેવું.*To f.off*, (*a*)to baffle in the chase: શિકારમાં નિષ્ફળ કo;શિકાર ચુકાવવો. *vi*.1.To utter harsh language:માર્મિક વચનથી ધિક્કારવું. 3. To rush:એકદમ ધૂસવું. *To* **f.** *out*, to grow unruly or outrageous:ફાટેલ-છકેલ થવું. [ચકમકનો પથ્થર.

Flint,(ફ્લિન્ટ્) *n*. 1. A piece of flinty stone:

Flint-heart-ed,(ફ્લિન્ટ્'-હાર્ટેડ્)*a*.Hardhearted:કઠણ હૈયાનો;વજ્ર હૈયાનું;પાષાણહૃદયી.

Flinty,(ફ્લિન્ટ્'ઇ)*a*. Consisting of,or resembling flint:ચકમકવાળો;ચકમકનું;વજ્ર જેવું કઠણ.

Flippan-cy, (ફ્લિપ'ઍન્સિ) *n*. Volubility of speech:બોલકણાપણું; મોહોડાની ચપળતા; છુટી જીભ.

Flippant,(ફ્લિપ્'ઍન્ટ્)*a*. 1. Talkative:વાચાળ. 2.Empty;inconsiderate:ખાલી; નિઃસાર; ચપળ. *n*.A flippant person:છુટી જીભનો માણસ.

Flippant-ly,(ફ્લિપ્'ઍન્ટ્લિ)*adv*.Fluently;with ease and volubility of speech: મ્હોડાની ચપળતાથી;લાંબી જીભે:તડતડ;ભડભડ;વાચાળપણે.

Flirt,(ફ્લર્ટ્)*vt*.1.To throw with a jerk:એકદમ જુસ્સાથી ફેંકવું;છાંટવું.2.To toss or throw about:આમ તેમ ફેરવવું-હલાવવું. *vi*.1.To throw bantering or sarcastic words:મ્હેણાં મારવાં. *n*.1. A sudden jerk;a darting motion: હડસેલો. 2.A coquette;a:નખરાખોર જુવાનસ્ત્રી.

Flirt-ation,(ફ્લર્ટે'શન્)*n*.1.Playing at courtship;coquetry:નખરાબાજી;હાવભાવ;નખરા.

Flisk,(ફ્લિસ્ક્)*n*.A large-toothed comb:મોટા દાંતાવાળી કાંસકી-કો.

Flit,(ફ્લિટ્)*vi*.1.To fly away with rapid motion;to dart:ઝડપથી ઉડીજવું.2.To flutter;to rove on the wing:પાંખો ફફડાવવી.3. To remove;to migrate:ખસવું;સ્થાનાંતર કo; સ્થળ-રેહેઠાણ બદલવું.

Flitch,(ફ્લિચ્)*n*.The side of a hog salted and cured:મીઠું દઇને સુકવેલું ડુકરનું પાસું. [ડાનો કકડો.

Flitter,(ફ્લિટ્'અર્)*n*.A small piece:નાનો લુગ-

Flitting,(ફ્લિટ્'ઇન્ગ્)*n*.1.A flying with lightness and celerity; a fluttering:ફડફડાટ. 2. A removal from one habitation to another: રહેઠાણ બદલવું તે; સ્થાનાંતર;ભ્રમણ.

Flix,(ફ્લિક્સ્)*n*.Down;fur:રૂવાં;રૂવાટાં.

Float,(ફ્લોટ્)*n*.1.Any thing which floats on the surface of a fluid; a raft:તરાપો. 2. The floatboard of a wheel:પૈડાનું પાટીઉં. *vt*. 1.To cause to float:તરાવવું.2.To inundate: જળમય કo;પુરાવીદેવું.3.To support and sustain the credit of:ની આબરૂ-શાખ રાખવી;નો વટ સાચવવો.

Floatage,(ફ્લોટ્'એજ્)*n*.Any thing that floats on the water:પાણી ઉપર તરતી વસ્તુ.

Floating,(ફ્લોટ્'ઇન્ગ્)*p.a*.1.Free or loose:છુટાં; હાલે એવાં.2.Not fixed; not founded:અસ્થિર. 3.Buoyed upon or on a fluid:તરતું. [તારૂ.

Float-man, (ફ્લોટ્'-મૅન્)*n*.A seaman:ખલાસી;

Flock,(ફ્લૉક્)*n*.1.A company or collection of living creatures:જીવતાં પ્રાણીઓનું ટોળું-ઝુંડ.2.A Christian congregation:ખ્રિસ્તિલોકોનો ધર્મસમાજ-મંડળી.*vi*.To gather in companies or crowds: ટોળાબંધ એકઠા જમા થવું.

Flock-bed, (ફ્લૉક-બેડ્) *n*. A bed filled with locks of coarse wool: જાડું ઉન ભરેલું ગાદલું.

Floe,(ફ્લો)*n*.An extensive surface of ice floating in the ocean:સમુદ્રમાં તરતા બરફનો ઢગલો.

Flog,(ફ્લૉગ્)*vt*. [L. *fligo*, I beat.] To beat or strike with a whip or a rod:ચાબુકે મારવું.

Flogging,(ફ્લૉગ્'ઇન્ગ્)*n*.Beating or striking with a whip:ચાબુક-માર;ફટકા.

Flood,(ફ્લડ્)*n*.1.A great flow of water:રેલ; પૂર.2.The flowing in of the tide:ભરતી. 3.A great quantity:પુષ્કળ પણું;મોટો જથ્થો. *vt*. To overflow:રેલ આવવી.

Flood-gate,(ફ્લડ્'ગેટ્)*n*.A gate to be opened for letting water flow through,or to be shut to prevent it:પાણી આવવું જવું અટકાવવાનોદરવાજો.

Floor,(ફ્લોર્)*n*.1. The bottom or lower part of any room:ભોંય.2.A storey:માળ.3.A flat ore body:કાચી ધાતુની સપાટ જમિન. *vt* To cover or furnish with a floor:પાટીઆંથી ઢાંકવું.

Floor-cloth, (ફ્લોર્-ક્લૉથ્) *n*. Printed cloth for covering floors:જાજમ.

Flop,(ફ્લૉપ્)*vt*. [*pp*. *Flopped*.]To strike; to flap:ફટકો-ટકોરો-થાપટ મારવી.*vi*.To strike about with something broad and flat:ફફડવું.

Flooring, (ફ્લોર'ઇન્ગ્) *n*. 1. The bottom of room or building pavement:ઓરડી અથવા ઈમારતનુંતળીયું;ફરસબંધી.

Flora,(ફ્લો'રે)*n*.[L.*flos*,flower.]1.The goddess of flowers:ફુલની દેવી.2.A description of vegetable species:ઝાડ પાલા તથા ફળફળાદિ વિગેરેનું સંપૂર્ણ વર્ણન;વનસ્પતિશાસ્ત્ર.

Floral,(ફ્લોરૅલ્)*a*. [L. *floralis*, belonging to flora.](*Bot*.)Containing the flower:ફુલનું-વાળું.

Flo-rescence,(ફ્લારેસ્'સેન્સ્)*n*.[L.*florescere*,

to begin to blossom.]A bursting into flower;a blossoming:ફુલ ખીલવું તે; ફુલો ખીલવાની મોસમ;ફુલનો બાર.

Flori-age,(ફ્લો'રિએજ્)n.[L. *flos, floris*,flower.]Bloom;blossom:મોહોર;કળી;જોબન.

Florid,(ફ્લોરિડ્)a.[L. *flos, floris*, flower.] 1. Abounding in flowers:flowery: ફુલથી ભરપૂર. 2.Bright in color;of a lively red color:રંગમાં પ્રકાશિત.

Flo-ridi-ty,-Floridness,(ફ્લોરિડ્'ઇટિ-ફ્લોરિડનેસ્)n. Brightness of color; floridness: સુર્ખિ;લાલી;ભડકપણું;અલંકારિકત્વ.

Flo-rifer-ous,(ફ્લોરિફ્'અરસ્)a.[L.*flos*&*fero*, I bear.]Producing flowers:પુષ્પાવહ;ફુલ આપનું;પુષ્પોત્પાદક;પુષ્પપ્રદ.

Florin,(ફ્લો'રિન્)n.[L.*flos*,flower.]A coin:એક જાતનો સીકો.

Florist, (ફ્લોર્'ઇસ્ટ્)n. [L. *flos*, flower.]One skilled in the cultivation or care of flowers: ફુલની રખેવાળી કરવામાં હુશિયાર માણસ;માળી.

Floroon,(ફ્લો'રૂન્)n.A border worked with flowers:ફુલની કોર-ઝાલર.

Floru-lent,(ફ્લોર્'યુલેન્ટ્)a.[L. *flos,floris*,flower.]Flowery;blossoming:મોહોર-કળીવાળું.

Floss,(ફ્લોસ્)n. [L. *flos*, flower.]1.A downy or silken substance:રૂવાંનો અથવા રેશમી પદાર્થ. 2. Untwisted filaments of silk:રેશમના નહિ વણેલ દોરા-તાર;કચુ રેશમ.

Flossy,(ફ્લોસ'ઇ)a.Pertaining to,made of or resembling floss: રૂવાં અથવા રેશમ જેવા પદાર્થ સંબંધિ-નું-બનાવેલું.

Flo-tilla,(ફ્લોટિલ્'લૅ)n.A little fleet,or a fleet of small vessels:નાના વહાણોનો કાફલો.

Flotsam-Flotson, (ફ્લોટ્'સૅમ્-ફ્લોટ્'સન્) n. Goods lost by ship wreck,and floating on the sea:વહાણ ભાગવાથી દરિયામાં તરતો નિધણીઓ માલ.

Flounce,(ફ્લાઉન્સ્)vi.To throw limbs & body, one way and the other:ચમપછાડ કo. vt. To deck with a flounce:સંજાબ મૂકીને સુશોભિતકo. n.1.A sudden,jekering motion of the body: આચકો.2. An ornamental appendage to the skrit of a lady's dress:સંજાબ;કોર;કિનારી.

Flounder,(ફ્લાઉન્'ડર્)n.A fish:એક જાતની માછલી. 2. A tove used by boot-makers:મોચીનું એક ઓજાર.

Flour,(ફ્લાઉર્)n.The finely ground meal of wheat or any other substance:આટો;લોટ.vi. To grind;to convert into flour:દળવું;નો આટો-લોટ કo.

Flourish,(ફ્લ'રિશ)vi.[L. *floreo*,I bloom.]1. To grow luxariantly:ઘણું વધવું.2.To be prosperous,to increase in wealth, honour,comfort,happiness,&c.:આબાદ થવું;સુખી થવું;આનંદ-થવું;ચડતી થવી;ઉત્કર્ષ-આબાદાની થવી;-નો ચડતો દિવસ થવો.3.To write graceful figures:સુંદર-સુશોભિત લખવું.vt.1.To develop:વધારવું.2.To adorn with rhetoric figures:અલંકારીકo;-માં અલંકાર વાપરવા.n.A flourishing condition:આબાદાની.

Flourish-ing,(ફ્લ'રિશિન્ગ્)a.Prosperous;ornamented:આબાદીવાળું;સમૃદ્ધ;ખાતુંપીતું;આબાદ.

Flout,(ફ્લાઉટ્)vt.To mock or insult,to treat with contempt:અપમાન કo;તુચ્છકાર કo;તરછોડવું; ધિક્કારવું. vi. To behave with contempt; to sneer:ની સાથે ધિક્કારથી-ધિક્કાર ભરેલી રીતે વર્તવું.n. A mock;an insnlt:તિરસ્કાર;ધિક્કાર;અપમાન.

Flouting-ly,(ફ્લાઉટ્'ઇન્ગલિ)adv. Insultingly; with flouting:તિરસ્કાર ભરેલીરીતે;અપમાનથી;ધિક્કારથી.

Flow,(ફ્લો)vi.[L *fluo*, I flow.]1. To move along as a fluid:વહેવું.2.To issue forth:-થી ઉત્પન્ન થવું;થવું;મળવું;નિકળવું.3.To hang loose and waving:ઝુલવું.4.To rise,as the tide:ભરતી આવવી.5.To discharge blood in excess from the uterus:ગર્ભાશય-ગર્ભસ્થાનમાંથી વધારાનું લોહી વહી જવું. *To* **f.***over*:ઉભરાઈ જવું;રેલછેલ થવું.n. 1. A stream of water or other fluid;current: પાણીનો રેલો;ધારા. 2. A pouring out: શબ્દોના રેલ;સડસડાટબોલવું તે.3.Abundance:પુષ્કળ પણું.

Flowage,(ફ્લો'એજ્)n.An over-flowing with water:ઉપર પાણી વહેવું ફરી વળવું તે;રેલછેલ.

Flower,(ફ્લાઉ'અર્)n.[L.*flos,floris*, a flower.] 1.A bloom or blossom: ફુલ;પુષ્પ. 2. The fairest, freshest and choicest part of anything: કોઇ પણ ચીજનો સૌથી સારો-શ્રેષ્ઠ અને તાજો ભાગ.*The* f.*of life,i.e youth*:જોબન.3. A figure of speech:અલંકાર.vi.1.To blossom;to bloom: ને મોર ફુલ આવવાં;ફુલવું;ખિલવું.

Flower-age,(ફ્લાઉ'અરેજ્)n.State of flowers; flowers: ફુલની સ્થિતિ;ફુલ.

Flower-garden,(ફ્લાઉઅર્ગાર્ડન્)n.A garden of plants bearing flowers:ફુલ બાગ.

Flower-pot, (ફ્લાઉઅર્-પોટ્) n. An earthen pot to grow flower plants:કુંડું.

Flower-y,(ફ્લાઉ'અરિ)a.1.Full of flowers: ફુલ-મોહોરવાળું-થી ભરપૂર;પુષ્પમય;સપુષ્પ.2.Highly embollished with figurative language: અલંકારી.*The* f.*kingdom*,(China:ચીન.

Fluc-tifer-ous, (ફ્લક્ટિફ્'અરસ્)a. [L.*fluctus*, wave & *fero*,I produce.] Tending to produce waves: મોજાં ઉત્પન્ન કરે એવું.

Fluc-tison-ous,(ફ્લક્ટિ'સોનસ્)a. [L.*fluctus*, wave & *sonus*,sound.] Sounding like waves:મોજાંના જેવો અવાજ કરતું.

Fluctu-ant, (ફ્લક્'ટ્યુઍન્ટ્)a.Moving like a wave:મોજાંની પેઠે હાલવું;આમતેમ હાલવું.

Fluctu-ate,(ફ્લક્ટ્યૂએટ્)*vi.*[L.*fluo*,I flow.]1. To move as a wave;to roll hither and thither:મોજાંની પેઠે હાલવું. 2. To be wavering: બદલાયા કરવું;ચંચળ થવું ક૰*vt.*To cause to move as a wave:મોજાંની પેઠે હલાવવું.

Fluc-tu-ation, (ફ્લક્ટ્યૂએ'શન્)*n.*The act of fluctuating:અસ્થિરતા;અનિશ્ચય;ચઢઉતર;વધઘટ.

Flue,(ફ્લ્યૂ)*n.*[L.*fluo*,I flow.] A passage for smoke in a chimney: ધુમાડિયામાં ધુમાડાને જવાનો રસ્તો.*n.*Soft down:નરમ રૂંવાટાં; રૂંવાટાં;વાળ.

Fluen-cy,(ફ્લ્યૂ'એન્સિ)*n.* [L.*fluentia.*] Readiness of utterance;affluence; smoothness:ચપળપણું;શબ્દચાતુરી;બોલવાની છટા.

Fluent,(ફ્લ્યૂ'એન્ટ્)*a.* [L.*fluens*] 1. Flowing: વહેતું;પ્રવાહી.2.Ready in the use of words: બોલકણું;વાચાળ.

Fluent-ly,(ફ્લ્યૂ'એન્ટ્લિ)*adv.*In a fluent manner:વગર અટકે;અપાટાબંધ;છટાબંધ.

Fluid,(ફ્લ્યૂ'ઇડ્)*a.*[L.*fluo*,I flow.] Capable of flowing;liquid or gaseous:વહેતું;પ્રવાહી *n.* A body whose particles move easily amongst themselves:પ્રવાહી;પ્રવાહી પદાર્થ;રસ.

Flu-idi-ty,(ફ્લ્યૂઇડ્'ઇટિ)*n.*The quality of being fluid or capable of flowing; a liquid state:પ્રવાહી પદાર્થનો ગુણ.[વાહી-પાતળું પાણી જેવું ક૰

Fluidize,(ફ્લ્યૂ'ઇડાઇઝ્)*vt.* To render fluid:પ્ર-

Fluke,(ફ્લ્યૂક્)*n.* The part of anchor which fastens in the ground:લંગરનો આંકડો.

Flume,(ફ્લ્યૂમ્)*n.*[L. *fluo*,I flow.] A stream: પાણીનો ઝરો.

Flumin-ous,(ફ્લ્યૂ'મિનસ્) *a.* Pertaining to rivers;abounding in rivers:નદી-નાળાંથી ભરપૂર.

Flumme-ry,(ફ્લમ્'મરિ)*n.*1. A light kind of food: એક જાતનું હલકું ખાણું. 2. Empty compliment;mere flattery:ખુશામત.

Flunky,(ફ્લન્'કિ)*n.*1.A livery servant:ઓળખાઈ આવવા માટે અમુક તરેહના પોશાકવાળો ચાકર.2. One who is cringing:ખુશામતીઓ. 3. An inexperienced jobber:અનુભવ વિનાનો દલાલ.

Furry,(ફ્લર્'રિ)*n.*1.A sudden and brief blast or gust:એકદમ આવેલો અને થોડો વખત સુધી રહે એવો પવનનો ઝપાટો-લેહેર.2.Bustle:ધાંધલ; ગરબડ. *vt.*To excite:ઉશ્કેરવું.

Flush,(ફ્લશ્)*vi.*1.To flow and spread suddenly:એકદમ ચઢવું-ચઢી જવું; એકદમ દેખાઈ આવવું. 2.To turn red:લાલ થવું.3. To shine suddenly:એકદમ ચળકવું.*vt.*1.To redden suddenly; to put blush: એકદમ લાલ ક૰. 2. To excite the spirits of:-ના જુસ્સાને ઉશ્કેરવું. *n.*1. A sudden flowing;a rush: એકદમ વહેવું તે. 2. A rush of blood to the face;a blush;a bloom:લોહી મ્હોં ઉપર ચઢી જવું તે;લાલ;સુરખી.4.A hand of cards of the same suit:જાતનાં પત્તાનો હાથ-હાથ.

Flute(ફ્લ્યૂટ્)*n.*[L.*flo*, I blow.]1.A musical wind instrument:વાંસળી;પાવો.2.A stop in an organ:વાજાંની કળ.3.A kind of flyboat:એક પ્રકારની ઉતારૂઓને બેસવાની હોડી.*vi.*To play on flute: વાંસળી-પાવો-મોરલી વગાડવી.

Fluted,(ફ્લ્યૂટ્'એડ્)*p.a.* Thin;fine; flute-like: તીણો;સારો;મોરલી પાવા-વાંસળીના જેવો.

Flutist, (ફ્લ્યૂટ્'ઇસ્ટ્) *n.* A performer on the flute:મોરલી-વાંસળી વગાડનાર.

Flutter,(ફ્લટ્'ટર્)*vi.*1. To hover:ફફડાવવી.(પાંખો.)2.To move about with empty bustle or show:ખાલી-નકામી ધાંધલ ક૰;ફોકટ ઠોઠધામ ક૰*vt.* To vibrate or move quickly:ફફડાવવું.

Fluvi-al,-Flu-vi-atic,(ફ્લ્યૂ'વિઅલ્-ફ્લ્યૂવિઍટ્'ઇક્)*n.*[L.*fluo*,I flow.]Belonging to rivers: નદી સંબંધિ. [quantity:ઘણું વહેતું.

Fluvious,(ફ્લ્યૂવિઅસ્)*a.* Flowing in a large

Flux,(ફ્લક્સ્)*n.*[L. *fluo*, I flow.] The act of flowing:પ્રવાહ. 2.The matter which flows: પ્રવાહી પદાર્થ.3.The state of being liquid:પીગળવું-ગળાવું તે.4.Any substance used to promote the fusion of metals:ધાતુ જેથી ઓગળી જાય એવો પદાર્થ-ખાર.**F.**& *reflux*:ભરતીઓટ.*vt.*To cause to melt or become fluid:પીગાળવું:પ્રવાહી ક૰.

Fluxi-ble,(ફ્લક્સ્'ઇબલ્)*a.* Capable of being melted or fused:જલદી પીગળી-ગળી જાય એવું.

Fluxion,(ફ્લક્'શન્)*n.*[L.*fluxis.*]1. The act of flowing:વહેવું તે.2. The matter that flows: પ્રવાહી પદાર્થ.

Fluxion-al-Fluxion-a-ry,(ફ્લક્'શનલ્-ફ્લક્'શનરિ)*a.*Inconstant;variable:બદલાય એવું.

Fluxure,(ફ્લક્શ્'યૂર્) *n.*[L.*fluxura*, flowing.] 1.Quality of flowing:વહેવાનો-પ્રવાહ ધર્મ-ગુણ.

Fly,(ફ્લાઈ) *vi.imp.* **flew**.*p.p.* **flown. 1.** To move in the air:ઉડવું.2.To hasten away:ઉતાવળે જવું.3. To attempt to escape:નાસીજવું. *To* **f** *at*,to spring forward:ના તરફ કુદકો મારવો. *To* **f.***in the face of*,to insult: અપમાન ક૰. *To* **f** *off*,to depart suddenly:તરત જતું રહેવું.*vt.*1. To cause to fly:ઉડાડવું; ચગાવવું. 2. To hunt with a hawk:બાજપક્ષીસાથે રાખીને શિકાર ક૰.*n.* 1 A winged insect:માંખી.2.A kind of light carriage for rapid motion: ઝડપથી ચાલે એવી ભાડુતી હલકીગાડી.3.A heavy wheel with weights.વજનસાથેનું ભારે ચક્ર **F.***net*:મચ્છરદાની.**F.** *paper*:માંખો મારી નાંખવાનો ઝેરી કાગળ. **F.***sheet*, a handbill:જાહેર ખબર;હેંડબીલ. *On the* **f.**,still in the air:ઉડતોઅધ્ધર. [છોડ.

Fly-bane,(ફ્લાઇ-બેન્)*n.* A plant:એક જાતનો

Fly-blow,(ફ્લાઇ'બ્લો)*n.*The egg of a fly: માંખીનું ઈંડું.

Fly-blown,(ફ્લાઇ'બ્લોન્) *a.* Decayed: સડેલું; કીડા પડેલું.

Fly-boat,(ફ્લાઇ'બોટ્) *n.* A long, narrow boat: [લાંબી સાંકડી હોડી; મછવો.

Flying-bridge,(ફ્લાઇ'ઇન્ગ-બ્રિજ્) *n.* A bridge for crossing rivers in rapid movement: ટુંકી મુદ્દત માટે મુકેલો પુલ; ઉપાડાય-મુકાય એવો પુલ.

Fly-flap, (ફ્લાઇ'ફ્લૅપ્) *n.* An implement for flying flies: ચમરી; ચમર.

Fly-leaf,(ફ્લાઇ'-લીફ્) *a.* A blank leaf at the beginning or end of a book: ચોપડાની આગળ-પાછળ મુકેલું કોરૂ પાનું.

Fly-wheel,(ફ્લાઇ'હ્વીલ્) *n.* A wheel in machinary that equalizes its movements: સાંચાની ગતિ સમતોલ રાખનાર ચક્કર.

Fo,(ફો) *n.* The Chinese name of Budha: બુદ્ધના નામદર્શક ચીના લોકોની સંજ્ઞા.

Foal,(ફોલ્) *n.* A colt or filly: વછેરો-રી. **F.** *teeth*, the first set of teeth of a horse: ઘોડાના પહેલા દાંત. *In* **f.**, pregnant: ગર્ભિણી.

Foam,(ફોમ્) *n.* Froth: ફીણ. *vi.* **1.** To froth: ફીણ થવું. *vt.* To throw out as foam: ફીણ બહારકાઢવું-કાઢી નાંખવું.

Foamy,(ફોમ્'ઈ) *a.* Covered with foam; frothy: ફીણવાળું-થી ઢંકાયેલું.

Fob,(ફૉબ્) *n.* **1.** A little pocket for a watch: ઘડીઆળનું ગજવું. *vt.* To cheat; to trick: ઠગવું; ધુતવું.

Fobbing,(ફૉબ'બિન્ગ) *n.* Treachery; trick: ઠગાઈ.

Focus,(ફો'કસ્) *n.* [Lat. *pl.* **Foci.** [L. *focus*, hearth.] **1.** A point in which the rays of light meet after being reflected: પ્રતિબિંબ પડયા પછી પ્રકાશના કિરણ એકઠાં મળે તે બિંદુ; કેંદ્ર. **2.** A central point: મધ્યસ્થળ; મધ્યસ્થાન; મથક.

Fodder,(ફૉડ્'ડર્) *n.* **1.** That which is fed out to cattle: ચારો; ઘાસ. *vi.* To feed with cut grass: ચારો-ઘાસ નાંખવું.

Foe,(ફો) *n.* An enemy in war: સામાવાળો; હરીફ; શત્રુ; દુશ્મન.

Fœnugreek,(ફીન્યૂ-ગ્રીક્) *n.* A kind of seed: મેથી.

Fœtal, (ફી'ટલ્) *a.* Fetal; pertaining to a fetus: ગર્ભસંબંધિ.

Fœtus,(ફી'ટસ) *n.* Fetus: ગર્ભ; હમેલ; ગાભ.

Fog,(ફૉગ) *n.* Watery vapor: ધુમસ.

Fog,(ફૉગ) *n.* A second growth of grass; after-grass: બીજી વખત ઉગેલું ઘાસ.

Foggy,(ફૉગ્'ઇ) *a.* Cloudy; mistly: વાદળાં વાળું.

Fogy,(ફો'ગિ) *n.* A dull old fellow: મૂર્ખ-મંદબુદ્ધ.

Foible,(ફૉઇ'બલ) *n.* A failing; a frailty: કસુર; ખામી; એબ; ખોડ; દોષ; ચુક; અપરાધ.

Foil,(ફૉઇલ્) *vt.* **1.** To beat down with the feet: પગથી ચગદવું. **2.** To frustrate: નિષ્ફળ કર. *n.* **1.** Defeat: હાર; પરાભવ; ભંગ. **2.** A blunt sword: બુઠ્ઠી તલવાર. *To run a* **f.**, to lead astray: અવળે રસ્તે દોરવું; ભુલાવામાં નાંખવું.

Foil,(ફૉઇલ્) *n.* [L. *folium.*] **1.** A leaf or thin plate of metal: ધાતુનું પતરૂં.

Foin,(ફૉઇન્) *vi.* To thrust with a sword or spear; to plunge: ઓચિંતી તરવાર-ભાલો મારવો-ભોંકવો *n.* **1.** A thrust with a sword or spear; a push: તરવાર અથવા ભાલો ભોંકવો-તે.

Foist,(ફૉઇસ્ટ્) *vt.* To insert wrongly: વગરહક્કે ઘુસાડી દેવું-ઉમેરવું.

Fold,(ફોલ્ડ્) *n.* **1.** A part laid over on another part; a daubling: ગડી; પાટલી. **2.** Times or repititions: પટ; ગણું. **3.** A sheep-pen: બકરાંનો વાડો. *vt.* **1.** To lay one part over another part of: ની ગડી-કરી-પાટલી કર. **2.** To double: (હાથવતે) અદબ વાળવી. **3.** To inclose in a fold, as sheep: ઘેટાંને વાડામાં પુરવાં-ઘાલવાં. *vi.* To become folded or doubled: વળવું.

Folder,(ફોલ્ડ્'અર્) *n.* A knife-like instrument used for folding paper: કાગળ વાળવાનું ચાકુજેવું હથિયાર.

Folding,(ફોલ્ડ્'ઇન્ગ) *n.* **1.** A fold; a doubling: ગડી; કરી; પાટલી. **2.** The keeping of sheep on arable land: ખેડવા લાયકજમીન ઉપર ઘેટાં રાખવાં તે.

Fo-li-aceous,(ફોલિએ'શસ્) *a.* [L. *folium*, leaf.] **1.** Belonging to the nature of a leaf: પાંદડાની જાતને લગતું-જેવું.

Foli-age,(ફો'લિએજ્) *n.* Leaves collectively: પાત્રાં; પાલો; પાંદડાં; પલ્લવ. **2.** The representation of leaves, flowers, and branches: ચિતરેલાં-પાડેલાં પાંદડાં-ફુલ-વેલ-ડાળીઓ.

Foli-ate,(ફો'લિએટ્) *vt.* [L. *folium*, a leaf.] To beat into a leaf or thin plate: ટીપીને પાતળાં પતરાં કર. **2.** To spread over with a thin coat of tin: કલઇ કર; ચાટલાને પારો ચડાવવો.

Foli-o, (ફો'લિઓ) *n.* Pl. **Folios.** [L. *folium*, leaf.] **1.** A sheet of paper oncefolded: એકવડો વાળેલો કાગળ. **2.** A book made of sheets of paper each folded once: એકેક કાગળનાં બે પાનાં કરીને કરેલી ચોપડી. **3.** A page in an account book: ચોપડાનું પાનું.

Foli-ole,(ફો'લિઓલ) *n.* A leaflet: નાનું પાનું.

Folk,(ફોક્) *n.* People in general: લોક; માણસ. *Old* **f.** ઘરડાંઓ.

Folk-lore (ફોક્'લોર્) *n.* Rural tales or legends: દંતકથા જ્ઞાન; લૌકિક વાર્તા-જ્ઞાન; લોકગાથા.

Follow,(ફૉલ્'લો) *vt.* **1.** (*a*) To go or come after: -ની પાછળ ચાલવું-જવું. (*b*) To accompany: -ની પાછળ ચાલવું. **2** To chase: કેડો લેવો. **3.** To obey: ને તાબે રહેવું; સ્વીકારવું. **4.** To copy after; to take as an example: નું અનુકરણ કર. **5.** To succeed in order of: -ની પછી-પછાડી આવવું-થવું; અનુસરવું. **6.** To result from, as an effect from a cause or an inference from a premise: -થી ઉત્પન્ન થવું. **7.** To understand the meaning, connec-

tion or force of:સમજવું;ગ્રહણ કo. *To f. suit*, to follow an exampe set: આપેલા દાખલા પ્રમાણે ચાલવું-વર્તવું. *vi*. To go or come after:ની પાછળ જવું-આવવું.

Follower,(ફૉલ્'લોઅર)*n*. One who follows; a retainer:પાછળ લાગનાર;અનુયાયી;ચેલો;શિષ્ય.

Follow-ing,(ફૉલ્'લોઈન્ગ્)*n*.Collection of followers or dependents:અનુયાયી સમૂહ.*a*.Succeeding:પછીનું;નીચેનું.

Folly,(ફૉલ'લિ)*n*.1.The state of being a fool: બેવકૂફી;મૂર્ખાઈ. 2. A foolish act:મૂર્ખાઇ-બેવકૂફી ભરેલું કામ; ભૂલ.

Fo-ment,(ફોમેન્ટ્)*vt*.[L.*foveo*,I keep warm.] 1. To bathe with warm waters; to apply warm waters to:ઉના પાણી વગેરે પ્રવાહિ પદાર્થથી સેકવું.2.To instigate:ઉશ્કેરવું.

Fo-ment-ation,(ફોમેન્ટે'શન્)*n*.1. The act of fomenting:ઉનો શેક.2.Instigation;encouragement:ઉશ્કેરણી;ઉત્તેજન;મદદ.

Fond,(ફૉન્ડ્)*a*.1. Foolishly tender and loving:મૂર્ખરીતે માયાળુ-હેતાળુ.2.Much pleased:શોખીલું.3.Trifling:નકામું.*vt*.To caress;to fandle: લાડ લડાવવાં.*vi*.To be fond of:ના શોખીલા હોવું.

Fondle,(ફૉન્'ડલ્)*vt*.To treat with tenderness; to caress:લાડ કરવાં-લડાવવાં;-ને મોંએ ચડાવવું.

Fondling,(ફૉન્ડ્'લિન્ગ્)*n*.1.A caress:લાડ;લાડકોડ;લાલન પાલન;આલિંગન.2.A foolish creature a simpleton:બેવકૂફ-મૂર્ખ માણસ.

Fondly,(ફૉન્ડ્'લિ)*adv*.Affectionately;tenderly:ઘણી મમતા-હેત-પ્યારથી;લાડથી.

Fondness,(ફૉન્ડ્નિસ્)*n*.Doting affection;tender liking:મમતા;ઇચ્છા;અનુરાગ;આસક્તિ.

Font,(ફૉન્ટ્)*n*.1. A fountain: ઝરો-ફુવારો.2. A stone vessel in which water is contained for baptizing:જ્ઞાનસંસ્કાર-કરવાને વાસ્તે પાણી ભરેલું પથ્થરનું વાસણ.

Fontal,(ફૉન્ટ્'અલ્) *a*.[L.*fons*,fountain.]Pertaining to a fountain or source;original: ફુવારા-મૂળ સંબંધિ;મૂળનું.

Food (ફૂડ્)*n*.1. Nutriment;provisions: અન્ન; આહાર.2.Anything that sustains:જે કોઈ ચીજ-પદાર્થવડે પોષણ થઇ શકે તે;પોષકદ્રવ્ય.

Foody,(ફૂડ્'ઈ)*a*.Fertile;fruitful: ફળવંત;ફળદ્રુપ.

Fool,(ફૂલ)*n*.1. One who is destitute of reason:મૂર્ખ;બેવકૂફ. 2. A professional jester or buffoon:મશ્કરો;ભાંડ. *To make a f. of*, to cause to appear ridiculous: બેવકૂફ કo. *To play the f.*, to act the buffoon:મશ્કરી-ટોળ કo.

Foole-ry,(ફૂલ્'અરિ)*n*.1. The behaviour of a fool:મૂર્ખાઇ;મૂર્ખાઇ-બેવકૂફી ભરેલું કામ;વિડંબના.

Fool-har-dy,(ફૂલ્-હાર્ડિ) *a*. Daring without judgment:અવિચારથી જોખમ ખેડનાર.

Foolish,(ફૂલ્'ઇશ્) *a*. Without judgment or discretion;silly;unwise:મૂર્ખ;બેવકૂફ.

Foolish-ly,(ફૂલ્'ઇશ્લિ)*adv*.Unwisely:મૂર્ખાઇથી.

Foolish-ness,(ફૂલ્'ઇશ્નેસ્)*n*.Folly:બેવકૂફાઇ.

Foolscap,(ફૂલ્ઝ્'કૅપ્)*n*.A paper:કાગળ;ફુલ્સકેપ.

Foot,(ફુટ્)*n*.*pl*.**Feet**. [L.*pes*, *pedis*.]1. The extremity below the ankle:પગ.2.The lower part;bottom;foundation:તળીયું.3.Basis:પાયો.4.Rank:દરજ્જો. 5. A measure consisting of twelve inches: બાર ઇંચનું-તસુનું માપ-પ્રમાણ; ફુટ.6.The foot-soldiers;infantry:પાયદળ;પેદળ. 7.A combination of syllables constituting a metrical element of a verse:ચરણ. *To be on f.*, to be in motion:ગતિ-ક્રિયામાં હોવું. *To set on f.*, to originate: ઉભું કo. *Under f.*, at one's mercy:ના હાથમાં. *To set one on his f.*, to assist to start:નું ટટ્ટુ ચલાવી-નભાવી આપવું. *F. artillery*: પગે ચાલનાર તોપખાનાના સિપાઇઓ. *F. iron*, the step of a carriage:ગાડીનું પગથીયું *vt*.To tread: પગવતે ચગદવું-કચરવું. *To f. a bill*, to pay it:બીલના પૈસા ભરી-આપી દેવા.

Foot-ball,(ફુટ્બૉલ્)*n*.1. An inflated ball:પવનથી ફુલાવેલો દડો.2.The sport of kicking the football:દડાને ઠોકર મારી રમવાની રમત;પગખેડી.

Foot-boy,(ફુટ્બૉઇ)*n*.A menial:ખીજમતદાર.

Foot-hot,(ફુટ્'હૉટ્)*adv*.Immediately:તરત.

Footing,(ફુટ્'ઇન્ગ્)*n*.1. Place for the foot to rest on:પગ મૂકવાની જગ્યા.2.Firm position: પગપેસારો.3.State;relative condition:હાલત. 4. Tread;step:પગલું.

Foot-lick-er,(ફુટ્'લિકર્)*n*.A mean flatterer: ખુશામતીઓ;પગ ચાટનાર;ગાંડગુલામી કરનાર.

Foot-man,(ફુટ્'મૅન)*n*.*pl*.**Footmen**.1. A soldier who marches and fights on foot:પાયદળમાંનો કોઇ એક માણસ.2. A runner: સિપાઈ;પટાવાળો;દોડનાર;ખેપિયો.

Foot-mark,(ફુટ્-માર્ક્)*n*.A footprint:પગલું.

Foot-muff,(ફુટ્-મફ્)*n*.A receptacle for the feet:પગનાં મોજાં.

Foot-note,(ફુટ્-નોટ્)*n*. A note of reference at the foot of a page:પાના નિચે લખેલી ટીકા.

Foot-pad,(ફુટ્-પૅડ્)*n*.A highway man or robber on foot:રાહમાર;રસ્તે લુંટનાર;વાટપાડું.

Foot-path,(ફુટ્-પેથ્)*n*.A road to go on foot: પગવાટ;પગથી;પગરસ્ત;પગ રસ્તો.

Foot-print,(ફુટ્-પ્રિન્ટ્)*n*. The impression of the foot;a trace or foot-mark:પગલું;પગની નિશાની.[that serves on foot:પાયદળ-લશ્કરી સિપાઈ.

Foot-sol-dier,(ફુટ્-સોલ્જર્)*n*. (*Mil*.)A soldier

Foot-step,(ફુટ્-સ્ટેપ્)*n*.1. (*a*)The mark of the foot;a track:પગની નિશાની;પગલું;પાસ્વાસ;પગ.

Foot-stool,(ફુટ્-સ્ટૂલ્)*n*.A stool for the feet:

પગ મૂકવાનું બાજઠ;પાદપીઠ;પાદાસન. [સવાળું.

Footy,(ફુટ'ઇ)*a.*Having settlings:નિચે ઠરેલા કચ-

Fop,(ફૉપ્)*n.*A gay fellow:ફાંકડો;વરણાગીઓ.

Foppe-ry,(ફૉપ્'પરિ)*n.*1.Coxcombry:વરણાગી.

Foppish,(ફૉપ્'ઇશ્)*a.*Dressing in the extreme of fashion:ફાંકડું;વરણાગીયું;છેલ.

For,(ફૉર્)*prep.*1.Because;on account of:-ના કારણને માટે. 2. Indicating the remoter and indirect object of an act:ખાતર; માટે. 3. In behalf of:કાજે;માટે. 4. Instead of:બદલે.5.In the character of:તરીકે.6.During;through the space or time of:લગી;સુધી.**F.**_all that_,notwithstanding; in spite of:તેમ છતાં પણ.**F.**_all the world_,wholly:તદન;બિલકુલ;છેક. **F.**_as much as_, seeing that:કારણકે.**F.**_ever_,eternally:હમેશાં;નિરંતર;સદા;સર્વદા.

Forage,(ફૉ'રેજ્) *n.*1. The act of providing food:ઘાસદાણો પૂરો પાડવો તે.2.Food of any kind for horses and cattle:ઘોડા અને ઢોરને સારૂ ચારો; ઘાસદાણો. *vi.* & *vt.* To wander in search of food:ઘાસદાણાની શોધમાં ભટકવું.

Foray, (ફૉ'રે)*n.* A sudden incursion into a country:દેશ ઉપર એકાએક કરેલો હુમલો.

For-bear,(ફૉર્બેર્)*vi.*1.To refrain from proceeding:બંધ રાખવું-કર; ઢીલ કર. 2.To refuse: ના કહેવી-પાડવી.*vt.*1.To avoid:થી-કરવાથી દૂર રહેવું. 2.To bear with:ક્ષમા કર;સહેવું;ગમ ખાવી.

For-bearance,(ફૉર્બેર્'અન્સ્)*n.*1.Exercise of patience:સહન શીલતા;ગમ;ખામોશ;ક્ષમા.

For-bearing,(ફૉર્બેર્'ઇન્ગ્)*P.a.*Patient:સહન કરે-ખામોશી રાખે એવું;સહનશીલ.

For-bid,(ફૉર્બિડ્)*vt.*1. To prohibit:મના કર.2. To command not to enter:-માં જવા આવવાની -પેસવાની મના કર *vi.*To prevent:અટકાવ કર.

For-bidden,(ફૉર્બિડ્'ન)*a* Prohibited:મના કરેલું.

For-bidding, (ફૉર્બિડ્'ઇન્ગ્)*p. a.* Repulsive; disagreeable:નાપસંદ;ત્રાસદાયક;ગમે નહિ એવું.

Force, (ફૉર્સ્)*n.* [L.*fortis*, strong.] 1. Active power:બળ;જોર;શક્તિ. Violence:જબરી;જોરાવરી; બળજોરી.2.(*a*)Troops;war-like array:સૈન્ય.(*b*) An action between two bodies: બળ; શક્તિ. _Vital_ **f.**, that force or power which is inherent in organization:ચેતન;ચેતનાશક્તિ.*vt.*1. To compel by physical or moral means: જબરીથી કરાવવું. 2.To impress by force:મનમાં બળાત્કારે ઠસાવવું.3.To provide with forces;to garrison:લશ્કર-સિપાઇઓ પૂરા પાડવા. [કરેલું.

Forced,(ફૉર્સ્ડ્)*a.*Done with force:જોર જુલમથી

Forceful,(ફૉર્સ્'ફુલ્)*a.*Driven with force:જોરથી મારેલું-ફેંકેલું;જોર-જુસ્સા-વાળું.

Forceps,(ફૉર્'સેપ્સ્)*n.*1.A pair of pincers or tongs:ચીપીયો;સાણસી.

Forci-ble,(ફૉર્સ્'ઇબલ્)*a.*1. Powerful:જોરવાળું; બળવું.2.Violent:જુલમ કરનારું. 3.Using force against opposition:અટકાવ સામે જોર વાપરનારું.

Forci-bly,(ફૉર્સ્'ઇબ્લિ)*adv.* Strongly:બળાત્કારે.

Ford,(ફૉર્ડ્)*vt.*To wade through:પગે ચાલીને(નદી) પાર કર-ઉતરવું.*n.*1.A place in a river where it may be passed by man or beast on foot: પાર;ઉતાર.2.A stream:વહેળો.

Forda-ble,(ફૉર્ડ્'અૅબલ્)*a.* Capable of being waded:પગે પાર જઇ શકાય-ચાલીને જવાય એવું.

Fore,(ફૉર્)*a.*1.Coming first:આગલું;અગ્ર;પૂર્વ.2. Advanced in time:પહેલું;પ્રથમ. 3. Advanced in order:ક્રમમાં પહેલું.**F.**_wind_,favourable wind: અનુકૂળપવન._To the_ **f.**,in advance:મોખરે.

Fore-arm,(ફૉર્આર્મ્)*vt.* To arm or prepare for attack before the time of need:લડાઇના આગમજ તૈયારી કર. *n.* That part of the arm between the elbow and the wrist:કોણી અને કાંડા વચ્ચેનો ભાગ.

Fore-bode,(ફૉર્બોડ્)*vt.*1.To foretell: આગમચથી જણાવવું.2.To augur despondingly:આગળથી જાણવું-ની ખબર પડવી.

Forebo-dy,(ફૉર્'બૉડિ)*n.* The front part of a ship:વહાણનો આગલો ભાગ;છાતી.

Fore-by,(ફૉર્બાઇ)*Prep.*Near;hardly:પાસે.

any form produced on any part of a plant by insects: ઝાડના કોઇપણ ભાગ ઉપર છત્તડાંએ ઉત્પન્ન કરેલી કોઇ આકારની ગાંઠ;શગો. *vt.* 1.To fret and wear away by friction:ઘસીને ચામડી ઉખેડવી. *vt.* To impregnate with a decoction of gallnuts:માયાફળનો ઉકાળો કરીને માંહે ભેળવવું.

Gallant,(ગૅલ્'લૅન્ટ્) *a.* 1. Showy:સુશોભિત. 2. Heroic:ધૈર્યવાન;બહાદુર.*n.*1.A man of mettle or spirit;a gay,fashionable man: ફક્કડ; છેલ; લાલ; જુવાનીયો; દમ-હિંમતવાળો માણસ-આદમી.2. One who wooes;a lover;a suitor:આશક.

Gallant-ly,(ગૅલ્'લૅન્ટલિ) *adv.*1.In a polite or courtly manner:બહાદુરીથી;ચીસન્માન પૂર્વક.

Gallant-ry,(ગૅલ્'લૅન્ટ્રિ)*n.*1.Splendor of appearance:ભપકો.2.Bravery:શૌર્ય;બહાદુરી. 3. Gallant persons:બહાદુર માણસો.

Galle-ry, (ગૅલ્'લરિ) *n.* 1. (*a*) A room for the exhibition of works of art:ચિત્રાલય.(*b*) An important collection of paintings, &c: ચિત્રમાળા;ચિત્રાવલિ.3.A long and narrow platform attached to one or more sides of a public hall:ચઢઉતર બેઠકો;ગેલરી.

Galley,(ગૅલ્'લિ)*n.*1.A low,flat built vessel:નીચી ચપટી બાંધેલી હોડી.2.(*a*)A frame which receives the types from the composing stick: ગોઠવેલાં ટાઇપ મુકવાનો તકતો-ચોકઠું;ગેલી. [ર નાચ.

Galliard,(ગૅલ્'યર્ડ્)*n.*1.A brisk dance:છટાદા-

Galli-pot,(ગૅલ્'લિપૉટ્)*n.*A small glazed earthen pot or vessel used by druggists for containing medicines:દવા-વસાણા મુકવાની એક જાતની માટલી;બરણી.

Gallon,(ગૅલ્'લન્)*n.*A measure of capacity for liquids and containing four quarts:પ્રવાહિ પદાર્થોનું ભરત કરવાનું માપ;ગ્યાલન.

Gallop,(ગૅલ્'લપ્)*vi.*1. To move or run with leaps or bounds:કુદકારા અથવા ચેકડા મારીને દોડવું. *n.* A mode of running withbounds or rapidity:ચાર પગની દોડ. [જાતનો નાચ.

Gal-lop-ade,(ગૅલપેડ્)*n.*A kind of dance:એક

Gallo-way,(ગૅલ્'લોવે)*n.*A horse or species of horses,of a small size:નાનો ઘોડો;વછેરો;ટટ્ટુ.

Gallows,(ગૅલ્'લોઝ્)*n.pl.*also **Gallows-es.**1. An instrument of punishments on which criminals are executed by hanging:શુળી;ફાંસીનું લાકડું;વધસ્તંભ.

Gal-vanic,(ગૅલ્વૅન્'ઇક્)*a.*Pertaining to galvanism:રસાયન સંજોગથી ઉત્પન્ન થતી વિજળીને લગતું. G.*battery*:વિજળી પેદા કરવાનું ઓજાર.

Galvan-ism,(ગૅલ્'વૅનિઝ્મ્)*n.*1.Electricity:એક પ્રકારની વિજળી.

Galvan-ize,(ગૅલ્'વૅનાઇઝ્)*vt.*1.To affect with galvanism:શરીર ઉપર વિજળીની અસર લગાડવી.2. To plate by means of galvanism:ગાલ્વેનિઝમ નામની વિજળીની મદદથી રસવું.

Gamble,(ગૅમ્'બલ્) *vi.* To play or game for money or other stake:જુગટું રમવું.

Gambler,(ગૅમ્'બ્લર્)*n.*One who gambles:જુગારી;જુગાર રમનાર.

Gambling,(ગૅમ્'બ્લિન્ગ્)*n.*Playing for money or other stake:જુગટું;જુગાર;અક્ષક્રીડા-દ્યૂત.

Gam-boge,(ગૅમ્બોજ્')*n.*A concrete vegetable juice or gumresin:રેવનચિનો શીરો.

Gambol,(ગૅમ્'બોલ્)*vi.*1.To dance and skip about in sport: ગેલમાં-આનંદમાં કુદવું.*n.* A hop: કુદકો;ઠેકડો.

Gambrel,(ગૅમ્'બ્રેલ્) *n.* 1. The hind leg of a horse:ઘોડાનો પાછલો પગ.*vt.*To tie by the leg:-નો પગ બાંધવો.

Game,(ગૅમ્)*n.*1. Sport of any kind:રમત.2. A mental or physical contest for amusement or recreation: ખેલ; રમત. 3. A single match at play:દાવ;ખેલ.4.Animals pursued and taken by sportsmen:શિકાર. 2.Pertaining to such animals as are hunted for game:શિકારના પ્રાણી સંબંધિ. *To die game*:મરતાલગી ખરી ટક્કર ઝીલવી. *vt.* 1. To play at any sport:રમત રમવી. [to fight:લડાઇનો મરઘો.

Game-cock,(ગૅમ્'કૉક્)*n.*A cock bred or used

Gamekeep er,(ગૅમ્'કીપર્)*n.*One who has the care of the beasts of chase:શિકારનાં પ્રાણીઓ સાચવનાર. [રંગીલું;વિનોદી;ઉલ્લાસી.

Gamesome,(ગૅમ્'સમ્)*a.* Gay:રમતિયાળ;મોજી;

Gamester,(ગૅમ્'સ્ટર્)*n.*1.A merry,frolicsome person:રમતિયાળમોજી-રંગીલો માણસ.

Gammer,(ગૅમ્'મર્)*n.*An old wife:ઘરડી સ્ત્રી-ડોશી.

Gammon,(ગૅમ્'મન્)*n.* A certain game with dice: પાસાથી રમવાની એક જાતની રમત. *vt.* 1. To pickle and dry in smoke:ધાણીને સુકવણી કરવી. *vt.*1.To beat or excel in the game of backgammon:દાવની રમતમાં સામાને હરાવવું.

Gamut,(ગૅમ્'અટ્)*n.* [Gr. *gamma.*]The scale: (ગાયનની) સારી ગમપદની.

Gander,(ગૅન્'ડર્)*n.* The male of the goose:નરહંસ;કલહંસ;રાજહંસ;ચક્રવાક.

Gang, (ગૅન્ગ્) *n.*1. A number going in company;a group:ટોળું;ધાડું.

Gangrene,(ગૅન્ગ્'ગ્રીન્)*n.*[Gr.*graino*,I gnaw.] The first stage of mortification of living flesh:જીવતા પ્રાણીના માંસમાં સળો.

Gangren-ous,(ગૅન્ગ્'ગ્રીનસ્)*a.*Mortified;indicating mortification of living flesh:સડાવાળુ.

Gangway,(ગૅન્ગ્'વે)*n.*1. A passage or way, into or out of any inclosed space:ઘેરી લીધેલી જગ્યામાંથી જવા આવવાનો રસ્તો. *To bring to*

the **g.**:જવા આવવાના રસ્તા આગળ ખલાસીની તપાસ કરીને તેને ફટકા મારીને શિક્ષા કરવી.

Gantlet,(ગૅન્ટ્લેટ્)*n.*A military punishment: લશ્કરી કાયદા પ્રમાણેની શિક્ષા.

Gaol,(જેલ્)*n.* A place of confinement:તુરંગ.

Gaoler,(જેલર્) *n.*The keeper of a jail:બંધીખાનાનો અધિકારી.

Gap,(ગૅપ્)*n.***1.**An opening in anything made by breaking or parting:બાકું;છીંડું. **2.** *A* vacant space or time:અવકાશ;અંતર.*To stand in the* **g.**:જોખમ વ્હોરી લેવું. *To stop a* **g.**, to repair a defect:ખોડખામી પુરી લેવી.*vt.*To notch: ચીરા પાડવા.

Gape,(ગેપ્)*vi.***1**. To yawn:બગાસું ખાવું.**2.** To open or part widely: પહોળું થવું;-માં ફાટ-ચિરો પાડવો.*n.* A yawn:બગાસું.

Gap-toothed,(ગૅપ્-ટૂથ્ટ્)*a.*Having interstices between the teeth:છૂટા દાંતવાળો;ઓખલો.

Garb,(ગાર્બ્)*n.***1.**(*a*)Clothing in general:વસ્ત્ર. (*b*)Costume:પહેરવેશ.**2** Looks:દેખાવ;ડોળ.*vt.*To cloth:લુગડાં-પોશાક પહેરાવવો.

Garbage,(ગાર્બ્‌એજ્)*n.*Offal, as the bowels of an animal; refuse animal or vegetable: પશુ પ્રાણીનાં આંતરડાં *vt.*To strip of the bowels: નાં આંતરડાં ખેંચી કાઢવાં.

Garble,(ગાર્બલ્)*vt.* [Ar.*gharbil*,a sieve.[To sift or bolt:ચાળવું.*n.*Refuse:કચરો.

Garden,(ગાર્ડન્)*n.*[A.G.*geard*,a yard.]**1.**A piece of ground appropriated to the cultivation of herbs,fruits,flowers, or vegetables:બાગ;વાડી;બગીચો.**2.**A rich, well cultivated spot or tract of country:ફળવંત પ્રદેશ. **g.***house*,a summer house:બંગલો; ઉષ્ણઋતુગૃહ. **g.***pot*,a watering pot:(ઝાડને) પાણી પાવાનું વાસણ.**g.***stuff*, vegetables raised in a garden: વાડી-બાગમાં ઉત્પન્ન થયેલી શાકભાજી.

Garden-er,(ગાર્ડનર્)*n.*One who makes and tends a garden;a horticulturist:બાગવાન;માળી.

Garden-ing,(ગાર્ડનિન્ગ્)*n.*The art or occupation of laying out and cultivating gardens:બાગકામ; બાગવાની.

Gare, (ગેર) *n.* Coarse wool on the legs of sheep:ઘેટાના પગપરનું જાડું ઉન.

Gargar-ize,(ગાર્ગરાઈઝ્)*vt.* [Gr.*gargarizo*,I wash my mouth.] To gargle; to rinse wash as the mouth and throat:કોગળો કo.

Gargle,(ગાર્ગલ્)*vt.* To wash or rinse,as the mouth:કોગળો કo.**2.**To warble:લહેકાવીને ગાવું.

Garland,(ગાર્લૅન્ડ્) *n.* A wreath or chaplet made of branches,flowers: ફુલનો ગજરો-હાર; પુષ્પમાળા.*vt.*To deck with a garland: ફુલમાળા હાર પહેરાવવો.

Garlic,(ગાર્લિક્)*n.*(*Bot.*)A plant:લસણ.

Garment,(ગાર્મેન્ટ્)*n.* An article of clothing:પોશાકનું-પહેરવાનું વસ્ત્ર.**G.***of patches*:કંથા;ગોદડી.

Garner,(ગાર્નર્)*n.*[L.*granum* grain.]A granary:કોઠાર;કોઠી. *vt.* To gather for preservation;to store,as in a granary:ભરી મૂકવું;કોઠારમાં ભરવું.

Garnish,(ગાર્નિશ્)*vt.***1.**To decorate with ornamental appendages: શણગારવું. **2.** To furnish:પુરૂં પાડવું.*n.*Decoration:શણગાર;અલંકાર;ઠાઠ.

Garni-ture,(ગાર્નિટ્યુર્) *n.* Embellishment; furniture;dress:શણગાર;પોશાક;શોભા;સાજ;ઠાઠ.

Garet,(ગૅરેટ્)**1.**A turret;a watch tower:ન્હાનો મિનારો.**2.**An attic:છાપરાની નિચેનું માળીયું;અતરીયું.

Garri-son,(ગૅરિસન્)*n.* (*Mil.*) **1.** A body of troops stationed in a fort or fortified town:કિલ્લા-ગામના રક્ષણ સારૂ રાખેલી ફોજ;થાણું.*vt.***1.** (*a*)To place troops in,as a fortification,for its defence: કિલ્લામાં રક્ષણને માટે ફોજ મૂકવી-રાખવી.(*b*)To defend by fortresses manned with troops:કિલ્લાઓમાં લશ્કરોરાખીને રક્ષણ કo.

Ga-rruli-ty,(ગાર્યૂલિટિ)*n.*[L.*garrulitas*.]Talkativeness:બહુબોલાપણું;વાચાળપણું.

Garru-lous,(ગૅર્યૂલસ્)*a.*[L.*garrire*,to talk.] Talkative:બહુબોલું;બહુભાષી;વાચાળ;બકબકીયું.

Garter,(ગાર્ટર્)*n.***1.**A band used for a stocking:મોજાબંધ.**2.** The distinguishing badge of the highest order of knighthood:ખિતાબની સૌથી ઉંચી પદવી.*vt.***1.**To bind with a garter:મોજાબંધ બાંધવા.**2.**To invest with the order of the Garter: નાઇટ ઑફ ધી ગાર્ટરનો ખિતાબ આપવો.

Gas,(ગૅસ્)*n.* An aeriform fluid:વાયુરૂપી પદાર્થ; ગ્યાસ.**G.***fitter*:ગ્યાસના નળ બેસાડનાર-જોડનાર-સાંધનાર.*Gas meter*:વાયુમાપક યંત્ર.*Gas trap*,a drain trap:ગટરનું ઢાંકણું.*Gas works*: શહેરમાં દીવા પ્રકટવાની-રોશની કરવાની ગ્યાસ ઉત્પન્ન કરવાનું કારખાનું.

Gas-con-ade,(ગૅસ્કોનેડ્)*n.* A boast:બડાઇ; શેખી.*vi.*To boast:બડાઇ મારવી.

Gase-ous,(ગેઝીઅસ)*a.*In the form,or of the nature,of gas,or of an aeriform fluid:વાયુરૂપી.

Gash,(ગૅશ્)*vt* To make a gash,or long,deep incision:ઊંડો ઘા કo.*n.*A deepened long,cut: માંસમાં લાગેલો ઊંડો જખમ-ઘા.

Gaskins,(ગૅસ્કિન્ઝ્)*n.pl.*Loose hose or breeches:ઢીલાંમોજાં-સુરવાળ.

Gas-light,(ગૅસ્લાઈટ્)*n.***1.**The light yielded by the combustion of illuminating gas:ગ્યાસની રોશની-દીવો.**2.**A gas jet:ગ્યાસનો ફુવારો.

Gas-omet-er,(ગૅઝૉમ્એટર્)*n.* An apparatus for holding & measuring gas:ગ્યાસ માપવાનું યંત્ર.

Gaso-scope,(ગૅઝૉસ્કોપ્)*n.*An apparatus for

detecting the presence of any dangerous gas:કોલસાના કર વાયુ-ગ્યાસ છે કે નહિ તે જોવાનું યંત્ર.

Gasp,(ગૅસ્પ્)*vi* To labor for breath;to pant violently:મ્હોં ફાડીને મહા મેહેનતે શ્વાસ લેવાને પ્રયત્ન કo; અતિશય હાંફવું.*n.* A labored respiration;a painful catching of the breath:હાંફ; દમ.*At the last gasp,* at the point of death: અન્તકાળે;અવસાન સમયે. [વવું;ભય-બ્હીકમાં નાંખવું.

Gast,(ગૅસ્ટ્)*vt.*To frighten; to terrify:બીવડા-

Gastric,(ગૅસ્'ટ્રિક્)*a.*[Gr *gastros*,stomach.]Of, or pertaining to the stomach:પેટ સંબંધી-નું. **G.***juice*:જઠરરસ;જઠરાગ્નિ.

Gas-trilo-quist,(ગૅસ્ટ્રિલ્'ઑક્વિસ્ટ્) *n.* [Gr. *gastros*,stomach & L. *loquor* to speak.]One who appears to speak from his stomach;a ventriloquist: પેટમાંથી બોલનાર-અવાજ કાઢનાર.

Gas-tronom-er,(ગૅસ્ટ્રૉન્'ઑમર્)*n.*[Gr.*gastros*, & *nomen*,a name.]One fond of good living: an epicure:ખાવા પીવાનો શોખી માણસ.

Gas-tro-nomic,(ગૅસ્ટ્રૉનૉમ્'ઇક્)*a.*Pertaining to gastronomy:ખાવા પીવાના શોખ-સ્વાદ વિષેનું.

Gate,(ગેટ્)*n.* 1. A large door: મ્હોટું બારણું; ઝાંપો *Gate money*:દરવાજામાં પેસવાના પૈસા;દસ્તુરી. *Gate keeper,* one in charge of a gate:દરવાન.

Gateway,(ગેટ્'વે) *n.* A passage through a fence or wall;a gate: દરવાજો;દ્વાર.

Gather,(ગૅધ'અર્)*vt.*1.(*a*)To collect: એકઠું કo. **2.**To harvest;to pick off;to pull:ખળીમાં વાઢીને લાવવું.**3.**To amass;to heap up:જમા કo.**4.** To infer;to conclude:અનુમાન કo. *To be gathered to one's fathers,* to die:મરી જવું. *To gather breath*,to get breath;to rest:શ્વાસ લેવો;આરામ લેવો.*To* **g.***one's self together*:ભેગા કo. *vi.***1.**To come together: એકઠા-ભેગાં થવું.

Gather-ing,(ગૅધ'અરિંગ્)*n.*1.The act of collecting or bringing together:એકઠું-ભેગું કરતે. **2** (*a*)A crowd;an assembly:ટોળું; મંડળી.

Gaudi-ly,(ગૉડ્'ઇલિ)*adv* In a gaudy manner: ભભકા ભરતી રીતે

Gaudy, (ગૉડ્'ઇ)*a.*1. Ostentatiously fine; showy:ભભકાદાર.*n.pl.***Gaudies**.One of the large beads in the rosery: માળામાંનો મ્હોટો મણકો.

Gauge,(ગેજ્)*vt.*1.To measure:-નું પરિમાણ-માપ કાઢવું.**2**·To ascertain the contents or the capacity of: માં કેટલું છે અથવા કેટલું માય એમ છે તે કાઢવું.**3.**To measure the dimensions of:-નો વિસ્તાર માપવો.**4** To estimate: ગણત્રી કo.*n.*1, A measure;a standard: માપ. **2.** The depth to which a vessel sinks in the water: જે ઉંડાઈ સુધી વહાણ પાણીમાં ડુબે છે તે ઉંડાઈ.**3.** The distance between the railway: લોઢાની સડકની બે રેલ વચ્ચેનું અંતર;ગાળો.**g.***of a carriage* or *car*: પૈડાંની વચ્ચેનું અંતર;ગાળો.*Rain* **g.**:કોઇ અમુક જગ્યાએ કેટલો વરસાદ પડયો તે માપવાનું યંત્ર; વૃષ્ટિમાપક યંત્ર.

Gauger,(ગેજર્)*n.*An officer whose business it is to ascertain the contents of casks:પીપની અંદરની ચીજો-પદાર્થો મુકરર કરનાર.

Gaunt,(ગૉન્ટ્)*a.*Lean દુબળું થઈ ગયેલું.

Gauntlet,(ગૉન્ટ્'લેટ્)*n.*1.A glove of such material that it defends the hand from wounds:હાથને ઘાથી રક્ષણ કરનાર મોજું.**2.**A rope on which clothes are hung for drying: લુગડાં સુકવવાનું દોરડું.*To take up the* **g.**,to accept a challenge:લડવાનું બીડું ઝડપવું. *To throw down the* **g.**,to offer or send a challenge:બીડું ફેંકવું.

Gaure,(ગૉર્)*vi.*To gaze:તાકીને એકી નજરે જોવું.

Gauze,(ગૉઝ્)*n.*A very thin,transparent stuff: જાળીદાર કાપડ;ગાજ.*a.*Thin:પાતળું.

Gave,(ગેવ્)*Imp.*of **Give**.:આપ્યું.

Gave-lock,(ગેવ્'લૉક્)*n.*1.A spear:ભાલો.

Gawk,(ગૉક્)*n.*1.A cuckoo:કોયલ; કોકિલા. **2.** A simpleton:બેવકૂફ-મૂર્ખ માણસ. *vi.* To act like a gawky: બેવકૂફ-મૂર્ખ માણસની પેઠે વર્તવું.

Gawky,(ગૉક્'ઇ)*a.*Foolish:અનાડી.

Gay,(ગે)*a.*1.Merry:આનંદી **2.**Splendid:ભભકાદાર.

Gaye-ty-Gaiety,(ગેએટિ) *n.*1. Merriment: આનંદવૃત્તિ;આનંદીપણું.3.Finery:ઠેઠાદાર.

Gayly,(ગૅલિ)*adv.*1.Merrily:ખુશી ખુશાલીથી.

Gaze,(ગેઝ્) *vi.* To fix the eyes in a steady and earnest look:એકી નજરે-એક ટસે જોવું.*vt.*To view with attention:ધ્યાન-મન દઇને જોવું. *n.*1. A fixed look:એકટસ. [હેનારૂં.

Gazeful,(ગેઝ્'ફુલ્)*a.*Gazing: ટગર ટગર જોઈ ર

Ga-zelle,(ગૅઝેલ્) *n.* One of several, small, elegantly formed species of antelope:નાનું રૂપાળું હરણ.

Ga-zette,(ગૅઝેટ્) *n.* A newspaper; a printed sheet published periodically:વર્તમાનપત્ર;અખબાર;સમાચાર. *vt.* To announce or publish in a gazette:વર્તમાન પત્રમાં છપાવવું.

Ga-zet-teer,(ગૅઝેટીર્)*n.*1.A writer of news: વર્તમાનપત્ર લખનાર. ૨. A geographical dictonary શહેર,ગામ વિગેરેનું કક્કાવાર; ગ્રંથ-કોષ.

Gear,(ગીર્)*n.*1.Clothing:લુગડાં.**2.** Goods: સરસામાન.**3.**The harness of horse or cattle:ઘોડાનો સાજ.**4.**Warlike accoutrements: લડાઇની સામગ્રી;સરંજામ.**5.** A toothed wheel: દાંતાવાળું પૈડું. *To throw in or out of* **g.**:કામમાં સાથે જોડવું -કિંવા બાતલ કo.*vt.*1.To dress: લુગડાં પહેરાવવાં.

Geese,(ગીસ્)*n.pl.*of **goose**.હંસો (બહુવચન.)

Gela-tine,(જેલ્'અટિન્)*n.*[L.*gelo*, I congeal.] Animal jelly:સરસ;સરેશ.

Ge-latin-ous,(જેલૅટ્'ઇનસ્)*a.* Resembling je-

lly;viscous:સરેશના જેવું;ચીકણું.

Geld,(ગેલ્ડ્)*n*.Money;compensation:પૈસો; બદલો.*vt*.To deprive of anything essential:કોઈપણ અગત્ય-ઉપયોગની ચીજ વિનાનુંક૦.

Gelding,(ગેલ્ડિન્ગ્)*n*. The act of emasculating:નામર્દાર ક૦ તે;ખાસી.2.A castrated horse: ખાસી ઘોડો. [frozen:થીજું ઠંડુંથી ગયેલું;હિમ.

Gelid,(જેલિડ્)*a*. [L.*gelu*, frost.] Very cold;

Gem,(જેમ્)*n*.[L.*gemma*,a precious stone.] A bud:કળી.2. A precious stone of any kind; a jewel:મણી;જવાહીર;રત્ન.*String of* **g**.:મણિમાલા;મણિહાર;રત્નમાલા. [pair:જોડકું;જોડી;જોડું.

Gemin-al,(જેમ્ઇનલ્)*n*.[L.*geminus*, twin.]A

Gem-i-nation, (જેમિનેશન્) *n*. A doubling; duplication;repetition:પુનરાવૃત્તિ.

Gemi-ni,(જેમ્'ઇનાઇ)*n.pl.* (*Astron.*)A constellation of zodiac:મિથુન રાશી.

Gemmy,(જેમ્'ઇ)*a*.Full of gems;glittering like a gem:રત્ન જેવું;રત્નની પેઠે ચળકતું.

Gender,(જેન્'ડર્)*n*. [L.*genus*, kind; race.]1. Kind;sort:જાત;ભાત.2. Sex,male or female: પુરૂષ-સ્ત્રી જાત. 3. (*Gram*) A classification of nouns:જાતિ;લિંગ.

Gene-a-logic-al,(જેનીઍલૉજ"ઇકલ્)*a*.Of or pertaining to genealogy:વંશ ચરિત્રનું; પેઢી ઉતાર.**G**.*tree*,a family lineage:વંશાવળી;પેઢીનામું.

Ge-ne-alo-gist,(જેનીઍલ્'ઑજિસ્ટ્)*n*.One who traces genealogies:વંશાવળી કહેનાર;વહિવંચો.

Ge-ne-alo-gy,(જેનીઍલ્'ઑજિ)*n*.[Gr.*genea*, birth & *logos*, discourse.] Enumeration of ancestors & their children in succession: વંશચરિત્ર.

Gene-arch,(જી'નીઆર્ક્)*n*.The chief of family or tribe:કોઈપણ કુટુંબ અથવા ટોળીનો આગેવાન

Gene-ra,(જેન્'અરે)*n.pl.*of **genus**.:જાતિ;વર્ણ.

Gener-al,(જેન્'અરલ્)*a*. [L.*generalis*.]1.Pertaining to a whole class or order: સામાન્ય 2.Including all particulars:જેની અંદર સઘળી બીનાનો સમાવેશ થયેલો હોય એવું;સામાન્ય.3.Common to many of the greatest number; usual:સાધારણ.**G**.*court Martial*(*Mil*)the highest military and naval tribunal: લશ્કરી અને દરિયાઈ ખાતામાં મોટી ન્યાયસભા-અદાલત **G**.*dealer*: સાધારણ વાપરવાની સઘળી ચીજોનો વેપારી; મોદીવટુ કરનાર.**G**.*term*,a term which is the sign of a general conception or notion:સામાન્ય સંજ્ઞા-નામ.*n*.1.The whole:સકળ.2.The commander of an army:કોઈ લશ્કર-સૈન્યનો સરદાર-કમાન્ડર;સેનાપતિ.*In* **g**.,in the main:ઘણું કરીને.

Gener-al-issi-mo,(જેન્'અરૅલિસ્"સિમો)*n*.The chief commander of an army:મુખ્યસેનાધિપતિ

Gen-er-ali-ty,(જેનરૅલ'ઇટિ)*n*.1. The state of being general:સામાન્યપણું. 2. The greatest part:ઘણો ખરો ભાગ.

Gener-al-ize,(જેન્'અરલાઈઝ્)*vt*.To use with a more extensive application: બહોળા અર્થમાં વાપરવું.*vi*.To form into a genus:સામાન્યરૂપ થવું.

Gener-al-ly,(જેન્'અરલિ)*adv*. 1. Most frequently:સાધારણ રીતે.2. In the main:ઘણું કરીને. 3.Collectively;without omissions:એકંદર.

Gener-al-ship,(જેન્'અરલ્શિપ્)*n*.The office of a general:સેનાપતિત્વ; સેનાપતિનો હોદ્દો; કુશિયારી;આગેવાની.

Gener-ate,(જેન્'અરેટ્)*vt*. [L.*genero*, I beget.] To procreate;to beget:ઉત્પન્ન ક૦;જન્મ આપવો.

Gen-er-ation,(જેનરેશન્)*n*.1.The act of begetting:ઉત્પાદન.2.Progeny:ઓલાદ.3.An age: જમાનો.4.Race:કુટુંબ.

Gener-at-ive,(જેન્'અરેટિવ્) *a*. Having the power of generating: પોતાની જાતિની વૃદ્ધિ કરે એવું;ઉત્પાદક.**G** *organ*:ઉપસ્થ;યોનિ.

Gener-at-or,(જેન્'અરેટર્)*n*.One who,or that which begets:ઉત્પન્ન કરનાર-રૂં.

Ge-neric,(જીને'રિક્)*a*.[L.*genus*,race.]Pertaining to a genus or kind:કોઈ જાતને લગતું-નું;જાતિગત.**G**.*property*:જાતિધર્મ-લક્ષણ-સ્વભાવ.

Gen-er-osi-ty,(જેનરૉસ્'ઇટિ)*n*.1.Noble mindedness: ઉદારપણું. 3. Liberality in giving; munificence:આપવામાં ઉદારતા.

Gener-ous,(જેન્'અરસ્)*a*.[L. *generosus*,of noble birth.]1. Noble:ઉમદા; નામીચું. 2. Openhanded:સખી;દાતાળ;ઉદાર. [તાથી.

Gener-ous-ly,(જેન્'અરસલિ)*adv*.Nobly:ઉદાર-

Ge-nesi-al,(જેની'સિઅલ્)*a*.Of or relating to generation:વંશ-પેઢી સંબંધી નું વિ૦.

Gene-sis,(જેન્'ઇસિસ્)*n*.[L.*genus*,birth;race.] 1 Formation;origination:ઉત્પત્તિ;પેદાશ.2.The first book of the Old Testament:જુના ખ્રિસ્તી શાસ્ત્રનું પહેલું પુસ્તક.

Ge-nial,(જી'નિઅલ્)*a*. [L.*genialis*]1.Generative:પુષ્ટિકારક,ઉત્પાદક.2.Jovial:આનંદી. 3.Native;natural:કુદરતી.

Ge-ni-ali-ty,(જીનિઍલ્'ઇટિ) *n*. Sympathetic cheerfulness:આનંદીપણું;ખુશમિજાજ.

Geni-i,(જી'નીઆઈ)*n*.*Pl*.of **genius**:ભૂત;પલીત.

Genit-al,(જેન્'ઇટલ્)*n*.[L.*gigno*,I beget.]Pertaining to generation:ઉત્પત્તિ-પેદાશ સંબંધીનું. *Pl*. The sexual organs,the private parts: જનનેન્દ્રિય;ઉપસ્થ;યોનિ.

Genit-ive,(જેન્'ઇટિવ્)*a*.[L.*gigno*,I beget.]Of or pertaining to that case which expresses possession:છઠ્ઠી વિભક્તિનું-વિ૦.*n*.The genitive case:છઠ્ઠી વિભક્તિ;ષષ્ઠી. [સૃષ્ટિ.

Geni-ture,(જેન્'ઇટ્યુર્)*n*. Generation:જન્મ;

Geni-us,(જીનિઅસ્)*n. Pl.* **Geniuses**.[L.*gigno*,I beget.]A spirit good or bad:દૂત;ભૂત. પિશાચ. 2. Uncommon intellectual power; mental superiority:બુદ્ધિ પ્રભાવ;બુદ્ધિબળ;બુદ્ધિસામર્થ્ય;કલ્પના શક્તિ. 3.A man of superisr intellectual faculties:બુદ્ધિશાળી પુરૂષ; બુદ્ધિસાગર.

Gent, (જેન્ટ્)*a*.[L.*genitus*,born.]1.Gentle;noble;of noble birth:નમ્ર;ઉદાર;કુલિન.

Gen-teel,(જેન્ટીલ્')*a*.1.Polite; well bred:સુજન;ખાનદાન. 2. Suited to the position of a lady or gentleman: ગૃહસ્થ સ્ત્રી અથવા પુરૂષના દરજ્જાને લાયક.

Genti-an,(જેન્'શિઍન્)*n*. [L.*gentiana*.] Any one of a genus of herbaceous plants: જનસીંગ મુળ;પાચન કરે એવું મુળિયું;કરિયાતું.

Gentile,(જેન્'ટાઈલ્)*n*.[L. *gentilis*, belonging to the same class or people.]A worshipper of false gods; a heathen:મૂર્તિપૂજક *a*.Of heathen people:મૂર્તિપૂજક લોકનું સંબંધિ.

Gen-tili-ty,(જેન્ટિલ્'ઇટિ)*n*.Good extraction: કુલીનતા.2.Good breeding:ભલમનસાઈ;સુશીલતા;સભ્યતા.

Gentle,(જેન્'ટલ્)*a*.[L.*gens,gentis*,tribe.]Well born;કુલિન.2.Refined in manners:નમ્ર;સભ્ય; વિવેકી.3.Soothing:શાંતિકારક.*The* **g**.*craft*:મોચીનો હુન્નર-ધંધો *n*.1.A gentleman:ગૃહસ્થ; વિવેકી માણસ.2.A trained falcon:ભણાવેલો બાજ પક્ષી.

Gentle-folks,(જેન્'ટલ્ફોક્સ્)*n. pl*.Person of gentle or good family:ગૃહસ્થ લોક;સાધુજન.

Gentle-man,(જેન્'ટલ્મૅન્)*n*.1. A man wellborn:સદ્ગૃહસ્થ.2.A well-bred man: સભ્ય-વિવેકી પુરૂષ.**G**.*at arms*:સ્વારીમાં-રાજ્ય દરબારમાં રાજાની સાથે રહેનાર ૪૦ માણસ.

Gentle-man-like-gentle-man-ly, (જેન્'ટલ્મૅન્લાઈક્-જેન્'ટલ્મૅન્લિ)*a*.Well behaved;courteous;polite:સભ્ય;ખાનદાન;લાયકીવાળું.

Gentle-ness,(જેન્'ટલ્નેસ્)*n*.Gentility; softness of manners,disposition,etc:કુલીનતા;ભલાઈ

Gentle-wom-an,(જેન્'ટલ્વુમૅન્)*n.pl*.**Gentlewomen**.1.A woman of good family or of good breeding:કુલીન-સારા વંશની આબરૂદાર સ્ત્રી.

Gently,(જેન્'ટલિ)*adv*.In a gentle manner:નરમાશથી; ધીમેરહીને;ગરીબાઈથી;સાલસાઈથી.

Gen-too,(જેન્ટૂ)*n.pl.* **Gentoos**.*a*. Native of Hindustan;a Hindoo:હીંદુસ્થાનનો રહેવાશી.

Gentry,(જેન્'ટ્રિ)*n*.People of education and good breeding:કુલીન જન;અર્ધલોક-જન.3.Courtesy;civility:સભ્યતા;સુજનતા.

Genty,(જેન્'ટિ)*a*.Neat;trim:ઓળદાર;ચાટીલું.

Genu,(જેન્યૂ)*n.Pl*.**Genua**.1.(*a*)The knee:ઘુટણ. (*b*)The kneelike band:ઘુંટણનાજેવાવળેલો ભાગ.

Ge-nu-flection,(જન્યૂફ્લેક્'શન્)*n*.[L.*genu*,knee *flecto*,I bend.]The act of bending the knee particularly in worship:ભક્તિ કરતી વેળા ઘુંટણ ભરીને બેસવું તે.

Genuine,(જેન્'યૂઇન્)*a*. [L.*gigno*,I beget.]Real;natural;true;pure: ખરૂં;અસલ;ચોખ્ખું;અકૃત્રિમ;નિષ્કપટ;યથાર્થ;સ્વાભાવિક;શુદ્ધ;અમિશ્રિત.

Genu-ine-ly,(જેન્'યૂઇન્લિ)*adv*. Really;truly: ખરાપણાથી. [સત્યતા.

Genu-ine-ness, (જેન્'યૂઇન્નેસ્)*n*. Realness:

Genus,(જી'નસ્)*n.Pl*. **Genera**.[Gr. *genos*.] (*Logic*.)A class of object divided into several subordinate species:જાતિ;વર્ગ;પ્રકાર.

Ge-o-dephag-ous,(જીઓડેફ્'ઍગસ્)*a*.[Gr.*ge*, the earth & *odephagos*,gluttonous.] Living in the earth:જમીન-પૃથ્વિમાં રહેનારૂં.

Ge-ogo-ny,(જીઑગ્'ઑનિ)*n*.[Gr. *ge* & *gone*, offspring.]The branch which treats of the formation of the earth:ભુસ્તર વિદ્યા.

Ge-ogra-pher,(જીઑગ્'રૅફર્)*n*.One versed in geography:ભુગોળવિદ્યા જાણનાર.

Ge-o-graphic,-al,(જીઑગ્રૅફ્'ઇક્,-કલ્)*a*. Of or pertaining to geography:ભુગોળવિદ્યા સંબંધિ.

Ge-ogra-phy,(જીઑગ્'રૅફિ)*n*.[Gr.*ge*,the earth & *grapho*,I describe.]1.The science which treats of the world and inhabitants: ભુગોળ વિદ્યા.2.A treatise on this science:ભુગોળ.

Ge-olo-gist,(જીઑલ્'ઑજિસ્ટ્)*n*. One versed in the science of geology:ભુસ્તર શાસ્ત્રી.

Ge-olo-gy,(જીઑલ્'ઑજિ)*n*. 1. The science which treats of the structure and mineral constitution of the globe:ભુસ્તરવિદ્યા;ભુરચનાશાસ્ત્ર.2.A treatise on the science:ભુસ્તરવર્ણન.

Geo-mancy,(જી'ઑમૅન્સિ)*n*.[Gr.*ge*& *manteia*, divination.]A kind of divination by means of figures or lines:રમલ.

Ge-o-metric,-al, (જીઑમેટ્'રિક્,-કલ્) *a*. Pertaining to, or according to the rules or principles of geometry:ભુમિતિ સંબંધી.

Ge-o-metric-al-ly,(જીઑમેટ્'રિકૅલિ)*adv*.According to the rules or laws of geometry: ભુમિતિના નિયમ પ્રમાણે.

Ge-ome-trician, (જીઑમ્'એટ્રિ"શન્) *n*. One skilled in geometry:ભુમિતિ શાસ્ત્રી.

Ge-ome-try,(જીઑમ્'એટ્રિ)*n*.[Gr.*ge*,the earth & *metron*, measure.] The science which treats of the properties and relations of magnitudes:ભુમિતિ;રેખાગણીત.

Ge-o-ponics,(જી'ઑપૉનિક્સ્)*n*.[Gr.*ge*&*ponos*, work.]The art of cultivating the earth:જમીન ખેડવાની વિદ્યા.

George,(જૉર્જ્)*n*. A figure of St. George on horseback:ઘોડા ઉપર બેઠેલા સેંટજ્યોર્જની આકૃતિ.

Georgic,(જૉર્જિક્)*n.*[Gr.*ge* & *ergo*,to work.] A rural poem:ખેડુત લોકોની કવિતા. *a.*Relating to agriculture:ખેતીવાડી સંબંધિ.

Gerful,(જેર્ફુલ્)*a.*Changeable:દુરંગી;લેહેરી.

Germ,(જર્મ્)*n.*[L. *germinis*, sprout; bud.] 1. The earliest form under which an organism appears:ફણગો;અંકુર.2.That,from which any thing springs:બીજ; મૂળ.

German,(જર્'મૅન્)*n.*[L. *germanus*, full.]1.A native or one of the people of Germany: જર્મનીનો રહેવાશી.2.The German language:જર્મન ભાષા.*a.*Of or pertaining to Germany:જર્મની સંબંધી.**G** *silver*:જર્મનસીલ્વર;કૃત્રિમ ચાંદી.

Germane,(જર્'મેન્)*a.*1.Near:પાસેનીસગાઈવાળું. 2.Fitting:ઘટતું.

Germin-al,(જર્મ્'ઇનૅલ્)*a.* Pertaining or belonging to a germ:ફણગા-અંકુરસંબંધિ.*n.*The seventh month of the French republican calendar: ફ્રાન્સના પ્રજાસત્તાકરાજ્યના પંચાંગનો સાતમો મહિનો.

Germin-ate,(જર્મ્'ઇનેટ્)*vt.*To cause to sprout: ફણગા ફુટે તેમ કo.*vi.*To sprout:ફણગો અંકુર ફુટવો.

Gerund,(જે'રન્ડ્)*n.*[L.*gero*,I bear.]A kind of verbal noun:ધાતુસાધિત કૃદંત નામ.

Ge-rundi-al,(જેરન્'ડિઍલ્)*a.* Pertaining to,a gerund:ધાતુ સાધિત કૃદંતનામ સંબંધિ-ના જેવું.

Gery,(જેરિ)*a.* Changeable:ફરી જાય એવું.

Gest,(જેસ્ટ્)*n.*A guest:પરોણો. An exploit:મોટુ કામ. Bearing:રીતભાત.

Gest-ation,(જેસ્ટે'શન્)*n.* [L. *gero*,I bear.]1. The act of wearing (*cloth* or *ornaments*): (ઘરેણાં અથવા શણગાર) ધારણ.

Ges-ticu-late, (જેસ્ટિક'યુલેટ્) *vi.* [L. *gero*, I bear.]To make gestures or motions, as in speaking:બોલતી વખતે ચાળા કo.

Ges-ticu-lation,(જેસ્ટિક્યુલે''શન્) *n.*The act of making gestures:ચાળા પાડવા તે.

Gestour,(જેસ્'ટૂર્)*n.*A reciter of gests of legendary tales;a storyteller:દંતકથા કહેનાર.

Gesture,(જેસ્'ટ્યુર્)*n.*[L.*gero*,I bear.]1.Position of the body or limbs:શરીર-અવયવોની સ્થિતિ;અંગસ્થિતિ. 2.A motion of the body or limbs expressive of sentiments or passion: ચાળા;અંગચેષ્ટા.*vt.*To illustrate with gesture: ચાળા-અંગચેષ્ટાથી વર્ણવવું.*vi.*To make gestures: ચાળા કo.

Get,(ગેટ્)*n.vt.*[*Imp*&*p.p.***Got.**]1.To procure: મેળવવું;કમાવું.2.To come into or to be in possession of;to have:ના કબજામાંહોવું.3.To learn; to commit to memory:શીખવું;મોઢે-પાઠે કo.*To* **g**.*out*,to extract:બહાર કાઢવું.*To* **g**.*off*,to take off;to remove:ઉતારવું; દુર કo.*To* **g**.*by heart*,to commit to memory:મોઢે-પાઠે કo.*To* **g**.*the better of*,*To* **g**.*the best of*,to surpass:થી-ચઢીઆતા થવું.*To* **g**.*up*,to prepare:તૈયાર કo.*vi.*To arrive at;to come to be:જઈ પહોંચવું;થવું-હોવું. *To* **g**. *away*,to leave:જતારહેવું.*To* **g**.*down*,to descend: ઉતરવું.*To* **g**.*along*, to make progress:આગળ-ચાલવું જવું-વધવું.*To* **g**.*out*,to escape:માંથી નિકળી જવું.*To* **g**.*through*,(*a*)to traverse:ઓળંગવું.(*b*) To finish:પુરું-સમાપ્ત કo.*To* **g**.*off*,to alight or dismount:ઘોડા ઉપરથી નિચે ઉતરવું; ઉતરવું.*To* **g**. *clear*,to be released from:માંથી મુક્ત-છુટા થવું. *To* **g**.*up*, to rise:ઉઠવું; જાગવું. *To* **g**.*hold of*,to seize:પકડવું.*To* **g**.*ready*,to prepare:તૈયાર કo.*To* **g**.*rid of*,to remove:દૂર કo.*To* **g**.*with child*,to be pregnant:ગર્ભ-સગર્ભા થવું-હોવું.

Getting,(ગેટ્'ઈન્ગ્)*n.*1.The act of obtaining or acquiring:મેળવવું-સંપાદન કo તે;સંપાદન.2.Gain; profit:કમાઈ.પ્રાપ્તિ;આમદાની;ઉપાર્જન.

Gewgaw,(ગ્યૂગૉ)*n.*A showy trifle; splendid play-thing:હલકી કિમતનું-ભભકાદાર-ફુલફગિયું રમકડું.*a.*Showy:દેખાવડું;ખોટું.

Ghast,(ગૅસ્ટ્)*vt.*To strike against:બ્હીવડાવવું.

Ghastly,(ગૅસ્ટ્'લિ) *a.* 1. Deathlike:મુડદાં જેવું; ફિકું;ચિમળું ક૦.2.Horrible:ભયંકર.

Ghat,ghaut,(ઘાટ્)*n.*A pass through a mountain:પર્વતમાં કાતરી કાઢેલોરસ્તો;ઘાટ.

Gherkin,(ગર્'કિન્)*n.*A kind of small,prickly cucumber,much used for pickles:કાકડી.

Ghost,(ગોસ્ટ્)*n.*1.The spirit;the soul of man: માણસનો આત્મા.2.The soul or spirit of a deceased person; a specter:પિશાચ; ભુત;ખવિસ; જીવ.*Holy ghost*:પવિત્રાત્મા.*To yield up the* **g**,to die:મરી જવું;દેહ મૂકવો-છોડવો *vt.*To die:મરી જવું.

Ghostly(ગોસ્ટ્લિ)*a.*1. Relating to the soul: જીવ-આત્મા સંબંધિ;ભુત સંબંધિ;ભુતરૂપ.

Giant,(જાઇઍન્ટ્)*n* [L.*gigas*.]1.A man of extraordinary bulk and stature:દૈત્ય;દાનવ; અસુર;રાક્ષસ;રાક્ષસ જેવો જબરો માણસ.

Giant-ess,(જાઇ'ઍન્ટેસ્)*n.*A woman of extraordinary size:રાક્ષસી.

Giantlike,(જાઇઍન્ટ્લાઇક્)*a.*Of unusual size; gigantic,huge:સ્થુલ શરીરવાળું;કદાવર,જંગવર.

Giaour,(જાઉર્)*n.*An infidel:શાસ્ત્રનિંદક; નાસ્તિક.

Gib,(ગિબ્)*n.*A male cat;a tomcat: બિલાડો.

Gibber-ish,(ગિબ્'બરિશ્)*n.*Unintelligible language:નહિં સમજ પડે એવી ઉતાવળી બોલી;લવારો.

Gibbet,(જિબ્'બેટ્)*n.*[L.*gibbus* hunched.]1. A kind of gallows: વધસ્તંભ;ફાંસીનું ચોકઠું. *vt.*1. To hang and expose on a gibbet:ફાંસી દેવી.

Gibb-ose,(ગિબોસ્')*a.*[L. *gibbus*, hunched.] Humped;protuberant:ઉપસેલું;ઢેક જેવું.

Gibb-osi-ty,(ગિબૉસ'ઇટિ)*n.*The state of being gibbous or gibbose:ઢેકો;ગાંઠ;કુબડાપણું.

Gibbous,(ગિબ્'અસ્)*a*.1. Protuberant: બહાર નીકળતું.2.Hunched:ખુંધવાળું.

Giddi-ness,(ગિડ્'ઇનેસ્)*n*. The quality or state of being giddy:ફેર;ચક્કર;તમ્મર;આંધી.

Giddy,(ગિડ્'ઈ)*a*.1.Light-handed; dizzy:ફેર-ચક્કર-ભ્રમણવાળું.2.Fickle:અદૃઢ.*vi*. To reel; to whirl:ફીરકી ઉપર વીંટાળવું.*vt*.To make dizzy:ફેર-ચક્કર લાવવા.

Gift,(ગિફ્ટ્)*n*.1.A present;an offering:બક્ષીસ. 2.A pre-eminent and special talent or aptitude:સ્વાભાવિકબુદ્ધિ.*vt*.To endow with some power or faculty:વિશેષ શક્તિ-બુદ્ધિ આપવી.

Gig,(ગિગ્)*n*.A fiddle: સારંગી.*n*. A playful or wanton girl:રમતિયાળ-રખડેલ છોકરી.*n*.A light carriage,with one pair of wheels,drawn by one horse:એક ઘોડાની બે પૈડાની હલકી ગાડી-બગી.

Gi-gantic,(જાઇગૅન્'ટિક્)*a*.[L.*gigas*, giant.] Of extraordinary size;like a giant:રાક્ષસી;રાક્ષસ જેવું.2 Extraordinary:અતિશય;મોટું;જબરૂં.

Giggle,(ગિગ્'લ્)*vi*. To laugh in a light,affected or silly manner; to tetter with childish levity:હિહિ હાહા હસવું.*n*.A kind of laugh:હિહિ હા હા હસવું તે.

Gild,(ગિલ્ડ)*vt*.1.To overlay with a thin covering of gold: સોનાનો ઢોળ ચઢાવવો;સોનેથી રસવું.

Gilder,(ગિલ્ડ્'અર્)*n*.One mho gilds: રસણીઓ. *n*.A Dutch coin:'ડચ' લોકોનો સિક્કો.

Gill,(જિલ્) *n*. An organ for aquatic respiration; a branchia: ચુંઈ. 2. Fleshy flap that hangs below the beak of a foul; a wattle: પક્ષીની ચાંચ નિચે લટકતી માંસની ઝુલ.

Gilt,(ગિલ્ટ્)*n*.A female pig when young:જુવાન ડુકરી.*p.p*.& *a*.Gilded;covered with gold: રસેલું;ઢોળચઢાવેલું.*n*.Gilding:ઢોળ.

Gimlet,(ગિમ્'લેટ્)*n*.A small tool for boring holes:સારડી;ટોપણ.**G**.*eye*:ખાડી-ત્રાંસી આંખ.*vt* To make holes with a gimlet:સારડીથી શારવું.

Gimp,(ગિમ્પ્)*a*.Smart:ચંચળ;ચાલાક *n*.A narrow fabric of silk:રેશમીરીત પટી-દોરા.*vt*.To notch: ચીરા પાડવા.

Gin,(જિન્)*Prep*.Against; towards: સામે;તરફ. *Conj*. If:જો. *n* 1. A machine for raising or moving heavy weights: મોટા ભાર ચઢાવવા-ઉતારવાનું યંત્ર. 3.A cotton gin:ચરખો; રૂ લોઢવાનો સાંચો;જીન.

Ginger,(જિન્'જર્)*n*.[L.*Zingiber*.]A plant of the genus *Gingiber*:આદુ; સુંઠ.

Ginger-bread,(જિન્'જર્બ્રેડ્)*n*.A kind of plain sweet cake seasoned with ginger: આદાનો રસ નાખીને બનાવેલી ગળી રોટલી.

Ginger-ly,(જિન્જર્લિ)*adv*.Cautiously:સંભાળીને

Gipsy, (જિપ્'સિ)*n*. One of a vagabond race: ગામેગામ રખડતા લોક પૈકીનું એક.

Gi-raffe,(જિરૅફ્')*n*.The camelopard:જ્રાફ.

Gird,(ગર્ડ્)*vt*.To encircle or bind with any flexible band:વિંટવું;ફરતું બાંધવું.2. To make fast by binding with a cord,bandage,&c: દોરી-પટાથી કસીને બાંધવું 3 To swathe: વિંટાળવું; પહેરાવવું.To **g**.*one's self for a contest*:લડાઇને માટે તૈયારી કર-સજ થવું.

Girdle,(ગર્'ડલ્)*n*.A griddle:રોટલી શેકવાની છાછર;તવો;તાવડી;કઢાઇ.*n*.1.A belt:કમરપટો;મેખલા.*vt*. 1.To bind with a belt;to gird:કમરપટો બાંધવો.

Girl,(ગર્લ્)*n*.1.A female child;a young maiden:છોકરી;કુમારીકા;કન્યા.2. A female servant: ચાકરડી.

Girlhood,(ગર્લ્'હુડ્)*n*.State or time of being a girl:કુમારીત્વ;બાલ્ય;કૌમાર્ય.

Girlish,(ગર્'લિશ્)*a*.Like a girl;innocent:કન્યાવત્; છોકરીની માફક;નિરપરાધી.

Girlishness,(ગર્લિશ્નેસ્)*n*.Youth: જુવાની; જુવાનપણું;તારૂણ્ય.

Girt,(ગર્ટ્)*vt*.To gird;to encircle: લપેટવું.

Girth;(ગર્થ્) *n*.1. A strap or band which encircles the body, especially one by which a saddle is fastened upon the back of a horse:પટો;ઘોડાનો તંગ.*vt*.To gird with a girth: ઘોડાનો તંગ બાંધવો.

Gist,(જિસ્ટ્)*n*.[L.*jacio*,I throw.]1.A resting place:આરામ લેવાની જગ્યા 2.The main point of a question:મુદ્દાનીવાત;મુદ્દો;હાર્દ;ભાવ;મુખ્યવિષય.

Give,(ગિવ્)*vt*.*Imp*. **gave** *p.p*. **given**.1. To bestow without receiving a return;to confer:આપીદેવું;આપવું.2 To produce;to emit: ઉત્પન્ન-પેદા કર;-માંથી નિકળવું.3.To communicate or announce: આપવું;જણાવવું;.પ્રદર્શીત કર.4. To excite or cause to exist,as a sensation:ઉપજાવવું.*To* **g**.*away*,to transfer:આપી દેવું. *To* **g**. *birth to*,(*a*)to bear or bring forth, as a child:જન્મ આપવો. *To* **g**.*the hand*,to pledge friendship or faith:બાંહ્ય ધરી કર-બાંધવી.*To* **g**.*the hand of*,to bestow in marriage: પરણાવવું;-નું લગ્ન કરી આપવું. *To* **g**.*the lie to*, to tell that he lies:તે જુઠો છે-જુઠું બોલે છે એમ કહેવું.*To* **g**.*off*,to emit:માંથી આવવું-નિકળવું.*To* **g** *out*,(*a*)to utter publicly, to declare: જાહેર કર; જણાવવું; પ્રસિદ્ધ કર.(*b*)To addict,resign,or apply(*one's self*): માં ગરક-લીન થઇ જવું *To* **g**.*points*,to give useful suggestions: સૂચના આપવી. *To* **g**. *&take*, (*a*)to average gains and losses:નફો ટોટો સરખો કર-સરભર કર. *To* **g**. *tongue* (*in hunter's phrase*),to bark:ભસવું.*To* **g**.*up*,(*a*) to abandon:છોડી-મૂકી દેવું.*To* **g**.*one's self up*,to abandon hope;to despair:આશા મુકવી. *To* **g**.*way*, (*a*) to withdraw; to give place: માગ મૂકવો-આપવો; કોરે ખસવું. (*b*) To yield to force or pressure:બેસી-ધબી જવું;તુટી-ભાગી જવું; વશ-આ-

ધીન થવું.*vi.*1. To give a gift or gifts: બક્ષીસ આપવું. 2. To yield to force or pressure; to relax:બેસી જવું.*To* **g** *in*,to yield;to cease opposition: કબૂલ કo;નમતી મૂકવી; તાબે-વશ-આધીન થવું.*To* **g**.*off*,to cease;to forbear:અટકવું;સહન કo.*To* **g**.*over*,to discontinue: અટકવું; મૂકી દેવું; વિરામવું. *To* **g**. *up* to cease from effort; to despair:છોડી-મૂકી દેવું;-થી નાઉમેદ થવું; બંધ પડવું.

Giver,(ગિવ્'અર્)*n*.One who gives:આપનાર.

Gives,(જાઇવ્ઝ)*n.Pl.*Fetters:સાંકળ;બેડી.

Giving,(ગિવ્'ઇન્ગ્)*n* 1.The act of bestowing: આપવું-બક્ષવું તે;દાન;નિવેદન;અર્પણ;સમર્પણ.

Gizzard,(ગિઝ્'અર્ડ્)*n*.[L.*gigeria*.]*To fret the* **g**., to harass:કંટાળો આપવો.*To stick in one's* **g**., to be offensive:બદહજમી થવી;અપચો થવો.

Glaci-al,(ગ્લે'શિઅલ્)*a*.[L *glacies*,ice.]1.Frozen;icy:ઠરી ગયેલું;બરફવાળું.

Gla-ci-ate,(ગ્લે'શિએટ્) *vi*. [L. *glacies*,ice.]To turn to ice:બરફ જેવું થવું.*vt*. To convert into or cover with ice:બરફ જેવું કo;બરફથી ઢાંકવું.

Glaci-er,(ગ્લે'શિઅર્)*n*.[L.*glacies*,ice.]An immense field of ice,formed in the region of perpetual snow, and moving slowly down a mountain slope or valley: ખીણોમાં થયેલા બરફનો ઢગલો; હિમક્ષેત્ર;બરફનો પટ.

Glaci-ous,(ગ્લે'શિઅસ્)*a*. Pertaining to, consisting of or resembling ice;icy:બરફ સંબંધીનું.

Glacis,(ગ્લે'સિસ્)*n*.A gentle slope, or a smooth gently sloping bank:ઉતરતો ઢોળાવ.

Glad,(ગ્લૅડ્)*a*.1.Pleased;joyous;happy;cheerful:પ્રસન્ન;રાજી;ખુશી;સુખી;આનંદી; આનંદમય.

Gladden,(ગ્લૅડ્'ન)*vt*. To make glad;to cheer; to please:ખુશી-આનંદિત-હર્ષિત-પ્રસન્ન-રાજી કo.

Glade,(ગ્લેડ્)*n*. 1. An open passage through a wood:વન-ઝાડીમાં રસ્તો;વનમાર્ગ.2.An opening in the ice of rivers or lakes: નદી અથવા સરોવરના બરફમાં જવાનો બરફવિનાનો-નહિ જામેલો માર્ગ.

Gladi-ate, (ગ્લૅડ્'ઇએટ્)*a*.[L *gladius*, sword.] Sword-shaped:તરવારના આકારનું.

Gladi-at-or,(ગ્લૅડ્'ઇએટર્)*n*.1.One who engages in any fierce combat: ક્રુર લડાઇમાં લડનાર માણસ.

Gladly,(ગ્લૅડ્'લિ)*adv*.Joyfully;cheerfully:આનંદથી; ખુશીથી.

Gladness,(ગ્લૅડનેસ્)*n*.Pleasure:ખુશી;આનંદ

Gladsome,(ગ્લૅડ્'સમ્)*a*. Causing joy or pleasure;pleasing:આનંદમય;ખુશકારક;હર્ષજનક.

Glair,(ગ્લેર્)*n*.[L.*clarus*, clear.]1. The white of egg:ઇંડાનો ધોળો ભાગ.*vt*.To smear with the white of an egg:ઇંડાના ધોળા ભાગથી ખરડવું.

Glance,(ગ્લૅન્સ)*n*. A quick cast of the eyes; a glimpse:આંખનો પલકારો;આંખ;કટાક્ષ.1. To look with a sudden, rapid cast of the eye: ઉતાવળી નજર-દૂરથી જોવું.*vt*.1.To shoot or dart suddenly or obliquely:એકદમ-ત્રાંસું ભેદવું.

Gland,Glandule, (ગ્લૅન્ડ્,ગ્લૅન્ડ્યૂલ્) *n*. [L. *glans*,a corn.]Any small gland for secreting vessel:રસની શરીરમાં નાની કોથળી;માંસગ્રંથિ;પિંડ.

Gland-u-lar,(ગ્લૅન્ડ્'યુલર્)*a*.Consisting of glands:રસની કોથળી જેવું-રસ ગ્રંથિ;ગાંઠદાર.

Glare,(ગ્લેર્)*vi*.1.To shine with a bright,dazzling light:ઝગઝગવું.*n*. 1. A bright dazzling light:ઝગઝગાટ;ઝગઝગતું અજવાળું-તેજ.

Glaring,(ગ્લેર્'ઇન્ગ્)*a*. Clear:ખુલ્લું;સ્પષ્ટ;દેખીતું; પ્રત્યક્ષ;ચોખ્ખું;હડહડતું ઉઘાડું.

Glass,(ગ્લૅસ્)*n*.1.A hard,brittle, translucent, and commonly transparent substance:કાચ. 2. (*a*) A looking glass;a mirror:દર્પણ; તકતો. (*b*)An hour-glass:કલાક જાણવાની શીશી; ઘડી.(*c*) An optical glass;a lens:દર્શક યંત્ર.(*d*)A weather glass; a barometer:હવામાપન યંત્ર.(*e*)*pl*. Spectacles:ચશ્માં;ઉપનેત્ર.

Glassi-ness,(ગ્લૅસ્'ઇનેસ્)*n*.The quality of being glassy:કાચ જેવું સુંવાળાપણું.

Glassy,(ગ્લૅસ્'ઇ)*a*.1.Made of glass;vitrieous: કાચનું બનાવેલું;કાચમય.

Glaucous,(ગ્લૉ'કસ્)*a*. [L.*glaucus*.] Of a sea-green color:દરિયા જેવા લીલા આસમાની રંગનું.

Glaver-er(ગ્લેવ્'અરર્)*n*.A flatterer:ખુશામતીઓ.

Glaze,(ગ્લેઝ્)*vt*.1. To render smooth:ઘુંટવું.2. To apply thinly a transparent colour to: રોગન લગાડવો.*n*.1.Anything used as a coating or color in glazing:ઓપ;રોગાન;ઘુંટો.

Glazier, (ગ્લે'ઝર્) *n*. One whose business is to set glass:કાચ બેસાડનાર-જડનાર.

Glead,(ગ્લીડ્)*n*.A live coal:જીવતો કોયલો.

Gleam,(ગ્લીમ્)*n*.1. A glimpse:તેજનો ઝબુકો.2. Brightness:ચળકાટ. *vi*. 1.To shoot,or dart,as rays of light:પ્રકાશનાં કિરણો નિકળવાં.2.To shine:ચળકવું.*vt*.To shoot out:નીકળવું;ફૂટવું;પ્રસરવું.

Gleamy,(ગ્લીમ્'ઇ)*a*.Darting beams of light;flashing:ચળકતું;પ્રકાશ-તેજનાં કિરણ પ્રસારતું.

Glean,(ગ્લીન્)*vt*.1.To gather after a reaper: દાણા વીણવા.2.To gather from (*a field*)what is left:જે બાકી રહ્યું હોય તે ખેતરમાંથી એકઠું કo.

Gleaner,(ગ્લીન્'અર્)*n*.One who gathers after reapers:પડેલા દાણા વીણી લેનાર.

Gleaning,(ગ્લીન્'ઇન્ગ્)*n*.The act of gathering after reapers:દાણા વીણી લેવા તે.

Glebe,(ગ્લીબ્)*n*.[L *gleba*,clod;land]1.A lump: ઢેકું.2.Turf:જમીનનું ઉપલું પડ.3.Land belonging to a parish church:ધર્માદા દેવળની જમીન.[જમાત.

Glee,(ગ્લી)*n*.Joy;gayety;merriment:આનંદ;મોજ

Gleeful,(ગ્લી'ફુલ્)*a*.Merry;gay;joyous:આનંદી.

Gleet, (ગ્લીટ્) *n*. A transparent mucous dis-

charge from the membranes of the urethra, commonly an effect of gonorrhea:પરમીઓ; પ્રમેહ;મધુમેહ.

Gleg,(ગ્લેગ્)*a*.Quick of perception:ચંચળ.

Glen,(ગ્લેન્)*n*.Valley;a dale:ખીણ;ખો.

Glib,(ગ્લિબ્)*a*.1.Slippery:લીસું;લપસી પડાયએવું. 2.Fluent;voluble:બોલકણું;વાચાળ.

Glibness,(ગ્લિબ્'નેસ્)*n*.The quality of being glib(*a*)સુંવાળાપણું.(*b*)જીભનું ચપળપણું;વાકચાપલ્ય.

Glide,(ગ્લાઇડ)*vi*. To move gently:લપસી જવું; સરી જવું; વહી જવું.

Gliding-ly,(ગ્લાઇડ'ઇન્ગલિ) *adv*. In a gliding manner:આસ્તે.

Glim,(ગ્લિમ્)*n* 1.Brightness;splendor:ચળકાટ; તેજ.2.A light or candle:અજવાળું;દીવો.

Glimmer,(ગ્લિમ્'મર્) *vi*.To shine faintly; to show a faint,unsteady light:ઝાંખું તેજઆપવું.

Glimmer-ing,(ગ્લિમ્'મરિન્ગ્)*n*.1. Faint, unsteady light:ઝાંખુ-મંદ તેજ.

Glimpse,(ગ્લિમ્પ્સ્)*n*.1.A transient luster:ક્ષણિક તેજ. 2. A short, hurried view; a quick sight:ઉપર ઉપરની નજર-દેખાવ.*vi*.To appear by glimpses:ઝાંખું-જેવું તેવું દેખાવું.

Glist,(ગ્લિસ્ટ્)*n*.Glimmer;mica:અબરખ.

Glisten,(ગ્લિસ'ન્)*vi*.To sparkle;to shine:ચળકવું.

Glister,(ગ્લિસ્'ટર્)*vi*.Sparkle:ઝગઝગવું.

Glitter,(ગ્લિટ્'ટર્)*vi*.To sparkle with light;to gleam:ઝગઝગવું;ચળકવું; ચળકાટ મારવો;ઝગમગવું. *n*. Brilliancy:ચળકાટ;તેજ.

Gloam,(ગ્લોમ્)*vi*.1. To begin to grow dark: અંધારું થવા માંડવું.2.To be sullen or morose:ઉદાશ હોવું.

Glo bate,(ગ્લોબ્'એટ્)*a*.[L *globus*,ball]Having the form of a globe;spherical:ગોળ.

Globe,(ગ્લોબ્)*n*.[L. *globus*, ball.] 1.A ball;a sphere:ગોળો;દડો.2.The earth:પૃથ્વીનો ગોળો.

Glob-ose,-Globu-lar,(ગ્લોબોસ્',ગ્લોબ્યુલર્)*a*. Globeshaped;spherical:ગોળાકાર;ગોળ.

Globule,(ગ્લોબ્'યુલ્)*n*.1. A little globe:નાનો ગોળો,ગોળી.2.A minute spherical or rounded structure:(લોહીમાંના)નાના ચપટા ગોળાકાર કણ.3. A little pill:નાની ગોળી.

Glome-rate,(ગ્લોમ્'અરેટ્)*a* [L. *glomus* a ball of yarn.] Gathered together in a roundish mass:ગોળ વિંટાળેલું; ગુંચળું-પિંડલું કરેલું. *vt*. To gather or wind into a ball:ગોળ વિંટાળવું.

Gloom, (ગ્લૂમ્) *n*. Partial or total darkness; obscurity:અંધારું.

Gloomi-ly,(ગ્લૂમ્'ઇલિ)*adv*.In a gloomy manner:દીલગીરીથી;શોકાતુરપણે.

Gloomy,(ગ્લૂમ્'ઈ)*a*.1.Dusky:અંધારું;અંધકારવાળું.2.Menlancholy;dejected:ઉદાસ.

Gloppen,(ગ્લોપ્'પન્)*vt*. To surprise:અચંબો પમાડવું.*vi*.To be astonished:અચંબો પામવો.

Glo-ri-ation,(ગ્લોરિએ'શન્)*n*.[L *gloria*,glory] Boast;triumphing:અહંકાર;મગરૂરી-બી.

Gloried,(ગ્લો'રીડ્)*a*.Illustrious:નામાંકિત.

Glori-fi-cation,(ગ્લો'રિફિકે"શન્)*n*.The act of glorifying:ગુણવર્ણન;પ્રશંસા;સ્તુતિવાદ;ગુણકીર્તન.

Glori-fy,(ગ્લો'રિફાઇ)*vt*.*Imp*.& *p.p*. **glorified**. [L.*gloria*,glory & *ficare*,to make]To confer honor and distinction upon:ની સ્તુતિ-પ્રશંસા કર;મ્હોટાઇ-ગૌરવ આપવું.

Glori-ous,(ગ્લો'રિઅસ્)*a* [L. *gloria*,glory.]1. Praiseworthy:સ્તુત્ય;વખાણવાયોગ્ય;વિખ્યાત.

Glory,(ગ્લો'રિ)*n*. [L. *gloria*.]1. High reputation; renown:પ્રતિષ્ઠા; યશ;કીર્તિ. 2.That which gives general renown:ખૂબી; મહિમા. *vi*. To exult with joy;to rejoice:હરખાવું; આનંદ પામવો;રાજી ખુશી થવું.

Gloss,(ગ્લોસ્)*n* 1.Brightness of a body proceeding from a smooth surface:ઓપણી. 2. Superficial quality or show:ઉપરનો ગુણઅથવા દેખાવ;ટાપટીપ. *vt*.To give a superficial luster or gloss to:ઓપવું;ઓપણી કર. *n*.An explanatory note or comment:ટીકા;અર્થ;વ્યાખ્યા.*vt*. To illustrate:સમજાવવું.

Glossal,(ગ્લોસ્'સલ્)*a* Of or pertaining to the tongue;lingual:જીભ સંબંધિ-નું-વિષે-માંનું.

Glos-sari-al,(ગ્લોસ્સે'રિઅલ્)*a*.Of or pertaining to glosses or to a glossary:વ્યાખ્યા ભરેલું.

Glossa-ry,(ગ્લોસ્'અરિ)*n*.*Pl*.**Glossaries**. A collection of words and passages of a work or author:ગ્રંથમાંના અપ્રસિદ્ધ શબ્દનો કોષ.

Glossi-ness, (ગ્લોસ્'ઇનેસ્) *n*. The luster or brightness of a smooth surface સફાઈ;ઝલેક; તગતગી;ઓપ.

Gloss-olo-gy,(ગ્લોસોલ્'ઓજિ)*n*.[Gr. *glossa*,a tongue,& *logos*,discourse.]1.The definition and explanation of terms; a glossary:શબ્દના અર્થ-વર્ણન 2.The science of language:ભાષાશાસ્ત્ર.

Glossy,(ગ્લોસ્'ઇ)*a*.Smooth and shining;highly polished: ઓપેલું;ચળકતું;સફાઈદાર;ઉજળું.

Glottis,(ગ્લોટ્'ઇસ્)*n*.[Gr.*glottis*, mouth of the windpipe.]The opening from pharynx into the larynx or into the rachea:દમ દેવાની નળી.

Glout,(ગ્લાઉટ્)*vi* To pout;to look sullen:દિલગીર દેખાવું.*vt*.To stare at:ધ્યાનથી લક્ષઆપીનેજોવું.

Glove,(ગ્લવ્)*n*.1.A cover for the hand:હાથનું મોજું. *To be hand and* **G**. *with*:ની સાથે નિકટ સંબંધ હોવો.*To handle with gloves*:મમતા વગર વર્તવું.*To take up the* **g** ,to accept a challenge: લડવા બોલાવવું. *To throw down the* **g**.,to challenge to combat:લડવા આવવા આમંત્રણ કo.*vt*. To cover with a glove:મોજું પહેરાવવું.

Glow,(ગ્લો)*vi*.1.To feel hot;to burn:બળવું; સ-

ઝગવું.2.To feel the heat of passion:બળવું;ગુસ્સો-આવેશ આવવો.*n.* 1. White or red heat; incandescence:ઘણી ગરમી;દીપ્તિ.2.Brightness of color:લાલાસ;લાલી;રક્તતા.3. Intense excitement:અતિ ઉગ્ર જુસ્સો.

Glowing,(ગ્લોઇંન્ગ્)*a.* Shining with an intense or white heat:ચકચકીત;ઝગઝગતું.

Glow-worm,(ગ્લો-વર્મ્)*n.*(*Zool*)A cleopterous insect of the genus *Lampyris*:આગિઓ.

Gloze,(ગ્લોઝ્) *vi.*1. To flatter:ખુશામત કરવી.2. To misinterpret:ખોટો અર્થ સમજાવવો;ફોસલાવવું.

Glue, (ગ્લ્યૂ)*n.* [L *gluo*,I draw together.] A hard,brittle,brownish gelatine:સરેશ. *vt.* To join wiih glue:સરેસથી ચોડવું. [ચોટે તેવું.

Gluey,(ગ્લ્યૂઈ)*a.* Viscous; glutinous:ચીકણું;

Glum,(ગ્લમ)*n.*Sullenness:ઉદાસી;ચીડ;ચિડિયાપણું.*a* Moody;silent;sullen:મિજાજ-ગુસ્સામાં રહેતું *vt.*To look sullen:ઉદાસિત દેખાવું.

Glume,(ગ્લ્યૂમ્)*n.*[L.*gluma*, husk.]The bracteal covering of the flowers or seeds of grain and grasses:છોલાં;ફોતરાં.

Glut,(ગ્લટ્)*vt* 1.To swallow greedily;to gorge:એકદમ ઓહીઆં કરી જવું.2. To fill to satiety:ધરાવી નાંખવું.*vi.*To eat gluttonously or to satiety:ધરાઇને-ગળા સુધી ખાવું;ઠાંસી-ગળચીને ખાવું;ગળચવું. *n.*A block used for a fulcrum: ઉચ્ચાલનની નીચે મૂકેલો ટેકો.

Gluten,(ગ્લ્યૂટેન્)*n.*[L.*glue.*]The viscid,tenacious substance which gives cohesiveness to dough:ઘઉંનું દૂધ;ચીક.

Glutinate,(ગ્લ્યૂટિનેટ્)*vt.* [L.*gluten*,glue.] To unite with glue:સરેસથી ચોટાડવું.

Glutinous,(ગ્લ્યૂટિનસ્)*a.*Viscous:ચીકણું.

Glutton, (ગ્લટ્ન્)*n.*[L. *glutio*,I swallow.],1. One who eats voraciously: અકરાંતીઉં; પુષ્કળ ખાનાર.2.A carnivorous mammal:પશુ.*vt.*To eat voraciously:અકરાંતીઆપણે ખાવું.

Glutton-ous,(ગ્લટ્નસ્)*a* Eating to excess; voracious:બહુ ખાનારૂં;અત્યાહારી;બહુભક્ષી.

Glutton-y,(-લટ્નિ)*n.*Excess in eating;voracity:અકરાંતીઆપણું;અત્યાહાર;પેટભૂખ;અતિભોજન

Glyce-rine, (ગ્લિસેરિન્) *n.* [Gr. *glukeros*, sweet.]An oily,visco s liquid of a sweetish taste:મધ જેવા મીઠા પ્રવાહી પદાર્થ.

Glyph,(ગ્લિફ્)*n.* [Gr.] A sunken channel or groove,usually vertical:કોતરી કાઢેલી ખાંચ.

Gnarl,(નાર્લ્)*vi.*To growl;to snarl:ગુરગુરવું;ખીજાઇને બોલવું.

Gnarled,(નાર્લ્ડ્)*a.*Knotty:ગાંઠોગાંઠોવાળું.

Gnash,(નૅશ્)*vt.*To strike together:પીસવા-કકડાવવા;દાંત પીસવા-કકડાવવા-ચાવવા. [મચ્છર;ડાંસ.

Gnat, (નૅટ્) A blood-sucking dipterous fly:

Gnatling,(નૅટ્લિન્ગ્)*n.*A small gnat:નાનો મચ્છર;મચ્છરનું બચ્ચું.

Gnaw,(નૉ)*vt.* 1. To wear or eat away by scraping or continuous biting with the teeth: દાંતવડે-થી જરાજરા કરડી ખાવું. 2. To corrode;to fret away:ધીમે ધીમે ખાઇ-ખવાઇ જવું.

Gnomic, (નૉમિક્)*a* [Gr.*gignosco* I know.] Sententious;aphoristic:ટુંકું ને માર્મિક.

Gnomon,(નોમૉન્)*n.*[Gr *gignosco*,I know.] The space included between the boundary lines of two similar parallelograms,the one within the other with an angle in common:સમાન્તર બાજુ ચોખુણના બે કાંપ્લિમેન્ટને એક ચોરસ બનેલી આકૃતિ.

Gno-monics,(નોમૉનિક્સ)*n.*The art or science of constructing dials to show the hour of the day by the shadow of a gnomon:શંકુ યંત્ર બનાવવાની કળા.

Go,(ગો)*vi.*1. To pass from one place to another:જવું. 2.To walk:ચાલવું. 3. To pass in mind or by an act of memory:મનન-વિચાર કર;ચિંતવવું;વિચારી જોવું.4.To reach;to extend; to lead:(સુધી)પહોંચવું-જવું.*To go abroad*,(a)to go to a foreign country:પરદેશ-વિદેશ જવું;બહાર ગામ જવું.*To go by*,to pass away unnoticed:કાપીને જવું;મૂકી દેવું;વચ્ચે પડવું મુકીને જવું;વચ્ચે વહેવું મૂકવું. *To go for*, to represent; to pass for:-તરીકે ગણાવું. (*a*) To favor;to advocate: નો પક્ષ-બાજુ લેવી. *To go for nothing*, to count for nothing:નકામુંજવું;વ્યર્થ-નિષ્ફળજવું;નિરર્થકજવું: *To go hard with*,to trouble:મુશ્કેલીઆપડવી.*To go in for*,to favor:-નો પક્ષ લેવો.*To go off*, to go away;to depart: જતું રહેવું;નાસી જવું. (*b*)To be sold:વેચાવું; ખપી જવું. *To go out*, (*a*) to issue from a place:કોઇ જગ્યામાંથી નિકળવું.(*b*) To go abroad:પરદેશ જવું (*c*)To become spread abroad: પ્રસરવું;ફેલાવું.*To go through*, to accomplish:પૂર્ણ-પુરૂં કર;પાર પાડવું.*To go to naught*,to prove abortive or unavailing:વ્યર્થ-ફોગટ થવું-નિવડવું;નિષ્ફળ જવું.*To go under*,to set:આથમવું.*To go halves*, to share with one another equally:અર્ધોઅર્ધ વાટી લેવું. *To go it*, to behave in a wild manner:જંગલી રીતે વર્તવું. *To go it blind*,to act in a rash or reckless manner:બેદરકારથી વર્તવું-ચાલવું. *To go one'sway*, to depart:જવું.*n.*A circumstance or occurrence;an incident:બનાવ;હકીકત. *Great go,Little go*:કોઈ દરજ્જો મેળવવાને માટે પહેલી અને પાછળથી થતી પરીક્ષાઓ.

Goad, (ગોડ્) *n.* A pointed instrument used to urge on a beast:આર;પરોણો; પરોણી; અંકુશ. *vt.*To prick;to drive with a goad:આર ભોંકવી.

Goal,(ગોલ)*n*.1. The place at which a race or a journey is to end:મુકામ;**g.** *of ambition*: આશાવધિ.2.The final purpose: અંતની ધારણા.

Goat,(ગોટ્) *n*. [L. *haedus*, a young goat.] A hollowhorned ruminant of the genus *capra*: બકરો;અજ;બોકડો. [ats:ભરવાડ;રબારી;બકરાંચારૂ.

Goat-herd,(ગોટ' હર્ડ્)*n*. One who tends go-

Goatish,(ગોટ્ઇશ)*a*.Characteristic of a goat;goatlike:બકરા જેવું.

Go-be-tween,(ગો'-બીટ્વીન) *n*. An intermediate agent; a broker; a procurer:દલાલ;કુટ્ટણી-ખી. [ing vessel:પંચપાત્ર;પ્યાલો;પવાલું.

Goblet,(ગોબ્લેટ્)*n*.A kind of cup or drink-

Goblin,(ગોબ્લિન)*n*.[Gr.*kobalos*,an impudent rogue.]An evil spirit:પિશાચ;ભુત;પ્રેત.

God,(ગોડ્)*n*.1.A divinity;a deity:દેવ.*Inferior* **g.**:ઉપદેવ;ઉપદેવતા.*Local* **g.**: અધિદેવતા.*Tutelar* **g.**:ઇષ્ટદેવ. 2.The supreme being:ઈશ્વર. **G.** *of Gods*: દેવાધિદેવ. **G.**'s *house*, an alms house: ધર્મશાળા.[daughter:ધર્મ પુત્ર-પુત્રી;ધર્મ કન્યા-સુતા.

God-child,(ગોડ્'-ચાઇલ્ડ્)*n*.A god-son or god-

Goddess,(ગોડ્એસ્)*n*. 1. A female god:દેવી.

God-father,(ગોડ્'-ફાધર્)*n*.One who becomes sponsor for a child at baptism;and makes himself a surety for its Christian training and instruction:ધર્મ બાપ-વાલી;ધર્મપિતા.

God-head,(ગોડ્હેડ્)*n*.1.Godship:ઈશ્વરપણું.

Godless,(ગોડ્લેસ્)*a*.Impious:નાસ્તિક;પાપી.

God-like,(ગોડ્'-લાઈક્)*a*.Divine:ઈશ્વરી;દેવરૂપ.

Godli-ness,(ગોડ્લિનેસ્)*n*.The state or quality of being godly;piety:ઈશ્વરભક્તિ;ઈશ્વરનિષ્ઠા.

Godly,(ગોડ્લિ)*a*.Pious:પવિત્ર;સદાચારી.

God-send,(ગોડ્'-સેન્ડ્)*n*. Something sent by god:ઈશ્વરની અણધારી કૃપા;અચિંત્યો લાભ.

God-speed, (ગોડ્સ્પીડ્)*n*. Success; prosperous journeying:ફતેહમંદી;નિર્વિઘ્ન પ્રવાસ

Goggle, (ગોગ્લ્)*a*.Staring:આણીગમ તથા પેલીગમ ફરતુ.*vi*. To roll the eyes:આંખ આણીગમ પેલીગમ ફેરવવી.

Goggles,(ગોગ્લ્ઝ્)*n.pl*.1(*a*)A kind of spectacles:એક જાતનાં ચસમાં.(*b*)Any screen or cover for the eyes of horses:ઘોડાની અંધારી.

Goitre,(ગોઇ'ટર્)*n* [L.*guttur*,throat.]An enlargement of the thyroid gland,on the anterior part of the neck:ગળગુંડ;ગળાપરની રસોળી.

Gold,(ગોલ્ડ્)*n*.1. A metallic element;constituting the most precious metal used as a common commercial medium of exchange: સોનું.**G.**coast:પશ્ચિમ આફ્રિકાના કીનારાનો ભાગ.*Goldenman*. A buyer of old gold or jewelry:જુના સોનાનો ખરીદનાર. **G.** *field*, a region in which are deposits of gold:જે દેશમાં સોનાની ખાણો હોય તે.**G.**leaf:સોનાના વરખ.**G.**nugget,a lump of gold: સોનાનો ગઠ્ઠો. **G.** *plate*, a general name for vessels:વાસણોનું સાધારણ નામ.

Gold-beat-er,(ગોલ્ડ'બીટર્)*n*.One who makes extreme thin leaves of gold: સોનાના વરખ બનાવનાર.

Golden,(ગોલ્ડ્‌ન)*a*.1.Made of gold:સોનાનું બનાવેલું.**G.** *grease*,a bribe:લાંચ; દસ્તુરી. **G.** *rule*, બીજાને આપણી સાથે વર્તવાની જેવી ઇચ્છા આપણે કરીએ તેમ આપણે તેમની સાથે વર્તવાનો નિયમ.

Golden-finch, (ગોલ્ડ્‌નફિન્શ) *n*. A kind of bright colored bird:એકજાતનું ચળકતા રંગનું પક્ષી.

Goldsmith,(ગોલ્ડ્સ્મિથ્)*n*. An artisan who manufactures ornaments of gold:સોની.

Golyardeys,(ગોલિઍર્ડિઝ્)*n*.A baffoon:મશ્કરો;તરકડીઓ:રંગલો વિદુષક. [family:ધણી;વર.

Goman,(ગોમૅન)*n*. A husband;a master of a

Gome,(ગોમ્)*n*.[L.*homo*,a man.]A man:માણસ.The black grease on the axle of a cart or wagon wheel:ગાડાંનાં પૈડામાં થતી મળી.

Gondo-la,(ગોન્'ડોલે)*n*.[Gr.*kontos*,a pole.]1.A long narrow boat:એક લાંબી તથા સાંકડી હોડી.

Gone,(ગોન)*p.p*.of **go**.:ગયું રહેલું;ખોયેલું.

Go-no-rrhœa,(ગોનોરી'અ) *n*. [Gr.*gone*, that which begets semen.]A contagious inflammatory disease of the genitourinary tract: પરમિઓ;પ્રમેહ;મધુમેહ.

Good,(ગુડ)*a*.Excellent;admirable: સારૂં;બેશ; મજેનું.2.Virtuous:નેક;સાત્વિક.3.Kind:પરોપકારી. 4.Clever:હુશિયાર.5.Fair:રૂડું;સારૂં.*A* **g.** *name*: સારૂં-રૂડું નામ.**G.***for nothing*,useless:નકામું. **G.** *speed*,good luck:સારૂ નશીબ.**G.***turn*,a favor: મહેરબાની. (*Law*) The custom of any trade or business: કોઇ ધંધો;ધંધાની ઘરાકી. *To hold* **g.**,to remain in force or effect:જોર-અસર ક૦. *To make* **g.**, to maintain: પાળવું; મંજુરે આપવું. *n*.Benefit:ફાયદો 2 *pl*.Wares: માલમતા; જણસ. *Goods train*,a freight train:ભારખાનાની આગગાડી.

Good-breeding, (ગુડ્-બ્રીડ'ઇન્ગ્) *n*. A polite education:સારી કેળવણી;સુજનતા;સૌજન્ય;સભ્યતા.

Good-by-Goodbye, (ગુડ્બાઇ') *n*. or *interj*. Farewell:જતી વખતની સલામ;સાહેબજી.

Good-Friday, (ગુડ્'-ફ્રાઇડે) *n*. The Friday of Holy Week:ક્રાઈસ્ટનો તેહેવારનો દિવસ.

Good-humor,(ગુડ્હ્યુમર્)*n*.A cheerful spirit; a good temper:ખુશમિજાજ;ખુશખબ્તિ.

Goodli-ness,(ગુડ્'લિનેસ્)*n*.Beauty of form; grace;elegance:ખુબસુરતપણું.

Goodly,(ગુડ્લિ)*adv*. Excellently:શ્રેષ્ઠ-ઉત્તમરીતે.*a*.1.Pleasant:ખુશકારક. 2.Comely:ખુબસુરત. 3.Large;considerable:મોટું; ઘણું.

Good-man,(ગુડ્-મૅન)*n*.1. A familiar appellation of civility; equivalent to "My friend" "Good Sir," "Mister,":(માન આપવાનો શબ્દ) ભાઈ;ભલા માણસ.

Goodness,(ગુડ્નેસ્)*n*.Excellence;virtue;kindness;benevolence:ભલાઇ;મેહેરબાની;પરોપકાર.

Goose,(ગૂસ)*n*.*Pl*.**Geese**. [L.*anser*,Gr.*chen*, a goose.]1.Any large web-footed bird:હંસ. 2. A silly creature; a simpleton:બેવકૂફ-મૂર્ખ માણસ.

Handle,(હૅન્'ડ્લ્)*vt.*1. To touch:હાથ અડકાડવો. 2.To manage skilfully:સહાવું;ચતુરાઈથી વાપરવું. 3.To accustom with hand:હાથમાં આલવું.4.To manage:હાથમાં લેવું. 5. To discuss; to treat: વાદવિવાદ ક૦;વાત ચરચાવવી; જોવું; વિચારવું. *vi.* To use the hands;to act by hands: હાથ વાપરવા. *n.* 1. That part of an instrument, which is held in the hand when used:હાથો; દાંડો; મુઠ; રસ્તો.2.A tool:હથીઆર. *To give a* **h.**, to furnish an occasion: પ્રસંગ આપવો.

Handloom, (હૅન્ડ્'લૂમ્) *n.* A loom used by hands:હાથેવતી કપડું વણવાની સાળ.

Hand-maid,(હૅન્ડ્'-મેડ્)*n.*A maid that waits at hand:ખિદમત કરનારો ચાકરડો;દાસી.

Handmill, (હૅન્ડ્'મિલ્) *n.* A mill moved by hands:હાથે ફેર દળવાની ઘંટી;ચક્કી.

Hand-saw,(હૅન્ડ્'-સૉ) *n.* A saw to be used with the hand:આરી;આરીઉં;આડીઉં;હાથ કરવત.

Handsel,(હૅન્ડ્'સેલ્)*n.*A sale,gift or delivery into the hand of another:બહોણી;વકરો. *vt.*To give a handsel to:બહોણી કરાવવી.

Handsome,(હૅન્ડ્'સમ્)*a.*1. Agreeable to the eye;comely:ફુટડું;દેખાવડું. 2.Liberal;ample: ભરપટે;યથેષ્ટ.

Handspike, (હૅન્ડ્'સ્પાઇક્) *n.* A wooden bar used for raising weights,&c.:ભારઉપાડવાનોદાંડો.

Hand-writ-ing,(હૅન્ડ્'રાઇટિંગ્)*n.*The form of writing peculiar to each hand:અક્ષર.

Handy,(હૅન્ડ્'ઈ)*a.*1.Skilful:ચતુર;ચાલાક. 2.Convenient:લાયક;સુતર પડે તેવું.

Hang,(હૅન્ગ્)*vt.*1.To suspend:લટકાવવું;ટાંગવું.2. To put to death by suspending:ફાંસી દેવી.*vi.* 1.To be suspended; to float:લટકવું;ટંગાવું. 2. To be a weigt;to drag:બોજારૂપ થઈપડવું.*To* **h.** *around*,to loiter idly about:રસળવું;ભટકવું.*To* **h.***back*, to hesitate:આનાકાની ક૦. *To* **h.***on*,to hold fast:મજબૂત પકડવું.

Hanger,(હૅન્ગ્'અર્)*n.*1.One,who hangs or causes to be suspended:લટકાવનાર; ટાંગનાર. 2. A short,broad sword incurvated towards the point:અણી તરફ વળેલી એક ટૂંકી પહોળી તરવાર:3. That by which a thing is suspended:ખીંટી;આંકડો.

Hanger-on,(હૅન્ગ્'અરૉન્) *n.* One, who hangs on,a person;a dependent:આશ્રિત.

Hanging,(હૅન્ગ્'ઇન્ગ્)*n.*1.Death by suspension:ફાંસીથી થતું મોત.2.That which is hung:દીવાલપર ચોટાડવાના કાગળ વીગેરે;ઝાલર;પડદા;પીછવાઇ.

Hang-man, (હૅન્ગ્'મૅન્) *n.* One who hangs another:ફાંસી દેનાર;ચંડાળ.

Hank,(હૅન્ક્)*n.*1.A parcel consisting of two or more skeins of yarn tied together:સુતરની દડી; સીવવાના દોરાની દડી;આંટી;ફાળકો. *vt.* To form into hanks:દડીઓ બનાવવી;આંટીઓ ક૦.

Hanker,(હૅન્ગ્'કર્)*vi* 1.To desire vehemently: મેળવવાનેમનમાં બળવું.2.To form a group:ટોળું થવું.

Hanker-ing,(હૅન્ગ્'કરિંગ્) *n.* Ardent desire: અતિ ઉત્કંઠા-આતુરતાથી ઇચ્છા રાખવી તે.

Hap,(હૅપ્)*n.*Chance:નસીબ;દૈવ;ઘટના એકાએક આવી બને એવી ખીના.*vi.*To happen; to befall:બનવું; આચિંતુ કંઇ થવું. [*At* **h**:જેમ આવે તેમ.

Hap-hazard,(હૅપ્હૅ'ઝર્ડ્)*n.*Chance: યોગ;નસીબ.

Hapless,(હૅપ્'લેસ્)*a.*Unfortunate:કમનસીબ.

Haply,(હૅપ્'લિ)*adv.*By hap or chance:દૈવયોગે.

Happen,(હૅપ્'ન્)*vi.*1.To come by chance;to fall out:અચાનક-એકાએક-આચિંતો બનાવ બનવો.

Happi-ly,(હૅપ્'પિલિ)*adv.*Luckily:સુભાગ્યે;સુખે.

Happi-ness,(હૅપ્'પિનેસ્)*n.*Felicity:સુખ.

Happy,(હૅપ્'પિ)*a.*Fortunate:સુખી;નસીબદાર.

Ha-rangue,(હૅરૅન્ગ્')*n.*A popular oration:ઘણા જણ આગળ કહેલું ઠાંઠાક ભાષણ. *vi.* To make an address:મોટી મંડળી ભરાઈ હોય ત્યાં ભાષણ ક૦.

Harass,(હૅ'રૅસ્)*vt.*1.To weary;to fatigue to excess:ની કુસ કાઢી નાંખવી. 2.To perplex:સંતાપવું;પીડવું.

Harassing,(હૅ'રૅસિંગ્)*a.* Annoying: દુઃખદાયક.

Har-bin-ger, (હાર્'બિન્જર્)*n.* A forerunner;a precursor:અગામિ સૂચક;આગળથી ખબરઆપનાર.

Harbour,(હાર્'બર્)*n.*1.A lodging:આશ્રય. 2. A refuge for ship;a haven or port:બંદર;વહાણને લંગર કરવાની જગ્યા;બારૂ.*vt.*To protect,as,a ship from storms:રક્ષણ ક૦;વહાણને તોફાનથી બચી જવાને સારૂ લંગર કરવાની જગ્યા આપવી.

Hard,(હાર્ડ્)*a.*1.Firm;not soft:કઠણ; દબાય નહીં એવું;સખત. 2.Difficult to understand:સમજાય નહી તેવું. 3. Laborious; fatiguing:કઠણ;કંટાળો

આપે તેવું.4 Difficult to bear:સખ્ત;જુલમી. 5. Harsh:કઠોર.*A* **h.** *letter*,a letter not soft: અઘોષ અક્ષર.*adv*.With difficulty: મુશ્કેલીથી; ઘણી મહેનતે.**H.***by*,near by:પાસે;નજીક.

Harden,(હાર્ડ્‌ન્)*vt*.To make hard;to indurate: કઠણ સખ્ત ક૦.*vi*.To become hard:કઠણ-સખ્તથવું.

Hardened,(હાર્ડ્‌ન્ડ્)*p.a*.Made hard;confirmed in vice:કઠણ-સખ્ત-મજબુત કરેલું.

Hard-fa-voured,(હાર્ડ્‌ફેવર્ડ્)*a*.Hardfeatured; ill-looking:કરડા દેખાવનું;ડોળ વગરનો.

Hard-featured, (હાર્ડ્'ફીટ્યુર્ડ્) *a*. Having coarse features:કરડા દેખાવનું;ડોળ વગરનું.

Hard-fisted,(હાર્ડ્‌ફિસ્ટેડ્)*a*.Close-fisted;niggardly:કંજુસ;કૃપણ;સૂમ.

Hard-hear-ted,(હાર્ડ્‌હાર્ટેડ્)*a*.Unsympathetic;pitiless:દયાવગરનું;નિર્દય;કઠણ-સખ્ત હૈયાવાળું.

Hardi-hood,(હાર્ડ્‌ઇહુડ્)*n*.Boldness;bravery; intrepidity:છાતી;હિંમત;ધૃષ્ટતા;સાહસ; સહનશક્તિ.

Hardi-ness,(હાર્ડ્‌ઇનેસ્)*n*.Capability of endurance:સહન શક્તી;ખમી શકવાની શક્તી.

Hardly,(હાર્ડ્‌લિ)*adv*.1.In a hard manner;with difficulty:મહા મહેનતે; મહા કષ્ટે; બહુ પ્રયાસે. 2. Scarcely;not wholly:ભાગ્યે;કદાચિત.[જાડો ભાગ.

Hards, (હાર્ડ્ઝ્)*n pl*.Tow:શણને પીંજ્યાથી નીકળેલો

Hardship, (હાર્ડ્‌શિપ્)*n*.That which is hard to bear,as toil,injury,injustice:દુઃખ;ક્લેશ.

Hardware,(હાર્ડ્‌વેર્)*n*.Ware made of metal:લોઢા વિગેરે ધાતુનો સામાન;ધાતુનાં ઓજાર;ધાતુનાં વાસણ. [દુર. 2.Strong:મજબુત.

Hardy,(હાર્ડિ)*a*. 1.Bold;resolute:નિર્ભય;બહા-

Hare,(હેર્)*n*. (*Zool.*)A rodent of the genus *lepus*, having long hind legs, a short tail and a divided upper lip:સસલું;શશ;શશક. **H.** *and hounds*:એક જાતનીરમત;દોડ પકડની રમત.

Hare-brained, (હેર્‌બ્રેન્ડ્)*a*. Wild:જંગલી.

Harem, (હેરેમ્)*n*. A seraglio:જનાનો.

Hark, (હાર્ક્)*vi*. To listen:કાન ધરવો; સાંભળવું.

Harl, (હાર્લ્)*n*.A filamentous substance;the filaments of flax:શણનાં રૂઆં; રૂઆંજેવો પદાર્થ.

Harle-quin,(હાર્'લીક્વિન્)*n*.A buffoon:તરકટિઓ;રંગલો;ભાંડ;જૂઠાણું;વિદૂષક મશ્કરો.

Harle-quin-ade, (હાર્'લીકિનેડ્)*n*.The part of a harlequin:વિદૂષકનો ભાગ-પક્ષ.

Harlot,(હાર્'લૉટ્)*n*.A prostitute:વેશ્યા; છીનાળ.

Harlotize,(હાર્'લૉટાઇઝ્)*vi*.To harlot:છીનાળનો ધંધો-અધમ-નીચ ધંધો ક૦.

Harlotry,(હાર્'લૉટ્રિ)*n*. The trade of prostitution:વેશ્યાનો ધંધો; છીનાળ-કસબાતણનો ધંધો.

Harm,(હાર્મ્)*n*.1.Injury:છિન;દુઃખ;નુકશાન.2.To hurt;to injure:છિન્ન ક૦;-ને દુઃખ દેવું. [એવું.

Harmful,(હાર્મ્'ફુલ્)*a*.Full of harm:નુકશાન-કરે

Harmless, (હાર્મ્‌લેસ્)*a*.1. Free from harm: નિરૂપદ્રવી. 2. Inoffensive:નિર્દોષ.

Harmonic,Harmonic,-al,(હાર્મૉન'ઇક્-કલ્) *a*.Musical;concordant:મળતા સુરનું.

Har-moni-ous, (હાર્મૉ'નિઅસ્)*a*.1. Adapted to each other:અવયવ-પ્રમાણ-આકારસાંગ શુદ્ધ.2. Living in peace and friendship:સંપીલું.3.Agreeably consonant; symphonious:ખુશ લાગે એવા મળતા સ્વરનું;મિઠું;મધુર;સુસ્વર.

Har-moni-um, (હાર્મૉ'નિઅમ્)*n*. A musical instrument:એક જાતનું હાથે વગાડવાનું વિલાયતી વાજું-વાજીંત્ર.

Harmonist,(હાર્'મૉનિસ્ટ્)*n*.One of a religious sect founded in Wurtemburg in 1780 વર્ટેમ્બર્ગમાં સ્થપાયેલો ધાર્મિક પંથ.

Harmon-ize,(હાર્'મૉનાઇઝ્)*vi*. 1.To agree in sense;to agree in action:મળતું હોવું-આવવું.

Harmon-iz-er, (હાર્'મૉનાઇઝર્) *n*. One who harmonizes:ગાનાર;રાગ જોડનાર

Harmo-ny,(હાર્'મૉનિ)*n*. [L.*Harmonia*, proportion.]1.The just adaptation of parts to each other,in any system:અવયવાનુરાગ;અવયવનું યોગ્ય પ્રમાણ-રચના. 2. The science, which treats of their construction and progression:સ્વરશાસ્ત્ર;સુરશાસ્ત્ર-વિદ્યા.

Harness,(હાર્'નેસ્)*n*.1.The armor of a horse: કવચ;બખ્તર.2.The equipments of a draught-horse:ઘોડાનો સાજ. *vt*.1. To dress in armor: બખ્તર પહેરાવવું.2. To die in **h**:નોકરી કરતાં મરવું.

Harp,(હાર્પ્)*n*.1.A stringed instrument of music:વીણા;સારંગી.2.To play on the harp:સારંગી -વીણા વગાડવી. [વગાડનાર;ગવઈઓ; સારંગીવાળો.

Harper,(હાર્પ્'અર્)*n*.A player on the harp:હાર્પ

Har-poon, (હાર્પૂન્)*n*. A spear used to kill a large fish:મોટાં માછલાં મારવાનો ભાલો *vt*.To strike or kill with a harpoon:ભાલાવતી પકડવું-મારી નાંખવું.

Harpy,(હાર્'પિ)*n*.1.A fabulous winged monster having the face of a woman, and the body of a vulture: સ્ત્રીનું મોં અને ગીધનું શરીર એવો પાંખોવાળો કલ્પિત રાક્ષસ.

Harri-dan,(હૅ'રિડૅન્)*n*.A decayed strumpet: ઘરડી-બુઢ્ઢીછીનાળ;વૃદ્ધ વેશ્યા.

Harri-er,(હૅ'રિઅર્)*n*.1.A kind of hound for hunting hares:સસલાનો શિકાર કરવાનો કુતરો.

Harrow,(હૅ'રો)*n*. [L. *hirpex*,harrow.]An instrument of agriculture:દંતાળો. *vt*.To draw a harrow over for the purpose of breaking clods and levelling the surface:કળપ ફેરવવો; કળપ વડે ભાગવું. [agitate:ઉશ્કેરવું.

Harry, (હૅ'રિ)*vt*. 1.To pillage:લુંટી લેવું. 2. To

Harsh,(હાર્શ્)*a*.1.(*a*)Rough to the touch:ખુંચે એવું;કઠણ.(*b*)Rough to the taste:ખાટું બકડ અને

લુખું.(c)Rough to the ear:નાક ફાડી નાંખે તેવું;કઠોર

Harshness,(હાંર્શ્‌નેસ્)n.The quality or state of being harsh:કરડી અક્કડ;સખ્તપણું;કઠોરતા.

Hart,(હાંર્ટ્)n.A stag:સાબરનો નર;સાબર;મૃગ;હરણ.

Hartshorn, (હાંર્ટસ્‌હૉર્ન્)n. The horn of the hart:સાબરનું શીંગડું.

Harvest,(હાંર્‌વેસ્ટ્)n.The season of gathering crop of any kind:કાપણીનો વખત;મોસમ.vt. To reap or gather,as corn:લણવું; કાપણી ક૦.

Harvest-home,(હાંર્‌વેસ્ટ્‌હોમ્)n.1.The song sung by reapers at the feast made at the gathering of corn:ખેડૂતોનો ઓચ્છવ.

Hash,(હૅશ્)vt.1.To chop into small pieces;to mince and mix:ની કચુંબર-ઝીણીઝીણી કકડી ક૦.

Hasp,(હૅસ્પ્)n.1.A clasp;a metallic hook for fastening a door:કડી;સાંકળ;આંકડી;ચાપડો;ચપડાસ.2.A spindle to wind yarn,thread or silk on:સુતર અગર રેશમ વિંટવાની તરાક. vt. To shut or fasten with a hasp:આંકડીવતી બંધ ક૦.

Haste,(હેસ્ટ્)n.1.Hurry:ઉતાવળ.*To make* **h.**, to hasten:ઉતાવળ-ઝડપ ક૦.vi.& vt.To hasten:ઉતાવળથી થાય તેમ ક૦.

Hasten,(હેસ્‌ન્)vt.To press;to hurry:ઉતાવળું થાય એમ ક૦.vi.To be rapid in motion;to go quickly:ઉતાવળ ક૦:ઉતાવળા થવું.

Hasty,(હેસ્ટ્‌ઇ)a.1. Involving haste;done in haste:ઉતાવળીયું; શીઘ્ર; ઉતાવળથી બનાવેલુ; તામસી સ્વભાવનું.

Hat,(હૅટ્)n.A covering for the head:ઉભી ટોપી.*To pass around the* **h.**: ટોપી ફેરવવી; થાળી ફેરવવી;ટોપી ફેરવીને ભીખ માગવી.

Hat-band, (હૅટ્‌બૅન્ડ્) n. A band round the crown of a hat:ટોપી ઉપર લપેટવાનો પટો.

Hat-box,(હૅટ્‌બૉક્સ્)n.A box for a hat:ટોપીને માટે કંડીઓ-પેટી-દાબડો.

Hatch,(હૅચ્) vt. 1. To produce young from (*eggs*):સેવવું. 2. To contrive or plot:-નો ઘાટ રચવો.vi.To come forth from the egg:સેવાવું.

Hatch,(હૅચ્)n.1.A door with an opening over it:જે બારણા ઉપર કાણું હોય તે.2.A bedstead:ખાટલો.vt.To close with a hatch:તુતકથી બંધ ક૦.

Hatchel,(હૅચ્‌એલ્)n.A kind of large comb: શણ પિંજવાનો સંચો;એક જાતનો મોટો કાંસકો. vt.1. To draw flax, from the fine: શણ પિંજવું.

Hatchet, (હૅચ્‌એટ્)n. A small axe:નાની કુહાડી-પરશુ.*To bury the* **h.**, to make peace:ખટ્ટુ વિસારે નાંખી સલાહ ક૦. *To take up the* **h.**,to declare war:લડાઈ જાહેર ક૦.

Hatch-way, (હૅચ્‌વે) n. The entrance to a cellar:તુતક-ભંડાર વીગેરેમાં જવાનું બારણું.

Hate,(હેટ્)vt.1.To dislike to detest:ઉપર વેર-દ્વેષ રાખવો.n.Intense dislike;hatred:ધિક્કાર;દ્વેષ. *Innate or instinctive* **h.**:જાતિવેર.*Deadly* **h.**: હાડવેર.

Hateful,(હેટ્‌ફુલ્)a.1. Malevolent:કીનાખોર.

Hatred,(હેટ્‌રેડ્)n.Strong aversion:ધિક્કાર.

Hatter,(હૅટ્‌અર્)n. One, who makes or sells hats:ટોપીઓ બનાવનાર-શીવનાર વેચનાર.

Haughti-ness, (હૉટ્‌ઇનેસ્)n.Arrogance:ધિક્કાર;ગર્વ;મદ;અહંકાર;અભિમાન.

Haughty,(હૉટ્‌ઇ)a. [L.*altus*,high.]1. High; bold:ઉંચું;મોટું. 2.Arrogant:અહંકારી. 3. Indicating haughtiness:અભિમાન બતાવનારું.

Haul,(હૉલ્)vt.1.To pull with force;to drag: જોરથી ખેંચવું.2.To transport by drawing:ખેંચીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લેઈ જવું.vi.1.To change the direction of a ship by hauling the wind:પવન તરફ વાહાણનું મો ફેરવવું. n. 1. A violent pull:આંચકો;આકર્ષણ.

Haunch,(હાન્ચ્)n.1.The hip:કેડ;કમ્મર.

Haunt,(હૉન્ટ્)vt.1.To frequent:માં આવજા ક૦.2. To inhabit as a ghost:ભુત ભરાવું.n.1.A place to which one frequently resorts:વારેવારે આવજા કરવાની જગા. [ભુતાવાળું;ભુતાળવું;પિશાચસેવિત.

Haunted,(હૉન્ટ્‌એડ્)a.Frequented by a ghost:

Haut-boy,(હૉબૉઇ) n. A wind instrument, sounded through a reed:પીપી;સરણાઈ.

Haut-boy-ist,(હૉબૉઇસ્ટ્)n.A player on the haut-boy:પીપી-સરણાઇ વગાડનાર;પીપીવાળા.

Hau-teur,(હોટર્)n Arrogance:અભિમાન.

Have,(હૅવ્)vt.[*Imp.*& *p.p.***Had.**]1.To own:કબજામાં લેવું;-ના માલીક થવું;-ના હાથમાં હોવું.2.To take or accept:લેવું;રાખવું.3.To desire:ની ઇચ્છા હોવી.

Haven,(હેવન્)n.1.A harbor,a port:બંદર;વહાણને લંગર કરવાનું ઠેકાણું.

Haver-sack,(હૅવ્‌અર્‌સૅક્)n.A bag for oats: ઓટ જાતનું અનાજ ભરવાની થેલી. 2. A gunner's case or bag used to carry cartridges:કારતુસ વિગેરે રાખવાની થેલી.

Having,(હૅવ્‌ઇન્ગ્)n.Possession:માલમત્તા;પુંજી.

Havoc,(હૅવૉક્)n.Wide destruction:પાયમાલી.

Haw,(હૉ)n. 1. A hedge:વાડ. 2. The fruit of the hawthorn:હાથોર્ન નામના ઝાડનું બીજ.

Haw,(હૉ)n.Hesitation of speech:તોતડું બોલવું તે.2.To speak with hesitation:આંચકા ખાઇને બો•

Haw,(હૉ) vi. To turn to the near side:પાસેની બાજુ તરફ વાળવું. vt. To cause to turn to the near side:પાસેની બાજુ તરફ વાળવું.

Hawk,(હૉક્) n. One of numerous genera of rapacious birds:બાજ;સિચાણો;શકરો. vi. 1. To catch birds by means of hawks trained for the purpose:પાળેલા બાજવડે બીજાં પક્ષીઓ પકડવાં.

Hawk,(હૉક્)vt.To raise by hawking;as phlegm:કફનો ગળફો-બળખો કાઢવો.vt. To offer for

sale by outcry in the street:ઘેરઘેર-શેરીએ શેરીએ ફરીને વેચવું

Hawk,(હૉક્)*n*. A small board,with a handle on the under side to hold mortar: ચુનાનો કેલ લેવાનું હાથાવાળું પાટીયું.

Hawker,(હૉક્'અર્)*n*.A peddler:ફેરીઓ;ઘેર ઘેર ફરીને વેચનારો.*vi*. To sell goods by outcry in the street:ઘેરઘેર ફરીને વેચવું.*n*. A falconer:બાજ પાસે શીકાર કરાવનાર.

Hawk-eyed,(હૉક્'-આઇડ્)*a*. Sharpsighted: ઝીણી તીક્ષ્ણ નજરવાળું;સુક્ષ્મ-બારીક નજરવાળું.

Hawse,(હૉસ્)*n*.A hawse hole:કડી;નાકું.

Hawser,(હૉસ્'અર્)*n*.[L.*altus*,high.]A large rope:લંગરનું દોરડું.

Hawthorn,(હૉ'થૉર્ન)*n*. A thorny shrub or tree:કાંટાવાળું ઝાડ;વાડ બનાવવાનું વિલાયતી ઝાડ.

Hay,(હે)*n*.1.A hedge:વાડ.2.A net: જાળ

Hay,(હે)*n*.Grass cut and cured for fodder: સુકું ઘાસ;ઘાસ.

Hay-cook (હે'કૉક્)*n*. A heap of hay in the field:ખેતરમાં સુકા ઘાસનો ઢગલો;ઘાસની ગંજી.

Haying,(હે'ઇંગ્)*n*.The time for storing up hay:ઘાસ ભરી રાખવાનો વખત. [રવાનું માળીયું.

Hayloft,(હે'લૉફ્ટ્)*n*. A loft for hay:ઘાસ ભ-

Haymow,(હે'મૉ)*n*. A mass of hay laid up in a barn air:ખળીમાં ઘાસનો ઢગલો.

Haystack,(હે'સ્ટૅક્)*n*.A conical pile of hay in the openair:ઘાસનીગંજી.

Hazard,(હૅ'ઝર્ડ્)*n*.1 Risk;danger:નુકશાનનો સંભવ;જોખમ. 2.Anything that is risked:જોખમમાં નાંખેલી વસ્તુ. *To run the* **h**.,to take the risk:જોખમમા પડવું-વહોરવું.*vt*.To venture:સંકટ-જોખમમાં નાંખવું. *vi*.To encounter risk: જોખમ વહોરવું-માથે લેવું-ખેડવું.

Hazard-ous,(હૅ'ઝર્ડસ્)*a*. Dangerous;risky: જોખમ ભરેલું;ભયભિત;જોખમવાળું;જોખમ લાગે એવું.

Hazard-ry,(હૅ'ઝર્ડ્રિ)*n*. Gaming: જુગટું;જોખમ ભરેલી-જોખમમાં નાંખે એવી રમત.

Hazel,(હે'ઝલ્)*n* A shrub or small tree bearing a nut containing a kernel of a mild taste:એક જાતનું ઝાડ.

Hazy,(હેઝ્'ઇ)*a*.Thick with haze:ધુમસવાળું.

He,(હી)*pron*. 1. A pronoun of the masculine gender singular number third person:

Head,(હેડ્)*n*.1.The anterior or superior part of an animal;poll;cephalon: માથું; મસ્તક;શીર્ષ; શિર;ડાકું;મુંડ.2.The foremost or most important part of an inanimate object: માથું; મ્હોં; ફળ;પાનું;ટોચ.3.The most prominent or important member of any organized body; the chief; the leader:શિરોમણી;શિરતાજ;મુખ્ય; અગ્રેસર;ઉપરી;પ્રધાન;વડો. 4. Each one among many:જણ;માણસ;માથું.5.The brain;the understanding:મગજ;ભેજું; અક્કલ.6. The source, fountain,spring or beginning:આદિહેતુ-કારણ. 7.A headland; a promontory: ભુશિર. 8. a subdivision:પ્રકરણ;ભાગ.*From* **h**.*to foot*,through out;completely:સર્વાંગે; નખશીખ;શિખાપર્યંત.**H**.*& ears*, deeply; completely:તદ્દન;ઠેક; તમામ;બિલકુલ; નખશિખ. **H**.*or tail*,:આ બાજુ કે પેલી બાજુ; આમ કે તેમ.**H**.*wind*.: પ્રતિકુળ પવન. *To lay* **h**.s *together*,to consult;-ની સલાહ લેવી;-ની સાથે મસલત કo; એકઠા મળી વિચાર કo.*To lose one's* **h**.,to lose presence of mind:સમયસુચકતા જતી રહેવી;દિગ્મૂઢ બની જવું. *To make* **h**. *or to make* **h**. *against*, to resist with success:-ના સામા માથું ઉંચકવું-ઉઠાવવું; -ની સામા થવું.*a*.Principal;chief;first:પ્રથમ;મુખ્ય; પ્રધાન; શ્રેષ્ઠ.*vt*.1.To lead;to direct:આગેવાન;સરદાર-નાયક-નેતા હોવું-થવું [માથું દરદ;માથું દુ:ખવું તે;શીરોવેદના.

Headache,(હેડ્'એક્)*n*. Pain in the head:મા-

Head-dress,(હેડ્'ડ્રેસ્)*n*.A covering for the head:માથાનું ઢાંકણ;પાઘડી;ટોપી;ફેંટો;ફાળીયું.

Heading,(હેડ્'ઇંગ્)*n*.1.Formation of a head: ગોટો બંધાવો તે.2.Title:મથાળું;સદર.

Head-land,(હેડ્'લૅન્ડ્)*n*.A cape:ભુશીર;ભુશલાક.

Head-long,(હેડ્'લૉન્ગ્) *adv*. With the head foremost:ઉંધે માથે;અધોમુખ.2.Rashly:વગર વિચારે.3.Hastily:ઉતાવળથી.

Head-master,(હેડ્'મૅસ્'ટર)*n*.Chief teacher: વડો મહેતાજી;નાયક ગુરૂ;ઉપરી માસ્તર;હેડમાસ્તર.

Head-piece,(હેડ્'પીસ્)*n*.1.Head: માથું.2.A cap of defence:રક્ષણ-બચાવને સારૂ ટોપી;શિરસ્ત્રાણ. 3. An engraved ornament at the head of a chapter:પ્રકરણને મથાળે મુકેલું ચિત્ર.

Headquarters,(હેડ્ક્વૉર્'ટર્ઝ્)*n*. *Pl*.Place of residence of any chief officer: મુખ્ય અધીકારીની રહેઠાણની જગ્યા.

Headsman,(હેડ્ઝ્'મૅન) *n*. An executioner, who cuts off heads:માથું કાપનાર;ચ ડાળ.

Headstall,(હેડ્'સ્ટૉલ્)*n*.That part,of a bridle which encompasses the head:શિરદામની; સરતારી;શિરડુવાલી

Headstrong,(હેડ્'સ્ટ્રૉન્ગ્)*a*. Not easily restrained;obstinate:દાબમાં રખાય નહીં તેવું.

Heady,(હેડ્'ઇ)*a*.Wilful;rash:ધુની;અવિચારી.

Heal, (હીલ)*vt*. To make hale; to restore to health:સારૂ-સાજું કo;રોગ મટાડી દેવો.

Healing,(હીલ્'ઇંગ્)*a*.Tending to cure;soothing:ચેહેન વળી જાય એવું.

Health,(હેલ્થ)*n*. The state of being sound in body, mind or soul:તંદુરસ્તી. *To drink a* **h**.:ફલાણો સુખી અને આરોગ્ય રહો એમ કહીને દારૂનો પ્યાલો પીવો.

Healthful,(હેલ્થ્'ફુલ)*a*.Full of health; healthy:કુશળ;નિરામય;નિરોગી;આરોગ્ય;તન દુરસ્ત.

Healthy, (હેલ્થ્'ઇ)*a*.Hale:આરોગ્ય.

Heap,(હીપ્)*n*.A pile or mass:ઢગ;ઢગલો;ગંજ.*vt*. To lay up:ભેગું કo. [ઢગલાબંધ;ઢગબંધ.

Heapy,(હીપ્'ઇ)*a*.Lying in heaps:ઢગલામાં પડેલું;

Hear, (હીર્)*vt*.1.To perceive by the ear:સાંભળવું.2.To listen to:કાને ધરવું;માનવું.

Hearer,(હીર્'અર્)*n*.One who hears;an auditor:સાંભળનાર;શ્રોતા

Hearing,(હીર્'ઇન્ગ્)*n*.1.The faculty by which sound is perceived:સાંભળવાની શક્તી.2.A session of a court for considering proofs and determining issues::સુનાવણી;રજુઆત.

Hearken,(હાર્ક્'ન્) *vi*.To listen:સાંભળવું;કાન ધરવા;કાન દઈ સાંભળવું;મનદઈ સાંભળવું.

Hearsay, (હીર્'સે)*n*. Report;rumor;common talk:ગપાટો;બૂમ;વાત;કોઇને મોઢે સાંભળેલી વાત કર્ણપરંપરા. **H**.*evidence*:કંઇ પણ બીના બીજાને મોઢેથી સાંભળેલી હોય તે કહી બતાવવી તે પુરાવો.

Hearse,(હર્સ)*n*.A carriage for conveying the dead to the grave: મુડદાની-જનાજાની ગાડી: શબવાહિની *vt*.To inclose in a hearse:મુડદાને ગાડીમાં ઘાલવું;કબર કo.

Heart, (હાર્ટ્)*n*.1. A hollow muscular organ which,by contracting rhythmically keeps up the circulation of the blood: રક્તાશય;હૃદય;હૃદયકમલ.2.The seat of the affections or sensibilities:હૈયું.3.The part nearest the middle or center;the center of activity:વચલો ભાગ.4.Courage;spirit:હિંમત.5.Secret meaning:મનની વાત.*After one's own* **h**.:પોતાની વૃત્તિ-ઇચ્છાનુસાર.*For my* **h**.,for my life:મારી જીંદગી ખાતર.*Out of* **h**.,discouraged નિરાશ;નાઉમેદ;આશાભંગ.*To have at* **h**.,to desire earnestly:-ને માટે તલસવું.*To lose one's* **h**.,to fall in love પ્રીતિમાં પડવું.*To set the* **h**.,*at rest*:નિશ્ચિંત-નિરાંતે બેસવું.*To take to* **h**.,to grieve over:-ની કાળજીફિકર ચિંતા રાખવી;હૈયે ધરવું.*To one's* **h**.,*'s content*:પેટપુર ધરાઇને.

Heart-ache,(હાર્ટ્'એક્)*n* Sorrow:દીલગીરી.

Heart-break,(હાર્ટ્'બ્રેક્) *n*. Crushing sorrow or grief:અત્યંત શોક-ઉદાશી;હૃદય ફાટવા જેટલું દુ:ખ.

Heart-burn,(હાર્ટ્'બર્ન્)*n*. An uneasy,burning sensation in the stomach, often attended with an inclination to vomit:દાહ;તિક્ષ્ણાગ્નિ.

Heart-burn-ing,(હાર્ટ્'બર્નિંગ્)*n*.1. Same as heart-burn:તિક્ષ્ણાગ્નિ.2.Discontent:અસંતોષ.

Heart-felt,(હાર્ટ્'ફેલ્ટ્)*a*. Hearty:ઘણુંજ લાગેલું.

Hearth, (હાર્થ્)*n*.1.The floor of a fireplace: તાપણીની જગા;સગડી. **H**.*money*. **H**.*penny* ચુલા દીઠ વેરો;ચુલાવેરો.

Hearti-ly,(હાર્ટ્'ઇલિ)*adv*.1.With all the heart; with sincerity: ખરા મન જીગર દીલથી. *To eat* **h**.to eat freely:ધરાઈને સારી પેઠે જમવું.

Heartiness,(હાર્ટ્'ઇનેસ્)*n*.The quality of being hearty:ખરું દીલ;આસ્થા;ખરો ભાવ.

Heartless,(હાર્ટ્'લેસ્)*a*.1.Without a heart:હૃદયરહિત 2.Spiritless:હિંમત વિનાનું.

Heart-piercing,**Heart-rending**,(હાર્ટ્'-પીઅર્સિન્ગ્;હાર્ટ્'-રેન્ડિંગ્) *a*. Causing intense grief:હૃદયભેદક;કાળજું વીંધી નાંખે એવું.

Heart-sick,(હાર્ટ્'સિક્)*a*. Sick at heart:ખિન્ન.

Hearty, (હાર્ટ્'ઇ)*a*.1. Warm:નિષ્કપટી;અંત:કરણ પૂર્વક.

Heat,(હીટ્)*n*. 1. A force in nature which is recognized in various effects but especially in the phenomena of fusion and evaporation:અગ્નિ. 2. The sensation caused by the influence of heat when excessive:ગરમી;ઉષ્ણતા.3.A single complete operation of heating,as in a furnace:તાપ;આંચ.4. Agitation of mind:ગુસ્સો.5.Fermentation: ઉભરો. *vi*.1. To grow warm or hot by the action of fire:ઉનું થવું.

Heath,(હીથ્)*n*.1.(*a*)A low shrub with minute evergreen leaves,and handsome clusters of pink flowers:ઝીણા પાંદડાવાળો એક નાનો છોડ.

Heathen,(હીધન્)*n*.1. A pagan;an idolator: મૂર્તિપૂજક.*a*.Pagan:અસદ્ધર્મનું;મૂર્તિપૂજનનું.

Heathen-ish,(હીધનિશ્)*a*.1.Of or pertaining to the heathen:મૂર્તિપૂજક લોકનું.

Heathen-ism,(હીધ'નિઝમ)*n*.1.Idolatry:paganism:મૂર્તિપૂજા. [heat:ગરમ કરવું;ઉનું કરવું.

Heating,(હીટ્'ઇન્ગ્)*a* That which imparts

Heave,(હીવ્)*vt*.1.To lift,to raise:ઉચકવું;ઉપાડવું. 2. To force from the breast:છાતીમાંથી પરાણે કાઢવું.3.To cause to swell:ઉપાડવું.*n*.An effort to raise something:કંઈ પણ વસ્તુ ઉચકવાનો પ્રયત્ન-કોશીશ.

Heaven, (હેવ્'ન્) *n*. 1. The sky:આકાશ; ગગન. *Voice from* **h**.:આકાશવાણી. 2. The dwelling place of the Deity:સ્વર્ગ.3.God:પરમેશ્વર.

Heaven-ly,(હેવ્'ન્લિ)*a*. Peartaining to, heaven:આકાશનું;ગગનસ્થ,સ્વર્ગીય.

Heaven-ly-mind-ed, (હેવ્'ન્લિમાઇન્ડેડ્) *a*. Godly:જેને પરલોકનોજ વિચાર છે એવું;પરમાર્થનિષ્ટ.

Heaves,(હીવ્ઝ્)*n*.A disease of horses characterized by difficult breathing: ઘોડાથી શ્વાસ લેવાતો નથી તે દરદ.

Heavi ly,(હેવિલિ)*adv*.1 In a heavy manner: ભારે;ઘણુંજ;પુષ્કળ.2.Sorrowfully:દુ:ખે;દુ:ખથી; ઉદાસીથી.

Heavi-ness,(હેવિનેસ્)*n*.The state of being

heavy,weight;sadness:ભાર;બોજો;ઉદાસી.

Heavy,(હેવિ) *a.* Having the heaves: જેનાથી શ્વાસ લેવાતો નથી તે દમવાળું.

Heavy,(હેવિ)*a.*1.Lifted with labour; ponderous:ભારે; વજનદાર; મહા મહેનતે ઉચકાય તેવું. 2. Slow;dull:સુસ્ત;નિસ્તેજ. 3.Strong:મજબુત. 4. Loud:મોટું.5.Dark with clouds;gloomy:ઘનઘોર.6.Pregnant[*R.*]:ભારેવાઇ.

Heb-domad-al,(હેબ્ડૉમ્‌અૅડલ્)*a.* [L.*Hebdodalis.* Gr. *hebdomat,* seven days.]Weekly: સાત સાત દહાડાનું; સાપ્તાહિક; દરઅઠવાડિયાનું.

Hebe-tude, (હેબ્‌ઇટ્યૂડ્)*n.* [L.*hebevde.*]Dullness:સુસ્તી;મંદપણું; જડપણું આળસ.

He-braic,(હીબ્રેઇક)*a.*[Gr.*ebraios.*]Pertaining to Hebrews or to the Hebrew language: યાહુદી લોકોનું;યાહુદી ભાષાને લગતું.

Hebrew,(હીબ્રૂ)*n.*[L.*Hebraeul.*]1.An Israelite;a jew: યાહુદી. 2. The language of the Hebrews:યાહુદી ભાષા. *a.*Of,or pertaining to the Hebrews:યાહુદી લોક સંબંધિ.

Heca-tomb,(હેકટૂમ્)*n.*[Gr.*hekaton,*a hundred and *bous,* an ox.] A sacrifice of a hundred oxen or cattle at the same time:શતપશુયાગ.

Hectic,(હેક્‌ટિક)*a.*[Gr.*hexis;*a habit of body or mind.]Habitual; constitutional:પ્રકૃતિ-બંધારણને લગતું-નિંનું.*n.*Hectic fever:ક્ષયના રોગથી આવતો તાવ.

Hector,(હેક્‌ટર્) *n.* A turbulent fellow:ધાંધલિયો;સતાવનાર;છેડનાર.*vt.*To threaten:દમ દેવો.

Hedge, (હેજ્)*n.*A thicket of bushes:વાડ H. *marriage,*a secret marriage:છુપું લગ્ન. *vt.* To inclose or separate with a hedge:વાડ ક૦.

Hedge-row,(હેજ્‌રો)*n* A row of shrubs planted for inclosure: બે ખેતરની વચ્ચે વાવેલા છોડની વાડ.

Heed,(હીડ્)*vt.*To mind:ધ્યાન આપવું.*vi.*To mind; to consider:ધ્યાન આપવું દેવું,વિચારવું. *n.* Attention:ધ્યાન.

Heedful,(હીડ્‌ફુલ્)*a.*Attentive:સાવધ.

Heedless,(હીડ્‌લેસ્)*a.*Inattentive:બેદરકાર.

Heel,(હીલ્)*vi.*To lean to one side,as a ship: નમવું;વળવું.*n.*1.The hinder part of the foot: એડી.2.The hinder part of any covering for the foot,as of a shoe,sock,etc.:જોડા,મોજા વિગેરેની એડી.*To be at the* h-s *of,*to pursue closely:ની લગોલગ પછવાડે જવું. *To be down at the* h.: ગરીબ સ્થિતિમાં હોવું. *To take to the* h.s,to flee; નાશી જવું.

Hegi-ra,(હીજ્‌ઇરે)*n.*The flight of Mohammed from Mecca,September 13,A.D.622:મહમદ પેગંબરનું તા.૧૩મી સપ્ટેંબર સને ૬૨૨ માં મક્કામાંથી પલાયન તે દિવસથી હીજરી સન ચાલે છે.

Heifer,(હેફ઼અર્)*n.*A young cow:વાછરડી;વાછડી.

Heigh-ho,(હાઇહો)*Interj.*An exclamation of surprise,joy:અહા.

Height,(હાઇટ્)*n.* 1. The condition of being high;elevated position:ઉંચી જગ્યાએ હોવું તે.2. Altitude:ઉંચાઇ.3.A hill:ટેકરી. 4. Grade; degree:દરજ્જો.5.Utmost degree in extent:ભરપૂર જોર. [ક૦.2.To advance:વધારવું;વૃદ્ધિ ક૦.

Heighten,(હાઇટ્‌ન)*vt.* 1.To make high:ઉંચું

Heinous,(હેનસ્)*a.*Atrocious:ઘોર;અતિ પાપી.

Heir,(એર્)*n.*[L.*heres.*]One who inherits any property after the death of its owner:વારસ. **H.***apparent to the throne:*યુવરાજ;પાટવી કુંવર; ટિકાટ **H.***presumptive:*જો કોઇ વધારે પાસેના સગાનો જન્મ થાય તો તેના વારસાનો હક ડુબે તેવા વારસ.

Heiress,(એર્‌એસ્)*n.*A female heir:સ્ત્રી વારસ.

Heir-less,(એર્‌લેસ્)*a.* Destitute of an heir: ના વારસી;બીન વારસી.

Heir-loom (એર્‌લૂમ્)*n.*Any piece of personal property that has been in a family for several generations:વારસામાં મળેલું રાચરચીલું.

Heirship,(એર્‌શિપ્)*n.* Right of inheriting: વારસાપણાની સ્થીતિ;વારસો;ધનાધિકાર. [પિરેલું.

Held,(હેલ્ડ્)*Imp & p.p.*of **Hold.**:પકડેલું;પકડયું;

Heli-o-scope,(હીલિઓસ્કોપ્)*n.*1.A telescope for viewing the sun:સૂરજ જોવાનું એક દુરબિન.

Helix,(હીલિક્સ્)*n.pl.*L. **Helices.** E. **Helixes.** The incurved margin or rim of the external ear:પેચ;ગોળ ફેરાવો;આંટો.

Hell,(હેલ્)*n.*1. (*a*) The place of the dead or of souls after death,the abode of evil spirits:યમલોક (*b.*)The regions below:પાતાલ. 2. The place or state of punishment of the wicked after death:નરક.

Hellish,(હેલ્‌ઇશ્)*a.*Infernal:નરક સંબંધિ.

Helm,(હેલ્મ્)*n.*1. The apparatus by which a ship is steered:સુકાન.*vt.*To steer;to direct: હંકારવું. [શીરસ્ત્રાણના આકારની ઉંચી ટોપી.

Helmet,(હેલ્મ્‌એટ્)*n.* A helmet-shaped hat:

Helmsman,(હેલ્મ્ઝ્‌મૅન)*n. pl.* **Helmsmen.** The man at the helm;a steersman:સુકાની.

Help,(હેલ્પ્)*vt.* 1. To aid;to assist:મદદ આપવી. 2.To furnish with relief,as in pain or disease:ને મદદ-સહાય ક૦.3.To prevent;to hinder: અટકાવવું.4.To forbear;to avoid:વગર ચાલવું-રહેવું.

Helper,(હેલ્પ્‌અર્)*n.*One who,or that which, helps,aids,assists or relieves:સહાય-મદદ કરનાર.

Helpful,(હેલ્પ્‌ફુલ્)*a.*Giving aid:સહાયકારી.

Helpless,(હેલ્પ્‌લેસ્)*a.*1.Destitute of help or strength:બિચારું;લાચાર. 2. Beyond help:જેનો ઇલાજ ન થાય એવું.

Helpless-ness,(હેલ્પ્‌લેસ્‌નેસ) *n.* State of be-

ing destitute of help:પરાધીનતા;લાચારી.

Helpmate-meet,(હેલ્પ્'મેટ્-હેલ્પ્મીટ્)*n.*A helper;a companion:મદદ કરનાર સોબતી.

Helter-skelter,(હેલ્'ટર્-સ્કેલ્'ટર)*adv.*In hurry and confusion:અનિયમીત રીતે;આમતેમ.

Helve,(હેલ્વ્)*n.*The handle of an axe:કોહાડીનો હાથો.*vt.*To furnish with a helve:કોહાડીને હાથો ઘાલવો.

Hem,(હેમ્)*n.*1.The edge or border of a garment or cloth:લુગડાની કીનારી.*vt.*1.To form a hem or border to:-ની કોરણ-ઝુલ કર.2.To surround:ઘેરી લેવું.

He-ma-tolo-gy,(હીમેટોલ્'ઑજી)*n.*The science which treats of the blood: રક્ત વિદ્યા.

Hemi-cra-ny,(હે'મિક્રેનિ)*n.*Pain affecting half the head:આદ્દાસીસી.

Hemi-ple-gy,(હે'મિપ્લીજી)*n.* Palsy affecting one side:પક્ષાઘાત;પક્ષવાત.

Hemi-sphere,(હે'મિસ્ફીર્)*n.*[Gr.*Hemi*,half & *sphere.*]1.A half sphere:અર્ધગોળ, ગોળાર્ધ.

He-mi-spheric,-al, (હેમિસ્ફે'રિક્-કેલ્)*a.* Pertaining to,a hemisphere:અર્ધ ગોળાકાર.

Hemi-stich,(હે'મિસ્ટિક્)*n.*[Gr.*hemi*&*stichos*, a row or line.]Half a poetic verse or line: કવિતાની અરધી લીટી;ન્યૂન ચરણ.

Hemorr-hage,(હી'મૉરેજ્)*n.*[Gr.*haima*,blood & *rhegnymi*, I burst through.] Any discharge of blood:રક્ત ફાટવાથી લોહીનું વહેવું તે.

Hemorr-hoids,(હી'મૉરૉઇડ્ઝ્) *n.* [Gr. *haima* &*rheo*,I flow.]Piles;emerods:હરસ;હરસનોરોગ.

Hemp,(હેમ્પ્)*n.* [L.*cannabis.*]1.(*a*) A plant: સણનો છોડ.(*b*)Cannabis sativa:ભાંગ.

Hempen,(હેમ્પ્'ન્)*a.*1.Made of hemp:સણનું બનાવેલું.2.Like hemp:શણના જેવું.

Hen,(હેન્)*n.*[L. *cano*, I sing.]The female of the domestic fowl:મરઘી;કુકડી.

Henbane,(હેન્'બેન્)*n.* A plant:ખુરાસાની ભાંગ.

Hence,(હેન્સ્)*adv.*1.From this place:અહિંથી; આ જગાએથી. 2. From this time:આ વખતથી. 3.From this reason,as an inference or deduction:આ કારણથી.*Hence is used in the sense of* go away,depart:ચલ;નિકલ;બહાર જા.

Hence-forth,-forward,(હેન્સ્ફોર્થ્ હેન્સ્'ફૉરવર્ડ્)*adv.*From this time forward:હવે પછી.

Henchman,(હેન્ચ્'મેન્)*n.pl.***men.**An attendant;a servant; a follower: ખીજમતદાર; ચાકર; અનુચર.

Hen-coop, (હેન્'કૂપ્) *n.* A coop or cage for hens:પાંજરૂં.

Hende, (હેન્ડ્)*a.* 1. Skilful:ચંચળ; હુશીયાર. 2. Friendly;gentle:નમ્ર;માયાળુ;સભ્ય.

Hen-heart-ed,(હેન્-હાર્ટેડ્)*a.*Cowardly:બાયલો.

Hen-pecked, (હેન્'પેક્ટ્)*a.*One subjected to petty or annoying attempts to rule: સ્ત્રીનો મારેલો તાબેદાર;સ્ત્રી-વશ;સ્ત્રીવશવર્તી.

Hen-roost,(હેન્'રૂસ્ટ્)*n.* A place where hens roost:મરઘાં વગેરે પાળેલાં પક્ષીનો ખડો.

He-patic,-cal, (હીપૅટ્'ઇક્,-હીપૅટ્'ઇકલ્)*a.*[Gr. *hepar*,the liver.]1.Resembling the liver in color or in form:રંગ કે આકારમાં કાળજાના જેવું.

Hepta-chord,(હેપ્'ટકૉર્ડ્)*n.*1.(*a*)A system of seven sounds:સપ્તસ્વર;સારીગમ.

Hepta-gon,(હેપ્'ટૅગૉન્) *n.* [Gr. *hepta*, seven *gonia*, an angle.] A plane figure of seven sides and seven angles: સાત ખુણાની આકૃતિ.

Heptarch-y,(હેપ્'ટાર્કિ) *n.* A government by seven persons:સપ્ત રાજસત્તાક દેશ.

Her,(હર્)*Pron* & *a.*The form of the objective and the possessive case of the personal pronoun she:તેણીને-નું;તેને-નું.

Herald,(હે'રેલ્ડ્)*n.* 1. An officer whose business was to denounce or proclaim war,to proclaim peace,and to bear messages from the commander of an army: ઢંઢેરો પીટનાર અધિકારી;રાજદૂત. 2.Any messenger:સંદેશો લઈ જનાર.*vt.*To proclaim:આગળથી ખબર આપવી.

Herald-ry,(હે'રૅલ્ડ્રિ)*n.* The art or office of a herald;the art,practice or science of recording genealogies, and blazoning arms or ensigns armorial: ઇંગ્લાંડના 'હેરલ્ડ' અધિકારીનો હોદ્દો-હુનર;ઇંગ્લાંડના અમીરોની વંશાવળી રાખવી તથા તેઓના આયુધ ચિન્હોના અર્થ સમજવાની વિદ્યા.

Herb,(અર્બ્)*n.* [L. *herba.*]1. A plant whose stem does not become woody and permanent,but dies:વનસ્પતિ;ઔષધિ.2.Grass:ઘાસ.

Herb-aceous,(અર્બે'શસ્) *a.* Of or pertaining to the herbs:ઓસડ-ઝાડવાંનું;ઔષધિ વિષયક.

Herbage, (અર્બ્'એજ્)*n.*1 Herbs:ભાજીપાલો.

Herbal,(અર્બ્'ઍલ્)*a.*Of,or pertaining to the herbs: ઝાડવાં-ભાજીપાલા સંબંધિ. *n.* 1. A book containing the names and descriptions of plants:ઔષધ સંગ્રહ.

Herbal-ist,(અર્બ્'ઍલિસ્ટ્)*n.*One skilled in the knowledge of plants:ઔષધિ-વનસ્પતિવેત્તા.

Her-barium,(અર્બે'રિઅમ્)*n.*1.A collection of dried specimens of plants:વનસ્પતિસંગ્રહ.2.A book or case for preserving dried plants: સુકી વનસ્પતિ જાળવી રાખવાની ચોપડી.

Herbid,(અર્બ્'ઇડ્)*a* Covered with herbs: વનસ્પતિ-ભાજીપાલાથી ઢંકાયેલું.

Her-cule-an,(હર્ક્યૂ'લીઍન)*a.*[L.*hercules*,Hercules.]1. Very great,difficult:મહા કઠણ. 2. Having extraordinary strength: અદ્દભુત જોરૂ-બળવાળું.

Herd,(હર્ડ્)*n.*A number of beasts assembled together:પશુઓનું ટોળું.*vt.*1.To unite or asso-

ciate in a herd:ટોળાબંધ રહેવું.2.To act as a herdsman:ભરવાડનું કામ કર.

Herdsman,(હર્ડ્ઝ્'મૅન્)*n.pl.***men**.The owner or keeper of a herd or of herds:ભરવાડ.

Here,(હીર્)*adv.*1.In this place:અહિંઆં. 2.In the present life or state: આ લોકમાં આ દેહે. 3.In this point of time:હમણાં.

Here-abouts,(હીર્'ઍબાઉટ્સ્)*adv.*1. About this place;in this vicinity:આટલામાં.

Here-after,(હીરઍફ્'ટર્)*adv.*In time to come: હવે પછી;પરલોકમાં;અતઃપર.

Here-at,(હીરૅટ્')*adv.*At,or by reason of this: એને લીધે. [ઉપરથી; આને લીધે.

Here-by,(હીર્-બાઇ')*adv.*By means of this:આ

He-redi-ta-ment,(હીરેડ્'ઇટમેન્ટ્)*n.*Any species of inheritable property:વારસો.

He-redit-a-ry,(હીરેડ'ઇટરિ) *a.* [L.*heres*,heir.] Descended,or capable of descending from an ancestor to an heir-at-law:વારસામાં મળેલું;વડિલો પાર્જીત;વડિલ પરંપરાગત.

Here of, (હીરૉફ્') *adv.* Of this; concerning this;hence:એમાંથી;આનું;આને લગતું.

Here-on,(હીર્-ઑન્')*adv.*Hereupon:એ ઉપરથી.

He-resi-arch,(હેરી'સિઆંર્ક્) *n.* [Gr.*heresy* & *archos*,chief.]A leader in heresy;the chief of a sect of heretics:પાખંડ મત ચલાવનાર.

Here-sy,(હે'રેસિ)*n.Pl.***Heresies**.[Gr.*haireo*, to take.]An opinion held in opposition to the established doctrine:પાખંડમત.2.Heterodoxy:પાખંડમત.3.An offence against Christianity:ખ્રિસ્તી ધર્મની વિરૂદ્ધ થવાનો ગુન્હો.

Here-tic,(હે'રેટિક્)*n.*[Gr.*hairetikos*.]One who holds to a heresy:પાખંડ મત માનનાર.

He-retic-al,(હેરેટ્'ઇકલ્)*a.*Containing heresy; of the nature of heresy:પાખંડ મત સંબંધિ.

Here-to fore,(હીર્-ટુ ફોર્')*adv.*Upto this time hitherto;before,in time past:આજસુધી;પહેલાં.

Here-un-to, (હીર્અન્ટૂ')*adv.* Upto this;upto this time;hereto:આ ઉપરથી;આ વખત સુધી.

Here-with,(હીર્વિથ્')*adv.*With this:આ સાથે

Herit-a-ble,(હે'રિટબલ્)*a.*Capable of being inherited:વારસામાં મળે એવું. [ted:વારસો.

Herit-age,(હે'રિટેજ્)*n.*That which is inheri-

Her-maphrod-ite,(હર્મૅફ્'રોડાઇટ્)*n.* [L.*hermaphroditus*.]An individual which has the attributes of both male and female:હિજડો; પાવૈયો;નપુંસક;શંઢ.

Her-metic,-cal,(હર્મેટ્'ઇક્-હર્મેટ્'ઇકલ)*a.* Of, or pertaining to the system which explains the causes of diseases and the operations of medicine on the principles of the hermetic philosophy:ત્રિભુતશાસ્ત્ર સંબંધિ.

Hermit,(હર્'મિટ્)*n.*[Gr.*eremos*,solitary.] A recluse;an anchoret:સન્યાસિ;એકાંતવાસી;વાનપ્રસ્થ.

Hermit-age,(હર્'મિટેજ્)*n.*The habitation of a hermit;a secluded residence:આશ્રમ;પર્ણકુટી.

Herni-a,(હર્'નિઍ)*n.pl.***Hernias**. A protrusion consisting of an organ or part which has escaped from its natural cavity and projects through some natural or accidental opening in the walls of the latter:આંતરડું;ગોળીમાં ઉતર્યાથી થતું દરદ; અંતર્ગળ;અંત્રવૃદ્ધિ.

Hero,(હી'રો)*n.pl.***Heroes**.[L.*heros*.]1.A prominent or central personage in remarkable action or event:વીરપુરૂષ; ભટ;શુર. 2. The principal personage in a poem, story, and the like:નાયક.

He-roic,-cal,(હીરૉ'ઇક્-હીરૉ'ઇકલ્)*a.* 1. Of, or pertaining to a hero:વીરપુરૂષોના જેવું.2.Bold: બહાદુર.*Heroic poetry*,epic poetry:વીરરસ કથા.

He-roic-al-ly,(હીરૉ'ઇકલિ) *adv.*Bravely;boldly:પરાક્રમથી;બહાદુરીથી.

Hero-ine,(હે'રોઇન્)*n.*[L. *heroina*.] A woman of an heroic spirit:પરાક્રમી સ્ત્રી;વીરાંગના.

Hero-ism,(હે'રોઇઝમ્)*n.*The qualities characteristic of a hero:અમીરાઈ;શુરવીરપણું;શુરત્વ.

Heron,(હે'રન્)*n.*Any wading bird:બગલું;કંક.

Herpes,(હર્'પીઝ્)*n.*[Gr.*erpein*,to creep.] An eruption of the skin:ખસ;ખુજલી;વરાળ;ખરજવું.

Herring,(હે'રિંગ્)*n.* One of various species of fishes:ટોળામાં રહેનારી માછલી.

Her-self,(હર્સેલ્ફ્')*pron.* 1.An emphasized form of the third person feminine pronoun: તે પોતે(સ્ત્રી).

Hesi-tan-cy,(હે'ઝિટન્સિ)*n.*Slowness in deciding;vacillation:વિચારનું અસ્થિરપણું;અદૃઢતા.

Hesi-tate,(હે'ઝિટેટ્)*vi.*[L.*haereo*,I hang.] To stop or pause respecting decision or action:આંચકો ખાવો;ખમચાવું;અચકાવું;આનાકાની કર.

He-si-tation,(હેઝિટે'શન્) *n.*1.Suspension of opinion or action;doubt:ઢચુપચુ;આનાકાની.

Hes-peri-an,(હેસ્પી'રિઅન્)*a.*[L.*hesperus*,the evening star.]Western;accidental:પશ્ચિમનું-*n.*A native of a western country:પશ્ચિમ તરફના મુલક-રાજ્યનો રહેવાસી.

Hete-ro-dox,(હે'ટરોડોક્સ્)*a.* [Gr. *heteros*,another and *doxa*, a notion.] Not orthodox; heretical:પાખંડી;શાસ્ત્રવિરૂદ્ધ; કુમાર્ગગામી.

Hete-ro-do-xy,(હે'ટરોડૉક્સિ)*n.*Heresy:પાખંડ.

Hete-ro-gene-ous,(હે'ટરોજી'નીઅસ્)*a.* [Gr. *heteros* & *genos*,race.]Differing in kind;having unlike qualities:ભિન્નભિન્ન;જુદી જાતનું;વિગુણ.

Hew,(હ્યુ)*vt.*1.To cut with an axe:કાપવું;ચટવું.2.To form a shape with a sharp instru-

ment:હથિઆરથી કોતરી ઘાટ કાઢવો.

Hewer,(હ્યૂ'અર્)*n.*One who hews:કાપનાર.

Hexa-gon,(હેક્સ્'અૅગોન્)*n.*[Gr.*hex* six & *gonia*, an angle.] A plane figure of six sides and six angles:છ ખુણાવાળી આકૃતિ;ષટ્કોણાકૃતિ.

Hex-a-hedron, (હેક્સહી'ડ્રોન્)*n.*[Gr.*hex*,six & *hedra*,seat.]A solid body of six sides or faces:છ બાજુની આકૃતિ.

Hex-amet-er,(હેક્સૅમ્'એટર્)*n.*[Gr.*hex* & *metron*,a measure.] A verse of six feet:જેમાં છ ચરણ હોય છે એવો છંદ.

Hex-angu-lar,(હેક્સૅન્ગ્'યુલર્) *a.*Having six angles or corners:છ ખુણાવાળું.

Hey,(હે)*a.*High:ઉંચું. *interj.* An exclamation of joy,surprise: ખુશાલી-અચંબાનો પોકાર;શાબાશ.

Hi-atus,(હાઇએ'ટસ્)*n.pl.*E.*pl.***Hiatuses.**[L. *hio*,I open.]1.An opening:કાણું;બાકું. 2.The concurrence of two vowels in two successive words or syllables:સાથે સાથેના બે શબ્દમાંના દરેકમાં બે સ્વર હોય તે.

Hi-bernal,(હાઇબર્'નલ્)*a.*Wintry:શીઆળાનું.

Hi-bernate,(હાઇબર્'નેટ્)*vi* [L.*hibernus*,wintry.]To winter:શિયાળો ગાળવો.

Hiccough,-Hickup,(હિક્'પ્)*n.*A modified respiratory movement:વાચણી;હેડકી. *vi.* To have a hiccough:વાચણી આવવી.

Hicko-ry, (હિક્'ઓરિ)*n.* (*Bot.*) An American tree:અખરોટનું ઝાડ.

Hidden,(હિડ્'ન્)*p.p.*& *a.* from **Hide.** Concealed;put out of view;secret;સંતાડેલું;ગુહ્ય.

Hide,(હાઇડ્)*vt.*[*Imp.* **Hid** *p.p.* **Hidden**.]1. To conceal:સંતાડવું.2.To keep secret:છાનું રાખવું. 3.To shelter:આશ્રય આપવો. *To* **h.***one's self*,to put one's self in a condition:પોતાની જાતને સહિસલામત રાખવી.*To* **h.***the face*,to withdraw favor:-ના ઉપર રહેમ નજર ન કરવી;મ્હોં છુપાવવું.*vi.*To lie concealed:સંતાઇ જવું. *n.*1.The skin of an animal:કોઇ પશુની ચામડી.**H.**& *seek*:સંતાકુકડી;હાદીનો ઘોડો.

Hide-bound,(હાઇડ્'બાઉન્ડ્)*a* Having the skin closely bound to the body as in animals: શરીરને ચોટી રહી હોય એવી ચામડીવાળું.

Hide-ous,(હિડ્'ઇઅસ્)*a.*[L.*hispidus*,rough.]1. Frightful:વિકરાળ. 2.Offensive to the eye:જે સાંભળવાથી ભય બીક લાગે એવું.3.Hateful:ધિક્કારવા લાયક. [ઉતાવળ કરવી. *n.*Haste:ઉતાવળ.

Hie,(હાઇ)*vi.*[A.S.*higian*,to hasten.]To hasten:

Hier-arch-y,(હાઇ'અર્આર્કિ)*n* [L.*Hieros* sacred & *arche*,rule.]1. Authority in sacred things:ધર્મ સંબંધિ મુખ્ય અધિકાર. 2.A body of ecclesiastical rulers : ધર્માધિકારી. 3. A form of government of church:ખ્રિસ્તી દેવળનો કારભાર કરવાની પદ્ધતિ.

Hier-o-glyphic,(હાઇ'અરોગ્લિફ્'ઇક્)*n.*1.A character in picture writing:ચિત્રે પદ્ધતી-લિપિ.

Hi-er-ogra-phy,(હાઇઅરૉગ્'રફિ)*n.* [Gr.*hieros*, sacred & *grapho* I write.]Sacred writing: ધર્મ કે પવિત્ર વસ્તુ સંબંધિ લખાણ.

Hier-o-phant,(હાઇ'અરોફૅન્ટ્)*n.*One who teaches duties of religion:મુખ્ય ધર્માધિકારી.

Higgle,(હિગ્'લ્)*vi.*1.To hawk provisions:ફરીફરીને ખોરાક વેચવો. [ઠરાવનાર;ભાંજગડ કરનાર.

Higgl-er,(હિગ્'લર્)*n.* One who higgles:ભાવ

High,(હાઇ)*a.* 1.Lofty;tall:ઉંચું. 2.Distinguished:નામાંકિત.3.(*a*) Preeminent; honorable: ઉંચું(*b*)Dignified: વિખ્યાત.(*c*)Of noble birth: અમીરી.(*d*) Difficult to comprehend:સમજી ન શકાય એવું.(*e*)Costly:મોંઘું.(*f*)Acute or sharp: તિક્ષણ;તિવ્ર;ઉંચો.**H.***and dry*: પાણીની બહાર **H.** *life*:શ્રીમંતાઇ;અમીરી.**H** *tide*,the greatest flow of the tide:આવી રહેલી ભરતી. *High treason*: રાજદ્રોહ. *With a high hand*,(*a*)in force: બળ સાથે.(*b*)In an overbearing manner:જુલમથી.

High-born,(હાઇ'બૉર્ન્)*a.*Of noble birth:ઉંચા કુળનો;ખાનદાન;કુલીન;જાતવાન.

High-fli-er, (હાઇ'ફ્લાઇઅર્)*n.*One who is extravagant in pretensions:અમર્યાદ વિચાર ધરાવનાર;દાંભિક.

High-flown,(હાઇ-ફ્લોન્)*a.*1.Elevated;proud:ઉંચું;મોટું.2.Turgid;extravagant:અમર્યાદ.

High-hand-ed, (હાઇ'હૅન્ડેડ્) *a.* Oppressive; arbitrary;violent:જુલમગારીનું;જુલમી;ઉદ્ધત.

High-land,(હાઇ'લૅન્ડ્)*n.*Elevated or mountainous land:પહાડી મૂલક; ઉચ્ચ પ્રદેશ.

Highly,(હાઇ'લિ)*adv.*Very much:બહુ;અતિ.

High-minded,(હા-ઇ'માઇન્ડેડ્)*a.*1.Proud:અભિમાની. 2.Magnanimous:ઉદાર મનનું.

Highness,(હાઇ'નેસ્)*n.*1.Elevation:ઉંચાઇ. 2. A title of honor given to kings:રાજાને અપાતો ઇલકાબ. [ખ્ય ધર્માધિકારી; દસ્તુર.

High-priest,(હાઇ'પ્રીસ્ટ્)*n* A chief priest:મુ-

High-souled, (હાઇ'સોલ્ડ્)*a.* Having a high or noble spirit;honorable:મહાત્મા; અતીવાળું.

High-sound-ing, (હાઇ'સાઉન્ડિંગ્) *a.* Pompous;noisy:કેવળ શબ્દગૌરવવાળું;ઇબદબાનું.

High-spirit-ed, (હાઇ'સ્પિરિટેડ્)*a.* Haughty; courageous;impetuous:અતીવાળું;બહાદુર;જબરત.

High-wa-ter,(હાઇ'વૉટર્)*n.*The utmost flow or greatest elevation of the tide:ભરતી.

High-way,(હાઇ'-વે)*n.*A main road:શરીઆમ-ધોરી રસ્તો;રાજ માર્ગ;બાદશાહી રસ્તો.

High-way-man,(હાઇ'-વે-મૅન્)*n.*Highway robber:શરીઆમ-રસ્તે લુંટનાર;વાટપાડ;ધાડપાડું.

High-wrought, (હાઇ'-રૉટ્)*a.* 1.Wrought

with fine art or skill:કે ચા દસ્તકાર-જાતનું બનાવેલું.

Hi-lari-ty,(હિલૅ'રિટિ)*n*.[L.*hilaritas.*] Boisterous mirth;merriment;jollity:ગમત;ખુશાલી.

Hilding,(હિલ્'ડિન્ગ્)*n*.A base,menial wretch: હલકો માણસ. *a.* Base:હલકો;નિચ.

Hill, (હિલ્)*n*. [L. *collis.*]1.An eminence less than a mountain:નાનો પહાડ;ડુંગર.

Hillock,(હિલ્'લૉક્)*n*.A small hill:નાનો ડુંગર.

Hilly,(હિલ્'ઇ)*a*.Abounding with hills: પહાડી.

Hilt, (હિલ્ટ્)*n*. A handle of a sword:મુઠ.

Him, (હિમ્)*pron*,The objective case of **he**: તેને; એને.

Him-self, (હિમ્સેલ્ફ્') *pron*. An emphasized form of the third person masculine pronoun:તે પોતે-જાતે.

Hind,(હાઇન્ડ્)*n*.The female of the red deer: સાબરી;મૃગલી. *a*.In the rear:પાછલું;પાછળનું.

Hinder,(હાઇન્ડ્'અર્)*a*.Of or belonging to that part or end which is in the rear:પાછલું-ળનું. *vt*. To keep back: રોકવું.

Hinder-ance-Hindra-nce,(હિન્'ડરૅન્સ્ હિન્'ડ્રૅન્સ્)*n*. The act of hindering:અટકાવ.

Hind-most,Hinder-most, (હાઇન્ડ્'મોસ્ટ્, હાઇન્ડ્'અર્મોસ્ટ્)*a*. Farthest; last:સહુથી પાછલું.

Hindoo,Hindu, (હિન્ડુ)*n*.A native inhabitant of Hindustan:હિંદુ; હિંદુસ્તાનનો રહેવાશી.

Hindu ism,(હિન્'ડુઇઝ્મ્)*n*.The religious doctrines and rights of the Hindoos:હિંદુધર્મ.

Hinge, (હિન્જ્)*n*. The hook with its eye,or the joint,on which a door gate etc. turns: મિજાગરૂં.*To be off the* **h.**,to be in a state of disorder:ગેરબંદોબસ્ત હોવો.*vt*.To attach with hinges: મજાગરા જડવાં.

Hint,(હિન્ટ્)*vt*.To suggest in an indirect manner:ચેતાવવું;સુચના કo. *vi*.To allude vaguely to something:મોઘમ રીતે જણાવવું.

Hip,(હિપ્)*n*. **1.** The haunch:કેડ-કમ્મરનું હાડું. *To catch upon the* **h.** *or to have on the* **h.**, to have or get the advantage of:-નો ફાયદો મેળવવો. *To smite* **h.** *and thigh*, to defeat utterly:તદન હરાવવું.

Hip-po-pota-mus,(હિપ્પૉપૉટ્'ઍમસ્)*n*. [Gr. *hippos*, a horse and *potamos*, a river.] A large, amphibious,mammal:જળઘોડો;સુસવાટ.

Hip-roof, (હિપ્'રૂફ્)*a*.A roof having angles: ખુણાવાળું છાપરૂં.

Hipshot,(હિપ્'શૉટ્)*a*. Having the hip dislocated:વાંકી-લચેલી કેડ-કમ્મરવાળું.

Hire,(હાઇર્)*vt*.**1**. To engage or purchase the service,labor,or interests of for a specific purpose, by payment of wages: ભાડે-રોજે રાખવું.**3.**To let:ભાડે આપવું.*n*.Wages:ભાડું.

Hireling,(હાઇર્'લિન્ગ્)*n*.One who is hired,or who serves for wages; a mercenary:મજુર.

Hir-sute,(હરસ્યુટ્)*a*. [L. *horridus*,horrid.]**1.** Rough with hair:જાડા-બરછટ વાળવાળું.

His,(હિઝ્)*pron*. **1**. Belonging to him:તેનું.**2.** The possessive of *he*:તેનું.

Hispid,(હિસ્'પિડ્)*a*. [L. *hispidus*.]**1**. Rough with bristles:કઠણ અને જાડા વાળવાળું;કંટાવાળું.

Hiss,(હિસ્)*vt*.1.To make with the mouth a prolonged sound like that of the letter '**s**': ફૂં-ફૂંફાડો કo. **2.**To make a similar noise by any means: સુસવાટે ચાલ્યા જવું. **3.** The noise made by a serpent:ફુંફાડો.

His-tori-an,(હિસ્ટૉ'રિઅન્)*n*.**1.A** writer of history;a chronicler;an annalist:ઇતિહાસકર્તા.

His-toric-al,(હિસ્ટૉ'રિક્-કૅલ્)*a*.Pertaining to history:ઇતિહાસરૂપ.

Histo-ri-ogra-pher, (હિસ્ટૉરિઑગ'રૅફર્) *n*. [Gr.*historia*,history & *grapho*,I write.]An historian;a writer of history:ઇતિહાસલખનાર.

History,(હિસ્'ટૉરિ)*n*.[Gr.*historia*,history.]**1.** A narrative;a description:તવારીખ;ઇતિહાસ. *Natural* **h**:સૃષ્ટિજન્ય પદાર્થોનું વર્ણન.

His-tri onic, (હિસ્ટ્રિઑન્'ઇક્) *a*. Befitting a theater;theatrical:નાટકના જેવું.

Hit,(હિટ્)*vt*. [*Imp.* & *p. p.* **Hit.**]**1.**To reach with a stroke:મારવું. **2.**To guess:ધારવું;અટકળ બાંધવી.*vi*.**1**:To clash:અફળાવું.*To hit on or upon*, to come to by chance:સુઝવું;જડવું. *n*. **1.**A striking against;a stroke that touches anything:ટચકો. **2.** A striking of the ball:દડાનો ફટકો;પ્રહાર.

Hitch,(હિચ્)*vi*.**1.**To be linked or yoked:જેરવાઈ ગુંચવાઈ-ફસાઈ પડવું.**2.**To hit the legs together in going: જતાં ચાલતાં પગ ભેગા અથડાવા. *vt*.**1**.To hook:ફસાવી પાડવું.*n*.A stop:એકદમ અટકવું તે;આંચકો.

Hither;(હિધ્'અર્)*adv*.[L.*citra*,on this side.]**1.** To this place:અહિં;આ જગ્યાએ.

Hither-most,(હિધ્'અરમોસ્ટ્)*a*.Nearest on this side:આ રસ્તે છેક પાસેનું.

Hither-to,(હિધ્'અર્ટુ) *adv*. **1**. To this place: આટલે સુધી.Up to this time:આજલગી.

Hither-ward,(હિધ્'અર્વર્ડ્)*adv*.Toward this place;hither:આણીગમ-તરફ.

Hitter,(હિટ્'અર્)*n*.One who hits:નિશાન તાકનાર.

Hive,(હાઇવ્) *n*. **1**. A place where bees live only:મધમાખીનો મધપુડો.

Hoar,-y, (હોર્-હોર્'ઇ) *a*. **1**. White or grayish white:ધોળું; આછા-ભુરા રંગનું.

Hoard, (હોર્ડ્)*n*. Hidden supply;a treasure: સંગ્રહ;સંચય.*vt*.To collect and lay up:સંગ્રહ કo.

Hoar-frost,(હોર્-ફ્રૉસ્ટ્)*n*. White frost:હીમ.

Hoarse,(હોર્સ્) *a*. **1**. Making a rough,harsh

cry or sound:ખોખરું;ભારે સાદાનું.

Hoarsely,(હોર્સ્ લિ)*adv.* With a harsh,grating sound or voice:કઠોર-ખોખરા-ભારે સાદાથી.

Hoax,(હોક્સ્)*n.*A deceptive trick:ઠગાઈ;મશ્કરી. *vt.*To deceive for sport:ઠઠ્ઠામશ્કરી ક૦;છેતરવું.

Hob, (હાબ્) *n.* **1.** The hub of a wheel:પૈડાની નાયડી. **2.**A fairy;a sprite;an elf:વનદેવી.

Hobble, (હૉબ્'લ્)*vi.* To walk lame:લંગડાતા ચાલવું.*vt.***1.**To hopple:લંગડાવવું.**2.**To perplex: ગુંચવવું. *n.*A limp:લંગડાની ચાલ.

Hobby,Hobby-horse, (હૉબ્'બિ,-હૉબ્'બિહૉર્સ્)*n.***1.**An ambling nag:મજબૂત ટટ્ટુ.**2** A subject or plan upon which one is constantly setting off:વહાલી વાત-વિષય.

Hob-goblin,(હૉબ્ગૉબ્'લિન્)*n.*A frightful goblin;an imp;a bugaboo:પિશાચ;ભૂત;ચોક્કર;રાક્ષસ.

Hockle, (હૉક્'લ્)*vt.* To hamstring;to hock; to hough:ઘુંટણના તળીઆની નસ કાપી લુલું ક૦.

Hocus-pocus, (હોકસ્-પોકસ્)*n.* **1.** A term used by jugglers in pretending incantations:છુમંતર;ધંતરમંતર;છાંછું;જંતરમંતર.**2.**A juggler:બાજીગર;જાદુગર.

Hod,(હૉડ્)*n.*A kind of woolen tray:એક જાતની ઉનની છાબડી.

Hodge-podge,Hotch-potch, (હૉજ્'પૉજ્-હૉચ્'પૉચ્)*n.*Medley:ખીચડી-ડો;પંચમેળ;સન્નિપાત.

Ho-di-ernal;(હૉડિઅર્નલ્)*a.* [L. *hodie*,to day.]Belonging to the present day:આજના દિવસનું.

Hoe,(હો)*n.***1.** A tool chiefly for digging up weeds and for loosening and arranging the earth about plants in fields and gardens:કોદાળી;પાવડો.*vt.*To cut,dig,with a hoe: પાવડાથી ખોદવું. *To hoe one's row*,to do one's share of a job:પોતાનું કામ બજાવવું.

Hog, (હૉગ્)*n.*A quadruped:સુઅર; સુકર;ડુક્કર.

Hoggish,(હૉગ્'ઇશ્)*a.* Gluttonous:અકરાંતિયું.

Hogshead,(હૉગ્સ્'હેડ્)*n.*An English measure of capacity,containing 63 wine gallons:૬૩ 'ગ્યાલન' દારૂનું માપ.

Hoiden,(હોઈ'ડન્)*n.*Clownish youth:ગમાર.

Hoist,(હૉઇસ્ટ્)*vt.* To raise:ઉંચું ચઢાવવું. *n.*The act of hoisting:ઉપર ચઢાવવું તે.

Hoity-toity,(હૉઈ'ટિ-ટૉઈ'ટિ)*a.* Thoughtless; giddy; flighty:ચાપલ;તુરંગી;છેલે ી;સ્વચ્છંદી.

Hold,(હોલ્ડ્)*vt.*[*imp.& p p.***held**.] **1.**To keep in grasp:ઝાલવું.**2.**To have;to possess;ની પાસેના કબજામાં હોવું.**3.**To restain:દાબમાં રાખવું.**4.**To carry on:જારી રાખવું. **5.**To receive & retain; to contain as in a vessel:માવું;સમાવું.**6.**To accept as an opinion:રાખી-વળગી રહેવું.**7.**To consider:ગણવું.**8.**To bear:રાખવું. *To* **h.** *forth*, to offer:બતાવવું.*To* **h.***in hand*,to have in one's power:પોતાની શક્તિમાં હોવું.*To* **h.***in play*,to keep under control:જાબમાં રાખવું.*To* **h.***off*,keep at a distance:દૂર-આધે રાખવું.*To* **h.***one's own*,not to fall off:પાછું નહઠવું.*To* **h.***one's peace*,to keep silence:ચૂપકી પકડવી.*To hold out*,to extend;to offer:આપવું.*vi.***1.**To continue to last:જારીરહેવું. **2.**To remain attached:વળગી રહેવું.**3.**To restrain one's self;to refrain:બંધ ક૦. **H.***on*;**h.** *up*,wait,stop:રાહ જુઓ.*To* **h.***off*,to keep at a distance:વેગળા રાખવું.*To* **h.***out*,to last: ટકવું.*n.* A fort;a castle:કીલ્લો;ગઢ.

Hold-fast,(હોલ્ડ્'ફાસ્ટ્) *n.*A catch; a hook;a clinch:(લોખંડનો)હુક.

Holding,(હોલ્ડ્'ઇન્ગ્)*n.***1.** The act or state of grasping:પકડવું-ઝાલવું તે.A tenure; a farm or other estate of another:બીજાની પાસેથી મળેલી જમીન.

Hole,(હોલ્)*n.***1.**A hollow place;a perforation: કાણું;બાકું.**2.**An excavation in the ground:દર; ખો.**3.**A mean habitation:અંધારી-સાંકડી કોટડી.

Holi-day,(હૉ'લિડે)*n.***1.** Consecrated day:પર્વ; તહેવાર.**2.**A day of exemption from labor,a festival day:રજાનો દિવસ.

Hollow,(હૉલ્'લો)*a.***1.**Not solid;excavated in the interior:પોલું. **2.**Deep:ઊંડો;ખોખરો. *n.*A hole:પોલાણ;બખોલ પાડવી.

Hollow-ness,(હૉલ્'લોનેસ્)*n.***1.**State of being hollow:પોલાણ. **2.**Insincerity:ઢગાઈ.

Holm, (હોલ્મ્ or હોમ્) *n.* A common evergreen oak:સદા લીલું રહે એવું એક જાતનું ઝાડ.

Holo-caust,(હોલો'કાસ્ટ્)*n.*[Gr.*holos*,whose & *haustos*,burnt.] A burnt offering:હોમ.

Holy,(હોલિ)*a.***1.**Hallowed;sacred:પવિત્ર અંતઃકરણનું.**H.***land*:પુણ્યક્ષેત્ર.**H.***father*:પોપનોઈલકાબ. **H.** *one*,the Supreme Being:ઈશ્વર;પરમેશ્વર.**H.** *rood*,the cross or crucifix:ખ્રિસ્તી ધર્મનું નિશાન. **H.***war*,a crusade:પાલેસ્ટાઇન લેવા યુરોપના લોકોએ કરેલી ચઢાઇ.

Homage,(હૉમ્'એજ્)*n.*[L.*homo*,a man]**1.**Profession of fealty to a sovereign: અભિવાદન-બિંદન,માન;પ્રણામ. **3.** Reverential worship: ભક્તિ.

Home,(હોમ્)*n.*One's own dwelling place:સ્થાન;ઘર. **2.** One's native land:સ્વદેશ. **3.** The grave:ગોર. *At*.**h.**, (*a*)at one's own house,or lodgings:ઘેર;ઘરમાં.(*b*)In one's own town or country:પોતાને સ્વદેશ-વતન.*To be at* **h.***on one's subject*, to be conversant or familiar with it:-નાથી જાણીતા હોવું.*To feel at* **h.**,be at one's ease:નિશ્ચિત હોવું-રહેવું.*To make one's self at* **h.**: ઘેર જેટલી સ્વતંત્રતા હોય તેના જેટલી બહાર વાપરવી.

Home-bred, (હોમ્'બ્રેડ્)*a.* **1.** Bred at home:

ગામડી;સ્વદેશી;દેશી.2.Not polished:સાદું;જંગલી.

Home-felt, (હોમ્'-ફેલ્ટ્)*a.*Felt in one's own breast;inward;private: દીલમાં લાગેલું;ખાનગી.

Homeless,(હોમ્'લેસ્)*a.*Destitute of a home: ઘરબાર વિનાનું-રહિત.

Homeliness,(હોમ્'લિનેસ્)*n.*Domesticity;care of home:ઘર-સ્વદેશની સંભાળ-દરકાર.

Homely,(હોમ્'લી)*a.*1.Domestic:ઘર કામનું. 2. Plain:સાદું.

Home-made,(હોમ્'મેડ્) *a.* Made at home: ઘરમાં બનાવેલું;દેશી;ગામડી;ઘરગતી;મુલકી.

Ho-me-opa-thy(હોમીઓપ'અથિ)*n* [Gr.*homoios*,like and *pathos*,affection.] The art of curing,founded on resemblances:જે પ્રકારનો રોગ તેજ પ્રકારનું એસડ ઘણું થોડું આપીમટાડવાનું વૈદું.

Home-sick,(હોમ્'સિક્)*a.* Pining for home: ઘેર જઇ છોકરાને મળવા માટે જીવ તલપાપડ થાયતેવું.

Home-spun,(હોમ્'સ્પન્)*a.* Spun or wrought at home:દેશમાં બનાવેલું.

Home-stead,(હોમ્'સ્ટેડ્)*n.* The home place: ઘરની જગા;મૂળસ્થાનક;ઘરખટલો;ઘરવાસ.

Home-ward,(હોમ્'વર્ડ)*a.* Being in the direction of home:ઘર-દેશ તરફનું. *adv.* Toward home:સ્વદેશ તરફ **H.***bound*,going home:ઘેરજતું

Ho-mi-cidal,(હૉમિસાઇડ્'અલ્) *a.* Pertaining to homicide;tending to homicide;murderous:ઘાતકી;ખુની.

Homi-cide,(હૉ'મિસાઇડ્)*n.* [L. *homo*, man & *caedo*,I cut.] 1. The killing of one human being by another:મનુષ્યવધ.2.One who kills another:ખુન કરનાર.

Homi-ly,(હૉ'મિલિ)*n.*[Gr.*homos*,the same & *ile*,a company.] A serious discourse: નીતિ નિબંધ-ભાષણ;ધર્મવાક્ય.

Ho-mo-gene-ous,(હોમોજી'નીઅસ્)*a.*(Gr.*homos*,and *genos*,kind.]1.Of the same kind or nature: સમજાતીય.2.(*Alg.*) Possessing the same number of factors of a given kind: એકજ જાતનાં પદવાળું.

Ho-molo-gate,(હૉમૉલ્'ઍગેટ્)*vt.*[Gr.*homos* & *logos*,speech.]To approve:મંજુર-બહાલ કo.

Ho-molog-ous,(હૉમૉલ્'ઑગસ્)*a.*[Gr.*homos*, & *logos*, ratio.] Corresponding in relative position and proportion:સરખા પ્રમાણનું;તુલ્ય.

Hone,(હોન્)*vi.* To pine:શોક-ખેદ કo. *n.*An oilstone:ચપ્પુ વિગેરે ઘસવાની પથરી.

Honest,(ઑન્'એસ્ટ્)*a.*[L.*honos*,*honor*,honor.] 1.Upright:પ્રમાણિક.2.Open;frank:નિષ્કપટ.

Honest-ly,(ઑન્'એસ્ટ્લિ)*adv.* In an honest manner:પ્રમાણિકપણાથી;ઇમાનદારીથી.

Honest-y,(ઑન'એસ્ટિ)*n.*પ્રમાણિકપણું;નિષ્કપટ.

Honey,(હન્'ઇ)*n.*A sweet,viscid fluids:મધ.

Honey-bag,(હન્'ઇબૅગ્)*n.*The receptacle for honey in a honey bee:મધમાંખના શરીરમાં મધ રાખવાની કોથળી.

Honey-comb,(હન્'ઇકોમ્)*n.*A mast of hexagonal waxen cells formed by bees:મધપુડો.

Honeyed,(હન્'ઇડ)*a.* Covered with honey: મધથી ઢંકાયેલું.**h.***words* & *killing deeds*:હરિગુણ ગાતિ અને હૈયામાં કાતિ.

Honey-moon,(હન્'ઇમૂન્)*n.* The first month after marriage:લગ્ન થયા પછીનો પહેલો મહિનો.

Honor,(ઑન્'અર્)*n.* [L. *honor,honos*]1.Respect:આબરૂ;ઇજ્જત.2.Reputation:સન્માન.3.A title applied;to the holders of certain honorable civil offices:હોદ્દો; પદ્વી. *pl.* The ace, king,queen,and jack of trumps:એક્કો, રાજા, રાણી અને ગુલામ.*To do the honors*, to bestow honor:આદરસત્કાર કo.*To do one* **h.**,to confer distinction upon one: કોઇને ઈલકાબ આપવો. *Word of* **h.**,an engagement confirmed by a pledge of honor:વચન.

Honor-a-ble,(ઑન્'અરૅબલ્)*a.*1. Worthy of honor:આબરૂદાર 2.Not base;fair:આબરૂદારીનું. 3.Conferring honor:પ્રતિષ્ઠિત.

Honor-a-bly,(ઑન્'અરૅબ્લિ)*adv.*In an honorable manner:આબરૂભેર;આબરૂદારીથી.

Hon-or-ari-um,(ઑનરે'રિઅમ્)*n.* A fee offered to professional men for their services:પ્રવિણ માણસોને તેમની મહેનતનો અવેજ;ફી.

Honor-a-ry,(ઑન્'અરૅરિ)*a.*1. Done as a sign or evidence of honor: માન-આબરૂની નિશાની તથા પૂરાવા તરીકે કરેલું 2. Holding a title or place without receiving reward: માન પ્રતિષ્ઠાને માટે કામ કરનારૂ.

Hood,(હુડ્)*n.*1.State;condition: સ્થીતિ;હાલત; દશા;અવસ્થા. 2. A covering or garment for the head:ઘુગડાનો ટોપ.(*a*)A cowl:રોમન કાથલિક સાધુનો ટોપ. (*b*) A covering for the horse's head:ઘોડાનું માથું ઢાંકવાનું ઘુગું. 3. The top or head of a carriage:ગાડીની છત્રી.

Hooded,(હુડ્'એડ્)*a* 1.Covered with a hood: ટોપ;પહેરેલું.2.Furnished with a hood:ટોપવાળું.

Hood-wink,(હુડ્-વિન્ક્) *vt.* To blind by covering the eyes:આંખે પાટા-અંધારી બાંધવી.

Hoof,(હુફ્)*n.*The horny substance that covers the feet of certain animals:ખરી.*To shew the cloven* **h.**:પોત પ્રકાશવું;ગુણપર જવું.

Hook,(હુક્)*n.*1. A piece of metal, or other hard material,formed or bent into a curve or at an angle:આંકડી.2.A sickle;an instrument for cutting or lopping:દાતરડું. *By* **h.** *or by crook*, by one way or other: જેમ તેમ કરીને. To catch or fasten with a hook or

hooks: આંકડી ભેરવવી-જડવી; ગલ નાંખીને પકડવું.

Hooked, (હુક્ડ્) *a*. Having the form of a hook: ચાંચેલું; વાંકું; આંકડી વાળું.

Hook-nosed, (હુક્-નોઝ્ડ્) *a*. Having a hooked or aquiline nose: શુકનાસિક; પોપટીઆ નાકવાળું.

Hoop, (હુપ્) *n*. 1. A pliant strip of wood or metal bent in a circular form: પટો; કડું. 2. A ring: ચક્કર; ગોળપટો. 3. Crinoline: ચક્કર. *vt*. To bind or fasten with hoops: પટ્ટાપાટાથી બાંધવું.

Hooping cough, (હુપિંગ-કૉફ્) *n*. A cough in which the patient hoops or whoops with a deep inspiration of breath: ઉંટાટીઓ.

Hoot, (હુટ્) *vi*. 1. To cry out or shout in contempt: તિરસ્કારથી બૂમ પાડવી. 2. To make the peculiar cry of an owl: ઘુવડની માફક બોલવું. *n*. The cry of an owl: ઘુવડનું બોલવું.

Hop, (હૉપ્) *vi*. 1. To jump on one foot: કુદાકુદ કo. 2. To limp: લંગડાતા ચાલવું. *n*. 1. A leap: કુદકો.

Hope, (હોપ્) *n*. 1. An expectation of something which is thought to be desirable: આશા. *vi*. 1. To entertain hope: આશા-ઉમેદ રાખવી. *vt*. 1. To cherish the hopes of: ની આશા રાખવી.

Hopeful, (હોપ્‌ફુલ્) *a*. 1. Full of hope: આશાવાન.

Hopeful-ly, (હોપ્‌ફુલ્લિ) *adv*. With hope: આશા ઉમેદથી; આસ્થાપૂર્વક.

Hopeless, (હોપ્‌લેસ્) *a*. 1. Destitute of hope; dispairing: નિરાશ; નાઉમેદ; નાસીપાસ.

Hopeless-ness, (હોપ્‌લેસ્‌નેસ્) *n*. State of being destitute of hope: નાઉમેદપણું; નિરાશા.

Hopper, (હૉપ્‌અર્) *n*. 1. One who or that which hops: ખોડી ખાનાર. 2. *pl*. A game: સાત સમુદ્રની રમત

Hopple, (હૉપ્‌લ્) *vt*. 1 To tie the feet of loosely together: પગ બાંધવા. 2. To entangle: ફાંદામાં નાંખવું. [દરેક લોકનું ટોળું-જુંડ-જથ્થો.

Horde, (હૉર્ડ્) *n*. A wandering troop or gang:

Ho-rizon, (હોરાઇઝૉન્) *n* [Gr. *horos*, a limit.] 1. the apparent junction of the earth and sky: દૃષ્ટિ મર્યાદા.

Ho-ri-zontal (હૉરિઝૉન્‌ટલ્) *a*. 1. Pertaining to or near the horizon: દૃષ્ટિમર્યાદા સંબંધિ. 2. Parallel to the horizon: દૃષ્ટિમર્યાદાની સમાંતરે *H. plane*: સમભૂભાગ.

Horn, (હૉર્ન્) *n*. 1. A hard, projecting, and usually pointed organ, growing upon the heads of certain animals: શિંગડું. 2. (*a*) A wind instrument of music: રણશિંગું. *To take* a **h**, to take a drink of intoxicating liquor: શરાબ પીવો. [for children: પહેલી ચોપડી.

Horn-book, (હૉર્ન્-બુક્) *n*. 1. The first book

Horned, (હૉર્ન્ડ્) *a*. Furnished with a horn or horns: શિંગડાવાળું; શિંગાળું.

Hornet, (હૉર્નેટ્) *n*. A large, strong wasp: ભમરો. *H.-fly*; એક જાતની ચટકા મારતી મોટી માંખ.

Hornless, (હૉર્ન્‌લેસ્) *a*. Having no horn: શિંગડાં વિનાનું-વગરનું. [of music: વાજંત્ર; વાજું.

Hornpipe, (હૉર્ન્‌પાઇપ્) *n*. (*a*) An instrument

Horny, (હૉર્નિ) *a*. Having horns or hornlike projections: શિંગડાંવાળું; શિંગડાં જેવું કઠણ.

Hor-ogra phy, (હૉરૉગ્રફિ) *a*. [Gr *hora*, an hour & *grapho*, I write.] 1. The art of constructing instruments for making the hours: ઘડિયાળ કરવાની વિદ્યા.

Horo-loge, ((હૉરૉલૉજ્) *n*. [Gr. *hora*, any limited time & *logos*, speech] 1. A servant who called out the hours: કલાક કેટલા વાગ્યા તે દર્શાવનાર કહેનાર ચાકર. 2. A time-piece of any kind: કાલમાન-માપક યંત્ર.

Hor-o-logic-al, (હૉરૉલૉજિકલ્) *a*. Relating to a horologe, or to horology: કાળમાપક યંત્ર સંબંધિ.

Horos-cope, (હૉરૉસ્કોપ્) *n*. [Gr. *hora* & *copeo*, I observe.] 1. (*a*) The representation made of the aspect of heavens at the moment of a person's birth: જન્મકુંડળી; જન્માક્ષર.

Hor-osco-py, (હૉરૉસ્કોપિ) *n*. 1. The act or practice of observing the disposition of the stars, with a view to predicting events: ગ્રહ ઉપરથી ફળ કહેવાની વિદ્યા.

Horri-ble, (હૉરિબલ્) *a*. Dreadful: ભયાનક.

Horrid, (હૉરિડ્) *a*. 1. Dreadful: ભયંકર.

Horri-fy, (હૉરિફાઇ) *vt*. To cause to feel horror; to strike with horror: ત્રાસ આપવો.

Horror, (હૉરર્) *n*. [L *Horreo*, I shiver.] 1. A shuddering with terror: ત્રાસ, ભય.

Horse, (હૉર્સ્) *n*. 1 A hoofed quadruped: ઘોડો. 2. Mounted soldiery; cavalry: ઘોડાનું લશ્કર; ઘોડેસ્વાર, સવાર *Iron* h., a locomotive: આગગાડી ચલાવનારું યંત્ર. *To look* a *gift* **h**. *in the mouth*: ધર્મની ગાયના દાંત જોવા. *To take* h., to set out on horseback: ઘોડા પર ચઢીને જવું.

Horse-back, (હૉર્સ્-બૅક્) *n*. 1. The back of a horse: ઘોડા ઉપર સ્વારી કરવાનું આસન-ઠપ.

Horse-breaker, (હૉર્સ્-બ્રેકર્) *n*. Horse trainer ઘોડા શીખવનાર; ચાબુકસ્વાર.

Horse-guards, (હૉર્સ્ગાર્ડ્ઝ્) A body of cavalry: ગારદી; ઘોડાનું રક્ષણ કરનાર.

Horse jo-ckey, (હૉર્સ્-જૉકિ) *n*. 1. A professional rider and trainer of race horses: સરતના ઘોડા ઉપર બેસીને તેમને શીખવવાનો ધંધો કરનાર માણસ.

Horse-laugh, (હૉર્સ્-લાફ્) *n*. A loud, boisterous laugh: અટ્ટહાસ્ય; ખડખડાટ હસવું.

Horse leech, (હૉર્સ્‌લીચ્) *n*. A farrier; a ve-

terinary surgeon:ઘોડાને સારૂં કરનાર-વૈદ;અશ્વવૈદ.

Horse-lit-ter, (હૉર્સ્'લિટર્) *n.* A carriage born by two horses:બે ઘોડાની ગાડી.

Horseman, (હૉર્સ્'મૅન)*n.*1. A rider:સવાર.

Horseman-ship, (હૉર્સ્'મૅનશિપ્) *n.* The act or art of riding,and of training and managing horses:અશ્વારોહણ વિદ્યા;અશ્વવિદ્યા.

Horse-pow-er,(હૉર્સ્'પાઉઅર્)*n.*1.The power which a horse exerts:ઘોડાનું જોર.

Horse-shoe,(હૉર્સ્'શૂ)*n.* 1.A shoe for horse: ઘોડાની નાળ;નાળબંધ.

Horse-whip, (હૉર્સ્'હ્વિપ્) *n.* A whip for horses:ચાબુક. *vt.* To flog or chastise with a horse-whip:ચાબુક મારવી.

Hort-ation,(હૉર્ટે'શન્)*n.*[L.*hortor*,I exhort.] The act of exhorting, inciting or giving advice;exhortation:બોધ;ઉપદેશ;શિખામણ.

Hortat-ive,(હૉર્'ટૅટિવ્) *a.* Giving exhortion;advisory;exhortative:બોધરૂપનું;શિખામણરૂપનું.

Horta-to-ry,(હૉર્'ટૅટૉરિ) *a.* Encouraging;a exhortative:શિખવણીનું;ઉત્તેજનરૂપ;ઉપદેશક.

Hor-ti-cultur-al,(હૉર્ટિકલ્'ટ્યુરૅલ્)*n.*Pertaining to horti-culture:બાગકામવિદ્યાનું.

Horti-cul-ture,(હૉર્'ટિકલ્ટ્યૂર્)*n.* [L. *hortus*, garden & *cultura*,culture.]The art of cultivating gardens:બાગ બનાવવાનો હુન્નર.

Hor-ti-cultur-ist, (હૉર્ટિકલ્'ટ્યુરિસ્ટ્) *n.*One who practises horticulture:માળીનું કામ કરનાર.

Hortu-lan,(હૉર્'ટ્યુલૅન્)*a.*[L.*hortus*,garden]: Belonging to ag garden:ઉદ્યાન વિષયક;વાડીનું-સંબંધી.[tion of praise to the Lord:ઇશ્વર સ્તુતિ.

Ho-sanna,(હૉઝૅન્'નૅ)*n.* A Hebrew exclama-

Hose,(હોઝ્) *n. Sing. & Pl.* 1. Close-fitting trousers:પાયજામો; પગનાં મોજાં. 2. A flexible pipe:બંબાની સુંઢ.

Hosi-er,(હો'ઝિઅર્)*n.*One who deals in hose or stocking:મોજાંવાળો-વેચનાર.

Hosi-e-ry,(હો'ઝિઅરિ)*n.*1.The business of a hosier:મોજાં વેચવાનો ધંધો.2.Stockings:મોજાં.

Hospi-ta-ble, (હૉસ્'પિટૅબલ્) *a.* Kind to strangers and guests:પરોણાની બરદાશ લેનારૂં.

Hospit-a-bly,(હૉસ્'પિટૅબ્લિ)*adv.*In a hospitable manner:પરોણાચાકરીથી;મેહેમાનદારીથી.

Hospit-al,(હૉસ્'પિટૅલ્)*n.* [L. *hospes*, guest.] A building in which the sick,injured or infirm are received & treated:ઇસ્પીતાલ;દવાખાનું.

Hospit-al-i-ty, (હૉસ્પિટૅલ્'ઇટિ)*n.* Reception and entertainment of strangers or guests without reward:આગતાસ્વાગતા;પરોણાચાકરી.

Host,(હૉસ્ટ્)*n.*[L.*hostia*,sacrifice.] An army: સેના.2.Any great number:ટોળું. *n.* [L.*hostis*, stranger.] An entertainer:યજમાન.

Hostage,(હૉસ્ટ્'એજ્)*n.*[L. *hospes*, guest.]A person given as a pledge for the performance of the conditions of a treaty:સલાહના કોલ પાળવાની ખાત્રી માટે સાનમાં આપેલું માણસ.

Hostess,(હૉસ્ટ્'એસ્)*n.* A female host:સ્ત્રી યજમાન;ગૃહસ્વામીની.

Hostile,(હૉસ્'ટાઇલ્)*a.*[L. *hostis*,enemy.]Inimical;unfriendly:વૈરી;દ્વેષી;પ્રતિપક્ષી; વિરૂદ્ધ.

Hos-tili-ty,(હૉસ્ટિલ્'ઇટિ)*n.pl.***Hostilities.** Unfriendliness;animosity:શત્રુભાવ-વટ;વેર.

Hostler,(ઑસ્'લર્)*n.* An innkeeper:ધર્મશાળાની તપાસ રાખનાર માણસ.

Hot,(હૉટ્)*a.*1.Very warm:ગરમ;ઉનું;ધીકતું;ધગધગતું;ખળખળતું. 2. Passionate:આકળાસ્વભાવનું. *In* **h.***water*,in trouble:મહેનત-મુશ્કેલીમાં.

Hot-brained,(હૉટ્'-બ્રેન્ડ્) *a.* Ardent; high-spirited:ગરમ મીજાજનું;ઉગ્ર સ્વભાવનું.

Ho-tel,(હોટેલ્) *n.* A house for entertaining strangers or travellers:મુસાફરખાનું;વીશી.

Hot-head-ed, (હૉટ્'-હેડેડ્)*a.* Fiery; violent; rash:ઉદ્ધત;કડક.

Hotly,(હૉટ્'લિ)*adv.*Violently;hastily:જુસ્સાથી.

Hot-pressed, (હૉટ્'-પ્રેસ્ટ્) *a.* Pressed while heat is applied:ગરમી લગાડીને દાબેલું.

Hot-spur,(હૉટ્'-સ્પર્)*n.* A rash, hot-headed man:અવિચારી-ઉતાવળો માણસ;માથા ફુટીઓ;સાહસિક.

Houdah,(હાઉ'ડૅ)*n.*A seat or pavilion,fastened on the back of an elephant:અંબાડી;હોદો.

Hound,(હાઉન્ડ્)*n.*A variety of the domestic dog:શિકારી કુતરો.

Hour,(આઉર્)*n.*[L.*hora*.]The twenty fourth part of a day;sixty minutes:કલાક; અવર. *All at* **h.**s:વેળા કવેળા. *To keep good* **h.**s,to be regular in going to bed early:નિયમિત રીતે વહેલા સુઇ જવું.

Hour-glass, (આઉર્'ગ્લાસ) *n.*An instrument for measuring time of an hour:ઘડી; કલાકની શીશી.

Hour-hand,(આઉર'હૅન્ડ્)*n.*The hand or index which shows the hour:કલાકનો કાંટો.

Hourly,(આઉર'લિ)*a.*Occurringhour by hour: કલાક કલાકનું;વારંવારનું.

House,(હાઉસ્)*n.*A building or edifice for the habitation of man:ઘર;ગૃહ. 2.Household affairs::ઘરસંસાર. 3.A household:ઘરનાં માણસો. 4.A family of ancestors:વંશ.5.A body of men united in a legislative capacity: *The* **h.***of commons*:આમલોકનીસભા.*The* **h.***of Lords*: ઉમરાવોની સભા.6.An audience:શ્રોતાજન.

House-break-er,(હાઉસ્'બ્રેકર્)*n.* One who is guilty of housebreaking:ઘરમાં ખાતર પાડનાર.

House-break-ing,(હાઉસ્'બ્રેકિન્ગ્)*n.*The act of

breaking open and entering, with a felonious purpose, the dwelling house of another: ખાતર-ચોરી.

House dog,(હાઉસ્'ડૉગ્)*n*. A dog kept in or about a dwelling house:ઘરમાં પાળેલો કુતરો.

House-hold,(હાઉસ્'હૉલ્ડ્)*n*.Those who dwell under the same roof:ઘરકું કુંબ.

House-hold-er,(હાઉસ્'હોલ્ડર્)*n*.The master or head of a family:ઘરધણી;ગૃહસ્થ.

House-keep-er,(હાઉસ્'કીપર્)*n*.One who occupies a house with his family:ગૃહસ્થ; ઘરધણીઆણી.2.A house-dog:ઘરનો પાળેલો કુતરો.

House-keep-ing,(હાઉસ્'કીપિન્ગ્) *n*. 1. The state of occupying a dwelling house as a householder:ઘરમાંરહેવુંતે;ગૃહસ્થાશ્રમ;ઘર.2.Management of a house affairs:ઘરકામકાજકરવાંતે.

Houseless,(હાઉસ્'લેસ્)*a*.Destitute of house: ઘર-આશ્રય વિનાનું-રહિત.

House-maid,(હાઉસ્'મેડ્)*n*.A female servant: ઘરમાં કામ કરનાર ચૈરી-ચાકરડી:દાસી.

House-warm-ing, (હાઉસ્'ઉવોર્મિન્ગ્) *n*. A feast or merry-making made for taking possession of a new house:ગૃહ પ્રવેશ;વાસ્તુ.

House-wife,(હાઉસ્'ઉવાઇફ્)*n*.The wife of a house-holder:ઘરધણીઆણી.

House-wife-ry, (હાઉસ્'ઉવાઇફ્રિ) *n*. Female management of domestic concern: ઘર ખટલો-ધંધો-કામ.

House-wright,(હાઉસ્'રાઇટ્)*n*.A builder of houses:શિલ્પશાસ્ત્રી;મિસ્તરી.

Housing,(હાઉઝ્'ઇન્ગ્) *n*. The act of putting or receiving under shelter:ઘરમાં રાખવું તે.*n*. A saddlecloth:ઘોડાનો સાજ.

Hove,(હોવ્)*vi* & *t*.To rise;to swell;to heave: સુજવું; સોજો થવો.

Hovel,(હૉવેલ્)*n*.An open shed for sheltering cattle:જનાવરને રાખવાનું ઝુંપડું-છાપરી-રું.

Hover,(હૉ'વર્)*n*.A cover;a shelter:ઢાંકણ;આશ્રય.*vi*.To hang fluttering in the air:પાંખો ફફડાવ્યા કo.

How,(હાઉ)*adv*.1.In what manner:કેમ કરીને;કેમ. 2.To what degree,extent, number or amount:કેવડું;કેટલું. [છતાં;ગમે તેમ હોય તોપણ.

How-beit,(હાઉબી'ઇટ્)*conj*.Nevertheless:એમ

How-ever, (હાઉએવ્'અર્) *adv*. In whatever manner:ગમેતેમ;તોપણ.

Howl,(હાઉલ્)*vi*.To utter a loud,protracted, mournful cry or sound: (કુતરાં-અને વરુની પેઠે) રડવું;રોવું.*n*.The protracted, mournful cry of a dog or a wolf:પોકાર;ગર્જન.

Howlet,(હાઉ'લેટ્)*n*.An owl;owlet:નાનું ઘુવડ.

Howling,(હાઉલ્'ઇન્ગ્)*a*.Filled with howling beasts;dreary:વાઘ,વરુ વિગેરે રાની પશુથી ભરેલું;ગાઢ રહેલું.

How-so-ever,(હાઉસોએવ્'અર્)*adv*.& *conj*.To whatever degree or extent:ગમે તેવું-તેટલું.

Hoy,(હોય)*n*. A small coasting vessel: કીનારે ચાલનારૂં નાનું વહાણ.

Hubble-bubble,(હબ્'લ્-બબલ)*n* A tobacco pipe:હોકો હુકો.

Hubbub,(હબ્'બબ્)*n*.A tumult;uproar:ઘોંઘાટ.

Huckster,(હક્'સ્ટર્)*n*.1.A peddler;a hawker: ફેરીઓ;ફેરી કરનાર.2. A mean trickish fellow: દગાખોર.*vt*.To deal in small articles:હલકી ચીજો-પદાર્થોનો વેપાર. કo.

Huddle,(હડ્'લ્) *vi*. To crowd together confusedly;to crowd:ભીડ થવી.*vt*. To crowd together:ગરબડ સરબડ કરી મુકવી.*n*.A crowd:ટોળું.

Hue,(હ્યૂ)*n*.Color;tint;dye:રંગ.

Hued,(હ્યૂડ્)*a*.Having color:રંગેલું.

Huff,(હફ્)*vt*.To swell: મોટું કo;ફુલાવવું. *vi*. To enlarge;to swell up:ફુલવું;મોટું થવું.

Huffish,(હફ્'ઇશ)*a*.Arrogant:ગર્વિષ્ઠ;અભિમાની.

Huffy,(હફ્'ઈ)*a*.Puffed up:ફુલેલું;ઉદ્ધત.

Hug,(હગ્)*vt*.To clasp to the bosom;to embrace:બગલમાં દાબવું;કોટી કo;આલિંગન દેવું.

Huge,(હ્યૂજ્)*n*.Very large:મોટું;ગંજાવર.

Hugger-Mugger,(હગ્'ગર્-મગ્'ગર્) *n*. Secrecy:ગુપચુપી;ચોરી.*a*.Secret:છાનું;ગુપ્ત.

Hulk,(હલ્ક્)*n*.The body of a ship or decked vessel of any kind:વહાણનું ખોખું. *vt*. To take out the entrails of:નાં આંતરડાં કાઢી લેવાં.

Hull,(હલ્)*n*.The frame or body of a vessel: ડોળ; સઢ; દોરડાં વિગેરે શિવાયનું વહાણનું ખોખું.*vi*. To toss or drive on the water: પાણી ઉપર ખસેડવું-ચલાવવું.

Hum,(હમ્)*vt*.1.To buzz:ગણગણવું.2.To express satisfaction by a humming noise: ગણગણતો અવાજ કરીને સંતોષ દર્શાવવો.*n*.A low,monotonous noise of a bee:માખીનો ગણગણાટ.

Human,(હ્યૂ'મૅન્)*a*.[L *homo*,man.]Belonging to man or having the qualities of a man: માનુષી;મનુષ્યધર્મી;મનુષ્યધર્મક.

Hu-mane,(હ્યૂમેન્')*a*.Kind;benevolent:માયાળુ; કૃપાળુ;દયાળુ.

Hu-manely,(હ્યૂમેન્'લિ)*adv*.Kindly:માયાળુપણે.

Hu-mani-ty, (હ્યૂમૅ'નઈટિ)*n*.1. The quality of being human:મનુષ્યત્વ.2.The human race: માણસ વર્ગ.3.The quality of being humane; kindness:દયા;રહેમ.

Human-ize, (હ્યૂ'મૅનાઇઝ્) *vt*. To soften; to refine or civilize:નરમ-કુમળું કo;સુધારવું.

Human-kind,(હ્યૂ'મૅન્-કાઇન્ડ્)*n*. Mankind: માણસ-મનુષ્ય જાત.

Human-ly,(હ્યૂ'મૅનલિ)*adv*. 1. In a human manner:માણસની પેઠે;માયાળુપણે;દયાળુપણે.

Humble,(હમ્'બલ્)*a*.[L.*humus*,the earth.]1. Lowly;modest:નમ્ર;રાંક. *To eat* **h**.*pie*, to endure mortification: ગરીબ થઇને જમવાં કo. *vt*.

To bring low;to lower:નીચું-હલકું પાડવું તે.

Humbly(હમ્'બ્લિ)*adv.*With humility:નમ્રતાથી.

Humbug,(હમ્'બગ્)*n.*1.A trick by cajolery: ભૂલથાપ;આંખળાપાય. *vt.* To deceive:ઉંધું ચઢાં સમજાવી છેતરવું.

Humdrum,(હમ્ડ્રમ્)*a.* Monotonous; dull:એક સરખા અવાજનું.*n.*1.A dull fellow:ઢોર જેવો મૂર્ખ.

Humid,(હ્યૂ'મિડ્)*a.*[L. *humere*, *umere*, to be moist:હવા-સરદી-ભીનાશવાળું. [ભીનાશ.

Hu-midi-ty, (હ્યુમિડ્'ઇટિ) *n.* Moisture:શરદી;

Humili-ate, (હ્યુમિલ્'ઇએટ્)*vt.* To humble;to mortify:નીચું જોવડાવવું;માનભંગ ક૦.

Hu-mili-ation,(હ્યુમિલ્'ઇએ"શન્)*n.*1.Abasement of pride;mortification:ફજેતી; માનભંગ; માનહાનિ;ગર્વભંગ;તેજોભંગ;અભિમાનખંડન;નામોશી.

Hu-mili-ty,(હ્યુમિલ્'ઇટિ)*n.* 1.Freedom from pride; humbleness:દીનતા; વિનય;નમ્રવૃત્તિ;નમ્રતા; નિરભિમાન.

Humming,(હમ્'ઇન્ગ્)*a.* Buzzing:ગણગણતું: બણબણતું.*n.*A low,murmuring sound:મચમાંખીનો ગણગણાટ.

Humor-Humour, (હ્યૂ'મર્) *n.* [L. *humor*, *umor*,moisture.]1. Disposition;temper:સ્વભાવ; મિજાજ;પ્રકૃતિ.Good **h.**:સારો સ્વભાવ.

Humor-al, (હ્યૂ'મરૅલ્) *a.* Pertaining to the humors:શરીરના ધાતુ સંબંધિ;કફપિત્તવાતાત્મક.

Humor-ist, (હ્યૂ'મરિસ્ટ્) *n.* 1. One who has some peculiarity or eccentricity of character, which he indulges in old or whimsical ways:છંદી;તુરંગી;લહેરી;મનમોજી;મનસ્વી.

Humor-ous,(હ્યૂ'મરસ્)*a.*[L.*umorosus*,moist] 1.Whimsical:સ્વછંદી;તુરંગી; લહેરી; મનમોજી. 2. Jocular:રમુજી;રમુજ ભરેલું.

Humor-some,(હ્યૂ'મરસમ્)*a.*1.Moody;whimsical;capricious:લહેરી;તુરંગી;મનમોજી; વિલક્ષણ.

Hump,(હમ્પ્)*n.*1.A protuberance:ઢેકો. 2. A fleshy protuberance on the back of an animal:ઢેકો;ખુંધ.

Hump-back,(હમ્પ્'બૅક્)*n.*1.A crooked back: ખુંધો વાંસો.2 A hump-backed person;a hunchback:ખુંધું માણસ;ખુંધો.

Hump-backed, (હમ્પ્'બૅક્ટ્) *a.* Having a humped back:ખુંધું;ખુંધ નિકળેલું.

Hunch,(હન્શ્)*n.*1 A hump:ખુંધ;ઢેકો. *vt.* 1. To push or jostle with the elbow:કોણીથી ધક્કો મારવો. [hunch:ખુંધવાળો બરડો.

Hunch-back,(હન્શ્'બૅક્)*n.* 1. A back with a

Hunch-backed,(હન્શ્'બૅક્ટ્)*a.*Having a humped back:ખુંધું;ખુંધવાળું.

Hundred,(હન્'ડ્રેડ્)*n.* 1. The product of ten multiplied by ten or the number of ten times ten:સો. 2.A division of a county in England:ઇંગ્લાંડના કોઈ પરગણાનો પેટા ભાગ. પેટામહાલ.*a.*Ten times ten;five score:સો.

Hundredth,(હન્'ડ્રેડ્થ)*a.*1.Coming last of a hundred successive units:સોમો;સોમું.

Hung,(હન્ગ્)*Imp.& p.p.*of Hang.Suspended: લટકયું;ઝુલ્યું;લટકેલું.

Hunger,(હન્ગ્'ગર્)*n.*1.A craving or desire for food:ક્ષુધા;ભૂખ.2.Any strong desire:લાલસા.

Hungry,(હન્ગ્'ગ્રિ)*a.*1.Feeling hunger;having a keen appetite:ભૂખ્યું;ક્ષુધાર્ત;ક્ષુધાતુર.

Hunt,(હન્ટ્)*vt.* 1. To chase:નો શિકાર ક૦.2. To drive;to chase:પૂંઠે લાગવું-નાસવું;-ની પાછળ મંડવું. **H.***down*:-નો કેડો લઇ મારવું.*vi.*1.To follow the chase:શિકાર ક૦.*To* **h.** *counter*,to go back on one's steps: પોતાનાં પગલે પગલે પાછા જવું. *n.* 1. Chase;pursuit;search:શિકાર;મૃગયા.

Hunter,(હન્ટ્'અર્)*n.*1. A huntsman:શિકારી.2. A hunting dog:શિકારી કૂતરો. 3.A horse used in the chase:શિકારમાં સ્વારી કરવાનો ઘોડો.4.One who hunts, or seeks after anything: પાછળ પડનાર.

Hunting,(હન્ટ્'ઇન્ગ્)*n.* The pursuit of game: શિકાર;મૃગયા.**H.***horn*,a bugle:રણશિંગડું;તુરાઈ.

Huntsman,(હન્ટ્સ્'મૅન્)*n.* 1.One who hunts or practises hunting:શિકારી;શિકાર કરનાર.

Hurdle,(હર્'ડલ્)*n.*[L.*cratis*,wickerwork.]1.A movable frame of matted twigs: ઝાડનાં ડાખળાંઓનો બનાવેલો ઝાંપો. *vt.* To hedge:વાડ-ટટ્ટી બાંધવી.

Hurl,(હર્લ્)*vt.*1.To throw with violence:જોરથી ફેંકવું. *n.* 1. The act of hurling or throwing with violence:જોરથી-ધમાવીને ફેંકવું તે.

Hurly-burly,(હર્'લિ-બર્'લિ)*n.* [L.*ululare.*] Tumult;bustle;confusion:તોફાન;ગરબડ.

Hu-rrah,Hur-ra, (હુરા,'હુરા') *Interj.*A word used as a shout of joy:ખુશાલીનો પોકાર.

Hurri-cane, (હ'રિકેન્) *n.* A violent storm: સખત તોફાન;વાવાઝોડું;વાદળ;વાઝોડું.

Hurried-ly,(હ'રિડ્લિ)*adv.*Hastily:ઉતાવળે.

Hurry,(હ'રિ)*vt.*1.To hasten:ખેંચી-તાણી લઇ જવું; ખેંચાવી જવું. 2.To precipitate:દોડાદોડ કરાવવી. *vi.* To move or act with haste: જલ્દ-ઉતાવળથી દોડાદોડ ક૦. [-ની ઘટા.

Hurst,(હર્સ્ટ્)*n.*A wood or grove:જંગલ;ઝાડી-

Hurt,(હર્ટ્)*vt.*1. To cause physical pain to: વગાડવું;થી વાગવું;ઇજા ક૦. 2. To wound the feelings of:નું દિલ દુખવવું.*n.*1.A wound,bruise, or the like:જખમ;વ્યથા.2.Injury:નુકશાન.

Hurtful,(હર્ટ્'ફુલ્)*a.*Injurious:નુકશાન ભરેલું; હાનિકારક.

Hurtful-ness,(હર્ટ્'ફુલ્નેસ્)*n.*The state of being injurious or mischievous: નુકશાન-હાનિ-

પ્રકપણું.

Husband,(હઝ્'બૅન્ડ્)*n.*A married man;a man who has a wife:વર; સ્વામી;પતિ;કંથ;ધણી.*vt.*To direct & manage with frugality:કસરથી વાપરવું.

Husband-man,(હઝ્'બૅન્ડ્મૅન)*n.*1. The master of a family:કુટુંબનો પાળક.2.A farmer:ખેડુત.

Husband-ry,(હઝ્'બૅન્ડ્રિ)*n.*Farming:ખેતીવાડી.

Hush,(હશ્)*vt.*1.To calm; to silence:ચુપ-મુંગું-છાનું રાખવું.*To* **h.***up*,to suppress;to keep secret:દાબી-દબાવી દેવું;છુપું રાખવું. *vi.* To become or to keep still or quiet:શાંત-ચુપ-મુંગું થવું-રહેવું.

Hush-money,(હશ્'મની)*n.*Money paid to secure silence:લાંચ; રૂશવત;પાન સોપારી.

Husk,(હસ્ક્)*n.* Glume;hull; rind:છોડું;છાલ.*vi.* To strip off the external covering: ના છોડાં કાઢવાં.

Huski-ness(હસ્'કિનેસ્)*n.*1.The state of being husky:સુક્કપણું.2.Harshness:કઠોરપણું.

Husky,(હસ્'કિ)*a.*Consisting of husks:છાલાંવાળું.

Hussy,(હઝ્'ઝિ)*n.* A housewife or housekeeper:ઘરધણીઆણી;ગૃહિણી;ગેહિની;ઘર ચલાવનાર.

Hustings,(હસ્'ટિન્ગ્ઝ્)*n. pl.*A court held in London:લંડન શહેરની સદર અદાલત.

Hut,(હટ્)*n.*A small house:ઝુંપડી;છાપરી.

Hutch,(હચ્) *n.* A chest: કોઠાર; ભંડાર. *vt.* To hoard or lay up:ભંડાર કોઠારમાં ભરવું.

Huz-za,(હુઝ્ઝા')*Interj.*A word used as a shout of joy:જયજય;વાહવા;શાબાશ.

Hya-cinth,(હાઇ'અૅ-સિન્થ્)*n.*[L.*hyacinthus*,a kind of flower.] A bulbous plant: એક જાતનું ઝાડ-ફુલ.

Hya-des,Hyads,(હાઇ'અૅડીઝ હાઇ'ઍડ્ઝ્)*n.pl.* [L. *hyades.*] Taurus:વૃષભ રાશીના માથા આગળના પાંચ તારાનું ઝુમખું.

Hyal-ine,(હાઇ'ઍલાઇન)*a.*[Gr.*hyalos,* glass.] Glass;resembling glass:કાચવાળું.

Hybrid,(હાઇ'બ્રિડ્)*n.*[Gr.*hybris*,an outrage.] Produced from the mixture of two species:વરણસંકર;મિશ્રજ;સંકરજાતિનું.

Hydrant,(હાઇ'ડ્રૅન્ટ્)*n.* [Gr.*Hydor*,water.]A water plug:આગ ઓલવવા સારૂ બંબો.

Hy-draulic,(હાઇડ્રૉ'લિક્)*a.*[Gr.*hydor*,water & *aule*,a pipe.]Of,or pertainig to fluids in motion:વહેતા પાણી અથવા બીજા પ્રવાહિ પદાર્થનું.

Hy-draulics,(હાઇડ્રૉલ'ઇક્સ્)*n.*That branch of science which treats of fluids in motion: વહમાન ઉદકશાસ્ત્ર.

Hydro-gen,(હાઇ'ડ્રોજેન્)*n.*A gaseous element colorless,tasteless,and odorless:ઉદકજનકવાયુ.

Hy-drogra-pher,(હાઇડ્રૉગ્'રૅફર્)*n.*One skilled in hydrography:સમુદ્ર, સરોવર અથવા બીજા કોઈ પાણીના ભાગોના નકશા બનાવનાર.

Hy-drogra-phy,(હાઇડ્રૉગ્'રૅફિ)*n.*The art of measuring and describing the sea,lakes,rivers,and other waters:સમુદ્ર,તળાવ-સરોવર,નદીઓ અને બીજા કોઇ પાણીના ભાગનો નકશો બનાવવાની વિદ્યા;સમુદ્રવેલાદિ વિવરણ. [of water:ઉદકશાસ્ત્ર.

Hy-drolo-gy,(હાઇડ્રૉલ્'ઑજિ)*n.*The science

Hydro-mel,(હાઇ'ડ્રોમેલ્)*n.*[Gr.*hydor*,water] A liquid consisting of honey diluted in water:મધપાણી.

Hy-dromet-ry, (હાઇડ્રૉમ્'એટ્રિ)*n.* The art of determining the specific gravity of liquids:પાણીનું વિશેષ ગુરૂત્વ જાણવાની કળા.

Hy-dropa-thy, (હાઇડ્રૉ'પૅથિ) *n.* [Gr. *hydor*, water & *pathos*,affection.]The water cure: પાણીથી સારૂં કરવાનું વૈદુ;જળવૈદક;જલોપચાર.

Hy-dro-phobi-a.(હાઇડ્રોફો'બિઅૅ)*a.*[Gr.*hydor* water and *phobos*,fear.]The disease caused by a bite of a rabid creature:હડકવા.

Hy-drop-ic-al,(હાઇડ્રૉપ્'ઇકૅલ્)*a.* Dropsical, or resembling dropsy:જલંધર જેવા રોગ જેવું.

Hy-dro-statics, (હાઇડ્રોસ્ટૅટ્'ઇક્સ્) *n.* That branch of science which treats of the pressure and equilibrium of water, mercury, etc.:ઉદકસ્થિતિશાસ્ત્ર.

Hydrous,(હાઇ'ડ્રસ્)*a.*[Gr.*hydor*,water.]Containing water;watery:જળમય;પાણી જેવું.

Hy-emal,(હાઇએમ્'અૅલ્)*a.*[L. *hiems*, winter.] Belonging to winter:શિયાળા સંબંધિ.

Hy-ena,(હાઇઈ'ને)*n.pl.***Hyenas.**[L. *hyaena.*] Any carnivorous mammal:તરશ; તરસ.

Hygeian,(હાઇજી'અૅન્)*a.*Pertaining to health, or its preservation:આરોગ્ય;સંરક્ષણનું.

Hygi-ene,(હાઇ'જ્યૅન્)*n.*A system of principles designed for the promotion of health: આરોગ્ય સંરક્ષણ શાસ્ત્ર.

Hy-grolo-gy, (હાઇગ્રૉલ્'ઑજિ)*n.*[Gr.*hygros*, moist & *logos*,discourse.]The science which treats of the fluids:વાતાવરણમાં રહેલી ભિનાશનું પ્રમાણ કાઢવાનું શાસ્ત્ર.

Hy-gromet-er,(હાઇગ્રૉમ્'એટર્)*n.*[Gr.*hygros*, moist & *metron*, measure.] An instrument for measuring the degree of moisture of the atmosphere:હવાની ભિનાશ માપવાનું યંત્ર.

Hymen,((હાઇ'મેન્)*n* [Gr.*humen.*]1.A fabulous deity:લગ્ન દેવતા.2.Marriage:લગ્ન;વિવાહ.

Hymeneal, (હાઇમેનઇ'અૅલ્) *a.*Pertaining to marriage:લગ્ન-વિવાહ સંબંધિ.

Hymn,(હિમ્)*n.*[L.*hymnus.*]Song of praise: ભજન; સ્તોત્ર;ગીત;કીર્તન; ગાન.

Hymnal,હિમ્'નૅલ્)*a.*A collection of hymns; a hymn book:ભજન-કીર્તનની ચોપડી-પુસ્તક-ગ્રંથ.

Hym-nolo-gy,હિમ્નૉલ્'ઑજિ)*n.*[Gr.*hymn*,&

legos,speech.] The sacred lyrics composed by authors of a particular country:અમુક દેશના ગ્રંથકારોએ બનાવેલાં ભજન-સ્તોત્ર-કીર્તન.

Hy-perbo-la,(હાઇપર્‌બોલે)*n.*A curve formed: શંકુચ્છેદ ભૂમિતિ;શંકુચ્છેદ.

Hyperbo-le,(હાઇપર્‌બોલી)*n.*[Gr. *hyper*, over and *ballow*,I throw.] A statement exaggerated fancifully:અતિશયોક્તિ;અત્યુક્તિ.

Hy-per-bore-an,(હાઇપરબોરીઅન્)*a.*[Gr.*hyper* beyond & *boreas*,the north.]Pertaining to the region beyond the North wind:ઉત્તરના પ્રદેશની પેલીપારના પ્રદેશ સંબંધિ.*n.*An inhabitant of the most northern regions:પૃથ્વીના ઉત્તર મુલકનો રહેવાશી.

Hy-per-critic,-cal.(હાઇપરક્રિટ'ઇક્-હાઇપરક્રિટ્'ઇકલ્)*a.*Overcritical: ચીપી ચીપીને ખોડ કાઢનાર.

Hyphen,(હાઇફેન્)*n.*[Gr.*hypo*,under & *hen*, one.]A mark of short dash, thus [-]:આ[-] રીતનું નિશાન.

Hy-po-condria,(હાઇપોકોન'ડ્રિઅ)*n.*Hypochondriasis;melancholy:ઉદાશી;વિષાદ;ઉદ્વેગ;વાયુકોપ.

Hy-pochondri-ac,(હાઇપોકોન'ડ્રિઍક્) *a.* Of or pertaining to hypochondria:ઉદાશીનું.*n.*A person affected with hypochondriasis:ઉદાશ થયેલું માણસ;ઉદ્વિગ્ન પુરૂષ.

Hypo-chon-driac-al,(હાઇપોકોન્ડ્રિ'ઍકલ્)*a.* Hypochondriac:સદાઉદાસ;ખેદયુક્ત;ખીન્ન;ઉદાસી.

Hypocrisy,(હિપૉ'ક્રિસિ)*n.*[Gr.*hypo*,under & *krino*, I separate.] The art or practice of a hypocrite;a feigning to be what one is not, or to feel what one does not feel:ઢોંગ;દંભ; બકધ્યાન;કપટ ધર્મ;કાપટ્ય.

Hypo-crite,(હિ'પોક્રિટ્)*n.* A false pretender: ઢોંગ કરનાર;બગભગતી;ઢોંગી;વેષધારી.

Hy-po-critic-al,(હિપોક્રિટ્'ઇકલ્)*a.*Of,or pertaining to a hypocrite:ઢોંગનું;છેતરવાનું.

Hy-po-gastri-um, (હાઇપોગૅસ્'ટ્રિઅમ્)*n.*[Gr. *hypo* & *gaster*, the belly.] The lower part of the abdomen:પેઢુ;શરીરનો ભાગ;બસ્તિ.

Hy-po-static,(હાઇપોસ્ટેટ્'ઇક્)*a.*1.Personal or distinctly personal:ખુદનું;જાતનું.

Hy-pote-nuse,(હાઇપૉટ્'એન્યૂસ્)*n.* [Gr. *hypo* under & *teino* I stretch out.]The side of a rightangled triangle that is opposite to the right angle:કાટ ખુણાની સામેની બાજુ.

Hy-pothe-cate, (હાઇપૉથ્'એકેટ્)*vt.* [L.*hypotheca*, pledge.] To mortgage: લેણદારને ધીરાણ રહે માટે સાનમાં લખવું.

Hy-pothe-sis,(હાઇપૉથ્'એસિસ્)*n Pl.***Hypotheses.** [Gr.*hypo* & *tithemi*, I place.]1. A supposition;something not proved but assumed:પૂર્વ સિદ્ધાંત;માની લીધેલી વાત.

Hy-po-thetic,-al, (હાઇપોથેટ્'ઇક્,-કલ્)*a.*Characterized by an hypothesis:માની લીધેલું.

Hyson,(હાઇસોન્)*n.*A fragrant kind of green tea:એક જાતની ખુશબોદાર ચાહ.

Hys-teri-a,(હિસ્ટી'રિઅ)*n.*A nervous affection, occurring almost in women:હર્ષમૂર્છા;હર્ષમોહ.

Hys-teric,-al,(હિસ્ટે'રિક્,-કલ્)*a.*[Gr.*hustera*, the womb.]Trouble with hysterics:ચિત્તભ્રમ થયેલું.

Hys-terics,(હિસ્ટે'રિક્સ્)*n.* Hysteria:ચિત્તભ્રમ; બઇરાંને થતો એક જાતનો રોગ;વાયુગોળો.

I.

I,(આઈ)The ninth letter of the English alphabet represented in Gujarati by ઈ.and આઈ; ઇંગ્રેજી મુળાક્ષરનો નવમો અક્ષર છે અને તે ગુજરાતીમાં ઇ અને આઈથી દર્શાવવામાં આવે છે. **2. As** a numeral it stands for 'I':સંખ્યામાં તે 'એક'ને માટે વપરાય છે.

I,(આઈ)*Pron.*[L.*ego.*]The nominative case of the pronoun of the first person:હું.

I-ambic,(આઇઍમ્'બિક્)*a.*[L.*iambus.*] Consisting of a short syllable followed by long one:લઘુ પછવાડે ગુરૂ સ્વરવાળું.*n.*A verse composed of short and long syllables alternately:લઘુ અને ગુરૂ અક્ષરો આવે એવી ટુંક.

I-ambus,(આઇઍમ્'બસ્)*n.*An iamblic:લઘુ ગુરૂ; બે અક્ષરના ચરણમાં પેહેલો તાલ વગર અને બીજો તાલ સાથે બોલાતો હોય તે.

Ice,(આઇસ્)*n.*1.Water in a solid form: બરફ. 2.Ice-cream:દુધમાં ખાંડ વિગેરે નાંખીને તેને બરફના જોરથી ઠારીને કરેલી મલાઇ;આઈસ ક્રીમ. *To break the ice*, to open the way: આરંભ કરવો-રસ્તો પાડવો.

Iceberg,(આઇસ્'બર્ગ્)*n.* A hill of ice: બરફનો ડુંગર.

Iceblink,(આઈસ્'બ્લિન્ગ્ક્)*n.*A bright appearance near the horizon, occasioned by the reflection of light from the ice: બરફમાંના પ્રકાશના પ્રતિબિંબ વડે જણાતો પ્રકાશિત દેખાવ.

Icebound,(આઇસ્'બાઉન્ડ્)*a.*Totally surrounded with ice:ચો તરફ બરફથી ઘેરાઇ ગયેલું.

Ice-cream, (આઇસ્'ક્રીમ્) *n.* Cream or milk sweetened,and congealed by a freezing mixture:સાકર નાંખી બરફથી ઠારેલી દુધની મલાઇ.

Ice-field,(આઇસ્'ફીલ્ડ્)*n.* A sheet of ice of a very great extent:બરફનો મોટો લાંબો ડુંગર.

Ice-house,(આઇસ્'હાઉસ્)*n*.A repository for ice:બરફ સાચવી રાખવાનું ઘર.

Ich-neumon, (ઇક્નયૂ'મૅાન)*n*. [Gr. *ichnuo*, I hunt after.] A kind of carnivorous mammal:મીસર દેશમાં મગરનાં ઈંડાં ખાઇ જનાર નોળીયો.

Ichor,(આઇ'કોર્)*n*. [Gr. *ichor*.] An ethereal fluid that supplied the place of blood in veins of gods:દેવની નસોમાં લોહીને બદલે એક જાતના પ્રવાહી પદાર્થનો બનેલો રસ. [પાતળી.

Ichor-ous, (આઇ'કોરસ્)*a*.Watery:પાણી જેવી

Ich-thy-olo-gy,(ઇક્થિઑલ્'ઑજી)*n*.[Gr. *ichthus*,a fish & *logos*,discourse.]The science of the classification,&c.,of fishes:મત્સ્યવિદ્યાવર્ણન

Ich-thy-opha-gous,(ઇક્થિઑફ્'અગસ્)*a*.[Gr. *ichthus*,fish & *phago*,I eat.]Eating or subsisting on fish:માછલાં ખાઈ જીવનારૂં.

Ici-cle, (આઇસ'ઇકલ્) *n*. A pendent conical mass of ice:ઘરના નેવ કે ઝાડની ડાખળી પરથી લટકતી શંકુ આકારની બરફની કડકી.

Ici-ness,(આઇસ્'ઇનેસ્) *n*. The state of being very cold:ઠરી જાય એવી અતિશય ઠંડ.

Icing,(આઇસ્'ઇન્ગ્)*n*. A covering of concreted sugar:ખાસણીનો ઢોળ-પડ.

Icon,(આઇ'કૉન)*n*.[Gr.*eiken*,to look like.]An image or representation:પ્રતિમા;આકૃતિ;છબી.

I-cono-clasm,(આઇકૉન'ઑક્લૅસમ્)*n*. The act of destroying images:મૂર્તિભંગ; પ્રતિમા ભંગ.

I-cono-clast,(આઇકૉન'ઑક્લૅસ્ટ્)*n*.[Gr.*eikan*, image & *klan*, to break.] A destroyer of images:મૂર્તિભંજક-ખંડન કરનાર.

I-con-olat-er,(આઇકૉનૉલ'ઍટર્)*n*. One who worships images:મૂર્તિપૂજક-સેવક.

Icy,(આઇસ્'ઇ)*a*.Cold;frosty:હિમમય;બરફવાળું.

I-dea,(આઇડી'અ)*n*.1.A general notion or conception:વિચાર;ખ્યાલ.2.A belief; a doctrine: મત;અભિપ્રાય;વિચાર.

I-deal,(આઇડી'ઍલ્)*n*.A model of excellence, beauty,&c.:મનોરથસૃષ્ટિ. *a*.1.Intellectual:મનમાં કલ્પેલું 2. Fit for a model:નમુનાને યોગ્ય.

I-deal-ism,(આઇડી'ઍલિઝ્મ્)*n*.1.The state or quality of being ideal: કાલ્પનિક-મનોમય-ગુણ-ધર્મ-સ્થિતિ.The system or theory that denies the existence of material bodies:અવિદ્યા માયાવાદ.

I-deal-ist,(આઇડી'ઍલિસ્ટ્) *n*. One who holds the doctrine of idealism:માયાવાદી;અવિદ્યાવાદી.

I-de-ali-ty,(આઇડીઍલ્'ઇટિ)*n*.Capacity or disposition to form ideas of beauty:કલ્પનાશક્તિ.

I-deal-ize,(આઇડી'ઍલાઇઝ્)*vt*. To give an ideal value to:કલ્પના કo;કલ્પિતગુણ-ધર્મ મૂકવો-સ્થાપવો

I-deal-ly,(આઇડી'ઍલિ)*adv*.In an ideal manner:કલ્પનાથી;ભાવનાપૂર્વક.

I-dentic-al,(આઇડેન'ટિકલ્)*a*. [L.*idem*,the same]1.The same:એકરૂપ.2.Uttering the same truth:એકજ વાત જણાવનારૂં.

I-denti-fi-cation,(આઇડેન'ટિફિકે"શન્) *n*. The act of proving the same:ઓળખાણ આપવું તે.

I-denti-fy,(આઇડેન'ટિફાઇ)*vt*.[L.*idem* & *facio* I make.] 1. To ascertain or prove to be the same:તે એજ છે એમ સાબીત કo.

I-denti-ty,(આઇડેન'ટિટિ)*n*.1.The state of being the same:ઐક્ય;અભેદતા.2.An identical equation:સમીકરણ.

Id e-ogra-phy,(ઇડીઑગ્'રૅફી)*n*.The representation of ideas independently:સ્વરશાસ્ત્ર.

Id-e-olo-gy,(ઇડીઑલ'ઑજી)*n*. The science of ideas:તર્કશાસ્ત્ર.

I-di-ocra-sy, (ઇડિઑક્'રૅસિ)*n*. Peculiarity of constitution:આત્મભાવ;પ્રકૃતિ સ્વભાવ;પ્રકૃતિવિશેષ.

Idi-o-cy,(ઇ'ડિઑસિ)*n*.The condition of being an idiot or idiotic:મૂઢપણું;જડબુદ્ધિ.

Idi-om,(ઇ'ડિઑમ્)*n*.[Gr.*idios*,one's own.]1.A peculiar mode of expression:ભાષાની રૂઢી.

Idi-o-matic,-al,(ઇ'ડિઑમૅટ્"ઇક્-કલ્)*a*.Pertaining to the particular modes of expression:ભાષાની રૂઢીને લગતું.

I-di-opa-thy,(ઇડિઑપ્'અથિ)*n*.1.An individual nature or affection:માણસ જાતનો સ્વભાવ-પ્યાર.

Idi-o-syncra-cy,(ઇ'ડિઑસિન"ક્રસિ)*n*.[Gr.*idios* *syn* and *hasis*, temperament.] Characteristic belonging to an individual:જાતિ સ્વભાવ.

Idi-ot,(ઇ'ડિઑટ્)*n*.[Gr. *ieos*, peculiar.]1. An unlearned or ignorant person:અજાણ;અજ્ઞ.2. A natural fool:જન્મનો મૂર્ખ [idiot:મૂઢતા;મૂર્ખતા.

Idi-ot cy, (ઇ'ડિઑટસિ) *n*. State of being an

I-di-otic,-al, (ઇડિઑટ્'ઇક્-કલ)*a*.1. Familiar; simple:સાદું;ભોળું.2.Foolish;sottish:મૂર્ખ;મૂઢ.

Idi-ot-ism,(ઇ'ડિઑટિઝ્મ્)*n*.1. An idiom:ભાષા સંપ્રદાય-રૂઢી.2.Idiocy;foolishness:જડતા;મૂર્ખતા.

Idle,(આઇ'ડલ્)*a*. 1. Unemployed:કામમાં નહિ લીધેલું એવું.2.Lazy:સુસ્ત. *vi*.To lose or spend time in inaction:વખત નકામો ગુમાવવો.

Idle-ness,(આઇ'ડલનેસ)*n*.Laziness:આળસ.

Idler,(આઇડ્'લર્)*n*.A lazy person:આળસુમાણસ.

Idly,(આઇડ્'લિ)*adv*.Vainly;lazily:આળસથી.

Idol,(આઇ'ડૉલ્)*n*.[Gr.*edio*,I see.]1.An image; form:મૂર્તિ;પૂતળું. 2.An image of a divinity: દેવમૂર્તિ.3.A person or thing greatly loved or adored:હૈયાનો હાર. [idols:મૂર્તિપૂજક.

I-dolat-er,(આઇડૉલ્'ઍટર્)*n*.A worshipper of

I-dolat-rous,(આઇડૉલ્'અટ્રસ્)*a*.Consisting in the worship of idols:મૂર્તિ પૂજાનું-સંબંધિ વિષે.

I-dolat-ry,(આઇડૉલ્'ઍટ્રિ)*n*.The worship of idols,images or what is not God:મૂર્તિ પૂજન-

સેવા.
Idol-ize,(આઇ'ડૉલાઇઝ્)*vt.*1. To make an idol of:દેવ જેવું માનવું.2.To love to adoration:અતિશય-હેત રાખવું.
[poem:ટૂંકી કવિતા.
Idyl,(આઇ'ડિલ્)*n.*[Gr.*edios*,an image.]A short
I.E (આઇ,ઈ)i.e.[L.*id est*,that is]That is:એટલે.
If,(ઈફ્)*conj.*In case that;granting that:જો.
Igne-ous,(ઈગ્'નીઅસ્) *a.* Pertaining to fire; resembling fire:અગ્નિનું;અગ્નિમય-વાળું.
Ig-nescent,(ઈગ્નેસ્'સેન્ટ્)*a.* Emitting sparks of fire when struck with steel:લોઢા સાથે અફળાવાથી તણખા પડતું.
Ignis-fatu-us,(ઈગ્'નિસ્-ફૅટ્યૂઅસ્)*n.*[L.*ignis*, fire & *fatuus*, foolish.]A light that appears in the night over marshy grounds; *will-o-the wisp*:લીલી ભોંય ઉપર રાતે થતા ભડકા;ભૂતનાભડકા.
Ig-nite,(ઇગ્નાઈટ્)*vt.*[L.*ignis*,fire.]To kindle or set on fire:ચેતવવું; બાળી-સળગાવી મૂકવું. *vi.* To take fire:સળગવું.
Ig-niti-ble,(ઇગ્નાઈટ્'ઇબલ્)*a.*Capable of being ignited:સળગી ઉઠે એવું.
Ig-nition,(ઇગ્નિ'શન્)*n.*The act of setting on fire:બાળવું તે;સળગાવવું તે.
Ig-noble,(ઈગ્નો'બલ્)*a.*[L.*in* & *nobilis*,noble.] Common;humble:અકુલીન; નીચાકુળનું.2.Base: નીચ;હલકું.
Ig-nobly,(ઇગ્નો'બ્લિ)*adv.*Meanly:નીચપણાથી.
Ig-no mini-ous,(ઇગ્નોમિ'નિઅસ્)*a.*Infamous; shameful;contemptible:અપજશનું;શરમ ભરેલું.
Ig-nominy,(ઈગ્'નોમિનિ) *n.*[L. *in* & *nomen*, name.]Shame; reproach:શરમ;અપમાન.
Ig-no-ramus,(ઈગ્નોરે'મસ્)*a.*[L.*ignorare*,to be ignorant of.] *pl.* **Ignoramuses**.An ignorant person:મૂર્ખ માણસ.
Igno-rance,(ઈગ્'નોરૅન્સ્)*n.*The want of knowledge in general:અજ્ઞાનતા;મૂર્ખાઈ,અજ્ઞાન.
Igno-rant,(ઇગ્'નોરૅન્ટ્)*a.*Untaught;uninstructed:અજ્ઞાન;અણસમજુ;અભણ.
Ig-nore,(ઇગ્નોર્)*vt* [L.*in* & *gnarus*,knowing] 1.To be ignorant of:અજાણ્યા હોવું.2.To throw out as false or ungrounded:ખોટું-પુરાવા વગરનું કહીને કાઢી નાંખવું;રદ ક૦.
Ig-uana,(ઇગ્વાં'ને)*n.*A genus of lizards:પાટલાઘો.
Ili-ac,-al,(ઇલ્'ઇઍક્-કૅલ્)*a.* Pertaining to the ilium or flank-bone:કમ્મર-કૂખના હાડકાને લગતું.
Ili-ad,(ઇલ્'ઇઍડ્)*n.*[Gr.*ilidos*,relating to Ilium.] An epic poem composed by Homer: હોમર નામના પુરાતન ગ્રીક કવિએ રચેલું રામાયણ જેવું વીરચરિત્ર કાવ્ય
[મજબુત;દરેક;વળી.
Ilk,(ઈલ્ક્)*a.*The same; also,each;every:સદરહુ;
Ill,(ઇલ્)*a.*1.Bad;evil:ખરાબ;નઠારૂં.2. Wicked:નઠારૂં;પાપી. 3.Sick;unwell:માંદું. **I.** *turn*,an unkind act:નિર્દય કૃત્ય.**I.***at ease*,uneasy;anxious: બેચેન;અસુખી;અસ્વસ્થ.**I.***breeding*,rudeness:બેઅદબી.**I.***fame*,bad repute:અપયશ.*To take it* **I**: માઠું લગાડવું.*To take* **I**:માંદા પડવું.*adv.*Not easily; with pain or difficulty: ભાગ્યેજ-સારી-પૂરતી રીતે નહિ.
[હાપણ વગરનું;વગર વિચારે કરેલું.
Ill-ad-vised,(ઇલ્'ઍડ્વાઇઝ્ડ્)*a.*Unthought:ડ-
Il-lapse,(ઇલ્લૅપ્સ્)*n.* [L. *in* & *labi*, to fall.]A sliding in;a sudden entrance:હુમલો ક૦ તે.
Il-lation,(ઇલ્લે'શન્)*n.*[L.*in* & *latum*,carried.] Inference;deduction:તર્ક;અનુમાન.
[એવું.
Illa-tive,(ઇલ્'લૅટિવ્)*a.* Inferential:અંત આવે
Ill-behaved,(ઇલ્'બીહેવ્ડ્)*a.*Of bad conduct: દુરાચારી;અસભ્ય;પાપી.
Ill-blood,(ઇલ્'બ્લડ્)*n.*Resentment: દુશ્મનાવટ.
Ill-bred,(ઇલ્'બ્રેડ્)*a.*Uncivil:અસભ્ય;જંગલી.
Ill-dis-posed,(ઈલ્'ડિસ્પોઝ્ડ્)*a.*Malicious:ખારીલું;દ્વેષી.
Il-legal,(ઇલ્લી'ગેલ્)*a.*Unlawful;illicit:ગેરવાજબી.
Il-legal-ity,(ઇલ્લી'ગૅલિટિ)*n.*Unlawfulness:અન્યાય.
Il-legal-ize,(ઇલ્લી'ગેલાઇઝ્)*vt.* [L.*in* & *legalis*, legal.]To render unlawful:ધારા-કાયદાવિરુદ્ધ ક૦.
Il-legal-ly,(ઇલ્લી'ગેલલિ)*adv.* Unlawfully:ગેરકાયદે.
Il-legi-bili-ty,(ઇલ્લે'જીબિલ્"ઇટિ)*n.*The quality of being illegible:અશુદ્ધપણું; વાંચવાની મુશ્કેલી.
Il-legi-ble,(ઇલ્લે'જીબલ્)*a.* Incapable of being read:ઉકલી ન શકે તેવું.
Il-legi-bly,(ઇલ્લે'જીબ્લિ)*adv.* In a manner not to be read:વંચાય નહિ એવી રીતે.
Il-le-gitima-cy,(ઇલ્લીજીટ્'ઇમૅસિ)*n.*The state of bastardy:અનૌરસતા;જારજઅવસ્થા.
Il-le-giti-mate,(ઇલ્લીજીટ્'ઇમેટ્)*a.*1.Unlawful: ગેરકાયદેસર 2.Spurious:રાંડનાપેટનું;વ્યભિચારોત્પન્ન.
Il-le-giti-mate-ly,(ઇલ્લીજીટ્'ઇમેટ્લિ)*adv.* Unlawfully:ગેરકાયદે.ગેરવાજબીપણે;અશાસ્ત્રપણે.
Ill-fat-ed,(ઇલ્'ફેટેડ્)*a.*Unfortunate:ભાગ્યહીન.
Ill-fa-voured,(ઇલ્'ફેવર્ડ્)*a.*Ugly:કદરૂપું;બેડોળ.
Il-liber-al,(ઇલ્લિબ્'અરૅલ્)*a.*[L.*in* & *liberalis*, liberal.]Base;mean:કૃપણ;મખીચુસ;હલકું.
Il-liber-ali-ty,(ઇલ્લિબ્'અરૅલ્"ઇટિ)*n.*Narrowness of mind;parsimony:કૃપણતા;કંજુસાઇ.
Il liber-al-ly,(ઇલ્લિબ્'અરૅલિ)*adv.*Ungenerously;uncharitably:કરકસરથી; કંજુસાઇથી.
Il-licit,(ઇલ્લિસ્'ઇટ્)*a.*[L.*in* & *licere*,to be permitted.]Unlawful;prohibited: કાયદાવિરુદ્ધ.
Il-limit-a-ble,(ઇલ્લિમ્'ઇટૅબલ્)*a.*Incapable of being limited or bounded:અપાર; હદ વગરનું.
Il limit-a-bly,(ઇલ્લિમ્'ઇટૅબ્લિ)*adv.*Without limit:બેહદપણે;નિરવધિપણે.
Il-liter-a-cy,(ઇલ્લિટ્'અરૅસિ)*n.* [L.*in* & *litera*,a

letter.]1. Want of learning: અજ્ઞાનતા.
Il-liter-ate,(ઇલિટ્'અરેટ્)*a.* Ignorant of letters or books:અભણ;વિદ્યા-જ્ઞાનહીન;અવિદ્વાન.
Il-liter-ate-ness,(ઇલિટ્'અરેટ્નેસ્)*n.*Want of learning:અજ્ઞાનપણું;અવિદ્વતા.
Ill-judged, (ઇલ્'જજ્ડ્)*a.* Done without any thought or wisdom:અવિચારે-વગર ડહાપણે કરેલું.
Ill-luck-fortune,(ઇલ્'લક્-,ફૉર્ટ્યૂન)*n.* Misfortune:અવદશા;કુભાગ્ય;કુદૈવ;મંદભાગ્ય.
Ill-na-ture,(ઇલ્'નેટ્યૂર્)*n.*Bad or wicked disposition:દુષ્ટ સ્વભાવ;દુષ્પ્રકૃતિ;દુષ્ટવૃત્તિ.
Ill-na-tured, (ઇલ્'નેટ્યૂર્ડ્) *a.* Cross;surly:ચીડિયું;ખરાબ;દુષ્ટ સ્વભાવનું;દુઃશીલ.
Illness,(ઇલ્'નેસ્)*n.*Sickness:બીમારી.
Il-logic-al, (ઇલ્લૉ'ઝીકલ્)*a.*Contrary to the rules of logic:ન્યાય વિરુદ્ધ;તર્ક શાસ્ત્રના નિયમવિરુદ્ધ.
Il logic-al-ly,(ઇલ્લૉ'ઝીકલિ)*adv.*In an illogical manner:તર્કશાસ્ત્રના નિયમથી ઉલટી રીતે.
Ill-o-mened,(ઇલ્'ઓમેન્ડ્)*a.*Unfortunate:અપશુકનિયું;અમાંગલિક;અશુભ સૂચક.
Ill-starred,(ઇલ્'સ્ટાર્ડ્)*a.*Fated to be unfortunate:ભાગ્યહીન;કમનસીબ.[સ્વભાવ;દુષ્ટવૃત્તિ;વક્રભાવ
Ill-tem-per,(ઇલ્'ટેમ્પર્)*n.*Bad temper:ખરાબ
Ill-tem-pered,(ઇલ્'ટેમ્પર્ડ્)*a* Of bad temper; morose;peevish: દુષ્ટ-ખલ-ખરાબ સ્વભાવનું.
Ill-timed,(ઇલ્'ટાઇમ્ડ્)*a.*Done or said at an unsuitable time:કવખત-વેળાનું;અકાલિક.
Ill-turn,(ઇલ્'ટર્ન્)*n.*Not good;loss:અકલ્યાણ; નુકશાન;અપકાર. [deceive:ભૂલવવું;ફસાવવું;ઠગવું.
Il-lude,(ઇલ્લ્યૂડ્')*vt.*[L.*in* & *ludo*, I play.] To
Il-lumin-ate,(ઇલ્લ્યૂમ'ઇનેટ્)*vt.*[L.*in* & *lumen*, light.]1.To enlighten:અજવાળું પાડવું;જ્ઞાન આપવું.2.To light up as building:-માં રોશની કo.
Il-lumin-ation,(ઇલ્લ્યૂમ'ઇને"શન્)*n.* The act of illuminating:પ્રકાશન;દીપ્તિ;દ્યુતિ.
Il-lumin-at-or,(ઇલ્લ્યૂમ'ઇનેટર્) *n.* One that gives light:પ્રકાશિત કરનાર. [શણગારવું.
Il-lumine,(ઇલ્લ્યૂમ'ઇન્)*vt.*To adorn:રોશની કo;
Il-lusion,(ઇલ્લ્યૂ'ઝ્હન્)*n.* A false show;mockery:પ્રપંચ;મોહ;ભૂલ;છદ્મલ;માયા.
Il-lusion-ist,(ઇલ્લ્યૂ'ઝ્હનિસ્ટ્)*n.* One given to illusion:મોહ-માયાને માનનારા.
Il-lusive,-il-luso-ry, (ઇલ્લ્યૂ'સિવ્-ઇલ્લ્યૂ'સૉરિ) *a.*Deceitful;false:માયારૂપ;કપટી;આભાસ.
Il-lustrate,(ઇલ્લસ્'ટ્રેટ્)*vt.*[L.*in* & *lustro*,I light up.]1.To make clear or bright: પ્રકાશિત-ઉજળું કo.2.To exhibit distinctly:સ્પષ્ટ-ઉઘાડું કo.3.To explain:દાખલો-ઉદાહરણ આપી કહવું.
Il-lus-tration,(ઇલ્લસ્ટ્રે'શન્)*n.*1.Explanation: સમજુતી;પ્રકાશન.2.An example:દાખલો.
Il-lustra-tive,(ઇલ્લસ્'ટ્રેટિવ્) *a.* Exemplifying;explaining:પ્રકાશક;દાખલો આપી સ્પષ્ટ કરનાર.
Il-lustri-ous,(ઇલ્લસ્'ટ્રિઅસ્)*a.*1. Luminous: પ્રકાશક.2.Eminent:નામીચું;નામાંકિત.
Ill-will,(ઇલ્'ઉવિલ્)*n.*Enmity:દ્વેષ;વેર;વેરભાવ.
Image,(ઇમ્'એજ્)*n.*[L.*imitor*,I imitate.]1. A likeness; a picture:પ્રતિમા;પુતળું. 2. An idol: (પૂજવાની)મૂર્તિ-પ્રતિમા
Imag-e-ry,(ઇમ્'એજરિ)*n.* 1.Imitation work: મૂર્તિઓ;પૂતળાં.2.Unreal show:ખોટું રૂપ.
Im-agin-a-ble,(ઇમૅજ્'ઇનૅબલ્)*a.* Capable of being imagined:કલ્પી-ધારી શકાય એવું;કલ્પનીય.
Im-agin-a-ry,(ઇમૅજ્'ઇનરિ)*a.*Not real:મનઃકલ્પિત
Im-agin-ation,(ઇમૅજ્'ઇને"શન્)*n.*The image-making power:કલ્પનાશક્તિ;તર્કશક્તિ.
Im-agin-at-ive,(ઇમૅજ્'ઇનેટિવ્)*a.*Proceeding from imagination:કલ્પિત.
Im-agine,(ઇમૅજ્'ઇન્)*vt.* [L.*imago*.]1.To conceive:કલ્પના કo.2.To think:ધારવું;વિચારવું.
Im-bank,(ઇમ્બૅન્ક્) *vt.* To inclose with a bank:બંધ બાંધવો;ધોરાથી રક્ષણ કo.
Im-bankment,(ઇમ્બૅન્ક્મેન્ટ્)*n.* The act of surrounding with a bank:ધોરાથી પાણીનો અટકાવ કo.
Imbe-cile,(ઇમ્'બેસીલ્)*a.*[L.*in* & *baccilum*, a small staff.]Weak;feeble;decrepit:અશક્ત.
Im-be-cili-ty,(ઇમ્બેસિલ્'ઇટિ)*n.* Weakness; feebleness of body or of mind:નબળાઇ; અશક્ત પણું;મંદબુદ્ધિ. [bed:દાટવું;ગાડવું.
Im-bed, (ઇમ્બેડ્)*vt.* To sink or lay,as in a
Imbedd-ed,(ઇમ્બેડ'એડ્)*a.*Buried:દાટેલું;ગાડેલું.
Im-bibe,(ઇમ્બાઇબ્')*vt.*[L.*in* & *bibo*,I drink.] 1.To drink in:પીવું.2.To admit into the mind and retain:મનમાં લેવું.
Im-bitter,(ઇમ્બિટ્'ટર્)*vt.* To make bitter;to render unhappy:કડવું કo;દુઃખી કo-થવું.
Im-bosom,(ઇમ્બ્'ઝમ)*vt.* To hold in the bosom;to admit to the affection:વહાલ રાખવો.
Imbri-cat-ed,(ઇમ્'બ્રિકેટેડ્)*a.*1. Lying over each other in regular order,like tiles: નેવાંની પેઠે ઉપર તળે ગોઠવેલું.
Im-brown,(ઇમ્બ્રાઉન્')*vt.* To make brown; to tan:બદામી કે તપખીરીયા રંગનું કo.
Im-brue,(ઇમ્બ્રૂ')*vt.*To moisten:પલાળવું.
Im-brute,(ઇમ્બ્રૂટ્')*vt.*To degrade to the state of a brute:પશુ જેવું નિર્દય કo.
Im-bue,(ઇમ્બ્યૂ')*vt.*[L.*in* & *bibo*,I drink.]1.To dye:રંગવું.2.To tincture deeply: ભરપૂર-યુક્ત-ગુણમય કo.
Imi-ta-ble,(ઇમ્'ઇટેબલ્)*a.* Capable or worthy of being copied:નકલ કરવા લાયક;અનુકરણીય.
Imi-tate,(ઇમ્'ઇટેટ્)*vt.* [L.*imitor*.] To follow in manners:અનુસરવું;ની લઢણ પડવી;દેખાદેખી કo.
Im-i-tation,(ઇમિટે'શન્)*n.*The act of imita-

ting:દેખાદેખી;નકલ;અનુકરણ.

Imi-tat-ive,(ઈમ્'ઇટેટિવ્)*a.* Inclined to imitate;imitating:અનુસરે-લટણ પડે-દેખાદેખી કરેએવું.

Imi-tat-or,(ઈમ્'ઇટેટર્)*n.*One who imitates, copies or follows:દેખા દેખી કરનાર;ઉતારો-નકલ કરનાર.

Im-macu-late,(ઇમ્મૅ'ક્યુલેટ્)*a.*[L. *in* & *macula*,spot]Spotless: કલંક-દાઘ વગરનું;નિષ્કલંક;નિર્દોષ;નિર્મલ;વિમલ;શુદ્ધ;પવિત્ર.

Imma-nen-cy,(ઈમ્'મૅનેન્સિ) *n.* Inherence; an indwelling:ખરૂં રહેઠાણ.

Imma-nent,(ઇમ્'મૅનેન્ટ્)*a.* [L. *in*& *maneo*, I remain.]Internal:સ્વાભાવિક; મૂળનું

Im-ma-teri-al,(ઇમ્મૅટી'રિઍલ્)*a.*Incorporeal: અમૂર્તિમાન;નિરાકાર.

Im-ma-teri-al-ism,(ઇમ્મૅટી'રિઍલિઝ્મ્)*n.*The doctrine that immaterial substances exist: આત્મવાદ;દેહભિન્નાત્મવાદ;નિરાકારવાદ.

Im-ma-teri-al-ist,(ઇમ્મૅટી'રિઍલિસ્ટ્)*n.* One who believes in immaterialism:આત્મનિરાકારવાદી.

Im-ma-ture,(ઇમ્મેટ્યૂર્')*a.*Unripe:કાચું.

Im-ma-turi-ty,(ઇમ્મૅટ્યૂર્'ઇટિ) *n.* Unripeness; incompleteness:કાચાપણું;અપૂર્ણતા;અધુરી હાલત.

Im-measur-a-ble(ઇમ્મૅ'ઝ્યુરૅબલ્)*a.*Incapable of being measured;illimitable:અમાપ;બેહદ.

Im-medi-ate(ઇમ્મી'ડીએટ્)*a.*[L.*in* & *medius*, the middle]1.Proximate;close:પાસેનું;નિકટનું. 2.Present;instant:તરતનું;તાત્કાલિક;હાલનું.

Im-medi-ate-ly,(ઇમ્મી'ડિએટ્લિ)*adv* Proximately:ઘણું જ પાસે;તરતજ;પ્રત્યક્ષ;સાક્ષાત્

Im-me-mori-al,(ઇમ્મેમો'રિઍલ્)*a.* Beyond memory;out of mind:અતિ પ્રાચીન;ઘણું જ જુનું. *From times i.*:અનાદિ કાળથી.

Im-mense,(ઇમ્મે'ન્સ્)*a.*[L.*in* & *metior*,I measure.]Very great:અપાર;બેહદ;ઘણું મ્હોટું.

Im-mensely,(ઇમ્મેન્સ્'લિ) *adv* Infinitely: અનંત.

Im-mensi-ty,(ઇમ્મેન્સ'ઇટિ)*n.* Unlimited extension;infinity:બેહદ વિસ્તાર;અનંતતા.

Im-merge,(ઇમ્મર્જ્')*vt.*[L.*in*&*mergo*,I plunge] To plunge into anything:કાંઈ પણ ચીજમાં બોળવું;ઝબોળવું. [To dip:બોળવું;ડબોવવું.

Im-merse,(ઇમ્મર્સ્')*vt.*[L.*in*&*mergo*,I plunge.]

Im-mersion,(ઇમ્મર્'શન્)*n.*1.A sinking within a fluid;a dipping:બોળવું-ડબોવવું તે.

Im-me-thodic-al,(ઇમ્મેથૉડ્'ઇકલ્)*a.*Without order;confused:બંદોબસ્ત વિનાનું;ક્રમહીન.

Immi-grant,(ઈમ્'મિગ્રૅન્ટ્)*n.* [L.*in* & *migro*,I remove.]One who removes into a country for the purpose of permanent residence: ત્યાં રેહેવા સારૂ પરદેશમાં આવી રહેલું માણસ.

Immi-grate,(ઈમ્'મિગ્રેટ્)*vt.*To remove into a country:ત્યાં રેહેવા સારૂ પરદેશમાં આવી રેહેવું.

Im-mi-gration,(ઇમ્મિગ્રે'શન્)*n.*Removing in to a country for the purpose of permanent residence:પરદેશમાં આવી રેહેવું તે; દેશત્યાગ.

Immi-nence,(ઈમ્'મિનેન્સ્)*n.*[L.*in* & *mineo*,I project.] Impending evil or danger: આવી પડેલું જોખમ-ભય.

Immi-nent,(ઇમ્'મિનેન્ટ્)*a.*Full of threats of danger;perilous:ભય-જોખમ ભરેલું.

Im-misci-ble,(ઇમ્મિસ્'ઇબલ્)*a.*Not capable of being mixed:એકઠું કરાય-તોળાય નહિ એવું;અમેલનીય.

Im-mix,(ઇમ્મિક્સ્')*vt.*To mix:એકઠું કo.

Im-mo-bili-ty,(ઇમ્મોબિલ્'ઇટિ)*n.*[L.*in* & *moveo*,I move.]Fixedness in place:સ્થિરપણું.

Im-mode-rate,(ઇમ્મૉ'ડેરેટ્)*a.*Excessive; extravagant:અતિશય;બેહદ;વધુ પડતું;અમર્યાદ;અત્યંત.

Im-mode-rate-ly,(ઇમ્મૉ'ડેરેટ્લિ)*adv* Excessively;unreasonably:અતિશય-બેહદપણે; અત્યંત.

Im-modest,(ઇમ્મૉ'ડેસ્ટ્)*a.*[L.*in* & *modestus*, modest.]1. Immoderate: અમર્યાદ; બેઅદબ. 2. Unchaste:વ્યભિચારી.

Im-modest-ly,(ઇમ્મૉ'ડેસ્ટ્લિ)*adv.*Indecently; unchastely;obscenely:બેઅદબ રીતે.

Im-modes-ty,((ઇમ્મૉ'ડેસ્ટિ)*n.*Want of modesty;unchastity:નિર્લજ્જપણું;બેઅદબી.

Immo-late,(ઇમ્'મોલેટ્)*vt.*[L. *in* & *mola*,meal.]To sacrifice:બલિદાન આપવું.

Im-mo-lation,(ઇમ્મોલે'શન્)*n.*1. The act of immolating:યજ્ઞ નાશ કo તે.2.Sacrifice: ભોગ; બળીદાન.

Im-moral,(ઇમ્મૉ'રલ્)*a.*Vicious:દુરાચરણી.

Im-mo-rali-ty,(ઇમ્મોરૅલ્'ઇટિ)*n.* The quality of being immoral:દુરાચરણી-પાપી થવું તે.

Im-moral-ly,(ઇમ્મૉ'રલિ)*adv.*Viciously:અનીતિથી.

Im-mortal,(ઇમ્મૉર્'ટલ્)*a.*Undying;imperishable;lasting for ever:અમર.

Im-mor-tali-ty,(ઇમ્મૉર્ટૅલ્'ઇટિ)*n.* Exemption from death:અમર હોવું તે;અમરત્વ.

Im-mortal-ize,(ઇમ્મૉર્'ટલ ઇઝ્)*vt.* To cause to live or exist for ever:મરે નહિ એવું કo.

Im-mova-ble,(ઇમ્મૂવ્'ઍબલ્)*a.*1.Firmly fixed;fast:અચળ;નિશ્ચલ;સ્થિર.2.Steadfast:સ્થાવર. *pl.*Lands & things adherent there to: સ્થાવર વસ્તુ.

Im-muni-ty(ઇમ્મ્યૂ'નિટિ) *n.* [L. *in* & *munus*, duty.] Freedom from an obligation;a particular privilege:માફી;છુટ;સ્વાધિનતાનો હક.

Im-mure,(ઇમ્મ્યૂર્')*vt.*[L.*in* & *murus*,a wall.] To shut up;to confine:બાંધી-પૂરી મૂકવું;કેદ કo.

Im-muta-bili-ty,(ઇમ્મ્યૂટબિલ્'ઇટિ)*n.* Unchangeableness;invariableness:નિર્વિકારીપણું.

Im-muta-ble,(ઇમ્મ્યૂ'ટબલ્) *a.* Unchangeable,

unalterable:અવિકારી;સ્થિર;નિર્વિકલ્પ.

Imp,(ઈમ્પ્)n.[L.in & *putare*,to lop.]A shoot; a bud;a slip:ન્હાની કુમળી ડાળી-કળી;ડાળી.

Im-paca-ble,(ઈમ્પૅક્'ઍબલ્)a.[L.in & *paco*,I quiet]Not to be appeased:તૃપ્ત-શાંત ન થાય એવું.

Impact,(ઈમ્'પૅક્ટ્)vt. [L.in & *pango*,I drive.] To drive close:અફળાવવું;જોરથી લાગવું. n. Collission:ધક્કો.

Im-pair,(ઈમ્પૅર્)vt. [L.in & *pejor*, worse] To lessen in power:ઘટાડવું;કમી-ઓછું ક૦.

Im-pair,(ઈમ્પૅર્)a. [L.in & *par*,equal.] Not fit:લાયક નહિ એવું.n.Diminution:ઘટાડો.

Im-pale,(ઈમ્પેલ્')vt.[L.in & *palus* a stake.] To put to death by fixing on a stake: શૂળીએ ચઢાવવું.

Im-palement,(ઇમ્પેલ્'મેન્ટ્)n. The act of inclosing with stakes:શૂળીએ ચઢાવવાની શિક્ષા.

Im-palpa-ble,(ઇમ્પૅલ્'પૅબ્લ્)a.Not to be felt: સ્પર્શથી માલુમ પડે નહિ એવું;અસ્પર્શ્ય.

Im-pannel,(ઈમ્પૅન્'એલ્)vt. To write,as the names of a jury:પંચના માણસોનાં નામની યાદી ક૦

Im-pari-ty,(ઇમ્પૅ'રિટિ)n.Inequality:અસમાનતા.

Im-park,(ઇમ્પાર્ક્')vt.To shut up:ગોંધી લેવું.

Im-part,(ઈમ્પાર્ટ્')vt.[L.in & *partio*,I share.] 1.To bestow a share or portion of:ભાગ આપવો.2.To make known:જણાવવું.

Im-partial, (ઈમ્પાર્'શલ્) a. Unprejudiced; just:અપક્ષપાત;નિષ્પક્ષપાતી;નિસ્પૃહી;સમદર્શી.

Im-partiali-ty,(ઈમ્પાર્'શલ્"ઇટિ)n. Disinterestedness:અદ્દલપણું;અપક્ષપાત.

Im-partial-ly,(ઇમ્પાર્'શલ્લિ) adv. Without bias:અપક્ષપાતપણે;વાજબી રીતે.

Imparti-ble, (ઇમ્પાર્'ટિબ્લ્)a.Indivisible:જેના ભાગ થઈ ન શકે એવું; અવિભાજ્ય.

Im-passa-ble,(ઈમ્પૅસ્'ઍબલ્)a. Incapable of being passed: અગવડ ભરેલો;વિકટ.

Im-passi-bili-ty,(ઇમ્પૅસ્'ઇબિલ્"ઇટિ)n.The quality or condition of being impassible:સુખ દુ:ખ લાગે નહિ એવું હોય તે;અચેતનતા.

Im-passi-ble,Im-passive, (ઇમ્પૅસ્'ઇબલ્,ઇમ્પૅસ્'ઇવ્)a.[L.in& *patior*,I suffer.]Inaccessible to harm:જડ;સુખ દુ:ખ લાગે નહિ એવું;અચેતન.

Im-passion,(ઈમ્પૅ'શન્) vt. To express with strong feeling:ગુસ્સામાં આવવું;જોસભરાવવો-ચઢવો

Im-passion-ate,(ઈમ્પૅ'શનેટ્)vt To affect powerfully:ગુસ્સો આવવો.a.Strongly passionate: જોસભરેલું.

Im-passioned,(ઈમ્પૅ'શન્ડ્)a.Animated;excited:ગુસ્સામાં આવેલું;આવેશી;અનુરાગવાળું.

Im-patience,(ઈમ્પે'શેન્સ્)n.[L. in & *patior*,I suffer.]Want of patience:અધૈર્ય; અધીરાઈ.

Im-patient,(ઇમ્પે'શેન્ટ્)a.Restless:અધીરું.

Im-patient-ly, (ઇમ્પે'શેન્ટ્લિ) adv. In an impatient manner:ઉતાવળ-અધીરતાથી.

Im-pawn,(ઈમ્પૉન્)vt.To pledge:ગીરો મુકવું.

Im-peach,(ઇમ્પીચ્')vt.[L.in & *pes-pedis*, the foot.]To charge with crime;to accuse:સરકારી કામપર તોહોમત-દોષ-આરોપ મૂકવો.

Im-peacha-ble,(ઇમ્પીચ્'ઍબલ્)a.Accusable: આરોપ મૂકવા લાયક.

Im-peachment,(ઇમ્પીચ્'મેન્ટ્)n.A calling to account;arraignment:તોહોમત;દોષારોપ;આરોપ.

Im-pearl (ઇમ્પર્લ્')vt. To form into pearls:મોતીના જેવું બનાવવું.

Im-pecca-bili-ty,(ઇમ્પેક્'ઍબિલ્"ઇટિ)n.Exemption from sin:જેનાથી પાપ નહિ થાય એવો ગુણ.

Im-pecca-ble,(ઇમ્પેક્'ઍબલ્)a [L.in& *pecco*,I sin.] Not liable to sin;exempt from sin:જેનાથી પાપ થાય નહિ-કરે નહિ તેવું;નિષ્પાપ.

Im-pede,(ઇમ્પીડ્')vt.[L.in& *pes,pedis*,a foot.] To hinder:અટકાવવું;વિઘ્ન ક૦;આડે આવવું.

Im-pedi-ment,(ઇમ્પેડ્'ઇમેન્ટ્)n. Hinderance; obstacle:અટકાવ;અડચણ;વિઘ્ન;હરકત;નડતર;આડ.

Im-pel,(ઇમ્પેલ્')vt. [L. in & *pello*,I drive.] To drive or urge forward:આગળ ચલાવવું.

Im-pellent,(ઇમ્પેલ્'એન્ટ્)a.Having the quality of impelling:બળ જોરથી હોડાવતું; ગમન કરાવનાર.

Im-pend,(ઈમ્પેન્ડ્)vi.[L. in & *pendo*,I hang.] To hang over:માથાપર આવી પહોંચવું.

Im-pendence,(ઈમ્પેન્ડ્'એન્સ્)n.Near approach; menacing attitude:માથા ઉપર આવી પડવું તે.

Im-pending,(ઈમ્પેન્ડ્'ઇન્ગ્) n. Hanging over: આવી પડવું;માથા ઉપર આવવું;ઝઝુમી રહેલું.

Im-pene-tra-bili-ty,(ઈમ્પે'નીટ્રૅબિલ્"ઇટિ)n.A quality of being impenetrable:વજ્રતા;ગહનતા.

Im-pene-tra-ble,(ઇમ્પે'નીટ્રૅબ્લ્)a.Incapable of being pierced:જેમાં પ્રવેશના થઇ શકે એવું.

Im-peni-tence,(ઈમ્પે'નિટેન્સ્)n.Obduracy of heart:કઠણ હૈયું;અપશ્ચાત્તાપ;કઠિનતા;કઠોરતા.

Im-peni-tent,(ઇમ્પે'નિટેન્ટ્)a. Obdurate;of a hard heart:કઠણ છાતીનું;પશ્ચાત્તાપ રહિત;બેદિલ.

Im-pera-tive, (ઇમ્પે'રૅટિવ્) a. [L. *impero*, I command.] 1.Commanding:હુકમ આજ્ઞા કરનાર. 2.Imperative mood:આજ્ઞાર્થ.

Im-pera-tively,(ઇમ્પે'રૅટિવ્લિ)adv. Authoritatively:સત્તાથી;આજ્ઞાથી.

Im-per-cepti-ble,(ઇમ્પર્સેપ્'ટિબ્લ્)a. Insensible:કોઇ પણ ઇંદ્રિયથી માલૂમ પડે નહિ એવું; અગોચર;અદૃશ્ય;બે માલમ.

Im-per-cepti-ble-ness, (ઈમ્પર્સેપ્'ટિબ્લ્નેસ્) n.The quality of being imperceptible:અદૃશ્યપણું;અહુન બારીકાઈ.

Im-perfect,(ઈમ્પર્'ફેક્ટ્)a. Incomplete in all its parts:અપૂર્ણ;અધુરું;અસિદ્ધ;ઉણું;ન્યૂન.I. *tense*

(*Gram.*), a tense expressing an action in time past, then present, but not finished: વર્તમાન ભૂતકાળ.

[ness:અપૂર્ણતા;દોષ;ખામી.

Im-per-fection,(ઇમ્પર્ફે'ક્શન્)*n.* Incomplete-

Im-perfect-ly, (ઇમ્પર્'ફેક્ટ્લિ) *adv.* Not fully; not entirely:ખામી ભરેલી રીતે.

Im-perfor-a-ble,(ઇમ્પર્'ફૉરબલ્)*a.*Having no opening:કાણું ન હોય-ન પાડી શકાય એવું.

Im-peri-al,(ઇમ્પી'રિઅલ્)*a.*[L.*impero*, I command.] Pertaining to an empire or to an emperor:બાદશાહનું;શહેનશાહી;બાદશાહી;સાર્વભૌતિક.

Im-peri-al-ist,(ઈમ્પી'રિઅલિસ્ટ્)*n.*A subject or soldier of an emperor: બાદશાહની રૈયત-નો સિપાહ.

Im-peril,(ઇમ્પે'રિલ્)*vt.*To bring into peril; to endanger:જોખમ-ભયમાં નાંખવું;જોખમાય તેમ ક૦.

Im-peri-ous,(ઇમ્પી'રિઅસ્) *a.* Commanding: સત્તાએ ભરેલું;અહંકારી;કડકડ઼રતું.

Im-perish-able,(ઇમ્પે'રિશેબલ્)*a.*Not subject to decay;indestructible:અવિનાશી;અમર.

Im-perish-a-ble-ness, (ઇમ્પે'રિશેબલ્નેસ્) *n.* The quality of being imperishable:અક્ષયતા.

Im-perme-a-bili-ty,(ઇમ્પર્'મીઍબિલ્"ઇટિ) *n.* The quality of being impermeable:અભેદ્યતા.

Im-perme-a-ble,(ઇમ્પર્'મીઍબલ્)*a.*Impervious;impenetrable:પાણી પણ ન પેસી શકે એવું.

Im-person-al,(ઈમ્પર્'સૉનલ્)*a.*Not representing a person: અકર્તૃક-કર્તા વિનાનું; અકર્તૃકવાચ્ય. *I verb*:કર્તા વિનાનું ક્રિયાપદ.

Im-person-ate, (ઈમ્પર્'સૉનેટ્) *vt.* To invest with bodily substance of a human being; to personify:કોઇને મનુષ્યનું રૂપ આપવું.

Im-person-ation,(ઈમ્પર્સૉને"શન્)*n.*Personification:જડપદાર્થને ચૈતન્યનું રૂપ આપવું તે.

Im-perti-nence,(ઈમ્પર્'ટિનેન્સ્) *n.* Rudeness; incivility:બેઅદબી;અસભ્યતા;ઉદ્ધતાઈ.

Im-perti-nent,(ઇમ્પર્'ટિનેન્ટ્)*a.*[L. *in*, *per* & *teneo*,I hold.]1.Not to the point;irrelevant: લાગુ પડે નહિ એવું;અપ્રાસંગિક.2.Rude:ઉદ્ધત;બેઅદબ.

Im-pervi-ous,(ઇમ્પર્'વિઅસ્) *a.*[L. *in*,*per* & *via*,way.] Not admitting of passage or entrance through:જેમાં પ્રવેશ થાય નહિ તેવું

Im-pe-tration,(ઈમ્પેટ્રે'શન્)*n.*[L.*in* & *patro*,I bring to pass.]The act of obtaining by prayer or petition:કાલાવાલા ખુશામતથી મેળવવું તે.

Im-petu-osi-ty,(ઇમ્પે'ટ્યૂઑસ્"ઇટિ)*n.*[L. *in* & *peto*,I assail.]Fury;violence:જુસ્સો.

Im-petu-ous,(ઇમ્પે'ટ્યૂઅસ્)*a.*Furious; forcible;fierce:જોર-વેગવાળું;જબરૂં.

Im-pe-tus,(ઈમ્'પેટસ્)*n.*[L.*in* & *petero*, I fall upon.]Force of motion:ગતિ આપનારૂં;બળ.

Im-pie-ty-Impi-ous-ness, (ઈમ્પાઇ'એટિ-ઈમ્'પિઅસ્નેસ્)*n.* [L. *in* & *pious*] Ungodliness; wickedness:અધર્મ;પાપ;અભક્તિ;દેવનિંદા.

Impinge,(ઇમ્પિન્જ્')*vt.* [L.*in* & *pango*,I strike.]To fall against;to strike:અથડાવવું.

Impi-ous,(ઇમ્'પિઅસ્)*a.*Profane:પાપી;અધર્મી.

Im-pla-ca-bili-ty,(ઇમ્પ્લે'કેબિલ્"ઇટિ)*n.*[L. *in* & *placo*,I appease]Inexorableness;irreconcilable enmity:કટ્ટોદ્વેષ;દીર્ઘદ્વેષ;અશામ્યતા.

Im-placa-ble, (ઇમ્પ્લે'કબલ્) *a.* Inexorable; stubborn in enmity:અતિદ્વેષી;કટ્ટું;હાડ.

Im-placa-ble-ness, (ઇમ્પ્લે'કબલ્નેસ્) *n.* The quality of being implacable:અશામ્યતા;દીર્ઘદ્વેષ.

Im-plant,(ઈમ્પ્લૅન્ટ્')*vt.*To set,plant or infix for the purpose of growth:સ્થાપવું;રોપવું;દૃઢક૦.

Im-plant-ation,(ઇમ્પ્લૅન્ટે'શન્)*n.* The act of implanting,setting or infixing:સ્થાપના.

Im-plead,(ઇમ્પ્લીડ્')*vt.* To institute and prosecute a suit in court:ફરિયાદી ક૦.

Imple-ment,(ઇમ્'પ્લીમેન્ટ્)*n.* An instrument or utensil as supplying the requisite to the end:ઓજાર;સાધન.

Im-pletion,(ઇમ્પ્લી'શન્)*n.*[L.*in* & *pleo*,I fill.] The act of filling:ભરવું તે;અસ્તર;પુરણી.

Implex,(ઇમ્'પ્લેક્સ્)*a.* [L.*in* & *plico*, I fold.] Infolded;complicated:ગુંચવણ ભરેલું;કઠણ.

Impli-cate,(ઇમ્'પ્લિકેટ્)*vt.* [L. *in* & *plico*,I fold.]1.To infold:ગુંચવવું.2.To prove to be connected or concerned:સામેલ છે એવું સિદ્ધક૦.

Impli-cation,(ઇમ્'પ્લિકે"શન્) *n.* The act of implicating or the state of being implicated:ધ્વનન;ફલિતદર્શન.

Impli-cat-ive,(ઈમ્'પ્લિકેટિવ્)*a.* Tending to implicate:સામેલ;ગુંચવણ ભરેલું;સંકેત ગર્ભિત.

Im-plicit,(ઈમ્પ્લિ'સિટ્)*a.*Trusting fully the word or authority of another; complete: નિર્વિવાદ;પૂર્ણ;નિઃસંશય;સાફ;નિખાલસ.

Im-plied,(ઇમ્પ્લાઈડ્')*a.*Known by implication: ગર્ભિત;અટકળથી જણાએલું;અનુમાન સિદ્ધ;ઉપલક્ષિત.

Im-plore,(ઇમ્પ્લોર્')*vt.*[L.*in* & *ploro*, I cry.] To pray earnestly:કાલાવાલા ક૦;વિનંતિ ક૦;આગ્રહથી માગવું.

Im-ply,(ઇમ્પ્લાઈ')*vt.*To include virtually:ખરી-સત્ય રીતે અંદર લેવું-સમાવેશ ક૦;થવું-માંથી અર્થ નિકળવો.

[poison:ઝેર નાંખવું-દેવું-આપવું.

Im-po-ison,(ઈમ્પૉઇ'ઝન્) *vt.* To affect with

Im-poli-cy,(ઈમ્પૉ'લિસિ)*n.*Inexpedience; defect of wisdom:કુનીતિ;અવિચાર;અયુક્તિ;અનીતિ.

Im-pol-ite,(ઈમ્પોલાઈટ્')*a.*Unpolite:બેઅદબ.

Im-pol-itely,(ઇમ્પોલાઇટ્'લિ) *adv.* In an impolite manner:અવિનયતાથી;અસભ્ય રીતે.

Im-pol-iteness,(ઇમ્પોલાઇટ'નેસ્)*n.*Quality of being impolite:અવિનયતા;બેઅદબી;અસભ્યતા.

Im-polit-ic,(ઈમ્પૉ'લિટિક્)*a.* Unwise; imprudent;indiscreet:અવિચારી;અવિવેકી;કાર્યબાધક.

Im-ponder-a-ble,Im-ponder-ous, (ઈમ્પૉન્'ડરૅબલ્-ઇમ્પૉન્'ડરસ્)*a.*[L.*in* & *pondus*.weight.]Without sensible weight:જો ખાય નહિં એવું.

Im-por-osi-ty,(ઈમ્પૉરૉસ્'ઇટિ)*n.* Want of porosity:ઘન-જાડાપણું;ઘનતા;અતિઘનતા.

Im-porous,(ઈમ્પૉર્'અસ્)*a.* Destitute of pores;solid:કાણાં વગરનું;નીરંધ્ર.

Import,(ઈમ્'પૉર્ટ્)*vt.*[L.*in* & *porto*,I carry.] 1.To bring in from abroad:દેશાવરખાતેથી આણવું.2.To imply:અર્થ દેખાડવો.3.To be of importance or consequence to: -ના કામનું-અગત્યનું હોવું. *n.* 1. That which is imported or brought in from abroad:દેશાવરથી આવેલો માલ;વિદેશીય માલ.2.Purport:અર્થ.3.Importance; weight:વજન;મહત્વ.

Im-porta-ble,(ઇમ્પૉર્ટ્'ઍબલ)*a.* Capable of being imported:પરદેશથી લાવવા જોગ.

Im-portance, (ઇમ્પૉર્ટ'ઍન્સ્)*n.*Consequence; weight;moment;significance:મહત્વ;વજન;બોજ.

Im-portant,(ઇમ્પૉર્ટ્'ઍન્ટ્)*a.*Significant;weighty:વજનદાર;અગત્યનું;ઉપયોગી.

Im-porta-tion,(ઈમ્પૉર્ટ્'ઍશન્)*n.* The act of importing from another country:બહાર દેશથી લાવવું તે;આયાત.

Im-portu-nate,(ઇમ્પૉર્'ટ્યૂનેટ્)*a.* Urgent:અગત્યનું;ઘણાકાલાવાલા કરતું:અત્યાગ્રહી;અતિયાચક.

Im-portu-nate-ly,(ઇમ્પૉર્'ટ્યુનેટ્લિ)*adv.*With pressing solicitation:ઘણું આગ્રહ કરવું.

Im-por-tune,(ઈમ્પૉર્ટ્યૂન્')*vt.*[L. *in* & *porto*,I bear.] To request with urgency, to tease: વારેઘડીએ કાલાવાલા ક૦;ગળે પડવું;ખીજવવું.

Im-portuni-ty,(ઇમ્પૉર્ટ્યૂન્'ઇટિ)*n.*Pressing solicitation;urgent request:અત્યાગ્રહ;કાલાવાલા

Im-pose,(ઈમ્પૉઝ્')*vt.*[L *in* & *pono*,I put.]1.To lay on;to put:મૂકવું;રેડવું.2.To levy;to inflict: પર નાંખવું.*To i.on*,to put a deceit on:છેતરવું;ધૂતવું.

Im-posing,(ઇમ્પૉઝ્'ઇન્ગ્)*a.*Impressive; commanding:અસરકારક;ભભકાદાર;ડોળદાર;વિસ્મયાવહ; અદ્ભુત.

Im-po-sition,(ઇમ્પૉઝિ'શન્)*n.*1.The act of imposing or laying on:મૂકવું બેસાડવું તે;આરોપ.2. Burden,levy;tax: કર;જકાત; વેરો. 3. An extra exercise enjoined on a student as a punishment:વિદ્યાર્થીને સજા દાખલ કંઇ લખી લાવવાનો અથવા મ્હોડે કરવા આપેલો પાઠ.4.Deception:ઠગાઇ;દગો;છળ;પ્રપંચ.

Im-possi-bili-ty,(ઇમ્પૉસ્'ઇબિલ્"ઇટિ)*n.*Impracticability:અશક્યતા;અસંભવ;અસાધ્યતા.

Im-possi-ble,(ઇમ્પૉસ્'ઇબલ્)*a.*1.Not possible;absurd or impracticable:અસાધ્ય; અશક્ય; અસંભવિત. [જકાત;દાણ,કર.

Impost,(ઇમ્'પૉસ્ટ્)*n.*A tax,tribute or duty:

Im-postor,(ઇમ્પૉસ્'ટર્)*n.*A deceiver under a false character,a pretender:ઠગારો;ધૂતારો.

Im-posture,(ઈમ્પૉસ્'ટ્યૂર્)*n.*Fraud:દગલબાજી.

Impo-tence, cy,(ઈમ્'પૉટેન્સ્-ન્સિ)*n.*1.Weakness:અશક્તિ.2.Inability to beget children: નામર્દાઈ;બાયલાપણું.

Impo-tent,(ઇમ્'પૉટેન્ટ્)*a.*1.Destitute of force;weak:કમજોર 2.Unable to copulate:નપુંસક.

Im-pound, (ઇમ્પાઉન્ડ્')*vt.* [L. *in* & *pound*,an enclosure.]To confine:વાડામાં રાખવું.

Im-pover-ish,(ઈમ્પૉવ્'અરિશ્)*vt.*[L.*in* & *pauper*,poor.]To make poor:ગરીબ-દરિદ્રી ક૦.

Im-pover-ish-ment, (ઇમ્પૉવ્'અરિશ્મેન્ટ્) *n.* Reduction to poverty; exhaustion: દરિદ્રતા; નિર્ધનતા. [Infeasibility:અશક્યતા;અસાધ્યતા.

Im-practi-ca-bili-ty,(ઇમ્પ્રૅક્'ટિકૅબિલ્"ઇટિ) *n.*

Im-practi-ca-ble,(ઈમ્પ્રૅક્'ટિકૅબલ્)*a.*Not practicable;impossible:અશક્ય;અસાધ્ય;દુ:સાધ્ય.

Impre-cate,(ઈમ્'પ્રીકેટ)*vt.*[L.*in* & *precor*, I pray.]1.To call by prayer: આજીજીથી-વિનતી કરીને બોલાવવું 2.To invoke evil on:ને શાપ દેવો; બદ દુવા માગવી.

Im-pre-cation,(ઈમ્પ્રીકે'શન્)*n.* A curse:શાપ.

Im-pre-cision,(ઇમ્પ્રીસિ'ઝન્)*n.*Want of exactness;defect of accuracy:અશુદ્ધતા;ચૂક;ખામી.

Impregna-ble,(ઈમ્પ્રેગ્'નૅબલ્)*a.* [L.*in* & *prehendo*,I take.]Invincible:જીતાય નહિં એવું.

In-pregnate,(ઇમ્પ્રેગ્'નેટ્)*vt.*[L.*in*,*pra*&*gigno*, I beget.]To make pregnant:ગર્ભવંતું ક૦.

Im-preg-nation,(ઈમ્પ્રેગ્ને'શન્) *n.* Fecundation:ગર્ભ ધારણ-સ્થાપન.

Impress,(ઇમ્પ્રેસ્')*vt.*[L.*in* & *premo*, I press.] 1.To imprint:નિશાની પાડવી.2.To fix deeply: ઠસાવવું.*n.*1.A mark made by pressure:છાપ;મુદ્રા.2.Mark of distinction:છાપ;નિશાની.

Im-pressi-ble,(ઈમ્પ્રેસ્'ઇબલ્)*a.*Capable of being impressed;susceptive:છાપ પાડી શકાય એવું.

Im-pression,(ઈમ્પ્રે'શન્)*n.* 1. The act of impressing or stamping:છાપ મારવી-છાપવું તે. 2. Influence or effect on the senses or the intellect:અસર.3.An indistinct notion;remembrance of belief:અસ્પષ્ટ વિચાર. 4.Whole edition printed at a given time:આવૃત્તિ. *a.* Effective:અસરકારક.

Im-pressive,(ઈમ્પ્રેસ્'ઇવ્)*a.*Adapted to touch the sensibilities or the conscience:મનમાં ઠસી જાય એવું;અસરકારક.

Im-pressure,(ઇમ્પ્રે'શ્યૂર્)*n.*Indentation:છાપ.

Im-primis,(ઈમ્પ્રાઇ'મિસ્)*adv.*[L. *in* & *primus*, first in order.]:પહેલેથી:પ્રથમથીજ;આદિથી;પ્રથમત:

Im-print,(ઇમ્પ્રિન્ટ્)*n*.[L. *in* & *print*.]Whatever is printed on the title page:છાપવાની જગા તથા તારીખ સાથેનું છાપવાનું નામ. *vt*. To impress;to stamp:છાપ મારવી.

Im-prison,(ઇમ્પ્રિઝન્)*vt*.[L.*in*&*prison*.]To put into a prison:કેદ કરવું;કેદખાને-બંધીખાને નાખવું.

Im-prison-ment,(ઇમ્પ્રિઝન્મેન્ટ્) *n*. Confinement in a prison:કેદ;અટકાવ;બંધન;નિરોધ.

Im-proba-bili-ty,(ઇમ્પ્રૉબૅબિલ્'ઇટિ)*n*.Unlikelihood:અસંભવ;ન બને તેવો જોગ;અસંભાવના.

Im-proba-ble,(ઇમ્પ્રૉ'બૅબલ્)*a*. Not probable: અસંભવિત;અસંભાવ્ય;અગવડ ભરેલું.

Im-probi-ty,(ઇમ્પ્રૉબ્'ઇટિ) *n*.Want of integrity;dishonesty:અપ્રમાણિકપણું;બેઈમાનદારી.

Im-promptu,(ઇમ્પ્રૉમ્પ્'ટ્યુ)*adv*.[L.*in* & *promtus*,ready.]Off-hand;without previous study: અગાઉથી વિચાર કર્યા વગરનું;પૂર્વે વિચાર રહિત.

Im-proper,(ઇમ્પ્રૉ'પર્)*a*.1.Unfit:અયોગ્ય.

Im-proper-ly,(ઇમ્પ્રૉ'પર્લિ)*adv*.Unsuitably;inaccurately:ગેરવાજબી રીતે;ખોટી રીતે.

Im-pro-prie-ty,(ઇમ્પ્રોપ્રાઈ'એટિ)*n*.The quality of being improper;unfitness:અયોગ્યતા.

Im-prova-ble,(ઇમ્પ્રૂવ્'ઍબલ્)*a*.Admitting of being made better:સુધારવા લાયક.

Im-prove,(ઇમ્પ્રૂવ્')*vt*.[L.*in* & *probo*,I try.]1. To make better:સુધારવું.2.To advance or increase by use:વાપર-ઉપયોગથી વધવું;ફેલાવો થવો. *vi*.To grow better:સુધરવું.

Im-provement, (ઇમ્પ્રૂવ્મેન્ટ્) *n*.The act of improving:સુધારો;વધારો.

Im-provi-dence, (ઇમ્પ્રૉવિડેન્સ્) *n*.Want of forecast:ટૂંકી નજર;અવિચાર.

Im-provi-dent,(ઇમ્પ્રૉવિડેન્ટ્)*a*.Wanting forecast;thoughtless:ઊંડી પહોંચ-નજર ન હોય એવું.

Im-prudence,(ઇમ્પ્રુડેન્સ્)*n*.Want of caution; heedlessness;rashness:અવિચાર;અવિવેક;ગફલત.

Im-prudent,(ઇમ્પ્રૂ'ડેન્ટ્)*a*. [L. *in* & *prudens*, prudent.]Indiscreet; heedless:નિર્લજ;બેઅદબ.

Impu-dence,(ઇમ્'પ્યુડેન્સ્)*n*.[L.*in* & *pudeo*,I am ashamed.]Shamelessness:બેશરમ.

Impu-dent,(ઇમ્'પ્યુડેન્ટ્)*a*.Shameless:બેશરમું.

Impu-dent-ly,(ઇમ્'પ્યુડેન્ટ્લિ) *adv*.With indecent assurance;shamelessly: નિર્લજ્જતાથી.

Im-pugn,(ઇમ્પ્યૂન્')*vt*.[L.*in* & *pugno* I fight.] To contradict:સામું બોલવું;-ની ના કહેવી.

Im-pulse,(ઇમ્પલ્સ્')*n*.[L. *in* & *pello*,I drive.] The act of driving forward with sudden force;impulsion:ધક્કો;હડસેલો;આંચકો.

Im-pulsion,(ઇમ્પલ્'શન્)*n*.1.The act of driving onward:ગમન કરાવવું; આગળ ચલાવવું તે. 2. Sudden motion:જોસ;હડસેલો.

Im-pulsive,(ઇમ્પલ્સ્'ઇવ્)*a*.1.Moving; impellent:ચલાવનારું.2.Actuated by impulse:લહેરી. *n*.Impelling cause:ધક્કો;જોસ.

Im-puni-ty, (ઇમ્પ્યૂ'નિટિ) *n*. [L. *in* & *pœna*, punishment.]Exemption from punishment or penalty:દંડ-સજાની માફી.

Im-pure,(ઇમ્પ્યૂર્')*a*.[L *in* & *purus*,pure.]1.Not pure:મેલું;ગંદુ;મલિન;ખરાબ 2.Obscene:અશુદ્ધ.*vt*. To pollute:અશુદ્ધ-અપવિત્ર કરવું.

Im-puri-ty,(ઇમ્પ્યૂર્'ઇટિ)*n*.1. Pollution:અશુદ્ધતા;મલીનપણું;છીનાળવાપણું;વટાળ;અપવિત્રાઈ;ના પાકી.2.Foul matter:અશુદ્ધ-મલીન ચીજ;કચરો.

Im-puta-ble,(ઇમ્પ્યૂટ્'ઍબલ્)*a*. Attributable: દોષ-આરોપ મૂકવા જોગ.

Im-pu-tation,(ઇમ્પ્યૂટે'શન્) *n*. Attribution; anything charged:દોષ લગાડવો તે;આરોપવું તે.2. Intimation;opinion: ખબર;સૂચના;બાતમી;સમજુતી.

Im-pute,(ઇમ્પ્યૂટ્')*vt*.[L.*in* & *puto*,I reckon.]1. To attribute:લગાડવું;નો આરોપ મૂકવો.2 To reckon;to regard:માનવું;લેખવવું.

In,(ઇન્)*prep*.Within; inside of:અંદર;મધ્યે;માહે. *To be* i.*for it*,to be in favour of a thing:કોઇ વસ્તુની તરફ હોવું. I.*that*,because:કારણ કે *To be* i.,to be at home:ઘરમાં પેર હોવું.I.*s* & *outs*:ગલી કુંચીઓ;ખોડ ખામીઓ.

In-a-bili-ty,(ઇનૅબિલ્'ઇટિ)*n*.Lack of ability: અશક્તિ;અસામર્થ્ય;ન આવડવું તે;દુર્બળતા.

In-ac-cessi-bili-ty,(ઇનૅક્સેસ્'ઇબિલ્'ઇટિ) *n*. The quality or state of being inaccessible or not to be reached:અગમ્યતા;ગહનતા;દુષ્પ્રાપ્યતા.

In-ac-cessi-ble,(ઇનૅક્સેસ્'ઇબલ્) *a*. Not to be reached;unobtainable:જવાય અવાય નહિ એવું.

In-accu-ra-cy,(ઇનૅક્'યુરૅસિ)*n*. Defect;error:ચૂક;ખોડ;અશુદ્ધતા;અંતર;તફાવત. [ખોટું.

In-accu-rate, (ઇનૅક્'યુરેટ્)*a*. Not correct:

In-action,(ઇનૅક્'શન્)*n*.Idleness:આળસ;સુસ્તી.

In-active,(ઇનૅક્'ટિવ્)*a*.Idle:સુસ્ત.

In-ac-tivi-ty,(ઇનૅક્ટિવ્'ઇટિ)*n*.1.Inertness: જડ-અચેતન હોવું તે.2.Idleness:સુસ્તી.

In-ade-qua-cy,(ઇનૅડ્'ઇક્વૅસિ)*n*.Defectiveness:અપૂર્ણતા;અયોગ્યતા.

In-ade-quate,(ઇનૅડ્'ઇક્વેટ્)*a*.Unequal: અધુરું.

In-ade-quate-ly,(ઇનૅડ્'ઇક્વેટ્લિ) *adv*. Not fully or sufficiently:નાલાયકી;અયોગ્યતાથી.

In-ad-hesive,(ઇનૅડ્હી'સિવ્)*a*. Having the quality of not adhering:ચોંટે-વળગે નહિ તેવું.

In-ad-missi-ble, (ઇનૅડ્મિસ્'ઇબલ્) *a*. Not proper to be admitted:અગ્રાહ્ય;અસ્વીકાર્ય.

In-ad-vertence,-cy,(ઇનૅડ્વર્ટ્'એન્સ્ ,-ન્સિ)*n*. Inattention;negligence:ગફલત;ચૂક;પ્રમાદ.

In-ad-vertent,(ઇનૅડ્વર્ટ્'એન્ટ્)*a*.Heedless; careless:ધ્યાન ન આપતું;બેસુરત;ગાફેલ.

In-ali-en-a-ble,(ઇનૅ'લિયેનૅબલ)*a*. [L.*in* &

alienable.] Incapable of being put off:બીજાને અપાય નહિ એવું.

In-amo-rata,(ઇનઍમોરાટ)*n.* A female in love:પ્રિયા. [પ્રિય.

In-amo-rato,(ઇનૅમોરાટો)*n.* A male lover:

In-ani-mate,(ઇનૅનિમેટ)*a.*[L.*in* & *animate.*] Destitute of life;dead:જડ;અચેતન;નિર્જીવ.

In-a-nition,(ઇનૅનિશન)*n.*Emptiness;exhaustion;want of food:ખાલીપણું;શૂન્યતા;લાંઘણ.

In-ani-ty,(ઇનૅનિટિ)*n.*Vacuity;emptiness:ઠાલાપણું;ખાલીપણું;પોકળતા;શૂન્યતા.

In-appe-tense, (ઇનૅપિટેન્સ) *n.* Want of a disposition to seek nutriment.અરુચિ;અક્ષુધા.

In-appli-ca bili-ty,(ઇનઍપ્લિકૅબિલિટિ) *n.* Unfitness:અનુચિતપણું;અણઘટ;અયોગ્યતા.

In-appli-cable, (ઇનૅપ્લિકૅબલ) *a.* Incapable of being applied:માફક ન પડે તેવું.

In-appli-cation,(ઇનઍપ્લિકેશન)*n.* Negligence;indolence:માફક ન આવવું તે;આળસ.

In-appo-site, (ઇનૅપોઝીટ)*a.* Not fit or suitable;not pertinent:નાલાયક;અયોગ્ય;અસંગત.

In-ap propri-ate, (ઇનઍપ્રોપ્રિએટ)*a.*Unbecoming:લાગુ પડે નહિ એવું;અયોગ્ય.

In-apt, (ઇનૅપ્ટ)*a.*Unsuitable:લાગુ ન પડતું.

In-apti-tude, (ઇનૅપ્ટિટ્યૂડ) *n.* Unfitness; unsuitableness:નાલાયકી;અયોગ્યતા; અપાત્રતા.

In-ar-tiou-late,(ઇનઆર્ટિક્યૂલેટ)*a.*Not articulate:સ્પષ્ટ સમજાય નહિ એવું.

In-ar-tiou-lation,(ઇનઆર્ટિક્યૂલેશન)*n.*Indistinctness of sounds in speaking: અસ્પષ્ટ ઉચ્ચાર.

In-arti-ficial,(ઇનઆર્ટિફિશલ) *a.* Formed without art:પોતાની મેળે થયેલું;અકૃત્રિમ; સ્વયંભૂ.

In-as much,(ઇનૅઝમચ)*adv.*Since:કારણ કે.

In-at-tention,(ઇનઍટેનશન)*n.*Heedlessness: ગફલત;અસાવધપણું;બેદરકારી.

In-at-tentive,(ઇનઍટેન્ટિવ)*a.*Heedless:ધ્યાન ચિત્ત ન લગાડતું;બેપરવા;બેદરકાર.

In-audi-ble,(ઇનઑડિબલ)*a.*[L.*in* & *audio*,I hear.]Incapable of being heard:સંભળાય નહિ એવું.

In-augu-ral,(ઇનઑગ્યુરલ)*a.*Pertaining to or pronounced at inauguration:સ્થાપના-અભિષેકનું

In-augu-rate,(ઇનઑગ્યુરેટ)*vt.* [L.*in,avis*, a bird & *garrio*,I cry.]To invest with an office in a formal manner: ક્રિયા-વિધિપૂર્વક અધિકાર આપવો;અભિષેક ક૦.

In-augu-ration,(ઇનઑગ્યુરેશન)*n.* Investiture of office by appropriate ceremonies: ક્રિયા-વિધિપૂર્વક કરેલી સ્થાપના.

In-au-spicious,(ઇનઑસ્પિશસ)*a.* Ill-omened;unlucky;unfavourable:અશુભ;અમંગળ.

In-authen-tic, (ઇનઑથેન્ટિક)*a.* Having no proof:સાબીતી વિનાનું;અપ્રમાણ;પ્રમાણ વિનાનું.

Inborn,(ઇનબૉર્ન)*a.*Inherent:કુદરતથી થએલું.

Inbred,(ઇનબ્રેડ)*a.*Natural:સ્વાભાવિક;કુદરતી.

In-cage,(ઇનકેજ)*vt.*To coop:પાંજરામાં ઘાલવું.

In-calou-la-ble,(ઇનકૅલ્ક્યુલેબલ)*a.* Beyond calculation:અગણિત;અનંત;બેસુમાર.

In-can-descence,(ઇનકૅન્ડેસ્સેન્સ)*n.*[L.*in* & *candeo*,I glow.] A white heat caused by intense heat:અતિગરમી;અત્યુષ્ણતા.

In-can-descent,(ઇનકૅન્ડેસેન્ટ)*a.* White or glowing with heat:અતિગરમ;અતિઉષ્ણ.

In-can-tation,(ઇનકૅન્ટેશન)*n.*[L.*en* & *canto*, I sing.]Enchantment:જાદુ;મંતરમંતર;મેલીવિદ્યા.

In-canta-to-ry(ઇનકૅન્ટેટોરિ)*a.*Magical:માંત્રિક

In-capa-bili-ty,(ઇનકેપૅબિલિટિ)*n.* Incapacity;want of power:નાલાયકી,અશક્તિ;અસામર્થ્ય.

In-capa-ble,(ઇનકેપેબલ)*a.* **1.** Not large or wide enough to contain:જેમાં માય નહિ એવું. **2.**Mentally insufficient: આવડે નહિ એવું. **3.** Morally weak:અનુચિત.

In ca-pacious,(ઇનકૅપેશસ)*a.*Narrow:નહાનું.

In ca-paci-tate,(ઇનકૅપૅસિટેટ)*vt.*To render incapable:અશક્ત-અયોગ્ય નાલાયક ક૦.

In-ca-paci-ty,(ઇનકૅપૅસિટિ)*n.***1.**Want of capacity:અશક્તિ;અસામર્થ્ય;બુદ્ધિહીનતા.**2.**Disqualification:અયોગ્યતા.

In-carce-rate,(ઇનકાર્સરેટ)*vt.*[L. *in* & *carcer*, a prison]To imprison:કેદ ક૦;તુરંગમાં નાંખવું.

In-carce-ration,(ઇનકાર્સરેશન)*n.***1.** Imprisonment:કેદખાને નાંખવું તે;કેદ.

In-carnate,(ઇનકાર્નેટ)*vt.* [L. *in* & *caro,carnis*,flesh.]To clothe with flesh: અવતાર લેવો. *a.*Invested with flesh:દેહધારી;અવતારી.

In-car-nation,(ઇનકાર્નેશન) *a.* The act of taking human body:અવતાર—શરીર ધારણ;દેહધારણ

In-carna-tive,(ઇનકાર્નેટિવ)*a.*Healing;causing new flesh to grow:દેહ ધારણ કરતું.

In-case,(ઇનકેસ)*vt.*[L.*in* & *case.*] To inclose in a case;to inclose:ઢાંકવું;ઢાંકણ-ડબા-વેષ્ટનમાં ઘાલવું.

In-case-ment,(ઇનકેસમેન્ટ)*n.*The act of inclosing with a casement:ઢાંકણ-ડબામાં ઘાલવું તે.

In-cate-nation,(ઇનકેટનેશન)*n.*[L.*in* & *catena*, chain.] The act of linking together: જોડવું તે.

In-cautious,(ઇનકૉશસ)*a.*Heedless:અસાવધ.

In-cautious-ness,(ઇનકૉશસનેસ)*n.*Want of caution:અસાવધપણું;ગફલત.

In-cavat-ed,(ઇનકેવેટેડ)*a.* [L. *in* & *cavus*, hollow.]Made hollow;bent round or in:કોતરેલું. [ing hollow:પોલું ક૦-કોતરવું તે.

In-cav-ation,(ઇનકેવેશન)*n.*The act of mak-

In-cendi-ar-ism,(ઇન્સેન્ડ્'ઈઍરિઝમ્)*n.*The act or practice of maliciously setting fire to houses:દ્વેષથી પારકાનું ઘર બાળી મૂકવું તે.

In-cendi-ary,(ઈન્સેન્ડ્'ઈઍરિ)*a.*Pertaining to the malicious burning of a dwelling:દ્વેષથી પારકાનું ઘર બાળી મૂકવા સંબંધિ.*n.*A person who sets fire to a building:આગ લગાડનાર;ગૃહદાહક.

In-cense,(ઇન્સેન્સ્')*vt.*To set on fire;to kindle:સળગાવવું-ધૂપ દેવો-કરવો.*n.* Perfume exaled by fire:ધૂપ; ધૂપગંધ.

In-centive,(ઈન્સેન્ટ્'ઈવ્)*a.*Inciting;encouraging:ઉશ્કેરનાર.*n.*Motive; spur:ઉત્તેજન.

In-ception, (ઇન્સેપ્'શન્) *n.* [L. *in* & *capio*,I take.]Beginning:શરૂઆત;પહેલ;આરંભ.

In-certi-tude,(ઈન્સર્'ટિટ્યૂડ્)*n.*[L.*in*&*certus*, certain.] Uncertainty:અનિશ્ચય;અશંકપણું.

In-cessant,(ઇન્સેસ્'ઍન્ટ્)*a.* [L. *in* & *cesso*, I cease.]Unceasing:બંધ ન પડે એવું;નિરંતર.

Incest,(ઈન્'સેસ્ટ્)*n.*[L.*in* & *castus*,chaste.]The crime of cohabitation between persons related within the degrees wherein marriage is prohibited:નિકટ સગાં સાથે સંભોગ.

In-cestu-ous,(ઈન્સેસ્ટ'યૂઅસ્)*a.*Guilty of incest:નિકટ સગા સાથે સંભોગ કરનાર;ગોત્રગામી.

Inch,(ઈન્શ્)*n.* **1.** A measure of the twelfth part of a foot:એક ફૂટનો બારમો ભાગ;તસુ. **2.** A critical moment : અણિનો વખત. *By inches*, gradually:ધીમે ધીમે.

Incho-ate,(ઇન્કોએટ્)*a.*[L.*inchoatum*,begun.] *a.*Incipient;incomplete:આરંભેલું;અધુરૂં; કાચું.

Inci-dence,(ઈન્'સિડેન્સ્)*n.*[L.*in*&*cado*,I fall] An incident;an event:પતન;પ્રસંગ;ઘટના;વૃત્તાંત; બનાવ;બિના.

Inci-dent,(ઈન્'સિડેન્ટ્)*a.*1.Striking or falling upon:પડતું થતું.2.Casual:આવી પડેલું.3.Dependent:આધાર રાખતું.*n.*An event:બનાવ;બીના.

In-ci-dental,(ઈન્સિડેન્ટ્'ઍલ્) *a.*Casual; accidental:કોઈ વેળા બનતું;અનિયમિત.

Inci-dental-ly,(ઈન્સિડેન્ટ્'ઍલિ) *adv.*Without intention:અકસ્માતરીતે;પ્રસંગવશાત્.

In-ciner-ate, (ઇન્સિન'અરેટ્) *vt.* To burn to ashes:બાળીને ખાખ-રાખ-ભસ્મ ક૦.

In-cipi-en-cy, (ઇન્સિ'પિએન્સિ)*n.* Beginning; commencing:શરૂઆત;પહેલ;પ્રારંભ;મંડાણ;ઉપક્રમ.

In-cipi-ent,(ઈન્સિ'પિએન્ટ્)*a.*Beginning;commencing:શરૂઆતનું;આરંભનું;પહેલું;પ્રથમ;આરંભક.

In-cipi-ent-ly, (ઇન્સિ'પિએન્ટ્લિ) In an incipient manner:અગાઉથી;પ્રથમથી.

In-ci-sion,(ઇન્સિ'ઝ્હન્)*n.*[L.*in* & *cædo*,I cut.] The act of cutting:કાપવું તે.2.A cut:કાપ.

In-cisive,(ઇન્સાઇ'સિવ્)*a.*Sharp:કાપે એવું.

In-cisor, (ઈન્સાઇઝ'અર્)*a.* Having the quality of cutting:કાપે એવું;છેદક. [મ;ભ;છેદ.

In-cisure,(ઇન્સાઇ'ઝ્હ્યૂર્)*n.*A cut:કાપ;ચીરો;જખ-

In-cit-ation,(ઇન્સિટે'શન્)*n.*The act of inciting:ઉશ્કેરવું તે;શિખવણી.

In-cite,(ઇન્સાઈટ્')*vt.*[L.*in* & *cito*, I rouse.]To move to action;to rouse:ઉશ્કેરવું;ચઢાવવું;શિખવવું;ઉત્તેજન આપવું.[ing:ઉશ્કેરવું તે;ઉશ્કેરણી;ઉત્તેજન.

In-citement,(ઇન્સાઇટ્'મેન્ટ્)*n.*The act of incit-

In-civil,(ઇન્સિ'વિલ્)*a.*Rude:અસભ્ય.

In-ci-vili-ty,(ઇન્સિવિલ્'ઇટિ)*n* [L. *in* & *civis*,a citizen.]Rudeness:દુર્જનતા;અસભ્યતા.

In-clasp,(ઈન્કલૅસ્પ્')*vt.*To hold fast to:ભેટવું.

In-clemen-cy,(ઈન્કલે'મેન્સિ)*n.* Harshness,severity:સખ્તાઈ;નિર્દયપણું;કઠોરપણું;નિર્દયતા;તોફાનીપણું;સખ્તાઈ;સખ્ત-કડકડતી ટાઢ.

In-clement,(ઈન્કલે'મેન્ટ્)*a.* [L. *in* & *clemens*, mild.]Unmerciful;severe.નિર્દય;કઠોર;સખ્ત.

In clina-ble,(ઈન્કલાઇન્'અબલ્)*a.*Leaning;tending:વળે એવું;નમનશીલ;વલણ થયેલું.

In-clin-ation,(ઈન્ક્લિને'શન્)*n.*1. The act of inclining:વલણ;ઝોક.2.(*Geom.*)The angle made by two lines or planes which meet if produced:બે લીટીઓને લંબાવવામાં આવે તો તે મળવાથી થયેલો ખૂણો. 3.Bent propensity:મનનું વલણ.

In-cline,(ઇન્કલાઇન્')*vi.*[L.*in*&*clino*,I bend.]1. To lean:વળવું;મરડાવું.2.To be disposed:વલણ થવું;મનવળવું.*n.*An inclined plane;a grade:ઢોળાવ.

In-close,(ઈન્લોઝ્')*vt.*[L *in* & *claudo*,I shut.]1. To surround:વાડ બાંધવી-કરવી; ઘેરવું. 2. To put within a case:પેટીમાં ઘાલવું.

In-closure,(ઈન્કલો'ઝ્હ્યૂર્)*n.*The separation of land from common ground by a fence:વાડની અંદરની જગા.

In-clude,(ઈન્કલ્યૂડ્')*vt.*[L.*in* & *claudo*,I shut.] To hold;to contain:માં હોવું;સમાવેશ ક૦.

In-clusion,(ઇન્કલ્યૂ'ઝ્હન્) *n.*The act of including:સમાવેશ;અંતર્ભાવ;અંતર્ગણના; અતિવ્યાપ્તિ.

In-clusive,(ઈન્કલ્યૂ'સિવ્) *a.* Including:-માં ગણીને;પરિગ્રાહી;અભિવ્યાપક.

In-cog,-In-cogni-to, (ઇન્કોગ્'-ઈન્કોગ્'નિટો) *adv.*In concealment;in disguise:ગુપ્તવેશથી.

In-cogni-to,(ઈન્કોગ'નિટો) *n.*1.One known in disguise:ગુપ્ત વેષવાળો માણસ;વેષધારી,2.The state of being in disguise:ગુપ્તવેષ.

In-cogniz-a-ble,(ઈન્કોગ્નિઝૅબલ્)*a.*Incapable of being recognised: ઓળખાય-જણાય નહિ એવું.

In-co-herence,-cy,(ઈન્કોહીર્'એન્સ-ઈન્કોહીર્'-એન્સી) *n.* Want of cohesion or adherence: અસંયોગ.

In-co-herent,(ઈન્કોહીર્'એન્ટ્)*a.*[L. *in*, *con* & *haereo*,I stick.]Inconsistent:વિરુદ્ધ;સંબંધવિનાનું.

In-co-herent-ly, (ઈન્કોહીર'એન્ટલિ) *adv.* In

consistently:ગમેતેમ;સબંધ વગર;યદ્વાતદ્વા.

In-com-busti-ble,(ઈન્‌કોમ્બસ્ટ'ઈબલ્‌)*a.*Incapable of being burned:સળગે નહિં એવું.

Income,(ઇન'કમ્‌)*n.*The gain from labour:આવક;પેદાશ.

In-com-mensu-ra-ble, (ઈન્કોમ્મેન'સ્યૂરેબલ્‌) *a.*Having no common measure or standard of comparision:સામાન્ય ભાજક રહિત; અસમપરિમાણ;અસમાન;ભિન્નપરિમાણક.

In-com-mensu-rate,(ઈન્‌કોમ્મેન'સ્યૂરેટ્‌)*a.*1. Not admitting of a common measure:સામાન્ય ભાજક વિનાનું 2.Not adequate:અપુરૂં.

In-commo-dation,(ઈન્કોમ્'મોડે"શન્‌)*n.* State of being incommodated:અગવડ;સંકોચ;અડચણ.

In-com-mode,(ઇન્કોમ્મોડ્‌')*vt.*[L.*in* & *commodo*,I make fit.]To disturb or molest:-ને અડચણ પડવી;ને અગવડમાં નાંખવું.

In-com-modi-ous, (ઈન્કોમ્મો'ડિઅસ્‌) *a.* Unsuitable:અડચણ ભરેલું;સોઈ વિનાનું.

In-com-muni-ca-ble, (ઈન્કોમ્મ્યૂ'નિકેબલ્‌) *a.* Incapable of being told:બીજાને કહેવાય નહિં એવું.

In-com-muni-ca-tive, (ઈન્કોમ્મ્યૂ'નિકેટિવ્‌) *a.* Not free or apt to impart to others in conversation:બીજાની જોડે વાત નહિ કરવા લાયક.

In-com-muta-ble, (ઈન્કોમ્મ્યૂટ્'એબલ્‌)*a.* Not capable of being exchanged with another: અદલ બદલ ના કરાય તેવું.

In-compa-ra-ble,(ઇન્કોમ્'પેરેબલ્‌)*a.* Without an equal:અનુપમ;અતુલ્ય;અપ્રતિમ.

In-com-passion-ate,(ઈન્કોમ્પૅ'શનેટ્‌)*a.*Void of pity:દયા રહિત,કઠોર;નિર્દય;દયાહીન.

In-com-pati-bili-ty, (ઇન્કોમ્પૅટ્‌ઇબિલ્‌"ઇટિ) *n.* Inconsistency:વિરૂદ્ધતા;વિપરીતતા;અસંભવ.

In-com-pati-ble, (ઈન્કોમ્પૅટ્'ઇબલ્‌)*a.*1.Inconsistent:વિરૂદ્ધ;અયુક્ત;અસંગત;વિપરીત;અસંભવિત.

In-compe-tence,-cy,(ઇન્કોમ્'પીટેન્સ્‌,ઇનકોમ્પીટેન્સિ)*n.*1.Insufficiency:અશક્તિ. 2. Want of legal fitness to be heard or admitted as a witness:સાક્ષી તરીકે હાજર થવાની નાલાયકી.

In-compe-tent,(ઇન્કોમ્'પીટેન્ટ્‌)*a.*1.Incapable; unfit:અશક્ત;અસમર્થ;અયોગ્ય.2.Wanting legal qualifications:કાયદા પ્રમાણે અયોગ્ય-નાલાયક.

In-com-plete,(ઇન્કોમ્પ્લીટ્‌') *a.* 1. Unfinished: અપૂરૂં. [fectness;defectiveness:અપૂરૂં હોવું તે.

In-com-pleteness,(ઇન્કોમ્પ્લીટ'નેસ્‌)*n.*Imper-

In-com-pre-hensi-ble,(ઈન્કોમ્‌પ્રીહેન્"સિબલ્‌) *a.*1. Beyond the reach of human intellect; inconceivable:ન સમજાય એવું;ગૂઢ.

In-com-pre-hensi-bili-ty, (ઈન્કોમ્‌પ્રીહેન'સિબિલ્‌"ઇટિ) *n.* The quality of being beyond the reach of human intellect:અચિંત્યતા;ગૂઢતા.

In-com-pressi-ble,(ઇન્કોમ્પ્રેસ્'ઈબલ્‌)*a*[L. *in*, *con* & *premo*,I press.]Not compressible;resisting compression:દબાયનહિં એવું; અસંકોચનીય.

Incon-ceiva-ble,(ઇન્કોન્સીવ્'એબલ્‌)*a.*Incapable of being conceived by the mind:કલ્પાય નહિં એવું.[no conclusion:અપ્રમાણ;અનિશ્ચયકારી.

In-con-clusive,(ઇન્કોન્ક્લ્યૂ'સિવ્‌)*a.*Leading to

In-congru-ent,-In-congru-ous,(ઇન્કોન્'ગ્રૂએન્ટ્‌,-ઇન્કોનગ્'રૂઅસ્‌)*a.*Unsuitable:અયોગ્ય.

In-con-grui-ty,(ઇન્કોન્ગ્રૂ'ઇટિ)*n.*1.Inconsistency;impropriety:અયોગ્યતા;વિરૂદ્ધતા;અસંગતિ.

In-conse-quent,(ઈન્કોન'સીક્વેન્ટ્‌)*a.*1.Not regularly inferred:પ્રતિજ્ઞા-આપેલા પ્રમાણમાંથી ન નિકળતું.

In-con-sider-a-ble (ઇન્કોન્સિડ્'અરેબલ્‌)*a.*Unimportant;small;trivial:ધ્યાનમાં ન લેવા જોગ.

In-con-sider-ate,(ઇન્કોન્સિડ્'અરેટ્‌)*a.*1.Hasty; thoughtless;heedless:અવિચારી; અવિવેકી.

In-con-sider-ate-ly,(ઈન્કોન્સિડ્'અરેટ્‌લિ) *adv.* Carelessly:બેદરકારીથી;વગરવિચારે;અવિચારપૂર્વક.

In-con-sider-ation, (ઇન્કોન્સિડ્'અરે"શન્‌) *n.* Inattention to consequences: અવિવેક;અવિચાર.

In-con-sist-ence,-cy, (ઈન્કોન્સિસ્ટ્'એન્સ્‌નિસ) *n.* 1. Disagreement: પરસ્પર વિરોધ; વિરૂદ્ધતા; વિપરીતતા.

In-con-sistent,(ઈન્કોન્સિસ્ટ્'એન્ટ્‌)*a.*1 Discordant:એકેક સાથે વિરોધવાળાં;એક બીજાથી ઉલટું.

In-con-sistent-ly, (ઇન્કોન્સિસ્ટ્'એન્ટ્‌લિ) *adv.* Incongruously:ધડ;માથું ગમે તેમ હોય તે રીતે.

In-con-sola-ble, (ઇન્કોન્સોલ્'એબલ્‌) *a.* Not to be consoled:શોકમાંનિમગ્ન.

In-con-spicu-ous,(ઈન્કોન્સ્પિક્'યૂઅસ્‌)*a.*Hardly discernible:અસ્પષ્ટ;પરખાય નહિં તેવું.

In-constan-cy,(ઇન્કોન'સ્ટેન્સિ)*n.*[L.*in*, *con* & *sto*,I stand.]1.Mutability:અસ્થિરતા. [સ્થિર.

In-constant,(ઈન્કોન'સ્ટેન્ટ્‌)*a.*1. Unsteady:અ-

In-con-testa-ble,(ઈન્કોન્ટેસ્ટ્'એબલ્‌)*a.* Not to be disputed:નિર્વિવાદ;બેતકરાર;નિઃસંદેહ.

In-conti-nence,-cy, (ઇન્કોન'ટિનેન્સ્‌,-ઇન્કોન્ટિનેન્સિ)*n.* 1. Incapacity to hold: ઇંદ્રિયાધિનતા; વ્યભિચાર. [ઇંદ્રિયવશ;જારકર્મી;છિનાળવો;વ્યભિચારી.

In-conti-nent,(ઈન્કોન'ટિનેન્ટ્‌)*a.*1 Unchaste:

In-conti-nent-ly, (ઈન્કોન'ટિનેન્ટ્"લિ) *adv* 1. Unchastely:વ્યભિચારી-સ્વછંદપણે.

Incontro-verti-ble, (ઇન્કોન્ટ્રોવર્ટ્"ઇબલ્‌) *a.* Too clear or certain to admit of dispute; indisputable:તકરાર વિનાનું;નિર્વિવાદ; અખંડનીય.

In-con-veni-ence,(ઈન્કોનવી'નિએન્સ્‌)*n.*1.Unsuitableness:અડચણ;અગવડ,ગેરસોઈ.*vt.*To bring to inconvenience:અડચણ-અગવડમાં નાંખવું.

In-con-venient,(ઇન્કોન્વી'નિએન્ટ્‌)*a.*1. Expedient:અસુગમ;અસુતર;અનુચિત,અનુકુળ ન પડતું.

In-con-verti-ble,(ઈન્કોન્વર્ટ્'ઇબલ્‌) *a.* [L. *in*,

con & *verto*, I turn.] Not capable of being changed: ફેરવાય-બદલાય નહિ એવું.

In-corpo-rate, (ઈન્કોર્પોરેટ્) *vt.* [L. *in* & *corpus*, body.] 1. To form in a body: મેળવી-જોડી નાંખવું. 2. To amalgamate: મેળવવું; સંયુક્ત કરવું. 3. To form into a legal body: સનંદી મંડળી ક૦. *vi.* To be mixed or blended; to grow into: જોડાવું; જોડાઇ ભળી જવું. *a.* 1. Not consisting of matter: વિદેહી.

In-corpo-ration, (ઈન્કોર્પોરે"શન્) *n.* 1. The act of incorporating: ભેળી-જોડી દેવું તે; સંયોગ. 2. The formation of a political body by the union of individuals: સનંદી મંડળી.

In-cor-pore-al, (ઈન્કોર્પોરીઅલ) *a* 1. Not consisting of matter: દેહવિનાનું; નિરાકાર; અશરીરી.

In-cor-rect, (ઈન્કોરેક્ટ્) *a.* 1. Inaccurate: અશુદ્ધ.

In-co-rrectly, (ઇન્કોરેક્ટ્લિ) *adv.* Inaccurately; not exactly: ભૂલચૂક કરીને; અશુદ્ધ રાખીને.

In-co-rrectness, (ઇન્કોરેક્ટ્નેસ્) *n.* Want of conformity to truth; inaccuracy: ચૂક; ખામી; દોષ.

In corri-gi-ble, (ઈન્કોરિજબલ્) *a.* [L. *in* & *corrigo*, I correct.] Bad beyond correction: કદી ન સુધરે તેવું; વંઠેલ; હાથથી ગયેલું.

In-co-rrupt, (ઇન્કોરપ્ટ્) *a.* 1. Unimpared; not marred or spoiled: ખરાબ થયેલું-બગડેલું નહિ તેવું

In-co-rr-uptibili-ty, (ઇન્કોરપ્ટ્બિલિ"ટિ) *n.* Incapability of corruption: અવિકારીપણું; અક્ષયતા.

In-co-rrupti-ble, (ઈન્કોરપ્ટ્ઇબલ્) *a.* 1. Incapable of corruption or decay: અક્ષય; અવિનાશી.

In-co-rrupti-bleness, In-co-rruption, (ઈન્કોરપ્ટ્ઇબલ્નેસ-ઈન્કોરપ્શન્) *n.* Absence of corruption: અવિકાર; અનાશ; વિકારાભાવ; અભ્રષ્ટતા; સ્વચ્છતા

In-crease, (ઈન્ક્રીસ) *vi.* [L. *in* & *cresco*, I grow.] 1. To grow: ઉગવું; વધવું. *vt.* To extend: ફેલાવવું. *n.* 1. Augmentatation: વધારો; વૃદ્ધિ.

In-credi-bili-ty, (ઇન્ક્રેડ્બિલિ"ટિ) *n.* The quality of being too extraordinary to admit of belief: અવિશ્વાસતા; અપ્રતીત; અવિશ્વાસ.

In-credi-ble, (ઇન્ક્રેડ્ઇબલ્) *a.* Impossible to be believed: બે ઈતબારી; અવિશ્વાસનીય.

Incredibly, (ઈન્ક્રેડ્ઇબ્લિ) *adv.* In a manner to preclude belief: વગર ઈતબારથી; પ્રતીત વિના.

In-cre-duli-ty, (ઈન્ક્રેડ્યૂલિટિ) *n.* Disbelief: અવિશ્વાસ.

In-credu-lous, (ઈન્ક્રેડ્યૂલસ્) *a.* Not credulous; skeptical મુશ્કેલીથી કોઇ વાતને ખરી માને એવું.

Increment, (ઈન્ક્રીમેન્ટ્) *n.* Increase: વધારો.

In-crimi-nate, (ઇન્ક્રિમ્ઇનેટ્) *vt.* [L. *in* & *crimen*, a crime.] To accuse: દોષ-તોહોમત મૂકવું.

In-crust, (ઈન્ક્રસ્ટ્) *vt.* To cover with a crust: થર-પડ ચઢાવવું; પુટ-કવચ ચઢાવવું-દેવું.

In-crust-ation, (ઇન્ક્રસ્ટેશન્) *n.* The act of incrusting: થર ચઢાવવો તે.

Incu-bate, (ઇન્ક્યૂબેટ્) *vi.* [L. *in* & *cubo*, I lie down.] To sit, as on eggs: સેવવા બેસવું.

In cu-bation, (ઈન્ક્યૂબેશન્) *n.* The hatching of young from eggs: ઈંડાપર સેવણ કરવું તે.

Incu-bus, (ઈન્ક્યુબસ્) *n.* A demon: સેતાન.

In-culcate, (ઈન્કલ્કેટ્) *vt.* [L. *in* & *calco*, I tread upon.] To impress by frequent admonitions: (મનમાં) ઉતારવું-ઠસાવવું; -નો બોધ કર્યા ક૦.

In-cul-cation, (ઈન્કલ્કેશન્) *n.* The action of impressing by repeated admonition: વારે વારે કહીએ આપેલા બોલ; વારંવારનો ઉપદેશ. [પાપી.

In-culpa-ble, (ઈન્કલ્પઅબલ્) *a.* Innocent: નિરપાપી.

In-culpate, (ઈન્કલ્પેટ્) *vt.* [L. *in culpa*, a fault.] To blame, to censure: ઠપકો દેવો; દોષ મૂકવો.

In-culpa-to-ry, (ઈન્કલ્પઅટોરિ) *a.* Imputing blame: દોષ મૂકનારૂં; ગુન્હેગાર-દોષિત ઠરાવતું.

In-cumben-cy, (ઈન્કમ્બેન્સિ) *n.* A lying or resting on something: ઉપર પડવું-રહેવું તે.

In-cumbent, (ઈન્કમ્બેન્ટ્) *a.* Lying or resting upon: ઉપર પડેલું-રહેલું. *n.* The person who is in present possession of an office: ધર્મની વૃત્તિ ભોગવનાર; (કોઈ જગા) ઉપર હોનાર.

In-cumber, (ઈન્કમ્બર્) *vt.* To burden with a load; to embarrass: ભારથી અડચણ ક૦; ગભરાવવું.

In-cur, (ઈન્કર્) *vt.* [L. *in* & *curro*, I ran.] To expose oneself to: પાત્ર-યોગ-લાયક થવું; વ્હોરી લેવું.

In-cura-ble, (ઈન્ક્યુરઅબલ્) *a.* Beyond the power of skill or medicine: જેની દવા થઈ શકે નહિ તેવું.

In-curi-ous, (ઇન્ક્યૂરિઅસ્) *a.* Without care for or interest in; careless: જીજ્ઞાસા ઈચ્છા રહિત.

In-cursion, (ઈન્કર્શન્) *n.* A running into; a predatory or harassing inroad: હુમલો; હલો.

In-curv-ation, (ઈન્કર્વેશન્) *n.* 1. The act of bending: વાળવું તે. 2. Curvature: વાંકાપણું.

In-curve, (ઈન્કર્વ્) *vt.* To bend: મરડવું; વાંકુ ક૦

In-curvi-ty, (ઇન્કર્વ્ઇટિ) *n.* Crookedness: વાંક.

In-debted, (ઈન્ડેટ્અડ્) *a.* [L. *in* & *debeo*, I owe.] 1 Placed in debt: દેણદાર. 2. Obliged: ને(કોઈની) મહેરબાનીથી મળ્યું--પ્રાપ્ત થયું હોય એવું.

In-debted-ness, (ઈન્ડેટ્અડ્નેસ્) *n.* The state of being indebted: કરજદારી; આભારીપણું.

In-decen-cy, (ઈન્ડીસેન્સિ) *n.* 1. Lack of modesty: અસભ્યતા; નિર્લજ્જતા. 2. An indecent word, act or like. બિભત્સ વચન ચિત્ર.

In decent, (ઈન્ડીસેન્ટ્) *a.* Unbecoming: ઉઘાડું; બિભત્સ; ભુંડું; લજ્જાકારક. [mind: સંદેહ; શંક; અનિર્ણય.

In-de-cision, (ઈન્ડીસિઝન્) *n.* Wavering of

In-de-cisive, (ઈન્ડીસાઇસિવ્) *a.* Not bringing to a final issue. નિકાલ નિર્ણય થાય નહિ તેવું.

In-de-clina-ble,(ઈન્ડીક્લાઇનઅ્બલ્)*a.* [L. *in de* & *clino*, I bend.] Not varied by terminations: જેને જાતી,વચન અને વિભક્તિ ન લાગે તેવું;અવિકારી. [શોભે નહિ તેવું.

In-de-corous,(ઈન્ડીકૉ'રસ્)*a.* Unbecoming:

In-de-corum,(ઇન્ડીકૉ'રમ્)*n.* Impropriety of behaviour;indecorousness:અવિનય;અસભ્યતા.

In-deed,(ઇન્ડીડ્)*adv.*In reality:ખરેખર.

In-de-fati-ga-ble,(ઈન્ડીફૅટ્'ઇગેબલ્)*a.*Not tired:ન થાકી જાય એવું;પરિશ્રમી;મહેનતુ;અશ્રમી;અશ્રાંત.

In-de-feasi-ble,(ઈન્ડીફીઝ્'ઈબ્લ્)*a.* Incapable of being made void:રદ ન કરી શકાય તેવું;અખંડનીય.

In-de-fensi-ble,(ઈન્ડીફેન્સ્'ઈબ્લ્)*a.*Not capable of being defended:બચાવ ન કરી શકાય તેવું.

In-de-fina-ble,(ઈન્ડીફાઈન્'અબ્લ્)*a.* Incapable of being defined:જેની વાખ્યા ન થઈ શકે તેવું.

In-defin-ite,(ઈન્ડે ફિનિટ્)*a.* Not precise or certain:અનિયમિત;અનિશ્ચિત;મોઘમ.

In-defin-ite-ly,(ઈન્ડે'ફિનિટ્લિ)*adv.* Without any settled limitation:ચાલુંજ;બેહદ.

In-de-libe-rate,(ઇન્ડીલિબ્'અરેટ્)*a.* Sudden; unpremeditated:પાકો વિચાર કર્યા વગર કીધેલું.

In-deli-ble,(ઈન્ડે'લિબ્લ્)*a.* [L.*in* & *deleo*, I delete.]Not to be blotted out:જાય-ભુસાઈ જાય નહિ એવું.

In-deli-ca-cy,(ઈન્ડે'લિકૅસિ)*n.* Want of delicacy;rudeness:નઠોરતા;નિર્લજ્જતા;બેમલાજો;અસંકોચ.

In-deli cate,(ઈન્ડે'લિકેટ્)*a.*Indecent:અસભ્ય.

In-demni-fi-cation,(ઇન્ડેમ્'નિફિકે"શન્)*n.* Reimbursement of loss:નુકશાન ભરી આપવું તે.

In-demni-fy,(ઈન્ડેમ્'નિફાઇ)*vt.*To secure against loss or damage:નુકશાનથી બચાવવું.

In-demni-ty,(ઈન્ડેમ્'નિટિ)*n.* Security; insurance;immunity from penalty: સજા ન થવાની હામી;જામિનગીરી;નુકશાન ન થવાની હામી.

In-dent,(ઈન્ડેન્ટ્)*vt.*[L.*in*, *dentis*,a tooth.] To indenture:લખીને માલ મંગાવ્યો.*n.*1.A cut:ખાંચ.2.An official requisition for supplies:મંગાવેલા માલની યાદી;ભરતીયું. [રાવ.

In-dent-ation,(ઈન્ડેન્ટે'શન્)*n.*A cut:ખાણ;કો-

In-denture,(ઈન્ડેન્ટ્'યુર્)*n.*1. The act of indenting: ખાંડ પાડવી તે. 2. A mutual agreement in writing between two or more parties:કરારનામું.*vt.*To bind by indentures: લખત-કરારથી બાંધી લેવું.

In-de-pendence,(ઇન્ડીપેન્ડ્'એન્સ્)*n.*1.Absence of dependence:સ્વતંત્રતા.2 Sufficient means for comfortable livelihood: જરૂરની સંપત્તિ;જરૂરી સંપત્તતા.

In-de-penden-cy,(ઈન્ડીપેન્ડ્'એન્સિ)*n.*Independence:સ્વતંત્રતા;આપઅખત્યારી;સ્વાધીનતા.

In-de-pendent,(ઇન્ડીપેન્ડ્'એન્ટ્)*a.* 1.Not relying on others;free:સ્વતંત્ર.2. Affording a comfortable livelihood: સારી રીતે ગુજરાન ચલાવવું;ખાધેપીધે સુખી.3.Separate from;exclusive:થી જુદું-છુટું.

In-de-pendent-ly,(ઇન્ડીપેન્ડ્'એન્ટલિ)*adv.*Without control:સ્વતંત્રપણે; આપ અખત્યારથી;મરજીમુજબ.

In-de-scriba-ble,(ઈન્ડીસ્કાઈબ્'અબલ્)*a.*[L. *in*,*de* and *scribo*,I write.] Incapable of being described:બ્યાન ન કરી શકાય તેવું;અવાચ્ય.

In-de-structi-ble,(ઈન્ડીસ્ટ્રક્ટ્'ઈબ્લ્)*a.* Incapable of decomposition:નાશ ન થાય તેવું;અક્ષય.

In-de-termin-a-ble,(ઈન્ડીટર્'મિનૅબ્લ)*a.* Impossible to be determined: અપ્રમેય; ઠરાવ થઇ ન શકે તેવું.

In-de-termin-ate,(ઇન્ડીટર્'મિનેટ્) *a.*Not definite;uncertain;not precise:મોઘમ; ચોક્કસ ન થયેલું.

In-de-termin-ate-ly,(ઈન્ડીટર્'મિનેટ્લિ) *adv.* Indefinitely:નક્કી કર્યા વગર;મોઘમપણે.

In-determin-ation,(ઇન્ડીટર્'મિને"શન્)*n.*An unsettled state of the mind:અનિશ્ચય;આનાકાની.

In-de-votion,(ઈન્ડીવો'શન્)*n* Impiety:કુરાચાર.

In-de-vout,(ઇન્ડીવાઉટ્)*a.*Undevout:કુરાચારી.

Index,(ઈન્'ડેક્સ્)*n.* [L. *in* & *dico* I say.] 1. That which shows or indicates:દેખાડનાર;દર્શક;સૂચક;પ્રદર્શક. 2.A table of references in a book:અનુક્રમણિકા;સાંકળિયું. 3. The forefinger, or pointing finger:તર્જની આંગળી. 4. Figure or letter which shows the power or root of a quantity;the exponent:ઘાતપ્રદર્શક.

In-dex-teri-ty,(ઇન્ડેક્સટે'રિટિ)*n.* 1. Want of readiness in the use of the hands: હાથ ચલાવવાની-વાપરવાની ચાલાકી ન હોવી તે.

India,(ઇન્ડિયે)*n.* A country in Southern Asia:હિંદુસ્થાન;ભારતવર્ષ;ભરતખંડ;ભારત;આર્યાવર્ત.

Indi-a-man,(ઇન્'ડિઍમૅન)*n.*A large ship employed in India trade: હિંદુસ્તાનનો વેપાર કરનાર વેપારીનું મોટું વહાણ.

Indi-an,(ઈન્'ડિઍન્ટ)*a.*1.Pertaining to either of the Indies;East or West:પૂર્વ પશ્ચિમ હિંદુસ્તાનને લગતું; ભારતીય; ભારતદેશીય. *n.*1.A native of India: હિંદુસ્તાનનો રેહેવાશી; આર્ય. 2. One of inhabitants of America:અમેરિકાનો રેહેવાશી.

Indian-corn,(ઇન્'ડિઍન-કૉર્ન)*n.*Maize: મકાઈ.

Indi-an-fig-tree,(ઇન્'ડિઍન-ફિગ્-ટ્રી)*n.* The banian:વડનું ઝાડ;વડ.

Indi-a-rubb-er,(ઇન્'ડિઍ-રબ્બર્)*n.* Caoutchouc,a substance of extraordinary elasticity:રબર.

Indi-cant,(ઇન્'ડિકૅન્ટ્)*a.*Serving to pointout:

સૂચક;દેખાડનાર. *n.*That which points:જે સૂચવે તે.

Indi-cate,(ઇન્‌ડિકેટ્‌)*vt* [L.*in* & *dico*, I say.] 1.To point out:બતાવવું;જણાવવું;દેખાડવું.

In di-cation,(ઇન્ડિકે'શન્‌)*n.*1. The act of pointing out:સૂચન;બોધન.2.Mark:લક્ષણ.3.Any symptom of a disease being cured: કોઇપણ રોગની સારા થવાની નિશાની-ચિન્હ.

In-dica-tive,(ઇન્ડિક્'એટિવ્‌)*a.* Pointing out; bringing to notice: દેખાડનાર; સૂચક. I. *mood*: નિશ્ચયાર્થ. [or points out:બતાવનાર;દેખાડનાર.

Indi-cat-or,(ઇન્'ડિકેટર્‌)*n.*That which shows

In-dict,(ઇન્ડાઇટ્')*vt.*[L *in* & *dico*,I say.]1. To proclaim:જાહેર કo.2.To charge with a crime by the presentment of a grand jury: વડી જ્યુરીના ઠરાવપરથી તોહોમત મૂ૦વું-દોષારોપ કo.

In-dicta-ble, (ઇન્ડાઇટ્'એબ્લ્‌) *a.* Capable of being or liable to be indicted:દોષારોપ-તોહોમત મૂ૦ લાયક. [કરેલું.

In-dictive, (ઇન્ડિક્ટ્'ઇવ્‌) *a.* Proclaimed:જાહેર

In-dictment,(ઇન્ડાઇટ્'મેન્ટ્‌) *n.* 1. The act of indicting:તોહોમત મૂકવું તે; તોહોમત.

In-differ-ence,(ઇન્ડિફ્'ફરેન્સ્‌)*n.* 1.Unconcernedness:બેપરવાઈ;બેદરકારી;નિરપેક્ષા; આળસ;અનાદર.

In-differ-ent,(ઇન્ડિફ્'ફરેન્ટ્‌)*a.* 1. Feeling no interest or care about:બેફીકર;બેપરવા;બેતમા.

In-differ-ent-ly,(ઇન્ડિફ્'ફરેન્ટ્લિ)*adv.* Tolerably;passably:બેતમાથી;બેપરવાથી;જેમ તેમ;જેવું તેવું.

Indi-gence,(ઇન્'ડિજેન્સ્‌) *n.*Penury;poverty: ગરીબાઇ;કંગાળપણું;દલદ્દર;કંગાલી;નિર્ધનતા.

In-digen-ous,(ઇન્ડિ'જેનસ્‌)*a.*[L.*in* & *gigno*, I beget.] 1. Born as in a place or country: ગામડી;દેશી;મુલકી.

Indi-gent,(ઇન્'ડિજેન્ટ્‌)*a.*[L.*in*&*egeo* I need.] Needy;poor:ગરીબ;કંગાલ;દરિદ્રી;દીન;અધમ.

In-di-gesti-ble, (ઇન્ડિજેસ્ટ્'ઇબ્લ્‌)*a.*1. Not digestible:નપચે એવું;જડ;અજીર્ણકારક.

In-di-gestion,(ઇન્ડિજેસ્ટ્'યોન્‌)*n.*Want of due digestion;dyspepsia:અજીર્ણ;બદહજમી;અપચો.

In-digit-ate,(ઇન્ડિ'જીટેટ્‌)*vt.* To point to:આંગળીથી દેખાડવું;આંગળી કરવી.

In-dignant,(ઇન્ડિગ્'નન્ટ્‌) *a.* [L. *in* & *dignus*, worthy.]Affected with indignation:ક્રોધીષ્ટ.

In-dig-nation,(ઇન્ડિગ્ને'શન્‌)*n.*1. Anger mingled with contempt:ક્રોધ.

In-digni-ty,(ઇન્ડિગ્'નિટિ)*n.* Incivility or insult,accompanied with injury:અપમાન; તિરસ્કાર [ગળી;ગુલી.

Indi-go,(ઇન્'ડિગો)*n.*A blue colouring matter:

In-di-rect,(ઇન્ડિરેક્ટ્)*a.*1. Not direct:ફેરાવાળું; ફેરાવો પડે એવું.

Indirection,(ઇન્ડિરેક્શન્‌)*n.*Dishonest practices;indirectness:આડોરસ્તો-ઉપાય;અસરળતા.

In-di-rectly,(ઇન્ડિરેક્ટ્'લિ)*adv.* Obliquely;unfairly:આડેરસ્તેથી;ગેરરસ્તે;પરોક્ષરીતે;અમાર્ગે.

In-dis-cerni-ble,(ઇન્ડિઝર્ન્'ઇબ્લ્‌)*a.*[L.*in*,*di* & *cerno*,I separate.]Not discoverable:અદૃશ્ય.

In-dis-creet,(ઇન્ડિસ્ક્રીટ્')*a.*Imprudent:મૂર્ખ.

In-dis-creetly, (ઇન્ડિસ્ક્રીટ્'લિ) *adv.* Without prudence;inconsiderately:ગફલતથી;અવિચારે.

In-dis-cretion,(ઇન્ડિસ્ક્રે'શન્‌)*n.*1.Want of discretion;imprudence:અવિચાર;પ્રમાદ;અવિવેક.

In-dis-crimin-ate,(ઇન્ડિસ્ક્રિમ્'ઇનેટ્‌)*a.*Undistinguishing;confused:અવિચારી; અવ્યવસ્થિત.

In-dis-crimin-ation, (ઇન્ડિસ્ક્રિમ્'ઇને"શન્‌) *n.* Want of discrimination or distinction:અવિવેક.

In-dis-pensa-ble,(ઇન્ડિસ્પેન્સ્'એબ્લ્‌)*a.*1. Impossible to be remitted,omitted or spared: જે વગર ચાલે નહિ એવું.

In-dis-pensa-bly,(ઇન્ડિસ્પેન્સ્'એબ્લિ) *adv.*In an indispensable manner:ન ચાલે તેમ.

In-dis-pose,(ઇન્ડિસ્પોઝ્')*vt.*1.To make somewhat ill:અસ્વસ્થ કo;તબીયત નરમ કo.3.To disincline:નું મન ફેરવવું;ઉપરથી મન ઉઠી જવું.

In-dis-posed,(ઇન્ડિસ્પોઝ્ડ્‌)*a.* 1. Sick;ill:માંદું. 2.Unwilling:નાખુશ;નારાજ.

In-dispo-sition, (ઇન્ડિસ્પોઝિ"શન્‌)*n.* 1. The condition of wanting affinity:સરખાપણું-મળતાપણું ન હોવું તે.2.Tendency to disease:માંદગી.

In-disput-a-ble,(ઇન્ડિસ્'પ્યૂટ્એબ્લ્‌)*a.*Incontrovertible:બિનતકરારી;નિર્વિવાદ;વાંધા વગરનું.

In-disso-lu-ble,(ઇન્ડિસ્'સોલ્યૂબ્લ્‌)*a.*Not capable of being dissolved:પીગળે ઓગળે નહિ તેવું. 2.That cannot be broken or rightfully violated:નક્કર;અભંગ.

In-dis-solva-ble,(ઇન્ડિઝોલ્વ્'એબ્લ્‌)*a.*Incapable of separation:જુદું પાડી શકાય નહિ તેવું.

In-dis-tinct,(ઇન્ડિસ્ટિન્ક્ટ્‌)*a.*1.Not distinct: અભિન્ન;ઓળખાય નહિ તેવું.2.Obscure:અસ્પષ્ટ.

In-dis-tinctly;(ઇન્ડિસ્ટિન્ક્ટ્'લિ) *adv.* 1. Not definitely:ઝાંખુ;અસાર.

In-dis-tinctness,(ઇન્ડિસ્ટિન્ક્ટ્નેસ્‌)*n.*1.Confusion;uncertainty:અસ્પષ્ટતા;અવ્યક્તતા;અવ્યક્ત.

In-dite,(ઇન્ડાઇટ્')*vt.*[L.*in* & *dico*,I proclaim.] 1.To dictate what is to be uttered or written:જે કહેવાનું હોય તે જણાવવું;બોલીને લખાવવું.

In-ditement,(ઇન્ડાઇટ્'મેન્ટ્‌)*n.*The act of inditing:રચવું-બનાવવું તે; મોંઢેથી બોલીને લખાવવું તે.

In-di-vidu-al,(ઇન્ડિવિડ્'યૂઅલ્‌)*a.*[L.*in* & *divido*, I divide.] 1.Single; one:જેના ભાગ ના થઈ શકે એવું;આખું;અંગિતગત.2.Pertaining to only one: ફક્ત એકનેજ લગતું.*n.*A human being:મનુષ્યમાત્ર.

In-di-vidu-al-ism,(ઇન્ડિવિડ્'યૂઅલિઝમ્‌)*n.* 1. Individuality:એકત્વ;પ્રત્યેકતા. 2.Self-interest: એકલપેટાપણું.

In-di-vidu-ali-ty,(ઇન્ડિવિડ્યૂઍલ"ઇટિ) *n.* 1. The state of oneness:એકત્વ;પૃથકતા;વ્યક્તિતા.

In-di-vidu-al-ly,(ઇન્ડિવિડ્યૂઍલિ)*adv.*To the exclusion of others:એક એક;પ્રત્યેક.

In-di-visi-bili-ty,(ઇન્ડિવિઝ્'ઇબિલ"ઇટિ)*n.*The state or property of being indivisible: અવિભાજ્યત્વ;અવિભાજ્યતા.

In-di-visi-ble,(ઇન્ડિવિઝ્'ઇબ્લ્)*a.*Not divisible into parts:જેના ભાગ થાય નહિં એવું.

In-docile,(ઇન્ડૉ'સાઈલ્)*a.*Dull in intellect,unteachable:શિખે નહિં એવું;સ્વચ્છંદી;અશિક્ષણીય.

In-doctrin-ate,(ઇનુડૉક્'ટ્રિનેટ્)*vt.*[L.*in* & *doctrina*,doctrine.]To furnish the doctrines or principles of:જ્ઞાનમાં મૂળતત્વ જણાવવાં.

In-doctrin-ation,(ઇન્ડૉક્'ટ્રિને"શન્)*n.* Instruction in the rudiments and principles of any science:ઉપદેશ;બોધ.

Indo-lence,(ઇન્'ડોલેન્સ્)*n.*Habitual idleness: આળસ;સુસ્તી;નિરૂદ્યમ;અનુત્સાહ;મંદતા.

Indo-lent,(ઇન્'ડોલેન્ટ્)*a.*[L.*in* & *deleo*,I feel pain.]Lazy;inactive:આળસુ;સુસ્ત;એદી.

Indo-lent-ly(ઇન્'ડોલેન્ટ્લિ)*adv.*Lazily:સુસ્તીથી.

In-domit-a-ble,(ઇ ડૉમ્'ઇટેબ્લ્)*a.*[L.*in*&*domo*, I tame.]Untamable:વશ ન થાય તેવું;અજીત.

In-dorse,-En-dorse,(ઇન્ડૉર્સ્'-એન્ડૉર્સ્')*vt.*[L *in* & *dorsum*,the back.]1.To put on the back of:પીઠ ઉપર મૂકવું.2.To write up on the back: હુંડી વગેરેની પાછળ સહી કરીને સીકારવું.

In-dors-ee,(ઇન્ડૉર્સી')*n* The person to whom a note or bill is indorsed:જેના ઉપર હુંડી લખી હોય તે માણસ.

In-dorsement,(ઇન્ડૉર્સ્'મેન્ટ્) *n.* The act of writing on the back of:ની પીઠ ઉપર લખવું તે.

In-dorser,(ઇન્ડૉર્સ્'અર્)*n.*The person who indorses:હુંડી વગેરેની પાછળ સહી કરનાર.

In-dubit-a-ble,(ઇન્ડ્યુ'બિટેબ્લ્)*a.*[L.*in* & *dubito*,I doubt.]A thing not admitting of doubt: ખચિત;નક્કી;સદેહ;નિઃસંશય.

In-dubit-a-bly,(ઇન્ડ્યૂ'બિટેબ્લિ)*adv.*Undoubtedly;unquestionably:ખરેખર;બેશક;નિર્ભ્રાન્ત.

In-duce,(ઇન્ડ્યૂસ્')*vt.*[L.*in* & *duco*, I lead.]To prevail on;to incite:લલચાવવું;ઉશ્કેરવું.

In-ducement, (ઇન્ડ્યૂસ્'મેન્ટ્) *n.* That which induces:લાલચ;ઉત્તેજન.

In-duci-ble,(ઇન્ડ્યૂસ'ઇબ્લ્)*a.*Capable of being induced:લલચાવા જેવું;લલચાય એવું;લાલચુ.

In-duct,(ઇન્ડક્ટ્)*vt.*1.To bring in:દાખલ કરવું.2. To introduce, as to a benefice or office:વિધિપૂર્વક સ્થાપવું.

In-ductile,(ઇન્ડક્'ટાઈલ્)*a.*Not ductile;incapable of being drawn into threads:કઠણ; તાર ન ખેંચાય તેવું.

In-duc-tili-ty,(ઇન્ડક્ટિલ્'ઇટિ)*n.*The quality of being unductile:તાર ન ખેંચાય એવો ગુણ.

In-duction,(ઇન્ડક્'શન્)*n.*1.Commencement: શરૂઆત;પ્રારંભ. 2.A conclusion drawn from a process of induction:અનુમાન;સિદ્ધાંત.

In-ductive,(ઇન્ડક્'ટિવ્)*a.* Persuasive:સમજાવવું;લલચાવવું.2.Leading to inferences:અનુમાનિક.

In-due,(ઇન્ડ્યૂ')*vt.*1.To put on:પહેરવું. 2.To invest;to endow:આપવું;દેવું.

In-dulge,(ઇન્ડલ્જ્')*vt.*[L.*in* & *dulcis*,sweet.]1. (*a*)To give way to;not to oppose or restrain: અટકાવવું નહિં;પૂરૂં પાડવું;મના ન કરવી.(*b*)To give oneself up to:રજા-છૂટ આપવી; મહેરબાની દાખલ આપવું.2.To gratify:લાડ લડાવવાં.*vi.*To gratify one's desires:ઇચ્છા-કામના તૃપ્ત ક૦.

In-dulgence,(ઇન્ડલ્જ્'એન્સ્) *n.* 1. The act of indulging:લાડકોડ;લાડ. 2.Favour granted:મહેરબાની.

In-dulgent,(ઇન્ડલ્જ્'એન્ટ્) *a.* Compliant;humorous:લાડ લડાવનાર;કોડ પૂરા પાડનાર;માયાળુ.

In-dulgent-ly,(ઇન્ડલ્જ્'એન્ટ્લિ) *adv.* Milddy; favourably;not severely:કૃપાદ્રુષ્ટિથી;ક્ષમાપૂર્વક.

Indu-rate,(ઇન્'ડ્યૂરેટ્)*vi* [L.*in*&*durus*,hard.] To grow hard:કઠણકરવું.*a.*1.Hardened:કઠણકરેલું.

In-du-ration, (ઇન્ડ્યૂરે'શન્) *n.* The act of hardening:કઠણ કરવું તે;કાઠિન્યતા. [અકઠ.

Indus,(ઇન્'ડસ્)*n.*The river Sindhu:સિંધુ નદી;

In-dustri-ous,(ઇન્ડસ'ટ્રિઅસ્)*a* [L.*in*&*struo*, I heap up.]Diligent in business or steady: ઉદ્યોગી-મહેનતુ.

Iu-dustri-ous-ly,(ઇન્ડસ'ટ્રિઅસ્લિ) *adv.*With habitual diligence:હમેશના અભ્યાસ-મહેનતથી.

In-dus-try,(ઇન્'ડસ્ટ્રિ)*n.*Diligence:ઉદ્યોગ.

In-ebri-ate,(ઇનુઇ'બ્રિએટ્)*vt.*[L. *in* & *ebrio*, I make drunk.]To make drunk:નિશો ચઢાવવો. *vi.*To become intoxicated:છાકટા બની જવું. *a.* Drunk:પીધેલ.*n.*One who is drunk:દારૂબાજ.

In-ebri-ation,In-e-brie-ty,(ઇની'બ્રિએ"શનુ-ઇનીઇ'બ્રાએટિ)*n.*Drunkennets:કેફ-ઉન્માદ;છાકટાપણું.

In-effa-ble,(ઇનુએફ્'ફેબલ્)*a.*[L. *in* & *effor*, I speak.]Unspeakable; unutterable:કહેવાય-વર્ણવાય નહિં એવું;અવર્ણનીય;અનિર્વચનીય;અકથનીય.

In-effa-ble-ness,(ઇનુએફ્'ફેબલ્નેસ્)*n.*Unspeakableness:બોલાય-બ્યાન ન થઇ શકે તે;અકથનીયતા.

In-ef-facea-ble, (ઇનુએફ્ફેસ'ઍબ્લ્)*a.*Incapable of being effaced:ભુંસાય નહિં તેવું.

In-ef-fective,In-ef-fectu-al, In-effi-ca-tious, (એનએફ્ફેક્ટ'ઈવ્-,ઇનએફ્ફેક્'ટ્યૂઍલ્,ઇનએફ્ફિકે"શસ્)*a.*Inefficient:નિરૂપયોગી;વ્યર્થ.

In-effi-ca-cy,In-ef-ficien-cy,(ઇનએફ્'ફિકસિ-ઇનએફ્ફિ'શેન્સિ)*n.*Inefficiency:નિરૂપયોગ.

In-ef-ficient,(ઇનએફ્ફિ'શેન્ટ્)*a.*Not producing

the effect:વ્યર્થ;નિરૂપયોગી;અયોગ્ય.

In-ele-gance,(ઇનએલ'ઈગૅન્સ)*n.*Want of beauty,polish,or ornament:અસુંદરતા; બેડોળપણું.

In-ele-gant,(ઇનએલ'ઇગૅન્ટ)*a.*Deficient in beauty,polish,ornament,&c.:અશોભિત;બેડોળ.

In-ele-gant-ly,(ઇનએલ'ઇગૅન્ટલિ)*adv.*Coarsely;roughly:બેડોળપણાથી.

In-eli-gi-bili-ty,(ઇનએલ'ઇજીબિલ"ઇટિ)*n.*State or quality of not being worthy of choice: અયોગ્યતા;નાલાયકી.

In-eli-gi-ble,(ઇનએલ'ઇજીબલ)*a.* Not worthy to be chosen;not expedient:પસંદ નહિ પડે એવું.

In-ept,(ઇનેપ્ટ)*a.*[L.*in* & *aptus*, apt.]1.Unfit; unsuitable:અયોગ્ય;નાલાયક.2.Foolish:મૂર્ખ.

In-e-quali-ty,(ઇનઇક્વૉલ'ઇટિ)*n.*1.Lack of uniformity;diversity:ભિન્નતા;વિષમતા.2.Unevenness:ખરબચડાપણું.3.Inadequacy:અસમતા;અપૂર્ણતા;અયોગ્યતા.

In-equit-a-ble,(ઇનએ'ક્વિટૅબલ)*a.*Not equitable;unjust:અન્યાયી;ગેરવાજબી;અયથાર્થ.

In-ert,(ઇનર્ટ)*a.*[L.*in* & *ars*,art.]1.Destitute of motion:ગતિરહિત;જડ. 2. Dull;sluggish:સુસ્ત; જડ;મંદ બુદ્ધિનું.

In-erti-a,(ઇનર્'શિઍ)*n.*1.Inertness;indisposition to move:અચેષ્ટા; અચેતનતા. 2. Want of activity;sluggishness:અચેતનતા; જડપણું.

In-ertion,(ઇનર્'શન)*n.*Want of activity;inertness:ઉદ્યોગનો અભાવ;અવ્યાપાર;અચેષ્ટા;અપ્રવૃત્તિ.

In-ertly,(ઇનર્ટ'લિ)*adv.*Sluggishly:આળસથી.

In-ertness,(ઇનર્ટ'નેસ)*n.*1.Want of activity: આળસ;સુસ્તી;મંદતા;જડતા;અચેતનતા.

In-escu-lent, (ઇનએસ'ક્યુલેન્ટ) *a.* Unfit to be eaten:ન ખવાય એવું;અખાદ્ય;અભક્ષણીય;અભક્ષ્ય.

In-estim-a-ble,(ઇનએસ'ટિમૅબલ)*a.*Incapable of being estimated:ગણાય નહિ એટલું;અસંખ્ય.

Inevi-table,(ઇનએવ'ઇટૅબલ) *a.* [L. *in*,*e* and *vito*, I avoid.] 1. Unavoidable:ટળાય દૂર કરાય નહિ તેવું;આવશ્યક;અનિવાર્ય.

In-ex-act,(ઇનએગ્ઝૅક્ટ)*a.*Not precisely correct or true:બરાબર નહિ તેવું;ભૂલભરેલું;બીનચોકસ.

In-ex-actness, (ઇનએગ્ઝૅક્ટ'નેસ)*n.*Incorrectness;want of precision:નાદુરસ્તી;બીન ચોકસી.

In-excusa-ble, (ઇનએક્સક્યુઝૅબલ) *a.* Not admitting excuse or justification:માફ ન કરવા લાયક.

In-ex-ertion,(ઇનએગ્ઝર'શન)*n.*Want of effort; defect of action:મેહેનત ન કરવી તે;અપરિશ્રમ

In-execution, (ઇનએગ્ઝિક્યુ"શન) *n.* Neglect of execution:ન કરવું તે;અમલમાં ન લાવવું તે.

In-ex-hausted,(ઇનએગ્ઝૉહૉસ્ટ'એડ)*a.*Not emptied;not spent:ખાલી નહિ થયેલું;નહિ થાકેલું.

In-ex-hausti-ble,(ઇનએગ્ઝૉહૉસ્ટ'ઇબલ) *a.*[L. *in*, *ex* & *haurio*,I draw.]Not to be wasted or spent:ખૂટે નહિ તેવું;બેસુમાર;અપાર.

In-ex-istence,(ઇનએગ્ઝિસ્ટ'એન્સ)*n.*1.Want of being in existence:હયાતીમાં ન હોવું તે.

In-ex-istent,(ઇનએગ્ઝિસ્ટ'એન્ટ)*a.*1. Not having being:હયાતીમાં ન હોય તેવું;અસત;અવિદ્યમાન.

In-exo-ra-ble,(ઇનએક્સ'ઑરૅબલ)*a.* [L. *in* & *exoro* I entreat.]Unyielding;unchangeable: કઠણ;વજ્ર હૈયાનું;નિર્દય;કઠોર;પાષાણ હૃદયી.

In-exo-ra-bly,(ઇનએક્સ'ઑરૅબ્લિ)*adv.*So as to be immovable by entreaty:નિર્દયતાથી.

In-ex-pedi-ence,-cy,(ઇનએક્સપી'ડિએન્સ,-ન્સિ) *n.*Want of fitness;impropriety:અયોગ્યતા.

In-ex-pedi-ent, (ઇનએક્સપી'ડિએન્ટ) *a.* Unfit; improper:અયોગ્ય;અનુચિત;અકાર્ય;નાલાયક.

In-ex-peri-ence,(ઇનએક્સપી'રિએન્સ)*n.*[L.*in* & *experior*,I try.] Absence of experimental knowledge:અનનુભવીપણું;બીનવાકેફગારી.

In-ex-peri-enced,(ઇનએક્સપી'રિએન્સ્ટ)*a.*Not having experience:અનનુભવી;બીનઅનુભવી.

In-ex-pert,(ઇનએક્સપર્ટ)*a.*Not skilled;destitute of knowledge:અનાડી; અકુશળ;અણકસબી; અચતુર.

In-expi-a-ble,(ઇનએક્સ'પિઍબલ)*a.*1.Admitting of no atonement or satisfaction: જેનું પ્રાયશ્ચિત નથી એવું.2.Implacable:ગુંચવણ ભરેલું.

In-expli-ca-ble,(ઇનએક્સ'પ્લિકબલ)*a.*Not explainable:સમજાવાય નહિ એવું;ગૂઢ;ગહન;દુર્બોધ.

In-ex-pressi-ble,(ઇનએક્સપ્રેસ'ઇબલ)*a.*Ineffable; unspeakable:જેનું બ્યાન ન કરાય એવું.

In-ex-pressive,(ઇનએક્સપ્રેસ'ઇવ)*a.*Inexpressible:અદર્શક;અનિર્વાચ્ય;અકથનીય.

In-ex-tensi-ble,(ઇનેક્સ્ટેન'સિબલ)*a.*Not capable of being extinguished: હોલવાય-સમીનય નહિ એવું;અશમનીય.

In-extri-ca-ble,(ઇનએક્સ'ટ્રિકૅબલ)*a.*Not capable of being united:ગુંચવણમાં કઢાય નહિ એવું.

In-eye,(ઇનઆઈ')*vt.*To inoculate as a tree or plant by the insertion of a bud:કલમ કરવી.

In-falli-bili-ty,(ઇન્ફૅલ'ઇબિલ"ઇટિ)*n.*The quality of being exempt from error:અચૂકપણું; અભ્રાંતિ.

In-falli-ble,(ઇન્ફૅલ'ઇબલ)*a.*1.Unerring: ભૂલ વગરનું;અવ્યર્થ.(Certain:નિશ્ચિત.

In-falli-bly,(ઇન્ફૅલ'ઇબ્લિ)*adv.*Certainly:નક્કી.

Infa-mous,(ઇન્'ફૅમસ)*a.*[L.*in* & *fama*,fame] 1. Of ill report: બદનામીવાળું; ફજેત થયેલું; બેઆબરૂનું. [અપ્રતિષ્ઠા;બદનામ;કલંક.

Infamy,(ઇન્'ફમિ)*n.*1.Disgrace:અપકીર્તિ;અપજશ;

Infan-cy,(ઇન્'ફૅન્સિ)*n.*1.The first part of life: બાલ્યાવસ્થા; બાળપણું; બચપણ. 2. The first age of anything:આરંભ;શરૂઆત.

Infant,(ઇન્'ફૅન્ટ)*n.*[L.*in* & *fari*,to speak.]1.

A child;a young babe:બાળક;છોકરું.

In-fanti-cide,(ઈન્ફન્ટ'ઈસાઈડ્)*n*.[L.*in fari*,and *cædo*, I kill.] 1. Murder of a newly born child:બાળહત્યા;ખૂની;હત્યારો.

Infant-ile,(ઈન્ફન્ટાઈલ્) *a*.Pertaining to the first period of life:બાળદશાનું;બચગીનું;બચપણનું.

Infant-ine,(ઈન્'ફન્ટાઈન્)*a*. Pertaining to infants or young children:બાળક સરખું;બાળકનું.

Infant-ry,(ઈન્'ફન્ટ્રિ)*n*. [L. *in* & *fante*,a foot soldier.]Foot-soldiers.પાયદળ;પગે ચાલનારું લશ્કર.

In-fatu-ate,(ઈન્ફ'ટ્યૂએટ્)*vt*. [L.*in* & *fatuus*, foolish.]1. To make foolish:બુદ્ધિહીન ક૦.

In-fatu-ation,(ઈન્ફ'ટ્યૂએ"શન્)*n*.1.The act of affecting with folly:ઘેલા-ગાંડાપણું;મૂર્ખાઈ.

In-feasi-ble,(ઈન્ફીઝ્'ઈબલ્) *a*. Impracticable: અશક્ય.

In-fect,(ઈન્ફેક્ટ્')*vt*.[L. *in* & *facio*, I make.]1. To taint with disease:ચેપ લગાડવો.

In-fection,(ઈન્ફેક્'શન્)*n*.1.The act of infecting:ચેપ લગાડવો તે. 2.That which infects or causes the disease:ચેપ.

In-fectious,(ઈન્ફેક્'શસ્)*n*.1.Pestilential:ચેપી.

In-fecund,(ઈન્ફે'કન્ડ્)*a*.Not producing young; barren:વાંઝીયું;અફળવાન.

In-testate,(ઇન્ટૅસ્ટ'એટ)*a.*[L.*in*&*testo*,I make a will.] 1. Dying without having made a will:વારસનામું-મૃત્યુપત્ર કર્યા શિવાય મરનાર. I.*property*:બીનવારસી માલ. *n.* A person who dies without making a valid will:વારસનામું કીધા વિના મરી ગયેલું માણસ.

In-testi-nal, (ઇન્ટૅસ્'ટિનલ)*a.*Pertaining to the intestines of an animal body:આંતરડાંનું.

In-testine,(ઇન્ટૅસ્'ટિન) [L. *intus*, within.]1. Internal:અંદરનું.2.Depending upon the internal constitution of a body:શરીરના અંદરના ભાગ ઉપર આધાર રાખતું.3.*pl.*The canal or tube that extends with convolutions, from the right orifice of the stomach to the anus: આંતરડાં. [દાસ-હું સે-ગુલામ કo;ગુલામીમાં રાખવું.

In-thral,(ઇન્થ્રૉલ')*vt.*To enslave;to shackle:

In-thralment,(ઇન્થ્રૉલ'મેન્ટ) *n.* Servitude; bondage;slavery:ગુલામી-દાસપણું;ગુલામગીરી.

In-throne,(ઇન્થ્રોન')*vt.*To place on a throne: ગાદીએ બેસાડવું;રાજ્યાભિષેક કરવો.

Inti-ma-cy,(ઇન'ટિમસિ)*n.*Close familiarity or friendship:ઓળખાણ દોસ્તી;મિત્રાચારી;ઘરોબો.

Inti-mate,(ઇન'ટિમેટ) *a.* [L. *intimus*,the inmost.]1.Familiar:ઓળખીતું; હિલોમળ. *vt.* 1. To share together:સાથે ખાવું-શ્રમ કરવું. 2.To give a slight notice of:ખબર-સૂચના-માહિતી આપવી.

Inti-mate-ly(ઇન'ટિમેટ્લિ)*adv.*Closely:ઘરોબાથી

In-ti-mation,(ઇન્ટિમે'શન)*n.*A hint:ખબર.

In-timid-ate,(ઇન્ટિ'મિડેટ)*vt.*[L.*in*&*timidus*, fearful.] To make fearful:દહેશત ઉપજાવવી; ધમકાવવું.

In-timid-ation,(ઇન્ટિ'મિડે'શન)*n.*The act of making timid or fearful:ધમકી;ભયપ્રદર્શન.

Into,(ઇન્ટુ)*Prep.*Expressing insertion:માંહે.

In-toler-a-ble,(ઇન્ટૉલ'અરબલ)*a.*1.Not to be borne or endured:સહન ન થાય એવું.

In-toler-a-bly,(ઇન્ટૉલ'અરબ્લિ) *adv.* In an unendurable manner:ખમી ન શકાય એવી રીતે.

In-toler-ance,(ઇન્ટૉલ'અરન્સ)*n.*1.Illiberality; bigotry:બીજા માણસોને તેઓના મત ધરાવવા કે ધર્મ પાળવા દેવાની ગેરમરજી.

In-toler-ant,(ઇન્ટૉલ'અરન્ટ)*a.*1.Not enduring difference in relation to religion:બીજા માણસોને તેઓના મત ધરાવવા અથવા ધર્મ પાળવા દેવાને નારાજી.2.Not enduring:સહન કરે નહિ એવું.

In-tomb,(ઇન્ટૂમ')*vt.*To bury:કબરમાં મુકવું;દાટવું.

In-ton-ation,(ઇન્ટોને'શન)*n.*1.A thundering: ગડગડાટ.2.The act of modulating the voice: સ્વર ભેદ.

In-tone,(ઇન્ટોન)*vi.*To utter a sound:સ્વર કાઢવો. *vt.*To utter a long protracted sound:તાણીને ગંભીર સ્વરે બોલવું;ગંભીર સ્વર કાઢવો.

In-toxi-cate,(ઇન્ટૉક્સ઼્'ઇ કેટ્)*vt.* [L.*in* & *toxicum*,Gr.*toxicon*,poison.]1.To make drunk: ખાહુ'-પીધેલ કરવું;કેફ-મદ-મસ્તી ચઢાવવી.

In-toxi-cation,(ઇન્ટૉક્સ઼્'ઇ કે'શન્)*n.*1.Inebriation;drunkenness:કેફ;અમલ;નીશો.

In-toxi-cat-ing,(ઇન્ટૉક્સ઼્'ઇ કેટિન્ગ્)*a.* Having qualities that produce inebriation:કેફી

In-tracta-bili-ty,(ઇન્ટ્રૅક્ટ'અબિલ઼'ઇટિ)*n.*Intractableness:હઠ;જીદ;અડીએલપણું;દુ:સાધ્યતા.

In-tracta-ble,(ઇન્ટ્રૅક્ટ'અબલ્)*a.*1.Violent;stubborn:હઠીલું;જીદ્દી;અડીએલ;સમજે નહિ એવું.

In-tract-a-ble.ness, (ઇન્ટ્રૅક્ટ'અબલ્નેસ્)*n.* 1. Obstinacy;perverseness:હઠીલાઇ;અડીએલપણું.

In-transi-ent,(ઇન્ટ્રૅન્'શિએન્ટ્)*a.*Not passing suddenly away:જલદીથી નજાય રેહે એવું;અભંગુર.

In-transit-ive,(ઇન્ટ્રૅન્'સિટિવ્)*a.*Not passing over to an object:અકર્મક.

In-trans-muta-ble,(ઇન્ટ્રૅન્સ્મ્યુ'ટબલ્)*a.* Not capable of being changed into another substance:જેનું જાત્યાંતર થાય નહિ એવું;અપરિણામી.

In-trench,(ઇન્ટ્રેન્શ')*vt.* 1. To fortify with a ditch and parapet:-ની આસપાસ ખાઈ ખોદવી.

In-trenchment,(ઇન્ટ્રેન્શ'મેન્ટ્)*n.*1. The act of intrenching:ખાઇ ખોદવી તે. 2.A trench or ditch dug out for a defence against an enemy:દુશ્મનને અટકાવવાને-દુશ્મનથી બચાવ કરવાને ખોદેલી ખાઇ.

In-trepid,(ઇન્ટ્રે'પિડ્)*a.*[L.*in* & *trepidus*, trembling.]Brave;undaunted:નિર્ભય;હિંમતવાન.

In-tre-pidi ty,(ઇન્ટ્રેપિડ્'ઇટિ)*n.*Fearless bravery;courage:બેધડકપણું;છાતી;હિમ્મત;હામ;શૌર્ય;વિક્રમ.

In-trepid-ly,(ઇન્ટ્રે'પિડ્લિ)*adv.* Fearlessly;daringly;resolutely:બેધડકપણાથી;હિમ્મતથી.

Intri-ca-cy,(ઇન્'ટ્રિકસિ)*n.*Perplexity:ગુંચવણ.

Intri-cate,(ઇન્'ટ્રિકેટ્)*vt.*[L.*in* & *tricæ*,trifles.] To perplex:ગુંચવણમાં પાડવું;ગુંચવવું.*a.*Perplexed;complicated:ગુંચવણ ભરેલું.

In-trigue,(ઇન્ટ્રીગ્')*n.*1. A complicated plot: કાવતરું.2.Complication:ગુંચવણ. *vi.*To form a plot:કાવતરું રચવું.*vt.*To perplex.ગભરાવવું.

In-triguer,(ઇન્ટ્રીગ્'અર્)*n.*One who intrigues or forms plots:કારસ્તાન કરનાર;કારસ્તાની માણસ.

In-trin-sic,-cal,(ઇન્ટ્રિન્'સિક્,-કલ્)*a.*[L. *intra* & *secus*,side.]Inward;true;real:સત્ય;વાસ્તવિક.

In-tro-duce,(ઇન્ટ્રોડ્યુસ્')*vt.*[L. *intro* & *duco*,I lead.]1.To lead or bring in:પ્રવેશ કરાવવો; અંદર લાવવું.2.To bring to be acquainted:ઓળખાણ કરાવવી. 3. To put to notice; to begin: આરંભ કરવો;ચાલુ શરુ ક૦.

In-tro-duction,(ઇન્ટ્રોડક્'શન્)*n.*1. The act of introducing or bringing to notice:પ્રવેશ;સ્થાપના 2.The act of making persons known to each other:ઓળખાણ કરાવી આપવી તે; ઓળખાણ. 3.Preliminary matter:પ્રસ્તાવના. 4. A treatise:આખ્યાન.

In-tro-ductive,(ઇન્ટ્રોડક્'ટિવ્)*a.*Serving as the means to bring forward something; introductory:દાખલ-ચાલુ કરે એવું;પ્રવર્તક;સાધક.

In-tro-ducto-ry, (ઇન્ટ્રોડક્'ટરિ) *a.* Prefatory: દાખલ-ચાલુ કરે એવું;પ્રસ્તાવના રૂપ-નું.

In-tro-spection,(ઇન્ટ્રોસ્પેક્'શન્)*n.*[L.*intro* & *specio*,I see.]A view of the inside or interior:અંદરની બાજુની તપાસ-અવલોકન;અંતર્દૃષ્ટિ.

In-trude,(ઇન્ટ્રૂડ્)*vi.*[L.*in* & *trudo*,I thrust.]1. To enter unwelcome into company:વગર બોલાવે અંદર જવું.2.To incroach:રજા-હક વગર કોઈ જગ્યાએ જવું.

In-truder,(ઇન્ટ્રૂડ્'અર્)*n.*One who enters where he has no right:ઘુસણીઓ;માથુ મારનાર,ઘોડ્ડીયો.

In-trusion,(ઇન્ટ્રૂ'ઝ઼ન્)*n.* The act of intruding without right:હક-રજા વિના પ્રવેશ કરવો તે.

In-trusive, (ઇન્ટ્રૂ'સિવ્) *a.* Entering without right or welcome:વગર બોલાવે જાય-આવે એવું.

In-trust,(ઇન્ટ્રસ્ટ્') *vt.* To deliver in trust;to confide to the care of:સોંપવું;સ્વાધીન ક૦.

In-tu-ition,(ઇન્ટ્યુઇ'શન્)*n.* [L. *in* & *tueor*,to look.] 1.A looking after; a regard to:દરકાર રાખવી તે.2.Immediate knowledge:અંતર્જ્ઞાન.

In-tu-ition-al, (ઇન્ટ્યુઇ'શનલ્) *a.* 1. Seeing clearly:સાફ રીતે જોતું.2.Knowing by institution:અંતર્જ્ઞાની.

In-tuit-ively, (ઇન્ટ્યુ'ઇટિવ્લિ) *adv.* Without reasoning:સહજ;કોઇના કહ્યા વગર;તરતજ.

In-tu-mescence,(ઇન્ટ્યુમેસ઼્'એન્સ઼્)*n.*1.The action of swelling:સુજવું તે.2.A swell:સોજો.

In-twine,(ઇન્ટ્વાઈન્')*vt.*To twist:લપેટવું.

In-twist,(ઇન્ટ્વિસ્ટ્')*vt.*To interweave:વળ દેવો.

In-un-date,(ઇનન્'ડેટ્)*vt.*[L.*in* & *unda*,a wave] To overflow:રેલ-પૂરથી બુડાડવું.

In-un-dation,(ઇનન્ડે'શન્)*n.*An overflow of water or other fluid;a flood:જળપ્રલય,રેલ;પૂર.

In-ure,(ઇન્યૂર્')*vt.*[L.*usus*,use.] To habituate; to accustom:મહાવરો-ટેવ-આદત પાડવી.

In-urement,(ઇન્યૂર્'મેન્ટ્)*n.*Use;practice;habit:ટેવ-મહાવરાથી કઠણ થવું તે.

Inurn,(ઇનર્ન્')*vt.* 1.To bury;to inter:દાટવું. 2. To put in an urn:શરીરરાખ-ચંબુમાં ભરવું.

In-u-tili-ty,(ઇન્યુટિલ઼્'ઇટિ)*n.*Uselessness:વ્યર્થતા.

In-vade,(ઇન્વેડ્')*vt.*[L. *in* & *vado*,I go.] 1.To attack; to enter with hostile intentions:હુમલો ક૦.4.To infringe;to croach upon:પગ પેસારો કરવો. [સ્વાર-

In-vader,(ઇન્વેડ્'અર્)*n.* An assailant:સ્વારી ક-

In-vain,(ઇન્વેન્')*adv.*Uselessly:ફોકટ;મિથ્યા.

Inva-lid, (ઇન્'વૅલિડ્) *a.* [L. *in* & *valio*, I am strong.] 1. Having no force; weak: નબળું. 2. Void; null: રદ; બાતલ. *n.* 1. A person who is weak and infirm: રોગી માણસ. 2. A soldier worn out in service: નોકરી કરવાથી અશક્ત થઇ ગયેલો સિપાઇ.

In-valid-ate, (ઇન્વૅ'લિડેટ્) *vt.* To render of no force or effect: રદ-નબળું-વ્યર્થ કરવું.

In-va-lidi-ty, (ઇન્વૅલિ'ડિટિ) *n.* 1. Want of legal force or efficacy: નિર્બળતા. 2. Want of health: તંદુરસ્તી સારી નહિ હોવી તે.

In-valu-a-ble, (ઇન્વૅ'લ્યુઅબલ્) *a.* Precious; above estimation: અમૂલ્ય; અમૂલિક; ઘણું જ કીમતી.

In-vari-a-ble, (ઇન્વૅ'રિઅબલ્) *a.* Unalterable: બદલાય નહિ એવું; એકસરખું.

In-vari-a-bly, (ઇન્વૅ'રિઅબ્લિ) *adv.* Without alteration: એક સરખી રીતે; નિત્યના નિયમ પ્રમાણે.

In-vari-a-ble-ness, (ઇન્વૅ'રિઅબલ્નેસ્) *n.* Immutability: એક સરખા પણું; સ્થિરતા.

In-vasion, (ઇન્વે'ઝન) *n.* 1. Encroachment: પગ પેસારો. 2. The incursion or plunder: દ્વેષ ભાવથી લુંટને માટે કરેલી સ્વારી-હુમલો.

In-vasive, (ઇન્વે'સિવ્) *a.* Tending to invade; aggressive: વેર ભાવથી હુમલા માટે પ્રવેશ કરતું.

In-vective, (ઇન્વેક્'ટિવ્) *n.* An expression which rails against a person: બદબોઇ; નિંદા; આક્ષેપ. *a.* Railing: નિંદા ભરેલું.

In-veigh, (ઇન્વે') *vi.* [L. *in* & *veho*, I carry.] To exclaim or rail against: -ની નિંદા-બદબોઇ કરવી.

In-veigher, (ઇન્વે'અર્) *n.* One who rails; a railer: નિંદા કરનાર.

In-veigle, (ઇન્વી'ગલ્) *vt.* To seduce: ફોસલાવવું; [ભોળવવું.

In-vegl-er, (ઇન્વી'ગ્લર્) *n.* One who entices or draws into any design: ફોસલાવનાર.

In-vent, (ઇન્વેન્ટ્) *vt.* [L. *in* & *venio*, I come.] 1. To find: શોધી કાઢવું. 2. To discover by study or inquiry: કંઇ નવું શોધી કાઢવું. 3. To fabricate: કંઇ ખોટું બનાવવું.

In-vention, (ઇન્વેન'શન) *n.* 1. The act of finding out: શોધી કાઢવું તે. 2. A discovery: શોધ. 3. A fiction: બનાવટ.

In-ventive, (ઇન્વેન્ટ્'ઇવ્) *a.* Able to invent: શોધક; નવું શોધી કાઢે એવું; યુક્તિવાન.

In-ventor, (ઇન્વેન્ટ્'અર્) *n.* One who finds out something new: નવું શોધી કાઢનાર.

Inven-to-ry, (ઇન્'વેન્ટોરિ) *n.* A catalogue of goods: સામાનની યાદી. *vt.* To make a list: યાદી ક૦.

In-verse, (ઇન્વર્સ') *a.* 1. Inverted: ઉંધું; અવળું. 2. Opposite in effect: ઉલટું; અવળું; વિપરીત.

In-versely, (ઇન્વર્સ'લિ) *adv.* In an inverted order or manner: ઉલટાવીને; વ્યુત્ક્રમરીતે; વિપર્યયી.

In-version, (ઇન્વર્'શન) *n.* 1. The act of inverting: ઉંધું વાળવું તે. 2. A change of the natural order of things: કુદરતી નિયમથી ઉલટા નિયમમાં ચાલે હોવી તે. 3. (*Gram.*) A change of the usual order of words: શબ્દોની નિયમિતગોઠવણીમાંફેરફાર.

In-vert, (ઇન્વર્ટ્) *vt.* [L. *in* & *verto*, I turn.] 1. To turn over: ઉલટાવવું. 2. To change the position of: -ની જગ્યા-બદલવી.

In-verted, (ઇન્વર્ટ્'એડ્) *a.* Changed in order; reversed: ઉલટે ક્રમે આવેલું-લખેલું; ઉંધું વાળેલું; ઉલટા. I. *commas*: અવતરણ ચિન્હ (" ").

In-vest, (ઇન્વેસ્ટ્') *vt.* [L. *in* & *vesto*, I clothe.] 1. To put garments on: પહેરાવવું. 2. To endow: બક્ષીસ કરવું. 3. To place in possession of rank or dignity: પદવી-અધિકાર આપવો. 4. To block up: ઘેરો ઘાલવો. 5. To place so that it will be safe and yield a profit: સલામત રહે અને ફાયદો મળે એવી રીતે મૂકવું.

In-vesti-gate, (ઇન્વેસ્'ટિગેટ્) *vt.* [L. *in* & *vestigo*, I search or track.] To follow up: પછવાડે લાગવું; શોધવું; તલાસ ક૦.

In-vesti-gation, (ઇન્વેસ્'ટિગે"શન) *n.* Research; inquiry: તપાસ; શોધ; તજવીજ; તપાસણી; તલાસ.

In-vesti-gat-ive, (ઇન્વેસ્'ટિગેટિવ્) *a.* Given to investigation: તપાસ; શોધ કરતું.

In-vesti-gat-or, (ઇન્વેસ્'ટિગેટર્) *n.* One who searches diligently: તપાસ-ચોકસી રાખનાર.

In-vesti-ture, (ઇન્વેસ્ટ્'ઇટ્યુર્) *n.* 1. The right of giving possession of any office or benefice: કોઇને પદવી-જગ્યા, -ની વૃત્તિ આપવાનો હક. સત્તા. 2. Investment: અભિષેક.

In-vestment, (ઇન્વેસ્ટ્'મેન્ટ્) *n.* 1. The action of vesting: આપવું તે 2. A vestment; a robe: ઝભ્ભો. 3 The act of surrounding or blocking up: ઘેરો. 4. The laying out of money in the purchase of property: મિલકત-જાગીર ખરીદવામાં પૈસા રોકવા-નાંખવા તે.

In-veter-a-cy, (ઇન્વે'ટરૅસિ) *n.* Long continuance or the firmness acquired by time: જુનાપણું.

In-veter-ate, (ઇન્વે'ટરેટ્) *a.* [L. *in* & *vetus*, *veteris*, old.] 1. Deeprooted; obstinate: કટ્ટું. 2. Having habits fixed by long continuance: મહાવરો પડેલો હોય તેવું.

In-vidi-ous, (ઇન્વિ'ડિઅસ્) *a.* [L. *in* & *video*, I see.] Envious; malignant: અદેખું; ખારીલું.

In-vidi-ous-ly, (ઇન્વિ'ડિઅસ્લિ) *adv.* In an invidious manner: અદેખાઇથી; મત્સર-દ્વેષ પૂર્વક.

In-vigi-lance, (ઇન્વિ'જલૅન્સ્) *n.* Neglect of watching: અસાવચાની; ગફલત; ગેરહુંશીઆરી.

In-vigor-ate, (ઇન્વિ'ગૉરેટ્) *vt.* [L. *in* & *vigeo*, I am strong.] To strengthen: જોર આપવું.

In-vigorating, (ઇન્વિ'ગૉરેટિન્ગ્) *a.* Strengthening; animating: પુષ્ટિકારક; ધાતુપુષ્ટ; બળવર્ધક; પૌષ્ટિક

In-vigor-ation,(ઇન્વિ'ગૉરે"શન્) *n.* The act of invigorating:બળવર્ધન;તેજે વર્ધન.

In-vinci-ble,(ઇન્વિન્'સિબલ્)*a.*[L.*in* & *vinco*, I conquer.]Unconquerable:જીતાય નહિ એવું.

In-vio-la-ble, (ઇન્વાઇ'ઑ'લેબલ્)*a.*Not violable;not to be broken:તોડાય નહિ એવું.

In-vio-la-bly,(ઇન્વાઇ'ઑલેબ્લિ) *adv.* Without violation:ભંગાય નહિ-ફુરૂંઘન ન થાય એવી રીતે.

In-vio-late,(ઇન્વાઇ'ઑલેટ્)*a.* Unhurt;unpolluted;unbroken:ઇજા ન પામેલું;નહિ બગડેલું.

In-visibi-li-ty,(ઇન્વિ'ઝિબિલ્"ઇટિ) *n.* [L.*in* & *video*,I see.]Imperceptibleness:અદૃશ્યતા.

In-visi-ble,(ઇન્વિ'ઝિબલ્)*a.*Incapable of being seen;imperceptible to the sight:અદૃશ્ય.

In-vit-ation,(ઇન્વિટે'શન્)*n.*The act ofinviting;solicitation:આમંત્રણ;અરજ;વિનતિ;તેડું.

In-vite,(ઇન્વાઇટ્')*vt.*[L.*in* & *voco*,I call.] 1.To ask to an entertainment or visit: બોલાવવું. 2.To allure:લલચાવવું.

In-viting,(ઇન્વાઇટ્'ઇન્ગ્)*p.a.*Alluring: મોહક.

In-viting-ly,(ઇન્વાઇટ્'ઇન્ગ્લિ)*adv.*In a manner to invite or allure:આકર્ષણથી;લલચાવીને.

Invo-cate,(ઇન્'વૅકેટ્)*vi.*[L.*in* & *voco*, I call.] To invoke;to address in prayer: નામ-સ્મરણ કo;નામ દેવું;આવાહન કo;પ્રાર્થના કરવી.

In-vo-cation,(ઇન્વૅકે'શન્)*n.*The act of addressing in prayer:આવાહન.

Invoice,(ઇન્'વૉઇસ્)*n.* A written account of merchandise,with price:ભરતિયું.*vt.*To make a written account of,as goods:ભરતિયું કo.

In-voke,(ઇન્વોક્')*vt.*[L *in* & *voco*,I call.]1.To call for or ask:વિનંતિથી માગવું.2.To address in prayer:નામનું સ્મરણ કરવું.

In-volun-tari-ly,(ઇન્વૉ'લન્ટરિલિ)*adv.*Not by choice; not spontaneously:મરજી ન છતાં;અજાણે;અનિચ્છાપૂર્વક.

In-volun-ta-ry,(ઇન્વૉ'લન્ટરિ)*a.* Not having will:મરજી વિનાનું;મરજી વિરુદ્ધ.

In-vo-lution,(ઇન્વૉલ્યૂ'શન્)*n.*1.The action of involving or infolding: લપેટવું વીંટાળવું તે. 2.Complication:ગુંચવણ;ગુંચવાડો.3.The process of raising a quantity to any power assigned:ઘાતકર્મ;ઘાત.

In-volve,(ઇન્વૉલ્વ્')*vt.* [L. *in* & *volvo*,I roll.] 1.To overwhelm; to embarrass:-માં નાંખવું; મુંઝાવવું.2.To comprise;to contain: સમાવેશ કરવો.3.To raise to any assigned power:ઘાતકર્મ કo. [of being wounded:ઘા લાગે નહિ એવું.

In-vulner-a-ble,(ઇન્વલ્'નરબલ્)*a.*Incapable

Inward,(ઇન્'વર્ડ્)*a.* Placed or being within; interior:અંદરનું;માંહેનું;માંહે મુકેલું.I.*letters*:આવક. *adv.*Toward the inside:અંદર.

Inward-ly,(ઇન્'વર્ડ્લિ)*adv.*Internally:અંદર.

In-weave,(ઇન્વીવ્')*vt.*To weave together; to intermix by weaving:ગુંથવું;વણવું;વણીને ગુંથવું.

In-working,(ઇન્વર્'કિન્ગ્)*a.* Internal operation;energy within: મનમાંનો વેપાર-શ્રમ-ક્રિયા.

In-wrap, (ઇન્રૅપ્')*vt.*To involve:લપેટવું.

In-wreathe,(ઇન્રીધ્')*vt.*To surround or encompass,as with a wreath:હાર-માળાની માફક ક.

Inwrought,(ઇન્રૉટ્') *a.* Worked in other things;adorned with figures:જડિત;જડેલું.

Iod-ide,(આઇ'ઑડાઇડ્)*n.* A nonacid compound of iodine:એક જાતનો રસાયણી ક્ષાર છે.

I-ota,(આઇઑ'ટ)*n.*[Gr.the smallest letter in the alphabet corresponding to E.,i.]A very small quantity or degree:પરમાણુ.

I-rasci-bili-ty,(ઇરસ્'ઇબિલ્"ઇટિ)*n.*The quality of being easily excited:તપી જાય એવી તબીયત. [anger:જરાવારમાં તપી જાય એવું.

I-rasci-ble, (ઇરસ્'ઇબલ્) *a.* Susceptible of

I-rate,(આઇરેટ્')*a.*[L.*iratus*, angry.] Angry; incensed;enraged:ગુસ્સાવાળું;ક્રોધાયમાન;ક્રોધી.

Ire,(આઇર્)*n.*[L.*ira*,wrath.]Anger: ક્રોધ.

Ireful,(આઇર્'ફુલ્)*a.*Angry:ક્રોધી.

Iris, (આઇ'રિસ્)*n.pl.***Irises.**[L.*iris* Gr.*ipidos*, the rainbow.]1.The rainbow:વરસાદની કમાન; મેઘ-ઇંદ્રધનુષ્ય.2.A circle round the pupil of the eye:આંખની કીકીની આસપાસનું કુંડાળું.

Irish,(આઇ'રિશ્) *a* Pertaining to Ireland:આયર્લૅંડને લગતું-સંબંધિ.*n.*1.*pl.*The inhabitants of Ireland:આયર્લૅંડના રહેવાસીઓ.2.The language of the Irish:આઇરીશ લોકોની ભાષા.

Irksome, (અર્ક્'સમ્)*a.* Tedious:કંટાળો ભરેલું.

Irksome-ness,(અર્ક્'સમ્નેસ્)*n.*Tediousness; wearisomeness:ચીડ;કંટાળો;ત્રાસ;બેચેની.

Iron,(આઇ'અર્ન્)*n.*1.One of the hard metallic elements:લોખંડ. *Smoothing* I.:ઇસ્ત્રી. 2.(*pl.*) Fetters;handcuffs:સાંકળ;બેડી.*Cast iron or pig* I.:પોલાદ.*Magnetic* I.:લોહચુંબક. *Wrought* I.: ખરૂં લોઢું. *a.*1.Made of iron:લોઢાનું બનાવેલું.I. *crown*,a golden crown set with jewels:જવાહિર જડીત સોનાનો મુગટ.I. *pyrites*, common pyrites: સાધારણ અગ્નિ પાષાણ. *vt.* To smooth with an instrument of iron:ઇસ્ત્રી કરવી.

Iron-bound, (આઇ'અર્ન્-બાઉન્ડ્)*a.* 1. Bound with iron:લોઢાથી બાંધેલું.

Iron-cased, (આઇ'અર્ન્-કેસ્ડ્)*a.* Covered with iron:લોઢાથી મઢેલું-ઢાંકેલું.

Iron clad, (આઇ'અર્ન્-ક્લૅડ્)*a.*Clad in iron:લોઢાના પતરાંથી મઢેલું. *n.*A ship of war covered with iron plates:લોઢાનાં પતરાંથી મઢેલી મનવાર.

Iron-found-er,(આઇ'અર્ન્-ફાઉન્ડર્)*n.*One who makes iron castings:લોઢાનું ભરત કામ કરનાર.

Iron-found-ry,(આઇ'અર્ન્-ફાઉન્ડ્રિ)*n.*The place where iron castings are made: લોઢાના ભરત કામનું કારખાનું.

Iron-heart-ed, (આઇ'અર્ન્-હાર્ટેડ્)*a.*Of a hard heart;merciless:વજ્ર-કઠણહૈયાનું-મનનું;નિર્દય.

I-ronic-al. (આઇરોન'ઇકલ્)*a.*1.Pertaining to irony:અન્યોક્તિ-વ્યાજોક્તિને લગતું.2 Expressing one thing and meaning the other: કહેવું કંઇ અને કરવું કંઇ એવું;હોય તેથી ઉલટું; ઉપરોધી.

I-ronic-al-ly,(આઇરોન'ઇકલિ)*adv.* By way of irony:વ્યાજોક્તિથી;અન્યોક્તિથી;હોય તેથી ઉલટી રીતે.

Iron-mon-ger,(આઇ'અર્ન્-મન્ગર્)*n.*A dealer in iron wares or hard wares:લોઢાનો સામાન વેચનાર.

Iron-smith,(આઇ'અર્ન્-સ્મિથ્)*n.*A worker in iron:લોઢાનું કામ કરનાર;લુહાર.

Iron-works,(આઇ'અર્ન્-વર્ક્સ્)*n.* An iron foundry:લોઢાનું કારખાનું.

Iron-y,(આઇ'રોનિ)*n.*[L.*ironia*,Gr.*eiro*,I talk.] A kind of ridicule which exposes the errors or faults of other by seeming to adopt them:મશ્કરીની બોલી;વ્યાજોક્તિ; અન્યોક્તિ; ઉપરોધ.

Ir-radi-ance,(ઇર્રે'ડિઍન્સ્)*n.*Emission of rays of light:પ્રકાશ-અજવાળાનાં કીરણો નિકળવાં તે.

Ir-radi-ate,(ઇર્રે'ડિએટ્)*vt.* [L. *in* & *radio*, I shine.]1.To illuminate:પ્રકાશિત કરવું.2.To animate by heat or light:તાપ-પ્રકાશ કo.

Ir-radi-ation, (ઇર્રે'ડિએ"શન્)*n.*1.The act of emitting beams of light:પ્રદીપન;પ્રકાશન;પ્રકાશ.

Ir-ration-al,(ઇર્રૅ'શનલ્)*a.*Void of reason or understanding:જ્ઞાન-બુદ્ધિહીન-વિનાનું;ઢોર સરખું.

Ir-ration-ali-ty, (ઇર્રૅ'શનલ્"ઇટિ)*n.*Want of reason or powers of understanding:જ્ઞાન-બુદ્ધિ હીનતા;અજ્ઞાનતા.

Ir-ration-al-ly,(ઇર્રૅ'શનલિ)*adv.*Without reason;absurdly:મૂર્ખાઇથી;અજ્ઞાન ભરેલી રીતે.

Ir-re-claima-ble, (ઇર્રીક્લેમ્'ઍબલ્)*a.*Incapable of being reclaimed:ઠેકાણે પાછું લવાય નહિ એવું.

Ir-recon-cila-ble,(ઇર્રેક્'ઑન્સાઇલ્"અબલ્)*a.*1. Not reconcilable;implacable:શાંત પડે નહિ એવું

Ir-re-cover-a-ble,(ઇર્રીકવ્'અરૅબલ્)*a.*Not capable of being restored:પાછું મેળવાય નહિ એવું.

Ir-re-cover-a-bly, (ઇર્રીકવ્'અરૅબ્લિ) *adv.* Beyond recovery: નિરૂપાયથી.

Ir-re-deem-a-ble,(ઇર્રીડીમ્'ઍબલ્)*a.*Not redeemable:ન છોડવી લેવાય એવું.

Ir-refra-ga-ble,-**Ir-refuta-ble**, (ઇર્રેફ્'રૅગબલ્-ઇર્રીફ્યૂટ્'ઍબલ્)*a.* Not to be refuted or overthrown:ખંડન કરાય નહિ એવું;અખંડનીય;અનિવાર્ય.

Ir-regu-lar(ઇર્રેગ્'યૂલર્)*a.*[L.*in* & *rego*,I rule.] 1.Not according to common form or rules: સાધારણ નિયમ-વિનાનું.2.Deviating from usage: નિયમ વિરુદ્ધ.3.Unnatural:કુદરતી નિયમ વિરુદ્ધ.4. Immethodical:નિયમ વગરનું.5.Deviating from the rules of moral rectude:આડેમાર્ગે ચાલતું.6. Not straight:વાંકું.7.Not uniform:એક સરખું નહિ.8.Not symmetrical:આકાર-સાંગ શુદ્ધ નહિ એવું.

Ir-regu-lari-ty,(ઇર્રેગ્'યૂલૅ"રિટિ)*n.*The state of being irregular:રીતિ-નિયમ-વિધિ વિરોધ-ભંગ.

Ir-regu-lar-ly(ઇર્રેગ્'યૂલર્લિ)*adv.*Without rule method or order:અવ્યવસ્થિત રીતથી;વિરુદ્ધ રીતે.

Ir-rela-tive,(ઇર્રેલ્'ઍટિવ્)*a.*Without mutual relations;unconnected:પારકું;સગાઈ વગરનું.

Ir-rele-van-cy,(ઇર્રેલ્'ઇવૅન્સિ)*n.*The quality of not being applicable:અપ્રાસંગિકતા;લાગુ ન પડે એવું હોવું તે.

Ir-rele-vant,(ઇર્રેલ્'ઇવૅન્ટ્)*a.* Not applicable or pertinent:લાગુ પડે નહિ-કામમાંઆવે નહિ એવું.

Ir-re-ligion,(ઇર્રીલિ'જન્)*n.*Want of religion or contempt of it;impiety:અધર્મ;દેવનિંદા.

Ir-re-ligious, (ઇર્રીલિ'જસ્) *a.* Destitute of religion;ungodly:અધર્મી;અધાર્મિક;દુષ્ટ;અનાચારી.

Ir-re-medi-a-ble,(ઇર્રીમી'ડિઍબલ્)*a.*Not to be remedied:જેનો ઉપાય ના થઇ શકે એવું.

Ir-re-mova-ble,(ઇર્રીમૂવ્'ઍબલ્)*a.*Not removable;immovable:ખસેડાય નહિ એવું;અચળ;સ્થિર.

Ir-repa-rable, (ઇર્રેપ્'ઍરૅબલ્)*a.*Not capable of being recovered or regained; not reparable:પાછું મળે નહિ એવું;સુધરે-સમરે નહિ એવું.

Ir-repre-hensi-ble (ઇર્રેપ્'રીહેન"સિબલ્)*a.*Not to be blamed or censured:ઠપકો ન દેવાય એવું.

Ir-re-pressi-ble,(ઇર્રીપ્રેસ્'ઇબલ્)*a.*Not capable of being repressed:દબાય નહિ એવું.

Ir-re-proacha-ble,(ઇર્રીપ્રોચ્'ઍબલ્)*a.*Free from blame;upright;innocent:ઠપકો દેવાય નહિ એવું.

Ir-re-proacha-bly,(ઇર્રીપ્રોચ્'ઍબ્લિ)*adv.*Blamelessly:ઠપકો ન દેવાય એવી રીતે;નિષ્કલંકપણે.

Ir-re-prova-ble,(ઇર્રીપ્રુવ્'અબલ્)*a.*Blameless; upright:ઠપકો ન દેવાય એવું;પ્રમાણિક;અદૂષણીય;નિર્દોષ.

Ir-rep-titious,(ઇર્રેપ્ટિ'શસ્)*a.*[L.*in* & *repere*, to creep.] Secretly introduced:છૂપી રીતે દાખલ કરેલું.

Ir-re-sisti-ble,(ઇર્રીઝિસ્ટ્'ઇબલ્)*a.*Superior to opposition:અટકાવી શકાય નહિ એવું;અનિવાર્ય.

Ir-reso-lute, (ઇર્રેઝ્'ઑલ્યૂટ્)*a.*Not decided; wavering;given to doubt:ચલિત મનનું.

Ir-reso-lution,(ઇર્રેઝ્'ઑલ્યૂ"શન્)*n.*Want of resolution;want of decision:અદૃઢતા;અસ્થિરતા.

Ir-re-spective,(ઇર્રીસ્પેક્ટ્'ઇવ્)*a.*Not having regard to:દરકાર-ધ્યાન ન રાખનાર; નિરપેક્ષ.

Ir-re-spective-ly,(ઇર્રીસ્પેક્ટ્'ઇવ્લિ)*adv.*Without regard to:લક્ષ-ધ્યાન-દરકાર-કાળજી આપ્યા વિના.

Ir-re-sponsi-ble,(ઇર્રીસ્પૉન્સ્'ઇબ્લ્)*a.*Not responsible:જવાબદાર નહિ હોય એવું.

Ir-re-trieva-ble, (ઇર્રીટ્રીવ્'ઍબ્લ્)*a.* Not to be restored:ફરીથી મેળવાય નહિ એવું

Ir-rever-ence,(ઇર્રેવ્'એરેન્સ્)*n* 1.Absence or defect of reverence:અપમાન;અનાદર;અવજ્ઞા.

Ir-rever-ent,(ઇર્રેવ્'એરેન્ટ્)*a.* Not reverent; wanting respect to superiors:અપમાન-અનાદર-અવજ્ઞાકારી.

Ir-re-versi-ble,-Ir revo-ca-ble, (ઇર્રીવર્સ્'ઇબ્લ્-ઇર્રેવ્'ઑકેબ્લ્)*a.* Incapable of being, repealed or annulled:રદ કરાય-ફેરવાય નહિ એવું; અપરિવર્તનીય.

Irri-gate,(ઇર્'રિગેટ્)*a.*[L.*in* & *rigo*,I water.] To water,as land,by causing a stream to flow upon and over it:નેહેરવતી ખેતર-જમીનનેપાણીપાવું.

Ir-ri-gation,(ઇર્રિગે'શન્)*n.*The operation of causing water to flow over lands:નીક-નેહેરવતી ખેતર-જમીનને પાણી પાવું તે.

Ir-rigu-ous(ઇર્રિગ્'યુઅસ્)*a.*Watered:પલળેલું.

Irrit-a-bili-ty,(ઇર્'રિટેબિલ્'ઇટિ) *n.*Vexation; fretfulness:ગુસ્સો;રીસ;તામસ;ચીડ.

Irrit-a-ble.(ઇર્'રિટેબ્લ્) *a.*Capable of being irritated:ચિડાય-ખિજવાય એવું;ચિડાક.

Irrit-ant,(ઇર્'રિટન્ટ્)*a.*[L.*in* & *ratus*,established.]Irritating: ગુસ્સે કરતું.*n.* A poison that produces inflammation:સોજા ચડાવે એવું ઝેર-વિષ.

Irrit-ate,(ઇર્'રિટેટ્)*vt.*[L.*irrio*, I snarl.]1.To inflame; to fret:આગ-લાય-ઝાળ ઉડાવવી. 2.To provoke,to tease:ચિડવવું;ખિજવવું.

Ir-rit-ation,(ઇર્રિટે'શન્)*n.* Provocation; exasperation;anger:ચિઢ;ખિજ;ગુસ્સો;ખીજવાટ.

Irrit-at-ive,(ઇર્'રિટેટિવ્)*a.*Serving to excite; irritatory:આગ ઉઠે એવું.

Ir-ruption,(ઇર્રપ્'શન્) *n.* [L. *in* & *rumpo*, I break.]1.A breaking or bursting in:એકાએક ફાટીનેઆવવું-અંદરઆવવુંતે.2.A sudden invasion or incursion:એકાએક-એકદમ કરેલી ચડાઇ;હલ્લો.

Ir-ruptive,(ઇર્રપ્'ટિવ્)*a.*Rushing in or upon: એકદમ ફાટીને અંદર આવતું-ધુસતું.

Is,(ઇઝ્)*vi.* [L. *esse*, to be.] The third person singular of the substantive verb, to be in the indicative mood,present tense:છે;હોય છે.

Ischu-ry,(ઇસ્'ક્યુરિ)*n.*[L.*iscuria.*]A retention or suppression of urine:મૂત્રાવરોધ.

Islam,(ઇઝ્'લૅમ્)*n.*The religion of Mohammed and Mohammedans:મુસલમાન લોકોનો ધર્મ.

Island, (આઇ'લૅન્ડ્) *n.* A tract of land surrounded by water:ટાપુ;બેટ;દ્વીપ.

Island-er,(આઇ'લૅન્ડર્)*n.* An inhabitant of an isle:ટાપુ-બેટ-દ્વીપનો રહેવાસી-માંરહેનાર;દ્વીપનિવાસી.

Isle,(આઇલ્)*n.*[L.*insula.*]An island:બેટ.

Islet,(આઇલ્'એટ્)*n.*A little isle:ન્હાનોટાપુ;ઉપદ્વીપ.

Iso-late,(આઇસૉ'લેટ્)*vt.*[L *insula*, island.]To place in a detached situation:જુદું મુકવું.

I-so-lation,(આઇસૉલે'શન્)*n.* Insulation:વેગળું-છેટે-જુદું હોવું તે;અળગા-વેગળાપણું.

I-sosce-les.(આઇસૉસ્'સેલીઝ્)*a.*[Gr.*isos*,equal and *skelos*,a leg.] Having two legs or sides only that are equal:સમદ્વિબાજુ;સરખા પગ-બાજુવાળું.

I-so-thermal,(આઇસૉથર્'મલ્)*a.*[Gr.*isos* equal & *therme*,heat.]Having equal mean temperature:સમ-ઉષ્ણતાવાળું.

Isra-el-ite(ઇઝ્'રેએલાઇટ્)*n.*[Gr.*israel*,a soldier of God.]A descendant of Israel or Jacob; a jew:ઇસ્રાએલ-જેકોબના વંશનું માણસ;યાહુદી.

Issu-a-ble,(ઇશ્'યુઍબ્લ્)*a.*Leading to,proceeding,or relating to an issue:બહાર કાઢવા યોગ્ય.

Issue,(ઇશ્'યુ)*n.*[*ex* & *ire*,to go.]1. The act of passing or going out; egress:બહાર નિકળવું-આવવું તે.2.(*a*)The whole quantity sent out at one time:એકજ વખતેબહાર પાડેલો-કાઢેલો આખો બધો જથો.(*b*)Ultimate result or end:છેવટનું પરિણામ.(*c*)Progeny;offspring:છૈયાંછોકરાં.3.Any point made in debate:તકરારમાં ઉઠેલી-ઉત્પન્નથયેલી બાબત-મુદ્દો.*At* i.,disputed; disagreeing: તકરારી.I.*pea*:પીઓ.*vi.*1.To pass or flow out: બહાર નિકળવું. 2.To derive or descend:ઉત્પન્ન થવું;જન્મવું;પેદા થવું.*vt.*1.To send out:બાહાર મોકલવું.2.To deliver for use:ઉપયોગ માટે આપવું.3. To deliver by authority:સત્તાથી જાહેર કરવું.

Isthmus,(ઇસ્ટ્'-ઇસ્'મસ્)*n.*[Gr.*istmos.*]A neck or narrow slip of land by which two continents are connected:સંયોગીભૂમિ [nonn:તે;એ.

It,(ઇટ્) *pron.* An impersonal or neuter pro-

Italian,(ઇટૅલિઍન્)*a.*[L *itallus.*]Of,or pertaining to Italy:ઇટાલી દેશનું-ને લગતું.*n.*1.A native or inhabitant of Italy:ઇટાલી દેશનો રેહેવાસી.2. The language of Italy:ઇટાલીની ભાષા.

I-talic,(ઇટૅલ્'ઇક્)*a.*Relating to Italy:ઇટાલીનું-સંબંધિ. *n. pl.* **Italics**. An Italic letter or character:ઇટાલીક-તિરકસ-વાંકા અક્ષર. *This line is printed in Italics.*

I-tali-cize,(ઇટૅલ્'ઇસાઇઝ્)*vt.*To write or print in Italic characters:ઇટાલીક-તિરકસ-વાંકા અક્ષરે લખવું-છાપવું.

Itch,(ઇચ્) *n.* An eruption of small, isolated vesicles:ખસ;ખરજ;ખુજલી.*vi.*To feel a particular uneasiness in the skin:ખજવાળ-ચેળચુંટ આવવી. [ચાટું.

Itchy,(ઇચ્'ઇ)*a.*Infected with the itch:ખુજલી.

Item,(આઇ'ટેમ્)*n.*1.An article:કલમ;રકમ;બાબત.

Iter-ate,(ઇટ્'અરેટ્)*vt.*[L.*itero*,again.]To utter

to repeat:ફરીથી-બીજીવાર બોલવું-કહેવું.

I-tiner ant,(આઇટિન્'અ રૅન્ટ્)*a*.[L.*iter,itineris*, a walk.] One who travels from place to place:ગામોગામ મુસાફરી કરનાર.

I-tiner-a-ry,(આઇટિન્'અ રૅરિ)*a*.Travelling;passing from place to place:ફરતું;ભટકતું;દેશાટન કરતું.

I-tiner-ate,(આઇટિન્'અ રૅટ્)*vi*.[L.*eo*,I go.]To travel from place to place for the purpose of preaching or lecturing: બોધ-ઉપદેશ કરવાને ગામોગામ ફરવું.

It-self,(ઇટ્સેલ્ફ્')*pron*. The neuter reciprocal pronoun:પોતાની મેળે;ખુદ; જાતે.

Ivo-ry,(આઇ'વૉરિ)*n*.The tusks of the elephant: હાથીનાદંતુસળ-દંતશૂળ;હાથીદાંત.2.(*pl*.)Teeth:દાંત.

Ivy,(આઇ'વિ)*n*.[L.*apium*, parsley,from *apis*, bee.]A creeping ever green plant:એકજાતનોવેલો.

J.

J,(જે)The tenth letter of the English alphabet having come into use in modern days It is represented in Gujarati by જ.

Jabber,(જૅબ્'બર્)*vi*.& *vt*. To talk rapidly;to chatter:બકવું;બડબડવું.*n*.Rapid talk:બક;બડબડાટ.

Jabber-er,(જૅબ્'બરર્) *n*. One who jabbers: લવારો-બકબક કરનાર.

Jack,(જૅક્)*n*.1.A familiar nickname of *John*: જૉનનું ટુંકુ-મશ્કરીનું-ચીડનું નામ.2.A silly fellow: હલકોમાણસ.3.A popular coloquial name for a sailor:ખલાસીનું લોકપ્રિય નામ. 4. An instrument that supplies the place of a boy;as, (*a*)an instrument to pull of boot:લાંબા બૂટ ઉતારવા-કાઢવાનું ઓજાર.(*b*)A saw-horse:લાકડું વેહેરવાની ઘોડી.(*c*)An engine to turn a spit;as,a kitchen jack:સીક ફેરવવાનો સંચો.(*e*)A lever in kneating machine:ગુંથવાના સંચાનું ઉચ્ચાલન-તુલાદંડ.(*f*)A hood placed over a chimney to prevent a back draught:ચીમની ઉપરનો ટોપ. 5.A portable machine to raise great weights:ભાર ઉંચો કરવાનો સંચો. 6. The male of certain animals, as of ass:કેટલાક પ્રાણીનો નર જેવો કે ગધેડો.7.A small flag:નાનો વાવટો;ધજા.8. A knave of playing cards:ગુલામ.9.A course mediæval coat of defence: જાડા અંદરનો કોટબખતર..*Jack-at-all trades*,a person who can turn his hand to any kind of business:દરેક કામમાં માથું મારનાર;સબ બંદરકા વેપારી. *Jack-on-both-sides*,one who is or tries to be neutral: નિષ્પક્ષપાતી માણસ;તટસ્થ.

Jackal,(જૅક્'ઑલ્)*n*. A carnivorous animal having a very pointed muzzle:શિયાળ;કોલું.

Jack-a-lent,(જૅક્'અલૅન્ટ્)*n*.A simple fellow: સાદો-ભલો માણસ.

Jacka-napes,(જૅક્'અનેપ્સ્)*n*.A monkey:માંકડું.

Jackass,(જૅક્'ઍસ્)*n*.The male ass:ગધેડો.

Jack-boots, (જૅક્'બૂટ્સ્) *n*. Boots reaching above the knee:ઢીંચણ સુધીના બુટ.

Jackdaw,(જૅક્'ડૉ)*n*.A kind of crows:જંગલી કાગડો;દ્રોણ.

Jack-een,(જૅકીન્')*n*. A drunken, dissolute fellow:બદફેલી-લંપટ-વ્યસની-દારૂડીઓ માણસ.

Jacket,(જૅક્'એટ્)*n*.A short coat:બંડી;બદન.

Jack-ketch,(જૅક્'કેચ્)*n*.A public executioner or hangman:ફાંસી દેનાર.

Jack-knife, (જૅક્'નાઈફ્)*n*. A large, strong pocket claspknife:ગજવામાં રાખવાનો ચપ્પુ.

Jack-pud-ding, (જૅક્'પુડિંગ્) *n*. A merry-andrew;a buffoon:રંગલો;વિદુષક;મશ્કરો.

Jack-screw,(જૅક્'-સ્ક્રુ)A portable machine for raising heavy weights: ભારે ચીજ ખસેડવાનો સંચો;ક્રુમ ક્લાસ.

Jaco-bin,(જૅક્'ઑબિન્)*n*. A plotter against an existing government; a turbulent demagogue:બંડખોરનો આગેવાન;તરકટી.

Ja-cobus,(જૅકો'બસ્)*n*.An English gold coin worth twenty five shillings:સોના સિક્કો.

Jaco-net,(જૅક્' ઑનેટ્)*n*.A thin cotton fabric:જગન્નાથી.

Jac quard,(જૅક્કાર્ડ્')*a*. Pertaining to or invented by Jacquard,a French mechanician: જેકાર્ડ નામના ફ્રેન્ચ કારીગરનું બનાવેલું-ના સંબંધિ.

Jacu-late,(જૅક્'યુલેટ્)*vt*.[L.*jacio*,I throw.]To throw out;to emit:ફેંકવું;નાંખવું;ઉદ્ગાર કાઢવો.

Jade,(જેડ્)*n*. [L.*ilia*,flanks.]1.A poor, tired horse:દમ વગરનું ઘોડું;ટટ્ટુ. 2. A mean woman: રાંડ;છીનાળ.*vt*.1.To treat like a jade:ગુલામ ગણવું. 2.To harass: પજવવું. *vi*. To become weary: થાકી જવું;નરમ પડવું.

Jag,Jagg,(જૅગ્)*n*.1.A notch;a denticulation: ખાંચું;ખાડો;કાપ 2.A cleft or division: કાંગરો. 3.A fragment:કડકો;ભાગ. *vt*.To cut into notches or teeth,as a saw:કરકરવું.

Jagger-y, Jaggher-y. (જૅગ્'અરિ)*n*. Raw palm sugar made in the East Indies:ગોળ.

Jaggy,(જૅગ્'ઈ)*a*.Set with teeth;denticulated:દાંતાવાળું. [the product thereof:જાગીર.

Jaghire,(જાગીર્)*n*. A district of land or

Ja-guar,(જૅગ્વાર્')*n*. An American tiger:અ-

એરિકનો બિસ્તો-બાઘ. [નું;બંધીખાનું;તુરંગ;કારાગૃહ.

Jail(જેલ્)*n*.[L.*carea*,cavity.]A prison:કેદખા-

Jail-bird(જેલ્‌બર્ડ્)*n*.A prisoner:કેદી;બંધીવાન.

Jailer,(જેલ્‌અર્)*n*.The keeper of a jail:દરોગો.

Jail-fe-ver, (જેલ્‌ફીવર્) *n*. A dangerous & often fatal fever:ઘાતક તાપ-જ્વર.

Jakes,(જેક્સ્)*n*.[L.*jacio*,I throw.] A house of necessity;a privy:જાજરૂ.સંડાસ;વાડો;પાયખાનું.

Jalap,(જૅલપ્)*n*.The root of a plant found in Mexico used in powder as a cathartic: એક જાતનો છોડના મૂળનો રેચક ભુકો.

Jam,(જૅમ્)*n*.[Gr.*zomos*, broth.] A conserve of fruit,boiled in mass with sugar & water:મુરબ્બો.*vt*.To crush or bruise:ચગદવું;પીલવું

Jamb,(જૅમ્)*n*. The vertical side of any opening as a door:બારણાની સાખના બે બાજુના ટેકા.

Jambes,Jambeaux, (જૅમ્બ્ઝ,જૅમ્બ-બો) *n. pl.* Armour for the legs:પગનું બખ્તર.

James's-powder,(જેમ્ઝ્ઝ-પાઉડર્)*n*.Antimonial powder first prepared by Dr. James;called also *Fever powder*:તાવ ઉતારનારભુકી.

Jane,(જેન્)*n*. [L.*Genua*.]A coin of Genoa; any small coin:જીનોઆનો સિક્કો;નાનો સિક્કો.

Jangle,(જૅન્ગલ્)*vi*.To sound harshly: ખોખરૂ-બોદુ બોલવું-વાગવું.2.To talk idly:બડબડવું.

Jani-tor,(જૅનિટર્)*n*.[L.*janua*,door.]A door-keeper;a porter:દેવડીવાળો;દરવાન;દ્વારપાળ;પોળીઓ.

Janty,(જૅન્ટિ)See **Jaunty**,

Janu-a-ry,(જૅન્યુઅરિ)*n*.[L.*janus*,an old Latin deity to whom the mouth of January was sacred.]The first month of the year: ઇંગ્રેજી વર્ષનો પેહેલો મહિનો.

Ja-pan,(જૅપૅન્)*n*.Work varnished & figured in the Japanese manner: જાપાની રીત પ્રમાણે રોગાન કરેલું કામ.2.Also,the varnish or lacquer used in japanning: રોગાન. *a*. Of or pertaining to Japan:જાપાન દેશનું.

Japan-ese,(જૅપનીઝ્)*a*.Of or pertaining to Japan or its inhabitants:જાપાની;જાપાન લોકનું. સંબંધિ. A native or inhabitant of Japan: જાપાની લોક. 2. The language of the people of Japan:જાપાની ભાષા.

Jar,(જાર્)*n*.1.A turn:ફેરો;આંટો. *On the J.*, on the turn, as, a door:ફરતું ; ઉઘાડું. 2. A deep broad-mouthed vessel of earthenware:સાંકડા મોંનું માટીનું વાસણ; બરણી. *vt*. 1. To sound harshly:કઠોર અવાજ થવો.2.To clash;to quarrel;to dispute:ખટેલ કર.*vt*.To shake;to shock:ધ્રુજાવવું.*n*.A shake;a harsh sound:ખડખડાટ. 2.Clash of interest or opinion;debate:ટપાટપી.

Jargon,(જાર્ગન્)*n*.1. Confused language:ન સમજાય એવી બોલી-ભાષા.2.Hence, as artificial idiom;cant language:ઢાળિક ભાષા.*vi*. To talk unintelligibly or in a harsh & noisy manner: સમજાય નહિ એમ બોલવું.

Jasmine,Jessamine,(જૅસ્મિન્-જૅસૅમિન્)*n*. A shrubby plant bearing flowers of a fragrant odor:જુઇ;જાઇ;ચમેલી.

Jasper,(જૅસ્પર્)*n*.[L.*iaspis*.]An opaque,impure variety of quartz of red,yellowish & other dull colors:એક જાતનો જુદાજુદા રંગનો મણી.

Jaundice.(જૅાન્ડિસ્)*n*.[L.*galbus*,yellow.] A morbid condition characterized by yellowness of the eyes,skin & urine,&c.: કમળો.*vt*.To affect with jaundice:કમળો થવો.

Jaundiced,(જૉન્ડિસ્ટ્)*a*.Affected with jaundice:કમળાવાળું.2.Prejudiced;envious:એક તરફી;પક્ષપાત ભરેલું.

Jaunt,(જૉન્ટ્)*vt*.To ramble:સહેલ કરવી.[ભમવાદાર.

Jaunty,(જૉન્ટિ)*a*. Airy; showy:રંગીલું;ચપળ;

Javelin,(જૅવ્લિન્)*n*. A sort of light spear, to be thrown or cast by the hand:બરછી;ભાલો.

Jaw,(જૉ)*n*. 1. (*a*) One of the bones usually bearing teeth:દાઢ. (*b*)Hence,the bone itself with the teeth & fleshy covering:ડાચું;જડબું.

Jay,(જે)*n*.A kind of bird:એક જાતનો કાગડો.

Jealous,(જેલ્અસ્)*a*.[L. *zelus*,amulation.]1. Apprehensive; anxious; suspiciously watchful:અદેખું;બળતું;વેહેમી.

Jealous-y,(જેલ્અસિ)*n*.The quality of being jealous:અદેખાઇ;મત્સર;ઇર્ષા;વેહેમ;શંકાશીલતા.

Jean,(જીન્)*n*.A twilled cotton cloth-જીન;સુતરાઉ લુગડું;સાટીન.

Jeer,(જીર્)*n*.1. A gear;a tackle:વહાણનાં દોરડાં. 2.A railing remark:મશ્કરી. *vi*.To sneer:મશ્કરી કર;હસવું.

Je-hovah,(જીહોવે)*n*.A scripture name of the Supreme Being:ઇશ્વર;ખુદા;પરમેશ્વર;સ્વયંભૂ.

Je-june,(જીજ્યૂન્) *a*. [L. *jejunus*, fasting.] 1. Lacking matter;empty:ખાલી;ઠાલું;સત્વહીન.

Jelly,(જેલિ)*n*.[L.*gelo*,I congeal.]1.The juice of fruits boiled with sugar:ફળ-મેવાનો પાક; મુરબ્બો. [number of threads together:રેંટીઓ.

Jenny,(જેનિ)*n*. A machine for spinning a

Jenny,(જેનિ)*n*.1.A pet form of Jane:જેનનું ટુંકું વહાલું નામ.

Jeopardize, (જેપ્આર્ડાઇઝ્)*vt*. To hazard; to risk:જોખમ-નુકશાન-ધાક-ભયમાં નાંખવું. [ખમ.

Jeopard-y,(જેપ્આર્ડિ)*n*.Danger;risk;peril:જો-

Jerk,(જર્ક્)*n*.1. A short sudden pull:ધક્કો;આંચકો.*vt*.1.To beat;to strike:ધક્કો મારવો.

Jerkin,(જર્કિન્)*n*.A jacket;ડગલું;કેડીયું.

Jest,(જેસ્ટ્)*n*. [L.*Jero*,I do.]1. A joke:મજાક; મશ્કરી.2.A laughing stock:ઉપહાસપાત્ર.

Jester,(જેસ્ટ્'અર્)*n.*Buffoon:મશ્કરો;ભાટ.

Jesting,(જેસ્ટ્'ઇંગ્)*n.*Joking:ઠોળ;મશ્કરી.

Jesu-it,(જેસ્'યુઇટ્) *n.* **1.** One of the religious order:રોમનકેથોલીક ધર્મ જેમ તેમ કરીને ફેલાવનાર એક પંથનુ માણસ.

Jes-u-itic,-al,(જેસ્યુઇટ્'ઇક્,-કૅલ્)*a.***1.**Of or pertaining to a jesuit:જેસ્યુઇટને લાગતું-નું ઠગ; પક્કુ.

Jet,(જેટ્)*n.***1.**A Shooting forth;a spouting;a spurt: ફુવારો. **J.** *pumps*: ફુવારાની નળી. **2.** To jerk:ધક્કો મારવો. **3.**To shoot forward;to jut out:બહાર નિકળવું.

Jet, (જેટ્) *n.* A variety of lignite of a very compact texture:એક કાળો ખનીજ પદાર્થ.

Jet-black,(જેટ્'બ્લેક્)*a.*Deep black:કાળું ભમ્મર;કાળું બળક;કાળું મેશ.

Jet-dean, (જેટ્'ડિન્) *n.* A stream of water spouting from a fountain or pipe:ફુવારો;ફરજો.

Jetty.(જેટ્'ટિ)Black:કાળું.

Jew,(જ્યૂ)*n.* [L.*judæus.*]A Hebrew;an israelite: યાહુદી. *Jew's frankincense*: લોબાન; ધુપ. *Jew's pitch*,bitumen:શીલાજીત.

Jewel,(જ્યૂ'એલ્)*n.* **1.** An ornament of dress of precious metals:જડાવ;ઘરેણું.**2,**A precious stone;a jem:રત્ન;મણી;ઝવેર.[deals in jewels:ઝવેરી.

Jewell-er, (જ્યૂ'એલર્)*n.* One who makes or

Jewell-er-y,(જ્યૂ'એલરિ)*n.***1.**The art or trade of a jeweller:ઝવેરીનો ધંધો. **2.**Jewels collectively:જવાહિર.ઝવેરાત;દરદાગીના.

Jewess,(જ્યૂ'એસ્)*n.* A Hebrew women:યાહુદણ.

Jewish,(જ્યૂ'ઇશ)*a.* Of or pertaining to the Jews:યાહુદીનું-સંબંધી.[of music:ચંગ;મોરચંગ.

Jews'-harp,(જ્યૂઝ્'હાર્પ)*n.***1.** An instrument

Jib,(જીબ્) *n.* **1.** A triangular sail set upon a stay or pet yard: વહાણના નાળ આગળનો ત્રિકોણાકાર સઢ.**J.***crane*:બાર ઉચકવાનો આંકડો.

Jig,(જીગ્)*n.* **1.** A light brisk musical movement in a rhythm of triplets:ઝડપની ગત. **2.** A ballad:લાવણી.*vt.***1.**To sing to the tune of a jig:નાચ પ્રમાણે ગાવું.

Jilt,(જીલ્ટ્)*n.*A woman who capriciously deceives her lover: આશકના ઉપર પ્રીતિ બતાવ્યા પછી તેને છોડી દે એવી સ્ત્રી;હલકી સ્ત્રી;ચપળા. *vt.* To deceive in love:પ્યાર છોડી દેવો.

Jingle,(જીન્ગ'લ્)*n.*A rattling,clinking,tinkling sound:છમકારો;રણકો;ઝમઝુમ;ખણખણાટ.*vt.*To tinckle:છમછમ કર.

Jingling,(જીન્ગ્'લિંગ્)*n.* A clink:ઘંટનો રણકો.

Jo,(જો)*n.*A sweet heart;a darling:દીલજાન;પ્યારી.

Job,(જૉબ્)*n.***1.**A public transaction done for private profit:હલકા-નીચા મનનું કામ.**2.**A situation or opportunity of work:કામની તક;કામ. *By the* **j**:ઉચ્ચક;સામટું.*vt.***1.**To hire:ભાડે લેવું-કર. *vi.***1.**To do chance work for hire;to do petty work: પરચુરણ કામ લેવું-કર. **3.** To carry on the business in stocks:શેરનો ધંધો કર.

Job, (જૉબ્) *n.* The hero of the book: પુસ્તકનો નાયક. *Job's Comforter*,(*a*)a false friend:ઢોંગી મિત્ર.(*b*)A boil:ગોળ ગુમડું.[job:ઉચ્ચક કામ કરનાર.

Jobber,(જૉબ્'અર્)*n.***1.**One who works by the

Jockey,(જૉકિ)*n.* **1.** A professional rider in races:શરતનો ઘોડો હાંકનાર;ચાબુકસ્વાર;અશ્વશિક્ષક.

Joc-ose,Jocu-lar,(જોકૉસ્'જોક્'યુલર્)*a.*[L.*jocus*, a joke.]**1.**Given to jokes:મજાક-મશ્કરીખોર.

Jocund,(જૉક્'અન્ડ્)*a.*Merry;gay:ખુશમિજાજ.

Jog, (જૉગ્) *vt.* **1.** To push or shake with the elbow or hand:જરાક હડસેલો મારવો.**2.**To drive at a jog:રવાલ ચાલે ચલાવવું.*n.***1** A slight shake:થોડો સહુજધક્કો-ઠોસો.

Jog-trot,(જૉગ્'ટ્રૉટ્)*n.*A slow,regular jolting gait:ધીમી ને એકસરખી ચાલ;ગજગતિ;મંદગતિ.

Join,(જૉઇન્)*vt.*[L.*jungo*,I join.]**1.**To connect: જોડવું.**2.** To associate one's self to: -ની સાથે થવું.**3.**To unite in marriage:લગ્ન કરવું. **4.** To engage in:-માં કામે લાગવું.*vi.* **1.** To come together;સાંધો હોવો. **2.** To be close together: લગોલગ હોવું.**3.**To unite:ભેગા થવું.

Joiner,(જૉઇન્'અર્)*n.***1.**One who or that which joins:સાંધનાર;યોજક.**2.**Carpenter:સુથાર.

Joiner-y,(જૉઇન્'અરિ)*n.* The art or trade of a joiner:સુથાર કામ;સુથારી કામ.

Joint,(જૉઇન્ટ્)*n.***1.**A junction:સાંધો.**2.**A joint of two things or parts so as to admit of motion:ગાંઠ;સાંધો.**3.**An internode:પેરિયું;પેશી. **J.***hinge*: ચણીઆરૂં. *Out of J.* disordered: ઢંગધડાળ વિનાનું.*a.***1.** Combined: બન્નેનું.**2.** Done by two or more working together:બેથી થએલું.**3.** Not solitary in interest or action: ભાગીદાર.**4.**Shared by two or more: જેમાં બે અથવા વધારે ભાગીદાર હોય એવું.**J.***stock*,stock held in company:કંપનીનો માલ **J.***tenant*: મજીઆરો ભોગવટોધરાવનાર.*vt.*To unite by a joint:સાંધથી જોડવું.*vi.*To fit:બરાબર બેસતા થવું-આવવું.

Jointer, (જૉઇન્ટ્'અર્)*n.* **1.** One who or that which joints:સુથાર **2.**(*a*)A plane for smoothing:રંદો.(*b*)The longest plane:મોટો રંદો.

Jointly,(જૉઇન્ટ્'લિ) *adv.* In a joint manner; together:સાથે મળીને;ભેગા થઇને.

Jointure,(જૉઇન્ટ્'યૂર્)*n.*[L.*jungo*,I join.]**1.** A joining:સાંધો. **2.** An estate settled on wife which she is to enjoy after her husband's decease:પલ્લું;વિધવાવન સ્ત્રીધન.

Joist,(જૉઇસ્ટ્)*n.*A piece of timber laid horizontally.મોભ;પાટ;ભારવટિયો.*vt.* To fit joists: મોભ નાખવો.

Joke,(જોક્)*n.*[L. *jocus.*] A jest: મશ્કરી. *vi.* To jest;to mock:મજાક કરવી; મશ્કરી કરવી.

Jole,(જોલ્)*n.*The cheek;the jaw:ગાલ; જડબું; ડાચું;ગંડસ્થળ.

Jolli-ty,(જૉલ્'લિટિ)*n.*Gaiety:ખુશી;મઝા.

Jolly,(જૉલ્'લિ)*a* Jovial:ખુશમિજાજી;ઉલ્લાસી;વિલાસી

Jolly-boat,(જૉલ'લિ-બોટ્)*n.*A small boat:વહાણ-ની હોડી;મછવો.

Jolt,(જોલ્ટ્)*vi.* To shake with short, abrupt risings and fallings: હીલોળ-હડસેલો ખાવો. *vt.* To cause to shake:આંચકો મારવો-લગાડવો.*n.*A sudden shock or jerk:આંચકો;ધક્કો.

Jostle,(જૉસ્'લ)*vt.*& *vi.* To push:હડસેલવું. *n.*A conflict by collision:આંચકો;ધક્કો.

Jot,(જૉટ્)*n.*An iota;a point:લવલેશમાત્ર;તલમાત્ર. *vt.*To set down:લખી લેવું;ટીપણું કરી લેવું.

Journal,(જર્'નલ્)*a.*Daily;diurnal:રોજીંદું. *n.* [L.*Diurnalis*,diurnal.]1.A diary:રોજનીશી. 2.(*a*)A book of accounts in which daily transactions are entered: રોજમેળ; પાકી વહી. (*b*)A weekly newspaper:વર્તમાનપત્ર.3.A daily work or travels:રોજનું કામ અથવા મુસાફરી.

Journal-ism,(જર્'નલિઝમ્)*n.*1.The keeping of diary:રોજનો મેળ રાખવો તે.2.The business of managing, editing,or writing for newspapers:વર્તમાનપત્ર લખવાનો-ચલાવવાનો ધંધો.

Journal-ist,(જર્'નલિસ્ટ્)*n.*1.One who keeps a diary:રોજમેળ રાખનાર.2.The conductor of the public journal:વર્તમાન પત્રલખનાર-ચલાવનાર.

Journal-ize,(જર્'નલાઇઝ્)*vt.*To enter diary: રોજમેળ રાખવો *vi.*To conduct a public journal:વર્તમાનપત્રનો ધંધો ચલાવવો.

Journey,(જર્'ની)*n.*The travel or work of a day:મુસાફરી;દેશાટન;પ્રવાસ;સફર;યાત્રા.

Journey-man,(જર્'નીમૅન્)*n.* A workman: મજૂર;કારીગર;રોજે કામ કરનાર;દહાડીઓ.

Jove,(જોવ્)*n.*The planet Jupiter: બૃહસ્પતિ.

Jovi-al,(જો'વિઅલ્)*a.*[L.*jovis*,Jupiter.]Gay; jolly;merry:આનંદી;ખુશી;વિનોદી;રંગીલું.

Joy,(જૉઇ)*n.*1. Gladness:આનંદ;હર્ષ. 2.Happiness:સુખ;પરમાનંદ.

Joyful,(જૉઇ'ફુલ્)*a.*Full of joy:ખુશ;ખુશી.

Joyless,(જૉઇ'લસ્)*a.*Not having joy:નાખુશ.

Joyous,(જૉઇ'અસ્)*a.*Glad;gay:આનંદી;ખુશી.

Jubi-lant,(જ્યૂ'બીલૅન્ટ્)*a.* [L *jubilo*,shout for joy.]Triumphant:મોટેથી હાહા કહેનાર.

Jubi-lee,(જ્યૂ'બિલી)*n.* A season of great joy and festivity:આનંદ-ખુશાલીનો દિવસ;ઉત્સવ.

Juda-ise, (જ્યૂ'ડેઇઝ્)*vt.* To conform to the doctrines of Jews:યાહુદી ધર્મને અનુસરવું.

Juda-ism,(જ્યૂ'ડેઇઝમ્)*n.*The religious doctriness and rites of the Jews:યાહુદી ધર્મ-મત.

Judge,(જજ્)*n.*[L.*jus*,law & *dico*,I declare.] A public officer invested with authority: ન્યાયાધીશ;જડજ.2.An expert;a critic:કદર-ખુબ-ખુબીજાણનાર. 3.An umpire:મધ્યસ્થ;લવાદ;ત્રાહીત.4. The title of the seventh book of the old Testament;the book of judge:બાઇબલના સાતમા પુસ્તકનું નામ.*vi.* To decide as a judge; to give judgment:ઇનસાફ કરવો.2.To assume the right to pass judgment on another: નિશ્ચય કરવો.3.To determine;to distinguish: (ખરાખોટાનો)વિચાર-તોલ કરવો;હંશિયારી કરવી. *vi.*1. To hear and determine by authority: ન્યાય કરવો. 2.To examine and pass sentence on: ન્યાયથી શીક્ષા ઠરાવવી. 3. To reason:જાણવું;ગણવું; ધારવું.4.To govern:સત્તા ચલાવવી.

Judgment,(જજ્'મેન્ટ્)*n.* The act of judging: વિચાર કરવો તે. 2. The faculty of judging; good sense:વિવેક.3.Opinion:વિચાર;મત.4.The act of determining:ઠરાવ. 5.The determination of the mind:નિશ્ચય. *J.day*: ન્યાય આપવા-નો-કયામતનો દીવસ.

Judge-ship,(જજ્'શિપ્)*n.*The office of a judge:ન્યાયાધીશનો હોદ્દો;ન્યાયાધીશી;મુનસફી ગિરી-

Judic-a-to-ry,(જ્યૂ'ડિકેટોરિ)*n.*A court of justice;a tribunal:અદાલત;ન્યાયસભા;ધર્મસભા.

Judic-a-ture,(જ્યૂ'ડિકેટ્યૂર્)*n.* 1. A court of justice:ઇનસાફ કરવાનો અધિકાર રાખનારી કોરટ.2. Jurisdiction:કાયદાથી મળેલો અધિકાર.

Ju-dicial,(જ્યુડિ'શલ્ [illegible] Pertaining to courts of jus[illegible] or [illegible] અદાલત કોરટ[illegible] fitte[illegible] for judging:ન્યાય કરવા[illegible]દાયક.3 Belonging to the judiciary:અદાલતને લગતું.

Ju-dici-a-ry, (જ્યૂડિ'શિઍરિ)*n.* The judges taken collectively:કોરટ;અદાલત. *a.*Judicial: ઇનસાફની બાબત સંબંધિ.

Ju-dicious, (જ્યૂડિ'શસ્) *a.*1. According to sound judgment: ડહાપણ-વિવેક-વિચારથી કરેલું. 2.Wise;prudent;sagacious:ડાહ્યું,વિવેકિ;વિચારવંત;સમજુ.

Jug,(જગ્)*n.*1.A vessel usually of earthenware:કુંજો;મોટચો; લોટો;ચંબુ;સિરોઈ. 2.A pitcher; an ewer:ઘડો;ગાગર;તાંબડા;કળશીઓ.

Juggle,(જગ્'લ્)*vi.* [L.*jocus*,a jest.]1.To play tricks by sleight of hand: જાદુખેલ ક૦. 2.A trick by sleight of hand:હાથચાલાકી;નજરબંધી. [ગર મદારી;જાદુગર.2.A cheat:ઠગાખોર.

Juggler, (જગ્લર)*n.*1.A conjurer:ગારૂડી;બાજી-

Jugglery,(જગ્'લરિ)*n.*1.The art of a juggler: sleight of hand:હાથ ચાલાકી; નજરબંધી.

Jugular,(જ્યૂ'ગ્યૂલર)*a.* [L. *Jungo*,I join.] Of or pertaining to the throat or neck: ગરદન-

ઊક ગળાનું;ગરદનનું.

Juice,(જ્યૂસ્)*n.*[L.*Jus*,juice.]The characteristic fluid of any vegetable or animal substance:રસ;દ્રવ;સાર;પ્રાણી;સુધા.

Juicy, (જ્યૂસ્'ઇ) *a.* Full of juice:રસવાળું.

Jujube, (જ્યૂ'જ્યૂબ્)*n.*1.The tree:બોરડી.2.The fruit:બોર.

Julep,(જ્યૂલેપ્)*n.*1.A refreshing drink flavored with aromatic herbs:દારૂ.

July,(જ્યુલાઈ)*n.*The seventh month of a year: અંગ્રેજી વર્ષનો સાતમો મહીનો;અષાડ-શ્રાવણ-જ્યુલાઈ.

Jumble, (જમ્'બલ્)*vt.* To mix in a confused mass:ગરબડસરબડ-ચાલમેલ કરી મુકવી;*n.*A confused mixture:સેળભેળ.

Jump, (જમ્પ્)*n.*1.(*a*)A kind of loose jacket for men:પહેરણ. (*b*) A bodice worn instead of stays by women:ચોળી;કાંચળી;કમખો.

Jump,(જમ્પ્)*vi.*1.To spring:કુદવું. 2.To cause to jump:કુદાવવું. *To* j. *one's bail*: જામિનગીરી આપીને [illegible] થયા પછી [illegible]. *n.*A leap:કુદકો; ઠેકડો.[illegible]

Junc[illegible] *junge*, [illegible] join.]1.The [illegible];સંયોગ.2.The place [illegible] of union:[illegible]ગમ;સંધિસ્થાન; સાંધો.

Juncture,(જંક્'ટ્યૂર્)*n.* [L.*jungo*,I join.]1.A joint:સાંધો.2.A point of time:સંધિ;અવસર;અણી.

June, (જ્યૂન્)*n.* [L. *junius*,June.] The sixth month of the year: અંગ્રેજી વર્ષનો છઠ્ઠો મહિનો; જયેષ્ઠ—અસાડ.

Jungle,(જંગ્'લ્)*n.*A dense growth of brush-wood, grasses:રાન;જંગલ;વન;વગડો; વેરાન.

Juni-or,(જ્યૂ'નિઅર્)*a.* [L. *juvenis*, young.]1. Younger:બીજા કરતાં નાહાનું;કનિષ્ઠ. 2. Lower in standing or rank:નીચો.

Junk,(જંક્)*n.* A fragment of any solid substance;a thick piece:નક્કર ટુકડો.

Junk,(જંક્)*n.* [L. *juncus*,a rush.]Pieces of old cordage:ફાથાના દોરડાના કટકા.

Junk,(જન્ક્)*n.*A large vessel without keel or prominent stem:ચીનાઈ ત્રણ ડોળવાળું વહાણ.

Junket, (જંકેટ્) *n.* [L. *junkus*, rush.] A cheese cake; sweetmeat:મીઠાઈ; સુખડી.

Junto,(જન્'ટો)*n.*A faction;a cabal:રીતુરી મંડળી.

Jupi-ter,(જ્યૂપિટર્)*n.* 1. The supreme deity of gods and men;Jove:યુનાની અને રોમન લોકોનો મુખ્ય દેવ;ગુરુ. 2. One of the planets being the brightest except venus:બૃહસ્પતિ;ગુરુ.

Ju-ridic-al,(જ્યૂરિડ્'ઇકલ્)*a.*[L.*jus-juris*,law & *dico*, I declare.] Pertaining to a judge; legal:ઇનસાફદારનું;ન્યાય સભાનું.

Juris-con-sult, (જ્યૂ'રિસ્કોન્સલ્ટ્) *n.* A man learned in the civil laws:ધર્મશાસ્ત્રી.

Ju-ris-diction,(જ્યૂરિસ્ડિક્'શન્)*n.*1.Legal authority or power:કાયદાથી મળેલો અધિકાર-સત્તા.

Ju-ris-prudence, (જ્યૂરિસ્પ્રૂ'ડેન્સ્) *n.* The science of judicial law:ધર્મશાસ્ત્ર;સ્મૃતિશાસ્ત્ર.

Jurist, (જ્યૂ'રિસ્ટ્)*n.* One who professes the science of law:ધર્મશાસ્ત્ર જાણનાર;ધર્મશાસ્ત્રી.

Juror,(જ્યૂ'રર્)*n.*(*Law.*)A member of a jury: જુરર;પંચ.

Jury,(જ્યૂ'રિ)*n.* [L. *juro*,I swear.]A body of men usually twelve sworn to declare the truth on the evidence before them:પંચ;જુરી.

Jury-man, (જ્યૂ'રિમૅન્)*n.* Juror:પંચમાંનો એક.

Just,(જસ્ટ્)*a.*[L.*justus-jus*,law.]1.Honest;true; upright:ખરું;વાજબી. 2.Equitable;fair;impartial:યોગ્ય;વાજબી. *adv.* 1.Precisely;exactly: બરાબર. 2.Closely:પાસેજ. 3.Barely:માત્ર. 4. Narrowly:તાં;લગભગ. *As I* j. *escaped drowning*: હું બુડતાં બુડતાં રહી ગયો.

Justice,(જસ્'ટિસ્)*n.* [L.*justus,jus*,law.]1.The quality of being just;equity:ન્યાય નીતિ;ન્યાયનિષ્ઠા2.Justness: ન્યાય; ઇનસાફ.3.Judge:ન્યાયાધીશ;ઇનસાફદાર.4.Application of equity:ઇનસાફ;દાદ. J.*of the peace*:સુલેહનો અમલદાર.

Jus-tici-a-ry, (જસ્ટિ'શિઅૅરિ)*n.* An old name for judges of the higher English courts: ઇનસાફ કરનાર; મુનસફ;ન્યાયાધીશ;ધર્માધિકારી.

Justi-fi able, (જસ્'ટિફાઈઍબલ્)*a.*Capable of being justified:ખરું-વાજબી; યોગ્ય.

Justi-fi-cation, (જસ્'ટિફિકે"શન્)*n.*1.The act of justifying or the state of being justified:ખરું-વાજબી કરી આપવું તે. 2.The act of justifying in respect to god's requirements: દોષનિવારણ;શુદ્ધિ;પાપ નિવારણ.

Justi fy, (જસ્'ટિફાઈ)*vt.* [L. *justus*, just and *facio*,I make.] 1. To prove or show to be just: ખરું-વાજબી છે એમ બતાવવું. 3.To treat as if just:ન્યાયી છે એમ બતાવવું.3.To judge r g tly:વાજબી માનવું.

Justness,(જસ્ટ્નેસ્)*n.* The quality of being just;equity: ખરાપણું;સાચાઇ; યથાયતા.

Jut,(જટ્)*vi.*1.To shoot out or forward:બહાર પડવું-નીકળવું. 2.To butt:ટક્કર મારવી-લેવી.

Jute,(જ્યૂટ્)*n.* Bengal hemp:શણ.

Ju-ven-escence,(જ્યૂવેનેસ્'એન્સ્)*n.*A growing young:યૌવન;જુવાની.

Juvenile,(જ્યૂ'વેનાઈલ્)*a.* A young person or youth:યુવાન;નહાનું;તરુણ;જવાનીનું-તારુણ્યનું.

Ju ve-nili-ty,(જ્યૂવેનિલ્'ઇટિ)*n.*Youthfulness: જુવાની;તારુણ્ય;યૌવન; યુવાવસ્થા.

Juxta-po-sition,(જક્સ્'ટપોઝિ"શન્)*n.*[L.*juxta*, near & *po ition.*] Contiguity:પાસે પાસે-નજીક મુકવું તે;સમીપતા;સન્નિધાન;નિકટતા.

K.

K, (કે) The eleventh letter of the English Alphabet:અંગ્રેજી મૂળાક્ષરનો અગિયારમો અક્ષર.

Kaffir, (કૅફ઼ર)*n*.1.An unbeliever: મુસલમાની ધર્મ નહિ માનનાર; કાફ્ર. 2. An inhabitant of Africa:આફ્રિકાનો રહેવાસી;કાફ્ર.[માથાવગરની કોબીજ.

Kail,(કેલ)*n*. 1.A kind of headless cabbage:

Kalender,(કૅલૅન્ડર)*n*.Same as **calendar**.

Kanga-roo,(કૅન્ગરૂ)*n*.Any one of numerous species of jumping marsupials of the family *Macopodidæ*:કાંગારૂ;એકજાતનું ચોપગુ પ્રાણી.

Kaw,(કૉ)*vi*.To cry as a crow:કાકા કo. *n*. Cry of the crow:કાકશબ્દ;કાકાકા;કાકરવ.

Keck,(કેક)*vi*.To vomit:ઓકારી-બકારી ખાવી-આવવી.*n*.An effort to vomit:બકારી;ઓકારી.

Kedge,(કેજ) *vt*. To move by carrying out a **kedge** in a boat dropping it overboard and hurling the vessel up to it:વહાણનું લંગર ખસેડવું.*n*.A small anchor:વહાણનું નાનું લંગર.

Keel,(કીલ)*vt*.To cool;to skim or stir:ઠંડુ-ટાઢું કo

Keel,(કીલ)*n*.A longitudinal timber along the bottom of a vessel:વહાણ તળેનું પાયાનું ચોકઠું. *vi*.To traverse with a keel:ચલાવવું.

Keen,(કીન)*a*. 1. Sharp:ધારવાળું. 2. Acute of mind:તીવ્ર.3.Bitter:સખત. 4.Piercing;acrimonious:સખત;કડકતી. [આતુરતાથી.

Keenly,(કીન્'લિ)*adv*.In a keen manner:કડકાઈને;

Keep,(કીપ)*vt*.1.To hold:રાખી રહેવું;રાખવું.2.To cause to remain in a given situation or condition:કબજામાં રાખવું.3.To preserve from danger:રક્ષણ કરવું. 4. To preserve from discovery:મનમાં રાખવું. 5. To attend upon; to tend:સાચવવું;ચારવું.6.To conduct;to manage: માંડવું;ચલાવવું. 7.To supply with necessaries of life;to entertain:ખવડાવવું;પીવડાવવું;રાખવું.*To* **k**.*back*,(*a*)to reserve:-થી છાનું;રાખવું (*b*)To restrain:પાછું હઠાવવું.*To* **k** *good(bad)hours*,to be customarily early(*late*) in returning home or in retiring to rest:હમેશ બરાબર વખતે સુઈ જવું અને ઉઠવું(નહિ).*To* **k**.*open house*,to be hospitable:આગતા સ્વાગતા કરવામાં તત્પર રહેવું.*To* **k**. *up*,to maintain:ટકાવવું;નભાવવું. *vi*.1.To abide; to stay:રહેવું.2.To last;to endure:ટકવું.*To* **k**. *in with*,to keep on good terms with:-ની સાથે બનતી રાહ હોવી.*To* **k**.*on*,to go forward:મંડ્યા રહેવું.

Keep,(કીપ)*n*.Guard;care;custody:સંભાળ;ચોકી.2.Support:ખાનપાનની બરદાશ્ત;રાખવાનું-ખરચવાનું ખર્ચ. 3.A stronghold:કિલ્લો.

Keep-er,(કીપ્'અર)*n*.One who or that which keeps:રાખનાર.**K**.*of the great seal*:રાજની મહોર રાખનાર; રાજ્યમુદ્રાધિકારી **K**.*of the king's conscience*:લોર્ડ ચેન્સેલર.

Keeping,(કીપ્'ઇન્ગ)*n*.1.A holding; charge:કબજો;હાથ.2.Support;feed:ખાનપાન;ગરદાસ. *In* **k**.*with*:મળતું;બંધબેસતું.

Keepsake, (કીપ્'સેક) *n*. Any thing kept or given to be kept for the sake of the giver: સંભારણું;યાદગીરી;સ્મૃતિદાન.

Keg,(કેગ)*n*.A small cask or barrel:નાનું પીપ.

Kelp,(કેલ્પ)*n*.The calcined ashes of seeweed: એકદરિયાઇ વનસ્પતિની ખાખ-ભસ્મ.

Ken,(કેન)*n*.A house:ઘર; *esp*., one which is a resort for theives:ચોરોનું રહેઠાણ.*vt*.To recognise:ઓળખવું. *n*. 1. View:નિશા. 2.Reach of sight:નજર *vi*.To look around:આસપાસનજરકo.

Kennel, (કેન્'નેલ) *n*. The watercourse of a street;a gutter:નીક;મોરી;ગટર. *n* [L. *canis*,a dog.]1.A house for a dog or dogs:કુતરાની ઓડ. 2.A pack of hounds:શિકારી કુતરાનું ટોળું.

Kerchief,(કર્'ચીફ) *n*. A square of fine linen worn by a woman as a covering for the head:બાયડીઓને માથે ઓઢવાનું ચોખંડું લુગડું;રૂમાલ.

Kernel,(કર્'નેલ) *n*. The essential part of a seed:બીનું તત્વ;મગજ.[boiling water:ચાહદાની.

Kettle,(કેટ્'લ) *n*. A metallic vessel used for

Le-vanter,(લીવૅન્ટ્'અર્)n.One who levants or decamps:નાસી જનાર.2.A strong easterly wind peculiar to Mediterranean: ભુમધ્ય સમુદ્રમાં વાતો પ્રચંડ પૂર્વ વાયુ.

Levee,(લેવ્'ઇ)n.[L. *levo*,I raise.] A morning assembly or reception of visitors:દરબાર;સભા

Level,(લેવેલ્)n. [L.*libella*,level.]1.A line or surface to which at every point,a vertical or plumb line is perpendicular:સરખી જમિન. 2.A certain position,rank,standard or degree:ધોરણ;સ્થિતિ.3.An instrument by which to find out a horizontal line:સાધની;ઓળંબો. 4.State of equality:બરોબરી;સમાનતા *Carpenter's* l.:કાટખુણો. *Mason's* l.: સાધની; ઓળંબો. **L.***of the sea*:જ્યાંથી દરીઆની ઉંચાઈ અને ઉંડાઈનું માપ લેવાય છે તે કાલ્પનિક જગ્યા. 2. Horizontal: સિધો.3.Of the same height:સરખું ઉંચું.*vt.*. To make level:સરખુ કo.2.To bring to a lower level:નીચે ફેંકી દેવું;જમિન દોસ્ત કo.

Levell-er,(લેવ'એલર્)n.1.One who levels:સપાટ કરનાર 2 One who would remove social inequalities or distinctions: સામાન્ય સ્વામિત્વનો મત ધરાવનાર.

Levell-ing,(લેવ્'એલિંગ્)n. The art or operation of using a levelling instrument for finding a horizontal line:સમીકરણ.

Lever,(લીવર્)a.[L.*levis*, light in weight.] n. A rigid piece which is capable of turning one point,or axis and in which are two or more other points when forces are applied: ઉચ્ચાલન.2.A bar:ટેકો.

Lever-age,(લી'વરેજ્)n.The action of a lever; mechanical advantage gained by the lever: ઊચ્ચાલનથી થયેલો ફાયદો.

Lever-et,(લેવ્'અરેટ્)n.[L.*levus.*]A hare in the first year of his age:એક વરસની અંદરની વયનું સસલાનું બચ્ચું. [વસુલ કરાય તેવું;ઉઘરાવવા યોગ્ય.

Levi-a-ble (લેવ્'ઈઅબલ્)a. Fit to be levied:

Levi-gate,(લેવ્'ઈગેટ્)a. [L. *levigo*,I lighten.] Alleviated:ઝીણું-બારીક કરેલું.*vt.*1.To free from grit:ઝીણું કરવું. 2. To mix thoroughly:બરાબર મેળવી દેવું.

Levite,(લીવીટ્)n.[From *Levi* one of the sons of Jacob.]One of the tribe or family of Levi: લીવીના કુટુંબ-નીજાત.2 A priest;a cleric: પાદરી.

Le-vitic-al.(લેવિટ્'ઇકલ્)a. [L.*laviticus.*]Pertaining to a levit or levites:યાજ્ઞિકનું-સબંધી.

Levi-ty,(લેવ્'ઇટિ)n. [L *levis*, light.]1.Quality of weighing less than something else of equal birth:લઘુતા.

Levy,(લેવ્'ઈ)n.1 The act of levigating or collecting by anthority: એકઠું કરવું તે. 2. That which is levied: એકઠું કરેલું લશ્કર; ફોજ. 3. The taking of property on executions to satisfy judgment:ઉઘરાવેલું નાણું.*vt* To collect:એકઠું કo.

Lewd,લ્યૂડ્)a 1. Dessolute;lustful;vicious:કામઠાકુર.2.Suiting or proceeding from lustfulness:કામીપણાનું;બદચાલનું;કામી.

Lewdness,(લ્યૂડ્'નસ્)n.Lustfulness; licentiousness:વ્યભિચાર;સ્ત્રિલંપટતા;કામાસક્તિ;કામબુદ્ધિ.

Lexic-al,(લેક્સ્'ઇકલ્)a.Pertaining to a lexicon or words:શબ્દકોશ સંબંધિ.

Lex-i-cogra-pher,(લેક્સિકૉગ્'રફર્)n.The author of a dictionary:શબ્દકોશ બનાવનાર.

Lex-i-cogra-phy,(લેક્સિકૉગ્'રફિ)n.The principles which are applied in making dictionaries:કોશરચના;શબ્દકોશકરણ. [શબ્દસંગ્રહ.

Lexi con,(લેક્સ્'ઈકૉન્)n.A dictionary:કોશ;શ-

Lia-ble,(લાઈ'અબલ્)a.[L *ligo*,I bind.]1.Bound or obliged in law or equity:જવાબદાર.2.Exposed to acertain contingency :કંઈ થાય-કરે એવું. **L** *to err*, likely to commit a mistake: ભુલ કરે તેવું.

Li-a-bili-ty, (લાઅબિલ્'ઈટિ)n.The state of being liable:જવાબદારી;જોખમેદારી.

Liar,(લાઈ'અર્)n. A person who knowingly

utters false hood:જુઠો;લબાડ;અસત્યવાદી.

Li-bation,(લાઈબેશન)*n.*[L.*libo*,I pour out.] The act of pouring a wine either on the ground or on a victim in sacrifice in honour of some deity:સિંચણ;તર્પણ;દ્રવ્ય;તર્પણોદક.

Libel,(લાઈબેલ)*n.*[L. *libellus*,a little book.]1. Any defamatory writing:આબરૂને નુકશાન પોહચે એવું લખાણ.2.The crime of issuing a malicious defamatory publication:કોઇની આબરૂ લેવાનો ગુન્હો. *vt.*1 To defame or expose to public hatred:ની બેઆબરૂ કરવી.2.To proceed against by filing a libel:લાયબલની ફરિયાદ માંડવી.

Libel-ous,(લાઈબેલસ)*a.* Containing a libel; defamatory આબરૂ લેવાનું;પ્રતિષ્ઠાહારી.

Liber-al,(લિબ અરૅલ)*a.*[L. *liber*,free.] Bestowing in a large and noble way;generous; bounteous:ઉદારતાથી, આપનાર; ઉદાર.**L.***education*:ઉંચા પ્રકારની કેળવણી.

Lib-er-ali-ty,(લિબરૅલઇટિ)*n.*Liberal disposition;generosity:ઉદારતા;ઔદાર્ય;સખાપણું;સખાવત.

Liber-al-ize, લિબ્ અરૅલાઈઝ)*vt.*To make liberal;to free from narrow views:મોટું-ઉંચું ઉદાર ક૦.

Liber-al-ly,(લિબ્ અરૅલિ) *adv.* In a liberal manner:ઉદારતાથી; રાસ્ત પ્રૌઢ પણે.

Libe-rate,(લિબ્ અરેટ)*vt.*[L.*liber*,free.]To free; to disengage:કેદમાંથી છોડવું;છુટું મુકવું;સ્વતંત્ર કરવું.

Lib-e-ration,(લિબરેશન)*n.*The act of liberating or the state of being liberated:છુટકારો.

Libe-rat-or,(લિબ્અરેટર)*n* One who liberates;a deliverer:કેદમાંથી છોડવનાર;છુટકારો કરનાર.

Liber-tine,(લિબ્ અર્ટાઇન્)*n* [L *liber*, free.]A freed man:મનમુખ્તીઆર ચાલનાર;નિ કુશ માણસ. *a.*Dessolute,profligate:રંડીબાજ;વિષયાસક્ત.

Liber-tin-ism,(લિબ્અરટિનિઝમ્)*n.*1.State of a libertine:બેહદપણું.2.Debauchery,lewdness: વિષયાસક્ત પણું;સ્વચ્છંદ;બદફેલી;રંડીબાજી;બદકર્મ

Liber-ty,(લિબ્અર્ટિ)*n.*1The state of a free person;freedom:છુટ;સ્વતંત્રતા;સ્વાધીનતા 2.Freedom from imprisonment:કેદખાનામાંથી છુટકારો. 3.Leave:રજા. 4.Privilege; exemption:માફી; સ્વતંત્રતા.5.A privilege in violation of the laws of etiquette or property:બેઅદબી;અમર્યાદા.6 The power of choice:આપમુખ્તીઆરપણું *At liberty*,(*a*)unconfined:સ્વતંત્ર.(*b*)At leisure:ખુશાલીમાં;ફુરસદની વખતે. *Civil* **l**.: રાજ્ય સ્વાતંત્ર્ય. **L.***of the press*:છાપવાની છુટ.

Libra, (લાઇબ્રા) *n. pl.* **librae**. [L. the balance.]The 7th sign in zodiac which the sun enters at the autumnal equinox in September:તોળા;તોળારાશી;તુલારાશિ.

Li-brari-an,(લાઇબ્રેરિઅન્)*n.* One who has a care or charge of a library:કીતાબખાના-પુસ્તકશાળાનો અધિપતી;લાઇબ્રેરિઅન્.

Libra-ry,(લાઈબ્રરિ)*n.*[L *liber*,book.]A considerable collection of books kept for use: પુસ્તકશાળા;કીતાબખાનું;લાયબ્રેરી;પુસ્તકાલય.

Libra-to-ry,(લાઈબ્રેટરિ)*a.*Balancing;moving like a balance:ત્રાજવાની પેઠે ફરનાર.

License-ce,(લાઇસેન્સ)*n.*[L *liceo*, I am permitted.] Authority or liberty given to do or forbear any act:રજા;પરવાનગી;હુકમ;આજ્ઞા.

Li-centi-ate,(લાઇસેન્શિએટ્)*n* [L.*licentire*,to allow to do anything]One who has a license to exercise a profession:સનદી;સનદવાળો.

Li-centious,(લાઇસેન્શસ્) *a.* [L. *licentiosus.*] Unrestrained by law or morality;lawless; immoral:વહી ગએલું;સ્વછંદી;લંપટ;વ્યભીચારી.

Li-centious-ness,(લાઇસેન્શસ્‌નેસ્)*n.*Lewdness; immorality:નિરંકુશતા;અનાચાર;વ્યભિચાર; દુરાચાર;બદફેલી.

Lick,(લિક્)*vt.* [L. *lingere.*] To draw or pass the tongue over;to lap:ચાટવું *n.*A stroke of the tongue in licking:ચાટવાથી જીભનો જે વસારો પડે તે.

Licker-ish(લિક્અરિશ)*a.*Eager;greedy:આતુર.

Licor-ice,(લિક્ઓરિશ)*n.*A kind of plant the root of which abounds with a sweet juice: જેઠીમધનું ઝાડ;મુળીઉં.

Lid,(લિડ્)*n.*1.That which covers the opening of a vessel or box:ઢાંકણું.2.An eye-lid:આંખનું પોપચું.

Lie,(લાઇ)*n.*1.A falsehood:જુઠ;જુઠાણું;અસત્ય.2.A fable:જોડી કહાડેલી વાત.*vi.*1.To utter falsehood: છેતરવાના ઈરાદાથી જુઠું કહેવું.2 To rest on a bed: સુવું.3.To be situated; to occupy a certain place:હોવું 4.To abide;to remain for a longer or shorter time:પડ્યા રહેવું.5.To be or exist: જીવતા રહેવું-માં હોવું.6.To lodge or sleep મુકામ-પતાવ કરવા.*To* **l** *at the door of*,to be imputable to:-ને માથે પડવું. *To* **l**.*at the mercy of*, to be in the power of:-ની સત્તામાં હોવું;-ના હાથમાં આવી પડવું.*To* **l**. *in*, to be in childhood; to bring forth young:સુવાવડમાં હોવું;બાળક જણવું *To* **l**. *on or upon*,to depend on:-ના ઉપર આધાર રાખવો.*To* **l**.*in wait*,to wait in concealment:લાગ ફાવતા સુધી સંતાઇ રહેવું;તાકીને બેસી રહેવું.*To* **l**.*on hand* to remain unsold:-ની પાસે હોવું;શીલક હોવી.

Lief,(લીફ્)*a.*1 Dear:વહાલું.2. Pleasing:મળતાવડું.3. Willing:ખુશી *adv.*Gladly:ખુશીથી.*n.*A dear one;a sweetheart:પ્રાણ પ્યારા.

Liege,(લીજ)*a.*[L.*liege*,unlimited]Sovereign; independent:પરી,સત્તાધારી;સત્તાવાન

Lien,(લાઇ-ઇઅન્)*n.*[L. *lego*, I bind.]A legal claim:ખરો હક;કાયદેસરદાવો.

Lieu,(લ્યુ)*n.*Place;room:બદલો;ઠેકાણું. *In* l. *of*:-ને બદલે.

Lieu-tenan-cy, (લેફ્ટેન'ઍન્સિ) *n.*The office, rank or commission of a lieutenant:પ્રતિનીધીપણું.

Lieu-tenant (લેફ્ટેન'ઍન્ટ્)*n.*An officer who supplies the place of a superior in his absence:પ્રતિનિધિ;દારોગો 2. A commissioned officer in the army next below a captain: કપ્તાનના હાથ નીચેનો અધિકારી.

Life,(લાઈફ્)*n.*1.(*a*)The state of being which begins with generation,birth or germination & ends with death:જીવ; પ્રાણ;જીંદગી;હયાતિ;જીવન (*b*)The time during which this state continues:જન્મ;જન્મારો. 2.Of human beings;the union of the soul and body:ચેતના;ચૈતન્ય. 3. Vital force:જીવનશક્તિ;જીવ.4.Human affairs: સ્થિતિરીતિ;વ્યવહાર;રહેણી. 5. Lives,considered collectively:ચરિત;ચરિત્ર;જીવનવૃત્તાન્ત.6.Animation:ઉત્સાહ;તેજ 7 A history of the acts and events of a life:ચરિત્ર;આખ્યાન. *To lose one's life,*to die:મરી જવું. *Vicissitudes of* l.:કાળચક્ર; ભાવચક્ર.*The present* l.:ઈહલોક;સંસાર;ભવ.

Life blood, (લાઈફ્ બ્લડ્)*n.*The blood necessary to life:જીંદગીને જરૂરનું લોહી.

Life boat,(લાઈફ્-બોટ્)*n.* A strong boat designed for saving the lives of shipwrecked people:ડુબતા માણસને કાઢવાની હોડી.

Life-guard, (લાઈફ્'ગાર્ડ્) *n.* A man kept to guard the person of a king:રાજાના રક્ષણ સારૂ રાખેલો સિપાઈ;શરીરરક્ષક.

Life-in ter-est,(લાઈફ્'-ઈન્ટરેસ્ટ્)*n* An estate or interest which lasts during one's life:હયાતી સુધીનો હક.

Lifeless,(લાઈફ્લેસ)*a.*1.Destitute of life or deprived of life:જીવ વગરનું;પ્રાણરહિત;મરી ગએલું. 2.Inanimate:નિર્જીવ;અચેતન;જડ. 3.Torpid:ટાઢું;નરમ;નિઃસત્વ;નિર્જીવ;નિસ્તેજ.

Life-like,(લાઈફ્'-લાઈક્)*a.*Like a living being; resembling life:જીવતા માણસ જેવી(છબી).

Life-time,(લાઈફ્ ટાઇમ્)*n.* The time that life continues:આયુષ્ય;આવરદા;જીંદગી.

Lift,(લિફ્ટ્)*vt.*To move in a direction opposite to that of gravitation;to raise:ઉંચકવું; ઉપાડવું.*To* l.*up the hand against,* to rebel against:-ના સામું બંડ ઉઠાવવું.*n.*Act of lifting: ઉંચકવાની રીત.

Liga-ment,(લિગ્'ઍમેન્ટ્)*n.* [L. *ligo,* I bind.] Anything that ties or unites one thing to another:એક વસ્તુને બીજી વસ્તુ સાથે જોડનાર.

Li-gation,(લિગે'શન્)*n.*[L.*ligo,*I bind.]1.The act of binding:બાંધવું તે.2.That which binds: બંધારણ.

Liga-ture,(લિગ્'ઍટ્યુર્)*n.*1.The act of binding:બાંધવું તે.2.Anything that binds:બંધારણ.

Light,(લાઈટ્)*n.* [L. *luceo,* I shine.] 1. That agent,force,or action in nature by the operation of which upon the organs of sight, objects are rendered visible:અજવાળું;તેજ.2. That which furnishes light:અજવાળું આપનાર; દીપક;દીવો.3.The time during which the light of the sun is visible;the dawn of the day: અરૂણોદય;પ્રભાત;દહાડો.4.The brightness of the eye.પ્રકાશ.5.Knowledge;enlightenment: જ્ઞાન; પ્રકાશ.6.A firework made by fitting a case with a substance which burns brilliantly with a white flame:દેવતા;અગ્નિ.*To bring to* l.: ખુલ્લું-ઉઘાડું ક૦ *To see the* l.,to come into notice:બહાર આવવું. *Considered in this* l.:આ દૃષ્ટિથી.*vt.*1.To set fire to:બાળવું;દેવતા મૂકવો.2.To give light to:દીવા-રોશની કરવી.3.To attend or conduct with a light:દીવો લેઈને જવું. *To* l. *a fire*:દેવતા સળગાવવો.*vi.*1.To take fire:બળવું.2. To receive light;to brighten:અજવાળું થઈ રહેવું.*a.*1.Having little weight:વજનવિનાનું;હલકું. 2.Easy to be digested:હલકું-પચે એવું.3 Not heavily armed:છડું .4.Unchaste:સાહું;છટેલ.*To make* l.*of*,to disregard:તજવું;અવગણવું;નગણવું.*adv.* Lightly;cheaply:હલકી રીતે.*vt.*To take off:ઉતારવું.*vi.*1.To dismount:નીચે ઉતરવું.2.To feel light:હલકું થવું.3.To descend from light and rest:આરામ લેવો.4.To happen:બનવું;થવું.

Light-armed,(લાઇટ'આર્મ્ડ્) *a.* Armed with light weapons:હલકાં શસ્ત્ર બાંધેલું-સજેલું.

Lighten,(લાઇટ્'ન્)*vi.*1.To flash:અજવાળું થવું. *vt* 1.To light;to illuminate:અજવાળું કરવું. 2. To illuminate with knowledge: જ્ઞાન આપવું; પ્રકાશિત-ઉજ્વલિત ક૦.3.To flash out:દેવતાની પેઠે એકદમ નીકળવું;ઝબુકવું. 4.To reduce in weight: ભાર ઓછો કરવો.

Lighter,(લાઈટ્'અર્)*n.*1.One who lights:દીવા કરનાર. 2.A large boat used in unloading:વહાણમાંથી માલ ઉતારવાની મોટી હોડીઓ

Lighter-man,(લાઇટ્'અર્મેન્)*n.*A person who manages a lighter:મછવાવાળો માણસ.

Light-fin gered, (લાઇટ્ ફિંગર્ડ્)*a.* Thieving; pilfering:હાથનું ચોર;હાથના ચાલાક.

Light-foot-ed,(લાઈટ્'ફુટેડ્)*a.*Nimble in running;active:પવન વેગી;ચાલાક.

Light head-ed,(લાઈટ્'હેડેડ્)*a.*1. Disordered in the head;dizzy વાયલ;ચળેલ;ચસ્કેલ;બેસાવધ.

Light-heart-ed,(લાઈટ'હાર્ટેડ્) *a.* Free from grief;gay:આનંદી;ખુશમિજાજી;ઉલ્લાસી;પ્રફુલ્લચિત્તનું.

Light-horse,(લાઇટ્'હૅાર્સ્)*a.*Not heavily arm-

ed:હલકા શસ્ત્રવાળું.*n*.Cavalry:ઘોડેસ્વારની ફોજ.

Light-house, (લાઈટ્'હાઉસ્) *n*. A tower or other building with a powerful light at the top erected as a guide to mariners at night:દીવાદાંડી.

Light-infantry,(લાઇટ્'ઈનફંન્ટ્રિ)*n*. An infantry having small weapons:હલકા હથિયારવાળું પાયદળ-લશ્કર.

Lightly,(લાઈટ્'લી)*adv*.1. With little weight: સહેજે ભાર મુકીને. 2. Easily, readily:સહેલાઈથી; તરતજ.3.Cheerfully:ખુશીથી;આનંદથી.

Light-mind-ed,(લાઈટ્'માઈન્ડડ્)*a*.Unsteady; unsettled:મન સ્થીર નહીં એવું;અસ્થીર;ઢંગ વીનાનું.

Lightning, (લાઈટ્'નિંગ્) *n*. A discharge of electricity followed by thunder: વીજળી; વિદ્યુત.

Lightning-rod,(લાઇટ્'નિંગરોડ્)*n*. A metalic rod set upon a building and connected with the earth or water below for the purpose of protecting the building from lightning: વિજળીથી ઈમારતને નુકશાન ન થવા દે એવો પાટો.

Lights, (લાઇટ્સ્) *n*. The lungs of an animal or birds:ફેફસાં.

Light-some,(લાઇટ્'સમ્)*a*.1.Having light:પ્રકાશીત;અજવાળું.2.Gay;cheering:આનંદી.

Ligne-ous,(લિગ્'નીઅસ્)*a*.[L.*lignum*,wood.] Made of wood;consisting of wood:લાકડાનું.

Like,(લાઈક્)*a*.1 Resembling;similar; alike: જેવું;સરખું.*n* A liking:પસંદગી.*adv*.In a manner like that of:પેઠે;માફક;જેવું *vt*.1.To please; to suit:ખુશી કરવું.2.To approve:પસંદ કરવું.3. To liken:બરાબરી કરવી.*vi*.To choose:પસંદ કરવું.

Likehood,(લાઈક્'હુડ્)*n*.Likelihood:સંભવ.

Likeli-hood,(લાઇક્લિહુડ્) *n*. 1. Appearance; show:દેખાવ;ડોળ.2.Likeness;resemblance:સરખાવટ.3.Appearance of truth;probability: સંભવ;શકયતા.

Likely, (લાઈક્'લી)*adv*.In all probability:ઘણું કરી;સોવરા.*a*.1.Probable;credible:માનવા જેવું.

Liken,(લાઇક્'ન્)*vt*. To allege or think to be like:સરખું-જેવું ગણવું. 2 To make or cause to be like:ની ઉપમા આપવી;મુકાબલો કરવો.

Likeness, (લાઇક્'નેસ્) *n*. 1. Appearance of form:સરખાપણું;રૂપ;સ્વરૂપ; આકાર; ડોળ. 2. That which closely resembles;a portrait:છબી;ચીત્ર.

Likewise, (લાઇક્'વાઈઝ્) *adv*. In like manner; also:તેમજ;તેવી રીતે;પણ;ઓ;એ.

Liking,(લાઇક્'ઈન્ગ્)*n*.1.Suiting;the state of being pleasing:ઈચ્છા;મરજી.2.Appearance;look; figure:શોખ;ભાવ;પ્રીતિ દેખાવ;પ્રકૃતિ.

Lilac,(લાઈલેક્)*n*.1. A shrub of the genus *syringa*:ફુલનો છોડ.

Lil-i-putian,(લિલિપ્યુ'શન્)*a*.1.Pertaining to the imaginary island of Lilliput described by Swift:લાલીપુટના કલ્પીત બેટ સંબંધી. *n*. 1. One belonging to a very diminutive race described in Swift's voyage to Lilliput: ઠીંગણી જાતનો માણસ.

Lily,(લિલ્'ઇ)*n*. 1.A plant or flower:કમળફુલનો છોડ.

Limb લિમ્)*n*.1.An arm or leg of human being:મનુષ્યજાતનો હાથ-પગ;અવયવ.[વું;સાગ;અવયવી.

Limbed,(લિમ્ડ્)*a*. Having limbs:ગાત્રનું;ગાત્રવા-

Limber,(લિમ'બર્)*n*.1. The shafts or thills of a wagon:ગાડીની ધરીનોદાંડો.2.The detachable forepart of a gun-car:તોપની ગાડીના પોલ(દાંડા) જેને ઘોડા જોડે છે તે.*vt* To attach to the limber: તોપને તેની ઘોડીપર બેસાડવી.

Limbo,(લિમ્'બો)*n*.[L. *limbus*,a border.]1.An extramundane religion where certain classes of souls were supposed to await the judgment:નરક લોક જેવો એક કલ્પીત દેશ.

Lime,(લાઇમ્)*n*.1.A fruit allied to the lemon: લીંબુ.2.Oxid of calcium:ચુનો.*vt*. 1.To smear with a viscous substance: ચીકણો પદાર્થ ચોપડવો.3.To treat with lime:ચુનો લગાડવો.

Lime-burn-er,(લાઈમ્'-બર્નર)*n*.One who burns lime,stone, shells &c.:ચુનારો;ચુનો પકવનાર.

Limekiln,(લાઇમ્'-કિલ્ન્)*n*.A kiln or furnace in which lime-stone or shells are burned and reduced to lime:ચુનો પકવવાની ભઠ્ઠી.

Lime-quarry,(લાઈમક્વોરા)*n*. A mine of calcium carbonate:ચુનાની ખાણ.

Lime-stone,(લાઈમ્'-સ્ટોન્)*n*.A rock consisting of calcium carbonate:ચુનાનો પથ્થર.

Limit,(લિમ્'ઇટ્)*n*.[L. *limes,limitis*, limit.]1. That which terminates:હદ.2.The space or thing defined by limit: હદની અંદર આવેલી જગા.3.A restriction;check:દાબ; બંધ. *vt*. To apply a limit to:હદ બાંધવી.

Limit-a-ble,(લિમ્'ઇટબ્લ્)*a*.Capable of being limited:જેની હદ-શામા થઇ શકે તેવું.

Limit-a-ry,(લિમ્'ઇટરિ)*a*.Placed at the limit: હદ આગળ મુકેલું. 2. Confined within limits: હદની અંદર આવેલો.

Lim-it-ation,(લિમિટે'શન્)*n*.The act of limiting:હદ બાંધવી તે.2.Restriction: બંધન. 3. A certain period limited by statute after which the claimant shall not enforce claim by suit:ફરિયાદીની મુદત.

Limit-ed,(લિમ્'ઇટેડ્)*a*.Restricted: ટુંક;સમર્યાદ.

Limit-less,(લિમ્'ઇટલેસ)*a*. Having no limits: બેહદ;અનંત;અપાર;બેસુમાર.

Limner,(લિમ્'નર)*n*.A painter;an artist:ચીતારો;ચીત્ર કાઢનાર.

Limp,(લિમ્પ્)*vt*. To halt;to walk lamely:ખો-

ડગાવું;લંગડા ચાલવું.*n.*A halt:લેહેંક;લંગડાવું તે.

Limpid, (લિમ્'પિડ્)*a.* Clear: સ્વચ્છ;નીતરેલું.

Limpidness,(લિમ્'પિડ્નેસ્)*n.* Quality of being limpid:સ્વચ્છતા.

Limpingly, (લિમ્'પ્ઇન્ગ્લિ) *adv.* In a limping manner:ખોડંગતા ખોડંગતા.

Limy,(લાઇમ્'ઇ)*a* Consisting of lime:ચૂનાવાળું. **2.** Resembling lime:ચૂના જેવું.

Linch-pin,(લિંશ્'પિન્)*n.*A pin used to prevent the wheel-vehicle from sliding off the axle tree:પૈડાની ખીલી;સુણ.

Line,(લાઇન્)*vt.***1.**To cover the inner surface of:અસ્તર કરવું.**2.**To fill:ભરવું.*n.***1.**A rope;a hawser:દોરડું;વરેડું.**2.**Any long mark:લીટી.**3.**A route;a road:માર્ગ;રસ્તો.**4.**Direction:બાજુ;દિશા.**5.**A row of letters:હાર;લીટી.**6.**Note:ચીઠ્ઠી. **7.**A vsrse: પાદ;ટુક;પાયો; ચરણ. **8.** Course of conduct or policy: ધોરણ **9.** The outline;boundary:હદ;સીમા. **10.** A thread like crease marking the face or hand; characteristic mark: રેષા; રેખા. **11.** Figure; feature: ચહેરો. **12.**Family or race:ઓલાદ;વંશ.**13.**(*a*)Circle of longitude and lattitude:અક્ષાંશ કે રેખાંશવૃત્ત. (*b*)The equator:વિષુવવૃત્ત. (*c*)Measuring line or chord:માપવાની દોરી.(*d*)Rail road:લોખંડની સડક.*vt.*To mark with a line or lines:લીટીઓ દોરવી.

Line-age,(લિન્'ઇએજ્)*n.* [L. *linea*,line.]Progeny;race:વંશ;કુળ;વંશાવળિ;વંશજો.

Line-al,(લિન્'ઇઅલ્)*a.*[L.*linea*,line.]**1.**Hereditary;derived from ancestors: વંશપરંપરાથી ચાલતું આવેલું;પરંપરાગત.

Line-a-ment,(લિન્'ઇઅમેન્ટ્)*n.* [L.*linea*,line.] Features;form;mark:મ્હોંનો શીકલ;શીકલ;ઘાટ.

Line-ar,(લિન્'ઇઅર્)*a.*[L.*linea*,line.]Pertaining to a line;consisting of lines:લીટી સંબંધી.

Lin-e-ation, (લિનીએ'શન્)*n.* [L. *lineatus*,the drawing of a line.]Delineation;a line:ચિત્ર.

Linen, (લિન્'એન્) *a.* Made of linen:શણનું.*n.* Thread or cloth made of flax:શણનું લુગડું.

Linen-dra-per, (લિન્નેન-ડ્રેપર્) *n.* One who trades in linen:શણના કાપડનો વેપારી.

Lines, (લાઇન્સ્) *n.* A camp:છાવણી;કેંપ.

Linger, (લિંગ્'ગર્)*vi.*To delay;to loiter:ઢીલ કર;ઉભા રહેવું;જતાં વાર લગાડવી; વિલંબ કર.*vt.* To protract;to draw out:કંઈ કરવામાં વાર લગાડવી.

Linger-ing,(લિંગ્'ગરિંગ્)*a.***1.**Delaying:પહોંચાડ; વિલંબી. **2.**Remaining long;protracted:લાંબું.

Linget,(લિંગ્'ગેટ્)*n.* [L. *lingua*,tongue.]An ingot:ધાતુની લગડી;ધાતુપિંડ.

Lingo,(લિંગ'ગો)*n.*[L.*lingua*,tongue.]Language;tongue:બોલી;ભાષા;જબાન.

Lingua franca,(લિન્'ગ્વેફ્રેન્કા)*n.*A mixed language:ભેળસેળબોલી;ખીચડો.

Lingual,(લિન્'ગ્વલ્)*a.*[L.*lingua*,tongue.]Pertaining to a tongue:જીભનું-મોંનું;મૂર્ધન્ય;મૂર્ધસ્થાની.

Linguist, (લિન્ગ્વિસ્ટ્)*n.* [L. *lingua*,tongue.] A person skilled in languages: અનેક ભાષા જાણનાર;ભાષા પ્રવીણ.

Lini-ment,(લિન્'ઇમેન્ટ્)*n.*[L.*lino*,I besmear.] A liquid preparation of a consistence thinner than an ointment applied to the skin: ચોપડવાનું ઓસડ-લેપ-તેલ.

Lining, (લાઇન્'ઇંગ્)*n.* **1.**The act of one who lines:અસ્તર કરનારનું કામ.**2.**That which covers the inner surface of any thing:અસ્તર;પડ.

Link,(લિંક્)*n.***1.**A torch made of tow and pitch:શણ અને તારની બનેલી મશાલ.**2.**A single ring or division of a chain:કડી. **3.**A bond;a tie: સંયોગ;સંબંધ;અન્વય;સંબંધ.**4.**A rod જોડનાર વસ્તુ. **5.**The length of one joint of Gunter's chain:ગંડો *vt.*To connect;to join:જોડવું;વળગાડવું.

Link-boy,(લિંક્'બોય્)*n.* A boy that carried a link or torch to light passengers: મશાલચી.

Linseed,(લિન્'સીડ્)*n* The seeds of flax from which lin-seed oil is obtained:અળસી.

Lint, (લિન્ટ્)*n.* [L.*linteum*,linen.]**1.**Flax:અળસીનો છોડ. **2.** Scraped linen:શણના રેષા.

Lion,(લાઇ'ઑન્)*n.*A furious animal:સીંહ;કેસરી. **2.**A sign and constellation:સિંહરાશી.

Lip,(લિપ્)*n.*[L.*labium*,lip.]**1.**One of the two fleshy folds which surround the orifice of the mouth in men and in many other animals:હોઠ;અધર. **L.***loyalty*:મુખભક્તિ.

Lip-de-vo-tion, (લિપ'ડીવોશન્)*n.* Devotion without the performance of acts: માત્ર મોઢાની ભક્તિ.

Li pothy-my, (લિપૉથ્'ઇમિ)*n.* A fainting: a swoon:મૂર્છા;અશુદ્ધિ.

Liq ue-faction,(લિક્વીફેક્'શન્)*n.* The act or operation of making liquid: પીગળાવવાની અથવા પીગળવાની રીત.

Lique fi.able,(લિક્'વીફાઇએબ્લ્)*a.*Capable of being changed from a solid to a liquid state:પીગળી શકે તેવું;દ્રાવ્ય; દ્રાવ્યગુણી.

Lique-fy,(લિક્'વીફાઇ)*vt.*To dissolve:રસ કરવો.

Liquid,(લિક્વિડ્)*a.* [L. *liquere*,to be fluid.] **1.**Not solid; fluid:રેલો ચાલે તેવું;રસ. **2.** Fluid and transparent:પ્રવાહી અને પારદર્શક;સ્વચ્છ;નિર્મળ.*n.*Any substance in the state of liquidity:પ્રવાહી પદાર્થ;રસ.

Liquid-ate,(લિક્'વિડેટ)*vt.*[L.*liquidus*,liquid.] **1.**To make the amount of debt clear:આપીવાળી દેવું.**2.**To discharge:ફડચો કાઢવો;પતાવી દેવું.

Liq-uid-ation, (લિકિવડે'શન્)*n.*The state of

being liquidated:ફડચો;નિકાલ;ફેંસલો;પતાવટ.

Liquidator,(લિક્'વિડેં ટર્)n.One who liquidates:ફડચો કરનાર.

Liq-uidi ty,(લિકિવડ્'ઇટિ)n.[L.*liquidus*,liquid.] The state or quality of being liquid: પાતળાપણું રસતા;પ્રવાહધર્મ.

Liquor (લિકર)n.[L.*liqueo*,I melt.]Spirituous fluid:દારૂ;મદિરા;સુરા;મદ્ય·શરાબ.[ઠીમચનું ઝાડ·મુલીઠ.

Liquor-ice,(લિક્'અરિસ્)n.A kind of tree:જે-

Lisp,(લિસ્પ્)vi 1.To pronounce the sibilant letter 'r' imperfectly:'આર'નો તુટક ઉચ્ચારક૦. ભગ્નદંતોચ્ચારણ ક૦. 2.To mispronounce:અશુદ્ધ બોલવું

List, (લિસ્ટ્)n. [L.*licium*,thread.]A line enclosing the extremity of a piece of ground: રંગભુમિ;રણાંગણ;અખાડો.vt.1.To enclose for combat:યુદ્ધ આપવું. 2.To listen to:ધ્યાનદઈ સાંભળવું.vi.To desire:ઇચ્છા ક૦.n 1.Inclination;desire:ઈચ્છા;મરજી;વલણ.2.A roll or catalogue: ટીપ;યાદી;નોંધ.

Listel,(લિસ્ટ્'એલ્)n.A little square moulding a fillet ઝાલર. [દઈ સાંભળવું.

Listen,(લિસ'ન)vi.1.To attend to:-ની ઉપર લક્ષ

Listless, (લિસ્ટ્'લેસ)a Indifferent:બેદીલ.

Litan-y,(લિટ્'ઍનિ)n.A solemn form of supplication in the public worship of churches:પ્રાર્થના;બંદગી.

Liter-al, (લિટ્'અરૅલ્)a.[L.*litera*,a letter.]1. Real;not figurative or metaphorical: અક્ષરે અક્ષર.2.Following the letter or exact word; not free: મૂળ અર્થ પ્રમાણેનું. 3. Consisting of letters:અક્ષરી.

Liter-al-ly,(લિટ્'અરૅલિ)adv.1.According to the primary and natural import of words: ખરૂં કેતાં;અર્થાત;વાસ્તવિક કેતાં; મુલશબ્દાનુસાર.

Liter-a-ry,(લિટ્'અરેરિ)a. [L. *litera*.letter.]1. Pertaining to letters:અક્ષરવિદ્યાનું. 2.Pertaining to learned man:વિદ્વાન સંબંધિ. 3.Versed in literature:વિદ્યામાં પ્રવીણ.

Liter-ati,(લિટ્'અરૅટાઇ)a.Learned or literary men:પંડિત;સાક્ષર;ભણેલ;વિદ્વાન;સાક્ષર;વિદ્યાસપન્ન; પંડિત.

Liter-a-ture,(લિટ્'અરૅટ્યૂર્)n.[L.*litera*,letter.] 1. Learning:અક્ષર-વિદ્યા-શાસ્ત્ર;વિદ્યા.2.The collective body of literary productions:સાહિત્ય;ગ્રંથો.

Litharge,(લિથ્'આર્જ)n. [Gr.*lithos*,stone & *argurot*,silver.] Lead monoxide:મુદ્દારશિંગ.

Lith o-graphic-al,(લિથૅગ્રૅફ્-િકલ્)a Pertaining to lithography:શીલાછાપની વિદ્યાનું.

Li-thogra phy,(લિથૅાગ્રૅફિ)[Gr.*lithos*,a stone and *grapho*,I write.]n. The art or process of putting writing with greasy material on stone and of producing printed impressions therefrom:શીલા છાપવિદ્યા;શીલાછાપ.

Li-tholo-gy,(લિથૅાલ્'ઑજી)n. [Gr *lithos*,a stone,*logos*, a discourse] The science which treats of rocks:પથ્થરનિરૂપણ શાસ્ત્ર.

Li-thoto-my,(લિથૅાટ્'ઑમિ)n. [Gr. *lithos*, & *temno*,I cut]The operation,art,or practice of cutting for stone in the bladder: પથરી કાઢવાનોહુન્નર. [a lawsuit:મુકરદમો લડનાર.

Liti gant,(લિટ્'ઇગૅન્ટ્)n.A person engaged in

Liti gate,(લિટિગૅટ્)vt.To make the subject of a lawsuit;to contest in law:લડવું;વિધે સરકારદરબાર ચડવું.

Li-ti-gation,(લિટિગૅશન્)n.[L.*lis litis*,dispute.]A suit at law;a judicial contest:દાવો;મુકરદમો.

Li-tigious, (લિટિજ્'અસ્)a. [L. *litigum*, dispute]Quarrelsome;contentious: કજીઆખોર.

Litter,(લિટ્'ટર્)n.[L *lectus*,couch]1.Vehicular bed:ડોળી; માફો 2. The young brought forth at one time:એકી વખતનું તતર-જનાવર-બચ્ચાં.

Little,(લિટ્'લ)a.Small in size;not big:નાહાનું.

Litur-gy,(લિટ્'અર્જિ)n.[Gr.*leitos*,public & *ergon*,work]A formulary,for public prayer or devotion:ભજન પદ્ધતિ;સમાજપ્રાર્થનાપદ્ધતિ; ભક્તિમાર્ગ.

Live,(લિવ્) vi.1.To be alive:જીવવું. 2.To pass one's time:રહેવું;દહાડા કાઢવા.3 To dwell:રહેવું; વસવું.4.To exist:હયાત હોવું.5.To subsist:ખાવું ખાઇને રહેવું.a.1.Burning:બળતું;જીવતું;ધમતું 2.Active:ચાલાક. L. *stock*, horses, cattle & other domestic animals:ઘોડા,ગાય, બળદ વિગેરે પ્રાણીઓ-ઢોર. [અંગારો.

Livecoal,(લાઈવ્ કોલ્)n. Fire; burning coal:

Liveli hood,(લાઈવ્ લિહુડ્) n. 1. Support of life;maintenance ગુજરાન;આજીવિકા;પોષણ;ગુજરો.

Liveli-ness,(લાઇવ્ લિનેસ્)n.1.Uprightliness; spirit:હોશીઆરી;ચપળતા;આનંદવૃત્તિ;ઉલ્લાસવૃત્તિ.

Livelong,(લાઈવ્'લૉન્ગ્)a.1.Whole;entire:આખું.2.Lasting;durable:દીર્ઘકાલિક;દીર્ઘકાલનું

Lively,(લાઈવ્ લિ)a. 1. Living:ચપળ; સતેજ 2. Gay:આનંદી;ખુશમિજાજી.3.Representing life: આબેહુબ.

Liver,(લિવ્'અર્)n 1.One who lives:જીવનાર.2. A dweller:રહેનાર;વસનાર;વાસી.3.A very large glandular and vascular organ in visceral cavity of all vertebrates:કાળજું;કલેજું.

Liver-y,(લિવ્ અરિ)n [L.*libero*,I set free.]1.The act of delivering possession of lands:જમિનનો કબજો સોંપવાનું કામ. 2.Deliverance:છુટકારો. 3.(a)The uniform clothing issued by feudal superiors to their retainers:ઉમરાવોના નોકરો-

ને પોશાક;લિબાસ.

Liver-y-man,(લિવ્'અરિમૅન) *n.* 1. One who wears a livery:અમુક પોશાક પહેરનાર નોકર.

Livestock,(લાઇવ્'સ્ટૉક્)*n.*Stock of living being:પશુધન;જીવતી પુંજી.

Livid,(લિવ્'ઇડ્) *a.* [L. *livere*,to be black and blue.]Black and blue:કાળું ને આસમાની.

Li-vidi-ty,Lividness, (લિવિડ્'ઇટિ,લિવ્'ઇડ્નેસ્) *n.* The state or quality of being livid: કાળો લીલો સીસાનોરંગ.

Living,(લિવિંગ્)*a.*1.Having life:જીવતું;પ્રાણધારી.2.Producing life:ચૈતન્યભૂત. 3. Immortal: અવિનાશી.*n.*1.Manner of life:વર્તન.2.Means of subsistence:ઉપજીવિકા;વૃત્તિ.

Lizard,(લિઝ્'અર્ડ)*n.*[L. *lacerta.*]1.Any one of the numerous species of reptiles:ગરોળી.

Lo,(લૉ)*interj.*Look;see;behold:જો;જુઓ;જો; વારુ.

Load,(લૉડ્)*n.*1.A burden:(ભરેલો)ભાર;બોજો. 2. Lading:ભાર;હેલ; ભારો. The charge of a firearm:બંદુકનો બાર. *vt.* 1.To lay a burden on: લાદવું;ભાર ભરવો.

Loading,(લૉડ્'ઇંગ્)*n.*1.The act of putting a load on:ભાર મૂકવો તે.2.Cargo:ભાર.

LOadstar,(લૉડ્'સ્ટાર્)*n.* A star that leads;a guiding star:ધ્રુવનો તારો.

Loadstone,(લૉડ્'સ્ટોન્)*n.*A piece of magnetic iron ore possessing polarity like a magnetic needle:લોહચુંબક;ચકમક.

Loaf,(લૉફ્)*n.* *pl.* **loaves**. Any thick lump, mass or cake:રોટલો;પાંઉ.

Loafer,(લૉફ્'અર)*n.*One who loafs:રખડેલ માણસ.

Loam,(લૉમ્)*n* 1.A kind of soil:ભગરીમાટી.

Loan,(લાન્)*n.*[L.*linguere*,to leave]1.A lending; permission to use:ધીર; આપ;દે. 2. That which one lends:ધીરેલું;કરજે આપેલું;કર્જ;રૂણ. *vt.* To lend:ધીરવું;ઉછીનું આપવું.

Loath,(લૉથ)*a.*1.Hateful,odious:તિરસ્કારપાત્ર.2. Unwilling:નારાજ,નાખુશ;વિમુખ.

Loathe,(લૉધ)*vt.*To feel extreme disgust at: અરૂચી હોવી;માં ન ગમવું;કંટાળો આવવો.

Loathing,(લૉધ્'ઇંગ) *n.* Extreme disgust; a feeling of aversion:અરૂચિ;અભાવ;અસુયા.

Lo-athsome,(લૉધ્'સમ)*a.*Exciting disgust; disgusting:અભાવ થાય એવું;અસુયા આવેએવું.

Lob,(લૉબ્)*n.* A dull heavy person;ઠઠ્ઠ પથરા જેવો માણસ.

Lobby,(લૉબ્'બિ)*n.*[L.*laubia*,a covered portico fit for walking.] A passage or hall of communication:ઓરડામાં જવાની ખુલ્લી જગા.2.A confined place for cattle:ઢોર રાખવાનો વાડો. *vi.*To solicit members of a legislative body to influence their votes:મત પોતાના પક્ષમાં લેવા માટે આપનારને આગ્રહ ક૦.

Lobe,(લૉબ્)*n.*A rounded division of a leaf: પતરાંનો ગોળ ભાગ.

Local,(લૉ'કલ્)*a.*[L. *locus*, place.]Pertaining to a particular place:સ્થાનિક.**L.***affection*:અંગ-વ્યાધિ.*n.*1.A train for the accommodation of a certain district:અમુક દેશની સગવડ માટે રાખેલી ગાડી.2.An item of news relating to the place where the paper is published: ગામના નીકળતા પેપરની ખબરો;સ્થાનિક ખબરો.

Lo-cali-ty,(લૉકૅલ્'ઇટિ)*n.*1.Position;situation: જગો;સ્થાન;સ્થળ.2.Limitation to a country:જીલ્લો.

Local-ize,(લૉ'કલાઇઝ્)*vt.*To fix in;to assign to:વિશેષ સ્થાનિક ક૦.

Locate,(લૉ'કેટ્)*vt.*[L.*locus*,place.]1.To place મુકવું;રાખવું.2.To define the limits of:ની જગો નકી ઠરાવવી.*vi.*To settle:વસવું;રહેવું.

Lo-cation,(લૉ'કેશન્)*n.*1.The act or process of locating:મુકવું-રાખવું તે.2.Situation;place:ઠેકાણું.

Looh,(લૉચ)*n.*A lake:સરોવર.

Lock,(લૉક્)*n.*1 A tuft of hair:ઝુલ્ફાં. 2. Any thing that fastens:કળ;તાળું. 3.A device for keeping a wheel from turning:પૈડું ફરતું બંધ રાખવાની યુક્તિ;અટકણ;ચાંપ.*vt.*1 To fasten with a lock:તાળું દેવું. 2.To prevent ingress to:રસ્તો બંધ ક૦.3.To link together:ભેગું જોડીદેવું.

Locker,(લૉક્'અર્)*n.*One who who locks:તાળું વાસનાર.2 A drawer or cupboard:કળ જડેલું ખાનું.

Locket,(લૉક્'એટ્)*n.*A small lock:નાનુંતાળું;ખીલીપખીઆર.2.A little case for holding a miniature or lock of hair:સોનાની નાની ડાબડી.

Lockjaw, (લૉક્'જૉ)*n.* A contraction of the jaw by which its motion is suspended:ડાચું બીડાઇ ખે ચાઇ જવું તે.

Locksmith,(લૉક્'સ્મિથ)*n.*An artificer whose occupation is to make locks:તાળું બનાવનાર.

Lo-co-motion,(લૉકૉમો'શન્)*n.*[L.*locus*,place & *motio*,motion.]The power of moving from place to place:ચલનશક્તિ.

Lo-co-motive,(લૉકૉમો'ટિવ્)*n.*A locomotive engine:આગગાડી ચલાવનાર યંત્ર;વરાળયંત્ર.

Locust,(લૉ'કસ્ટ્)*n.*[L. *locus*, grasshopper.]A long winged insect:તીડ.

Lo-cution,(લૉક્યુ'શન)*n.*[L. *loquor*,I speak.] Speech;discourse:ભાષણ;વાણી.

Lodge,(લૉજ્)*n.*[L.*lobia*,porch]1.A hut;rude cabin:છાપરી;છાપરું.*vi.*1.To rest;to abide: રહેવું. 2.To come to rest:મુકામ-પડાવ ક૦.*vt.*To give shelter:આશરો-ઉતારોઆપવો.*To* l.*a complaint*: ફરીયાદ કરવી.

Lodger,(લૉજર્)*n.*One who lodges:ઉતારુ.

Lodging,(લૉજ્'ઇંગ્)*n.*The act of one who,or

that which lodges:વાસ;ઉતારો;નિવાસ;અવાસ.

Loft,(લૉફ્ટ્)*n.* A story:મેડો;માળ. *a.* Lofty or proud:ઉંચું;ઉન્નત;પ્રૌઢ;મ્હોટું.

Lofti-ness,(લૉફ્ટ'ઇનેસ્)*n.*The state of being lofty:ઉંચાઇ;મોહોટાઈ;ઉન્નતિ;મહત્વ;ગર્વ;અભિમાન.

Lofty, (લૉફ્'ટે) *n.* Lifted high up:ઉંચું;પ્રૌઢ.

Log,(લૉગ્)*n.*1.A Hebrew measure of liquids: એક માપ. 2.A bulky piece of wood:લાકડાનો કડો.3.An apparatus for measuring the rate of a ship's motion through the water:નૌકાગતિ માપકયંત્ર.4.The record of the rate of a ship's speed: વહાણ્ રોજ કેટલી મંઝલ ચાલ્યું તે વિગેરેની નોંધ ચોપડી.L *book*:રોજ કેટલી મંઝલ ચાલ્યું તે નોંધવાની ચોપડી.*vt.*To enter in a ship's log book:વહાણની નોંધબુકમાં નોંધવું.

Logger-head,(લૉગ્'અરહેડ્)*n.*A blockhead; a dunce:ઠઠ;ઠોબરત;મૂઢ;મૂર્ખ;જડબુદ્ધિ.

Logic.(લૉજ્'ઈક્)*n* [L.*logica*,Gr *logos*,reason] The science of reasoning:ન્યાયશાસ્ત્ર

Logic-al,(લૉજ્'ઈકલ્)*a.* Pertaining to logic: used in logic:ન્યાય શાસ્ત્રનું;તર્કવિદ્યાવિષયક;તાર્કિક.

Logic-al-ly,(લૉજ્'ઇકલિ)*adv.*In a logical manner:ન્યાયશાસ્ત્રના નિયમ પ્રમાણે;તર્કશાસ્ત્રાનુસાર.

Lo-gician,(લૉજિ'શિઍન્)*n.*A person skilled in logic:નૈયાયિક;ન્યાયતર્ક શાસ્ત્રી;તાર્કિક.

Log-line, (લૉગ્'-લાઇન્) *n.* A string used in measuring the direction of the ship:વહાણની ગતિ માપવાની દોરી

Logwood,(લૉગ્'વુડ્)*n.* The heartwood of a tree:પતંગનું લાકડું-આડ.

Loin,(લૉઇન્)*n.*[L.*lumbus*, loin.]That part of a human being or quadruped, which extends on either side of the spinal column between the hip bone and the false ribs: કમર;કટી;મધ્યાંગ;કટિદેશ.

Loiter,(લૉઇ'ટર્)*vi.*To wander as an idle vagrant:રઝળવું;ભટકવું.રખડવું.

Loll,(લૉલ)*vi.*To recline:to lean:સુખે બેસવું.

Lone,(લૉન્)*a* Being by one's self:એકલું.

Loneli-ness,(લૉન'લિનેસ્)*n.*Solitude; seclusion:ખુણો;એકલશુરાપણું;નિર્જનતા.

Lonely,(લૉન'લિ *a.* 1. Solitary;retired:એકાંત; નિર્જન;એકલું પડી ગએલું;નિરાધાર;અનાથ;એકલવાયું.

Long,(લૉન્ગ્)*a.*[L.*longus*.]1.Extended:લાંબુ; દીર્ઘ.2.Extended in time or drawn out:ઘણી વારનું.3.Distant in time:આઘું;દૂર.*In the long run*:પરિણામે;અંતે;આખરે;છેવટે.*To have a* l.*head*, to have a farseeing mind:-ની દીર્ઘ દૃષ્ટિ હોવી. *adv.*To a great extent in space:લાંબે સુધી.*vi.* To wish for something with eagerness:આતુરતાથી ઇચ્છવું.

Long-eared, (લૉન્ગ્'ઇઅર્ડ્) *a.* Having long ears:લાંબા કાનવાળું;ગંધર્વ.

Longer, (લૉન્ગ્'અર્) *n.* One who longs for anything: કંઈ વસ્તુની ઈચ્છા રાખનાર. *a.* More long:વધારે લાંબુ.

Lon geval, (લૉન્જી'વલ્)*a.*Longlived: દીર્ઘાયુ.

Lon-gevi ty,(લૉન્જેવ્'ઇટિ) *n.* [L. *longevitus.*] length of life:ઘણો વખત જીવવું તે;દીર્ઘાયુષ્ય.

Longhead ed, (લૉન્ગ્હેડેડ્) *a.*Having usual foresight:વિશાળ-તીવ્ર બુદ્ધિનું;બુદ્ધિમાન;નિપુણ.

Longing, (લૉન્ગ્'ઇન્ગ્) *n* An eager desire: આતુર ઈચ્છા-આશા;ભૂખ;અત્યાકાંક્ષા;લાલસા.

Longi-tude,(લૉન્જિ'ટ્યુડ્)*n* The arc or position of the Equator intersected between the meridian of a given place and the meridian of some other place from which longitude is reckoned:રેખાંશ વૃત;યામ્યોત્તર વૃત.

Long-wise, (લૉન્ગ્'વાઇઝ્)*adv.* Length wise: લાંબુને લાંબુ.

Look,(લુક્)*vi.*1.To direct the eyes toward the object:જોવું;નિહાળવું.2.To consider;to examine:લક્ષમાં ધ્યાનમાં લેવું.3.To seem:દેખાવું. 4. In the imperative,see:જો;સંભાળ. 5.To expect: આશા રાખવી. *To* l. *about*: ચારે તરફ નજર-દૃષ્ટિ રાખવી. *To* l. *about one*,to be on the watch: સાવધ રહેવું. *To* l. *after*, (*a*) to attend to:-ની સંભાળ-દેખરેખ રાખવી. (*b*)To seek; to search: શોધવું; ખોળવું;-ની તપાસ કર. *To* l.*at*, to direct the eyes towards: તરફ દૃષ્ટિ કર; જોવું; નિહાળવું. *To* l.*down upon*,to treat with indifference: -ની દરકાર ન રાખવી.*To* l.*into*,to inspect closely: તપાસી તપાસીને જોવું. *To* l. *on*, to regard: સમજવું;લેખવવું. *To* l.*out*,to be on the watch: ચોકી કર;તપાસ-ચોકી રાખવી. *To* l.*up*, to search for:શોધવું *To* l.*up to*,to respect:માન આપવું.*n.* 1.A glance:નજર;દૃષ્ટિ. 2.Expression of eyes & face:ચ્હેરો;મુખમુદ્રા.3.Appearance:ચાટ;ડોળ. 4.Sidelong looks of love:પ્રેમકટાક્ષ;નેત્રસા.

Looking-glass, (લુક્'ઇન્ગ્-ગ્લાસ્)*n.* A mirror made of glass:આરસી;દર્પણ;ચાટલું.

Look out,(લુક્'-આઉટ્)*n.*1.A careful looking: નજર;સંભાળ.2.A person watching: તપાસ-શોધ કરનાર.

Loom,(લુમ્)*n.*1.A machine for interweaving yarn or threads into a fabric:સાળ;લુગડાં વણવાનો સંચો.

Loon,(લૂન્)*n.*A sorry fellow:a rogue:હરામખોર.

Loop,(લુપ્)*n.*A fold of a thread:ગાળો;ફાંસો.

Loop-hole, (લુપ્'હૉલ્)*n.* A small opening in the walls of a fortification:બારું;બારી.

Loose,(લુસ્)*a.*1.Unbound;untied:છોડેલું;ખોલેલું. 2.Free from constraint:છુટું.3 Unconnected: નરમ;ઢીલું.*At* l.*ends*,not in order:બેગરસેર થયેલું. *vt.*To untie or unbind:છોડવું;ખોલવું.

Loosen, (લુસ્'ન્) *vt.* To make loose;to free

from tightness:નરમ-ઢીલું કરવું.

Looseness,(લુસ્‌નેસ્‌) *n.* The state or condition of being loose:ઢીલાપણું;વ્યભિચાર.

Lop,(લૉપ્‌)*n.*That which is lopped from anything:કોઇ પણ કાપી કાઢેલો ભાગ. *vi.*To hang downward:નીચે નમવું.

Lopping,(લૉપિંગ)*n.*A cutting off: ભુકો;ડાળાં.

Lo-quacious, (લોક્વેશસ્‌) *a.* [L. *loquor,* I speak] Given to continual talking;talkative:બહુ બોલો;વાતોડીઓ;વાચાળ.

Lo-quacity, (લૉક્વૅસિટિ) *n.*1.Talkativness: વાચાળપણું. 2.Loquaciousness:લવરી;બકબકાટ.

Lord,(લૉર્ડ્‌)*n.*1.A ruler;a master:ધણી;સ્વામી. 2.A titled noblman:અમીર;ઉમરાવ.3.A title bestowed on the persons above named:પદવી પામેલા માણસો. 4.A husband:ધણી.5.The supreme being:ઇશ્વર;પ્રભુ.5 The saviour:તારનાર.*L.spiritual*પારલામેંટમાં બેસનારા બીશપલોકો. *Lords Temporal*ઇગ્લાંડના અમીરો.*vt.*To invest with the dignity:સત્તા આપવી.

Lordli-ness,(લૉર્ડ્‌લિનેસ્‌)*n.*The state or quality of being lordly:અભિમાન;મગરૂરી.

Lordling,(લૉર્ડ્‌લિંગ્‌)*n.*A little or insignificant lord:નાનો અમીર.

Lordly,(લૉર્ડ્‌લિ)*a.*Suitable for a lord,noble: ઉમદા;અમીરને લાયકનું.2.Proud:મગરૂર;ગર્વિષ્ઠ.

Lordship, (લૉર્ડ્‌શિપ્‌)*n.* The state or condition of being lord:અમીરપણું.

Lore,(લૉર્‌)*n.*1.That which is learned or known;learning:વિદ્યા-હુન્નર.2.Advise;counsel: શીખામણ.

Lori-cate,(લૉરિકેટ્‌)*vt.* [L.*loricare,*to clothe in mail.] To cover with some protecting substance:ઢોળ ચઢાવવો. *a.* Covered with a shell:કાચલાથી ઢાંકેલું.

Lor-i-cation,(લૉરિકેશન્‌)*n.*The act of loricating:ઢોલ ચઢાવવો તે;પતરે મઢવું તે.

Lorn,(લૉર્ન્‌)*a.*1.Lost;undone:ભુલું-અખડાઈ પડેલું. 2.Forsaken;abandoned:નિરાધાર;એકલવાયું;તજેલું.

Lose,(લુઝ્‌)*vt.*1.To part with unintentionally: ખોવું;ગુમાવવું. 2.To ruin;to destroy:નાશ કરવું. 3.To be deprived of the view of:દેખાતા બંધ થવું. 4.To fail to obtain or enjoy:ન મળવું. -નું જવું.*To l. ground,* to fall behind: દબાતાં-સપડાતાં જવું. *To l. heart:* ના હિમંત થવું. *To l. one's self:*અકળાવું;બેભાન થઇ જવું.*To l.sight of,* to cease to see:વિસારવું.To suffer loss:નેખમ ખમવું; વેઠવું.

Loss, (લૉસ્‌) *n.* Failure; destruction: નાશ; હાની. ખરાબી; નુકશાની; ધોકો; ખોટ. 2. Killed, wounded and captured persons: મરાયલા,જખમી થયેલા અને પકડાયેલા માણસો.*To bear a l.,*to make a loss good:ખોટ પુરી પાડવી *To be at a l.,* to be puzzled:સમજ ન પડવી. *Profit & L:* લાભાલાભ; નફોટોટો.

Lost,(લૉસ્ટ્‌)*a.*1.Not to be found;missing:ખોવાયલું;નષ્ટ. 2.Thrown away:તજી દીધેલું;ગુમાવેલું. 3 Ruined or destroyed:નાશ પામેલું.

Lot, (લૉટ્‌) *n.* That which happens without human design; accident;chance:દશા;દૈવદશા; ભાગ્ય.2.Distinct portion of land:કિતો;લસ્તો; ટુકડી. 3.A prize in a lottery: લોટરીનું ઇનામ. *To cast in one's lot with,*to share the fortunes of:-ના નશીબમાં ભાગ લેવા.*To cast lots,*to use a die:પાસા નાખવા.*To draw lots,*to determine an event:ચીઠી કાઢવી.*To pay scot & l.,* to pay taxes according to one's ability: યથાશક્તિ કર ભરવો.*vt.*To allot;to portion:ભાગ પાડવા;વિભાગ કરવા.

Lotion,(લોશન્‌)*n.*[L. *lotum,* wash.]A liquid for bathing the skin:ઔસડનું પાણી;લેપ.

Lotus,(લૉટસ્‌)*n.*A name of several kinds of water lilies:કમળ;પદ્મ;અરવિંદ;પંકજ.

Lotter-y,(લૉટ્‌ટરિ) *n.* A scheme for the distribution of prizes by lot chance લોટરી.

Loud,(લાઉડ્‌)*a.*[L.*clytus,* celebrated]Noisy: મોટું-અવાજ,ઉચ્ચ.*adv.*Loudly મોટેથી બુમ પાડીને.

Loudly,(લાઉડ્‌લિ *adv.*In a loud manner:મોટેથી;બુમપાડીને;તાણીને;બરાડો કાઢીને.

Loudness.(લાઉડ્‌નેસ્‌)*n.*The quality or state of being loud:મોટો ઘાંટો;બુમ;શોર

Lough,(લૉફ્‌)*n.*A loch or lake.સરોવર;તળાવ.

Lounge,(લાઉન્જ્‌)*vi.*To spend time lazily:નવરા-રઝળતા ફરવું;રખડવું;રઝળવું.2.To loll.આડા પડીને બેસવું.*n.* A place of lounging:નવરાનો અખાડો.

Lounger,(લાઉન્જર્‌)*n.*One who lounges,an idler:સુખવાસી આપણામાં વખત કાઢી નાખનાર;રસળીઓ.

Louse,(લાઉસ્‌)*n.pl.* Lice. A small insect:જુ.

Lousy,(લાઉઝિ)*a.*Infested with lice:જુઓ પડેલું.

Lova ble, (લવ્‌અૅબલ્‌) *a.* Worthy of love: ચાહવા લાયક; પ્રીતિપાત્ર.

Love,(લવ્‌)*n.*[L.*libet,* it pleases.]1.Affection; tenderness:ભાવ;માયા; પ્રેમ;પ્રીતિ. 2. Devoted attachment to one of the opposite sects: સ્ત્રીપુરૂષ પ્રેમ શૃંગાર *The art of l.*કામશાસ્ત્ર;કોકશાસ્ત્ર *Love broker,*a go-between in a sexual intrigue ભડવો;દલાલ *Love rites,* sexual intercourse:સ્ત્રીઆદારાના વહેવાર;સંભોગ *vt.*To take delight or pleasure in: ઉપર-વારી ભક્તિ હોવી-બહુ-ગમવું.*vi.*To be in love:પ્યારમાં પડવું.

Love lett-er, (લવ્‌લેટર્‌)*n.*A letter of courtship પ્રેમપત્રિકા;આશુકમાશુકના કાગળો; પ્રેમપત્ર; મદનલેખ.

Lovely,(લવ્‌લિ)*a.*Beautiful;charming:ખુબસુ-

રત;સુંદર;શોભન;રૂચિર;મનોહર.

Lover,(લવ્'અર્)*n.*One who loves;one who is in love:આશક,પ્રેમાસક્ત પુરૂષ; કામી;કાંત;પ્રિય;વલ્લભ

Love-sick,(લવ્'સિક્)*a.*Languishing with love or amorous desire:પ્રેમપીડીત;કામાતુર;વિહ્વલ.

Loving,(લવ્'ઇંગ્)*a.*Affectionate:પ્રેમ રાખનુ.

Loving-ly, (લવ્'ઇંગ્લિ) *adv.* With love;affectionately:પ્યારથી;પ્રેમથી.

Low, (લૌ) *vi.*To make the calling sound of cows and other bovine animals:આરડવું. *a.*1. Not high or elevated: નીચું. 2. Moderate; cheap:હલકું;સોંઘું.3 Not loud:ધીમું.4.Humble in rank:અધમ;નીચું.5. Mean;base:નીચ; હલકું. *adv* 1.Near the ground;not high:નીચું.2.At a moderate price:સોંઘુ,સસ્તુ.3. With a low musical pitch: ધીમે સાદે. *vt.* To depress; to lower:ધીમું-હલકું પાડવું. [નીચ-હીનજાતિનું.

Low-bred,(લૌ'બ્રેડ્)*a.*Rude; impolite:અધમ;

Low-born,(લૌ'બૉર્ન્)*a.*Born in a low condition or rank:કમજાત;હીનજાતિ;અધમ.

Lower,(લૌ'અર્)*vt.*1.To let down:ઉતારવું;નીચું પાડવું.2 To depress as to direction:ઓછું કર.3.To bring down,to humble:ઉતારવું;તોડવું;ભાગવું;માનભંગ કરવું.*vi.*To fall;to sink:નીચુ પડવું;ઘટવું;ઉતરવું;ઓછું થવું [ક્રુ.

Lower-most,(લૌ'અર્મોસ્ટ્)*a.* Lowest: સૌથી

Lower-y,(લૌઉ'અરિ)*a.*Cloudy;gloomy:વાદળાંવાળું;તોફાની;મલિન. [નીચાણમાં આવેલો દેશ.

Lowland,(લૌ'લૅન્ડ્)*n.*A low or level country:

Lowli-ness,(લૌ'લિનેસ્)*n.*1.Humility;humbleness of mind:નમ્રતા;વિનય;અગર્વ;નમ્રબુદ્ધિ.2.Low condition:ગરીબાઇ.

Lowly,(લૌ'લિ)*a.*1.Not high;low:ઉતરતું;હલકું.2. Humble:નમ્ર; ગરીબ. *adv.* In a low manner; humbly:નમ્રતાથી.

Lowness,(લૌ'નેસ્)*n.*The state or quality of being low:હલકાઈ;હલકાશી;નીચાણ;સોંઘવારી.

Low-spir-ited,(લૌ'સ્પિરિટેડ્)*a.* Dejected,depressed:ખિન્ન;ઉદાસ.

Loyal,(લૉઇ'અલ્)*a* [L.*legis*,law.]Faithful to law:રાજભક્ત;અનુરક્ત; વફાદાર.

Loyal-ly,(લૉઇ'અલિ)*adv.*In a loyal manner; faithfully:વફાદારીથી;સતીપણાથી.

Loyal-ist,(લૉઇ'અલિસ્ટ્)*n.*A person who adheres to his sovereign or to the lawful authority:વફાદાર રૈયત;રાજ ભક્ત;રાજનિષ્ટ.

Loyal-ty,(લૉઇ'અલ્ટિ)*n.*The state or quality of being loyal;fidelity to a superior:રાજભક્તિ.

Lozenge,(લૉઝ્'એન્જ્)*n.*1.A diamond shaped figure:વક્રચતુષ્કોણ.2.Any thing in the form of a lozenge:ચકતીના આકારની કોઈ પણ વસ્તુ.

Lubber,(લબ્'અર્)A heavy, clumsy or awkward fellow:અડબંગ;લટ્ઠ;લઠ્ઠેશ્વર;રેંચો.

Lubber-ly,(લબ્'અર્લિ)*a.*Like a lubber;clumsy:અડબંગ જેવો લઠ્ઠ્જેવું.

Lubric-ate,(લ્યૂ'બ્રિકેટ્)*vt.*[L. *lubrico*, I lubricate.]To make smooth or slippery: સુંવાળું-ચીકણું-ચીકું કરવું. [સું:ચિકણું.

Lubric-ous,(લ્યૂ'બ્રિકસ્)*a.*Smooth:સુંવાળું; ચી-

Lu-brici-ty,(લ્યૂબ્રિસ્'ઇટિ) *n.* [L. *lubricitas.*]1. Smoothness:સફાઈ.2.Slipperiness:ચપળતા.

Lucent,(લ્યૂ'સેન્ટ્)*a.*[L.*luceo*,I shine.]Shining; bright:ચળકતું;તેજમારતું;તેજસ્વી.

Lucid,(લ્યૂ'સિડ્)*a.*[L. *lucis*, light]1.Shining; bright:ચકચકીત;તેજસ્વી.2.Clear:ચોખ્ખું;સ્વચ્છ;નિર્મળ.3.Easily understood:સ્પષ્ટ.

Lucid-ness, (લ્યૂ'સિડ્નેસ્) *n.* The quality of being lucid:સ્વચ્છતા;ચળકાટ;સ્પષ્ટતા;દીપ્તિ;કાંતિ.

Luci-fer,(લ્યૂ'સિફર્)*n.*[L. *lux*, light & *fero*,I bear.]1.The planet Venus when appearing as the morning star:શુક્રનો તારો 2.A match made of a sliver of wood tipped with a combustible substance and ignited by friction:દીવાસળી; ફુલકડી.

Luck,(લક્)*n.*Fortune;fate;hap;chance:દૈવયોગ; ભાગ્ય;નસીબ કિસમત.*Good* 1.:સૌભાગ્ય;પુણ્યોદય.

Luckily,(લક્'ઇલિ) *adv.* In a lucky manner; fortunately:નશીબના જોરથી;દૈવબળે કરીને.

Lucki-ness,(લક્'ઇનેસ્)*n.* The state or quality of being lucky:દૈવયોગ;નશીબદારી; સૌભાગ્ય.

Luckless,(લક્'લેસ્) *a.* Being without luck; unfortunate:અકર્મી;કમનશીબ;કુભાગી; ભાગ્યહીન.

Luckless-ness,(લક્'લેસ્નેસ્)*n.*State of being unfortunate:અકર્મીપણું;દુર્દૈવ;દુર્ભાગ્ય;ભાગ્યહીનતા.

Lucky,(લક્'ઇ)*a.*1.Favored by luck:ભાગ્યશાળી. 2. Favourable,auspicious:શુભ;શુભકારી;માંગલિક;કલ્યાણકારી.

Lucra-tive,(લ્યૂ'ક્રટિવ્)*a.* [L.*lucrum*,gain.] 1. Gainful;profitable:પૈસો મળે એવું;લાભકારક

Lucre,(લ્યૂ'કર્)*n.*[L.*lucrum*.]Profit:લાભ;નફો.

Lu-cu-bration,(લ્યૂક્યૂબ્રે'શન્)*n.* Nocturnal study;meditation:રાત્રીનું અધ્યયન;નિશાભ્યાસ

Lucu-lent,(લ્યૂ'ક્યૂલેન્ટ્)*a.* [L *lux*,*lucis*,light.] Lucid,clear:સ્વચ્છ;ચોખ્ખું;વિમળ;નિર્મળ.

Ludic-rous, (લ્યૂ'ડિક્રસ્)*a.* [L. *ludus*, play.] Adapted to excite laughter without scorn: sportive:હસવા જેવું;હાસ્યજનક;હાસ્યોત્પાદક.

Lug,(લગ્)*n.* 1.The ear or its lobe:કાન;કર્ણ;બાળી;બુટ.2.A projecting piece to which anything as a rod is attached:કાનો;હાથો;દાંડો.*n.* The act of lugging:ખેંચવું તે.

Luggage,(લગ્'એજ્)*n.*That which is lugged: સામાન;સરંજામ;ઉપસ્કર;યાત્રા સામગ્રી.

Luke-warm,(લ્યૂક્'વૉર્મ્)*a.*1.Moderately wa-

rm;neither cold nor hot;tepid:કાકરવલું; સ્હેજ ઉનું. 2. Not zealous;indifferent:નિરુત્સાહી;ઉદાસીન.

Lull,(લલ્)*vt.*To calm.to soothe;to quiet:ટાઢું પાડવું;શાંત કરવું.*vi.*To become gradually calm; to subside:પડવું,પડી-શમી જવું; નરમ પડવું. *n.* A temporary cessation of storm:પવનનું શમવું તે;શાંતિ;અક્ષોભ.

Lulla-by, (લલ્'લેબાઇ)*n.*A song to quiet babies;that which quiets:હાલરડાં; હાલારું;હાલા.

Lum bago, (લમ્બે'ગો)*n.* [L. *lumbus*, loin]A rheumatism or rheumatic pain in the loins and the small of the back:કમર રહી જઇ થતા દુ:ખનું દરદ;કટિવેદના,કટિદેહતાવાયુ.

Lumbar,(લમ્'બાર્)*a.*[L.*lumbus*,loin]Pertaining to the loins:કેડ-કમર સંબંધ-પાસેનું.

Lumber,(લમ્'બર્)*n.*Things cumbrous or bulky and useless:ડફડમાળ; નિરર્થક દ્રવ્ય;ભાર. *vt.* To heap togeher in disorder:અટાલે ભરી મૂકવો.

Lumber room,(લમ્'બર્રૂમ્)*n.*A room in which lumber is kept:અટાલે સામાન ભરવાની જગા

Lumin-a-ry,(લ્યૂમ્'ઇનેરિ)*n.* [L. *lumen*, light.] Any body that gives light:તેજસ્વી પદાર્થ; સૂર્ય;સૂર્યચંદ્ર.

Lumin-ous, (લ્યૂમ્'ઇનસ્)*a* [L. *lumen*,light.] 1.Shining:તેજસ્વી;પ્રકાશમાન; ચળકતું;તેજોમય.

Lump,(લમ્પ્) *n*.A small mass of matter of irregular shape:ગઠ્ઠો;ગાંગડો;લોંદો;પિંડો *vt.*1. To throw into a mass; to unite into a body: એકંદર કo;જુમલે કo. 2.To take in the gross: એક ક્લમે લેવું-કહેવું.

Lumpish,લમ્પ્'ઇશ)*a.* Like a lump;inert:મંદ [બુદ્ધિનું;જડ;મૂઢ;ઠોઠ.

Lunacy,(લ્યૂ'નેસિ)*n.*Insanity or madness:ગાંડપણ;દિવાનાપણું;ઉન્માદ;ચલચ્છા.

Lunar,(લ્યૂ'નર્)*a.*[L *luna*,the moon.]1. Pertaining to the moon: ચંદ્રનું; ચાંદ્રિક. 2. Resembling the moon:ચંદ્રના જેવું;ગોળ. L. *day*: તિથિ. L. *eclipse*:ચંદ્રગ્રહણ.

Lunat-ed,(લ્યૂ'નેટેડ્)*a.* [L. *lunatus*,crescent-shaped.] Crescentshaped:અર્ધચંદ્રાકાર-કૃતિ.

Lunat-ic,(લ્યૂ'નેટિક્)*a.*[L.*luna*,the moon.] 1. Insane;mad:ગાંડું;દિવાનું. 3.Evincing lunacy: ગાંડાનું. *n.* An insane person:ગાંડો માણસ.

Lunch, (લંચ્)*n.*A luncheon; a light repast between breakfast and dinner:નાસ્તો.

Luncheon,(લંચન્)*n.*1.A lump of food: કચું કોળ.2.A portion of food taken at any time except at a regular meal:કચું કોળ મોંમા નાખવું-ખાવું તે. [tion:ફેફસું.

Lung, (લંગ્)*n.* An organ for aerial respira-

Lunt,(લંટ્)*n.* A match cord formerly used in firing cannon:તોપ સળગાવવાની બત્તી.

Lunu-lar, (લ્યૂ'ન્યુલર્)*a.* Having a form like that of the new moon:બીજના ચંદ્ર જેવું.

Lurch,(લર્ચ્)*vt.*1.To roll suddenly to one side:એક બાજુએ ડોલવું. 2.To play tricks:છેતરવું. *To leave one in the* l, to abandon:છોડી-તજી દેવું;ને પડખે ન ઉભા રહેવું.

Lure,(લ્યૂર્)*n.*1.A contrivance somewhat resembling a bird and often baited with raw meat:લોભાવનાર પદાર્થ;લાલચ. 2. Any enticement;a decoy:લાલસા;પ્રલોભન;આકર્ષણ. *vt.* To draw to the lure;to entice:લલચાવવું;લોભાવવું.

Lurid,(લ્યૂર્'ઇડ્)*a.* [L.*luridus*] Pale-yellow: ઉઠેક ફિક્કું;પીળું.

Lurk,(લર્ક્)*vi.* 1.To lie hid;to lie in wait:છુપાઈ-ભરાઇ રહેવું.2.To keep out of sight:સંતાતાં-ભરાતાં ફરવું.

Lurking-place, (લર્'કિન્ગ્પ્લેસ્)*n.*A place of concealment:સંતાઇ-ભરાઇ રહેવાની જગા.

Luscious,(લશ'અસ્)*a.*Sweet;delicious:અતિશય મીઠાશવાળું;લલિત [બહુ મિઠાશ-ગળપણ;મધુરતા.

Luscious ness,(લશ'અસ્નેસ્)*n.*Very sweet:

Luso-ry,(લ્યૂ'સોરિ)*a.* Sportive;playful:આનંદી;ગમતી.

Lust,(લસ્ટ્)*n* Licentious craving;sexual appetite:કુવાસના;કુવાસના;કુબુદ્ધિ. *vi.*1. To list;to like:ઈચ્છા કરવી.

Lustful,(લસ્ટ્ફુલ)*a.*1.Full of lust;excited by lust:કામાંધ;કામાતુર;કામમય;લંપટ;વ્યભિચારી;કામાંધ.

Lusti-ly,(લસ્ટ્'ઇલિ)*adv.*In a lusty or vigorous manner બહાદુરીથી;જીવ તોડીને.

Lustral, (લસ્'ટ્રલ)*a.*[L *lustrum*.] Pertaining to purification:સફાઇનું;શુદ્ધિનું; શુદ્ધિકારક.

Lustrate, (લસ્ટ્રેટ્) *vt.* [L. *lustrare*, to lustrate.] To make clear;to purify:તપાસવું,પવિત્ર કરવું;શુદ્ધિ કરણ o.

Lus-tration,(લસ્ટ્રે'શન્)*n.* [L.*lustratis*.] The act of purifying:શુદ્ધિ-શુચિકરણ;શુદ્ધિ;શૌચ;પાવન;પવિત્રીકરણ.

Lustre,(લસ્'ટર્)*n.* [L *lussere*,to purify.] 1. Brilliancy;splendor:તેજ;કાંતિ.ચળકાટ;શોભા;ગુણ;ઝલેહ.2.Renown; glory:કીર્તિ;પ્રખ્યાતિ;પ્રખ્યાતિ;પ્રતિષ્ઠા;શોભા.*vt.*To make lustrous:તેજસ્વી-પ્રકાશીત કo.

Lustrous,(લસ્'ટ્રસ્)*a.*Bright:તેજસ્વી;પાણીદાર.

Lustrum,(લસ્'ટ્રમ્)*n.*[L *lustra*.]1. A lustration or purification:સ્વચ્છતા;શુદ્ધિ.2.A period of five years:પાંચ વરસ;વર્ષ પંચક.

Lutan-ist,(લ્યૂ'ટેનિસ્ટ્)*n.* [L. *lutana*, lute.] A person that plays on the lute:વીણાધારી; સતાર વગાડનાર.

Lute, (લ્યૂટ્) *n.* [L. *lutum*, mud, clay.] 1. A stringed instrument formerly much in use:

વીણા;તંબુરો સારંગી.

Lux-uri-ance,-cy,(લક્ઝ્યૂ'રિઍન્સ્-ન્સિ)*n*. The state or quality of being luxuriant:ભરભાર; પૂર જોર;ઘેઘાટ;અતિવૃદ્ધિસમૃદ્ધિ.

Lux-uri-ant,(લક્ઝ્યૂ'રિઍન્ટ્)*a*.[L.*luxus*,excess.] Rank;excessive;very abundant:ભરભાર;ઘેઘટ.

Lux-uri-ate,(લક્ઝ્યૂરિ'ઍટ્)*vi*. 1. To grow to superfluous abundance:પૂર જોરમાં ખીલવું-ઉગવું; અતિવૃદ્ધિ થવી;ભરભાર-ઘેઘટ થઇ રહેવું;ખીલી રહેવું.

Lux-uri-ous,(લક્ઝ્યૂ'રિઅસ્)*a*. Pertaining to luxury;ministering to luxury:ભોગી;વિલાસી; વિહારી;ચેની;સુખાભિલાષી;વિષય-ભોગાભિલાષી;મોજ શોખી;ઐશઆરામી;સુખભોગ સાધક.

Lux-uri-ous-ly,(લક્ઝ્યૂ'રિઅસ્લિ)*adv*. In a luxurious manner:મોજશોખથી;એશઆરામથી.

Luxu-ry,(લગ્'ઝ્યૂરિ)*n*. [L.*luxus*.]1.A free indulgence in costly food,dress,furniture &c: મોજ-શોખ;એશઆરામ.2.An expensive rarity: મોજશોખની વસ્તુઓ;વિષય સુખસાધન.

Ly-ceum, (લાઇસી'અમ્) *n*. 1. A company of learned persons: પંડિતોનું મંડળ; પંડિત સમાજ. 2.A place where the learned persons meet: પંડિતોને મળવાની જગા.

Lydi-an,(લિડ્'ઇઍન)*a*. [L. *lydius*.]Soft; effeminate:નામરદ;બાયલો;ઢીલડો.

Lye,(લાઇ)*n*.1. A strong caustic alkaline solution of potass um salts obtained by leaching wood ashes:લાકડાની રાખના ક્ષારના અંશવાળું પાણી;ક્ષારજલ;પાણી.

Lymph,(લિમ્ફ્)*n*.[L.*lymphe*.]1. A spring of water:પાણીનો ઝરો;પાણી;જળ.

Lyre,(લાઇ'ર્)*n*. 1. A stringed instrument of music:સારંગી;તંબુરો; એકતારો; વીણા. 2. One of the constellations:એક નક્ષત્ર.

Lyric,(લિર્'ઇક્)*a*.[Gr.*lura*,a harp.]1.Pertaining to a lyre:સારંગી-તંબુરા સંબંધી.*n*.1.A lyric poem: કવિના મનોવિકાર દેખાડનાર કવિતા. 2. A composer of lyric poems: રાગવાળી કવિતા બનાવનાર.3. A verse of the kind usually employed in lyric poetry:રાગધ્વની કાવ્ય.

Lyrist,(લાઇર્'ઇસ્ટ્)*n*.[L. *lyristes*.] A musician who plays on the harp or lyre;a composer of lyric poetry:સારંગી વગાડનાર.

M.

M,(ઍમ્)The thirteenth letter of the English alphabet: ઇંગ્રેજી આલ્ફાબેટનો તેરમો અક્ષર. 2.As a numeral it stands for one thousand: સંખ્યામાં તે ૧૦૦૦ ના આંક તરીકે વપરાય છે.

Ma,(મા) *n*. A child's word for mother: માને બોલાવવાને છોકરાં જે શબ્દ વાપરે છે તે.

Mab, (મૅબ્) *n*. The queen of the imaginary beings:અપ્સરા.

Mac-adam-ize,(મૅક્'ઍડમાઇઝ્)*vt*. To cover a road with small broken stones: કાંકરા નાંખી રસ્તાને પાકો કરવો.

Mac-a-roni,(મૅકરો'નિ)*n*. [Gr.*macaria*, happiness.]1.Long slender tubes made of a paste chiefly of wheat flour and used as an article of food:ઘઉંની સેવ.2 A fop;a finical person: લાલ;છક્કો;છેલ;વરણાગીઓ.

Mace,(મૅસ્)*n* 1.A heavy staff or club of metal:ગદા;દંડ.2.A staff borne by,or carried before a magistrate as an ensign of his authority:છડી;નકીબ. 3 A rod for playing billiards:બિલિઅર્ડ જાતની રમત રમવાની લાકડી.4. A kind of spice:જાયપત્રી;જાવંત્રી.

Mace-bear-er,(મૅસ્'બેરર્) *n*. An officer who carries a mace before persons in authority:ચોપદાર;છડીદાર;નકીબદાર;વેત્રધારી.

Macer-ate,(મૅસ્'અરેટ્)*vt*. [L *macer*, I make soft.]1.To make lean:પાતળું-દુબળું કરવું.2.To soften by steeping in a liquid with or without heat:પલાળવું.3.To subdue the appetites of by poor & scanty diet:દેહને કષ્ટ દેવું.

Mac-er-ation,(મૅસરે'શન્)*n*. The act or process of macerating:દેહદુઃખ;દેહકષ્ટ;દેહદંડ.

Machi-nate,(મૅક્'ઇનેટ્) *vt*. [L *machinari*, to devise.]To plan:કપટ કરવું;ખટપટ કરવી.

Mach-i-nation,(મૅક્'ઇને"શન્)*n*.1. The act of machinating:યોજના;રચના.2.A device:ઘાટ.

Ma-chine, (મૅશીન્)*n*. [L.*machina*,machine.] 1.Any mechanical contrivance:કોઇ પણ યાંત્રિકશક્તિ;યંત્રસાધન;સાંચો **M.** *work*:સાંચાકામ.

Ma-chiner-y,(મૅશીન્'અરિ)*n*.1. The working parts of a machine:સાંચાકામ;યંત્રસાહિત્ય.

Ma-chinist,(મૅશીન્'ઇસ્ટ્)*n*.1.A constructor of machines and engines:સાંચાબનાવનાર;યંત્રકાર.

Macro-cosm,(મૅક્'રોકૉઝમ્) *n*. [L. *Macro*+Gr. *cosmos*, life.]The great world; that part of the universe which is exterior to man:વિશ્વ; સૃષ્ટિ;ત્રિભુવન.

Macu-la,(મૅક્યુલ)*n.Pl.***Maculæ.**[L.*macula*, spot.]1.A spot;blot;stain:કલંક;લાંછન;તલ;લાખું.

Macu late,(મૅક્યુલેટ)*vt.* [L. *maculæ*,I spot.] To stain;to defile:લાંછન લગાડવું;ખટ્ટો લગાડવો.

Mad,(મૅડ)*a.*1.Disordered in intellect;crazy; insane:ઘેલું;ગાંડું;દીવાનું;ચળીગએલું.

Madam,(મૅડૅમ)*n.*A gentle woman:an appellation given to a lady especially to a married lady:બાઇ;શેઠાણી;મડમ.

Madcap,(મૅડકૅપ)*n.*A person of wild behaviour:દીવાનું;ઉદ્ધત-માણસ;અવિચારી;ગાંડો

Madden,(મૅડ'ન)*vt.* To make mad;to drive to madness; to enrage: ગાંડા કરવું; ગાંડા બનાવી દેવું;ચેડવું ક૦.

Madder,(મૅડ'અર)*n.* The plant of the genus [*Rubia*:મજીઠ.

Mad-dog,(મૅડડૉગ) *n.* A dog attacked with hydrophobia:હડકવાવાળું કુતરું;હડકાયેલું કુતરું.

Made,(મેડ)*Pret.*& *p. p.* of **Make**:કીધું.

Ma-deira (મૅડીરે)*n.*Liquid made in Madeira: મદીરામાં થતો દારૂ. [દીવાના ગાંડાની ઇસ્પીતાલ.

Mad-house,(મૅડહાઉસ)*n.*An insane asylum;

Madman,(મૅડમૅન)*n.*A lunatic:ગાંડો;દીવાનો.

Madness,(મૅડનસ)*n.*The condition of being mad;insanity;lunacy:દીવાનાપણું; ગાંડાઇ;ઘેલછા.

Madri-gal,(મૅડ્રિગૅલ)*n.* [L.*mandra*,stoll.]A little amorous poem:ભરવાડ લોકાનું ગાણું.

Mag-a-zine, (મૅગઅૅઝીન) *n.* 1. The room in which powder is kept: દારૂ રાખવાની ઓરડી; દારૂખાનું.2.A periodical pamphlet:ચોપાનીઉં.

Maggot, (મૅગૅાટ) *n.* The footless larva of any fly:કીડો;ચેળ.

Magi,(મે'જાઇ)*n.pl* [L.*magus*, origin]A caste of priests, philosophers, and magicians among the ancient persons:જ્ઞાની પુરૂષો;પ્રાચીન ઇરાન દેશના ઉપાધ્યાયોનો એક વર્ગ

Magi-an,(મે'જીઅૅન)*n.*One of the priests in ancient Iran:ઇરાન દેશનો એક ધર્મોપદેશક;માગી.

Magic,(મૅજ'ઇક)*n.*A comprehensive name for all the pretended arts:મંત્ર;જાદુ;ઇલમ;મેલીવિદ્યા.

Magic-al,-Magic,(મૅજ'ઇકૅલ-મૅજ'ઇક) *a.* Pertaining to magic:જાદુ સબંધી;ચમત્કારિક;જાદુથી કરેલું;જાદુ ઇલમનું.

Ma-gician,(મૅજીશૅન)*n.*One skilled in magic: ઇલમબાજ;જાદુગાર;જાદુગર;ઇલમી; ઐંદ્રજાલિક

Magic-lantern,(મૅજીક લૅન્ટર્ન) *n.*A lantern by which a small thing seems to be large: નાની ચીજ મોટા દેખાડવાનું ફાનસ.

Mag is-t ri-al,(મૅજીસ્ટી'રિઅૅલ)*a.*[L.*magister*, a master.] 1. Pertaining to a magistrate: ફોજદારી કામ સબંધી.

Mag-is-teri al-ly, (મૅજીસ્ટી'રિઅૅલિ)*adv.* In a magisterial manner:ફોજદારી અમલની રૂએ.

Magis-tra-cy,(મૅજ'ઇસ્ટ્રસિ)*n.*1.The office or dignity of a magistrate:માજીસ્ટ્રેટનો હોદ્દો.

Magis-trate (મૅજ'ઇસ્ટ્રેટ) *n.* [L. *magister*, a master.] 1. A person clothed with power as a public civil officer:માજીસ્ટ્રેટ;ન્યાયાધીશ.

Mag-na-nimi-ty,(મૅગ્નૅનિમ'ઇટિ) *n.*Greatness of mind:ઉદારતા;મનનું મહોટાપણું.

Mag-nim-ous, (મૅગ્નૅન'ઇમસ) *a.* [L. *magnus* great, & *animus*, mind.] 1.Great of mind; elevated in soul or sentiment:મ્હોટા મનનું;મહાશય;મહાત્મા;ઉદાર.

Magnate,(મૅગ'નેટ)*n.* [L *magnus*, great]A person of rank:ભારે પદવીનું માણસ;અમીર

Magnet,(મૅગ'નેટ)*n.*1.The loadstone:લોહચુંબક.

Mag-netic-al,(મૅગ્નેટ'ઇક,મૅગ્નેટ'ઇકૅલ) *a* 1 Pertaining to the magnet:લોહચુંબક સબંધી.

Magnet-ism,(મૅગ'નેટિઝમ)*n.*The property of being magnetic:લોહચુંબકનો ગુણ.

Magnet-ize,(મૅગ'નેટાઇઝ)*vt.* 1. To communicate magnetic properties to:લોહચુંબકનો ગુણ આપવો.

Mag-nific,(મૅગ્નિફ'ઇક)*a*[L *magnus*,great and *facio*,I make.]Grand;splendid:ભવ્ય;મહત્.

Mag-nifi-cence,(મૅગ્નિફ'ઇસેન્સ)*n.*The act of doing what is magnificent:ભવ્યતા;ઠાઠ;શોભા.

Mag-nifi-cent, (મૅગ્નિફ'ઇસેન્ટ) *a.* 1 Doing grand things:શોભીતું;શોભાયમાન;ભપકાદાર;ઠાઠવાળું.

Mag-nifi-cent-ly,(મૅગ્નિફ'ઇસેન્ટ્લિ)*adv.* In a magnificent manner:ઠાઠથી;શોભાથી;ભપકાથી.

Magni-fi-er,(મૅગ'નિફાયર)*n.*One who magnifies:સ્તુતિ કરનાર;ઝીણી ચીજને મોટું કરીદેખાડનાર;દુર્બીન.

Magni-fy,(મૅગ'નિફાઇ)*vt.* [L *magnus*, great & *facio*,I make.]1.To make great:to enlarge: મહોટું કરી બનાવવું.2.To increase the importance of:-ની મહત્તા વધારવી.3.To extoll:વખાણવું,સ્તુતિ કરવી.4.To exaggerate:મરચું મીઠું ભભરાવીને કહેવું.

Mag-nilo-quent,(મૅગ્નિલ'ઓક્વેન્ટ)*a.* [L. *magnus*, great and *loquor*, I speak.]Speaking loftily or pompously:ડોળથી બોલનાર.

Magni-tude,(મૅગ'નિટ્યૂડ)*n.*[L.*magnus*,great] 1.Extent of dimensions;size; bulk:પરિમાણ; પરીમિતિ;પ્રમાણ.2.That which has one or more of the three dimensions-length,breadth,and thickness:લંબાઇ,પહોળાઇ,અથવાજાડાઇ.3.Greatness;grandeur:મોટાપણું;મોટાઇ.

Ma-home dan,-tan,(મૅહૅામ'એડન)*n.*Mohammedan:મુસલમાન.

Maiden,(મેડ'ન)*n* 1.An unmarried woman;a virgin;maid:કુમારી;કન્યા;કુમારીકા 2. A female servant:ચાકરડી;દાસી. 3 A machine for washing linen:શણનું કાપડ ધોવાનો સંચો. *a.*1 Pertain-

ing to a maiden, or a virgin: કુમારીકાનું-સંબંધી.

Maiden-hood, (મેઇડ્‌ન્હુડ્) *n.* 1. Maidenhood; virginity; the state of being a maiden: જોબન; કુમારપણું; કૌમાર્ય; તારુણ્ય.

Maiden like, (મેઇડ્‌ન્લાઇક્) *a.* Like a maiden; modest; coy: ચાકરડી સરખું; કુમારીકા જેવું; શરમાળ.

Maiden-ly, (મેઇડ્‌ન્લિ) *a.* Like a maid; suiting a maid; maidenlike: કન્યાયોગ્ય; કન્યાતુલ્ય; કન્યાસરખું; શરમાળ; કોમળ.

Maid-ser-vant, (મેઇડ્‌સર્વન્ટ્) *n.* A female servant: ચાકરડી; દાસી.

Mail, (મેલ્) *n.* 1. A small piece of money: શીક્કો.

Mail, (મેલ્) *n.* [L. *macula*, a hole.] Armour; any defensive covering: બખ્તર; કવચ. *vt.* 1. To arm with mail: બખ્તર પહેરવું. *n.* 1. A bag; a wallet: કોથળી; થેલી. 2. A bag with the letters, papers or other matter contained therein conveyed under public authority from one post office to another: ટપાલ; થેલી.

Mail, (મેલ્) *vt.* To post: કાગળો નાંખવા.

Mailcoach, (મેલ્કોચ્) *n.* A coach in which letters are carried: ટપાલની ગાડી; ડાગ ગાડી.

Maim, (મેમ્) *n.* The privation of any one of the necessary part; mutilation; injury: ખોડ; ખાંપણ; ન્યૂનતા; હીનતા. *vt.* ખોડવાળો કo.

Maimed, (મેમ્ડ્) *a.* Impaired; disabled; mutilated; crippled: લુલું; લંગડું; અંગહીનાંગ.

Main, (મેન્) *n.* [L. *manus*, the hand] 1. Strength; force: બળ; જોર; શક્તિ. 2. The chief or the principle part: મુખ્ય ભાગ; પ્રધાન ભાગ. 3. The great sea: સમુદ્ર; મહાસાગર. *For the* **m.**, *in the* **m.**: ઘણું ભાગે. *With might &* **m.**, with violent effort: બહુ પ્રયાસે; મહા મહેનતે. *a.* 1. Strong: મજબુત. 2. Principal; chief: મુખ્ય; મોટું.

Main land, (મેન્લૅન્ડ્) *n.* The continent; the principle land: શુદ્ધ ખંડ; ભૂખંડ; ભૂમિ.

Mainly, (મેન્લિ) *adv.* Chiefly; principally: મુખ્યત્વે કરીને.

Mainmast, (મેન્મૅસ્ટ્) *n.* The principle mast in a ship: વહાણનો વચલો કુવો-ડોલ.

Mainsail, (મેન્સેલ્) *n.* The chief sail: મુખ્યશઢ.

Main-tain, (મેન્ટેન્) *vt.* [L. *manus*, a hand and *teneo*, I hold.] 1. To hold or to keep in any condition; to support; to sustain: પાળવું; પોષવું. 2. To keep possession of; to hold and defend: કબજે રાખી રહેવું. 3 To bear the expense of; to hold: નો ખર્ચ ચલાવવો.

Main-taina ble, (મેન્ટેન્‌અબલ્) *a.* That may be maintained: રાખવા-ચલાવવા યોગ્ય.

Mainten-ance, (મેન્ટેનૅન્સ્) *n.* 1. The act of maintaining; sustenance: રક્ષણ; સંભાળ; પ્રતિપાદન; સ્થાપન. 2. That which maintains or supports; means of sustenance: ગુજરાન; આજીવિકા; પાલણપોષણ.

Maize, (મેઝ્) *n.* Indian corn: મકાઇ; મકાઇડોડો; ભુટ્ટો.

Ma-jestic, (મૅજેસ્ટિક્) *a.* Noble; grand; splendid: ભપકાદાર; પ્રતાપી; રાજ તેજવાળું; પ્રૌઢ.

Majes-ty, (મૅજ્‌એસ્ટિ) *n.* [L. *majus*, great.] 1. The title of an emperor, king or queen: મહારાજ; રાજાધીરાજ; રાજતેજેમણી. 2. Dignity: ગાંભિર્ય; ગૌરવ; મ્હોટાપણું; પ્રૌઢતા.

Major, (મેજર્) *n.* [L. *major*, greater.] 1. The lowest field officer: લશ્કરમાં કપ્તાનથી ચડતો અમલદાર. *a.* 1. Greater in number quantity or extent: મ્હોટું; વધારે; મુખ્ય. 2. Of greater dignity; more important: મોટું; મુખ્ય; પ્રધાન; શ્રેષ્ઠ. 3. Of full legal age: પુખ્ત ઉમ્મરે આવેલું.

Ma-jor-domo, (મેજર્ડોમો) *n.* [L. *major*, greater & *domus*, a house.] A man who has authority to act, within certain limits as master of the house; a steward: ઘરનો કારભારી; વહીવટકરનાર.

Ma-jori-ty, (મૅજૉરિટિ) *n.* [L. *majus* great.] 1. (*a*) The quality or condition of being greater; superiority: આધિક્ય; અધિકતા. (*b*) The condition of being of full age or authorized by law to manage one's own affairs: યોગ્ય ઉમ્મર; લાયક ઉમર. 2. The greater number; more than half: મ્હોટી સંખ્યા; અડધા ઉપરાંત. **M** *of votes*: બહુમત. 3. Ancestors; ancestry: કુલીનતા; પેઢી; વડીલો. *To go over to, or to join the* **m.**, to die: મરી જવું.

Make, (મેક્) *n.* Structure; texture: આકાર; આકૃતિ.

Make, (મેક્) *vt. imp. & pp.* **made.** 1. (*a*) To form of materials: નું બનાવવું; રચવું; ઘડવું. (*b*) To produce as something artificial, unnatural or false: બનાવટ. કo; (ખોટું) ઉભું કo. *To* **m** *account of*, to esteem: ગણવું; ધારવું; ગણકારવું. *To* **m.** *away*, (*a*) to kill: મારી નાંખવું. (*b*) *To* **m** *believe*, to pretend; to feign: ઢોંગ કo. *To* **m.** *bold*, to venture: આગળ પડવું; હિંમત ચલાવવી. *To* **m.** *the cards*, to shuttle the pack: ગંજીફો ચીપવો. *To* **m.** *much of*, to understand: -થી સમજવું; વિચાર કo. *To* **m.** *out* (*a*) to find out; to decipher: -નો અર્થ કo; સમજવું; ઉકેલવું-ને વાચવું; બેસારવું. *To* **m.** *over*, to transfer the title of to convey: સોંપવું; હવાલે-સ્વાધીન કo. *To* **m** *up*. (*a*) to collect into a sum or mass: એકંદર-એકઠું ભેગું-જુમલે કo; બાંધવું; જમાવવું; તૈયાર કo. (*b*) To make good: ભરી આપવું; વાળી આપવું. *To* **m.** *up one's mind*, to resolve: દૃઢ નિશ્ચય-ઠરાવ કo. *To* **m.** *water*, to urinate: પેશાબ કo; મુતરવું. *To* **m.** *way*, or *to* **m.** *one's way*, (*a*) to advance: આગળ વધવું; વધારો કo. 4. To write poetry: કવિતા લખવી-બનાવવી-રચવી. *To* **m.** *away with*, to carry off: લઇ-જતી જવું. *To* **m.** *off*, to go away suddenly: એકદમ જતા રહેવું; નાશી જવું. *To* **m.** *up*, to become friendly: -નું સમાધાન થવું; મળી જવું. *To* **m** *up for*, to compen-

sate for:ભરી આપવું;ખોટ પુરી આપવી.

Make-bate,(મેક્'બેટ્)*n.*One who excites contentions and quarrels:કજીઓ કરાવનાર.

Make-be-lieve,(મેક્'બીલીવ્)*n.*A feigning to believe;a fiction:બ્હાનું;મિષ.*a.*Feigned;insincere:કૃત્રિમ;ઢોંગ ભરેલું.

Maker,(મેક્'અર્)*n.*1.One who makes,forms or molds;a manufacturer:કરનાર;બનાવનાર;કર્તા.

Make weight, (મેક્'વેટ્) *n.* That which is thrown into a scale to make weight:કાંટો;ત્રાજવાનો ધડો.

Mal-ad-minis-tra-tion, (મૅલ્ઍડ્મિન્'ઈસ્ટ્રે"શન્) *n.*Bad administration:અવ્યવસ્થા;અંધાધુંધી;અંધેર;ગેરબંદોબસ્ત.

Mala dy, (મૅલ્'ઍડિ)*n.* 1.Any disease of the human body:વિકાર;વ્યાધિ;મરજ;રોગ;આજાર.

Mala-pert,(મૅલ્'ઍપર્ટ)*a.*[L.*mal*,ill & *aperio*; I open.]Bold;forward:ઉદ્ધત;છાતીવાળો.

Ma-lari-a,(મૅલે'રિઍ)*n.*Miasma;*esp.*,air infected with some noxious substance capable of engendering disease:રોગ પેદા કરનાર હવા.

Malcon tent,(મૅલ્'કૉન્ટેન્ટ્)*a.* Discontented; અસંતોષી;નારાજ. *n.*A discontented subject: રાજ્યથી નાખુશ થયેલી પ્રજા.

Male,(મેલ્)*n* [L.from *mas*,a male.]1.An animal of the male sex:નર;પુરૂષ.

Mal-e-dicti n,(મૅલિડિક્'શન્)*n.* [L. *malus*, ill and *dico*,I say.] શ્રાપ;શાપ;બદદુવા.

Mal e-factor,(મૅલેફૅક્'ટર્)*n.*[L *male*,ill & *facio*, I do.]1.An evil-doer:અપરાધી-ગુન્હેગાર માણસ.

Ma-levo-lence,(મૅલેવ્'ઑલેન્સ્)*n.* [L. *malus*, bad & *volo*,I wish.]Illwill:દ્વેષભાવ;દુષ્ટભાવ;દ્વેષભાવ;દ્વેષબુદ્ધિ.

Ma-levo lent,(મૅલેવ્'ઑલેન્ટ્)*a.*[L.*malus*,bad and *volo*,I wish.] Wishing evil:કીનાખોર.

Malice, (મૅલ્'ઈસ્)*n.* [L.*malitia*,from *malus*, bad.]1.Enmity of heart:અદાવત;કીનો;વેર.

Ma-licious,(મૅલિ'શસ્)*a.*[L.*malus*,ill.]1. Indulging or exercising malice:અદાવતી; ડંશી; અદેખું.

Ma lign,(મૅલાઇન્')*n.a.*[L.*malus*,bad.]1.Malevolent:દ્વેશી;અદાવતી;કીનાખોર;ડંશી.*vt.*To treat with malice:ખોટું કરવું; નુકશાન કo.

Ma-lignan-cy,(મૅલિગ્'નન્સિ)*n.*1.Evil nature: malice:વેરભાવ;અદેખાઈ.

Ma-lignant,(મૅલિગ્'નન્ટ્)*a.*1.Disposed to do harm;malicious:દ્વેષી;ખારીલું;કીનાખોર.

Ma-ligni ty,(મૅલિગ્'નિટિ)*n.* 1. Malice; spite; malignancy:ખાર;વેર;દ્વેષ.

Mali-son,(મૅલ્'ઇઝન્)*n.* Curse;malediction;execration:બદદુવા;શ્રાપ.

Mall.(મૉલ્)*vt.*To beat with a mall:ખાંડવું;કુંટી કo. *n.*1.A large heavy wooden beetle:ડાંગ; ડંડુકો;મોગરી.

Malle-a-bili-ty,(મૅલ્'લીઍબિલ્"ઇટિ)*n.*Quality of being malleable:ટીપવાથી વધે એવો ગુણ.

Malle-a-ble,(મૅલ્'લીઍબલ્)*a.* Capable of being extended:ટીપાય તેવું;ઠોકવાથી લાંબુ થાય તેવું.

Mallet (મૅલ્'લેટ્)*n.*A small mall with a short handle:મોગરી;મેખઘી.

Malmsey,(માંમ્'ઝી)*n.*A sort of grape and a sort of wine:એક જાતની દ્રાક્ષ તથા દારૂ.

Mal-practice,(મૅલ્પ્રૅક્'ટિસ્)*n.*Bad character: નઠારી ચાલ;ખરાબ રીત;દુરાચાર; દુશ્ચરિત;કુચરિત.

Malt,(મોલ્ટ્)*n.*Barley or other grain steeped in water till it germinates: ફણગા ફૂટે ત્યાં સુધી પાણીમાં પલાળી મુકેલા જવ કે બીજું કંઈ અનાજ.

Maltster,(મોલ્ટ્'સ્ટર્)*n.* A man whose occupation is to make malt:જવના દારૂ બનાવનાર.

Mal-treat,(મૅલ્ટ્રીટ્')*vt.*To abuse:દુઃખ દેવું.

Mal-treatment, (મૅલ્ટ્રીટ્'મેન્ટ્)*n.* Abuse;ill-treatment:પીડા;દુઃખ;અપકાર.

Mal-ver-sation,(મૅલ્વર્સે'શન્)*n.*Evil conduct; misbehavior,corruption:ખરાબ ચાલ;દુષ્ટ વર્તણુક.

Mam,Ma-mma, (મૅમ્,મૅમાં')*n.* Mother:મા;બા.

Mammal,Mam mali-a, (મૅમ્'મલ્,મૅમ્મે'લિઍ) *n.*[L.*mammalis*, belonging to the breast.] The highest class of vertibreta:આંચળવાળાં પ્રાણી;પોતાનાં બચ્ચાં ધવડાવનાર પ્રાણી.

Mam-mifer-ous,(મૅમિફ્'અરસ્)*n.* [L.*mamma*,breast.]Having breast:ધવરાવીને ઉછેરનારાં.

Mammi-form,(મૅમ્'મિફૉર્મ્)*a* Having the form of a breast:સ્તન-થાનના આકારનું.

Mammill-a-ry,(મૅમ્'મિલરિ)*a.* Pertaining to the breast or nipple:સ્તનનું;આંચળનું.

Mammon,(મૅમ્'મન્)*n* 1.Riches:પૈસો;ખજાનો.

Man,(મૅન્)*n.*1.A human being:માણસ. 2. An adult male person:પુખ્ત ઉમરનો માણસ.3.The human race;mankind:મનુષ્યજાતિ;લોક 4.The male portion of the human race:મનુષ્યજાતમાં પુરૂષવર્ગ.**M.***of war*:લઢાઇનું વહાણ;મનવાર.*vt.*1. To supply with men:માણસો પુરાં પાડવાં.

Mana-cle,(મૅન્'ઍકલ્)*n.*[L *manus*,a hand.] A shackle for the hand: હાથની બેડી;કડાં. *vt.* To shackle:બેડી ઘાલવી;હાથકડી કરવી.

Manage,(મૅન્'એજ્)*vt.*[L *manus*, a hand.] 1. To conduct:ચલાવવું; વહિવટ. કo. 2. To guide by careful treatment:પોતાના ધાર્યા પ્રમાણે કરવું. 3.To train as a horse:શિખવવું. 4. To treat with care:સંભાળ લેવી. *vi.*To administer; to direct affaris:કારભાર ચલાવવો.

Manage-a-ble,(મૅન્'એજેબલ્)*a.*Tractable;governable:તાબે થાય એવું;હુકમમાં રહે એવું.

Manage-ment,(મૅન્'એજ્મેન્ટ્)*n.* 1.Conduct;

administration:વહિવટ; કારભાર. 2. Skilful treatment:યુક્તિ;હિકમત;ચાલાકી.

Manag-er,(મૅન્'એજર્)*n.*1.One who manages: વહિવટ કરનાર;કારભારી;મુનીમ;અધિકારી.

Man-damus,(મૅનડૅમસ્)*n.*A writ issued by a superior court:હુકમનામું

Mandate,(મૅન્ડેટ્)*n.*[L. *manus*,the hand & *do*,I give.]1. An official command; order; injunction:આજ્ઞા-હુકમ;આદેશ;ફરમાન.

Manda-to-ry,(મૅન્ડૅટરિ)*a.*Preceptive:આજ્ઞાનું.

Mandi-ble, (મૅન્'ડિબલ્) *n.* [L. *mandere*, to chew.]A jaw;the jaw of a bird:જડબું; ડાચું.

Mane,(મેન્)*n.*[Gr *mannos*, necklace.] The long and heavy hair growing on the upper side of the neck:યાળ;કેશવાઈ.

Ma-nege,(મૅનેઝ્)*n.*1. Art of horsemanship: ઘોડાને કેળવવાની કળા.

Manes,(મેનીઝ્)*n.*Dead ancestors:પિતૃઓ.

Manful-ly,(મૅન્ફુલિ)*adv.*Boldly:બહાદુરીથી.

Mange,(મેન્જ્)*n* The scab or itch which eats into the skin of animals:ઢોરને થતો ખોડો.

Manger,(મેન્'જર્)*n.*[L. *mandere*,to chew.]A trough or open box in which fodder is placed for horses to eat:ગમાણ; ઢોરને ઘાસચારો નાંખવાની જગ્યા.

Mangle,(મૅન્'ગલ્)*n.*[L. *mancus*,maimed.]A rolling press:અસ્ત્રી;કુંદી કરવાનું હથીઆર.*vt.*1.To cut or bruise with repeated blows;to mutilate:ભાગી નાંખવું;બગાડવું.

Mango,(મૅન્'ગો)*n.*The fruit of the mango tree: કેરી;આંબાનું ફળ;આમ્રફળ **M** *grove*:આંબાવાડીયું.

Manhood,(મૅન્'હુડ્)*n.*1.One who is advanced beyond puberty:માણસપણું; માણસાઈ;પુરૂષભાવ; પ્રૌઢદશા.

Mani-a,(મે'નિઅ)*n.* [L.]1.Insanity;madness; lunacy; frenzy:ઘેલાપણું;દીવાનાપણું;ઘેલછા;ઘેલાઇ;ઉન્માદ. 2. Excessive or unreasonable desire:ઘેલછા;પવન;મહાવ્યસન;વેળ. [ડી;દિવાનો.

Maniac,-al,(મેનિઅક્,મૅનાઇ'અકલ્)*a.*Mad:ગાં-

Mani-fest,(મૅન્'ઇફેસ્ટ્)*n.* [L. *manus*, hand & *fendo*, I strike.] 1. A public declaration;a manifesto:જાહેરનામું;પ્રસિદ્ધિપત્ર;ઢંઢેરો.*a.*1.Open; clear:સાફ;ખુલ્લું;સ્પષ્ટ.ઉઘાડુ.*vt.*To reveal:દેખાડવું;દર્શાવવું.

Mani-fes-tation,(મૅન્'ઇફેસ્ટે'શન્)*n.* Exhibition;display:ઉઘાડું કરવું તે;સ્પષ્ટકરણ.પ્રકાશ;પ્રસિદ્ધિ.

Mani-fest-ly,(મૅન્'ઇફેસ્ટ્લિ)*adv.*Clearly, evidently:ખુલ્લી રીતે;ચોખ્ખી રીતે.

Man-i-festo,(મૅનિફેસ્'ટો)*n.*A public declaration usually of a prince or a sovereign:રાજાનું જાહેરનામું;ઢંઢેરો.

Mani-fold,(મૅન્'ઇફોલ્ડ્)*a.*1. Various; numerous:ઘણા પ્રકારનું;બહુ જાતનું;નાનાવિધ;ઘણું;પુષ્કળ.

Mani-kin,(મૅન્'ઇકિન્)*n.*1 A dwarf:ઠીંગણું માણસ.

Mankind,(મૅન્'કાઇન્ડ)*n.* 1 The human race: માણસજાત;આદમ જાત;મનુષ્યજાતિ.[હ થનું સંબંધી.

Manipular,(મૅનિપ્યુલર્)*a* Pertaining to hand:

Manipu'ate,(મૅનિપ્'યુલેટ્)*vt.* L.*manus*,a hand] To treat or operate upon with the hands: હાથવતી કરવું;હાથવતી બનાવવું.

Manipulation, (મૅનિપ્યુલે'શન્)*n.* Work by hand;manual operation:હસ્તક્રીયા;હાથની કળા.

Manlike,(મૅન્'લાઇક્)*a.*Like man;manly:માણસ યોગ્ય-લાયક.

Manli-ness,(મૅન્'લિનેસ્)*n* The quality or state of being manly:હિંમત;પુરૂષાતન;મર્દાઇ;મર્દામી.

Manly,(મૅન્'લિ)*a.* Bold; brave:ઉદાર;બહાદુર;હિંમતવાન;મજબુત;દૃઢ;મર્દ;મર્દાની;શૂર

Manna,(મૅન્'ન)*n.*Divinely supplied food:ઈશ્વરદત્ત અન્ન;અમૃત.

Manner,(મૅનર્)*n.*[L. *manus*,a hand.]1.Mode of action:રીત;પ્રકાર. 2.(*a*)Habit:ચાલ;ટેવ. (*b*) *pl.*Carriage.ચાલ;આચાર;રહેણી.**M***s of a country*:દેશાચાર. (*c*) The style of writing or thought of an author:શૈલી.

Manner-ly,(મૅન્'નર્લિ)*a.* Showing good manners;civil;respectful:સભ્ય;આદરશીલ;ભલું.યોગ્ય.

Ma-nœuvre,(મૅનૂ'વર્)*vt* [L.*manus*,the hand and *opera*,work.]1 A military or naval evolution:કવાયત;વ્યૂહ. 2.Stratagem:યુક્તિ;પેચ;દાવ; ખેલ;દાવપેચ;છળકપટ;જન. *vt.* To change the positions of:ફેરફાર કર;વ્યૂહ રચના બદલવી.

Manor,(મૅન્'ઑર્)*n.*[L *maneo*, I stay.] 1. A land belonging to a lord.અમીરની જમીન.

Ma-nori-al,(મૅનૉ'રિઅલ્)*a.*Pertaining to manor:જાગીર સંબંધી;વતનનું.

Mansion,(મૅન્'શન્)*n.*[L. *maneo*, I stay.]1.A dwelling place:રહેવાનું ઘર;હવેલી.2.The place in the heavens occupied by the moon each day:નક્ષત્ર.

Man-slaugh-ter,(મૅન્'સ્લૉટર્)*n.*1. Destruction of men:મનુષ્યવધ;માણસની કતલ;ખુન.

Manslay-er,(મૅન્'સ્લેઅર્)*n.*One who kills a human being;a murderer:માણસનું ખુન કરનાર.

Mantel,(મૅન્'ટેલ્)*n.* The finish around a fire place:પેંડલી;ચુલા પછવાડેની જગ્યા;બેઠ.

Mantelet,(મૅન્'ટેલેટ્)*n.*1.A short cloak worn by women:ઓઢણી;ન્હાનો ઝભ્ભો.

Mantle,(મૅન્'ટલ્)*n.*[*mantelum*, a napkin.] 1. A cloak;a loose garment to be worn over other garments:ઝભ્ભો;સાલ્લો;પડ *vt.*To cloak; to disguise:સંતાડવું;છુપાવવું;ઢાંકવું.

Manu-al,(મૅન્'યુઅલ્)*n.*[L.*manus*,the hand.] 1.A small book;a hand book:લઘુ ગ્રંથ.

Man-u-facto-ry,(મૅન્યૂફૅક્ટરિ) *n.* [L. *manus*, hand and *facio*, I do.] 1. A building or place where any thing is manufactured; a factory: કારખાનું.

Man-u-facture,(મૅન્યૂફૅક્ટ્યુર) *n.*[L.*manus*, the hand and *facio*, I do.] 1 The operation of making wares or any products by hand: કારીગીરી;હુન્નર. 2. Anything made from raw materials: કોઈપણ હીકમતથી કરેલી વસ્તુ;બનાવટ.

Man-u-factur-er,(મૅન્યૂફૅક્ટ્યુરર) *n.* One who manufactures: કારખાનાનો ધણી-માલેક;કારીગર.

Man-u-mission,(મૅન્યૂમિશન) *n.* Release from slavery: છુટકારો;દાસ્યમોચન,દાસ્યમુક્તિ.

Man-u-mit, (મૅન્યૂમિટ) *vt.* To release from slavery; to free; to liberate: છોડવવું;ગુલામગીરીમાંથી મુક્ત કરવું.

Ma-nure,(મૅન્યૂર) *n.* Any matter which makes land productive: ખાતર. *vt.* To enrich by applying some fertilizing substance: ખાતરનાંખવું.

Ma-nuri-al,(મૅન્યુરિઅલ) *n.* [L. *manus*, hand and *scribo*, I write.] 1. Something written with the hand: હસ્તલેખ;હાથનું લખેલું પુસ્તક. *a.* Written by the hand: હાથે લખેલું-હસ્તલિખિત.

Many,(મેનિ) *a.* Numerous: પુષ્કળ;બહુ; ઘણાં. **M.** *a*, a large number: અનેક;પુષ્કળ.

Map,(મૅપ) *n.* [L.*mappa*, a napkin.] 1. A representation of the surface of the earth: પૃથ્વીનો નકશો;દેશચિત્ર. *vt.* To sketch: નકશો ચીતરવો.

Mar,(માર) *vt.* 1. To make defective; to damage; to impair; to deface: ખરાબ કરવું;બગાડવું. 2. To ruin: -ની ખરાબી કર;નાશ કરવું.

Mar-a-natha,(મૅરનાથ) *n.* Curse: બદદુઆ;શ્રાપ.

Marasmus,(મેરસ્મસ) *n.* Phthisis: ક્ષય રોગ.

Ma raud,(મેરૉડ) *vt.* To plunder: લુટવું;લુટ કરવી. *n.* An excursion for plundering: લૂંટ;ધાડ.

Ma-rauder,(મેરૉડર) *n.* A robber: લૂંટારો;ચોર;પિંડારો.

Marble,(માર્બલ) *n.* 1. A massive, compact limestone: સંગેમરમર;આરસપહાણ. 2. The stone by which children play: લખોટો-ટી; પથરી. *a.* Made of marble: આરસપહાણનું બનેલું;સંગેમરમરી.

Mar ble-heart-ed, (માર્બલહાર્ટેડ) *a.* Hard-hearted; cruel: ઘાતકી;કઠણ છાતીનો;વજ્ર હૈયાનો.

Mar-cescent, (માર્સેસન્ટ) *a.* [L. *marce*, I wither.] Fading; decaying: કરમાઈજતું;સુકાતું.

March,(માર્ચ) *n.* [L. *margo*, edge; border.] 1. The act of marching; a movement of soldiers; military progress: બરાબર પગ મુકીને ચાલવું તે. 2. The third month of the year: માર્ચ માસ. *vt.* To cause to move with regular steps: કુચ કરાવવી. *vi.* To move with regular steps: કુચ કર.

Marchion-ess,(માર્શનેસ) *n.* The wife or widow of a Marquis: મારક્વીસની ઓરત.

Mare,(મેર) *n* The female of the horse: ઘોડી.

Mar-gin,(માર્જીન) *n.* [L. *margo*, edge.] 1. A border; edge: કોર;કિનારો. 2. The part of a page at the edge left uncovered in writing: હાંસીઓ. 3. The difference between the cost and the selling price of an article: નફો;ચઢતર. 4. Something allowed: ગાળો. *vt.* To furnish with a margin: હાંસીઓ રાખવો.

Margin-al,(માર્જીનલ) *a.* 1. Of or pertaining to a margin: હાંસીઆ ઉપરનું-સંબંધી.

Ma-rine,(મરીન) *a.* [L. *mare*, the sea.] 1. Pertaining to the sea; naval: સમુદ્ર સંબંધી-વિષયક; દરીઆઈ. *n.* 1. A sea soldier: દરીઆઈ સીપાઈ. 2. The body of the troops trained to do duty in the navy: નૌકા,નૌકાસૈન્ય;લડાઈના વહાણનાકાફલો.

Mar-iner,(મૅરિનર) *n.* A sailor; seaman: ખલાસી.

Mari-tal,(મૅરિટલ) *a.* [L.*maritus*, a husband] Pertaining to a husband: ભરથાર-પતિ સંબંધી.

Mari-time,(મૅરિટાઈમ) *a.* 1. Bordering the ocean: દરીઆના કાંઠાપર આવેલું. 2. Pertaining to the sea: દરીઆઈ;સમુદ્રીય.

Mark,(માર્ક) *n.* 1. A coin: શીક્કો;તોલ. 2. A visible sign; stamp; a token: નિશાન;ચિન્હ. 3. (*a*) A trade-mark: નિશાન;છાપ;છાપો. (*b*) A character made as a substitute for a signature: સહીની નિશાની;નિશાન. 4. A scratch, scare or stain: ચસરકો,ચસારો;નિશાની;ડાઘ;રેખા. 5. A thing aimed at: નિશાન;ચોટ. 6. Attention: લક્ષ;દરકાર. 7. Limit: ધોરણ. 8. Badge: માન-પ્રતિષ્ઠા સૂચક-દર્શક ચિન્હ. 9. Pre-eminence. પ્રખ્યાતિ;વિખ્યાતિ 10. A number or other character used in registering: ટોકડા. *To make one's* **m.** (*a*) to sign by making a mark: નિશાની ચિન્હકર. (*b*) To gain distinction: આબરૂ મેળવવી. *vt.* 1. To leave a scar upon: છાપ મારવી;નિશાની કર. 2. To notice or observe: લક્ષમાં રાખવું;ધ્યાનમાં રાખવું.

Market,(માર્કેટ) *n.* [L.*mercatus*, trade.] 1. A meeting where people gather at a stated time for the purpose of selling goods: બજાર;ગુજરી. 3. Value; price: ભાવ;કીંમત;બજાર ભાવ. *vi.* To deal in a market; to buy or sell: સોદો કરવો;ખરીદ કરવું. *vt.* To sell in a market; to traffic: બજારમાં વેચવું.

Market-ing,(માર્કેટિંગ) *n.* 1. The act of selling: સોદો કરવો તે.

Market-price rate, (માર્કેટ પ્રાઈસ-રેટ) *n.* The price by which goods are sold: પીઠભાવ;બજારભાવ;નિરખ.

Marksman(માર્કસમૅન) *n* 1. One skillful in shooting: તાકવામાં-નીશાન તાકવામાં હોશીઆર.

Marl, (માર્લ) *n* [L. *marga*, marl.] A mixed earthy substance: ચીકણી માટી. *vt.* To manure

with marl:માટી પાથરવી.

Marma-lade,(માંર્‌'મેલેડ્‌)*n.*A preserve of the pulp of fruits boiled with sugar:મુરબ્બો.

Mar more-an,(માંર્‌મોં'રિઍન્‌)*a.*Made of marble;pertaining to a marble:સંગેમરમર-આરસપહાણનું.

Marquis, (માંર્‌'ક્વિસ્‌)*n.*A noble man in England of a rank next below that of a duke:ઇંગ્લાંડમાં અમીરનો ખિતાબ છે.

Marriage,(મૅ'રિજ્‌)*n.*1.Matrimony;wedlock;nuptials:લગ્ન; વિવાહ; શાદી; લગન. 2,Marriage vow or contract:લગ્ન સંબંધ.

Marriage-a-ble,(મૅ'રિજેબલ્‌)*a.*Fit for or capable of marriage:લગ્ન લાયક;પરણવા લાયક.

Marrow,(મૅર્‌'ઓ)*n.*1.The medulla;the tissue which fills the cavities of most bones:હાડકાંનો મેદ;ચરબી;મગજ.

Marrow-bone,(મૅર્‌'ઓબોન્‌)*n.*A bone containing marrow:માવાવાળું હાડકું. [બી ભરેલી.

Marrow-y,(મૅર્‌'ઓઇ)*a.* Full of marrow:ચરબી ભરેલી.

Marry,(મૅ'રિ)*vt.* [L.*maritus*, husband.] 1. To unite in wedlock: પરણાવવું. 2. To take for husband or wife:ની સાથે પરણવું-લગ્ન કરવાં. *vi.* To enter into the conjugal state:લગ્ન કરવું.

Mars,(માંર્ઝ્‌)*n.*1.The God of war:રણદેવતા.2. One of the planets of solar system:મંગળગ્રહ.

Marsh, (માંર્શ્‌) *n.* A tract of soft wet land; a morass:ઘાસવાળી ભીની જમીન; ખાબોચિયું.

Marshal,(માંર્‌'શૅલ્‌)*n.*1 An officer of high rank:મુખ્ય અધિકારી;યોજક;વ્યવસ્થાપક. *vt.*1.To dispose in order:ગોઠવવું;;વ્યૂહરચના ક૦.

Mart (માંર્ટ્‌)*n.*1.A market:બજાર;ચૌટું.2.A bargain:કરાર;સાટું. *vt.*To buy or sell in:વેચવું;ખરીદવું.

Marten, (માંર્‌'ટેન્‌)*n.* A bird:એક જાતનો નોળવો.

Martial, (માંર્‌'શૅલ્‌)*a.* 1. Pertaining to war; military:લડાઇનું;યુદ્ધનું;રણસંબંધિ. 2.Warlike; brave:બહાદુર;શુરો;રણવીર. **M** *law*:લશ્કરી કાયદો.

Martin, (માંર્‌'ટિન્‌)*n.*A kind of swallow:એક જાતની ચકલી. [rian:સખ્ત બંદોબસ્ત રાખનાર.

Marti-net,(માંર્‌'ટિનેટ્‌)*n.*A strict disciplinarian:સખ્ત બંદોબસ્ત રાખનાર.

Martin-gal-gale, (માંર્‌'ટિનગૅલ્‌ ગેલ)*n.* 1. A strap fastened to a horse's girth passing between his fore legs & fastened to the bit:જેરબંધ;તંગ.

Martyr,(માંર્‌'ટર્‌)*n.*[Gr.*martur*,a witness.]1. One who by his death bears witness to the truth or the Gospel:પોતાના મત સારૂ જીવ આપનાર;ખ્રીસ્તી ધર્મના ખરાપણા માટે જીવ આપનાર. *vt.*1. To sacrifice on account of faith:ધર્મને સારૂ જીવ આપવો;પ્રાણાર્પણ ક૦;પ્રાણની આહુતિઆપવી.

Martyr-dom,(માંર્‌'ટર્ડમ્‌)*n.*1.The death of a martyr: ધર્મ-મતને સારૂ પ્રાણ આપવો તે;સ્વધર્માર્થ પ્રાણાર્પણ.

Marvel,(માંર્‌'વેલ્‌)*n.*[L. *miror*,I wonder.] 1. That which causes wonder:અચરતી; ચમત્કાર. 2.Wonder:આશ્ચર્ય *vi.*To wonder:અચરત-આશ્ચર્ય પામવું.*vt.*To cause to wonder:અચરત પમાડવું.

Marvell-ous,(માંર્‌'વેલસ્‌)*a.*Wonderful:અજબ જેવું:અદ્‌ભુત;આશ્ચર્યકારક; ચમત્કારિક.

Mascu-line. (મૅસ્‌'ક્યુલિન્‌) *a.* [L. *masculus*;a male.]1.Of the male sex:નરની જાત. 2.Having the qualities of a man; strong;robust:પુરૂષધર્મક;પુરૂષ-ના જેવું-ના ગુણવાળું;મર્દાની.

Mash,(મૅશ્‌)*n.* 1. A mass of mixed ingredients reduced to a soft pulpy state by beating or pressure:ઘુંદો;ડુંદો;લુગદી. 2. A mess; trouble:ફાંદો;ફાંસો. *vt* To crush:ઘુંદવું;કચરવું.

Mask,(મૅસ્ક્‌)*n.*1.A cover or partial cover for the face used for disguise:મુખવટો;બુરખો 2. That which disguises;a pretext or subterfuge:બહાનું.નિમિત્ત. *vt.* 1.To conceal with a mask or visor:વેશ બદલવો. 2.To cover:છુપાવવું;ઢાંકવું.

Mason, (મે'સન્‌)*n.*1. One whose occupation is to build stone or brick, also one who prepares stones for building purposes:કડીઓ;સલાટ.2.A member of fraternity or Freemasons:ફ્રીમેસન મંડળમાંનો એક.

Ma-son'ic, (મેસૉન'ઇક્‌)*a.*Of or pertaining to Freemasons:ફ્રીમેસનનુ સંબંધી.

Mason-ry,(મે'સન્રિ)*n.*1.The art or occupation of a mason:કડીઆનો ધંધો;સલાટનો ધંધો.2.The work or performance of a mason:ચણતર.

Ma-sora, (મૅસૉ'રૅ)*n.*A Jewish critical work on the text of the Hebrew:યાહુદીશાસ્ત્ર.

Masquer-ade, (મૅસ્‌'કરેડ્‌)*n.* An assembly of persons wearing masks,amusing themselves with dancing,conversation or other diversions:વેશ બદલેલા માણસોની ટોળી. *vi.*1. To assemble in masks;to take part in masquerade:નાટકમાં ભાગ લેવો. 2. To frolic in disguise:છુપા વેશમાં નાચ કરવો.

Mass, (મૅસ્‌)*n.* [L. *mitto*,I send.]1.The communion-service in the Roman Catholic church:રોમનકેથોલીક ધર્મની એક પ્રકારની ભક્તિ. 2. A quantity of matter cohering together so as to make one body:ગોળો;લોચો;પિંડો;પહો. *The* **m.**s,the populace:લોકસમુદાય. *vt.*To assemble:એકઠું ક૦.

Massa-cre,(મૅસ'સૅકર્‌)*n.*1.The killing of men :કતલ;કાપાકાપી.2.Murder:ખુન.*vt.*To kill in considerable numbers:કતલ કરવી.

Massi ness,(મૅસ્‌'ઇનેસ્‌)*n.*The state or quality

of being massy;ponderousness:વજન;ભાર.

Massive-Massy,(મૅસ્'ઇવ્-મૅસ્'ઇ)*a*.1.Weight; heavy:ભારે;વજનદાર;મહોટું;ભારવાળું.

Mast,(માસ્ટ્)*n*.1.A long round piece of timber set upright in a boat or vessel to sustain the sail,yards,rigging,&c.:વહાણનો ડોળકુવો; ડોળકાઠી. *vt.* To furnish with a mast or masts:ડોલ પુરા પાડવા.

Master,(મૅસ્'ટર્)*n*. [L. *magister*,a master.]1. A male person having another living being so far subject to his will that he can control his action:ધણી;શેઠ. 2. A title given by courtesy, now commonly pronounced *mister*:માલેક;માણસને સભ્યતાથી બોલાવવનો શબ્દ;મિસ્તર.3.A person holding an authority among the Freemasons: ફ્રીમેસનના મંડળનો કારભારી; મીસ્ત્રી.4.A teacher:ગુરૂ;શીક્ષક 5.An eminently skillful person:ઉસ્તાદ;ચતુર. 6. Uncontrolled possessor: પતિ; ધણી. *vt.* 1. To become the master of: જીતવું;તાબે-વશ કo. 2. To gain the command of:-માં હોશીઆર નિપુણ થવું.

Master-hand,(મૅસ્'ટરહૅન્ડ્)*n*.Clever,one skilled in everything:અતીકુશળ કારીગર;કીસબી.

Master-key,(મૅસ્'ટર્કી)*n*.The key that opens many locks:ઘણાં તાળાં ઉઘડી શકે તેવી કુંચી-ચાવી.

Master-ly,(મૅસ્'ટર્લિ)*a*.Suitable to a master: ધણી-શેઠને લાયક.2.Imperious:ઘણી ચતુરાઈનું-ભરેલું; સર્વોત્કૃષ્ટ; કુશળ. *adv.* With the skill of a master:ઉસ્તાદગિરીથી.

Master-piece,(મૅસ્'ટર્પીસ્)*n*.Any thing made with extraordinary skill:કારીગીરી-કુશળતાનુંકામ.

Master-y,Master-ship,(મૅસ્'ટરિ-મૅસ્'ટર્શિપ્) *n*.1.The position of a master:ધણીપણું;ઉપરીપણું.2.Superiority in war:જય; ફતેહ; જીત. 3. Eminent skill:નિપુણતા.

Masti-cate,(મૅસ્'ટિકેટ્)*vt* [L.*mastico*,I chew.] To chew;to grind or crush with:ચાવવું;વાગોળવું.

Masti-ca-to-ry,(મૅસ્'ટિકેટોરિ)*a*.Chewing: ચાવવાને ઉપયોગી-કામનું.*n*.A substance to be used to increase saliva:થુક વધારનારો પદાર્થ-ચીજ.

Mastiff,(મૅસ્'ટિફ્) *n*. A breed of large dogs noted for strength and courage: પહાડી બહાદુર કુતરાની એક જાત.

Mat,(મૅટ્)*n*.1.A fabric of sedge,rushes,flags: ચટાઈ;સાદડી. *vt.* 1.To cover with mats:સાદડી જડવી;સાદડી પાથરવી.

Match,(મૅચ્)*n*. [L. *myra*, a lamp nozzle.] 1. Anything used for catching and retaining fire made of some substance: દીવાસળી. **M.** *of a gun*:જામગીરી;અગ્નિ;પલિતો. 2.A person or a thing equal to another;a mate:બરોબરીઓ; સમોવડીઓ. 3.(*a*) A contest to try strength or skill:બાજી;દાવ. (*b*) A matrimonial union: લગ્ન;વિવાહ. 4. Suitable combination:હરિફાઈ. *vt*.1.To be a mate or match for;to compete with;to equal-:ની બરોબરી કરવી;હરીફાઇ કo. 2. To procure the equal of:બરોબરીઓ-શોધી કાઢવો.2.To marry:પરણાવવું;લગ્ન કo. *vi.* 1. To be united in marriage:પરણવું;લગ્ન કo.

Matchless,(મૅચ્'લેસ્)*a*.Having no equal;unequalled:અનુપમ;સર્વોત્કૃષ્ટ;અતુલ્ય;અપ્રતિમ.

Matchlock,(મૅચ્'લૉક્)*n*. A gun with match: તોડાની બંદુક;જામગીરીવાળી બંદુક.

Match-mak-er,(મૅચ્'મેકર્)*n*.1.One who makes matches for burning:દીવાસળી બનાવનાર. 2. One who tries to bring about marriages: લગ્નનો ભાંજગડીઓ;લગ્ન-વેવીશાળ કરાવનાર;મધ્યસ્થ.

Mate,(મેટ્)*n*.1.A companion:સાથી;સોબતી 2.A match;an equal:જોડીઓ;બરોબરીઓ. 3. An officer in a merchant vessel:વહાણનો અમલદાર.

Ma-teri-al,(મટી'રિઅલ્)*n*.[L.*materia*,matter.] The substance or matter of which anything is made:ચીજ;વસ્તુ.*a* 1 Consisting of matter; corporeal: પંચભુતનું બનતું; પંચભુતાત્મક; જડ. 2. Important:અગત્યનું;ભારે.3.Pertaining to physical nature of men:દૈહિક.**M.** *cause*:ઉપાદાન.

Ma-teri al-ism,(મટી'રિઅલિઝમ્)*n*.1.The doctrine of materialists:જડવાદ; અનાત્મમત-વાદ.

Ma-teri-al-ist, (મટી'રિઅલિસ્ટ્) *n*. One who denies the existence of spiritual substances:દેહાત્મવાદી;ચાર્વાકવિષયી;અનાત્મવાદી.

Ma-teri-al-ity,(મટી'રિઍલ્''ઇટિ)*n*.1.Material existence;corporeality:પંચભૌતિકભાવ;પંચભુતાત્મભાવ.

Ma-teri al-ly,(મટી'રિઅલિ)*adv*.1.In the state of matter:વસ્તુતઃ;પ્રકૃતિતઃ;તત્વથી.2.Essentially: અવશ્ય કરીને;અવશ્યરીતે.3.Substantially:વાસ્તવીક રીતે;પરમાર્થતઃ. [માતૃક;માતૃ સંબંધિ-ધર્મક.

Ma-ternal,(મટર્'નલ્)*a*.Motherly:માનું; મા તરફનું;

Ma-terni-ty,(મટર્'નિટિ)*n*.The state of being a mother:માપણું;માતૃત્વ.

Ma-the-matic al,(મૅથીમૅટ્'ઇકલ્) *a*. 1. Of or pertaining to mathematics; accurate:ગણિતશાસ્ત્ર સંબંધી;ગણિત સંબંધિ-વિષયક.

Mathematician,(મૅથીમૅટિ''શન)*n*. The one versed in mathematics:ગણિતશાસ્ત્રી.

Ma-the-matics,(મૅથીમૅટ્'ઇક્સ્)*n*.[L *manthano*, I learn.]The science which treats of magnitude and number:ગણિતશાસ્ત્ર;ગણિત.

Matin,(મૅટ્'ઇન્)*n*.[L.*maturus*,early.] Morning prayers or songs:પ્રભાતિઉં.

Matrass, (મૅટ્'રૅસ્) *n*. [L. *Matara*, pike.] A round-bottomed glass flask having a long neck:રસાયણના પ્રયોગ કરવાનું વાસણ.

Matrice,Matrix,(મૅટ્રિસ-ક્સ્)*n.pl.* **Matrices.**1.A womb:ગર્ભાશય;કમળ;ગર્ભસ્થાન.2.A mould;a type:બીબું;ઓટું.

Matri-cide,(મૅટ્'રિસાઇડ્)*n.*[L. *mater*, mother and *cædo*, I kill or slay.] 1. The murder of a mother by her son or daughter: માતૃઘાત. 2.One who kills his mother:માની હત્યા કરનાર.

Ma-tricu-late,(મૅટ્રિક્'યુલેટ્)*n.* [L *matricula*,a public roll or register.] The boy who is entered in the university: પાઠશાળામાં નામ નોંધાવી દાખલ થએલો વિદ્યાર્થી. *a.* One who has passed in the matriculation examination: મેટ્રીકની પરીક્ષામાં પાસ થએલો માણસ.

Ma-tricu-lation,(મૅટ્રિક્'યુલે''શન્)*n.*The state of being matriculated:મેટ્રિક્યુલેશન પરિક્ષા.

Mat-ri-moni-al,(મૅટ્રિમો'નિઅલ્)*a.*Connubial;nuptial:લગ્ન સંબંધી;વિવાહ સંબંધી;વૈવાહિક.

Matri-mo-ny,(મૅટ્'રિમોનિ)*n* [L.*mater*, mother.]1.Wedlock;marriage:ઘેરસંસાર;વિવાહ;શાદી.

Matron,(મૅ'ટ્રન્)*n.* [L. *mater*, mother.] 1. A wife or a widow especially one who has borne children:ઉતરતી વયની બૈરી-સ્ત્રી;પ્રૌઢા.

Matron-ly,(મૅ'ટ્રન્લિ)*a.*1.Advanced in years; elderly:ઉતરતી વયનું.2.Like a mother:માતુલ્ય.

Matross,(મૅટ્રૉસ્') *n.*A gunner or a gunner's mate:ગોલંદાજ.

Matter,(મૅટ્'અર્)*n.*[L. *mater*, mother.]1.(*a*) That of which anything is composed,material:પદાર્થ;દ્રવ્ય. (*b*)The essence; the pith:સાર; તત્વ.2.That of which the sensible universe and all existent bodies are composed:પ્રકૃતિ; ઉપાદાન;સાધન.3.Theme:વિષય;વાત. 4.Concern: કામ;વાત; વિષય. Significance: અગત્યતા. **M.** *of dispute*:વિવાદ વસ્તુ-વિષય.*vi.*To be of importance;to signify:ફીકર-ચિંતા હોવી.

Matter-y,(મૅટ્'અરિ)*a.*Purulent:પાચ-પરૂવાળું.

Matting, (મૅટ્'ઇન્ગ્)*n.* 1.The act of tangling together so as to make a mat:સાદડી કરવી તે.

Mattock,(મૅટ્'ટૉક્)*n.*An implement for digging and grubbing:ખરપિ;કદાળી.

Mattress, (મૅટ્'ટ્રેસ્)*n.* 1 A bed stuffed with hair;mass:સુજની;તળાઈ;ગોદડું ;રજાઈ.

Matu-rate,(મૅટ્યુ'રેટ)*vt.*1. [L.*maturus*, ripe.] To ripen:પકાવવું. 2.To promote the perfect suppuration of:પકવવું;-માં પરૂ કર.

Mat-u-ration,(મૅટ્યુરે'શન્)*n.* [L.*maturatio* a hastening.] 1. The process of bringing or coming to maturity:પરીપક્વપણું;પુખ્તપણું.

Ma-ture,(મૅટ્યુર્')*a.*[L.*maturus*,ripe.]1.Ripe; fullgrown:પુખ્ત;પરિપક્વ. 2. Pertaining to a condition of full development:પુખ્ત ઉમ્મરે આવેલું;પુખ્ત;વૃદ્ધ. *vt.* To bring to maturity;to ripen:પકવવું. *vi.*To become ripe:પાકું થવું.

Ma-turely,(મૅટ્યુર્'લિ)*adv.*1 In a mature manner;completely:પૂર્ણ રીતે.2.Deliberately:વિચારપૂર્વક;જાણી બુઝીને.

Ma-turi-ty,(મૅટ્યુર્'ઇટિ)*n.* Ripeness;full development:પરિપક્વતા;પૂર્ણતા;સિદ્ધિ;સંપૂર્ણતા.

Maul,(મોલ્)*n.*A heavy wooden hammer or beetle:મોગરી.*vt.*1.To beat and bruise with a heavy stick:મોગરીનો માર મારવો.

Maund,(મોન્ડ્)*n.*An Indian weight or measure:૨૫ રતલથી તે ૮૨ રતલ સુધીનું જુદા જુદા ઠેકાણાંનું તોલ;મણ.

Mau-so-leum,(મોસોલી'અમ્)*n.*[L.*Mausolus*,a king of Caria to whom his widow erected a stately monument.]A magnificent tomb: કબર; રોજો.

Maw, (મો)*n.* 1.An old game at cards:પત્તાંની અસલ રમત.2.A stomach:હોજરી;પશુનું પેટ;કોઠો.

Maxil-la-ry,(મૅક્સ્'ઇલૅરિ)*n.*[L.*maxilla*,a jaw bone.] 1. The upper or the lower jaw:જડબાનું;હાડકા સંબંધી.

Maxim,(મૅક્સ્'ઈમ્)*n.*[L.*maximus*,greatest.]1. Saying;proverb:નીતિ વચન-વાક્ય નિયમ;સૂત્ર.

Maxi mum,(મૅક્સ'ઇમમ્)*n.* [L. *maximus*,the greatest.] The highest number or quantity:સૌથી મોટી સંખ્યા-પરિણામ;ઉત્તમ સંખ્યા.

May,(મે)*imp.* **might.***vi.*An auxiliary verb: ઈચ્છા-મરજી ઇત્યાદિ દર્શક સહાયકારક ક્રિયાપદ છે.*n.*The fifth month of the year:અંગ્રેજી વરસનો પાંચમો માસ;મે;વૈશાખ-જેઠ. [માસનો પહેલો દીવસ.

May-day,(મે'ડે)*n.* The first day of May:મે

Mayor, (મેં'અર્)*n.* [L. *magnus*, great.] The chief magistrate of a city:કોટવાળ;હાકેમ.

Mayor-al-ty, (મેં'અરલ્ટિ) *n.* The office of a Mayor:કોટવાલનો હોદ્દો.

Mayor-ess,(મેં'અરેસ્)*n.*The wife of a Mayor: મેયોર-કોટવાળની સ્ત્રી. [હળી રંગ.

Mazarine,(મૅઝરીન્)*n.*Mazarine blue:ઘેરો વા-

Maze, (મેઝ્)*n.* 1.A wild fancy:વિચિત્ર કલ્પના વિચાર.2.Perplexity:ગુંચવણ;ચોરાશીનો ફેરો.

Maze,(મેઝ્)*vt.*To bewilder;to perplex greatly:ગુંચવવું;ગુંચવણમાં નાંખવું;આડેરસ્તે ચડવું.

Mazy,(મેઝ્'ઇ) *a.* Intricate;winding: ગલીકુંચીવાળું;ગુંચવણ ભરેલું;ગહન;કુટિલ. [as an object:મને

Me, (મી)*pro.* The person speaking regarded

Mead,(મીડ્)*n.*1.Meadow: ઘાસવાળી જમીન;બીડ. 2. A fermented drink made of water and honey with malt yeast, etc;hydromel:મધને પાણીનો દારૂ;મધપાણી.

Meadow,(મે'ડો)*n.*Any field on which grass is grown:ઘાસવાળી જમીન;બીડ.

Meagre,(મી'ગર્)*a.*[L.*macer*, lean.]Lean;thin:

પાતળું; ફીક્કું;કૃશ. 2. Destitute of richness or fertility or strength;poor;barren:રસ વિનાનું.

Meal,(મીલ્)*n.*1.A repast;the act or time of eating a meal:ખાણું;ભોજન;ખાવાનો વખત.

Mealy,(મીલ્'ઇ)*a.* Soft;dry;friable:નરમ;સુકું.

Mealy-mouthed,(મીલ'ઇમાઉધ્ડ્)*a.*Using soft words;plausible:શરમાળ;ગૌખું;દીનવદની.

Mean,(મીન્)*vt.* [L. *mens*,the mind.]1.To intend;to purpose:મનમાં હોવું;ઇરાદો રાખવો.2.To signify;to indicate:અર્થ બતલાવવો.*vi.*To have a purpose or intention:ઇરાદો હોવો. *a.*1.Vulgar:હલકું;નીચા કુળનું;નીચુ;અધમ. 2. Of little value; contemptible:હલકી કિમતનું;હલકું;તુચ્છ; નજીવું.3.Of poor quality:હલકું;ક્ષુદ્રક.4.Stingy: કંજુસ;મખ્ખીચુસ.*a.*[L.*medius*,middle.]1.Middle:મધ્યમ;મધ્ય;મધ્ય પરિણામનું.2.Average:સરાસરી;મધ્યમ. *n.*1.Medium:મધ્યપરિમાણ.2.A quantity having an intermediate value between several others:મધ્યમપદ.3.Necessary condition or coagent;instrument:ઉપાય;ઇલાજ-કારણ;કાર્યસાધક. 4. *pl.* Resources; income: દ્રવ્ય; દ્રવ્યબળ;દ્રવ્ય શક્તિ-સામર્થ્ય;શક્તિ-ગુંજાસ;આવક.*By all* **m.***s*,certainly:સર્વથા;સર્વ પ્રકારે.*By no* **m.***s*, not at all;certainly not:જરાએ નહિ;નહિજ.

Me-ander,(મીઍન્'ડર્)*n.*1.A winding & crooked course:વાંકફેર;વાંકી ચુંકી-સર્પાકારે ગતિ;વલણ *vt.*To wind, turn, or twist: ફેરવું.;વાંકુચુકુ કરવું. *vi.*To be intricate:સર્પાકારે વહેવું.

Meaning,(મીન્'ઇન્ગ્)*n.*1.Intent;purpose; object;aim:ધારણા;મતલબ;અભિપ્રાય;ઉદ્દેશ;હાર્દ;ભાવ. તાત્પર્ય;આશય.2.Sense;import:અર્થ;ભાવ;ખુલાસો.

Meanly, (મીન્'લિ) *adv.* Unworthily;basely; poorly:તોછડાઇથી;હલકાઈથી;અધમ બુદ્ધિથી.

Meanness,(મીન્નેસ્)*n.*1.Lowness;poorness; baseness:પાજીપણું;હલકાઇ;અધમતા;હીનતા.

Meantime,Meanwhile,(મીન્'ટાઇમ્-મીન્'વાઇલ)*adv.*In short time:એટલામાં;દરમ્યાન;મધ્યપદ.

Measled,(મી'ઝલ્ડ્) *a.*Infected with measles or leprosy:અછબડા-ઓરીવાળું.

Measur-a-ble,(મેઝ્'યુરૅબલ્) *a.* 1. Capable of being measured:માપી શકીએ એવું;પ્રમેય;પરિમેય.

Measure,(મેઝ્યર્)*n.* [L. *metior*, I measure.] 1. A standard of dimension:પરિમાણ;પ્રમાણ; માપ.2.An instrument by which size or quantity is measured: ભરવાનું વાસણ. 3. Estimated extent:માપ.4.A means to an end;an act designed for the accomplishment of object: ઉપચાર; સાધન; ઇલાજ. *To take* **m.***s*, to provide means:.બંદોબસ્ત કરવો.*To take one's* **m.**,to measure one: માપ લેવું. *vt.*To make a measurement:માપ કરવું-બનાવવું.

Measured,(મેઝ્'યર્ડ્)*a.*Uniform;graduated;limited:સરખું;એક સરખું;સમાન;નિયમસર.

Measureless,(મેઝ્'યુર્લેસ્) *a.* Boundless:બેસુમાર;અપરિમિત;અમર્યાદ;નિ:સીમ.

Measure-ment,(મેઝ્'યુર્મેન્ટ્)*n.*1. The act of measuring:માપવું તે.2.The extent,size, a mount or any quanity ascertained by measuring:માપ;માપણી;પરિમાણ.

Measur-er,(મેઝ્'યુરર્)*n.* One who measures: માપણી કરનાર;માપકર્ત્તા.

Meat,(મીટ્)*n.*1.Food in general:ખોરાક;અન્ન;ભક્ષ.2.The flesh of animals used as food:માંસ.

Me-chanic,(મેકૅન્'ઇક્)*n.*1.The art of the application of the laws of motion or force to construction: કારીગરી. 2. An artificer; an artisan:શીલ્પકાર;શિલ્પી.

Me-chanic,-cal,(મેકૅન્'ઇક્ ,-કલ્)*a.*[Gr.*mechane*,a machine.]1.Pertaining to mechanics or the laws of motion:યંત્રસંબંધી. 2. Of or pertaining to a machine:યંત્રનું. 3.Done without design or reflection:પોતાની મેળે ચાલતું -થતું. 4.Belonging to artisans:કારીગરનું. *The* **m.***powers*:યાંત્રિક શક્તિઓ.

Me-chanic-al-ly,(મેકૅન્'ઇકલિ)*adv.*In a mechanical manner:યંત્રશાસ્ત્ર પ્રમાણે;શરીર બળે.

Mech-an-ici-an,-Mechan-ist,(મેકૅનિશ્'અન,મે-ક'ઍનિસ્ટ્)*n.* One skilled in the theory of machines:યંત્રશાસ્ત્રમાં પ્રવીણ માણસ.

Me-chanics,(મેકૅન્'ઇક્સ્)*n.*The science which treats of the action of forces on bodies:યંત્રવિદ્યા;શિલ્પશાસ્ત્ર;શિલ્પવિદ્યા.

Mechan-ism, (મેક્'ઍનિઝ્મ્) *n.* The arrangements or the relation of the part of a machine:યંત્રની ગોઠવણી-રચના.

Medal,(મેડ્'અલ્)*n.*[L.*metallum*,metal.]A piece of metal stamped in honour of some person or event:ચાંદ.*vt.*To honour or reward with a medal:ચાંદ આપવો.

Medall-ist,(મેડ્'ઍલિસ્ટ્)*n.*A recipient of medals:ચાંદ લેનાર.

Meddle,(મેડ્'લ્)*vi.*[L.*misceo*,I mix.]1 To mix; to mingle:ભેગું થવું;મળવું;મળવું.2.To interpose in the concerns of others:કામ વગર વચ્ચે પડવું.

Meddler,(મેડ્'લર્) *n.* One who meddles:કામ વગર વચ્ચે માથું ઘાલનાર.

Meddle-some,Meddling,(મેડ્'લસમ્,મેડ્'લિંગ્)*a.*Given to meddling:માથું મારનાર.

Medi-al,(મીડિઍલ્)*a.*Mean;of or pertaining to a mean:વચલું;અડસટો દેખાડતું.

Medi-ate,(મીડિએટ્)*a.* [L.*mediatus*,to be in the middle.]1. Middle:મધ્યમ. 2. Acting by means:વચ્ચે આવેલું.*vi.*1.To be in the middle: વચમાં હોવું.2.To interpose:મધ્યસ્થ થવું;વચ્ચે પડવું. *vt.*1.To effect by mediation:મધ્યસ્થ થઇ કરાવવું.

Me-di-ation,(મીડિએ'શન) *n.*Interposition; intervention:વચ્ચે પડવું તે;મધ્યસ્થગિરિ.

Medi-at-or,(મી'ડિએટર્)*n.*One who mediates: વચ્ચે પડનાર:મધ્યસ્થ;મધ્યવર્તી.

Medic-al,(મેડ્'ઈકલ્)*a.*[L.*medeo*,I heal.]1.Of or pertaining to the science of medicine: વૈદકનું-સંબધી;વૈદકવિષયક. 2.Medicinal:ઔષધવાળુ.

Me-dica-ment,(મેડિક્'અમેન્ટ્)*n.*Medicine:દવા.

Medic-ate,(મેડ્'ઈકેટ્)*vt.*1.To drug:ઓસડના ગુણ આપવા;ઔષધની સાથે મિશ્રણ કo.

Me-dicin-al,(મેડિસ્'ઈનલ્)*a.*Having curative properties: ઓસડના ગુણવાળું; રોગહારી;ગુણકારી.

Me-dicin-al-ly,(મેડિસ્'ઈનલિ)*adv.*In a medicinal manner:ઔષધના ગુણથી.

Medi-cine,(મેડ્'સિન-મેડ્'ઈસિન) *n.* [L.*medicus*, curing or healing.] 1. The science which relates to the prevention or cure of disease:વૈદકશાસ્ત્ર;વેદક;આયુર્વેદ.

Medi-eval,(મીડિઈ'વલ્)*a.*[L.*medius*,middle & *ævum*, an age.] Pertaining to the middle ages:મધ્યકાળનું-સંબંધી;મધ્યકાલિક.

Medi-o-cre,(મી'ડિઓકર્)*n.*[L.*medius*,middle.] A mediocre person:સાધારણ માણસ.

Me-di-ocri-ty,(મીડિઑક્'રિટિ) *n.* [L. *medius*, middle.]1.A middle state:મધ્યમ દશા.

Medi-tate,(મેડ્'ઈટેટ્)*vi.*To keep the mind in a state of contemplation;to muse:ધ્યાન ધરવું. *vt.*1.To contemplate:મનન-ધ્યાન કo.

Medi-tated,(મેડ્'ઈટેટેડ્)*a.*Intended:ધારેલું.

Medi-tation,(મેડિટે'શન)*n.*1.The act of meditating:ધ્યાન;ચિન્તન;મનન.

Medi-tat-ive,(મેડ્'ઈટેટિવ્)*a.*Disposed to meditate or to meditation:ચિન્તન-મનન-કરતું;ધ્યાની.

Medi-te-rrane-an.(મેડ્'ઈટરે'નીઍન) *a.* [L. *medius*,middle and *terra*,land.]1.Of or pertaining to the mediterranean sea: ભૂમધ્ય સમુદ્રનું.

Medi-um,(મી'ડિઅમ્)*n.* [L.*medius*,middle.]1. Intervening body:ઠામ;આવવા જવાની જગા. 2. Mean:મધ્યમપદ.3.Necessary means:સાધન.

Medley,(મેડ્'લિ)*n.* 1. A mixture; a jumble; hodgepodge:ભેળસેળ;મેળવણી;પંચમેળ;ખીચડો.

Meed,(મીડ્)*n.*1.Reward:બદલો;ઈનામ.

Meek,(મીક્)*a.*1. Mild of temper:ગરીબ;સાલસ.

Meekness,(મીક્'નેસ્)*n.* The quality or state of being meek:ભલમનસાઇ;વિનય;ગરીબી;દીનતા.

Meerschaum,(મીર્'શમ્) *n.* 1. A fine white claylike mineral:સમુદ્રફીણ;ખનીજ વસ્તુ.

Meet,(મીટ્)[*imp* & *p.p.***met.**]*vt.*1.To join or to come in contact with:સામા મળવું-આવવું;-ને મળવું. 2.To come up to:પ્રાપ્ત થવું;પુરૂ પડવું; કામ લાગવું.*To* **m.***with*,to find:જોવું;મળવું. To suffer unexpectedly:થવું;આવી પડવું; પામવું.*n.* **1.** Assembly of huntsmen for the hunt:શીકાર કરવાને માટે એકઠું થએલું શીકારીઓનું ટોળું. 2. The place of meeting:ભેગા થવાનું સ્થળ.*a.*Fit;proper:લાયક;યોગ્ય.

Meeter,(મીટ્'અર)*vt.*To suit:યોગ્ય-લાયક કo.

Meeting,(મીટ્'ઇંગ્) *n.* **1.** A congregation; a collection of people:સભા; મંડળી;બેઠક;મિજલસ;મેળો.

Meetly,(મીટ્લિ)*adv.* Fitly:ઉચિત;યોગ્ય રીતે;ઠીક.

Meetness,(મીટ્'નેસ્)*n.*Fitness:યોગ્યતા;લાયકી.

Megrim,(મી'ગ્રિમ્)*n.*[Gr.*Hemi*,half & *kranion*,the skull.]1.A kind of sick or nervous headache on one side of the head:આધાશીશી;આદોશી.

Melan-chol-y, (મેલ્'ઍન્કોલિ) *n.* [Gr. *melan*, black and *chole*, bile.] **1.** Deep dejection: ખિન્નતા;દિલગિરી.2.Great and continued depression of spirits:ખેદ;પશ્ચાતાપ.

Me-lee,(મેલે)*n.*An affray:ઝપાઝપીની લડાઈ.

Melior-ate,(મીલ્'યોરેટ્)*vt.*[L. *melior*,better.] To improve:સુધારવું;સારૂ-દુરસ્ત કo.*vi.*To grow better:સારૂ થવું;સુધરવું.

Me-llifer-ous,(મેલિફ્'અરસ્)*a.*[L. *mel*,honey and *ferro*,I bear.]Producing honey:મધ પેદા કરવું.

Me-lliflu-ous,(મેલિફ્'લુઅસ્)*a.*[L.*mel*,honey *fluo*,I flow.]Flowing as with honey;sweet: મધુર;મીઠું;અમૃતસ્ત્રાવી.

Mellow,(મેલ્'લો)*a.*1.Soft or tender by reason of ripeness:બરોબર પાકેલું;નરમ. 2.Slightly intoxicated:પીધેલ.3.Soft to the taste:મીઠું.*vt.* To make mellow:પકવવું. *vi.*To become mellow:પાકવું.

Mellow-ness,(મેલ્'લોનેસ્)*n.*Quality or state of being mellow:નરમાશ;પકવતા;પરિપકવદશા.

Me-lodi-ous,(મેલો'ડિઅસ્)*a.*Musical:મધુર.

Melo-dize,(મેલ્'ઓડાઇઝ્)*vt.*To make melodious;to form into melody:મધુર-મિઠું-સુસ્વર કo.

Melo-dy,(મેલ્'ઑડિ)*n.*[Gr.*melos*,a tune *ode* a song.]1.A sweet or agreeable succession of sounds:મધુર સ્વરનો ક્રમ;મધુર લાગે એવો સ્વર.

Melon,(મેલ્'ઑન)*n.*[Gr. *melon*, an apple.]A juicy fruit of certain cucurbitaceous plant: ખારૂં;કાકડી;ખડબુચ;તડબુચ.*Musk* **m.**ટેટી. *Water* **m:** કાલિંગડી;તડબુચી.

Melt,(મેલ્ટ્)*vt.*1.To liquefy:ગાળવું;ઓગાળવું.*vt.* 1.To be changed from a solid to a liquid state by heat:દેવતાના જોરથીપાણી થઇજવું;પીગળવું.

Member,(મેમ્'બર્)*n.*1.A part of the animal body;a limb:શરીરનો ભાગ;અવયવ.**2.**A part of a whole,as a clause;a part of a verse:ભાગ.

3.One of a community, assembly,&c.:ટોળી-મંડળીમનિો એક માણસ;સભાસદ

Member-ship,(મેમ્'બર્શિપ્)n.1. The state of being a member:સભાસદપણું.

Membrane,(મેમ્'બ્રેન્) n. [L. *membrum,* the skin.]A thin skin which is inside:માંહેલી પાતળી ચામડી-ત્વચા.

Membran-ous, (મેમ્'બ્રનસ્) a. Resembling membrane:અંદરની પાતળી ચામડી જેવું નું.

Me-mento,(મીમેન્'ટો)n.A hint; suggestion;a token to awaken memory:સંભારણું;યાદગીરી.

Memoir,(મેમ્'ઑઇર્,મેમ્'વાંર્)n.1.A memorial account:વૃત્તાન્ત.2.A biography:જન્મચરિત્ર;વૃત્તાન્ત.

Memor-a-ble,(મેમ્'ઑરેબલ્)a.[L.*memor*,mindful.] Worthy to be remembered; remarkable:યાદ રાખવા લાયક;સ્મરણ યોગ્ય;પ્રખ્યાત;સુપ્રસિદ્ધ.

Mem-ar-andum,(મેમૉરૅન્'ડમ્)n.1.A note to help the memory:સ્મરણ પુસ્તક;યાદ;ટીપ;નોંધ.

Me-mori-al,(મેમૉ'રિઍલ્)n.[L.*memor*, mindful.]1. Anything intended to preserve the memory of a person or event:યાદગીરી;સંભારણું. 2.A written representation of facts; a petition:અરજી;વિનંતિ પત્ર. 3.A species of informal state paper much used in negotiation:માનપત્ર.a.1.Serving to preserve remembrance:સ્મારક;સ્મૃતિજનક.

Me-mori-al-ist,(મેમૉ'રિઍલિસ્ટ્)n.1.One who writes or signs memorial:અરજદાર;અરજ કરનાર.2.Biographer:જન્મચરિત્ર-વૃત્તાંત લખનાર.

Me-mori-al-ize,(મેમૉ'રિઍલાઇઝ્)vt.To address or petition by a memorial:અરજ આપવી-ક૦.

Memor-ize,(મેમ્'ઑરાઇઝ્)vt.[L.*memor*,mindful.] 1.To record:યાદ ક૦,નોંધવું;ટીપ ક૦. 2. To commit to memory:યાદ દેવડાવવું-કરાવવું.

Memo-ry,(મેમ'ઑરિ)n.[L.*memor*,mindful.]1. The faculty of the mind by which it retains the knowledge of previous thought:સ્મૃતિ;યાદદાસ્ત.2.Remembrance of the past ideas:ગએલાવખતનીયાદગીરી;સ્મરણ.3.The time within which past events can be remembered:સ્મરણકાળ;સ્મરણ;યાદ.*To commit to* **m.**:મ્હોડે-પાઠ ક૦; કંઠે-જીભ્હાગ્રે ક૦. [માણસો.

Men,(મેન્)n.(*Pl.of* **man.**)Persons:આદમીઓ;

Menace,(મેન્'એસ્)n.[L. *minaciæ,* I threat.] A threat or threatening:ધાક;દહેશત;બીક;ભય;ધમકી.vt.To threaten:ધાક આપવી. vi.To act in a threatening manner:ધમકીથી વર્તવું.

Menac-ing,(મેન્'એસિન્ગ્)a.Full of threatening:ભય-દહેશત ભરેલું.

Menage,-rie,(મેનાંઝ,મેનૅજરિ)n.A place where animals are kept and trained:પશુને રાખવાની જગ્યા.

Mend,(મેન્ડ્)vt.1.To repair:સમારવું;દુરસ્ત ક૦;ઠીક ક૦.2.To correct:સુધારવું. vi. To grow better: સુધરવું;વધારે સારૂ થવું.

Men-dacious, (મેન્ડે'શસ્) a. [L. *mendax,* lying.]1. Given to deception or falsehood; lying:અસત્યવાદી;જુઠો;ખોટું-જુઠું બોલનાર.

Men-daci-ty,(મેન્ડૅસ્'ઇટિ)n.A falsehood: જુઠું.

Mendi-can cy,Men-dici-ty,(મેન'ડિકૅન્સિ,મેન્ડિસ્'ઇટિ)n.Beggary;begging:ભિક્ષાવૃત્તિ;કંગાલી.

Mendi-cant,(મેન'ડિકૅન્ટ્)n.[L.*mendico*,I beg] A beggar;a begging friar:ભીખારી;ભીખ માગનો સાધુ.*A religious* **m.**:સાધુ; અતીત. a. Begging; living on alms:ભીખ માગતું.

Meni-al,(મી'નિઍલ્)n.[L.*maneo*,I dwell.]1.A domestic servant or retainer:ઘરનો ચાકર.a.1. Serving;performing servile office:ચાકરનુંસંબંધી.

Menses,(મેન્'સીઝ્)n.(*pl.*)[L.*mensis*,month.)A periodical flow of blood from the uterus: અટકાવ;ઋતુપ્રાપ્તિ;દસ્તાન;ઓપટી;આભડછેટ;રજ.

Menstru-al,(મેન્સ્ટ્રૂઅલ્)a.Of or pertaining to a menses:દસ્તાનને લગતું.

Menstru-ate,(મેન્સ્ટ્રૂએટ્)a.Menstruous:રજસ્વલા;અટકાવવાળી;અભડાયેલી. vi. To discharge the menses:દસ્તાન-ઓપટી આવવી.

Menstru-ous,(મેન્'સ્ટ્રૂઅસ્)a. 1. Menstruating;having the monthly flow or discharge: રજસ્વલા;અટકાવવાળી;માથે થએલી;ઋતુમતી.

Mensu-ra-ble,(મેન્'સ્યૂરેબલ્)a.[L.*mensuro*,I measure.]Measurable:મપાય તેવુ;માપવા જોગ.

Men-su-ration,(મેન્સ્યૂરે'શન્)n. The act or process of measuring:માપવું તે;માપણી;માપકરણ.

Mental (મેન્'ટલ)a.[L.*mentum*,the chin.]1.Of or pertaining to the chin; genian:હડપચીનું. [L.*mens,mentis*,the mind] 2. Intellectual; pertaining to the mind:માનસિક;મનનું;મનોગત.

Mental-ly,(મેન્'ટલિ) adv. Intellectually:મનમાંથી;બુદ્ધીથી.

Mention,(મેન્'શન્)n.[L.*mentio*,I remember] A speaking in a brief manner:ટુંકામા બોલવું તે. vt.To make mention of:કહેવું;બોલવું; નામ કહેવું.

Mentor,(મેન્'ટૉર્)n.A wise and faithful advisor or monitor:ડાહ્યા સલાહકારી;મંત્રી;ઉપદેશક.

Me-phitis,(મિફાઈ'ટિસ્)n. [L. *mephitis,* an ill smell.]Noxious air;poisonous air:દુર્ગંધ;ઝેરીહવા.

Mercan-tile,(મર્'કૅન્ટાઈલ્)a.[L.*mercor*,I buy] Commercial:વેપારનું-સંબંધી;વ્યાપાર સંબંધી.

Merce-na-ry,(મર્'સેનૅરિ)n.[L. *merces*,hire.]A soldier hired into foreign service:પગાર લઈને પરરાજ્યની નોકરી કરનાર સીપાઇ.a.1.Hired;venal; acting for reward:પૈસા લઈ કામ કરનાર;લાલુતી.

Mercer,(મર્'સર્)n.[L.*merx,mercis*,merchandise.]A dealer in silk and woolen cloth:રેશમી અને ઉનના કાપડનો વેપારી.

Merchan-dise,(મર્'ચૅન્ડાઈઝ્)*n.*Wares;goods; commodities:વેપારની ચીજ;માલ; વેપાર. *vt.* To trade:વેપાર કરવો. *vt.* To buy and sell:વેચાણ ખરીદ કરવું.

Merchant,(મર્'ચૅન્ટ્)*n* [L.*mercor*,I buy.]1.A trader:વેપારી;સોદાગર;શાહુકાર;વાણીઓ. 2.A trading vessel:વેપારી વહાણ.

Moss, (મૉસ્) *n.* A bog; a place containing morass:સાલ;શેવાળ;શેવાળવાળી જગો.*vt.*To cover or overgrow with moss:શેવાળ-લીલ ચઢાવવી.

Mossy,(મૉસ્'ઇ)*a*1.Over-grown with moss: લીલવાળું,ચઢેલું.2.Resembling moss:લીલના જેવું.

Most,(મૉસ્ટ્)*n.* Greatest number:મોટામાં મોટી સંખ્યા. *a.*Nearly all:સહુથી ઘણું-વધારે;ઘણુંખરું. *adv.*In the highest degree:ઘણું કરીને.

Mostly,(મૉસ્ટ્લિ)*adv.*Chiefly:ઘણું કરીને.

Mote,(મોટ્) *n.* 1.A meeting of persons for discussion:વાદવિવાદ કરનારી સભા. 2. A small particle:અણુ;કણ;રજ;લેશ.

Moth,(મૉથ)*n.*An earth-worm:પતંગીઉ.

Mother,(મધ્'અર્)*n.* [L. *mater*,mother.]1. A female parent:મા;બા;માતા;માડી; જનની.*Foster* **m.**:ઉપમાતા.2. That which has produced or nurtured anything: ઉત્પત્તિસ્થાન. 3. An old woman or matron:જી;માડી.

Mother-in-law,(મધ્'અરઇનલૉ)*n.*The mother of one's husband or wife:સાસુ.

Mother-less,(મધ્'અર્લેસ્) *n.* Having lost a mother:નમાયું;મા વગરનું.

Mother-ly,(મધ્'અર્લિ)*a.*Tender;maternal:માનું-સરખું;માતૃસંબંધી;માતૃસદૃશ [ore:મોતીની સીપ.

Mother-of-pearl, (મધ્'અર્ઑવ્"પર્લ્)*n.* Na-

Motion,(મો'શન્)*n.* [L.*moveo*,I move.]1.The act or process of changing place:ગમન;હાલચાલ.2.Power of or capacity for,motion: ચલનવલન.3.Course:ગતી; ચાલ. 4. Change in the relative position of the parts of anything:યંત્રમાં ફેરફાર;ગતિ.5. Movement of the mind:મનોવિકાર.6.A proposal made:દરખાસ્ત. 7.Trait:ચાલવાની રીત;ઢબ.8 The effect of impulse:વિચાર;બુદ્ધી;વાસના. 9.A stool:ઝાડો; દસ્ત. *vi.*To make a sign:ઇસારત કરવી.*vt.*To propose;to move:દરખાસ્ત કo.

Motion-less,(મો'શનલેસ્)*a.*Without motion; being at rest: સ્થિર;નિશ્ચળ;સ્તબ્ધ;નિશ્ચેષ્ટ;ગતિહીન.

Motive,(મો'ટિવ્)*n.* [L.*motum*,moved.]1.That which incites action;cause;reason:કારણ;નિમિત્ત.2.A theme or subject: વિષય;બાબત. *a.* Causing motion:પ્રવર્તક;પ્રયોજક.

Motley,(મૉટલિ) *a.* A combination of different colors:પચરંગી;ચિત્ર વિચિત્ર-તરેહવાર રંગનું.

Motor,(મો'ટર્)*n.*1.One who imparts motion: ચલાવનાર.2.A prime mover:ચલાવનાર શક્તિ.

Motto,(મૉટ્ટો)*n.*A sentence;phrase prefixed to an essay, chapter,canto,etc:વાક્ય;વચન;મથાળે લખેલું વાક્ય;મુદ્રાલેખ.

Mould,(મોલ્ડ)*n.*1. Earth;soil:માટી; ભોંય. 2. The matrix in which anything is cast:બીબું; સાંચો.3.Cast;figure;form:ઢાળ; ઘાટ;ડોળ. *vt.* 1. To form:ઘડવું.2.To knead:મર્દન કo.*vi.*To get mouldy:ફુગ-ફુગ વળવી.

Mound,(માઉન્ડ્)*n.* [L.*manus*,the hand.]1. A raised bank;a bulwark:બાંધ;પુસ્તો.2.A hill; ટેકરી.*vt.*To fortify with a mound:બાંધ કરી લેવો;

પુસ્તો ક૦.

Mount,(માઉન્ટ્)*n.* [L. *mons,montis*,a mountain.]1. A mountain:પર્વત. 2. A horse:ઘોડો. *vi.*1.To go up;to ascend:ઉપર ચઢવું; ફડવું; ઉંચે જવું.2.To get upon anything:(ઘોડા)ઉપર ચઢવું-બેસવું. *vt.* 1.To get upon;to climb:ઉપર ચઢવું; ઉંચે જવું.2.To bestride:ચઢવું;પલાણવું.3.To furnish with horses:ઘોડા પુરા પાડવા. 4.To raise aloft:ઉંચું કરવું.

Mountain,(માઉન્'ટેન્) *n.* [L. *mons,* a mountain.]A very high hill:પર્વત;ડુંગર;પાહાડ.

Moun-tain-eer, (માઉનટિનીર્') *n.* One who lives among mountains:પાહાડી માણસ;પાહાડી.

Mountain-ous, (માઉન્'ટિનસ્) *a.* Full of mountains:પાહાડી;પાહાડવાળું;પર્વતમય;પર્વતીય.

Mounte-bank, (માઉન્'ટિબૅન્ક્) *n.* A quack doctor:ઢોંગી વૈદ;નાકકાનનો વૈદ;ઉંટ વૈદ.

Mounted, (માઉન્ટ્'એડ્) *a.* Seated on horseback:ચઢેલો;બેઠેલો;આરૂઢ;સ્વાર થયેલો.

Mounting, (માઉન્ટ્'ઇંગ્) *n.* The act of one that mounts:આરોહણ;ઉર્ધ્વગમન;અવરોહણ.

Mourn,(મોર્ન્)*vi.*1.To lament;to grieve:શોક કરવો-પાળવો. 2.To wear mourning:શોકનાં કપડાં પહેરવાં. *vt.*To utter in a mournful voice:શોકાતુર અવાજે બોલવું;દુઃખ-ખેદનો ઉચ્ચાર ક૦.

Mourner,(મોર્ન્'અર્)*n.* 1. One who mourns: શોક પાળનાર-કરનાર;રડનાર.2.One who attends a funeral:શોકનાં લુગડાં પહેરી ડાઘુમાં જનાર;ડાઘુ;સુતકી.

Mournful,(મોર્ન્'ફુલ્)*a.*Full of sorrow:ખિન્ન; દિલગીર;ખેદયુક્ત;દુઃખકારક; દુઃખપ્રદ; ખેદસૂચક.

Mourning,(મોર્નીંગ્)*n.*1. Lamentation:શોક; દીલગીરી;દુઃખ;વિલાપ;ઉદ્વેગ.2.Garb:શોકનાં લુગડાં *a.*1.Sorrowing:શોક કરતું.2.Employed to express sorrow:દીલગીરી કરતું-દેખાડતું.

Mouse,(માઉસ્)*n.*1.The common house mouse:ઉંદર;મૂષક.2.A match used in firing guns: બંદુકની જામગીરી.

Mouser, (માઉસ્'અર્) *n.* A cat that catches mice:ઉંદર પકડનારી બિલાડી. [ઉંદરવાઈ;કાળવાઈ.

Mouse-trap,(માઉસ્'ટ્રૅપ્)*n.*A trap for mice:

Mouth,(માઉથ્)*n.*[L.*mando*,I chew.]1. The opening through which an animal receives food:મ્હોડું;મુખ.2.Orifice:દ્વાર. (*a*)The entrance of a well:કુવાનું મ્હોડું.(*b*)The opening of a river:નદીનું મુખ. (*c*) The entrance into a harbor:બંદરનું બારૂ.3.A principal speaker: આગેવાન;મુખ્યનાયક. *Down in the* **m.**,depressed:દુઃખી થએલો. **M.***friend*:નામનો મીત્ર. *To spot the* **m.**,to put to shame:શરમાવી નાંખવું. *To be down in the* **m.**:મોં ઉતરી જવું-લેવાઈ જવું. *To be in every boy's* **m.**:ની ચર્ચા બધે ચાલવી. *vt.*1.To chew: ચાવવું; ચીરી ખાવું. 2. To make mouths at:મ્હોં મરડવું;ચાળા પાડવા;દાંતીઆ ક૦.

Mouthful,(માઉથ્'ફુલ્)*n.* As much as is usually put into the mouth at one time:કોળીઓ;બુકો;ગ્રાસ.(*liquid.*)ઘુંટડો.

Mouthpiece,(માઉથ્'પીસ્)*n.*1.The part of a musical instrument to which the mouth is applied in using it:મ્હોડેથી વગાડવાનું વાજું. 2. A spokes-man: બીજાની વતી બોલનાર માણસ.

Mova-ble, (મૂવ્'અબલ્) *a.* Susceptible of motion:જંગમ; એક જગોએથી બીજી જગાએ ખસેડી શકાય તેવું.**M.**&*immovable*:સ્થાવર જંગમ.

Mova-bles,(મૂવ્'અબલ્ઝ્)*n.* (*Pl.*)Wares;property:જંગમ માલ મિલ્કત;માલમતા.

Move,(મૂવ્)*n.*[L.*moveo*,I move.]1.The act of moving:ખસેડવું તે.2.A step:પ્રારંભ;મંડાણ. *To make a* **m.**(*a*)to take some action:કાંઇ પગલું ભરવું. (*b*)To *move* apiece: ચાલ ચાલવી;દાવ ખેલવો. *vt.* 1.To cause to change place in any manner:ચલાવવું;ખસેડવું.2.To excite:ઉશ્કેરવું.3. To touch pathetically: દયા ઉત્પન્ન ક૦. 4. To propose:દરખાસ્ત કરવી.5.To persuade:મન મનાવવું.*vi.*To change posture:જગ્યા બદલવી.

Movement,(મૂવ્'મેન્ટ્)*n.*1. The act of moving:ચલનવલન;સ્થલાંતર. *Military* **m.**:કવાયત.2. Emotion:મનોવિકાર. 3.Agitation:ગભરાટ;ક્ષોભ; વેગ;કંપ.

Mover,(મૂવ્'અર્)*n.*1.A person or thing that moves:હલાવનાર;ગતિ આપનાર;ખસેડનાર. 2.One who or that which excites:કારણજનક; હૃદયવેધક. 3. A proposer:દરખાસ્ત કરનાર; વિચાર-વાત કાઢનાર. [ner:દયા ઉત્પન્ન કરે એવી રીતે.

Moving-ly,(મૂવ્'ઇંગ્-લિ)*adv.* In a moving man-

Mow,(મૉ) *n.* [L.*metere*,to reap.]The place where hay is stowed: ઘાસ ખડકવાની જગ્યા; વાડો.*vt.*& *vi.*1.To cut grass:ઘાસ કાપવું. 2. To cut down indiscriminately: કતલ કરવું.

Much,(મચ્) *n.* A great deal;a great quantity:બહુ;પુષ્કળ,ઘણું.*To make* **m.** *of*,to treat as of special value or worth: બહુ કરીને માનવું; લાખઘણું-માનવું-ધારવું.*a.*Great in quantity:બહુ; ઘણું;પુષ્કળ;અતિશય;અત્યંત.

Mucid,(મ્યૂ'સિડ્)*a.* Musty;moldy:ફુગ ચઢેલું.

Muci-lage,(મ્યૂ'સિલેજ્)*n* [L.*mucilo*,a musty juice.]1.A gummy substance produced in certain plants:ચીકણી વસ્તુ;ચીકાશ 2.Gum:ગુંદર.

Muck (મક્)*n.*1. Dung;manure:છાણ; ખાતર. 2. Money(in contempt):પૈસો;નાણું.*a.*Like muck:ગાંડાની પેઠે.*vt.*To manure with muck: ખાતર પુરવું.

Muck-worm,(મક્'વર્મ્) *n.* A larva or grub that lives in manure:છાણ-ખાતરમાંનો કીડો.

Mucous,(મ્યૂ'કસ્)*a.*1.Secreting a slimy sub-

stance: કફ પેદા કરનાર.2.Slimy: ચીકણું. Mucus n. A viscid fluid secreted by mucous membranes: મળ; શ્લેષ્મ; ળ્ળસ; આમ.

Mud, (મડ્) *n.* Earth and water mixed so as to be soft and adhesive: કાદવ; ક્ચરો; કીચડ. *vt.* To bury in mud: કાદવથી છાંટવું.

Muddle, (મડ્'ડલ્) *n.* Dullness: સુસ્તી; બેશીકરાપણું. *vt.* 1. To make muddy: મેલું-ગંદું કરવું. 2. To intoxicate: કેફ ચઢાવવી; ઢેરી કરવું.

Muddy, (મડ્'ડિ) *a.* Abounding in mud: કાદવવાળું. *vt.* To soil with mud: મેલું કરવું; ડહોળી નાખવું.

Muff, (મફ્) *n.* 1. A glove of fur for women: રૂંવાંવાળા ચામડાનું શીયાળાને સારૂ બનાવેલું સ્ત્રીના હાથનું મોજું. 2. A stupid fellow: બેવકૂફ છોકરો; મૂર્ખો. *vt.* To fail to hold: ઝીલતાં નિષ્ફળ જવું.

Muffle, (મફ્'અલ્) *n.* 1. The bare end of the nose: નાકની અણી. 2. A glove: હાથનું મોજું. 3. A pulley block containing several sheaves: ચરખડીનું પાટિયું. *vt.* To wrap: વિંટાળવું.

Mug, (મગ્) *n.* Drinking cup: પ્યાલું; પવાલું; મગ.

Muggy,-Muggish, (મગ્'ઇ-મગ્'ઇશ્) *a.* Moist; damp: ભીનું; હવાએલું.

Mu-latto, (મ્યુલૅટ્'ટો) *n.* The offspring of a negress by a white man or of a white woman by a negro: જેની મા સીદણ અને બાપ ગોરો અથવા મા ગોરી અને બાપ સીદી હોય તેવું છોકરૂં.

Mulbe-rry, (મલ્'બેરિ) *n.* [L. *morum*, mulberry.] 1. The tree: સેતુરનું ઝાડ. 2. The fruit: સેતુર.

Mulct, (મલ્ક્ટ્) *n.* [L. *mulcto*, I fine.] 1. A fine: દંડ. 2. A blemish or defect: ભૂલ; ચુક. *vt.* 1. To fine: દંડ કરવો. 2. To deprive of: ખુંચી લેવું.

Mule, (મ્યુલ્) *n.* [L. *mulus*, mule.] 1. A hybrid animal: ખચ્ચર. 2. A very stubborn person: હઠીલો-જીદ્દી માણસ.

Mul-et-eer, (મ્યુલેટીર્) *n.* One who drives mules: [ખચ્ચરવાળો-હાંકનાર.

Mulish, (મ્યુલ્'ઇશ્) *a.* Like a mule: ખચ્ચર જેવું; દુરાગ્રહી. [લમલ.

Mull, (મલ્) *n.* A thin soft kind of muslin: મ-

Mull, (મલ્) *n.* 1. A promontory: ઉંચી ભુશીર. 2. A snuff box: છીંકણીની દાબડી. *vt.* 1. To powder: ભુકો-ચૂર્ણ ક૦. 2. To dull or blunt: ખરાબ ક૦; બુટ્ઠું ક૦.

Mul-ti-fari-ous-form, (મલ્ટિફૅ'રિઅસ્-ફૉર્મ) *a.* [L. *multus*, many & *fero*, I bear.] Of various kinds; manifold: નાનાવિધ; અનેક પ્રકારનું; જાતજાતનું.

Mul-ti-formity, (મલ્ટિફૉર્'મિટિ) *n.* Diversity of forms: બહુરૂપીપણું; અનેકરૂપવાળું હોવું તે; બહુ વિધતા.

Mul-ti-nomi-al, (મલ્ટિનો'મિઅલ્) *a.* [L. *multus*, & *nomen*, a name.] Having many names: અનેક નામવાળું; બહુનામક; બહુસંજ્ઞક.

Multi-ped, (મલ્'ટિપેડ્) *n.* [L. *multus*, many & *pes, pedis*, a foot.] An insect having many feet: બહુ પગી જાનવર; કાનખજુરો. *a.* Having many feet: ઘણા પગવાળું; બહુપગી.

Multi-ple, (મલ્'ટિપલ્) *n.* [L. *multus*, many & *plico*, I fold.] A quantity containing another quantity a number of times without a remainder: અપવર્ત્ય; ગુણાકાર. *The least common m.*: લઘુતમ. *a.* Manifold; repeated many times: વધારે સંખ્યાનું; બહુ પ્રકારનું.

Multipli-a-ble, (મલ્'ટિપ્લાઇઅબલ્) *a.* Capable of being multiplied: ગુણવા જેવું.

Multi-pli-cand, (મલ્'ટિપ્લિકૅન્ડ્) *n.* The number which is to be multiplied by another number: ગુણ્ય; ગુણ્યાંક.

Multi-pli-cation, (મલ્'ટિપ્લિકે"શન્) *n.* The act of multiplying: વૃદ્ધિ; વર્ધન. 2. The process of repeating any given number or quantity a certain number of times: ગુણાકાર; ઘાત.

Mul-ti-plici-ty, (મલ્ટિપ્લિસ્'ઇટિ) *n.* A state of being many; a multitude: પુષ્કળતા; બહુપણું.

Multi-pli-er, (મલ્'ટિપ્લાઇઅર્) *n.* One who multiplies or increases number: વૃદ્ધિ કરનાર; ગુણક; ગુણકાંક; પૂરક.

Multi-ply, (મલ્'ટિપ્લાઇ) *vt.* 1. To find the product of: ગુણવું; ગુણાકાર ક૦. 2. To increase in number: વધારવું-વધારો ક૦.

Multi-tude, (મલ્'ટિટ્યૂડ્) *n.* [L *multus*, many.] An assembly; a crowd: ઝુંડ; ટોળું; વૃંદ.

Mum, (મમ્) *n.* A sort of strong beer: જવનો દારૂ.

Mumble, (મમ્'બલ્) *vi.* 1. To mutter: અસ્પષ્ટ બોલવું. 2. To chew with closed lips: હોઠ બીડીને ખાવું-ચાવવું.

Mummer-y, (મમ્'અરિ) *n.* 1. Masking: મુખવટો પહેરીને કીધેલો ખેલ. 2. Farcical show: ખાલી ભપકો.

Mummi-fy, (મમ્'ઇફાઇ) *vt.* To embalm & dry as a mummy: મુડદામાં સુગંધીદાર મસાલો ભરવો.

Mummy, (મમ્'ઇ) *n.* A dead body embalmed and dried after the manner of the ancient Egyptians: ખુશબોદાર પદાર્થ ભરીને રાખેલું-પ્રેતમુડદું.

Mumps, (મમ્પ્સ્) *n.* Sullenness: ચીડીઆપણું.

Mundane, (મન્'ડેન્) *a.* [L. *mundus*, the world.] Worldly; earthly: આલોકનું; ઐહિક; સાંસારિક.

Mungoose, (મન્'ગુસ્) *n.* A species of ichneumon: મંગુસ; નોળીઓ.

Mu-nici-pal, (મ્યુનિસ્'ઇપલ્) *a.* [L. *munia*, official duties & *capio*, I take.] Of or pertaining to a city: શહેર-કસબાનું-સંબંધી; શહેરસુધરાઇનું.

Mu-nici-pali-ty, (મ્યુનિસિપૅલ્"ઇટિ) *n.* A city having the right of administering local government: શહેર સુધરાઇખાતું; મ્યુનિસિપાલેટી.

Mu-nifi-cence, (મ્યુનિફ્'ઇસેન્સ) *n.* [L. *munus*, gift & *facio*, I make.] Generosity: ઉદારતા.

Mu-nifi-cent, (મ્યુનિફ્'ઇસેન્ટ્) *a.* Liberal: ઉદાર; સખી.

Muni-ment, (મ્યૂ'નિમેન્ટ્)*n.*[L.*munio*,I fortify.]1.The act of supporting:બચાવ કરવાનું કાર્ય. 2.A fortification;a strong hold:કિલ્લો;કોટ;ગઢ.

Mu-nition,(મ્યુનિ'શન્)*n.*[L.*munio*,I fortify.] 1.Fortification:કિલ્લો;કોટ. 2. Ammunition: દારૂગોળો વિ૦ લડાઇનો સામાન.

Mural, (મ્યૂર્'અલ્)*a.* [L. *musus*, wall.] Of or pertainiing to a wall:ભિત-દીવાલનું.

Murder,(મર્'ડર્)*n.*[L.*mors,mortis*,death.]The offence of killing a man with malice propense:ખુન; મનુષ્ય વધ.*vt.* To kill with premeditated malice:ખુન કરવું.

Murder-er,(મર્'ડરર્) *n.* One guilty of murder:ખુની;હત્યારો;ખુન કરનાર;ઘાતક. [કી;ખુની.

Murder-ous,(મર્'ડરસ્)*a.* Cruel;bloody:ઘાત-

Mu-ri-atic,(મ્યુરિઍટ્'ઇક્)*a.* [L. *muria*,brine.] Hydrochloric:મીઠાનો ગુણ ધરાવતું.

Murky, (મર્'કિ)*a.* Dark;gloomy:અંધારું;કાળું.

Murmur,(મરમર્)*n.*1.A nindistinct sound like that of running water:ખળખળાટ; ઘુઘવાટો;કલકલ.2.A complaint half supressed or uttered in a low muttering voice:કકળાટ;બડબડાટ.*vt.*To grumble:કકળવું;બબડવું;કકળાટ કo;બરબડ બરબડ કo. [disease among cattle:ઢોરોની મરકી.

Murrain,(મ્યૂરએન્)*n.*[L.*morior*,I die.]A fatal

Muscle,(મસ'લ્) *n.* [L. *mus*, a mouse.] An organ of motion:માંસના તંતુ;સ્નાયુ;માંસરજ્જુ; માંસપેશી. [ખાડ;ગોળ.

Mus-co-vado,(મસ્કોવે'ડો)*n.* Raw sugar:લાલ

Muscu-lar,(મસ'ક્યુલર્)*a.*1.Of or pertaining to a muscle: માંસના તંતુ-સ્નાયુનું-સંબંધી. 2. Strong:જોસવર;મજબુત. 3.Performed by muscles:તંતુ-સ્નાયુથી થએલું.

Mus-cu-lari-ty,(મસ્ક્યુલૅર'ઇટિ)*n.*The state or quality of being muscular:જબરા-જોરાવર પણું.

Muse, (મ્યૂઝ્)*n.* 1.One of the nine Goddesses who presided over song,poetry,etc:સરસ્વતીદેવી;સરસ્વતિ;વાગ્દેવી.2. A power of poetry: કવિતા બનાવવાની શક્તિ.

Muse,(મ્યૂઝ્)*n.* [L.*mussare*, to matter.] Absorbing thought:ઉંડો ચિંતન;મનન. *vi.*To think closely:ધ્યાનધરવું;ચિંતન-મનન કરવું.

Mu-seum,(મ્યુઝી'અમ્)*n.*A repository of natural curiosities:સંગ્રહસ્થાન;કૌતુકસંગ્રહ.

Mu-shroom,(મશ્'રૂમ્)*n.*A Fungus;a toadstool:કુતરાની ટોપી;કુતરાનો કાન-છત્ર;બિલાડીનો ટોપ.

Music, (મ્યૂ'ઝિક્) *n.* [L. *musica.*] The science of musical sounds:ગાયન વિદ્યા;સંગીત શાસ્ત્ર.

Music-al, (મ્યૂ'ઝિકલ્) *n.* Of or pertaining to music:ગાયન વિદ્યાનું-સંબંધી.

Mu-sician, (મ્યુઝિ'શન્)*n.* One skilled in the art of music:ગવૈયો;ગાનાર.*Celestial* **m.**:ગંધર્વ. *Band of* **m.**:તાયફો.

Musk,(મસ્ક્) *n.* A substance obtained from a bag behind the navel of a male muskdeer:કસ્તુરી. [કસ્તુરીઓ મૃગ.

Muskdeer,(મસ્ક્'ડીર્)*n.* Deer having musk:

Musket, (મસ્'કેટ્)*n.* [L. *musca*,a fly.]1.The male of sparrow; hawk:બાજપક્ષિ. 2. A firearm:બંદુક; પિસ્તોલ.

Mus-ket-eer, (મસ્કેટીર્')*n.* A soldier armed with a musket:બંદુકવાળો;બંદુક ફોડનાર;બરકંદાજ.

Musket-ry,(મસ્'કેટ્રિ)*n.* Musket collectively: ઘણી જાતની બંદુક;બંદુકો.

Musky, (મસ્ક્'ઇ)*a.* Having an odor of musk: કસ્તુરીની સુગંધ જેવું;કસ્તુરીયુક્ત. [સહીન;મલમલ.

Muslin, (મઝ્'લિન્)*n.*A thin cotton cloth:મ-

Must,(મસ્ટ્)*n.*1.The expressed juice of the grape before fermentation: ઉભરા પહેલાનો નવો દારૂ.2.Mustiness:ફુગ;ઉબ.*vi.*To be obliged:જોઇએ;પડવું;જરૂર પડવી.

Mus-tache,(મસ્ટાશ)*n.*1.Hair left growing, above the mouth:મુછ;શોભા. [મિઠ;રાઇ.

Mustard,(મસ્'ટર્ડ)*n.*The mustard plant:રાઇનો

Muster,(મસ્'ટર્)*n.*[L.*monstro*,I show.]1.An assembling or review of troops:લશ્કરની કવાયત.2.The sum total of an army:લશ્કરની હાજરી.3.A gathering:જમાવ;ટોળું. *To pass* **m.**: પસંદ પડવું.**M.***book*:લશ્કરી નોંધનું પુસ્તક. *vt.* 1.To collect and display:એકઠું કરવું.2.To summon together:બોલાવીને હાજરી પુરવી. *To* **m.***up*,to gather up:મેળવવું;એકઠું ભેગું કo.*vi.*To meet in one place:એકઠું થવું;એક ઠેકાણે મળવું.

Muster-roll,(મસ્'ટર્-રોલ્)*n.* Muster file:લશ્કરનું હાજરી પત્રક.

Musty,(મસ્'ટિ) *a.* Moldy; foul or sour and fetid:ફુગ-ઉબવાળું;ઉતરી ગએલું.

Mu-ta-bili-ty(મ્યૂટેબિલ્'ઇટિ)*n.*Changeableness; inconstancy:અસ્થિરતા;વિકારશિલતા;ચંચળતા.

Muta-ble, (મ્યૂ'ટેબલ્) *a.* [L.*muto*,I change.] Capable of alteration: બદલાઇ-ફરી જાય એવું.

Mu-tation,(મ્યૂટે'શન્)*n.*A change:ફેરફાર;વિકાર.

Mute, (મ્યૂટ્)*n.* [L. *mutus*, mute.]1.One who does not speak whether from physical inability, unwillingness or other cause:મુંગું માણસ;મૂક. (*a*)A deaf-mute:મુંગો;-બોબડો.2.A silent letter:જેનો ઉચ્ચાર ન થતો હોય એવો અક્ષર. (*a*)Silent:ચૂપ.3.Dumb:મુંગું.4.Not giving a singing sound:બેહેરું; અવાજ ન આપતું; બોખરું.

Muti-late,(મ્યૂ'ટિલેટ્)*a.* [L *mutilus*,maimed.] *vt.*To maim:હાથ પગ કાપી નાંખવા;પાંગળું-લુલું કo.

Mu-ti-lation, (મ્યુટિલે'શન્) *n.* The act of mutilating:હાથ પગ કાપી નાંખવા તે;અંગછેદન.

Mu-ti-neer,(મ્યૂટિનીર્')*n.*One guilty of muti-

ny:બળવો-બંડ ઉઠાવનાર;બળવાખોર.

Muti-nous,(મ્યુ'ટિનસ્)*a*.Disposed to mutiny: બળવા-બંડખોર;દગાખોર;ફિતુરી;ફિસાદી.

Mutiny, (મ્યુટિનિ) *n*. [L. *motus*, moved.] An insurrection against constituted authority:બંડ-રીસાદ-ફિતુર.*vt*.To rise or revolt against rightful authority:

Mutter,(મટ્'અર્)*vi*. To grumble:બબડવું.*vt*.To utter with a low voice:લવારો-લવલવ ક૦;લવવું.

Mutter-ing, (મટ્'અરિંગ્)*n*.Uttering with a low voice:લવલવ; બડબડ;લવરી; અસ્પષ્ટોચ્ચારણ; જપ;જાળી.

Mutton,(મટ્'ન્) *n*. [L. *mutilus*, mutilated.] The flesh of a sheep:ઘેટાનું માંસ-ગોસ્ત;ગોસ.

Mutu-al,(મ્યુ'ટ્યુઅલ્) *a*. [L. *muto*,I change.] Reciprocal:અરસપરસનું;એક બીજાનું.

Mu-tu-ali-ty,(મ્યુટ્યુઅલ્'ઇટિ)*n*.Reciprocation :માંહોમાંહે-અરસપરસપણું;અન્યોન્યાશ્રય.

Mutu-al-ly,(મ્યુ'ટ્યુઅલિ)*adv*.In a mutual manner:અરસપરસ;માંહોમાંહે;આપઆપમાં;અન્યોઅન્ય.

Muzzle,(મઝ્'લ્)*n*.1.The snout:જનાવરનું મ્હોડું-નાક;ડાચું. 2. The mouth of a thing:તોપ-બંદુક વગેરેનું મ્હોડું.

My,(માઇ)*Pron*.Of or belonging to me:મારૂં;મમ.

Myopy, (માયોપિ)*n*. Myopia:ટુંકી-પાસેની નજર.

Myri-ad, (મિર્'ઇઅડ્) *n*. The number of ten thousand:દશહજાર; અયુત.

My-roba-lan,(માઇરોબ્'અલૅન)*n*.[L. *myrobalanum*, the fruit of a palm tree.] A dried astringent fruit much resembling a prune: સુકાં આમળાં.*Beliric* **m**.:બહેડાં. *Yellow or chebulia* **m**.:હરડાં.

Myrrh, (મર્) *n*. A gum resin usually of a yellowish brown or amber color of an aromatic odor and a bitter, slightly pungent taste:બોળ; હીરાબોળ;રસગંધ. [જાતે;મારી મેળે.

My-self,(માઇસેલ્ફ')*Pron*,I or me in person:હું

Mys-teri-ous(મિસ્ટી'રિઅસ્)*a*.Obscure;secret; dark:ન સમજાય એવું.ગૂઢ;ગહન;અસ્પષ્ટ;દુર્બોધ;ગુહ્ય.

Myster-y, (મિસ્'ટરી)*n*. [L. *mysterium*.] 1. A profound secret:ગુપ્ત વાત;રહસ્ય.2.A kind of secret religious celebration:પુરાતન કાળમાં ધર્મની એક પ્રકારની ગુપ્ત ભક્તિ;રહસ્ય.3.*pl*.Consecrated elements in the eucharist:પ્રભુભોજનના પવિત્ર પદાર્થો.4.Anything artfully made:ગહન કામ;કોયડો.

Mysti-cal, (મિસ્'ટિકલ્) *a*. Unknowable;mysterious;obscure:ગુપ્ત;ગૂઢ;ગહન;ગૂઢાર્થક.

Mysti-fy,(મિસ્'ટિફાઇ)*vt*.1.To involve in mystery:ગૂઢ-ગહન કરવું. 2.To puzzle:ભમાવવું ભૂલવણીમાં નાંખવું. [દંતકથા.

Myth,(મિથ)*n*.A legend:જોડેલી-કલ્પેલી વાત;પુરા-

Mythic,(મિથ્'ઇક્)*a*. [G. *muthos*,a fable.]Fabulous;Imaginary:કલ્પિત;ખોટી;જોડી કાઢેલી.

Myth-o-logic-al,(મિથોલૉજ્'ઇકલ)*a*.Mythical; fabulous:પુરાણનું-સંબંધી;પુરાણોક્ત; કલ્પિત.

Myth-olo-gist,(મિથૉલ્'ઑજીસ્ટ્)*n*.One versed in myths:પુરાણી;પુરાણમાં કુશળ હોય તે.

Myth-olo-gy,(મિથૉલ્'ઑજી)*n*.The treatise of myths:દેવાખ્યાન;પુરાણ;દેવતાઓની કથા;ઇતિહાસ.

N.

N,(ન) The fourteenth letter of the English alphabet represented in Gujarati by:ન, ણ, ન, ડ., ઇંગ્રેજી મુળાક્ષરનો ચૌદમો અક્ષર છે.

Nab,(નૅબ્)*n*.1.The summit of an eminence: ડુંગરાનું શિખર.2.The cock of a gunlock:બંદુકનો ઘોડો *vt*.To catch suddenly or unexpectedly: પકડી-ઝુંટાવી લેવું. [India:નબાબ;નવાબ.

Nabob,(નેબૉબ્) *n*. A deputy or viceroy in

Nacre-ous,(ને'ક્રીઅસ્)*a*. Resembling nacre; pearly:મોતીની છીપ જેવું ચળકતું-ચકચકતું.

Nadir,(ને'ડર્)*n*.That point of heavens directly opposite the zenith:અધોબિંદુ;સ્વસ્તિક.

Nag,(નૅગ્)*n*.A small horse;a ponny:ટટ્ટુ;ટટુ;બટ્ટુ.

Naiad,(નેયૅડ્) *n*. [Gr. *nao*,I flow.] A water nymph:જળદેવી.

Nail,(નેલ્)*n*.[Ger.*nagnel*,a claw.]1.The horny scale or plate of epidermis at the end of the fingers,and toes of man and many apes: પંજો;નખ.2.A slender pointed piece of metal usually with a head: ચૂંક; મેખ; ખીલો. 3. A measure of length being two inches and a quarter:સવાબે તસુનું માપ. *On the* **n**.,immediately:તરત. *To hit the* **n**., *on the head*, to do or say a thing the right way: બરોબર લાયક પડે એવું કહેવું-વાત ક૦. *vt*. 1. To fasten with a nail or nails:ખીલા મારી બંધ કરવું 2.To spike, as a cannon:(તોપમાં) ખીલો બેસાડવો.

Na-ive,(નાઇવ')*n*.[L *nativus*,natural.]Ingenuous;artless;frank:નિખાલસ દીલવાળું;સરળ;ભોળું.

Na-ivete, (નાઇવ્'ટે)*n*.Native simplicity; artlessness:ભોળોભાવ;નિખાલસપણું; સરળતા.

Naked,(નેકડ્)*a*. [L. *nudus*.]1. Uncovered; bare; nude:નાગું;નગ્ન;ઉઘાડું. 2.Open:ખુલ્લું;ઉઘાડું.3. Destitute:વિનાનું. 4. Without exag-

geration:મીઠું મરચું ઉમેર્યા વિનાનું. **N.** *eye*,the eye alone,unaided by glasses,or by telescope:ચસમા-દુરબિન વિનાની આંખ;ખુલ્લી આંખ.

Namby-pamby,(નૅમ્'બિ-પૅમ્'બિ) *n.* Talk or writing which is weakly sentimental:તડાકા;ગપ્પા;ગપાટા.*a.*Insipid:રસહીન;નિરસ;તડાકાભરેલું.

Name,(નેમ્) *n.*[L.*nomen*,a name.]1.The title by which any person or thing is known: નામ;સંજ્ઞા. 2. A descriptive or qualifying appellation:લાક્ષણિકનામ; ઉપાધિ. 3. Fame;reputation: નામ; આબરૂ; કીર્તિ. *Christian* **n.**: ખ્રીસ્તિ જળસંસ્કાર કરતી વેળાએ મળેલું નામ.*In* **n.**, not in reality:નામનું;ઍાડાનું.*In the* **n** *of*, (*a*) in behalf of:નામે;તરફથી. (*b*)In the represented or assumed character of:વેશે;નામથી.*Pen* **n.**,a name assumed by an author: ગ્રંથકારે પોતાના પુસ્તક ઉપર પોતાનું લખેલું જુદું નામ.*Proper* **n.**:વિશેષ નામ. *To call* **n.s**,to call by reproachful appellation:ખોટું લાગે એવે નામે બોલાવવું. *Family* **n.**, surname: અટક. *To blast or sully one's good* **n.**:નામ બોળવું;-ના નામ ઉપર પાણી ફેરવવું.*To destroy one's good* **n.**: નામ ડુબાવવું.*To get a bad* **n.**:વગોવવું;ખોટું નામ કાઢવું. *vt.*1. To give a distinctive name to:-નું નામ પાડવું.2.To nominate:નિમવું;ઠેરવવું. 3.To designate (*a member*)by name: કોઇ સભાસદને નામથી કહેવું.

Nameless,(નેમ્'લેસ્)*a.* 1. Without a name: નામ વગરનું; નનામું.2.Indescribable;inexpressible:અવર્ણ્ય;અવર્ણનીય.

Namely,(નેમ્'લિ)*adv.* That is to say: એટલે; [ઉર્ફે;

Namesake,(નેમ્સેક્)*n.*One that has the same name as another:નામરાશી;સ્વનામી;નામધારી.

Nap,(નૅપ્)*vi.*[Gr.*hnipian*,to bend ones self.] To be drowsy; to doze: ડુંકી ઉંઘ લેવી; ઝોકું આવવું.*n.*A doze:થોડી ઉંઘ;ઝોકું. [બોચી;ગળચી.

Nape,(નેપ્)*n.*The back part of the neck:ડોક;

Naphtha,(નૅફ્થ)*n.*[L.*naphtha*.](*Chem.*) The complex of volatile, liquid inflammable hydrocarbons:નખતેલ.

Napkin,(નૅપ્કિન્)*n.* A little towel, or small cloth:નાનો ટુવાલ મ્હોં લોવાનું લુગડું.

Nappy,(નૅ'પ્પિ)*a.*Inclined to sleep;sleepy:ઉંઘ આવે એવું;ઉંઘણશી.

Nar-cotic,(નાર'કૉટ્'ઈક્)*a* [Gr.*narke*,torpor.] Having the properties of a narcotic;operating as a narcotic: દુઃખ શાંત કરી નિદ્રા આણે એવું.*n.* (*Med.*) A drug which in medicinal doses,generally relieves pain,and produces sleep.નિદ્રા આણનારું નિદ્રાજનક ઔષધ.

Nar-rate,(નૅરેટ્)*vt.*[L. *narro*, I narrate.]To tell,to relate;-નું વર્ણન-નિરૂપણ ક.-બ્યાન આપવું.

Nar-ration,(નૅરેશન્) *n.* Story;history:કથા; વાર્તા;પ્રબંધ;ઇતિહાસ;હકીકત.

Narra tive,(નૅર્'ઍટિવ્)*a.*Of or pertaining to narration:આખ્યાનનું સંબંધી-વિષે;કથા સંબંધી. *n.*A story:વૃતાંત;બ્યાન;કથા;વાત;વાર્તા;કહાણી.

Nar-rator,(નૅરેટર્)*n.*One who narrates;one who relates a series of events:વાર્તા-કથાકરનાર.

Narrow,(નૅર્'ઑ)*a.*1.Of little breadth:સાંકડું. 2. Having but a little margin; close;near: મુશ્કેલી ભરેલું.3.Limited as to means:તંગી-ભીડ-સંકોચમાં હોય તેવું.4.Illiberal:કંજુસ.5.Covetous;selfish:લોભી;લાલચુ;સ્વાર્થી;એકલપેટો.6.Exact:બારીક;ઝીણું.*vt.*1. To contract:સાંકડું ક.2. To limit: સંકોચિત ક. *vi.* To become less broad:સાંકડું થવું.

Narrow-mind-ed,(નૅર્'ઑમાઇન્ડેડ્)*a.*Of narrow mental scope:સાંકડા-સંકોચિત મનનું;હલકું.

Narrow-ness,(નૅર્'ઑનેસ્)*n.* The condition or quality of being narrow:સૂક્ષ્મતા;સાંકડાપણું.

Nasal,(નેઝલ્)*a.*[L.*nasus*,the nose.] 1.Of or pertaining to the nose:નાકનું; નાક સંબંધી;નાસિકા સંબંધિ. 2. Having a quality imparted by means of the nose:અનુનાસિક. **N.** *dot or character*:અનુસ્વાર.*n.* An elementary sound which is uttered through the nose:અનુનાસિકવર્ણ. [શરૂઆત;પ્રારંભ;જન્મ.

Nascen-cy,(નૅસ્એન્સિ)*n.* Birth; beginning:

Nascent,(નૅસ્'એન્ટ્)*a.*[L.*nascor*, I am born.] Beginning to grow: ઉગવા-વધવા માંડતું;ખીલતું.

Nasty,(નૅસ્'ટિ)*a.*1.Offensively filthy:અતિ મલિન-ગંદું.2.Disagreeable:ખરાબ.

Natal,(નેટલ્)*a.* [L.*natus*, born.] Of or pertaining to one's birth,native:જન્મનું-સંબંધી.

Nation,(નેશન્)*n.*[L.*natus*,born.] The body of inhabitants of a country:પ્રજા;લોક;જનલોક.

National,(નૅશનલ્) *a.* Of or pertaining to nation:પ્રજા-લોક સંબંધી;દેશીય;રાષ્ટ્રીય.**N.***anthem*, a popular song or hymn:લોક માન્ય ગાયન.**N.** *congress*:રાષ્ટ્રીય સમાજ.

Na-tion ali-ty, (નૅશનૅલ્'ઇટિ)*n.pl.*1.Patriotism:સ્વદેશાભિમાન.2.National character: દેશીયધર્મ. 3. Nation:પ્રજા;લોક. 4. National unity and integrity:પ્રજાનો એક સંપ અને શાહવટ.

Native,(નેટિવ્)*a.*[L.*natus*, born.]1. Arising by birth:જન્મ-મુળથી જન્મેલું.2. Of or pertaining to one's birth;natal: જન્મભુમી સંબંધી. 3.Original:મૂળનું.4.Natural: કુદરતી; સ્વભાવિક. *A* **n.***disposition*:પ્રકૃતિ. 5. Not artificial:હાથથી ન બનાવેલું હોય તેવું;કુદરતી.*n.* One who or that which is born in a place, or country referred to;a denizen by birth:સ્વદેશી;વતની; રહેવાશી.

Nativi-ty,(નેટિવ્'ઇટિ)*n.*1.(*a*)The coming into life or into the world;birth:જન્મ;ઉત્પત્તિ.(*b*) The circumstances attending birth as time place,manner,&c.:જન્મકાળ-ભૂમિ. 2.A horoscope:જન્માક્ષર;જન્મપત્રિકા. *Planet of a* **n.**:જન્મ નક્ષત્ર.*Sign of a* **n.**:જન્મરાશિ;જન્મ લગ્ન.*The* **n.** the birth or birthday of Christ: ક્રાઈસ્ટનો જન્મ દિવસ;નાતાલ.

Natu-ral,(નૅટ્'યૂરૅલ્)*a.*[L.*natus*,born.]1.Fixed or determined by nature:સ્વાભાવિક; કુદરતી. 2.Of human reason:સૃષ્ટી-પ્રકૃતિ-જન્ય;સ્વાભાવિક.3.(*a*)Springing from true sentiment: ઢોંગ વગરનું;અકૃત્રિમ.(*b*)True to nature:આબેહુબ. 4.Not unnatural in feelings:કુદરતી-ખરી લાગણી વાળું. 5 Connected by the ties of consanguinity:એક લોહીની સગાઈ. 6.Born out of wedlock:અનૌરસ;રાંડના પેટનું.**N.** *day*:ચોવીસ કલાકનો સમય. **N.** *philosophy*: પદાર્થ વિજ્ઞાન;પદાર્થ માત્રશાસ્ત્ર.**N.***theology*:સૃષ્ટિજન્ય ઈશ્વરજ્ઞાન.

Natu-ral-ism,(નૅટ્'યૂરૅલિઝ્મ્)*n.* 1.A state of nature:માત્ર કુદરતથી બનતું થતું તે. 2.The doctrine of those who deny a supernatural agency in the miracles and revelations recorded in the Bible,and in spiritual influences:બાઇબલમાં લખેલા ચમત્કારો નહિં માનનારનો મત;સ્વભાવવાદ.

Natu-ral-ist,(નૅટ્'યૂરૅલિસ્ટ્)*n.*1.One versed in natural science;a student of natural history:કુદરતી તવારીખ ઇતિહાસ જાણનાર. 2.One who holds the doctrine of naturalism:સિદ્ધ પદાર્થ વિજ્ઞાની;પદાર્થ શાસ્ત્રજ્ઞ.

Natu-ral-iz-ation,(નૅટ્'યૂરૅલાઇઝે"શન્)*n.* The act investing an alien with the rights and privileges of a native or citizen:કોઈ પરદેશીએ સ્વદેશીના જેવા હક મેળવવા તે.

Natu-ral-ize,(નૅટ્'યૂરૅલાઇઝ્)*vt.*1.To make easy and familiar by custom or habit: અભ્યાસ-મહાવરો પાડવો 2.To confer the rights & privileges of a native subject or citizen on:કોઈ પરદેશીને સ્વદેશીના જેવા અધિકાર અથવા હકો આપવા.3.To make one's own:પોતાનામાં દાખલ કરવું 4.To accustom(*a plant*)to:-માં ઉછરે તેવું કરવું. *vi.*To become as if native: સ્વદેશી-વતની થવું.

Natu-ral-ly,(નૅટ્'યૂરૅલિ)*adv.*In a natural manner or way; spontaneously: સ્વાભાવિક રીતે; સ્વભાવત.

Natu-ral-ness.(નૅટ્'યૂરૅલ્નેસ્)*n.*The state or quality of being natural; conformity to nature:કુદરતી સ્વાભાવિક ગુણ;સહજત્વ;યથાર્થતા.

Nature,(નૅ'ટ્યુર્) *n.* [L. *natus*, born.] 1. The creation;the universe:સૃષ્ટિ;વિશ્વ;જગત. 2.The personified sum and order of causes and effects:કુદરત;માયા;પ્રકૃતિ.3.The established or regular course of things:સૃષ્ટિ-કુદરતનો સૃનિયમ. 4. Conformity to that which is natural: સ્વભાવ;ધર્મ;ગુણ. 5. Native character:સ્વભાવ; ધર્મ.6.Kind:જાત;પ્રકાર;વર્ગ. 7. Physical constitution:પ્રકૃતિ; શક્તિ. 8. Natural affection or reverence:સ્વભાવ;સ્વભાવગુણ. 9.Constitution or quality of mind or character:પ્રકૃતિ.*In a state of* **n.**,(*a*)nude:નગ્ન; નાગું. (*b*) Untamed; uncivilized:અણસુધરેલું;જંગલી.*To pay the debt of* **n.**,to die:મરી જવું;મરણ પામવું. *vt.*To endow with natural qualities: કુદરતી ગુણો બક્ષવા.

Naught,(નૉટ્)*n.* 1. Nothing:કંઇજ નહિ તે. 2. The arithmetical character 0;a cipher:મીંડું શૂન્ય.*For* **n.**:ફોકટ;અમથું. *To set at naught*, to disregard:લેખવવું-ગણવું. *adv.* Not at all:જરાકે નહિ.*a.*Worthless:નકામું;ખરાબ;કોડીનું; નઠારૂં.

Naughti-ly,(નૉટ્'ઇલિ)*adv.* Wickedly:ખરાબ-નઠારી-ભુંડી રીતે.

Naughti-ness, (નૉટ્ઇનેસ્)*n.* Perverseness; [badness:ઉદ્ધતાઇ;ભુંડાઈ.

Naughty,(નૉટ્'ઇ)*a.* 1. Worthless; bad:નકામું; ખરાબ.2.Mischievous:તોફાની;ઉછાંછળું.

Nause-a, (નૉ'શીઍ) *n.* [Gr.*naus*,a ship.]Seasickness:વહાણમાં આવતા ફેર-ચક્કર;વમન.

Nause-ate,(નૉ'શીએટ્)*vi.* To become squeamish; to feel nausea: કંટાળો લાગવો. *vt.* To affect with nausea:દરિયામાં ચક્કર-ફેર આવવા;અકારો-ઓકારી થવી.

Nauseous,(નૉ'શસ્)*a.*Sickening;loathsome; disgusting:કંટાળો આવે એવું;સૂગ ચઢે એવું.

Nautic-al,(નૉ'ટિકૅલ્)*n.* [Gr.*naus*,a ship.]Of or pertaining to seamen,to the art of navigation: વહાણને-વહાણ ચલાવવાને લગતું-સંબંધી; નૌકાશાસ્ત્રનું.

Naval,(ને'વૅલ્)*a.* [L. *navis*,ship.]Having to do with shipping:વહાણ સંબંધિ; દરિયાઈ;આરમારી;નૌકાત્મક;નાવિક.**N.***brigade*,:જમીન ઉપર લડતાં શિખવેલા ખલાસીઓનું લશ્કર **N.***officer*,an officer in the navy:દરિયાઈ અમલદાર.

Navaroh,(ને'વાર્ક)*n.*[L. *naus*,ship & *archos*, chief.] The commander of a fleet: આરમારનો ઉપરી-કમાન્ડર;નૌકાધિપતિ.

Nave,(નેવ્)*n.*[Skr.*nabhi*,a nave.]1.The block in the centre of a wheel:નાભણું.2.The navel: નાયડી;નાભી;ડુંટી.

Navel (નેવ્લ્') *n.* A mark or depression in the middle of the abdomen;the umbilicus: નાભિ;ડુંટી;નાભિકમલ.

Navi-ga-ble,(નૅવ્'ઇગૅબલ્)*a.*Capable of being navigated: વહાણથી-જઇ શકે એવું-પહોળું અને ઉંડું;નૌકાગમ્ય.

Navi-gate,(નૅવ્'ઇગેટ્)*vi.*[L.*navis*,ship & *ago*,

I move.] To journey by water; to go into a vessel or ship: વહાણની મુસાફરી કo. *vt.* To pass over in ships: સમુદ્ર ઉપર સફર કo.

Nav-i-gation,(નૅવિગે'શન્)*n.*1.The act of navigating: સફર કરવી તે; સમુદ્રયાત્રા; નૌકાગમન. 2.The art of conducting ships from one place to another: નૌકાશાસ્ત્ર; નાવિકવિદ્યા. *Aerial* **n.**: આકાશ ગમન-યાત્રા.

Navi-gat-or,(નૅવ્'ઇગેટર્)*n.* One who directs the course of a ship: નાવિક; વહાણવટી; ટંડેલ; સફરી.

Navy,(નૅ'વિ)*n.pl.***Navies.** [L.*navis*, a ship.] 1.A fleet of ships: વહાણનો કાફલો; નૌકાસમૂહ. 2. The officers and men attached to the war vessels of a nation: આરમારના અમલદાર તથા માણસો.

Na-wab,(નૅવો'બ્)*n.*A deputy ruler or viceroy [in India: નવાબ; સુબો.

Nay,(નૅ)*adv.*1.No: નહિ; ના. 2.Not this merely; but also: નહિ; ના; ફક્ત એટલુંજ નહિ પણ. *n.pl.***Nays.**1.Denial; refusal: ના ભણવી-પાડવી તે. 2. A negative note: નકારનો મત.

Neap,(નીપ્)*n.* The tongue or pole of a cart or other vehicle drawn by two animals: ગાડાની ધુંસરી; ઝુંસરી. *a.* Low: ઓછું; થોડું; અલ્પ.

Near,(નીર્)*adv.* Not remote; nigh: પાસે; સમીપ; નજીક *a.*1.Adjacent; nigh: પાસેનું-સમીપ. 2.Closely connected: નિકટ સંબંધનું. 3.Immediate: પાંસરો; સીધો. *Prep.* Adjacent to: પાસે; નજીક. *vt.* To approach: પાસે-નજીક-કને આવવું. *vi.*To draw near: પાસે જવું; જઇ પહોંચવું.

Nearly,(નીર્'લિ)*adv.*Almost: નજીક; લગભગ.

Near-sighted,(નીર્'સાઈટેડ્)*a.*Shortsighted: ટુંકી નજર-આંખવાળું.

Neat,(નીટ્)*a.*1. Clean: સ્વચ્છ; ચોખ્ખું. 2.Simple and becoming: શુદ્ધ; સાફ; શોભે એવું. 3. Free from admixture; good of its kind: મિશ્ર-મેળવણી વિનાનું; ચોખ્ખું સારી જાતનું. **N.** *line*: સીમા.

Neat herd, (નીટ્'હર્ડ્)*n.* Person who has the care of neat cattle; cowherd: ગોવાળીઓ; ગોવાળ; ગોપાળ; રબારી.

Neatly,(નીટ્'લિ)*adv.*In a neat manner; tidily; tastefully: સાફ રીતે; સફાઇથી; મનગમતું.

Neatness,(નીટ્'નેસ્)*n.* The state or quality of being neat: સફાઈ; સ્વચ્છતા; શુદ્ધતા.

Neb,(નેબ્)*a.*The nose; the snout; the mouth; bill: નાક; અણી; મ્હોં; પક્ષીની ચાંચ.

Nebu-la,(નેબ્'યૂલૅ)*n.pl.***Nebulæ.**[Gr.*nephele*, cloud.]A misty or cloudlike object in the heavens: વાદળ સરખા દેખાતા તારાઓનો સમૂહ.

Nebu-le(નેબ્'યૂલ્)*n.*A little cloud; cloud: વાદળ; વાદળું. [ળાંથી બનાયેલું; ધુમસી.

Nebu-lous,(નેબ્'યૂલસ્)*a.*1.Cloudy: hazy: વાદ-

Neces-sa-ry, (નૅ'સેસૅરિ)*n. pl.* A thing that is necessary: જરૂર-અગત્યની વસ્તુ.

Neces-sa-ri-ly,(નૅ'સેસૅરિલિ)*adv.*In a necessary manner: અવશ્ય; જરૂર-ભૂખ્યલે કરીને; ખાસ.

Neces-sa-ry,(નૅ'સેસૅરિ)*a.*[L.*necesse*, unavoidable.] Inevitable: આવશ્યક; જરૂરનું; જે વિના ચાલે નહિ એવું.

Ne-cessi-tate,(નીસેસ્'ઇટેટ્) *vt.* To make necessary: આવશ્યક-અનિવાર્ય-જરૂરનું કo.

Ne-cessit-ous,(નીસેસ્'ઇટસ્)*a.*1.Very needy or indigent; pressed with poverty: ગરીબ; અતિશય કંગાલ. 2. Narrow; destitute: અડચણ-તંગી-મુશીબતવાળું. *As,* **n.** *circumstances*: સંકટની હાલત; દુઃખમય.

Ne-cessi-ty, (નીસેસ્'ઇટિ)*n.*1.Inevitableness; indispensableness: જરૂર; અગત્યતા; પ્રયોજન. 2.A requisite: અગત્યની-જે વગર નભે નહિ એવી ચીજ. *Of necessity*, by compulsion: ફરજ-જરૂરીયતથી; અવશ્ય; ફરજ્યાત.

Neck, (નેક્)*n.* The part of an animal which connects the head, and the trunk: ગરદન-ડોકી; બોચી. 2.(*a*)The long slender part of a vessel: ગળું; કાંઠો. **N.** *and crop*, completely; wholly: પૂર્ણ-સંપૂર્ણ રીતે. **N.** *verse*: જે કવિતા બોલવાથી કોઇનું નશીબ જણાય તે. *On the* **n.** *of*, immediately after: તરતજ પછી પાછું. *To harden the* **n**, to grow obstinate: હઠીલું-જીદ્દી-મમતી થવું. *To tread on the* **n.** *of*, to oppress: જુલમ-બળાત્કાર કo.

Neck-cloth, Necker-chief, (નેક્'ક્લોથ્-નેક્'-અર્ચીફ્)*n.*A piece of any fabric worn around the neck: કંઠવસ્ત્ર; ગળેબંધ; ગલપટો.

Necklace,(નેક્'લેસ્)*n.* A string of beads, etc. or a continuous band or chain, worn around the neck as an ornament: માળા; હાર; કંઠી.

Necrol-ogy(નેક્રૉલ્'ઑજિ)*n.pl.***Necrologies** [Gr *nekros*, a dead body & *logos*, discourse.] An account of deaths or of the dead; a register of deaths: મરનાર માણસોની ટીપ-નોંધ.

Necro-man-cer,(નેક્'રોમૅન્સર્)*n.*One who practises necromancy; a sorcerer: ફલમી; જાદુગર.

Necro-man-cy, (નેક્'રોમૅન્સિ)*n.* [Gr.*nekros*, dead & *manteia*, divination.] The art of revealing future events by means of a pretended communication with the dead: ભૂતવિદ્યા; યંતરમંતર; જાદુ.

Nectar,(નેક્'ટાર્)*n.* [Gr. *nektar.*] The drink of the Gods: અમૃત; સુધા.

Nectary,(નેક્'ટરિ)*n.*(*Bot.*)That part of a blossom which secretes nectar: ફુલમાંહેની મધનીજગો.

Need,(નીડ્)*n.*1.Necessity; urgent want: ગરજ; જરૂરીઆત; અગત્ય. 2.Poverty: કંગાલીઅત; ગરીબી. 3. Anything necessary to be done: અગત્ય-જરૂરની કરવાના ચીજ. *pl.* Necessary things; busi-

ness:અગત્યની ચીજો;કામકાજ. *vt.*To be in want of:-ની તંગીમાં હોવું;ગરજ-જરૂર હોવી-પડવી.

Needful, (નીડ્'ફુલ્)*a.*1.In need or want:ગરજાઉ;તંગીનું. 2. Necessary for supply or relief:જરૂરનું;અગત્યનું;આવશ્યક.

Needle,(નીડ'લ્) *n.* [L. *neo*,I spin.] A small instrument of steel,sharply pointed at one end, with an eye to receive a thread:સોય. *Needle beam:* દીવાલ ધારણ રાખવા મુકેલા ટેકાનો આડો મોભ. **N.** *gun*:એક જાતની બંદુક.

Needless,(નીડ્'લેસ્)*a.*1.Having no need:તંગી વિનાનું.2.Not wanted;unnecessary:નકામું;જરૂર વિનાનું;વ્યર્થ

Needle-work, (ની'ડલ્વર્ક્)*n.*Work executed with needle;embroidery:શીવવાનું કામ;ભરત.

Needs,(નીડ્ઝ્)*adv.*Necessarily; indispensably (Often with *must* and equivalent to, *of need.*):અવશ્ય કરીને;ઘણી જરૂરથી;ખાસ.

Needy,(નીડ્'ઈ)*a.*1.Very poor.ઘણો કંગાળ-ગરીબ.2.Necessary:આવશ્યક;જરૂરનું.

Ne-fari-ous,(નીફે'રિઅસ્)*a.*[L. *ne*, not & *fas*, divine law.]Wicked in the extreme:abominable:ધિક્કારવા-તિરસ્કાર કરવા લાયક;અતિદુષ્ટ;પાપી.

Ne-gation, (નીગે'શન્) *n.* Declaration that something is not, or has not been or will not be:અવકાર;નામંજુર કરવું તે;નકાર.

Nega-tive,(નેગ્'એટિવ્)*a.*[L.*nego*,I deny.] 1. Denying;refusing assent:નકારનું;નિષેધનું;નાપાડતું. 2. Of or pertaining to a picture on glass or other material,in which the lights & shades of the original,and the relations of right and left are reversed:છબી પાડતાં કાચ ઉપર જે છબી ઉતારવામાં આવે તેને લગતું. *A* **n** *quantity (Alg.)*: જે પરિમાણની આગળ ઓછાનું ચિન્હ(-)હોય તે.**N.***sign*, the sign of minus.ઓછાનું-બાદબાકીનું ચિન્હ.*n.*1.A word used indenial or refusal:નકાર સુચક શબ્દ. 2. The refusal or withholding of assent; veto:ના કહેવી-ના કબૂલ કo તે.3.That side of a question which denies or refuses:નકાર દર્શાવનાર પ્રશ્ન.*vt.*1. To disprove: ખોટું-ફલટું સાબિત કરી આપવું-દેખાડવું; નાશાબીત કo.2.To reject by vote; to refuse to enact or sanction:ના પાડવી; ના મંજુર કo.

Nega-tive-ly, (નેગ્'એટિવ્લિ) *adv.* In a negative manner:નિષેધ કરીને;નકારથી.

Neg-lect, (નિગ્લેક્ટ્) *vt.* [L. *nec*, not & *lego*, I gather.]1.Not to attend to with due care or attention: ભૂલી જવું; ને વિસારી મુકવું;-ની દરકાર ન કo.2.To forbear to treat with attention or respect: અનાદર-અપમાન કo.*n.* Omission of proper attention:અવગણના;ભૂલી જવું તે.

Neg-lectful, (નિગ્લેક્ટ'ફુલ્)*a.*Heedless: ગાફેલ; બેપરવા.

Negli-gence, (નેગ્'લિજેન્સ્)*n.*1.Omission of duty:ભૂલી જવાની ટેવ;ગફલત.2.An act of negligence: બેદરકારી-નું કામ. 3. The omission of the care:કસુર.

Negli-gent.(નેગ્'લિજેન્ટ્) *a.* Apt to neglect; careless;heedless:ગાફેલ;ભૂલકણું;બેદરકાર;કસુર કરતું.

Ne-goti-a-ble,(નીગો'શિઍબલ્)*a.*Capable of being negotiated: બીજાના નામપર ચઢાવાય તેવું.

Ne-goti-ate,(નીગો'શિએટ્)*vi.*[L.*nec*,not & *otium*,leisure.]1.To transact business: કામકાજ કરવું;વહેપાર ચલાવવો. 2. To bargain or trade: સોદો-સાટું કરવું;-તે 3. To treat with,respecting peace or commerce: સલાહ કે વેપાર અર્થે કોલકરાર કo.*vt.* To carry on negotiations concerning:ને માટે વાતચીત-ભાંજગડ કo.

Ne-goti-ation,(નીગોશિએ'શન્)*n.*The act or process of negotiating:ભાંજગડ કo તે; કોલકરાર.

Ne-goti-at or, (નીગો'શિએટર્)*n* One who negotiates:સાટું-સોદો ભાંજગડ કરનાર;દલાલ;મારફતીયો.

Negress,(ની'ગ્રેસ્)*n.*A black woman;a female negro:સીધણ;હબસણ.

Negro,(ની'ગ્રો)*n.*[L.*niger*.]A black man:સીધી;હબસી.

Negus,(ની'ગસ્)*n.*A beverage made of wine, water,sugar, nutmeg,and lemon juice:જાયફળ,ખાંડને લીંબુનો રસ ભેળેલો દ્રાક્ષરસ.

Neigh,(નેં) *vi.* To utter the cry of the horse:ખોંખારવું;હણહણવું. *n.* The cry of a horse; a whinny:ઘોડાનું ખુંખારવું તે.

Neighing, (નેઇન્ગ્)*n.* Crying of a horse; a whinny:ખોંખારો;હણહણાટ.

Neighbour,(નેં'બર્) *n.*A person who lives near another:પાડોશી; ઘરની પડખે-પાસે રહેનારો. *a.* Adjoining: પાડોશનું; પાસેનું; જોડાજોડ.*vt.* To be near to:ની પાસે-નજીક હોવું રહેવું.

Neighbour-hood, (નેં'બર્હુડ્)*n.*1.The state of being or dwelling near;proximity:પડોશમાં હોવું તે; પડોશ.2.A vicinity:નજીકની જગ્યા.

Neighbour-ing (નેં'બરિન્ગ્)*a.*Living or being near;adjacent:પાસેનાં;નજીકનાં;પાડોશનાં.

Neighbour-ly,(નેં'બર્લિ) *a.* Appropriate to the relation of neighbours;kind:પડોશીને લાયક-ઘટતું;મિલનસાર;મળતાવડું.

Neither,(નાઇ'ધર્ "ની'ધર્)*a.*Not either;not the one or the other:બેમાંનું એક નહિ;એક પણ નહિ. *conj.* Not either: એક પણ નહિ *Not so* **n.**, by no means:કોઈપણ ઉપાયે નહિ;નહિજ.

Neni-a,(ની'નિઍ)*n.*[L.] An elegy:પરજીઓ.

Ne-olo-gist, (નીઑલ'ઑજિસ્ટ્)*n.*1. One who introduces new words or new senses:નવા શબ્દો અથવા જુના શબ્દોના નવા અર્થ દાખલ કરનાર. 2. One who introduces or holds doctrines

subversive of revealed religion: ઈશ્વર સંબંધિ મનકલ્પિત શાસ્ત્ર વિરૂદ્ધ મત ધરાવનાર.

Ne-olo-gy,(નીઑલ્'ઑજિ) *n.*1. The introduction of a new word or significations: કોઇ ભાષામાં નવો શબ્દ-શબ્દો અને તેના અર્થ દાખલ કરતે. 2. A new doctrine: ઇશ્વરોક્ત શાસ્ત્ર સામે મનકલ્પિત મત.

Neo-phyte,(નીઑફાઇટ્)*n.* [Gr. *nos*,new & *phyton*,plant]1. A new convert: નવો થયેલો ખ્રિસ્તિ.2.A novice;a tyro:શિખાઉ;નવો વિદ્યાર્થિ.

Ne-o-teric,(નીઑટેરિક્)*a.*[Gr.*neos*,new,]Recent in origin;modern:ચાલતું;હાલનું;અર્વાચીન.

Nephew,(નેવ્યૂ)*n.*[L.*nepos*,a grandson.]1.A cousin: મામા માશી કે કાકા ફોઈના છોકરાં. 2. The son of a brother-in-law or sister-in-law: ભત્રીજો;ભાણેજ;ભાણજે;ભાણો.

Ne-phritic,-Ne-phritic-al,(નેફ્રિટ્'ઇક્-નેફ્રિટ્'ઇકલ્)*a.*Of or pertaining to the kidneys or urinary organs;renal:મૂત્રપિંડનું;ગુરદાનું.

Neptune,(નેપ્'ટ્યૂન્)*n.*[L.*neptunus.*]1.The son of Saturn and Ops,the god of the waters: સેટર્ન અને ઑપ્સનો છોકરો;વરૂણદેવ.2.The remotest known planet of our system:યુરેનસ ગ્રહની પછી આવતો ગ્રહ;નેપચ્યુન.

Nep-tuni-an,(નેપ્'ટ્યૂનિઅન્)*a.*Of or pertaining to the ocean or sea:વરૂણદેવ-સમુદ્ર સંબંધિ.

Nere-id,(નીરીઇડ્)*n.*[Gr.*nereis.*] A daughter of Nereus-seagod:જળદેવી;દરીયાઈ અપ્સરા.

Nerve,(નર્વ્)*n.*[*nervus*,a sinew.] One of the whitish fibres,which transmit nervous impulses between nerve centers and various parts of the animal body:જ્ઞાનતંતુ;મજ્જાતંતુ.*vt.* 1. To give strength or vigor to:બળ આપવું; જોરાવર-મજબૂત કરવું-બનાવવું.2.To strain every nerve: પોતાથી બનતું કરવું.

Nerveless,(નર્વ્'લેસ્)*a.*1. Destitute of nerves:જ્ઞાનતંતુ વિનાનું રહિત.2.Wanting vigor:નબળું.

Nervine,(નર્વ્'આઇન્)*a.*Having the quality of acting upon the nerves: બળ આપતું; પૌષ્ટિક.

Nervous,(નર્વ'અસ્)*a.* 1. Strong:બળવાન. 2. Possessing vigor of mind:હિંમતવાળું. 3. Of or pertaining to the nerves:જ્ઞાનતંતુ સંબંધી -નું-વિષે.4 Sensitive:પોચા મનવાળું;બીકણ;બાયલું.

Nervy,(નર્વ્'ઈ)*a.*Strong;sinewy:જબરૂં;બળવાળું.

Nesci-ence,(નીશિએન્સ્)*n.*[L.*ne*,not & *scio*,I know.]Want of knowledge:અજ્ઞાનતા.

Nest,(નેસ્ટ્)*n.*[L.*nidus*,a resting place.]1.The bed or receptacle prepared by a bird or fowl for holding her eggs and for hatching and rearing her young:માળો.2.A snug, comfortable, or cozy residence or situation:આશ્રમ;રહેઠાણ. *vi.* To build and occupy a nest:માળો બાંધીને તેમાં રહેવું. *vt.* To form a nest for:ને વાસ્તે માળો બનાવવો-બાંધવો.

Nest-egg, (નેસ્ટ્'-એગ્)*n.*1.An egg left in the nest to prevent the hen from forsaking it: પક્ષીની માદા માળો ન છોડે એ માટે માળામાં રાખેલું ઇંડું.

Nestful, (નેસ્ટ્'ફુલ) *n.* As much or many as will fill a nest:માળામાં જેટલું સમાય-રહે તેટલું.

Nestle, (નેસ્'લ્)*vi.* 1.To make and occupy a nest;to nest:માળો બનાવીને તેમાં રહેવું.2.To lie close and snug:સૂખ ચેનથી સુઇ-સંતાઈ રહેવુ.3. *vi.* 1.To house as in a nest:માળામાં રહેવું. 2. To cherish:સેવવું;સંભાળથી ઉછેરવું.

Nestling,(નેસ્'લિન્ગ્)*n.*1.A young bird which has not abandoned the nest: ઇંડામાંથી તુરત નિકળેલું બચ્ચું.2.Newly hatched:તરતનું સેવેલું.

Net, (નેટ્)*n.* 1.A fabric of twine, thread,or the like, wrought or woven into meshes: જાળ;પાશ.*vt.*1.To make into a net:જાળ ગુંથવી. 2.To take into a net:જાળમાં લેવું.3.To inclose or cover with a net:જાળ નાંખવી-પાથરવી.*vi.*To form network,to knit:જાળી બનાવવી;ગુંથવું.*a.* Free from charges, deductions, etc:સઘળું ખર્ચ બાદ કરેલું હોય એવું;ચોખ્ખું.**N.***income*:વધારો; ખરચ જતાં વધેલી કમાઈ-આવક.*vt.*To produce or gain as clear profit:સઘળું ખર્ચ બાદ કરતાં લાભ મળવો.

Nether,(નેધ્'અર્)*a.*Situated down or below: નિચેનું;તળેનું.

Nether-most,(નેધ્'અર્મોસ્ટ્)*a.*Lowest:સર્વથી હેઠળ-નિચેનું-ઠેઠ તળેનું.

Nettle, (નેટ્'લ્)*n.* A plant of the genus Urtica:કૌવચ;ખરજ લાગે તેવો છોડ. *vt.* To fret or sting:ખીજવવું,ચીડવવું.

Net-work,(નેટ્'-વર્ક્)*n.* A fabric of threads, cords, or wires crossing each other at certain intervals, and knotted or secured at the crossings:જાળીઓ પાડેલી દોરી;ખેસ.

Neu-ralgi-a,(ન્યૂરૅલ્'જિઍ)*n.*[Gr.*neuron*,nerve & *algos*,pain.]A disease:શૂળનું દરદ.

Neu-rolo-gy,(ન્યૂરૉલ્'ઑજિ)*n.*[L.*neuron*& *logos*,doctrine.]The branch of science which treats of the nervous system:જ્ઞાનતંતુ વિદ્યા.

Neuter,(ન્યૂ'ટર્)*a.* [L.*ne*,not & *uter*,whether of two.]1.(*a*)Expressing or designating that which is of neither sex:નાન્યતરજાતિનું (*b*)Intransitive:અકર્મક. 2. Having no generative organs;sexless:નપુંસક.*n.* A noun of neuter gender:નાન્યતરજાતિનું નામ.

Neutral,(ન્યૂ'ટ્રલ્) *a.* Not engaged on either side;indifferent:નિષ્પક્ષપાતી;તટસ્થ. *n.*A person or a nation that takes no part in a contest between others; one who is neutral:નિષ્પક્ષપાતી મધ્યસ્થ પુરૂષ.

Neutral-iz-ation, (ન્યૂટ્રલાઇઝેશન) *n.* The act or process of neutralizing or the state of being neutralized: નિરૂપયોગી-બરખાદ કરવું તે.

Neutral-ize, (ન્યૂટ્રલાઇઝ્) *vt.* 1. To render neutral: રદ-બરખાદ-નિરૂપયોગી ક૦. 2. To destroy the peculiar properties of: કોઇ વસ્તુનો ખાસ ગુણ અટકાવવો; પ્રતિબંધ ક૦.

Never, (નેવ્'અર્) *adv.* Not ever; not at any time; not at all: કોઈ વખત નહિ; કદિ નહિ; જરાકે-સમુળગુ-લેશ માત્ર પણ નહિં.

Never-the-less, (નેવ્'અર્-ધી-લેસ્) *adv.* or *conj.* Notwithstanding; in spite of that: એમ છતાં.

New, (ન્યૂ) *a.* [L. *novus.*] 1. Recent; fresh; modern: તાજું; તરતનું; નવું. 2. Newly beginning or recurring: નવું-હાલ શરૂ થતું; બેસતું. 3. Not habituated: -ને મહાવરો ન હોય એવું. **N.** *moon.* (*a*) the moon in its first quarter: ચઢતી કળાનો ચંદ્ર. **N.** *world*: પશ્ચિમગોળાર્ધની ભૂમી-જમીન (અમેરિકા). *Adv. Of* **n.**, anew: નવેસર-ફરીથી. *vt.* & *vi.* To renew: નવું કરવું; ફરીથી બનાવવું; ચાલુ-તાજુ ક૦.

New-fangled, (ન્યૂ-ફેન્ગ્'ગ્લ્ડ્) *a.* New-made; formed with the affectation of novelty: નવું બનાવેલું; નવાઇ-તાજુબી ભરેલું.

Newly, (ન્યૂ'લિ) *adv.* Lately; recently: તુરતનું.

Newness, (ન્યૂ'નેસ્) *n.* The quality or state of being new: નવો ફેરફાર; નવાઇ; નવાપણું; નૂતનતા.

News, (ન્યૂઝ્) *n.* Fresh tidings; recent intelligence: તાજા સમાચાર.

Newsmon-ger, (ન્યૂઝ્'મન્ગ્ગર્) *n.* One who deals in news: ગપ્પાં મારનાર; ગપ્પીદાસ; વાતોડીઓ.

Newspa-per, (ન્યૂઝ્'પેપર્) *n.* A sheet of paper printed for conveying intelligence of passing events: સમાચાર-વર્તમાનપત્ર; પેપર.

Newsvend-er, (ન્યૂઝ્'વેન્ડર્) *n.* A seller of newspaper: વર્તમાનપત્ર વેચનાર.

New-year'sday, (ન્યૂ'-યિર્ઝ્ડે) *n.* The first day of a calender year: નવા વર્ષનો પ્રથમ દિવસ; બેસતું વર્ષ.

Next, (નેક્સ્ટ્) *a.* Superl. of **Nigh.** 1. Nearest in place: લગોલગનું. 2. Nearest in time: બીજું; પછીનું. 3. Adjoining in a series: અનુક્રમમાં બીજું. **N.** *friend* (*Law*) વાલી; -નો હક જાળવનાર. *adv.* In the time, place, or order nearest or immediately succeeding: પછીથી; તે પછી. [ભેળ.

Nexus, (નેક્'સસ્) *n.* Connection; tie: સંબંધ; ગાંઠ;

Nib, (નિબ્) *n.* 1. A point; a prong: તીણો છેડો; અણી. 2. The point of a pen: કલમની ટાંક. *vt.* To furnish with a nib: ટાંક મારવી.

Nibble, (નિબ'લ્) *vt.* To bite by little at a time: થોડે થોડે કરડી ખાવું; કોતરી ખાવું; કરડવું. *vi.* To bite upon something gently: કોતરી ખાવું.

Nice, (નાઇસ્) *a.* [L. *ne*, not & *scio*, I know.] 1. Delicate; dainty: સ્વાદિષ્ટ; ચોકસવતદાર. 2. Apprehending slight differences or delicate distinctions: બારીક; તીક્ષ્ણ; ઝીણું. 3. Exact; fine: ખરાબર; ચોકસ. 4. Pleasing: ખુશ કરે એવું. *To make* **n.** *of*, to be scrupulous about: -ની ફીકર રાખવી.

Nicely, (નાઇસ્'લિ) *adv.* In a nice manner: સારી-સુંદર રીતે; બારીકાઇ-ચોકસાઇથી; સંભાળથી.

Nice-ty, (નાઇસ્'એટિ) *n.* The quality or state of being nice: સુંદર-સારા હોવું તે; સુંદરતા; બારીકાઇ.

Niche, (નિચ્) *n.* A cavity, in a wall: ભિંતમાંનો ગોખલો.

Nick, (નિક્) *n.* 1. A notch cut in something: નીક; ચીરો. 2. [L. *nico*, I beckon.] The exact point or critical moment: અણીનો-બારીક વખત. *vt.* 1. To make a nick in: ચીરો-ખાંચ-કાપ પાડવા. 2. To nickname: મશ્કરીના નામથી બોલાવવું.

Nick-nack, (નિક્-નૅક્) *n. pl.* Small wares; trifles; baubles: આચરકુચર; હલકો સામાન; કચરો.

Nick-name, (નિક્'નેમ્) *n.* A name given in contempt, or sportive familiarity: ચીડ-મશ્કરીનું તિરસ્કારયુક્ત નામ.

Nic-tation, (નિક્'ટેશન્) *n.* The act of winking; nictitation: આંખનો પલકારો-મચકારો.

Nidget, (નિજ્'એટ્) *n.* A fool; an idiot: મૂર્ખ; બેવકુફ.

Nidi-ficate, (નિડ્'ઇફિકેટ્) *vt.* [L. *nidus*, nest & *facio*, I make.] To make a nest: માળો કરવો-બાંધવો-બનાવવો. [ઘર-રહેઠાણ.

Nidus, (નાઇ'ડસ્) *n. pl.* Nidi. Nest: માળો; પક્ષીનું

Niece, (નીસ્) *n.* [L. *neptis*, a granddaughter.] 1. A grand daughter: બાળુંજી. 2. A daughter of one's brother or sister: ભત્રીજી; ભાણી.

Niggard, (નિગ્'અર્ડ્) *n.* A miser: કૃપણ; કંજુસ માણસ. *a.* Stingy: કંજુસ; કૃપણ; કરકસરીયું; મખીચુસ.

Niggard-ly, (નિગ્'અર્ડલિ) In a niggard manner: કંજુસાઇથી; કરકસરથી.

Nigh, (નાઇ) *a.* Not distant; near: પાસેનું; નજીકનું. *adv.* Near: પાસે; નજીક. *vt.* & *vi.* To approach; to come near: જઇ પહોંચવું; પકડી પાડવું; નજીક આવવું. *Prep.* Near to: -ની પાસે; નજીક.

Nighness, (નાઇ'નેસ્) *n.* The quality or state of being nigh: નજીકપણું; નજીક હોવાનો ગુણ.

Night, (નાઇટ્) *n.* [L. *nox*, night.] 1. The time from sunset to sunrise: રાત; રાત્રી. 2. (*a*) Darkness: અંધકાર. (*b*) Intellectual and moral darkness: અજ્ઞાન. (*c*) The period after the close of life: મરણ; મોત. **N.** *blindness*, : રતાંધળાપણું.

Night-eyed, (નાઇટ્'આઇડ્) *a.* Capable of seeing at night; sharp-eyed: રાત્રે જોઈ શકે એવું.

Night fall, (નાઇટ્'ફૉલ્) *n.* The close of the day: સમીસાંજ; સંધ્યાકાળ; દિવા વખત; સાયંકાળ.

Nightin-gale, (નાઇટ'ઇનગેલ્) *n.* A small, song bird: સુંદર સ્વરથી ગાનાર પક્ષી; બુલબુલપક્ષી.

Nightly,(નાઇટ્'લિ)*a*. Of or pertaining to the night or to every night:રાતની વખતનું; રાતનું; દરેક રાત્રે થતું.*adv* At night:રાત્રે;દરેક રાત્રે.

Night-mare,(નાઇટ્'મેર્)*n*. 1. A fiend or incubus formerly supposed to cause trouble in sleep:ખરાબ સ્વપ્નું.

Night-shade,(નાઇટ્'શેડ્)*n*.A species of the genus *Solanum*:કાંટારીંગણી;ભોંયરીંગણી.

Night-soil,(નાઇટ્'સૉઇલ્) *n*. The contents of privies:સંડાસોમાંથી કાઢેલો મળ મુત્ર.

Night-watch,(નાઇટ્'ઉવૉચ્)*n*.1. A watch or guard:રાતની ચોકી કરનાર-પહેરો ભરનાર.

Nihil-ism,(નાઇ'હિલિઝ્મ્)*n*.[L.*nihil*,nothing.] 1.The doctrine that nothing can be known: સર્વ અજાણ્યું છે એવો મત.

Nihi-list,(નાઇ'હિલિસ્ટ્)*n*. 1. One who advocates the doctrine of nihilism: રાજ્ય ધર્મ ને માલ મિલ્કત નાશ કરવાનો વિચાર-મત પ્રવર્તાવનારનો પક્ષ કરનાર;શૂન્યવાદી.

Ni-hili-ty,(નાઇહિલ્'ઇટિ)*n*.Nothingness;a state of being nothing:નાસ્તિત્વ;અભાવ;શૂન્યતા.

Nimble,(નિમ્'બલ્)*a*.Light and quick in motion;lively:ચપળ;ચંચળ;ચાલાક;હોશિયાર.

Nimbose,(નિમ્'બોસ્) *a*. [L. *nimbus*, cloud.] Cloudy;stormy:વાદળાંવાળું;ગમઘોર;તોફાની.

Nimbus,(નિમ્'બસ્)*n.pl.***Nimbi**.[*Fine arts*.] A halo:કિરણ;અંશુમાળા. [કરનાર.

Nimmer,(નિમ્'અર્)*n*. A thief:ચોર;ચોરી-ઠગાઇ

Nine, (નાઇન્) *a*. [L. *novem*.] Eight and one more; one less than ten:નવ. ૯. [નવપટ-ગણું.

Nine-fold,(નાઇન્'ફોલ્ડ્)*a*.Nine times repeated:

Nine-teen,(નાઇન્'ટીન્)*a*.Nine &ten;eighteen and one more:ઓગણીસ;૧૯. [નેવું;૯૦.

Ninety,(નાઇન્'ટિ)*a*.Eightynine and one more:

Ninny,(નિન્'ઇ)*n*. *pl*. **Ninnies**. A fool;a simpleton:બેવકુફ;ભોળો;ભલો માણસ. [ers:નવમું.

Ninth,(નાઇન્થ્)*a*.1. Coming after eight oth-

Nip,(નિપ્)*n*.A sip or small draught:આચમન; નાનો ઘુંટડો.*vt*.1.To pinch:-ને ચિમટા દેવા. 2. To remove by cutting with two meeting edges of anything;to clip: ચુંટી નાંખવું. 3. To check the growth of: ઉગતું અટકાવવું. *To nip in the bud*:ઉગતાંજ-મૂળમાંથીજ નાશ કરવું.*n* 1. A pinching:ચીમટી; ચોંટી. 2. A pinch with the nails or teeth:નખ-દાંત બેસાડવો તે. 3. A small cut:અણી-છેડેથી કાપવું.

Nippers,(નિપ્'અર્ઝ્)*n*. *pl*. Small pinchers for holding: નાના ચિપિયા-ચિમટા.

Nipple,(નિપ્'લ્)*n*. 1. A teat;a pap;the mammilla:સ્તન-થાનનું ટોચકું;દીંટડી;કુચાગ્ર;સ્તનાગ્ર.

Nit, (નિટ્)*n*. The egg of a louse insect: જુના ઇંડાં;લીખ.

Nitid,(નાઇ'ટિડ્)*a*.[L.*nitere*.] Bright;shining: ચળકતું.

Nitrate,(નાઇ'ટ્રેટ્)*n*. A salt of nitric acid:કોઇ મુખ્યતત્વ સાથે નાઇટ્રીક આસીડ મળવાથી થતો ખાર.

Nitre,(નાઇ'ટર્)*n*.Potassium nitrate: સુરોખાર.

Nitric,(નાઇ'ટ્રિક્)*a*.Of, pertaining to, or containing nitrogen:જેમાં સુરાખારનો ગુણ છે તેવું.

Nitric-acid,(નાઇ'ટ્રિક્'અસિડ્)*n*.A colorless or yellowish liquid obtained by distilling a nitrate with sulphuric acid:સુરાખારનો તેજાબ.

Nitro-gen,(નાઇ'ટ્રોજેન્)*n*. A colorless gaseous nonmetallic element,tasteless and odorless: નાઇટ્રોજન વાયુ-હવા. [સુરાખારનો ગુણ ધરાવતું-વાળું.

Nitrous,(નાઇ'ટ્રસ્)*a*.Of the quality of nitre:

No,(નો)*a*. Not any;not one;none:કોઇ નહિં;એકે નહિં;સમુળગું નહિં.*adv*.Nay;not;not all all:ના; ઉહું;નહિ.*n*.*pl*.A denial:નકાર;ના.

Onward,(ઑન્-'ઉવર્ડ્)*a.*Moving in a forward direction;forward:આગળ;આગળ ચાલેલું-ચાલતું.

Onyx,(ઑ'નિક્સ્) *n.*[Gr.*onyx*,a claw.]Chalcedony in parallel layers of different shades of color:શિવધાતુ;ગોમેદ.

Ooze, (ઊઝ્) *n.* [L. *udus* wet.] Soft mud or slime: ગળી જાય એવી-ઢીલી માટી-કાદવ. *vi.* 1. To flow gently:ધીમેધીમે વહેવું;ઝરવું. 2.To leak or escape slowly:ધીમે રહીને વહીજવું;જતું રહેવું.

O-paci-ty, (ઑપૅસ'ઇટિ) *n.* Want of transparency;opaqueness:અપારદર્શકપણું.

O-pacous,(ઑપે'કસ્)*a.* [L. *opacus.*] Opaque: અપારદર્શક;પ્રકાશરોધક;દૃષ્ટિરોધક;કિરણ પ્રતિબંધક.

Opal,(ઑપૅલ્)*n.* [L.*opalus.*] (*Min.*)A mineral consisting like quartz of silica: બદલાયા કરે એવા રંગનું ઝવેર;લસણિયો.

Opal-ine,(ઑ'પૅલાઇન)*a.* Of,pertaining to, or like opal in appearance:લસણિયાજેવું-નું સંબંધી.

O-paque,(ઑપેક્) *a.* [Gr. *epi*, upon;& *skia*, shadow.] Impervious to the rays of light: અપારદર્શક.

Ope,(ઑપ્)*a.*Open:ઉઘાડું;ખુલ્લું.

Open,(ઑ'પન્)*a.*1.Not shut up:ખુલ્લું;ઉઘાડું.2. Not private:જેમાં સર્વને આવવાની છૂટ હોય એવું. 3.Accessible:આવી જઈ શકાય એવું;ગમ્ય. 4.Extended:ખુલ્લું;ખિલેલું. 5.(*a*)Without reserve; frank:ખુલ્લા દિલનું;નિષ્કપટી.(*b*)Apparent:ઉઘાડું; ખુલ્લું. O. *air*, the air out of doors:ખુલ્લી હવા. *Wide* o.:ઉઘાડું ફટાક.*In open*,in full view;openly:ખુલ્લી રીતે;સ્પષ્ટ રીતે. *vt.*1.To make or set open:ઉઘાડવું.2 To spread:ફેલાવવું;વિસ્તારવું.3. To disclose:ખુલ્લું કરી બતાવવું.4.To make known;to discover:જાહેર કરવું.5.To enter upon: પ્રારંભ-ઉપક્રમ કo.*To* o.*one's mouth*, to speak: બોલવું; ઉચ્ચારવું. *To* o. *up*, to lay open:ઉઘાડું મૂકવું.*vi.*1.To unclose:ઉઘાડવું. 2. To begin; to commence:શરૂથવું;-નો આરંભ થવો-આરંભ-શરૂઆત થવી.

Open-hand-ed,(ઑ'પન્ હૅન્ડેડ્)*a.*Generous;liberal;munificent:દાતાર;મોતાળ;હાથનું છૂટું;સખી.

Open-heart-ed, (ઑ'પન્ હાર્ટેડ્) *a.* Candid; frank;generous:નિખાલસ;નિષ્કપટી;મોટું.

Opening,(ઑ'પનિન્ગ્)*n.* 1. A beginning:શરૂઆત.2.A breach; an aperture; a hole:બાકું; બાકોરું.3.A vacant place:ખાલી જગ્યા.

Open-ly,(ઑ'પન્લિ) *adv.* 1. Publicly:છડેચોક. 2. Plainly;evidently;ખુલ્લા દિલથી.

Open-ness,(ઑ'પન્નેસ્)*n.*The quality or state of being open:નિષ્કપટી-નીખાલસપણું.

Ope-ra,(ઑ'પેરૅ)*n.* [L.*opera*,work.]1.A drama,either tragic or comic,of which music forms an essential part: સંગીતનાટક. 2. A house where operas are exhibited:સંગીતગૃહ.

Ope-rate,(ઑ'પેરેટ્) *vi.* [L.*opus*,work.] 1.To perform a work or labor;to act:કાર્ય-કૃતિ-ચેષ્ટા-વ્યાપર કo. 2. To produce an appropriate physical effect:ખાસ શારીરિક અસર ઉત્પન્ન કરવી. 3. To act or produce effect on the mind: મન ઉપર અસર કરવી.4.To perform some manual act upon a human body:વાઢ કાપ કરવી. *vt.*To produce an effect:કરવી.

O-pe-ratic,(ઑપે રૅટ્'ઇક્)*a.*Of or pertaining to the opera:સંગીત નાટક સંબંધી-ને-લગતું.

O-pe-ration,(ઑપેરે'શન્)*n*.1.The act of operating:ક્રિયા;કામ કરવાની રીત. 2.That which is operated:કૃત્ય; કર્મ;ક્રમ. 3. Effect produced: અસર.4.Any methodical action of the hand, or of the hand with instruments, on the human body, to produce a curative or remedial effect:વાઢ-કાપ;શાસ્ત્રક્રિયા;શસ્ત્રોપચાર.*Mental* o.:મનોવ્યાપાર.

Ope-rat-ive, (ઑ'પેરેટિવ્) *a.* Active in the production of effects:ક્રિયાજનક;પ્રયોજન;પ્રવર્તક. *n.*A skilled worker; an artisan:કારીગર; કર્મકારી;શિલ્પકાર.

Ope-rat-or,(ઑ'પેરેટર્)*n.* 1. One who,or that which,opertes or produces an effect:ક્રિયાકારક-જનક;પ્રેરક;પ્રવર્તક;કર્તા. 2. One who performs some act upon the human body with instruments:શસ્ત્રવૈદ;વાઢકુટીઓ.

Ope-rose,(ઑ'પેરોસ્) *a.* [L.*opus*,work.] Requiring labour; tedious; wearisome: કંટાળા ભરેલું.

Ophi-cleide, (ઑ'ફીક્લીડ્) *n.* [Gr.*ophis*,a serpent & *kleidos*,a key.] A large brass wind instrument:મ્હોડે વગાડવાનું મોટું પીતળનું વાજું.

O-phidi-an,(ઑફિડ્'ઇઅન્)*n.*A snake or serpent:સાપ;સર્પ.*a.*Of,pertaining to or belonging to serpents:સર્પ સાપ સંબંધિ-ને લગતું.

Oph-i-olo-gy,(ઑફિઑલ્'ઑજી)*n.* [Gr. *ophis*, & *logos*,a speech.]That part of natural history which treats of serpents:સર્પવિદ્યા.

Oph-thalmi-a,(ઑફ્થૅલ્'મિઅ)*n.* [Gr.*ophthalmos*,the eye.]An inflammation of the mem-

branes or coats of the eye:ચક્ષુ રોગ.

Oph-thalmic,(ઑફ્થૅલ્'મિક્) *a.* Ocular:આંખનેત્રના મરજનું-વિષે-સંબંધિ;નેત્ર સંબંધિ;ચાક્ષુષ.

Oph-thalmy,(ઑફ્થૅલ્'મિ)*n.* Ophthalmia:આંખનો રોગ;નેત્રમરજ;નેત્રરોગ.

Opi-ate, (ઑપિએટ્) *n.* Any medicine that contains opium:અફીણવાળું ઔષધ.*a.*Inducing sleep:નિંદ્રા લાવે એવું; નિંદ્રાજનક. *vt.* To put to sleep:ઉંઘાડવું;નિદ્રા આવવી.

O-pine,(ઓપાઇન્)*vt.*[L.*opior* to suppose.]To have an opinion:ને લાગવું.

O-pinion,(ઑપિન્'યન્)*n.***1.** Settled judgment as to any point of knowledge or action: મત;પક્ષ;અભિપ્રાય; વિચાર.**2.**The formal decision,or expression of views,of a judge:ન્યાયાધિશનો ઠરાવ-અભિપ્રાય.*To be of* o.,to think:ને લાગવું; ધારવું.*To hold* o.*with*, to agree with: ને મળતા આવવું.*Public* o.:લોકમત.

O-pinion-at-ed,**O-pinion-at-ive**, (ઑપિન્'યનેટેડ્-ઑપિન્'યનેટિવ્) *a.* Stiff in opinion; obstinate in opinion:જીદ્દી;આપમતિયું.

Opi-um, (ઑપિઅમ્) *n.* [Gr. *opion*, poppy juice.]The inspissated juice of the *Papper somniferum*,or white poppy:અફીમ;અફીણ.

Op-ponent,(ઑપ્પોનેન્ટ્) *a.* [L. *ob* & *pono*, I place.]Adverse;antagonistic:વિરોધી; પ્રતિકૂળ; પ્રતિપક્ષી.*n.* **1.** An adversary;an antagonist: દુશ્મન;પ્રતિપક્ષી.**2.**One who opposes in disputation, argument or other verbal controversy:પ્રતિપક્ષી;સામાવાળીયો;પ્રતિવાદી.

Op-por-tune,(ઑપૉર્ટ્યૂન્) *a.* [L. *ob* & *portus*, port.]Seasonable;timely:વખતસર;પ્રસંગોચિત.

Op-por-tunely,(ઑપૉર્ટ્યૂન્'લિ)*adv.*At seasonable time:ખરે તાકડે;તકસર;જેવી જોઈએ તેવી રીતે.

Op-por-tuni-ty,(ઑપૉર્ટ્યૂન્'ઇટિ) *n.* Suitable occasion;chance:તાકડો;લાગ;અવસર;પ્રસંગ.

Op-pose,(ઑપ્પોઝ્)*vt.*[L. *ob* & *pono*, I place.] **1.**To set opposite: સામું ધરવું-મૂકવું. **2.** To set against:વિરૂદ્ધ કરવું-મૂકવું. **3.** To resist:ના સામે થવું-પડવું.**4**.To strive against:સામા થઈ અટકાવવું.*vi.***1.**To be set opposite:સામે મૂકાવું. **2.**To act in opposition:સામે-વિરૂદ્ધ થવું.**3.**To make objection:વાદ વિવાદમાં હરકત લેવી;વાંધો ઉઠાવવો.

Op-poser, (ઑપ્પોઝ્'અર્)*n.* An opponent; an antagonist:સામે થનાર;વિરોધી;વિરોધક.

Oppo-site, (ઑપ્'પોઝિટ્) *a.* **1.** Placed over against;facing:સામું;સન્મુખ.**2.**Applied to the other of two things which are extremely different;other:અન્ય;ઉલટું.**3.**Contrary:વિરૂદ્ધ; પ્રતિકૂલ. **4.** Set over against each other:એક બીજાની સામેનું. *n.*That which is opposed or contrary:ઉલટી વાત;અડચણ;હરકત.

Op-po-sition,(ઑપ્પોઝિ'શન્)*n.***1.**Resistance: પ્રતિકાર;અવરોધ;અટકાવ. **2.** The state of being placed over against: સામાપણું; સન્મુખતા. **3.** Antipathy:જન્મવેર;સહજવેર.**4.**The aggregate of persons or things opposing:પ્રતિપક્ષી મંડળ.

Op-po-sition-ist, (ઑપ્પોઝિ'શનિસ્ટ્) *n.* One who belongs to the opposition party:સામો પક્ષકાર;સામા મંડળનો માણસ.

Op-press, (ઑપ્પ્રેસ્)*vt.*[L.*ob*&*premo*,I press.] To impose excessive burden upon; to treat with unjust rigor or with cruelty:પીડવું;અતિશય-બહુ દુઃખ દેવું;જુલમ ગુજારવો;-નું તેલ કાઢવું.

Op-pression,(ઑપ્પ્રે'શન્)*n.***1.**The act of oppressing or state of being oppressed:જબરદસ્તી;જોરજુલમ; જબરાઈ. **2.** Injustice; cruelty; tyranny:અન્યાય;અધર્મ.

Op-pressive,(ઑપ્પ્રેસ્'ઇવ્)*a.* **1.**Unjustly severe,rigorous, or harsh:જુલમી; જબરદસ્ત. **2.** Tyrannical:જુલમી;જુલમગાર.

Op-pressor,(ઑપ્પ્રેસ્'અર્)*n.* One who harasses others with unjust laws:જુલમ કરનાર.

Op-pro-bri-ous,(ઑપ્પ્રો'બ્રિઅસ્)*a.*[L.*ob*&*probrum*,reproach.]Reproachful:નિંદક.

Op-probri-um, (ઑપ્પ્રો'બ્રિઅમ્)*n.* Disgrace; infamy;abusive language:ફિટકાર;ધિક્કાર;નિંદા.

Op-pugn, (ઑપ્યૂન્)*vt.*[L.*ob* & *pugno*,I fight.] To fight against:ની સામે ટક્કર લેવી;-ના સામું થવું.

Opta-tive,(ઑપ્'ટેટિવ્)*a.*[L.*opto*,I wish.]Expressing desire or wish: ઇચ્છાદર્શક-સૂચક.

Optic,(ઑપ્'ટિક્)*n.* [L. *oculus*, eye.] The organ of sight;an eye:આંખ;નેત્ર;દર્શનેન્દ્રિય.

Optic-al,(ઑપ્'ટિકલ્) *a.* Of or pertaining to vision or sight:દૃષ્ટિ-નજરનું-સંબંધિ-વિષે.

Op-tician,(ઑપ્ટિ'શન્)*n* **1.**One who deals in optical glasses: દર્શનયંત્ર બનાવનાર-વેચનાર. **2.** One skilled in optics: દૃષ્ટ-શાસ્ત્ર;દૃષ્ટશાસ્ત્રજ્ઞ.

Optics,(ઑપ્'ટિક્સ્)*n.*That branch of science which treats of the nature and properties of light; the laws of its modification by opaque and transparent bodies, and the phenomena of vision:દર્શન-દૃષ્ટ-વિદ્યા-શાસ્ત્ર.

Opti-mism, (ઑપ્'ટિમિઝમ્) *n.* The doctrine that the ordering of things in the universe is such as to produce the highest good:સૃષ્ટિમાં જે જે છે કે બને છે,તે બધું સારા વાસ્તે છે એવું મત.

Opti-mist,(ઑપ્'ટિમિસ્ટ્)*n.***1.** One who holds the opinion that all events are ordered for the best:જગતમાં જે જે બને છે તે સારા વાસ્તે છે એવું મત ધરાવનાર.**2.**One who looks on the bright side of things, or takes hopeful views:સારો અર્થ-ગુણ-ભાવ લેનાર.

Option,(ઑપ્'શન્)*n* [L.*optimus*,best.]**1.** The

right of choice or election:પસંદ કરવાનો હક-છુટ-અધિકાર.2.Choice:પસંદગી;મરજી.
Option-al,(ઑપ્‌શનૅલ્‌)*a*.Left to one's discretion or choice: ખુશીપર રાખેલું: ઈચ્છાપરનું.
Opu-lence,(ઑપ્‌યૂલેન્સ્‌)*n*.[L.*ops*,power;wealth.]Wealth;riches;affluence:દોલત;ધન;સંપત્તિ.
Opu-lent(ઑપ્‌યૂલેન્ટ્‌)*a*.Wealthy:તાલેવંત;ધનવાન.
Or,(ઑર્‌) *conj*. A particle that marks an alternative:કે;યા;અથવા;કિંવા;નહિતર;નહિતો.
Ora-cle, (ઑ'રૅકલ્‌)*n*.[L. *oro*,I speak.]1.The answer of a god or some person reputed to be a god: બાંધેલા પ્રશ્નનો દેવ અથવા દેવ પુરૂષે આપેલો ઉત્તર.2.The deity who was supposed to give the answer: બાંધેલા પ્રશ્નનો જવાબ આપનાર દેવરૂપ પુરૂષ.3. The revelations or messages delivered by God to the prophets: ઈશ્વર પાસેથી ધર્મ ગુરૂ પાસે આવેલો સંદેશો;દેવ વાણી. 4.Any person reputed uncommonly wise: મ્હોટા મોભાવાળો-પ્રમાણ પુરૂષ.5. An angel;a prophet:દૂત;ધર્મગુરૂ;ભવિષ્ય વાદી.*vi*.To utter oracles:દેવ-આકાશવાણી થવી.
O-racu-lar, (ઑરૅક્‌યૂલર્‌) *a*. Pertaining to an oracle: બાંધેલા પ્રશ્નના દેવે આપેલા ઉત્તર સંબંધી-નું-વિષે. [મુખ-જુબાનીનું;મોઢાનું.
Oral,(ઑ'રૅલ્‌)*a*.[L.*oris*, the mouth.] Verbal:
Oral-ly,(ઑ'રૅલિ)*adv*.In an oral manner:મુખ જુબાનીથી;મોઢેથી.
Orange, (ઑ'રૅન્જ્‌)*n*. [L. *aurum*, gold.] 1. Fruit of a tree: નારંગી. 2. The color of an orange: નારંગી રંગ.
Orang-er-y,(ઑ'રૅન્જેરિ)*n*.A plantation of orange tree:નારંગીનો ક્યારો-બાગ-કિત્તો.
O-ration, (ઑરે'શન્‌)*n*. [L. *oro*, I speak.]An elaborate discourse delivered in public, treating an important subject in a formal and disguised manner:ઘણી મેહેનત લેઇ કરેલું વાક્ય;ચાતુરીવાળું ભાષણ.
Ora-tor,(ઑ'રૅટર્‌) *n*. A public speaker;one who is eloquent:છટાદાર ભાષણ કરતા-વક્તા;વાક્પંડિત.
Or-a-tori-al,-ic-al,(ઑરૅટૅ'રિઍલ્‌-કૅલ્‌)*a*.Characterized by oratory:છટાદાર;વાક્ય ચાતુરીવાળું.
Ora-to-ry,(ઑર્‌ઍ'ટૉરિ)*n*.1.A place of prayer: ઘરમાં પુજાનું મંદીર;ભજનાલય.2.The exercise of rhetorical skill in oral discourse; eloquence:શબ્દવાક્યચાતુરી;સભાપાંડિત્ય;વક્તૃત્વ.
Orb,(ઑર્બ્‌)*n*.1.[L. *orbus*, destitute.]A blank window:સાદી બારી.2.[L.*orbit*,circle.]A spherical body;a globe:ગોળો;બિંબ;વર્તુલ.3.A circle;an orbit:વર્તુલ;કક્ષા.4.A revolving circular body;a wheel:ગોળ-ફરતો પદાર્થ;પૈડું.
Orbate,(ઑર્‌બેટ્‌)*a*.[L.*orbus*,bereaved of parents or children.] Bereaved; fatherless; childless:છીનવી લીધેલું;નબાપું;નિ:પુત્રક.
Orbed,Or-bicu-lar, (ઑર્બ્ડ,ઑર્બિક્‌યૂલર્‌) *a*. Spherical;circular:ગોળાકાર;ગોળ;વર્તુલાકાર.
Orbit,(ઑર્‌બિટ્‌)*n*.[L. *orbis*, a circle.] 1.The path described by a heavenly body in its periodical revolution around another body: ગ્રહપથ;કક્ષા.2.Ball:ગોળો.3.The cavity of the skull in which the eye and its appendages are situated:ડોળો;ચક્ષુગોળ. [વાડી.
Orchard,(ઑર્‌ચર્ડ્‌) *n*.A garden:બાગ;બગીચો;
Orches-tra,(ઑર્‌કેસ્ટ્રૅ) *n*. [Gr. *orchesmi*, to dance.] The space in a theatre between the stage and the audience:નાટકગૃહમાં રંગભૂમિ અને શ્રોતાસ્થાન વચ્ચેની જગ્યા.
Or-dain,(ઑર્‌ડેન્‌')*vt*.[L.*ordo*,order.]1.To constitute;to decree:હુકમ-કાયદો કર.2.To set apart for an office:નિમવું;ઠરાવવું.3.To set apart by the ceremony of ordination:ધર્માધિકારીની દીક્ષા આપવી.
Orde-al,(ઑર્‌ડીએલ્‌)*n*. Any severe trial or test: ખરી પરિક્ષા;કસોટી.*a*.Of or pertaining to a trial by ordeal:દિવ્ય સંબંધિ.
Order,(ઑર્‌ડર્‌)*n*.[L.*ordo*,order.]1. A regular arrangement:વ્યવસ્થા.2.Correct,or fit condition:સારી સ્થિતિ. 3.Usage;fashion:પદ્ધતિ;રીત; રિવાજ.4.Public quiet:શાંતિ;સુલેહ.5.A regulation made by competent authority:કાયદો; ધારો.6.A command;a mandate:આજ્ઞા;હુકમ.7. A commission:વરધી.8.A rank;a grade:ગણ; પ્રકાર.9.A body of religious persons:ધર્મ;મંડળી. 10.The rank of deacon; priest or bishop: ગોરપદ.*In o.to*,for the purpose of:ને વાસ્તે-અર્થે-સારૂ.*Out of o.*:અવ્યવસ્થિત.*vt*.1.To put in order; ક્રમ પ્રમાણે-રીતસર ગોઠવવું. 2.To give an order to:હુકમ કરવો. 3.To admit to holy ordain:ધર્મ ગુરૂનું પદ-દીક્ષા આપવી.*vi*.To give orders;to issue commands:હુકમ-આજ્ઞા કરવી;ફરમાવવું.
Order-ly,(ઑર્‌'ડર્લિ)*a*.1.Conformed to order; regular:યથ ક્રમ;વ્યવસ્થિત.2.Observant of order; authority, or rule:નિયમ-રીતસર ચાલનાર. 3. Well-regulated;વ્યવસ્થિત.*O.book*:લશ્કરમાંની દરેક ટુકડીમાં પલટણોને લગતા સામાન્ય હુકમ નોંધવાની ચોપડી.*adv*.According to due order;regularly:નિયમ પ્રમાણે;નિયમિત રીતે. *n*.1.A non-commissioned officer,or soldier who attends a superior officer to carry his orders, or to render other service:મોટા અમલદારના હુકમો અમલમાં લાવવા માટે સાથે રહેલો બીન સનંદી અમલદાર.
Ordin-al,(ઑર્‌ડિનૅલ્‌)*a*. [L.*ordo*,order] Indicating order or succession:ક્રમવાચક-ક્રમ્ય;સંખ્યા પૂર્ણાર્થ. *n*.A word or number denoting order or succession:ક્રમવાચક સંખ્યા.

Ordin-ance,(આર્‌ડિનૅન્સ્)*n* 1.A rule established by authority;an edict or decree:ધારો; કાનુન;દસ્તુર.2.An established ceremony:શાસ્ત્ર મર્યાદા;વિધિ;સંસ્કાર;કર્મ;ક્રિયા.

Ordin-a-ri-ly,(ઑર્‌ડિનૅરિલિ) *adv.* As a rule; commonly;usually:સાધારણરીતે;ઘણું કરીને.

Ordin-a-ry,(ઑર્‌ડિનૅરિ)*a*.1.Settled; regular: વહિવટ-ચાલ-દસ્તુર પ્રમાણે-મુજબ.2.Common:સાધારણ.*n.* An ecclesiastical judge: ધર્મ બાબતના મુકદ્દમા ચુકવનાર અધિકારી.

Ordin-ate(ઑર્‌ડિનેટ્)*a*.Well-ordered:નિયમસર.

Or-din-ation,(ઑર્ડિનેશન)*n*. 1. The act of ordaining:સ્થાપના;સ્થાપન;વિધાન.2.The state of being ordained,appointed,etc.:યોજના.3.The conferring of holy orders:ધર્માધિકારદીક્ષા;ધર્મપદનિયોજન.

Ordnance, (ઑર્ડ્‌નૅન્સ્) *n.* Cannon or great guns:તોપખાનું;તોપો.

Ordure,(ઑર્‌ડ્યૂર્)*n*.1.Dung;excrement:લીંડી; વિષ્ટા;છાણ.2.Defect:ખોડ;ખાંપણ.

Ore,(ઑર્)*n*. 1. Honor; grace:માન; મહેરબાની; દયા;રહેમનજર.2.Metal:ધાતુ.

Organ,(ઑર્ગૅન)*n*.[Gr.*organon*,work.]1.An instrument or medium by which some important action is performed:સાધન;કારણ;કર્મસાધન.2.A natural part or structure in an animal or a plant:ઇંદ્રિય.**O**.s.*of respiration*,શ્વાસેન્દ્રિય.**O**.*of perception & sensation*,જ્ઞાનેન્દ્રિય. 3.(*Mus.*)A wind instrument:વાજું;વાદ્ય.

Or-ganic,-al,(ઑર્ગૅનિક્,-ઑર્ગૅનિકલ્)*a*. 1. Of or pertaining to an organ:ઇંદ્રિયસંબંધિ-નું-વિષે લગતું.2.Instrumental: ઉપકરણ-સાધનભૂત.

Organ-ism,(ઑર્ગૅનિઝમ્) *n.* Organic structure;organization:અવયવ રચના;ઘટના.

Organ-ist,(ઑર્ગૅનિસ્ટ્)*n*.One who plays on the organ:વાજુંવગાડનારો;વાજીંત્રી.

Organ-i-zation,(ઑર્ગૅનાઇઝેશન)*n*. 1. The act of organizing:ઇંદ્રિયવિશિષ્ટ કરણ. 2. The state of being organized:ઇંદ્રિયવાન થવું તે.3. An organized existence:રચના;યોજના.

Organ-ize,(ઑર્ગૅનાઇઝ્)*vt*.1.To furnish with organs:ઇંદ્રિયવાન કરવું.2.To systematize:યોજના કરીરચવું;વ્યવસ્થા-બંદોબસ્ત ક૦;ઘટના ક૦.

Orgasm,(ઑર્ગૅઝમ્)*n*.Excitement:જોસ;જુસ્સો.

Orgi-es,(ઑર્જીઝ્)*n.pl*[Gr.*orgia*,secret rites.] A sacrifice accompanied by certain ceremonies:કેટલીક ક્રીયા કરીને ભોગ આપવો તે.

Ori-el,(ઑરિએલ્)*n*.[L.*auriolum*,a porch.]A sort of recess:ઝરૂખો;ગોખ.

Ori-ent,(ઑરિએન્ટ્)*a*.[L.*orior*,I rise.]1.Rising,as the sun:ઉગતું;ઉદયથતું.2.Eastern;oriental:પૂર્વખંડ-દેશનું;પૂર્વીય.*n*.1.The east:પૂર્વદિશા;ઉગમણ.2.The countries of Asia or the east:એશિઆના અથવા પૂર્વના દેશો. *vt.* To arrange in order:નિયમ પ્રમાણે-રીતસર ગોઠવવું;વ્યવસ્થા ક૦.

O-ri-ental,(ઑરિએન્ટલ્)*a*.Of or pertaining to the orient or east;eastern:ઉગમણું-પૂર્વનું-તરફનું;પૂર્વ દેશીય;પૂર્વદેશસ્થ;પૂર્વીય.*n*.A native of the orient;an Asiatic:પૃથ્વીનાપૂર્વ દેશનો રહેવાશી.

O-ri-ental-ism,(ઑરિએન્ટલિઝમ્)1.Any system, doctrine, custom, expressions, etc., peculiar to Oriental language: પૂર્વદેશ વાશીઓનું વિશેષમત-પદ્ધતિ-ની ભાષા-રૂઢી. 2.Knowledge or use of oriental languages, history, literature etc., પૂર્વની ભાષા,વિ૦નું જ્ઞાન-નો ઉપયોગ.

O-ri-ental-ist,(ઑરિએન્ટલિસ્ટ્)*n*.1.An inhabitant of the Eastern parts of the world:પૂર્વ દેશનો વાશી.2.One versed in Eastern languages,literature,etc:પૂર્વદેશની ભાષાઓ તથા વિદ્યામાં પ્રવિણ પુરૂષ.

Ori-fice, (ઑરિફિસ્)*n*.[L.*os, oris*,a mouth & *facio*,I make.]A mouth :વેહ;બાકું;મ્હો.

Ori-gin,(ઑરિજિન્)*n*.[L.*orior*, I rise.]1. The first existence or beginning of any thing; the birth:પ્રારંભ;મૂળ. 2. The spring;the cause:નિમિત્ત;કારણ;બીજ;હેતુ.

O-rigi-nal, (ઑરિજિનલ્) *a.* First in order: મુળ;ઉત્પત્તિનું-નેલગતું;મૂળ;અસલ.*n*.1.Origin:મૂળ; પ્રારંભ. 2. First copy: મૂળ-અસલ ગ્રંથ. 3. An original writer:નવું લખનાર;કલ્પનાથી લખનાર.

O-rigi-nali-ty,(ઑરિજિનૅલિટિ)*n*.The quality or state of being original;અવલ-અસલપણું; અપૂર્વ રચના શક્તિ.

O-rigi-nal-ly, (ઑરિજિનલિ) *adv.* 1.primarily:મૂળ વખતમાં;મૂળ રીતે; મૂળથી.2. At first; at origin:અસલ;પહેલાં;શરૂઆતમાં.

O-rigi-nate, (ઑરિજિનેટ્)*vt*.To produce as new:નવુંરચવું-પેદાક૦;કાઢવું.*vi*.To take first existence;ઉત્પન્ન થવું;પ્રથમ નિકળવું.

O-rigi-nat-or,(ઑરિજિનેટર્)*n*.One who originates:ઉત્પન્ન-શરૂ કરનાર;પ્રવર્તક;ઉત્પાદક;યોજક.

O-rion, (ઑરાઇઑન્)*n*.[Gr.*Orion*,a mythological hunter.]A large and bright constellation on the equator between the stars Aldebaran & Sirius:દક્ષીણનું તારામંડળ; મૃગશીર્ષ.

Ori-son, (ઑરિઝૅન્)*n*. [L.*oratis*, prayer.]A prayer;a supplication:વિનંતી;કાલાવાલા;આજીજી.

Orlop,(ઑર્‌લૉપ્)*n*.The lowest deck of a vessel:વહાણનું તુતક.

Orna-ment, (ઑર્‌નૅમેન્ટ્)*n*. [L.*orno*,I deck.] Embellishment; decoration; શણગાર; શોભા; ભૂષણ.*vt*.To adorn;ઘરેણાં પહેરાવવાં;શણગારવું.

Or-na-mental,(ઑર્નૅમેન્ટલ્)*a*. Serving to ornament;શોભાવેતેવું;શોભાપ્રદ;શોભાજનક-દાયક.

Orna-mentation, (ઑર્‌નૅમેન્ટેશન) *n.* The

act of ornamenting:શોભાવવું;શણગારવું તે.

Ornate, (ઑર્‌નેટ્) *a.* [L.*orno*, I adorn.] Adorned; decorated; વિભૂષિત; મંડિત; અલંકૃત. *vt.* To adorn;શણગારવું;શોભાવવું.

Or-ni-tholo-gy, (ઑર્નિથૉલ્'ઑજી)*n.* [L.*ornithos*,a bird & *logos*,discourse.]1 That branch of zoology which treats of the natural history of birds and their classification: પક્ષિ-વર્ણન વિદ્યા.

O-rolo-gy,(ઑરૉલ્'ઑજિ)*n.* [Gr.*oros*,mountain & *logos* speech.]The science or description of mountains:પહાડ-ડુંગરોનુંશાસ્ત્ર-વર્ણન.

Orphan,(ઑર્'ફન્)*n.*[L.*orbus*,bereft.]Achild bereaved of both father and mother:માબાપ વિનાનું છોકરૂં. *a.* Bereaved of parents: નબાપું.

Orphan-age,(ઑર્'ફનેજ્)*n.*1.The state of being an orphan; orphanhood: નબાપા-નમાયા પણું;2.An institution or asylum for the care of orphans: માબાપ વિનાનાં-વગરનાંછોકરાંને રહેવાનું આશ્રમ-ગ્રહ;અનાથ રક્ષકગૃહ;અનાથાશ્રમ;અનાથાલય.

Orpi-ment,(ઑર્'પિમેન્ટ્)*n.*[L.*aurum*, gold & *pigmentum*,pigment.]Arsenic sesquisulphide:હરતાલ;હડતાલ.

Orre-ry, (ઑ'રેરિ)*n. pl.***Orreries**. An appaiatus which illustrates by the revolution of bulls, the the relative size, periodic motions, positions,orbits etc.,of bodies in the solar system: ગ્રહમંડળ ગતિ સૂચક યંત્ર.

Ortho-dox, (ઑર્'થૉડૉક્સ્)*a.*[Gr.*arthos*,right & *doxa*,an opinion.]1.Sound in opinion or doctrine;ધર્મમાં દૃઢ;ખરો.2.ધર્મપરાયણ.

Ortho-dox-y,(ઑર્'થૉડૉક્સિ)*n.*1.Soundnessof faith: ખરો માર્ગ;દક્ષિણ માર્ગ-આચાર.2.યથાશાસ્ત્રતા

Ortho-ep-ist, (ઑર્'થૉએપિસ્ટ્)*n.*One who is skilled in orthoepy:શુદ્ધ-સાફ ઉચ્ચાર કરનાર.

Ortho-e-py,(ઑર્'થૉએપિ)*n.*[Gr.*orthos*,right& *epos*, a word.] A correct pronunciation of words:શુદ્ધ ઉચ્ચાર-વિદ્યા;શુદ્ધઉચ્ચાર;શુદ્ધો ચારણ.

Or-tho-graphic,-al, (ઑર્થૉગ્રૅફ્'ઇક્,-કલ્) *a.* Of or pertainingto right spelling:શુદ્ધલખવા-લેખન સંબંધિનું.

Or-thogra-phy, (ઑર્થૉગ્'રફિ)*n.*[Gr.*orthos*, right & *grapho*,I write.]1.The part of grammarwhich treats of the letters, and of the art of spelling correctly:વર્ણવિચાર.

Oscil-late,(ઑસ્'સિલ્લેટ્) *vi.* [L. *oscillum*, a swing.] To movebackward and forward; ઝોલાંખાવાં;ઝુલવું;આમતેમ ચાલવું.

Os-cil-lation,(ઑસ્‌સિલ્લે'શન્)*n.*A swinging or moving backward andforward;ઝોલાંખાવાં તે.

Oscil-la-to-ry,(ઑસ્'સિલ્લેટોરિ)*a.*Swinging; oscillating;vibratory:ઝુલતું;ઝોલા ખાતું.

Os-ci-tation,(ઑસ્‌સિટે'શન્)*n.*[L.*os*,the mouth & *ciere*,to move.] The act of yawning or gaping:બગાસું.

Osi-er, (ઑ'ઝિઅર્)*n.*[Gr.*oisos*.] A kind of willow:ટોપલા-ટોપલીઓ બનાવવાનું એક જાતનું નેતર.

Ossi-cle, (ઑસ્'ઇકલ્)*n.*[L *os*,*ossis*, a bone.] A little bone:નાનું હાડકું.

Ossi-fy, (ઑસ્'સિફાઇ) *vt.* To form into bone; હાડકું બનાવવું.*vi.*To become bone:હાડકું થવું.

Os-sivor-ous,(ઑસ્‌સિવ્'ઑરસ્) *a.*[L. *ossis*, bone & *voro*,I devour.] Feeding on bones; eating bones:હાડકાં ખાનારૂં-ખાતું.

Os-tensi-ble,(ઑસ્ટેન્'સિબલ્)*a.*[L.*obs*&*tendo*, I streach.]1 Capable of being shown:બતાવવા લાયક-યોગ્ય.2.Apparent:દેખીતું;પ્રકટ;પ્રત્યક્ષ.

Ostensibly, (ઑસ્ટેન્'સિબ્લિ)*adv.* Avowedly; professedly:ઉઘાડું;ખુલ્લું;ઉપરથી.

Ostentation, (ઑસ્ટેન્ટે'શન્)*n.* [L. *ostendo*,I show.]Unnecessary show;ભપકો;ડોળડમાક.

Os-ten-tatious; (ઑસ્ટેન્ટે'શસ્)Pretentious; boastful:ઢોંગી;ડોળડમાકવાળું;ભપકાદાર;દંભી.

Os-te-olo-gy,(ઑસ્ટીઑલ્'ઑજી)*n.*The science which treats of the bones of the vertebrate skeleton:અસ્થિ શાસ્ત્ર-વિદ્યા.

Osti-a-ry,(ઑસ્'ટિઍરિ)*n.p.l.*[L.*ostium*,door.] The mouth of a river;an estuary:નદીનું મુખ.

Ostra-cism,(ઑસ્'ટ્રસિઝ્મ્)*n* [Gr.*ostradon*, a tile.]1.Banishment by popular vote;ઘણાની સંમતીથી કરેલો દેશનિકાલ.

Ostra-cize,(ઑસ્'ટ્રસાઇઝ્)*vt.*1.To banish by a popular vote,as at Athens: લોકમતે દેશનિકાલ કરવું. [શહામૃગ.

Ostrich, (ઑસ્'ટ્રિચ્)*n.*A kind of large bird:

Other,(અધ્'અર્)*conj.*Either:બેમાંનું એક.*Pron* & *a.*1.Not the same: અન્ય;જુદું;બીજું. 2. Not this,but the contrary:પેલી તરફનું.3.Alternate; second:એક મૂકીને બીજું.*The* o.*world*:પરલોક.

Other-wise,(અધ્'અર્‌વાઈઝ્)*adv.* 1.In different manner;differently:બાજી-જુદી રીતે. 2. In different circumstances:નહિતો.

Ottar,Otto, (ઑટ્'ટાર્,ઑટ્'ટો)*n.*Atter:અત્તર; ગુલાબનું અત્તર. [જળબિલાડી.

Otter,(ઑટ્'અર્)*n.*Any carnivorous animal:

Otto-man,(ઑટ્'ટોમન્)*a.*Of or pertaining to the Turks:તુર્ક લોકો સંબંધિનું. *n. pl.* **Ottomans.** A turk:તુર્ક.

Ouch, (આઉચ)*n.* A socket or bezel holding a precious stone:અંગુઠી-વીંટીનું ખામણું-ઘર.

Ounce, (આઉન્સ)*n.* [L *uncia*, the twelfth.]1. A weight, the sixteenth part of a pound avoirdupois, and containing 437½ grains: આઉંસ;અર્ધટાંક.2.(*Troy Weight.*)The twelfth

part of a troy pound:આંઉસ;અર્ધટાંક.

Our-Ours,(ઑઆર્-ઑઆર્ઝ્) *Possessive pron.* Of or pertaining to us; belonging to us: અમારૂં;આપણું.

Ourself-selves, (ઑઆર્સેલ્ફ્',ઑઆર્'સેલ્વ્ઝ્) *Pron.* An emphasized form of the pronoun of the first person plural: અમે પોતે-જાતે.

Oust,(આઉસ્ટ્)*vt.*1.To take away;to remove: લઇ-ખસેડી લેવું.2.To eject;to turn out:(ભાડુતને) કાઢી મેલવું.

Out,(આઉટ્)*adv.*1. Away;abroad; off;not in: બહાર. 2.To the end;completely:પૂર્ણ રીતે.3. In a state of loss:તંગી-નુકશાનમાં *Out and out*: નદાવે.**O.***of cess*, excessively: અતિશય;બેહદ.**O.** *of character*,unbecoming:અઘટિત.**O.***of conceit with*,not pleased with:-ની સાથે-થી ખુશ ન થવાથી. **O.** *of hand*, immediately; without delay:તરતજ;તત્કાળ.**O.***of print*,not in market, the edition printed being exhausted:ન મળે તેવું (પુસ્તક.) જેની બધી પ્રત ખપી ગયેલી હોય તેવું. **O.** *of question*, impossible to be favorably considered:અપ્રસ્તુત.**O.***of reach*:પહોંચ ઉપરાંત; મેળવી ન શકાય તેવું. **O.***of season*:બે વખતનું.**O.***of temper*,angry: ક્રોધિત **O.***of tune*,not in harmony:બેતાલ.**O.***of use*:વાપરમાંથી ગયેલું.**O.***of the woods* free from difficulty: સહિસલામત. *To put* **o.***of the way*,to kill;to destroy:મારી નાખવું;નાશ કર.*vt.*To eject; to expel: કાઢી મુકવું. *Interj.*Expressing impatience,anger,a desire to be rid of, with the force of command:દૂર જા;જાજા.**O.** *upon or on* ! equivalent to"shame upon!""away with!":ચલ જા;તારૂં કાળું કર;તારૂં મોં સંતાડ.[weigh:તોલમાં વધઘટ થવું-હોવું.

Out-balance,(આઉટ્-બૅલ'ઍન્સ્)*vt.* To out-

Out-bid,(આઉટ્બિડ્') *vt.*To exceed or surpass in bidding:લીલામ-હરાજીમાં વધવું;મોટી માગણી કર.

Out-bound, (આઉટ્'-બાઉન્ડ્) *a.* Outward bound:પરદેશ જવું-જવા સારૂ તૈયાર થયેલું.

Out-brave,(આઉટ્બ્રેવ્')*vt.*To defy with superior courage or audacity:બહુ હિંમત તથા અપમાનથી મારાને હરાવવું.

Out-break,-burst,(આઉટ્'બ્રેક્ આઉટ્'બર્સ્ટ્) *n.* A bursting:ઉભરો.(cf bove):ઉમળકો.

Out-cast,(આઉટ્-કાસ્ટ્)*a.* Cast out;degraded: બહાર કાઢી મૂકેલું;ભ્રષ્ટ;પતિત.*n.* One who is expelled:દેશ નિકાલ કરેલો-બહાર કાઢી મૂકેલો પુરુષ.

Out-come,(આઉટ્'કમ્)*n.* Issue; result; consequence:ફળ;પરિણામ;ઉત્પન્ન.

Outcry,(આઉટ્'ક્રાઇ) *n.*A vehement or loud cry;clamor:પોકાર;બુમ;શોર;ગુમાટ;ઘોંઘાટ;કોલાહલ.

Out-do,(આઉટ્-ડૂ')*vt.*To go beyond in performance;to excel:આગું પાડવું;ચઢીઆતા થવું.

Outdoor,(આઉટ્'-ડોર્) *a.* Being or done in the open air:ઘરની બહારનું;બહારનું.

Outer,(આઉટ્'અર્)*a.*(*Compar.of* **out.**)Being on the outside;external:ઉપરનું;બહારનું.

Outer-most,(આઉટ્'અર્મોસ્ટ્)*a.*Being on the extreme external part:સૌથી બહારનું.

Out-face,(આઉટ્ફેસ્')*vt.*To face or look out of countenance;to brave:જોરને માથે સવારી કરવું.

Outfit,(આઉટ્'ફિટ્)*n.*A fitting out or equipment,as of a ship for a voyage:મુસાફરી-સફરની સઘળી સામગ્રી-સાહિત્ય;પ્રવાસસાહિત્ય.

Out-flank,(આઉટ્ફ્લૅન્ક્')*vt.* To go beyond,or be superior to:બાજુએથી આગળ નિકળવું.

Out-gener-al,(આઉટ્-જેન'અરૅલ્)*vt.*To exceed in generalship:સામાવાળા પર ફાવવું.

Out-go,(આઉટ્-ગો')*vt.*To surpass;to outdo: પાછળ પાડવું;હઠાવવું;ચઢીઆતા થવું.

Out-going, (આઉટ્'-ગો'ઇન્ગ્)*n.*1. The act or state of going out: બહાર જવું તે. 2. Outgo: ખર્ચ.*a.*Going out:જતું. [ઉગીને-ફાલીને વધી જવું.

Out-grow, (આઉટ્ગ્રો)*vt.*To grow more than:

Out-house,(આઉટ્'હાઉસ્) *n.* A small house or building at a little distance from the main house:ઘરની પાસે ઘરના કામની નાની ઓરડી.

Out-landish,(આઉટ્-લૅન્ડ્'ઇશ્)*a.*Foreign; not native:પરદેશી;વિજાતીય.

Out-last,(આઉટ્લાસ્ટ્')*vt.*To survive;to endure longer than:લાંબી મુદત સુધી ચાલવું-ટકવું.

Outlaw,(આઉટ્'લૉ)*n.*A person excluded from the benefit of the law: બહારવટે નિકળેલો પુરૂષ; બહારવટિયો. [an outlaw:બહારવટું.

Outlaw-ry,(આઉટ્'લૉરિ)*n.*The state of being

Outlay,(આઉટ્'લે)*vt.*To lay out;to spread out: પાથરવું;મુકવું.*n.*1.Expending:ખર્ચ;વ્યય;ઉત્સર્ગ. 2 An outlying haunt:બહારનું રહેઠાણ.

Outlet,(આઉટ્'લેટ્)*n.* A passage out; vent: બારૂં;બહાર જવાનો માર્ગ;બારૂ.

Outline, (આઉટ્'લાઇન્)*n.* 1. The line which marks the outer limits of an object or figure;the exterior line:હદ-સીમાની રેખા-આકૃતિ;મર્યાદારેખા.2.A sketch:ડોળીયું;ખોખું. 3.A preliminary or general indication:ખરડો.*vt.* To draw the outline of:બહારની આકૃતિ કાઢવી.

Out-live,(આઉટ્લિવ્') *vt.* To live beyond or longer than:-થી વધારે જીવવું;-ના મુવા પછી રહેવું-જીવવું.

Outlook,(આઉટ્'લુક)*vt.*1.To outstare:ડોળા કાઢીને વાટ-રાહ જોવી.2.To inspect thoroughly: તપાસવું;પસંદ કરવું;ચુંટી કાઢવું.*n.*1. The act of looking out;watch:બહાર જોવું તે;તપાસ.2. Scope of of vision;sight:દેખાવ;દૃષ્ટિ;નજર.

Outlying, (આઉટ્'લાઇઇન્ગ્) *a.* Exterior; remote;detached:બહારનું;આઘું;વેગળું.

Out-ma-nœvre,(આઉટ્-મેનૂ'વર્)*vt.*To outgeneral:લશ્કરને યુક્તિથી ચલાવવામાં ચઢવું.

Outmost,(આઉટ્'મૉસ્ટ્)*a.*Farthest outward; outermost:ઘણું દૂરનું;છેટેનું;સૌથી બહારનું.

Out-number,(આઉટ્નમ્'બર્)*vt.*To exceed in number:સંખ્યામાં અધિક-ચઢીઆતા હોવું-થવું.

Out-of-the-way, (આઉટ્ઑવ્ધીવે') *a.* Improper;unusual:વિષય બહારનું;નવાઇનું;અસાધારણ.

Outpost, (આઉટ્'પોસ્ટ્) *n.* (*a*) A post or station at a distace from the main body of an army,for observation of the enemy: શત્રુની હીલચાલ જોવાને માટે ફોજના મુખ્ય ભાગથી થોડે છેટે કરેલો મુકામ-થાણું.

Out-pour,(આઉટ્-પોર્')*vt.*To pour out:પુષ્કળ નાંખવું;પાડવું;રેડવું.*n.*A flowing out:વહેવું તે.

Outrage,(આઉટ્'રેજ્)*n.* 1. Excessive abuse; wanton mischief: મોટો જુલમ; અન્યાય; ગજબ; અનર્થ;કેર.*vt.*To commit outrage upon:ના ઉપર મોટો જુલમ કરવો.

Out-rageous,(આઉટ્રે'જસ્) *a.* Of the nature of an outrage;furious:લાજ વગરનું;ઉન્મત્ત.

Ou-tre,(ઊટ્રે)*a.* [L. *ultra* beyond.] Extravagant;bizarre:વિચિત્ર;વિલક્ષણ;અસાધારણ.

Out-reach,(આઉટ્રીચ્') *vt.* To reach beyond: માર્ગ-રસ્તો ભૂલવો;ફસાવવું;થકવવું;મુંડવું;ધૂતવું.

Out-ride,(આઉટ'રાઇડ્)*vt.* To surpass in speed of riding:ઝડપથી ઘોડો દોડાવવો-ચલાવવો.

Outrid-er,(આઉટ્'રાઇડર્)*n.* 1.One who rides out on horseback: ઘોડા ઉપર સ્વારી કરનાર.

Outright, (આઉટ્'રાઇટ્) *adv.* Immediately; without delay;at once:તત્ક્ષણ;તરતજ;એકદમ.

Out-run, (આઉટ્-રન્') *vt.* To run faster than: દોડવામાં પાછળ મૂકવું;અતિક્રમણ કo.

Out-sail,(આઉટ્ સેલ્')*vt.* To excel,or to leave behind,in sailing:આગળ હંકારી-નિકળી જવું.

Outset,(આઉટ્'સેટ્) *n.* A starting,or beginning:શરૂઆત;મંડાણ;પ્રારંભ;ઉપક્રમ;ગણપતિ પૂજન.

Out-shine,(આઉટ્-શાઇન્')*vt.*To excel in splendor:વધારે ચળકવું-શોભવું;અધિક શોભા આપવી.

Outside, (આઉટ્'સાઇડ્) *n.* The exterior: કોઇ ચીજનો ઉપરનો-બહારનો ભાગ.

Outskirt, (આઉટ્'સ્કર્ટ્) *n.* Remote from the centre;border:સિમાડો;હદ;છેડો;અન્ત.

Out-spread,(આઉટ્-સ્પ્રેડ્') *vt.* To spread out; to extend:ફેલાવવું;ખુલ્લું કરવું.

Out-standing, (આઉટ્-સ્ટેન્ડ્'ઇન્ગ્) *a.* Undischarged;uncollected:પત્યા વગર-બાકી રહેલું.

Out-stretch,(આઉટ્-સ્ટ્રેચ્')*vt.* To stretch out: અતિશય વધારવું.

Out-strip,(આઉટ્-સ્ટ્રિપ્')*vt.*To go faster than: પાછળ મૂકવું-થી આગળ વધવું.[હઠાવવું-થી ચઢીઆતા થવું.

Out-vie,(આઉટ્-વાઇ') *vt.* To exceed in vying:

Out-vote, (આઉટ્-વોટ્') *vt.* To exceed in the number of votes given:વધારે મતથી જીતવું-હરાવવું. [ing:ચાલવામાં પાછળ મૂકવું-નાંખવું-પાડવું.

Out-walk,(આઉટ-વૉક્') *vt.*To excel in walk-

Outward,(આઉટ્'વર્ડ્)*a.*1.External:બાહ્ય;ઉપરનું.2.Public:દેખીતું;ખુલ્લું;પ્રસિદ્ધ. 3.Foreign: પરદેશનું;અન્યદેશીય.*The* **o.***letters,&c*:જાવક.

Out-wear,આઉટ્-વેર્')*vt.*1.To wear out:ઘસાઇ ઘસાઇને નાશ થવું. 2.To last longer than:લાંબા વખત સુધી ચાલવું-ટકવું.

Out-weigh,(આઉટ્-વે')*vt.* To exceed in weight or value:ઉપયોગ-વજન-તોલમાં વધારે થવું.

Outwork,(આઉટ્'વર્ક્)*vt.* To work more or faster than:-ના કરતાં વધારે-ઉતાવળથી કામ કરવું.

Oval,(ઑ'વેલ્) *a.* [L. *ovum*, an egg.] Having the figure of an egg:અંડાકાર;અંડાકૃતિ;ઇંડાકારનું.

Ova-ry,(ઑ'વેરિ)*n.*[L *ovum*,egg.]That part of the pistil which contains the seed:ગર્ભાશય; બીજાશય. [an egg:ઇંડાકાર-ઇંડાકૃતિનું.

Ovate,(ઑ'વેટ્)*a.*[L *ovum*,egg.]Shaped like-

O-vation,(ઑવે'શન્) *n.* [L *ovo*, I exult.] A lesser kind of triumph allowed to a commander for an easy bloodless victory:નાનો જય કરી આવનાર સેનાપતિને આપેલું માન.

Oven,(અવ્'ન્)*n.*[L.*ignis*,fire.] A place arched over with brick or stone work,and used for baking,heating,or drying:ભઠ્ઠી;ચૂલો;ચૂલ.

Over,(ઑ'વર્) *prep.* [L. *super*.] 1. Above or higher than:ઉપર;પર;ની ઉપર. 2.Across; from side to side of:ઉપર થઇને-થી.2.Upon the surface hither and thither upon:ઊપર;ઉપર બધે. 3.Above in authority or station:ઉપર;-માં ઊપરી હાખલ. 4. In excess of:-ના કરતાં વધારે. *Over head and ears*, completely; wholly: પૂર્ણ રીતે.*All* **o.**(*a*)upon all parts:સઘળા ભાગ ઉપર;પૂર્ણ રીતે.(*b*)At an end:છેડે;આખરે. **O** *again*,once more:ફરી ફરીને. **O.** *against*,opposite: સામું;સન્મુખ;-ના સામે. **O.** *and above*,besides; in addition:વળી; એ સિવાય;ઊપરાંત;વધારામાં. **O.** *and over*, repeatedly: ફરીફરીને; વારંવાર. *To throw* **o.**,to abandon:તજી દેવું.

Over-alls,(ઑ'વરઑલ્ઝ્)*n. pl.* A kind of loose trousers:એક જાતનો લાંબો લેંઘો-ઇજાર.

O-ver-arch,(ઑવર્-આર્ચ્')*vt.& vi.*To make or place arch over:મહેરાબ-કમાન-દરવાજો કરવો-હોવો.

O-ver-awe,(ઑવર્ ઑ')*vt.* To awe exceedingly:ધાકથી હલાવવું;ભીતરાવી નાંખવું.

O-ver-balance,(ઑવર્-બૅલ્'અન્સ્)*vt.*1. To exceed equality with; to outweigh:થી વજન-તોલ-ભારબોજ-અગત્યતામાં વધારે થવું-હોવું.

O-ver-bear, (ઑવર્બેર્') *vt.* To overcome; to suppress:દાબી નાંખવું;જોરથી ન ચાલવા દેવું.*vi.*To

be too prolific:અતિશય ફળદ્રુપ હોવું.

O-ver-bearing,(ઓવરૃબેર'ઇન્ગ્)*a.* 1. Subduing;repressing:દાબી નાંખવું;તાબે કરવું. 2. Arrogant;tyrannical:મીજાજી;જુલમી.

Over-board, (ઓ'વરૃબૉર્ડ્)*adv.* Over the side of a ship: વહાણમાં-ઊપરથી; વહાણની બાજુએથી. *To throw* o., to discard:વહાણમાંથી નાંખી દેવું.

O-ver-burden,(ઓવરૃબર'ડન્)*vt.*To load with too great weight:ગજા ઊપરાંત લાદવું-પર ભાર મૂકવો.

O-ver-cast,(ઓવર્કાસ્ટ્)*vt.*To cloud;to darken:આચ્છાદન કo;ઘેરવું.

O-ver-charge, (ઓવરૃચાર્જ્) *vt.* To charge beyond a fair rate or price:-ના કરતાં વધારે મૂલ્ય ભાવ-કીંમત કહેવી-માંડવી.

O-ver-come,(ઓવરૃકમ્)*vt* 1.To get the better of;to conquer:પારપાડવું;જીતવું.2.To subdue:જેર કo.3.To come or pass over:ના ઊપર થઈને જવું.*vi.*To be victorious:ફત્તેહમંદ થવું-હોવું.

O-ver-do,(ઓવરૃડૂ)*vt.*1.To do too much:ઘણું-અતિશય કરવું.2.To fatigue: થકવી નાંખવું; શ્રમિત કo. 3.To surpass:શ્રેષ્ઠ-ના કરતાં ચઢીયાતા થવું.4.*vi.*To labor too hard: સખ્ત મજુરી કo.

Over-dose,(ઓ'વરૃડોસ્)*n.*Too great a dose: વિશેષ કારી-પાન.

O-ver-draw,(ઓવરૃડ્રૉ)*vt.*1.To exaggerate: જરાનું ગજ કરવું;અતિશયોક્તિ કo.2.To make drafts upon or against,in excess of the proper amount or limit: પોતાના જમે હોય તેથી અધિક ઊપાડ કરવો.

O-ver-estim-ate,(ઓવરૃએસ્'ટિમેટ્)*vt.*To estimate too highly:ઘણો ઉંચો અડસટ્ટો-ગણના કરવી. *n.*An estimate that is too high:ઘણો ઉંચો અડસટ્ટો-ગણના.

O-ver-feed,(ઓવરૃફીડ્)*vt.*To feed to excess: [ઠાંશીને-અતિશય ખવરાવવું.

O-ver-flow,(ઓવરૃફ્લો)*vt.*1.To spread over; ઊપર ફરી વળવું.2.To flow over the brim of: છલકાઇ જવું. *vi.* To run over the bounds: હદ ઊપરાંત જવું.*n.*An inundation:પૂર;રેલ.

O-ver-flowing,(ઓવરૃફ્લો'ઇન્ગ્) *n.* Exuberance;copiousness:રેલછેલ;પુષ્કળતા;અતિશયપણું.

O-ver-grow, (ઓવરૃગ્રો) *vt.* To cover with growth:ઝાડપાનથી ઢંકાઇ જવું;વધારે ફાલી જવું.

Over-growth, (ઓ'વરૃગ્રોથ્) *n.* Excessive growth:અતિશય વધવું-ફાલવું તે;અતિવૃદ્ધિ.

O-ver-hang,(ઓવરૃહેંન્ગ્)*vt.*1. To impend or hang over:ઊપરઝુલીરહેવું;લટકવું.2.To hang over: ઢપસવું.*vi.*To jut over:બહાર ઊપર નિકળતું હોવું.

O-ver-haul, (ઓવરૃહૉલ્) *vt.* To inspect; to examine thoroughly with a view to corrections:સમરાવવાના ઇરાદાથી સારી પેઠેતપાસવું. *n.* A strict examination with a view to corrections or repairs:બારીક તપાસ;સૂક્ષ્મ પરીક્ષા.

O-ver-head,(ઓવરૃહેડ્)*adv.*Aloft; above; in the zenith:માથા ઊપર;ઉંચે.

O-ver-hear, (ઓવરૃહીર્) *vt.* To hear by accident or artifice:વેગળેથી છાનામાના સાંભળવું.

O-ver-heat,(ઓવરૃહીટ્)*vt.*To heat to excess; to superheat:અતિશય ઊનું-ગરમ કરવું.

O-ver-joy,(ઓવરૃજૉઇ)*vt.*To make excessively joyful:અત્યાનંદી કરવું;ખુશી ખુશી કરવું. *n.*Excessive joy:અત્યાનંદ.

Over-land,(ઓ'વરૃલેન્ડ્)*a.*Being or accomplished over the land:જમીનઊપરની;જમીનની;ખુશ્કી

Over-lap,(ઓવરૃલૅપ્)*vt.* & *vi.*To lap over;to lap:લંબાઇને બીજા ઉપર પથરાવવું-આવવું.

O-ver-lay,(ઓવરૃલે)*vt.* To cover:મઢવું;ચઢાવવું. *n.*A covering:પડ;ઢાંકણું;ગલેફ. [ઊપર કૂદી જવું.

O-ver-leap, (ઓવરૃલીપ્) *vt.* To leap across:

O-ver-load-lade,(ઓવરૃલોડ્,-ઓવરૃલેડ્)*vt.*To load or fill to excess:ઊપર ઘણો ભાર-બોજો નાખવો-ભરવો.*n.*An excessive load:ઘણોભાર-બોજો.

O-ver-look,(ઓવરૃલુક્)*vt.*1.To observe secretly:તપાસ રાખવી;છાનું માનું-છુપીરીતે જોવું.2.To inspect:સારી પેઠે તપાસીને જોવું. 3.(*a*)To miss or omit in looking:ઊપર નજર ન રાખવી.(*b*)To excuse:આંખ આડાકાનકo;અખાડા કo;જોયું ન જોયું કo.

Over-lying,(ઓ'વરૃલાઇઇન્ગ)*a.*Lying over or upon something:ઊપર પડેલું-રહેલું;ઊપરનું.

Over-match, (ઓવરૃમૅચ્) *vt* 1. To be more than equal to or match for;to vanquish:બીજા કરતાં વધારે શક્તિમાન થવું;જીતવું.2.To marry(*one*) to a superior:વધારે કુળવાન સાથે પરણાવવું.*n.*One superior in power:બીજા કરતાં બળમાં કે ચતુરાઇમાં ચઢનારો.

Over-mo-rrow,(ઓ'વરૃમૉરો)*n.*The day after or following tomorrow:પરમદહાડે;ત્રીજે દહાડે.

Over-much,(ઓ'વરૃમચ્)*a.*Too much:અતિશય; પુષ્કળ;ઘણું.*adv* In too great a degree:અતિશય.

O-ver-pass,(ઓવરૃપાસ્)*vt.*1.To go over or beyond; to cross:ઓળંગવું; -થી આઘે જવું. 2. To omit:મૂકીદેવું;-ની દરકાર નરાખવી.3.To surpass;to excel:થી ચઢીયાતા-શ્રેષ્ઠ થવું.*vi.*To pass over,away or off:-થી આઘે-ના ઊપર થઈને જવું.

O-ver-pay,(ઓવરૃપે)*vt.*To pay too much to: માગ્યા કરતાં વધારે આપવું.

Over-plus, (ઓ'વરૃપ્લસ્) *n.* That which remains,after a supply:વધારાનોફાલતુભાગ;વધારો.

O-ver-poise,(ઓવરૃપૉઇઝ્)*vt.*To outweigh:વધારે વજનથવું.*n.*Preponderant weight;a counterbalance:જાસ્તી-વધારે વજન.

O-ver-power,(ઓવરૃપાઉ'અર્)*vt.*To excel or exceed in power:ન ખમાયએવું જોર કo;નિરૂપાયવશ કo; જોર-બળ-પરાક્રમચલાવવું;હરાવવું. *n.*A dominating power:અતિશય બળ-શક્તિ.

O ver-rate,(ઓવરરેટ્')*vt.*To rate or value too highly:અતિશય ગણવું;અતિ યોગ્યતા માનવી.

O ver-reach,(ઓવરરીચ્')*vt.* & *vi.*1. To reach above or beyond in any direction: કોઇ પણ દિશામાં આઘે-દૂર જતા રહેવું.2.To cheat:ઠગવું.

O-ver-rule,(ઓવરરૂલ્') *vt.*1. To rule over;to govern or determine by superior authority:વધારે બળથી વશ કરવું;સત્તા-અધિકાર ચલાવવો.2. To supersede,reject,annul,or rule against: ના મંજુર-રદ ગણવું-કરવું.

O-ver-ruling, (ઓવરરૂલ્ઇન્ગ્) *a.* Exerting-controlling power:ઉપરની સત્તા ચલાવનારું.

O-ver-run,(ઓવરરન્')*vt.* & *vi.*1.To run over: ઉપર ખધે ફરી વ... થવું;વ્યાપિ જવું;પ્રસરવું.2.To exceed in distance:દોડવામાં આગળ નિકળવું.3. To go beyond:-થી આઘે જવું. 4. To abuse or oppress, as if by treading upon:ઉપર પગ દઇને-કચરીને-ના ઉપર જૂલમ કરવો;ને દુઃખ દેવું.

O ver-see,(ઓવરસી')*vt.*1.To superintend:ઉપર દેખરેખ-રાખવી.2.To omit or neglect seeing: જોવાનું ભૂલી જવું.*vi.*To be deceived:ઠગાવું;છેતરાવું.

O ver-seer,(ઓવરસીર્')*n.*One who oversees; a superintendent:દેખરેખ-તપાસ-ચોકસીરાખનાર

O-ver-set,(ઓવરસેટ્')*vt* 1.To upset:ઊંધું વાળવું-નાંખવું.2.To fill too full:છલકાય તેમ ભરવું.*vi.*To be upset:ઊંધું વળાવું.[shade:છાંયડો-પડછાયોપાડવો.

O-ver-shade,(ઓવરશેડ્') *vt.* To cover with

O-ver-shadow,(ઓવરશૅડો)*vt.*1. To throw a shadow:ઉપર છાયો-પડછાયો નાંખવો.2. To cover with a superior influence:-નો બચાવ-સંરક્ષણ કo.

O ver-shoot,(ઓવરશૂટ્')*vt.Imp.*& *p.p.***Overshot**.1.To shoot over or beyond નિશાન-ચોટથી આગળ જવું. 2.To pass swiftly over:-ના ઉપર થઇને જલદીથી જવું.*To o.one's self*,to venture too far:અતિશય ખાત્રી કરી આપવી.

Over-sight,(ઓ'વરસાઇટ્)*n.*1.Watchful care; general supervision:નિગેબાની;દેખરેખ;ચોકસી; તપાસ.2.An omission;an error:ભૂલચાપ;ચૂક;ભૂલ.

Over-sleep,(ઓવરસ્લીપ્')*vt.*To sleep beyond: ઉઠવાના વખત પછી ઉંઘવું. *vi.*To sleep too long: ઘણીવાર સુધી ઉંઘવું.

O ver-spent,(ઓવરસ્પેન્ટ્')*a.* Too much fatigued,exhausted:અતિશય થાકી ગયેલું-થાકેલું.

O-ver-spread,(ઓવરસ્પ્રેડ્') *vt.* [*Imp.* & *p.p.* **Overspread**.]To spread over:ઉપર ફેલાવવું.*vi.*To be spread:ઉપર ફરી વળવું-પથરાવું.

O-ver-state,(ઓવરસ્ટેટ્') *vt.* To state in too strong terms:અતિશયોક્તિ કરીને કહેવું.

O-ver-step,(ઓવરસ્ટેપ્')*vt.*To step over or beyond:ચીઆગળવધવું;આગળપગલુંભરવું;-નુંઉલ્લંઘનકo.

O-ver-stock,(ઓવરસ્ટૉક્')*vt.* To fill too full: જરૂર-ખપ કરતાં વધારે રાખવું.*n.*Stock in excess: વધારેનો માલ.

Over-strain,(ઓ'વરસ્ટ્રેન્)*vt.*& *vi.*To stretch too much:ઘણો પ્રયાસ-યત્ન કરવો;ઘણું ખેંચવું.

O-ver-strew,(ઓવરસ્ટ્રૂ')*vt.*To strew or scatter over:પાથરવું;ફેલાવવું;પસરાવું.

Overt,(ઓ'વર્ટ્)*a.*[L.*aperio*,I open.]Open to view;public;apparent:ઉઘાડું;દેખીતું;સ્પષ્ટ;પ્રસિદ્ધ.

O-ver-take (ઓવરટેક્')*vt.*1.To catch up with: પકડી પાડવું.2.To come upon from behind:ઉપર ઓચિંતા આવી પડવું.

O-ver-task,(ઓવરટૅસ્ક્')*vt.*To task too heavily:ગજા ઉપરાંત મહેનત કરાવવી;અધિક કામ બતાવવું.

O-ver-tax,(ઓવરટૅક્સ્')*vt.*To tax or to task too heavily:શક્તિ ઊપરાંત વેરો લેવો-કામ કરાવવું.

O-ver-throw, (ઓવરથ્રો')*vt.* To throw over; to upset:ઊંધું વાળવું.*n.* The act of overthrowing;ruin:ક્ષય;નાશ;પરાજય;ભંગ;પરાભવ;હાર.

Over-time,(ઓ'વરટાઇમ્) *n.* Time beyond,or in excess of, a limit:ઠરાવ કરતાં વધારાનો વખત.

O-ver-top,(ઓવરટૉપ્')*vt.*To exceed in height: -ની ટોચ ઊપર જવું;ઉંચાણમાં વધી જવું.

Over-ture,(ઓ'વરટ્યૂર્)*n.*A proposal;an offer:દરખાસ્ત;ભાંજગડ થયેલી વાત.

O-ver-turn,(ઓવરટર્ન્')*vt.*1.To overset:ઊંધું નાંખવું-પાડવું.2.To subvert;to destroy;to overthrow:-નો નાશ કo;ઊંધું વાળવું.

O-ver-weening,(ઓવરૂઈન્ઇન્ગ્)*a.*Arrogant; presumptuous; conceited:અતિશય મગરૂબ.*n.* Conceit;arrogance:મગરૂબી;અભિમાન;ગર્વ.

O-ver-weigh, (ઓવરૂવે') *vt.*To exceed in weight:તોલ-વજનમાં વધારવું-વધારે થવું.

O-ver-weight,(ઓવરૂવેટ્') *n.* Superabundance of weight:અતિશય-ભારે બોજ-વજન.

O-ver-whelm,(ઓવરૂવ્હેલ્મ્')*vt.* 1. To submerge માંહે બુડાડી નાંખવું. 2. To cause to surround,or to cover:વિંટળાવવું;લપેટવું.

Over-wise, (ઓ'વરૂવાઇઝ્) *a.* Too wise; affectedly wise.અતિશય-ઘણોજ ડાહ્યો;દોઢડાહ્યો.

O-ver-work,(ઓવરૂવર્ક્')*vt.*Work beyond the strength:શક્તિ-ગજા ઊપરાંત કામ કરાવવું.2.To fill too full of work:કામ ભેગું કરવું. *vi.* To work too much or beyond one's strength:શક્તિ-ગજા ઊપરાંત મહેનત-કામ કરવું. *n.*Work in excess of the usual time or quantity:ગજા-વખત ઊપરાંત કરેલું કામ

Ovi-form,(ઓ'વિફૉર્મ્)*a.* Egg-shaped:ઇંડા જેવું.

O-vipa-rous.(ઓવિપ્'અરસ્)*a.*[L.*ovum*,an egg and *paro*,I bring forth.]Producing young from eggs:અંડજ;અંડજનક.

Ovo-vi-vipa-rous, (ઓ'વોવાઇવિપ્'અરસ્) *a.* Oviparous, but hatching the eggs while it is within the body:અંડજનક પરંતુ ઇંડાને શરી-

રમાં સેવનારો (પ્રાણી.)

Owe,(ઓ)*vt. imp.& p.p.***owed.**1.To be indebted or obliged for:-ના કરજદાર હોવું;-ને દેવું હોવું. 2.To have an obligation to:-ના આભારી હોવું.

Owing,(ઓ'ઈન્ગ્)*p.p.* & *a.*1.Had or held under obligation of paying;due:માગતા;દેવા;લેણા. 2.Ascribable (with to):-ને લીધે થયેલું.

Owl,(આઉલ્)*n.*[L.*ulula,*an owl.]Any species of raptorial birds:ઘુડ;ઘુવડ.

Owlet,(આઊલ્'એટ્)*n* A small owl:ઘુવડનું બચ્ચું.

Own,(ઓન્)*vt.* To grant;to acknowledge:-નો સ્વીકાર કરવો;કબુલ કરવું. *a.*Belonging to:પોતીકું; સ્વીય;સ્વકીય.*vt.*To hold as property:માલીક-ધણી હોવું;-ના ધણીપણા-કબજામાં હોવું.

Owner,(ઓન્'અર્)*n.*One who owns:a rightful proprietor:માલેક;માલધણી;ધણી;પતિ;સ્વામી.

Owner-ship,(ઓન્'અર્શિપ્)*n.*Exclusive right of possession;proprietorship:માલકી;ધણીપણું.

Ox, (ઓક્સ્)*n. pl.* **oxen.** The male of bovine quadrupeds:બળદ;બેલ;વૃષભ.

Ox-id-ation,(ઓક્સિડે'શન્)*n.*The act or process of oxidizing:કટાવું;કાટ ચડવો તે.

Oxide,(ઓક્સ્'આઈડ્) *n.* A binary compound of oxygen:ઓક્સિજન સાથે કોઇ પદાર્થ મળી થયેલો મિશ્ર પદાર્થ.

Oxid-ize, (ઓક્સ્'ઈડાઈઝ્)*vt.* To combine with oxygen:કટાવું;કાટચડવો;કટાઇ જવું.

Oxy-gen,(ઓક્સ્'ઇજેન્)*n.*[Gr.*oxus,*acid & *gennao,*I produce.]A colorless,tasteless,odorless, gaseous element:ઓક્સિજન;પ્રાણવાયુ.

Oxy-gen-ate,(ઓક્સ્'ઈજેનેટ્)*vt.*To treat with oxygen;to oxidize:પ્રાણવાયુમાં એકરૂં-મિશ્ર કરવું.

Oxy-gen-ize,(ઓક્સ્'ઇજેનાઇઝ્)*vt.*To oxidize:-નો 'ઓક્સાઇડ' સાથે ભેગ કરવો.[પ્રાણવાયુ સંબંધીનું.

Ox-ygen-ous, (ઓક્સિજ્'એનસ્)*a.* Oxygenic:

Oyer,(ઓ'યર્)*n.* [L.*audio,*I hear.]A hearing or an inspection as of a deed,bond,etc: પ્રતિવાદી સામો પક્ષકાર લેખ વાંચી સંભળાવવાનું માગેતે.

Oyster,(ઓઇસ્'ટર્)*n.*Any marine bivalve mollusk of the genus Ostrea:એકજાતની માછલી.

Ozone, (ઓ'ઝોન્)*n.*[Gr.*ozo,*I smell.]A colorless gaseous substance: વાતાવરણમાં થતો એક જાતનો વાયુ.

P.

P,(પી)The sixteenth letter of the English alphabet:અંગ્રેજી મુળાક્ષરનો સોળમો અક્ષર.It is expressed by 'પ'.

Pa,(પૅ)*n.*A shortened form of Papa:બાપા;બાવા.

Pabu lar-ous,(પૅબ્'યુલરઅસ્)*a.*[L.*pasco,*I feed] Pertaining to food:affording food:ખોરાકનું.

Pabu-lum,(પૅબ્'યુલમ્)*n.*[L.*pasco,*I pasture.] Food;nourishment:પોષણની વસ્તુ;અન્ન;ભોજન.

Pacat-ed,(પૅકે'ટડ્)*a.*Pacified;pacate:શાંત પડેલું-પાડી શકાય એવું.

Pace,(પેસ્)*n.*[L.*passus,*a step.]1.Step:ડગલું;પગલું. 2.The length of a step in walking or marching, reckoned from the heel of one foot to the heel of the other:ડૅગું.3.A kind of fast amble;a rack:રવાલ;ચાલ. *To keep or hold* **p.** *with,* to go as fast as, to keep up with:સાથે ને સાથે ચાલવું. *vi.*1.To go:જવું. 2.To move quickly by lifting the legs on the same side together:રવાલમાં જવું. *vt.*1.To move slowly over:સાધારણ ચાલે ચાલવું. 2.To measure by steps or paces:ડૅગે માપવું.

Pacer,(પેસ્'અર્)*n.*One who or that which paces:સારો ચાલનારો ઘોડો. [કીનો પાદશાહ.

Pa-cha,(પાં'શાં)*n.*The king of Turkey:તુર્કી

Pa-chalic, (પાંશાં'લિક્)*n.*The jurisdiction of a pacha:પાદશાહની રાજસત્તા.

Pa-cific,(પૅસિફ્'ઇક્)*a.*[L.*pax,*peace & *facio* I make.]Pertaining to peace:સલાહ ભરેલું.

Pacifi-cation, (પૅસિફ્ઇકે'શન્)*n.* The act or process of pacifying:શાંતિ;સલાહ;સંધિ;મેળાપ.

Pa-cifi-cat-or,(પૅસિફ્'ઇકેટર્)*n.*One who pacifies;a peace maker:સલાહ-સમાધાની કરાવનાર.

Pa-cifi-ca-to-ry,(પૅસિફ્'ઇકેટોરિ)*a.*Tending to make peace; conciliatory:સમાધાની કરાવતું.

Paci-fi-er,(પૅ'સઈફાઇઅર્)*n.*One who pacifies: સલાહ-શાંતિ કરાવનાર;સંતાપહર્તા;કોપહર્તા;શાંતિકર્તા.

Paci-fy, (પૅ'સિફાઇ)*vt.*[L.*pax,pacis,*peace.] To calm;to still;to quiet:સમજાવવું;શાંત-ઠંડું પાડવું.

Pack, (પૅક્)*n.*1.A bale:ગાંસડી;પોટલું. 2. (*a*)A full set of playing cards:ગંજીફો.(*b*)A number of hounds:કુતરાનું ટોળું.*A* **p.***of knaves*:ગંડાળ ચોકડી.*vt.*1.To make a pack of:ગાંસડી બાંધવી;પેક કર.2.To sort and arrange in a pack so as to secure the game unfairly:ગંજીફાનાં પાનાં લુચ્ચાઇથી ચીપવાં.3.To load with a pack: ઉપર ભાર ભરવો.4.To cause to go:કાઢી મુકવું.*vi.*

1.To make up packs:ગાંસડીઓ બાંધવી. 2. To gather in flocks or schools:ટોળાબંધ ભેગા થવું. 3.*To send packing*, to drive away:કાઢી મૂકવું;રસ્તો બતાવવો.

Package, (પૅક્'એજ્) *n.* 1. Act or process of packing:બાંધવું તે.2.A packet;a bale:ગાંસડી.3. A charge made for packing goods:બંધામણી.

Pack-cloth, (પૅક્'ક્લૉથ્) *n.* A piece of cloth used in packing goods:માલ બાંધવાનું કપડું.

Packet,(પૅક્'એટ્)*n* [L.*paccus.*]1.A small pack; a little bundle:પોટલી,બચકી;બિંડલી;લખોટો;પાકિટ.2.A vessel employed by government to convey mails: ડાકનું વહાણ. *vt.* To make up into a bundle:ગાંસડી બાંધવી.*vi.* To play with a packet:ભાર લેઇને જવું.

Packhorse, (પૅક્'હૉર્સ) *n.* A horse used in carrying goods:ભાર ખરચરી ઘોડો;ભારવાહ.

Packman,(પૅક્'મૅન)*n.*One who bears a pack; a peddler:ફેરીઓ;ગાબડીવાળો.

Pack-sadd-le,(પૅક્'સૅડલ્)*n.*Saddle for loaded animals:પલાણ;પોઠ;ખોગીર;ઘુણ;ઠોઠું.

Pact-Paction,(પૅક્ટ,પૅક્'શન)*n.*[L.*pactio, paciscor*,to fix.]An agreement:કોલ;કરાર;બોલી.

Pad,(પૅડ્)*n.*1.A foot path; road:રસ્તો;પગથી;પગવાટ.2.An easy paced horse:ધીમેચાલનો ઘોડો. 3.A robber that infests the road on foot: વાટપાડું. 4.The act of robbing on the highway:લૂંટફાટ.*vt.*1.To travel upon foot:પગે ચાલવું. 2. To staff;to furnish with a pad:ગાદી ભરવી.*vi.*To wear a path by walking:ચાલતા જવું.*n.*1.A soft or small cushion:ગાદી;તકીઓ; ઢશીકું.2.A measure for fish:માછલાં ભરવાનું એક માપ:ટોપલો. [2.A highway man:લુંટારૂ.

Padder,(પૅડ્'અર્)*n.*1.One who pads:વટેમાર્ગુ.

Padding,(પૅડ્'ઈંગ્)*n.* 1.The act or process of making a pad:ખોગીર-ગાદલાં તકીયા વીગેરેભરવુંતે. 2. The material with which anything is padded:ખોગીર-ગાદલાં વીગેરે ભરવાનું કંઇ(રૂ.ઇન.)

Paddle,(પૅડ્'લ્)*vi.*1.To use the hands or fingers in toying:ગમતમાં હાથનો ઉપયોગ કરવો. 2. To dabble in water with hands or feet:પાણીમાં હાથ પગ અફાળવા.*vt.*1.To pat or stroke amorously or gently:થાબડવું. 2. To propel with a paddle:હલેસાં મારવાં *n.*An implement used in propelling and steering canoes and boats:હલેસું;ચાટવો.

Paddock,(પૅડ્'ઑક્)*n.*1.A toad:દેડકો 2.A small inclosure for sporting:રમવાનો અખાડો. 3. A small inclosure for pasture:ઢોરને ચરવાનોવાડો.

Padlock,(પૅડ્'લૉક્) *n.* A portable lock:તાળું. *vt.*To shut:બંધ કરવું;તાળું વાસવું.

Pæan,(પી'ઍન)*n.*[L.*paean*,physician of the gods.] An ancient Greek hymn in honor of Apollo:સૂર્યદેવની ભક્તિનું જયગાન-ગીત.

Pagan,(પે'ગૅન) *n.*[L.fr.*pagus* a village]One who worships a false god;an idolater:મૂર્તિપૂજક.*a.*Pertaining to pagans:મૂર્તિપૂજકનું.

Pagan-ism,(પે'ગૅનિઝમ્)*n.*The state of being pagan: મૂર્તિપૂજા; અસદ્ધર્મ; અસદ્ધર્માવલંબન; અધર્મસેવન.

Pagan-ize,(પે'ગૅનાઇઝ્)*vt.*To render heathenish:મૂર્તિપૂજક કરવું.*vi.*To behave like pagans: મૂર્તિપૂજક માફક વર્તવું.

Page,(પેજ્)*n.*[L.*pais*,a child.]1.Serving boy: ખીજમતદાર. 2.One side of a leaf of a book: પાનું;પૃષ્ઠ.*vt.*To mark or number the pages of a book:પાનાનો નંબર લખવો.

Pageant, (પૅ'જેન્ટ્) *n.* [Gr. *pegma*, a stage] A theatrical exhibition;a spectacle:તમાશો. *vt.*To represent;to mimic:તમાશો-ખેલ-ચાળા કરવા.

Pageant-ry,(પૅ'જેન્ટ્રિ)*n.* Spectacularquality; splendor:ઠાઠ;દબદબો;ધામધુમ; શોભા;સોંગ;આડંબર.

Pa-goda,(પૅગો'ડે)*n.*1.A term by which Europeans designate religious temples and tower-like buildings of the Hindoos and Buddhists of India:દેવળ;દેરૂં;દેવાલય; દેવમંદિર. 2.An idol:મૂર્તિ. 3.A gold or silver coin of various kinds and values:સોનારૂપાનો એક જાતનો શીકો;વરાહ.

Pail,(પેલ્)*n.*A vessel of wood or tin;a bucket: [તાંબડી;વટલોઇ;ડોલ;પીપ.

Pailful,(પેલ્'ફુલ્)*n.*The quantity that a pail will hold:તાંબડી ભરાય એટલું;તાંબડીપુર-ભર.

Pain,(પેન્)*n.* [L. *pœna*, punishment.]1.Any uneasy sensation in animal bodies; bodily distress:કષ્ટ;વ્યાધિ.2.*pl.*The throes or travail of child birth:પ્રસવ-પ્રસુતિ વેદના;વેણ.3.Mental distress:ફિકર;ચિંતા.4.Labor; effort:મહેનત.*vt.* 1.To torment;to torture:દુ:ખ દેવું;પીડા કરવી.2. To distress:પીડા કરવી;સંતાપવું;નું મન દુ:ખવવું.

Painful, (પેન્'ફુલ્) *a.* Full of pains: દુ:ખદ; દુ:ખવાળું-ભરેલું;દુ:ખકારક-દાયક;કલેશકારક.

Painim,(પે'નિમ્)*n.*A pagon;an infidel:નાસ્તિક.

Painstak-ing,(પેન્ઝ્'ટેકિંગ્)*a.* Diligent:કાળજીથી મહેનત કરે એવું;મહેનતુ.*n* The act of taking pains:તનતોડમહેનત;શ્રમ.

Paint,(પેન્ટ્)*vt.*[L.*pictum*,to paint.]1.To cover with coloring matter:રંગવું; રંગ દેવો. 2. To color:રંગથી ભભકાદાર કરવું.3.To portray with paint:રંગ પૂરવો. 4.To describe vividly:વર્ણન કરવું.*vi.*To practise the art of painting:રંગતાં શીખવું.*n.*A coloring substance:રંગ.

Painter,(પેન્ટ્'અર્)*n.*[L. *panther*, a hunting net.]One who paints:રંગારો;ચિત્રકાર.

Painting,(પેન્ટ્'ઇંગ)*n.*1.The act of lying on

or adorning with paints:રંગકામ.2.The work of the painter:ચિત્રક્રિયા;ચિત્રકળા વિદ્યા.3.Color laid on;paint:રંગ.

Pair,(પેર્)*n.*[L.*par*, equal.]1.A set:જોડ;જોડું; જોડી.2.Two things of a kind:એક જાતની બે વસ્તુ.3.A married couple;a man & wife:વહુવર; દંપતી. *vi.*1.To be joined in pairs:જોડું બાંધવું-બંધાવવું.2.To suit:જોડ હોવી.*To* **p.***off*,to separate from a company in pairs:જુદું પાડવું *vt.* To unite in couples:બબ્બેનીજોડબાંધવી-બંધાવવી.

Palace, (પૅલેસ્) *n.*[L. *palatium*,one of the seven hills of Rome.]1.The residence of a sovereign:મહેલ; રાજમહેલ; રાજમંદિર. 2. Any magnificent house:હવેલી.

Pal-an-quin,-keen, (પૅલૅનક્વીન) *n.* An inclosed carriage or litter:પાલખી;મ્યાનો;નરયાન. **P**.*bearer*:ભોઈ;હમાલ;વાહક. [રૂચિકર.

Palat-a-ble, (પૅ'લૅટબલ્) *a.* Savory:સ્વાદિષ્ટ;

Palat-al, (પૅ'લૅટલ્) *a.* 1. Pertaining to the palate:તાલવ્ય;તાલુ સંબંધી.2.Uttered by the aid of the palate:તાલુસ્થાની. *n.*A sound uttered by the aid of the palate:તાલુસ્થાની અક્ષર

Palate, (પૅ'લેટ્) *n.*[L.*palatum.*] 1. The roof of the mouth:તાળવું;તાલુ.2.Relish:સ્વાદ;રુચિ. *vt.*To perceive by the taste:સ્વાદથી ઓળખવું

Pa-latial, (પૅલૅ'શૅલ્)*a.* [L.*palativm*, place.] Pertaining to a palace:રાજમંદીરનું;ભારે;મોટું.

Pala-tine, (પૅ'લૅટાઈન્) *a.*Pertaining to a palace:બાદશાહી હકઅખ્તિયારવાળું.*n.*1.One invested with royal privileges and rights within his domains:રાજાના જેવો અધિકાર ચલાવનાર.

Pa-laver,(પૅલાં'વર્)*n* [L.*parabola*,a comparision.] Talk; conversation:વાત; ભાષણ. *vi.* To talk idly:નકામી વાત કરવી.

Pale,(પેલ્)*a.*[L. *palleo*, I look pale.]1. Not ruddy;wanting in color:ધોળું ફક.2.Dim:ઝાંખું; મંદ.*vi.*To turn pale:નું મોં ઉતરી જવું.*vt.*To make pale:ઝાંખું-નિસ્તેજ ક૦.*n.*1.Paleness;pallor: ફિક્કાશ.2. [L. *palus*,a stake.] A picket:ગરજે; અણીદાર ખુંટો. 3.A boundary:સીમા.4.A limited place:મર્યાદા.*vt.*To fence off:વાડ હદ ક૦.

Paleness,(પેલ્નેસ્)*n.*Lack of color;want of freshness:ફીકા પડવું;વિવર્ણતા;ફિક્કાશ.

Pre-cog-nition,(પ્રીકોગ્નિ'શન્)*n.*[L.*præ*,*con* & *nosco*,I know.]Previous cognition: આગલી માહિતી;પૂર્વજ્ઞાન-બોધ.

Pre-con-ceive,(પ્રીકોન્સીવ્') *vt.* [L. *præ conceive*] To form a previous notion or idea of:આગળથી ધારી મુકવું-મત બાંધવો.

Pre-con ception, (પ્રીકોન્સેપ્'શન્)*n.*The act of preconceiving:પૂર્વ કલ્પના;અગમચેતી;પૂર્વધારણા.

Pre-concert, (પ્રીકોન્'સર્ટ્)*vt.* To concert before hand:પ્રથમથી નક્કી કરી મૂકવું.*n.*Something concerted beforehand:અગાઉથી ગોઠવેલી ધારણા.

Pre-curso ry,(પ્રીકર્'સોરિ) *a.* Preceding as a precursor:આગળથી જણાએલું. *n.* An introduction:પ્રારંભ;પ્રસ્તાવના;ઉપોદ્ઘાત.

Pre-daceous,(પ્રીડે'શસ્)*a.*[L. *præda*,prey.] Living by prey;predatory:લુંટ-ચોરી કરીને રહેનારો.

Predal,(પ્રીડ'લ્)*a.*[L. *præda*,prey.] Pertaining to prey;plundering:શિકાર સંબંધી;લુંટનું.

Preda-to-ry,(પ્રીડ'અ ટોરિ)*a.*[L.*præda*,prey.]

Plundering;pillaging:લુંટફાટ કરનારું.

Pre-de-cessor,(પ્રીડિસેસ્'અર્)*n*.[L.*prœ*,before *de* & *cedo*, I go.] One who precedes: પહેલાં થઈ ગએલો-આગળઅધિકારી.

Pre-destine,-nate,(પ્રીડેસ્'ટિન્-નેટ્)*a*.[L.*prœ*, before & *destino*,I determine.]Fore-ordained;fated:આગળથી ઠેરવેલું-નીમેલું;પૂર્વનિર્મિત.*vt*.To predetermine:આગળથી ઠેરવી-નીમી મૂકવું.

Pre-destin-ation, (પ્રીડેસ્'ટિને"શન્) *n*. The purpose of God from eternity respecting all events:નિર્માણ;દૈવવાદ.

Pre-de-termin-ation, (પ્રીડીટર્'મિને"શન્)*n*. The act of previous determination:પૂર્વ-સંકલ્પ.

Pre-de-termine,(પ્રીડીટર્'મિન્)*vt* [*pre determine*.] To determine beforehand: આગળથી નિશ્ચય કરવો.

Predi-ca-ble, (પ્રે'ડિકેબલ્)*a*. Affirmable; attributable:છે એમ કહી શકાય એવું;વિધાનયોગ્ય.

Pre-dica-ment,(પ્રીડિક્'અમેન્ટ્)*n*.(*a*) Condition;particular situation or state: અવસ્થા; દશા;ભાવ.(*b*)Esp., an unfortunate or trying postion:કુસ્થિતિ;વિટંબણા;દુઃખ;પીડા.

Predi-cate, (પ્રે'ડિકેટ્)*vt*. [L. *prœ* & *dico*, I publish.]To assert to belong to something; to affirm:કોઈને વિષે કાંઈ છે એમ કહેવું. *vi*. To affirm something of another thing: બીજા વિષે કાંઇ કહેવું-નક્કી કરવું. *n*. That which is affirmed of the subject:વિધેય;વાચ્ય,વિશેષણ.

Pred-i-cation,(પ્રેડિકે'શન્)*n*.The act of predicating;affirmation:વિધાન;નિર્દેશ;અભિધાન.

Pre-dict,(પ્રીડિક્ટ્)*vt*.[L.*prœ* before & *dico*, I say.]To foretell:નું ભવિષ્ય ભાખવું.

Pre-diction, (પ્રીડિક્'શન્)*n*.The act of foretelling:ભાવીકથન;સમાદેશ.

Pre-dictive,(પ્રીડિક્'ટિવ્)*a*. Foretelling:અગમસૂચક;ભવિષ્ય કહેનારું-ભાખનારું.

Pre-dictor,(પ્રીડિક્'ટર્)*n*.One who predicts;a foreteller:ભવિષ્ય સૂચવનાર-કહેનાર;પૂર્વવાદિ.

Pre-di-lection,(પ્રીડિલેક્'શન્)*n*.[L *prœ*,*de* & *lego* I choose.] A previous liking: આગળથી લાગી ગએલો ભાવ-પ્રીતિ;પૂર્વસ્નેહ-અનુરાગ;પક્ષપાત.

Pre-dispo-sition,(પ્રીડિસ્'પોઝિ"શન્)*n*. Previous inclination; predilection: આગળથી થએલી વૃત્તિ.

Pre-domin-ance,-y, (પ્રીડૉમ'ઇનૅન્સ્-ન્સિ)*n*.1. Ascendency;prevalence:પ્રાધાન્ય;પ્રબળ;પ્રાબલ્ય. 2.The superior influence of a planet:તારાનું પ્રબળ.

Pre-domin-ant,(પ્રીડૉમ્'ઇનૅન્ટ્)*a*.Having the ascendency over others; prevailing;જેમપર આવેલું;વિશેષપ્રાબલ્યવાન;પ્રબળ;વિશિષ્ટ;અધિક.

Pre-domin-ate,(પ્રીડૉમ્'ઇનેટ્)*vi*. [L. *prœ*, & *dominus*,a rular.]To prevail:પ્રબળ હોવું.*vt*.To rule over:ના ઉપર સત્તા ચલાવવી.

Pre-emin-ence,(પ્રીએમ્'ઇનેન્સ્)*n*. Superiority in prominence:શ્રેષ્ઠતા;સર્વોપરીપણું.

Pre-emin-ent, (પ્રીએમ્'ઇનેન્ટ્) *a*. [L *prœ*, & *mineo*,I jut out.] Eminent above others; superior in excellence:શ્રેષ્ઠ;પરમ;ઉત્તમ;વિશિષ્ટ.

Pre-emption,(પ્રીએમ્'શન્)*n*.[L.*prœ* & *emo*,I buy.] The act or right of purchasing before others:વેચાતું લેવાનો સૌથી પહેલો હક.

Pre-en-gagement,(પ્રીએન્ગેજ્'મેન્ટ્)*n*. Prior engagement:અગાઉથી કરેલી બોલી-સંકેત.

Pre-ex-ist,(પ્રીએગ્ઝિસ્ટ્')*vi*.To exist previously:કોઇથી પહેલાં થવું-હોવું.

Pre-ex-istent,(પ્રીએગ્ઝિસ્ટ્'એન્ટ્) *a*. Existing previously:કશાની પહેલાં હોનારું;પૂર્વભવ;પૂર્વભૂત.

Preface,(પ્રે'ફેસ્)*n*.[L.*prœ* & *fatus*,spoken.] An introduction:દિબાચો;પ્રસ્તાવના.*vt*.To give a preface of:પ્રસ્તાવના લખવી.

Prefect,(પ્રી'ફેક્ટ્)*n*.[L. *prœ* before & *facio*, I make.]A superintendent of a department: સુબો;સરદાર.

Pre-fer,(પ્રીફર્')*vt*. [L.*prœ* before & *fero*, I bear]1.To outrank;to surpass: -થી ચઢીયાતા-શ્રેષ્ઠ હોવું.2.To choose:પસંદ પડવું-રૂચવું.

Prefer-a-ble, (પ્રે'ફરેબલ્)*a*. Worthy to be preferred;more desirable:વધારે પસંદ કરવાજેવું.

Prefer-ence, (પ્રે'ફરેન્સ્) *n*. Predilection; choice:વધારે પસંદ કરવું તે;અભિરૂચિ;પસંદગી.

Pre-ferment, (પ્રીફર્'મેન્ટ્) *n*. 1. The act of choosing:ને માટે દરજ્જે ચઢાવવું તે.2.A position of honour:મોટી જગો-દરજ્જો-પદવી.

Pre-figur-at-ive,(પ્રીફીગ્'યૂરેટિવ્)*a*.Showing by prefiguration:આગળથીચિન્હ-ઓળખાણઆપતું.

Pre-figure,(પ્રીફીગ્'યૂર્)*vt*.[L. *prœ*, before & *figura*,shape.]To show by antecedent types and similitudes:આગળથી બતાવવું.

Pre-fix,(પ્રીફિક્સ્')*vt*.[L.*prœ*, & *figo*, I fix.] To put before:આગળ મૂકવું;ઉપસર્ગ લગાડવો.*n*.That which is prefixed:શબ્દને આરંભે આવી તેના મૂળ અર્થમાં ફેરફાર કરનાર શબ્દ;પૂર્વગ;ઉપસર્ગ.

Pregnan-cy,(પ્રેગ્'નૅન્સિ)*n*. The condition of being pregnant:સગર્ભાવસ્થા;ગાભણાપણું.

Pregnant,(પ્રેગ્'નેન્ટ્)*a*.[L.*prœ*& *gnatus*,born.] 1.Being with young, as a female:ગર્ભવંતી; સગર્ભા;ગર્ભિણી.2.Full of promise: ભરપૂર.

Pre-hensi-ble,(પ્રીહેન્'સિબલ્)*a*. Capable of being seized:પકડી;ઝાલી શકાય એવું.

Pre-judge, (પ્રીજજ્') *vt*. [L. *prœ* & *judico*, I judge.]To judge before hearing:ચોકસી-તપાસ કીધા વિના નિવેડો-ઠરાવ કરવો.

Pre-judgment, (પ્રીજજ્'મેન્ટ્)*n*. The act of

prejudging:પૂરો તપાસ કીધા વિના કરેલો ઠરાવ.

Preju-dice, (પ્રે'જ્યુડિસ્) *n.* [L.*prœ*, before & *judicium*, judgment.]1.An opinion formed without due examination:આગળથી પુરીતપાસ કર્યા વિના કોઈના વિરૂદ્ધ બંધાઈ ગએલો વિચાર. 2. A bias on the part of judge,jury or witness: ન્યાયાધિશ,પંચ કે સાક્ષીનો;પક્ષપાત.3.Hurt:અપાય. *vt.*1.To cause to have prejudice:બીજા વિરૂદ્ધ વહેમાવવું.2.To injure;to damage; to impair: ધોકો લગાડવો;પહોંચાડવી;નુકશાન ક૦.

Pre-ju-dicial, (પ્રેજ્યુડિ'શલ્) *a.* Biased by prejudices:વહેમાયલું.

Prela-cy, (પ્રે'લેસિ) *n.*1.(*a*) The office of a prelate:(ખ્રિસ્તિ)અધ્યક્ષપદવી.(*b*)Church government by prelates:(ખ્રિસ્તિ) ધર્માધ્યક્ષો કરતા હોય એવોવહિવટ-કામ.2.The order of prelates taken collectively:(ખ્રિસ્તિ)અધ્યક્ષ-ધર્માધ્યક્ષ મંડળ.

Prelate, (પ્રે'લેટ્) *n.*[L.*præ*& *latus*,carried.] A clergyman of a superior order:(ખ્રિસ્તિ) ઉપરી;અધ્યક્ષ-ધર્માધ્યક્ષ.

Pre-lector,(પ્રીલેક્'ટૅર્)*n.*Areader of lectures; a lecturer:પાઠક;ભાષણ વાંચનાર;વક્તા;ભાષણકર્તા.

Pre-limin-a-ry,(પ્રાલિમ્'ઇનેરિ)*n.*That which precedes the main discourse or work:પ્રસ્તાવના;ઉપનસ.*a.*[L.*pre*&*liminaris*,belonging to a threshold.] Introductory; previous:પ્રાથમિક,શરૂઆતનું.

Pre-lude,(પ્રાલ્યૂડ્')*n.*[L. *pre*.before & *ludo*,I play.]An introductory performance:પૂર્વરંગ; પક્રમ. *vi.* To play an introduction:શરૂઆતનું ગાયન કરવું.*vt.*1.To introduce with a previous performance:પ્રથમદર્શન ક૦; આરંભ ક૦.2. To serve as prelude to:ના પ્રસ્તાવના રૂપ હોવું.

Prema-ture,(પ્રી'મૅટ્યૂર્)*a.*[L.*pre* & *maturus*, ripe.] Ripe before the proper time: અકાલપકવ;વહેલું પાકેલું.**P.***death*:અકાળમૃત્યુ.

Pre-medi-tate,(પ્રીમે'ડિટેટ્)*vt.*[L. *prœ* & *meditor*,I meditate.]To think on and resolve in the mind beforehand:મનમાં આગળથી ગોઠવી રાખવું.*vi.*To think beforehand:પૂર્વસંકલ્પક૦.

Pre-medi-ta-tion,(પ્રામે'ડિટેશન્)*n.* The act of meditating beforehand: આગળથી ગોઠવેલી યોજના;પૂર્વસંકલ્પ.

Premi-ces,(પ્રી'મિસીઝ્)*n.* First fruits:નવો પહેલોફાલ ફળ;નવાન્ન.

Premi er,(પ્રી'મિઅર્)*a.*[L. *primus*,the first.] First;chief:પ્રમુખ. *n.* The first minister of state:મુખ્ય પ્રધાન-વઝીર.

Premi-er-ship,(પ્રી'મિઅર્શિપ્)*n.* The office of the premier:પ્રધાનપદ;પ્રધાનગિરી.

Premise,(પ્રે'મિસ્)*n.*[L.*prae*,before & *mitto*, I send.]1.A proposition antecedently supposed:આગળથી કહેવું.*Major* **p.**:પૂર્વસાધન.*Minor* **p**:ઉત્તરસાધન.2.A piece of real estate;building & its adjuncts:મકાન અને તેની હદ;ઘર અને તેના અંગનો ભાગ;ઘરવાડો.

Premi-um,(પ્રી'મિઅમ્)*n.* [L. *prœ*, before & *emo*,I take.]1.A reward:ઈનામ.2.A sum of money paid to underwriters for insurance: વિમો ઉતરાવનારે આપવાનો હફ્તો;"પ્રેમિઅમ." 3. A sum in advance of the nominal value of anything:ઉપર ભાવ.

Pre-monish,(પ્રીમૅાન્'ઇશ્)*vt.*[L.*prœ*& *moneo*, I remind.]To forewarn:ને આગળથી ચેતવવું.

Pre-mo-nition, (પ્રીમોનિ'શન્) *n.* Previous warning;fore warning:આગળથીમળેલી ચેતવણી.

Pre-moni-to-ry,(પ્રીમૅાન્'ઇટોરિ)*a.*Giving previous warning:પૂર્વે સૂચક;પૂર્વપ્રબોધક

Pre.notion,(પ્રીનો'શન્)*n.*Previous thought: [પૂર્વવિચાર.

Pre-occu-pan-cy,(પ્રીઑક્'યૂપૅન્સિ)*n.*The act or right of taking possession before another: અગાઉથી કબજો-ભોગવટો-વહિવટ ક૦તે;પૂર્વભોગ;ધારણ.

Pre-occu-pation,(પ્રીઑક્યૂપે'શન્) *n.* Prepossession:અગાઉથી કરેલો કબજો-ભોગવટો.

Pre-occu-py,(પ્રીઑક્'યૂપાઇ)*vt.*[L. *prœ*,ob & *capio*,I take.]To take possession of before another:આગળથી કબજો-ભોગવટો કરી લેવો.

Pre-o-pinion, (પ્રીઑપિન્'યન્) *n.*Prepossession:આગળથી બાંધેલો વિચાર.

Pre-or-dain,(પ્રીઑર્ડે'ન્) *vt.* To foreordain: [આગળથી મૂકરર કરવું.

Pre.paid, (પ્રીપેડ્') *a.* Paid or given beforehand:આગળથી આપેલું-ચુકવેલું-ભરેલું.

Pre-pa-ration,(પ્રેપૅરે'શન્)*n.*1. Previous arrangement or adaptation;fitness:તૈયારી. 2. Readiness;fitness:તૈયારી. 3. A preparatory act:આગળથીકીધેલોઉપાય-સામગ્રી બંદોબસ્ત.

Pre parat-ive,(પ્રીપૅ'રેટિવ્) *a.* Preparatory: તૈયાર-લાયક થઇ રહેવાય-કરે એવું. *n.* That which prepares:જેથી તૈયાર થઇ જવાય રહેવાય એવું કંઈ.

Pre-para-to-ry,(પ્રીપૅ'રેટોરિ)*a.*Introductory; preparative:આગળથી કીધેલું-કરવાનું;પ્રથમ;આદ્ય.

Pre-pare,(પ્રીપૅર્') *vt.* [L. *prœ* & *paro*, I get ready.]1.To make ready:તૈયાર કરી મૂકવું.2.To get ready:તૈયાર કરી રાખવું.

Pre-pay,(પ્રીપે')*vt.* To pay in advance:આગળથી આપવું-ભરી દેવું.

Pre-pense,(પ્રીપેન્સ્')*vt.* [L. *prœ*, & *pendo*, I weigh.]To weigh or consider beforehand: આગળથી વિચાર-તોલ કરવો.*vi.*To deliberate beforehand:પહેલાંથી વિચાર કરવો.*a.*Preconceived: અગાઉથી વિચાર કરીને કરેલું;ગોઠવી રાખેલું.

Pre-ponder-ance,-ation(પ્રીપૅાન્'ડર્ન્સ-રે'શન્ *n.*The quality or state of being preponderant:વધારે ભાર-વજન;પ્રબળ;ગૌરવ;પ્રધાન્ય;પ્રધાનતા.

Pre-ponder-ate,(પ્રીપૅાન્'ડરેટ્)*vt.*[L.*prœ*, before & *pondus*,weight]1. To out-weigh;to

overbalance:વધારે ભારે થવું;નમવું. 2.To overpower by stronger influence or moral power:વધારે વજનદાર હોવું. *vi.*To exceed in weight:વજનમાં વધવું.

Pre-po-sition,(પ્રેપોઝિશન)*n.* [L.*præ*,before & *pono*, I put.] A word employed to connect a noun or pronoun: શબ્દયોગી અવ્યય.

Pre-po-sition-al, (પ્રેપોઝિશનલ્)*a.* Pertaining to a preposition:નામયોગાનું-ના જેવું.

Pre-pos-sess,(પ્રીપોઝેસ્)*vt.*1.To take previous possession of:આગળથી કબજે લેવો.2.To preoccupy as the mind so as to preclude other things:-ના મનમાં પહેલાંથી અસર કર.

Pre-pos-session, (પ્રીપોઝેશન) *n.* 1. Prior possession:પહેલો કબજો. 2.Previous impression;bias:પહેલેથી ચોંટી ગએલો ભાવ.

Pre-poster-ous,(પ્રીપોસ્ટરસ્)*a.*[L. *præ*,before & *posterus*,coming after.]Having that first which ought to be last: જેમાં પહેલું તે છેલ્લું ને છેલ્લું તે પહેલું એવું;વિપરીત.

Pre-poten-cy,(પ્રીપોટન્સિ) *n.* The quality of being predominant:શ્રેષ્ઠતા;ચઢીઆતાપણું.

Pre-roga-tive. (પ્રીરૉગેટિવ્) *n.* [L. *præ*,before & *rogo*, I ask.] An exclusive or peculiar privilege:ખાસ હક;વિશેષ સત્તા-અધિકાર.

Pre-sage,(પ્રીસેજ્)*vt.* [L. *præ*,& *sagio*,I perceive acutely.] To foreknow:આગળથી જાણવું. *n.*1 An omen; an augury: કંઈ ભાવિ નિશાની-ચિન્હ;શુભચિન્હ. 2 Foreknowledge:અગમજ્ઞાન.

Pres-by-teri-an,(પ્રેસ્બિટીરિઅન)*a.* Pertaining to a presbyter:ખ્રિસ્તી વડીલો સંબંધી. *n.*A member of the Presbyterian church:ખ્રિસ્તિ વડીલોની સત્તાવાળા ખ્રિસ્તી મંડળમાંનો એક માણસ.

Presby-tery,(પ્રેસ્બિટેરિ) *n.* A body of elders in the early Christian church:ખ્રિસ્તી વડીલોનું મંડળ.

Prescience,(પ્રી'શિએન્સ્) *n.* Knowledge of events before they take place:ભાવિજ્ઞાન.

Pre-scribe,(પ્રીસ્ક્રાઈબ્)*vt.* [L. *præ*, & *scribo*, I write.]1.To dictate; to appoint:ધોરણ બતાવવું. 2 To direct,as a remedy to be used by a patient:ઉપચાર બતાવવો.*vi.*1.To give directions:(ચાલવાનો) રસ્તો-ધોરણ-રીત બતાવવી-કહેવી.2.To give medical directions:ઓસડ લખી આપવું-બતાવવું.

Prescript, (પ્રી'સ્ક્રિપ્ટ્)*a.* Directed; prescribed:બતાવેલું-જણાવેલું.*n.*1.Direction:સૂચના;ફરમાન;આજ્ઞા. 2.A medical prescription:વૈદે-હકીમે બતાવેલી-લખી આપેલી દવા.

Pre-scription,(પ્રીસ્ક્રિપ્શન)*n.* 1.Direction: આદેશ;વિધાન.2.A medical recipe:ઔષધવિધિ.

Pre-scriptive,(પ્રીસ્ક્રિપ્ટિવ્)*a.*Consisting in, or acquired by immemorial use and enjoyment: કાયદામાં કહેલી મુદત ઉપરાંતના ઘણા વરસના કબજા-ભોગવટાથી સંપાદન કરેલું-મેળવેલું;અનાદિ;પરંપરાથી.

Presence,(પ્રે'ઝેન્સ્) *n.* 1. The state of being present:મોજુદી;હાજરી.2.Person;personality: હજૂર;ખુદ. **P.***chamber or* p. *room*.મોટા લોકોનો મુલાકાત લેવાનો ઓરડો;દિવાનખાનું.**P.***of mind*:સમયસૂચકતા.

Present,(પ્રે'ઝેન્ટ્)*a.*[L *prae*, before & *esse*, to be.]1. Being at hand;within reach or call: મોજુદ. 2 Now existing:હમણાં-હાલનું; વિદ્યમાન; આધુનિક;વર્તમાન;ચાલતું.**P.***tense*:વર્તમાનકાળ 3.Instant:તાત્કાલિક. 4.Ready:પ્રત્યક્ષ;હાજરહજુર. 5. Favorably attentive:હાજર.*n.*1.Present time: ચાલતો-વર્તમાન વખત.2.Present letters or instrument:લેખ;દસ્તાવેજ.3.A present tense or form of the verb denoting present tense: વર્તમાનકાળ.*At* p. now:હાલ.*For the* p.,for the time being:હાલતો;થોડો વખત. *vt.* (પ્રીઝેન્ટ્) 1. To introduce formally:કોઈની રૂબરૂ કે હજુરમાં તેડી લાવવું.2.To exhibit or offer to view:મોં-આંખ આગળ મુકવું. 3. To deliver:સોંપી દેવું.4. To make a gift of:-ની ભેટ કર;નજર કર. 5.(*a*) To lay before a public body for consideration:રજુ કર. (*b*)To lay before a court as an object of inquiry:તપાસ માટે રજુ કરવું. (*c*) To aim point, or direct, as a weapon:-ની સામે ધરવું-તાકવું.*n.*A gift;a donative:ભેટ;બક્ષીસ.

Pre-senta-ble, (પ્રીઝેન્ટૅબલ્) *a.* Capable or admitting of being presented:કોઈની રૂબરૂ હજુરમાં તેડી જવાજેવું-લાયક.

Pres-en-tation, (પ્રેઝેન્ટેશન)*n.* 1.A setting forth;an offering:નિવેદન;પ્રતિપાદન. **P.** *of an oblation*:બલિદાન.2.A present;a gift:ભેટ,બક્ષીશ.

Pre-sentiment,(પ્રીસેન્ટિમેન્ટ્)*n.* [L *præ*, & *sentio*,I feel] (*a*) Previous apprehension: આમ થશે એમ આગળથી મનમાં આવી ગએલો વિચાર-વાત.(*b*)*Esp.*,anticipation of evil:દુઃખ આવી વાત મનમા આવવી-તે;અનર્થભાન.

Present-ly,(પ્રે'ઝેન્ટ્લિ)*adv.* (*a*) At present; now:તત્કાળ;હમણાંજ;તરતજ. (*b*) After a little while:થોડી વારમાં;જરા રહીને.

Pre-sentment,(પ્રીઝેન્ટ્મેન્ટ્)*n.*The act of presenting:ધરવું-રજુ કરવું તે. **P.** *of a bill of exchange*: હુંડી શીકારવા કે લખનાર પાસે નાણું લેવા બતાવવી તે.

Pres-er-vation,(પ્રીઝર્વેશન)*n.* Security;safety:બચાવ;રક્ષણ;જતન;પાલન;સંરક્ષણ.

Pre-servat-ive,(પ્રીઝર્વૅટિવ્) *a.*Having the power of preserving:કોહે-બગડે નહીં એવું.*n.*That which preserves; a preservative agent:

રક્ષણ;પાલક;બચાવ-રક્ષણ કરનારે;બચાવ-રક્ષણનો ઉપાય.

Pre-serve,(પ્રીઝર્વ્)*vt.*[L.*præ*,before & *servo*, I save.] 1. To guard or defend from evil: બચાવવું;જતન કરવું. 2. To save from decay by the use of some preservative substance: બગડવા ન દેવું;-મીઠું રાખી મુકવું;મુરબ્બો ક૦.*n.*That which is preserved:મુરબ્બો;અથાણું.

Pre-server, (પ્રીઝર્વ્અર્) *n.* One who preserves from destruction:બચાવનાર;રક્ષક.

Pre-side,(પ્રીઝાઈડ્)*vi.*[L.*præ*,before & *sedeo*, I sit.]1.To occupy the place of authority: સરનશીન-પ્રમુખનું કામ કરવું. 2. To watch over: દેખરેખ રાખવી;નાયકી-સરદારી ક૦.

Presi-den-cy, (પ્રે'ઝિડેન્સિ) *n.* 1. The function or condition of one who presides:પ્રમુખતા;અધ્યક્ષતા. 2.The office of a president: રાજ્યનિયંતા-પ્રેસીડન્ટપણું.

Presi-dent, (પ્રે'ઝિડેન્ટ્) *n.* The presiding officer:પ્રમુખ;અધ્યક્ષ;સરનશીન;અધિપતિ;નાયક.

Pre-si-dential, (પ્રિઝિડેન્'શૅલ્) *a.* Presiding or watching over:પ્રમુખ અધિષ્ઠાતાનું કામ કરનાર.

Presi-dent-ship,(પ્રે'ઝિડન્ટ્શિપ્)*n.* See **presidency**. No 2.

Pre-signi-fy,(પ્રીસિગ્'નિફાઈ)*vt.*[L.*præ*,*signify*.] To intimate beforehand: આગળથી કહી બતાવવું.

Press,(પ્રેસ્)*vt.*[L.*premo*, I press.]1.To bear upon;to squeeze:દાબવું;ચાંપવું. 2.To squeeze, in order to extract the juice of: નીચોવવું; પીલવું. 3. To squeeze in or with suitable instruments or apparatus in order to compact:સાંચાથી-બીજા હથીયારથી દાબીને નાનું ક૦; સંકોચવું. 4. To embrace closely, to hug:(છાતી સરસુ) દાબવું;ચાંપવું;જોરથી ભેટવું. 5. To oppress: દુઃખદેવું;પીડવું.6.To constrain;to force:ફરજ પાડવી 7.To enforce earnestness: મનમાં ઠસાવવું. 8.To drive with violence:જોરથી ઠેલવું. *vi.* 1. To exert pressure: હડસેલી ચાલ્યા જવું-આવવું. 2.To crowd:ભીડ ક૦;ચગદવું. 3.To exert a strong or compelling influence:બળ કરીને આવવું. *n.*1.An apparatus by which any substance is pressed: દાબવાનો સંચો.2. Specifically, a printing press:છાપવાનો સંચો-યંત્ર;મુદ્રાયંત્ર;પ્રેસ. 3.The art or business of printing and publishing:છાપવાનું કામ.*Hence*,printed publications,more especially newspapers:છાપું;લેખ;વર્તમાનપત્રો.4.Urgent demands of business; urgency:ભીડ;દબાવો.*Liberty of the* **p.**:છાપવાનો હક.

Pressing,(પ્રેસ્'ઇંગ્)*a.* Urgent; exacting:અકળાવનારું;આગ્રહ ભરેલું;તાકીદનું;હઠીલું.

Pressure,(પ્રે'શ્યૂર્)*n.*1. The act of pressing; compression:દબાણ.2 A constraining force of any kind:દાબણ.3.Affliction:પીડા;વ્યથા.4. Urgency:ઘણું શ્રમ.5.Impression:છાપ.

Press-work,(પ્રેસ્'વર્ક્)*n.*The art of printing from the surface of type:છાપો ઉતારવાનું શ્રમ.

Prestige,(પ્રેસ્'ટિજ્) *n.* [L. *praestigium*,a delusion.]Influence derived from past success:પ્રતિષ્ઠા;બેસારેલી છાપ;ગૌરવતા.

Presto,(પ્રેસ્'ટો) *adv.* [L. *præ* & *sto*,I stand.] Quickly;in haste:જલદી;વહેલો;એકદમ;સત્વર.

Pre-suma-ble,(પ્રીઝ્યૂમ્'અબલ્)*a.*Such as may be presumed or supposed to be true:અનુમાન લઈ જવા જોગ;ખરું માનવા લાયક;અનુમેય.

Pre-sume,(પ્રીઝ્યૂમ્')*vi.*[L.*præ*,&*sumo*,I take.] 1.To suppose or assume something to be true:પુરાવા વગર-સંભવ ઉપરથી ખરું માનવું. 2.To venture beyond licence: મર્યાદા મુકીને ચાલવું-બોલવું. *vt.*1.To assume or take beforehand: માનવું;ગણવું.2.To infer:અનુમાન ક૦.

Pre-suming,(પ્રીઝ્યૂમ્'ઇંગ્)*a.*Confident;arrogant:હદપાર જનાર;મર્યાદા મુકી ચાલનાર;અભિમાની.

Pre-sumption,(પ્રીઝમ્'શન્)1.The act of presuming or believing upon probable evidence:અનુમાન;તર્ક.2. Ground for presuming; strong probability:કારણ;સબબ.3.Arrogance; effrontery:અભિમાન;અહંકાર. **P.***of fact*:પુરવાર થએલી હકીકત ઉપરથી તેના સંબંધ પરત્વે બીજી હકીકત ખરી છે એમ માનવું તે **P.***of law*:કાયદાએ કરેલું અનુમાન.

Pre-sumptive,(પ્રીઝમ્'ટિવ્) *a.* 1. Grounded on probable evidence:અનુમાનસિદ્ધ. **P.** *heir*: સંભાવિતસ્થાનાધિકારી. 2.Arrogant;presumptuous:અભિમાની;તોરી;ફાંકો રાખનાર.

Pre-sumptu-ous,(પ્રીઝમ્'ટ્યૂઅસ્)*a.*1. Arrogant;insolent:બેઅદબ;ગુમાની;ફીમાકી.2.Founded on presumption:અમર્યાદ;અભિમાન ભરેલું.

Pre-sup-pose,(પ્રીસપોઝ્)*vt.* To suppose beforehand:અગાઉથી કલ્પના ક૦;પૂર્વભાવના ક૦.

Pre-tence,(પ્રીટેન્સ્) *n.* 1. Assumption:ખોટું બ્હાનું બતાવવું તે.2.False show:બ્હાનું;નિમિત્ત.

Pre-tend,(પ્રીટેન્ડ્)*vt.*[L.*præ*, before & *tendo*, I stretch.] 1. To lay a claim to:-નો હક-દાવો ક૦;-નું અભિમાન ધરાવવું.2.To exhibit as a veil for something hidden:ડોળ ઘાલવો. 3.To feign:નું ડોળ ક૦.4. To plot: પ્રપંચ-કાવતરું કરવું. *vi.* To allege a title:હક-દાવો ક૦-રાખવો.

Pre-tender, (પ્રીટેન્ડ્અર) *n.* One who lays claim;a claimant:હક દાવો કરનાર-ધરાવનાર.

Pre-tension,(પ્રીટેન્'શન્)*n.*1.The act of pretending or laying claim:હક દાવો બાંધવો-રાખવો તે.2.A claim:હક;દાવો.

Pre-tentious,(પ્રીટેન્'શસ્)*a.*Full of pretension;assuming:ખડસાઇ કરનારું;ડોળી.

Preter-it,-te, (પ્રિ'ટરિટ્) *n.*[L.*præter*,beyond& *eo*,I go.]The past tense:ભૂતકાળ;પૂર્ણભૂતકાળ.

Pre-ter-natur-al, (પ્રીટર્નૅ'ટ્યુરૅલ્)*a.*Strange; irregular;uncommon:અદ્ભુત;વિલક્ષણ.

Pre-ter-perfect,(પ્રીટર્પર્'ફેક્ટ્) *a.* &. *n.* Old name of the tense also called preterit:સંપૂર્ણ ભૂતકાળ.

Pretext,(પ્રી'ટેક્સ્ટ્)*n.* [L *præ*,before & *texo*,I weave.]Pretence:બહાનું;ઢોંગ;મિષ;નિમિત્ત.

Pretty,(પ્રિટ'ઇ)*adv.* In some degree;moderately:થોડું ઘણું;કંઇએક. *a.*1.Pleasing by delicacy;having slight beauty:રૂડું;શોભિત. 2. Affectedly nice:ન્હાનું સરખું;નાજુકડું.

Pre-vail,(પ્રીવેલ્')*vi.*[L *præ* before & *valeo*,I am strong.]1.To overcome;to gain the advantage:ફાવવું;-નું જોર ચાલવું.2.To be in force; to have effect:ચાલવું;ચાલુ અમલમાં હોવું. 3.To persuade(with *on*,*upon*,)મનાવવું; સમજાવવું.

Pre-vailing,-lent,(પ્રીવેલ્'ઇંગ્,-લેન્ટ્)*a.*1.Efficacious:લાગુ થઈ;સમબળાણ.2.Prevalent:સાધારણ.

Preva-lence,(પ્રે'વૅલેન્સ્)*n.*The condition of being prevalent:પ્રબળ;પ્રચાર;જોર;પ્રસારો.

Preva-lent,(પ્રે'વૅલેન્ટ્)*a.* 1. Prevailing:ચાલુ; બળ-જોર પકડનાર;પ્રબળ. 2. Most generally received:સર્વમાન્ય.

Pre-vari-cate,(પ્રીવૅ'રિકેટ્)*vi.*[L.*præ*, before & *varico*,I straddle.]To undertake a thing falsely and deceitfully:કંઇપણ વાત નાજુક કરવું ને માથે વ્હોરી લેવી-લેઇ લેવી.*vt.*To transgress: બેવચની થવું;વચન ભંગ-બેઇમાની કo.

Pre-vari-cation, (પ્રીવૅ'રિકેશન્) *n.* A deviation from the truth and fair dealing:જવાબ દેવામાં આડું ફાટવું.

Pre-vari-cat-or,(પ્રીવે'રિકેટૉર્) *n.*1.One who prevaricates:જવાબમાં આડો ફાટનાર;હીનવાદી. 2. A sham dealer:કુટી જનાર;તરકટ કરનાર.

Pre-vent,(પ્રીવેન્ટ્')*vt.*[L.*præ*&*venio*, I come.] To hinder:અડચણ કo;રોકવું.

Pre-vention,(પ્રીવેન્'શન્)*n.*The act of going before:અટકાવ;પ્રતિબંધ;પ્રતિકાર;નિવારણ.

Pre-ventive,(પ્રીવેન્ટ'ઇવ્) *a.* Tending to defeat:પાછળ-બનેજ નહીં એવું;ફરીથી ઉભળે નહીં એવું. *n.* (*a*)That which prevents: નુકશાન વિo થાય નહીં એવો ઇલાજ-ઉપાય. (*b*) Something to prevent disease:રોગ ઉભળે નહીં એવું ઔષધ.

Previ-ous,(પ્રી'વિઅૅસ્)*a.*[L.*præ*,before&*via*, the way.]Antecedent:પૂર્વનું;પહેલાંનું.

Previ-ous-ly,(પ્રી'વિઅસ્લિ)*adv.* Beforehand; antecedently:આગળથી;અગાઉ;પૂર્વે.

Pre-vision,(પ્રીવિ'ઝન્)*n.* Foresight:અગમચેતી.

Prey,(પ્રે)*n.*[L.*præda*,the property taken in war.]1.Booty:લુંટ.2. That which is seized by animals:શિકાર. *vi.* To take booty:લુંટવું; ઝડપી-ઝુટી લેવું.*To* **p**.*on* or *upon*.(*a*)to pillage: લુંટવું.(*b*)To seize as prey:શિકાર પકડવો.

Preyer,(પ્રે'અર્) *n.* One who or that which preys:શિકારી;શિકાર કરનાર.

Price,(પ્રાઇસ્)*n.*[L *pretium.*] Cost:કિંમત.*vt.*To pay the price of:કિંમત આપવી.

Prick,(પ્રિક્)*n.* [Gr.*pro*, forward&*aie*,point.] 1.A goad;a point:ફાંસ;અણી;શલ્ય;કાંટો;આર 2.A sharp,stinging point:ચટકો;ખટકો. *vt.*1.To drive a fine point into:ઘોચવું; ભોકવું. 2. To fix by the point:ખોસી દેવું. (*a*)To spur:આર મારવી. (*b*) To sting, as with remorse: ચટકો લગાડવો. 3. (*a*) To drive a nail into: (ઘોડાના પગમાં) લંગડો થાય એમ ખીલો ઠોકવો. *vi.* To be punctured:દરદ થવું;ફળતર થવું.

Prickle,(પ્રિક'લ્)*n.*1. A little prick:કાંટો.2.A kind of willow basket:એક જાતની વાંસની ટોપલી.*vt* To prick slightly:ધીમે ઘોચવું.

Prickly,(પ્રિક્'લિ)*a.*Full of sharp points:કાંટાવાળું.*P.heat*:શરીરે લાલ ઢીમણા થવાં તે;શીળ ધાવું તે.

Pride,(પ્રાઇડ્) *n.* 1. The quality or state of being proud:અહંકાર;ગર્વ; અભિમાન. (*in good sense*)સદભિમાન.2.Show;glory:ભપકો; ઠાઠ. **P.** *of the desert*,the camel:ઉંટ.*vt.*To rate highly: મોટાઇ માનવી-મારવી.*vi.*To be proud;to glory: અભિમાન ધરવું;પતરાજી કરવી.

Priest,(પ્રીસ્ટ્)*n.*(See, **presbyter.**) A presbyter or elder; a minister: બિશપથી ઉતરતા અને ડીકનથી ચઢતા દરજ્જાનો પાદરી;"પ્રિસ્ટ"*Family* **p.**:કુલાચાર્ય;ગોર;પુરોહિત.

Priestcraft,(પ્રીસ્ટ્'ક્રૅફ્ટ્) *n.* Priestly policy: ઉપાધ્યાયજીના દાવપેચ-પ્રપંચ-છળ.

Priesthood, (પ્રીસ્ટ્'હુડ્) *n.* The office or character of a priest:ધર્માધિકારીપણું; ધર્માધિકારીની પદવી;પુરોહિતવૃત્તિ;ઉપાધ્યાયપદ.

Priestli-ness,(પ્રીસ્ટ્'લિનેસ્) *n.* The state or quality of being priestly:ધર્માધિકારીઓની વૃત્તિ.

Priestly,(પ્રીસ્ટ્'લિ)*a.*Pertaining to a priest; sacerdotal:આચાર્યના જેવું;યાજ્ઞિક;પુરોહિતનું.

Prig,(પ્રિગ્)*vi.* To haggle about the price of a commodity:માલની કિંમત ઠરાવવામાં રકઝક કo. *n.*Conceited fellow:દાંભિક માણસ.

Priggish,(પ્રિગ્'ઇશ્)*a.*Like a prig:તોછડું;કુટિલ.

Prim,(પ્રિમ્)*a.*[L.*primus*,first.] Formal;precise:યથાવિધિ ચાલનાર;સિધું;અતિશુદ્ધ.*vt.*To deck with great nicety:શણગારવું.

Prima-cy,(પ્રાઇ'મૅસિ)*n.* [L.*primus*, first.]The office or rank of a primate:મુખ્યધર્માધ્યક્ષની જગો.

Primage,(પ્રાઇમ્'એજ્)*n* A charge in addition to the freight:માલના નુરઉપરાંતમાલધણીવહાણના કપ્તાનને આપે છે તે લવાજમ.

Prima-ry,(પ્રાઈ'મૅરિ) *a.* [L. *primus*, first.]1. Primitive:આદ્ય;મૂળ; પ્રથમ; પેહેલું. 2. First in order, as being preparatory to something higher:પહેલા પગથીઆ જેવું;શરૂઆતનું. 3. Chief: મુખ્ય.2.A primary meeting:મૂળ સભા.

Primate,(પ્રાઇ'મૅટ્) *n.*[L. *primus*, the first.] The chief ecclesiastic in a national church: મુખ્ય ધર્માધ્યક્ષ.

Prime,(પ્રાઇમ્) *a.*[L. *primus*,first.]1. First in order of time:મૂળનું. 2. First in rank:પહેલા વર્ગનું;મુખ્ય. 3.Early blooming:ખીલતું;પ્રથમાવસ્થાનું. **P.** *factor*, a factor which is a prime number:મૂળાંક-અન્વય પાડી ન શકાય એવું પદ. **P.** *minister*, the responsible head of a ministry:મુખ્ય-વડો પ્રધાન.*n.* 1.(*a*)The first part:પ્રથમાવસ્થા.*Hence*, (*a*) the dawn; the spring: પ્રાતઃકાળ;મળસ્કું;વસંતઋતુ. 2.(*a*) The spring of life:જોબન;ભરજુવાની. 3.A prime number:મૂળાંક;શુદ્ધાંક. *vt.* 1. To apply priming to as a cannon:બંદુકમાં રંજક મૂકવી.2.To lay the first color as in painting:રંગનો પેહેલો હાથ લગાવવો.

Primer,(પ્રાઇમ્'અર્)*n.*1.A small prayer book: પ્રાર્થના પોથી.2.A reading or spelling book for a beginner:પહેલી ચોપડી;"પ્રાઇમર"

Prim-eval,(પ્રાઇમી'વૅલ્)*a.*[L. *primus*, first & œvum,an age.]Pristine;original:અસલનું.

Priming, (પ્રાઈમ્'ઇંગ્) *n.* The powder used to communicate fire to a charge of gunpowder:રંજક;જામગરી;તોટીનો-દારૂ.

Pri-miti-al, (પ્રિમિ'શિઍલ્)*a.* Being of the first production;primitive:પહેલાનું;શરૂઆતનું.

Primit-ive,(પ્રિમ્'ઇટિવ્) *a.* [L. *primus*, the first.]First;primeval:આરંભ-શરૂનું.**P** *colours*, primary colours:મૂળ રંગ(રાતો,પીળો અને વાદળી.)*n.*An original or primary words:સિદ્ધશબ્દ

Primness,(પ્રિમ્'નેસ્)*n.* The quality or state of being prim;stiffness:ઠાઠડીપણું;બહુચાપાચીપ.

Pri-mo-geni-al,(પ્રાઇમોજી'નિઍલ્)*a.*[L.*primus*,& *gieno*,I beget]First born: પહેલું જન્મેલું; પહેલા ખોળાનું;પ્રથમ બનેલું-ઉદ્ભવેલું.

Pri-mo-genit-ure,(પ્રાઇમોજેન્'ઇટ્યૂર)*n.* The exclusive right of inheritance which belongs to the eldest son:વડીલ હક;જ્યેષ્ઠતાનોહક.

Pri-mordi-al,(પ્રાઇમૉર્'ડિઍલ્) *a.* [L.*primus*, first & *ordior*,I begin] First in order;primary:અસલ જમાનાનું;મૂળનું;અવલનું.

Primrose, (પ્રિમ્'રોઝ્)*n.*An early flowering plant of the genus **primula**.:ગુલાબનો છોડ.

Prince,(પ્રિન્સ્)*n.*[L. *primus*, first & *capio*,I take.]1.A sovereign;a monarch:શાહ;બાદશાહ;રાજા.2.The son of a king:રાજપુત્ર;કુંવર.

Princedom,(પ્રિન્સ્'ડમ્)*n.*The jurisdiction,or estate of a prince:શાહજાદાનો મુલક;રાજ્ય;રાજ.

Princely,(પ્રિન્સ્'લિ)*a.*1.Relating to a prince; regal:રાજાનું;રાજકીય.2.Grand:વૈભવશાળી.

Princess,(પ્રિન્'સેસ્)*n.*1.A female prince:રાણી;શાહી.2. The daughter of a sovereign: કુંવરી;રાજપુત્રી.3.The consort of a prince:રાણી;રાજપત્ની.

Princi-pal,(પ્રિન્'સિપૅલ્)*a.*1.Highest in rank; main:મોટું;મુખ્ય;પ્રધાન.(*a*) One who employes another to act for him:શેઠ;માલિક;ધણી.2.(*a*) A capital sum of money placed out at interest:મુડી;વ્યાજે મુકેલી રકમ;મુદ્દલ;ધરાણ. (*b*)A head of a college: કાલેજનો ઉપરી.

Prin-ci-pali-ty,(પ્રિન્સિપૅલ્'ઇટિ)*n.* The territory of a prince:શાહજાદાનો મુલક;રાજ;રાષ્ટ્ર;પ્રદેશ.

Princi-pal-ly,(પ્રિન્'સિપૅલિ)*adv.*In a principal manner;primarily:મુખ્યત્વે-વિશેષે કરીને;ઘણું કરીને.

Princi-ple,(પ્રિન્'સિપલ્)*n.*[L.*principium*, beginning.]1.(*a*)A source or origin:કારણ;મુળ. (*b*)A fundamental substance or origin: કારણ;બીજ;હેતુ.2.A fundamental truth;a maxim:નિયમ; સૂત્ર. 3. Settled rule of action; a governing law of conduct: ધોરણ;માર્ગ;પદ્ધતિ.

Print,(પ્રિન્ટ્)*vt.* [L.*premo*, I press.]1.To fix or impress into or upon something: છાપવું; છાપ મારવી.2.To stamp something in or upon:છાપ પાડવી.3.To strike off an impression of,from type,&c.:છાપવું.4. To impress with colored figures:છાપવું;છાપ મારવી.*vi.*1.To practise the art of typography:છાપવાનો ધંધો ક૦. 2.To publish a book: ચોપડી છપાવવી.**P.**of a *wheel*:ચીલો.(*a*)Printed letters:છાપ;છાપેલો અક્ષર. (*b*) A photographic copy, or positive picture:ઉતારેલી છબી-ચિત્ર-નકશો;છાપેલું ચિત્ર.*Out of* **p.**:આવૃત્તિ ખંત્મ થએલું;ખુસાવૃત્તિ.

Printer,(પ્રિન્ટ્'અર્)*n.* (*a*)One who prints:છાપનાર.(*b*)A compositor:અક્ષર-ટાઇપ ગોઠવનાર.

Printing,(પ્રિન્ટ્'ઇંગ્)*n.* The act or practice of impressing letters,&c:છાપવાની કળા-નું કામ.

Prior,(પ્રાઇ'ઑર્)*a* [L *prior*,former.]Former; previous:પહેલું;અગાઉનું. **P.** *existence*:પૂર્વ જન્મ. *n.* The superior of a priory,: "એબટ" થી ઉતારતા દરજ્જાનો મઠાધિકારી;ઉપમઠાધ્યક્ષ.

Pri-ori-ty,(પ્રાઇઑર્'ઇટિ)*n.*1. The state of being prior or antecedent in time: પૂર્વતા. 2. Superior rank:ઉંચી પદવી;શ્રેષ્ઠતા;શ્રેષ્ઠપદ;અગ્રપદ.

Prio-ry,(પ્રાઇ'ઑરિ)*n.*A religious house presided over by a prior: 'એબટ' થી ઉતરતા દરજ્જાનો મઠ;વિહાર;આશ્રમ.

Prism,(પ્રિઝમ્) *n.*[Gr.*prio*, I saw.] A solid whose bases or ends are any similar,equal and parallel plane figures and whose

sides are parallelograms:સમપાદ્દન.

Pris-matic, (પ્રિઝ્મૅટ઼િક) *a.* Resembling or pertaining to a prism:સમપાદ્દન-ત્રિપાર્શ્વ કાચના જેવું.**P.***colors*:દુગ્ધન ઉપર અજવાળું પડવાથી જે સાત જાતના જુદા જુદા રંગ દેખાય છે તે.

Prison,(પ્રીઝ઼ન)*n.*[L.*prehendo*,I lay hold of.] A place where persons are confined:બંધી-ખાનું;તુરંગ.

Prison-er,(પ્રિઝ઼નર્)*n.*1.One who is confined in a prison:કેદી;બંધીવાન. 2.A person under arrest:કેદી;તહોમતવાળો;ગુન્હેગાર.

Pristine,(પ્રિસ્'ટાઇન્) *a.* Original;primitive: આરંભકાળનું;અસલનું;પ્રાચીન;પુરાણું.

Prithee,(પ્રિ'ધી)*interj.* A corruption of *pray thee*:હું (આજીજીથી)પુછું છઉં કે.

Priva-cy,(પ્રિ'વૅસિ)*n.*1.The state of being in retirement from the company of others:પડદેપોશી;એકાંતવાસ.2.A place of seclusion from company;solitude:એકાંત જગો.3.Concealment of what is said or done:ગુપ્તતા; ગુપચુપ; રહસ્ય. 4.A private matter:છાની-ગુપ્ત-ખાનગી વાત.

Private,(પ્રાઇ'વૅટ્)*a.*[L. *privus*, separate.] 1. Belonging to an individual person, company or interest; personal; one's own:ખાનગી.2.Lonely: એકાંત. **P.** *apartment*: અંતઃપુર. 3.Not invested with or engaged in public office or employment:ખાનગી. **P.***parts*:ગુહ્યસ્થાન;ઉપસ્થ.*n.* A common soldier:(લશ્કરી) સિપાઇ;સૈનિક.

Pri-vat-eer,(પ્રાઇવૅટીર્)*n.* An armed private vessel which bears the commission of the sovereign power to cruise against the enemy:લડાઇની વખતે શત્રુના વેપારને હરકત કરવાને યુદ્ધ સામગ્રી સાથે ફેરવ્યા કરવાની સરકાર તરફથી રજા મળેલું ખાનગી વહાણ.

Private-ly,(પ્રાઇ'વૅટ્‌લિ)*adv.*1. Not open:છાનું-માનું;ગુપચુપ;કોઇને ખબર ન પડે તેમ.2. Personally;not officially:ખાનગી રીતે;જાતને સંબંધે;ખાસ.

Pri-vation,(પ્રાઇવે'શન્)*n.*1. The act of taking away:લઈ-ખુંચી-છીનવી લેવું તે.2. Destitution;need:વિપદ્;તંગી;દરીદ્રતા;કષ્ટ;ક્લેશ;લોપ;નાશ.

Privat-ive, (પ્રિ'વૅટિવ્) *a.* 1. Causing privation:તંગી પાડે એવું.2.Implying privation: અભાવ. *n.* A term indicating the absence of any quality which might be naturally expected: સ્વભાવિક રીતે જરૂર છે તેવા ગુણનું નાસ્તિત્વ બતાવનાર સંજ્ઞા.

Privi-lege, (પ્રિ'વિલેજ્)*n.*[L. *privus*, private &*lex*,*legis*,law.] A prerogative:માફી; છુટ;સરદ પડ્યાનગી. *vt.*1.To authorize:છુટ આપવી. 2. To exempt;-ને માફી આપવી;ક્ષમા કરવી;છોડવવું.

Privi-leged,(પ્રિવ્'લેજ્ડ્)*a.*Invested with a previlege:માફી બક્ષેલું.**P.***witnesses*:પોતાના ધંધા પરત્વે કંઈ મળેલી હકીકત છુપી રાખવાનો જેને હક છે એવા સાક્ષીઓ.

Privi-ty,(પ્રિ'વિટિ)*n.*1. Privacy; confidence: ગુપચુપી;છુપાપણું;વિશ્વાસ.2.Private knowledge: માહિતગારી. 3. A private matter:છાની વાત.4. The genitals:ગુહ્યસ્થાન;ઇન્દ્રિ;ગુહ્યાંગ;અંગ.

Privy,(પ્રિ'વિ)*a.*1.Private:ખાનગી;છુપું. 2.Secret:છાનું.3.Privately knowing:અંદર ખાનેથી વાકેફ.**P.***seal* or *signet*:રાજાએ પોતે આપેલા બક્ષીસપત્રો વિ૦ ઉપર મારવાનો સિલ.*n.*1.A partaker:ભાગીદાર.2.A necessary house:જાજરૂ;સંડાસ;વાડો.

Prize,(પ્રાઇઝ્)*n.*[L.*prehendo*,I take.]1.A thing seized by force:બળ-સત્તાથી કંઈ પકડેલી વસ્તુ. 2. *Hence*, specifically(*a*)(*Law*) anything captured by a belligerent using the rights of war:લુંટ.(*b*)An honor or reward striven for in a competitive contest:ઇનામ;સરપાવ.*To make p of*,to capture:પકડવું.*vt.*1 To price:કિંમત ઠરાવી-કર.2.To value highly:બહુ કિંમતી ગણવું;બહુમાન આપવું;પૂજ્ય માનવું.

Prizefight-er,(પ્રાઇઝ્'ફાઇટર્)*n.*One who fights for a reward:કોઇ સરતના પણને માટે લડનાર.

Prizemo-ney,(પ્રાઇઝ્'મનિ)*n.*A dividend from the proceeds of a captured vessel,&c.,paid to the captors:લુંટમાં આવેલાં નાણાંનો ફાયો.

Pros-and-cons,(પ્રોઝ્-એન્ડ્ કોન્સ્) The arguments or reasons on either side:વિરૂદ્ધાવિરૂદ્ધ; બેઉપક્ષ

Pro-ba-bili-ty,(પ્રૉબૅબિલ્'ઇટિ)*n.*Likelihood: [સંભવ;સંભવિતપણું.

Pro ba-ble,(પ્રૉ'બૅબલ્)*a.*[L. *probo*, I try.] 1. Capable of being proved:સંભવિત.2.Having more evidence for than against:શક્ય;સંભાવ્ય.

Pro ba-bly,(પ્રૉ'બૅબ્લિ)*adv.*Likely:મુખત્વે કરીને.

Probate,(પ્રો'બેટ્)*n.*[*probo*,I prove.]Official proof,that an instrument purporting to be a will or testament of a person deceased is indeed his lawful act:વસીઅતનામાના ખરાપણા વિશેનો પુરાવો.*vt.*To obtain the official approval of a will or testament:વસીયતનામાના ખરાપણાનું કોરટનું સરટીફીકેટ મેળવવું.

Pro-bation,(પ્રોબે'શન્)*n.*1.That act of proving;proof:સાબીતકરવું તે;સબુતી.2.Any proceeding designed to ascertain truth to determine character,&c;trial:પરિક્ષા;કસોટી;અજમાએશ.

Pro-bation-a-ry,(પ્રોબે'શનૅરિ)*a.* Serving for trial:અજમાએશી;કામ-વર્તણું કની કસોટી કરવા આપેલું.

Pro-bation-er, (પ્રોબે'શનર્) *n.* One who is undergoing probation:અજમાયશ ઉપર રાખેલું માણસ.

Pro bat-ive,(પ્રૉ'બૅટિવ્)*a.*Serving for trial or proof;probationary:અજમાએશ તરીકે કામ કરતું.

Probe,(પ્રોબ્)*vt.*[L.*probo*,I try.]To examine

as, a wound, an ulcer &c., with a probe:-માં સળી નાંખી જોવું-તપાસવું. *n.* An instrument for examining the depth of a wound, ulcer, &c.: (ઘા, નાસુર-પેસાબ વિ૦માં મુકવાની) સળી.

Probi-ty, (પ્રૉ'બિટિ) *n.* [L. *probus*, good.] Honesty; uprightness: ચોખ્ખી દાનત; નેકી; પ્રમાણિકપણું.

Problem, (પ્રૉબ્'લેમ્) *n.* [Gr. *pro*, & *ballo*, I cast.] 1. (*a*) A question proposed for solution: પ્રશ્ન; સવાલ. (*b*) A matter difficult of solution: તકરારી વાત. 2. Anything which is required to be done: કૃત્ય.

Prob-lem-atic,-cal, (પ્રૉબ્લેમૅટ્'ઈક્-કલ્) *a.* Having the nature of a problem: અનિશ્ચિત.

Pro-boscis (પ્રૉબૉસ'ઇસ્) *n.* [Gr. *pro*, & *bosco*, I feed.] A hollow organ attached to the head of various animals: (હાથી-જીવડાંની) સુંઢ; શુંઢા.

Pro-cedure, (પ્રૉસીડ્'યુર્) *n.* 1. (*a*) The act of proceeding; progress: ચાલ; ગતિ; કૃતિ; આચાર; વિધાન. (*b*) The manner of proceeding; operation; conduct: કામ ચલાવવાની રીત; ક્રમ; પદ્ધતિ.

Pro-ceed, (પ્રૉસીડ્') *vi.* [L. *pro*, forward & *cedo*, I move.] 1. To advance: આગળ ચાલવું. 2. To pass from one point, to another: આગળચલાવવું. 3. To issue forth: નિકળવું; ઉત્પન્નથવું. 4. (*a*) To act by method: અનુક્રમે ચાલ્યાં જવું. (*b*) To begin: કૃત્ય આરંભીને કર્યા જવું. 5. To begin & carry on a legal process: કામ મુકદ્દમો ચલાવવો.

Pro-ceeding, (પ્રૉસીડ્'ઇંગ્) *n.* 1. (*a*) The act of one who proceeds: વર્તણુંક; કામ. (*b*) Progress from one thing to another: ક્રમ; કર્મ; ક્રિયા; ચાલ; વહિવટ. *Report of* p.: હકીકત; રોજનામું. 2. The course of procedure in the prosecution of an action at law: ચાલતું આખું કામ. *a.* Arising: ઉત્પન્ન; ઉદ્ભવતું; જન્મ પામતું.

Process, (પ્રૉ'સેસ્) *n.* 1. Progress: ગતિ; ગમન; ક્રમ; ગત. 2. Regular proceeding: ક્રિયા; વિધી; કાર્યક્રમ; અનુક્રમ. 3. (*a*) The whole course of proceeding in a cause real or personal: વ્યવહાર; ચાલેલું આખું કામ; કેસ; મુકદ્દમો. (*b*) The means used for bringing the defendant into court to answer to the action: પ્રતિવાદિને બોલાવવાનો સમન.

Pro-cession, (પ્રૉસે'શન્) *n.* 1. A retinue; a ceremonious train: સ્વારી. 2. An orderly and ceremonial progress of persons: વરઘોડો; સરગસ.

Pro-cession-al, (પ્રૉસે'શનૅલ્) *a.* Pertaining to a procession: વરઘોડા-સવારી સંબંધિ. *n.* 1. A service book relating to ecclesiastical processions: પ્રાર્થનાપોથી. 2. A hymn, sung during a church procession: ગીત; ગાયન; ભજન.

Pro-claim, (પ્રૉક્લેમ્') *vt.* [L. *pro*, forth & *calmo*, I call.] To declare; to promulgate: વાણી વગાડીને કહેવું; દાંડી પીટવી.

Pro-cla-mation, (પ્રૉક્લમે'શન્) *n.* 1. Publication; official or general notice: ઢંઢેરો; ઢંઢેરો. 2. A published ordinance: જાહેરનામું. [વહાલ.

Pro-clivi-ty, (પ્રૉક્લિવ્'ઇટિ) *n.* Proneness: મનનું

Pro-clivous, (પ્રૉક્લાઇવ'અસ્) *a.* [L. *pro* & *clivus*, a slope.] Tending by nature: પ્રવૃત્ત; રીતે.

Pro-crasti-nate, (પ્રૉક્રૅસ્'ટિનેટ્) *vt.* [L. *pro* forward & *cras*, to-morrow.] To postpone; to delay: વખત ગાળવો; દહાડા આગવા; વિલંબ ક૦. *vi.* To delay: વાર લગાડયાં કરવી.

Pro-crasti-nation, (પ્રૉક્રૅસ્'ટિને'શન્) *n.* Delay; dilatoriness: હાસરીઆપણું; ઢીલ; વિલંબ.

Pro-crasti-nat-or, (પ્રૉક્રૅસ્'ટિનેટર્) *n.* One who procrastinates: હાસરીયું માણસ; દીર્ઘસૂત્રી.

Procre-ant, (પ્રૉ'ક્રીઍન્ટ્) *a.* Generating; productive; fruitful: ઉત્પાદક; સાધક; જનક; ગર્ભવંતુ. *n.* One who procreates: જન્મ આપનાર; જનયિતા.

Procre-ate, (પ્રૉ'ક્રીએટ્) *vt.* [L. *pro* forth & *creo*, I create.] To generate: -ને જન્મ આપવો.

Pro-cre-ation, (પ્રૉક્રીએ'શન્) *n.* The act of begetting: જનન; ઉત્પાદન; ઉત્પત્તિ; પ્રજોત્પાદન.

Procre-a-tive, (પ્રૉ'ક્રીએટિવ્) *a.* Having the power to beget: છોકરાં ઉત્પન્ન કરે એવું; ઉત્પાદક.

Proctor, (પ્રૉક્'ટર્) *n.* [*pro*, & *caro*, I take care of.] An attorney; agent: વકીલ; પ્રતિનિધિ; મુખત્યાર.

Pro-cura-ble, (પ્રૉક્યુર્'અબલ્) *a.* Capable of being procured; obtainable: મળી શકે એવું; લભ્ય.

Pro-cu-ration, (પ્રૉક્યૂરે'શન્) *n.* The act of procuring; procurement: મળી શકે એમ કરવું તે.

Pro-curat-or, (પ્રૉક'યુરેટર્) *n.* An agent; a proctor: આડતીઓ; પ્રતિનિધિ; કારભારી; મુનીમ.

Pro-cure, (પ્રૉક્યુર્) *vt.* [L. *pro* for & *curo*, I take care.] 1. To bring into possession; to get: મેળવવું; પ્રાપ્ત ક૦. 2. To effect; to cause: આપવું. 3. To bring: ખેંચી લાવવું. [સંપાદન; પ્રાપ્તિ; લાભ.

Pro-curement, (પ્રૉક્યુર્'મેન્ટ્) *n.* Attainment:

Pro-curer, (પ્રૉક્યુર્'અર્) *n.* 1. One who procures or obtains: સંપાદક; મેળવી આપનાર. 2. A pimp; a pander: કુટણો; ભડવો. [કુટ્ટણી; ભડવેણ; દુતિ; ભડવી.

Pro-curess, (પ્રૉક્યૂ'રેસ્) *n.* A female procurer:

Prodi-gal, (પ્રૉડ્'ઇગૅલ્) *a.* [L. *pro*, forth & *ago*, I drive.] Given to extravagant expenditure: બેહ ઉડાઉ. *n.* One who expends money extravagantly: ધોતાગ માણસ. [waste: ઉડાઉપણું.

Prodi-gali-ty, (પ્રૉડિગૅલ્'ઇટિ) *n.* Profusion;

Pro-digious, (પ્રૉડિજ'અસ્) *a.* [L. *prodigium*, a prodigy.] 1. Marvelous: વિલક્ષણ, વિચિત્ર. 2. Vast; huge; immense: બેસુમાર; વિશાળ; જંગાવર.

Prodi-gy, (પ્રૉડ્'ઇજિ) *n.* 1. A portent; something extraordinary: અપૂર્વ વસ્તુ. 2. A marvel: અદ્ભુત શક્તિ ધરાવનાર મનુષ્ય.

Pro-duce, (પ્રૉડ્યૂસ્') *vt.* [L. *pro*, forth & *duco*, I lead.] 1. To exhibit: હાજર-રજુ ક૦. 2. To bear:

આવવું;નિપજવું;પાક થવો;ઉપજાવવું. 3.To cause to happen:નિપજવું;પ્રકટાવવું. 4.To make;to manufacture:કરવું;ઘડવું. 5.To extend:વિસ્તારવું. *vi.* To yield appropriate offspring:નિપજવું. *n.* (*a*)Product;proceeds:પેદાશ;ફળ. (*b*) Agricultural products:ઉપજ,નિપજ;પાક.

Product, (પ્રૉ'ડક્ટ્) *n.* 1. Anything that is produced;production:ઉપજ;પેદાશ.2.The number resulting from the multiplication of two or more quantities:ગુણાકાર. *vt.*To produce:ઉત્પન્ન કરવું.

Pro-duction, (પ્રોડક્'શન્)*n.*1.That which is produced;produce;fruit:ઉત્પત્તિ;નિષ્પત્તિ; પેદાશ;ઉપજ;નિપજ;ફળ;કૃત્ય; કૃતિ.

Pro-ductive,(પ્રોડક્'ટિવ્) *a.* 1. Yielding or furnishing results:ફલદાયક;ફલપ્રદ 2.Bringing into being; producing; originative:ઉત્પાદક; નિષ્પાદક. 3.Fertile:ફલદાયક;ફલપ્રદ;લાભકારી.

Proem,(પ્રો'એમ્)*n.* [Gr.*pro,* & *oimos,* way.] Preface:પ્રસ્તાવના;સૂચના;ઉપોદ્ઘાત.*vt.*To preface:પ્રસ્તાવના લખવી.

Pro-fan-ation,(પ્રૉફૅને'શન્)*n.*1.Desecration: અભિષ્ટ. 2.The act of treating with abuse: નિંદા;ઉવેખન.

Pro-fane,(પ્રોફેન')*a.*[L.*pro* before & *fanum,* a temple.]1.(*a*)Not holy or sacred:અપવિત્ર. અશુદ્ધ. (*b*) Relating to matters other than sacred;secular:લૌકિક.2.Polluted:ભ્રષ્ટ.3.Irreverent:અશ્રદ્ધેયી;પતિત.*vt.*To pollute:અપવિત્ર કo.

Pro-fani-ty,-ness, (પ્રૉફૅન'ઇટિ,-પ્રૉફૅન્'નેસ્) *n.* The state of being profane:ધર્મનિંદા;ઈશ્વરનિંદા.

Pro-fess,(પ્રોફેસ')*vt.* [L.*pro* before & *fateor,*I confess.]1. To avow;to acknowledge:છત્રોક જણાવવું;અંગીકાર કo. 2.To set up a claim to: લેવું. 3. To pretend the knowledge of;to proclaim one's self versed:-માં પંડિત-પ્રવીણ કહેવડાવવું.*vi.*1.To confess:કબુલ કરવું. 2.To declare friendship:ભાઈબંધી છે એમ જણાવવું.

Pro-fession, (પ્રોફે'શન્)*n.* 1.Open declaration:પ્રસિદ્ધ કથન.2.An avowal:અંગીકાર;સ્વીકાર. 3.Calling;vocation:ધંધો;રોજગાર;પેશો;વૃત્તિ.

Pro-fession-al,(પ્રોફે'શનેલ્)*a.* 1.Pertaining to a profession;following a profession:વ્યવસાયી;ધંધા-વૃત્તિનું. 2.Engaged in by professionals:ધંધાદારી.*n.*A person who prosecute anything professionally:ધંધો કરનાર.

Pro-fessor,(પ્રોફે'સર્)*n.*One who professes or publicly teaches science:ગુરૂ; આચાર્ય; પાઠક;અધ્યાપક;ઉસ્તાદ.

Pro-fessor-ship,(પ્રોફે'સર્શિપ્)*n* The office or position of a professor:આચાર્યની પદ્વી.

Proffer,(પ્રૉફ'અર્)*vt.*[L *pro*;forward & *fero,*I bring.] 1. To offer for acceptance: આપવા માંડવું.2.To undertake:કરવાનું કહેવું.*n.* An offer made:કહેણ;વચન;નિવેદન.

Pro-ficience,-cy, (પ્રોફિ'શેન્સ્-ન્સિ) *n.* The quality or state of being proficient; improvement; adeptness: હોશીઆરી;ખબરદારી.

Pro-ficient, (પ્રોફિ'શેન્ટ્) *n.*[L.*pro*,before & *facio* I make.] An expert:કાબેલ-પ્રવીણ-નિપુણ માણસ. *a.*Versed:કાબેલ; પ્રવીણ;નિપુણ;માહિતગાર.

Profile, (પ્રો'ફાઇલ્)*n.* [L.*pro* before *filum,*a thread.]1.An outline or contour:રૂપરેષા;રૂપરેખા.2.The side face or half face:એકજ બાજુ જણાય એવી છબી. *vt.*To draw the outline of: છબી કાઢવી.

Profit,(પ્રૉ'ફિટ્)*n.* [L. *pro* & *facio*,I make.] Avail;gain;benefit:હિત;હાસલ;ફાયદો.P.&*loss*: નફોટોટો.*vt.*To be good to;to avail:ફાયદો કરવો. *vi.*To gain;to advance:ફાયદો થવો.

Profit-a-ble,(પ્રૉ'ફિટબલ્)*a.* Gainful;lucrative:લાભ થાય એવું;ફાયદેમંદ;ફળદાયક;હિતકર;ઉપયોગી.

Profit-less,(પ્રૉ'ફિટ્લેસ્) *a.* Without profit; unprofitable:બિન ફાયદાનું;નિષ્ફળ; વ્યર્થ;નિરર્થક.

Profli-ga-cy, (પ્રૉ'ફ્લિગૅસિ)*n.*The quality or state of being profligate;dissolutness:છેલબટાઈ;સોદાઈ;દુરાચાર;ભ્રષ્ટતા.

Profli.gate,(પ્રૉ'ફ્લિગેટ્)*a.* [L. *pro,*& *flago,*I strike.] Dissolute;vicious: દુરાચારી; વ્યસની. *n.* A dissolute person:દુરાચારી માણસ; લંપટ.

Pro-found,(પ્રોફાઉન્ડ્)*a.*[L.*pro*,before&*fundus*,the bottom.]1.Deep:ઘણું ઉંડું;અગાધ.2.Intellectually deep:ગહન;ગૂઢ; ગંભીર. *n.* 1. The deep;the sea:સમુદ્ર;દરિયો;સાગર; મહાસાગર. 2. An abyss:ધરો;ઉંડો ખાડો.

Pro-foundness,(પ્રોફાઉન્ડ્નેસ્) } *n.*The state
Pro-fundi-ty,(પ્રોફન્ડ્'ઇટિ) } of being profound;depth of place, knowledge,feeling,&c: ઘણી ઉંડાઇ; ગંભીરતા; ગાંભીર્ય; અગાધતા.

Pro-fuse,(પ્રોફ્યુસ્)*a.*[L. *pro*,forth & *fundo,* I pour.]1. Bountiful; exceedingly liberal: સખી;દાતાર.2.Prodigal:ઉડાઉ.*vt.*To pour out: ઉડાવવું;ગુમાવવું;અહોળે છૂટે હાથે વાપરવું.

Pro-fusely, (પ્રોફ્યુસ્'લિ) *adv.* In a profuse manner:ધોતાળપણાથી;ઉદારહાથે;મનસ્વીરીતે.

Pro-fusion,-ness,(પ્રોફ્યુ'ઝન્,-પ્રોફ્યુસ્નેસ્)*n.*1 The act of one who is profuse:છેક ઉડાઉપણું. 2.Abundance:પુષ્કળતા;રેલછેલ; ભરચક;લેલૂટ;ભેળ.

Prog, (પ્રૉગ્) *vi.* To wander about and beg: ભિક્ષા સારૂ ભટકવું.*n.*Food;supplies:ભીક્ષા.

Pro-geni-tor,(પ્રોજેન'ઇટર્)*n.*[L.*pro*,forth & *gigno*,I beget.] An ancestor in the direct line;a forefather:મુળપુરૂષ;વડીલ; પૂર્વજ;પિતા.

Proge-ny,(પ્રૉ'જેએનિ)*n.*Children:સંતાન;પ્રજા.

Prog-nosis,(પ્રૉગ્નોસિસ્)*n.* [Gr. *pro* & *gignosco*, I know.]The act or art of foretelling the course and termination of a disease:ચિકિત્સા;પરભાષા.

Prog-nostic,(પ્રૉગ્નોસ્'ટિક્)*a.*Foreshowing; indicating something future;aiding in prognosis:ભવિષ્યસૂચક;પૂર્વસૂચક;કૂદબોધક.*n.*An indication;a sign;an omen:પૂર્વચિન્હ;પૂર્વલક્ષણ.

Prog-nostic-ate,(પ્રૉગ્નોસ્'ટિકેટ્)*vt.*To prophesy;to predict;to foreshow:ભવિષ્ય સૂચવવું-કહેવું.

Prog-nosti-cator,(પ્રૉગ્નોસ્'ટિકેટ્''અર્)*n.*One who prognosticates; a foreknower: ભવિષ્ય કહેનાર.

Programme,(પ્રો'ગ્રૅમ્)*n.* [L. *pro*&*grapho*,I write]A prospectus:કાર્યક્રમ;અવસ્થાપત્રી.

Progress,(પ્રૉ'ગ્રેસ્)*n.*[L.*pro*, forward & *gradior*,I step.]1.In the growth of an animal or plant;increase:વધારો;વૃદ્ધિ.(*a*)In knowledge or proficiency:વૃદ્ધિ;સંવૃદ્ધિ;પ્રાપ્તિ;અભ્યાસ. 2.A journey of state;a:પ્રવાસ.*In* p.:ચાલતું. *vi.* 1. To advance:આગળ વધવું. 2.To make improvement:સુધરતા જવું.*vt.*To make progress in: સુધારો કરવો;-માં વૃદ્ધિ-વધારો ક૦.

Pro-gression, (પ્રોગ્રે'શન્) *n.* 1. The act of moving forward:આગળ જવું તે;ગતિ.2.Course: ક્રમ;કાલક્રમ. 3. Regular advance in increase or decrease of numbers:શ્રેઢી;શ્રેણી;વ્યવહાર.

Pro-gressive,(પ્રોગ્રેસ્'ઇવ્)*a.*1. Moving forward:આગળ વધતું જવું. 2. Improving: સુધરતું જવું;ચડતું જવું.

Pro-hibit,(પ્રોહિબ્'ઇટ્)*vt.*[L.*pro*,forth&*habeo*,I have.]To forbid by authority:મનાઈ ક૦; બંધી ક૦. [prohibiting:બંધી;મનાઈ;નિષેધ.

Pro-hi-bition,(પ્રોહિબિ'શન્) *n.* The act of

Pro-hibit-ive,-to-ry, (પ્રોહિબ્'ઇટિવ્-પ્રોહિબ્'ઇટોરિ)*a.*Forbidding:નિષેધક;નિવારક;નિષેધી;નિષેધાર્થ

Pro-ject,(પ્રોજેક્ટ્')*n.*[L.*pro*,forward&*jacio*,I throw.]1.A plan;a scheme;a design:નવો મોટો વિચાર;યુક્તિ;ઉપાય.2.An ideal scheme:શેખચલ્લી વિચાર. *vt.*1.To shoot forth;to cast forward:પાડવું;નાખવું;ફેંકવું.2.To devise:-ને વિષે વિચાર કરવો.*vi.*To shoot forward:આગળ નીકળવું; કુદવું;અણી નીકળવી.

Pro-jectile,(પ્રોજેક્'ટાઇલ્)*n.*A body projected,or impelled forward by force: દૂરવેધીશસ્ત્ર;ફેંકેલું હથિયાર. *a.*Projecting:ફેંકનાર.

Pro-jection,(પ્રોજેક્'શન્) *n.* A jutting out: શૃંગ;કાંગરો.2.Design:નકશો;ઘાટ.

Pro-jector,(પ્રોજેક્'ટર્)*n.* One who projects a scheme or design:યોજક;કલ્પક.

Pro-jecture,(પ્રોજેક્'ચ્યર્) *n.* A jutting out beyond a surface:શૃંગ;કાંગરો;અણી;ડેકો.

Pro-lapse,(પ્રોલૅપ્સ્)*n.* [L.*pro*&*labor*,I slide.] The falling down of a part through the orifice with which it is naturally connected:ગર્ભાશયભ્રંશ;ભ્રંશ.*vi.*To fall down:ખસી પડવું.

Prolate,(પ્રો'લેટ્)*a.*[L. *pro* & *latus*,carried.] Stretched out;extended:સપાટ;ચપટું.

Pro-lation,(પ્રોલે'શન્)*n.* 1. Utterance;pronunciation:ઉચ્ચાર.2.Delay:ઢીલ;વિલંબ;વાર.

Pro-lepsis,(પ્રોલેપ્'સિસ્)*n.* [Gr.*pro*&*lambano*,I take.] An error in chronology: બનેલા વખત પેહેલાંનો વખત બતાવતી ઐતિહાસિક ભૂલ.

Pro-leptic,-cal, (પ્રોલેપ્'ટિક્-કલ્)*a.*1. Anticipative:અગમચેતીનું; આગળથી ધારેલું; દીર્ઘસૂત્રિનું. 2.Anticipating the usual time:વખત-વારાની પહેલાંનું;અગાઉનું.

Pro-lific,(પ્રોલિફ્'ઇક્)*a.*[L.*proles*,offspring & *facio*, I make.] Generative; fruitful; productive:છોકરાં જણવાની શક્તિવાળું;પ્રસવશીલ.

Prolix,(પ્રો'લિક્સ્) *a.* [L. *pro* & *laxus*,wide.] Extending to a great length:બહુ લાંબુ.

Pro-lixi-ty, (પ્રોલિક્'સઇટિ)*n.*Minute detail; great length:બહુ લંબાણ;દીર્ઘસૂત્રતા;વાક્પ્રપંચ.

Prologue,(પ્રો'લૉગ્)*n.*[Gr.*pro* & *lego*,I speak.]1.The preface to a discourse,poem or performance:પ્રસ્તાવના.2.One who delivers a prologue:નાંદીકર;નાંદીવાદી. *vt.*To introduce with a formal preface:પ્રસ્તાવના બોલીને આરંભ ક૦.

Pro-long,(પ્રોલૉંગ્')*vt.*[L.*pro*,forth & *longus*, long.]1.To extend in space or length:લંબાવવું.2.To continue:જારી રાખવું. 3.To put off: લંબાવવું.[protraction:વિસ્તાર;વૃદ્ધિ;વધારો.

Por-lon-gation,(પ્રોલૉંગે'શન્)*n.*Extension;

Por-me-nade, (પ્રોમેનેડ્') *n.* [L. *promino*,I drive forward.]1.A walk for pleasure:હવા ખાવાની ચાલવાની કસરત.2.A place for walking:હવા ખાવાની જગા. *vi.* To walk for pleasure:સહેલ કરવા જવું.

Promi-nence,(પ્રૉ'મિનેન્સ્)*n.*1.Conspicuousness:પ્રસિદ્ધિ. 2. That which is prominent; a protuberance:ઉન્નતતા;ટેકરો; ઉંચવટો.

Promi nent,(પ્રૉ'મિનેન્ટ્)*a.*[L.*pro* & *mineo*,I jut.]1.Jutting:ઉપડતું;ઉપસેલું.2.Conspicuous: પ્રકટ;પ્રસિદ્ધ.

Pro-miscu-ous,(પ્રોમિસ્'ક્યુઅસ્)*a.*[L.*pro*,before & *misceo*,I mix.]1.Mingled;confused: શેળભેળ;એક સામટું;અસ્તવ્યસ્ત.2. Common;indiscriminate:વ્યવસ્થા વગરનું;અવ્યવસ્થિત;અસંબદ્ધ.

Promise,(પ્રૉ'મિસ્)*n.*[L.*pro* & *mitto*,I send.] A declaration, written or verbal, made by one person to another which binds the person who makes it to do a specified act:વચન; કોલ;પણ;પ્રતિજ્ઞા *vt.*1.To covenant;to engage:પ્ર-

ઊભરવું;ભલામણ આપવું;વચરો ક૦.**2.**To afford reason to expect:-ઉપરથી આશા થવી;ઉપરથી જણાવું-લા-ગવું. **3.**To make declaration of or give assurance of:-નું વાગ્દાન કરવું; આપવું;આપવાનું કહેવું. *To p.one's self*,(*a*)To resolve;to determine: નિશ્ચય-નિર્ણય ક૦. (*b*)To have strong confidence:સંપૂર્ણ વિશ્વાસ-દૃઢ શ્રદ્ધા હોવી; આશા ભરેલો રાખવો.*vi.*To give assurance by a promise: આશા આપવી;ખાત્રીપૂર્વક કહેવું.

Prom-is-ee,(પ્રૉમિસી)*n.*The person to whom a promise is made:વચન લેનાર.

Promis-er, (પ્રૉ'મિસર્)*n.*One who promises: વચન આપનાર;વચનથી બંધાનાર;પ્રતિજ્ઞાવાદી.

Promis-ing, (પ્રૉ'મિસિંગ્)*a.* Making a promise or promises:નામ કાઢે એવું;આશાજનક.

Promiss-o-ry,(પ્રૉ'મિસૉરિ)*a.* Containing a promise of something to be done:બંધનકારક. **P.***note*:વ્યાજચીઠી;વચનપત્રી.

Promon-to-ry,(પ્રૉ'મૉન્ટૉરિ)*n.* [L.*pro*,before & *mons,montis*, a mountain.] A high point of land;a high cape:ઉંચો-ઉચ્ચ ભૂશિર;ભૂશલાકા.

Pro-mote, (પ્રમોટ્') *vt.* [L. *pro*, & *moveo*, I move.]1. To further; to advance: પુષ્ટિ-બળ આપવું; વધારવું. 2. To elevate: પાયરી ચઢાવવી; વધારવું;ઉંચી પદવીએ ચઢાવવું.*vi.*(*a*)To urge on or incite another,as to strife:ઉશ્કેરવું;ચઢાવવું.(*b*) To inform against a person: કોઇ માણસના વિરુદ્ધમાં ખબર-બાતમી આપવી.

Pro-moter, (પ્રમોટ્'અર્)*n.*1.An encourager: વધારનાર;પ્રવર્તક;વર્દ્ધક;ઉપકારી;પુરસ્કર્તા.2.One who sets on foot,a scheme for the organization of a corporation:માથે લેનાર;સ્થાપનાર;યોજક.3. One who excites:ઉશ્કેરનાર;ઉશ્કેરણી કરનાર.

Pro-motion,(પ્રમો'શન્)*n.*The act of promoting;preferment:વધારો;વર્દ્ધન;સંવર્દ્ધન;વૃદ્ધિ;ઉપકાર;પુષ્ટિ;ઉન્નતિ;ઉત્કર્ષ;ચડતી પાયરી.

Pro-motive,(પ્રમો'ટિવ્)*a.* Tending to advance or encourage:વૃદ્ધિકારક;વર્દ્ધક;સાધક.

Prompt,(પ્રૉમ્પ્ટ્)*a.*[L *pro* & *emo* I take.]1. Immediate;ready & quick to act:ઝટ-સત્વર-સ્વભાવી;ચાલાક;તત્પર.**2.** Done quickly; given without delay:ઉતાવળ-હોંસ ભેર;તત્પરતાથી કરેલું;ઝડપથી કરેલું.*n.*A limit of time given for payment of an account for produce purchased: વાયદો.*vt.*1.To incite;to instigate:ઉશ્કેરવું; પ્રેરણા ક૦.**2.**To suggest:સુઝાડવું;સૂચવવું. **3.** To remind:ના મ્હોંમાં બોલ આપવો-મુકવો.

Prompter,(પ્રૉમ્પ્ટ્'અર્)*n.*1.One who or that which prompts:ઉચકનાર;ઉશ્કેરનાર; પ્રવર્તક;ઉત્તેજક **2.**One who reminds another:મ્હોંમાં બોલ આપનાર;સૂચક;બોધક.

Prompti-tude,-ness,(પ્રૉમ્પ્ટિટ્યૂડ્,પ્રૉમ્પ્ટનેસ્) *n.*The quality of being prompt;readiness: ઉતાવળ;હોંસ;ચંચળાઈ;તત્પરતા.અવિલંબ;ઉત્સાહ.

Promptly,(પ્રૉમ્પ્ટ્લિ) *adv.*In a prompt manner:ચાલાકી-ઝડપથી.

Promptu-a-ry,(પ્રૉમ્પ્ટ્યૂઅરિ)*n.*A stolehouse: વખાર;ભંડાર;કોઠાર.

Pro-mulgate,(પ્રોમલ્ગેટ્)*vt.*[L.*promulgo*, I promulgate.] To make known by open declaration;to publish:પ્રસિદ્ધ ક૦;ફેલાવવું.

Promul-gation,(પ્રોમલ્ગે'શન્)*n.*Open declaration;pablication:ઢંઢેરો;જાહેરનામું;પ્રસિદ્ધિકરણ.

Prone,(પ્રોન્)*a.*[Gr.*pronas*,leaning forward.] Disposed;inclined:સ્વભાવ વાળું-નું;શીલ.

Proneness, (પ્રોન્'નેસ્) *n.***1.** The quality or state of being prone:ઝોક;અધોમુખતા;નમ્રતા.**2.** The state of lying with the face down:અધોમુખ.**3.** Descent;declivity:ઢોળાવ;ઉતાર.

Prong, (પ્રૉન્ગ્)*n.***1.** A sharp pointed instrument:ફણું;શૂળ;કંટક.**2.**The tine of a fork:દાંતો. **3.**A sharp projection:અણી;શાખા;અગ્રશિખા.

Pro-nomin-al,(પ્રૉનૉમ્'ઇનલ્)*a.*Belonging to the nature of a pronoun:સર્વનામ સંબંધી.

Pronoun,(પ્રો'નાઉન્)*n.*A word used instead of a noun or name:સર્વનામ.

Quest,(ક્વેસ્ટ્)*n.*1.Search;શોધ; તપાસ;ખોળ. 2. Those who make search or inquiry:શોધનાર;તપાસ કરનાર.*vt.*To search; to examine: શોધવું;પરિક્ષા કo.*vi.*To go on a quest;શોધકરવી.

Question,(ક્વેસ્ટ્'યન)*n.*[L.*quaero*,I seek.]1. Inquiry;interrogation:પ્રશ્ન;સવાલ;પૃચ્છા.2.(*a*) A judicial or official investigation:સાક્ષીપુરાવાની તપાસ-ચોકશી.(*b*)Inquiry;interrogatory: સવાલ;તપાસ.*Out of* q.,unquestionably:નિઃસંદેહ; બેશક; અલબત્ત. *Out of the* q., quite impossible:અશક્ય;ન બને તેવું;અયોગ્ય.*To call in* q :-ની તકરાર લેવી.*vi.*1.To ask questions:સવાલપૂછવા.*vt.*1.To inquire of by asking question:પૂછપરછકo.2.To raise a question about: તકરાર-સવાલ ઉઠાવવો.

Question-a-ble,(ક્વેસ્ટ્'યનૅબલ્)*a.*1. Admitting of being questioned:શક ભરેલું.2.Liable to question;doubtful:શકવાળું;વિચારે.

Quibble,(ક્વિબ્‌'લ્)*n*.1.A shift or turn from the point in question; an evasion: બહાનું; ગલ્લાં તલ્લાં.2.A dun: શબ્દવિનોદ.*vi*.To equivocate;to trifle in argument or discourse: યુક્તિથી ઉડાવવું.

Quibbler,(ક્વિબ્‌'લર્)*n*.One who quibbles;a caviler:આડું બોલનાર;ફાંફાં મારનાર;વક્રોક્તિવાદી.

Quick,(ક્વિક્)*a*.[L.*vivus*,living]1.Brisk;sprightly;ચપળ;ચંચળ 2.Hasty;speedy:ઉતાવળું.3 Sensitive:લાગણીવાળું.4.Pregnant: ગર્ભવંતુ.**Q.** *water*:પારાનું પાણી. **Q.** *with child*:હાલતુ ફરતુ છોકરું થાય તે સમય પછીની સગર્ભા.*adv*.Quickly: જલદી. *To touch to the* **q.**: ના મર્મ ભેદવા; નખશિખ જવાળાઉઠાડવી.*vi*.To revive:સજીવન ક૦.

Quicken (ક્વિક્‌'ન્)*vt*.1.(*a*)To make alive:જીવતું ક૦ (*b*)To incite:ઉત્તેજીત ક૦.2.To make haste: ઉતાવળ-ઝડપકરવી.*vi*.1.To come to life:જીવતુંથવું; 2.To move with rapidity:ઝડપથી ચાલવું.

Quick-lime(ક્વિક્'લાઈમ્)*a*.Calcium oxide;unslacked lime:કળીચૂનો.

Quickly,(ક્વિક્'લિ)*adv*. Speedily;quick:જલદી-ઉતાવળથી.

Quickness.(ક્વિક્'નેસ્)*n*.1.(*a*)Activity:ચાલાકી; ચપળતા.(b)Rapidity:ત્વરા.2.Keen sensibility: શીઘ્ર બુદ્ધિ;તીક્ષ્ણ બુદ્ધિ;હોશીઆરી.

Quick-sight-ed, (ક્વિક્'સાઇટેડ્) *a*. Having quick sight: બારીક-ઝીણી-તીક્ષ્ણનજરનું-વાળું.

Quick-sil-ver, (ક્વિક્'સિલ્વર્)*n*- The metal mercury:પારો.

Quick-witt-ed,(ક્વિક્'વિટેડ્)*a*.Having ready wit:તીક્ષ્ણબુદ્ધિનું;શીઘ્ર-તીવ્ર બુદ્ધિવાળું.

Qui-escence;cy,(ક્વાઇએસ'એન્સ-ન્સિ) *n*. The state or quality of being quiescent:શાંતિ; સ્થિરતા;ચાલના ભાવ;નિશ્ચલતા;શાંતતા;ચેષ્ટાભાવ.

Qui-escent,(ક્વાઇએસ'એન્ટ્)*a*.1.Still;at rest: શાંત હાલેચાલેનહીં એવું.*n*.A silent letter:જેનોઉચ્ચાર ન થતો હોય એવો વર્ણ અક્ષર.

Quiet,(ક્વાઇ'એટ્)*a*.[L. *quies*, rest.] 1. Still, calm: શાંત;સ્વસ્થ.2.Free from noise: શાંત. 3. Gentle;mild;meek:નરમ;ગરીબ;સાલસ.4 Not showy:આપડાબંધ નહીં એવું.*n*.1. The state of being quiet:શાંતતા. 2. Peace; tranquility: શાંતિ;સલાહ.*In* **q.**,quietly: છાનામાના. *vt* 1.To still:સ્થિર ક૦.2.To calm: શાંત પાડવું.

Quiet-ism,(ક્વાઇ'એટિઝ્મ્)*n*.1.Calmness:શાંતિ; નિવૃત્તિ;શમ;વૈરાગ્ય.

Quiet-ist, (ક્વાઇ'એટિસ્ટ્) *n*.One of a sect of mystics originated in the seventeenth century by Molinos, a Spanish priest living in Rome:નિવૃત્તિમાર્ગી;વેદાન્તમાર્ગી;વિરાગી;વેદાન્તી.

Quiet-ly, (ક્વાઇ'એટ્‌લિ)*adv* 1.In a quiet manner:ગુપચુપ;છાનામાના;મુંગેમોંઢે.2.Patiently:ધૈર્યથી.

Quietude,(ક્વાઇ'એટ્યૂડ્)*n*. Rest:નિરાંત;શાન્તિ; સ્વસ્થતા.

Quill,(ક્વિલ્)*n*.[L.*culmus*,a reed.]1. One of the large feathers of a bird's wing,or one of the rectrices of the tail:પીંછું.2. A pen for writing made by sharpening the point of a feather:લખવાનુંપીંછું.ક્વીલ.3.A spindle: ત્રાક. [writes;a writer: કારકુન;લખનાર.

Quill-driv-er, (ક્વિલ્'-ડ્રાઇવર્) *n*. One who

Quilt,(ક્વિલ્ટ્)*n*.[L.*culcita*,a bed.]1.Anything that is quilted: ગોદડું;તળાઈ.*vt*. 1. To stitch together at frequent intervals:માં દોરા નાખવા;ફાંટા દેવા.

Quina-ry-nate,(ક્વાઇ'નરિનેટ્) *a*. [L. *quini*, five each.]Consisting of five:પાંચપાંચનું;પંચકડાનું.

Quince,(ક્વિન્સ્)*n*.1.The fruit of a shurb:સફરજંદ.2.A quince tree or shrub: સફરજંદનુંઝાડ-છોડવો.**Q.***seed*:મુગલાઇ બેદાણા.

Quinine,(ક્વિન્'આઇન્)*n*.An alkaloid extracted from the bark of several species of cinchona:ક્વીનાઈન;તાવપર અપાતી દવા.

Quin-quenni-al,(ક્વિન્ક્વેન'ઇઅલ્)*a*.[L.*quinque*,five & *annus*,year.]Occurring once in five years,or at the end of every five years: પાંચ પાંચ વરસે આવતું થતું;પંચવાર્ષિક;પંચસાંવત્સરિક.

Quinsy,(ક્વિન્'સિ) *n*. [L.*cynanche*, a sort of sore throat.]An inflamation of the throat: કંઠમાળ;ગંડમાળ.

Quin-tessence, (ક્વિન્ટેસ'એન્સ) *n*.[L.*quinta essentia*,fifth essence.]1.An extract from anything:સાર;કસ;અર્ક;તત્વ. *vt*.To extract as a quintessence:તત્વ કાઢવું;-નો અર્ક કાઢવો.

Quin-tuple,(ક્વિન્'ટ્યૂપલ્)*a*.[L.*quintus*,fifth.] Five fold: પાંચગણું; પાંચગણું કરવું.

Quip,(ક્વિપ્)*n*. A severe retort;a taunt:ટોણું; મહેણું.*vt*.To taunt:મહેણું મારવું.

Quire, (ક્વાઇર્)*vi*.To sing in concert:સાથેગાવું. *n*. A collection of twentyfour sheets of paper of the same size:ઘાડસ્તો.

Quirk,(ક્વર્ક્)*n*.1.A sudden turn;a shift:યુક્તિથી નીકળી જવાની બારી.2.A smart report:મર્મવચન.

Quit,(ક્વિટ્)*a*.[L.*quies*,rest.]Clear,free;acquitted:મુક્ત;મોકળું.2.To absolve;to acquit:-માંથી છુટું-મુક્ત ક૦;છોડવવું.3.To forsake:ત્યજવું; છોડવું.*To* **q.***cost*,to pay:ભરી-વાળી આપવું.*To* **q.** *scores*,to make even:એકેકનું દેવું લેણું આપીસરખું ક૦.*vi*.To depart:જતા રહેવું.

Quite,(ક્વાઇટ્)*adv*.1 Wholly; entirely:છેક;બિલકુલ.2.Very much:ઘણું;તદ્દન.

Quit-rent,(ક્વિટ્'રેન્ટ્)*n*.A rent by which the tenant is quit from other service:ગણોતભાગીરસર

કારને ગણોત ભરતાં જાગીરદાર બીજી બધી ચાકરી કરવાથી છુટો થાય તેનું ગણોત-સાંથ.

Quits,(ક્વિટ્સ્)*interj*.Equal terms:બરાબરી.*To be q. with one*:બરોબર થવું-હોવું.

Quittance,(ક્વિટ્'એન્સ્)*n*.1.Discharge from a debt or an obligation:અભરામ'ન દાવો;એદાવો.

Quiver,(ક્વિવ્'અર્)*a*. Nimble, active: ચાલાક; ચપળ.*vi*.To quake:ધ્રુજવું;કાંપવું. *n*. A case for arrows to be carried on the person:ભાથો.

Quixotic,(ક્વિક્સૉટ્'ઈક્) *a*. Romantic to extravagance:વિલક્ષણવૃત્તિનું;વિચિત્ર..

Quiz,(ક્વિઝ્)*n*.1. A riddle or obscure question:ગુંચવી નાખે એવી મશ્કરી.2.One who quizzes others:મશ્કરો.*vt*.To puzzle: ગુંચવી નાંખવું.

Quizzic-al(ક્વિઝ્'ઇકલ્)*a*.Sportive:મશ્કરું;વિનોદી.

Quoin, (કૉઈન્)*n*.1.A solid exterior angle, as of a building: ખુણો;કોણ.2.A wedgelike piece of a stone, wood or metal:ફાચર;અટકણ;ટેકણ.

Quorum,(ક્વૉ'રમ્)*n*.Such number of the officers or number of any body as is competent by law to transact business:કામ ચલાવી શકે એટલા સભાસદોની મંડળી.

Quota,(ક્વૉ'ટ)*n*.[L.*quot*, how many.]A proportional part or share:પાંતી;ભાગ;હીસ્સો.

Quo-tation,(ક્વૉટે'શન્)*n*.1.The act of quoting:ઉતારો ક૦ તે.2.That which is quoted or cited;a part of a book:બીજા ગ્રંથમાંનો ઉતારો; ટાંચણ.3.The naming of the current price of stocks:ભાવ;કિમ્મત.**Q**.*mark*.["–"](આવાં) અવતરણ ચિન્હ.

Quote,(ક્વૉટ્)*vt*.1.To cite:બીજા ગ્રંથનું વાક્ય બોલવું;-નો આધાર લેવો.2.To cite a passage from:-ને આધાર તરીકે બતાવવું.

Quoth,(ક્વૉથ્)*p.p*.Said;spoke; uttered: કહ્યું; [બોલ્યો.

Quotient, (ક્વૉ'શેન્ટ્) *n*. [L. *quoties*,how often.] 1. The number resulting from the division of one number by another:ભાગાકાર;ભાગ.

R.

R, (આર્) The eighteenth letter of the English Alphabet,is a vocal consonant:અંગ્રેજી મુળાક્ષરનો અઢારમો અક્ષર; ગુજરાતીમાં એનો ઉચ્ચાર 'ર્' થાય છે.*As a numeral* **R**=80. **R̄**=80,000:તેની કિંમત.–૮૦=૮૦૦૦૦.

Ra-bate,(રબેટ્') *vt*. To abate or diminish: ઓછું કરવું.*n*.Abatement: ઘટાડો;ન્યૂનતા.

Rabbet, (રૅબ્'બેટ્) *vt*. 1. To cut a rabbet in: ખોભણ-ખાંચ-ખચકા પાડવા. *n*. A longitudinal groove cut out of the edge of any body: ખોભણ;ખાંચ;ખચકો.

Rab-binic,(રૅબ્બિન્'ઈક્)*a*. Pertaining to the rabbins:વિદ્વાન શાસ્ત્રીને લગતું.*n*.The language of the rabbins:શાસ્ત્રીઓની વિદ્યા-ભાષા.

Rabbit,(રૅબ્'બિટ્)*n*.Any of the smaller species of the genus *Lepus*:સસલું;શશક.

Rabble (રૅબ્'લ્)*n*.1.A confused; incoherent discourse:કલબલ કલબલ વાતચિત; ઢંગધડા વગરની વાત. *The* **r**.,the lowest class of people: હલકા વર્ગના લોકો.*a*.Pertaining to a rabble:હલકા લોકો સબંધિ;તોફાની.*vt*.1.To insult:અપમાન ક૦.

Rabid,(રૅબ્'ઈડ્)*a*.[L.*rabo*,I rave.]1.Furious; raging:ભયંકર.2.Fanatical in opinion:હદપાર ઝનુની.3.Mad:ઘેલું;ઉદ્ધત;હડકાયેલું.

Race,(રેસ્)*n*.[L.*radix*,a root.]1. A lineage; a breed:વંશ; જાત;ઓલાદ. 2. Swift progress; rapid course: ઉતાવળી ચાલ-વેગ-ગતિ, દોડ.3.(*a*) The act or process of running in competition:દોડ-દોડવાની શરત.**R**.*course*:શરતનું કુંડાળું-ટપ્પો.**R**.*horse*,શરતનો ઘોડો.*vi*.1.To run swiftly:ઝડપથી દોડવું. *vt*. To drive at high speed: ખુબ ઝડપથી દોડાવવું.

Raceme,(રૅસ્'ઇમ્)*n*.[L *racemus*,a bunch of berries.]A flower cluster: ફુલનો ઝુમખો.

Racer, (રેસ્'અર્) *n*. One who or that which races:સરતમાં દોડનાર;સરતનો ઘોડો.

Rack,(રૅક્)*n*.A wreck;destruction:ખરાબી;પાયમાલી;નાશ.**R**.*and ruin*; destruction:નાશ. *To go to* **r**.,to perish:નાશ પામવું.*vt*.To draw off from the lees or sediment:મેલ-કીટ્ટ-કુચામાંથી કાઢવું.*n*.1.(*a*)An engine of torture:ગુન્હો મનાવવા માટે શરીરે દુઃખ દેવાનું યંત્ર.(*b*) Extreme pain:અતિ વેદના.(*c*) A frame on which articles are deposited for keeping display: ઘોડી; ચોકઠું. *To be on the* **r**., to suffer torture:દુઃખ-વેદના ખમવી.*To live at* **r**.& *manger*:પારકે પૈસે ચમન ક૦-મોજ મારવી.*To put to the* **r**.,to subject to torture:રિબાવવું.*vt*.1.To extend by the application of force:દાબવું; ખેંચવું.2.To harass by oppresion:જોરજુલમથી સતાવવું.*To* **r**.*one's brains or wits*,to exert them to the utmost:કપાળકુટ-માથાકુટ ક૦.

Racket (રૅક્'એટ્)*n*.[L.*rete*,a net.]1.A variety of the game of tennis played with peculiar long handled rackets:એક જાતની દડીની રમત.2.A snowshoe formed of cords:દોરા ગુંથીને બનાવેલો બરફપર ચાલવાનો જોડો.3.A broad wooden shoe for a man or horse:ઘોડા અગર માણસને માટે ભીની જમિનપર ચાલવાનો લાકડાનો

જોડો;પાવડી.*vt.* To strike as with a racket:-થી મારવું.*n.*1.Confused,clattering noise:ખખુખાણ; કલબલાટ. *vi.* 1. To make a confused noise:શોરબકોર કરવો.2.To engage in noisy sport:ગમતમાં ભળવું. [કારક-વેદનાકારક.

Racking (રૅક્'ઇંગ)*a.*Very unhappy:અતિ દુઃખ-

Racy,(રૅ'સિ)*a.*1.Exciting to the mental taste by a strong character of thought: રસિક; રસોત્પાદક.

Radi-ance cy,(રૅ'ડિઍન્સ-સિ)*n.* Brilliancy; effulgence: તેજ;પ્રકાશ;પ્રભા;દીપ્તિ;કાંતિ.

Radi-ant,(રૅ'ડિઍન્ટ્)*a.*[L.*radio*,I emit rays.] 1.Emitting or proceeding as from a center; radiating:મધ્યમાંથી નિસરતું.2.Beaming with brightness:પ્રકાશિત; ચકચકિત;તેજસ્વી. 3.Giving off rays:કિરણવાળું. *n.*1. The luminous point from which light emanates: પ્રકાશ જેમાંથી નિકળે છે તે પ્રકાશિત પદાર્થ.

Radi-ate,(રૅ'ડિએટ્) *vi.* 1. To emit rays; to shine: કિરણ ફુટવાં;પ્રકાશ પડવો.2. To proceed in direct lines from a point or surface: ફુટવું;ફેંકવું.*vt.*1.To send out in direct lines from a point:માંથી સીધી લીટીમાં નિકળી આવવું-જવું.2.To enlighten:પ્રકાશ કરવો.*a.*1. Having rays or parts diverging from the centre: મધ્યબિંદુમાંથી કિરણો નિસરતાં હોય તેવું.

Ra-di-ation,(રેડિએ'શન્)*n.*1.The act of radiating:પ્રકાશ;અંશુસ્ફુરણ;કિરણ;કિરણપાતન.

Radi-at-or,(રૅ'ડિએટર્) *n.* That which radiates or emits rays:જે ચીજમાંથી કિરણ નીકળે છે તે.

Radical,(રૅડ્'ઇકલ્)*a.*[L.*radix*,a root.]1.Pertaining to the roots:અસલનું.2.Fundamental: મૂળનું.3.Belonging to the root: મુળમાંથી નીકળતું.4.Relating to the ultimate source of derivation: મૂળ. **R.** *quantity*: જેની આગળ વર્ગમૂળ,ઘનમૂળ ઈંની નિશાની હોય તેવું પરિમાણ.*n.* 1.A primitive word:મૂળ-અસાધિત શબ્દ.2.One who advocates radical changes in government or social institutions: ઉથલ-પાથલ કરીનાંખવાનો મત ધરાવનાર.

Radi-cal-ism,(રૅડ્'ઇકલિઝ્મ્)*n.*Thequality or state of being radical:ઉથલપાથલ કરવાનો મત.

Radi-cate,(રૅડ્'ઇકેટ્)[L.*radico*,I take root.] *vi* To take root:મૂળ બાઝવાં. *vt.*To cause to take root:મુળ બઝાડવાં;સદૃઢ ક૦.

Radish,(રૅડ્'ઈશ્)*n.*The pungent fleshy root of a well-known cruciferous plant: મુળા.

Radi-us,(રૅ'ડિઅસ)*n.*1. A right line drawn or extending from the center of a circle to the periphery:વ્યાસાર્દ્ધરેષા;ત્રિજ્યા.

Radix,(રૅ'ડિક્સ)*n.*1.A root:મુળશબ્દ;મૂળ 2. A root of a plant:ઝાડનું મુળ.

Raff,(રૅફ્)*vi.*To sweep,together: વાળીભેગું કરવું. *n.*Refuse:કચરો;પૂંજો.2.The rabble:હુલ્લડીલોકોનું ટોળું.

Raffle,(રૅફ્'લ્)*n.*A kind of lottery:લોટરી.2. A game of dice:પાસાની રમત.*vi.*To engage in raffle:લોટરીમાં મુકવું. *vt.* To dispose of by means of a raffle:લોટરી કરીને આપી દેવું.

Raft, (રાફ્ટ્) *n.*1.A collection of logs fastened together;a float:તરાપો;તરી;ત્રાપો.*vi.*To transport on a raft:ત્રાપામાં મુકીને લઈ જવું.

Rafter,(રાફ્'ટર્)*n.*A raftsman:તરાપો હાંકનાર.*n.* Any rough and heavy piece of timber:મોભ; વળો;ભારવટિઓ.*vt* 1.To make into rafters:ત્રાપા ક૦.

Rag,(રૅગ્)*n.*1.A shred;a fragment; a tatter: ચિંથરું;ચિંદરડું.2.Mean or tattered attire:ફાટાં તુટાં કપડાં.3.A beggarly fellow:ગરીબ માણસ. *vi.*To become tattered:-નાં ચિંથરાં થવાં.

Rag-a-muffin,(રૅગૅમફ્'ઈન્)*n.*1.A paltry fellow: નીચ.હલકુ-માણસ.2.A person who wears ragged clothing:ફાટલાં લુગડાં પહેરનારો

Rage,(રૅજ્)*n.*[L.*rabo*,I rave.]1. Eager passion;વેશ;જુસ્સો.2. Over mastering wrath; ક્રોધાવેશ; ઝનુન;ઝાળ.3.A raging wind:સુસવાટો. *vi.*1.To be furious with anger:ગુસ્સે થવું;ક્રોધે ભરાવું;તપીજવું.2.To be violent and tumultuous:ખળભળવું;ખળભળી ઉઠવું;-માંતોફાન થવું.3.To ravage;to prevail without restraint or with fatal effect:અનર્થ-કેર ક૦.અતિશય દુઃખકારક-નાશકારકહોવું;ઘાણ કાઢી નાંખવો.4.*vt.*To enrage: ગુસ્સો ક૦.

Ragged,(રૅગ'એડ્)*a.*1.Rent or worn into tatters:ચીંથરેચીથરાં થઈ ગએલાં;જર્જર.2. Wearing tattered clothes:ચિથરે હાલ;ચિંથરિયું.

Raging,(રેજ્'ઇંગ્)*a.*Angry:ક્રોધાયમાન;તોફાની.

Ragman,(રૅગ્'મૅન્)*n.*A man who collects or deals in rags:ચીંથરાંનો વેપારી.

Ra-gout,(રૅગૂ')*n.*[L. *re*, & *gusto*,I taste.]A dish made of pieces of meat,stewed and highly seasoned:સ્વાદિષ્ટ જમણ; સરસ ભોજન.

Raid,(રૅડ્)*n.*1. A hostile, or predatory incursion:દ્વેષભાવથીઅગર લૂંટને સારૂ કરેલોહુમલો. *vt.*To make a raid upon or into:-ના ઉપરહુમલો કરવો.

Rail,(રેલ્)*n.*1.A bar of timber or metal usually horizontal or nearly so:કઠેરો;સળીયો.2. A bar of steel forming part of the track on which the wheels roll:લોખંડની સડક-પાટો. *vt.*1.To inclose with rails: કઠેરો કરવો. 2.*vi.* To use insolent and reproachful language: નિંદા કરવી;ગાળદેવી.*vt.*1. To rail at: ગાળ દેવી.

Railer,(રેલ્'અર્)*n.* One who rails;one who

scoffs:નિંદક;નિંદાખોર માણસ;છુટા મ્હોંડાનો..

Railing,(રેલ્'ઇંગ)*a*.Expressing reproach:અપમાન ભરેલું.*n* 1.A barrier made of a rail or of rails:કઠેરો;કઠારા.2.Reproach:અપમાન; ગાળ ગલીચ;આક્ષેપ. [ક; મશ્કરી.

Railler-y,(રેલ્'અરિ)*n* Jesting language:મજા

Rail-road-way, (રેલ્'રોડ્‌ વે)*n*.1.A road or way consisting of two parallel steel rails: આગગાડી સારૂ લોઢાની સડક.

Raiment,(રેમેન્ટ્)*n* 1.Garments:લુગડાં;વસ્ત્ર; કપડાં.2.*Food* & r. ધાન લુગડાં;અન્નવસ્ત્ર.

Rain,(રેન્)*n*.[L.*rigo*,I water.]Water falling in drops from the clouds:વરસાદ;વૃષ્ટિ. *Unceasing pour of* r.ઝડી.*Fall of* r.ઝાપટું.*The rains*: ચોમાસું;ચાતુર્માસો;વર્ષાકાળ.*vi*.To fall in drops from the clouds:વરસાદ પડવો-વરસવો. 2.To fall like water from the clouds:પાણી માફક પડવું;*vt*.1.To pour down from above: નો વરસાદ વરસાવવો.

Rain-bow,(રેન્'બો)*n*.A bow or arch exhibiting in concentric bands the several colors of the spectum:ઇન્દ્રચાપ;ઇન્દ્ર,મેઘધનુષ;મચ્છ.

Rain-deer,(રેન્'ડીર્)*n*.An animal:એક જાતનું સાબર;રેન્ડીયર.

Rain-gauge(રેન્'ગેજ્)*n*.An instrument used for measuring rain: વરસાદ માપવાનું યંત્ર.

Rainy, (રેન્'ઇ)*a*.Abounding with rain;wet: વરસાદનું-વાળું;વૃષ્ટિમય;ચોમાસાનું.

Raise,(રેઝ્)*vt*.1.To cause to rise: ઉંચું કરવું. (*a*) To promote;to exalt:ચઢાવવું; વધારવું;-માં વધારો ક૦; મોટો દરજ્જો આપવો;ઉંચા પદ્વીએ લાવવું. (*b*)To cause to rise up;to set up; to make up right:ઉભું-ઉંચું-સિધું ક૦.2.(*a*)To awaken; to arouse:ઉઠાડવું;જગાડવું.(*b*)To bring up from the lower world:ને સજીવન ક૦.3.(*a*) To erect; to build:બાંધવું;ચણાવવું.(*b*)To collect: એકઠું-ભેગું કરવું.(*c*)To cause to grow:ઉગાડવું.(*d*)To bring into being:સરજાવવું;પેદાક૦.(*e*)To start, to originate:ઉઠાવવું;પ્રવર્તાવવું;ચલાવવું. (*f*)To create or constitute: ઉત્પન્ન કરવું. *To* r. *the wind*:કોઇ કામ ચલાઉ ઉપાયથી રોકડ નાણાંમેળવવાં. *To* r. *a. cry*:કિકિયારી મારવી.

Raisin,(રેઝન્)*n*.[L.*racemus*,cluster of grapes.]A grape or a bunch of grapes:દ્રાક્ષ અથવા દ્રાક્ષનું લુમખું.2. A dried grape:સુકી દ્રાક્ષ.

Rake,(રેક્)*n*.1.An implement consisting of a headpiece having teeth and a long handle at right angles to it:દાંતી;પાવડી.*vt*.1 To collect with a rake:પંજેટીએ એકઠું કરવું.2.To pass a rake over: પંજેટી ફેરવી સારૂ ક૦. 3. To scrape across:વટાવી જવું.*vi*.1.To use a rake: પંજેટીનો ઉપયોગ ક૦.*n*.A vicious man; a debauchee;a rouse:રંડીબાજ.*vi*.1.To walk about: રખડવું.2.To lead a dissolute,debauched life: રંડીબાજી-ઇશ્કબાજીક૦;બદફેલી ક૦.

Rake-hell,(રેક્'હેલ્)*n*.A lewd dissolute fellow:રંડીબાજમાણસ;શીલંપટ.*a*.Wild; lewd:જંગલી;રંડીબાજ. [ડીબાજ;વ્યસની.

Rakish,(રેક્'ઇશ્)*a*.Dissolute;lewd:બદકામી;રં-

Rally,(રેલ્'લિ)*vt*.[L.*re ad*& *ligo*, I bind.] To gather again:ફરી એકઠું કરવું.*vi*.1.To assemble:ભેગા થવું.2 To recuperate:પહેલાંનીસ્થિતિમાં આવવું.3.To recover strength after a decline in price:કિમ્મત ચઢવી-ઠેકાણે આવવી *vt*.To attack with raillery:ની મશ્કરી મજાક ક૦.

Ram,(રેમ્)*n*.1.The male of the sheep: ઘેટો; મેંઢો;મેષ.2.Aries,the sign of the zodiac:મેષરાશી. 3. An engine of war used for butting or battering:કિલ્લાની દીવાલ તોડવાનું હથીઆર.

Ramble,(રેમ્'બલ્)*vi*. 1. To wander:ભટકવું.2. To talk or write in a discursive way:ઢંગધડા વગર બોલવું લખવું.3.To grow at random: જુદે જુદે ઠેકાણે ઉગવું. *n*. A excursion for recreation:સહેલ;ફેરો;રખડપટ્ટી;વિહાર.

Rambler,(રેમ્'બ્લર્)*n*. One who rambles; a rover;a wanderer:રખડનાર,ભટકનાર;સફરી.

Rambling,(રેમ્'બ્લિંગ)*a*.Roving:રઝળતું;રખડતું.

Rami-fi-cation,(રેમ્'ઇફિકે'શન્)*n*. 1.A small branch:શાખા;ડાળી;ઉપશાખા.

Rami-fy,(રેમ્'ઇફાઇ)*vt*.[L.*ramus*,a branch & *facio*,I make.] To divide into branches: શાખા-ભાગ પાડવા;-ના વિભાગ ક૦.*vi*.1. To shoot into branches:શાખા પડવી-થવી-ફુટવી-નીકળવી.

Rammer,(રેમ્'અર્)*n*.One who or that which rams or drives: મોગરી; મુદ્ગર.

Ramous,(રેમસ્)*a*. Branchy:ડાળીઓથી ભરપૂર.

Ramp,(રેમ્પ્)*vi*. 1. To spring:ઉછાળા મારવા.2. (*a*) To move by leaps: ઉછળતા ચાલવું. *n*. 1. A spring:ભુસકો;કુદકો;ધસારો.2.A robber:લુંટારો.

Rampant,(રેમ્'પેન્ટ્)*a* [L.*repo*,I crawl.]1.(*a*) Leaping;springing:કુદતું; વધતું.(*b*) Furious; raging:વિકાળ;ક્રોધી.2.Ascending:ચઢતું;નિકળતું.

Rampart,(રેમ્'પાર્ટ્)*n*.[L.*paro*,I prepare.]1. That which fortifies and defends from assault;a defence;a bulwark:કિલ્લાની ભીંત.2.A broad embankment of earth round a place, upon which the parapet is raised:કિલ્લો.*vt*. To surround or protect with a rampart: કિલ્લાથી રક્ષણ કરવું.

Ramrod,(રેમ્'રોડ્) *n*. The rod used in ramming home the charge in a muzzle:બંદુકનો સળીઓ-ગજ.

Rancid,(રેન્'સિડ્)*a*.[L.*ranoeo*,I am rancid.]

Having a rank smell musty:ખોરું;ગંધાતું.

Ran·cidi·ty,-ness, (રૅન્સિડ્'ઇટિ-રૅન્'સિડ્નેસ્) *n.* The quality or state of being rancid:ક્બ; ખોરાશ;ગંધ.

Rancour,(રૅન્ગ્'કર્)*n.* [L.*ranceo,*I stink.]Inveterate hatred:દ્વેષ;અદાવત;ખાર;ઝેર;હાડવેર;કીનો.

Rancor·ous,(રૅન્ગ્'કરસ્) *a.* Full of rancour; deeply malignant:ખારીલું;દ્વેષી;ઝેરીલું;કીનાખોર.

Rand,(રૅન્ડ્)*n.*1. A border;edge: કિનારી;કોર.

Random,(રૅન્'ડમ્)*n.*1.A roving motion:ધડા-ઠેકાણા વગરપણું.As,*at* r.:ઢંગધડા વગર;ગમે તેમ. 2. Distance to which a missile is cast: ટપ્પો.*a.*Going at random or by chance: ઠેકાણા વગરનું;અટકળીયું;અટકળપંચાનું.

Rang,(રૅન્ગ્) *imp.*of **Ring**: અવાજ થયો;વાગ્યું.

Range,(રેન્જ્)*vt.*1.To set in a row,or in rows; to rank:હારબંધ ગોઠવવું;રચના-વ્યવસ્થા કo.2.To separate into parts:-ના ભાગ પાડવા.3 To dispose in a classified order:વર્ગ પ્રમાણે ગોઠવવું. 4.To rove over:અટકવું.*vi* 1.To roam: રઝળવું. 2.To have range:પહોંચી શકવું.3.To be placed in order:વર્ગ પ્રમાણે હોવું. *n.* 1. A row;a rank: હાર;ખાળ;પંક્તિ. 2.An order;a class: વર્ગ;જાત; પ્રત.3.The step of a ladder:નીસરણીનું પગથીયું. 4.A ramble:પરિભ્રમણ;પર્યટણ.5.That which may be ranged over;ટપ્પો. 6. Scope:પહોંચ; વિસ્તાર;ટપ્પો.

Ranger,(રેન્જ્'અર્)*n.*1.One who ranges;a rover:રખડનાર. 2. That which separates;a sieve:જુદું પાડનાર; ચાળણી.3. The keeper of a public park or forest:વન-રાનનો રખેવાળ.

Rank,(રૅન્ક્) *a.*1.Luxuriant in growth:ભરપૂર;ખૂબ.2.Extreme: તદન;ભારે;જબરૂ. 3. Causing vigorous growth:અત્યંત ફળદ્રુપ.4.Rancid:ઉતરી ગએલું. *n.* 1. A row or line; હાર; ઓળ;પંક્તિ.2. A line of soldiers: સિપાઇઓની હાર.3.Grade:પદવી;પાયરી.4.A class: વર્ગ; જાત. 5.A station:પદવી;દરજ્જો. 6. Distinction:પ્રતિષ્ઠા;માન.*To take* r.*of,*to have precedence over: કરતાં ઉપરી પાયરી-દરજ્જે હોવો. *vt.* 1. To place abreast or in a line:હારબંધ ગોઠવવું.2. To classify: વર્ગ પાડવા. 3. To take rank:-ના કરતાં ઉપરી દરજ્જો ધરાવવો.*vi* 1.To be ranged: કોઈ વર્ગમાં ગણાવું. 2. To have a certain grade:-ની પદવી-દરજ્જો હોવો.

Rankle,(રૅન્ગ્'કલ્)*vi.*1.To become: પાકું બંધાવું જવું.2.To produce a festering or inflamed effect:ચણચણવું. *vt.* To cause to fester:કોવાડવું;સડાવવું.

Ransack,(રૅન્'સૅક્)*vt.*1.To search thoroughly:બધે ફરી-વળીને ખોળ કo.2.To plunder:લુંટવું. 3.*vi.*To make a thorough search:પુરતી તપાસ કo *n.*The act of ransacking: લુંટ;ધાડ.

Ransom,(રૅન્'સમ્)*n.*[L. *re,*& *emo,*I buy.]1. Redemption: છુટકો;છુટકારો.2 Payment for freedom from restraint:છુટકારાને માટે આપેલો અવેજ;ખંડણી.*vt.*1.To rescue: છુટકારો કરવો. 2. To exact a ransom for:-ને માટે દંડ-પૈસા-નાણાં કઢાવવાં.

Rant,(રૅન્ટ્) *vi.* To rave in violent, or high sounding language:મોટે સાદે બબડવું.*n.*High-sounding language:મોટે સાદે-વગર વિચારે કરેલું ભાષણ-નિર્થક પ્રલાપ.

Rap,(રૅપ્)*n.* A lay or skein containing 120 yards of yarn:૧૨૦ વારનું બંડલ.*vi.* To strike with a sharp blow:-પર ટકોરો ઠોકવો. *vt.* 1.To free in a mold by light blows:ધીમે ધીમે ઠોકી બીબામાંથી છુટું પાડવું. *n.* A quick, smart blow:સપાટો;ઝપાટો.1.Snatch away:ઝુંટાવી લેવું. 2.*To* r.& *ran,to* r.& *rend,*to seize & plunder:પકડીને લુંટી લેવું.*n.Not to care a* r.લેશમાત્ર દરકાર ન રાખવી;તૃણમાત્ર લેખવું.

Ra·pacious,(રૅપ'શસ્)*a.* [L. *rapio,*I seize.] 1.Given to plunder:લુંટારૂં,જોરજુલમથી ખૂંચાવી લેનાર.2.Accustomed to seize food:હિંસક;ફાડી ખાનારૂં.

Ra·paci·ty,(રૅપૅસ્'ઇટિ) *n.*1. The quality of being rapacious: લુંટારાપણું; ફાડી ખાવાનો સ્વભાવ.2. Exorbitant:જોર જુલમથી ગેરવાજબીપણે પૈસા કઢાવવા તે.

Rape,(રેપ્) *n.*1.Sexual connection with a woman without her consent:બળાત્કારે કરેલો સ્ત્રી સંભોગ;બળાત્કાર.*vt.*To commit rape upon: બળાત્કારે સ્ત્રી સંભોગ કરવો.

Rapid,(રૅપ્'ઈડ્)*a.*[L.*rapio,*I seize and carry off.]1.Very swift or quick:ઉતાવળું;શીઘ્ર;દોડતું 2 Advancing with haste or speed;speedy in progress: ઉતાવળું ચાલતું-થતું-બનતું;ત્વરિત;વેગવાન.3.Quick in execution:જલદ; ઝડપવાળું; હાથની ચાલાકીવાળો;સ્ફુરતાઇવાળું.

Ra·pidi·ty,(રૅપિ'ડ્ઇટિ)*n.* The state of being rapid;swiftness:જલદી;ત્વરા;શીઘ્રતા;ઝપ.

Rapi·er,('રૅપિઅર્)*n.* A strait sword,with a narrow and finely pointed blade:જમૈયો;ગુપ્તિ.

Rapine,(રૅપ્'આઇન્(n.[L.*rapio,*Iseize.]1.Pillage;spoliation;plunder:લુંટફાટ;ધાડ;લુંટ.

Rapt,(રૅપ્ટ્)*a.*Snatched away:લઈ લીધેલું.2.Transported with love,admiration,&c:હર્ષોન્મત્ત અત્યાનંદી.3.Wholly absorbed in meditation નિમગ્ન;પરાયણ.*n.*1.Anecstasy:પરમાનંદ.*vt.*1.To transport:લઈ જવું.

Rapture.(રૅપ્'ટ્યૂર્)*n.*[L.*rapto,* I carry off by force.]1.A seizing by violence:જોરજુલમથી પકડવું તે.2.Extreme joy or pleasure;પરમાનંદ;

બેહદ ખુશાલી.*vt.*To transport with excitement: ખુશાખુશ કરી દેવું.

Raptur-ous,(રેપ્'ટ્યુરસ્)*a.*Ecstatic:હર્ષજનક.

Rare,(રેર્)*a.*1.Not frequent;unusual:અસાધારણ;દુર્લભ;વિરલું.2. Of an uncommon nature; unusually excellent:અત્યુત્તમ;અત્યુત્કૃષ્ટ;સર્વોત્કૃષ્ટ

Ra-re-faction,(રેરી'ફેક્શન્)*n.*The act or process of rarefying:સૂક્ષ્મતા;પાતળું કરવું તે.

Rare-fy,(રે'રીફાઇ)*vt.*[L.*rarus,* thin& *facio,* I make.]To make rare or thin:પાતળું કo.*vi.*To become less dense:નુંઘટપણું ઓછુંથવું;પાતળું થવું.

Rarely,(રેર્'લિ)*adv.*1.Seldom:કદી; જવલ્લે;ભાગ્યેજ,કદાચિત્;કોઈ પ્રસંગે.2. Excellently: અત્યુત્તમ રીત્યે;સર્વોત્કૃષ્ટતાથી.

Rari-ty,-ness,(રે'રિટિ- રેર્'નેસ)*n.*1.The state of being rare: અસાધારણપણું;વિરલતા;દુર્લભતા. અછત.2.Thinness:પાતળાપણું. 3. An uncommon thing:દુર્લભ-અપૂર્વ વસ્તુ-ચીજ.

Rascal,(રૅસ્'કલ્)*n.*[L.*rado,*I have.]1.A rogue;a scoundrel:શઠ;હરામખોર;ધૂર્ત; દુરાત્મા. *a.* Low;mean:હલકું;ખરાબ;નીચ;અધમ;પાજી.

Ras-cali-ty(રૅસ્કૅલ્'ઇટિ) *n.*1 The state of being a rascal:લુચ્ચાઈ;ઠગાઈ.2.The poorer and lower classes of people:હલકા વર્ગના લોકો;ગરીબગુરબાં. [wretch:નીચ-હલકું માણસ.

Ras-callion, (રૅસ્કૅલ્'યન્) *n.* A low, mean

Rascal-ly,(રૅસ્કલ્લિ)*a.*Like a rascal:લુચ્ચું;ખંધું; લાંઠીયું;લુચ્ચાઇનું ભરેલું.

Rase(રેઝ્)*vt.*[L.*rado,*I scrape.]1.To erase: ભુસવું;છેકી નાંખવું. 2. To level with the ground:જમીન દોસ્ત કo.*vi* To be levelled with the ground:જમીન દોસ્ત થઇ જવું.

Rash,(રૅશ્)*n.*[L.*rado,*I scrape.]A fine eruption on the body:અળઇઓ.An inferior kind of silk:હલકું રેશમ. *a.*1. Sudden in action; quick:અધીરૂં;આકળું.2 Precipitate:અવિચારી; ઉતાવળીયું. [પાતળો માંસનો કકડો.

Rasher(રૅશ્'અર્)*n.*1.A thin slice of bacon:

Rashness,(રૅશ્'નેસ્)*n.* The quality or state of being rash:ઉતાવળાપણું; અવિચાર;અવિવેક.

Rasp,(રૅસ્પ્)*vt.*1.To rub or file with a rasp: કાનસ-રેતરડીવતી ઘસી નાખવું;છોલી નાંખવું *n.* 1.A coarse file:રેતરડી;કાનસ.

Raspbe-rry,(રૅઝ્'બેરિ)*n.* The thimble-shaped fruit:એક જાતનું ખાટું મીઠું ફળ.

Rasure,(રે'ઝ્યૂર)*n.*[L.*rado,*I scrape.]1.Erasure:છેકો;લીટો.2 A mark by which a letter is erased:છેકો.

Rat,(રૅટ્)*n.*1.One of several species of small rodents:કોળ;ઉંદર;મૂષક *To smell a* r.:વાસ-ગંધ આવવી. [rated:ભાવ આંકવા જોગ.

Rata-ble,(રેટ્'અૅબલ્)*a.* 1. Capable of being

Rat-a-fia,(રૅટફી'અૅ)*n.*A spirituous liquor:એક જાતનો સ્વાદિષ્ટ દારૂ.

Ra-tan,(રૅટૅન્') *n.*Cane: નેતર;છડી;વેત્ર;વેણુ.

Rate,(રેટ્)*vt.*& *i.*To chide with vehemence; to scold:ધમકાવવું;ઠપકોદેવો.*n.*1.An established portion:નેમણુંક.2.Rank;degree; standard; ratio:દર;ભાવ;પ્રમાણ.3.Valuation: કિંમત;ભાવ. 4.A tax:કર;વેરો.*vt.*1.To set a certain estimate on:નો દર-ભાવ ઠેરવવો. 2. To assess for the payment of a rate or tax:ઠરાવવું;નક્કી કo. *vi.*1.To be considered in a class:વર્ગ દરજ્જામાં લેખાવું.2.To make an estimate:અનુમાન-અડસટ્ટો કાઢવો.

Rath,(રૅથ્) *n.*1.A hill or mound: ટેકરી;ટેકરો; ડુંગરી.*a.*Coming before others; early: વહેલું આવેલું;વહેલું.

Rathe,(રેથ્) *adv.* Soon;early: વહેલું;તરતજ.

Rather,(રૅ'ધર્)*a.* Prior;earlier: કરતાં;તે કરતાં. *adv.*1.Earlier; sooner: વધારે વહેલું; તરતજ. 2. More readily; preferrably:વધારે પસંદગીથી;વધારે ખુશીથી.3.Somewhat: જરાક;કંઇક; થોડું.4. More properly; more correctly speaking: ખરૂં કહીએ તો.*The* r., for better reason; for particular cause:ખાસ કારણથી.

Rati-fi-cation,(રૅટ્'ઇફિકે"શન્)*n.* The act of ratifying;sanction:મંજુરી; બહાલી;સ્વીકાર.

Ratify,(રૅટ્'ઇફાઇ)*vt.*[L.*ratus,*fixed by calculation.]To confirm:કબૂલ મંજુર કo;બહાલ રાખવું.

Rati-o,(રે'શિઓ)*n* 1.The relation which one quantity has to another:પરિમાણ; પ્રમાણ.

Rat-i-oci-nation(રૅશિઓસ્'ઇને"શન્)*n.*The process of reasoning:તર્કવિદ્યા;તર્કશાસ્ત્ર;તર્કજ્ઞાન;વિતર્ક.

Ration,(રે'શન્)*n.*[L.*ratio,* a reckoning.]1.A fixed daily allowance of provisions assigned to a soldier in the army:ભાથું;સીધું;પેટીયું.*vt.*To supply with rations as a regiment: સિપાઇને ભાથું પુરૂ પાડવું.

Ration-al,(રૅ'શનલ્)*a.*1.Relating to the reason: તાર્કિક;માનસિક.2. Reasoning: વિચારવાન્. 3.Agreeable to reason;wise: યથોચિત;સારાસાર સમજનાર;ડાહ્યું.*n.*A rational being:સમજવાળો ડાહ્યો માણસ.

Rati-o-nale,(રૅશોને'લી)*n.*An explanation of the principles of some opinion:ખુલાસો;ઉપપત્તિ.

Ration-ali-ty,(રૅશ્'ઑનૅલ્'ઇટિ)*n.*Due exercise of reason;reasonableness:જ્ઞાનશક્તિ;ચિચ્છક્તિ; જ્ઞાન. [senic: ઉંદર સારૂ ઝેર;સોમલ.

Ratsbane,(રૅટસ્'બેન્)*n.*Rat poison;white ar-

Rattle,(રૅટ્'લ્)*vi.*1.To clatter:ખખડવું. 2. To drive or ride briskly:ખડખડ કરતાં જવું.3.To talk rapidly:ઉતાવળથીવાત કરવી,*vt.*1.To cause

to make a rattling sound: ખડખડવગાડવું.2. To confuse: ગભરાવવું;અમુઝાવવું.*n.*1. A rapid succession of sharp,clattering sound:ગડગડાટ;ખડખડાટ.2.Noisy,rapid talk:ગરબડાટભરેલી વાત.3.An instrument with which a rattling sound is made:ઘુઘરા.4.The noise in the throat: (મરણ વખતનો) ઘરેડો.

Rattle-head-ed(રૅટ્'લ્-હેડેડ્)*a.*Unsteady;giddy:અદ્દ;અસ્થિર;ચંચળ.

Rattling,(રૅટ્'લિંગ્)*n.*Noise:ખખડાટ;ખણખણાટ.

Rauci-ty, (રૉ'સિટિ)*n.* [L. *raucus,* hoarse.] Harshness of sound:સ્વરભંગ;ખોખરાપણું.

Ravage,(રૅવ્'એજ્)*n.*[L.*rapeo,*I carry off.]Devastation;havoc:ધુળધાણી;ખરાબી;પાયમાલી;નખોદ.*vt* To lay waste by force:લૂંટવું;વેરાનકરવું.

Rave, (રૅવ્) *vi.* [L *rabo,* I rave.] 1. To be delirious:ચળવું;મગજ ભમવું;ગાંડા બનવું. 2. To talk with unreasonable enthusiasm:બકવાસવારો કરવો.*vt.*To utter in madness:ગાંડછામાં બોલવું.

Ravel,(રૅવ્'એલ્)*vt.*1 To separate or undo the texture of:ઉકેલવું 2.To pull apart:છુટું કo.*vi.* 1.To become untwisted:ઉકલવું;છુટું થવું.2.To fall into perplexity:ગુંચવાઈ જવું.3.To make investigation:શોધવું;તપાસ કo.

Raven, (રૅ'વન્)*n.* A large black passerine bird similar to the crow:જંગલી કાગડો.*n.*1. Plunder; prey: લુંટફાટ;શિકાર.

Raven-ous,(રૅવ્'એનસ્)*a.*1.Devouring with rapacious eagerness:ફાડીખાનારૂં;હિંસક;ઘાતકી.

Ravin,(રૅવ્'ઇન્)*a.*Ravenous:ફાડીખાનારૂં.*n.*Plunder;prey:શિકાર;લુંટફાટ.

Ra-vine,(રૅવીન્')*n.*Food obtained by violence:જુલમથી મેળવેલોખોરાક;શિકાર.*n.*[L.*rapina,* rapine.]1.A torrent of water: પાણીનો ધોધ. 2.A gorge: ખીણ;કોતર;નાળું.

Raving,(રૅવ્'ઇંગ્)*n.*Talking irrationally and wildly:ગાંડું;ઘેલાં કાઢવું;લવરી કરવું;ઉન્મત.

Ravish,(રૅવ્'ઇશ્)*vt.*[L *rapeo,*I snath away.] 1.To seize and carry away by violence: હરણ કo;જબરદસ્તીથીપકડી લઇ જવું.2. To transport with joy;આનંદમાં નિમગ્ન કo.

Ravish-er,(રૅવ્'ઇશર્)*n.*One who ravishes (in any sense):હરણ-બળાત્કાર કરનાર;જુલમથીસ્રીસંભોગ કરનાર.

Ravish-ing,(રૅવ્'ઇશિંગ્)*a.*Rapturous; transporting:બળાત્કાર સ્રીસંભોગી;મનહરીલેનારૂં.

Ravish-ment,(રૅવ્'ઇશમેન્ટ્)*n.*1. The act of carrying away by force:બળાત્કાર સ્રીસંભોગ. 2.Rapture:મનોહરણ.

Raw,(રૉ)*n*:1,Not altered from its natural state;not cooked:કાચું;અપક્વ.2.Immature: કાચું.Not tanned:આળું;બીનઅનુભવી.3.Deprived of skin:ચામડી વગરનું.

Rawness,(રૉ'નેસ્)*n.*The quality or state of being raw:કાચાપણું;કચાશ;અપક્વતા;બીનઅનુભવ.

Ray,(રે) *n.* [L.*radius,* a beam.]1.One of a number of lines or parts diverging from a common point: કિરણ.2.A line of light; a single element of light or heat propagated continuously:રશ્મિ;કિરણ;તેજ.3.Vision;perception:બુદ્ધિપ્રકાશ. *vi.* To shine, as with rays:કિરણ માફક પ્રકાશવું.

Raze,(રેઝ્)*vt.*1.To erase:ભુંસી નાંખવું 2.To destroy:નાશ કરવો;પાયમાલકરવું;વિનાશ કo.

Razor,(રેઝ઼ૉર્)*n.* A keen-edged knife,used in shaving:અસ્તરો;છરો;લોદ્ધું.

Razor-strop,(રેઝ઼ૉર્સ્ટ્રૉપ્)*n.*A strop used in sharpening razors:ટપટપી (હજામની).

Reach,(રીચ્)*vt.*1 To extend:લંબાવવું;લાંબુ કo. 2.To hand over: આપવું.3.To attain or obtain by stretching forth the hand:હાથપહોંચાડવો.4.To penetrate:દાખલ થવું.5.To arrive at:પહોંચવું. 6. To attain to: મેળવવું; પ્રાપ્ત કo. 7. To understand:સમજવું. *n.*1. The act of stretching; extention;power of reaching with the person:વિસ્તાર ફેલાવો.2. Power of attainment: ગ્રહણશક્તિ;પહોંચ. *Within the* **r.** *of*:ગમ્ય;ગ્રાહ્ય;લભ્ય.*Beyond the* **r.***of*:શક્તિ-પહોંચ બહાર;અગ્રાહ્ય.

Re-act,(રીઍક્ટ્')*vt.*To act a second time:ફરીથી-પુનઃકરવું.*vi.*1.To return an impulse or impression:નો સામો ધક્કોલાગવો;પ્રત્યાઘાત થવો.2. To act upon each other:સામ સામે અસરથવી.

Re-action,(રીઍક્'શન્)*n.*1.Counter tendency: reverse action: સામું જોર;પ્રત્યાઘાત;પ્રતિક્રિયા.2. Backward tendency: ઉલટ;ઉથલો.

Re-active, (રીઍક્'ટિવ્) *a.* Having power to react:ફરીથી કરવું;પ્રત્યાઘાતક;પ્રતિકારક.

Read,(રીડ્)*vt.*1.To peruse:વાંચવું.2. To know fully;to comprehend:સારી પેઠે સમજવું;જાણવું. 3.(*a*)To understand by marks or features: સમજવું;-ને વાંચવું;લક્ષમાં લેવું.(*b*)To make a special study of:અધ્યયન કરવું.*To* **r.** *out.*,તાણીનેઉંચેધારે વાંચવું.*To* **r.***through*:પારાયણ કo.*vi.*1. To learn by reading:વાંચવાથીજાણવું.2 *To* **r.** *between the lines*:દેખીતાઅર્થ શિવાય ખરો અર્થ ખોળી કાઢવો.*n.*1.Reading:વાંચન.*a.* Learned: પારંગત;વિદ્વાન.

Reader,(રીડ્'અર્)*n.*1.One who reads:વાંચનાર; વાંચક.2.A book containing a selection of extracts for exercises in reading: વાંચન ચોપડી. [તત્કાળ;વગર વિલંબે;શીઘ્ર;તરત.

Readi-ly,(રેડ્'ઇલિ)*adv* 1.In a ready manner;

Readi-ness,(રેડ્'ઇનેસ્)*n.*Promptness;preparation;aptitude:સિદ્ધતા;તૈયારી; ઝડપ; ત્વરા; તત્પરતા.

Reading,(રીડ્'ઇંગ્) *n.*1.The act of one who reads:વાંચન;પઠન.2.Study of books:અધ્યયન; વિદ્યાભ્યાસ.3.Public recital:ભાષણ.*a.*1.Of or pertaining to the act of reading:વાંચન સંબંધી.

Reading-room,(રીડ્'ઇંગ્રૂમ્)*n.* A room appropriated to reading:પુસ્તકશાળા;વાંચનશાળા.

Re-ad-just,(રીઍડ્જસ્ટ્')*vt.*To adjust or settle again:ફરીથીગોઠવવું-સુધારવું.

Re-ad-mission,(રીઍડ્મિ'શન્)*n.* The act of admitting again:ફરી-પુનઃદાખલ કo તે.

Re-ad-mit,(રીઍડ્મિટ્')*vt.*To admit again: ફરીથી-પુનઃદાખલ કo.

Ready,(રેડ્'ઈ)*a.*1.Prepared for what one is about to do:તૈયાર;સજ્જ;તૈયારથએલું.2.Arranged for immediate use:તરત ઉપયોગ માટે ગોઠવેલું.3.Willing:તૈયાર; રાજી; ખુશી: તત્પર. 4. Not slow or hesitating:કુશલ;નિપુણ.5 At hand: પાસેનું;નજદીકનું;સહેલું.6. On the point:તૈયારીમાં.**R** *at an answer*:હાજરજવાબી. **R**.*money*, cash:નગદાનગદી.

Ready-reckoner(રેડિરેક્'નર્)*n.* A book of tables for facilitating computations: ઉતાવળથી હીસાબ ગણવાની ચોપડી.

Ready-witt-ed(રેડ્'ઈ-વિટેડ્)*a.*Having ready wit:હાજરજવાબી;સમયસૂચક.

Real,(રી'અલ્)*n.*[L.*res,rei*,a thing.]*a.* 1. Actually being or existing; not imaginary: સત્ય;યથાર્થ;ખરેખરૂં.2.True;genuine:સત્ય;વાસ્તવિક.**R**. assets: સ્થાવરમિલ્કત-ધન-પુંજી.

Re-ali-ty(રીઍલ્'ઇટિ)*n.*1. The state or quality of being real;a fact:સત્યતા;સાચાઈ;સત્યવસ્તુ. 2. *In* **r**. વાસ્તવિકરીતે;વસ્તુતઃ.

Real-iz-ation,(રી'ઍલાઇઝે'શન્)*n.*The act of realizing:પાર પાડવું તે;સાધન;સિદ્ધિ;સંપાદન.

Real-ize,(રી'ઍલાઈઝ્)*vt.* 1.To make real; to effectuate;to accomplish:જાણવું; સાધવું; પાર પાડવું;સિદ્ધ કo;ક્રિયા-વ્યવહારમાં મૂકવું 2. To impress upon the mind as actual:ખરૂં માનવું-ગણવું.3.To convert into real property:જંગમ મિલ્કતની સ્થાવર મિલ્કત કo.4.To gain:સંપાદન-પ્રાપ્ત કo.

Real-ly,(રી'ઍલિ)*adv.*In a real manner:સત્યપણે;ખરી રીતે;બરોબર;વાસ્તવિક રીત્યે.

Realm,(રેલ્મ્)*n.*[L.*regalis*,royal.]1 A kingdom:રાજ;રાજ્ય;ભુવન 2. Region: દેશ;પ્રદેશ.

Real-ty,(રી'ઍલ્ટિ)*n.*1.Reality: સત્યતા.2.The fixed or permanent nature of real property:સ્થાવર મિલ્કત.

Ream,(રીમ્)*vt.*To stretch out: ના તાર-તાંતણા કo.*n.* A bundle of paper consisting of 20 quires or 480 sheets:વીસઘા-દસ્તા;રીમ.

Re-ani-mate,(રીઍન્'ઇમેટ્) *vt.* To animate: ફરીથી જીવ આણવો;હિંમત આપવી.

Re-an-nex,(રીઍનેક્સ્')*vt.* To annex again or anew:ખાલસા કo;ફરીથી જોડવું.

Reap,(રીપ્)*vt.*1.To cut with a sickle or scythe:લણવું:કાપણી કo.2.To gather:ભેગું કo;મેળવવું.3.To clear of a crop by reaping:લણવું. *n.*A bundle of grain:વાઢેલા અનાજનો કઠ્ઠો-કઠ્ઠી.

Reaping,(રીપ્'ઇંગ્)*n.*The act of reaping:કાપણી;વાઢણી.

Reaping-hook(રીપ્'ઇંગ્હુક્)*n.*A sickle:દાતરડું.

Re-ap-pear,(રીઍપ્પીર્')*vi.*To appear again: બીજી વખત-ફરીથી દેખાવું.

Re-ap-point, (રીઍપ્પૉઇન્ટ્') *vt.* To appoint again:ફરીથી નિમવું;ફરી નિમણુક કo.

Rear,(રીર્)*n.*1.The back or hindmost part: પાછલી બાજુ;પૃષ્ઠ. 2. The part of an army or fleet which comes last: પછવાડેની ટુકડી. *a.* Being behind:પાછળનું. *To bring up the* **r.**, to come last or behind:છેલ્લું આવવું. *vt.* To place in the rear:પાછળ મુકવું.*vt.*1.To raise: ઉંચું કo;સ્થાપન કo.2.To bring up; to foster; to educate:કેળવવું; વિદ્યા શિખવવી; પોષણ કo.3. To breed and raise:ઉછેરી મોટું કo;પાળવું.

Rear-guard(રીર્'ગાર્ડ્)*n.*The division of an army that marches in the rear to protect it: પાછળની ટુકડી.

Rear-mouse, (રીર્'માઉસ્) *n.* The leather-winged bat:ચામાચીડીયું.

Reason,(રી'ઝન્)*n.*[L.*ratio*.]1. A motive for an action;ground of argument: સબબ;નિમિત્ત;પ્રયોજન. 2. The faculty or capacity of the human mind by which it is distinguished from the intelligence of the inferior animals:બુદ્ધિ;તર્કશક્તિ;વિચારણાશક્તિ. *By* **r.** *of*, on account of;because of:-ના કારણને માટે;-ને લીધે.*In* **r.**,*in all* **r.**,in justice:ન્યાયસર. *Without* **r.**: નાહક;વિનાકારણ. *To come to* **r.**:સમજવું;સમજણમાં આવવું.*vi.*1. To exercise the rational faculty: ઉપરથી અનુમાન કo. 2. To argue: વાદવિવાદ કરવો.*vt.*1. To persuade by reasoning:કારણ સાથે સમજાવવું.

Reason-a-ble,(રી'ઝનૅબલ્)*a.*1 Rational,endued with reason:તર્કશક્તિસંપન્ન.2.Just;agreeable to reason:બુદ્ધિમાન;વિચારી.3. Proper; within due limits:માફકસર;નિયમસર.

Reason-a-ble-ness,(રી'ઝનૅબલ્નેસ્)The quality of being reasonable: યોગ્યતા;વિવેક.

Reason-ing,(રી'ઝનિંગ્)*n.*1.The act of adducing a reason: તર્ક;વિતર્ક;વિચાર; ન્યાય; અનુમાન.

Art of r.:તર્કશાસ્ત્ર-વિદ્યા.

Re-as-sign,(રીઍસ્સાઈન્')*vt.* To assign back or again:પાછું સ્વાધીન કરવું-સોંપવું.

Re-as-sume,(રીઍસ્સ્યૂમ્')*vt.* To assume again: પાછું ધારણ કરવું;હાથમાં લેવું.

Re-a-ssure,(રીઍશૂર્')*vt.*1.To assure anew:ફરી દિલાસો-ધીરજ આપવી. 2. To reinsure:બીજી વારનો વીમો ઉતારવો.

Re-bate,(રીબેટ્')*vt.*[L.*re*,& *batuo*, I beat.] 1. To blunt:બુઠ્ઠું કo;ખાંડું કo.2.To deduct from: ઘટાડવું *vi.*To abate:શાંત પડવું.*n.*1.Deduction: ઘટાડો;છૂટ.*n.*2. A rabbet: લાંબો ચોખૂણ ખચકો. *vt.*To cut a rebate in:-માં ખાંચો-ખચકો પાડવો.

Rebel,(રેબ્'એલ્)*a.*[L.*re* & *bello*,I make war.] Acting in revolt;rebellious:તોફાની;બંડખોર. *n.*One who rebels: બંડખોર;રાજ્યદ્રોહી. *vi.*1. To renounce and resist by force:સામા થવું-ઉઠવું;હુલ્લડ કo.2.To revolt:બંડ ઉઠાવવું.

Re-bellion,(રીબેલ્'યોન્) *n.*1. The act of rebelling;revolt;insurrection:બંડ;બળવો;હુલ્લડ.

Re bellious,(રીબેલ્'યસ્)*a.*Engaged in rebellion;disposed to rebel:બંડખોર;તોફાની;હુલ્લડી.

Rebound,(રીબાઉન્ડ્') *vi.*1 To spring back: સ્થિતિસ્થાપકતાથી પાછું આવવું. 2.To give back an echo:પાછો પડઘો આપવો.3.To bound again:પાછું કુદવું.*vt.*To send back: પાછું મોકલવું.*n.* The act of rebounding: પાછું આપવું તે; ફટકો; પ્રતિઘાત.

Re-buff,(રીબફ્')*n.*1.Repercussion;a sudden resistance:પાછું હઠવું પડે એવો એકાએક કરેલો અટકાવ; પ્રતિઘાત.2.Refusal;rejection of solicitation: સાફ માથામાં વાગે એવી ના *vt.* To beat back:-ના મોઢાપર મારવું.

Re-buke,(રીબ્યૂક્') *vt.* [L. *re*, & *bucca*, the mouth] To chide: ઠપકો દેવો. *n.*1. A direct & pointed reproof;a reprimand:ઠપકો; ધમકી. 2. Rebuff: ધમકી;દાબ;દબાવણી.

Re-but,(રીબટ્')*vt.*1.To drive back: પાછું કાઢવું. 2. To contradict by argument: દલીલો આપી ખંડન કo.*vi.* 1. To retire:પાછું હઠવું. 2.To make an answer as to a plaintiff's surrejoinder:-નો પ્રત્યુત્તર આપવો.*Rebutting* evidence: સામો પુરાવો.

Re-call,(રીકૉલ્')*vt.*1. To call back:પાછું બોલાવવું.2. To annul by a subsequent act: રદબાતલ કo.3. To remember: સંભારવું. *n.* 1.A calling back:પાછું બોલાવવું તે.

Re-cant,(રિકૅન્ટ્')*vt.*[L.*re*,& *canto*,I sing.]To recall:ફરી જવું;ઉલટ ખાવી.*vi.*To revoke a declaration: પાછું ખેંચી લેવું;રદ કo.

Re-can-tation,(રીકૅન્ટે'શન્)*n.*The act of recanting;retraction:ઇનકારનામું;ખંડન;વિપરીતવાદ.

Re ca pitu-late,(રીકપિટ્'યુલેટ્) *vt.*[L. *re* & *capitulum*, a small head.]To relate in brief; to summarize:સંક્ષેપમાં મુખ્ય સારાંશ કહેવો;વિષય-ભાષણનો સાર કહી જવો.*vi.*To sum up:ટુંકમાં કહી જવું.

Re-ca-pitu-lation,(રીકપિટ્'યુલે'શન્) *n.*The act of recapitulating:સંક્ષેપ;ટુંકસારાંશ;ઉપસંહાર.

Re-capture,(રીકૅપ્'ટ્યૂર્)*n.*1.The act of retaking:પાછું લેવું તે.*vt.*To capture again:ફરીથી પકડી લેવું.

Recast,(રીકૅસ્ટ્')*vt.*1.To throw again:બીજીવાર-ફરીથીનાખવું.2.To reconstruct:નવેસર બનાવવું. 3.To compute a second time:બીજીવારગણવું.

Re-cede,(રીસીડ્')*vt.*[L.*re*&*cedo*,I go.] 1. To move back:પાછાખસવું-હઠવું.2.To desist:છોડવું; પાછાફરવું; પરથી હાથ ઉઠાવવો *vt.* To cede back: પાછા જવું.

Re-ceipt,(રીસીટ્')*n.*1 The act of receiving: મેળવવુંતે;પ્રાપ્તિ.2.A recipe: ઓસડવિધી. 3. An acknowledgment of money paid:પૈસાનીપહોંચ;રસીદ;પાવતી.4.That which is received: આમદાની;આવક.*vt.*1.To give a receipt for:-ની પહોંચ આપવી.

Re-ceive,(રીસીવ્')*vt.*[L.*re* & *capeo*,I take.] 1.To accept: લેવું; ગ્રહણ કo. 2. To gain the knowledge of:જ્ઞાન મેળવવું.3.To allow, as a custom:કબુલ રાખવું.4.To give admittance to:દાખલ કરવું;આદરસત્કાર કo.5.To contain:સમાવું.*vi.*1.To receive visitors:પરોણા-નીઆગતા સ્વાગતા કo.

Re-ceiver,(રીસીવ્'અર્)*n.*1. One who takes or receives in any manner:લેનાર;સ્વીકારનાર. 2.A person appointed by a court to receive and hold in trust money or other property which is the subject of litigation,pending the suit:રીસીવર;તકરારી મીલકત સંભાળનાર સરકારી માણસ

Recen-cy,(રી'સેન્સિ)*n.*The state of being recent;new state:તાજાપણું;નવાપણું;નુતનતા.

Recent,(રી'સેન્ટ્)*a.*1. Lately come;new: હમણાંનું;તાજું;નવું. [ણું;થોડીવાર થઈ.

Recent-ly,(રી'સેન્ટ્લિ)*adv.*Newly;lately:હમ-

Re-ception,(રીસેપ્'શન્) *n.*1. The act of receiving;receipt:ગ્રહણ;સ્વીકાર;અંગીકાર.2.Entertainment:આગતા સ્વાગતા;સત્કાર.

Re-ceptive,(રીસેપ્'ટિવ્)*a.*Having the quality of receiving:સમાવી શકે એવું;ગ્રાહક.

Re-cess,(રીસેસ્')*n.* [L. *re*,& *cedo*,I go.] 1. Remission of business; intermission:રજા-છુટની વેળા-વખત;વિરામ.2.A niche:ગોખલો; ગોખ 3.A place of retirement:વિશ્રામસ્થળ. *vt.* To make a recess in:ગોખલો-ગોખ પાડવો.

Re-charge,(રીચાર્જ્)*vt.* & *i.*1.To charge or accuse in return:સામો દોષારોપ ક૦. 2. To attack again:પાછો હુમલો કરવો.

Re-cheat,(રીચીટ્)*n.*A strain given on the horn to call back the hounds when they have lost track of the game:શીકારી કુતરાને પાછા બોલાવવાનો પોકાર *vi.*To blow the recheat: શીકારી કુતરાને પાછા બોલાવવો.

Re-cherche,(રેશેર્'શે)*a.*Choice:ચુંનંદા;ઉત્તમ.

Reci-pe,(રેસ્'ઈપી)*n.*[L.*re* & *capio*,I take.]A prescription:ઓસડની યાદી-વિધી.

Re-cipi-ency,(રીસિપ્'ઇએન્સિ)*n.*The quality or state of being recipient:લેવાનું કામ;ગ્રાહકપણું.

Re-cipi-ent,(રીસિપ્'ઈએન્ટ્)*n.*A receiver;the person or thing that receives:લેનાર;પ્રતિગ્રાહક.

Recipro-cal,(રીસિપ્'રોકલ્)*a.*[L.*reciprocus*,of unknown origin.]1.Alternate:વારાફરતું;અનુક્રમ પ્રમાણેનું. 2. Mutually interchangeable: બદલે ચાલે-વપરાય તેવું.3.*n.*That which is reciprocal to another thing:એકને બદલે મુકાતી વસ્તુ.

Re-cipro-cate,(રીસિપ્'રોકેટ્)*vi.*To alternate: વારાફરતી-થવું.*vt.* To give and return mutually:અરસપરસ આપવું-ક૦.

Re cipro cation,(રીસિપ્'રોકે'શન્)*n.* 1. The act of reciprocating:ના બદલામાં કંઈ આપવું તે.

Reci-proci-ty,(રેસિપ્રૉસ્'ઇટિ)*n.*1. Mutual action and reaction:પરસ્પરતા;અન્યોન્યભાવ.

Re-cision,(રીસિ'ઝન્)*n.*[L.*re* & *cædo*,I cut.] The act of cutting off:કાપી નાંખવું તે;કાપણી;કર્તન.

Re-cital,(રીસાઈટ્'અલ્)*n* [L.*re* & *cito*,I call.]1. The act of reciting;rehearsal:મ્હોડે ભણી જવું તે;પાઠ;ઉદ્ગાર; ઉચ્ચારણ.2. An instrumental performance by one person:બજવણી;ગાયન.

Rec-i-tation,(રેસિટે'શન્)*n.*1.The act of reciting:ભણી જવું તે;પાઠ.2. The delivery before the audience of something committed to memory: મ્હોડે કરેલો ભાગ શ્રોતાઓ આગળ હાવભાવ સાથે કહી સંભળાવવો તે.

Re-cite,(રીસાઇટ્')*vt.*[L.*re* & *cito*,I call]1.To repeat,as something already prepared:મ્હોડે ભણી જવું.*vi.*To repeat: બોલવું.

Reckless,(રેક્'લેસ)*a.*1.Careless:બેપરવા;બેદરકાર.

Reckon,(રેક્'ન)*vt.*1.To count:ગણના-ગણત્રી કરવી.2.To esteem:લેખવવું-ગણકારવું.3 To think; to suppose:ધારવું; ગણવું. *vi.* 1. To make an enumeration: ગણાવું.*To r. for,* to answer for:જવાબદાર હોવું. *To r.on or upon,* to depend on:આધાર રાખવો.*To r.with*:હિસાબ લેવો-જોવો.*To r.without one's host*,to reckon erroneously:ગણવામાં ભૂલ ક૦-ખાવી.

Reckon-ing,(રેક્'નિંગ)*n.*1.Calculation:ગણના; ગણત્રી;સુમાર.2.An account made by a host at an inn:ઉતારૂઓનો હીસાબ.3.Esteem:ગણના; લેખું.

Re-claim (રીક્લેમ્')*vt.* To claim back:હકકરીને પાછું માગવું.*vt.*[L.*re* & *clamo*,Icry out.]1.To reduce from a wild to a tamed state:ઠેકાણે લાવવું; જોઇએ તેવું ક૦.2.To reduce to a desired state by discipline:જોઇએ તેવું ક૦.3. To correct:સુધારવું.*vt.*1.To cry out in opposition: સામે કહેવું જણાવવું.

Rec-la-mation,(રેક્લમે'શન્)*n.* 1. The act of leaning: કુમાર્ગે ૨રાવર્તન;કુપથ્યત્યાગ. 2. Representation made in opposition:દલીલ.

Rec-li-nation (રેક્લી ને'શન્)*n.* 1. The act of leaning:અઢી ગણુ.2. The act or process of removing a cataract, by applying the needle to its anterior surface:બહારના પ્રદેશને સોયેલગાડીને આંખનો મોતીયો કાઢવો તે.

Re-cline, (રીક્લાઇન્)*vt.*[L.*re* & *clino*, I lean.] To cause to lean:ટેકવીને અઢેલવું.*vi.*1.To lean: અઢેલવું.2.To assume a recumbent position: આડા થવું;લાંબા થઇને સુવું; આરામ લેવો. [કરવું.

Re-close,(રીક્લોઝ્)*vt.*To close again:ફરીથી બંધ

Re-cluse,(રીક્લ્યૂઝ્)*n.*1. A person who lives in seclusion from intercourse with the world:વાનપ્રસ્થ;એકાંત વાસમાં રહેનારો પુરૂષ;ત્યાગી;સન્યાસી. 2. The place where a recluse dwells:મઠ;એકાંત વાસ.

Re-clusion,(રીક્લ્યૂ'ઝન્)*n.* A state of retirement from the world: એકાંતવાસ;સંસારત્યાગ.

Rec-og-nition,(રેકૉગ્નિ'શન્)*a.*Acknowledgment;formal avowal:ઓળખવું તે;અંગીકાર;સ્વીકાર;પ્રતિજ્ઞાન;ઓળખ;સ્મરણ.

Recog-niza-ble,(રેક્'ઑગ્નાઇ'ઝબલ્)*a* Capable of being recognized:મુચરકો-હાથલમીનલેવાજોગું.

Re-cogni-zance,(રીકૉગ્'નિઝન્સ્)*n.*1.An obligation of record entered into before some court of record:કરારનામું;મુચરકો.2.A token: નિશાની;ચિન્હ.3.Avowal:વચન.

Recog-nize,(રેક્'ઑગ્નાઈઝ્)*vt.* [L. *re, con* & *nosce*,I know.] I know again: ઓળખવું. 2. To avow knowledge of:સ્વીકારવું.3.To show appreciation:પ્રસન્નતા જણાવવી.

Recoil,(રીકૉઇલ્')*vi.*[L.*re*,&*culus* the fundament.]*vt.* To draw or go back:પાછા જવું.*n.* 1. A rebound:પાછું આવવું તે.2.The state of having recoiled:પ્રત્યાઘાત;પરાવર્તન.

Recoin,(રીકૉઇન્)*n.*To coin again:ફરીથી નાણું પાડવું-છાપવું.

Re-coinage, (રીકૉઇન્'એજ્) *n.* 1. The act of coining a new: પાછું નાણું છાપવું તે.

Recol·lect,(રેક્'ઑલ્લેક્ટ્)*vt.*[L.*re,con* & *lego,* I gather.]1.To remember: યાદ કરવું:સંભારવું. 2.To recover selfcommand: પોતાનો જીવ ઠેકાણે-શુદ્ધિમાં લાવવો.*vt.*To collect again:યાદઆવવું;પાછું ભેગું કo.

Re·col·lection,(રેકૉલ્લેક્'શન્)*n.*1. The act of recollecting;remembrance:સ્મૃતિ;ફામ.2.Remembrance;memory:યાદ શક્તિ;સ્મરણશક્તિ. 3.Selfcontrol:આત્મસંયમ.

Re·com·mence,(રીકૉમ્મેન્સ') *vi.* 1. To commence again:ફરી શરૂ કરવું;ફરીથી પ્રારંભ કo.*vt.* To commence again: નવેસરથી શરૂ કo.

Rec·om·mend,(રેકૉમ્મેન્ડ્')*vt.*[L.*re.con,manus* the hand & *do* I give.]1.To commend to the favourable notice of another:-ની ભલામણ કo;-ને માટે શિફારસ કરવી.

Recom·mend·ation,(રેક્'ઑમ્મેન્ડે'શન્)*n.*1. That which recommends to favour:(સફારસ;ભલમામણ;ભલામણપત્ર.2.The state of being recommended:આલવણી;સુપ્રેત.

Rec·om·menda·to·ry, (રેકૉમ્મેન્ડ્'ઍટૉરિ) *a.* Serving to recommend:ભલામણ-પ્રશંસાકારી.

Re·com·mit,(રીકૉમ્મિટ્)*vt.*To commit again: ફરીથી સ્વાધીન કo.

Recom·pense,(રેક્'ઑમ્પેન્સ્) *vt.* [L. *re, con* & *penso*,I weigh.]1.To requite; to remunerate:-નો બદલો અવેજ વાળવો. 2. To give in return:બદલેબદલોઆપવો.*n.* Requital;suitable return: બદલો;અવેજ;સાટું.

Re·com·pose, (રીકૉમ્પોઝ્')*vt.*1 To compose again;to form a new:ફરીથી બનાવવું-કo.2.To restore to composure:સમાધાનકરવું; ઠેકાણે શુદ્ધિપર લાવવું.

Re·con·cile,(રેક્'ઑન્સાઇલ્)*vt.*[*L.re&concilio* I bring together.]1.To bring back to harmony:સંધિ-સંધાનકo;દોસ્તીકરાવવી.2.To make consistent:એકસરખુંકo;બંધબેસ્તુંકo.3. To adjust;to settle:પતાવવું;નિકાલ કરી આપવો.*vi.* To become reconciled: સલાહ થવી.

Recon·cile·ment,·Recon·cili·ation, (રેક્'ઑન્સાઇલ્મેન્ટ્,રેક્'ઑન્સિલિએ'શન્)*n* Restoration to harmony:નવેસર દોસ્તી;સમજુતી;સલાહ; સંધાન;સંધિ.

Re·condite,(રેકૉન્'ડાઇટ્)*a.*[L.*re* & *condeo*,I bring.]1.Secret:ગુપ્ત;છાનું.2.Profound:ગહન;દુર્બોધ.

Re·condi·to·ry,(રેકૉન્'ડિટૉરિ)*n.*A repository; a storehouse: વખાર;ભંડાર;કોઠાર.

Re·con·duct,(રીકૉન્ડક્ટ્')*vt.*To conduct back or again:ફરીથી લઇ જવું.

Re·connois·sance,(રીકૉન્'નૉઇસ્સૅન્સ્)*n.* The act of reconnoifering;preliminary examination:દેશના કોઈ ભાગનીતપાસ;સરવે;મોજણી;તપાસણી.

Re·con·noitre,(રેકૉન્નૉઇ'ટર્)[L.*re,coa* & *nosco* I know.]*vt.*1.To examine with the eye:તપાસવું;જોવું;ચારેગમ તપાસવું.નજર નાંખવી.

Re·con·sider, (રીકૉન્સિડ્'અર્)*vt.*1.To consider again: પુનઃ વિચાર કરવો-તપાસવું.

Re·con·vey, (રીકૉન્વે') *vt.*1.To convey back or to the former place:પહેલીજગાપરપાછુંલઇજવું.

Re·cord,(રીકૉર્ડ્')*vt.*[L. *re* & *cor, cordes*, the heart.]1.To make note of;to register:લખી રાખવું;દફ્તરદાખલો રાખવો.*n.*(રેકૉર્ડ્)1.A register: નોંધ;દફ્તર;લેખ.2.An official writing by which the acts of some public body, or officer, are recorded.દફ્તર.3. A monument;a memorial: સ્મરણ લેખ;કીર્તિલેખ. 4. That which has been recorded:હકીકત;વૃત્તાન્ત.

Re·corder,(રીકૉર્ડ્'અર્)*n.*1.One who records: રજીષ્ટર કરવાનું કામ જેનેમાથે છે તે હોદ્દેદાર;દફ્તરદાર.

Re·count,(રીકાઉન્ટ્')*vt.*[L. *re,con* & *puto*, I reckon.] To relate in detail;to recite; to enumerate:સવિસ્તર-તપસીલવારકહેવું.*n.*A counting again, as of votes:મતની પાછી ગણત્રી.

Re·coup,(રીકુપ્')*vt.*1.To keep back rightfully, so as to diminish a sum due: આપવાના નુકસાનમાંથી કંઇ કાપી રાખીને ઓછું કરવું.2.To get compensation for:આવેલીખોટ પુરી પાડવી.

Re·course,(રીકૉર્સ')*n.*[L.*re* & *curro*,I run.] 1.A return;retreat;recurrence:રસ્તો;માર્ગ;ગતિ;ઉપાય. *To have* r. *to*:-નો આશરો લેવો. *vi.*1. To return;to recur:આશ્રય લેવો.2. To have recourse:ઉપાય લેવો.

Re·cover,(રીકવ્'અર્)*vt* [L.*re* & *capio*,I take.] To win back: ફરીથી મેળવવું. 2. To make up for:પાછું વાળી દેવું.3.To restore from sickness, faintness or the like: મટાડવું; શુદ્ધિમાં લાવવું. *vi.*1.To regain health:તંદુરસ્તી સુધરવી.2.To obtain a judgment:-નો હક કોરટના ઠરાવથી સાબીત થવો.

Re·covery,(રીકવ્'અરિ)*n.*1.The act of recovering:પાછું પ્રાપ્ત કo તે;પુનઃપ્રાપ્તિ.2. Restoration from sickness:રોગમુક્તિ;આરામ;આરોગ્ય.

Recre·ant,(રેક્'રિએન્ટ્)*a* [L.*re*,back & *credo*, I believe.]1.Yielding;cowardly:નામર્દ;બાયલો.2.False:બેવફા.*n.*One who yields in combat and begs for mercy:બીકણ;સ્વપક્ષ ત્યાગી.

Recre·ate,(રેક્'રીએટ્)*vt.*[L.*re*&*creo*,I create.] To create or form anew:તાજું કo;ફરીથી-નવેસર કo. *vt.* To give fresh life;to cheer: ખુશઆનંદી કરવું;સંતોષ પમાડવો;-નું મનરંજન કo.

Rec·re·ation,(રેક્રીએ'શન્)*n.*Sport;diversion; pastime:ગમત;વિનોદ;આરામ;એશઆરામ;નિવૃત્તિ.

Recre·ative,(રેક્'રીએટિવ્)*a* 1.Creating anew:

નવેસર કરવું.2. Amusing:આરામ આપવું;આનંદકારી.

Recre-ment,(રેક્'રીમેન્ટ્)*n.*[L. *re* & *cretum*. separated.] 1.Dross;scoria:કચરો; મેલ;કસ્તર; કીટું.2 Excrement: મળ;વિષ્ટા.

Re-crimin ate,(રીક્રિમ'ઇનેટ્)*vi.*[L. *re* &*crimen*,a charge.]To return one charge with another:સામો દોષારોપમુકવો.*vt* To accuse in return: સામું આળ ચઢાવવું;પ્રત્યારોપ ક૦.

Re-crimin-at-ive,(રીક્રિમ'ઇનેટિવ્) *a.*Recriminatory:સામો દોષચઢાવે એવું;પ્રત્યભિયોગી.

Re-cruit, (રીક્રુટ્')*vt.*[L.*re* & *cresco*,I grow.] 1. To repair by fresh supplies.યથાસ્થિત ક૦; સમારવું. 2. To renew in strength:તબીયતદુરસ્ત ક૦.3 To supply with new men:નવામાણસની ભરતીક૦.*vi.*1.To gain health:તંદુરસ્તી સુધરવી;ઠેકાણે આવવું;તંદુરસ્ત-તાજું થવું.2 To gain new supplies of men:નવા સીપાઇઓનીભરતીક. *n.*1.A supply of any thing wasted:ભરતી.2. A newly enlisted soldier: નવો સિપાઈ.

Rectan-gle, (રેક્'ટેન્ગલ્) *n.*[L.*rectus*,right & *angulus*,angle.] A four sided figure having only right angles: કાટખુણાવાળી આકૃતિ; ચોખુણ. [કાટખુણા કૃતિ હોય તેવું.

Rec-tangu-lar,(રેક્ટૅંગ્યુલર્)*a.* Right-angled:

Recti-fi-able,(રેક્'ટિફાઇઍબલ્)*a.*1.Capable of being rectified:સુધારવાજોગ.

Recti-fi cation,(રેક્'ટિફિકે'શન્)*n.*1.The act of rectifying:શુદ્ધિકરણ;શોધન;સુધારો.

Recti-fy,(રેક્'ટિફાઇ)*vi.*[L.*rectus*,right &*facio* I make.]1.To make or set right: દુરસ્ત ક૦; ઠીકઠાક ક૦. 2.To refine or purify by repeated distillation:સત્વશુદ્ધિ ક૦;કસ કાઢવો. 3. To produce by redistilling low wines: શોધવું; ગાળવું.

Rec-ti-line-al,-ne-ar,(રેક્ટિલિન'ઇઍલ્,-ઇઅર્) *a.*Bound by straight lines:સીધીલીટીનું-થીબનેલું.

Recti-tude;(રેક્'ટિટ્યુડ્)*n.* [L. *rectus*, right.] 1.Straightness:સિધાપણું. 2.Honesty;uprightness of mind;uprightness:સાચવટ; પ્રમાણિકતા. *Path of* **r.**:સન્માર્ગ;સુપંથ.

Rector, (રેક્'ટર્)*n.*1.A clergyman:ધર્મોપદેશક.2. The headmaster of a public school: નિશાળનો મુખ્યશિક્ષક. [a rector:ધર્માધિકારીનો હોદ્દો.

Rector-ship,(રેક્'ટર્'શિપ્)*n.* 1. The office of

Recto-ry,(રેક્'ટોરિ) *n.* 1. The province of a rector:ધર્માધિકારીનો મુલક-હકુમત-અધિકાર.2. A rector's mansion:ખ્રિસ્તિ ધર્માધિકારીનું મકાન.

Rectum,(રેક્'ટમ્)*n.*[L.*rectus*,right.]The terminal part of the large intestine:મળાશય; મળનો કોઠો.

Recubation,(રેક્યૂબે'શન્)*n.*[L.*re* & *cubo*, I lie down.]Recumbence:આરામ;વિસામો.

Recumbent,(રીકમ'બેન્ટ્)*a.* Leaning;reclining:વિસામો લઈપડેલું;અઢીંગેલું;અવલંબિત.

Re-cur,(રીકર્')*vi.*[L.*re* & *curro*,I run.]1. To come back;to come again to mind:પાછુંયાદ આવવું-સાંભરવું.2 To occur at a stated interval:ફરીથીબીજી વખતે-વખ્તે બનવું.3. To resort; પર આધાર રાખવો.

Re-currence-cy,(રીકર'રેન્સ્-ન્સિ)*n.*The act of recurring;return: ફરીથી આવવું તે;સ્ફુરણ; ઉદય.

Re-current,-ing,(રીકર'રેન્ટ્-ર્'ઈન્ગ્)*a.* Returning from time to time:પુનરાવર્તી.

Re-cuse,(રેક્યૂઝ્')*vt.*To refuse or reject,as a judge: ના કહેવી;ના કબુલ-ના મંજુર કરવું.

Red,(રેડ્)*vt.* To put in order:અનુક્રમમાં ગોઠવવું. *a.*Of the colour of blood:લોહીનારંગનું;લાલ. **R.***lead*:સિંદુર.*n.*1.The colour of blood:લોહીનોરંગ.

Read-book,(રેડ્'બુક્) *n.* A book containing the names of all the persons in the service of the state:ઇંગ્લાંડમાંસઘળાનોકરીઆતમાણસોની નોંધની ચોપડી.

Redden,(રેડ્'ન્)*vt.*To give a red colour to: લાલ-રાતું કરવું.*vt.* To grow red:રાતું થવું; શરમથી મ્હોં લાલ થઇ જવું.

Reddish,(રેડ્'ઇશ્)*a.*Somewhat red: રતાશપડતું.

Rede,(રીડ્)*vt.*1.To advise: શિખામણ દેવી 2.To explain:સમજાવવું.*n.*1.Advice: શિખામણ;ઉપદેશ.

Re-deem,(રીડીમ')*vt.*[L.*re*&*emo*,I buy.,1. To purchase back:ફરીથી ખરીદક૦.2.To recall,as an estate:કબજામાંથી ગએલાનેફરીથી કબજામાં લેવું. 3.To ransom:દંડ અવેજ આપી પાછું મેળવવું.4. To resecure and deliver from the bondage of sin and the penalties of God's violated law:નો ઉદ્ધાર ક૦;-ને પાપમાંથી તારવું. *To* **r.** *the time*:વખતનો સદુપયોગ ક૦.

Re-deemer, (રીડીમ'અર્) *n.* 1 One who redeems:છુટકારો કરનાર. 2. The Savior of the word:ઇસુ ખ્રીસ્ત.

Re-demption,(રીડેમ્'શન્)*n.*I(*a*) The liberation of an estate from a mortgage:ગીરોમીલકતછોડવવીતે.(*b*)Release:છુટકો.(*c*)The ransom or deliverance of sinners from the bondage of sin and penalties of God's violated law:તારણ;ઉદ્ધારમુક્તિ;મોક્ષ. [કરેલું.

Redhot,(રેડ્'હૉટ્)*a.*Red with heat:તપાવીનેલાલ

Red-lett-er-day,(રેડ્'લેટરડે)*n.*A day that is fortunate:તહેવાર;સપરમો દહાડો.

Redo-lence,(રેડ્'ઓલેન્સ્)*n.*Sweetness of scent; odor;fragrance:ખુશબો;પિમળ;વાસ;પરિમલ; સુગંધ.

Redo-lent,(રેડ્'ઓલેન્ટ્)*a.*[L.*re* & *oleo*,I emit a smell.]Scented;odorous:સુવાસીત;ખુશબોદાર;

સુગંધિદાર. [ક૦; બમણું થવું; વત્તું થવું.
Re-double,(રીડ્'બલ્)*vt.*To double again:બેવડું
Re-doubta-ble,(રીડાઉટ્'અબલ્)*a.*Formidable; dreadful;valiant:ભયંકર;વિકરાળ;ભયાનક.
Re-dound,(રીડાઉન્ડ્)*vi.*[L.*re* & *unda*,a wave] 1.(*a*)To roll back,as a wave or flood: પાછું ગબડવું-આવીપડવું;લોટવું (*b*)To conduce:પરિણામી થવું-હોવું.2.To be in excess ઉભરાઈ જવું.*n.*Result;return:પરિણામ; હાંસલ.
Re-dress, (રીડ્રેસ્') *vt.* To dress again: ફરીથી પોશાક પહેરવો-ધરવો *vt* I.To set right: બંદોબસ્ત ક૦ 2.To repair as an injury;નો ઈલાજ-ઉપાય ક૦.3.To make amends to:દાદ આપવી.*n.* 1.Correction:સુધારો.2 Relief; remedy: દાદ.
Re-duce,(રીડ્યૂસ્')*vt.*[L.*re* & *duco*,I lead.] 1. To bring to any inferior state: હલકી-નીચી સ્થિતિએ લાવવું.2.To bring to terms;to humble;to subdue:તાબે-વશ-સર ક૦;જીતી લેવું.3. To bring to a certain state as by grinding, &c.:ભૂકો-ચૂર્ણક૦.4 To change the form of a quantity without altering its value:-ના રૂપમાં આણવું-લાવવું.5.To bring to the metallic state by separating from impurities: ધાતુ શોધવી. [ing reduced:નું રૂપાંતર થાય એવું.
Re-duci-ble,(રીડ્યૂસ્'ઈબલ્)*a.*Capable of be
Re-duction,Re-ducement,(રીડક્'શન્;રીડ્યૂસ્'મેન્ટ્)*n.*1.Diminution;conquest:ઘટાડો-ન્યૂનતા;પરાભવ.2.The act or process of reducing: ભાંજણી.3. The correction of observations for known errors of instruments: છૂટ;સુધારણી.4.The process of making a copy of something:ના પરથી નમુનો આલેખવાની રીત.
Re-dundance cy,(રીડન્'ડન્સ્-સિ)*n.*1 Superfluity;excess:અધિકાઈ;આધિક્ય;વ્યર્થતા;પુનરૂક્તિ.
Re-dundant,(રીડન્'ડન્ટ્)*a.*1 Exceeding what is natural:ફાલતું;ફાજલ પડતું;વધારેનું;અધિક.
Re dupli-cate,(રીડ્યૂ'પ્લિકેટ્)*a.*1.Double;repeated: બેવડું;દુપટ;બમણું;દ્વિગુણ. *vt.* 1. To redouble:દુપટ કરવું;બેવડવું;બમણું દ્વિગુણ ક૦.
Ree,(રી)*vt.*To sift;to riddle:ચાળવું;ગાળવું.
Re-echo,(રીએ'કો)*vt.*To echo back:પડઘો પાડવો;પ્રતિધ્વનિ ક૦.*n* The echo of an echo:પડઘાનો પડઘો.
Reed,(રીડ્)*n.*1.A name given to many tall and coarse grasses or grasslike plants:બરૂ; સરોડું;નેતર.
Reef,(રીફ્) *n.* 1. A chain or range of rocks lying at the surface of the water:ખડક;ખરાબા.
Reefy,(રીફ્'ઈ)*a.* Full of reefs or rocks:ખરાબાવાળું.
Reek,(રીક્)*n.*Vapor;steam:બાફ;ધુમાડો *vi.* To steam;to smoke:બાફ-વરાળ-ધુમાડો નીકળવો.
Reeky,(રીક્'ઇ)*a* 1.Smoky:ધુમાડાવાળું;બાષ્પમય.
Reel,(રીલ્)*n.*1. A frame with radial arms: ચરખો;ફીરકી.2.A machine on which yarn is wound and measured into lays and hanks: ચરખો;ફરકી;ચરખ.*vt.*1.To roll:વીંટવું.2.To wind upon a reel:ફીરકી ઉપર વીંટાળવું;અટેરવું.*vi.*1.To stagger:લથડાવું;ઝોકાં-ડોલાં ખાવાં.2.To be giddy: ફેર આવવા.*n.* The act or motion of reeling or staggering:ઝોકાં;ડોલાં;લડથડીયાં.
Re e-lect,(રીઇલેક્ટ્')*vt.*To elect again:બીજીવાર નિમણુંક કરવી. [time or anew:નવેસર ચૂંટણી.
Re-e-lection(રીઇલેક્'શન્)*n.*Election a second
Re-em-bark,(રીએમ્બાર્ક્)*vt.*& *i.* To put or go on board a vessel again:ફરીથી વહાણ ઉપર જવું-ચડવું. [રથી કાયદા બાંધવા;ફરીથી કાયદો ક૦.
Re en-act,(રીએનૅક્ટ્')*vt.*To enact again:નવેસ-
Re-en force,(રીએન્ફોર્સ્') *vt.* To strengthen with new force:નવા સિપાઇ મોકલવા;કુમક મોકલવી.
Re en-forcement,(રીએન્ફોર્સ્'મેન્ટ્)*n.*1. The act of reenforcing:પુરતી;ભરતી;પુરવણી.2.Additional force:કુમક;પુષ્ટી;મદદ.
Re-engage,(રીએન્ગેજ્)*vt.* & *i.* To engage a second time:ફરી કામે લગાડવું;ફરીથી સરત કરવી.
Re-enter,(રીએન્ટર્)*vt.*1.To enter again:ફરીથી પેસવું.*vi.*To enter anew:ફરી અંદર પેસવું.
Re establish,(રીએસ્ટેબ્લિશ્)*vt.* To establish anew;to restore:પુનઃસ્થાપવું; પુનઃ સ્થાપના ક૦.
Re-examine,(રીએક્ઝેમિન્) *vt.* To examine anew:ફરીથી તપાસવું;નવેસર પરીક્ષા લેવી.
Re-ex-port,(રીએક્સ્'પોર્ટ્)*vt.*To export again: આવેલો માલ ફરીથી દેશાવર મોકલવો.*n.*Any commodity reexported: ફરી મોકલેલો માલ.
Re fection,(રીફેક્'શન્)*n.* A repast;a lunch: નાસ્તો. [ment:ખાવા-ઉપહારનો ઓરડો;ઉપહારશાળા.
Re-fecto-ry,(રીફેક્'ટરિ)*n.*A room for refresh-
Re-fer,(રીફર્')*vt.*[L.*re* & *ferro*,I bear.] 1. To carry or send back:પાછું લઈ જવું-મોકલવું;-ને હવાલે ક૦.*vi.*1.To apply;to have recourse to:-માં જોવું;-ની મદદ લેવી.2.To point;to relate:લાગુ પડવું.3.To direct inquiry for information:-ને પૂછવું. [ત્રાહિત;ત્રીજું માણસ.
Ref-er-ee,(રીફરી')*n.*A judge;umpire: મધ્યસ્થ;
Refer-ence,(રેફ્'અરેન્સ્)*n.*1. That which refers to something;illusion:ઇશારો; સૂચના.2. Relation:સંબંધ;નિસબત.3.(*a*) One of whom inquiries can be made as to the integrity,capacity,&c., of another:ઓળખ;ઓળખાણ.4.(*a*) The act of submitting a matter in dispute to the judgment of one or more persons for decision:ત્રાહીત પુરૂષ પાસે નિવેડો કરાવવો તે;લવાદી.
Re fine,(રીફાઈન્')*vt* 1.To purify,to defecate:

શોધવું;સાફ-શુદ્ધ ક૦.*vi*.1. To become pure:ચોખ્ખા થવું;શોધાવું;સ્વચ્છ નિર્મળ થવું;નિતરવું.

Re-fined,(રીફાઈન્ડ્)*a*.Freed from impurities: નિર્મળ;સ્વચ્છ;સુધરેલું;સંસ્કૃત;શિષ્ટ;સભ્ય;વિનીત.

Re-finement,(રીફાઇન્‌મેન્ટ્)*n*.1.Purification; polish;politeness;civilization:સ્વચ્છતા;શુદ્ધતા.

Re-finer,(રીફાઇન્‌અર્) *n*. One who, or that which refines:શોધનાર;સુધારનાર;શોધક;સંશોધક.

Re-fit,(રીફિટ્)*vt*.1. To fit or prepare for use again:સમારવું;ફરીથી તૈયાર કરવું.

Re-flect,(રીફ્લેક્ટ્)*vt*.[L.*re* & *flecto*,I bend.]1. To bend back: પરાવર્તન થવું. પ્રતિબિંબ પાડવું. *vi*.1.To throw back light:પરાવર્તન થવું.2.To throw or turn back the thoughts upon any thing:નું મનન-ચિંતન કરવું;-નો વિચાર ક૦. 3.To cast reproach:-ના ઉપર દોષ-મૂકવો.

Re-flection,(રીફ્લેક્‌શન્)*n* 1. The act of reflecting: પરાવર્તન;પ્રતિક્ષેપ 2.Meditation;contemplation:વિચાર;મનન;ચિંતા;ધ્યાન.(*a*)An image given back from a reflected surface: પડછાયો;પ્રતિબિંબ.3.Censure: ઠપકો;દોષ. *Angle of* r. પરાવર્તન કોણ.

Re-flective,(રીફ્લેક્‌ટિવ્)*a*.1.Throwing back images: પ્રતિબિંબ પાડનાર-પાડતું.2.Capable of exercising thought:મનનશીલ,ધ્યાનશીલ.2 Reflexive:પૂર્વસંબંધી.

Re-flector,(રીફ્લેક્‌ટર્)*n*.1. One who or that which reflects: પ્રતિબિંબ પાડનાર. 2. Something having a polished surface for reflecting light:કિરણ પાછાં પાડવાનેદીવાનીપાછળ મુકેલી તખ્તિ;દર્પણ.

Re-flex,(રીફ્લેક્સ્)*a*.1.Directed back:પરાવર્તી. *n*.1 Reflection: પ્રતિબિંબ;પડછાયો;છાયો.*vt*.To reflect:પ્રતિબિંબ નાંખવું-પાડવું.

Re-flexi-bili-ty, (રીફ્લેક્‌સિબિલ્‌ઇટિ) *n*. The quality of being reflexible: પાછું વળેએવોગુણ.

Re-flexive,(રીફ્લેક્‌સિવ્)*a*.1 Bending or turned backward:પરાવર્તી.2.Implying censure: ઠપકા ભરેલું;નિંદાયુક્ત 3.Having for its direct object as its antecedent:પૂર્વ સંબંધી;સ્વાર્થ.

Re-flux,(રીફ્લક્સ્)*a*. Returning or flowing back:ઉતરતું.*n*.Ebb;reaction:પાણીનોઉતાર-ઓટ.

Re-form,(રીફૉર્મ્)*vt*.[L.*re* & *formo*,I form.] To change from worse to better:સુધારવું;રસ્તાપરલાવવું.*vi*.To return to a good state:સુધરવું;સીધારસ્તાપર આવવું.*n*.Reformation:સુધારો.

Ref-or-mation, (રેફૉર્‌મેશન્) *n*. 1. Change from worse to better:સુધારો.2.The important religious movement commenced by Luther:લ્યુથરનો કરેલો ધર્મ સંબંધી સુધારો.

Re-forma-to-ry,(રીફૉર્‌મેટોરિ)*n.pl*. An institution for promoting the reformation of offenders:ગુન્હેગારને સુધારવાનું મકાન-ઘર.

Re-former,(રીફૉર્મ્‌અર્)*n*.1.One who effects a reformation:સુધારો કરનાર;સુધારક.

Re-fraction,(રીફ્રૅક્‌શન્)*n*.1.The act of refracting:વક્રીભવન-કરણ.2.The change in the direction of a ray of light:પરાવર્તન; વક્રીભવન.

Re-fracto-ri-ness,(રીફ્રૅક્‌ટોરિનેસ્)*n*.The quality of being refractory:મસ્તી;હોંગાઇ;જીદ;હઠ; હઠીલાઈ. [જીદી;મમતી.

Re-fracto-ry,(રીફ્રૅક્‌ટોરિ)*a* 1.Obstinate:હઠીલું;

Re-frain,(રીફ્રેન્)*vt*.[L.*re* & *frenum*,bridle.] 1.To restrain; to curb;to govern:અંકુશ રાખવો-કબજામાં રાખવું.2.To abstain from: ના વગર રહેવું.*vi*.To forbear:થી વેગળા રહેવું.*n*.The burden of a song:ઠડવું;ધ્રુપદ;ટુક.

Re-frangi-ble,(રીફ્રૅન્‌જિબલ્)*a*.Capable of being refracted:વાંકું વળનારું;પરાવર્તનીય.

Re-fresh,(રીફ્રેશ્)*vt*.1.To make fresh again: તાજું ક૦;વિશ્રાન્તિ આપવી.

Re-freshing,(રીફ્રેશિંગ્)*a*.Reviving; reanimating:વિસામો આપનાર;હિંમત આપનાર.

Re-freshment,(રીફ્રેશ્‌મેન્ટ્)*n*.1.Restoration of strength: વિસામો;આરામ.2.An article of food or drink: નાસ્તો; ખોરાક.

Re-friger-ant,-at-ive,(રીફ્રિજ્‌અરન્ટ્-જ્‌અરેટિવ્) *a*. That which makes cool:ઠંડું કરે તેવું; ઠંડું કરે તેવું ઓસડ;દાહહર ઔષધ.

Refuge,(રેફ્યૂજ્)*n*.[L.*re*, & *fugio*, I fly.] 1. Shelter;asylum:આશ્રય;શરણ;આશરો. *To take* r. *with*:શરણ લેવું.*vt*.To shelter:આશરોઆપવો.

Ref u-gee,(રેફ્યૂજી)*n*.1. One who flees to a shelter:શરણાગત;આશ્રિત.2.One who, in times of persecution, flees to a foreign power: શરણાગત પુરૂષ.

Re-fulgence,(રીફલ્‌જેન્સ્)*n*.[L.*re* & *fulgeo*,I shine.] The quality of being refulgent; splendor:અતિશય તેજ;ચળકાટ;તેજ.

Re-fulgent,(રીફલ્‌જેન્ટ્)*a*. Brilliant:ચળકતું.

Refund,(રીફન્ડ્)*vt*.[L.*re* & *fundo*,I pour.]1. To fund again or anew: નવેસર ભરવું.2. To pour back:પાછું રેડવું.3.To repay:ભરી-વાળી આપવું; મજરે આપવું.

Refusal,(રીફ્યૂઝલ્)*n*.1.Denial of anything demanded:નકાર 2.The choice of taking or refusing;option: લેવા ન લેવાની ખુશી.

Re-fuse,(રીફ્યૂઝ્)*vt*.[L.*re* & *fundo*,I pour.]1. To decline to do or grant:ના પાડવી.2. To reject: નહીં ગણકારવું 3.To disown:નામુકરજવું; ના કબૂલ ક૦.*vi*.Not to comply:નગણવું.*n*.1Refusal:નકાર.2.(રેફ્યૂસ્)Dregs;dross:કચરો; પુંજો.

Re-futable,(રીફ્યૂટેબલ્) *a*. Admitting of being refuted:ખંડનીય;ખંડન-યોગ્ય;ખંડનશક્ય.

Ref-u-tation,(રેફ્યૂટે'શન) *n.* Proof of falsehood or error:તોડ;ખંડન;નિરાકરણ;રદીયો;વિતંડા.
Re-fute,(રીફ્યૂટ')*vt.*[L.*refuto*,I repel.]To prove to be false;to confute: રદીઓ આપવો.
Regain,(રીગે'ન)*vt.*To get again:પાછું મેળવવું.
Regal (રી'ગલ)*a.*[L.*rex,regis*,a king.]Kingly, royal:રાજસંબંધી-વિષયક;રાજકીય;બાદશાહી.
Re-gale,(રીગે'લ)*n.*A prerogative of royalty: રાજાનો હક. *vt.*[L.*regelo*,I thaw.] To gratify: સંતુષ્ટ-ખુશીક૦.*vi.*To feast:જ્યાફત ક૦.*n.*A banquet:જ્યાફત;મિજબાની;ઉજાણી.
Re-gale-ment,(રીગે'લમેન્ટ)*n.*The act of regaling;refreshment:ખુશાલી;સંતોષ;ઉજાણી.
Re-gali-a,(રીગે'લિઅ)*n.*[L.*regalis*, regal.] 1. That which belongs to royalty:રાજચિન્હો; રાજલક્ષણો.(*a*)The rights & prerogatives of a king:રાજાના હકો તથા દરદાવાઓ.(*b*) Royal estates & revenues:રાજાની જાગીરો તથા મહેસુલો.
Re-gali-ty,(રીગૅલ'ઇટિ)*n.*1. Royalty; sovereignty: બાદશાહની હકુમત-સત્તા;રાજ્યાધિકાર 2.An ensign or badge of royalty:રાજ્યચિન્હ.
Re-gard,(રીગાર્ડ')*vt.*1.To look out;to behold: જોવું.2.To look toward:ના સામું જોવું.3.To observe attentively:પ્રત્યે લક્ષ દેવું.4.To consider;ગણવું;માનવું.5.To have a certain feeling toward:લાગણી થવી.6.To esteem:લેખવવું;ગણુકારવું.7.To take into consideration; to take account of:ધ્યાનમાંલેવું;કાને ધરવું 8.To respect; touch:ની સાથે સંબંધ હોવો.*n* 1. Look; view: ધ્યાન;નજર;દ્રષ્ટિ.2.Heed;notice:ધ્યાન;લક્ષ;દરકાર; પરવા.3.Respect:આબ;સન્માન.4.Repute:માન;પ્રતિષ્ઠા;આબરૂ.5.Thought:વિચાર.6.Relation: ઉદ્દેશ;નિસબત.
Re-gardful,(રીગાર્ડ'ફુલ)*a.*Heedful:સાવચેત.
Re garding,(રીગાર્ડ'ઇંગ)*prep.*Concerning;respecting:સંબંધી;વિષે;બાબતમાં.
Re-gen-cy,(રી'જેન્સિ)*n.*1.Deputed or vicarious government:રાજપ્રતિનિધિ.
Re-generate,(રીજેન'અરેટ)*a.*[L.*re*& *genero*, I beget.]1.Reproduced:ફરીથી પેદા થએલું. 2. Born anew:પુનર્જન્મ પામેલું.*vt.*1.To generate anew:ફરીથી ઉત્પન્ન ક૦.2.To convert from sin to holiness:આત્મિકપુનર્જન્મઆપવો.3.To make a radical change for the better in the character of: ની રહેણી કરણીમાં સુધારો ક૦.
Re-gener-ation,(રીજેન'અરે'શન)*n.*1.The act of regenerating:પુનરૂત્પત્તિ.2. The enerting into a new spiritual life:પુનર્જન્મ; ઉદ્ધાર;ઉત્થાપન.3.Reformation:સુધારો.
Re-gener-at-ive,(રીજેન'અરેટિવ)*a.*Tending to regenerate:નવું તાજું કરતું; ફરીથી પેદા કરતું.
Regent,(રી'જેન્ટ)*a.*[L.*rego*,I rule.]1.Ruling government:રાજકર્તા.2.Exercising vicarious authority:રાજપ્રતિનિધિનો અમલ બજાવતું. *n.*1.Governor:હાકેમ 2.One invested with vicarious authority:રાજપ્રતિનિધિ.
Regi-cide(રેજ'ઇસાઇડ)*n.*[L.*rex regis*,a king& *cædo*,I kill.]1.One who murders or kills a king:રાજાનું ખુન કરનાર.2.The killing or the murder of a king:રાજાનું ખુન;રાજવધ;રાજહત્યા.
Re-gime.('રેઝીમ') *n.* 1. Mode or system of rule:રાજની રીત;અમલ;કારકીર્દી;રાજ્ય.
Regi-men(રેજ'ઇમેન)*n*[L. *rego*,I guide]1 Asystem of government:રાજપદ્ધતિ-ધોરણ;અમલ. 2.A systematic course of diet:કરી;પરહેજ;પથ્ય.
Regiment,(રેજ'ઇમેન્ટ)*n.*1. A body of men: ટુકડી; પલટણ.
Reg-i-mental,(રેજિમેન્ટ'અલ) *a.* Belonging to a regiment:પલટણનું-સંબંધી;પલટણી.
Region,(રી'જન)*n.*[L.*regio*, a direction.]1. A province;district:પ્રદેશ;મુલક.2.Place:સ્થળ;
Regis-ter,(રેજ'ઇસ્ટર)*n.*[L.*re*&*gero*, I carry.] 1. A Memorial record:લેખ;નોંધ.2.A record:- પત્રક;નોંધ;ચોપડો;દફતર 3. *vt.*1 To enter in a register:નોંધવું.*vi.* 1. To enroll one's name in a register:નામ નોંધવું.
Regis-trar,(રેજ'ઇસ્ટ્રાર)*n.*One who registers: બારનીસ;દફતરદાર;રજીસ્ટ્રાર..
Reg-is-tration,(રેજિસ્ટ્રે'શન) *n.* 1. Registry; enrollment:નોંધવું તે;દાખલ કરવું તે;નોંધણી.
Regis-try,(રેજ'ઇસ્ટ્રિ)*n.*1.The act of recordidg or writing in a register:રજીસ્ટરમાં લખવું તે. 2. The place where a register is kept: જ્યાંનોંધ રાખવામાં આવે છે તે જગા 3.A record: નોંધેલી-લખેલી બીના;દફતર;નોંધ.
Regress,(રી'ગ્રેસ)*n.*[L.*re*& *gradior*,I walk.] 1.The act of passing back;return:પાછું જવું તે. 2.The power of passing back:પાછું જવાનીસત્તા.*vi.*To go back:પાછું જવું.
Re-gression,(રીગ્રે'શન)*n.*The act of passing back:પાછું જવું તે; પરાવર્તન.
Re-gret,(રીગ્રે'ટ)*n.*1.Sorrow;grief:અફસોસ;ખેદ. *vt.*To experience regret on account of:ખેદ પસ્તાવો કરવો;દીલગીરી થવી.
Regu-lar,(રેગ'યૂલર)*a.*[L.*regula*, a rule.] 1. Conformed to a rule;normal:યથાશાસ્ત્ર;નિયમાનુસાર.2.Orderly:નિયમિત. 3. Constituted or selected in conformity with established usages:ચાલુ રીવાજ પ્રમાણે.4. Thorough: બરાબર;પૂર્ણ;પાકું.
Reg-u-lari-ty,(રેગ્યૂલૅ'રિટિ)*n.*Method;conformity:કાયદેશીરપણું;યથાવિધિતા;મિત;વ્યવસ્થા.
Regu-late,(રેગ'યૂલેટ) *vt.* [L. *rego*,I lay straight.]1.To direct by rule:વ્યવસ્થિત ક૦;ધોર-

શુ·કમ પ્રમાણે કo;કાયદો-નિયમ બાંધવો.2.To put in good order:તાલપર આણવું;સુધારવું.

Reg·u·lation,(રેગ્યુલે'શન)*n.*1. The act of regulating or the state of being regulated: સુધારણા;બંદોબસ્ત;વ્યવસ્થા;શાસન.2.Law:કાયદો; કાનુન.

Regu·lat·or,(રેગ્'યુલેટર)*n.*1.One who or that which regulates:તાલપર આણનાર;નિયંતા.2.A clock or other timepiece used as a standard of correct time: ઘડીઆળ.

Regu·lus,(રેગ્'યુલસ્)*n.pl.***Reguluses**. L. *pl.* **Reguli**[L. *rex, regis* a king.] 1. A petty king: નાનો રાજા;ઠાકોર. 2. A star of the first magnitude in the constellation Leo:મઘા-નક્ષત્ર.

Re·hearsal,(રીહર્સ'અલ્)*n.*Recital: પુર્વપ્રયોગ.

Re·hearse,(રીહર્સ')*vt.*1.To tell over-again;to recite:સાંભળેલું કહી સંભળાવવું.2 *vi.* To recite or repeat something for practice:કહેવું;અભ્યાસને માટે બોલી જવું.

Reign,('રેન)*n.*[L. *rex,*a king.] 1. The time during which a king possesses the supreme authority:કારકિર્દી;રાજ્ય.*vi.*1.To rule:રાજ કo. 2.To prevail; to be predominant: પ્રસરવું; ચાલવું.3.To have superior dominion:પર સત્તા મેળવવી. [દયવાન;રાજ કરનારું.

Reigning,('રેન'ઇંગ)*a.* Mighty; ruling:પ્રાબ-

Re·im·burse,(રીઇમ્બર્સ')*vt.*1.To replace in a treasury or purse:પાછું ભરવું-ભરી દેવું.

Rein,('રેન)*n.* [L. *re* & *teneo,*I hold.] 1. The strap of a bridle fastened to the curb or snaffle on each side:લગામની વાધરી-દોરી;અછોડો;રેણ.2.Government; restraint:અધિકાર; અંકુશ;લગામ.*To give* r.*to*:નિરંકુશ-સ્વતંત્ર કરવું; લગામ છોડવી.*To take the* r.:દાબરાખવો.*To hold a tight* r.:સખ્તાઇથી વર્તવું.*vt.*1.To direct with the reins: લગામવતી દોરવું. *To* r.*in* or r.*up*: લગામ ખેંચી રાખી થોભાવવું. [હરણ;રેનડીઅર.

Reindeer,('રેન્ડીર)*n.*A kind of deer:એકજાતનું

Reins,('રેન્ઝ)*n.*[L.*ren, renes,* the kidneys.] I(*a*)The kidneys:મૂત્રપિંડ;ગુરદો (*b*)The loins: કટિદેશ-પ્રદેશ;કેડ;કમ્મર.

Re·in·sert,(રીઇન્સર્ટ')*vt.*[*re+insert.*] To insert again:ફરીથી અંદર દાખલ કરવું.

Re·in·spection,(રીઇન્સ્પેક્'શન)*n.* The act of reinspecting:પુનઃ તપાસ;બીજીવારની પરિક્ષા.

Re·in·stall,(રીઇન્સ્ટોલ')*vt.* To install again: ફરીથી સ્થાપવું-પદવી આપવી.

Re·in state,(રીઇન્સ્ટેટ')*vt.*To place again in a former state:પુનઃ સ્થાપવું-ફરીથી બહાલ કo.

Re·in·surance(રીઇન્સ્યૂર'ઍન્સ)*n.*1.Insurance a second time:બીજી વખત ઉતારેલો વિમો.

Re·in·sure,(રીઇન્શ્યૂર')*vt.*1. To insure again after a former insurance has ceased:મુદત પુરી થઇ ગયા પછી ફરીથી-બીજીવાર વીમો ઉતારવો.

Re·in·vest,(રીઇન્વેસ્ટ') *vt.* To invest again or anew:ફરીથી શણગારવું;ફરીથી રોકવું.

Re·iter·ate,(રીઇટ્'અરેટ)*vt.*[L.*reitero,*I question again.] To repeat again and again; to say repeatedly:ફરીફરીને-વારંવારઘડીએ બોલવું.

Re·ject,(રીજેક્ટ')*vt.*[L.*re* & *jacio* I throw.]1. To throw away:ફેંકી-નાંખી દેવું. 2 To refuse to receive:ના પસંદ કરવું;-ના પાડવી;રદ કo.3.To refuse to grant:-ના કબૂલ કરવું;અમાન્ય કરવું.

Re·jection,(રીજેક્'શન)*n.* The act of rejecting:ના પસંદગી;નકાર;અસ્વીકાર;ત્યાગ;વર્જન.

Re·joice,(રીજોઇસ') *vi.* [L. *re* & *gaudeo,* I rejoice.]To feel joy:હરખાઈ જવું; ખુશખુશ થઈ જવું.*vt.*1.To enjoy:અનુભવવું;ભોગવવું.

Re·joicing,(રીજોઇસ'ઇંગ)*n.* 1. Joy:આનંદ;હર્ષ. 2.The expression of joy: આહ્લાદન; આનંદ. *Public* r.:મહોત્સવ;ઉત્સવ;ઓચ્છવ.

Re·join,(રીજોઇન')*vt.*1.To join again:ફરીથી-પુનઃજોડવું-સાંધવું.2. To state in reply:જવાબમાં કહેવું.*vi.*1.To answer to a reply:ઉત્તરનો પ્રત્યુત્તર આપવો-વાળવો.

Re·joinder,(રીજોઇન'ડર)*n.*1.An answer to a reply:પ્રત્યુત્તર;પ્રતિવચન. 2. The defendant's answer to the plaintiff's application:પ્રતિવાદીનો જવાબ.*vi.*To make a rejoinder:પ્રત્યુત્તર આપવો.

Re·juven·ate,(રીજ્યૂ'વેનેટ) *vt.* [L.*re,*& *juvenis,young.*]To render young again:ફરીથી જુવાન કરવું-થવું;પુનઃયૌવન પ્રાપ્ત કરાવવું.

Re·lapse,(રીલૅપ્સ')*vi.*[L.*re* & *labor,*I slide.] 1.To turn back:પાછા પડવું-ફરવું.2.Turn back into a former state:પાછા અસલ સ્થિતિમાં જઈ પડવું;ઉથલો ખાવો;રોગ-દરદ પાછો ઉથળવો. *n.* 1. A sliding back:પૂર્વાવસ્થાપ્રાપ્તિ;ઉથલો.

Re·late,(રીલેટ')*vt.*[L.*re* & *latus,*carried.]1. To refer:લાગુ પાડવું.2.To recount:નિવેદન કo. 3 To ally by connection:સંબંધ કરાવવો.*To* r.*one's self*:બોલીને પોતાના વિચાર જણાવવા.*vi.* 1.To pertain;to refer:-ની સાથે સંબંધ ધરાવવો. 2.To make reference:ધ્યાન કરવું.

Re·lated,(રીલેટ્'એડ) *p.p.* & *a.*1 Allied by kindred:સગું;સ્વજાતીય;સજાતીય;ગોત્રી.2.Standing in relations:લાગું;સંબંધ ધરાવતું.3.Narrated:કહેલું;નિવેદિત.

Re·lating,(રીલેટ'ઇંગ)*a.* Connecting: મિશ્રેનું.

Re·lation,(રીલે'શન)*n.*1.Account;narration: કથન;વાર્તા;વર્ણન; હકીકત.2. Connection:નાતો. 3.Relationship:સગાઇ;સંબંધ.4.A relative; a kinsman or kinswoman:સગું;સંબંધી;ગોત્ર-

જ;સગોત્ર;પિંડ;બંધુ;બાંધવ.

Re-lationship,(રીલૅશન્'શિપ્)*n*. The state of being related by kindred affinity or other alliance:સંબંધ;જ્ઞાતિભાવ;બંધુતા;સગપણ;સગાઈ.

Rela-tive,(રેલ્'ઍટિવ્)*a*.[L.]1. Referring; respecting:લાગતું વળગતું;સંબંધી.2 Arising from relation:સંબંધવાળું.3.Indicating relation: સંબંધવાચી-દર્શી.**R**.*importance*:તારતમ્ય.*n*.1. (*a*)One who or that which relates to:સગું. (*b*) A relative pronoun: સંબંધ સર્વનામ.

Re-lax,(રીલૅક્સ')*vt*.[L. *re* & *lexo*,I loose.]1. To slacken:ઢીલું પાડવું;નરમ પાડવું 2.To make less severe or rigorous: સખ્તી ઓછી કo.*vi*. 1.To become lax:-ની શક્તિ નરમ-ઓછી થવી.2. To remit attention or effort:અભ્યાસમાં ધીમા પડવું.

Re-lax-ation,(રીલૅક્સે'શન્) *n*.1. The act or process of relaxing: શિથિલતા; શાંતિ.2. Remission from attention and effort: વિસામો;ફુરસદ.

Re-lay,(રીલે')*n*.[L.*re* & *ligo*,I bind.]1. A supply of horses &c. arranged beforehand for affording relief:ટપ્પેટપ્પે બદલીને માટે રાખેલા ઘોડા વિગેરે.

Re-lease,(રીલીસ્')*vt*.1.To let loose again;to let go: ને છોડવું-છોડાવવું;બંધીખાનામાંથી છુટું કરવું. 2.To let go,as a legal claim:પરથી હાથ ઉઠાવવો.*n*.1.Liberation or discharge from restraint of any kind:છુટકારો;છુટકો.2.A giving up or relinquishment of some right or claim:ફારગતી;ની દાવાચીઠી.

Rel-e-gation,(રેલીગે'શન્)*n*. Exile; removal; banishment:દેશનિકાલ;દેશત્યાગ.

Re-lent,(રીલેન્ટ્')*vi*.[L.*re*&*lentus*,plaint.]1. To feel compassion: ને દયા આવવી.*vt*.1. To slacken;to abate:ઓછું કરવું.2.To soften:નરમ પાડવું.3.To molify:ટાઢું પાડવું.

Re-lentless,(રીલેન્ટ્'લેસ્)*a*.Unyielding; unpitying:નિર્દય;કઠોર;વજ્ર છાતીનું.

Rele-vant,(રેલ્'ઇવન્ટ્)*a*.[L.*re*&leve,I lift.]1. Pertinent;applicable:મુદ્દાનેલાગુપડેએવું;પ્રાસંગિક.

Re-lia-ble, (રીલાઇ'ઍબલ્)*a*.Suitable or fit to be relied on:ભરોસાદાર;વિશ્વાસુ. [બાર.

Re-liance,(રીલાઇ'ઍન્સ્)*n*.1.Trust:ભરોસો;ઇતબાર.

Relic, (રેલ્'ઇક્)*n*. [L. *relinquo*, I leave behind.]1.A remnant:અવશેષ;શેષભાગ.2.A corpse:મડદું;શબ.3.A memorial: સ્મારકચિન્હ.

Relict, (રેલ્'ઈક્ટ્)*n*.[L.*relinquo*, I leave behind.]A widow: રાંડીરાંડ;વિધવા સ્ત્રી.

Re-lief,(રીલીફ્')*n*.[L.*re* & *levo*, I lift up.] 1. Comfort:શાંતિ;આરામ 2.Release from a post:બદલી.3.That which gives comfort:દુઃખમાંથી ઓછું કરનાર વસ્તુ અગર માણસ. 4. *The projection* of a figure above the ground or plane on which it is formed: સપાટ ભોંયપરથી ઉપસેલી આકૃતિ.

Re-lievable,(રીલીવ્'ઍબલ્)*a*.Capable of being relieved: છુટકારો થાય એવું.

Re-lieve,(રીલીવ્')*vt*.[L.*re*,&*levo*,I lift up.]1. To remove the monotony of: ફેરબદલી કo. 2.To alleviate:પતીઅડચણ મટાડવી-ઓછી કરવી. 3 To free from any burden: છુટું કo.4. To release from a post or duty:કામથીમુક્ત કo.

Re-ligion,(રીલિજ્'ઑન્)*n*.[L.*re*,&*ligo*,I bind.] 1.A system of faith and worship:ધર્મ;પંથ;મત.

Re-ligion-ist,(રીલિજ્'ઑનિસ્ટ્)*n*. One earnestly devoted to a religion: ધર્મમાંસ્વમતાભિમાની પુરૂષ. [religion:ધર્મસંબંધી-નું-વિષયક.

Re-ligious,(રીલિજ્'અસ્)*a*. 1. Pertaining to

Re-linquish,(રીલિન્'ક્વિશ્)*vt*.[L. *re*&*linquo*, I leave behind.]1.To leave behind;to quit: છોડવું;મુકવું;તજવું.2 To give up:પરથીહાથઉઠાવવો.

Re-linquish-ment.(રીલિન્'ક્વિશ્'મેન્ટ્) *n*.The act of relinquishing:ત્યાગ;વર્જન;ઉત્સર્ગ;મોચન.

Relish,(રેલ્'ઇશ્)*vt*.[L.*re*&*lingo*,I lick up]1. To taste or eat with pleasure:નેસ્વાદલાગવું-ભાવવું.2.*vi*.To have flavor: આનંદ-સંતોષ પામવો.*n*.1.A pleasing taste:અભિરૂચિ; ભાવ. 2. Savor:પ્રસન્નતા.

Relish-a-ble,(રેલ્'ઇશૅબલ્)*a*.Capable of being relished;gratifying:સ્વાદિષ્ટ;રૂચિકર.

Re-luctance,(રીલક્'ટૅન્સ્)*n*.The state or quality of being reluctant:નાખુશી;આનાકાની.

Reluctant,(રીલક્'ટૅન્ટ્)*a*. [L. *re* & *luctor*, I wrestle.]1.Loth;unwilling:નારાજી;અસંતોષી.

Re-ly,(રીલાઇ')*vi*.To trust:ભરૂસો-વિશ્વાસ રાખવો.

Re-main,(રીમેન્')*vi*.[L.*re*&*maneo*,I stay.]1. To stay behind while others withdraw: પાછળ રહેવું.2.To abide:રહેવું;મુકામ કo.*vt*.To be left to:બાકી શીલક રહેવું-હોવું. 3. *pl*. (*a*) That which is left of a human being after the life is gone:મડદું; શબ.

Re-mainder,રીમેન્'ડર્)*n*. 1. Anything that remains:બાકી;શેષ;શિલક.

Re-maining,(રીમેન્'ઇંગ્)*a*.Left behind:બાકીનું.

Re-mains,(રીમેન્'ઝ્)*n*.1.Dead body:મડદું;શબ. 2.Ruined buildings:ખંડેરો.

Re-mand,(રીમૅન્ડ્')*vt*.[L.*re*&*mando*,I commit to one's charge.]To recommit;to send back: ફરીથી તપાસ થવાને માટે પાછું મોકલવું. *n*. The act of remanding:મોકલવાનો હુકમ.

Re-mark,(રીમાર્ક્')*vt*.1.To take notice of; to observe mentally:લક્ષમાં લેવું. 2. To say: to state:કહેવું;બોલવું;ટીકા કo. *vi*. To make a re-

mark:ટીકાકરવી.*n* 1.Notice:ધ્યાન;લક્ષ.2.A causal observation,or comment:ટીકા;ચર્ચા.

Re-mark-able, (રીમાંર્ક'એબલ્)*a.*Noticeable; conspicuous:પ્રખ્યાત;પ્રસિદ્ધ;ઉત્કૃષ્ટ.

Re-marriage,(રીમૅ'રિજ્)*n.* A second or repeated marriage:ફરીનું લગ્ન;પુનર્વિવાહ;નાતરૂં.

Re-marry,(રીમૅ'રિ)*vt.&i.*To marry again:પુનર્લગ્ન કરવું;બીજીવાર પરણવું;નાતરૂં ક૦.

Re-med i-a-ble,(રેમી'ડિએબલ્)*a.*Capable of being remedied or cured:ઉપાય કરવા જોગ-યોગ્ય.

Re me-di-less,(રેમ્'એડિલેસ્)*a.*1. Incurable; irrepairable:નિરૂપાય;બેઈલાજ;ઉપાય શૂન્ય રહિત.

Reme dy, (રેમ્'એડિ) *n.* [L.*re* & *medeor,* I heal.] 1. That which relieves or cures a disease:ઔષધ;ઉપચાર. 2.Reparation; cure: ઉપાય;ઈલાજ.*vt.*To cure.મટાડવું; નિવારણ ક૦; નો ઉપચાર ક૦;નું ઓસડ ક૦.

Re-member,(રીમેમ્'બર્)*vt.*[L. *re* & *memor,* mindful.]1.To recollect:યાદ ક૦; સંભારવું. 2. To put in mind; to remind:યાદ દેવડાવવું;-નું સ્મરણ કરાવવું. *vi.* To exercise the power of memory:ને સાંભરવું;-ને યાદ આવવું.

Re-membrance,(રીમેમ્'બ્રન્સ) *n.*1. The act of remembering; recollection: સ્મરણ; યાદ; ફામ. 2. The state of being remembered; memory:યાદદાસ્તી;સ્મરણશક્તિ.3.Something remembered:યાદગિરી;સંભારણું.4. A memorial:યાદગિરી.

Re-membranc er.(રીમેમ્'બ્રન્સર્) *n.*1. One who or that which serves to bring to mind સ્મરણ કરાવનાર;યાદ દેવડાવનાર;યાદ ગિરી;સંભારણું.

Re-mind,(રીમાઇન્ડ') *vt.* To bring to the remembrance of: સંભારવું;-ને યાદ દેવડાવવું.

Re-minder,(રીમાઈન્ડ્'અર્)*n.*One who or that which reminds:સ્મરણ કરાવનાર;સૂચવનાર.

Rem i-niscence-cy,(રેમિનિસ્'સેન્સ-ન્સિ)*n.*[L. *reminisco,* I recall to mind.]1. Remembrance;memory:યાદદાસ્ત;સ્મૃતિ;સ્મરણ.

Re-miss,(રીમિસ્')*n.*[L.*re* & *mitto,*I send.]1. Careless:બેદરકાર;બેપરવા.2.Languid:મંદ;સુસ્ત.

Re-mission,(રીમિ'શન્)*n.*1.The act of remitting,surrendering or giving up:પાછું આપવું તે.2.Pardon for transgression:માફી;ક્ષમા 3. Abatement;relaxation:ઘટાડો.

Re-missness,(રીમિસ્'નેસ્)*n.*Quality or state of being remiss:બેપરવાઇ;બેદરકારી;ગાફેલ;પ્રમાદ.

Re-mit,(રીમિટ્')*vt.*[L.*re* & *mitto,*I send.] 1. To send back:પાછું મોકલવું.2.To transmit or send,*esp.* to a distance:હુંડી કરાવી (પૈસા) મોકલવા;મોકલી આપવું.2.To forgive; to pardon:ક્ષમા માફ કરવી.*vi.*1.To abate in force or in violence:નરમ-હલકું પડવું;ઉતરવું.2.To send money: પૈસા મોકલવા.

Re-mittance,(રીમિટ્'અન્સ)*n.* 1. The act of transmitting money:પૈસા મોકલવા તે.2.The thing or sum remitted:મોકલેલા પૈસા.

Remittent.(રીમિટ્'એન્ટ્)*a.*Remitting;having remission:રોગ આવીને ઉતરી જવું;ચઢઉતરનું;સંતત. **R.***fever:*વિષમજ્વર.

Remnant,(રેમ્'નૅન્ટ્)*n.* [L.*re* & *manes,*I remain.]Remaining;yet left:વધેલું;બાકીનું;શેષ. *n.*1.Residue:શેષ;અવશેષ.2.A small portion: કડકો.3.An end of piece goods:ખંડ;રેલ્લો;કકડો.

Re-model,(રીમૉડ્'એલ)*vt.*To modol or fashion anew:to change the form of:ફરીથીનમુનોક૦.

Re-monstrance,(રીમૉન'સ્ટ્રન્સ)*n.*1.(*a*)Proof of a pointing out:સાબીતી;દાખલો.(*b*)Protest expostulation:કાનઉઘાડણી;દલીલ;ઉપદેશ.

Re-monstrant,(રીમૉન્'સ્ટ્રૅન્ટ્)*vt.* [L.*re*&*monstro,*I show.] To point out: બતાવવું. *vi.* To expostulate:દલીલદાખલાપૂર્વક શિખામણ દેવી.

Re-morden-cy re-morse,(રીમૉર્'ડન્સિ-રીમૉર્સ')*n.*[L.*re*&*mordeo,*I bite.]1.The anguish, excited by a sense of guilt:ખોટું કામ કર્યાને લીધે થતો ખેદ-સંતાપ; ખરખરો. Pity: દયા.

Re morseful.(રીમૉર્સ્'ફુલ)*a.*1.Full of remorse:ખેદકારક.2.Feeling tenderly:રહેમનજરવાળું.

Re-morseless,(રીમૉર્સ્'લેસ્)*a.*Cruel:નિર્દય;ઘાતકી.

Re-mote, (રીમોટ્')*a.*[L.*re.*&*moveo,*I move.] 1.Far away: દૂરનું.2.(*a*)Not agreeing:પ્રતિકૂળ;અનુકુળ નહીં તેવું;વેગળું.(*b*)Not nearly related:દૂરનું;વેગળેનું.

Re-moteness(રીમૉટ્'નેસ્)*n.*Distance:લંબાણ.

Re-mould,(રીમૉલ્ડ')*vt.*& *i.*To mount again: ફરીથી સ્વારી ક૦;ફરીથી સ્વાર થવું.

Re-mova-ble,(રીમૂવ્'એબલ્) *a.* Admitting of being removed:ખસેડી શકાય તેવું.

Re-moval,(રીમૂવ્'એલ) *n.* The act of removing,or the state of being removed:સ્થાનાંતર;સ્થલાંતર.

Re move,(રીમૂવ્')*vt.*[L.*re* & *moveo,*I move.] 1.To displace:ખસેડવું;બદલવું.2.(*a*) To cause to cease to be;to take away: મટાડવું;દૂર ક૦. (*b*) To banish: કાઢી મૂકવું.3.To dismiss:બરતરફ ક૦;રજા આપવી. *vi.* To change place in any manner:ખસવું.*n.*1.A removal: સ્થલાંતર; સ્થાનભેદ.2.The transfer of one's business: ફેરફાર.3.Distance;step:પદ;અંતર;પગલું; પાયરી.

Re-muner-ate,(રીમ્યૂ'નરેટ્)*vt.* [L. *re* & *munus,*a gift.]To recompense:-નો બદલો અવેજ આપવો.

Re-muner-ation(રીમ્યૂ'નરેશન્)*n.*That which is given to remunerate:બદલો;પ્રતિફળ;અવેજ.

Re muner-ative,(રીમ્યૂ'નરેટિવ્)*a* Affording remuneration: બદલો-અવેજ-પ્રતિફળ-મહેનત મળે-આપે એવું;ફળદાયક.

Renal,(રીનૅલ)*a*.[L *renes*,the kidneys.] Pertaining to the kidneys:મુત્રપિંડ સંબંધી;ગુર્દાનું.

Renard,(રેનઆંર્ડ)*n*.A fox: શિયાળ; કોલું.

Ren counter,(રિન્કાઉન્ટર)*vt* 1.To meet unexpectedly:અણધાર્યા ભેગા થવું.2.To attack hand to hand:સામસામા લડવું.*vi*. To come in collision:સામસામા અથડાવું. *n*. 1.A meeting of two persons or bodies: ભેટ; મુલાકાત. 2 A casual combat or action:અણધારી લડાઇ યુદ્ધ.

Rend,(રેન્ડ)*vt* 1.To split;to burst:ચીરવું;ફાડવું. 2.To part or tear off forcibly: જોરજુલમથી જુદાવી લેવું *vi*.To be rent;to become parted: ફાટી જવું;જુદું પડવું.

Render,(રેન્ડર)*n*.One who rends:ફાડનાર;ચીરનાર.*vt*. [L. *re* & *do*,I give] 1.To furnish: પુરૂં પાડવું.2. To translate: તરજુમો કo.3. To interpret;to set forth:બનાવવું;આગળ મુકવું.*vi*. 1.To give an account:હીસાબ આપવો;ખુલાસો કo.

Render-ing,(રેન્ડરિંગ્)*n*. 1. The act of one who renders:ભાષાંતર કરનારનું કામ.(*a*)A version;translation:તરજુમો;ભાષાંતર; સમજુત.

Rende-zvous,(રેન્ડેવૂ)*n*.*pl*.1.The appointed place for troops: ફોજનો નીમેલો મુકામ. 2. A meeting by appointment:સમાગમ સ્થાન.*vi*. To assemble or meet at a particular place: અમુક જગાએ ભેગાં થવું. *vt*.To bring together at a certain place:અમુક જગાએ એકઠા કરવા.

Rene-gade,(રેન્ઇગેડ)*n*. [L. *re*, & *nego*, I deny.] 1. An apostate from any form of religious faith:સદ્ધર્મ-સ્વધર્મત્યાગી.

Re-new,(રીન્યૂ)*vt*.1. To give new life to:તાજું કo.2.To continue in force: જારી રાખવું. 3. To begin again: પુનઃ આરંભ કo. *vi*. To become new:નવું થવું.

Re-newal,ren-o-vation,(રીન્યૂઍલ્ રેનોવેશન) *n*.The act of renewing or the state of being renewed:નવીકરણ;જીર્ણોદ્ધાર;પુનઃકરણ.

Re-newed,(રીન્યૂડ)*a*.Done again:નવું;તાજું.

Re-nounce,(રીનાઉન્સ)*vt*.[L. *re* & *nuntio*,I announce]1.To reject or decline formally; to disclaim: કબુલ ન કરવું; નમાનવું. 2. To disown:ના કબુલ કરવું.

Re-nouncement,(રીનાઉન્સમેન્ટ)*n*. The act of disclaiming or rejecting:ત્યાગ.

Reno vate, (રેનઓવેટ) *vt*.[L. *re* & *novo*,I make new.]To make over again:to renew: સમારવું.

Re-nown,(રીનાઉન)*n*.1.Fame;celebrity:નામ; કીર્તિ;યશ.*vt*.[L. *re* & *noman*,a name.] To make famous: નામ કરવું; આબરૂ વધારવી.

Re-nowned,(રીનાઉન્ડ) *a*. Famous:નામાંકિત.

Rent,(રેન્ટ)*n*.1. An opening made by rending;a tear: ચીરો;ફાટ. *n*. [L. *reddo*, I pay back.]1A certain periodical profit:ગણોત; ભાડું.*Nominal* r.:સલામી.*vt*.1.To lease:ગણોતે-ભાડે આપવું. 2. To take and hold under an agreement to pay rent:ગણોતે-ભાડે રાખવું-લેવું.

Rental,(રેન્ટ્અલ)*n*.1. A rent roll: ગણોત-સાથની યાદ; વસુલ બાકીની યાદ. 2. A sum total of rents: ભાડું.

Re-numer-ate,(રીન્યૂમરેટ)*vt*. [L. *re* & *numero*, I count.]To recount:ફરીથી ગણવું.

Re-nunci ation,(રીનન્સિએશન)*n*.[L *re* & *nuntio*,I tell.]Disavowal;abjuration:ત્યાગ.

Re-organ-iz ation,(રીઑર્ગૅનાઇઝેશન) *n*. The act of reorganizing:ફરીથી કરેલી યોજના.

Re-organ-ize,(રીઑર્ગૅનાઇઝ)*vt*.& *i*.To organize again or anew: નવેસરથી ગોઠવવું-રચવું-વ્યવસ્થા કo. [or anew:ફરીથી બાંધવું.

Re-pack,(રીપૅક)*vt*. To pack a second time

Re-pair,(રીપેર)*vi*.[L.*re*,& *patria*,one's native country.]1.To return:પાછું જવું-આવવું. *n*.1. The act of repairing or resorting to a place:ગમન;આવાગમન.*vt*.1.[L. *re*, & *paro*, I get ready.]To mend:સમરાવવું;સુધારવું.2. To make amends for:ભરી આપવું.*n*.1.Supply of loss:મરામત;સમરામણી;જીર્ણોદ્ધાર.

Rep-a-ration,(રેપરેશન)*n*.1.The act of renewing:મરામત;સુધારો.2.Amends: સાટું;બદલો;અવેજ.

Rep ar-tee,(રીપાર્ટી)*n*.[F.*re* & *partis*,a part.] A smart,ready and witty reply:હાજર જવાબ. *vi*. To make smart and witty replies: હાજર જવાબ આપવો.

Re-pass,(રીપૅસ)*vt*.To pass again:પાછું નિકળવું-જવું.*vi*.To pass or go back:પાછું જવું.

Re-past,(રીપૅસ્ટ)*n*.[L.*re*,& *pasco*,I feed again.]1. The act of taking food: ભોજન. 2.A meal:જમણ;ખાણું;ભોજન. *vt*. To supply food to; to feast:જમાડવું;ખવરાવવું.

Re-pay,(રીપે)*vt*.To refund:પાછું આપવું.2.To recompense:બદલો-અવેજ વાળવો.

Re payment,(રીપેમેન્ટ) *n*.1. The act of repaying:ભરી આપવું તે 2.The money repaid: મજરે-પાછું આપેલું નાણું.

Re-peal,(રીપીલ)*vt*. [L.*re* & *appello*, I call upon.]1.To recall:ફરીથી બોલાવવું.2.To abrogate by authority:રદ બાતલ કo. *n*.1. A Recall, as from exile:પાછું બોલાવવું તે.

Re peat,(રીપીટ)*vt*.[L. *re* & *peto*, I seek.] 1.

To go over again;to recite:મોઢે કરેલું બોલવું.

Re-peater,(રીપીટ્'અર્)*n*.1.(*a*)One who or that which repeats:ફરીફરીને બોલનાર. (*b*)A watch with a striking apparatus: વાગતી ઘડીઆળ.

Re-pel,(રીપેલ્')*vt.* [L. *re* & *pello*,I drive.] 1. To drive back:પાછું હાંકી કાઢવું. 2. To resist effectually:સામું થવું.

Re-pellent,(રીપેલ્'એન્ટ્) *a*. Driving back: પાછું હાંકી કાઢનાર *n*.1.That which repels:પાછો હઠવનાર;નિવારક.

Re-pent (રીપેન્ટ્')*a*.[L. *re* & *pœniteo*,I make to repent.]*vi*.1.To feel pain,sorrow,or regret,for what one has done or omitted to do:પસ્તાવો ક૦.2.To cease to love and practise sin:પાપનો-ને માટે પશ્ચાતાપ-પસ્તાવો કરવો. *vt*.1. To feel pain on account of:-નો પશ્ચાતાપ કરવો.

Re-pentance,(રીપેન્ટ્'અન્સ્) *n*.The state of being penitent; sorrow for what one has done: પસ્તાવો;અનુતાપ;શોક.

Re-pentant,(રીપેન્ટ્'અન્ટ્)*a*.1.Sorrow for sin: પશ્ચાતાપી.2.Expressing sorrow for sin:પશ્ચાત્તાપ યુક્ત.*n*.One who repents:પશ્ચાતાપ કરનાર.

Re-per cussive,(રીપર્કસ્'ઇવ્)*a*.1.Able to repercuss;having the power of sending back: પાછું મારવું-આવવું;પ્રતિઘાતી.

Rep-e tition,(રેપીટિ'શન્)*n*. [L. *re*, & *peto*,I seek.]1. The act of repeating;iteration: પુનર્વચન;પુનરૂક્તિ;પુનરાવૃત્તિ;પુનરાવર્તન.

Re-pine,(રીપાઇન્') *vi*.1.To fail: નિષ્ફળ થવું.2. To continue pining:મનમાં બળ્યા ક૦;ઝુરવું.

Re place,(રીપ્લેસ્')*vi*.1.To place again: જ્યાં પહેલાં હતું ત્યાં મુકવું. 2. To supply or substitute an equivalent for:-ની જગામાં બીજું નવું મુકવું. 4. To take the place of:-ની ખોટ પુરી પાડવી. [થી વાવવું-રોપવું.

Re plant,(રીપ્લેન્ટ્')*vt*.To plant again:નવેસર-

Re plete,(રીપ્લીટ્')*a*.[L.*re* & *pleo*,I fill.] Filled again;full;charged:ભરપૂર;ભરેલું; પરિપૂર્ણ. *vt*.To fill completely:ગળા સુધી-ઠેઠ સુધીભરવું.

Re-pletion,(રીપ્લી'શન્)*n*.1.The state of being repleted;superabundant fulness:પરિપૂર્ણતા.

Re pletive,(રીપ્લી'ટિવ્)*a*.Tending to make replete;filling:ભરેલું,ભરપૂર થવું.

Rep-li-cation,(રેપ્લિકે'શન્)*n*.[L.*re* & *plico*, I fold.]1.An answer:પ્રત્યુત્તર. 2. The reply of the plaintiff,in matters of fact, to the defendant's ple: :વાદીનો જવાબ.

Re-ply,(રીપ્લાઇ')*vi*.[L. *re* & *plico*, I fold.]1. To answer:જવાબ આપવો.2.To answer a defendant's plea:પ્રતિવાદીએ આપેલા જવાબનો વાદીએ પ્રત્યુત્તર વાળવો.*vt*.To return for an answer:જવાબ વાળવો.

Report,(રીપોર્ટ્')*vt*.[L.*re* & *porto*,I carry.]1. To refer:હકીકત કહેવી લખવી.2.To bring back: જણાવવું.3.To relate;to circulate publicly: હેવાલ આપવો; અફવા ચલાવવી 4. To give an official account or statement of:અધિકારની રૂએ હેવાલ આપવો;જાહેર ક૦ 5 To write down from the lips of a speaker:ભાષણ કર્તાનું ભાષણ નોંધી લેવું.*vi*.1.To make a report:બીનાનો હેવાલ આપવો. 2. To furnish in writing an account of a speech, and proceedings at a meeting, for publication: છાપામાં લખવા માટે ભાષણનો ને સભાનો હેવાલ લખી આપવો.*n*.1.(*a*) That which is reported: હેવાલ; હકીકત. (*b*) An account or statement of the results of examination: કરેલી તપાસનો રીપોર્ટ. (*c*) A rumour:અફવા; ઉડતી ખબર.(*d*) Sound:અવાજ; ધડાકો.(*e*) A sketch of a speech:ભાષણની ટુંક નોંધ.(*f*)Fame:કીર્તિ;ખ્યાતિ;આબરૂ.

Re-porter,(રીપોર્ટ્'અર્)*n*. 1 (*a*)One who reports: ખબર આપનાર;બાતમીદાર. (*b*) An officer or person who makes authorized statements of legislative debates: બાતમી આપનાર અમલદાર. (*c*) One who reports speeches, the proceedings of public meetings,news &c, for the newspapers:વાર્તિક; રિપોર્ટર.

Re-posal,(રીપોઝ્'અલ્)*n*.1.The act or state of reposing:વિસામો;વિશ્રામ;વિરામ;આરામ.

Re-pose,(રીપોઝ્')*vt*.[L.*re* &*pono*,I put.]1.To lay at rest:વિસામો લેવો.3.To set;to intrust: મુકવું;વિશ્વાસ રાખવો.*vi*.1To lie at rest: આરામ લેવો;વિસામો ક૦.*n*.1.Sleep;rest:આરામ;વિશ્રામ. 2.Rest of mind:સમાધાન;ચેન; શાંતતા.

Re-posi-to-ry,(રીપૉઝ્'ઇટૉરિ)*n*.A place where things are or may be reposited:ભંડાર;વખાર; કોઠાર. [પાછું કબજામાં લેવું.

Re pos sess,(રીપોઝ્ઝેસ્')*vt*.To possess again:

Rep-re-hend,(રેપ્રીહેન્ડ્')*vt*.[L.*re* & *prehendo* I lay hold of.]To chide; to blame:ઠપકો દેવો; ખીજવું;-ને માથે દોષ મૂકવો.

Rep re-hensi ble; (રેપ્રીહેન્'સિબલ્) *a*. Culpable, blamable:ઠપકા લાયક-દોષપાત્ર;નિંદ્ય;દૂષણીય.

Rep re-hension,(રેપ્રીહેન્'શન્)*n*. Reproof;censure;blame:દોષ;આરોપ;નિંદા;દૂષણ; ઠપકો.

Rep re-sent,(રેપ્રીઝેન્ટ્')*vt*.[L.*re* & *prœsento*, I place before.]1.To present again:દેખાડવું. 2.To delineate:ઓળખવું;ચિતરવું.3.To personate: નો વેષધારણ કરવો- લેવો. 4. To stand in place of:ના પ્રતિનિધિ થવું.5To show;to set forth:વર્ણવવું;બ્યાન ક૦ 6. To bring a sensation of into the mind;to present:દેખાડવું.

Repre-sen-tation,(રેપ્રીઝેન્ટે'શન્)*n*.1. The

act of representing,in any sense of the verb:દર્શન;વર્ણન.2.That which represents: વર્ણન.(a)A likeness:પ્રતિમા;મૂર્તિ;તસવીર; છબી; પુતળું.(b)A description:બ્યાન.(c)The body of those who act as representatives of a community:વકિલ;પ્રતિનિધિ (d)Any collateral statement of fact:વિનંતિ; વિજ્ઞાપના;યાદીn. The act of representing: પુનઃ દર્શન-સૂચન.

Rep re senta-tive,(રેપ્રીઝેન્ટ્'એટિવ્)a.1. Fitted to represent: સાંકેતિક;દ્દષ્ટાંતરૂપ.2.Bearing the character or power of another:પ્રતિનિધિ રૂપ;વ કીલ દાખલ.3.One who represents or stands in the place of another:વકીલ;પ્રતિપુરૂષ;મુખત્યાર.

Re-press,(રીપ્રેસ')vt.[L.re&dremo,I press.] To press again: ફરીદાબવું.vt.1.To quell:બેસાડી દેવું;સમાવવું.To check:દાબમાં રાખવું.

Re-prieve, (રીપ્રીવ્')vt.[L. reprobo,I reject]1. To delay the punishment of:to give a respite to:ની શિક્ષામાં વિલંબ કo.2.To relieve for a time:-માંથી થોડા વખત સુધી છુટું કo.n. 1.A temporary suspension of the execution of a sentence of death:દેહાંત દંડની શિક્ષા મુલતવી રાખવી તે.2. Interval of ease or relief થોડીવારનો છુટકો-આરામ;વિસામો.

Rep ri-mand,(રેપ્રિમૅન્ડ્')n.[L.re; & premo,I press.]Severe or formal reproof:ઠપકો;દોષ; નિંદા.vt.1.To reprove severely:ઠપકો દેવો.

Reprint,(રીપ્રિન્ટ્')vt.1.To print again:ફરીથી-છાપવું.2.To renew the impression of:ફરીથી નવી આવૃત્તી કાઢવી.n.A second or a new impression or edition of any printed work: ચોપડીની બીજી નવી આવૃતી.

Re-prisal,(રીપ્રાઇ'ઝ્લ)n.[L.re,& prehendo, I seize.]1.The act of taking from an enemy by way of retaliation:શત્રુએ જે કાંઈ લીધું હોય તેના બદલામાં શત્રુનું કાંઇ પકડી લાવવું તે;પ્રત્યપહરણ.

Re-proach,(રીપ્રોંચ્')vt.[L.re & prope,near.] To upbraid: ઠપકોદેવો. n. 1.A busive reflection:ઠપકો.2 Disgrace: અપ્રતિષ્ઠા.3.Scorn:નિંદાસ્પદ, લજ્જાસ્પદ.

Re proachful,(રીપ્રોંચ'ફુલ)a.1.Upbraiding; abusive:તિરસ્કાર સાહત ઠપકાનું;નિંદા ભરેલું.

Repro bate,(રેપ્'રોબેટ્)a. [L. re & probo, I disapprove.]1.Not enduring proof or trial; disallowed:નકામું ગણી કાઢેલું. 2. Abandoned to punishment:દુરાચારી;પાપાત્મા.n.One morally abandoned and lost: વહી--વંઠી--બહેકી ગએલું માણસ.vt.1.To condemn as unworthy: ધિક્કારવું;તિરસ્કાર કo

Re-pro duce,(રીપ્રોડ્યૂસ')vt.1To produce again:નવેસર-ફરીથી પેદાઉત્પન્ન કo.(a)To bring forward again:ફરીથી આગળ આણવું.

Re-proof,(રીપ્રૂફ્')n.1.An expression of blame or censure;reproach:નિંદાવાક્ય;ઠપકો;બોલ;મેણું.

Re-prova ble,(રીપ્રૂવ્'ઍબલ્)a.Worthy of reproof or censure:ધમકાવવા-ઠપકોદેવાજોગ;ઠપકાપાત્ર.

Re-proval,(રીપ્રૂવ્'ઍલ્)n. Reproof:ઠપકો;મેણું.

Re-prove,(રીપ્રૂવ્')vt.1.To disprove;to refuse: ખંડન કo;ખોટું પાડવું.3.To chide: ઠપકો દેવો.

Reptile,(રેપ્'ટાઇલ્)a.[L.repo,I creep.]1.Creeping; moving on the belly: પેટઘસડીનેચાલનારૂં.n.1.An animal that crawls:પેટે ચાલનારૂં પ્રાણી;સાપ;ગરોળી વિગેરે.

Re-public,(રીપબ્'લિક્) n. [L. res a thing, & publicus,belonging to the people.]1.Common weal: સાર્વજનિક હિત. 2. A common wealth: પ્રજાસત્તાકરાજ્ય;લોક સત્તાત્મક રાજ્ય.n. R. of letters:સમગ્ર સાક્ષર મંડળ.

Re-publi-can,(રીપબ્'લિકન્)a.1.Of or pertaining to a republic:પ્રજાસત્તાક રાજ્યનું.n.1.One who favors or prefers a republican form of government: પ્રજાસત્તાક રાજ્ય પસંદ કરે-પડે તે માણસ.

Re-publish,(રીપબ્'લિશ્)vt.To publish anew: ફરીથી છપાવી પ્રસિદ્ધ કo

Re-pudi-ate,(રીપ્યૂ'ડિએટ્)vt.[L.re&pudo, I am shamed.]1 To cast off: છોડી દેવું ત્યજવું. 2.To divorce, put away, or discard, as a wife:છેડો ફાડવો ફાડી આપવો;તલાક આપવો.3.To refuse to acknowledge or to pay: ના કબુલ કરવું.

Re-pudi-ation,(રીપ્યૂડિએ'શન્)n.The act of repudiating:તલાકનામું;પત્યાદેશ;પરિત્યાગ.

Re-pugnance cy,(રીપગ્'નૅન્સ-ન્સિ)n. [L.re & pugno,I fight.] Opposition;contrariety:વિરોધ;વિપરીતતા 2 Aversion; નાખુશી;વિરાગ.

Re-pugnant,(રીપગ્'નૅન્ટ્)a Hostile; contrary: પ્રતિકૂળ;સામું;કલટું;વિરૂદ્ધ;વાંકુ;વિપરીત;વિરોધી.

Re-pulse,(રીપલ્સ')vt.[L.re&pello,]drive.]1. To repel:પાછું હઠાવવું 2. To rejet: ના પાડવી. n 1.Tho act of repelling or driving back: પ્રતિઘાત; હડસેલા;ઠેલા; નકાર.

Re-pulsive-so-ry,(રીપલ્'સિવ્-સૅારિ)a.1.Serving to repulse:પ્રતિસારક;નિવારક.2.Offensive: ઉમળકા વગરનું;અપ્રિય.

Repu-ta-ble,(રેપ્યૂ'ટૅબલ્)a. Honorable; respectable:આબરૂદાર;પ્રતિષ્ઠિત; હુરમતદાર;શાહાજોગ; સંભાવિત.

Rep-u-tation,(રેપ્યૂટે'શન)n.1. The estimation in which one is held;repute:કીર્તિ;ખ્યાતિ;યશ;પ્રતિષ્ઠા.2.The character reputed to a person:ઇજ્જત;આબરૂ.

Re-pute, (રીપ્યૂટ્')vt.[L re,& puto, I reckon.]

To think:ગણવું;માનવું.*n.*1.Public estimate: માન;આબરૂ.2.Good reputation:કીર્તિ;ઇજ્જત; પ્રતિષ્ઠા.

Re-puted,(રીપ્યૂટ'એડ)*a.*Honorable:જગપ્રસિદ્ધ.

Re-quest,(રીક્વેસ્ટ')*n.*[L.*re*& *quaro*,I seek.] 1.Solicitation;prayer:વિનંતી;અરજ. 2. That which is asked for:માગેલી વસ્તુ.3.Demand: માગણી.*vt.*1.To desire for: ઇચ્છા ક૦.2.To address with a request;to ask:વિનંતી-અરજક૦.

Re-quire,(રીક્વાઇર')*vt.*[L.*re*&*quaro*, I seek.] 1.To demand:માગવું;હુકમ ફરમાવવો.2 To need: જરૂર પડવી.3 To request: પુછવું;માગવું.

Re-quirement,(રીક્વાઇર'મેન્ટ) *n.*1. The act of requiring;demand:સત્તાની-હકની માગણી 2. An essential condition: અપેક્ષા;ગરજ;જરૂરી.

Requisite,(રેક્'વિઝિટ) *n.* Something indispensable: જરૂરની-અગત્યની ચીજ.*a* Necessary: જરૂરનું;અગત્યનું;આવશ્યક.

Req-ui-sition,(રેક્વિઝિ'શન)*n.*[L.*requisitio*,a searching.]1. A notarial demand of a debt: ઉઘરાણી.2.That which is required by authority:દાવો.3.A written or formal call; an invitation:નોતરૂં; આમંત્રણ.

Re-quital, (રીક્વાઇટ'અલ)*n.*Good or bad return;(*in a good sense*) compenation;(*in a bad sense*)retaliation:અવેજ;બંગ;બદલો.

Re-scind,(રીસિન્ડ')*vt.*[L. *re*&*scindo*, I cut.] 1.To cut off;to annul:રદ-બાતલ-માકુફ ક૦.

Re-scission,(રીસિ'ઝન)*n.*The act of rescinding: ખંડન;વિલોપ;નિરસન.

Re-scribe,(રીસ્ક્રાઇબ') *vt.*[L. *re.* & *scribo*, I write.]1.To write in reply:પ્રત્યુત્તરમાં લખવું.

Rescript,(રીસ્ક્રિપ્ટ)*n* 1.(*a*)The answer of an emperor on some difficult question:કોઈ કાયદાસર સવાલનો બાદશાહે આપેલો જવાબ-ઉત્તર. (*b*) An edict;a decree:રાજાનો હુકમ;ફરમાન. 2 A counterpart:સામુ અડધિયું-પાખીયું.

Rescue(રેસ્'ક્યૂ)*vt.*[L *re*,*ex*,&*quatio*,I shake] To free or deliver from any confinement: છોડવું;બચાવવું.*n.*1. The act of rescuing; liberation: છૂટકો; બચાવ. 2. The forcible liberation of a person from an arrest or imprisonment:કોઈ પણ માણસને કેદમાંથી જબરજસ્તીથી મુક્ત ક૦ તે;જોર જુલમી છૂટકારો-બચાવ.

Re-search,(રીસર્ચ')*vt.*To search again:ફરીથી તપાસવું.*n* Diligent inquiry in seeking facts: ખોળ;તપાસ. *vt.* To seek diligently:મહેનતથી શોધવું.

Re-semblance,(રીઝેમ'બ્લેન્સ)*n.*1.Similitude: સાદૃશ્ય.2.A representation;a likeness:પ્રતિરૂપ;પ્રતિમા.3.A comparison;a simile:ઉપમા; અલંકાર.

Re semble,(રીઝેમ'બલ) *vt.* [L. *re* & *similis*, similar.]1.To be like or similar:-ના જેવું-સરખું હોવું-થવું.2. To liken:સરખાવવું.

Re-sent,(રીઝેન્ટ')*vt.* [L.*re* & *sentio*,I feel.] 1 To be sensible of;to feel:લાગવું.(*a*)*In a good sense*,to take well:સારૂં લાગવું.(*b*) *In a bod sense*,to take ill:માઠું લાગવું.2. To express displeasure at,by words or acts:માઠું લાગવું:નાખુશી બતાવવી.*vi.*1.To feel resentment: ગુસ્સો લાગવો-ચઢવો;ક્રોધે ભરાવું.

Re-sentful,(રીઝેન્ટ'ફુલ)*a.*Inclined to resent; irritable:ચિડિયું;તામસી;ક્રોધી;ક્રોધશીલ.

Re-sentment, (રીઝેન્ટ'મેન્ટ) *n.* 1. *In a bad sense*,anger;displeasure;indignation:ક્રોધ; તામસ;રોષ;રાગ;દ્વેષ.

Res-er-vation,(રેઝર્વે'શન) *n.* 1. The act of reserving or keeping back; reserve: રાખી મૂકવું-મુકી છોડવું તે.2.Something disclosed: છાની રાખેલી ચીજ.3. A proviso:શરતવાળું વાક્ય; શરત.*Mental* r.:પેટનું કપટ-પાપ.

Re-serve,(રીઝર્વ')*vt.*[L.*re* & *servo*,I keep.]1. To retain:પેટમાં રાખવું.2. To keep in store for future or special use:ભવિષ્યના અગર અમુક ઉપયોગને માટે રાખી મૂકવું.*n.* 1. The act of reserving:રાખી-મુકી છોડવું તે.2. That which is reserved: રાખી મુકેલી વસ્તુ; શિલક; પોતુ.3. Backwardness; caution in personal behaviour:લાજ;સંકોચ.4.*pl.* A body of troops reserved to support the other lives as occasion may require:ફાલતું રાખી મુકેલું સૈન્ય-ફોજ.

Re-served,(રીઝર્વ્ડ')*a.*1.Kept for further or special use:અમુક ઉપયોગ માટે રાખી મુકેલું. 2. Not free or frank:શરમાળ;સંકોચશીલ.

Reser-voir,(રેઝ્'અરવ્વૉર)*n.*[L.*re*, & *servo*, I keep.]1.A place where any thing is kept in store:ટાંકુ;તળાવ;કુંડ;હોજ;જળાશય.

Re-ship,(રીશિપ')*vt.*To ship again;to send on a second voyage:ફરીથી વહાણપર માલ ચઢાવવો.

Re-side,(રીઝાઇડ')*vt*[L. *re*& *sedeo*,I sit.]1.To dwell permanently: રહેવું; વાસ કરવો. 2. To have a seat or fixed position:વાસ ક૦;રહેવું.

Resi-dence,(રેઝ્'ઇડેન્સ)*n.*1. The act or fact of residing in a place for some continuance of time:વાસ.2.An abode: મકાન;ઘર;રહેઠાણ;રહેવાની જગા.3.The place where anything rests permanently:ઠેકાણું;સ્થાન;સ્થળ;જગા.

Resi-den-cy,(રેઝ્'ઇડેન્સિ)*n.*1 Residence:ઠેકાણું;વાસ;સ્થાન 2.A political agency at a native court in British India:રેસીડન્ટને રહેવાનુંસ્થળ.

Resident,(રેઝ્'ઇડેન્ટ)*a.*1.Dwelling or having an abode,in a place for a continued length of time:રહેનાર.2.Fixed:સ્થાયી.*n.*1.One who

resides or dwells in a place for some time: રહેવાસી.2. Diplomatic representative who resides at a certain court:પારકા દેશોના દરબારમાં સરકાર તરફથી રાખેલો વકીલ;રેસીડેન્ટ.

Residual,(રીઝિડ્'યૂઅલ્)*a*. Remaining after a part is taken: કાઢ્યા પછી બાકીરહેલું;અવશિષ્ટ.

Re-sidu-a-ry, (રીઝિડ્'યૂઅરિ) *a*. Consisting of residue:બાકી રહેલા સંબંધી.**R**.*legatee*:કરજ વિ૦ બાદ કર્યા પછી બાકી રહેલી મિલકતનો વારસ.**R**. *devisee*:વસિયતનામાથી જે માણસને સ્થાવર મિલ્કતનો અવશેષ ભાગ આપ્યો હોય તે માણસ.

Residue,(રેઝ્'ઇડયૂ)*n*.[L.*residuum*, residue.] Remnant,remainder:બાકી;શેષ;સિલક; અવશેષ. 2.An atom:અણુ અગર અણુઓનો સમૂહ.

Re-sign,(રીઝાઇન્)*vt* [L. *re&signum*, a mark] To sign again:ફરીથી સહી૦.*vt*.1.To surrender:ને તાબે-કબજે થવું.2.To relinquish:છોડવું;હક છોડવો.3.To commit to the care of:સોંપવું.

Res-ig-nation,(રેઝિગ્ને'શન્)*n*. 1. Surrender; abandonment:ત્યાગ;પરિત્યાગ;રાજીનામું; અર્પણ. 2.Patient submission:સંતોષવૃત્તિ;ઈશ્વર કૃત્યપ્રત્યેસંતોષ-ભાવના.

Re-signed,(રીઝાઇન્ડ્)*a*.Submissive;yielding: ઇશ્વરની મરજીને આધીન;ઈશ્વર આજ્ઞાથી સંતુષ્ટ.

Resin,(રેઝ્'ઇન્)*n*.[Gr. *rheo*, I flow.]Any one of a class of yellowish soild inflammable substances:રાળ;બીરોજા.

Re-sist,(રીઝિસ્ટ્)*vt*.[L.*re&sisto*,I stand.]1.To withstand: નીસામા થવું;2. To oppose:-ના સામા થવું;ખાળવું;અટકાવ ક૦. 3. To counteract: સામા બળથી ખાળવું;નિવારવું.

Re-sistance, (રીઝિસ્ટ્'અન્સ)*n*.1.Opposition passive or active:અટકાવ;વિરોધ; પ્રતિરોધ;પ્રતિબંધ.

Re-sisti-ble,(રીઝિસ્ટ્'ઇબલ્)*a*.Capable of being resisted:અટકાવાય એવું;નિવાર્ય.

Re-sisting,(રીઝિસ્ટ્'ઇંગ)*a*.Making resistance, opposing:અટકાવનારું;હરકત કરનારું; વિરોધી.

Reso-lu-ble,(રેઝ્'ઑલ્યૂબલ્)*a*. Resolvable;soluble:ઓગળે એવું;ભાગે એવું;દ્રવ્ય.

Resolute,(રેઝ્'ઑલ્યૂટ)*a*.[L.*re*,*&solvo*,I loose.] 1.(*a*)Determined; resolved:દૃઢ;ફરે નહીં એવું. (*b*) Bold;firm:બહાદુર;હિમ્મતવાન.

Res-o lution,(રેઝૉલ્યૂ'શન્) *n*.1. Steadiness; constancy: દૃઢતા;દમ;ધૈર્ય. 2. A settled purpose:નિશ્ચય; સંકલ્પ. 3. Assurance:ખાતરી. 4. The act of solving:સમીકરણનો જવાબ કાઢવો તે.

Resolve,(રીઝૉલ્વ્)*vt*.[L.*re*,*&solvo*,I loosen.] 1.(*a*)To separate the component parts of: મૂળતત્વો જુદાં પાડવાં (*b*) To dissolve:પિગાળવું. 2.To convince;to assure:ખાતરી-ખાતર જમા રાખવી;નક્કી માનવું.3. To settle:નક્કી ક૦.4.To change or convert to resolution or formal vote:ઠરાવ કરી ફેરફાર ક૦. 5. To solve as a problem:નો જવાબ શોધી કાઢવો.6.(*Med*.) To disperse or scatter:વીખેરી નાખવું.*vi*. 1. To undergo solution: નું પૃથક્કરણ થવું.2. To be settled in opinion:વિચાર-મતમાં નક્કી થવું;-ની ખાત્રી થવી. *n*. 1. Resolution; solution: વિવેચન;સ્પષ્ટીકરણ.

Re-solvent, (રીઝૉલ્વ્'એન્ટ)*a*. Having power to resolve: છુટું પાડે તેવું; ગાળનારૂં. *n*. That which has the power of resolving:છુટું પાડનાર.

Reso-nance,(રેઝ્'ઑનેન્સ્)*n*. [L. *re* & *sono*,I sound.]1. The act of resounding: પ્રતિધ્વની-શબ્દ થવો તે.

Reso-nant, (રેઝ્'ઑનેન્ટ્)*a*. Fitted to resound; resounding; echoing back: પ્રતિધ્વની-પડઘો પાડતું

Re-sort, (રીઝૉર્ટ્) *vi*. [L. *re* & *sortiri*, to get by lots.]1. To go:ની પાસે જવું. 2. To have recourse;to apply:-નો આશ્રય-આશરો પકડવો. 1.A place of frequent assembly: જવા આવવાની-બેસવા ઉઠવાની જગા;બેઠક.2.Resource:આખરનો ઉપાય;ઈલાજ.

Re-sound,(રીઝાઉન્ડ્)*vi*.[L.*re&sono*,I sound.] 1 To sound loudly:મોટેથી અવાજ થવો.2. To be filled with sound:ગાજી ઉઠવું.3.To echo: માં પડઘો પડવો.*vt*.1.To throw back the sound of:પ્રતિશબ્દ-ધ્વનિ થવો-ઉઠવો.2. To spread the fame of:-વખાણથી ગાજી ઉઠવું. *n*. Return of sound;echo:પ્રતિશબ્દ;ધ્વનિ;પડઘો.

Re source,(રીસૉર્સ્)*n*. [F.*re* & *surgo*,I rise.] Resort;expedient; means of overcoming a difficulty:યુક્તિ;તદબીર;ઈલાજ; સાધન;આશરો; ઇલમ;હુન્નર.2.*pl*. Pecuniary means: પુંજી;સંપત્તિ;છત.

Re spect,(રીસ્પેક્ટ્)*vt*.[L. *re* & *specio*,I look at.]1. To heed:ધ્યાનમાં લેવું. 2. To consider worthy of esteem;to regard with honour: માન-સન્માન રાખવું-ક૦. 3. To regard: સન્માન રાખવું.4. To have regard to:-ની સાથે સંબંધ રાખવો.*As* r.,as regards:-ના સંબંધમાં. *n*. 1. Care;caution: સંભાળ;કાળજી. 2. Esteem; regard:પૂજ્યબુદ્ધિ;અદબ 3.*pl*.An expression of respect or deference; regards: પ્રણામ; નમસ્કાર;સલામ;રામરામ 4.Reputation:કીર્તિ;ખ્યાતિ. 5. Relation: સંબંધ; અપેક્ષા. 6. Particular point of view:વિષય;બાબત.

Re-specta-bili-ty,(રીસ્પેક્ટ્'અબિલ્'ઇટિ)*n*.The state of being respectable:આબરૂ;ઇજ્જત;યોગ્યતા.

Re-specta-ble,(રીસ્પેક્ટ્'અબલ્)*a*. Worthy of respect:આબરૂદાર;સંભાવિત; પ્રતિષ્ઠિત.

Re-spectful,(રીસ્પેક્ટ્'ફુલ્)*a*.Marked or characterized by respect:મર્યાદાશીલ; અદબવાળું.

Re-specting,(રીસ્પેક્ટ'ઈન્ગ)*prep*. Regarding: વિષે;બાબે;સંબંધી;ઉદ્દેશીને.

Re-spective,(રીસ્પેક્ટ'ઇવ્)*a*.1.Looking toward; having reference to;relative: સાપેક્ષ; અન્ય સંબંધી; અન્યોન્યસંબંધી. 2.Particular; own: પોતપોતાનું;આપ આપણું;ખાસ.

Re-spective-ly,(રીસ્પેક્ટ'ઇવ્લિ)*adv*.1. As relating to each:દરેકને લગતું; પોતપોતાને અનુક્રમે.

Res-pi-ration,(રેસ્પિરે'શન્)*n*. 1. The act of respiring, or breathing again: શ્વાસ;શ્વાસો-ચ્છવાસ;પ્રાણ.

Respi ra-to-ry,(રેસ્'પીરેટૉરિ) *a*. Of or pertaining to respiration: શ્વાસો શ્વાસ સંબંધી.

Re-spire,(રીસ્પાઇર')*vi*.[L.*re*,& *spiro*, I breathe.]1.To take breath again:ફરીથી શ્વાસ લેવો.

Respite,(રેસ્'પિટ્)*n*. [L.*re* & *specio*,I look.] 1.A postponement or delay:ઢીલ;વિલંબ;વાર; મોકુફી.2.Pause:વિસામો;વિશ્રામ;અવકાશ.3.Temporary suspension of the execution of a capital offender: દેહાંત શિક્ષા થોડા વખત માટે મુલતવી રાખવી તેની તહકુબી. *vt*. 1. To delay: ઢીલ-વિલંબ કo. 2. To keep back from execution:દેહાંત શિક્ષા મુલતવી રાખવી. 3. To relieve by a pause:વિસામો આપવો.

Re splen dence-cy, (રીસ્પ્લેન્'ડેન્સ-ન્સિ) *n*. Brilliant luster;splendor:ચળકાટ; કાંતિ;પ્રભા.

Re-splendent,(રીસ્પ્લેન્'ડેન્ટ્)*a*.[L.*re* & *splendeo*,I shine.]Shining with brilliant luster; very bright:પ્રકાશિત;તેજસ્વી;ચકચકીત;દેદીપ્યમાન.

Re-spond,(રીસ્પૉન્ડ') *vi*. [L.*re* & *spondeo*,I promise solemnly.]1. To answer;to reply: જવાબ-ઉત્તર વાળવો. 2. To correspond:-ની જોડે અનુકૂળ-માફક આવવું.3. To be answerable:જવાબદાર થવું.*vt*.1.To answer;to reply: જવાબ-ઉત્તર મળવો.2.To correspond to:-ને મળતા આવવું.*n*.1. An answer:જવાબ;ઉત્તર.

Re-spondent,(રીસ્પૉન્ડ'એન્ટ્)*n* 1 (*a*)One who answers in certain suits: પ્રતિવાદી-પક્ષી. (*b*) One who maintains a thesis in reply: ઉત્તર પક્ષી; સમાધાન પક્ષી.

Re-sponse,(રીસ્પૉન્સ') *n*. [L.*respondeo*.]1. The act of responding:ઉત્તર આપવો તે 2 An answer or reply:જવાબ;ઉત્તર;પ્રત્યુત્તર.

Re-sponsi-bili-ty,(રીસ્પૉન્સ'ઇબિલ્'ઇટિ) *n*. 1. The state of being responsible:જવાબદારી. 2.That for which any one is responsible or accountable:ભાર;બોજો;જવાબદારી;જોખમ.3. Means of paying:જવાબદારી;જોખમ;જુમ્મો.

Re sponsi ble,(રીસ્પૉન્સ'ઇબલ્)*a*.1 Accountable;answerable:જવાબદાર;જુમ્મેદાર.2.Involving responsibility:જવાબદારીવાળું;જોખમ ભરેલું.

Re-sponsive,(રીસ્પૉન્સ'ઇવ્)*a*. 1. That responds:જવાબ દેનાર 2. Suited to something else:મળતું આવતું.3.Responsible:જવાબદાર.

Rest,(રેસ્ટ્)*vt*.[L.*re*,& *sto*,I stand.]To arrest: કેદ કo;પકડવું.*n* 1.A state of quiet or repose: વિસામો;વિરામ.2.Peace; security:શાંતિ; સમાધાન;સુખચેન.3.(*a*)Sleep; slumber:ઊંઘ;નિંદ્રાવસ્થા. (*b*) Hence, death:મરણ; મોત; મૃત્યુ.4. That on which anything rests:ટેકો;આધાર. **R**. *house*, a caravansary: મુસાફરખાનું;સરાઈ. *To set,or set up,one's* **r**.,to have a settled determination:નક્કી ઠરાવ-નિશ્ચય હોવો. *vi*. 1. To desist from labour:થાક ખાવો. 2.To lie; to repose: સુવું; આડા થવું.3. To stand firm: ઉપર ટકાવ કરવો.*To* **r**.*with*,to depend upon:-પર આધાર રાખવો.*vt*.1.To quiet:શાંત-સ્વસ્થ કo; શમાવવું;ઠેકાણે લાવવું 2.To cause to lean: આધાર રાખવો.*n*.1.Remainder; residue:શેષ; અવશેષ;બાકી.2.A surplus:વધારો. [અડીએલ.

Restiff,(રેસ્'ટિફ્)*a*.Restive; stubborn: હઠીલું;

Res-ti-tution,(રેસ્ટિટ્યૂ'શન્)*n*.[L.*re* & *statuo*, I cause to stand.]1 Compensation: બદલો. 2.The act of returning to former states: મૂળ સ્થિતિમાં આવવું તે;સ્વસ્થિતિ પ્રાપ્તિ.

Restive,(રેસ્'ટિવ્)*a*. 1. Unwilling to go on; stubborn:હઠીલું;દુરાગ્રહી;અડીએલ.

Restless (રેસ્ટ્'લેસ્)*a*.1.Uneasy:બેચેન;અસ્વસ્થ; અશાંત.2.Deprived of rest or sleep:ઊંઘ વગરનું;નિંદ્રાહીન-રહિત.

Res-to-ration,(રેસ્ટોરે'શન્) *n*.1. The act of restoring or bringing back to a former place:ઉદ્ધાર;જીર્ણોદ્ધાર. 2. The state of being restored;recovery of health:ફેર; આરામ; તબીયતનો સુધારો.

Res tora-tive,(રીસ્ટૉર'અટિવ્)*a*.Of or pertaining to restoration;having power to restore: તેજોદાયક;તેજસ્કર.*n*.Something which serves to restore: પુષ્ટિકારક ઔષધ-વાજીકરણ

Re-store,(રીસ્ટૉર')*vt*.[L.*re* & *sto*,I stand.]To store again:પાછું આપવું. 1 To recover:અસલ સ્થિતિમાં આણવું. 2. To bring back to the owner;to replace:-માં ફરીથી મુકવું;-ને ફરીથી આપવું.3. To make good: બદલો વાળવો. 4. To bring back from a state of injury;to cure: સાજું કo;મટાડવું.

Re-strain,(રીસ્ટ્રેન')*vt*.[L *re*&*stringo*,I draw tight.]1.To check; to curb:દાબમાં રાખવું.2. To draw back tightly:ખેંચી પકડવું,3.To abridge: ટુંકું-ઓછું કo. 4. To limit: હદ બાંધી આપવી.

Re-straint,(રીસ્ટ્રેન્ટ')*n*.1.The act of restraining;hindrance of the will:નિરોધ.2.The state of being restrained:દાબ;અંકુશ.3. Limita-

tion;restriction: બંધન;મર્યાદા;હદ.

Re-strict,(રીસ્ટ્રિક્ટ)*a*.[L.*re*&*stringo*, I draw tight.]Restricted:સાંકેલું;બંધન કરેલું. *vt*. To limit:ની મર્યાદા કરવી.

Re-striction,(રીસ્ટ્રિક્'શન)*n*.1 the act of restricting:નિરોધ. 2. Limitation; restraint: હદ;મર્યાદા;સીમા.

Re-strictive,(રીસ્ટ્રિક્'ટિવ્) *a*. 1. Serving to restrict:દાબ-અટકાવ કરે એવું;નિયામક;બંધક.

Re-stringent,(રીસ્ટ્રિન્'જેન્ટ)*a*.Styptic,astringent:કોઠાને મજબૂતી આપે એવું;બંધક;અવરોધક.

Re-sult (રીઝલ્ટ્)*vt*.[L.*re*&*salio*,I leap.]1.To come out;to terminate;to have consequence:થી નિકળવું-નું પરિણામ છેવટ આવવું.*n*.Consequenee;effect:છેવટ;પરિણામ;ફળ.

Re-sume,(રીઝ્યૂમ્)*vt*.[L.*re* & *sumo*,I take.] 1. To take back:પાછું લેવું.2.To enter upon or take up again: ફરીથી પ્રવેશ ક૦.3 To recommence:પુનઃ-ફરીથી આરંભવું.*n*.A condensed statement; recapitulation: સંક્ષેપ; સાર; સારાંશ.

Re-sumption,(રીઝમ્'શન)*n*.1.The act of resuming:પાછું લેવું તે; પ્રત્યાદાન; પુનર્ગ્રહણ.

Res-ur-rect,(રેઝરેક્ટ)*vt*.1.To take from the grave;to disinter:કબર-ઘોરમાંથીકાઢવું 2.To reanimate;to restore to life: સજીવન ક૦.

Res-ur-rection,(રેઝરેક્'શન)*n*.[L.*re*&*surgo* I *rise*.]1.The rising again from the dead: મુએલા ઉઠવું તે; પુનરૂજ્જીવન; કયામત. 2. Future state:મોક્ષ;ગતિ.

Re-susci-tate,(રીસસ્'ઇટેટ્)*vt*.[L. *re*&*surtum*,upward&*cico*,I make to go.]To recover from apparent death:સજીવન ક૦.*vi*.To come to life again:ફરીથી જીવતું થવું.

Re-tail,(રીટેલ્)*n*.The sale of commodities in small quantities or parcels:પરચુરણ-છૂટક-વેચાણ.*a*.Engaged in retailing commodities:પરચૂરણ-છૂટક વેચનાર.*vt*.1. To sell in small quantities: પરચૂરણ-છૂટકવેચવું. 2. To sell at second hand:એકવાર વાપરેલો માલ વેચવો.

Re-tailer,(રીટેલ્'અર)*n*.One who retails any thing:પરચૂરણ-છૂટક-થોડું થોડું કરીને વેચનાર.

Re-tain,(રીટેન્)*vt*.[L.*re*&*teneo*,I hold.]1.To continue to hold;to keep in possession: રાખવું;કબજામાં રાખવું;છોડી-મૂકી ન દેવું.2.To keep in pay;to hire:ચાકરીમાં રાખવું;કામે લગાડવું.

Re-tainer,(રીટેન્'અર)*n*.1.One who or that which retains:રાખનાર 2. An attendant:હજુરીઓ; ખીજમતદાર.3. (*Law*) A fee paid to engage lawyer or counselor:વકીલની ફી.

Re-tali-ate,(રીટેલ્'ઇએટ્)*vt*.&*vi* [L.*re*&*talio*, like for like.]To return the like for;to return evil for (evil):નો બદલો-વેર વાળવું-લેવું.

Re-tali-ation,(રીટેલ્'ઇએ"શન)*n* Retribution; the return of evil for evil:વૈરનિર્યાતન-પ્રતિ ક્રિયા.

Re-tali-at-ive,(રીટેલ્'ઇએટિવ્)*a*. Tending to or involving retaliation; retaliatory:વેર લે એવું;વેરભાવી.

Re-tard,(રીટાર્ડ્)*vt*.[L.*re*&*tardus*,slow.]1.To continue to hinder:અટકાવવું:To put off:વાર લગાડવી.*vi*.To stay back:પાછું રહેવું.

Retch,(રેચ્)*vi*.To make an effort to vomit; to strain,as in vomiting:ઉલટીકo;ઉછાળા આવવા.

Re-tention,(રીટેન્'શન)*n*.[L.*re*&*teneo*,I hold.] 1.The act of retaining or the state of being retained:રાખવું-રખાવું તે.2.The power of retaining:ધારણાશક્તિ;ગ્રહણસામર્થ્ય.3.Restraint:અંકુશ;દાબ;અટકાવ.

Re-tentive,(રીટેન્'ટિવ્)*a*. Having power to retain:ધારણશક્તિવાળુ.A r. *faculty*: ધારણાશક્તિ;ગ્રહણ-સામર્થ્ય.

Reti-cence-cy,(રેટ્'ઇસેન્સ-સિ-રેટ્'ઇસેન્સિ)*n*.1.Refraining to speak of that which is suggested;uncommunicativeness:ચુપકી;મૌન;મૂકભાવ.

Reti-cent (રેટ્'ઇસેન્ટ) *a*. [L.*re*&*taceo*, I am silent.] Inclined to keep silent:ચુપકીવાળું; ચુપ;શરમાળ;મૌનાવલંબી.

Re-ticu-lar (રેટિક્'યૂલર)*a*.[L.*rete*, a net.] 1. Having the form of a net:જાળીદાર-વાળું.

Re-ticu late,Re-ticu-lat-ed, (રેટિક્'યૂલેટ-રેટિક્'યૂલેટેડ્)*a*.1.Resembling net work: જાળીદાર કામ જેવું.

Reti-culation,(રેટિક્'યૂલે'શન)*n*.Network;an organization resembling a net: જાળીદાર.

Reti na,(રેટ્'ઇને)*n*.[L.*rete*,a net.] The delicate membrane by which the back part of the globe of the eye is lined:આંખની કીકી.

Reti-nue,(રેટ્'ઇન્યૂ)*n*.[L.*re*,&*teneo*, I hold.] A train of attendants;a suite; ચાકરનફર;સવારી રસાલો.*Light* r.: છડી સ્વારી.

Re-tire,(રીટાઇર્)*vt*.[L.*re*&*traho*,I draw.] 1. To designate as no longer qualified for active service;to cause to retire:ઘેરબેસાડવું.*vi*. 1.To go back:પાછું જવું 2.To retreat from action or danger:જવું;પાછું જવું 3.To withdraw from a public station or business: સરકારી કામ મૂકી બેસવું.4.To go to bed:સુવા જવું;સુઈ રહેવું.

Re-tired,(રીટાઇર્ડ્)*a*.1.Private;secluded:ખાનગી;એકાંતવાસી2.Withdrawn from active duty or business:સરકારી કામ મૂકી ઘેર બેઠેલું.

Re-tirement,(રીટાઇર્'મેન્ટ)*n*.1.Withdrawal; seclusion:અધિકાર ત્યાગ.2 A place of seclusion or privacy:એકાંત સ્થળ-રહેઠાણ;નિર્જનસ્થાન.

Re-tiring,(રીટાઇર્'ઇંગ્)*a*.1.Reserved;shy: સ-

ત્નયુક્ત;મર્યાદાવાળું;અદબવાળું; સંકોચ વૃત્તિવાળું. 2.Of or pertaining to retirement:એકાંતવાસ સંબંધ.

Re-tort,(રીટૉર્ટ્')vt.[L.re & torqueo, I twist.] 1.To return as an argument, accusation, censure,etc:ઉલટાવીને-ઉલટું-સામું-વિરૂદ્ધકહેવું-બોલવું;પ્રતિક્ષેપક૦.vi.To return an argument or a charge;to make a severe reply:સામું-વિરૂદ્ધ બોલવું;-સખ્ત જવાબ દેવો.n.1 A quick and witty or severe response:ફેર જવાબ; ઉલટો સામો આપેલો જવાબ. [નવો ફેરફાર કરી સુધારવું.

Re-touch,(રીટચ')vt.1.To improve;to revise:

Re-trace,(રીટ્રેસ')vt. 1. To trace back, as a line:-નું મૂળ શોધવું 2.To go over again in a reverse direction:પાછા ફરીને જવું.3.To draw again:ફરીથી કાઢવું-ચીતરવું.

Re-tract,(રીટ્રૅક્ટ')vt.[L.re & traho,I draw.]1. To draw back:પાછું ખેંચી લેવું. 2. To recall: બોલેલું પાછું ખેંચી લેવું. vi. 1. To draw back: પાછું ખેંચી લેવું. 2. To take back what has been said:બોલેલું રદ્દ ક૦; ફરી જવું.

Re-tracta-ble, (રીટ્રૅક્ટેબલ) a. Capable of being retracted; retractible: બોલેલું રદ્દ કરી શકાય તેવું.

Re-traction,(રીટ્રૅક્શન)n 1 The act of retracting or drawing back:પાછું ખેંચવું તે.2. Declaration of change of opinion: પાછો ઈનકાર કરવો તે.

Re-trait,(રીટ્રેટ')n.[L.re & traho,I draw.]A portrait;a likeness:છબી;પ્રતિમા;આકૃતિ.

Re-treat.(રીટ્રીટ')n.[L.re & traho,I draw.]1. A place of safety; a refuge; an asylum: આશ્રમ;આસરો;શરણ.2.(a) The retiring of an army from the face of an enemy:શત્રુ આગળથી પાછું હઠવું તે;પલાયન. vi. To make a retreat;to withdraw:પાછું હઠવું-જવું.

Re-trench,(રીટ્રેન્શ')vt.1. To cut off: કાપી નાંખવું.2.To lessen;to abridge:ઓછું ક૦;કમી કરી ગુજરાન ચલાવવું. vi. To cut down living expenses:ખર્ચ ઘટાડી નાંખવું.

Re-trenchment,(રીટ્રેન્શમેન્ટ)n.1. The act or process of retrenching:કાપકૂપ.2.A work constructed within another, to prolong the defence of the position when the enemy has gained possession of the outer work: જ્યારે શત્રુએ બહારનો કોટ હસ્તી કબજે કર્યો હોયત્યારેબચાવમાટેબાંધેલાબહારનાકોટનીઅંદરનોકોટ.

Re-tribute,(રીટ્રિબ્યૂટ)vt. [L. re & tribuo,I bestow.]1.To pay back: બદલો વાળવો.

Ret-ri-bution,(રેટ્રિબ્યૂશન)n.1.Repayment: બદલો;અવેજ;ફળ;પ્રતિફળ.2.Return suitable to the merits or deserts of,as an action:કામ કર્યા પ્રમાણે આપેલો બદલો;નશિયત;શિક્ષા; બદલો.

Re-tribu-tive.(રીટ્રિબ્યૂટિવ)a.Of,or pertaining to retribution: કામ પ્રમાણે ફળ મળે તેવું.

Re-trieve,(રીટ્રીવ')vt.1 To regain:પાછું મેળવવું. 2.To recall:પાછું બોલાવવું.3.To remedy the evil consequences of: નુકશાન-ટોટો ભરી આપવો n. A seeking again;a discovery: પાછું ખોળી કાઢવું તે-શોધી કાઢવું તે.

Re-tro-cede,(રીટ્રોસીડ')vt.[L.retro,& cedo,I go.]To cede or grant back: પાછું મંજુર કo-આપવું.

Retro-grade,(રીટ્રોગ્રેડ)a.[L. retro, back & gradus,a step.]1.Apparently moving backward:વક્રગતિનું;વક્ર; વક્રગામી. 2 Having backward course:વાંકું; ઉલટું.3. Declining from a better to a worse state:ઉતરતી હાલતનું.vi. 1.To declinefrom a better to a worse condition: ની પડતી દશા આવવી-થવી.

Re-tro-gression,(રીટ્રોગ્રેશન)n.1 Retrogradation: પ્રતિપગમન;વિપરીતગમન;વક્રગતિ.

Re-tro-spect,-tion,(રીટ્રોસ્પેક્ટ-રીટ્રોસ્પેક્શન) n.The act of looking back on things past: ગઇ ગુજરી વાતનો વિચાર;સિંહાવલોકન; ગતાવલોકન.

Re-tro-spective,(રીટ્રોસ્પેક્ટિવ)a.1.Looking backward:ગઈ ગુજરી વાતનો વિચાર કરતું 2.Having reference to what is past;retroactive: ગતકાલાપેક્ષી.

Re-turn,(રીટર્ન')vt & vi.To turn again: પાછું ફરવું.vi.1.To go or come again to the same place:મૂળ હોય તેમાં પાછું મળી જવું.2.To speak in answer:જવાબ આપવો.3.To revert:-ને પાછું મળવું vt. 1. To bring, carry, send, or turn back:પાછું આપવું-મોકલાવવું-હવાલે કરવું-લઇ જવું. 2.To repay:પાછું-મજરે આપવું.3. To give in recompense:-નો બદલો આપવો. 4. To report officially by a list or statement:- ની યાદીપત્રક કરીને મોકલવું.5.To send back to tribunal:જ્યાંથી નિકળ્યું હોય ત્યાં પાછું મોકલવું.To r. a lead: પોતાનો ભીરૂ જે રંગ ઉતર્યો હોય તેજ રંગ ઉતરવો. n. 1. The act of returning to the same place:પાછું જવું-આવવું તે; પુનરાગમન. 2. Restitution;repayment;requital:બદલો;અવેજ.(a) A payment;a remittance:ભરણું;બદલો. (b)An answer:જવાબ.(c)An account,or formal report:પત્રક;યાદી 4 An official report,account, or statement: સરકારી યાદી;પત્રક;નોંધ.

Re-turna-ble,(રીટર્નેબલ)a.1.Capable of, or admitting of being returned:પાછું લાવવા જોગ લવાય એવું: કાયદેસર પાછું મોકલાય એવું.

Re-union,(રીયૂનયન) n. 1. Second union; union formed anew after separation:પુનર્યોગ;પુનઃસંયોગ;પુનઃ સમાગમ. 2. An assembly

of persons who have been separated:મિત્ર-મંડળ. [સલાહ કરાવવી;ફરી મેળ કરાવવો.

Re-u-nite,(રીયૂનાઇટ્')*vt.& vi.*To unite again:

Re-va-lescent,(રીવૅલેસ્'એન્ટ્)*a*.[L.*re* & *valeo*, I am strong] Growing well; recovering strength:સારૂં-સાજું થવું;બળ-જોર પાછું આવવું.

Re-veal,(રીવીલ્')*vt*.[L.*re* & *velum*,a veil.]1. To make known;to disclose:ઉઘાડું કo,પડદો ખોલવો. 2.To communicate:પ્રકાશવું;પ્રેરવું;પ્રકટ કo.**R**.*science*:ઇશ્વરોક્તશાસ્ત્ર.*n*.1.A revealing; a disclosure: જાહેર-પ્રસિદ્ધ-પ્રકટ કરવું તે;પ્રકટી કરણ;સ્પષ્ટીકરણ.

Revel,(રેવ્'એલ્) *n*. A feast with loose and noisy jollity: મોજખાની (મદ્યપાનની). *vi*. To indulge without restrain: ખાઈ પીને મસ્તી કરવી. *vt*. [L. *re* & *vello*,I pluck, pull.] To draw back to retract:પાછું ખેંચવું-તાણવું.

Rev-e-lation,(રેવી લે'શન્)*n* 1 The act of revealing or disclosing: પ્રકટીકરણ; સ્પષ્ટીકરણ. 2. That which is revealed: જાહેર કરેલી વાત. 3 (*Theol.*)(*a*)The act of revealing divine truth:ઈશ્વરનું સત્ય જાહેર કરવું તે.(*b*)The Bible: ઇશ્વરોક્તશાસ્ત્ર;બાઈબલ;ખ્રીસ્તિ ધર્મશાસ્ત્ર.

Revel-ry,(રેવ્'એલરિ) *n*. Noisy festivity:ચેન-આનંદ;ખુશાલી.

Re-venge,(રીવેન્જ્')*vt* 1.To inflict harm in return for,as an injury,insult,etc ;to avenge: -ને માટે વેર વાળવું.2 To wreak vengeance maliciously: ખુનસથી વેર લેવું. *vi*. To take vengeance:વેર લેવું.*n*.1.Vengeance:વેર;ખાર;કીનો. 2. The disposition to revenge: વેર લે-ખાર-દ્વેષ રાખે એવો સ્વભાવ.

Re-vengeful,(રીવેન્જ્'ફુલ)*a*. Vindictive;malicious:વેરી;કીનાખોર;ખારીલું;ઝેરીલું;ખુનસી. *A* **r.** *person*:કાળો નાગ.

Reve-nue,(રેવ્'એન્યૂ)*n* [L.*re* & *venio*,I come] 1.The annual rents,profits,interest,or issues of any species of property;income:વાર્ષિક ઉપજ-પેદાસ-આયપત;આવક.2. The annual yield of taxes, excise, customs, duties, rents,etc:જમા;જમાબંધી;જમાવસુલ; વસુલ;મહેસુલ;વસુલાત.

Re-verb,(રીવર્બ્') *vt*.To echo:પડઘો પાડવો.

Re-verber ate,(રીવર'બરૅટ)*a* [L.*re*&*verber*, a lash.]1 Reverberant:પ્રતિધ્વનિ થતો.*vt*.1.To echo:પડઘો પાડવો.2.To send or force back: પાછું મોકલવું કાઢવું.3.To fuse by reverberated heat:તાપ કરીનેગાળવું.*vi*.1.To resound:પડઘો પડવો. [of reechoing sound:પ્રતિશબ્દ;પડઘો.

Re-verber ation,(રીવર'બરે'શન્)*n*.The act

Re-vere,(રીવીર્')*vt*.[L.*re*&*vereor*,I feel awe.] To venerate;to adore:નમસ્કાર કo;માન આપવું.

Rever-ence,(રેવ્'અરેન્સ્) *n*. 1. Veneration, profound respect & esteem:પૂજ્યબુદ્ધિ;શ્રદ્ધા; માન;આદર.2.A token of respect or veneration:પ્રણામ; નમસ્કાર.*vt*.To venerate:માન આપવું;પૂજ્ય ગણવું.

Rever-end,(રેવ્'એરેન્ડ્)*a*.Worthy of reverence: venerable: પૂજ્ય; માન્ય; માનનીય; ઉપાસ્ય.

Rever-ent,(રેવ્'એરેન્ટ્)*a*.1 Submissive;humble:નમ્ર;શ્રદ્ધાળુ.

Rev-er-ential, (રેવેરેન્'શૅલ્) *a*. Proceeding from or expressing reverence:પૂજ્ય;શ્રદ્ધાળુ.

Rever-ie,**Rever-y**,(રેવ્'અરિ)*n*. Deep musing:વિચારમાં નિમગ્ન-તલ્લીન થવું તે.2.An extravagent conceit of the fancy:ચિંતન; મનસ્વી કલ્પનાઓ.

Re-versal,(રીવર્સ્'ઍલ્)*a*.Intended to reverse: ફેરવવાનું.*n*.1.The act of reversing: ફેરફાર.

Re-verse,(રીવર્સ્')*a*. [L.*re* & *verto*,I turn.]1. Opposite or contrary in kind:ઉલટું;વિપરીત. 2.Turned upside down; ઉંધું વાળી નાંખે એવું. *n*.1 (*a*)Complete change;reversal:પૂર્ણ-તદ્દન ફેર-ફેરફાર.(*b*)A misfortune;defeat:ઉતરતી દશા; વિપત્તિ.2 The back side:અવળીબાજુ. *vt*.1.To turn back:ઉંધું વાળવું.2.To cause to return: પાછું બોલાવવું.3.To change totally: તદ્દન ફેરવી નાંખવું.4.To turn upside down:ઉંધું વાળવું.5. To overthrow:ઉલટાવી દેવું.6. To overthrow by a contrary decision;to make void:ફેરવવું;રદ્દ કo.*vi*.1.To return:પાછું આવવું.2. To become or be reversed:ઉલટું-વિપરીત થવું.

Re-versi-ble,(રીવર્સ'ઇબલ્)*a*.1.Capable of being reversed:ઉલટાવી શકાય તેવું. 2.Having a a pattern on both sides:બન્ને તરફ સવળું દેખાય એવી ભાતવાળું.

Re-version, (રીવર્'શન્) *n*. [L. *re*&*verto*, I turn.] 1. The act of returning or coming back:પુનરાગમન 2 The returning of an estate to the grantor or his heirs:પહેલાંઆપનારની પાસે અથવા તેના વારસ પાસેમિલ્કતનું પાછું જવું તે. 4. A right to future possession or enjoyment:વારસો મેળવવાનો પહેલો અધિકાર.

Reversion-a-ry,(રીવર્'શનૅરિ) *a*.(*Law*) Of or pertaining to a reversion: હવે પછી ભોગવટો કરવાનું-સંબંધિ;**R**.*right*.શેષભોગાધિકાર **R**.*heir*: ઉત્તરાધિકારી.

Re-version er,(રીવર્'શનર્)*n*.One who is entitled to lands or tenements,after an estate granted is terminated: ઉત્તરાધિકારી.

Re-vert,(રીવર્ટ્')*vt*.[L.*re* & *verto*, I turn.] 1. To turn back;to reverse:ઉલટું ફેરવવું.2. To change back:પાછું બદલવું. *vi*. 1. To return પાછું આવવું.2.To return,wholly or in part,

towards some preexistent form: પહેલાં હતું તે સ્થિતિ-રૂપમાં આવવું.

Re-verti-ble,(રીવર્ટ્ઇબલ) *a.* Capable of, or admitting of, reverting or being reverted: પાછું ફેરવી શકાય તેવું.

Re-vest,(રીવેસ્ટ્)*vt.*[L.*re*&*vestis*,a garment.] 1.To clothe again: ફરીથીલુગડાં પહેરવાં. 2. To vest again with possession or office: ફરીથી સત્તા-અધિકાર આપવો. *vi.* To vest again, as a title; to revert to a former owner. પાછું આવવું-મળવું-પ્રાપ્ત થવું.

Re-view,(રીવ્યૂ)*vt.*1.To see again: પાછું ફરીથી જોવું.2.(*a*) To reconsider: ફરીથી જોઈ જવું. (*b*) To go over with critical examination: ગુણદોષ વિચારવા;પુસ્તકપરીક્ષાકo.(*c*)To make a formal or official examination: સરકારનીતપાસકરવી.(*d*)To examine judicially: કાયદેસર ફરી તપાસ કo. *n.*[L.*re*,&*video*,I see.]1.A retrospective survey: પુનરવલોકન;સિંહાવલોકન.2 An examination with a view to amendment: બીજી વારની તપાસ-ચોકસી;પુનર્વિચાર;તપાસ 3. A criticism;critique: ગુણદોષવિવેચન;ગ્રંથાવલોકન. 4.A periodical containing critical essays upon matters of interest: ગુણદોષનું વિવેચન કરનાર ચોપાનિયું;ટિકાકાર.5. An inspection of troops: લશ્કરની તપાસણી.

Reviewer,(રીવ્યૂ'અર) *n.* One who reviews or re-examines: ગુણદોષવિવેચક;પુસ્તકનાગુણદોષ કાઢનાર.

Revile,(રીવાઈલ્)*vt.*& *i.*[L.*re* & *vil*,vile.] To reproach: બદબોઈ-નિંદા કo;-નું ભુંડું બોલવું. *n.* Reproach;reviling: બદબોઈ;નિંદા.

Re-viler, (રીવાઇલ'અર)*n.* One who reviles: ભુંડું બોલનાર;ગાળદેનાર;નિંદક;અપવાદક.

Re-visal-sion,(રીવાઈઝ્'અલ-રીવિઝ્હન)*n.* The act of revising & re-examining for correction and improvement: તપાસણી;તપાસ;શુદ્ધિ; સંશોધન;પુનઃપરીક્ષા.

Re-vise,(રીવાઈઝ્)*vt.*[*re*&*video*,I see]1.To re-examine: ફરીથી તપાસવું.2.To compare with a previous proof of the same letter: એકજલખાણના પહેલા પ્રુફ સાથે બીજું પ્રુફ સરખાવી જવું. 3. To review, alter and amend: ફરીથી જોઈ જવું.

Re-visit,(રીવિઝ્'ઈટ્)*vt.*1. To visit again: ફરીથી મુલાકાત કરવી-લેવી;પાછું ફરીથી જોઇ જવું.

Re-vival,(રીવાઇવ્'અલ)*n.*1.The act of reviving or the state of being revived: પુનર્જીવન. 2. Renewed attention to letters or literature: વિદ્યાની વૃદ્ધી-ચડતી થવી તે. 3. Renewed performance of or in something, as drama: નાટક ફરીથી ભજવી જવું તે.4.A period of religious awaking.ધર્મ સજીવન;ઉદ્ધાર.5. Reanimation from a state of languor or depression: સંજ્ઞાપ્રાપ્તિ;ચેતનાલાભ;પ્રબોધ.

Re-vive,(રીવાઇવ્)*vi.*[L.*re*&*vivo*,I live.]1.To return to life: સજીવન થવું.2.To recover from a state of depression: સારી હાલતમાં આવવું.*vt.* 1.To restore or bring again to life: સચેતન કo;ફરીથીજીવ આણવો.2.To raise from languor or depression: ને ઉત્તેજન-ધીરજ-હીંમત-ભરોસો આપવો 2 To recover from a state of neglect or disuse: ની ચડતી-વૃદ્ધી થવી 4. To renew in mind: યાદ કo-લાવવું.

Re-vivi-fi-cate-fy,(રીવિવિ ફિકેટ્-રીવિવ્'ઇફાઈ) *vt.* To revive; to restore to life: તાજું-ફરીથી સચેતન કરવું.

Rev-i-viscent,(રેવિવિસ'સેન્ટ્)*a* [L *re*&*vivo*,I live.]Reviving: ફરીથી તેજ જીવઆણતું.

Revo-ca-ble,(રેવ'ઑકબલ્)*a* [L. *re* & *voco*, I call.] Capable of being revoked: ફેરવી-રદકરી શકાય તેવું.

Rev-o-cation,(રેવોકે'શન્)*n.*1.The act of calling back or the state of being recalled: પાછું બોલાવવું તેડાવવું તે.2.Repeal;reversal: ખંડન; નિવર્તન;પ્રત્યાદેશ.

Re-voke (રીવોક્)*vt* [L.*re* & *voco*,I call.] 1.To call or bring back: ફરીથી બોલાવવું-લાવવું.2.To repeal: રદ-બાતલ કરવું.3. To withdraw: પાછું ખેંચી લેવું.

Re-volt,(રીવોલ્ટ્)*vi.*[L.*re* & *volvo*,I roll.]1.To turn away: સામે ઉઠવું. 2 To rebel: ફીતુર-બંડ કરવું.3.To be disgusted or grossly offended: કમકમાટ ઉપજવો.*vt.*1. To do violence to: ને કમકમાટ ઉપજાવવો.*n.*The act of revolting; rebellion: ફીતુર;બંડ;બળવો;રાજદ્રોહ.

Re-volting,(રીવોલ્ટ'ઈન્ગ્)*a.* Loathsome: કંટાળો-કમકમાટ છૂટે એવું;બીભત્સ;ત્રાસદાયક;ત્રાસજનક.

Rev-o-lution,(રેવોલ્યૂ'શન્)*n.*1.The act of revolving; rotation: પરિભ્રમણ. 2. The space measured by the regular return of a revolving body: પરિવર્તન; પરિવૃત્તિ; ભ્રમણ. 3. A total or radical change: તદ્દન ફેરફાર;ઉંધું ચતું. 4 A fundamental change in political organization: રાજ્યની ઉથલપાથલ;રાજ્યક્રાંતિ.

Rev-o-lution-a-ry,(રેવોલ્યૂ'શનરિ)*a.*Of or pertaining to a revolution in government: રાજ્યક્રાંતિ સંબંધી. *n.* A revolutionist: રાજ્યમાં બંડ ઉથલપાથલ કરનાર.

Rev-o-lution-ize,(રેવોલ્યૂ'શનાઇઝ્)*vt.*To change completely as by revolution: ઉથલપાથલ કo.

Re-volve,(રીવૉલ્વ્)*vi.*[L.*re* & *volvo*,I roll.]1. To roll round on;to rotate: ફરવું;પ્રદક્ષિણા કo. 2.To move in a curve path round a centre: ની પ્રદક્ષિણા કo.*vt.*1.To cause to turn,as on

an axis:ફેરવવું.2.To turn over and over in the mind:મનમાં ઘોળાયા કરવું.

Re-volven-cy,(રીવૉલ્વ'એન્સિ)*n.* Revolution: પરિભ્રમણ;પરિવર્તન;ચક્રગતિ.

Re-volver,(રીવૉલ્વ'અર્)*n.*1.One who or that which revolves: પરિભ્રમણ કરનાર.2 A kind of firearm:વધારે નળીયોવાળી અને એકજ ઘોડાથી ફરતી બંદુક;રીવૉલ્વર.

Re-vulsion,(રીવલ'શન્)*n.*[L.*re* & *vello*,I pull.] 1.A strong pulling or drawing back:પાછું ફરવું તે. 2.Sudden reaction:એકાએક ફેરફાર.

Re-ward,(રીવૉર્ડ') *vt.* To give in return:ને પાછું-બદલે આપવું.*n.*1.Recompense;requital: ઇનામ;બક્ષીસ.2. The fruit of one's labor or works:પ્રતિફળ;બદલો [to the fox:લોંકડી;શિયાળ.

Reynard,(રે'નાર્ડ)*n.*An appellation applied

Rhap-sodic, al,(રેપ્સૉડ'ઇક્ ઇક્લ)*a.* Of or pertaining to rhapsody:સંબંધ વગરનું;વિસંગત; અસંબદ્ધ.

Rhapso-dy,(રેપ્'સૉડિ)*n.* [Gr. *rhapto*,I sew & *ode*,a song.]1. A recitation or song of a rhapsodist:સંબંધ વગરનું ભાષણ-ગાયન. 2. A disconnected series of sentences or statement:તુટક ભાષણ-લખાણ;અસંબદ્ધ કવિતા.

Rhetor-ic,(રેટ્'ઑરિક્)*n.*[Gr.*rheo*,I speak.]1. Oratory,the art of speaking with propriety, elegance & force:સુભાષિત ભાષણ કરવાની વિદ્યા.2. Artificial eloquence: છટાદાર ભાષણ.

Rhe-toric-al,(રેટૉર્'ઇકલ) *a.* Pertaining to rhetoric;oratorical:ભાષણ કરવાની કળાનું-સંબંધી;વાઙ્મય.

Rhet o-rician,(રેટૉરિ'શન્)*n.*1.One wellversed in the rules and principles of rhetoric: અલંકારશાસ્ત્ર જાણનાર.2.A teacher of rhetoric: ભાષણ કરવાની વિદ્યા શિખવનાર.

Rheu-matic,(રૂમૅટ્'ઇક) *a.* Pertaining to rheumatism: સંધિવાને લગતું;વાતરોગ સંબંધી.

Rheuma-tism,(રૂ'મૅટિઝમ્)*n.*(*Med.*)A general disease characterised by painful,local inflammations,usually affecting the joints and the muscles: સંધિવા;કળતર.

Rhi-noce-ros,(રાઇનૉસ'એરૉસ)*n.*[Gr.*ris,rinos*, the nose & *keras*,a horn.]Any pachyderm belonging to the genera *Rhenoceros*:ગેંડો.

Rhombus,(રૉમ્'બસ્)*n.*[L.]1. An equilateral parallelogram:જેની ચારે બાજુઓ બરાબર છે પણ ખૂણાઓ કાટખૂણા નથી એવી ચતુરકોણ આકૃતિ.

Rhomboid(રૉમ્'બૉઇડ્) *n.* [Gr. *rhombos*, & *eidos*,shape.]An oblique angled parallelogram like rhombus but having only the opposite sides equal:જેની સામસામેની બાજુઓ સમાન પણ ખૂણાઓ અસમાન એવી ચતુરકોણ આકૃતિ.

Rhubarb,(રૂ'બાર્બ)*n* 1.The name of several large perennial herbs of the genus *Rheum*: રેવંચિનીના છોડવાઓ.

Rhyme,(રાઇમ્)*n.*1.Poetry;a composition in verse:કવિતા;કાવ્ય.2.Correspondence of the sound in terminating words:અનુપ્રાસ;યમક;ઝમક.3.A couplet:દુહો-શ્લોક.4 A word answering in sound to another word:અનુપ્રાસ. *Neither* r.*nor reason*:તાલ કે તંત. *vi.* 1. To make rhymes of verses:કવિતા કરવી રચવી 2. To accord in rhyme or sound: યમક-અનુપ્રાસ મળતા-મળતા આવવા.*vt.*1.To put into rhyme: કવિતા છંદોબદ્ધ ક૦.

Rhyth mic-al,(રિથ'મિકલ)*a.* Pertaining to or of the nature of rhythm:તાલબંધ;લય-બંધ.

Rib,(રિબ્)*n* 1.One of the curved bones supporting the lateral walls of the thorax:પાંસળી;પાંસળું.*The* r.s:હાડપિંજર.2.(*a*)One of the timbers or bars of iron or steel, that branch outward and upward from the keel: વહાણની બાજુઓમજબુતકરવાને વાંકું જડેલું લાકડું. (*b*)A ridge,fin, or wing to stiffen it: કશાનું પાસુ-બાજુ.(*c*)One of the rods on which the cover of an umbrella is extended:છત્રીનો દાંડો. (*b*)An elongated pillar of ore or coal left as a support: ટેકાને માટે રાખેલો કાચીધાતુઅગર કોલસાનોથાંભો થાંભલો ટેકો.*vt.*1.To furnish with ribs:નખી મુકવી.

Ribald,(રિબ્'ઑલ્ડ)*n.*A wretch;a lewd fellow: ફાટેલ;ભુંડું-નઠારૂં બોલનાર.*a* Low;mean;base:હલકું;મોઢાનું છટ્ટું;ફાટેલું;નાગું.

Ribald-ry,(રિબ્'ઑલ્ડ્રિ)*n.*Low,vulgar language;indecency:નાગું-હલકું-ઉઘાડું ભાષણ;અસભ્ય ભાષણ. [woven fabric:ફીત;કોર;પટી;પટો.

Ribbon,(રિબ્'ઑન્) *n.* 1 A fillet or narrow

Ribibe,(રિબ્'ઇબ્) *n.* A sort of stringed instrument:સારંગી;સતાર. 2. An old woman: ઘરડી સ્ત્રી; ડોસી.

Rice,(રાઇસ્) *n.* A well-known cereal grass and its seeds:ડાંગર;સાળ;ભાત.**R.***in husk*:ડાંગર.

Rich,(રિચ્)*a* [L.*rex,regis*,a king.]1 Wealthy; opulent; affluent: શ્રીમંત;તાલેવંત;પૈસાદાર; ધનવાન;**R** *From birth*:ગર્ભશ્રીમંત.2 Abundant: અતિશય;સંપન્ન.3.Productive or fertile;fruitful: ફળદ્રુપ.4. Highly valued;કિમતી;ભારે; અમૂલ્ય.5.Abounding in agreeable or nutritive qualities:સ્વાદિષ્ટ; મિષ્ટ. 6. Full of sweet and harmonious sounds: મધુર;સુસ્વર.

Riches,(રિચ્'એઝ્)*n. pl* Wealth:સંપત્તિ; લક્ષ્મી.

Richly,(રિચ્'લિ)*adv.*In a rich manner:સંપન્નતાથી;સારી રીતે;શોભીતી-ઉમદા-પુરતી રીતે; અતિઘણું.

Richness,(રિચ્'નેસ્)*n.*The quality or state

of being rich:તાલેવંતપણું;રસાળપણું;ધનાઢયતા.

Rick,(રિક્) *n*.A stack or pile, as of grain: ઢગ;ગંજ.*vt*.To heap up in ricks:ઢગલો-ગંજ કરવો.

Rictus,(રિક્'ટસ્)*n*. [L. the aperture of the mouth.]The gape of the mouth,as of birds: પક્ષિઓના મ્હોંની ફાડ-બાકું.

Rid,(રિડ્)*vt*.1. To save: બચાવવું;છોડવવું. 2. To free;to clear:કાઢીને સાફ કરી મૂકવું.3.To drive away;to make away with;to destroy:કાઢી મૂકવું;નાશ કo. *To be* **r.** *of*,to be free or delivered from: થી મુક્ત-છુટા થવું;-માંથી છુટવું.*To get* **r.** *of*, to free one's self from: -થી પોતાની જાતને-પોતે મુક્ત કo.

Riddance,(રિડ્'ઍન્સ્) *n*. 1. Deliverance; a cleansing up or out:છુટકારો;સાફ કરી નાંખવું તે.

Riddle,(રિડ્'લ્) *n*. 1. A sieve with coarse meshes: મોટા વેહવાળી ચારણી. *vt*. 1. To pass through a riddle: મોટા વેહની ચારણીમાંથી ચાળવું.*n*. A puzzling question:ઉખાણો;સમસ્યા;કોયડો.*vt*.To explain;to solve:સમજાવવું; સમસ્યા-ઉખાણો છોડવો.

Ride,(રાઇડ્)*vi*.[L.*rheda*,a chariot.]1.To be carried on the back of an animal, as a horse:ઘોડા અથવા બીજા કોઇ વાહનપર બેસીને જવું; સ્વારી કo.*To* **r.** *easy*: વહાણને સુખપૂર્વક-આંચકા કે હેલાવગરલાંગરવું.*vt*.*To* **r.** *a hobby*:મનગમતો ધંધો-વાતનો વિષય હોવો. *To* **r.** *and tie*, to take turn with another in labor and rest:મહેનતઅનેઆરામમાંભાગલેવો.*To* **r.** *over*,to trample down in riding: પરઘોડો ફેરવી વાળવો. *n* 1. The act of riding;an excursion on horseback;સેલ;સવારી.2.A saddle horse: સ્વારીનોઘોડો.

Rider,(રાઇડ્'અર્)*n*.1 One who or that which rides:સવારીકરનાર.

Ridge,(રિજ્)*n*.1.The back or top of the back: પીઠ;પીઠનો ઉપલો ભાગ 2.A range of hills or mountains:ડુંગરા-પર્વતોની હાર 3.The intersection of two surfaces forming a salient angle:છાપરાનો મોભ-ટોચ.*vt*.1.To form a ridge of:ડુંગરાની હાર બનાવવી.2.To form into ridges with the plow:ચાસ પાડીને આસપાસની જમિનઉંચી કo.3.To wrinkle:કરચલી પાડવી. [વાંસાનું હાડકું.

Ridge-bone,(રિજ્'બોન્)*n*.Theback bone:પીઠ;

Ridi-cule,(રિડ્'ઇક્યૂલ્)*n*.[L.*ridiculum*,a jest] 1.An object of sport or laughter:હાસ્યજનક પદાર્થ-પદ.2.Banter;derision:હાસ્ય; હાંસી; ઠઠ્ઠો; મશ્કરી.*vt*.To laugh at mockingly: ની મશ્કરી હાંસી-કo.

Ri-dicu-lous,(રિડિક્'યૂલસ્)*a*.1.Fitted to excite ridicule:હસી કાઢવા જોગ; હાસ્યજનક.

Ri-dicu-lously,(રિડિક્'યૂલસ્લિ)*adv*.In a manner to excite laughter: હાસ્યજનક રીતે.

Riding,(રાઇડ્'ઇન્ગ્)*a*.1.Employed to travel; travelling:મુસાફરી કરતો-કરનારો. 2. Used for riding on:સ્વારી કરવાનું; સ્વાર થવાનો.3. Used for riding or when riding;devoted to riding:સ્વારીના કામમાં લેવાતું-વપરાતું.**R.***clerk*: કોઇ વ્યાપારી પેઢીને માટે મુસાફરી કરનાર ગુમાસ્તો. *n* The act of riding:સ્વારી;અશ્વારોહણ.

Riding-hood,(રાઇડ્'ઇન્ગ્હુડ્)*n*. A hood worn by women when riding:ઘોડાપર બેસતી વેળાએ સ્ત્રીને પહેરવાનો ડગલો.

Ri-dotto,(રિડૉટ્'ટો)*n*.A favorite Italian public entertainment:ગાનતાનનીગમત-મઝા;જલસો.

Rife,(રાઇફ્)*a*.1.Prevailing: પ્રચલિત; શક્તિવાન; ચંચળ;ચાલાક;ચપળ.

Riffraff,(રિફ્'રૅફ્)*n*. Sweepings; refuse; the lowest order of society:કચરો;પુંજો;ઘાંચી-મોચી કોળીકાછી;-નીચવર્ણ.

Rifle,(રાઇ'ફ્લ્)*vt*.To rob:લુંટીલેવું.*vi*.1.To commit robbery:ચોરી-લુંટ કo.*n*.1.A gun the inside of whose barrel is grooved with spiral channels:પેચની બંદુક. 2. *pl*. A body of soldiers armed with rifles:પેચની બંદુકોવાળા સિપાઇઓ.*vt*. To channel:ખાંભણ પાડવાં.

Rifl-er,(રાઇ'ફ્લર્)*n*.One who rifles;a robber: ચોર;લુંટારો;હરણકરનાર.

Rift,(રિફ્ટ્)*p.p*.of **Rive**.*n*.1.A cleft;a fissure: ચીરો;ફાટ;તરડ.2.A shallow place in a stream; a ford:નદીમાં છીછરા પાણીવાળી જગ્યા;આરો,.*vt*.To cleave:ચીર પાડવી *vi*.1.Toburst open:ફાટપડવી.

Rig,(રિગ્)*n*.1. The peculiar fitting in shape, number and arrangement of sails and masts:જૂદાજૂદાપ્રકારનાસઢ,ડોળવિગેરેબાંધવાનીખાસવ્યવસ્થા.*vt*.1.To furnish with apparatus or gear to fit with tackling:વહાણને સઢદોરડાંવિગેરે બાંધી તૈયારકo.*To run a* **r.**;to play a trick:પેચ રમવો. *vi*.To play the wanton:કાવતરાં-કપટ છળ-કo.

Rigger,(રિગ્'અર્)*n*. One whose occupation is to fit the rigging of a ship: વહાણના સઢ બાંધનાર. [વહાણનાં સઘળાં દોરડાં;સાજ;સામગ્રી.

Rigging,(રિગ્'ઇન્ગ્)*n*. Dress;tackle: પોશાક;

Riggish,(રિગ્'ઇશ્)*a*.Like a rig or wanton: રમતીઆળ; કામી; વિષયી.

Right,(રાઇટ)*a*.[L.*rego*, I rule.]1.Straight; direct:સિધ્ધો;પાંસરૂં;પાધરૂં 2.Upright:સિધું;ટટાર. 3.Just:અદલ;વાજબી.4.Fit:લાયક;ઘટિત.5.Real: હકદાર;ખરૂં.6.Not mistaken:સાચું;ખરૂં.Opposite to left:દક્ષિણ;જમણો **R.***angle*: કાટખૂણો. **R.** *ascension*:વિષુવાંશ.*adv*.1. In a right manner:ખરી-વાજબીરીતે.2.Exactly;just:બરોબરરીતે; ન્યાયથી.4.Righteously:સત્યપૂર્વક.5.According to any rule of art; correctly:બરોબર રીતે.6. According to fact or truth:ખરીરીતે.**R.***ho-*

norable:નેકનામદાર.**R.** *along*, continuously: અટકયાવિના-વગર;*Right away*,or *right off*,at once;without delay:એકદમ;તરતજ.*n*.1(*a*) That which one has a natural claim to exact: હક;દાવો.(*b*)Legal power,authority:સત્તા;અધિકાર.(*c*)Claim:હક્ક;દાવો;ઇંસાખો.(*d*)Privilege or immunity granted by authority:છૂટી;સ્વતંત્રતા;હક.*Bill of rights*,a list of right:હકનું લીસ્ટ.*By* **r.**,*by* **r.s**, or *by good* **r.s**, rightly; properly;correctly:વાજબી-બરોબર રીતે.*To set* **to r.s**, *to put to* **r.s**, to set in good order: બરાબર-દુરસ્ત ક૦.*Might is* **r.**:બળિયાના બે ભાગ.*vt* 1. To set upright:ખરૂં ક૦;સુધારવું.**2.**To vindicate: -પર વેર લેવું-વાળવું.*vi*.1.To recover the proper or natural position:અસલ સ્થિતિ પાછી મેળવવી.

Right-angle, (રાઇટ્'ઍન્ગ્લ) *n*. The angle formed by one line meeting another perpendicularly:કાટખૂણો. [ધર્મી.

Righteous,(રાઇટ્'યસ્)*a*.Just; holy: સત્યવાદી;

Righteous-ness,(રાઇટ્'યસ્નેસ્)*n*.1.Holiness; purity:પવિત્રાઈ;શુદ્ધતા.**2.**A righteous act:ધર્મિષ્ઠ કામ-પણું.**3.**The acts or conduct of one who is righteous:ન્યાયી-ધર્મિષ્ઠ માણસનાં કૃત્યો ચાલચલગત.

Rightful,(રાઇટ્'ફુલ્)*a*.1.Upright;good:વાજબી; ખરૂં;યથાર્થ.2 Consonant to justice;just:યથાન્યાય.3 Being or holding by right;having the right or just claim:દાવેદાર;સત્તાધારી;અધિકારી;હકદાર;વાજબી;ખરૂં.

Right-hand-ed,(રાઇટ્'-હૅન્ડેડ્)*n*. Using the right hand habitually:જમણો હાથ વધારે સહેલાઇથી વાપરવું.

Right-heart-ed, (રાઇટ્'હાર્ટેડ્) *a*. Having a right heart or disposition:સારા સ્વભાવનું.

Rigid,(રિજ્'ઇડ્) *a*. [L. *rigeo*, I am stiff with cold.] 1. Flexible:વળે - મરડાય નહિં એવું.**2.** Severe:કરડું;સખ્ત;કઠણ.

Ri-gidi-ty,-ness,(રિજિડ્'ઇટિ-રિજ્'ઇડ્નેસ્)*n*. 1. The quality or state of being rigid:ન વળે-મરડાય એવું હોવું તે.**3.**Severity: કઠોરતા; કડકતા.

Rigma-role, (રિગ્'મરોલ્) *n*. Foolish talk; nonsense:લવારો;અર્થવિનાનુંભાષણ;બકબક;બકવા.

Rigor,(રિગ્'ઑર)*n*.1.Rigidity:સખ્તાઇ;કઠોરતા. *n*.(રિગર)[L.*rigeo*,I am stiff.]**2.**Rigidity:કઠણાશ;કઠોરતા.3.See 1st **Rigor,2,3.**Severity of climate or season:દેશ-હવા-ઋતુની સખ્તાઇ.**4.** Stiffness of opinion or temper:સખ્ત-આકરાપણું.**5.**Strictness:સખ્તાઇ.[નિષ્ઠુર.**2.**Severe:સખ્ત.

Rigor-ous,(રિગ્'ઑરસ)*a*.1.Exact;strict:કઠોર;

Rigor-ous-ly,(રિગ્'ઑરસ્લિ)*adv*.Exactly;strictly:કરડી રીતે;સખ્તીથી;કઠોરપણે;બારીકીથી.

Rile,(રાઇલ્)*vt*.1.To render turbid or muddy; to stir up:ડહોળાવાળું-મેલુંકરવું-બનાવવું;ગંદુ ક૦.

Rill,-et,(રિલ્'-રિલ્'એટ્)*n*.1.A very small brook; a streamlet:નાળું;નહાની નદી;ઝરો. [કિનાર.

Rim,(રિમ્)*a*.1. The border of a thing: કોર;

Rima,(રાઇ'મે) *n. pl.* **Rimæ.** [L.] (*Anat.*) A cleft; a fissure:સાંકડી અને લાંબી ફાટ;ચીરો;ચીરાડો.

Rime, (રાઇમ્) *n*.A chink;a fissure;a crack: કાણું;ફાટ;ચીરો.White frost:ધોળું-જામેલું ઝાકળ. *vi*. To freeze into hoarfrost:ઠરીને ધોળું ઝાકળ થવું.

Rimple,(રિમ્'પલ્)*n*.A fold or wrinkle:કરચલી; કરચોળી.

Rind,(રાઇન્ડ્)*n*.Skin;hide; bark: peel: ચામડી; ચામડું;ત્વચા;છોલ;છાલ.*vt*.To remove the rind of:-ની છાલ ઉતારી લેવી.

Ring,(રિન્ગ્)*vt*.[*imp*.**Rang** or **Rung**. *p. p.* **Rung**.]1 To cause to sound:વગાડવું;ખણખણ અવાજ ક૦.**2.**To make *sound* as by ringing a bell:ઘંટ વગાડવો;અવાજ ક૦ *vi*.1.To sound as a bell:વાગવું; અવાજ થવો; ખણખણવું.2. To sound loud;to resound:મોટો અવાજ ક૦; ગાજવું; ગાજી રહેવું.3. To be filled with report or talk:-માં ગાજી રહેવું;-ની વાત ચાલી રહેવી;-નો ભુમાટો થઈ રહેવો.*n*.1.A sound:અવાજ;રણકો; ખણખણાટ.2. A circle or a circular line:ગોળ;કુંડાળું;વર્તુળ;કડી. 3. A circular ornament of gold or other precious material worn on the finger or attached to the ear,the nose,or some other part of the person:વીંટી;અંગુઠી; મુદ્રિકા;મુદ્રા; વેઢ;છલ્લો;વાળી;કુંડળ;નથ;વેસર;ઝીણવા;જોટવાં;તોડા, અંગુઠીયાં;કડું.4.A circular area in which races are run or other sports are performed:ચક્કર; કુંડાળું;ગોળ 5.Any inclosed space in which pugilists fight:અખાડો;ચક.6.A circular group of persons:કુંડાળું;મંડળ.*vt*.1.To surround with a ring;to encircle: ની આસપાસ કુંડાળું ક૦ **2.**To fit with a ring,or rings:વીંટી-અંગુઠી પહેરાવવી;ડુક્કરના નાકમાં નથ ઘાલવી.*vi*.To rise in the air spirally:ચકર ચકર ગોળ ફરતાં ફરતાં ઉપર ચઢવું-કુડવું.

Ring-lead-er,(રિન્ગ્'લીડર્)*n*.1.A leader of a body of men engaged in the violation of law:બંડખોરોની ટોળીનો સરદાર-આગેવાન;નાયક;નેતા

Ringlet,(રિન્ગ્'લેટ્)*n*.1.A small ring or circle: નાની વીંટી-અંગુઠી;વેઢ.**2.**A curl of hair:વાળનો ગુચ્છો;ગુલ્ફું.

Ring-worm,(રિન્ગ્'વર્મ્)*n*.A contagious affection of the skin: દાદર;ફરાજ;ગજકરણ.

Rinse,(રિન્સ્)*vt* 1.To wash lightly:ધીમેધીમે-આછે હાથે ધોવું;વિંછળવું.

Riot,(રાઇ'ઑટ્)*n* 1.Uproar;tumult:હુલ્લડ; દંગો. 2 Wild and loose festivity;revelry:મસ્તી; ધામધુમ-ધમાચકડી. 3. The tumultuous disturbance of the public peace: સુલેહ ભંગ.

To run riot, to act wantonly or without restraint:વંઠવું;મર્યાદા લોપવી.*vi*.1.To engage in riot; to riot:મસ્તી ક૦;રંગવાળી મીજબાની-ભોગવિલાસ ક૦.2. To disturb the peace:તોફાન-હુલ્લડ ક૦.

Riot-er,(રાઇ'ઑટર)*n*.1.A reveler:ભોગ-વિલાસી. 2.One who engages in a riot:બળવાખોર;ફીતુરી;તોફાન કરનાર;રાજદ્રોહી.

Riot ous,(રાઇ'ઑટસ)*a*.1. Luxurious:શોખીલું. 2.Seditions:તોફાની;ફીતુર ભરેલું.

Rip,(રિપ્)*vt* 1. To tear or cut open or off; to tear off or out by violence: ચીરીને-ફાડીને-કાપીને કાઢવું.2.To get by or as by,cutting or tearing:માંહેથી કાઢવું. 3. To discover;to disclose:પ્રગટ-ખુલ્લું ક૦.4 To saw lengthwise of the grain or fiber:લાકડું કાપું વહેરવું.

Ripe,(રાઇપ્)*n*.[L.*ripa*.]The bank of a river: નદીનો કિનારો. *a*. 1. Ready for reaping or gathering; having attained perfection: પાકું;પક્વ. 2. Advanced to the state of fitness for use:પરિપક્વ.3.Mature: પક્વ.4.Ready for action or effect:તૈયાર. *vi*. To ripen;to grow ripe:પાકું-પક્વ થવું.

Ripen,(રાઇપ્'ન્) *vi*. To grow ripe: પાકવું. *vt*. To cause to mature to make ripe: પકવવું.

Ripeness,(રાઇપ્'નેસ્)*n*.Maturity; completeness;perfection:પરિપૂર્ણતા;પક્વતા;પ્રૌઢતા.

Ripple,(રિપ્'લ્)*n*.An implement with teeth like those of a comb:પાવડી;દાંતી,દાંતીઓ.*vt*.1. To remove the seeds from by means of of a ripple: દાંતીઆવતી દાણા ઉખેડી લેવા. *vi*. To make a sound as of water running gently over a rough bottom: ખડબચડા તળીઆ ઉપર ધીમેથી વહેતા પાણીનો અવાજ થવો.*vt* To fret or dimple as the surface of water:-ઉપર લહેર આવવી-ઉઠવી. *n*. Little curling waves:ઝીણું ઝીણાં મોજાં;લહેર.

Ris,(રિસ્)*n*.A bough or branch;a twig:ડાળી.

Rise,(રાઇઝ્)*vi*.1.To ascend:ચઢવું;ઉંચે જવું;આરોહણ ક૦.(*a*)To go upward by walking,climbing,flying,or in any other way:ચાલીને,ચઢીને,ઉડીને અથવા એવી બીજી કોઇ રીતેઉપરજવું-આવવું. (*b*)To ascend or float in a fluid:પ્રવાહીપદાર્થમાં ઉંચે ચઢવું-તરવું. (*c*) To move upward under the influence of a projecting force: ઉછળવું; કુદવું (*d*)To grow upward: ઉંચું વધવું-ઉગવું.(*e*)To swell:ફુલાવું;- માં પાણી ચઢવું. (*f*) To become erect:ઉઠવું;ઉભા થવું.(*g*)To leave one's bed;to arise:ઉઠવું;જાગવું.(*h*) To tower up;to be heaved up:પર ઝઝુમીને રહેવું. 2. (*a*) To appear above the horizon:ઉગવું;-નો ઉદય થવો.(*b*)To become perceptible to other senses than sight:ઉઠવું.(*c*)To have a begining, to originate:-નું મૂળહોવું;-માંથીશરૂ-ચાલુથવું. 3.To increase in size,force or value:કદ-બળ અથવા કિંમતમાં વધવું.(*a*)To increase in power or fury,said of wind or storm:શક્તિ-જુસ્સામાંવધવું;-નુંજોરવધવું;પ્રબળ થવું.(*b*) To become larger;to swell:વધવું;ઉપસવું.(*c*)To increase in intensity(*at heat*.):વધવું;-નું જોર વધવું.(*d*) To increase in amount: રકમમાં વધવું.4.(*a*) To go to war:લડાઇમાં જવું;સામાઉઠવું.(*b*)To come to mind; to occur: મનમાં આવવું; સ્ફુરવું.5.To ascend from the grave:કબરમાંથી ઉઠતા થવું. 6.To terminate an official sitting:ઉઠવું;વિસર્જન-બરખાસ્ત થવું.*n*.1.Spring;source;origin: ઝરો;મૂળ; ઉદ્ભવ. 2. Appearance above the horizon:ઉદય;ઉદ્ગમ.3.Increase;advance:વધારો;વૃદ્ધિ;તેજી;ચઢતી;ઉદય;અભ્યુદય;પદવૃદ્ધિ; તેજીવૃદ્ધિ;ચઢતી કળા;ચઢતી પાયરી;ઉન્નતિ;ઉત્કર્ષ.

Ris-i-bili-ty-Risi-ble-ness,(રિઝિબિલ્'ઇટિ-રિઝ્'ઇબલ્નેસ્)*n*. The quality of being risible: હસવાની ટેવ-આદત;હાસ્યશીલતા-જનકતા;હસનસામર્થ્ય.

Risi-ble,(રિઝ્'ઇબિલ્) *a*. [L. *rideo*, I laugh.] 1.Having the power of laughing;disposed to laugh: હસે એવું. 2. Exciting laughter; worthy to be laughed at:હાસ્યજનક; હાસ્યોત્પાદક.

Rising,(રાઇઝ્'ઇન્ગ)*a*.1.Attaining a higher place:ઉંચી સ્થિતિવાળું.2.Increasing in wealth power or distinction: દોલત-શક્તિ-પ્રખ્યાતિમાં વધતું-ચઢતું.3.Growing:વૃદ્ધિ પામતું.*prep*.More than; upwards of:-ના કરતા વધારે-જાદે.

Risk,(રિસ્ક્)*n*.[L.*reseco*,I cut off.]1.Hazard; danger;peril:ધોકો; ધાસ્તી.*To run a.r.*,to incur hazard:જોખમ માથે વહોરવું. *At all r.s*:ગમે તેમ થાય તોપણ. *vt* 1. To expose to risk:જવાબદારીમાથે લેવી.

Rite,(રાઇટ)*n*.[L.*ritus*.]A ceremony:ધર્મક્રિયા.

Ritu-al,(રિટ્'યૂઅલ)*a*.Of or pertaining to rites or ritual:ધર્મક્રિયાસંબંધનું.*n*.1.Prescribed form of performing divine service;કોઇખ્રિસ્તીમંડળમાં ધર્મ ક્રિયાની પદ્ધતિ;કર્મપદ્ધતિ.

Ritu-al-ist,(રિટ્'યૂઅલિસ્ટ)*n*. One skilled in, or attached to,a ritual:ધર્મક્રિયાબરાબરપાળનાર.

Rivage,(રિવ્'એજ)*n*.[L.*ripa*, a bank.] 1. A bank: કિનારો; કાંઠો. 2. A duty paid to the crown for the passage of vessels on certain rivers:કેટલીક નદીઓ પસાર કરતાંલેવાતોકર.

Rival,(રાઇ'વલ)*n*.[L *rivus*,a brook.]1.A person having a common right or privilege with another;a partner:બરાબરીઓ;સહભાગી. 2.A competitor:પ્રતિસ્પર્ધી; હરીફ. *a*.Having the same pretentions or claims: બરાબરીઆ

સ્પર્ધા-સરસાઈ કરનાર.*vt.*1. To stand in competition with:ની સાથે સ્પર્ધા કo. *vi.*To be in rivalry:ની સાથે હરીફાઈ હોવી.

Rival-ry,(રાઇ'વલ્રિ)*n.pl.***Rivalries.**A competition; emulation:ચડસાચડસી;સ્પર્દ્ધા.

Rive,(રાઇવ્)*vt.*To split; cleave:ચીરવું;ફાડવું.*vi.* To be split or rent asunder: ચીરાવું; ફડાવું.

River. (રિવ્'અર્) *n.* [L. *ripa*,a shore.] 1. A stream larger than a rivulet or brook:નદી, નદ-સરિતા.

River-bed,(રિવ્'અર્-બેડ્)*n.* The bed or bottom of a river: નદીના તળીઆની જમીન;પાત્ર.

River-dra-gon,(રિવ્'અર્ડ્રૅગન્)*n.* A crocodile: મગર;સુસર;સુસવાટ.

River-horse, (રિવ્'અર્હૉર્સ્) *n.* The hippopotamus:દરિઆઇઘોડો;જળઘોટક;સુસવાટ;ગ્રાહ.

Rivet, (રિવ્'એટ્)*n.* A pin or bolt headed or clinched at both ends:બન્ને તરફથી-છેડેથીબેસાડેલો ખીલો.*vt.*1.To fasten with a rivet:ખીલાથી મજબૂત જડવું.

Rivu-let,(રિવ્'યૂલેટ્)*n.*[L *rivus*,a brook.] A small stream or brook;a streamlet:વહેળિયું.

Road,(રોડ્)*n.*1 A journey or stage of a journey: રસ્તો;માર્ગ;વાટ;પંથ.2.A place where one may ride:રસ્તો;સડક;માર્ગ.3. A place where ships may ride at anchor:સમુદ્રમાંજ્યાં નાંગરેલાં વહાણ તરતાં રહી શકે તે જગ્યા;નાંગરણ.*To go on the* **r**: વેપારી મુસાફરના કામમાં રોકાવું. *To take the* **r.**,to begin or engage in travelling:મુસાફરી કo કરવા માંડવી.*To take to the* **r.**, શરીયામ-ચોરી રસ્તા ઉપર લુંટફાટ-ચોરી કo.*Public* **r.**:રાજમાર્ગ;શાહદારીમાર્ગ;ધોરી રસ્તો.

Roam,(રોમ્)*vi,&t.*To rove;to wander.અટકવું.

Roar, (રોર્)*vi.*1 To cry with a full,loud,continued sound:આરડવું;બૂમ મારવી; બરાડવું. (*a*) To bellow, or utter a deep loud cry, as a lion or other beast:ગર્જનાકo; ગર્જવું. (*b*) To cry loudly,as in pain:ચીસ પાડવી; આક્રંદ કo. *n*1.The sound of roaring:શબ્દ;સ્વર;ધ્વનિ.(*a*) The deep,loud cry of a wild beast:ગર્જના; નાદ; બરાડો. [ગર્જના.

Roaring,(રોર્'ઇન્ગ્)*n.*1.A deep,loud sound:

Roast,(રોસ્ટ્)*vt.* 1 To cook by exposure to radiant heat before a fire:ખૂબ તાપપર મૂકીને રાંધવું;શેકવું.2.To heat to excess: ખૂબ તપાવવું; તમ કo.*To rule the* **r.**,to be at the head of affairs: કામકાજના ઉપરી તરીકે હોવું;-ના ઉપરી-કર્તા હર્તા હોવું.

Rob,(રૉબ્)*vt.*1.To plunder: ચોરવું; લુંટવું.2. To take the property of (*any one*) from his person by violence:છીનાવી લેવું;પડાવી લેવું.

Robber,(રૉબ્'અર્)*n.*One who robs:ચોર;લુંટારો.

Robber-y,(રૉબ્'અરિ) *n.* 1. Theft; depredation:ચોરી;લુંટ;અપહરણ.2. The crime of robbing;pillage:લુંટવાનો-ચોરવાનો ગુન્હો;ચોરી;ધાડ;ચોરી.

Robe,(રોબ્)*n.*1.An outer garment:જબ્બો;જામો. **R.**.*of honor presented by a king*:ખિલત. *vt.*To dress;to array:પોશાક પહેરવો.

Robin,(રૉબ્'ઇન્)*n.*A small European singing bird, having a reddish breast: રતાશ પડતી છાતીવાળી એક ચકલી.

Ro-bust,(રોબસ્ટ્)*a.* [L. *robur*, strength.] 1. Strong: જોરાવર; બળકટ; જબર. 2. Requiring strength or vigor:મહેનતનું.

Ro-bustness,(રોબસ્ટ્'નેસ્)*n.*The quality or state of being robust:મજબૂત-જબ્બરપણું;જોમ.

Roche-alum,(રૉકલ્'અમ્) *n.*A kind of alum occurring in small fragments:સ્વચ્છ ચોખી ફટકડી.

Rock,(રૉક્)*n.*1.Any natural deposit forming a part of the earth's crust:ખડક; ખરાબો *vt.* 1.To cause to sway backward and forward: હીંચકા નાંખવા;હલાવવું.2. To put to sleep by rocking;.to still;to quiet: હીંચકા નાંખીને ઉંઘાડવું. *vi.* 1. To move or be moved backward and forward;to totter:ડોલવું;ઝુલવું;હાલવું;લથડવું. [pid quartz:કાચમણિ;સ્ફટિક પથ્થર.

Rock-crys-tal,(રૉક્ક્રિસ્ટલ) *n.* (*Min.*) Lim-

Rocker.(રૉક્'અર્)*n.*1.One who rocks a cradle ઝુલાવનાર;હીંચકા નાંખનાર; હિંચોળનાર.**2.**A play horse on rockers;a rocking horse: પૈડાંવાળો છોકરાંઓને બેસવાનો ઘોડો.

Rocket,(રૉક્'એટ્)*n.* [L. *rocheta*, a firework ignited.]1.An artificial firework:હવાઈ; બાણ;અગ્નિબાણ.*vi.* To rise straight up:સીધું ને સીધું ઉંચે ચઢવું.

Rocki-ness,(રૉક્'ઇનેસ્)*n.*The state or quality of being rocky:ઘણા ખડકવાળી જગાવાળું હોવું તે.

Rock-oil,(રૉક્'ઑઇલ્)*n.* See *Petroleum*: ભોંયમાંથી નિકળેલું તેલ.

Rock-salt,(રૉક્'સૉલ્ટ્)*n.*1.Salt dug from the earth:ખાણમાંથી નિકળેલું-ખોદી કાઢેલું મીઠું;સિંધવ.

Rocky,(રૉક્'ઇ)*n.*1.Full of,or abounding in rocks:ખડકથી ભરેલું-વાળું.

Rod,(રૉડ્)*n* 1.A straight and slender stick; a wand: સોટી; દંડ. (*a*) An instrument of punishment or correction:સજા-શિક્ષા કરવાનું ઓજાર;દંડ;સોટો. *Figuratively*,chastisement: સજા;શિક્ષા; નશીયત (*b*) A kind of scepter or badge of office: છડી; રાજદંડ. *Hence, fig.*, power;authority:સત્તા;અધિકાર.**2.**A measure of length containing sixteen & a half feet: સાડાસોળ ફુટનું એક માપ;કાઠી.

Rodent,(રૉ'ડેન્ટ્)*a.*[L.*rodo*,I gnaw.]1.Gnaw-

ing;biting:કાતરી-કરડી ખાનારૂં.

Rodo-mon-tade,(રૉડ્'ઑમૉન્ટેડ્) *n.* Vain boasting: ખાલી પતરાજી;ટેશી;ડોળ.

Roe,(રો)*n.*(*a*)A roebuck:એકજાતનું હરણ.(*b*)The female of any species of deer:મૃગલી;હરણી.

Roe,(રો)*n.*1.The ova or spawn of fishes and amphibians:માછલીનાં ઇંડાં.

Ro-gation,(રોગે'શન્)*n.* [L. *rogo*,I ask.] 1 A proposed law or decree:પ્રતિપાદિત ધારો-કાયદો.2.Litany;supplication: કાલાવાલા.

Rogue,(રોગ)*n.* [Gr.*a* & *ergon*, work.] 1. A vagabond: રખડેલ; ઉખડેલ.2.A knave:લુચ્ચો. *Pack of* **r.s:** ચંડાળચોકડી. *vi.* To play the vagabond: ભટકવું; રખડવું. *vt.*1. To give the name or designation of rogue to;to descry: -ને લુચ્ચો-ઠગ-ધુતારો કહેવો.

Roguer-y,(રોગ્'અરિ)*n.* 1. The life of a vagrant:લુચ્ચા-ઠગારા ધુતારાની જીંદગી. 2. Knavish tricks;cheating;fraud:લુચ્ચાઇ;દગલબાજી;ઠગાઇ;ઠગવિદ્યા.

Roguish,(રોગ્'ઇશ્)*a.*1.Vagrant:ભટકેલ;રખડેલ. 2.Knavish:ધૂર્ત;કપટી;લુચ્ચું;શઠ;ખળ;ઠગારૂં.

Roil,(રૉઇલ્)*vt.* 1. To render turbid by stirring up the dregs or sediments of: ડોળી નાંખવું.2.To perplex:ગુંચવવું *vi.*1.To wander: રખડવું.[bluster:to swagger: ગડબડ- ધાંધળ થવું.

Roist, (રૉઇસ્ટ્)*vi.* [L. *rusticus*, rustic] To

Roll,(રોલ)*vt* [L.*rota*,a wheel.]1.To cause to revolve by turning over and over: ગબડાવવું;ફેરવવું 2.To wrap round on itself:-નો વિંટાળો-વિંટો કo;વિંટાળવું. 3. To inwrap (often with *up*):વિંટવું. 4. To drive forward with an easy motion: કોઇપણ જાતની ગતિથી આગળ વધવું 5.To press or level with a roller:વેલણ આકારના સંચા-રોલવડે સપાટ કo;-પર રોલ ફેરવવું. 6.To turn over in one's mind;to revolve: વિચાર-વમળમાં પડવું *To* **r.** *One's self*, to wallow: ગુલાંટ ખાવી. *vi.*1. To revolve upon an axis:ધરીપર ફરવું.2.To move on wheels:ગોળ ફરવું;ચક્રગતિ કo;દોડવું 3.To be wound or formed into a cylinder or ball: ગોળો થવો-વિંટો થવો.4. To fall or tumble (with *over*): ઉપર થઇને જવું.5. To turn;to move circularly:ફરવું;ઘુમવું.6.To move as waves or billows:મોજાંની પેઠે જવું. 7. To rock: ડોલા-ઝોલા ખાવા.8. To turn over; to wallow: આળોટવું. 9. To make a loud or heavy rumbling noise: ગડગડવું; ગર્જના થવી. *n.* 1.The act of rolling or the state of being rolled: ગબડાવવું તે 2. That which rolls;a roller:રોલર 3.That which is rolled up:જેનો વિંટો થાય તેવો પદાર્થ: (*a*)A scroll:કાગળિયો;ભુંગળું;વિંટો.(*b*)A register:યાદી; નોંધ;તકતો.(*c*)A cylindrical twist of tobacco: તમાકુનો પડો-પડિકું.4 A heavy reverberatory sound:ગર્જના;ગરગડાટ.*To call the* **r**:હાજરી પૂરવી.

Roller,(રોલ્'અર્)*n.*1.One who,or that which rolls:ફેરવનાર;વેલણ;લાટ.2.A bandage:પટો;પટ્ટી.

Rollic, (રૉલ્'લિક્)*vi.*To frolic:મોજમજા રમત-ગમત કo.

Rol-licking,(રૉલ્'લિકિન્ગ્)*a.*Frolicsome:મોજી.

Rolling, (રોલ્'ઇન્ગ્) *a.* 1. Turning over and over as if on an axis or a pivot:ગબડતું. 2. Moving on wheels or rollers:પૈડાંપર ચાલતું.

Rolling-pin,(રોલ્'ઇન્ગ્-પિન્)*n.* A cylindrical piece of wood or other material: વેલણ.

Ro-maic, (રોમે'ઇક્)*a.*Of or relating to modern Greece and especially to its language:અર્વાચીનગ્રીસ અથવા ત્યાંની યુનાની ભાષા સંબંધીનું.

Roman,(રો'મેન્)*a.*[L.*Roma*,Rome.]1. Of or pertaining to Rome or the Roman people:રોમ શહેર કે ત્યાંના રહેવાશીઓનું-વિષે-સંબંધી.

Ro-mance,(રોમૅન્સ્')*n.*1.A fictitious and wonderful tale: અતિ અદ્ભુત-કલ્પિત વાત;કાદંબરી. 2.An adventure of series of extraordinary events: અદ્ભુત બનાવો.*a.* Of or pertaining to the language or dialects known as *romance*:કલ્પિત કથાનું-સંબંધી.

Roman-cement,(રૉમૅન્'સીમેન્ટ્)*n* A kind of cement: ઘણી સરસ જાતનો કોલ.

Ro-man-esque,(રોમૅનેસ્ક્')*a.*1.Somewhat resembling the Romans:રોમન રાજ્યની બાંધણી. 2.Fanciful: કલ્પિત.

Roman-ism,(રો'મૅનિઝમ્)*n.*The Roman Catholic religion:રોમનકૅથોલિક ધર્મ-મત.

Roman-ize,(રો'મૅનાઇઝ્)*vt.*1.To Latinize; to fill with Latin words or idioms:લૅટિન ભાષાના પારિભાષિક શબ્દો ઉમેરવા-માં નાખવા.2.To convert to the Roman Catholic religion:રોમનકૅથોલિકધર્મમાં લઇ જવું-ભેળવવું.*vi.*1.To use Latin words and idioms:લૅટિન ભાષાના શબ્દો વાપરવા.

Ro-mantic,(રોમૅન્'ટિક્)*a* 1.Fanciful;marvellous: અદ્ભુત;કલ્પિત 2. Entertaining ideas and expectations suited to a romance: અદ્ભુત રસાત્મક.

Romish,(રોમ્'ઇશ્)*a.* Belonging or relating to Rome,or to the Roman Catholic Church:રોમ શહેર-પંથ-ધર્મનું-વિષે-ને લગતું.

Romp,(રૉમ્પ્)*vi.*To play rudely and boisterously:ધીંગાણું-કુદાકુદ કo;ધમશાણ મચાવવું.*n.*1. A girl who indulges in boisterous play: મસ્તીખોર છોકરી.2.Rude, boisterous play or frolic:કછાછળી રમત-ખેલ;ધમાચકડી.

Ronion, (રૉન્'યૅન્) *n.* A mangy or scabby

creature:જાડી અને કદરૂપી સ્ત્રી;કાતમા.

Saving, (સેવ'ઇન્ગ) *a.* 1.Preserving:બચાવનારૂં. 2.Frugal; economical: કરકસરીયું. 3. Securing salvation:મુક્તિપ્રદ;ઉદ્ધારક.*Prep.*or *conj.*, but properly a *participle.* With exception of; except;excepting:શિવાય;વિના;વગર. *n.*1.That which is saved or laid up:બચાવ; ઉગારો;સંઘરો.

Saviour,(સેવ'યર)*n.*[L *salvo*,I save.] 1.He who brings salvation to men; Jesus Christ, the Redeemer: માણસનો તારનાર-ઉદ્ધાર-મોક્ષ આપનાર;ઇસસક્રાઇસ્ટ;તારક;ઉદ્ધારક.

Savour.(સે'વર)*n* [L *sapor*, taste.] 1. Taste and odor;flavor;relish: રસ;રૂચિ;સ્વાદ;ગંધ;વાસ. 2. To have a particular smell or taste (with *of*): નો સ્વાદ-વાસ હોવો. *vt.*3. To perceive by the smell or the taste:ગંધ-વાસ સ્વાદ લાગવો.4. To taste or smell with pleasure; to relish;to like: ખુશીથીચાખવું; ની રૂચિ લાગવી.

Savour-y. (સે'વરિ) *a.* Pleasing to taste or smell:સ્વાદિષ્ટ;સુગંધીદાર;લહેજતદાર;સરસ;મિષ્ટ.

Saw,(સૉ)*Imp.of* **See**.જોયું;દીઠું.*n.*1 A saying; a proverb;a maxim : કહેવત; કહેણી.2 *n.* [L. *seco*,I cut.]An instrument for dividing or cutting substances, as wood, iron, etc: આરી; કરવત.*vt.* [*Imp. Sawed.*] To cut with a saw: વહેરવું. *vi.* To practise sawing: વહેરવાનો મહાવરો-ટેવ પાડવી.

Saw-dust, (સૉ'ડસ્ટ) *n.*Dust of small fragments of wood made by the cutting of a saw:લાકડાનો વ્હેર. [રવાનો સંચો

Saw-mill,(સૉ'મિલ)*n.*A mill for sawing:વહે-

Sawyer,(સૉ'યર)*n.*One who saws:લાકડા વહેરનાર;કરાઇ;વ્હેરણીઓ.

Say,(સે)*vi* 1. To utter or exprees in words; to tell;to speak:કહેવું;બોલવું;કથવું; ભાખવું; ઉચ્ચારવું.2.To repeat;to recite:ફરીથી કહેવું-બોલવું.3.*That* is *to* s ,that is:એટલે કે;મતલબકે.*vi.* To speak;to reply:ઉત્તર-જવાબ દેવો-વાળવો-આપવો.*n.*A speech:ભાષણ.

Saying,(સે'ઇન્ગ)*n.*A proverb:કહેવત; કહાણી.

Scab,(સ્કેબ્)*n.* [L. *scabo*, I scratch.]1.An incrustation over a sore,wound,etc:ગુમડાંપર વળેલી કપોટી;ભીંગડું.

Scabbard, (સ્કેબ્'આર્ડ)*n.*The case in which the table of a sword,dagger,etc.,is kept;a sheath:તલવારનું મ્યાન.*vt.* To put in a scabbard:મ્યાનમાં ઘાલવું-મૂકવું..

Scabby,(સ્કેબ્'ઇ)*a* 1. Affected with scabs:ભીંગડાં-પોપડા વાળું.2. Diseased with the scab; ખુજલીવાળું.

Scabrous,(સ્કેબ્'રસ)*a.*1.Rough to the touch; scabby: ખડબચડું;કપોટીવાળું; ઉચું નીચું.2. Unmusical: બેતાલ;બેસુર.

Scaffold,(સ્કૅફ'ઑલ્ડ)*n.*1.A temporary structure of timber,boards,etc.,for various purposes:પાલક.2.A stage or elevated platform for the execution of a criminal:ફાંસી દેવાને બાંધેલો માંચડો;ફાંસી.*vt.*To furnish with a scaffold:પાલક બંધાવવી.

Scaffold-ing,(સ્કૅફ'ઑલ્ડિન્ગ)*n.*1.A scaffold: પાલક. 2. Materials for building scaffolds:

ફાંસી દેવાનાં લાકડાં;પાલકનાં લાકડાં.

Sca-lade(સ્કેલેડ')*n*.See **Escalade**.

Scald,(સ્કોલ્ડ)*vt*.[L.*ex* & *calidus*, hot.]1. To burn with hot liquid or steam: બાળવું. 2. To expose to boiling:ખુબ ઉનું ક૦-ઉકાળવું.*n*. A burn or injury to the skin by some hot liquid:ડામ;ચાલુ;ચપકો.*a*. 3 Affected with the scab;scabby:ભીંગડાં-પોપડા-ફપોટીવાળું.

Scale,(સ્કેલ્)*n*.1.The dish of a balance;*hence*, the balance itself:ત્રાજવાનું પલ્લું;ત્રાજવું;કાંટો. 2.*pl*. The sign or constellation Libra:તુલા રાશિ.*vt*. To weigh or measure according to a scale:જોખવું. *n*.One of the small thin,membranous, bony or horny pieces which form the covering of many fishes and reptiles: ભીંગડાં-ડું. *vi*. To separate and come off in thin layers or laminæ;પાતળાં પડ થઇને ખરી જવું;ભીંગડાં વળી ખરી પડવાં.

Scale,(સ્કેલ),*n*.[L.*pl*.*scala*,a staircase.]1.A ladder;a series of steps:સીડી;નીસરણી.2.(*a*) A mathemetical instrument:શ્રેઢી;સમાન અંતરની લીંટીઓ કે આંકાવાળું ઓજાર.(*b*)A series of spaces marked by lines:પ્રમાણ.(*c*)The graduated series of all the tones;gamut:ગ્રામ. Gradation: શ્રેણી;પરંપરા;માળા. 4. Relative dimensions, without difference in proportion of parts:ધોરણ;પ્રમાણ;પરિમાણ.*vt*. To climb by a ladder:નીસરણી મૂકીને ચઢવું.

Sca-lene,(સ્કેલીન') *a*. [Gr. *skazo*, I limp.] Having the sides and angles unequal: વિષમ-કોણ-બાજુવાળું.*n*.A triangle having its sides and angles unequal:વિષમકોણ-બાજુવાળું ત્રિકોણ-ત્રિકોણાકૃતિ.

Scalp,(સ્કૅલ્પ)*n*.1. That part of the integument of the head which is usually covered with hair: માથાની ચામડી; ખાલ. 2. The summit: ટોચ;શિખર. *vt*. To deprive of the scalp;to cut or tear the scalp from the head of:માથા ઉપરથીવાળવાળીખાલઉખાડીનાંખવી.

Scaly,(સ્કેલ઼ઇ) *a*.1. Covered or abounding with scales: ભીંગડાંવાળું; ભીંગડાંથી ભરપૂર.

Scamp,(સ્કૅમ્પ)*n*.[L. *ex*,&*campus*,the field]. A rascal;swindler;a rogue:લુચ્ચો;ધૂતારો;હરામી. *vt*.To perform in a hasty,neglectful manner: ઉપર ચોટિયું-હરામહાડકાથી ક૦.

Scamper,(સ્કૅમ્પર)*vi*.[L.*ex*,&*campus*, the field.]To run with speed:સટકીજવું;નાસીજવું.

Scampish,(સ્કૅમ્પિશ)a. Of, or like a scamp; knavish:હરામખોરીનું;લુચ્ચાઇ-ઠગાઇનું.

Scan,(સ્કૅન) *vi*. [L.*scando*, I climb.] 1. To show,in reading,the metrical structure of; to recite metrically:માત્રા ગણવી(કવિતા);માત્રાગણ માંડવા;માત્રા-તાલ જણાયએમકવિતાઓ બોલવી. 2.To examine with care:સૂક્ષ્મપણેઅવલોકનક૦.

Scandal,(સ્કૅન્ડલ્)*n*.[Gr. *scandalon*,a snare laid for an enemy.]1.Opprobrium or disgrace:ફીટકાર;અપવાદ; બે આબરૂ;કલંક;દૂષણ. 2.Reproachful aspersion:defamatory talk: બદનકરી;બદનામી.*vt*. To defame;to asperse; ફિટકાર પમાડવોઅપકીર્તિ-બેઆબરૂ કરવી;-ની આબરૂ-ઇજ્જત લેવી.

Scanda-lize,(સ્કૅન્ડલાઇઝ)*vt*.1.To offend the feelings or the conscience of; to bring shame, disgrace,upon:ખોટું-માઠું લગાડવું;.નું મન-અંતઃકરણ દુખવવું-દુભવવું.2. To libel;to defame:ની આબરૂ-ઇજ્જત લેવી.

Scandal-ous,(સ્કૅન્ડલસ)*a*.1.Exciting reprobation:ખોટું-માઠું લાગે તેવું.2.Bringing shame or infamy;શરમકફજલવનારૂં;નિંદા-શરમભરેલું;કલંકદાર. 3.Defamatory: બદનકરી ભરેલું.

Scant,(સ્કૅન્ટ)*a*.1.Not full, large, or plentiful: થોડું;ઓછું;કમી;ન્યૂન.2.Parsimonious:કરકસરીયું.*vt*.1.To limit:હદબાંધવી.3.To cut short:ટુંકું-નહાનું-સાંકડું ક૦.*vi*.To become less:ઓછું-થોડું થવું.*adv*.Hardly:મુશ્કેલીથી;સાંગ્યેજ;મહામહેનતે.

Scanti-ly,(સ્કૅન્ટ઼ઇલિ)*adv*.Not fully:થોડું;કોતાઇથી.

Scanti-ness,(સ્કૅન્ટ઼ઇનેસ)*n*. The quality or condition of being scanty:ન્યૂનતા;તંગાસ;ખુટકો; ટુંકું કરવું તે.

Scantling,(સ્કૅન્ટ્લિન્ગ)*a*.Not plentiful;small: જોઇએ તેટલું નહીં;ટુંકું;નહાનું.*n*.1.A fragment: ટુકડો;ભાગ,2.The measure or dimensions of anything:માપ;પરિમાણ.

Scanty,(સ્કૅન્ટ઼ઇ)*a*.1.Narrow;not abundant: અલ્પ;સાંકડું;થોડું.2.Insufficient: અપૂર્ણ; ખૂટતું.

Scape,(સ્કેપ)*n*.[L.*scapus*,stem.]A peduncle rising from the ground:ડૂંગો;સાંઠો.*vt*.& *vi*. To escape: પલાયન કરી જવું. *n*. An escape: બચાવ;પલાયન.

Scape-grace,(સ્કેપ'-ગ્રેસ)*n*.A graceless,unprincipled person:ભ્રષ્ટ-વહિગયેલોમાણસ;વિષયી

Scapu-la, (સ્કૅપ્યૂલૅ) *n*. *pl*. **Scaplæ**. The shoulder blade;the principal bone of the shoulder:ખભાનું હાડકું.

Scar,(સ્કાર)*n*.]L.*eschara*,hearth.]1.A cicatrix:ચાઠું;ચાઠું. *vt*. To mark with a scar or scars:ચાઠાં-ચાઠાં પડવાં.*vi*.To form a scar:ચાઠું પડવું.

Scara-mouch,(સ્કૅરઅમાઉચ્)*n*.A person characterized by boastfulness and poltroonery;a buffoon:વિદુષક;નટુણ;રંગલો;તરકટીઓ.

Scarce,(સ્કેર્સ)*a*.1.Not plentiful:કમી;ઓછું.*To make oneself* s.,to decamp;to depart:જતા

રહેવું;નાસી જવું; રસ્તો આપવો.

Scarce,-Scarcely, (સ્કૅર્સ-સ્કૅર્સ્લિ) *adv.* With difficulty;hardly:માંડમાંડ;મુશ્કેલીથી;પરાણે.

Scarci-ty,-ness,(સ્કૅર્સિટિ-સ્કૅર્સનેસ્)*n.*Deficiency;lack of plenty:તાણ;ભીડ;અછત;તોટો.

Scare,(સ્કૅર્)*vt.*To frighten;to alarm:ચમકાવવું; ભડકાવવું.*To s.away,* to drive away, by frightening: બીવડાવીનેકાઢી મૂકવું-હાંકી કાઢવું.

Scare-crow,(સ્કૅર્-ક્રો)*n.* Anything set up to frighten crows or other birds from cornfields:અનાજના ખેતરમાં કાગડા અથવાબીજાં પક્ષીઓને બીવડાવવા સારૂ કરેલો ચાડિયો.

Scarf,(સ્કાર્ફ)*n.* A light shawl or handkerchief for the neck:ખેસ;કપરખો;ચલોટો;સેલું *vt.*1. To put on like a scarf:ખેસ-પીછોડીની પેઠે પહેરવું.

Scarify,(સ્કૅરિફાઈ)*vt* 1.[Gr.*skaiphos*,a pointed instrument.]1.To make small incisions in by means of a lancet:નસ્તર-વહેતુર મુકવું.

Scarlet,(સ્કારલેટ્)*n.*1.A deep bright red tinged with orange or yellow;લાલચોળરંગ.*a.*Of the color called scarlet: કીરમજી;ગુલખાર.

Scath,-e,(સ્કૅથ-સ્કૅધ)*n.*Harm;damage;injury: ઇજા;નુકશાન;હાનિ;હરકત.*vt.*To do harm to:નુકશાન કરવું;ઇજા કરવી.

Scathful,-ly,(સ્કૅથ્ફુલ-સ્કૅથ્ફુલિ) *a.* Injurious; harmful;doing damage: નુકશાન-ઇજા કરનારૂં; ઇજાકારક.

Scathless,(સ્કૅથ્લેસ)*a.*Unharmed: અખિશુદ્ધ; [અક્ષત.

Scatter,(સ્કૅટર્)*vt.*1.To strew about: વેરવું; છૂટું છૂટું નાખવું.2.To disperse:વિખેરવું.*vi.*To be dispered or dissipated:વિખરાઇ જવું;વેરાઇ જવું;છિન્ન છિન્ન થઇ જવું.

Scatter-ing,(સ્કૅટરિંગ્)*a.* Going or falling in various directions:છૂટું છૂટું;જૂદું.*n.* Act of strewing about: વિખરાયલી ચીજ; વિક્ષેપણ; પ્રસરણ.

Scavenge, (સ્કૅવ્એન્જ્) *vt.* To cleanse as streets from filth:મહોલ્લા-પોળોમાંથીઝાડું-કચરો વાળવો.

Scaven-ger,(સ્કૅવ્એન્જર્)*n.*A person whose employment is to clean the streets of a city:ઝાડું વાળનાર;હલાલખોર;ભંગીઓ;ઢેડો.

Scene,(સીન્)*n.*[Gr.*skene*,a stage;a tent.] 1. The structure on which play is exhibited; the stage:રંગભૂમિ;તકતો.2.The decorations and fittings of a stage:નાટકગૃહના શૃંગાર. પડદા વિ૦; દેખાવ. 3. A subdivision of an act: પ્રવેશ;વેશ.4.Place of occurrence, or action: સ્થાન;ભૂમિ.5.A spectacle, a view: દેખાવ:6. A landscape:દેખાવ;રચના.7.To make a scene of:નો ખેલ તમાશો કરવો-વેશ લેવો.

Scene-ry,(સીનઅરિ)*n.* 1.The paintings and and hangings representing the scenes of a play: નાટકના રંગભૂમિનાં ચિત્ર કે પડદા. 2. General aspect:સામાન્ય-સમગ્ર દેખાવ.

Sce-nogra-phy, (સીનૉગ્રફિ) *n.* [Gr. *skene*, scene & *grapho*,I write.]Act or art of representing a body on a perspective plane: દર્શનાનુશાસ્ત્ર પ્રમાણે ચિત્ર ચિતરવાની કળા-હુનર.

Scent,(સેન્ટ્) *vt.* [L. *sentio*,I feel.] To perceive by the olfactory organs;to smell:વાસ લેવી;સુંઘવું.સુવાસિત ક૦.*vi.*1.To have a smell: સોડ-વાસ આવવી.2.To hunt animals by means of the sense of smell:સુંઘવાની શક્તિથી-ને લીધે પ્રાણીઓનો શિકાર કરવો.*n.*1. Odor; smell: વાસ; સુગંધ.2.Course of pursuit:પગલે પગલે જવું તે. 3. The power of smelling;the sense of smell:સુંઘવાની શક્તિ નાક.

Scented,(સેન્ટ્એડ્)*a.* Having a good odor; perfumed:ખુશબોદાર;સુવાસિત;સુગંધિદાર.

Sceptic, (સ્કેપ્ટિક્) *n.* 1. An inquirer after facts or reasons:અવિશ્વાસુ. 2. A universal doubter:વહેમી.3.A critical inquirer:શોધક. 4.A person who doubts the existence of God:નાસ્તિક.*a.*1.Doubting of every thing: સંશયાત્મક.2. Doubting the sacred scriptures: ઇશ્વરોક્ત શાસ્ત્રમાં અશ્રદ્ધા રાખતું.

Sceptre or **Scepter,**(સેપ્ટર્)*n* [Gr. *skuptron* a sceptre.]1.A staff or baton borne by a sovereign;a royal mace: રાજદંડ;છડી 2. Royal or imperial power or authority; sovereignty:રાજ્યાધિકાર;રાજ્યપદ.

Schedule,(શેડ્યૂલ્-સેડ્યૂલ્-સ્કેડ્યૂલ્)*n.*[L.*scheda*,a leaf of paper.]1.A written or printed scroll or sheet of paper;a document:લખેલા-છાપેલા કાગળોનું ભુંગળું;દસ્તાવેજ;લેખ.2.A formal list or inventory: વિગતવાર નોંધ-ફેરિસ્ત. *vt.* To form into or place in, a schedule: પીંડું-ભુંગળું બનાવવું.

Scheme,(સ્કીમ્)*n.*[L.& Gr.*schema*,a shape; figure.] 1. A combination of things connected and adjusted by design: વ્યવસ્થા; પદ્ધતિ.2.A design; a project: યોજના;કલ્પના. *vt.*& *vi.*To make a scheme of: યોજના-યુક્તિ કરવી;ઉપાય-ઇલાજ ક૦.

Schemer,(સ્કીમ્અર્) *n.* A projector: યોજના રચનાર.

Scheming,(સ્કીમ્ઇન્ગ્)*a.* Given to forming schemes;artful:યોજના-યુક્તિ રચનાર;કાવતરાં કરનાર.

Schism,(સિઝ્મ)*n.*[Gr. *schisma*,a split.] 1. Division:ફાટ;તુટ;ભેદ.2.Permanent division or separation in the Christian church:ખ્રિસ્તી મંડળની શાખા-ધર્મ-ભેદ.

Scholar,(સ્કૉલ્'અર્)*n.*[L.*shola*, a school.] 1. A pupil;a learner; a student; a disciple: શિષ્ય;નિશાળીઓ;વિદ્યાર્થી. 2. One engaged in the pursuits of learning:વિદ્વાન;પંડિત.3. A man of books:પંડિત.4. An undergraduate who belongs to the foundation of a college, and receives support in part from its revenues:પગાર લઈને ભણનાર વિદ્યાર્થિ.'સ્કૉલર.'

Scholar-ly,(સ્કૉલ્'અર્લિ)*a.* Like a scholar or learned person;showing the qualities of a scholar:પાંડિત્યને યોગ્ય;પાંડિત્ય ભરેલું વિદ્વત્તાવાળું.

Scholar-ship,(સ્કૉલ્'અર્શિપ્)*n.*1.Attainments in science or literature:વિદ્વત્તા;પાંડિત્ય;જ્ઞાન. 2.Literary education: વિદ્યા સંબંધી કેળવણી; વિદ્યા.3.Maintenance for a scholar:વિદ્યાર્થિનો પગાર-નેમણુક 'સ્કૉલરશિપ' શિષ્યવૃત્તિ.

Scho-lastic,(સ્કૉલૅસ્'ટિક્)*a.* 1.Pertaining to a scholar or a school:વિદ્યાર્થિ-શાળા-વિદ્યાલયનું-ના જેવું.

Scholi-ast,(સ્કો'લિઅસ્ટ)*n.*A maker of scholia; a commentator or annotator:ભાષ્યકાર;ટીકાકાર.

Scholi-um,(સ્કોલિઅમ્) *n. pl.* **Scholia.** A marginal annotation;an explanatory remark or comment:ટીકા;ભાષ્ય;ખુલાસો; ટીપ.

School,(સ્કૂલ્)*n.* A shoal;a multitude: જથો; ટોળું.*n.*[Gr.*schole*,leisure.]1.An institution for learning:વિદ્યાલય;વિદ્યા-પાઠશાળા 2.A place of primary education:નિશાળ.3. The canons,precepts,or body of opinion or practice, sanctioned by the authority of a particular class or age:મત;પંથ; શાખા;સંપ્રદાય. *The s.of experience*: અનુભવની શાળા.*S. of philosophy*:દર્શન.*vt.* 1. To educate at a school:શિખવવું;ભણાવવું 2.To tutor;to chide and admonish:ગુરૂદીક્ષા આપવી;ઠપકો દેવો;ધમકાવવું

School-fel-low,(સ્કૂલ્'-ફેલો) *n.* An associate in school:ગુરૂબંધુ;શાલાબંધુ;સહાધ્યાયી.

School-house(સ્કૂલ'-હાઉસ) *n.* A house appropriated for the use of a school or schools, or for instruction:નિશાળનું મકાન;શાળા;નિશાળ.

Schooling,(સ્કૂલ્'ઇન્ગ) *n.* 1. Instruction in school;tuition:કેળવણી,શિક્ષણ;ઉપદેશ 2.Reproof, reprimand:ઠપકો;દોષ 3. Compensation for instruction:ભણવાનો પગાર;ગુરૂદક્ષિણા;ફી.

School-man,(સ્કૂલ'મૅન્)*n.*One versed in the niceties of academical disputation or of school divinity: ખ્રિસ્તી ધર્મના મત વિષે અથવા વિદ્યાસંબંધી તર્ક વિષે વિવાદ કરવામાં કુશળ પુરૂષ;તાર્કિક;નૈયાયિક.

School-mas-ter,(સ્કૂલ'-માસ્ટર) *n.* 1. A male teacher of a school:શિક્ષક;મહેતાજી;ગુરૂ;પંતોજી.

School-mis-tress,(સ્કૂલ્'-મિસ્ટ્રેસ્)*n* A female school teacher:મહેતીજી.

Schooner,(સ્કૂન્'અર્)*n.*A small,sharp built vessel,with two masts:એક પ્રકારનું સાંકડું બે-ડોલવાળું વહાણ.

Sci-atic,(સાઈઍટ્'ઈક્)*a* [Gr.*ischus*,strength.] Ischial;ischiatic:સાથળ તથા પગની મ્હોટી નસના રોગ સંબંધી;રાંઝણનું.*n.*(*Med.*)Sciatica: સાથળ પગ વિગેરેના સંધિવા;રાંઝણ.

Sci-atic-a,(સાઇઍટ્'ઇક) *n.* Neuralgia of the sciatic nerve:રાંઝણ;શ્રોણીવેદના;શ્રોણીશિરાવેદના.

Science,(સાઇ'એન્સ્)*n.* [L. *scio*, I know.] 1. Knowledge;ascertained truth or facts:જ્ઞાન;વિજ્ઞાન.2.Philosophical knowledge:તાત્વિકજ્ઞાન.3.Any branch or department of systematized knowledge:વિદ્યા;ઈલ્મ;શાસ્ત્ર.

Sci-en-tific,-cal,(સાઇએન્ટિફ્'ઇક્-કલ)*a.*[L *scientia*, science & *facio*,I make.] 1. Of or pertaining to science: શાસ્ત્રનું; શાસ્ત્રીય. 2. Agreeing with or depending on,the rules or principles of science:શાસ્ત્ર નિયમાનુસાર;શાસ્ત્રાનુસારી 3. Systematic knowledge: વિદ્વાન; પંડિત;વિદ્યા.

Scimi-tar, (સિમ્'ઇટર) *n* 1. A saber with a much curved blade having the edge on the convex side:તેગો;નાની તરવાર;કટાર.

Scintil-late,(સિન્'ટિલેટ)*vi.*[L. *scintilla*, a spark.] To emit sparks, or fine igneous particles:તણખા નીકળવા.

Scin-til-lation,(સિન્ટિલ'લે'શન્)*n* 1.The act of scintillating:-માંથી તણખા નીકળવા તે. 2. A spark or flash in scintillating:ચળકાટ;પ્રકાશ.

Sciol-ism,(સાઇ'ઑલિઝ્મ્)*n.* The knowledge of a sciolist;superficial knowledge:ઉપરચોટીઉં-ઉપલક જ્ઞાન;વેંટીઉં જ્ઞાન;પોપટિયું જ્ઞાન;પોથાજ્ઞાન.

Sciol-ist,(સાઇ'ઑલિસ્ટ)*n.*[L *scio*,I know.] A pretender to science,a smatterer:વેદિયુ ઢોર;પોપટજી;પોથીપંડિત.

Scion,(સાઇ'ઑન્)*n* [L.*seco*,I cut.]1 (*a*)A shoot or sprout of a plant:ફણગો;અંકુર.(*b*)A price of a slender branch or twing cut for grafting:(ઝાડની) કલમ.2.Hence,a decendant;an heir:વારસ;વંશજ.

Scirrhus,(સ્કિર'રસ)*n.*[Gr.*scirrous*,hard.]An indurated gland:વરસોળી;માંસગ્રંથિ.

Scission,(સિ'ઝન્)*n.*[*scindo*,I cut.]The act of dividing with an instrument having a sharp edge:હથિયારથી કાપવું તે.

Scissiors,(સિઝ્'અર્ઝ્)*n.pl.*[L.*scindo*,I cut.]A cutting instrument resembling shears: કાતર;કેંચી. [a fissure:ફાડો ચીરો-જખમ.

Scissure,(સિ'ઝ્હુર્)*n.*L.*scindo*,I cut.]A cleft;

Scoff,(સ્કૉફ્) *n.*1. Derision; ridicule; mockery: ઠઠ્ઠો;મશ્કરી 2. An object of scorn,mockery or derision:મશ્કરી-હાંસી કરવા લાયક.*vi* To show insolent ridicule:હાંસી કરવી.

Scoffer,(સ્કૉફ્'અર્)*n* One who scoffs:હાંસી મશ્કરી-કરનાર.

Scold,(સ્કોલ્ડ્) *vi.& vt.* To find fault with: ધમકાવવું;ખખડાવવું. *n.* 1. A rude calmorous woman;a shrewd: કર્કશા;કજીઆખોરસ્ત્રી. 2. A scolding;a brawl:.કજીઓ;લડાઈ;વઢવાડ.

Scolding,(સ્કોલ્ડ્'ઈન્ગ્)*a.&n.* Chiding: કજીઓ કરવું.*n.*ગાળ;ઠપકો.

Sconce,(સ્કૉન્સ)*n.*[L.*absconses.*] 1. A fortification,or work for defence: બચાવ-રક્ષણને માટે કરેલો કીલ્લો.2.A hut for protection and shelter: બચાવ-ને માટે ઝુંપડી.3. Helmet: ટોપ. 4.A poll tax: માથાવેરો 5.A protection for a light: દિવાલગિરી;વાલસોડ *vt.* To shut up in a sconce: કિલ્લામાં પુરવું-કેદ૰.

Scoop,(સ્કૂપ)*n.*[Gr *skapto.*I dig.]1. A large ladle: ડોઈ;મ્હોટા પળો.2.A deep shovel: ઉંડા પાવડો.3.A spoon-shaped instrument:ચમચાના આકારનું હથિયાર.4.A place hollowed out; પોલાણ;પોલ *vt.*1.To lade out ડોઈ કડછાવતી લેવું. 2.To excavate;to dig out:ખોદવું; ખોદીકાઢવું.

Scope,(સ્કૉપ્)*n.*[L.*scopos,*a mark.]1.(*a*) That at which one aims: લક્ષ્ય;ચોટ;નિશાન.(*b*)Ultimate design,end or purpose:ચોટ;ઇરાદો;મનસુબો;હેતુ.2.Space for action:અવકાશ;પ્રસંગ; લાગ;તાકડો.

Scorch,(સ્કૉર્ચ્)*vt.*[L *ex*& *cortexicis,*bark.]1. To burn superficially:સેકવું;ઉપરથી બાળવું.*vi.* 1 To be burnt on the surface:ઉપરથી બળવું-શેકાવું 2.To burn, or be burnt દાઝવું

Score,(સ્કૉર્)*n.*1.A notch or incision: કાપો; આંકો;ઉઝરડો.2.Account;reason:સબબ,નિમિત્ત. 3 The number twenty: વીસ;કોડી 4. A distance of twenty yards:વીસવારનુંઅંતર 5 The number of points gained by the contestants:જીતેલા દાવ-હાથ.*vt.*1.To notch:ખાંભવું-કોરવું૰ 2.To set down;to record: નેનામે-ખાતે લખવું-માંડવું 3. To make a score of: દાવ-હાથ જીતવો 4.To write down in proper order or arrangement: અનુક્રમ પ્રમાણે-અનુક્રમવારલખવું.

Scori-fy,(સ્કૉરિફાઈ)*vt.*(*Chem.*) To reduce to scoria or slag:ધાતુમાંથી મેલ કાઢવો.

Scorn,(સ્કૉર્ન્) *n.* 1 Extreme and lofty contempt:અતિશય ધિક્કાર- તિરસ્કાર.2.An object of extreme disdain: અતિશય ધિક્કારની વાત. *To think* s :તિરસ્કાર૰.*To laugh to* s. to deride :ની હાંસી ક૰.*vt.*1. To despise:ધિક્કારવું 2. To treat with extreme contempt:ની સાથે અતિશય ધિક્કારથી વર્તવું.*vi.*To scoff:ની મશ્કરી ક૰.

Scornful,(સ્કૉર્ન્'ફુલ્)*a.*1.Contemptuous; disdainful:ધિક્કાર ભરેલું;ધિક્કારવાલાયક;નિંદાત્મક.

Scorpi-o,(સ્કૉર્'પિઓ)*n* 1.A scorpion:વીંછી.2. The eight sign of the zodiac:વૃશ્ચિક રાશી.

Scot,(સ્કૉટ્)*n.*1.A name for a horse:ઘોડાનુંનામ છે.2. A native or inhabitant of Scotland: સ્કોટલાંડનો રહેવાશી.3.A portion of money assessed or paid: ઠરાવેલોકર.

Scot-free,(સ્કૉટ્'ફ્રી)*a.*Free from payment of scot: કર-વેરામાંથી છુટેલું.*Hence,*unhurt;clear; safe:સલામત;ખેમકુશળ.

Scottish,(સ્કૉટ્'ટિશ્)*a.* Of or pertaining to the inhabitants of Scotland,their country or language;સ્કોટલાંડનારહેવાશીઓ,તેમનોદેશતથા તેમની ભાષાનું-સંબંધી-વિષે.

Scoundrel,(સ્કાઉન્'ડ્રેલ્)*n.*A mean,worthless fellow: લુચ્ચો;ધુતારો;ખળ;બદમાસ;હરામજાદો.

Scoundre lism,(સ્કાઉન્'ડ્રેલિઝ્મ)*n.*Baseness; rascality:હરામખોરી;લુચ્ચાઇ;નીચપણું;અધમપણું બદમાસી;ધૂર્તતા;શઠતા.

Scour,(સ્કાઉર)*vt* [L *ex*&*curo,* I take care.] 1.To rub hard witth something rough;to clean with friction: ઘસવું;રગડવું;પોલીસક૰.2. To pass swiftly over.ઉપરથીફરીનેતપાસક૰.*vi.* To be purged freely: અતિશય રેચ-જુલાબ લાગવો. *n.* Diarrhoea or dysentry among cattle: ઢોરને થતો મરડો-ઝાડો.

Scourge,(સ્કર્જ્)*n.*1.A lash;a strap or cord: ફેરબંદ; કોરડો;સાટકો;ચાબુક.2.An infliction or affliction:વેરમાં કરેલી સજા.*vt.*To whip severely;to lash; કોરડા મારવા,ફટકા મારવા.

Scourger,(સ્કર્જ્'અર્)*n* One who scourges or punishes: ચાબુક મારનાર;જુલમી.

Scout,(સ્કાઉટ્)*n.*1.A swift sailingboat:જલદી હંકારવામાં આવતી હોડી 2.A person sent out to gain and bring tidings:જાસુસ;ગુપ્તદૂત. 3. The act of scouting:તપાસણી.*vt.* To follow for the purpose of observation,as a scout; બાતમીદાર-જાસુસ તરીકે જવું- અનુસરવું.*vi.* To go on the business of scouting:લશ્કરમાં દુશ્મનનોભેદ લેવા જવું.

Scowl,(સ્કાઉલ્)*vi.*1.To wrinkle the brows:ગુસ્સાથી-ને લીધે,ભવાં ચડાવવાં;ડોળા કાઢવા.2.To look gloomy,dark:ભયભીત-દેખાવું.*vt.*1.To look at with a scowl:પર ડોળાકાઢવા.2.To express by a scowl:આંખો કાઢી જણાવવું *n.*1. The wrinkling of the brows: કટાક્ષ;ક્રોધમુદ્રા 2. Gloom or threatening aspect:બીયામણો દેખાવ.

Scrabble,(સ્ક્રૅબલ્)*vi.* 1. To scrape, paw, or scratch with the hands:હાથપગેકેખીચાલવું 2. To make irregular marks; to scribble:ગમે

તેમ લીંટા ક૦.*vt.*To mark with irregular lines or letters:અક્ષર જેવા લીંટા ક૦.*n.* The act of scrabbling: હાથપગ ટેકીને ચઢવું.

Scraggy,(સ્ક્રૅગ્'ઈ)*a.*1.Rough with irregular points:ખડબચડું.2.Lean and rough: પાતળું ને ખડબચડું;રૂક્ષ.

Scramble,(સ્ક્રૅમ્'બલ્)*vi.*1. To clamber with hands and knees:હાથપગ ટેકીને ચાલવું. 2. To struggle eagerly with others for something thrown upon the ground:એકદમ ઝડપી-તડપીને ઝાલવું-પકડવું.*vt.*1.To collect by scrambling:ધીરે ધીરે એકઠું ક૦.*n.* The act of climbing on all fours:ટેકટેકીને-હાથ પગ ટેકવીને ચઢવું તે.

Scrap,(સ્ક્રૅપ્)*n.*1.A bit;a fragment:કડકો;ટુકડો. 2. *pl.* The crisp substance that remains after trying out animal fat: પ્રાણીની ચરબી ગાળી લીધા પછી રહેલો કચરો.

Scrap-book,(સ્ક્રૅપ્'બૂક્) *n.*A blank book in which extracts cut from books and papers may be pasted and kept:ચોપડીઓ તથા વર્તમાનપત્રમાંથી કાઢેલા ઉતારા ચોંટાડવાની કોરી ચોપડી.

Scrape,(સ્ક્રેપ્)*vt.*1.To remove by scraping or rubbing:ઘસી-છોલી કાઢવું.2.To rub harshly and noisily along:ઉપરથી ઘસવું-છોલવું. *n.* 1. The act of scraping:છોલવું-ઉપર ઘસવું તે.2.A perplexity;a difficulty:ગભરામણ;મુશ્કેલાઈ;ગુંચવણ;મુશ્કેલી;વિટંબણા; ધર્મસંકટ;આપદા.

Scraper,(સ્ક્રેપ્'અર)*n.*1.An instrument with which anything is scraped:છોલવણી;તાસણી; છીણી.

Scraping,(સ્ક્રેપ્'ઈંગ્) *n.* Something scraped of:છોલ;છોલામણ;કોતરામણ.

Scratch,(સ્ક્રૅચ્)*vt.*1.To rub and tear or mark the surface of,with something sharp or rugged:ઉઝેડવું;ઉજરડવું.2.To cancel by drawing one or more lines through:છેકવું;રદ ક૦. *vi.*To make scratches: ખણવું-ખોદવું તે. *n.* 1. slight wound:ઉઝરડો; લીસોટો; નખોરીઉં. 2.A fluke:અનાયાસે લાગેલો હાથ-દાવ.

Scrawl,(સ્ક્રૉલ્)*vt.& vi.*To write hastily and carelessly: ઉતાવળથી જેવું તેવું લખી કાઢવું; ઘસડી કાઢવું.*n.* Unskilful or inelegant writing:ઉતાવળથી લખેલા ચિતરી કાઢેલા અક્ષર;ખરડો;અસ્પષ્ટલેખ.

Scrawny,(સ્ક્રૉ'નિ)*a.*Meager;thin:નબળું;કમજોર;સુકલકડી.

Scream,(સ્ક્રીમ્)*vi.* To cry out with a shrill voice:ઝીણા-તીણા અવાજથી બૂમ પાડવી; ચીસ પાડવી.*n.*A shriek: તીણી બૂમ;ચીસ;કોલાહલ.

Screech,(સ્ક્રીચ્)*vi.*To scream: ચીસ પાડવી.

Screen,(સ્ક્રીન્)*n.*1.Anything that separates or cuts off inconvenience,injury or danger;a shield or protection:ઓઢું;આડ;બચાવ; રક્ષણ;પડદો 2.A long,coarse riddle or sieve: મ્હોટી ચાળણી-ડોળચાળણી. *vt.*1. To shelter; to protect:નું સંતાડીને રક્ષણ ક૦;આશ્રય આપવો. 2. To pass through a sieve: ચાળવું.

Screw,(સ્ક્રૂ)*n.*[L.*scrobis*,a ditch.]1.A cylinder having a continuous rib,called the *thread*, winding round it spirally at a constant inclination:પેચનો ખીલો; પેચ; ઈસ્ક્રૂ. 2. A screw steamer;a propeller: ઈસ્ક્રૂથી ચાલનારી આગબોટ. 3. An instructor who examines with great severity: અઘરી પરીક્ષા લેનાર.*To put the* s. *or* s.s *on*, to coerce: ઉપર જોરજુલમ વાપરવો.*To put under the* s. *or* s s,to force:ઉપર દબાણ વાપરવું. *vt.*1.To turn, as a screw:-માં ઈસ્ક્રૂ ઘાલવો.2.To force;as by screws:પરાણે-તાણીતુષીને ટકાવી રાખવું.3.To oppress by unreasonable exactions: ગેરવાજબી કર-વેરા નાંખી જુલમ ક૦.*To* s. *out*,to extort: નીચોવી-દાબી કાઢવું. *To* s. *up*,to force:મહા બળાત્કારે-પરાણે ક૦. *To* s. into:દાબી-ફેરવીને અંદર ઘાલવું. *vi.* To be oppressive or exacting: જુલમી થવું-હોવું.

Screw-driv-er,(સ્ક્રૂ'ડ્રાઈવર) *n.* A tool for turning screws:સ્ક્રૂ ફેરવવાનું ઓજાર.

Scribble,(સ્ક્રિબ્'બલ્) *vt.* To write hastily or carelessly:ઉતાવળ અથવા બેફિકરાઈથી લખી કાઢવું. *n.*Hasty or careless writing:અસ્પષ્ટ લેખ.

Scribe,(સ્ક્રાઇબ્') *n.*[L. *scribo*,I write.]1.One who writes:લહિઓ;લેખક;લખનાર;કારકુન. 2. A writer and doctor of the law:યાહુદી ધર્મશાસ્ત્રી-પંડિત.*vt.* To inscribe:લખવું. *vi.* To make a mark:નિશાની કરવી.

Scrimp,(સ્ક્રિમ્પ્)*vt.* To limit or straiten:ઘણું ન્હાનું-થોડું કરવું; ઓછું ક૦.*a.* Short; curtailed: ટુંકું;થોડું;કરકસરનું-થી કરેલું.*n.*A pinching miser; a niggard:કંજુસ-કૃપણ માણસ.

Scrip,(સ્ક્રિપ્)*n.*1.A small bag:નાની કોથળી-બેગી. 2.A small writing,certificate,or schedule: ચિઠ્ઠી;ન્હાનો ટુંકો લેખ;પત્ર.

Script,(સ્ક્રિપ્ટ્)*n.* [L. *scriptum*, something written.]1. A written document: લખાણ; દસ્તાવેજ.2. Type like hand writing:લખવાના જેવાં અક્ષર પાડવાનાં બીબાં. 3. An original document:અસલ લખાણ;દસ્તાવેજ.

Scriptu-ral,(સ્ક્રિપ્'ટ્યૂરલ્)*n.*Contained in the Scriptures;according to the Scriptures:શાસ્ત્રમાં લખેલું; શાસ્ત્ર પ્રમાણે; ખ્રિસ્તિ ધર્મશાસ્ત્રમાંનું; યથાશાસ્ત્ર.

Scripture,(સ્ક્રિપ્'ટ્યૂર)*n.*[L.*scribo*,I write.]1. The Bible:ખ્રિસ્તિ ધર્મશાસ્ત્ર 2.A passage from the Bible: ખ્રિસ્તિ 'બાઈબલ'નું વાક્ય.3. Sacred writing;holy writ:ધર્મ-પુસ્તક;ધર્મગ્રંથ.

Scrivener,(સ્ક્રિવ્‌નર્)*n*.[L. *scribo*, I write.] A professional writer:દસ્તાવેજ-ખત લખનાર.

Scrofu-la,(સ્કૉફ્યુલે)*n*.[L.*scrofa*,a breeding sow.]A constitutional disease manifested by chronic enlargement and cheesy degeneration of the lymphatic glands:કંઠમાળ;ગંડમાળ.

Scrofu-lous,(સ્કૉફ્યુલસ્) *a*. Pertaining to scrofula:કંઠમાળ સંબંધી.

Scroll,(સ્ક્રોલ્) *n*. A roll of paper or parchment:વીંટો;ભુંગળું;ખીટો;ખરડો.

Scrotum,(સ્કૉટમ્)*n*.[L.]The bag or pouch which contains the testicles:અંડકોશ;વૃષણ.

Scrub,(સ્ક્રબ્)*vt*.To rub hard:બહુ ઘસવું.*n*.Something small and mean:ન્હાની અને નીચ-હલકી ચીજ-પદાર્થ. *a*. Mean;dirty:નીચ;અધમ;ગંદુ.

Scrubby, (સ્ક્રબ્'ઈ)*a*.Small and mean;stunted in growth:ઠીંગરાએલું; ઠીંગણું;ભિખારી;પાજી.

Scruple, (સ્ક્રુપલ્)*n*.[L.*scrupus*, a rough or sharp stone,anxiety.]1 A weight of twenty grains;third part of a dram: ચોવીસ ગ્રેન ભારનુંવજન;એક ડ્રામનો ત્રીજો ભાગ;સ્ક્રુપલ.2.Unwillingness: આનાકાની.*To make* s. to hesitate from conscientious motives:ખંચાવું;આંચકો ખાવો.*vi*.&*vt*.To be reluctant or to hesitate: ખેંચાવું;અટકવું;આચકો ખાવો; મન ડગમગ થવું.

Scru-pu-losi-ty,(સ્ક્રૂપ્યૂલૉસ્'ઇટિ)*n*. Nice regard to exactness and propriety;precision; doubt:કાળજી;વહેમ;સંદેહ;આશંકા;શંકા.

Scru-pu-lous,(સ્ક્રૂ'પ્યૂલસ્) *a*. 1. Inclined to scruple;nicely doubtful:ખંચાઈ ખંચાઇને-અનીતિથી બ્હીને ચાલનાર-વર્તનાર;પ્રાંતિખોર;સંશયી.2. Careful:ચોકસ;બારીક;ઘણીકાળજીવું.3.Civen to making objection:ચુકો કાઢનાર.

Scrutini-ze,(સ્ક્રૂ'ટિનાઈઝ્)*vt*.To examine closely: બારીકીથીતપાસક૦.*vi*.To make scrutiny: તપાસ-ચોકસી ક૦.

Scrutin-y,(સ્ક્રૂ'ટિનિ)*n*.[L.*scyuta*,trash;trumpery.]1.Critical observation: બારીક તપાસ. 2.A Ticket, on which a vote is written: જે ટીકેટ ઉપરમત અથવા 'વોટ' લખવામાં આવે છે તે.

Scru-toire, (સ્ક્રૂટ્વૉર્') *n*. An escritoire; a writing desk:કાગળ મૂકવા ખાનું-ડેસ્ક.

Scud,(સ્કડ્)*vi*.1.To move swiftly:ઝપાટાબંધ ચાલવું.2.To be driven swiftly before a gale with no sail spread:સઢ ચઢાવ્યા વગર પવન આગળ હંકાર્યા જવું.*vt*. To pass over quickly: ના ઉપર થઇનેજલદીથી જવું.*n*.1. A driving along; ઘસડાવું તે.2.A sudden shower:વરસાદનું ઝાપટું.

Scuffle,(સ્કફ્'અલ્)*vi*.1.To strive or struggle with a close grapple:બાથંબાથા આવી જવું.2. To strive tumultuously:ધકાધક્કીક૦.*n*. 1. A rough,haphazard struggle:બાથંબાથા;ધક્કાધક્કી 2.A confused contest; a fight:મારામારી.

Scull,(સ્કલ્)*n*.The scull: માથાનું તાલકું-ખોપરી; કપાળ.*Neclace of* s.: રૂંડમાળા;કપાલમાળા.

Sculler-y,(સ્કલ્'અરિ)*n*.[L.*scutello*,a waiter.] A place were dishes, kettles and other culiuary utensils,are cleansed and kept: રસોઈનાં વાસણ માંજવાનીઓરડી.

Scullion,(સ્કલ્'યૅન્)*n*.A menial servant:રસોઇનાંવાસણ માંજનાર;રસોઇઓ;એંઠવાડો કાઢનાર.

Sculptor,(સ્કલ્પ્'ટૅર્)*n*.]L *sculpo*;I engrave.] One whose occupation is to carve statues,or works of sculpture:કોતરનાર;મૂર્તિકાર; તક્ષક.

Sculpture,(સ્કલ્પ્'ટ્યૂર્)*n*. 1. The art of producting figures:કોતરકામ;નકશી.2.Carved work પ્રતિમા;મૂર્તિ.*vt*.To carve;to engrave: કોતરવું; નકશી કામ ક૦;નકશી કાઢવી.

Scum,(સ્કમ્)*n*.1.The scoria of metals in a molten state,;dross:પ્રવાહી પદાર્થ ઉપર બાઝેલો કચરો. *vt*. To clear off the impure matter from the surface of:પ્રવાહીપદાર્થની ઉપરથી મેલ કચરો જૂદો કરવો.*vi*.To become covered with scum:- ના ઉપર મેલ કચરો થવો;ફેણઆવવું

Scurf, (સ્કર્ફ) 1. Thin dry scales or scrabs upon the body:ખોડો;મેલ; ખસ. 2. The foul remains of anything adherent:ડાઘ;એબ;કલંક;નામોશી.

Scurfy,(સ્કર્ફ'ઇ)*a*.Covered with scurf;resembling scurf:માથામાં ખોડાવાળું-ના જેવું.

Scur-rili-ty,(સ્કરિલ્'ઇટિ)*n*.[L *Scurra*,a jester.] 1. Obscene jocularity: મૂર્ખતા; ભાંડવેડા. 2.Low buffoonery: અપશબ્દ;દુર્ભાષણ.

Scurrilous,(સ્કર્'રિલસ્)*n*. Using the low & indecent language of the meaner sort of people:ભાંડ જેવું;નાગું;ભાંડ;બેશરમ;નિર્લજ.

Scurvy,(સ્કર્'વિ) *a*.Scabby scurfy:ખુજલી; ખસવાળું. *n*. A disease characterized by livid spots: એક પ્રકારનો દંતરોગ.

Scut,(સ્કટ્)*n*.The tail of a hare,or of a deer or other animal whose tail is short:સસલાં,હરણ કે બીજાં ટુંકી પુંછડીઓવાળાં પ્રાણીઓની પુંછડી.

Scutch.(સ્કચ્)*vt*.1.To whip:ચાબુક મારવી.2.To separate the woody fiber from *flax*,*hemp*, *etc*. by the beating: દાંતાવાળા ઓજારથી રેસા કાઢી નાંખવા.*n*. A wooden instrument used in scutching:કચરો વિગેરે સાફકરવાનું લાકડાનુંદાંતાવાળું ઓજાર;પંજેટી.

Scuti-form,(સ્ક્યૂ'ટિફૉર્મ)*a*.[L.*scutum*;shield] Shields-haped;scutate: ઢાલના આકારનું.

Scuttle,(સ્કટ્'અલ્)*n*.[L.*scuta*,a dish or platter.] A broad, shallow basket:પહોળી છાછ-

રી છાબડી;કંડિયો.*vt.*To sink by making holes through the bottom of:ને તળીએ બાકાં પાડી ડુબાવવું.

Scythe,(સાઈથ્)*n.*[L. *seco.*I cut.] An instrument for mowing grass:દાતરડું. *vt.* To cut with a scythe: દાતરડા વતે કાપવું;લણવું.

Sea,(સી)*n.*[L *saevus*,fierce.]1 One of the larger bodies of salt water: દરિયો;સાગર;સમુદ્ર. 2.The ocean:મહાસાગર;દરિયો;સમુદ્ર.3 Agitation of the water's surface;a billow:દરિયાનો છબાળો;દરિયાનું મોજું.4 **S.***of worldly existence:* ભવસાગર. *At full* **s.**,at the height of flood tide:ભરદરિયે.*Beyond the* **s.**s,or*Beyond the* **s.***orthe* **s.**s,out of the territory or country:દેશ,રાજ્યપાર; દ્વીપાંતરે. *Half* **s.**s,*over*, half durnk; દારૂ પીને અર્ધો મસ્ત થયેલો. *To go to* **s.** to become a sailor:ખલાસી થવું.

Sea-board, (સી-બોર્ડ) *n.* The seashore; sea coast:દરિયાનો કિનારો કાંઠો;સમુદ્ર તીર-તટ.

Sea-born,(સી-બોર્ન)*a* 1.Born of the sea;produced by the sea:દરિયામાંથી ઉત્પન્ન થયેલું.

Sea-breach,(સી'-બ્રીચ્)*n.* A breaking or overflow of a bank:દરિયાનું હદ મૂકીને-વધી જવું તે.

Sea-breeze,(સી'-બ્રીઝ્)*n.*The cool wind produced by the sea:દરિયાની લહેર.

Sea far-er,(સી-ફેરર્)*n.* A mariner;a sailor; વહાણવટી;ખલાસી;નાવિક;સફરી;ખારવો.

Sea-girt,(સી'-ગર્ટ્)*a.* Surronded by the sea: સમુદ્રવલયાંકિત;સમુદ્રવેષ્ટિત.

Sea-go-ing,(સી'ગોઈન્ગ્) *a.* Going upon the sea:ભરદરિયામાં વહાણ હંકારનાર.

Sea-green,(સી'-ગ્રીન)*n.*The green color of sea water:દરિયાના પાણીનો ઘેરો લીલો રંગ;સાગરવર્ણ.*a.* Of a beautiful bluish green color: ખૂબસુરત લીલા રંગનું.

Sea-gull,(સી'-ગલ્)*n.*Any gull living on the sea coast: સમુદ્ર કુક્કુટ;કરટ.

Seal,(સીલ્)*n.*Any carnivorous mammal:એક જળચર પ્રાણી.*n.*[L. *signum*,a mark;a sign.] 1.An engraved or inscribed stamp:સિક્કો; મોહોર. 2. Wax, water, or other tenacious substance:બીડવા ચોડવાનો લાખ,મિણ કે તેવો ચિક્કણો પદાર્થ.*vt.*1.To set or affix a seal to:*hence*,to ratify;to confirm:ઉપર સિક્કો-મહોરમારવી છાપવી; કબૂલ- મંજુર ક૦. 2..To mark with a stamp:ઉપર છાપ-મોહોર મારવી. 3. To fasten with a seal:ઉપર મોહોર ક૦.4.To shut close; છાનું રાખવું.*vi.*To affix one's seal or a seal: સિક્કો મારવો-લગાવવો. [સિક્કો કરનાર

Sealer,(સીલ્'અર્) *n.* One who seals: મોહોર કરનાર;

Sealing-wax,(સીલ્'ઇન્ગ્-વૅક્સ)*n.*A compound of the resinous materials, pigments, etc: મોહોર કરવાની લાખ.

Seam,(સીમ્)*n.* [L. *suo* I sew.] The fold or line formed by sewing together two pieces of cloth or leather:લુગડા અથવા ચામડાના બે કકડા સાંધવાની સીવણ. *vt.* To join by sewing together;સીવવું:સાંધી લેવું.

Sea-man(સી'મૅન્)*n.pl* **Seamen** A mariner; a sailor:ખારવા;ખલાસી;નાવિક;વહાણવટી.

Seaman-ship (સી'મૅન્ શિપ્) *n* The art, or skill in the art, of working a ship:વહાણચલાવવાની કુશળતા;નૌકાચાતુર્ય.

Sea-mark,(સી'માર્ક્) *n.*Any elevated object on land which serves as a guide to mariners:સમુદ્રમાં ખરાબો દેખાડવા સારૂ તે પર જે નિશાની મૂકે છે તે.

Seamster,(સીમ્'સ્ટર્)*n.* One who sews well, or whose occupation is to sew:દરજી;શીવનારો.

Seamstress(સીમ્'સ્ટ્રેસ્)*n.*A woman whose occupation is sewing:દરજણ;શીવનારી સ્ત્રી.

Sea-port(સી'પોર્ટ્)*n.*A port on the seashore, દરિયા કાંઠાનું બંદર;બંદર;નૌકાશ્રયસ્થાન.

Sear,(સીર્)*a.*[Gr.*seiros*,hot.]Dry;withered: સુકું;ચિમળાઈ ગયેલું..*vt.*1.To wither;ચિમળાવવું; કરમાવવું.2.To cauterize;ડામવું.

Search,(સર્ચ્)*vt.*[L *circa*,around.]1.To examine;તપાસતલાસ ક૦;-નો ઝડા-ઝડતી લેવી.2. To examine or explore by feelling with an instrument;to probe:-માંહે ઔજાર ઘાલી તપાસ ક૦.3. To seek; to look for something:ખોળવું;શોધવું.*n.* Quest;inquiry; examination: ખોળ;તપાસ;શોધ;તલાસ.

Search-warr-ant,(સર્ચ્-વૉરન્ટ્) *n.* A warrant legally issued, authorizing an examination of a house,or other place: ;ઝડો લેવાનું વારંટ.

Sea-shell,(સી'શેલ્)*n.*(*Zool.*)The shell of any marine mollusk;છીપ;કોડા.

Sea-sick,(સી'સિક્)*a.*Affected with seasickness:વહાણમાં બેસવાથી ઓકારી-ફેર વીગેરે થઇ માંદુ થયેલું.

Season,(સી'ઝ્ન)*n.*[L.*satio*,a sowing.]1. One of the divisions of the year:ઋતુ;મોસમ;રત. *Hot* **s.**:ગ્રીષ્મ ઋતુ.*Cold* **s**: શિયાળો.*Rainy* **s**: વર્ષાઋતુ.2.A suitable or convenient time; લાયક સવડનો વખત;તાકડો;ટાંકણું.3. A while; a time:કાળ;વેળા.4.That which gives relish; seasoning:વઘાર;મસાલો.*In* **s.**,in good time: ખરે-યોગ્ય વખતે.*Auspicious* **s**:શુભવેળા.*Out of* **s.**,beyond or out of the proper time: વગર પ્રસંગે; અકાળે. *vt.* To fit for taste;to make palatable: વઘારી ખુશ્બી મજેદાર ક૦. *vi.* To be-

come mature:પાકવું;પરિપકવ થવું. કઠણ-સ કું થવું.

Season-a-ble,(સી'ઝ્નૅબલ્)*a.* Suitable to the season;opportune:વખત-વેળાસરનું;પ્રસંગે-તાકડે આવેલું;સમયોચિત.

Season-a-bly,(સી'ઝ્નૅબ્લિ) *adv.* Opportunely વખત-વેળાસર;ખરે તાકડે-પ્રસંગે;વેળા-વખતસર.

Season-ing,(સી'ઝ્નિન્ગ્)*n.*1.The act or process by which anything is seasoned:કોઇ પદાર્થ પરિપકવ-રસમય કરવાની રીત. 2.A condiment:મીઠું મરચું;મરી મસાલો;વઘાર.

Seat,(સીટ્)*n.* [L.*sedeo*,I sit.]1. The place or thing upon which one sits,બેઠક;આસન;ખુરસી; પાટલો.2.A site;a post:ઠામ;ઠેકાણું;સ્થળ.3.That the part of thing on which person sits: બેઠક;આસન;બીછાયત.4.Posture, or way of sitting, on horseback:ઘોડા ઉપર બેસવાનુંઆસન-રીત-ઢબ. *vt.* 1. To place on a seat; બેસાડવું; થાપવું.2.To station: to establish; to fix; to settle:સ્થાપવું;ઠેરવવું;મુકરર કરવું;.સ્થાપના-પ્રતિષ્ઠાપન કo.

Sea-term,(સી'-ટર્મ) *n.* A nautical word or [phrase; વહાણવટીઓમાં બોલાતો શબ્દ.

Sea-thief,(સી'થીફ્) *n.* A pirate:ચાંચીઓ.

Sebace-ous,(સીબે'શસ)*a.* [L.*sebum*,tallow; grease.]Pertaining to fat;having the appearance of fat:ચરબીનું-સંબંધી ચરબીના જેવું.

Se cede,(સીસીડ્)*vt.*[L.*se*,aside& *cedo*.I go, move.]To separate one's self by a solemn act;મતાંતર ગ્રહણ કo.

Se-cession,(સીસે'શન્) *n.* Separation from fellowship or association with others;સંસર્ગ ત્યાગ;અપગમન;મંતાતર સ્વીકાર-સ્વધર્મત્યાગ.

Se-clude,(સીક્લ્યૂડ્')*vt.*[L.*se*,aside&*claudo*,I shut.]1.To shut up apart from others;એકાંત વાસમાં લઇ જવું.2.To shut or keep out, દૂર કરવું;વેગળું-નિરાળું રાખવું; એકાંત વાસ સેવવો.

Se-clusion,(સીક્લ્યૂ'ઝ્રન્)*n.*Separation from society or connection:એકાંતવાસ; વૈરાગ;વિવિક્તદશા-સ્થિતિ;રહ:સ્થાન.

Second,(સેક્'અન્ડ્)*a.*[L.*sequor*,I follow.]1. Immediately following the first;next to the first;બીજું.2. Subordinate; ગૌણ;દ્વિતીય; **S**.*estate*:the house of Peers:વિલાયતમાં ઉમરાવની સભા; હાઉસ ઑફ લૉર્ડ્સ. **S**. *thought*,reconsideration:ફરીથી કરેલો વિચાર. *n.* 1. One next in place, time,rank,importance,excellence,or power:ઉતરતા અથવા બીજાદરજ્જાનું પ્રાણી-વસ્તુ. 2. A backer; an assistant:મદદગાર;સહકારી;સાથી.3. The sixtieth part of a minute of time,or of a minute of space or degree:મીનીટ અંશનો સાઠમો ભાગ;સેકન્ડ;વિપળ;વિકળા;ક્ષણ;નિમેષ.**S**.*hand*,the hand which marks the second on the dial of a watch or a clock:ઘડીઆળનો સેકન્ડ કાંટો.*vt.*To back; to assist; ને પુષ્ટિ-મદદ-આશ્રય ઉત્તેજન આપવું.2. To support (*as a motion or proposal*):ને ટેકો-પુષ્ટિ આપવી..

Second-a-ry,(સેક્'અન્ડૅરિ)*a.*1. Not primary; subordinate:ગૌણ;ઉતરતું.2. Possessing some quality in the second degree:બીજા દરજ્જાના ગુણવાળું;મધ્યમ.3.Subsequent in origin:મૂળ ઉત્પત્તિમાં બીજું.4.(*a*)Dependent or consequent upon another disease:બીજા રોગ ઉપર આધાર રાખવું. (*b*)Occurring in the second stage of, a disease:અમુક દરદની બીજી સ્થિતિએ થવું.**S**.*evidence*:ગૌણપક્ષનોપુરાવો.A *secondary education*:ઉંચી કેળવણી. **S**. *planet*, a satellite:ઉપગ્રહ:

Second-hand(સેક્'અન્ડ્-હૅન્ડ્)*a.*1. Not original or primary; received from another: બીજાની મારફત દ્વારે-હાથે મળેલું. 2. Not new:ઉતરેલું;વાપરેલું;જુનું; અન્યપૂર્વ;ઉચ્છિષ્ટ *n.* The hand which marks the second on the side of a watch or a clock:સેકન્ડ કાંટો

Secondly, (સેક્'અન્ડ્લિ) *adv.* In the second place:બીજું એક;બીજું..

Seconds, (સેક્'અન્ડ્ઝ્) *n.* *pl.* A coarse or inferior kind of flour:ભરડકા જેવો જાડો લોટ.

Second-rate,(સેક્'અન્ડ્-રેટ્)*a.* Of the second size,rank,quality, or value:મધ્યમકદ-દરજ્જા-ગુણ કિમ્મતનું.

Second-sight,(સેક્'અન્ડ્-સાઇટ્)*n.*The power of discerning what is not visible to the physical eye: દીવ્યચક્ષુ-દૃષ્ટિ.

Secre-cy,(સી'ક્રેસિ)*n.pl.* **Secrecies**.1. The state or quality of being hidden: ;ગુપ્તતા; ગુપ્તતા.2.That which is concealed;a secret: સંતાડેલી-છુપાવેલી ચીજ-ગુહ્ય;રહસ્ય.3. Seclusion; privacy:છાની-છુપી-ગુપ્તજગા.

Secret,(સી'ક્રેટ્)*a.*[L,*se*,aside & *cerno*,I sift.] 1.Hidden;concealed:છાનું;છુપાવેલું; ગુપ્ત.2. In retirement or secrecy;secluded:એકાંતમાં રહેલું.3.Separate: નોખું;ભિન્ન.*n.*1.;Something studiously concealed: છાની-ગુપ્તવાત.2.What is unknown or unexplained;a mystery: રહસ્ય;મર્મ.3.*pl.*The genital organs:ગુહ્યાંગ;જનનેંદ્રિય. In *secret*, in a private place; privately:છુપી જગ્યાએ;છુપીરીતે;છાનામાના;ગુપ્તરીતે.

Se-cre-tari-at,Se-cre-tari-ate, (સેક્રી ટૅરિઍટ્-સેક્રી ટૅરિઍટ)*n.*The office of a secretary; the place where a secretary transacts business:મંત્રિનો હોદ્દો-જગ્યા;મંત્રિની કચેરી-આફીસ.

Secre-ta-ry,(સેક્'રીટરિ)*n* [L.*secretum*,a secret.]1.An official writer: ચીટનીસ;કારભારી.2. An officer in charge of a particular de-

partment of Government: કોઈ પણ ખાતાનો મુખ્યઅધિકારી;સેક્રેટરી.2.An escritoire:ઈસ્કોતરો; કલમદાન.

Sec-re-ta-ry-ship, (સેક્'રીટરિશિપ્) *n.* The office,or the term of office of a secretary: પ્રધાન-મંત્રિપણું-નો હોદ્દો.

Se-crete,(સીક્રીટ્')*vt.*[L.*se*,aside and *cerno*, I sift.]1.To hide; to conceal:ગુપ્તજગાએમૂકવું; સંતાડવું;છુપાવવું.2.To separate from the blood and elaborate by the process of secretion: લોહી-વૃક્ષરસમાંથીપ્રવાહી રૂપે જૂદું પાડવું-ઝરવું-નિકળવું;કાઢવું;વેગળું કo.

Se-cretion, (સીક્રી'શન્)*n.*1.The act of secreting or concealing:છુપાવવું-સંતાડવું તે.2.The act of secreting:લોહી-વૃક્ષરસમાંથી પ્રવાહિરૂપે જૂદું પાડવું તે.3.Any substance or fluid secreted,*or* elaborated and emitted,as the gastric juice:લોહી-વૃક્ષરસમાંથી છૂટો-જૂદો પડેલો-ઝરેલો-નિકળેલો પદાર્થ.

Se-creto-ry,(સીક્રી'ટરિ)*a.*Secreting;secernent:ધાતુવર્ધક;રસ-કાઢનાર; ઉત્પાદક.

Sect,(સેક્ટ્)*n.*[L.*seco*,I cut.]*n.* A party dissecting from an established church; a school: પંથ;ધર્મનો ફાંટો;મત;સંપ્રદાય.

Sec-tari-an,Secta-ry,(સેક્ટે'રિઅન્-સેક્'ટરિ) *n.*One of a sect: અમુક પંથ પાળનાર;પંથી; સાંપ્રદાયિક.

Section,(સેક્'શન્)*n.*[L.*seco*,I cut .]1. A part separated from something; a division; a portion:ભાગ;વિભાગ. (*a*) A distinct part or portion of a book or writing:કલમ;પ્રકરણ;બાબ;અધ્યાય.2.A division of a genus:વર્ગ;જાત. 3.(*Mus.*)A part of a musical period,composed of one or more phrases; પાદ;ચરણ.

Section-al,(સેક્'શનૅલ્)*a.*1.Of or pertaining to a section;local:પક્ષ-ભાગનું-સંબંધી-વિષે; પાક્ષિક.2. Consisting of sections,or capable of being divided into sections:ભાગ-પડતવાળું.

Sector,(સેક્'ટર્)*n.*[L.*seco*,I cut]1.That part of a circle comprehended between two radii and the included arc:બે વ્યાસાર્ધરેષાઓને તેની વચ્ચેના વર્તુલના પરીધનો કોઇપણભાગ;વૃત્ત-ખંડ વૃત્તાંશ.2.A mathematical instrument:ખૂણા માપવાનું એક યંત્ર.

Secu-lar,(સેક્'યૂલર્)*a.* [L. *saeculum*,a race: generation.]1.Not immediately or primarily respecting the soul, but the body; worldly : વ્યવહારિક; સંસારી; સાંસારિક; લૌકિક; પ્રાપંચિક;ઐહિક.2.Belonging to the laity;lay; not clerical:સંસારી;પાદરી વગરના બીજા સાધારણ લોકમાંનું.*n.*1. One not bound by monastic rules:મઠવાસીના નિયમ નહિપાળનારો..2.A layman:ગ્રહસ્થ;સંસારી;વ્યવહારી.

Sec-u-lari-ty,(સેક્યૂલૅર'ઇટિ) *n.* Worldliness: ઐહિક-દષ્ટિ;ઐહિકબુદ્ધિ;ઐહિકશક્તિ;સંસારાશક્તિ;પ્રપંચ દૃષ્ટિ.

Secu-lar-ize, (સેક્'યૂલૅરાઇઝ્) *vt.* To convert from regular or monastic into secular:આશ્રમ કે મઠમાંથીકાઢીને વ્યવહારમાં નાંખવું.

Se-cure,(સીક્યૂર)*a.* [L. *se*, without & *cura*. care.]1. Free from fear, care or anxiety: નિશ્ચિન્ત;નિઃશંક;સ્વસ્થ;નિર્ભય.2.Not exposed to danger;safe:નિર્ભય;સહિસલામત;નિર્વિઘ્ન.*vt.*1.To make safe;to protect:સહિસલામત કo.રક્ષણ-બચાવ કo. 2. To make certain: નક્કી-ખાત્રિ કરી લેવી.3.To make fast:પાકાબંદોબસ્ત-જાપતામાંરાખવું.4.To get possession of:નો કબજો લેવો.

Se-curely,(સીક્યૂર'લિ)*adv.* Without fear or apprehension;safely:નિશ્ચિંતપણે; નિર્ભયપણે; નિર્વિઘ્ને;વગર હરકત.

Se-curi-ty,(સીક્યૂ'રિટિ)*n.pl.* **Securities**. 1 The condition or quality of being secure: નિશ્ચિન્ત-નિર્ભ્રાન્ત-નિર્ભય હોવું તે. (*a*) Freedom from apprehension,anxiety:નિરાંત;નિર્ભય-નિર્ભ્રાન્તપણું.2.Protection:રક્ષણ;આશ્રય.(*a*) Surety;a pledge: હામી;જામિની. (*b*) One who becomes surety for another:જામિનજામીનદાર.3. An evidence of debt or of property: ખત; લેણદેણનો દસ્તાવેજ.

Se-curi-ty-bond,(સીક્યૂ'રિટિ-બૉન્ડ્)*n.*A bond for the security of anything:જમીન ખત.

Se-dan,(સીડૅન્')*n.* A protable chair or covered vehicle:ખુરશીના જેવી પાલખી-મીઆનો.

Se-date,(સી ડેટ્)*a.*[*sedo*,I allay.] Calm;tranquil;serene;composed:શાંત;ગંભીર;ધીરું; વિચારશીળ.

Seda-tive,(સે'ડટિવ્) *a.* Tending to calm or tranquilize:શાંતિકારક-જનક;શામક.*Specifically* (*Med.*),assuaging pain:દરદહલકુંકરતું; દુઃખ શામક *n.*(*Med.*)A remedy which allays irritation or pain: ઓછું કરનાર-ઘટાડનાર; શમન; ઉપશમન.

Seden-ta-ry,(સેડ'ઍન્ટરિ)*a.*[L.*sedeo*,I sit.]1. Accustomed to sit much or long: ઘણીવાર-ઘણું બેસી રહેનાર;બેઠાગરૂ.2. Characterized by, or requiring much sitting: બેઠું;બેઠાંબેઠાંકરવાનું; ઘણું બેસી રહેવું પડે એવું 3. Caused by long sitting:ઘણીવાર બેસી રહેવાથી થયેલું.

Sedi-ment,(સે'ડિમેન્ટ્)*n.* [L.*sedeo*,I sit;settle.]Settlings; lees,dregs: નીચે બેઠેલો કચરો-મેલ; મળ.

Sed-i-menta-ry,(સેડિમેન્ટ'અરિ)*a.*Of or pertaining to sediment:નીચે બેઠેલા કચરા-મેલનું-સંબંધી-નું બનેલું.

Se-dition,(સીડિ'શન્)*n.*[L.*se*,aside & *eo*,I go] Excitement of discontent against the government:સરકારના સામુંકરાવેલું હુલ્લડ-તોફાન-બેદીલી;રાજદ્રોહ;દંગો;ફિસાદ;બળવો.

Se-ditious,(સીડિ'શસ્)*a.*1.Of or pertaining to sedition:દંગા-હુલ્લડનું-સંબંધી:ફીતુરી;રાજદ્રોહી.

Se-duce,(સીડ્યૂસ્')*vt.*[L.*se*&*duco*,I lead.] 1. To entice to evil:કુમાર્ગે-ખોટેરસ્તેચઢાવવું;ભ્રષ્ટક૦. 2.To induce to surrender chastity:સમજાવી ફોસલાવીને પતિવ્રતનોભંગકરાવવો;-નુંસતીત્વનાશક૦.

Se ducer,(સીડ્યૂસ'અર) *n.* One who,or that which seduces:ફોસલાવનાર;ભુલ થાપ દેનાર.

Se-duction,(સીડક્'શન્)*n.* 1. The act of seducing: શીલપાતન; સતીત્વનાશ. 2. Means of leading astray:ફોસલામણી;કુમાર્ગે દોરવાનાં સાધન;પ્રેલોભન.

Se-ductive,(સીડક્'ટિવ્) *a.* Tending to lead astray:ભુલથાપદે-ખોટેમાર્ગે લઈજાયએવું;ભોળવે તેવું.

Se duli-ty, (સેડ્યૂ'લિટિ) *n.* Unremitting industry:મોટો પરિશ્રમ;મહેનત;ઉદ્યોગ;ઉદ્યોગશીલતા.

Sedu lous,(સે'ડ્યૂલસ)*a.*[L.*sedo*,I sit.]Steadily industrious:assiduous:ઉદ્યમી;અભ્યાસી;વ્યવસાયી.

Sedu-lous-ly,(સે'ડ્યૂલસ્લિ)*adv.*Assiduously; perseveringly:ઘણી મહેનત-ખંતથી-કરીને.

See.(સી)*n.* [L. *sedo*,I sit.] *Specifically,* (*a*) Diocese; the jurisdiction of a bishop: ધર્માધ્યક્ષના તાબાનો મુલક-તાલુકો.(*b*)The seat of an archbishop:ધર્માધ્યક્ષની ગાદીનું ઠેકાણું;ધર્માચાર્યની ગાદી.(*c*)The office of the pope:પોપનું સ્થાનક-સ્થાન.

See,(સી)*vt.*[*imp.* **Saw,** (સૉ) *p. p.* **Seen,**[L. *scio*,I know.] 1. To behold; to descry; to view:જોવું;દેખવું;પેખવું;અવલોકવું.2.To perceive by mental vision;to understand;to comprehend:જાણવું;સમજવું;-નુંજ્ઞાનથવું3.To watch; to regard attentively;to look after:તપાસ રાખવી;સંભાળવું;સાચવવું.4.To make a call upon;to visit:મળવું;-ની મુલાકાત કરવી.5.To fall in with;to meet or associate with:ને મળવું; -ના સંસર્ગમાં આવવું.*To* **s**.*one home*: કોઇને તેને ઘેર વળાવવા જવું.*To* **s**.(*any thing*)*out*,to see (*it*)to the end; to be present to the end: આખર-ઉંવટ સુધી હાજર હોવું;પુરૂં કરાવવું. *To see* (*one*)*through*,to help,or guard(*one*)to the end of course or an undertaking: કોઇને કોઇ કામમાં મદદ કરવી-ની સંભાળ રાખવી અથવા-નું રક્ષણ કરવું.*vi.* To have the power of vision: જોવું;ભાળવું; દેખાવું. *To* **s.** *about a thing,* to to pay attention to it:ના તરફ લક્ષ ધ્યાન આપવું.*To* **s.** *on,* to look at;ના તરફ જોવું. *To* **s.** *to,* (*a*) to look at:ને જોવું-દેખવું. (*b*) To take care about:ની સંભાળ લેવી-રાખવી.To see off :વળાવવા જવું.

Seed,(સીડ)*n.pl.***Seed** or **Seeds,**(સીડ્ઝ) 1. A ripened ovule, consisting of an embry with one or more integuments,or coverings:બીજ;બીયું;બી.2.Semen;sperm: વીર્ય;ધાતુ; રેત;શુક્ર.3.Race:generation,birth: જાત; પેઢી; જન્મ;મૂળ.*vi.*1. To sow seed:બી વાવવું. 2. To shed the seed:બી પાડવું.3.To grow to maturity and to produce seed:પુખ્ત-પાકું થઇને બી ઉત્પન્ન કરવું; જડમૂળ ઘાલવું. *vt.* To plant seeds in;to sow:માં બી વાવવાં.

Seedless,(સીડ્લેસ્)*a.* Wanting seed:નિર્બીજ; નિષ્ફળ.

Seedling,(સીડ્'લિન્ગ્)*n.*A plant reared from the seed:બીજમાંથી ઉછરેલો છોડ;રોપો;બીજાંકુર.

Seedsman,(સીડ્ઝ્'મૅન્)*n.pl.*1. A sower; one who sows seeds:બીઆં વાવનાર.2.A person who deals in seeds: બીજ-બીઆં વેચનાર.

Seedy, (સીડ્'ઇ) *a.* Abounding with seed; bearing seeds:બહુ બીજ-બીઆંવાળું.

Seeing,(સી'ઈન્ગ્)*conj.*Considering;since;because:કારણકે;જોતાં;વિચાર કરતાં;માટે.

Seek,(સીક્)*a.vt.*[*Imp.*&*p.p.***Sought,**(સૉટ્)] 1.To go in search of;શોધવું;ખોળવું;ઢુંઢવું.2.To inquire for:માગવું;યાચવું.3.To try to acquire or gain: મેળવવાને માટે યત્ન ક૦. 4. To try to reach or come to: પહોંચવાનો યત્ન ક૦. 5. To make search or inquiry;ની તપાસ-તલાસ ક૦. *To* **s.** *after,* to make pursuit of: નો કેડો લેવો. *To* **s.** *for*,to endeavour to find:શોધવાનો પ્રયાસ ક૦. *To* **s.** *to,* to resort to:.નો આશ્રય-આધાર લેવો.*To* **s.***upon*,to make strict inquiry upon:નીબારીક તપાસ કરવી.

Seem,(સીમ્)*vi.*To appear or to appear to be;દેખાવું;સુજવું;જણાવું;દીસવું,ભાસવું.*It.***s.s**,it is said:તે ખરૂં છે; એમ સમજાય છે;એવું કહેવાય છે. *vt.* To befit;to beseem:લાયક-યોગ્ય હોવું;ઘટવું.

Seeming-ly,(સીમ્'ઈન્ગ્લિ)*adv.* In apperance; in show;apparently:ઉપરઉપરથી;બહારથી.

Seemli-ness,(સીમ્'લિનેસ્)*n.*Comeliness;propriety:યોગ્યતા;લાયકી;ઔચિત્યરૂપ;લાવણ્ય:

Seemly,(સીમ્'લિ) *adv.*Suitable;fit:યોગ્ય;ઘટિત લાયક;ઉચિત.*adv.* In a suitable manner;becomingly:યોગ્ય રીતે;ઘટારતથી.

Seen,(સીન્)*p.p.*of**See**:જોયું;દીઠું;નિરખ્યું;નિહાળ્યું.

See-saw,(સી'સૉ)*n.* A play among childern in which they are seated upon the opposite ends of a plank which is balanced in the middle,and move alternately up and down:ચીંચવો;ચીંચુડો. *vi.* To move back ward and forward:ઉંચા નીચા હીંચકા ખાવા.

vt. To cause to move backward and forward:આમતેમ-ઉંચા નીચા હીંચકા ખવડાવવા.

Seethe,(સીધ્) *vt.* To boil:ઉના પાણીમાં બાફવું-સિઝવવું.*vi.* To be in a state of ebullition; to boil:ઉકળવું;ખદબદવું.

Segment,(સેગ્'મેન્ટ્)*n.*[L.*seco*,I cut.]1.A section;a portion;ભાગ;અંશ;ચીરી.2. A part cut off from a figure by a line or a plane]:ગોળાનો ખંડ; વૃત્તખંડ. 3. A piece in the form of the sector of a circle:ગોળાના ખંડના આકારનો કકડો.

Segre-gate, (સી'ગ્રીગેટ્) *a.* [L. *se*, and *grex*, *gregis*,a flock or hard]. Separated from others of the same kind:એકજ જાતના બીજા માંથી-છુટું પાડેલું.*vi.*To separate from others; to set apart:બીજાથી છુટું-જુદું પાડવું-ઇલાહિદું રાખવું.

Seignior,(સીન્'યર્)*n.*[L. *senior*,elder.]1. A title of honor in the south of Europe:ઇંગ્રેજીમાં 'સર' અથવા 'મીસ્તર'ના જેવો દક્ષિણ યૂરોપમાં વપરાતો માનનો ઈલકાબ.*Grand* **s.**, the sultan of Turkey:તુર્કસ્તાનનો સુલતાન.

Seignior-y,(સીન્'યરિ)*n.*1.The power or authority of a lord:'લૉર્ડ' નામના અમીરની સત્તા-અધિકાર.2.The territory over which a lord holds jurisdiction; a manor: 'લૉર્ડ' નામના અમીરની હકુમત-મુલક-ઠકરાત-અધિકાર.

Seize,(સીઝ્)*vt.*1.To gripe or grasp suddenly: એકદમ ધસીને પકડવું;ઝાલવું 2. To take possession of,by force:પડાવી-ખુંચાવી-લુંટાવી લેવું. 3. To take sudden hold of: ઝપાટામાં લેવું;-પર ત્રાપ મારવી;પછાડવું.4. To take possession of by virtue of a warrant or other legal authority:વારંટથી-કે બીજી કોઈ કાયદાસર રીતે જપ્ત કરવું;-નો કબજો લેવો. To be *seized* of,to have possession, or right of possession:-નો કબજો હોવો.

Seizure,(સીઝ્'યૂર્)*n.*1.The act of seizing;the state of being seized;sudden and violent grasp or gripe:કબજો;ધારણ.2. Hold;possession;ownership:કબજો; દાવો; માલકી.3. That which is seized or taken possession of: લુંટાવી-બથાવી લીધેલી-પડાવેલી ચીજ-વસ્તુ-પદાર્થ.

Seldom,(સેલ્'ડમ્)*adv.*Rarely;not often;not frequently:ભાગ્યેજ;વિરલું;જવલ્લે;કદાચ;કોઇકવાર; કદાચિત્.

Se-lect,(સીલેક્ટ')*a.*[L. *se* & *lego*,I gather.] Selected;choice:પસંદ કરેલું; ચુંટી-વીણી કાઢેલું; ચુનંદા;ઉત્તમ.*vt.*To choose and take from a number;to pick out:ચૂંટી-વીણી કાઢવું.

Se-lection,(સીલેક્'શન્)*n.*1.The act of selecting,or the state of being selected;choice, by preference:પસંદગી;ચૂંટણી.2.That which is selected;a collection of things chosen: ચુંટી-પસંદ કરેલી વસ્તુ.

Se-lector,(સીલેક્ટ'અર્)*n.*One who selects:પસંદ કરનાર;ચુંટી-વીણી કાઢનાર. [ચંદ્રકાંત.

Selen-ite,(સેલ્'એનાઇટ્)*n.*A variety of gypsum

Self,(સેલ્ફ્)*a.*[L.*sui*,same.]Same;particular; very;identical: તેજ;પોતેજ;અમુક.*n.* 1.A person as a distinct individual; a being regarded as having personality:પંડ;જાત;ખુદ. 2.*Hence*,personal interest;selfishness:સ્વાર્થ;એકલ પેટા-સ્વાર્થિયાપણું.*To come to one's* **s.**: ભાનમાં-શુદ્ધિમાં આવવું.*To enrich one's* **s.**:પોતાનું ઘર ભરવું *To spare one's* **s.**:હાડકાં ચોરવાં; હરામ ક૦.

Self-ab-negation, (સેલ્ફ્-ઍબ્નીગેશન્) *n.* Self-denial;self-renunciation:ઇંદ્રિયદમન;આત્મસંયમ.

Self-act-ing,(સેલ્ફ્-ઍક્ટ્'ઇન્ગ્) *a.* Acting by itself:પોતાની મેળે ચાલનાર.

Self-aggran-dize-ment, (સેલ્ફ્-ઍગ્'ઍન્ડાઇઝ્મેન્ટ્)*n.*The aggrandizement of one's self: પોતાની વૃદ્ધિ-ચડતી;આત્મોન્નતિ;આત્મોદય.

Self-ap-plause,(સેલ્ફ્-ઍપ્પ્લૉઝ્)*n.* Applause of one's self:આત્મસ્તુતિ-પ્રસંશા; આત્મશ્લાઘા.

Self-born,(સેલ્ફ્'બૉર્ન્) *a.* Born or produced by one's self:સ્વયંભૂ;પોતાની મેળે ઉત્પન્ન થયેલું; આત્મોત્પન્ન;સ્વોત્પન્ન;સ્વજ.

Self-chari-ty, (સેલ્ફ્'ચૅરિટિ) *n.* Self-love:પોતાની જાત-પંડનો-ઉપર પ્યાર.

Self-com-mand,(સેલ્ફ્'-કૉમ્માન્ડ્') *n.*Control over one's own feelings,temper, etc.:આત્મસંયમ;ઇંદ્રિયજય;સંયમ.

Self-con-ceit,(સેલ્ફ્-કૉન્સીટ્') *n.* Conceit of one's self:ગર્વ;મગરૂરી;અભિમાન;અહંકાર.

Self-con-ceited,(સેલ્ફ્-કૉન્સીટ'એડ્)*a.*Having an overweening opinon of one's powers: અભિમાની;અહંકારી;સ્વાભિમાની.

Self-confi-dence,(સેલ્ફ્-કૉન્'ફિડેન્સ્) *n.* Self-reliance:આત્મનિષ્ઠા;સ્વબુદ્ધિનિષ્ઠા;પંડાવેશ્વાસ.

Self-con-trol, (સેલ્ફ્-કૉન્ટ્રોલ્') *n.* Control of one's self:ઇંદ્રિઓ વશ રાખવી તે;આત્મનિયમ.

Self-de-fence,(સેલ્ફ્-ડીફેન્સ્')*n.*The act of defending one's own person:આત્મરક્ષણ.

Self-de-nial,(સેલ્ફ્-ડીનાઇ'અલ્)*n.* The denial of one's self:આત્મસંયમ;આત્મનિગ્રહ.

Self de struction,(સેલ્ફ્-ડીસ્ટ્રક્'શન્)*n.* Self-murder;suicide:આપઘાત-નાશ;આત્મહત્યા-નાશ.

Self-dis-trust,(સેલ્ફ્-ડિસ્ટ્રસ્ટ્')*n.*Want of confidence in one's self: પોતાની જાતનો અણભરોસો-ગેરવિશ્વાસ;આત્મશંકા.

Self-es-teem,(સેલ્ફ્-એસ્ટીમ્)*n.*The holding a

good opinion of one's self: પોતાના પંડ-જાત વિષે સારો વિચાર.

Self-evi-dent, (સેલ્ફ-એવ્'ઇડેન્ટ) *n.* Evident without proof or reasoning: પોતાની મેળેજ જાહેર થયેલું;સ્વતઃસિદ્ધ;સ્વયંપ્રકાશ;પ્રત્યક્ષ.

Self-ex-istent,(શેલ્ફ-એગ્ઝિસ્ટ'એન્ટ)*a.*Existing of or by himself:સ્વયંભૂ;સ્વતઃસિદ્ધ;અકૃત્રિમ.

Self-govern-ment,(સેલ્ફ-ગ'વર્ન્‌મેન્ટ) *n.* Democratic government;democracy:લોકરાજ્ય; પ્રજાસત્તાક રાજ્ય.

Self-im-portance,(સેલ્ફ-ઇમ્પૉર્ટ'ઍન્સ)*n.* An exaggerated idea of one's own importance or merit:અભિમાન;મ્હોટમ;માન.

Self-in-dulgent,(સેલ્ફ-ઇન્ડલ્'જેન્ટ) *a.* Indulging one's appetites,desires, etc.,freely: ઇન્દ્રિયાદિક વૈભવ મરજી પ્રમાણે ભોગવનાર;વિષયી.

Self-inter-est,(સેલ્ફ-ઇન્'ટરેસ્ટ)*n.*The interest of one's self:પોતાની મતલબ;સ્વાર્થ;આત્મહિત.

Selfish,(સેલ્ફ'ઇશ) *a.* Caring supremely or unduly for one's self:મતલબી,સ્વાર્થીયું;એકલપેટું.

Selfish-ness, (સેલ્ફિ'ઇશનેસ)*n.* Exclusive regard to one's own interest or happiness:એકલપેટા-સ્વાર્થીયાપણું;સ્વાર્થબુદ્ધિ;સ્વાર્થદૃષ્ટિ;સ્વાર્થનિષ્ઠા.

Selflove, (સેલ્ફ'લવ્) *n.* Desire of personal happiness:મમતા;અહંમાન;આત્મપ્રીતિ;સ્વાનુરાગ.

Self-posse-ssed, (સેલ્ફપૉઝ્ઝેસ્ટ') *a.* Composed or tranquil in mind: સાવધ;અંત્યમ.

Self-posse-ssion, (સેલ્ફપૉઝ્ઝે'શન) *n.* Calmness; presence of mind : મનનું સાવધપણું; ચિત્તનું સ્વસ્થપણું.

Selfpraise, (સેલ્ફ'પ્રેઝ) *n.* Praise of one's self:પોતે પોતાની કરેલી તારીફ;આત્મસ્તુતિ.

Selfpre-ser-vation, (સેલ્ફ'પ્રેઝર્વે'શન)*n.*The preservation of one's self from destruction or injury:દુઃખ નુકશાનમાંથી પોતાના પંડનો બચાવ;આત્મરક્ષા.

Self re-liance,(સેલ્ફ રીલાઇ'ઍન્સ)*n.*Reliance on one's own powers or judgment:જાત-પંડપર આધાર રાખવો તે;આત્મનિષ્ઠા;સ્વનિષ્ઠા.

Selfre-spect, (સેલ્ફ'રીસ્પેક્ટ) *n.* Respect for one's self:પોતાની આબરૂની દરકાર;ટેક;સ્વાભિમાન.

Self-re-straint,(સેલ્ફ-રીસ્ટ્રેન્ટ')*n.* Restraint over one's self:આત્મસંયમ;દમ;આત્મનિગ્રહ.

Self sacri fice,(સેલ્ફ-સૅક્'રિફાઇસ) *n.* The act of sacrificing one's self:આત્માર્પણ;પ્રાણાર્પણ.

Selfsame, (સેલ્ફ'સેમ)*n.*Precisely the same; identical:એનું એજ;એજ;તેજ;અનન્ય.

Self suf-ficient,(સેલ્ફ-સફિ'શેન્ટ) *a.* Sufficient for one's self without external aid:બહારની-બીજી કોઇ મદદ સિવાય પોતાના પંડને માટે સંપૂર્ણ જોઇએ તેટલું;સ્વનિષ્ઠ;સ્વસ્થ.

Selfwilled, (સેલ્ફ'વિલ્ડ) *a.* Governed by one's own will; obstinate:હઠીલું; જક્કી;જીદ્દી; દુરાગ્રહી.

Sell,(સેલ્) [L. *sedeo*,I sit.] *vt.* [*Imp.& p.p.* **Sold.**] 1. To transfer to another for an equivalent:વેચવું;વેચાતું આપવું.2.To make a matter of bargain and of sail: પૈસા ખાઇને નિમકહરામીથી પારકાને આપવું; -માં ફસાવું. *vi.* To be sold:વેચાવું.

Selvage,Selvedge, (સેલ્'વેજ-સેલ્'વેજ) *n.* The edge of cloth which is woven in such a manner as to prevent raveling: લુગડાની કોર;અંચળો.

Sema-phore,(સેમ'ઍફોર)*n.*[Gr.*sema*,sign & *phero*, I bear.] A signal telegraph:વેગળેથી ઈશારત કરવાનો સાંચો.

Sem-blence,(સેમ'બ્લેન્સ)*n.*[L.*similis*,like.] Likeness; similitude: સરખાપણું; મળતાપણું.

Semen,(સી'મેન)*n.pl.***Semina**.[L.*sero*,I sow.] 1.The seed of plants:છોડવાનાં બી.2.The seed or fecundating fluid of male animals; sperm:ધાતુ;ધાત;રેત;શુક્ર;વીર્ય;તુખમ.

Semi,(સેમ'ઇ) [L.] A prefix signifying half and sometimes partly or imperfectly:અર્ધું-અડધું દર્શાવનારો ઉપસર્ગ;અર્ધ;નીમ.

Semi-breve,(સેમ'ઇબ્રીવ)*n.* A note of half the time or duration of the breve: દીર્ઘસ્વર.

Sem-i-castrate,(સેમિકેસ'ટ્રેટ)*vt* To deprive of one testicle: એક અંડને ખાસી કo;નું એક અંડ કાપી નાંખવું.

Semi-cir-cle,(સેમ'ઇ-સર્કલ)*n.*1.(*a*)The half of a circle:અર્ધ વર્તુળ-ગોળ.(*b*)A semicircumference: અરધો ઘેરાવો-પરીઘ.2. A body in the form of half a circle:અરધાવર્તુળ-ગોળાના આકારનો પદાર્થ.

Semi-co-lon,(સેમ'ઇકોલૉન)*n.*The punctuation mark [;] indicating a separation between parts or members of a sentence more distinct than that marked by a comma:અર્ધવિરામ;ટાંપમિસલો.

Semin-al, (સેમ'ઇનેલ્) *a.* [L *semen*, seed.] Per-taining to,containing, or consisting of seed or semen:ધાત-બીજ સંબંધી;તુખમી.

Semi-na ry (સેમ'ઇનૅરિ)*n.*[*semen*,seed.] 1. A nursery: બીજરોપણ સ્થળ. 2. A place of educating;a college:નિશાળ;વિદ્યાલય;પાઠશાળા.,

Semi-nate,(સેમ'ઇનેટ)*vt.*To sow: રોપવું;વાવવું; વધારવું. [મૂર્છના.

Semi-tone,(સેમ'ઇ-ટોન)*n.*Half a tone:અર્દ્ધસૂર;

Semi-trans-parent, (સેમ'ઇ-ટ્રેન્સ્પે'રેન્ટ) *a.* Half or imperfectly transparent:અર્ધ-અપૂર્ણપારદર્શક.

Semi-vow-el, (સેમ'ઇવાઉએલ્) *n.* A sound intermidiate between a vowel and a con-

sonant:અર્દ્ધસ્વર;અંતસ્થ.

Sem-pi-ternal,(સેમ્પિટર્નલ્)*a.* [L.*semper*, always.] Everlasting;endless:અખંડ;અનંત; હમેશનું;અનાદ્યન્ત.

Senate,(સેનેઅટ)*n.*[L.*senex*,old,an old man] An assembly or council having the highest deliberative and legislative function: રાજમંત્ર સભા;રાજ્યસભા.(*a*)A body of elders appointed from among the nobles of the nation and having supreme legislative authority:અમીરોમાંથી પસંદ કરેલા પુરુષોની કાયદા ઘડનાર મંડળી.(*b*)A legislative body;a state council:ધારા સભા;કાયદા બનાવનારી મંડળી.

Senator,(સેન્‌અટર્)*n.*1.Member of a senate: રાજ્ય મંડળીનો સભાસદ 2.A king's councillor: રાજાનો સલાહકારી;મંત્રી;સચીવ.

Sen-a-tori-al, (સેનેટોરિઅલ્) *a.* Of, or pertaing to a senator or a senate: 'સેનેટ'નામની મંડળી સંબંધીનું-નેલગતું.

Send,(સેન્ડ)*vt.*1.To cause to go in any manner: રવાને ક૦.; વિદાયક૦.2 To give motion to; to cause to be borne or carried:-નીસાથે મોકલવું.3.To cast:ફેંકવું.*To* **s.** *for*, to request or require by message to come or be brought:બોલાવવા-તેડવા-લેવામોકલવું;આમંત્રણક૦. *To* **s.** *forth*:-માંથીનીકળવું;ફુટવું; પ્રસરવું; ફેલાવું.

Se-nescence, (સીનેસ્‌સેન્સ) *n.* The state of growing old;decay by time:ઘડપણ;વૃદ્ધાવસ્થા; જીર્ણાવસ્થા;ઘરડાપો;જરા.

Sene-schal,(સેનેસ્કૉલ્)*n* [L.*senex*,&*scale*,a servant]A steward:કારભારી;વહીવટકરનાર;મુનમ.

Senile,(સીનાઇલ્)*a.*Of, or pertaining to old age: વૃદ્ધાવસ્થા સંબંધી.

Se-nili-ty,(સીનિલ્‌ઇટિ)*n.*The quality or state of being senile:ઘડપણ;વૃદ્ધાવસ્થા;જરા;ઘરડાપો.

Seni-or, (સીનિઅર) *a.* [L.*senex*, *senis*, old.] Prior in age;elder:જ્યેષ્ઠ;વડિલ;પહેલીનિમણુંકનું. *n.*1.One more advanced in life:બીજા કરતાં મોટી ઉમરનો માણસ;જ્યેષ્ઠ;વડિલ 2.One prior in grade:પાયરીએ-પદવીએ મ્હોટું હોય એવું માણસ.

Se-ni-ori-ty,(સીનિઑરઇટિ)*n.*The quality or state of being senior:ઉપરીપણું;વડીલપણું.

Senna,(સેનને)*n.*The leaves of several leguminus plants of the genus *cassia*:સોનામુખી; સોનામક્કાઈ;મીંઢીઆવળ.

Sensate,(સેન્સ્‌એટ)*vt.*[L.*sente.*]To feel more or less distinctly through a sense:ઇંદ્રિઓથી થોડું અથવા વધારે માલુમપડવું;ઇંદ્રિઓથીઅનુભવક૦.

Sen-sation,(સેન્સેશન્)*n*1. An impression, or the consciousness of an impression, made upon the central nervous organ through one of the organs of sense:ઇંદ્રિયજન્યજ્ઞાન-અનુભવ.2.A purely spiritual or physical affection: શુદ્ધ માનસિક હેત-પ્યાર. 3. A state of excited interest or feeling:મનની વ્યાકુળતા-સંક્ષોભ;આવેગ;વિકાર.

Sen sation-al,(સેન્સેશનલ્)*a.*1.Of or pertaining to sensation: ઇંદ્રિયજ્ઞાન-ભાનનું. 2. Of or pertaining to the doctrine that sensation is the origin of knowledge: ઇંદ્રિયજ્ઞાન-ભાન એ જ્ઞાનનું મુખ્ય મુળ છે એવા મત સંબંધી; મનને વ્યાકુળ-સંક્ષુબ્ધ કરે એવું.

Sense, (સેન્સ)*n.*[L.*sentio*,I feel.]1.A faculty of perceiving external objects by means of impressions made upon certain organs of the body:પ્રાણીની જ્ઞાનેંદ્રિય.*Evident to* **s.**: પ્રત્યક્ષસિદ્ધ. *Object of* **s** :ઇંદ્રિયગોચર.*Pleasure of* **s**.:વિષયસુખ.2.Sensation:ઇન્દ્રિયદ્વારેજ્ઞાનબોધ-ભાન.3.Apprehension;understanding:બુદ્ધિ; ભાન;જ્ઞાન.4.Correct judgment: અક્કલ;સમજ; બુદ્ધિ;મતિ.5.Judgment:વિચાર;મત;અભિપ્રાય.6. Meaning:ભાવ;અર્થ.*Literal* **s**.:શબ્દાર્થ;અક્ષરાર્થ. 7.Moral preception:સારા નરસાની સમજ. **S.***of obligation*:કૃતજ્ઞતા.*Loss of* **s.**ઃબુદ્ધિભ્રંશ. *To come to* **s.**: ચેતના-ભાન-શુદ્ધિમાં આવવું. *To lose one's* **s** ઃબેશુદ્ધ-બેસાન થવું.

Senseless,(સેન્સ્‌લેસ્) *a.* Unconscious;stupid; foolish;unreasonable:બેશુદ્ધ;બેભાન;મૂર્ખ.

Sen-si-bili ty,(સેન્સિબિલ્‌ઇટિ)*n.*1. Capacity to feel or perceive:શુદ્ધિ;દેહશુદ્ધિ;દેહભાન;ચેતના. 2.Experience of sensation;actual feeling: અનુભવ;લાગણી;સમજ;અક્કલ;બુદ્ધિ.

Sen sible (સેન્સ્‌ઇબલ્)*a* 1.Capable of being perceived by senses:લાગે-જણાય એવું;ઇંદ્રિયગોચર. 2. Having the capacity of receiving impressions from external objects: impressible:ચેતના-ભાનવાળું;સચેતન 3.Sensitive;having nice perception or acute feeling:જાણીતું;વાકેફગાર.4.Having moral perception:સમજદાર;વિવેકી;સમજુ.5 Intelligent:સુજ્ઞ; ડાહ્યું;શાણું;અક્કલવાન;બુદ્ધિવાન.

Sensi-bly, (સેન્સ્‌ઇબ્લિ) *adv.* In a sensible manner;susceptibly:જણાય-સમજાય-ખબર પડે તેમ;પ્રત્યક્ષ રીત્યે.

Sensi-tive,(સેન્સ્‌ઇટિવ)*a.*1.Highly susceptible; easily and acutely affected: તરત ઘણું લાગે એવું; કોમળ હૃદયી. 2. Having a capacity of being easily affected or moved : તરતજ અસર થાયઅથવા ખસે તેવું. 3.Of or pertaining to sensation;depending on sensation:ઇંદ્રિયજ્ઞાન-લાગણીસંબંધી;ઇંદ્રિયજ્ઞાન વિષયક.

Sensi-tive-plant,(સેન્સ્‌ઇટિવ્-પ્લૅન્ટ) *n.* Any plant showing motions after irritation: લજામણી.

Sen-sori-al,(સેન્સૉ'રિઍલ્)*a.* Of or pertaining to the sensorium:જ્ઞાનતંતુ-સમૂહસંબંધી-નું-વિષે.

Sen-sori-um,(સેન્સૉ'રિઅમ)*n.pl.* E. **Sensoriums,** *L.* **Sensoria**. [L *sensus*,feeling.] (*Physiol*)The seat of sensation:જ્ઞાનસ્થળ; જ્ઞાનતંતુસમૂહ;ચેતનાશય;ચૈતન્યાસ્પદ.

Sensu-al,(સેન્'સ્યૂઍલ્)*a.*[L.*sensus*,sense.] 1. Relating to,or concerning, the body, in distinction from the spirit:શારીરિક;ઇંદ્રિયોનું; ઇંદ્રિયજન્ય.2.Carnal;fleshy; worldly: વૈષયિક; લૌકિક.3.Lewd: વિષયી;લંપટ.

Sen-su-alist,(સેન્'સ્યૂઍલિસ્ટ)*n.* One who is sensual; one given to the indulgence of the appetites of the senses as the means of happiness: ઇંદ્રિયાદિક સુખ ભોગવનાર;કામી;લંપટ.

Sen-su-ali-ty,(સેન્સ્યૂઍલ'ઇટિ)*n.*Devotedness to the gratification of the bodily appetites;lewdness:લંપટપણું;વિષયાસક્તિ;કામાસક્તિ.

Sensu-ous,(સેન્'સ્યૂઅસ)*a.*1.Addressing the senses:બાહ્ય પદાર્થને લગતું-સૂચક.2.Highly susceptible to influence through the senses: ઇંદ્રિયવિષયક;ઇંદ્રિયજન્ય.

Sent,(સેન્ટ)*Imp.*& *p.p.* of **Send**.: મોકલ્યું;મોકલેલું.

Sentence,(સેન્'ટેન્સ)*n.*[L. *sensio*,I feel.] 1. Condemnation produced by a judical tribunal: ફોજદારી મુકદ્દમામાં શિક્ષાનો ઠરાવ; શિક્ષા; નશીયત;દંડાજ્ઞા.2.A maxim;anaxiom;વચન;સૂત્ર નીતિવચન.3.A combination of words whicl is compelete as expressing a thought,& c.: વાક્ય.*vt.* To doom;to condemn to punishment:-નેશિક્ષા કo-ફરમાવી;નશીયત કo.

Senti-ent, (સેન્'શિએન્ટ)*a.*[L. *sentio*,I feel.] Having a faculty,of sensation and perception: સચેતન;ચૈતન્ય-પ્રાણવિશિષ્ટ. *n.* A sentient being:.સચેતન પ્રાણી.

Senti ment(સેન્'ટિમેન્ટ)*n* [L.*sentio*,I feel.]1. A thought prompted by passion or feeling તર્ક;કલ્પના;મનોભાવ 2.Thought;opinion:અભિપ્રાય;આશય;મનો-ધર્મ;મનોવૃત્તિ.

Sen-ti-mental,(સેન્ટિમેન્'ટલ)*a.*1. Abounding with moral reflections; did:ctic:સુવાકયવાળું;નીતિનાં વચન ભરેલું,બોધકારક.2. Inclined to sentiment:રસિક;રસમય.

Sen ti-mental ist,(સેન્ટિમેન્'ટલિસ્ટ)*a.* One who has,or affects,sentiment or fine feeling:અતિશયકોમળપણું-બારીક મનોભાવ વિગેરે બતાવનાર.

Senti-nel, (સેન્'ટિનેલ્) *n.* [L *sentio*,I feel.] A sentry:પહેરેગીર.*vt.* To watch over like a sentinel:પહેરેગીર-ચોકીઆતની તપાસરાખવી-ચોકી કરવી.

Sentry, (સેન્'ટ્રિ) *n.* A soldier placed on guard;a sentinel:પહેરેગીર;ચોકીઆત.

Sentry-box,(સેન્'ટ્રિ-બૉક્સ)*n.*A box to cover a sentinel at his post:પહેરેગીરને ઉભા રહેવાને છાપરી;કોટડી;ચોકી.

Sepa-rate,(સેપ'અરેટ)*vt.*[L.*se*,apart & *pars*, a part.]1. To disunite:જુદું નોખું પાડવું. 2.To come between: વચ્ચે આવી પડવું. 3. To set apart: ચૂંટી-વીણી કાઢવું. *vi.* To part: જુદું પડવું.*p. a.* Disjoined : જૂદું; વિખુટું; નિરાળું; ભિન્ન;નોખું;પૃથક્;ઇલાયદું.

Sepa-rate-ly,(સેપ'અરેટ લિ),*adv.*Distinctly: જૂદું;.અલાયદું;ભિન્ન;નોખું;નિરાળું.

Sep a-ration,(સેપરે'શન) *n.* The act of separating or the state of being separatsd: વિયોગ;વિપ્રયોગ ફાટફુટ;કુસંપ: *Specifically.* (*a*) Chemical anaylsis:પૃથક્કરણ.(*b*)Divorce:છુટાછેડા;તલાક;ફારગતી.

Sepoy,(સી'પૉઇ)*n.*A native of India employed as a soldier in the service of a European power:દેશી સિપાઇ;સિપાઇ.

Sep-tangu-lar,(સેપ્ટેન્ગ'ગ્યુલર)*a.*Septangonal: સપ્તકોણી.

Sep-tember,(સેપ્ટે'મ્બર)*a.*[L *septem*,seven.] The ninth month of the year containing thirty days:અંગ્રેજી સાલનો ત્રીસ દિવસનો નવમો મહિનો;શ્રાવણ-ભાદરવો;સપ્ટેંબર.

Sep tenni-al,(સેપ્ટેન'નિઍલ)*a.* [L. *septem*, seven & *annus*,year.]1 Lasting for seven years:સાત વર્ષ સુધી ચાલતું;સપ્તવાર્ષિક.2. Happening once in every seven years:દર સાત વરસે-વરસમાં એકવાર થતું. *a.* Having power to promote putrefaction:સડાવી નાંખતું.

Sep ti-later-al,(સેપ્ટિલે'ટરલ) *a.* [L *septm* & *latus*, side.] Of seven sides: સપ્તબાજુ; સાત બાજુનું.

Septu-ple,(સેપ'ટયૂપલ)*a.*Seven fold:સાતગણું. *vt.*To multiply by seven;to make seven fold:ને સાતે ગુણવું;સાતગણું કરવું.

Sepul-cher,-Sepuchre,(સેપ'અલ્કર)*n.* [L. *sepelio*, I bury.]A grave;a tomb:કબર;રોજો; સમાધ;સમાધી.છત્રી,દરઘા.*vt.*To bury;to entomb: દાટવું:-ની ઘોર કરવી.

Sepul ture, (સેપ'અલ્ટયૂર) *n* [L. *sepelio*, I bury] Burial; interment:દાટવું તે,પૃથ્વીદાહ.

Sequel,(સી'ક્વેલ્)*n.*[L.*sequor*,I follow.] 1. A succeeding part:ઉત્તરભાગ;ઉત્તરાર્દ્ધ 2 Consequence;effect;result:પરિણામ;અંત;છેડો. 3. Conclusion:અનુમાન;ક્યાસ.

Sequence(સી'ક્વેન્સ)*n.*[L *sequens*.]1 Succession;પૂર્વાપર સંબંધ;પરંપરા.2.Consequence: પરિણામ;અંત.

Sequent,(સી'ક્વેન્ટ)*a.*[L.*sequor*,I follow.] Succeeding: પછીનું;પૂર્વાપર,*n.* 1. A follower;

પાછળ આવનાર.2. That which follows as a result:પરિણામ;અંત;છેવટ.

Se quester,Se questrate,(સીક્વેસ્ટર્-સીક્વેસ્ટ્રેટ્)*vt.*[L.*sequester*,a depository.] 1.To separate from the owner for a time; to confiscate:જપ્ત ક૦;ટાંચ મારવી.2.To deprive ની પાસેથી મિલકત ખુંચાવી લેવું.3.To seclude: સંસાર છોડવો. એકાંત સેવણ ક૦.*vi.*1.To retire: એકાંત વાસ લેવો. 2.To renounce:પોતાની મીલકત ઉપરથી પોતાનો હાથ ઉઠાવવો.*n.*1.Sequestration; separation: જપ્તિ;કલમબંધી. 2. A mediator;પંચ;લવાદ.

Se-ques-tration, (સેક્વેસ્ટ્રેશન્) *n.* 1. The act of separating a thing in controversy from the possession of both the parties that contend for it:જપ્તિ; ટાંચ; કલમબંધી. 2. Retirement;seclusion from society: એકાન્તવાસ;સંસારત્યાગ.3.Disunion; disjunction: કજીઓ;અણબનાવ;મતભેદ;જુદાપણું; તુટ;ફુટ.

Se-questrat-or,(સીક્વેસ્ટ્રેટર્)*n.*(*Law*)(*a.*) One who sequesters property, or takes possession of it for a time, to satify a demand out of its rents or profits: જપ્તી કરનાર-કરાવનાર;ટાંચ મારનાર.

Se-raglio,(સેરાલ્યો)*n.*1 An inclosure: વાડો. 2.The palace of the Turkish Sultan: તુર્કસ્તાનના સુલતાનનો રાજમેહેલ. 3. A harem; a place for keeping wives or concubines: જનાનખાનું;અંતઃપુર;રંગમેહેલ.*Royals.*:રાણીવાસો.

Se-rai,(સેરૈ)*a.*A palace;રાજમેહેલ;મેહેલ.(*also, in the East*)a caravansary,or rest house: મુસાફરખાનું;ધર્મશાળા;સરાહ.

Seraph (સેરૅફ્) *n. pl. E.* **Seraphs,** *Heb.* **Seraphim,**One of an order of celestial beings:સૌથી ચડતા દરજ્જાનો દેવદૂત-ફિરસ્તો.

Se-raphic,(સેરૅફિક્)*a.*Angelic;sublime;pure ;refined:દેવદૂતનું-જેવું-ઉત્કૃષ્ટ;નિષ્કલંક;સ્વચ્છ;નિર્મળ.

Sere,(સીર્)*a.* Dry;withered:સુકાઇ ગયેલું; શુષ્ક; ચીમળાયેલું.*n.*Claw;talon:નોહોર;પંજો; નખોરીયું.

Ser-e-nade,(સેરેનેડ્)*n.* [L.*serus*, late.] *vt.* & *vi.* To entertain with a serenade: રાત્રે કોઇના ઘર પાસે તેને ખુશ કરવાને ગાયન ક૦.

Se-rene,(સીરીન્)*a* [L.*serenus*,calm]1. Bright;clean;સ્વચ્છ;નિર્મળ. 2. Calm;placid:શાંત; સ્વસ્થ.*vt.* To make serene:સ્વચ્છ-નિર્મળ ક૦.

Serenity,(સીરેનિટિ)*n.*1.Quietness;stillness; peace:સ્વચ્છતા;નિર્મળતા;શાંતિ;પ્રસન્નતા.2.Calmness of mind;composure:મનની શાંતિ;નિવૃત્તિ; અક્ષોભ.

Serf,(સર્ફ્)*n.*[L.*servus*,servant.]A servant or slave employed in husbandry:ખેતીના અંગે રાખેલો ગુલામ-દાસ.

Serfdom, (સર્ફ્ડમ્) *n.* The state or condition of a serf:ખેતીના અંગનું દાસ્ય ગુલામી.

Serge,(સર્જ્)*n.*[L.*serious*,silken.]A woollen twilled stuff:એકપ્રકારનું ઉનને રેશમનું બનેલુંલુગડું.

Sergeant,(સાર્જન્ટ્)*n.* (Written also **Serjeant.**)[L.*servo*,I serve.]1.A non-commissioned officer, whose duty is to instruct recruits in discipline:કવાયત શિખવનાર સનંદ વિનાનો હવાલદાર; સરજન્ટ 2. A lawyer of the highest rank: સર્વથી ઉંચી પદવીનો વકીલ-બારીસ્ટર-જડજ.**S.***at arms*:હુકમ બજાવનાર અને ગુન્હેગારને પકડનાર અમલદાર. **S.** *major*: લશ્કરમાં ઍજ્યુટંટ નામના અમલદારનો મદદનીશ.

Seri-al,(સીરિઅલ્)*a* 1.Of, or pertaining to a series:યથાક્રમ.2.Pertaining to rows: હારબંધ. *n.*A tale, or other writing, published in successive numbers of a periodical:અંકવાર નીકળતી વાત-લખાણ.

Se-ri-atim,(સીરિએટિમ્)*adv.*In regular order: અનુક્રમે;અનુક્રમ પ્રમાણે;હારબંધ;ક્રમવાર;

Se-riceous,(સીરિશસ)*a.*[L.*sericus*,silken.] 1.Of or pertaining to silk;silky:રેશમનું;રેશમવાળું:રેશમી.2. Having silklike lustre:રેશમના જેવા પ્રકાશ-તેજવાળું.

Series,(સીરીઝ)*n.* [L.*sero*,I bind or join together.] Sequence; order; course:માળા; હાર;ક્રમ.Reading Se.: વાંચનમાળા.

Seri-o-com-ic, (સીરિયો-કૉમિક્) *a.* Serious and comical:હાસ્ય તથા ગાંભીર્ય યુક્ત.

Seri-ous,(સીરિઅસ)*a.* [L. *serius*, grave.]1. Earnest;solemn:ગંભીર;ભારેખમ. 2. Being in earnest:મશ્કરી વગરનું.3.Important: મહત્વનું. 4.Attended with danger:ભયંકર; જોખમ ભરેલું.

Seri-ous ly,(સીરિઅસ્લિ)*adv.* Gravely;earnestly:ગંભીરતાથી;ગંભીરપણે;ખરાદીલથી;હાસ્ય વગર.

Seri-ous-ness,(સીરિઅસ્નેસ) *n.* Graveness; earnestness:ગાંભીર્ય;ધીરતા;ધૈર્ય.

Sermon,(સર્મૉન્)*n.*[L.*sero*,I join.]1.A Discourse delivered in public by a clergyman: ધર્મ સંબંધી ભાષણ;ધર્મવ્યાખ્યાન.2 A serious address;a homily:ઉપદેશ; શિખામણ. *vi.*To discourse:બોલવું;વાતચિત ક૦;ભાષણ ક૦.*vt.*To discourse to or of: -ને વિષે-ની આગળ વાતચીત-ક૦.

Sermon-ize, (સર્મૉનાઇઝ્) *vi.* To compose or write a sermon;to preach:બોધ કરવો;ઉપદેશ ક૦.*vt.*To preach:-ને બોધ આપવો.

Serosi-ty,(સેરૉસિટિ)*n.* The quality or state of being serous:લોહીના પાતળા અંસ જેવું હોવું તે.

Serous,(સીરસ્)*a.*(*a*) Thin;watery:પાણી જેવું; પાતળું.(*b*)Of,or pertaining to serum:લોહીના પાતળા અંશનું-સંબંધી-વિષે;મેદસ્વી.

Serpent,(સર્પેન્ટ્)*n.*[L.*serpo*,I creep.] 1. A

snake;*especially*, a large snake:સાપ; એરૂ; નાગ.2. A malicious person:કપટી-ડંશીલો માણસ.

Serpen-tine,(સર્પેન્ટાઇન્)*a.* Resembling a serpent:સાપના જેવું-વાંકુંચુંકું;સર્પાકાર.

Ser-pigo,(સર્પાઇગો)*n.*[L *serpo*,I creep.]A dry scaly eruption on the skin: ખરજવું.

Serrate,Serrat-ed,(સેરેટ્,સેરેટેડ્) *a.* [L. *serra*,a saw.] Notched on the edge,like a saw:કરવત જેવું. [ભેગું થયેલું ધાડું.

Serried,(સેરિડ્)*a.*Crowded;compact;dense:

Serum,(સીરમ્)*n.*[L.]The watery portion of certain animal fluids:દુધ-લોહીનો પાતળો અંશ; મેદ;રક્ત.S.*of milk*:છાશ.

Servant,(સર્વન્ટ્)*n.*[L.*servio*, I serve.]1. One who serves:નોકર; ચાકર; સેવક; ખિજમતદાર.2.One in a state of subjection or bondage:ગુલામ.

Serve,(સર્વ્)*vt.*[L *servio*, I serve.] 1.(*a*) To work for;to do service for:-ની નોકરી-ચાકરી-સેવા બજાવવી. (*b*) To obey & worship:-ની ઉપાસના કo; સેવવું. 2. To be subordinate to:-ના હાથ નિચે કામ કo. 3.To wait upon;to attend at meals; to supply with food:-ની ખિજમત-તાબેદારીમાં ઉભા રહેવું; પીરસવા રહેવું. 4. To be of use to;to benefit: -ના કામમાં-ખપમાં આવવું. 5. To promote; to satisfy:સારવું; પાર પાડવું.6.To answer or be (*in place of something*):કામમાં આવવું;ચાલવું.7.To deliver,toexecute:બજાવવું;-ની બજાવણી કo.*To* s.*an office*,to discharge a public duty:સાર્વજનિક સેવા બજાવવી. *To* s.*a process*:સમન બજાવવો.*To* s. *one out*, to retaliate upon:વેર વાળવું;ઘટતો બદલો આપવો.*To* s.*one right*, to treat according to his deserts:-ના ગુણ પ્રમાણે બદલો આપવો.*To* s.*one's self of*,to make use of:-નો ઉપયોગ કo;-*To* s.*out*, to distribute: વહેંચણ કo; પીરસવું. *To* s. *the time or the hour*, સમા પ્રમાણે વર્તવું. *i.*1 To render menial service: ચાકરી-નોકરી-સેવા બજાવવી.2.To perform domestic offices: ઘર કામકાજ કo.3. To answer a purpose:-થી ચાલવું;તરીકે કામમાં આવવું.

Service,(સર્વિસ્)*n.*1.(*a*)The act of serving; the occupation of a servant: નોકરી; ચાકરી. (*b*)Spiritual obedience & love:ઉપાસના;આરાધના.2. Duty done or required:સેવા;વૃત્તિ; અનુવૃત્તિ.3.Office of devotion:ઈશ્વરસેવા-ભક્તિ. 4.A musical composition:સંગીત;ગાન.5.(*a*) Official function:નોકરી (*b*) Military or naval duty: સિપાઇગિરી; સૈનિકવૃત્તિ. *Grant for* s.:સરંજામ.6. Profession of respect: બંદગી; નમસ્કાર;વંદન; પ્રણામ.7. (*a*) Order of dishes at table:પિરસણું;પિરસણ.(*b*)A set of vessels used at table:જમવાનાં વાસણ; ભોજનપાત્ર. 8. The act of bringing to notice:બજાવણી.

Service-a-ble, (સર્વિસએબલ્)*a.*Beneficial; advantageous:ગુણકારી;ઉપયોગી;ફાયદા-નફાકારક.

Service-book,(સર્વિસબુક્)*n.*A prayer book or missal: પ્રાર્થનામાળા-પોથી; નોકરીની નોંધબુક.

Servi-ent,(સર્વિએન્ટ્)*a.*Subordinate:તાબાનું; હાથ નિચેનું.

Servile,(સર્વાઇલ્)*a.*[L.*servus*,a servant or slave.]1 (*a*) Of or pertaining to a servant: નોકર-ચાકર અથવા ગુલામ સંબંધી. (*b*) Meanly submissive:અધમ;હલકું;નીચ;ક્ષુદ્ર.2. Held in subjection; dependent: પરતંત્ર; પરાધિન. 3 Not belonging to the original root: મૂળ ધાતુને ન લગતું.

Ser-vili-ty,(સર્વિલિટિ)*n.*The quality or state of being servile:ગુલામગીરી;પરતંત્રતા.

Servi-tor,(સર્વિટર્)*n.* A servant;an attendant;a follower or adherent:ખિજમતદાર; હજુરીઓ.

Servi-tude, (સર્વિટ્યુડ્) *n.* Slavery; bondage:ચાકરી;દાસત્વ;ગુલામી;પરાધીનતા; બંધન;પરવશતા.

Sesa-me,(સેસઍમી)*n.* [L.*sesamum*.]Either of two annual herbaceous plants of the genus *Sesamum*: તલ;તિલ.

Session,(સેશન્)*n.*[L *sedeo*,I sit.]1.The act of sitting or the state of being seated:બેસણી;આસન.2.The actual sitting of a court, council,legislature,etc., for the transaction of business: દરબાર; સભાની બેઠક.3. The time,during which a court,council, legislature,etc., meet daily for business:સભા મળવાનો વખત;બેઠક.*Court of* s.:સેસનકોર્ટ.

Set,(સેટ્)[*Imp.&p p.* **Set.**] To cause to sit; to put;to fix:મૂકવું.બેસાડવું;સ્થાપવું.(*a*) To fix, as a precious stone,in a border of metal: જડવું;બેસાડવું.*To* s.*about*,to begin:આરંભવું;શરૂ કo.*To* s.*against*, (*a*) to oppose:સામું મૂકવું; આડું ધરવું. (*b*) To set in comparison with: પડછે મૂકવું; મુકાબલે લાવવું. *To* s. *apart*,to reserve: જુદું કાઢવું. *To* s. *aside*, to omit; to neglect:કોરે મૂકવું;હિસાબમાં ન લેવું.*To* s.*at defiance*: to defy:ન ગણકારવું. *To* s.*at ease*,to quiet:નિરાંત વાળવી;શાન્ત કo.*To* s.*at naught*, to undervalue;to condemn:નહિ ગણકારવું:*To* s.*work* or to s.*to work*,(*a*)to cause to enter on work:કામે વળગાડવું; પાસેકામ કરાવવું.(*b*) To apply one's self: કરવા મંડવું. *To* s. *before*,to exhibit:દેખાડવું. *To* s. *by*, to set apart or on one side; to reject: જુદું મૂકવું;-નામંજુર કo. To s. *down*, to enter into

writing:લખવું.નોંધવું.*To* **s.** *eyes on*,to see:જોવું. *To* **s.** *forth*, to exhibit: બતલાવવું. *To* **s.** *forward*, to cause to advance: આગળ ચલાવવું.*To* **s.** *free*,to liberate: બંધીખાનામાંથી છોડવવું. *To* **s.** *in*, to begin: શરૂ કરવું;આરંભવું. *To* **s.** *in order*,to arrange:-નીવ્યવસ્થા ક૦.*To* **s.** *of*, to value: કિંમત કરવી; કદર જાણવી. *To* **s.** *off*, to separate from a whole: નિરાળું પાડવું. *To* **s.** *off against*, to place against as an equivalent:સામો અવેજ માગવો-વાળવો. *To* **s.** *on or upon*,(*a*) to instigate: ઉશ્કેરવું; ચઢાવવું.(*b*)To employ(*as,in task*):કામેલગાડવું. *To* **s.** *one's self against*,to place one's self in a state of enmity or opposition to:કોઈની સાથે દુશ્મનાવટક૦.*To* **s.** *on foot*, to put in motion:ચાલુ ક૦.*To* **s.** *out*,to assign:નક્કી કરવું. *To* **s.** *right*,to correct:દુરસ્ત ક૦.*vi*.1.To pass below the horizon;to decline:અસ્ત પામવું;આથમવું.*To* **s.** *about*,to commence;to begin:શરૂ ક૦;આરંભવું.*To* **s.** *forward*,to move or march: આગળ ચાલવું-વધવું.*To* **s.** *forth*,to begin a journey: મુસાફરી શરૂ ક૦. *To* **s.** *in*, to begin: શરૂ ક૦.*To* **s.** *off*, to start:ચાલી નિકળવું. *To* **s.** *on or upon*, to begin: શરૂ ક૦. *To* **s.** *out*, to begin a journey:મુસાફરીએ જવું. *To* **s.** *to*, to apply one's self to:પાછળ મચવું.*To***s.** *up*, to begin business, or a scheme of life: ધંધો માંડવો.*a*.1.Immovable:ડગે નહિ તેવું.2.obstinate:આગ્રહી.3.Rugular:નિયમિત.4.Established:સ્થાપિત.5.Arranged:ગોઠવેલું.*Set speech*:આગળથી તૈયાર કરીરાખેલું ભાષણ.*n*. I. The descent of a heavenly body:અસ્તમય;અસ્ત. 2.An assortment;a suit:જોડ; વર્ગ.3. A group:જુથ; મંડળ 4. Direction or course:માર્ગ; રસ્તો. *Dead* **s.**, a determined onset:જુસ્સાભરેલોહુમલો; આગ્રહપૂર્વક કરેલો ધસારો.*To make a dead* **s.**, to make a determined onset: જુસ્સાભેર હુમલો ક૦. [આડાઈ; જીદ;હઠ.

Setness,(સેટ્‌નેસ)*n*. Formality; obstina-cy:

Seton,(સીટૅન)*n*.[L.*seta*,a thick,stiff hair.] A few silk threads or a trid of linen:પોત; કાકડો;વાટ;બત્તી.

Settee,(સેટ્ટિ) *n*.A long seat with a back: તાવદાન;એક તરેહનુંપીઠવાળું ઘણા બેસે એવું આસન.

Setter,(સેટ્અર્)*n* 1.One who,or that which sets;બેસાડનાર;પ્રતિષ્ઠાપક.2.A hunting dog of a special kind:એક જાતનો શિકારી કુતરો.3.One who adapts words to music in composition:ગાયન રચવાને માટે શબ્દ ચૂંટનાર.

Settle,(સેટ્‌લ્)*vt*.1. (*a*) To establish: ઠેરવવું. (*b*)To establish in life:રોજગારેધંધે વળગાડવું. 2.To still;to calm;નરમ-શાંતપાડવું.3.To render pure or clear:નિતરૂં-સ્વચ્છ-નિર્મળ-ચોખ્ખું ક૦. 4.To cause to sink;to lower:તળે-નીચે બેસાડવું.5.To determine:નક્કી કરવું.6.To make up: નો નિકાલકાઢવો.7.To colonize:વસાવવું;વસ્તી કરવી. *vi*.1.To become fixed or permanent:કાયમ-સ્થિરથવું.2.To enter into the married state: ઘરસંસાર માંડવો.3. To be established in an employment:ધંધામાં નિમાવું.4.To sink to the bottom:તળિએ-નીચે બેસવું-જામવું.5. To adjust differences or accounts:કજીઓ-હિસાબ પતાવવો;હિસાબ ક૦;-નો નિકાલ-તોડ કાઢવો.

Settle-ment,(સેટ્‌લ્મેન્ટ) *n*. 1. The act of settling,or the state of being settled; વાસ; નિવાસ. (*a*). Establishment in life, business,condition, etc: ધંધે-રસ્તે-રોજગારે પડવું તે. (*b*) The act of being peopled:વસાવવું-વસવું તે. (*c*) The act of adjusting or determining:સ્થાપના;તોડ;નિકાલ. 2. (*Law*.) Disposition of property: મિલ્કતની વ્યવસ્થા-ગોઠવણ.(*a*.)Sediment:કચરો.(*b*)A colony newly established:નવું સંસ્થાન.(*c*)A jointure made to a woman at her marriage:કન્યાને તેના લગ્ન વખતે કરી આપેલી આવક;છવાઇ.3.A settled place of abode;residence:કાયમ રહેઠાણ-ઠામ.

Settler, (સેટ્‌લર્)*n*.One who settles:વસનાર; વસાવનાર. 2. A colonist; a planter; વસ્તિ-વાસ કરનાર;વસનાર.

Settlings,(સેટ્‌લિન્ગ્ઝ)*n.pl*.Lees;dregs;sediment:નીચે ઠરેલો કચરો-મેલ.

Seven,(સેવેન્)*a*.[L *septem*.] One more than six:સાત. *n*. A symbol representing seven units, as **7**, or VII: સાત એકમ દર્શાવનારૂં ચિન્હ જેવું કે ૭.

Seven-fold,(સેવેન્-ફોલ્ડ્)*a*.Repeated seven times:સાતઘણું.*adv*.Seven times as much or as often:સાતવાર.

Seven-teen,(સેવેનટીન્) *a*. One more than sixteen. ૧૭.*n*. A symbol denoting seventeen units,as **17**, or XVII:સત્તર એકમ દર્શાવનારૂં ચિન્હ જેવી કે ૧૭.

Seven-teenth, (સેવિનટીન્થ્) *a*. Next in order after the sixteenth; સત્તરમું.

Seventh-ly,(સેવેન્થ્લિ)*adv*. In the seventh place:સાતમું એ કે.

Seven-ti-eth, (સેવિન્ટિએથ) *a*. Next in order after the sixtyninth: સિત્તેરમું.

Seven-ty,(સેવેન્ટિ) *a*. Seven times ten; સિત્તેરની સંખ્યા-રકમ.*n*.A symbol representing seventy units,as **70**. or LXX.:સિત્તેર એકમદર્શાવનારૂં ચિન્હ-નિશાની,જેવી કે ૭૦.

Sever,(સેવર્)*vt*.[L.*separare*, I sever.]1.To divide:કાપીજુદું ક૦-પાડવું.2.To keep dis-

tinct; to except:જૂદું-નોખું રાખવું. *vi.* To be parted or rent asunder;to be separated ફાટીને-કપાઇને જૂદું પડવું.

Sever-a-ble,(સેવ્'અરૅબલ્)*a.* Capable of being severed:કાપવા-છૂટું-જૂદું કo-ભાગ પાડવા લાયક.

Sever-al,(સેવ્'અરૅલ્)*a.* [L.*separ*, separate.] 1.Separate;distinct;જૂદું;છૂટું;નોખું;ઇલાહિદું; આગવું. 2. Different; જૂદું જૂદું. 3.Diverse; sundry:કેટલાએક;કેટલાક; અનેક.

Seve-ral ly, (સેવ્'અરૅલિ) *adv.* Separately; distinctly:જૂદું જૂદું;એકએક;પૃથક્પૃથક્;નિરાળું.

Serve-rance, (સેવ્'અરૅન્સ) *n.* Partition; separation:અલગપણું;જૂદાઇ;વિયોગ;વિચ્છેદ; પૃથક્કરણ

Se-vere,(સીવીર્') *a.* [L *severus.*] 1. Harsh; rigorous:બારીક; સખ્ત;જબર;કઠોર. 2. Sharp; afflicting;દુઃસહ;સખત;તીવ્ર 3.Exact;critical; rigorous:કઠણ;સખત.

Severity,(સીવેર્'ઇટિ)*n.pl.***Severities**. The quality of state of being severe:સખત-કઠણ-કઠોરપણું.(*a*)Exterme strictness:સખ્તાઇ;કરડાકી.(*b*) Cruel treatment:નિર્દયપણું;સખ્તાઇ; અતિદંડ.

Sew,(સ્યૂ)*vt.* [L. *suo,* I sew.] To unite or fasten together by stitches:શીવવું;સાંધવું.

Sewage, (સ્યૂ'એજ્) *n.* The contents of a sewer or drain:મોરી ગટરનું પાણી-કચરો.

Sewer,(સ્યૂ'અર્)*n* [L.*ex*,out&*aqua*, water.] A drain or passage to carry off water and filth underground:મોરી;ગટર;નળ;નીક.

Sewing,(સો'ઇન્ગ્)*n.*1-The act or occupation of one who sews: શીવવાનો ધંધો-સોજગાર. 2. That which is sewed with the needle:શીવેલી ચીજ-પદાર્થ; શીવણકામ.

Sex,(સેક્સ)*n.*[L. *seco*,1 cut.]1.The physical difference between male and female:લિંગ ભેદ. 2. One of the two divisons of organic beings formed on the distinction of male and female:જાતિ;લિંગ.

Sexan-gle,(સેક્સ'ઍન્ગ્લ્)*n.*[L.*sex*,six &*angulus* angle.] A hexagon: છ સમાંતર ખૂણાવાળી આકૃતિ.

Sex-digi-tist (સેક્સ'ડિજ્'ઇટિસ્ટ્)*n.* One who has six fingers on a hand and six toes on a foot:હાથેકેપગેછ આંગળાંવાળું માણસ; છક્કો; છક્કી.

Sex-enni-al,(સેક્સેન્'નિઍલ્)*a.*[L.*sex*,&*annus*, a year.] Lasting six years, or happening once in six years:છ વરસ ચાલે એવું; છ છ વરસે આવતું; ષટ્વાર્ષિક.

Sextant,(સેક્સ્'ટૅન્ટ્)*n* [L.*sex*,six.]1.The sixth part of a circle: વર્તુલનોષષ્ઠાંશ. 2.An instrument for measuring angular distances between objects:પદાર્થો વચ્ચેના કોણ અંતર માપવાનું યંત્ર;સૂર્યયંત્ર.

Sexton,(સેક્સ્'ટૅાન્)*n.* An under officer of a church,whose business is to take care of the church building and the vessels,vestments,etc;ખ્રિસ્તી દેવળની અને પરચુરણ વાસણકુસણ,ઝભ્ભા,જામા પોશાકવિગેરની ખબરરાખનાર તથા કબર ખોદવા અને ઘંટવગાડવાનુંકામ કરનાર માણસ.

Sextu-ple, (સેક્સ્'ટ્યૂપલ્)*a.*[L, *sextus*,sixth.] 1.Sixfold:છગણું-પટ.2.Divisible by six:છએથી ભાગી શકાય તેવું.

Sexu-al,(સેક્સ્'યૂઍલ્)*a.* [L.*sexus*, sex] Of or pertaining to sex or sexes:(સ્ત્રી પુરૂષની)જાતી સંબંધી-નું-વિષે;સ્ત્રી પુરૂષ નું.S. *intercourse:* મૈથુન;સંગમ;સંગ;સંભોગ.

Shabbi-ness,(શૅબ્'ઇનેસ્),*n.* The quality or state of being shabby:રૂપણુતા;જીર્ણતા;મલિનતા;અધમતા.

Shabby,(શૅબ્'ઇ)*a.* 1. Torn or worn to rags; ફાટુંતુટું;ફાટેલું; જૂનું;પુરાણું. 2. Clothed with ragged garments:ચિંથરેહાલ.

Shackle,(શૅક્'અલ્)*n.*[Generally used in the plural] 1.Something which confines the legs or arms so as to prevent their free motion: બેડી; હેડ; ઝાંઝરીઆં. 2. A link for connecting railroad cars:આગગાડીઓજોડવાનો આંકડો. *vt.* To bind with shackles: ઝાંઝરીઆં પહેરાવવાં;બેડી ઘાલવી.

Shade,(શેડ્)*n* 1.Comparative obscurity owing to interception:છાયા;છાંયડો;ઓળો.2. An obscure place; *hence*,a secluded retreat: એકાંત જગ્યા.3.A shelter;cover: ઢાંકણ;પડદો.4. Shadow:પડછાયો;ઓળો.5.The soul after its separation from the body: મુએલા માણસનો જીવ;પ્રેત.6.The darker portion of a picture: ચિત્રનો છાયાવાળો ભાગ. *The* s.s, the Nether World:પરલોક;અન્યલોક.*vt.*1.To shelter:પડછાયો-છાંયડો કo. 2.To protect:રક્ષણ કo. 3.To dim the brightness of:ઝાંખું કo.4. To paint in obscure colors; to darken:ઘેરા-ઝાંખારંગેરંગવું ચિતરવું;ઘેરૂં કo.5.To mark with gradations of light or color:ચઢતાઉતરતા રંગ પાડવા.

Shadow,(શૅડ્'ઓ)*n.*1. Shade caused by an object:પડછાયો;ઓળો;છાયો.2.A reflected image:પ્રતિબિંબ;પડછાયો.3.A spirit;a ghost; a phantom:પ્રેત;ભુત;પિશાચ 4.A small degree: જરીક;લગરેક.*vt* 1. To throw a shadow upon: ઉપર છાયો-છાંયડો કo.2.To protect; to shelter from danger:રક્ષણકo.3.To mark with gradations of light or color: ચઢતો ઉતરતો રંગ કo-પુરવો. 4. To cloud; to darken;to cast a gloom over:અંધારૂં કo;ઉદાસીન કo.

Shadow-y,(શૅડ્'ઓઇ)*a.*1.Full of shade or shadow:છાયા થાય એવું;છાયાવાળું.2.Faintly representative:આભાસદર્શક.3.Unsubstantial;unreal: કલ્પિત; ભ્રમ ભરેલું; મિથ્યા.

Shady, (શૅ'ડિ) *a.* Over spread with shade: છાયા-છાંયડાવાળું.*To keep* **s.**,to stay in concealment:ગુપ્ત-છુપા સંતાઇ-ભરાઇ રહેવું.

Shaft,(શૅફ્ટ)*n.*[L.*scapus*,a staff.]1. (*a*) The long handle of a spear or similar weapon: ભાલાઅથવાબીજાકોઇશસ્ત્રનોલાંબોહાથો-દાંડો.(*b*)The pole or tongue of a vehicle:ગાડાનીઉધ;ધોરિયો;ધુંસરી.

Shag,(શૅગ્)*n.*1.Coarse hair or nap: જાડાવાળ. 2.A kind of cloth having a long coarse nap:લાંબા વાળવાળું લુગડું. 3. A kind of prepared tobacco cut fine:ઝીણી તમાકુ.*a.*Hairy-shaggy:વાળવાળું.*vt.*To make hairy or shaggy:વાળવાળું કo.

Shake,(શૅક્)*vt.*[*Imp.* **Shook**,*p.p.* **Shaken.**] 1. To make to tremble or shiver: હલાવવું; ધ્રૂજાવવું.2.To move from firmness:ડગમગાવવું; ડગડગાવવું.*To* **s.***hands*: હાથ મેળવીને સલામ કo. *vi.*To tremble:ધ્રુજવું;કંપવું. *n.* A trembling: કંપારો;ધ્રુજારી.

Shaky,(શૅક્'ઈ)*a.* Shaking or trembling: ધ્રુજતું;કાંપતું; ડગમગતું;ડોલતું.

Shall,(શૅલ્)*vi.*1.To owe;to be under obligation for:-ની ફરજ હોવી. 2. As an auxiliary, *shall* indicates a duty or necessity. Thus in the second and third persons *shall* expresses, a command, a threat, or a promise: સહાયકારક ક્રિયાપદ તરીકે બીજા અને ત્રીજા પુરૂષમાં 'શૅલ' હુકમ-મરજી-આજ્ઞા બતલાવે છે. In the first person *shall* only expresses, the future action: 'શૅલ' પહેલા પુરૂષમાં માત્ર ભવિષ્ય બતલાવે છે. In conditional sentences also it expresses simple futurity:સંકેતાર્થી વાકયોમાં પણ એ ફક્ત ભવિષ્યજ બતાવે છે.

Shallop,(શૅલ્'લૉપ્)*n* A boat: મછવો;હોડી.

Shallow,(શૅલ્'લૉ)*a.*1.Not deep;having little depth;shoal:છબછબીઉં;છાછરૂં. 2.Superficial: ઉપર ચોટિયું; ઉપર ટપકેલું. *n.* A shoal; a flat: છાછરા પાણીની જગ્યા;ભાઠું.*vt.*To make shallow: છાછરૂંકo.*vi.*To become shallow: છાછરૂં થવું.

Shalt,(શૅલ્ટ)2*nd per.sing. of* Shall: 'શૅલ' નો બીજો પુરૂષ એક વચન.

Sham,(શૅમ્) *n.* A delusion: ઠગાઇ; છેતરપીંડી. *a.* False:ખોટું;જુઠું;મિથ્યા.*vt.*1. To trick; to cheat:ઠગવું;છેતરવું.2.To imitate; ની નકલ કo. *To* **s.** *Abram*,or *Abraham*, to feign sickness;to malinger:માંદું-આજારી છે એમ દેખાડવું-જણાવવું.

Shamble,(શૅમ્'બલ્)*n.*[L.*scamnum*,a bench; stool.]1.A layer of ore:કાચી ધાતુનું થર.2 *pl.* A place where butcher's meat is sold:ખાટકીવાડો;બજાર. *vi.* To walk awkwardly and unsteadily,as if the knees were weak:લથડાતા પગે ચાલવું.

Shambling,(શૅમ્'બ્લિઙ્ગ્)*a.*Characterized by an awkward, irregular pace:લથડતુંને બેઢંગુ. *n.*An awkward,irregular gait: લથડતી-બેઢંગી ચાલ.

Shame,(શૅમ્)*n.*1.A painful sensation excited by a consciousness of guilt, priety: લાજ;શરમ;સંકોચ.2.Dishonor:અપકીર્તિ; અપ્રતિષ્ઠા. 3. The cause or reason of shame: એબ-લાજ-શરમની વાત.*For* **s.**, you should be ashamed: તમારે શરમાવું જોઇએ. *To put to* **s.** to humiliate:શરમાવવું.*vt* 1. To put to shame: શરમાવવું;લજવાવવું.2.To dishonor; to disgrace:-ની બે આબરૂ-અપકીર્તિ કo. *vi.* To be ashamed:શરમાવું.

Shameful,(શૅમ્'ફુલ્)*a* 1. Bringing shame or disgrace;disgraceful:લાજ લાગવા જેવું. 2. Indecent:બે શરમ;નિર્લજ;અમર્યાદ.

Shammy,(શૅમ્'ઇ)*n.*A soft,pliant leather:એક પ્રકારનું સુંવાળું ચામડું;શામીચામડું.

Shampoo,(શૅમ્પૂ') *vt.* To press or knead the whole surface of the body of a person:શીલ ચાંપવું;ચંપી કo-કરાવવી.

Shank, (શૅન્ક્) *n.* 1. The part of the leg from the knee to the foot;the shin:ઢીંચણથી ઘુંટી લગીનું પગનું હાડકું. 2. That part of a tool &c, which connects the part held: કોઇપણ પદાર્થનીવચલી દાંડી. 3. A large ladle for molten metal:ઓગળેલીધાતુ ઝાલવાનો મોટો કડછો. *To ride* **s.**'*s mare*,to go on foot:પગપાળા જવું.

Shanker,(શૅન્ક્'અર)*n* See Chancre:ચાંદી:ટાંકી.

Shape,(શૅપ્)*vt.*1.To form;to mold or make: બનાવવું;ઘડવું;ઘાટ કરવો.2.To regulate: ના અનુરૂપ કo.3.To conceive:કલ્પવું;ધારવું;-નું અનુમાન કo.*vi.* To suit;to be adjusted: ચાલવું; લાયક હોવું-થવું.*n.*1.Make;figure; form; guise: ઘાટ; રૂપ;આકાર;આકૃતિ;ડોળ.2. A model;a pattern; a mold:નમુનો.

Shapeless,(શૅપ્'લેસ્) *a.* Destitute of shape or regular form;misshapen:બેડોળ;બદશિકલ; કદરૂપું.

Shapely,(શૅપ્'લિ) *a.* Well-formed; comely; symmetrical:ઘાટદાર;ડોળદાર;રૂપાળું;રૂપવાન;સુંદર.

Shard,(શાર્ડ્)*n* 1.A piece or fragment of an earth's vessel:માટીના વાસણનો કકડો; ઠીકરૂં. 2. A boundary;a division: હદ;સિમા; સીમાડો; મર્યાદા.

Share,(શૅર્)*n* 1.A ploughshare:હળનું ચવડું; ફ-

જની કોરા. 2. A certain quantity; a part;a division;a portion:અમુક જથો;ભાગ;અંશ;લેશ. 2.An allotment: a dividend: પાતી; હિસ્સો; ભાગ; શેર; વાંટો; વાંટણી. 3. One of a certain number of equal portions into which any property is divided:કોઈ મિલ્કતના અમુક સરખા ભાગમાંનો એક ભાગ:વાંટો;હિસ્સો. *To go* s.s, to partake:ભાગ પાડવો-લેવો S. *and* s. *alike*, in equal shares:સરખે ભાગે. *vt.*1. To distribute in portions;to divide:વહેંચવું;-ના ભાગ-કo.2.To have a portion of:માં(-નો)ભાગ હોવો. 3.To cut;to shear:કાપવું;ભાગ કo.*vi* To have a part:-નો ભાગ મેળવવો.

Sharehold-er,(શેર્'હોલ્ડર્)*n.*One who holds or owns a share or shares in a joint fund: ભાગીઓ;ભાગીદાર;હિસ્સેદાર;પાતિદાર;વિભાગી.

Shark,(શાર્ક)*n.*[L.*carcharus*,a kind of dog-fish.]1.A kind of fish:એક જાતની માછલી;શાર્ક. 2.A rapacious,artful person a:ધૂર્ત, ધૂતારો; ઠગ.*vi.*To practise fraud:ઠગવું;ધુતવું.

Sharp,(શાર્પ)*a.*1. Of a nature to cut easily; keen:ઝીણું;બારીક;ધારવાળું.2.Terminating in a point or edge:અણી-ધારવાળું-દાર; તીક્ષ્ણ. 3. To the taste or smell,pungent,acid,sour: તમતમાટવાળું;ખાટું ખડક.4.Keen; severe:તીવ્ર; તીક્ષ્ણ.5.Biting;sarcastic; severe; harsh:કડવું;મર્મભેદક.6.Clever:હોંશીયાર;ચતુર. 7. Eager in pursuit:તત્પર રહેલું. 8. Close and exacting in dealing;shrewd:પાકું;બારીક બુદ્ધિવાળું. *Look* s.,attend; be alert:ધ્યાન આપો; ચંચળ થાઓ. *vt.* To sharpen: ધાર કાઢવી; ઝીણું-બારીક કo-બનાવવું.

Sharp-edged, (શાર્પ્ એજ્ડ) *a.* Having a sharp edge;pointed:તેજ-ધારવાળું-દાર.

Sharpen,(શાર્પ્'અન)*vt.* (*a*) To give a keen edge,or fine point to:તીક્ષ્ણ-બારીક-તીવ્ર કo;ધાર ચઢાવવી-કo. (*b*) To make more pungent or intense:વધારવું;તીક્ષ્ણ-તીવ્ર કo.*vi.* To grow or become sharp:તીક્ષ્ણ-ધારદાર થવું.

Sharper,(શાર્પ્'અર્) *n.* One who cheats in bargains:છક્કે-પંજેબાજ;લુચ્ચો;સોદો;ધૂતારો;મારવાડી.

Sharply,(શાર્પ્'લિ) *adv.* In a sharp manner; keenly;acutely:તીક્ષ્ણ રીતે;તીવ્ર રીતે;બારીકાઇથી.

Sharpness,(શાર્પ્'નેસ્) *n.* Keenness; acuteness:બારીકાઇ;તીવ્રપણું;તીક્ષ્ણપણું;તીવ્રતા;પાણી;તેજ;ધાર;હોંશીઆરી.

Sharp-shoot-er,(શાર્પ્-શૂટર્)*n.*A good marksman: નિશાનબાજ;તિરંદાજ.

Sharp-sight-ed, (શાર્પ્-સાઇટેડ) *a.* Having quick,acute sight:ઝીણી-તીક્ષ્ણદૃષ્ટિ-નજર-બુદ્ધિવાળું.

Sharpwitt-ed,(શાર્પ્-વિટેડ્) *a.* Having an acute or nicely discerning mind:હોંશિયાર જવાબી;તીક્ષ્ણબુદ્ધિવાળું.

Shatt-er,(શેટ્'ટર્)*vt.*1.To break at once into many pieces:છિન્નભિન્ન કરી નાંખવું:કકડેકકડા કરી નાંખવા.2. To scatter about:આમતેમ પાથરવું-વેરવું.*vi.*To be broken into fragments:કચરઘાણ વળવો;ચૂરેચૂરા થઇ જવા.*n.*A fragment of anything shattered: કકડો;ચુરો.

Shatter-y,(શેટ્'અરિ)*a.*Not compact;loose of texture;brittle:હલકા કુમાશનું; સહેજ ભાગે એવું; બરડ.

Shave,(શેવ્)*vt.*[*p.p.***Shaved** *or* **Shaven**] [L *scabo*,I scratch.]1. To cut off the hair with a razor:હજામત કo.2.To make bare or smooth by cutting off closely the surface or surface covering:છોલવું;સાફ કo;તાસવું. *To* s.*a note*: રીતસર વટાવ કરતાં વધારે વટાવ કાપીને લેવું.*vi.*To use a razor:મુંડવું;હજામત કo;વતુ કo. *n* 1.A thin slice:છોલ;કરચ;તાસના કકડા.2.The operation of cutting:હજામત;વતુ;મુંડન.3.An exorbitant discount:હુંડીનો હદ ઉપરાંતનોવટાવ.

Shaveling,(શેવ્'લિન્ગ્)*n.*A man shaved;*hence* a monk or other religious man:સાધુ અથવા બીજો કોઈ ધર્મિષ્ઠ માણસ;મુંડીઓ;સન્યાસી.

Shaving,(શેવ્'ઇન્ગ્)*n.*1.The act of one who or that which shaves:હજામત કરતે;હજામત;મુંડન; ક્ષૌર.2.That which is shaved off:છોતરાં;છોડાં.

Shawl,(શોલ્)*n.*A square or oblong cloth of wool,cotton or silk,or other textile:દોશાલો; શાલ.

She,(શી) *Pron.* This or that female; the woman understood or referred to:તેસ્ત્રી;તેણી.

Sheaf(શીફ્)*n.pl.* **Sheaves.** 1. A bundle of grain or straw: પૂળો;પૂળી.2 (*a*)A collection of things bound together:ભારો;બાચો; ગુચ્છો. (*b*)A bundle of arrows:તીરનો ભારો. *vt.* &*vi.* To gather and bind in a sheaf: પૂળો-ભારો બાંધવો.

Shear,(શીર્)*vt.*1.To cut, clip,or sever anything from with shears or a like instrument:કાતરવું;કાપવું;છાંટવું.2. To reap:કાપણી કo. *n.*1.A pair of shears:કાતર. 2. A shearing: કાતરણી; છાંટણી.

Shearing,(શીર્'ઈન્ગ્)*n.*1. The act or operation of clipping with shears:કાતરવુંતે.2. The product of the act:કતરામણ; કતરાણ; કાતરણી; છાંટણી.3.The act of reaping:કાપણી; લણણી.

Shears,(શીર્ઝ્)*n. pl.* A cutting instrument: કાતર;કાતરવાનો સાંચો

Sheath,(શીથ્)*n.*A scabbard: તલવાર, છરી વિગેરેનું ઘર;મ્યાન.

Sheathe, (શીધ્) *vt.* To put into a sheath, case or scabbard:મ્યાન કo;મ્યાનમાં ઘાલવું. 2.

To fit or furnish, as with a sheath: ઉપર મ્યાન-ઘર ક૦;ઢાંકણુંક૦-બેસારવું.*To* **s.***the sword*, to make peace:સલાહ-શાંતિ ક૦;લડાઈ બંધ ક૦.

Sheathing,(શીધ્'ઈન્ગ્)*n*.The casing or covering of a ship's bottom and sides: વહાણના તળીઆ તથા બાજુઓપર જડેલાં પતરાં.

Sheave,(શીવ્)*n*.The wheel of a pulley:ગરેડીમાનું પૈડું-ચાક.*vt*.To gather and collect in a sheaf: નો પૂળો બાંધવો.

Shed,(શેડ્)*n*.An outbuilding;a hut:ઝુંપડી;છાપરી;ઢાળીયું *vt*.[L.*scindo*,I cleave.]1.To emit; to diffuse:બહાર કાઢવું.2.To let fall;to throw off: પડવા દેવું;ખેરવવું.*vi*.1.To fall in drops;to pour:ટપકારૂપે પડવું-વહેવું:ટપકવું. 2. The act of sheding or spilling: પાડવું-વહેવા દેવુંતે;સ્રાવ.

Sheep,(શીપ્)*n*.*Sing&pl*.1.Any one of several species of ruminants of the genus *Ovis*:ગાડરૂં;ઘેટું;મેંઢું;મેષ.2.A weak,bashful,silly fellow: નબળો; શરમાળ; મૂર્ખ માણસ.

Sheep-bit-er,(શીપ્'બાઇટર્)*n*. One who practises petty thefts:હલકી-નાનીચોરીકરનાર ચોર.

Sheepish, (શીપ્'ઈશ્) *a*.1Of or pertaining to a sheep:મેંઢા-ઘેટાસંબંધી-નું-વિષે.2.Bashful:બકરી જેવું-ગરીબ;શરમાળ;બીકણ.

Sheep's eye,(શીપ્સ્'આઈ)*n*.A modest, diffident look;a loving glance: આંખનોચાળો;નેત્ર કટાક્ષ.

Sheep walk,(શીપ્'વૉક્) *n*. A pasture for sheep;a sheep run:ઘેટાંને ચરવાનું જંગલ.

Sheer,(શીર્)*a*.1.Bright;pure;unmixed:ચળકતું; સ્વચ્છ;નિર્મળ;ચોખ્ખું.2.Obvious;simple;mere: શુદ્ધ;તદન;કેવળ;હડહડતું.3. Perpendicular: ઉભી. *vi*.To turn aside: આડાફંટાવું. *To* **s.** *off*, to move away:ખસીજવું. આડા ફંટાવું. *To* **s.** *up*;to approach obliquely: આડકતરા પહોંચવું.

Sheet,(શીટ્)*n*.1.(*a*)A broad piece of cloth: ચાદર;ચોફાળ.(*b*)A broad piece of paper:તાવ; તાર.(*c*) A single signature of a book or a pamphlet:પાનું;પત્ર. (*d*) A plate;a leaf (*of metal*.):પતરું;પાનું;વરખ.(*e*) A broad expanse of water: પાણીનો પહોળો પટ; જળસંઘાત. 2. A rope or chain of a sail:સઢનાં દોરડાં.*A* **s.** *in the wind*,half drunk:અડધો પીધેલ-ચઢેલો. *Both* **s.s.** *in the wind*,very drunk:ઘણોજ પીધેલો;ચકચૂર.*vt*. To wrap in, or cover with a a sheet: ચાદરમાં લપેટવું-વિંટાળવું.

Sheet-an-chor, (શીટ્'ઍન્કર્) *n*. A large anchor:મોટું લંગર.

Sheeting,(શીટ્'ઈન્ગ્)*n*.1.Cotton or linen cloth suitable for bed sheet:ચાદરકરવાનું લુગડું. 2.A lining of planks or boards for protecting an embankment;બાંધના રક્ષણને માટે પાટીયાં જડવાં તે. [or of a clan or a tribe:શેખ.

Sheik,(શીક્)*n*.The head of an Arab family,

Shekel,(શેક્'એલ્)*n*.An ancient weight and coin, used by the Jews: એક જાતનુંયાહુદીલોકનું વજન-સિક્કો. [ડાઘાવાળું.

Sheld,(શેલ્ડ્)*a*.Variegated;spotted: રંગબેરંગી

Shelf,(શેલ્ફ્)*n*.*pl*. **Shelves** A flat tablet set horizontally at a distance from the floor to hold objects:છાજલી;છાજ;અભરાઈ. *To lay on the* **s.**,to lay aside as unnecessary or useless:નકામું અથવા કામ વગરનુંગણીનેકોરેમૂકવું;ઉંચું મૂકવું;આઘું મુકવું.

Shell,(શેલ્)*n*.1.(*a*)The covering or outside port of a nut:કાચલી;છોડું.(*b*)A pod:શિંગડી. (*c*)The hard covering of an egg:ઇંડાનું ઉપલું પડ;અંડકોશ (*d*)Any mollusk having a covering:શંખલું;શંખ;કવચ.(*e*)The hard calcareous or chitinous external covering of mollusks:છીપ;શીપ.2. A hollow projectile of various shapes:છરાનોગોળો. 3. The case which holds the charge of powder and shot:બંદુકનોદારૂ,છરા વિગેરે ભરવાની પેટી.4.*pl*.The husks of cocoa seeds:છોડાં;છોતરાં;ફોતરાં.*Message* **s.**, સંદેશાનો કાગળ નાંખીને ઉરાડેલો ગોળો. *vt*. 1. To strip or break off the shell of:નીકાચલીફોડવી;-ને ફોડવું-ભાગવું.2. To bombard:છરાનાગોળાનોમારો ચલાવવો.*To* **s.***out*,to distribute freely:સ્વતંત્રતાથી વહેંચવું;બહોળે હાથે વાપરવું.

Shellac,(શેલ્'લૅક્)*n*,*See the note under* **2nd Lac**.: લાખના પતરાં;લાખ.

Shelter,(શેલ્'ટર્)*n*.1.A protection;a screen: આશ્રય;રક્ષણ.2. The state of being covered and protected;protection;security:આશરો; રક્ષણ.*vt*.1.To shield;to protect:નુંરક્ષણ-બચાવક૦. 2.To betake to cover, or to a safe place: આશ્રય આપવો.*vi*.To take shelter;ઓથ-આશ્રય-ઓઠું લેવું.

Shelter-less,(શેલ્'ટર્લેસ્)*a* Destitute of shelter or protection:નિરાધાર;નિરાશ્રિત; અશરણ; નિરાલંબ;આશ્રયરહિત.

Shelve,(શેલ્વ્)*vt*.1.To furnish with shelves: અભરાઇ મૂકવી-બેસાડવી.2.To place on a shelf: છાજલી ઉપરમૂકવું. *vi*. To incline gradually; to be sloping: ઢળવું-નમવું હોવું.

Shelving,(શેલ્વ્'ઇન્ગ્) *a*. Sloping gradually; inclining: ઢળતું;ઢોળાવાળું. *n*. The act of fitting up shelves:છાજલીઓ બેસાડવી તે.

Shepherd,(શેપ્'અર્ડ્)*n*.1.A man employed in tending,feeding,and guarding sheep:ભરવાડ; રબારી.2.The pastor of a church:દેવળનો ધર્મોપદેશક-ગુરૂ.**S.**'s *crook*:છેડે આંકડાવાળી ભરવાડની ડાંગ.

Shepher-dess, (શેપ્'અર્ડેસ્) *n*. A woman

who tends sheep:ભરવાડણ;રખારણ.

Sherbet,(શેર્બેટ્)*n*.A refreshing drink:શરબત

Sherd,(શર્ડ)*n*.A fragment: કકડો;અંશ; ખંડ.

Sheriff,(શેર્ઇફ્)*n*.The chief officer of a shire or country:નાઝીર;નાજર;શેરીફ્

Sherry,(શેરિ)*n*. A Spanish light colored dry wine:એક જાતનો સ્પેનનો સુકો દારૂ.

Shew,(શો)*vt.&vi*.See *Show*.પાતળું પાટીયું.

Shield,(શીલ્ડ્)*n*.1. A broad piece of defencive armor carried on the arm:ઢાલ.2.Defence;shelter:આશ્રય;બચાવ.3.One who protects or defends: બચાવ રક્ષણ કરનાર. 4. The shield on which are placed the bearings in coats of arms: ઢાલના ઉપર કાઢેલાં ચિન્હો.*vi*. 1. To cover from danger: બચાવ-રક્ષણ કo;-ને સંભાળવું.2. To ward off;to keep off or out: દુર-આઘે-છેટે રાખવું.

Shift,(શિફ્ટ્)*vt*.1.To divide;to distribute:ભાગ પાડવા;વહેંચવું.2.To change the place ;of:ની જગા-સ્થિતિ ફેરવવી-બદલવી.3.To alter the bearings of: ફેરવવું; ખસેડવું. 4. To change the clothing of:ના કપડાં બદલાવવાં.5. To put off or out of the way by some expedient:કોઇ પણ યુક્તિથી કાઢી મૂકવું.*To* s.*off*.to delay;વાર કરવી.1.*vi*.To contrive:યુક્તિ કરવી-રચવી.2.(*Naut.*) To slip to one side of a ship: વહાણની એક બાજુએ નમવું.*n*.1.(*a*) Change; substitution; ફેરફાર.(*b*)An expedient tried in difficulty: ઉપાય;યુક્તિ.(*c*)A trick;a fraud:છળ;ભેદ;પ્રપંચ. 2.A woman's under-grament; a chemise; બાયડીનું માંહે પહેરવાનું બદન-કુરતુ.

Shiftless,(શિફ્ટ્લેસ્)*a*.Destitute of expedients:યુક્તિ શુન્ય;ઉપાયરહિત.

Shifty,(શિફ્ટ્ઇ)*a*.Full of shifts;તરત યુક્તિ-તોડ કાઢે એવું;યુક્તિ બાજ;સમયસૂચક..

Shil-lelah,(શિલ્લેલ્અ)*n*. An oken sapling or cudgel:ઓકની લાકડી;ડંગોરો;બુધુ;દંડો.

Shilling, (શિલ્ઇંગ) *n*. A silver coin of Great Britain and its dependencies,equal to twelve pence:આઠ આનાની કિંમતનું અંગ્રેજી નાણું;શિલીંગ.

Shimmer,(શિમ્અર્)*vi*. To glimmer:આછું ચળકવું *n* A glimmer:ઝાંખું અજવાળું-પ્રકાશ.

Shin,(શિન્) *n*. The front part of the leg below the knee:પગની નળી-નળો.

Shine,(શાઇન્)*vi*.1.To emit rays of light; to give light:પ્રકાશવું;ઝળકવું.2.To gleam;to be glossy: લખલખવું. 3. To be effulgent in splendor or beauty:ભભકા અથવા ખુબસુરતીમાં અતિશય તેજસ્વી હોવું.4. To be eminent, or distinguished:દીપી આવવું;નામ કાઢવું.*To make, or cause the face to* s.*upon*,to be gracious to:મહેરબાની હોવી. *vt*. To make bright:પ્રકાશિત-ચકચકિત કo.*n* 1.Brightness;luster:ચળકાટ;પ્રકાશ;તેજ.2 Sunshine:તડકો; તાપ; સુરજનો પ્રકાશ.

Shingle,(શિન્ગ્ગલ્)*n* 1.A piece of wood sawed or rived thin and small:પાતળું ટુંકું પાટીયું.2.A sign for an office or a shop:આફીસ અથવા દુકાનની નિશાની;નામનું પાટીયું.3.Round, water-worn and loose gravel and pebbles: મરડીયા; કાંકરા; શિલાખંડ. *vt*. To cover with shingles:-ના ઉપર પાતળાં ટુંકાં પાટીયાં જડવાં.

Shining,(શાઇન્ઇન્ગ્) *a*. Splendid; illustrious;brilliant:ચળકતું;પ્રખ્યાત; તેજસ્વી.

Shiny,(શાઇન્ઇ)*a*.Bright;clear;unclouded:ચળકાટવાળું;સ્વચ્છ;વાદળાં વિનાનું.

Ship,(શિપ્)*n*.1. Any large sea-going vessel: વહાણ. *To take* s, to embark in a ship: કોઇ વહાણમાં બેસીને સફર કo. 1. *vt*. To put on board of a ship:વહાણમાં મોકલવું. 2. To receive on board a ship:વહાણપર લેવું. 3. To embark on a ship:વહાણમાં બેસીને જવું; વહાણે ચઢવું.

Shipboard,(શિપ્બોર્ડ્) *n*. A ship's side; a ship; વહાણની બાજુ; વહાણ.

Shipboy, (શિપ્બૉય)*n*. A boy who serves in a ship:વહાણમાં નોકર રહેલો પોર્યો-છોકરો-ચેલકો.

Shipchand-ler,(શિપ્ચૅન્ડલર્) *n*. One who deals in cordage,canvas,and other furniture of vessels:દોર,કંતાન વિગેરે વહાણનો સામાન વેચનાર-વાળો.

Shipmas-ter,(શિપ્માસ્ટર્) *n*. The captain, or commander of a ship:વહાણનો કપ્તાન અથવા નાખુદા;ટંડેલ.

Shipmate,(શિપ્મેટ્)*n*. A fellow sailor:એકજ વહાણમાં જોડે નોકરી કરનાર-ખલાસી.

Shipment,(શિપ્મેન્ટ્)*n* 1.The act of shipping:વહાણમાં માલ ભરવો તે.2. That which is shipped:વહાણમાં ભરેલો માલ.

Shipping,(શિપ્ઇન્ગ્)*a*.1.Releating to ship's & their owner ship:વહાણ, તેમની માલીકી વિ. 2.Relating to the forwarding of goods: માલ મોકલવા-ચઢાવવા સંબંધી-નું *n*.1. The act of one who or that which ships:માલ ભરવો-મોકલવો તે.2.Navigation:નાવિક વિદ્યા.

Shipshape, (શિપ્શેપ્)*a*. Tidy; orderly: વ્યવસ્થિત;રીતસર.*adv*.In a ship-shape or seamanlike manner:બરોબર;રીતસર;ઠીક કરીને.

Shipwreck,(શિપ્રેક્)*n*.1. The breaking in pieces of a ship by the violence of the winds and waves:પવન અને મોજાના જુસ્સાથી વહાણના ભાગીને કકડેકકડા થઈ જવા તે; નૌકાભંગ. 2.Wreckage: ભાગેલું વહાણ. *vt*. To destroy,

as a ship at sea:ભાગવું;નો નાશ થવો.

Shipwright,(શિપ્'રાઇટ્)*n.*A builder of ships: વહાણ બનાવનાર.

Ship·yard, (શિપ્'યાર્ડ્) *n.* A yard or place, where ships are built or repaired: વહાણ બાંધવાની-દુરસ્ત કરવાની જગા-વાડો;ગોદી.

Shire,(શાઇર્) *n.* Country: પ્રાંત; જીલ્લો; મહાલ.

Shirk, (શર્ક્) *vt.* To avoid; to neglect; to escape: માથેથી કાઢી નાંખવું.*vi.*1.To live by shifts and fraud:કાવતરાં-કપટ-છળ કરીને જીવવું. 2. To avoid the performance of duty, as by running a way:નાશી જઇને ફરજ નહિ બજાવવી. *n.* One who lives by shifts and tricks;છળ કપટ કરીને રહેનાર.

Shirt, (શર્ટ્) *n.* A loose under-garment for the upper part of the body:ખમીસ;બદન.

Slit,(સ્લિટ્)*vt.*1.To cut:(લાંબા) કકડા કo. 2. To make a long fissure in or upon:-માં લાંબો ચીરો-કાપ કo. *n.* A long cut:લાંબો ચીરો-ફાડ-કાપ.

Sliver,(સ્લિવ'વર) *vt.* To cut or divide into long thin pieces:પાતળા કકડા કરવા.

Sloat,(સ્લૉટ) *n.* A narrow piece of timber which holds together large pieces:ટેકણને માટે આડા જડેલા લાકડાના કકડા.

Slobber,(સ્લૉબ્'અર)*n.*1.Saliva:થુંક;લાળ.2. *pl.* Salivation:પશુઓના મોંમાંથી નીકળતું ફીણ-લાળ.

Sloop,(સ્લૂપ્)*n.*A kind of vessel,jibs,staysail, &c.:એક સઢવાળું એક જાતનું વહાણ-જહાજ.

Slop,(સ્લૉપ્)*n.*1.A puddle:પાણીનું ખાબોચિયું.2. *pl.*Dirty water:મેલું-પાણી.*vt.* To spill:ઢોળવું. *vi.* To overflow or be spilled: ઢોળાઇ-છલકાઇ જવું.*n.pl.*Ready-made clothes:તૈયાર લુગડાં.

Slope,(સ્લૉપ્)*n.*An oblique direction:ઢાળ;ઢોળાવ;*adv.*In a sloping manner:ઢાળપડતી રીતે. *vt.*To form with a slope:ઢળતું કo.*vi.*To take an oblique direction:ઢળતું હોવું. [ઢાળ પડવું.

Sloping,(સ્લૉપ્'ઇંગ્)*a.*Oblique;slanting:ઢળતું;

Sloppy,(સ્લૉપ્'ઈ)*a.*Muddy; plashy:ગંદું;કાદવવાળું;ભીનું. [શ;ઢંડાશ.2.Laziness:આળસ;સુસ્તી.

Sloth,(સ્લૉથ્)*n.*1.Slowness;tradiness: ધીમા-

Slothful,(સ્લૉથ્'ફુલ્)*a.*Addicted to sloth;inactive:આળસુ;સુસ્ત;મંદ;એદી;પ્રમાદી.

Slouch,(સ્લાઉચ્)*n.*1.A hanging down of the head:માથું નીચું ઘાલવું તે.2.Clownish fellow: રોચો;ગમાર. *vi.* To droop, as the head:નીચું ઘાલવું-રાખવું.

Slough,(સ્લફ્) *n.*1.A place of deep mud or mire:ઉંડાકાદવ-કાંપવાળીજગ્યા;ઉંડોકાદવ-કાંપ.*n.*(સ્લાઉ) 2.The skin,commonly the cast of skin, of a serpent:સાપની ઉતારેલી કાંચળી.*vi.*To form a slough:ફરફડી જવું-પડવું.*vt.* To cast off :ઉખેડી નાખવું.

Sloven, (સ્લવેન્) *n.* A man or boy habitually negligent of neatness and order: ગંદો-મેલો માણસ.

Sloven·ly,(સ્લ'વેન્લિ)*a.* Having the habits of a sloven:ગંદા જેવો;મેલો;મલિન.

Slow,(સ્લૉ)*a.*1.Moving a short space in a relatively long time:not swift;ધીમું;મંદ.2. Late:મોડું;ધીમે ધીમે.3.Trady; inactive:સુસ્ત.

Slowness, (સ્લૉ'નેસ્)*n.*The quality or state of being slow:ધીમાશ;ઢંડાશ; સાસ્તાપણું; જડતા.

Slug, (સ્લગ્)*n.*1.A drone;a slow,lazy fellow: આળસુમાણસ.2.A hindrance: હરકત; અડચણ; વિઘ્ન.*vi.*To move slowly:ધીમે ધીમે જવું.*vt.* 1. To make sluggish;આળસુ કo. 2. To strike heavily:જોરથી મારવું-પછાડવું.

Sluggard,(સ્લગ્'આંર્ડ્)*n.*A person habitually lazy,idle and inactive:એદી;સુસ્ત--આળસુ માણસ;પ્રમાદી.

Sluggish,(સ્લગ્'ઇશ્)*a.*1.Slothful; dull; inactive:આળસુ;મંદ;એદી;ઢીમાકી. 2. Slow; having little motion:ધીમું;થોડું;ઠંડું;ટાઢું;બહુ ધીમું.3. Having no power to move one's self or itself: જડ;મંદ. 4.Dull;stupid;simple:આળસુ; બેવકુફ;સાદું;જડ;મંદ.

Sluice, (સ્લ્યૂસ)*n.*[L.*exclusum*,shut out.]1 An artificial passage for water: પાણી જવા આવવાનો માર્ગ. 2. An opening or channel through which anything flows:બારૂં; માર્ગ; દ્વાર 3.The stream flowing through a flood gate:પાણીનો વહેતો ઝરો-પ્રવાહ.*vt.* To emit by, or as by,flood gate:નીકળવું.

Slumber,(સ્લમ્'બર) *vi.* To sleep; to doze: ઉંઘવું; ઝોકાં ખાવાં.*vt.*To lay to sleep:ઉંઘાડવું. *n.*Sleep; repose: ઉંઘ; આરામ; લઘુ નિદ્રા.

Slump, (સ્લમ્પ્) *vt.*To lump; to throw into a mass:ઢગલોકo;ભેગું કo;ઢગ બનાવવો.*vi.*To fall or sink suddenly:બરફમાં-કાદવમાં બુડવું.*n.* A boggy place:કાદવ કચરાવાળી જગા.

Slur,(સ્લર) *vt.* To soil;to disgrace:ડાઘ-કલંક-એબ લગાડવી;કલંકિત કo.*n*.1 A mark or stain; a stigma;disgrace:ડાઘ;કલંક; એબ; દૂષણ. 2. A trick played upon a person;an imposition: કોઇપણ માણસ ઉપર કરેલું કપટ; છળ.

Slush,(સ્લશ)*n*.1.Soft mud: કાદવ;કાંપ;કચરો.2. The refuse grease and fat collected in cooking:રાંધવામાં કાઢી નાંખી એકઠી કરેલી નકામી ચરબી.*vt*.To smear with slush or grease:ચરબી લગાવવી.

Slushy,(સ્લશ'ઇ)*a*.A bounding in slush;characterized by soft mud or halfmelted snow: કાદવ-કચરા-કાંપજેવું-નું; અડધા ઓગળેલા બરફવાળું.

Slut,(સ્લટ)*n*.1 An untidy woman:ગંદી-ફુવડ સ્ત્રી. 2.A bitch: કુતરી.

Sluttish,(સ્લટ'ઇશ)*a*.Like a slut;untidy;disorderly: ગંદુ;ફુએડ.

Sly,(સ્લાઇ) *a.* Artfully cunning; wily: પક્કું; પ્રપંચી;મતલબી *By the* **s.***or on the* **s.**,in a sly or secret manner:છુપી રીતે; છાનામાના.

Sly-boots,(સ્લાઇ'બુટસ્)*n*.A humorous appellation for a sly,cunning, or waggish person:લુચ્ચું-ખંદુ-પક્કું માણસ.

Slyly,(સ્લાઇ'લિ)*adv*.In a sly manner;shrewdly;craftily:છુપી રીતે;નજર ચુકવીને; લુચ્ચાઈથી.

Slyness, (સ્લાઇ'નેસ્)*n*. The quality or state of being sly:લુચ્ચાઈ;પ્રપંચ;પક્કાઈ;છળ;કપટ;ધૂર્તતા.

Smack,(સ્મૅક)*n*.1.Taste or flavor:સ્વાદ;સુસ્વાદ;ગંધ.2 A small quantity: થોડો જથો; અલ્પ. 3.A loud kiss;a buss:બચી કરતી વખતનો બચકારો.4.A quick sharp noise(*as of the lips*): બચકારો.(*as of a whip*):સડાકો. 5. A quick, smart blow:લપડાક;થપ્પડ.*vi*. To be tinctured with any particular taste:સ્વાદવાળું કo. *n*.A small sailing vessel:એક જાતનું નાનું વહાણ.

Smacking,(સ્મૅક'ઇંગ્)*n* A sharp quick noise; a smack:બચકારો;સડાકો.*a*. Making a sharp, brisk noise: સુસવાટો કરતું.

Small,(સ્મોલ્)*a*.1:Of little size;diminutive; નાનું;થોડું;અલ્પ;લઘુ 2.Trivial:નજીવું;નકામું.

Small-clothes,(સ્મોલ્'ક્લોધ્ઝ્)*n.pl.* A man's garment for the lips and thighs;breeches: સુરવાળ;તંગીઓ.

Small-arms,(સ્મોલ્'આંર્મ્સ્)*n* Muskets, rifles, pistols &c.: બંદુક;પીસ્તોલ વિગેરે નાનાં હથીઆરો.

Small pox,(સ્મોલ'પૉક્સ્)*n*.A contagious,constitutional,fabrile disease;variola: શીતળા; બળીઆ; સૈયદ.

Smart,(સ્માંર્ટ)*vi*.[L. *mordeo,* I bite.] 1. To feel pungent local pain:ને લાયબળવી;-ને ચચુચણવું-ચરચરવું.2.To feel a pungent pain of mind;to suffer:મનમાં ઉદ્વેગ-સંતાપ થવો.*vt*. To cause a smart in;-માં દુઃખ કo. *n.* A quick pungent,lively pain:ચરચરાટ;લહાય.*a*.1.Keen; severe:આકરૂં;તીવ્ર;કડક.2.Active;sharp;clever; ચકોર;હોશિયાર;ચાલાક;ચપળ; ચતુર. 3. Efficient; brilliant:પ્રકાશીત;શોભતું;દીપતું.4.Witty:રસિક; માર્મિક.5.Pretentious;showy: ફક્કડ;અક્કડબાજ. 6.Brisk;fresh:તાજો;સપાટાબંધ.

Smartness,(સ્માંર્ટ'નેસ્)*n*.The quality or state of being smart:શિતાબી;ત્વરા;ચાલાકી;હોશીઆરી.

Smash, (સ્મૅશ) *vt.* To break in pieces by vileness:કચ્ચરઘાણ કરી નાંખવું.*n*.A breaking or dashing to pieces; utter destruction: કચ્ચરઘાણ.

Smatter(સ્મૅટ'અર)*vt.&vi*1.To babble;to chatter:વગર સમજે બકવું;બકી-ભસી-જવું.2.To have a slight or superficial knowledge of any thing:કોઈપણ ચીજનું ઉપર ચોટીયું જ્ઞાન હોવું.*n*. Superficial knowledge:ઉપરચોટીયું જ્ઞાન.

Smatter-er,(સ્મૅટ'અર-અર)*n*. One who has only a slight,superficial knowledge: ઉપર ચોટીઆ જ્ઞાનવાળો.

Smatter-ing,(સ્મેટ્'અરિંગ્)*n*.A slight,superficial knowledge of something:ઉપર ચોટીયુંજ્ઞાન.

Smear,(સ્મીર) *vt.* To daub:ચોપડવું; લગાડવું. *n.* 1. A fat oily substance;ointment: તેલ; મલમ; અંજન.2.A blot:ડાઘો;એબ;દૂષણ.

Smeeth,(સ્મીથ)*vt*.To blacken with smoke: ધુમાડાથી કાળું કરવું;મેશવાળું કરવું.

Smell,(સ્મેલ્)*vt*. To perceive by the organs of smell:સુંઘવું; ની વાસ-સોડમ લેવી.*To* **s** *a rat*, to have reason for suspicion:વહેમનું કારણ હોવું;વહેમલાવવો.*To* **s.***out*,to find out by sagacity: ચતુરાઇથી ખોળી કાઢવું. *vi.* To have an odor or smell:ગંધ આવવી.*n*.The sense or faculty by which certain qualities or bodies are perceived through the instrumentality of the olfactory nerves:સુંઘવાનીઇંદ્રી;નાક; ઘ્રાણેંદ્રીય. 2.Odor; scent;perfume:ગંધ;વાસ;બદબો.

Smerk,(સ્મર્ક)*a*.Smart;jaunty; spruce:ટાપટીપીયું;અલબેલું; શોખીન.

Smicker,(સ્મિક'અર)*vi*. To look amorously: ઢોંગથી હસવું *a*.Amorous;gay:આનંદી;ટાપટીપીયું.

Smile,(સ્માઇલ્)*vi*.[L.*miror*,I wonder.]1.To laugh silently:ગાલમાં હસવું;મોં મલકાવવું.2.To favor; to countenance: ઉપર તુષ્માન થવું; *vt.* To express by a smile: મોં મલકાવીને જણાવવું. *n*.The act of smiling:મોં મલકાવવું-હસવું તે.

Smirk,(સ્મર્ક)*vi*.To smile with affected complaisance:ડોળ કરી હસવું. *n.* A forced or affected smile: ડોળથી હસવું તે.

Smite,(સ્માઇટ)*vt*.1.To strike;to inflict a blow upon with the hand:મારવું;પરપ્રહારકo.2.To destroy the life of by beating;to kill:મારી

નાખવું 3To afflict:દુઃખદેવું;4. To strike or affect with passion,as love or fear:મોહપમાડવું. *To s.off*,to cut off:કાપીનાંખવું. *To s.out*, to knock out as a tooth: ખેંચી કાઢવું.

Smith,(સ્મિથ્) *vt.*To forge:ઘડવું.*n.* One who forges with a hammer; one who works in metals:લુહાર;સોની,વિ૦.

Smithe-ry,(સ્મિથ્'અરિ)*n.*1.The workshop of a smith;a smithy:ઘડનારનું કારખાનું.2.Work done by a smith:ઘડનારનું કામ-ધંધો;કરેલું કામ.

Smith-y,(સ્મિથ્'ઈ)*n.*A smithery;a stithy:લુહાર-સોની-કણસારાની દુકાન-કારખાનું.

Smoke,(સ્મોક્) *n.* The visible exhalation; vapor:ધુમાડો.*vi* 1.To emit smoke:માંથીધુમાડા નીકળવો.2To draw into the mouth the smoke of tobacco burning in a pipe or in the form of a cigar:બીડીપીવી.*vt.*1.To apply smoke to; to hang in smoke:ધુમાડોદેવો; ધુમાડામાંસુકાવવું. 2.To fill or scent with smoke: ધુમાડાથીભરવું.

Smoker,(સ્મોક્'અર) *n.* One who smokes tobacco or the like:તમાકુ-બીડી-હુકો પીનાર.

Smoky.(સ્મોક્'ઇ)*a.*1 Admitting smoke;fumid: ધુમાતું;ગોટાતું.2.Having the appearance or nature of smoke:ધુમાડા જેવું;ધૂમ્રમય;ધૂમવાળું.

Smolder, (સ્મોલ્'ડર) *vi.* To waste away by a slow and suppressed combustion:ધીમેધીમે (બળવાથી)નાશ પામવું.*vt* To smother;to suffocate:ગુંગળાવવું. *n.*Smoke:ધુમાડો.

Smooth,(સ્મુથ્)*a.*1. Not rough:સુંવાળું; લીસું. 2.Gently flowing:શાન્ત,અક્ષુબ્ધ. 3. Uttered without check or hesitation:અટક્યા શિવાય બોલાતું. 4 Mild:મીઠું;ધીમું.5. Frictionless:ઘસારા વિનાનું.*vt.*(*a*)To free from obstruction; to make easy:સહેલું-સરળ ક૦. (*b*)To free from harshness; to make flowing: મીઠું-મધુર-સુસ્વર ક૦. [લીસું કરવું.

Smoothen,(સ્મુથ્'અન્)*vt.* To make smooth:

Smoothly,(સ્મુથ્'લિ)*adv.* In a smooth manner:વગર હરકતે;ધીમેથી;સરળતાથી;મધુર-સુસ્વરથી.

Smoothness, (સ્મુથ્'નેસ્)*n.* The quality or state of being smooth:મીઠી બોલી;નરમાશ,મૃદુતા.

Smooth-tongued,(સ્મુથ્-ટંગ્ડ્)*a.* Plausible; flattering:મીઠાબોલું;ખુશામતીયું;હાજી હા કરનાર.

Smother,(સ્મધ્'અર્) *vt.* To destroy the life of by suffocation;to deprive of the air necessary for life:ગુંગળાવીને-શ્વાસ રૂંધીને મારી નાખવું.*vi.*To be suffocated or stifled:ગુંગળાવવું.

Smoulder,(સ્મોલ્ડર્)*vi.*[See **Smolder**.]

Smoulder-ing,(સ્મોલ્'ડરિંગ્)*a.*Burning slowly without sufficient air:ધુમાઇ જવું;ધુમાતું.

Smuggle,(સ્મગ્'લ્)*vt.*1.To import or export secretly contrary to law:દાણચોરીક૦. 2. To convey or introduce clandestinely: છાનામાનાલાવવું-લઈજવું.*vi.* To import or export in violation of the custom laws:જકાત-દાણચોરવું.

Smuggler,(સ્મગ્'લર્)*n.*1.One who smuggles: જકાત-દાણ ચોરનાર.2. A vessel employed in smuggling:દાણ ચોરી કરનાર વહાણ.

Smuggling,(સ્મગ્'લિંગ્)*n.*Importation or exportation secretly contrary to the law:જકાત-દાણચોરી.

Smut,(સ્મટ્) *n.* 1. Foul matter like soot or coal-dust:મેશ કોયલાની ભૂકી જેવો ખરાબ પદાર્થ; મેશ;કાજળ 2 Bad,soft coal:ઘણી માટીવાળો પોચો કોયલો.3.An affection of cereal grains:ફુગ;ઉબ.4.Obscene language:બીભત્સ નિર્લજ ભાષણ.*vt.* 1.To stain or mark with smut:કાળું કરવું;ડાઘ પાડવો. 2. To taint with mildews:-થી-નેલીધે અનાજ ઉપર ફુગચડવી. 3.To blacken:ધુમાડાવાળું ક૦.4. To clear of smut: ફુગ કાઢી નાંખવી. *vi.* To gather smut: મેંશ એકઠી થવી;મેંશવાળું થવું.

Smutty,(સ્મટ્'ઇ)*a.* Soiled with smut;smutted: કોયલા-કાજળ-મેંશવાળું-ના ડાઘાવાળું.

Snag,(સ્નૅગ્)*n.*1.A knot:ગાંઠ;ઠેકો.2. A broken or decayed tooth:ભાગી ગએલા ખરાબ દાંત.*vt.* To hew roughly: આડું અવળું-ગમે તેમ કાપવું.

Snaggy,(સ્નૅગ્'ઈ) *a.* Full of snags; abounding with knots:ગાંઠો ગાંઠોવાળું;ઠેકાવાળું. [સર્પ.

Snake,(સ્નેક્)*n.*An ophidian;a serpent:સાપ;

Snake-catcher,(સ્નેક્-કૅચર)*n.*One who catches serpents:વાદી,મદારી;ગારૂડી;સાપ પકડનાર.

Snap,(સ્નૅપ્) *vt.*1. To break at once: એકદમ ભાગવું. 2. To strike, to heat, or to shut with a sharp sound: સટાક દઈને મારવું 3.To bite or seize suddenly: એકદમ બચકું લેવું. 4. To break upon suddenly with sharp angry words:એકદમ-ના ઉપર ગુસ્સાથી ઉતરી પડવું.*vi.*1.To break short:વચ્ચેથી ભાંગી-તુટી જવું. 2.To give forth or produce a sharp cracking noise:કડકડ બોલવું 3.To make an effort to bite:કરડવા જવું. *n.*1. A sudden breaking or rupture of any substance:એકદમ તુટી-ભાંગી જવું તે.2. A sudden eager bite: એકદમ ભરેલું બચકું .3. A sharp abrupt sound as that made by the crack of a whip:સાટકાનો કડાકો.

Snappish,(સ્નૅપ્'ઈશ્)*a.* Apt to snap at persons or things;eager to bite: કરડકણું.

Snare, (સ્નેર્)*n.*1.A trap;a gin:જાળ;પાશ. *vt.* To insnare;to entangle:જાળમાં-ફાંદામાં નાંખવું.

Snarl,(સ્નાર્લ્) *vt.* To embarrass;to insnare: ગુંચવણ-અમુઝણમાં નાંખવું;ફસાવવું.*n.*A knot or complication of hair, thread or the like: ગાંઠ;ગુંચ. *vi.* 1. To growl, as an angry or surly dog : ઘુરકવું;ઘુર ઘુર ક૦. 2. To talk in

rude, surly terms: બબડવું. *n.* The act of snarling; a growl: ઘુરઘુરાટ; બડબડાટ.

Snarling,(સ્નારલિંગ્)*n.*1.The act of growling:ઘુરકાટ.2.Talking in rude, terms:બડબડાટ.

Snatch, (સ્નૅચ્) *vt.* To take or seize hastily: ખુંચવી-ઝુંટાવી-પડાવી લેવું.*n.*1.A hasty catching or seizing:એકદમ ખુંચવવા-ઝુંટીલેવા-પડાવીલેવાનું કરવું તે.2.A short period of vigorous action: થોડાજ વખતનું તડામાર-ધમધોકાર કામ.

Snath,(સ્નૅથ્)*n.* The handle of a scythe; a snead:દાતરડાનો હાથો-દસ્તો.

Sneak,(સ્નીક્)*vi.*1.To creep or steal (*away or about*)privately:છાનામાના સંતાઇને નીકળી-નાશીજવું.2.To act in a stealthy and cowardly manner:ટેક મુકીને નીચપણાથી વર્તવું. *vt.* To hide esp.,in a mean or cowardly manner: બીકણ-બાયલાપણાથી સંતાઈભરાઈ પેસવું.

Sneaking,(સ્નીકિંગ)*a.*Marked by cowardly concealment:છાનુંમાનું;બીક-ભયથી સંતાઈ પેઠેલું.

Sneaking-ly, (સ્નીકિંગ્લિ) *adv.* In a mean manner: હલકાઇથી; ખંધાઇથી.

Sneer,(સ્નીર્)*vi.* To show contempt by turning up the nose, or by a particular facial expression:નસકોરાંફુલાવી ધિક્કાર જણાવવો.*vt.* 1.To utter with a sneer:ધિક્કાર ફીટકારથીબોલવું. 2.To treat with sneers:-ને મેણાં-ટોણાં મારવાં. *n.*1.The act of sneering:હાસીકરવું તે 2 A smile, or contortion of the face, indicative of contempt:તિરસ્કાર-અપમાન કરવા કરેલુંમોં-ચહેરો.

Sneeze,(સ્નીઝ્)*vi.*To emit air,chiefly through the nose,:છીંકવું; છીંક ખાવી. *n.* A sudden and violent ejection of air with an audible sound chiefly through the nose:છીંક.

Sniff,(સ્નિફ્)*vi.*To draw air audibly up the nose:નસકોરાં બોલાવવાં.*vt.*1.To draw in with the breadth through the nose:નાકમાંથી શ્વાસ લેઇ લેવું-ખેંચવું.2.To perceive as by sniffing; to scent:સુંઘવું. *n.* The act of sniffing: નાક માર્ગે શ્વાસ લેવો તે.

Snip,(સ્નિપ્)*vt.*1. To cut off the neb of; to nip:કાપીનાંખવું,વેતરવું;છાંટવું.2. To take little by little: થોડે થોડે લેવું-કાઢવું. *n.* A single cut, as with share or scissors:કાપલો;છાંટ.

Snivel,(સ્નિવેલ્) *vi.* 1. To make a snuffling noise: -ને નાકે લીંટ વહેવી-આવવી-નીકળવી. 2. To cry with snuffling, as children: છોકરાંની પેઠે રડવું *n.* Mucus from the nose: લીંટ.

Snob,(સ્નૉબ્)*n.* A vulgar person who affects to be better, richer, or more fashionable,than he really is:પોતે પૈસાદાર-શ્રીમંત છે એવુંડોળ કરનાર હલકો માણસ.

Snore, (સ્નોર્) *vi.* To breathe with hoarse, nasal voice in sleep:ઉંઘતા નસકોરાં બોલાવવાં.

Snor-ing,(સ્નોરિંગ્)*n.* The act of respiring through open mouth : ઉંઘમાં ઘોરવું તે; નસકોરાં બોલવાં તે.

Snort,(સ્નોર્ટ્)*vi.* To force the air with violence through the nose,so as to make a noise:ઘોરવું. *n.* The act of snorting: ફુંફાડા મારવા તે.*vt.* To expel through the nostrils with a snort:છીંકીને નાક વાટે કાઢવું.

Snot,(સ્નૉટ્)*n.* 1. Mucus secreted in, or discharged from the nose:લીંટ.2.A mean, insignificent fellow:હલકો-અધમ માણસ. *vt.* To blow,the nose:નાક સાફ કરવું;નસીકવું;નાક છિંકવું.

Snout,(સ્નાઉટ્)*n.* The long projecting nose of a beast,as of swine:જાનવરોનું લાંબુ નાક.

Snow,(સ્નો)*n.* [L.*nix,nivis.*] Watery particles congealed into white or transparent crystals or flakes in the air and falling to the earth : હીમ; બરફ. *vi.* To fall in, as snow:બરફ પડવો.

Snow-drift,(સ્નોડ્રિફ્ટ્)*n.* A bank of drifted snow:પવનથી ઘસડાઈ આવેલા હીમનો ઢગલો.

Snow-slip,(સ્નોસ્લિપ્) *n.* A large mass or avalanche of snow which slips down the side of mountain, &c.: બરફની મ્હોટી ભેખડ.

Snowy,(સ્નોઈ)*a.*1.White like snow:બરફ જેવું. સફેદ.2. Abounding with snow: બરફ વાળું.

Snub,(સ્નબ્)*vi.*To sob with convulsion;ધ્રુજતે શરીરે ડસકાં લેવાં.*vt.*1.To clip or break off the end of:-અણી કાપી નાંખવી. 2. To reprimand: ધમકાવવું.3.To slight designedly:જાણી જોઇને તરછોડવું-અપમાન કરવું. *n.* A knot; a snag;ગાંઠ.

Snub-nosed, (સ્નબ્નોઝ્ડ્) *a.*Having a short, slightly turned up nose:ચીબું;બુચું;ચપટાનાકનું.

Snuff, (સ્નફ્) *n.* The part of a candle wick charred by the flame, whether burning or not:(દીવાબત્તીનો)મોગરો.*vt* 1.To crop the snuff of, as a candle:નો મોગરો કાપવો. 2. To draw in; to sniff: શ્વાસમાં લેવું; *vi.* To inhale air through the nose with violence or with noise,as do dogs & horses:જોરથીને સુસવાટથી શ્વાસ લેવો. *n.*1.The act of snuffing:સુંઘવું તે; 2.Pulverized tobacco: તપખીર; છીંકણી.

Snuffle, (સ્નફલ્) *vi.* To speak through the nose: નાકમાં-ગુંગણું બોલવું. *n.* 1. The act of snuffling: ગુંગણું બોલવું તે. 2. An affected nasal twang: ગુંગણો ઉચ્ચાર.

Snug,(સ્નગ્)*a.*1. Close & warm:છુપાઈ-દબાઈ-ટુંટીઆવાળી રહેલું-સુતેલું.2. Concealed:છુપાયેલું;3. Convenient and comfortable: સગવડવાળું. *vi.* :To lie close : છુપાઈ રહેવું. *vt.* To place snugly:ચોખી રીતે મુકવું.

Snugly,(સ્નગ્'લિ) *adv.* In a snug manner; closely;safely:છેક પાસેસુઇને;નિર્ભયપણે;સુખ પૂર્વક.

So(સો)*adv.*1.In that manner or degree:એવું;અતું;તેટલું.2.In like manner or degree;thus:તેમ; તેવું;3.In such manner:આટલો બધો; એપ્રમાણે; આવો.4.Very;in a high degree:ઘણું;એટલુંબધું. 5.The case being such;there-fore:તેથી; તેને લીધે;તેટલામાટે;કારણકે.**So** *far*,to that point or-extent:આટલેસુધી.**So**,*so*,well,well:ઠીક,ઠીક.**S.** *that*,in order that:કે;એટલેકે;તેથી.*conj.*Provided that:જો.

Soak,(સોક)*vt.*1.To steep:પાણીમાં ઝબોળવું-પલાળવું-બોળવું. 2. To make way by entering pores or interstices:છીદ્રમાં પેશી રસ્તો કરવો. 3.To absorb:to drain:સોષી લેવું;ખાલી ક૦.

Soap,(સોપ્)*n.*A substance which dissolves in water;and used as a cleansing agent: સાબુ. *vt.* To rub or wash over with soap: સાબુ લગાડવો-ચોપડવો;સાબુથી ધોવું.

Soapy,(સોપ્'ઈ)*a.* Resembling soap:સાબુ જેવું.

Soar,(સોર)*vi.* [L.*ex*, out & *aura*,the air]1. To fly aloft,as a bird:ઉંચે ઉડવું.2. To rise in thought,spirits or imagination:વિચારમાં ઉંડા ઉતરવું;ઉંચ વિષય-પ્રૌઢ વિષય લેવો.

Sob,(સોબ્)*vi.*To sigh with tears: ડસકાં-ડચકાં ખાવાં;ગદગદ કંઠે રડવું. *n.* The act of sobbing: ડસકું;ડચકું.

Sobbing,(સોબ્'ઇંગ)*n.*A series of short,convulsive inspirations:ડસકાં.

Sober,(સો'બર)*a.* 1. Not intoxicated or excited by spirituous liquors: દારૂથી પીધેલ ન હોયતેવું;સાવધ;2.Solemn:ગંભીર.

Soberly,(સો'બર્લિ)*adv.* In a sober manner; cooly;calmly:મન ઠેકાણે રાખીને;સાવધપણે;ગંભીરાઈથી;વિચારપૂર્વક.*a.*Grave;serious:ગંભીર.

So-brie-ty,(સોબ્રા'ઇટિ)*n.*[L.*sobrietas.*]1.Habitual soberness or temperance as to the use of spirituous liquors:દારૂ પીવામાં નીતિ; મિતપાન.2.Gravity:શાંતિ;ઠરેલપણું.

Soci-a-bili-ty,(સો'શિઍબિલ"ઇટિ)*n.* The quality of being sociable;sociableness: મળતાવડા-મિલનસારપણું.

Soci-a-ble,(સો'શિઍબલ)*a.* [L. *socio*, I associate.] Capable of being, or fit to be united in one body or company;associable: સંગ કરવા યોગ્ય.

Soci-able-ness,(સો'શિઍબલ્નેસ્)*n.*The quality of being sociable:મળતાવડાપણું; મિલનસારપણું

Social,(સો'શિઍલ)*a.*[L.*socius*,a companion.] 1.Pertaining to society: સંસાર-દુનિઆનું-સામાજીક 2.Companionable,sociable;મિલનસાર; મળતાવડું.**S.***intercourse*:પરસ્પર સંસર્ગ-વ્યવહાર.

Social-ism,(સો'શિઍલિઝમ્) *n.* A theory or system of social reform which contemplates a complete reconstruction of society with a more just and equitable distribution of property and labor: સામાન્ય સ્વામિત્વ;દુનિઆના બધા લાભનો મજીઆરો ઉપભોગ.

Social-ist;(સો'શિઍલિસ્ટ)*n.*One who advocates or practises the doctrines of socialism: સામાન્ય સ્વામીત્વનો મત ધરાવનાર.

So-cie-ty,(સોસાઈ'એટિ) *n.* [L.*socius*, a companion.]1.Fellowship;company:મંડળી;ટોળી. 2. Connection:સંબંધ.3.A number of persons associated for any temporary or permanent object: મંડળી. 4.The persons, collectively considered, who live in any region or at any period: સંસાર; વ્યવહાર.

Socket,(સૉક'એટ) *n.* An opening into which anything is fitted: ખાનું; ઘર;ખામણું.

Sod, (સૉડ)*n.*1.The rock dove:જંગલી કબુતર 2. Turf;જમીનનું ઉપલું પડ.*vt.*To cover with sod; to truf;-ના ઉપર ખોદીને મટોડી નાંખવી.

Soda,(સો'ડે) *n.* [*solidus*,solid.] (*a*) Sodium oxide:સોડા નામનો ક્ષાર.(*b*)Popularly,sodium carbonate or bicarbonate: પાપડીઓ ખાર;ખારો;સંચોરો.*Impure carbonate of* **s.**,સાજીખાર.

So-dali-ty,(સોડૅલ'ઇટિ)*n.*[L.*sodalis*,a comrade.]1.A fellowship or fraternity:ભાઇબંધી; દોસ્તી.2.Specifically,a lay association for devotion or charitable purposes:મહાજન;મંડળ.

Sodi-um, (સો'ડિઅમ્)*n.* A common metallic element of the alkali group:એક જાતનું ધાતુમય તત્વ.

Sodom ite, (સૉડ'ઑમાઈટ) *n.* One guilty of sodomy:ગાંડ મરામણી કરનાર;ગાંડ માર-મરાવનાર.

Sodom-y(સૉડ'ઑમિ)*n.*Carnal copulation in a manner against nature;buggery:ગાંડ મરામણી.

Sofa, (સો'ફે) *n.* A long seat. usually with a cushioned bottom,backand ends:લાંબીમાચી.

Soft,(સૉફ્ટ)*a.*1. Easily yielding to pressure: નરમ;પોચું. 2. Smooth: સુંવાળું;નાજુક. 3.Not harsh or offensive to the sight: મધુર. 4. Mild,courteous; kind:માયાળુ. 5. Wake in character:પોચું.

Soften,(સૉફ'અન)*vt.* To make soft :નરમ-પોચું -ઢીલું ક૦ (*a*) To render less hard:હલકું-નરમ-પાડવું. (*b*) To mollify:પિંગાળવું.(*c*)To mitigate: નરમ પાડવું . (*d*) To make calm and placid : શાંત-સ્વસ્થક૦. *vi.* To become soft or softened:નરમ થવું.

Softness,(સૉફ્ટ'નેસ)*n.*1. The state or quality of being soft:નરમાશ;પોચાસ;સુંવાળાશ; કોમળતા 2.Mildness: નરમાશ;ધીમાશ.

Soggy,(સૉગ્'ઈ)*a.*Soaked;wet:ભીંજાયલું;પલળેલું.

Soil,(સૉઇલ્) *vt.* To feed,as cattle or horses: ચરાવવું.*n* 1.The upper stratum of the earth:પૃથ્વીનું ઉપરનું પડ-જમીન;ભોંય;ધરતી;માટી. 2. Land:દેશ;મુલક 3.Dung:ખાતર.*vt.* To enrich with soil:માં ખાતર પૂરવું.*vt.*1.To foul:ડાઘપાડવા 2 To tarnish:પર ડાઘ લગાડવો. *vi.* To become soiled:મેલું થવું.*n.*That which soils or pollutes:ડાઘ;મેલ;કલંક;દૂષણ.

Soiree,(સ્વૉ'રે)*n.*[L.*serus*,late.]An evening party:સંધ્યાકાળ પછીનો મેળાવડો-મીજલસ.

Sojourn, (સૉ'જર્ન્)*vi.* [L.*sub*, under & *diurnus*,belonging to the day.] To dwell for a time: થોડો કાળમુસાફર તરીકે રહેવું;મુકામ કરવો. A temporary residence, as that of a traveller in a foreign land:ઉતારો-વાસ-મુકામ.

Sojourner,(સૉ'જર્નર્) *n.* One who sojourns: મુસાફર;પ્રવાશી;થોડા દીવસઉતારો-મુકામ-વાસકરનાર.

Solace,(સૉલ્'એસ્)*n.*[L.*solor*,comfort.]1.Comfort in grief; consolation:શોકમાં દિલાસો-હીમ્મત;આશ્વાસન.2.Rest;relaxation:સુખ;આરામ-વિશ્રાન્તિ.*vt.*1.To comfort; to console: શોકમાં દિલાસો-હીમ્મત આપી મનનું સમાધાન ક૦ 2. To allay;to soothe:ઘટાડવું;નરમ-ધીમું પાડવું.*vi.*To take comfort લેવો;હિંમત રાખવી;ધીરજ ધરવી.

Solar,(સૉ'લર્)*n.*[L.*solarium*, from *sol*, the sun.]*a.*1 Pertaining to the sun:સૂર્યનું-વિષેનું;સૌર.2.Measured by the progress or revolution of the sun in the ecliptic: સૌર; સૂર્યમાન.3. Produced by the action of the sun:સૂર્યના તાપથી ઉત્પન્ન થએલું-બનેલું-બાઝેલું.S. *dynasty*:સૂર્યવંશ.S system:સૂર્યમંડલ.

Solder,Soder,(સૉલ્'ડર્ ,સૉડર્)*n.*[L *solido*,I fasten.] A metal or metallic alloy used when melted for uniting adjacent metallic edges or surfaces:ઝાળણ;રાચ. *vt.* To unite by the intervention of a more fusible metal: ઝાળવું; ઝાળણ-રાચથી સાંધવું.

Soldier,(સૉલ્'જર્) *n.* [L. *solidus*,a piece of money.]1.One who serves in an army:સિપાઇ;સૈનિક.2.A brave warrior:શૂરોસિપાઈ;જોદ્ધો.

Soldier-like,(સૉલ્'જર્-લાઇક્)*a.*Like a soldier: soldierly:સિપાઈગીરીનેયોગ્ય;સિપાઈગીરીનું;શૂરપણાનું.

Soldiery,(સૉલ્'જરિ) *n* A body of soldiers; the military:સિપાઇ સમસ્ત-મંડળ;લશ્કર;સેના.

Sole,(સૉલ્)*n.* [L. *solea*, *solum*, ground] 1. The bottom of the foot:પગનું તળીયું.2. The bottom of a shoe:જોડાનું તળીયું. 3. The bottom or lower part of anything;કંઈપણવસ્તુનું તળીયું. 4. The bottom of the body of a plow:હળનીનીચેનોભાગ.*a.*1. Being or acting without another;single:એકલું; એકનુંએક. 2. Single;unmarried: કુંવારૂં;વાંઢું.

Solecism,(સૉલ્'એસિઝ્મ્)*n. soloicisms.* from *Soli*, a town of Cilicia.] An impropriety in the parts of a sentence:ખોટો-અશુદ્ધ પ્રયોગ-વચન-શબ્દ-વાક્ય. [લવા ચાલવામાં જંગલી.

Solecistic, (સૉલેસિસ્'ટિક્)*a.*Solecistical:ખો-

Solecise,(સૉ'લેસાઈઝ્)*vi.* To commit a solecism:અશુદ્ધશબ્દ બોલવો;ભૂલ ક૦;અશુદ્ધ પ્રયોગક૦.

Solely,(સૉલ્'લિ)*adv.*Singly:alone;only:એકલું; માત્ર;ફક્ત;કેવળ.

Solemn,(સૉ'લેમ્)*a.*[L. *sollus*, all & *annus*, a year.]1.Marked with religious rites and pomps;sacred:ધર્મસંબંધી;પવિત્ર. 2. Festive; festal:શુભ;માંગલિક;ઉત્સવ સંબંધી.3.Grand:મ્હોટું;જંગી;દબદબા ભરેલું;ભારે.4.Fitted to awaken or express serious reflections:ગંભીર;ભારે;ઉંડું;ધર્મનું;દૃઢ.5 Made in form; ceremonious: રીતિ પ્રમાણે કરેલું;વિધિપૂર્વક;વિધિયુક્ત.

So-lemni-ty,(સૉલેમ્'નિટિ)*n* 1.A rite or ceremony performed with religious reverence:ધર્મ સંસ્કાર;ધર્મવિધિ 2.A ceremony adapted to impress with awe:સાનંદાશ્ચર્યઉત્પન્નકરે તેવી વિધિ-પ્રયોગ;સમારંભ.3.Gravity; seriousness:ગંભીરપણું.4.Affected gravity: આડંબર; દંભ.5. Solemn state or feeling;awe or reverence:સાનંદાશ્ચર્ય;ભય તથા માન.

Solem-nize, (સૉ'લેમ્નાઈઝ્) *vt.* To perform with solemn or ritual ceremonies, or according to legal forms:યથાવિધિ-પરિપૂર્ણ ક૦.

Soleness, (સૉલ્'નેસ્) *n.* The state of being sole, or alone,singleness:અનન્યતા;એકલાપણું

Solicit,(સૉલિસ્'ઈટ્)*vt.*[L.*sollus*,whole & *cio* I move.]1. To make petition to;to apply to for obtaining something:અરજ-વિનંતીક૦. 2.To urge the claims of;to plead:વકીલાતક૦.

Solicitation,(સૉલિસ્'ઇ'ટેશન્)*n.* The act of soliciting;earnest request:અરજ;વિનંતી;વિજ્ઞાપના;યાચના;આજીજી સાથેનું માગણું.

Solicitor,(સૉલિસ્'ઇટર્)*n.*1.One who solicits: પક્ષ કરી બોલનાર 2. An attorney or advocate:વકીલ;સોલીસીટર.

Solicitous,(સૉલિસ્'ઇટસ્)*a.* Disposed to solicit:આતુર;ઉત્સુક;ફિકર મંદ;કાળજી વાળું.

So-lici-tude,(સૉલિસ્'ઇટ્યૂડ્)*n.*Anxiety:ચિંતા; કાળજી;ફિકર;વ્યગ્રતા;ઉદ્વેગ;ઉત્કંઠા.

Solid,(સૉ'લિડ્)*a* [L *sollus*, whole.] 1. Hard; firm;compact:કઠણ;ઘટ્ટ.2.Not hollow;full of matter:નક્કર;સંગીન.3.Having all the geometrical dimensions;cubic:ઘન.4. Strong: દૃઢ;મજબૂત 5.Sound:ખરૂં;મજબુત.6.Impenetrable:અભેદ્ય; પેશી ન શકે તેવું.*n* 1.A substance that is held in a fixed form by cohesion

among its particles: નક્કર-કઠણ પદાર્થ. 2. A magnitude which has length,breadth,and thickness:ઘનાકૃતિ;ઘન.

So-li-dari-ty, (સૉલિડર્'ઇટિ) *n.* Fellowship; community:ઐક્ય;એકી ભાવ;ઐક્યતા.

So-lidi-fy,(સૉલિડ્'ઇફાઈ)*vi.*To make solid or compact:કઠણ-નક્કર-સંબદ્ધ-સંગીન કo.

Solidity,(સૉલિડ્'ઇટિ)*n.*1.Density;compactness:નક્કર-ઘટ્ટપણું;ઘનતા;અચ્છિન્નતા;ઘટ્ટતા;કાઠિન્ય.2. Moral firmness;soundness:દૃઢપણું;સાચાઈ.3. The solid contents of a body:ઘનફળ.

So-lilo-quize,(સૉલિલ્'ઓકવાઇઝ્)*vi* To talk to one's self:પોતાના મન સાથે બોલવું.

So-lilo-quy,(સૉલિલ્'ઓકવી)*n.*[L.*solus*, alone & *loquor*, I speak.] The act of taking to one's self;monologue:આત્મ ભાષણ. [માણસ.

Soli-taire,(સૉ'લિ ટેર્)*n.*A solitary:એકાંતવાસી

Soli-ta-ri-ness,(સૉ'લ્ઇટરિનેસ્)*n.* Condition of being solitary:એકાંતપણું;નિર્જનતા.

Soli-tary,(સૉ'લ્ઇટરિ) *a.* [L. *solus*, alone.) 1. Single;alone;lonely:એકલું;એકનો એક;માત્ર એક; એકાંત સેવી.2.Performed,passed or endured alone:એકાંતવાસી;એકલું;છડું.3.Retired;lonely:એકાંત;વિરક્ત.4.Gloomy;dismal:ઉદાસ;ઉદાસીન;શોકાતુર.*n.* A hermit;a recluse:સંન્યાસી;એકાંતવાસી;વાનપ્રસ્થ;વેરાગી.

Soli-tude,(સૉ'લ્ઇટ્યૂડ્)*n.*[L.*solus*, alone.] A lonely life;loneliness: એકાંતપણું.

Solomon,(સૉ'લૉમૉન)*n.*One of the kings of Israel,noted for his superior wisdom and magnificient reign;*hence*,a very wise man: ચતુર-ડાહ્યા પુરુષ;કાબેલ પુરુષ.

Solstice,(સૉલ્'સ્ટિસ્)*n.* [L. *sole* the sun & *sisto*,I cause to stand.] 1. A stopping or standing still of the sun:અયનાન્ત. 2. The point in the ecliptic at which the sun is farthest from the equator: અયન;અયનકાલ-સંધિ;ક્રાંતિ;કાળ.*Summer s.*:કર્કસંક્રાન્તિ;ઉત્તરાયણ. *Winter s.*:મકરસંક્રાંતિ;દક્ષિણાયન.

Sol-stitial,(સૉલ્સ્ટિશ્'અલ્)*a.*1.Of or pertaining to a solstice:અયનનું-સંબંધી;અયનાંતાવિષયક.2.Happening at a solstice:ઉત્તરાયણ-દક્ષિણાયનનું-સંબંધી.

Solu-bility,(સૉલ્યૂબિલ્'ઇટિ)*n* 1. The quality or condition,of being soluble:પ્રવાહી પદાર્થમાં ઓગળવાનો ગુણ;દ્રાવ્યતા.

Solu-ble,(સૉ'લ્યૂબલ્)*a.* [L. *solvo*, I loosen.] Susceptible of being dissolved in a fluid: પ્રવાહી પદાર્થમાંઓગળે-પીગળે એવું;દ્રાવ્ય.

So-lution,(સૉલ્યૂ'શન્)*n.*1.Explanation:ખુલાસો;સમાધાન.2.Disintegration:પૃથક્કરણ;વિભાગ. 3.Release:મોક્ષ 4.(*a*)A liquid medicine or preparation, in which the solid ingredients are wholly soluble: મિશ્રણ; મિશ્ર-

Solva-ble,(સૉલ્'વબલ્)*a.*Admitting of solution:નિરાકરણ થાય એવું; છોડવવા જેવું.

Solve,(સૉલ્વ્)*vt.*[L.*solvo*,I loosen.]To explain; to unfold:ઉકલવું;છોડવવું;-નું સમાધાન-નિરાકરણ કo; સમીકરણ છોડવવું;શંકાનિવૃત્તિ કo; ફેડવું.

Solven-cy,(સૉલ્'વેન્સિ)*n.*The quality or state of being solvent:પૈસાદારપણું;કરજ ફેડવાની શક્તિ; ઋણ શોધન ક્ષમતા.

Solvent,(સૉલ્'વેન્ટ્)*a* 1.Having the power of dissolving:બીજા પદાર્થને પીગાળે તેવું;દ્રાવક. 2. Able or sufficient to 'part all just debts: કરજફેડી શકે એટલા જીવવાળું. *n.* A substance suitable for,or employed in,solution,or in dissolving something:બીજાપદાર્થનેઓગાળેતેવો પ્રવાહી પદાર્થ.

Sombre,(સૉમ્'બર્)*vt.*[L.*sub*&*umbra*,shade.] To make dark or shady: ઝાંખુ-કાળુ કo. *n.* Gloom:અંધારૂં;શોક.*a.*1.Dusky;dark:કાળું;શ્યામ;ઝાંખું.2.Sad:ઉદાસ. [કાળું;ઉદાસ;ગંભીર;ઘોર.

Sombrous,(સૉમ્'બ્રસ્)Sombre;gloomy:ઝાંખું;

Some,(સમ્)*a.*1. Consisting of a greater or less portion or sum;કેટલાએક;કેટલાક;થોડાક;કેટલીએક.2.One;a certain:કેટલાક-થોડાકપુરુષો;કોઇ;કોઈએક;કોઇક 3.About; near;more or less: આસરે;સુમારે.4.Considerable in number or quantity:ઘણું.5.Certain:અમુક.

Some-bo-dy,(સમ્'બૉડિ) *n.* 1. A person unknown:એકજણ;એક માણસ;કોઈ એક માણસ.2. A person of consideration or importance: ગણતરી-લેખામાં લેવા લાયક માણસ.

Some-how, (સમ્'હાઉ) *adv.* In one way or another;by some means: ગમેતેમકરીને;કોઇપણ રીતે.

Something,(સમ્'થિંગ્) *n.* 1. Anything unknown,undetermined,or not specifically designated: કંઈવાત-ચીજ; કંઇ.

Sometime,(સમ્'ટાઈમ્)*adv.*1.Once;formerly: એક વખત;અગાઉ; કોઇકાળે. 2. Now and then; sometimes:કોઈવખત-વેળા.3.At one time or other; hereafter:આગળઉપર.

Sometimes,(સમ્'ટાઇમ્સ્) *adv.* 1. Formerly; sometime:અગાઉ;કોઈવખત. 2. At times; not always:વારેવારે;કોઇકોઇ વેળા *a.* Former;sometime: આગલું;આગળનું.

Somewhat,(સમ્'હ્વૉટ્) *n.* 1. More or less; something:કંઈક;થોડુંક 2 *adv.*In some degree or measure:કેટલુંક;કેટલુંએક;કંઇક;થોડુંક.

Somewhere, (સમ્'હ્વેર્)*adv.*In some place unknown or not specified: કોઈ ઠેકાણે; કહીં.

Som-nifer-ous,Som-nific,(સૉમ્નિફ્'અરસ-સૉ-

મ્નિફ઼ર્ઈક્)a [L.somnus,sleep&fero,I bring.] causing or inducing sleep;soporific; dormitive:ઉંઘલાવનાર;નિદ્રાજનક.

Som-nilo-quism,(સૉમ્નિલ્'ઑક્વિઝમ્) n. The habit of taking in one's sleep;somniloquy: ઉંઘમાં વાતો કરવાનીટેવ-નિદ્રાલાપ;નિદ્રાભાષણ.

Som-nilo-quist, (સૉમ્નિલ્'ઑક્વિસ્ટ્) n. One who talks in his sleep:ઉંઘમાંવાતોકરનાર.

Son,(સન્)n.[A S.suna.]1. A male child:the male issue or offspring:પુત્ર;છોકરો;દીકરો;ચિરંજીવી;તનુજ.2.(*Commonly with the definite article.*)Jesus Christ,the Savior:ઈસુખ્રિસ્ત.

Soncy,Sonsy;(સૉન્'સિ)a. Luky; fortunate: નશીબવાન; ભાગ્યશાળી.

Song,(સૉન્ગ્)n.1 A lyrical poem adapted to vocal music;a ballad:ગીત;ગાયન;સંગીત; ગાન. 2.Any poetical strain;a poem: કવિતા;ગીત. 3.Poetry;verse:કવિતા;કાવ્ય.

Song-craft,(સૉન્ગ્'ક્રૅફ્ટ્)n.The art of making songs; metrical composition: કવિતા રચવાનો હુન્નર-કળા;કાવ્યકળા.

Songster,(સૉન્ગ્'સ્ટર્)n.1.One who sings,one skilled in singing:ગાનાર;ગવૈયો; ગાયક. 2. A singing bird: ગાનાર પક્ષી.

Songstress, (સૉન્ગ્'સ્ટ્રેસ્) n. A woman who sings:ગાનારીસ્ત્રી;ગવૈયણ;કિસ્આતણ;તાયફો;રામજણી.

Son in-law,(સન્'ઇન-લૉ)n.pl. **Sons in-law,** The husband of one's daughter: જમાઇ.

Sonnet,(સૉન્'એટ્)n.[L. sonus,a sound.]1. A short poem:નાનોકવિતાસંગ્રહ;નાનુંપદ-કાવ્ય;કાવ્યખંડ.vi.To compose sonnets:ટપ્પાબનાવવા-રચવા.

So-norus,(સોનૉ'રસ્)a. [L.sonus, sound.]1. Resonant:રણકાદાર;રણકો-અવાજ નીકળે એવું;મધુર;મંજુલ.2.Impressive in sound;high-sounding:ઉંચા સ્વરનું.

Sonship,(સન્'શિપ્) n.The state of being a son, or of bearing the relation of a son; filiation:દીકરાપણું;વારસપણું.

Soon,(સૂન્)adv.1. In a short time; shortly: થોડીવારમાં;જલદી;સત્વર 2. Promptly; readily: easily:તરતજ; સહેલથી. *As s.as*, or *So s.as*, immediately at or after another event: વારનેજ;તરતજ; તત્કાળ. *Sooner or later*:વહેલા મોડા;ગમે ત્યારે.

Soot,(સૂટ્)n A black substance formed by combustion:મેશ;કાજળ;મશી.vt. To cover or dress with soot:મેશ-કાજળવાળું કo.

Sooth,(સૂથ્)a. adv. [L. esse to be.] 1. True; faithful:ખરૂં; સત્ય.2. Pleasing:ખુશ કરતું.n.1. Truth;reality:સત્ય. 2. Augury:શુકન જોઇ ભવિષ્ય કહેવાની શક્તિ.

Soothe,(સૂધ)vt.[L.suavis, sweet]1. To assent to as true:સાચું-ખરૂં હોવાથી હા પાડવી-કબૂલ કo.2 To assuage:શાંત-ઠંડું કo પાડવું;દીલાસો આપવો.

Soothing,(સૂધ'ઈન્ગ્)a.& n. Giving comfort: શાંત પમાડે એવું;ખુશામતિયું;શાંતિકર;શાંતિપ્રદ;શાંતિજનક.

Soothsay,(સૂથ્'સે)vi.To foretell;to predict:ભવિષ્ય કહેવું.n A proverb: કહેવત.

Sooth-say-er,(સૂથ્'સેયર્) n. One who foretells events; a prognosticator: ભવિષ્યવેત્તા; જોશી;દૈવજ્ઞ;ભવિષ્યવક્તા.

Sooty,(સૂટ્'ઈ)a. Of or pertaining to soot; producing soot:મેશ-કાજળનું-સંબંધી.

Sophism,(સૉફ઼્'ઈઝ્મ્)n.[Gr.sophos,wise.]The doctrine or mode of reasoning practised by a sophist; *hence*,any fallacy designed to deceive:આભાસ;ખરી દેખાતી ખોટી તકરાર;હેત્વાભાસ.

Sophist,(સૉફ઼્'ઇસ્ટ્) n.One of a class of men who taught eloquence, philosophy, and politics in ancient Greece:અસલ ગ્રીસ દેશમાં અમુક તત્વવેત્તાઓના વર્ગમાંનો પુરૂષ.

So-phisti-cal,(સૉફ઼િસ્'ટિકલ્) a. Fallaciously subtile;not sound:આભાસરૂપ;ભ્રમ-ભૂલ-આભાસવાળું-આભાસાત્મક.

So-phistic-ate,(સૉફ઼િસ્'ટિકેટ્)vt. To adulterate;to damage;to pervert:ભેળવાળું કo;બગાડવું a.Adulterated;not genuine or pure:બગડેલું;મિશ્રિત;ભેળવાળું.

Sophist-ry,(સૉ'ફ઼ઇસ્ટ્રિ)n.1.The art or process of reasoning;logic:આભાસ-ભ્રમયુક્ત તર્ક;ખોટા તર્ક.2.The practice of a sophist;fallacious reasoning:આભાસ;સત્યાભાસ.

So-po-rifer-ous,So-po-rific,(સૉપૉરિફ઼્'અરસ્-સૉપૉરિફ઼્'ઈક્)a.[L.sopor,a heavy sleep & fero I bring.] Causing sleep; somniferous:ઉંઘ લાવનારૂં-આણે તેવું;નિદ્રાજનક;બહુ ઘેન લાવે તેવું.

Sorcer-er,(સૉર્'સરર્)n.A conjurer; a magician:છલમી;જાદુગર;ક્ષુમંતર-નજરબંધીવાળો.

Sorcer-ous,(સૉર્'સરસ્)a.Of or pertaining to sorcery:જાદુવાળું;જાદુઇ.

Sorce-ry,(સૉર્'સરિ)n.pl.**Sorceries**.[L.sors, sortis,a lot.]Magic;necromancy;witchcraft: નજરબંધી;છલમ;જાદુ;કુવિધા;માયા;ઇંદ્રજાલ.

Sordid,(સૉર્'ડિડ્)a. [L.sordeo, I am filthy.] Vile;base;gross:નીચ;તુચ્છ;અધમ;દુષ્ટ;હલકું;પાજી.

Sore,(સૉર્)a.1.Susceptible of pain;inflamed; painful:સ્પર્શ કરવાથી દુઃખ થાય એવું;આળું;સુજેલું. 2.Afflictive;distressing:સખત;દુઃખ કારક;ભારે;જબરૂં;કલેશપ્રદ.S.*throat*, pharyngitis:મોરીઆ.n. Ulcer or a boil:ગુમડું; ક્ષત; વ્રણ. adv. Greatly;deeply:ઘણું;બહુ;ઊંડું;ભારે;જબરૂં.

Sorely,(સૉર્'લિ)adv.Grievously:દુઃખકારક રીતે.

Soreness,(સૅાર્નેસ્)*n.*Painfulness:દુઃખદાયકપણું.

Sorner,(સૅાર્નર્)*n.*One who obtrudes himself on another for bed and board:બીજાના ઉપર ગુજરાન કરનારો;માથે ભાગેલો.

So·rori·cide,(સૅારૅારિસાઇડ્) *n* [L. *sorror*,a sister & *cædo*,I kill.]The murder of one's sister:બેહેનનું ખુન કરનાર.

Sorri·ly,(સૅારિલિ)*adv.* In a sorry manner; poorly:હલકી રીતે; ગરીબાઈ-નિર્ધનતાથી.

Sorrow,(સૅારો)*n.*Regret;sadness:અફસોસ; દિલગીરી;ક્લેશ;બળાપો.*vi.*To grieve:દિલગીર-શોકાતુર થવું;ખેદ ક૦.

Sorrow ful,(સૅારોફુલ)*a.*Sad:દુઃખી;ઉદાસી.

Sorry,(સૅારિ)*a.* Pained for some evil;feeling regret:દિલગીર;નાખુશ;દુઃખી;ખિન્ન;પશ્ચાત્તાપી.

Sors,(સૅાર્સ)*n.pl.***Sortes** [L]A lot:નશીબ; ભાગ્ય *Also*,a kind of divination by means of lots:ચીઠ્ઠી;નશીબ.

Sort,(સૅાર્ટ)*n* [L.*sors,sortis* a lot.]*n.*1.A kind or species;a class or order:જાત;પ્રકાર.2.Manner:રીત;પ્રકાર.*Out of* **s.**,out of order;vexed; disturbed:અસ્વસ્થ;અવ્યવસ્થિત;અવ્યગ્ર.*Of first* **s.**:અવલ;પહેલા નંબરનું.*vt.*1. To separate and place in distinct classes or divisions:જાત પ્રમાણે જુદું કાઢવું;-ના વર્ગ ક૦;તફા પાડવા;વર્ગણી ક૦; વર્ગ પાડવા. *vi.*1.To agree:મળી જવું;જોડાઈ જવું. 2.To suit;to fit:બેસવું-માફક-બંધ બેસતુ આવવું.

Sorta·ble,(સૅાર્ટેબલ્)*a.*1.Capable of being sorted:વર્ગ-ભાગ પાડી શકાય તેવું. 2. Suitable; befitting;proper:માફક આવે એવું;બંધબેસતું;લાયક;માફક;યોગ્ય.

Sortie,(સૅાર્ટિ)*n.*[L.*surgo*,I raise up or rise up.] The sudden issuing of a body of troops;a sally:ઘેરાયલી જગામાંથી ઘેરો ઘાલનારે એકદમ કરેલો ધસારો.

So-so,(સૅાસૅા)*a.*Neither very good nor very bad; middling;tolerable: ઘણું સારું નહિ તેમ ખોટું પણ નહિ;વચલા વાંધાનું-વડનું;મધ્ય સ્થિતિનું; ઠીકાઠીક. [પીધેલ;છાકટો;કેફી;અમલી;દારૂબાજ.

Sot,(સૅાટ્)*n.*1. A habitual drunkard:દારૂડિયો;

Sottish,(સૅાટિશ) *a.* Doltish; very foolish; drunken:મૂર્ખ;બેવકૂફ;પીધેલ;છાકટું;દારૂડિયું;મદોન્મત્ત.

Souchong,(સૂશૅાન્ગ)*n.* A kind of black tea of a fine quality:એક જાતની કાળી ચાહ.

Soul,(સૅાલ્)*n.*1. The spiritual,rational and immortal part in man:ચૈતન્ય;આત્મા;જીવાત્મા; અંતર્યામી. *Supreme* **s.**:પરમાત્મા. *Embodied* **s.**:શરીરી;દેહી;શરીરાત્મા.2.The leader;the inspirer;the heart:દોરનાર; અંતઃકરણ;હૃદય;કર્તાહર્તા.3.Spirit:હામ;બળ;તેજ. 4.A human being;a person:આદમી;માણસ;મનુષ્ય.

Soulless,(સૅાલ્લેસ્)*a.* Mean;spiritless:નીચું; અધમ હલકું;અધમાત્મા.

Sound,(સાઉન્ડ્) *a.* 1. Whole: unbroken; unharmed:આખું;અખંડ;સાબુત; અભિશુદ્ધ; સાફ. 2. Healthy;not diseased:તંદુરસ્ત;નિરોગી;સાબુત. 3.Firm;strong:દૃઢ;મજબૂત.4. Supported by justice;not fallacious:ન્યાયાનુસાર; સપ્રમાણ; નિર્દોષ.5.undisturbed; profound;deep: ઘોર; ભર;ગાઢ;ઘસઘસાટ.6. *n.* A narrow passage of water:સાંકડીખાડી;સામુદ્રધુનિ.*vt.*1 To measure the depth of:નીંડાઈ-માપવી.2.To examine; to test:તપાસવું;નું મન જોવું.

Sound,(સાઉન્ડ્)*n.*[L.*sonus*] Noise; report: અવાજ;શબ્દ;ઘોષ;નાદ. *Auspicious* **s.**: જયધ્વનિ-ઘોષ;.*vi.* To make a noise: શબ્દ-નાદધ્વનિ-અવાજ ક૦.*To* **s.** *in or into*,to tend to:નેમળતુંબેસતુંઆવવું;-ના જેવું હોવું.*vt.*1. To cause to make a noise;to play on:વગાડવું;સુર-સ્વરકાઢવો;-નોઅવાજ ક૦.2. To signify; to import;to denote: જણાવવું; જાહેર ક૦.

Sounding-board,(સાઉન્ડિંગબૉર્ડ્)*n.*1. A thin board which propagates the sound in a piano,&c.:અવાજ પસરીનેઆઘે સાંભળીશકાય માટે વાજીંત્રને જડેલું પાતળું પાટિયું-પતરૂં.

Soundly,(સાઉન્ડ્લિ)*adv.*In a sound manner યથાયોગ્ય;સારી પેઠે;ખૂબ. [માંસ વિનાનો રસો-સેરવો.

Soup,(સૂપ્)*n.*A liquid food of many kinds:

Sour,(સાઉર)*a.*1.Acid;tart:ખાટું;આંબટ;અમ્બ.2. Turned(*as milk*.):ખાટું થઇગએલું,ફાટીગયેલું. *n.* *vt.*To cause to become sour:ખાટું થાયતેમક૦. *vi.*To become sour,to turn from sweet to sour:ખાટું થવું;ખટવાઇજવું;અખરાઇ-જમીજવું.

Source,(સૅાર્સ)*n.* [L. *surgo*, I lift,raise up.] 1. The act of rising;a rise;an ascent:મૂળ; ઉદ્ભવ 2.A spring;a fountain:ઝરો. 3. That from which anything originates; first cause:મુળ કારણ;હેતુ.ઉત્પત્તિ સ્થાન;બીજ;મૂળ.

Sourness,(સાઉર્નેસ)*n.*The quality or state of being sour:ખટાશ;ચીઢીયાપણું.

Souse,(સાઉસ્)*n.* 1. Pickle made with salt: મીઠામાં નાંખેલું અથાણું.2.Something steeped in pickle:અથાણામાં રાખી મુકેલો પદાર્થ.3.The ear કાન.*vt.*To steep in pickle:અથાણામાં નાંખવું.

South,(સાઉથ્) *n.*1.One of the four cardinal points directly opposite to the north:દક્ષિણ;દક્ષિણદીશા.2. The southern section of a country:દેશનો દક્ષિણ ભાગ.*a.*Lying towards the south:દક્ષિણમાં આવેલું-પડેલું.*adv.*South:દક્ષિણતરફ-ગમ-ભણી.

South east,(સાઉથ્ઈસ્ટ્)*n.* The point of the compass equally distant from the south and the east:અગ્નિકોણ;અગ્નેયી દિશા. *a.* Of or;

pertaining to the south-east:અગ્નિકોણ-દિશાનું.

South-east-er-ly, (સાઉથ્ઇસ્ટ્'અર્લિ) *a.* Of or pertaining to the south-east:અગ્નિકોણ-દિશાનું-માંથી આવતું.*adv.*Toward the south-east: અગ્નિકોણ-દિશા તરફ.

Southern,-ly,(સધ્'અર્ન્-સધ્'અર્ન્ લિ.) *a.* Of or pertaining to the south;situated or proceeding toward the south:દક્ષિણ-દિશાનું-સંબંધી-માં આવેલું.

Southron,(સધ્'રૉન્)*n.*An inhabitant of the more southern part of a country:દક્ષિણમાં રહેનાર;દક્ષિણી.

Southward,(સાઉથ્'ઙ્વોર્ડ્) *adv.*Toward the south:દક્ષિણતરફ-ગમ-ભણી.*a.*Toward the south દક્ષિણ તરફનું.

Southwest,(સાઉથ્'ઙ્વેસ્ટ્) *n.* The point of the compass equally distant from the south and the west:નૈરૃત્ય કોણ. *a.* Pertaining to or in the direction of, the south-west:નૈરૃત્ય કોણ તરફનું.

Sou-ve-nir, (સુવેનીર્')*n.* [L. *sub* & *venio,* I come.] A remembrancer; a memento; a keepsake:યાદગિરીની ચીજ;સંભારણું;સ્મારકવસ્તુ.

Sovere-ign,(સૉ'વ્અરિન્)*a.*[L.*super,* above.] 1.Supreme or highest in power:મુખ્ય;શ્રેષ્ઠ; સર્વોપરિ.2.Independent સ્વતંત્ર; અમર્યાદિત 3. Princely; royal:બાદશાહી. 4. Predominant; paramount:સર્વોપરી;શ્રેષ્ઠ.5.Effectual:રામબાણ આબાદ.*n* 1. The person, body, or state in which independent and supreme,authority is vested;*especially,*a king, queen,or emperor:અધિરાજ;રાજા;રાજકર્તા રાણી.2.A gold coin of Great Britain:આશરે પંદર રૂપિયાની કિંમતનો ગ્રેટબ્રિટનનો સોનાનો સિક્કો.

Sovere-ign-ty,(સૉ'વ્અરિન્ટિ) *n.* Dominion; sway;supremacy:મુખ્યઅધિકાર;સત્તા;સર્વાધિકાર પ્રભુત્વ.

Sow,(સૌ) *n.* The female of swine or of the hog kind: ડુક્કરી;ભુંડણી.

Sow, (સૉ) *vt.* To scatter as seed upon the earth: જમિનઉપરબીવેરવાં;વાવવું;-નુંવાવેતર કo.

Sowing,(સૉ'ઇન્ગ્) *n.* The act of scattering seeds upon the earth: વાવેતર; વાવણી.

Space,(સ્પેસ્)*n.*[L.*spatium,*space.]1. That which makes extended objects conceivable and possible:અવકાશ;દેશ.*Infinite* s.:મહાકાશ.2.Room:માર્ગ;સ્થળ. 3. Distance from one thing to another: એક પદાર્થથી તે બીજા સુધીનું અંતર;પલ્લો;લંબાણ.4.Quantity of time; duration:મુદ્દત; અવધિ. 5. The distance or interval between words or letters in the lines:શબ્દ કે અક્ષર વચ્ચે રાખેલો માર્ગ.6. Walk; track;path;course:રસ્તો;માર્ગ;પગલું; ચાલ.

Spacious, (સ્પે'શસ્)*a.* Extending far and wide;vast in extent;વિસ્તારવાળું;વિશાળ.

Spade, (સ્પેડ્)*n.*1.[L.*spatka,*a spatula.] An implement for digging or cutting the ground, with a handle; કોદાળી. *To call a* s.*a* s.:કાણાને કાણું કહેવું;તડને ભડ કહી દેવું.

Span,(સ્પૅન્)*n.*1.The space from the end of the thumb to the end of the little finger when extended;nine inches; eighth of a fathom:વેંત;નવ ઇંચ;પોણો ફુટ.2.A small space or a brief portion of time:ઘણી ટુંકી મુદત;અવધિ. *vt.*1.To measure by the span of the hand: વેંતથી ભરવું-માપવું.2.To reach from one side of to the other;to stretch over,as an arch: ઉપર પસારવું-ફેલવું કo.3.To fetter,as a horse; to hobble:ઘોડાને સાંકળ બાંધીને જોડવો.*vi.*To be matched,as horses: જોડ થવી.

Spangle,(સ્પૅન્ગ્'ગ્લ્) *n.* A small plate or boss of shining metal:તારા-ટપકી;કટોરી;ટીકડી;ગોખરૂ; વાટકી.*vt.*To set or sprinkle with,or as with, spangles:તારાટપકી-કટોરી;વિગેરેથી શોભાયમાન કo.

Spaniel, (સ્પૅન્'યેલ્) *n.* One of a breed of small dogs having long and thick hair and large drooping ears: એક પ્રકારનો લાંબા અને જાડા વાળવાળો અને લાંબા કાનવાળો કુતરો.

Spanish,(સ્પૅન્'ઇશ્) *a.* Of or pertaining to Spain or the Spaniards:સ્પેન અથવા ત્યાંના રહેવાશીઓ સંબંધી-નું-વિષે.*n.* The language of Spain:સ્પેન દેશની ભાષા-બોલી.

Spank,(સ્પૅન્ક્)*vt.*To slap:તમાચો-થપડાક-મારવી. *n.*A blow with the open hand;a slap:થપડાક.

Span-new,(સ્પૅન્'ન્યૂ)*a.* Quite new; brand-new;firenew:નવું નકોર;તાજું;કોરૂં કડકડતું.

Spar,(સ્પાર્) *n.* 1. A general term for any round piece of timber used as a mast, yard,boom,or gaff:વહાણનો ડોલ.2. The bar of a gate or door:દરવાજાનો સળીઓ; આડ;ભુંગળ.*vt.*To bolt;to bar:આડ દેવી. *vi.* To strike with the feet or spurs, as cocks do:પગવતી મારવું.*n.* A contest at sparring or boxing: મુક્કા મારીની લડાઇ.

Spare,(સ્પેર્)*vt.*1. To use frugally or stingily; to retain or keep unused; to save: કરકસર કo;બચાવવું;સંચય કo;રાખી મુકવું; ઉગારવું. 2.To keep to one's self: માફ કo; રહેવા દેવું; મુકી છાંડવું. 3. To preserve from danger or punishment;to show mercy to: ભય અથવા સજામાંથી બચાવવું;ક્ષમા કo.4.To save or gain, as by frugality:કરકસરથી ઉગારવું-કાઢવું. 5. To do without: ના વિના ચલાવવું.*To* s. *one's self* (*a*)to act with reserve: અદબથી-સન્માનથી વર્તવું.(*b*) To save one's self labor:અંગ ચોરવું.

*vi.*To be frugal;not to be profuse:કરકસરી-આ થવું.*a.*1.Scanty:ઓછું;થોડું;કમી.2.Frugal:કરકસરીયું;કૃપણ.3.Superfluous:ફાલતું;વધારાનું.

Spareness,(સ્પેઁર્‌નેસ્)*n.*The quality or state of being thin leanness:દુબળાઈ.

Sparing,(સ્પેઁર્‌'ઇન્ગ્)*a.*Spare;saving; frugal; merciful:બચાવતું;કરકસરીયું;થોડું;પરિમિત;અલ્પ.

Sparing-ly,(સ્પેઁર્‌'ઇંગ્લિ)*adv.*Frugally; parsimoniously:કરકસરથી;કંજુસાઈથી.

Spark,(સ્પાંર્ક)*n.*[L.*spargo*,I sprinkle.]1. A small particle of fire or ignited substance which is emitted by a body in combustion:તણખો;ચણગારી.2.A lover;a beau:યાર,વહાલ;પ્રીતમ;રમણ.

Sparkish,(સ્પાંર્ક્‌'ઇશ્)*a.*1.Like a spark; airy; gay:તણખાના જેવું;આનંદી.

Sparkle,(સ્પાંર્'કલ્)*vi.*1.To emit sparks:-માંથી તણખાનીકળવા-ઉડવા.2.To glisten;to flash:ચળકવું. *vt.* To emit in the form or likeness of sparks:તણખાના આકારમાં-રૂપમાં નીકળવું;ઝરવું.

Sparkling,(સ્પાંર્ક્'લિન્ગ્)*a.*Glittering;brilliant; lively:ચળકતું;પ્રકાશતું;ચકોર;ઝગઝગતું;લખલખીત.

Sparrow,(સ્પૅ'રો)*n.* One of many species of small singing birds:ચકલી;ચકી;ચટક.

Sparry,(સ્પાંર્'ઇ)*a* Resembling spar,or consisting of spar;spathose:સફેદ સુરમા જેવું.

Spasm,(સ્પૅઝમ્)*n.* [Gr.*spasmos*,a cramp.] An involuntary and unnatural contraction of one or more muscles or muscular fibres:તાણ;ખેંચ;ગોળો;આંકડી.

Spas·modic,(સ્પૅઝ્‌મૉડ્'ઇક્)*a.*1.Of or pertain-to spasm:તાણવાળું-નું-સંબંધી.2.Soon relaxed;convulsive:જલદી નરમ પડે એવું;આક્ષેપક;આકર્ષી.

Spatter,(સ્પૅટ્'અર્)*vt.*To make wet or foul spots upon by sprinkling:ઉપર છાંટા પાડવા-ઉરાડવા;છાંટવું.

Spatu-la,(સ્પૅટ્'યુલૅ)*n.*[L. *spatha*,a spatula.] An implement shaped like a knife,flat,& somewhat flexible:પાતળા પહોળા પાનાનો ચપ્પુ.

Spavin,(સ્પૅવિન્)*n.*A disease of horses characterized by bony swelling:ઘોડાના પગનો સોજો.

Spawn,(સ્પોન્)*vt.& vi.*[L.*expendo*,I spread.] 1.To produce or deposit,as fishes or frogs do:(ઇંડા) મુકવાં-કરવાં. 2. To bring forth; to generate:જણવું;જન્મ આપવો.*n.* 1. The eggs, of fishes &c.:દેડકાં-માંછલીનાં ઇંડાં.2.Any product or offspring:ઓલાદ;વંશ;બચ્ચું.

Spawner (સ્પોન્'અર્)*n.* 1.A mature female fish:માંછલીની માતા;માંછલી. 2. Whatever produces spawn of any kind:કોઇ પણ પ્રકારની ઓલાદ-વંશ ઉત્પન્ન કરનાર.

Spay,(સ્પે)*vt.*[L.*spado*, a eunuch.] To castrate;ખાસી કo.*n.*A spade:ત્રણ વર્ષની હમરનું એક જાતનું લાલ હરણ.

Speak,(સ્પીક્)*vi.*1.To utter words or articulate sounds as human beings:બોલવું; વદવું; ભાષણ કo.2. To express opinions; કહેવું; બોલવું;વાત કo.3.To utter a speech; discourse; or harangue:સભામાં બોલવું;ભાષણ કo. 4. To discourse;to make mention;to tell: કહેવું; કહી-લખી બતાવવું. *To s.out,* to speak loudly and distinctly:મોટેથીબોલવું.*To s.well for*,to commend:ઉપરથી સાબાસી દેખાડવી.*To s. with,* to converse with:ની જોડેવાત કo.*vt.*1.To utter with the mouth:બોલવું;ઉચ્ચારવું.2.To say;to tell:બોલવું;કહેવું.*To s.the truth*;સાચું-સત્ય કહેવું.

Speaker,(સ્પીક્'અર્)*n.* (*a*) One who utters or pronounces a discourse:બોલનાર;વક્તા;ભાષણકર્તા.(*b*)One who is the mouthpiece of others;a chairman;પ્રમુખ;અધિપતી;મુખદ્દાર.

Spear,(સ્પીર્)*a.*[L.*sparus.*]1.A long pointed weapon;a lance;ભાલો.2.A shoot,as of grass;a spire:ઘાસનું તરણું-તણખલું. **S.** *side*,the male line of a family;કોઇ કુટુંબના પુરૂષો. *vt.* To pierce with a spear;to kill with a spear: ભાલો ભોકવો ખોસવો;ભાલો મારીનેમારી નાંખવું.

Spearman,(સ્પીર્'મૅન્)*n.pl.* **Spearmen,**One who is armed with a spear: ભાલો રાખનાર.

Special,(સ્પૅ'શૅલ્)*a.* [L. *species*,a particular sort.]1.Of or pertaining to a species:અમુક જાતી વિષે-નું-સંબંધી;જાતિ વાચક.**S.***characteristic*:જાતિધર્મ લક્ષણ.2.Particular; peculiar:વિશેષ; ખાસ. 3. Appropriate, designed for a particular purpose: અમુક; ખાસ; મુદ્દામ. 4. Limited in range:ખાસ 5. Chief in excellance:મુખ્ય;શ્રેષ્ઠ.**S** *pleading*:નવીતકરાર.*In* **s.**, specially;in particular:મુખ્યત્વે કરીને.

Spec·i·ali·ty,(સ્પેશિઍલ્'ઇટિ)*n.pl.***Specialities**.1.A particular or peculiar case; ખાસીયત; વિશેષ ધર્મ. 2. An object of special attention:ખૂબીની બાબત.3.An attribute or quality peculiar to a species:જાતીયતા;જાતિત્વ.

Special·ly, (સ્પે'શલિ) *adv.* Particularly; especially:મુખ્યત્વેકરીને;વિશેષે કરીને;વિશેષતા.

Special·ty, (સ્પે'શૅલ્ટિ) *n. pl.* **Specialties**. Particularity:અમુક બાબત.

Specie,(સ્પીશિ)*n.*Coin; hard money: નગદી; રોકડ;અવેજ.

Species,(સ્પી'શીઝ) *n. Sing. & pl.* A sort;a kind:તરાહ;પ્રકાર;જાત. A component part of a compound medicine:મિશ્રિતપદાર્થનું એક અંગ.

Spe·cific,(સ્પેસિફ્'ઇક્)*a.*[L.*species*,a particular sort or kind & *facio*,I make.]1. Of or pertaining to a species;characterizing or constituting a species:અસાધારણ;અમુક;વિશેષ 2.Definite:નિયમિત;અમુક. 3. Preventing or

curing disease by a particular adoption, and not on general principles: અવસ્યગુણકારી;આબાદ.S.*character*:જાતિ વિશિષ્ટ ધર્મ-લક્ષણ ગુણ.*n*.A specific remedy:રામબાણ ઉપાય.

Spe·cific·al·ly,(સ્પેસિફ઼ઇકલિ) *adv*. In a specific mannar:નિયમિત્ત-ચોક્કસ રીતે;યથાજાતિ;જાતીના ગુણ પ્રમાણે.

Speci·fi·cation,(સ્પેસ'ઇફ઼િકે"શન)*n*.1.The act of specifying or determining by a mark or limit:હદબતલાવવીતે.2.The designation of particulars:વિશેષહકીકતબતાવવીતે. 3. A written statement containing a minute description:વિગતવાર લખેલી વિશેષ-ખાસ હકીકત.

Speci·fy,(સ્પેસ'ઇફ઼ાઈ)*vt*.To mention or name as a particular thing:બ્યાનક૦;બતલાવવું.

Speci·men,(સ્પેસ'ઇમેન)*n*.[L *specio*,I look.] A sample;model;pattern:નમુનો;વાનગી;માસલો.

Specious,(સ્પી'શસ)*a*. [L.*specio*, I look.] 1. Pleasing showy:સારૂં;દેખાવડું. 2. Plausible: ઉપરથી દેખીતું સત્ય-ખરૂં.

Speck,(સ્પેક્) *n*. A spot;a stain;a blemish: ડાઘો-રબકો;ચાંદુ;ચાઠું;ચિન્હ;બિંદુ; અંક; કલંક;ફુલ. *vt*.To cause the presence of specks upon or in:ઉપર અથવા-માં ડાઘા પાડવા.

Speckle,(સ્પેક્'લ)*n*. A little speck:નાનોડાઘો. *vt*.To mark with small spots:નાના ડાઘા પાડવા.

Specta·cle,(સ્પેક્'ટકલ)*n* [*specto*,I look.]1. A show;a pageant;a gazing stock:તમાશો;ખેલ. 2.A spy-glass;a looking glass:જોવાનોકાચ;તકતો.3.*pl* An optical instrument consisting of two lenses set in a light frame, and worn to assist sight:ચશ્મા.

Spec·tator,(સ્પેક્ટે'ટૅર)*n*.One who looks on: તમાસગીર; જોનાર; પ્રેક્ષક.

Specter,Spectre,(સ્પેક'ટર)*n*.[L. *specio*, I look.]An apparition;a ghost:ભૂત;પ્રેત.

Spectral,(સ્પેક્'ટ્રલ) *a*. Of or pertaining to a specter;ghostly:ભૂત પ્રેત સંબંધી-નું-વિષે.

Speculate,(સ્પેક્'યૂલેટ્)*vi*.[L *specula*, a look out.]1.To contemplate:વિચાર-તર્ક.2 To purchase with the expectation of a contingent advance in value, and consequent sale at a profit:સટ્ટો ક૦.3 To consider attentively:ધ્યાનપૂર્વક વિચાર ક૦.

Spec·u·lation,(સ્પેક્યૂલે'શન)*n*.(*a*)Examination by the eye:આંખથી જોવું તે.(*b*)Contemplation:વિચાર;તર્ક.(*c*)The process of reasoning *a priori* from premises given or assumed:પરિકલ્પના; તર્ક; વિચાર.(*c*) Any business venture involving unusual risks, with a chance for large profits:સટ્ટો.

Specu·lat·ive,(સ્પેક્'યૂલેટિવ્) *a*. 1. Given to speculation;contemplative:તર્કબાજ; વિચારધ્યાન-મનનશીલ 2.Ideal;theoretical:કાલ્પનિક; માનસિક.3.Of or pertaining to vision:દેખાવ સંબંધી.4.Of or pertaining to speculation in land,goods,shares,etc:સટ્ટાસંબંધી-વિષે.

Specu·lat·or(સ્પેક્'યૂલેટૅર)*n*.(*a*)An observer; a contemplator:જોનાર;વિચાર-તર્કકરનાર (*b*)One who forms theories:તર્ક-કલ્પના કરનાર.(*c*)One who engages in speculation:સટ્ટોકરનાર.

Speech,(સ્પીચ્)*n*.1.The faculty of uttering articulate sounds or words;the power of speaking: વાચા; વાણી; બોલી. 2. A tongue; a dialect:ભાષા;બોલી;જબાન.3.Talk:વાત;વાતચિત. 4.Oration:ભાષણ.*Cleverness* or *skillfulness* of s.વાક્ચાતુર્ય;વાક્કૌશલ્ય;વાક્પાટવ.*Elegance of* s.:શબ્દ લાલિત્ય.

Speechless,(સ્પીચ્'લેસ)1.*a*.Destitute or deprived of the faculty of speech:વાચાવિનાનું;વાચાહીન-રહિત.2.Dumb;mute;silent: મુગું.

Speed,(સ્પીડ્) *n* Velocity; rapidity: ઉતાવળ; *God*.s.,prosperity:સફળતા;આબાદી. *vi*. 1. To have any condition, good or ill; to fare:-ના હાલ-દશા-વલે થવી-હોવી.2. To make haste: ઉતાવળક૦.*vt* 1.To cause to make haste:ઉતાવળ-ઝટપકરાવવી.2.To hasten to a conclusion: નો જલદીથી છેડો-અંત લાવવો;જલદી પુરૂં ક૦.

Speedi·ly(સ્પીડ'ઇલિ)*adv*.In a speedy manner:જલદીથી;ઉતાવળથી;ઝડપથી;વેગથી.

Speedy,(સ્પીડ'ઇ)*a*.Quick;hasty:ઉતાવળું;ચાલાક.

Spell,(સ્પેલ)*vt*.To supply the place of for a time;to relieve:-ની જગ્યાએ થોડાવખતસુધીઆવવું;નેમુક્ત ક૦.*n*. The relief of one person by another in any piece of work or watching:કોઇ પણ કામમાં બીજાની જગ્યાએ થોડા વખત સુધી આવીને તેને છૂટો ક૦ તે;વારો બદલવો તે.

Spell,(સ્પેલ)*n*.Any charm:મંત્ર;મોહણી. *vt*. 1. To bewitch;to fascinate;to charm;મંત્ર-મોહણીક૦-લગાડવી.2. To tell or name in their proper order the letters of, as a word: ની જોડણીક૦. [by,a spell:મંત્રથી બાંધેલું-અંજાઈગયેલું.

Spell·bound,(સ્પેલ્-બાઉન્ડ્)*a*.Bound by,or as

Spelling(સ્પેલ'ઇન્ગ)*n*. Formation or words by letters;orthography:જોડણી; વર્ણ રચના.

Spelter,(સ્પેલ'ટર)*n*.(*Metal.*)Zinc:જસત;કાંસુ.

Spencer,(સ્પેન'સર)*n*.One who has the care of the spence or buttery:કોઠારી;અન્નશાળાની દેખરેખ રાખનાર.

Spend,(સ્પેન્ડ)*vt*.[L *expendo*,I weigh out.] 1.To employ:વાપરવું;ખરચવું.2.To consume: ઉડાવવું;ખરચી દેવું 3.To pass as time:વખત ગુમાવવો. 4. To exhaust of strength:-નું બળ જોર નીકળી જવું *vi* 1.To spend money to any

other possession:ચાપરી-ખરચી નાંખવું.

Spendthrift,(સ્પેન્ડ્'થ્રિફ્ટ)*n.*One who spends money profusely;a prodigal:ઉડાઉ માણસ.*a.* Prodigal;extravagant:ઉડાઉ;બહુ ખરચનાર.

Sperm, (સ્પર્મ્) *n.* [L. *sperma.*] The male fecundating fluid;semen:ધાતુ;રેતસ;વીર્ય.

Sper-matic,(સ્પર્મે'ટ્ઈક્)*a.* Of or pertaining to semen:ધાતુ-રેતસ સંબંધી;વીર્યવાળું.

Spew,(સ્પ્યૂ)*vt.*[L.*spuo*,I vomit.]1.To vomit: ઉલટી ક૦.2. To cast forth with abhorrence or disgust:કંટાળાથી નાંખી-ફેંકી દેવું.

Sphe-noidal, (સ્ફીનૉઈડ્'અલ્) *a.* Sphenoid: ફાચરના આકારનું.

Sphere,(સ્ફીર)*n.* [Gr. *sphaira*,a sphere.]1. Any globe or globular body: કોઇપણ ગોળાકાર પદાર્થ;સૂર્યમંડળનો કોઇ ગોળો.2.The extension of the general conception:સાધારણ વિચાર ધારણાનો વિસ્તાર.3.Rank;social position: સ્થિતિ;પાયરી;દરજ્જો.*Armillary* S:ખગોળ.

Spheric-al,(સ્ફે'રિકલ્) *a*1. Globular:ગોળાકાર. 2.Of or pertaining to a sphere:ગોળા સંબંધી. 3. Of or pertaining to the heavenly orbs:આકાશમાંના ગોળા-ગ્રહ સંબંધી-નું-વિષે.

Sphe-rici-ty,(સ્ફેરિસ્'ઇટિ)*n.*Roundness:ગોળાઈ

Spherics,(સ્ફે'રિક્સ્)*n.* The science of the properties and relations of the circles, figures,and other magnitudes of a sphere produced by planes intersecting it:ગોળશાસ્ત્ર;ગોલવિદ્યા;ગોલાધ્યાય.

Spheroid,(સ્ફીર્'ઑઇડ્)*n.*[L.*sphaeroides*,ball-like.] A body or figure approaching to a sphere, but not perfectly spherical: ગોલસદૃશ *Oblate* S.:ચપટગોળ.*Prolate* S.:લંબગોળ; અંડાકૃતિ.

Sphe-roidal,(સ્ફીરૉઇડ્'અલ્)*a.*Having the form of a spheroid:ગોળકલ્પ;ગોળપ્રાય;ગોળસદૃશ.

Spherule, (સ્ફે'રૂલ્) *n.* A little sphere or spherical body:નાનો ગોળો;ગોળી;લઘુગોળ.

Spice,(સ્પાઇસ્)*n.*[L.*specio*,I look.]1. Species;kind:જાત.2. A vegetable production of many kinds,fragrant or aromatic,and pungent to the taste:મસાલાની ચીજ ગરમ મસાલો. *vt.* To season with spice or as with spice: મસાલેદાર-વાળું બનાવવું.

Spicer-y,(સ્પાઇસ્'અરિ)*n.*1.Species in general: મસાલા માત્ર;મસાલા.2.A repository of spice: મસાલા રાખવાની જગા-વખાર.

Spick,(સ્પિક્)*n.*A spike or nail:ખીલો.S. *and span*,quite new:તાજું;નવું;નવું નકોર;કોરું કડકડતું.

Spicu-lar,(સ્પિક્'યુલર)*a.*[L.*speculum*,a dart.] Resembling a dart:અણીદાર;તીક્ષ્ણ.

Spicy,(સ્પાઇસ્'ઇ)*a.*1.Fragrant;aromatic:મસાલાદાર.2.Producing or abounding with spices:મસાલો ઉત્પન્ન કરતું-માં ઘણો હોય તેવું.

Spider,(સ્પાઇ'ડર)*n.*1.Any one of numerous species of arachnids:કરોળીઓ;અષ્ટપાદ.

Spigot, (સ્પિગ'ઑટ્) *n.* A pin or peg used to stop the vent in a cask:નાનો ખીલો;પીપનો ડાટો.

Spike,(સ્પાઇક્)*n* [L. *spica*, a point.] (*a*) A sort of very large nail:એક જાતનો મોટો ખીલો; ખીંટો.(*b*)A piece of pointed iron set with the points upward or outward:આર; આરી. To fasten with spikes:લાંબા ખીલા ઠોકીને મજબુત ક૦.2.To stop the vent of (*a gun or cannon*) by driving a spike, nail or the like into it:ખીલા મારીને મ્હોં બંધ ક૦.

Spiky,(સ્પાઈક્'ઇ)*a.*1.Like a spike;spikelike: ખીલાના જેવું.2.Having sharp point or sharp points:અણી-ધારદાર-વાળું.

Spile,(સ્પાઇલ્)*n.*1. A small plug or wooden pin, used to stop a vent:પીપનો ડાટો. 2. A pile:ઠેરો.S.*hole*,a small air hole in a cask; a vent:પીપમાંનું નાનું કાણું.

Spill,(સ્પિલ્)*vt.*1.To suffer to fall or run out of a vessel:ઢોળાવા દેવું. 2. To shed or suffer to be shed:કાઢવું;પાડવું *vi.*To be shed;to run over:ઢોળાવું;વેરાવું.

Spin,(સ્પિન્)*vt.*1.To draw out and twist into threads:કાંતવું;-નો દોરો કાઢવો-વણવો.2.To whirl; to twirl:ચકર ચકર ફેરવવું.3.To shape,as malleable sheet metal,into a hollow form:ઉતારવું; ચાક ઉપર ઉતારવું. *To* S.*a yarn*, to tell a story,*esp*,a long, fabulous story:લાંબી જોડી કાઢેલી વાત કહેવી;ગપ્પાં હાંકવાં.

Spinal,(સ્પાઇન્'અલ્)*a.*[L. *spina*, the spine.] Rachidian;vertebral:વાંસાની કરોડ સંબંધી-નું.

Spindle,(સ્પિન્'ડલ્)*n.*1.The long,round,slender rod or pin in spinning wheels by which the thread is twisted:તરાક;ત્રાક; સ્પીન્ડલ.

Spindle-shanks,(સ્પિન્'ડલ્શૅન્ક્સ્)*n* A person with slender shanks or legs:લાંબા-પાતળા પગ.

Spine,(સ્પાઇન્)*n.*[L.*spina*,a thorn.]1.A rigid and sharp projection upon any part of an animal:પ્રાણીના શરીર ઉપરનો કેંટો.2.The backbone,or spinal column,of an animal:કરોડ;બરડાનું હાડકું.

Spinet,(સ્પિન્'એટ્)*n.*[L.*spina*,thorn.]A keyed instrument of music:એક જાતનું કુંચીવાળું વાદ્ય.

Spinner,(સ્પિન્'અર્)*n.* 1.One who,or that which,spins;a spinning machine:કાંતનાર; કાંતવાનો સંચો;રેંટીઓ.2.A spider:કરોળીઓ.

Spinning,(સ્પિન્'ઇન્ગ્)*a.*&*n.* From spin:સુતર કાંતનારૂં;સુતર કાંતવું તે.

Spinning-jen-ny,(સ્પિન્‌'ઇન્ગ્-જેનિ)*n*. An engine or machine for spinning wool or cotton:કાંતવાનો સંચો.

Spinning-wheel,(સ્પિન્‌'ઇન્ગ્-વ્હીલ)*n*. A machine for spinning yarn&c:રેંટીઓ; ચરખો.

Spi nosi-ty,(સ્પાઇનૉસ્'ઇટિ)*n*.The quality or state of being spiny or thorny:કાંટાદાર.

Spinous-Spiny,(સ્પાઇન્'અસ્-સ્પાઇન્'ઇ)*a*.1.Spinose;thorny:કાંટાવાળું.2.Spinelike:કાંટા જેવું.

Spinster,(સ્પિન્'સ્ટર)*n*.1.A woman who spins or whose occupation is to spin:રેંટીઓ કાંતનારી સ્ત્રી-બાયડી.2. An unmarried or single woman:નહિ પરણેલી-કુંવારી સ્ત્રી;અવિવાહિત સ્ત્રી.

Spiracle,(સ્પાઇરિ'ઍકલ્)*n*.[L *spiro*,I breathe.] The nostril or one of the nostrils of whales:વ્હેલ નામની માછલીનું નસકોરૂં.

Spiral,(સ્પાઇ'રલ્)*a*. Winding like the thread of a screw;helical:પેચ-ઇસ્ક્રુનાજેવું;ભમરીઆ કુવા જેવું.

Spire,(સ્પાઇર્)*vi*.[L.*spiro*,I breathe.]1. The tapering part of a steeple itself: અણીદારવાળોમિનારો-શિખર;શૃંગ.2.The top, or uppermost point, of anything;the summit:શિખર;ટોચ;મથાળું.*vi*.To shoot forth,or up in, or as if in,a spire:ફાંટા ફુટવા.*n*.[L.*spira*, coil, twist.]A spiral;a curl:વળ;વાંક.

Spirit,(સ્પિર્'ઇટ્)*n*. [L. *spiro*, I breathe.] 1. Life itself:જીવ;પ્રાણ; ચૈતન્ય. 2.The soul:જીવાત્મા;દેહી; ક્ષેત્રજ્ઞ. 3. A disembodied soul; the human soul after it has left the body: પ્રેતાત્મા.(*a*)An apparition;a specter;a ghost:ભૂત; પિશાચ. 4. Energy, courage:ઉત્સાહ;જોમ;પાણી;દમ.5.One who is lively:ચંચળ-ચકોર માણસ 6.Temper or disposition:પ્રકૃતિ;સ્વભાવ. *Good* **s**.s:ઉત્સાહ;ખુશમિજાજ.*Low* **s**.s:ઉદાસીનતા. 7.Any liquid produced by distillation;alcohol:દારૂ;મદ્ય; આસવ. 8. Essential portion: તત્વ:તત્વાંશ;સાર;સારાંશ.*Animal spirit* **s**.(*a*):શેરીનુંચૈતન્ય.(*b*)*Holy* **S**.,or *The* **S**.(*Theol*.), the spirit of God,or the third person of the Trinty; the Holy Ghost: પવિત્રાત્મા. *vi*. To excite;to encourage: ઉશ્કેરવું; હિંમત આપવી.

Spirit-ed,(સ્પિર્'ઇટેડ્) *a*. Animated; full of vigor or life:જોસ્સાદાર;હિમ્મતવાળો.

Spirit-lamp, (સ્પિર્'ઇટ્લૅમ્પ) *n*. A lamp in which alcohol or methylated spirit is burned: તેજાબનો દીવો.

Spirit-less,(સ્પિર્'ઇટ્લેસ)*a*.1.Destitute of spirit;dejected; depressed: ઉદાસ; આનંદ-ઉત્સાહ વગરનું;નાહિંમત;નિસ્તેજ;નીરસ;મુએલું; નિર્જીવ.

Spiritu al,(સ્પિર્'ઇટ્યૂઅલ્)*a*.1. Consisting of spirit not material;incorporeal:પ્રાણરૂપી;આત્મારૂપી;જીવરૂપી;અમૂર્ત;નિરાકાર.2.Mental: માનસિક; આધ્યાત્મિક. 3. Of or pertaining to the moral feelings or states of the soul: મનોભાવ-આત્મ સંબંધી.4.Pure;holy:પારલૌકિક;પારમાર્થિક.5. Not lay or temporal: જ્ઞાનમાર્ગનું; **S**.*preceptor*:ઉપાધ્યાય. **S** *father*:ધર્મપિતા.

Spirit-u-al-ism,(સ્પિર્'ઇટ્યૂઅલિઝ્મ)*n*.1. The quality or state of being spiritual:ધાર્મિક હોવાપણું.2. The doctrine in opposition to to the materialists,that all which exists, is spirit,or soul:આત્મા શિવાય બીજું કાંઈ નથી એવો મત-વાદ;બ્રહ્મવાદ.3.A belief that departed spirits hold intercourse with mortals by means of physical phenomena: વિદેહી આત્મા;આત્માનો સંસર્ગ રાખી કાંઇ દશ્યચમત્કારોકરે છે એવો મત.

Spirit-u-al-ist,(સ્પિર્'ઇટ્યૂઅલિસ્ટ્) *n*. 1. One who professes a regard for spiritual things; an ecclesiastic: ધર્મોપદેશક. 2.One who maintains the doctrine of spiritualism: આત્મવાદી;બ્રહ્મવાદી. 3. One who believes in direct intercourse with departed spirits: વિદેહી આત્માનોસંસર્ગ માનનાર.

Spirit-u-ali-ty,(સ્પિર્'ઇટ્યૂઍલ્"ઇટિ) *n*. Incorporeality;heavenly mindedness:અદિદૈવકપણું;પરમાર્થનિષ્ઠા;આત્મસ્વરૂપતા;અમૂર્તતા; પારમાર્થિકતા.

Spirit-u-ous,(સ્પિર્'ઇટ્યૂઅસ્) *a*. 1. Ethereal; immaterial;spiritual; pure:ચોખ્ખું.2. Consisting of refined spirit;alcoholic;ardent: જલદ;તીવ્ર;નિશો ચઢાવનારૂં;માદક.3. Lively; gay; vivid:આનંદી;ખુશમિજાજી;ચંચળ.

Spissi-tude,(સ્પિસ્'ઇટ્યૂડ્)*n*. The quality or state of being spissated:ઘટ્ટતા;જાડાપણું.

Spit,(સ્પિટ્) *vt*. To eject from the mouth;to throw out,as saliva or other matter,from the mouth:કોગળો કo;થુંકવું;પીચકારી મારવી. 2.To eject;to belch;to throw out:બહાર કાઢવું-કાઢી નાંખવું.*n*.Spittle; saliva:થુંક;લાળ. *vi*. To throw out saliva from the mouth:થુંકવું.

Spit-box,Spit-toon,(સ્પિટ્બૉક્સ,સ્પિટ્ટૂન્') *n*. A vessel to receive spittle:પીકદાની;થુંકદાન.

Spite,(સ્પાઇટ્) *n*.1.Ill-will or hatred toward another;grudge;despite:દ્વેષ; ખાર; અંટસ. 2. Vexation;chagrin:સંતાપ;કદ્રેચ;દિલગીરી.*Ins*. *of*,or **s**.*of*,notwithstanding:છતાં પણ.*To owe one a* **s**., to entertain a mean hatred for him:ઉપર નજીવી બાબત માટે દ્વેષ-અંટસ રાખવો. *vt*.To be angry at:નારાજ઼થવું;ગુસ્સે થવું.

Spiteful,(સ્પાઇટ્'ફુલ્)*a*.Filled with or showing spite;malignant;malicious:દ્વેષી;ખારીલું.

Spittle,(સ્પિટ્'લ્) *n*. A small sort of spade: એક જાતની નાની કોદાળી.Saliva;spit:થુંક;લાળ;કફ.

Splash,(સ્પ્લૅશ્)*vt.*1.To strike and dash about as water,mud,etc;to plash:પાણી-કાદવ વિ૦ નાછાંટા ઉરાડવા.2.A noise made by striking upon or in a liquid:છાંટા ઉરાડવાથી થતો અવાજ.

Splash-board,(સ્પ્લૅશ્'બૉર્ડ)*n* A board in the front part of a vehicle,to prevent splashing by mud or water:ગાડીમાં છાંટા નહિ ઉડવા માટે રાખેલું પાટિયું.

Splashy,(સ્પ્લૅશ્'ઇ)*a.*Full of dirty water;wet and muddy:કચરા-કાદવવાળું;મલિન;મેલું;કચરાળું.

Spleen,(સ્પ્લીન)*n.*[Gr.*splen*,the spleen.]The milt:પાણુથરી;બરોળ.

Spleeny,(સ્પ્લીન્'ઇ) *a.* Peevish:ચીડીયું;રીસાળ.

Splendent(સ્પ્લેન્'ડન્ટ)*a.*[L.*splendeo*,I shine] Shining;glossy; lustrous:ચળકતું;પ્રકાશિત.

Splendid,(સ્પ્લેન્'ડિડ)*a.*1.Shining;very bright:ચકચકીત.2. Showy:ભભકાદાર; સુશોભિત. 3. Illustrious;brilliant;famous:નામિચું;પ્રસિદ્ધ.

Splendid-ly,(સ્પ્લેન્'ડિડ્લિ)*adv.*In a splendid manner;magnificently:સુશોભિતપણે;સરસ.

Splendour,(સ્પ્લેન્'ડર)*n.* Brilliant luster; brilliancy:પ્રકાશ;તેજ;ચળકાટ;પ્રભા;શોભા;કાંતિ.

Sple-netic,(સ્પ્લેનેટ્'ઇક)*a* Malicious;spiteful; peevish:રોશી;ચીડિયું;ચીઢાઈ જાય તેવું.

Splint,-er(સ્પ્લિન્ટ-સ્પ્લિન્ટ્'અર)*n.*1.A piece spilt off;a splinter:ફાટ-ચીર પાડેલો કકડો.2.A splint bone:ઉતરી ગયેલું-ભાગેલું હાડકું. 3. A disease affecting the splint bones:ભાગેલા હાડકા સંબંધીનો રોગ.*vt.*To splint;to shiver:ચીરવું;ફાડવું.

Split,(સ્પ્લિટ)*vt.*[*Imp.&p.p.* **Split.**]1.To divide lengthwise; to rive;to cleave:ના ચીરાફાડો ક૦;ચીરવું.*vi.*2.To part as under:ચીરા-ફાટ પડવી.3.To separate into parties or factions: કુસંપ-ફાટફુટ થવાથી ભાગ-ટોળીઓ-પક્ષ બંધાવા;કુસંપ પેસવો.*To s.on a rock*;to fail;to err fatally:નિષ્ફળ જવું;ઘણી મ્હોટી ચૂક ક૦.*n.*4.A creek, rent,or longitudinal fissure:ચીરો; ફાટ;તરડ.

Spoil,(સ્પૉઇલ)*vt.*[L *spolio*,I spoil.]1.To plunder;to pillage:લૂંટવું.2.To seize by violence; to take by force:લુંટાવી-છીનવી લેવું.3.To Corrupt; to vitiate;to mar: બગાડવું;ખરાબ-નાશ ક૦. *vi.* 1. To practise plunder or robbery:લુંટ ક૦; લુંટવું.2.To be corrupted;to decay:બગડવું; ખરાબ થવું. *n.* That which is taken from another by violence;*esp.*pillage;booty:જોરજુલમથીમેળવેલી લુંટ.[derer;લૂંટારો;ચોર;બિગાડ કરનાર.

Spoiler,(સ્પૉઇલ્'અર)*n.*One who spoils;a plun-

Spoke,(સ્પોક)*vt.Imp.*of **Speak**. *n.* The radius or ray of wheel:દાંતો;રવો; આરો.*To put a s.in one's wheel* કોઈના કામ-યોજનામાંખલલ-વિઘ્ન ક૦. *vt.* To furnish with spokes, as a wheel:ચક્રને દાંતા-આરાક૦-બેસારવા.

Spokesman,(સ્પોક્સ્'મૅન)*n.*One who speaks for another:કોઈની વતી બોલનાર;દ્વાર;મુખ;વક્તા.

Spoli-ate,(સ્પૉ'લિએટ)*vt.&vi.*[L *spolio*,I spoil] To plunder;to pillage;to dispoil;to rob:લૂંટ ફાટ ક૦;લટવું;ચોરી ક૦;છીનવી લેવું.

Spo-li-ation, (સ્પૉલિએ'શન)*n.* 1. The act of plundering;robbery:ચોરી;લૂંટફાટ.2.Robbery or plunder in war:લડાઈમાં લુંટફાટ.

Spon-daic,(સ્પૉન્ડે'ઇક)*a.*1.Of or pertaining to a spondee;consisting of spondees:બે ગુરૂ અક્ષરના ગણસંબંધી-નું-વિષે.2.Containing spondees in excess;marked by spondees;બે ગુરૂ અક્ષર વધારે હોય એવું.

Spondee,(સ્પૉન્'ડી)*n* [L *spondeus.*]A poetic foot of two long syllables:બેગુરૂ અક્ષરનો ગણ.

Sponge,(સ્પન્જ)*n.*[L.*spongia.*]1.The elastic, fibrous skeleton of many species of horny Spongia:વાદળી.2.A mop for cleaning the bore of a cannon after a discharge: તોપ છોડ્યા પછી તેની નળી સાફ કરવાનો કુચેડો. *To throw up the s.*to give up a contest:હાર કબૂલ ક૦;પોતે હાર્યા એમ કબૂલ ક૦. *vt.* To cleanse or wipe with a sponge:વાદળીથી સાફ ક૦. *vi.*To suck in, or imbibe as a sponge:ચૂસી-શોષી લેવું;પીજવું.

Sponge-cake, (સ્પન્જ્'કેક) *n.* A kind of sweet cake which is light and spongy:એક જાતની ગળી રોટલી;પુડો;માલપુવો.

Sponger,(સ્પન્જ્'અર)*n.*One who sponges or uses a sponge:વાદળી લગાડનાર;વાદળીનો ઉપયોગ કરનાર. [sponge:વાદળી જેવું;પાણી ચૂસે એવું.

Spongy,(સ્પન્જ્'ઈ) *a.* Having fluids, like a

Sponsal,(સ્પૉન્'સલ)*a.*[L.*spondeo*,Ibetroth.] Realating to marriage:વિવાહ-લગ્ન સંબંધીનું.

Sponsor,(સ્પૉન્'સૉર)*n.* [L.*spondeo*,I engage myself.]1.A surety:જામીન;હામી.2.A godfather or godmother:ધર્મપિતા;ધર્મમાતા.

Spon-tane ous,(સ્પૉન્ટે'નીઅસ)*a.*[L.*sponte*, of free will.]1.Proceedings from natural feeling,temperament, or disposition:સ્વાભાવિક;સહજ. 2. Produced without being planted,or without human labor:વાવ્યા સિવાય ઉત્પન્ન થયેલું;જંગલી;તરફીયું.

Spontoon,(સ્પૉન્ટૂન્')*n.*A kind of half-pike, or halberd:અડધો ભાલો.

Spool,(સ્પૂલ)*n.*A piece of cane or reed with a knot at each end,or a hollow cylinder of wood with a ridge at each end: ફીરકી; ફીરકી *vt.*To wind on a spool or spools: ફીરકીપર લપેટવું.

Spoon,(સ્પૂન)*n.*An implement consisting of a small bowl with a handle :ચમચો;પળી.

Spoonful,(સ્પૂન્‌ફુલ)*n.pl.* **Spoonfuls**. The quantity which a spoon contains: ચમચો; ચમચાપુર.

Sport,(સ્પોર્ટ્)*n*.1.Pastime:ગમત:મઝા;ખેલ;રમત. 2.Mock:મશ્કરી;ઠઠ્ઠો.3 Diversion of the field: શિકાર;મૃગયા.*In* **s**.:મશ્કરીમાં.*vi*.1.To play; to frolic;ગમત-મઝા-રમત ક૦ 2. To practise the diversions of the field:શિકાર ક૦-જવું. *vt*.To divert;to amuse:ગમત-રમત-મઝા ક૦.

Sportful,(સ્પોર્ટ્‌ફુલ) *a*. Merry; frolicsome; playful;wanton:ગમતી;ખુશમીજાજી;આનંદી.

Sporting,(સ્પોર્ટિન્ગ)*a*.Of, pertaining to,or engaging in,sport or sports:રમતિયાળ;ગમતિયાળ;શિકાર કરનાર;રમત-શિકારસંબંધી-નું-વિષે.

Sportive.(સ્પોર્ટિવ્)*a*.Gay; frolicsome;playful;merry:મોજી;આનંદી;રમતિયાળ;વિલાસી;વિહારી.

Sportive-ness,(સ્પોર્ટિવનેસ્)*n*.Playfulness; merriment:રમતિયાળપણું;મોજીલાપણું.

Sportsman,(સ્પોર્ટ્સ્‌મેન્)*n.pl*.One who pursues the sports of the field;one who hunts fishes,etc:શિકારી;પારધી.

Spot,(સ્પૉટ્)*n*.1.A blot;:ડાઘ;ચાંદું;બિંદુ;અંક;લાંછન.2.Disgrace;blemish:કલંક;ડાઘ; એબ;ખામી. 3.A place:સ્થાન;જગા. *On the* **s**., immediately before moving: ત્યાંના ત્યાંજ. *vt*. 1. To discolor in or with spots;to stain:ઉપર ડાઘ પાડવો-છાંટા પાડવા. 2. To stain;to blemish:-ને કલંક-એબ લગાડવી.*vi*.To become stained with spots:ઉપર ડાઘ પડવા.

Spotless,(સ્પૉટ્‌લેસ્)*a*. Without a spot;free from reproach or impurity:ડાઘ વગરનું:નિષ્કલંક.

Spousal,(સ્પાઉઝ્‌અલ્)*a*.Nuptial;metrimonial; conjugal:વિવાહ-લગ્ન-સાદીસંબંધી-વિષે-નું.*n*.Marriage;nuptials:લગ્ન;વિવાહ;સાદી;પાણિગ્રહણ.

Spouse,,(સ્પાઉઝ્)*n*.[L. *sponsum*,to promise solemnly.] A married person,husband or wife: પરણેલું માણસ;વહુ કે વર;ભાર્યા;વધૂ. *vt*. To wed:to espouse:પરણાવવું;લગ્ન-સાદી ક૦.

Spout,(સ્પાઉટ્) *vt*. To eject in a jet:ફુંકારીને બહાર કાઢવું; કોગળો કરીને બહાર કાઢવું. *n*. That through which anything sprouts;a tube; a pipe:પરનાળ;નળી;તોટી;ઝારી;નાળચું;નાળચું.

Sprain,(સ્પ્રેન્)*vt* [L.*ex* & *premo*,I press.]To weaken,as a joint,muscle,etc:મરડાઇ-વચકાઇ જાય તેવું ક૦;લચકાવવું;કરમોડ ખવરાવવો.*n*.The act or result of spraining:મોચ;કરમોડ;લચક.

Sprawl, (સ્પ્રોલ્) *vi*. To lie with the limbs stretched out ungracefully:લાંબા થઇને સૂવું.

Spray,(સ્પ્રે)*n*.1. A small shoot or branch; a twig:ડાળી;કુમળો; શાખા. 2. A collective body of small branches:ન્હાની ન્હાની ડાળીઓનો સમુદાય. *n*. 1. Water flying in small drops or particles: પાણીના ઉડતા છાંટા; તુષાર. 2. A jet of fine medicated vapor:ઓસડનોગુણઆપેલો વરાળનો ભભુકો.*vt*. To let fall in the form of spray:છાંટાને રૂપે પડવા દેવું.

Spread,(સ્પ્રેડ્)*vi*.1.To unfurl:લંબાવવું; ફેલાવવું. 2. To extend so as to cover something: કંઈપણ ઢંકાય તેવી રીતે લંબાવવું-વિસ્તારવું. 3.To divulge:બહાર પાડવું;પ્રસિદ્ધ ક૦ 4. To diffuse, as emanations;to emit(*at fragrance*):ફેલાવવું;લંબાવવું 5.To strew;(*as manure*):વેરવું; પુરવું.*To* **s** *cloth*,to unfurl sail:સઢચઢાવવો.*vi*. To be extended or stretched:લંબાવું;ફેલાવું. *n*.Extent;compass: વિસ્તાર;ફેલાવો.

Spree,(સ્પ્રી)*n*.A merry frolic;*esp*.a carousal: મઝા;ગમત;મોજ શોખ;દારૂ પીવાની મઝાનોત્સવ.

Sprig, (સ્પ્રિગ્) *n*. A small shoot of a tree; a spray:નાની ડાળી;ડાંખળી;શાખા;પલ્લવ.

Spright,(સ્પ્રાઇટ્)*n*.1 Spirit;mind; soul: જીવ; આત્મા 2.An apparition;a ghost:ભૂત;પિશાચ.

Sprightly,-Sprightful,(સ્પ્રાઇટ્‌લિ-સ્પ્રાઇટ્‌ફુલ)*a*. Vivacious:lively;brisk:ચંચળ;આનંદી.

Sprightful-ness,(સ્પ્રાઇટ્‌ફુલનેસ્)*n*.Briskness; gayety:ચકોરપણું,ચંચળતા;આનંદ.

Spring,(સ્પ્રિન્ગ્)*vi*.1.To leap:to jump:કુદકો-કુલંગ-છલંગ મારવી.2.To issue with speed and violence:જોરથી નીકળવું;ધસવું. 3. To become warped: આડું થવું; મરડાઇ જવું. 4. To shoot up,out,or forth:નોઅંકુરફુટવો;ફુટવું.5. To result as from a cause, motive,or principle; to issue as from a parent:ફુટી નીકળવું;ફુટવું.*To* **s**.*in*;to rush in:એકદમ ધસી આવવું *vt*.To bend by force: જોર-બળ કરીને વાળવું. *n*.1.A leap; a bound;a jump: કુદકો;થેકડો; છલંગ; કુદકારો. 2. Elastic power or force:સ્થિતિસ્થાપકપણું; સ્થિતિસ્થાપકત્વ-તા.3.An elastic body of any kind:કોઈ પણ જાતનો સ્થિતિસ્થાપક પદાર્થ; કમાન. 4.Any source of supply;a natural fountain: ખાણ;મૂળ;ઝરો.5.The vernal season:વસંત ઋતુ; વસંત.6.Early portion;first stage:પહેલવહેલો પ્રથમ ભાગ;પૂર્વકાળ.**S**.*tide*:પૂર્ણિમાની ભારે ભરતી.

Springe,(સ્પ્રિન્જ્)*n*.A gin,a snare:જાળ; પાશ. *vt*.To catch in a springe:જાળમાં પકડવું-ફસાવવું.

Spring-head,(સ્પ્રિન્ગ્‌હેડ્) *n*. A fountain or source:મુખ્ય ઝરો;મૂળ;ખાણ;યોનિ;આદિકારણ.

Spring-tide,(સ્પ્રિન્ગ્‌ટાઇડ્)*n*. The season of spring;springtime:વસંતકાળ.

Springy,(સ્પ્રિન્ગ્‌ઇ)*a*.1.Elastic:કમાન જેવું;સ્થીતિસ્થાપક;ઢલકું.2.Wet;spongy:ભીનું;ભેજવાળું.

Sprinkle,(સ્પ્રિન્ગ્‌કલ્)*vt*.1.To scatter in small drops or particles,as water,seed,etc:છાંટવું; વેરવું;ભભરાવવું.2.To baptize by the application of a few drops:-ને જળસંસ્કાર-સિંચન ક૦.

n.1. A small quantity scattered:વિખેરાયેલા પદાર્થનો થોડો જથો.2. A sprinkler:છાંટવાનું વાસણ.

Sprinkling,(સ્પ્રિન્ક્‌'લિન્ગ્)*n*.1.A small quantity falling in distinct drops or particles: થોડા છાંટા;ફરફર;ઝરમર.

Sprite,(સ્પ્રાઇટ્)*n*.1 A spirit;shade:ભૂત;પિશાચ.

Sprout,(સ્પ્રાઉટ્)*vi*.1.To shoot as the seed of a plant:અંકુર-પીલો ફુટવો. 2. To shoot into ramifications:ની શાખા ફૂટવી.*vt*. To cause to sprout:ફણગો ફુટે તેમ કo;ફણગાડવું.*n*. The shoot of a plant:ફણગો;શણગો;અંકુર;માંજર;પીલો;પલ્લવ.

Spruce,(સ્પ્રૂસ) *n*. Any coniferous tree: એક જાતનું ઝાડ.*a* 1.Neat without elegance:સાદું.2. Sprightly;dashing:ચકોર;ચંચળ;અલબેલું.

Spue,(સ્પ્યૂ)*vt.&vi*.To spew:ઓકવું;કાઢી કo.

Spume,(સ્પ્યૂમ્)*n* [L.*spuma*.] Froth; foam; scum:ફીણ;ફેમ.

Spun,(સ્પન્)*Imp.&p.p.of* **Spin**:કાંત્યું; કાંતેલું.

Spunge,(સ્પન્જ્)*n*. A sponge: વાદળી.

Spunk,(સ્પન્ક્)*n*.1.Wood that readily takes fire;touchwood:જલદીથી સળગે એવું લાકડું;સુકું-સળેલું લાકડું.2.Spirit;mettle;pluck:પાણી;દમ; હિમ્મત;ધૈર્ય;જુસ્સો.

Spur,(સ્પર્)*n*.1. An implement secured to or above the heel,of a horseman to urge the horse by its pressure:એડ;એડી; કાંટો.2. An incitement:ઉત્તેજન;પ્રેરણા.3.A mountain that shoots from any other mountain:પર્વતની શાખા;ઓળ.4. The short wooden buttress of a post:થાંભલાની ટુંકી લાકડાની ટુંબી.*On the* s.*of the moment*:એકદમ.*vt*.1. To prick with spurs:એડ મારવી.2.To put spurs on: ને એડી લગાડવી. *vi*. To spur on one's horse:પોતાના ઘોડાને એડી મારી ચલાવવું.

Spuri·ous,((સ્પ્યૂ'રિઅસ્)*a*.[L.*spurious*.]1.Not genuine; false; adulterate: બનાવટી; ખોટું; તકટી.2.Not legitimate; bastard:રાંડના પેટનું.

Spuri·ous·ness,(સ્પ્યૂ'રિઅસનેસ્)*n*. Adulteration; ingenuineness:બનાવટ;કૃત્રિમતા;તકટ.

Spurn,(સ્પર્ન્)*vt*.1. To kick:લાત મારવી. 2. To treat with contempt:ધિક્કારવું.*vi*.To kick or toss up the heels:પગ ઉંચા કo;*n*. A kick:લાત.

Spurt,(સ્પર્ટ્)*vi*.To rush from a confined place in a small stream or jet: જોરથી દદુડી થઈ બહાર નીકળવું.*vt*.To throw out as liquid, in a stream or jet:દદુડીની ધારે બહાર કાઢવું;ફેંગળો કo.*n*.1.A jet;a spirt:દદુડી;દદુડો;ધાર.2.A shoot: ફણગો.3.A sudden outbreak:ભભુકો;જુસ્સો.

Sputum,(સ્પ્યૂ'ટમ્)*n.pl.***Sputa** [L. *sputum*, spittle.]Spittle;saliva:થુંક;લાળ.

Spy,(સ્પાઇ)*vt*.[L.*specio*,I see.]1.To gain sight of;to see:જોવું;દેખવું 2. To discover by close search:બારીક તપાસથી શોધી-કાઢવું.*vi*.To search narrowly;to scrutinize:બારીકાઇથી તપાસ-શોધ કo.*n*.One who keeps a constant watch of the conduct of others:ખાતમીદાર.

Spy-glass,(સ્પાઇ'-ગ્લૅસ્)*n*.A small telescope: નાનું દુરબીન.

Squab,(સ્કવૉબ્)*a*.1.Fat;thick:જાડું;માતેલું.2.Unfeathered:પીંછાવિનાનું.*n*.A nestling of a pigeon or other similar bird:પીંછાં વગરના કબુતરનું તરતજન્મેલું બચ્ચું. *vi*. To strike at one dash, or with a heavy stroke:એકદમ પછાડવું;અફળાવું.

Squabble,(સ્કવૉબ્'લ) *vi*. 1.To struggle: રકઝક કo.2.To debate peevishly:તકરાર બોલાચાલી કo.*vt*.To disarrange:અવ્યવસ્થિત કo.*n*.A brawl:કજીઓ;લડાઈ;બોલાચાલી;ઝડાઝડી;કલહ.

Squad,(સ્કવૉડ્)*n*.[L.*ex*&*quadra*,a square.] 1.A small party of men assembled for drill: કવાયત,માટે ભેગી કરેલી ટુકડી.

Squadron,(સ્કવૉડ્'રૉન્)*n*.A body of cavalry comprising two companies or troops:જેમાં બે ટુકડીઓ ભેગી હોય એવું લશ્કર.

Squalid,(સ્કવૉલ્'ઈડ્) *a*.[*squalere*, to be foul or filthy:ગંધાતું;ગંદુ;કચરાળું;મલિન.

Squall,(સ્કવૉલ્)*n*.A sudden and violent gust of wind,often attended with rain or snow: એકદમ ચઢી આવેલો વાવંટોળ;પવનનું તોફાન.*vi*.To cry out:બુમ પાડવી.*n*.A loud scream:બરાડો.

Squally,(સ્કવૉલ્'ઇ)*a*.1.Abounding with squalls;gusty:વાવંટોળીઆવાળું;તોફાની.

Squalor,(સ્કવૉલ્'અર્)*n*.[L.*squalere*,to be foul or filthy.]Foulness:ગંદવાડ;મલિનતા;મેલાપણું.

Squander,(સ્કવૉન્'ડર્)*vt*.1.To spend lavishly ખરચીનાંખવું.*vi*.To be wasteful:ઉડાઉ-ખરચાળ હોવું.

Squander-er,(સ્કવૉન્'ડરર્)*n*.One who squanders:ઉડાઉ;ખરચી-ઉડાવી દેનાર;ધોતાળ;છુટા હાથનો.

Square,(સ્કવૅર્)*n*.[L.*ex*&*quadrus*,a square] (*a*) A parallelogram having four equal sides and four right angles:સમચોરસ;ચોખંડીઆકૃતિ.2.A square piece or fragment:ચોરસ કકડો.3. An area of four sides:ચોક;ચોગાન.4. An instrument having at least one right angle and two or more straight edges:કાટખુણો.5.The product of a number or quantity multiplied by itself:વર્ગ;દ્વિઘાત. 6.A squadron:લડાઈના વહાણનો કાફલો.*On the* s.or *upon the* s.,honestly:પ્રમાણીક વાજબી-પણે. *On*,or *upon*,*the* s.*with*,even with:ની બરોબર.*To be all* s.s. to be all settled:બરોબર નક્કી કરેલું હોવું.*To be at* s. to be in a state of quarrelling:ની સાથે અણબનાવ હોવો.*To break no* s.s,to give no offence:ને માઠું-ખોટું ન લગાડવું.*To break* s.s, to depart from an ac-

customed order:વિપરીત વર્તન કo-ચલાવવું.*a*.1. Having four equal sides and four right angles: સમચોરસ. **S.** *root*:વર્ગ મૂળ. *To get* **s.** *with*, to pay off:ચૂકવીદેવું.*vt*.1.To form with four equal sides and four right angles:ચોરસ-ચોખૂણુંકo.2.To multiply by itself:નોવર્ગ-કo.*To* **s**.*one's shoulders*:ખભા ચઢાવવા.*vi*.To suit;to fit:ને માફક-બેસતું-હોવું-થવું.

Squash, (સ્કવૉશ્) *vt*. To beat or press into pulp or flat mass;to crush:કચરી નાખવું;ચાટી-ચુંદીને લુગદી કo *n* 1.Something soft and easily crushed:નરમ અને જલદી કચરાય એવોપદાર્થ.

Squat,(સ્કવાટ્)*vi*.1. To sit down upon the hams or heels:પલાંઠી વાળી બેસવું.2.To settle on another's land without title:પરાયી જમીન બથાવી-પડવી.*vt*.To bruise:પડવાથીચગદાવું. *a*.1.Cowering:લપાઇ-બેઠેલું.2.Short and thick: ઠુંકું ને જાડું. *n*. The posture of one that sits on his heels or hams,or close to the ground:પલાંઠી.

Squeak,(સ્કવીક્)*vi*. To utter a sharp,shrill cry: ચૂંચૂં ચીંચીં કo. *n*. A sharp; shrill cry: ચુંચું ચીસ;ચીંચીં;તીણો અવાજ.

Squeal,(સ્કવીલ્)*vi* To cry with a sharp,shrill prolonged sound:લાંબો તીણો અવાજ કo.2.To betray a secret:ચાડી ખાવી.-ની છાની વાત ઉઘાડી કo.*n*.A sharp shrill:લાંબોતીણો અવાજ.

Squeamish,(સ્કવીમ્'ઇ)*a*.Having a stomach that is easily turned or nauseated:સ્હેજમાં ઉલટી-ઉછાળો આવે એવા પેટવાળું.

Squeeze,(સ્કવીઝ્)*vt*.1.To press between two bodies,to compress:બે પદાર્થોની વચ્ચે દાબવું; દબાવવું.2.To harass:ઉપર જુલમ ગુજારવો.3.To force, or cause to pass, by compression: નીચોવી-દબાવીને કાઢવું;પીલવું.*vi*.To press:દાબવું.

Squib,(સ્કિવબ્)*n*.1.A little pipe or hollow cylinder of paper, filled with powder or combustible matter:ફટાકો;ટેટો;ફટાકીયો;પલીતો 2.A writer of lampoons:નિંદા લેખ કરનાર.*vi*. To contend in petty disputes:નિંદાનું જુજ લખાણ લખીને તકરાર કo.

Squint,(સ્કિવન્ટ)*a*.1.Looking obliquely:ત્રાંસું; આડું;વક્ર.2.Looking askance:બાડું; માંઙુ; *vi*. To deviate from a true line:આડા ફાટવું-ચાલવું. *vt*. To turn to an oblique position: ત્રાંસું જોવું; બાડું; માંઙુ કo. *n*. The act or habit of squinting:ત્રાંસું-આડું જોવાની ટેવ.

Squint-eyed,(સ્કિવન્ટ્'આઇડ) *a*.Having eyes that squint;crosseyed:બાડું;માંઙુ;વક્ર દ્રષ્ટિવાળું

Squire,(સ્કવાઇર્)*n*.A square; a measure; a rule:કાટખૂણો.*n*.1.A shield-or armour bearer who attended a knight: "નાઇટ"ના ઉમેદવાર વાળા માણસની સાથે રહેનારો ઢાલ અથવા બખ્તરવાળો માણસ;સ્કવાયર.2.A title of dignity next in degree below knight:સાહેબ;મહેરબાન.

Squirrel,(સ્કિવ'રેલ્) *n*. Any one of numerous species of small rodents belonging to the genus *scirus*:ખીસકોલી.

Squirt,(સ્કવર્ટ્)*vt*.To drive or eject in a stream out of a narrow pipe or orifice: ની પીચકારી છોડવી-મારવી.*vi*. To be thrown out or ejected in a rapid stream from a narrow orifice:દડુડી નીકળવી-થવી. *n*. An instrument from which a liquid is ejected in a small stream with force:પીચકારી.

Stab,(સ્ટેબ્) *vt*.1. To pierce with a pointed weapon:ઘોચવું; ભોકવું; ભોકીને ઘાયલ કo.2. To wound, or pain,as if with a pointed instrument:અણીવાળા હથિયારથી ઘાયલ કo.*To* **s.** *at*,to thrust of a pointed weapon at:ને ભોકવું-મારવું.*n*.A thrust of a pointed weapon: અણીદાર હથિયાર ઘોચવું-મારવું તે.

Sta-bili-ment,.(સ્ટેબિલ્'ઇમેન્ટ)*n*. [L. *stabilis* stable.]Firm support:પક્કો આધાર-આશરો.

Sta-bili-ty,(સ્ટેબિલ્'ઇટિ)*n* 1.Steadiness;stableness;firmness:દ્રઢતા;સ્થૈર્ય; મજબૂતી; સ્થિરતા. 2. firmness of resolution or purpose: નિશ્ચય; આગ્રહ;દ્રઢ ઠરાવ.

Stable,(સ્ટે'બલ્)*n* [L *sto*,I stand.]A building or apartment with stalls for horses: તબેલો;પાયગા;ઘોડસાળ.*vt*. To put or keep in a stable:તબેલામાંમૂકવું-રાખવું.

Stable-boy,(સ્ટે'બલ્-બૉય)*n*.A groom;a hostler:રાવત;ઘોડાનો ચરવાદાર;અશ્વપાલ.

Stack,(સ્ટેક્)*n*.1.A large pile of hay,grain or straw:ગંજી;ઢગલો;ગંજ. 2. A pile of poles or wood,indefinite in quantity:લાકડાનો મોટો જથ્થો.*vt*. To lay in a conical or other pile: ખડકવું;ગંજ-ઢગલો કo;-ની ગંજી સાંચવી-ખડકવી.

Stack-yard,(સ્ટેક'યાર્ડ)*n*.A yard or inclosure for stacks of hay or grain:ગંજીખડકવાનો વાડો.

Staddle,(સ્ટેડ્'લ્)*n*. 1. A staff: લાકડી; સોટો. 2. The frame of a stack of hay or grain:ઠુંડાં; ઘાસ અગરઅનાજ કાપી લીધા પછી રહેલાં ઠુંઠાં. 3. A row of a dried or drying hay:સૂકા-સૂકાતા ઘાસની હાર.*vt*.1. To leave the staddles of: ના ઠુંઠાં-ઠુંઠાં સુકવાં.2.To form into staddles, as hay: -ની પુળીઓ કo;-ની ગંજી ગોઠવવી-ખડકવી.

Stadi-um,(સ્ટે'ડિઅમ્)*n*.*pl*.**Stadia**.1.A greek measure of length: એક ફરલાંગ. 2. A race course:સરતનો રસ્તો;સરત.

Staff,(સ્ટાફ્)*n*.1.A long piece of wood;a stick: લાકડી;ડંગોરો.2.A pole; stick, or ward borne as an ensign of authority:છડી;રાજદંડ. 3.A

pole upon which a flag is supported and displayed:જે લાકડીનો વાવટો બનાવવામાં આવે છે તે;વાંસી.4.An establishment of officer in various departments:જુદાજુદા ખાતાના નોકરો. 5.A body of assistants serving to carry into effect the plans of a superintendent or manager:કામદાર મંડળ-વર્ગ-ગણ. *The* s. *of life*, bread:રોટલી;રોટલો;અન્ન.

Stag,(સ્ટૅગ્)*n*. The male of deer:સાબર; હરણ; મૃગ.S.*party*, a party consisting of men only: ફક્તપુરૂષોની ટોળી.*vt*.To Watch; to dog; or keep track of:તપાસ-ચોકસી રાખવી.

Stage,(સ્ટેજ્)*n*.[L.*sto*,1 stand.]1.An elevated platform:ઉંચી બેઠક-સ્થાન.2.A platform often floating and serving as a kind of wharf: બંદરનો તરતો ડક્કો.3.The theatre;the playhouse:રંગભૂમી;નાટ્યશાળા.4.The scene of any noted action or career:રંગભૂમી;સ્થળ.*By full* s.*s*:બારમજલ;દડ મજલ.S. *after* s.:મજલ દર મજલ. 5.A degree of advancement in a journey: ટપ્પો;મજલ.6. A degree of advancement in any pursuit:અમુક સ્થિતિ;દશા; અવસ્થા. 7. A stage coach;an omnibus:ડાગગાડી.8.One of several marked phases of periods: ક્રમ;પાયરી;ભૂમિકા.S.*door*,the actors' and workmen's entrance to a theatre:રંગભૂમીમાં નાટક ભજવનારાઓ અનેકામ કરનારાઓને જવાનો દરવાજો.

Stage coach,(સ્ટેજ્કોચ્) *n*. A coach that runs regularly from one stage,station or place to another:ડાગની ગાડી.

Stage-play, (સ્ટેજ્પ્લે) *n*. A dramatic or theatrical entertainment:નાટક;ખેલ.

Stageplay-er, (સ્ટેજ્પ્લેયર)*n*. An actor on the stage:નટ;નાટકમાં વેષધારી;પાત્ર.

Stager,(સ્ટેજ્અર)*n*.1. A person of experience:જ્ઞાનવૃદ્ધ;અનુભવી.2.A horse in drawing a stage:ડાગગાડી ખેંચનાર ઘોડો.

Stagger,(સ્ટૅગ્અર)*vi*.1.Not to stand or walk with steadiness:લથડવું; લથડીઆં ખાવાં. 2. To fail:નિષ્ફળ જવું. 3. To begin to doubt and waver in purpose;to hesitate:ડગમગવું;ડચુપચુ હોવું.*vt*.1.To cause to reel or totter:ભમાવવું. લથડાવવું.2. To cause to doubt and waver: આશંકિત મન ક૦.*n*.A reeling motion;a vertigo:લથડીઉં;સ્ખલન.

Stagnant,(સ્ટૅગ્નન્ટ)*a*.*stagnum*, a piece of standing water.] Impure or foul from want of motion:બાંધ્યું;બંધ; સ્થિર;ગતિ-પ્રવાહહીન.

Stagnate,(સ્ટૅગ્નેટ)*vi*.[L.*stagnum*, a piece of standing water.]1.To cease to flow; to be motionless:સ્થિર રહેવું;વહેતું બંધ પડવું.(*a*)To become impure or foul by want of motion: ગતિવિનાનું હોવાથી મલીન-મેલું હોવું-થવું.2.To become dull or inactive:ધીમું-મંદ પડવું-થવું;સ્થિર;મેલું;મલીન.

Stag-nation,(સ્ટૅગ્નેશન્) *n*. 1. Cessation of flowing or circulation:વહેતું બંધ પડવું તે;નિશ્ચલતા.2.The cessation of action,or of brisk action;the state of being dull:મંદપણું;મંદતા;શિથિલતા.

Staid,(સ્ટેડ્)*Imp.&p.p*.of **Stay**:થોભ્યું; રહ્યું; થોભેલું;રહેલું.*a*.Grave;sober;steady:ગંભીરતાવાળું;ગંભીર;શાણું;સ્થિર,ધીર.

Stain,(સ્ટેન્)*vt*.1.To make foul to spot:ડાઘડપકો પાડવો.2.To dye:રંગવું.3.To spot with guilt or infamy:ને કલંક-એબ-દૂષણ-લાંછન-ડાઘ-નામોશી-બટ્ટો લગાડવો.*vi*.To give or receive a stain;to grow dim:ડાઘ લાગવો; ઝાંખું થવું. *n*. 1.A spot:ડાઘ;ચાંદું;ચિન્હ;ડપકો. 2. A natural spot of a color different from,the ground: જમીનથી જુદા રંગનો કુદરતી ડાઘ.3.Cause of reproach;shame:કલંક-બટ્ટાનું કારણ;શરમ.

Stainless,(સ્ટેન્લેસ્)*a* Free from stain:નિર્દોષ;શુદ્ધ;ડાઘ વગરનું;નિષ્કલંક;નિર્મળ.

Stair,(સ્ટેર્)*n*.1.One step of a series for ascending or descending to a different level પગથિયું.2.A series of step;દાદર;નિસરણી. *Flight of* s.*s*,the stairs which make the whole ascent of a story:જીનો;સીડી;દાદર;નિસરણી.

Stair case,(સ્ટેર્કેસ્) *n*. A flight of stairs with their supporting frame work,casing balusters,etc:દાદર;નીસરણી;સીડી;જીનો.

Stake,(સ્ટેક્)*n*.1.A pointed piece of wood: અણીવાળી લાકડી ખુંટી.2.A stick inserted upright in a loop,eye,or mortise:ગાડાનું આડું. 3 (*a*) The piece of wood to which a martyr was fixed to be burned:સ્વમતાર્થે પ્રાણત્યાગ કરનારને બાળી મૂકવા જે લાકડા સાથે બાંધેછે તે લાકડું.(*b*)Martyrdom by fire:ધર્મને માટે અગ્નિમાં પ્રાણ ભોગ 4.That which is laid down as a wager;a pledge:સરત-હોડમાં મૂકેલી વસ્તુ-પદાર્થ. *At* s.,in danger;hazarded:ભય-જોખમમાં. *vt*. 1.To fasten,support,or defend with stakes: લાકડી-લાકડાની ખુંટીઓને આધારે ઉભું ક૦;ખીંટીએ ટાંગવુ .2.To wager:હોડ-સરતમાં મૂકવું.

Stale,(સ્ટેલ્)[L *stilus*,stake.]*a*. 1. Vapid or tasteless from age:બેસ્વાદ;વાસી;ટાઢું;શિળું.2. 3.Worn out;decayed:બગડીગયેલું.S.*demand*: લાંબા વખત સુધી નહિ કરેલી માગણી.*vt*.To make vapid or tasteless:વાસી-ટાઢું ક૦. *n*. 1.That which is stale or worn out by long keeping,or by use:ઘણા વખત સુધીપડી રહેલો પદાર્થ-વસ્તુ.2.Urine,*esp*.that of beast:પશુઓનું મૂતર.

Stalk,(સ્ટૉક્) *n.* 1. The stem or main axis of a plant:સાંઠો;થડ:શાકું. *vi.* To walk slowly and cautiously:ધીમેધીમે સાવચેતીથીજવું;ચોરની પેઠે જવું.

Stalking-horse,(સ્ટૉકિંગ્-હૉર્સ)*n.*1.A horse behind which a hunter conceals himself from the game he is aiming at:પક્ષીનોશિકાર કરવાને માટે પારધી જે ઘોડાની પાછળ સંતાઈ રહે છે તે ઘોડા અગર ઘોડાની આકૃતિ.

Stall.(સ્ટૉલ્)*n.*1. A stand;a station; a fixed spot: ઉભા રહેવાની જગા;ઠેકાણું. 2. A stable; a place for cattle:તબેલો;ઢોર બાંધવાની જગા.3.A small apartment or shed for sale: માલ વેચવાનીનાનીદુકાન-હાટ.3.In the theatre,a seat with arms:નાટકમાં એક પ્રકારની બેઠક.*vt.*To put in a stall or stable:તબેલામાં બાંધવું-મુકવું.*vi.*To live in;or as in,a stall;to dwell:રહેવું;વસવું.

Stallion,(સ્ટૅલ્યન્)*n.*A male horse not castrated;a male horse kept for breeding:તુખમ વધારવાને રાખેલો ઘોડો; વાલીઘોડો.

Stalwart,(સ્ટૅલ્‌વર્ટ્)*a.*Brave;bold:બહાદુર જુ- [સ્સાદાર.

Stamen,(સ્ટૅમેન્)*n.*[L.*stamen*,the warp.]1. A thread:દોરો;તાંતણો. 2.The male organ of flowers:ફુલમાં નરતંતુ;કેસર;ઉપકેસર:ફુલના તંતુ.

Stami-na,(સ્ટૅમિનઅ)*n. pl.* The fixed or firm part of a body;power of endurance:બળહેતુ: તેજ;દમ;જીવ;કસ;પાણી.

Stammer,(સ્ટૅમ્‌અર)*vi.*To stutter:તોતડું બોલવું;જીભઅટકવી. *vt.* To utter imperfectly:તોતડું બોલવું;જીભ અટકતું બોલવું. *n.* Defective utterance:તોતડું બોલવું તે.

Stamp,(સ્ટૅમ્પ્)*vt.*1.To strike, forcibly. with the foot:ઠોકવું;પછાડવું;પગ ઠોકવો.2.To crush:ચગદી-કચરી નાંખવું.3.To Impress with some mark or figure:છાપ મારવી; છાપવું.4.To impress; to imprint:છાપવું; મહોર મારવી. 5. To mint; to coin:સિક્કો પાડવો. 6. To stamp on, as for postage:પોસ્ટ ટીકીટ ચોડવી.*To s.out*,to extinguish:બેસારી દેવું;સમાવી દેવું.*vi.*1.To strike;to beat;to crush:.મારવું;ઠોકવું;ચગદી નાંખવું. 2. To strike the foot forcibly downward:પગ જોરથી પછાડવો-ઠોકવો.*n.*1.The act of stamping, as with the foot:પાદાઘાત-પ્રહાર. 2.An instrument for making impressions on other bodies;as a die:છાપ;મ્હોર;શિક્કો. 3. A mark imprinted;an impression:પડેલી-પાડેલી છાપ; મુદ્રા.4. An official mark:સરકારી છાપ; મહોર; સિક્કો. 5. A stamped or printed device, issued by the government: સ્ટેમ્પનો-છાપનો કાગળ; સરકારીટીકીટ. 6. *pl.* Money, *esp* , paper money:પૈસા;નોટ.**S**.*Act.*:સ્ટેમ્પનો કાયદો;સરકારી કાગળનો કાયદો.

Stanch,(સ્ટૉન્ચ્)*vi.*[L.*stagno*, I become stagnant.]*a.*1.Strong&tight; sound; firm: મજબૂત;નક્કર;કઠણ;સંગીન.2.Constant and zealous;loyal;hearty:ખરૂં;આગ્રહી;ડગેનહિ તેવું;સ્થીર;ધીર.3.Close;secret;private:છાનું;છુપું;ગુપ્ત.

Stand,(સ્ટૅન્ડ્) *vi.* [L.*sto*,I stand.] 1. To be supported on the feet,in an erect or nearly erect position: ઉભું રહેવું-હોવું;આવેલું હોવું. 2.To be situated or located:હોવું;-આવીરહેવું. 3.To cease from progress; to stop: આગળ નહિ વધવું; અટકવું. 3. To be permanent; to endure;to last:નભ્યુ રહેવું-હોવું;ટકવું.5.To maintain one's ground;to be safe:ઉભીઆબરૂએ રહેવું;નિર્દોષ ઠરવું.6.To be fixed:દ્રઢ-સ્થિર-કાયમ રહેવું-હોવું.7.To offer one's self,or to be offered, as a candidate:પોતે ઉમેદવાર થવું-હોવું;-ના-ઉમેદવાર તરીકે ઉભા રહેવું 8. To stagnate:સ્તબ્ધ થઈ રહેવું.*To s.against*,to resist; to oppose: ના સામા થવું.*To s. by*, (*a*) to be near; to be present:પાસે જોડે-હાજર હોવું.(*b*) To defend; બચાવ-રક્ષણ કo;મદદઆપવી.(*c*)To be supported by:નો ટેકો મળવો.*To* **s**.*for*,to side with:નીબાજુ-પક્ષમાં હોવું-રહેવું.*To* **s**.*off and on*,to remain near a coast:કિનારા પાસે રહેવું.*To* **S**.*out*,(*a*) to project;to be prominent:બહાર નીકળવું-પડવું.(*b*)To persist in opposition or resistance;not to yield or comply:ટક્કર લેવી-ઝીલવી;નમતું-ઢીલું ન મુકવું. *To* **s**. *to*, To remain fixed in a purpose or opinion:ને વળગી રહેવું. (*a*)To abide by;to adhere to:કબૂલ રાખવું;-ને વળગી રહેવું.*To* **s**.*up for*,to defend;to justify: પક્ષ ખેંચવો કo.*vt.*1.To resit without yielding or receding; to withstand:આગળ ટકવું-નભવું; સામા થવું;સહેવું.2.To be at the expense of;to pay for:-ને માટે આપવું;ભરવું;-નું ખર્ચ વેઠવું-ઉપાડવું. *To* **s**.*fire*,to receive the fire of arms from an enemy without giving way:ડગ્યા વગર શત્રુનો દારૂ ગોળીનો માર ખમવો-સહન કo.*n.*1.The act of standing:ઉભા રહેવું તે.2.A step or halt for the purpose of defence,resistance or opposition:બચાવ કરવાને અથવા સામા થવાને માટે અટકવું-થોભવું તે.*To come to,or make,as*.:સ્તબ્ધ-શાંત થવું;ઉભા રહેવું.3.A station in a city or town where carriages or wagons stand for hire:જે ઠેકાણે ભાડુતી ગાડીઓ કે ગાડાં મળે તે જગા. *To be at a* **s**..,to be stationary or motionless:સ્થિર-ગતિ વિનાના હોવું-રહેવું.

Standard,.(સ્ટૅન્ડ્‌અર્ડ્)*n.*[L *ex*&*tendo*,I spread out.]1.A flag;a banner:વાવટો;નિશાન; 2.The original specimen weight or measure sanctioned by government:સરકારે નક્કી કરેલું તોલ અથવા માપનું પ્રમાણ-ધોરણ;ખરો.3.

Criterion;test:વિધિ;નિયમ. 4. The proportion of weights of fine metal and alloy established by authority: ચલણના સિક્કામાં સરકારે નક્કી કરેલી ચોખ્ખી ધાતુ.*a*.Being,affording, or according with, a standard for comparision and judgment: પ્રમાણ ભૂત; વજનદાર;આધાર ભૂત.

Standard·bear·er,(સ્ટૅન્ડ'ઑર્ડ-બૅરર)*n*.1. An officer of an army,company,or troop,who bears a standard:નિશાન-ઝુંડો-વાવટો ઉચકનાર; નિશાનદાર.

Standing,(સ્ટૅન્ડ'ઈન્ગ)*a*.1.Remaining erect: ઉભું રહેલું;ઉભું.2.Not flowing;stagnant:સ્થિર; બાંધ્યું.3.Settled; established by law; permanent:મુકરર કરેલા;સ્થાયી;સ્થાપિત.4.Not movable:ખસેડાય નહિ એવું;કાયમ.*n*.1.The act of stopping or coming to a stand: ઉભું રહેવું-હોવું તે;સ્થાન;સ્થિતિ; અવસ્થાન.2. Duration: અવધિ;મુદત;કાળ.*Of a long* s.:.ચિરસ્થાયી;દીર્ઘકાલીન;પુરાણુ.

Standish,(સ્ટૅન'ડિશ)*n*.A stand, or case, for pen and ink:દવાત;કલમદાન.

Standpoint, (સ્ટૅન્ડ'પૉઈન્ટ)*n*.A fixed point or station;a basis or fundamental principle;મુકરર કરેલું બિંદુ અથવા જગ્યા;વિચાર;નજર; સમજ;દૃષ્ટિ.

Standstill,(સ્ટૅન્ડ'સ્ટિલ)*n*. A stop; a state of rest:ગતિસ્થંભ;ગતિરોધ.

Stanza, (સ્ટૅન'ઝ઼)*n*.[L.*sto*,1 stand.] A part of a peom:ખેત;શ્લોક;કડવું.

Staple,(સ્ટૅ'પૂલ)*n*.1.A settled mart; an emporium:વેપારનું મથક;બજાર;પેંઠ.2.The principal commodity of traffic in a market: વેપારનો મુખ્ય માલ-જણસ.3.Raw material:કાચો માલ.*a*.1. Pertaining to commodities: માલવેપારની જણસ સંબંધી.2.Established in commerce;settled:ઘોરી;મુખ્ય. 3.Marketable;વેચવા લાયક.

Star,(સ્ટાર)*n*.[L *stella,a star.*]1.One of the innumerable luminous bodies seen in the heavens:તારો. 2. The polestar; the north star:ઉત્તર ધ્રુવ.3.A radiated mark in writing or printing; an asterisk [*thus*,*]:ફુદડી;ચોકુલી;તારા જેવી આલીકનિશાની.4.A person of brilliant and attractive qualities: ગુણવાળો-દીપે એવો પુરુષ;હીરો;હીરો;ભૂષણ.

Starboard,(સ્ટાર'બોર્ડ)*n*.That side of a vessel which is on the right hand of a person who stands on board facing the bow: નાસન્મુખ ઉભા રહેનાર માણસની જમણી તરફની બાજુ; નૌદક્ષિણ પાર્શ્વ.

Starch,(સ્ટાર્ચ)*n*. Widly diffused vegetable substance:કાંજી:આર;ખેળ;કલેપ.

Starched,(સ્ટાર્ચ્ડ)*a*.1.Stiffened with starch: આરદીધેલું-ચડાવેલું.2.Precise;formal:અતડું;અક્કડ.

Starchy,(સ્ટાર્ચ'ઇ)*a*.Stiff; precise:અક્કડ;ચિપાસિયું;ચોક્કસ.

Stare,(સ્ટૅર) *vi*. To fasten an earnest and prolonged gaze on some object;to gaze: તાકીને-ટકટકીને જોવું-જોઇ રહેવું. *vt*. To look earnestly at:સામું ટગરટગરજોવું-જોઈ રહેવું.*n*.A fixed look with eyes wide open:સ્થિરદૃષ્ટિ;અનન્યદૃષ્ટિ.

Stargaz·er,(સ્ટાર'ગેઝર)*n*.One who gazes at the stars;an astronomer:ખગોળવેત્તા.

Stark,(સ્ટાર્ક)*a*.1.Stiff;rigid: અક્કડ; મજબૂત. 2. Severe:સખત;ઘાતકી.3. Mere: ફક્ત; કેવળ. *adv*. Wholly;entirely:બધું;આખું.S.*naked*,wholly naked or bare:પૂર્ણનાગુ-નગ્ન-ખુલ્લું-ઉઘાડું;સાફનાગુ.

Starry,(સ્ટાર'ઇ)*a*.1.Abounding with stars: તારાવાળું-થી ભરપૂર.S.*firmament*: નક્ષત્ર મંડલ. 2.Shining like stars;sparkling:તારાજેવુંચળકતું;પ્રકાશિત.

Start,(સ્ટાર્ટ)*vi*.1.To set out;to begin:નીકળવું; ઉપડવું.*To* s.*after*,to follow;to pursue:નીપાછળ લાગવું;-નો કેડો લેવો.*To* s.*against*:-નાસામાપડવું. *To* s.*for*:-નેવાસ્તેઉમેદવારથવું-હોવું. *To* s.up (*a*) to rise suddenly:ચમકી-ઝબકીઉઠવું.(*b*)To come suddenly into notice or importance:એકદમ પ્રખ્યાતિ-અજવાળામાંઆવવું.*vt*. 1. To alarm; to rouse:ભડકાવવું. 2. To originate; to invent: ઉત્પન્ન કર;કલ્પવું.3.To cause to move or act:ચલાવવું; ગતિમાં મૂકવું. *To get or have the* s., to begin before another:બીજા પહેલાં શરૂ-આરંભ કરવો.*n*.The handle or tail, of a plough:હળનો હાથો.

Startle,(સ્ટાર્ટલ) *vi*. To move suddenly, or be existed,on felling alarm;to start:ચમકવું ભડકવું;ઝબકવું.*vt*.To alarm; to surprise:ભડકાવવું;ચમકાવવું.*n*. A sudden motion or shock caused by an unexpected alarm:ચમક;ઝબક ધક્કો.

Start-up, (સ્ટાર્ટઅપ) One who suddenly comes into notice;an upstart: આજકાલનુંશ્રીમંત થયેલું માણસ; નવો શ્રીમંત.

Starv·ation,(સ્ટાર્વે'શન)*n*.The act of starving or the state of being starved:ભૂખમરો; અપવાસ;અનહાર; આહારાભાવ.

Starve,(સ્ટાર્વ)*vi*.1.To die;to perish: મરીજવું; મરવું;પ્રાણ છોડવા.2.To perish with hunger: ભૂખ-ક્ષુધાથી રીબાઇને મરવું-રીબાવું. 3. To kill with hunger:ભૂખે મારી નાંખવું.

State,(સ્ટેટ)*n* [L.*sto*,1 stand.]The circumstance or condition of a being or thing at any given time:સ્થિતિ;હાલ;હવાલ.2.Rank;con-

dition:પદવી;સ્થિતિ.3.Condition of prosperity or grandeur;social importance:આબાદ સ્થિતિ; આબાદાની;માન આબરૂ.4. Estate; possession: મિલ્કત;જાગીર.5.The bodies that constitute the legislature of a country: કાયદા કરનાર મંડળ;ધારા સભા.6.A form of government which is not monarchical:પ્રજા સત્તાક રાજ્ય; પ્રજાગણ રાજ્ય. 7.A political body, or body politic;a nation:રાજ્ય;સંસ્થાન;પ્રજા.S.*prison*, a public prison:સાર્વજનિક કેદખાનું.S.*affaris*: રાજકાર્ય.*vt*.1.To set;to settle:to establish:નક્કી મુકરર કo-સ્થાપવું.2. To express the particulars of nature; to recite:વર્ણન-બ્યાન કo-કહેવું;વિગતવાર કહેવું;નિવેદન કo; મજકૂર-હકીકત-વર્તમાન કo.

Statecraft, (સ્ટેટ્‌ક્રેફ્ટ) *n*. State management;statesmanship:રાજકૌશલ્ય-ખટપટ-પ્રપંચ.

Stated,(સ્ટેટ્‌એડ્‌)*a*.1.Established;fixed:સ્થાપિત;મુકરર કરેલું;અમુક; નિમેલું;ઠરાવેલું.2.Recurring at regular times:અમુક વખતે થતું-બનતું.

Stately,(સ્ટેટ્‌લિ)*a*.Loftly;majestic; grand: પ્રૌઢ;ઠાઠ-દામ વાળું;મોટું;ઉંચું;ભવ્ય;ડોળદાર.

Statement,(સ્ટેટ્‌મેન્ટ્‌) *n*. The act of stating or presenting orally or on paper:વર્ણવવું તે; કથન;નિવેદન.

Statesman, (સ્ટેટ્‌સ્‌મૅન)*n.pl.* **Statesmen,** A man versed in public affairs and in the principles and art of government: રાજનીતિજ્ઞ;રાજકાર્યધુરંધર.રાજ્યકારભારી;રાજમંત્રી.

Statesman-like,(સ્ટેટ્‌સ્‌મૅન્લાઈક્‌)*a*.Having wisdom of statesmen;becoming a statesman:ડહાપણ ભરેલું;રાજકારભારીને યોગ્ય.

Statesman-ship.(સ્ટેટ્‌સ્‌મૅન્શિપ્‌)*n*.The qualifications, duties, or employments of a statesman:રાજકૌશલ્ય;રાજદરબારી-કારભાર.

Statics,(સ્ટેટ્‌ઈક્સ)*n*.[Gr.*hestemi*,to make to stand.]That branch of mechanics which treats of the equilibrium of forces or relates to bodies as held at rest by the forces acting on them:પદાર્થસ્થિતિવિદ્યા;ગુરૂત્વવિદ્યા.

Station,(સ્ટેશન)*n*.[L.*sto*,I stand.](*a*)A regular stopping place in a stage road or route; a place where railroad trains regularly come to a stand:મુકામ;સ્થાન;સ્ટેશન. (*b*)The head-quarters of the police force of any precinct:થાણું;ચોકી;ગેટ;ચબુતરો. (*c*) A place calculated for the rendezvous of troops:લશ્કરોને મળવાનું સંકેત સ્થાન.2.Post assigned; office;employment:નીમેલું કામ;હોદો જગા;અમલ.3.Situation;position:સ્થિતિ;સ્થાન. 4.State rank:દરજ્જો; પદવી. *vt*. To place; to set:બેસાડવું;મુકવું;રાખવું;નીમવું.

Station-a-ry,(સ્ટેશનરિ)*a*.1.Not moving;stable;fixed:સ્થિર;કાયમ;અચળ;હાલેનહિતેવું.2. Not improving or getting worse;not growing wiser,greater or better:હોયતેવુંનેતેવું.2. Appearing to be at rest;as a planet:સ્થિરહોય તેમ દેખાતું; ગતિ રહિત.

Station-er,(સ્ટેશનર્‌)*a*. One who sells paper,pens,quills,inkstands,pencils:etc:કાગદી;લેખન સામગ્રી વેચનાર.

Station-er-y,(સ્ટેશનેરિ)*n*.The articles usually sold by stationers,as paper,pens,ink, &c:કાગળ, કલમ, સહી,વિo લખવાનો સામન.*a*.Belonging to, or sold by a stationer:કાગળ,કલમ,સહિવિoવેચનારસંબંધી.

Statistics, (સ્ટેટિસ્ટ્ઇક્સ) *n*. The science which has to do with the collection classification of certain facts, respecting the condition of the people in a state:દેશસ્થિતિ વિદ્યા.

Statu-a-ry,(સ્ટેટ્‌યૂઍરિ)*n*.[L.*statua*,statue.] 1. One who practises the art of making statues:પૂતળું કોતરનાર; મૂર્તિકાર 2.The art of carving statues or images,etc;a branch of sculpture:પૂતળું કોતરવાનીકળા;મૂર્તિવિધાન-કરણ.

Statue,(સ્ટેટ્‌યૂ)*n*.[L.*sto*,I stand.]An image: પૂતળું;પ્રતિમા;બાવલું;મૂર્તિ.

Stature,(સ્ટેટ્‌યૂર)*n*.[L.*statura*, an upright posture.]The natural height of an animal body:માણસના શરીરની ઉંચાઈ-કાઠું-કદ.

Status,(સ્ટેટસ) *n*. [L.] State; condition; position of affairs:હાલત;સ્થિતિ;અવસ્થા; દશા; પદવી; દરજ્જો;મરતબો.

Statute,(સ્ટેટ્‌યૂટ)*n*.[L.*sto*, I stand.] A positive law:લખીત કાયદો-ધારો-કાનુન.

Statu-to-ry,(સ્ટેટ્‌યૂટોરિ)*a*.Enacted by statute;depending on statue for its authority: કાયદા પ્રમાણે થયેલું;કાયદાનું;નિયમ સ્થાપિત.

Stave,(સ્ટેવ્‌)*n* 1. One of a number of narrow strips of wood or narrow iron plates: સાંકડી પાતળી લાકડાની અથવા લોઢાની ચીપ-પટી-પાટીઉં.2.A metrical portion;a stanza:કડવું;પદ. 3 The staff: જેમાં ગાનના સૂર મંડાય છે તે પાંચ લીટીઓ;ગાયનનો કોઠો.*vt*.1.To break a hole in; to burst:-માં કાણું-શાર પાડવો. 2.To push, as with a staff (with *off*): દૂર-વેગળું કo; આગળ ખસેડવું-ધકેલવું.

Stay,(સ્ટે)*vt*.1.To prop;to support:થંભાવવું;ટેકવીરાખવું.2.To withhold:અટકાવવું;પકડી રાખવું. 3.To hinder:અટકાવવું; ઢીલકo. 4. To remain for the purpose of;to wait for:-ને માટે વાટ-રાહ જોવી;થોભવું 5. To cause to cease;to put an end to:અટકે-બંધ પડે તેમ કo;*vi*.1. To re-

main;to stop:અટકવું;રહેવું;થોભવું.2.To continue in a state:કોઈ અમુક સ્થિતિમાં રહેવું-રહ્યાકo. 3.To dwell: મુકામ-વાસ કo. *n.* That which serves as a prop;a support:ટેકો;આધાર;આશ્રય.

Stead,(સ્ટેડ્)*n.*1. Place or spot,in general: જગ્યા;ઠેકાણું.2.Place or room which another had,has,or might have:બીજાની જગ્યા-ઠેકાણું. 3.A frame on which a bed is laid;a bedstead:ખાટલો;પલંગ;ઢોલીઓ.*In s.of*, in place of:-ને ઠેકાણે-બદલે.*To stand* in s.,or *To do* s., to be of use or great advantage: ઉપયોગી-ફાયદાકારક થવું.

Steadfast, (સ્ટેડ્ફાસ્ટ્) *a.* Fimrly fixed or established;firm:સ્થિર;અચળ;દૃઢ;સજ્જડ;અડગ; ડગે નહિ તેવું.

Steadfast-ly,(સ્ટેડ્ફાસ્ટ્લિ)*adv.* In a steadfast manner;firmly:દૃઢતાથી;આગ્રહથી.

Steadi-ly,(સ્ટેડ્ઇલિ)*adv.*In a steady manner: દૃઢતાથી; એક નિશ્ચયથી.

Steady,(સ્ટેડ્ઇ)*a.*1.Fixed;firm:સ્થિર;અચળ;દૃઢ. 2.Constant in feeling,purpose or pursuit; resolute:દૃઢ;ડગે-ચળે નહિ એવું.*vt.* To support; to make constant and regular:ઠેરવી રાખવું; દૃઢ રાખવું;સ્થિર રાખવું.*vi.* To become steady: દૃઢ-સ્થિર-અચળ થવું-હોવું.

Steal,(સ્ટીલ)*vt.* 1. To take and carry away feloniously:ચોરવું;ચોરીકo.2.To gain by insinuating arts or covert means:ચોરવું;હરવું; હરીલેવું.*To s.march:*ને થાપ મારવી.*vi.*To practise,or be guilty of theft:ચોરીકo-નાગુન્હેગાર ઠરવું.

Stealing,Stealth,(સ્ટીલ્ઇન્ગ,સ્ટેલ્થ)*n.*1.The act of stealing;theft:ચોરીકરવી તે;ચોરી.2.The thing stolen:ચોરીનો માલ.3. Secret procedure:ચોરી;છળ;ગૂઢકર્મ.

Stealthy,(સ્ટેલ્થ્ઇ)*a.*Done by stealth;secret furtive:ચોરીથી કરેલું;ચોરીનું;છાનું;ગુપ્ત;ગૂઢ.

Steam, (સ્ટીમ્)*n.* 1. Water in the state of vapor:બાફ.2.Visible vapor: વરાળ; બાષ્પ. *S. power*,power derived from a steam engine: વરાળ યંત્રથી ઉત્પન્ન થતી શક્તિ. *vi.* 1. To emit steam:વરાળ બહાર કાઢવી.2. To rise in vapor: વરાળ રૂપે-ઉડીજવું.3.To move or travel by the agency of steam:વરાળની સહાયતાથીચાલવું-મુસાફરી કo.

Steam-boat,(સ્ટીમ્બોટ્)*n.*A boat or vessel propelled by steam power:આગ-અગન બોટ;

Steam-engine,(સ્ટીમ્એન્જીન્)*n.* An engine moved by steam:વરાળ યંત્ર;બાષ્પ યંત્ર.

Steamer,(સ્ટીમ્અર્)*n.*1.A vesel propelled by steam:આગબોટ.2.A steam fire-engine: બંબો યંત્ર.3.A road locomotive for use on common roads:રસ્તાઉપર ફેરવવાનું વરાળયંત્ર.

Steamy, (સ્ટીમ્ઇ)*a.*Full of steam;vaporous; misty:વરાળ-બાફ જેવું-નું-વાળું;સબાષ્પ.

Steed,(સ્ટીડ્)*n.*A horse,especially,a spirited horse of war:પાણીવાળો ઘોડો;લડાઇનો ઘોડો.

True,(ટ્રૂ)*a.*1.Correct;not false:સાચું;સત્ય;ખરૂં. 2. Exact;accurate(*as copy,likeness,etc*):ખરૂં; અસલ પ્રમાણે; બરાબર. 3. Actual; genuine; pure,real:સાચું;ખરૂં;વાસ્તવિક.

True heart ed,(ટ્રૂહાર્ટેડ્)*a.*Of a faithful heart; honest;sincere:પ્રમાણિક;પ્રતિષ્ઠિત;સાફ દિલનું.

Truism,(ટ્રૂઇઝમ્)*n.*An undoubted or self evident truth:ખુલ્લી-દેખીતી ખરી બાબત-વાત.

Trull,(ટ્રલ્)*n.*A strumpet;a harlot:-પાતર;વેશ્યા.

Truly,(ટ્રૂલિ)*adv.*In a true manner,in agreement with fact:ખરેખર રીતે;ખરેખરૂં;સાચે સાચું.

Trump,(ટ્રમ્પ્) *n.* [L.*triumpho*,I triumph.] A wind instrument of music: રણસિંગું. *vi.* To blow a trumpet:રણસિંગું ફુંકવું. *To put to one's* **t.s**, or *To put on one's* **t.s**, to force to the last expedient:છેવટનો છેલ્લો ઉપાય હાથ કરવા ફરજ પાડવી. [wy matter:નિર્માલ્ય સામાન.

Trum-pery,(ટ્રમ્પરિ) *n.*Worthless but sho-

Trumpet,(ટ્રમ્પેટ્) *n.* A wind instrument: તુરાઇ; રણસીંગું. *vt.* To publish by, or as by, sound of trumpet:-નો ઢંઢેરો-દાંડી પીટવી.

Trumpet-tongued,(ટ્રમ્પેટટન્ગ્ડ્)*a.* Having a powerful, far reaching voice:મ્હોટા ઘાંટાવાળું.

Truncal,(ટ્રન્કલ્)*a.*Of or pertaining to the trunk,or body:સુંઢ અથવા શરીર સંબંધી-નું.

Truncate,(ટ્રન્કેટ્)*vt.*[L.*truncus*, maimed.] To cut off;to lop:કાપી-કાતરી નાંખવું. *a.*Appearing as if cut off at the tip:છેડે કાપી નાંખ્યું હોય તેવું. [A short staff;a cudgel:ડંડુકો;ગદા.

Truncheon,(ટ્રન્શૉન્)*n.*[L. *truncus*, trunk.]

Trundle,(ટ્રન્ડલ્) *n.* 1. A little wheel:ન્હાનું પૈડું. 2. A kind of low-wheeled cart;a truck:કડેડું.*vt.*To roll(*a thing*)on little wheels: કાંઇપણ ચીજને ન્હાના પૈડાં ઉપર ગબડાવવી.*vi.* To go or move on small wheels:ન્હાના પૈડાંપર ચાલવું.

Trunk, (ટ્રન્ક્) *n.* [L. *truncus*, maimed] 1. Stock;stalk:થડ.2. The body of an animal, apart from the head and limbs:ધડ.3. The proboscis of an elephant: હાથીની સુંઢ.4. A box or chest:પેટી.

Truss,(ટ્રસ્)*n.*[L.*torques*,twist]1. A bundle; a package:ભારો;ગાંસડો.2.A part of a woman's dress:સ્ત્રીના પોશાકના એક ભાગનું નામ છે. 3.A bandage used in cases of hernia: ગોળાના દરદીને બાંધવાનો પાટો.*vt.* To bind or pack close: મજબૂત કસણ બાંધવું. *To* **t.** *up*,to strain:મજબૂત-સખત-તંગ કo.

Trust,(ટ્રસ્ટ્)*n.*1. Confidence; reliance:પતિજ;

ભરોસો;2. Credit given:ઉધાર આપવું તે. 3. Something received in confidence;charge: સોંપેલું કંઇ; વિશ્વાસિત વસ્તુ 4. That upon which confidence is placed:વિશ્વાસભૂમિ; વિશ્વાસપાત્ર. *T. deed*, a deed conveying property to a trustee, for some specific use:ટ્રસ્ટપત્ર *a*. Held in trust (*as property,money,etc.*) વિશ્વાસ-ભરોસામાં મૂકેલું. *vt*. 1. To place confidence in:-નો ભરોસો રાખવો.2. To give credence to: -નું ખરૂં માનવું. 3. To hope confidently;to believe:આશા રાખવી. 4. To show confidence in a person by trusting (*him*) with something:નો વિશ્વાસ રાખી સોંપવું. 5. To intrust: સોંપવું. 6. To give credit to:-ને ઉધાર આપવું; ધીરવું. *vi*. To have trust:-નો વિશ્વાસ રાખવો. *To t.in, To t. on*,to place confidence in;to rely on:ના ઉપર વિશ્વાસ-ભરોસોરાખવો.

Trus-tee,(ટ્રસ્ટી')*n*.One who is intrusted with property for the benefit of another:બીજાએ સોંપવાથી તેની મિલ્કતનો વહિવટ કરનાર સુપ્રતકાર;ટ્રસ્ટી.

Trustful, (ટ્રસ્ટ્ફુલ્)*a*. Full of trust; trusting:ભરોસો રાખતું-રાખનારૂં.

Trusti-ness,(ટ્રસ્ટિનેસ્)*n*. The quality or state of being trusty:વિશ્વાસપણું.

Trustwor-thy,(ટ્રસ્ટ્વર્થિ)*a*.Worthy of trust or confidence:ભરોસો-વિશ્વાસ રાખવા લાયક-યોગ્ય.

Trusty,(ટ્રસ્ટિ) *n*. Trustworthy; reliable:ભરોસો- વિશ્વાસ રાખવા લાયક;વિશ્વાસુ;વિશ્વાસપાત્ર.

Truth,(ટ્રુથ્)*n*.1.The quality or state of being true:ખરાપણું;સત્યતા.(*a*)Veracity:સાચવટ; સત્ય. 2. Fact;verity:ખરી હકીકત. 3. A true thing:ખરી-સત્ય વાત.*In t.*,in reality:ખરેખર.

Truthful,(ટ્રુથ્ફુલ્)*a*.Veracious;reliable:સાચું.

Try,(ટ્રાઇ)*vt*.[L.*tero*,I rub.]1.To prove by experiment:પ્રયોગથી સાબિત કo.2.To subject to severe trial:ની કસોટી કરવી.3.To examine or investigate judicially:મુકદ્દમો ચલાવવો. 4.To essay;to attempt:પ્રયત્ન-યત્ન કo. *vi*. To exert strength:બળ-જોર વાપરવું;યત્ન કo.

Tub,(ટબ્)*n*.An open wooden vessel formed with staves,bottom,and hoops:પીપ.

Tube,(ટ્યૂબ્)*n*.[L.*tuba*,a trumpet.]1.A pipe: નળ;નળી.2.A vessel in animal bodies or plants, which conveys a fluid or other substance:જેમાંથી શરીરના કે ઝાડના રસો આવજા કરે તે રગ-નસ;વાહિની;શિરા.

Tuber,(ટ્યૂબર્)*n*.A fleshy, rounded stem or root:કંદમુળનો ગાંઠો 2.A tubercle:ગુમડું;ફોલ્લો.

Tuber-cle, (ટ્યૂબર્કલ્)*n*. [L.*tuber*.] A small knoblike prominence:ફોલ્લો;ગુમડું;ફોલ્લી.

Tubero-us,(ટ્યૂબરસ્)*a*.Covered with knobby prominences;knob bed:કંદના જેવું-વાળું.

Tubu-lar,(ટ્યૂબ્યુલર્)*a*.[L.*tubus*,a tube.]Having the form of a tube or pipe:નળીના જેવું.

Tubule,(ટ્યૂબ્યૂલ્)*n*.[L.*tubus*,a tube.]A small pipe:નહાની ભુંગળી-નળી.

Tubu-lous,(ટ્યૂબ્યૂલસ્)*n*. Resembling, or in the form of a tube:નળીના આકારનું;કાંઠીવાળું.

Tuck,(ટક્)*vt*.1.To draw up; to shorten: ટુંકું કo.2.To make a tuck:ને આંતરસીપે બાંધવો. *vi*. To contact:દબાઇ જવું;સંકોચાવું.*n*.A plait: આંતરસીપે;દબાવેલું લુગડું.

Tucker,(ટકર્)*n*. A narrow piece of linen folded across the breast:કાંચળી;ચોળી.

Tuesday,(ટ્યૂઝ્ડે) *n*. The third day of the week following Monday:મંગળવાર; ભોમવાર.

Tuft, (ટફ્ટ્) *n*. A waving or bending and spreading cluster:ગુચ્છો; ઝુમખો;કલગી. *vt*. To separate into tufts:-ની કલગીઓ-ગુચ્છા કo. *vi*. To grow in a tuft:ગોટાબંધ ઉગવું

Tufted,-Tufty,(ટફ્ટેડ્,-ટફ્ટિ)*a*.1.Adorned with a tuft:કલગીદાર. 2. Growing in tufts: ગોટા-ઝુંડ બંધ ઉગતું.

Tug,(ટગ્)*vt*.[L.*duco*,I lead.] To put or draw with great effort:ઘણા બળથી ખેંચી લેઇ જવું.*vi*. To pull with great effort:ઘણા જોર-બળથી ખેંચવું. *n*. A pull with the utmost effort: ઘણા જોર-બળથી મારેલો આંચકો. *Tug of war*:દોરડાની ખેંચ તાણની રમત.

Tu-ition,(ટ્યૂઇ'શન્)*n*. [L.*tuitio*, protection.] The act of teaching:શિખવણી;શિક્ષણ.

Tulip,(ટ્યૂલિપ્)*n*.Any plant of the liliaceous genus *Tulipa*:એક જાતનો સુશોભિત છોડો.

Tumble,(ટમ્બલ્)*vi*.1.To roll over:ગબડવું. 2. To fall suddenly:એકદમ પડવું.*vt*.To turn over; to throw down:ઉથલાવવું;પાડી નાખવું.

Tumbler,(ટમ્બ્લર્)*n*.1. One who tumbles; an acrobat:મલ્લ;મલ્લશિષ્ય;નટ. 2. A drinking glass:કાચનું પવાલું;ટમલર.3.A kind of pigeon: એક જાતનું કબુતર;લોટણ;ગિરેબાજ.

Tumbrel,(ટમ્બ્રલ્)*n*. 1.A ducking stool for the punishment of scolds:ભાજન.2.A rough cart:નાનું ગાડું.3.A cart or carriage with two wheels,which accompanies troops or artillery:લશ્કરનો સામાન વિગેરે ખેંચી-લઇજવાનું ગાડું.

Tu-me-faction,(ટ્યૂમીફૅ'ક્શન્) *n*. The act or process of tumefying or swelling:સોજો.

Tume-fy,(ટ્યૂ'મીફાઇ)*vt.&i*.[L.*tumo*,I swell]To rise in a tumor;to swell:સૂજવું;સોજો આવવો.

Tumid,(ટ્યૂ'મિડ્)*a*.1.Swelled:સૂજેલું;સુજાવાળું. 2.Pompous;puffy:મોટા આડંબરવાળું;ફૂલેલી.

Tum-or,(ટ્યૂમર્)*n*.[L. *tumo*,I swell.]A morbid swelling:સોજા;ગુમડું;ગાંઠ.

Tumu-lous,(ટ્યૂ'મ્યુલસ્)*a*.Full of small hills

or mounds;hilly:ટીબા-ટેકરા-ટગલાવાળું.

Tumult,(ટ્યૂ'મલ્ટ્)*n*.[L.*tumo* I swell]The commotion or agitation of a multitude:ખળભળાટ;ગરબડાટ;બખેડો;હુલ્લડ;ચમાચકડી;તોફાન.

Tu-multu-a-ry,Tu-multu-ous,(ટ્યૂમલ્ટ'ટ્યૂઍરિ,ટ્યૂમલ્ટ'ટ્યૂઅસ્)*a*.1. Disorderly; turbulent:ગરબડાટ ભરેલું; અવ્યવસ્થિત. 2. Turbulent; violent:જબરૂં;ગરબડાટ કરાવે એવું.

Tuna-ble,(ટ્યૂન'ઍબલ્)*a*.Harmonious;musical:સૂર-તાલ મેળવાય એવું.

Tune,(ટ્યૂન્)*n* 1. A sound;a note:અવાજ;ઘાંટો. 2. A melody; an air: રાગ. *vt*. To harmonize ના સૂર મેળવવો. *vi*. To form accordant to musical sounds:-ના પ્રમાણે ગાવું-રાગ કાઢવો

Tuneful,(ટ્યૂન'ફુલ્) *a*. Harmonious; melodious;musical:સુસ્વર;મધુર;રાગ-તાલવાળું.

Tuner,(ટ્યૂન'અર્) *n*. One who tunes.વાજીંત્રના સુર મેળવી તાર ચઢાવનાર.

Tunic,(ટ્યૂ'નિક્)*n*.[L. *tunica*.] Any garment worn by ancient or Oriental peoples: અસલના અગર પૂર્વના લોકોનું પહેરવાનું પહેરણ જેવું કપડું.

Tunnel,(ટન'એલ્)*n*.1. A funnel:ચીમની. 2.An artificial passage or archway for conducting canals or railroads under elevated ground: ખોદી કાઢેલો રસ્તો;સુરંગ; સણુંગ. *vt*. To make an opening or a passage way,through or under:કોરી-ખોદીને રસ્તો કાઢવો-સુરંગ કાઢવી.

Turban, (ટર'બન્) *n*. A headdress worn by men:પાગડી;પાઘડી.

Turbid,(ટર'બિડ્)*a*[L. *turba*,tumult.]Soiled; muddy;not clear:ગંદુ-જેવું;મેલું;ડોહળાએલું.

Turbin-a-ted,(ટરબિનેટેડ્)*a*.Whirling in the manner of a top:ચકર ચકર ફરતું.

Turbu-lence,-cy,(ટર'બ્યૂલેન્સ્,-ન્સિ)*n*.Tumult; disorder;agitation:બંડ;બખેડો;હુલ્લડ;દંગો.

Turbu-lent,(ટર'બ્યૂલેન્ટ્)*a*. [L.*turba*,disorder] 1.Disturbed; tumultuous:તોફાન ઉપર ચઢેલું.2. Restless:તોફાની;રીતુરો.

Turf,(ટર્ફ્)*n*.That upper stratum of earth and vegetable mold which is fitted with the roots of grass and other small plants;sward; sod:જ્યાં જડી-જડિયાં ઉગી નીકળેલાં હોય એવી ભોંય.

Turfy,(ટર્'ફિ)*a*. Abounding or covered with turf:મુળિયાં સુદ્ધાંત માટીના ઢેફાવાળું.

Turgent,(ટર'જેન્ટ્)*a*.[L. *turgeo*,I swell.]Rising into a tumor;swelling:ઉપસેલું;સૂજેલું.

Turgid,(ટર'જિડ્)*a*.[L.*turgeo*,I swell.]1.Swelled;swollen;inflated:સૂજેલું;સુજેલું;ઉપસેલું. 2. Bombastic;pompous:ખોટાઆડમ્બરવાળું;આડંબરયુક્ત

Tur-gidi ty,(ટર્જિડ્'ઇટિ)*n*.The quality or state of being turgid.:ફક્ત શબ્દ ગૌરવ;ખોટો ભપકો.

Turkey,(ટર્'કે)*n*.1.An empire in the southeast of Europe and southwest of Asia:યુરોપની અગ્નિકોણ અને એશિઆની નૈરૃત્યકોણમાં આવેલો પ્રદેશ; તુર્કસ્તાન.2.Any large American gallinaceous bird:એક જાતનું અમેરિકાનું મરઘા-મોર જેવું પક્ષી.

Turkois,(ટર્'કોઈઝ્)*n*.&*a*.Turquoise:ભુરા રંગનું એક જાતનું જવાહર;પીરોજ રંગનું.[plant:હળદી;હળદર.

Turme-ric, (ટર્'મેરિક્) *n*. An East Indian

Turmoil,(ટર્'મૉઇલ્)*n*.Harassing labor;trouble;disturbance: મહેનત;શ્રમ;ખટપટ; સંતાપ.*vt*. To disquiet;to worry:સંતાપવું;બેચેન ક.

Turn,(ટર્ન્)*vt*.[L. *tornus*, a lathe.] 1.To give circular motion to:ગોળ ફેરવવું.2.To reverse the position of:ઉલટાવવું;ઉથલાવવું.3.To incline differently:ફેરવવું;વાળવું.4.To transfer:ને નામે ચઢાવવું;વાપરવું.5.To form in a lathe;to shape or fashion:ઘડવું;સંઘાડે ઉતારવું.6.To translate; to construe:નોતરજુમો-ભાષાંતર ક. *To* **t.***a cold shoulder to*,to treat with neglect or indifference:-ની સાથે બેદરકારીથી વર્તવું. *To* **t.** *adrift*, to cast off:ને વહેતું-ખરતું મુકવું.*To* **t.***against*,(*a*)to direct against:-ની સામે ચલાવવું. (*b*)To make unfavourable or hostile to:ની સાથે દુશ્મનાવટ કરાવવી.*To* **t.***a penny*, *To* **t.***an honest penny*, to make a small profit by trade:વેપાર વિગેરેથી થોડો ફાયદો મેળવવો.*To* **t.***aside*,to avert:અટકાવવું.*To* **t.***away*,(*a*)to dismiss from service; to discard.નોકરીમાંથી કાઢી મૂકવું-બાતલક.(*b*)To drive away;to repel:કાઢી મૂકવું.*To* **t.***back*,(*a*) to give back;to return:પાછું આપવું;પાછું મોકલવું. (*b*)To cause to return or retrace one's steps: પાછા ફરવા ફરજ પાડવી.*Hence*,to drive away;to repel:પાછું ધકેલવું.*To* **t.***down*,to fold or double down:બેવડું વાળવું.*To* **t.***in*,to fold or double under:મોહેથી નીચે તરફ વાળવું-દાબવું.*To* **t.***in the mind*, to revolve,or meditate upon:વિચારમનન ક.*To* **t.***off*, to dismiss contemptuously:ધુત્કારી કાઢવું.*To* **t.***on*, to give passage to:ને રસ્તો આપવો-વહેવાડવું;આવવાદેવું.*To* **t.***one's coat*, to go over to the opposite party:સામા પક્ષમાં જવું.*To* **t.***out,one's hand* to,to engage in: માં કામે લાગવું-મંડવું. *To* **t.***out*, to put to pasture: ચરવા છોડી મૂકવું. *To* **t.***over*, to overset; to overturn:ઉંધું વાળવું. *To* **t.** *tail to*, to run away:નાશી જવું.*To* **t.***the back* to flee;to retreat:પુંઠ દેખાડવી;નાશી જવું.*To* **t.** *the back on* or *upon*, to treat with contempt:તુચ્છકારી-ધૂતકારી કાઢવું.*To* **t.***the corner*,to pass the critical stage:અણીપરઆવીજવું *To* **t.***the die* or *dice*, to change fortune:નશીબબદલાવું.*To* **t.***the head* or *brain of*,to infatuate:-ની અક્કલ ભમાવવી.*To* **t** *the scale* or *balance*,to decide or determine something doubtful:નોનિકાલ-નિવેડો ક.*To* **t.**

the stomach of, to nauseate; to sicken:ઉબ કરે-ઉબકો આવેએમક૦.*To* **t.***the tables*,to reverse the chances or conditions of success or superiority:નું નસીબફેરવવું;-થીલાભ ગેરલાભ થવો. *To* **t.***tippet*, to make a change: ફેરફાર ક૦. *To* **t.** *up*, to turn so as to bring the bottom side on top:ઉંધું વાળવું.*To* **t.***upon*,to retort; ના ગળામાં ઘાલવું-ફેરવવું. *To* **t.** *upside down*, to throw into disorder: ગભરાટમાં નાંખવું *vi*. To move round:ગોળ ફરવું.*To* **t.***about*,to face to another quarter:ફરી જવું; મ્હોં-પુંઠ ફેરવી નાંખવી. *To* **t.***again*, to return:પાછું આવવું ફરવું. *To* **t.** *against*,to become hostile to:-ના વેરી-દુશ્મન થવું.*To* **t.** *aside* or *away*, to turn from the right course:આડે રસ્તે જવું;આડું જવું.*To* **t.***out*, to move from its place,as a bone:ઉતરી-ખસી જવું.*To* **t.***round*,to change position so as to face in another direction:બીજી બાજુમાં મ્હો ફેરવવું.*To* **t.***to*,to have recourse to:-ના આશ્રય નિચે જવું.*To* **t.***to account,profit,advantage,or the like*,to be made profitable or advantageous:ફાયદા-નફાકારક થવું.*n*.1.The act of turning;revolution:ફેરો;ચક્કર;આંટો;પેચ.2.A winding:વાંક;ઝોક.3.A short walk;a stroll:ફેરો;આંટો;ચક્કર.4.Successive course:ફેરો;પાળી.5.Occasion;purpose:કામ. પ્રસંગ;તાકડો;અવસર. **T.** *of mind*:ચિત્તવૃત્તિ;મનોવૃત્તિ.*A good* **t.**:ઉપકાર.*Ill* **t.**, અપકાર.*By* **t.***s*,one after another;alternately: એક પછી બીજે;વારાફરતી.*To a* **t.**,exactly:બરોબર-સંપૂર્ણ રીતે.*To take* **t.***s*,to alternate:ફેરવવું. **T.** *and* **t.***about*,by turns:વારા ફરતી. **T.** *screw*,a screw driver:ઇસ્કુ બેસાડવાનું ઓજાર;ચાવી.

Turncoat,(ટર્ન્‌'કોટ્‌) *n*. A renegade,an apostate:પોતાનો પક્ષ વિચાર મૂકી દેનાર;સ્વપક્ષત્યાગી.

Turner,(ટર્ન'અર્‌)*n*.1.One whose occupation is to form articles with a lathe:ખરાદી; સંઘાડીઓ. 2. A variety of pigeon;a tumbler: લોટણ;ગિરેબાજ.

Turning,(ટર્ન્‌'ઇન્ગ્‌)*n*.1. A winding;a flexure; a meander:વાંક;ફાંટો. 2. Deviation from the way or proper course: ખરે રસ્તેથી આડું જવું તે.

Turning-point,(ટર્ન્‌'ઇન્ગ્‌-પૉઇન્ટ્‌)*n*.The point upon which a question turns and which decides a case:મુદ્દો;મુળ મુદ્દાની વાત-બાબત.[દાર.

Turnkey,(ટર્ન્‌'કી)*n*.A warder: કેદખાનાનો ચોકી-

Turnpike,(ટર્ન્‌'પાઇક્‌)*n*.1.A turnstile:ખોડીબાર. 2.A tollgate:નાકું લેવાનો દરવાજો;નાકું.

Turnstile, (ટર્ન્‌'સ્ટાઇલ્‌) *n*. A turnpike: ઢોર વિગેરે ન જઇ શકે પણ માણસ જઈઆવી શકે તે સારૂ રસ્તા ઉપર રાખેલું દ્વાર;ખોડીબાર.

Turpen-tine,(ટર્'પેન્ટાઇન્‌)*n*.[Gr.*terebinthos*, the turpentine tree.] A semifluid or fluid oleoresin, primarily the exudation of the terebinth,or turpentine tree:ટરપિટન તેલ.

Turpi-tude,(ટર્'પિટ્યૂડ્‌)*n*.[L.*turpis* foul; base.] Shameful wickedness: હલકા-પાજીપણું; દુરાચાર;નીચપણું;દુષ્ટતા;દુર્બુદ્ધિ;પાપબુદ્ધિ;કુમતિ.

Turquoise, (ટર્'કોઇઝ્‌) *n*. A hydrous phosphate of alumina containing a little copper:ભૂરા રંગનું એક જાતનું ઝવેર:વૈડૂર્ય. *a*.Having light blue color:ભૂરા રંગનું.

Turret,(ટ'રેટ્‌)*n*.[L.*turris*.]1. A little tower: કિલ્લાપરનો મિનારો;કંગુરો.2.A revolving tower, constructed with thin iron plates, within which canons are mounted: લોખંડના પાતળાં પાટીઆનો તોપો ચઢાવવાનો બનાવેલો ફરતો ટાવર.

Turtle, (ટર્'ટલ્‌) *n*. Any one of the numerous species of Testudinata:કાચબો;કૂર્મ;કચ્છ.

Turtle-dove,(ટર્'ટલ્‌-ડવ્‌)*n*. Any one of numerous species of pigeons:વિલાયતી હોલો-કબુતર.

Tush,Tut, (ટશ્‌,ટટ્‌) *Interj*. An exclamation indicating check,rebuke,or contempt:છિટ! છટ ! છિઃ ! *n*.A tusk:લાંબો અણીદાર દાંત.

Tusk,(ટસ્ક્‌)*n*. One of the elongated incisor or canine teeth of the wild boar,elephant, etc.:દાઢ;મોટો દાંત;દંતુશળ.

Tutel-age,(ટ્યૂ'ટેલેજ્‌)*n*.[L *tueor*,I gaze up.] 1.Guardianship:વાલીપણું;રક્ષણ;દેખરેખ. 2.The state of being under guardian:વાલીપણા નીચે હોવું તે;સગીરી;રક્ષણીયત્વ.

Tutel-ar,-y,(ટ્યૂ'ટેલર્‌,-લરિ)*a*.[L.*tutela*.]Guardian;protecting:રક્ષણકારી;રક્ષણ કરનારૂં;રક્ષક.

Tutor,(ટ્યૂ'ટોર્‌)A private or public teacher: ખાનગી મહેતાજી-શિક્ષક.(*a*) An instructor of a lower rank than a professor: પ્રોફેસરના કરતાં નિચા દરજ્જાનો શિક્ષક. *vt*.1.To teach:શિખવવું. 2. To play the tutor toward:મહેતાજી પણું દેખાડવું.

Tutor-age,(ટ્યૂ'ટોરેજ્‌)*n*.Tutorship;guardianship:સગીરી;વાલીપણું.

Twain,(ટ્વેન્‌)*a*.& *n*. Two:બે (ભાગ). *In* **t.**, in halves;into two parts:બે ભાગમાં.

Twang,(ટવૅન્ગ્‌)*vi*.&*vt*.To sound with a quick, harsh noise:-નો રણકારો-ટંકારો-ટંકાર થવો-કરવો.*n*. A harsh,quick sound:રણકારો;રણકો; ટંકાર.

Tweak,(ટ્વીક્‌)*vt*. To pinch and pull with a sudden jerk and twist:ને આંચકો મારવો. *n*.A sharp pinch or jerk:ચોંટો;ધક્કો-હડસેલો.

Tweed, (ટ્વીડ્‌) *n*. A willed wollen fabric: હલકી બનાવટનું ઉનનું કાપડ.

Tweezers, (ટ્વી'ઝર્ઝ્‌) *a*. *pl*. Small pinchers used to pluck out hairs: વાળ ચુંટવાનો નાનો ચીપિયો;ચીમટો;ચૂંપિયો.

Twelfth,(ટવેલ્ફ્થ્‌)*a*.1. Coming after eleven others:બારમું.2.Constituting or being one of

twelve equal part,into which anything is divided:બારાંસ; દ્વાદશાંસભૂત. *n.* The quotient of a unit divided by twelve:બારમો ભાગ.

Twelve, (ટ્વેલ્વ્) *a.* One more than eleven: બારમું.*n.*1.Twelve units or objects;a dozen: ડઝન;બાર.2.A symbol representing twelve units:બારની સંખ્યા-અંક.

Twenti-eth,(ટ્વેન્ટિએથ્)*a.*1. Coming after nineteen others:વીસમું.2.The quotient of a unit divided by twenty:વીશાંસ. *n.*One coming after nineteen others:વીસ.

Twenty,(ટ્વેન્ટિ)*a.*One more than nineteen: વીસ.*n.*1.Twenty units or objects; a score: વીસની સંખ્યા. 2. A symbol representing twenty units:વીસનો આંકડો.

Twice,(ટ્વાઇસ્)*adv.* 1.Two times;once and again:બે વાર-વખત;દ્વિ. 2 Doubly;in twofold quantity or degree:બમણું;બેવડું;કપટ.

Twig,(ટ્વિગ્)*vt.*To twist: વાળવું.*vt.* To understand:સમજવું.*n.* A small shoot or branch of a tree or other plant:ઝાડની નાની ડાંખળી-ડાળી.

Twilight,(ટ્વાઇલાઇટ્)*n.*1.The light perceived before the rising and after the setting of the sun:ઝળઝળું;સંધ્યા;સંધિપ્રકાશ.2.A faint light:આંખો પ્રકાશ. [સળીદાર-પાસળીદાર કપડું.

Twill,(ટ્વિલ્)*n.*A fabric woven with a twill:

Twin,(ટ્વિન્) *a.* Being one of two born at a birth:બે જોડે જન્મેલાં હોય તેમાંનું જોડિયું. *n.*1.One of two produced at a birth:સાથે જન્મેલાં બેમાનું એક. 2.*pl.*A sign and constellation of the zodiac:મિથુનરાશી.

Twine, (ટ્વાઇન્)*n.* 1.A small cord or thing: વણેલી દોરી; સુતળી. 2. The act of twining or winding round:વળ-આમળો ચડાવવો તે.*vt.*1.To twist together:વણવું.2.To wind,as one thread round another:વિંટાળી લેવું.*vi.*To mutually mix together:વિંટાવું;લપેટાવું.

Twinge,(ટ્વિન્જ્)*vt.*1.To pull with a twitch; to pinch:આમળીને ખેંચવું. 2. To affect with sharp,sudden pain:ચટકવું;ચટકો દેવો.*vi.*To have a sudden,sharp pain,like a twitch:ચસક આવવી.*n.*1.A pinch:વળ; આમળો. 2. A sudden, sharp pain:તીવ્રવેદના;શૂળ;ચસકો;ચસક.

Twinkle,(ટ્વિન્ક્લ)*vi.*1. To open and shut the eye rapidly: આંખના પલકારા મારવા. 2.To flash at intervals:ચમકવું.*n.*1.A wink or sparkle of the eye:આંખનો પલકારો. 2. A brief flash or gleam:થોડો વખત રહે એવો ચમકારો.

Twinkling,(ટ્વિન્ક્લિન્ગ્)*n.*1.A wink:આંખનો પલકારો;નિમિષ. 2.A sparkling:ચમકાટ;ચમકારો.3.The time of a wink:આંખનો પલકારો મારાય તેટલો વખત;પળ;ક્ષણ;પલક.

Twirl,(ટ્વર્લ્)*vt.* To whirl round: ચક્કર-ચાકડર ચડાવવું.*vi.*To revolve with rapidity:ચક્ર ચક્કર ફરવું. *n.* 1. The act of twirling;a whirl or whirling:ચાકડર ચડાવવું તે;ચાક. 2.A twist:વળ; આમળો.

Twist,(ટ્વિસ્ટ્)*vt.* 1.To contort;to writhe;to crook spirally:આમળવું;મરડવું.2.To turn from or meaning:-નો મરડી-મચરડીને ઉંધો અવળો અર્થ કર 3.To encircle:-ની આસપાસ વિંટાળવું. 4.To unite by winding one thread,or other flexible substance,round another:વણવું;ભાંગવું. *vi.* To be contorted:વળવું; આમળાવું. *n.*1. The act of twisting;a contortion;a flexure:વળ; આમળો,પેચ. 2 The form given in twisting: વળ-આમળો ચડાવ્યાથી થયેલો આકાર;વળ;આમળો પેચ

Twit,(ટ્વિટ્)*vt.*To revile;to reproach;to upbraid;to taunt:-ને કસાનું મ્હેણું મારવું.

Twitch, (ટ્વિચ્)*vt.* To snatch:ઝુંટી લેવું.

Twitter,(ટ્વિટર્)*vt.*To make a succession of small,tremulous,intermitted noises: ચીંચીં કિલબિલ કિલબિલ કર;ચુંચું કર.*n.*A small,tremulous,intermitted noise,as that made by a swallow:ચકલીઓની બોલી;ચીંચીં;કિલબિલ.

Two,(ટૂ)*a.*[L.*duo.*]One and one.*n.*1.The sum of one and one:બે. 2.A symbol representing two units:બેનો આંકડો; બગડો. *In* t., into two parts;asunder:બે ભાગમાં;જુદું.

Twofold,(ટૂફોલ્ડ્)*a.*Double;duplicate:બમણું બેવડું. *adv.*In a double degree:બમણું.

Tympan, (ટિમ્પૅન્)*n.*[L.*tympanum*,a kettle drum.]1.A drum:ઢોલ.2.A panel:પાટીયું;તક્તી.

Tympa-num,(ટિમ્પૅનમ્)*n.* [L *tympanum.*] The ear drum:કાનનો પડદો.

Type,(ટાઇપ્)*n.*[L. *typus*,a figure.]1. Stamp; impressed sign;emblem:(કશાની)છાપ;નિશાની; ચિન્હ.2.A token:નમુનો;પ્રત.3.A general form or structure common to a number of individuals:પ્રકાર;જાતિ. 4. The original objects: છાપ;નમુનો.5.A raised letter,cast in metal or cut in wood,used in printing:બીબું;મુદ્રા;છાપ.

Type-found-ry,(ટાઇપ્-ફાઉન્ડ્રી)*n.*A Place for the manufacture of types:ટાઇપ-બીબા પાડવાનું-બનાવવાનું કારખાનું.

Typewrit-er,(ટાઇપ્રાઇટર્)*n.*1.An instrument for writing by means of type:બીબાંની મદદથી લખવાનું યંત્ર. 2. One who uses:ટાઇપ રાઇટરથી લખનાર.

Typhoid, (ટાઇફૉઇડ્)*a.* [*typhus* & Gr. *eidos*, form.](*Med.*) Of or pertaining to typhus; resembling typhus:સનેપાત સંબંધી;ઝાળીજ્વરનું.

Ty-phoon,(ટાઇફૂન્)*n.*[Gr.*Typhon.*]A violent whirlwind:જબરો દરિયાઈ વંટાળ;તોફાન.

Typhus,(ટાઇ'ફસ્)*n.*[Gr. *tupho,*I stupify.]A contagious continued fever:ક્ષયજ્વર.

Typic-al,(ટિપ્'ઇકલ્)*a.*[L.*typicus.*] Of the nature of a type;emblematic:દાખલારૂપ;બોધક.

Typi-fy, (ટિપ્'ઇફાઇ) *vt.* To represent by an image,form,or resemblance:ના અસલ સ્વરૂપની ચિન્હ દેખાડવું.

Ty-pograph-er,(ટાઇપૉગ્'રૅફર્)*n.* A printer: [છાપખાનાવાળો;છાપનાર.

Ty-pogra-phy,(ટાઇપૉગ્'રૅફ્)*n.***1.** Emblematic or hieroglyphic representation:મુદ્રાંકન. **2.** The art of printing with types:બીબાથી છાપવાની કળા.

Ty-rannic-al,(ટાઇરૅન્'ઇકલ્)*a* Despotic;arbitrary:જુલમ ભરેલું-ગાર;પ્રજાપીડક.

Ty-ranni-cide,(ટાઇરૅન્'ઇસાઇડ્)*n.*[L.*tyranus,* a tyrant & *caedo,*I kill.] **1.**The act of killing a tyrant:જુલમીને મારી નાંખવું તે. **2.** One who kills a tyrant:જુલમીરાજાનું ખુન કરનાર.

Tyrann-ize, (ટિ'રૅનાઇઝ્) *vt.* To act the tyrant;to exercise arbitrary power:દુઃખ દેવું; જુલમ કo-ગુજારવો;પીડા કo;અનીતિશાસન કo

Tyrann-ous, (ટિ'રૅનસ્)*a.* Tyrannical; arbitrary;despotic:જુલમગાર;જુલમી;પીડાકારક.

Tyrann-y, (ટિ'રૅનિ) *n.* [L. *tyrannis.*]**1.** The government or authority of a tyrant:જુલમીનું રાજ્ય અથવા સત્તા. **2.**Cruel government or discipline:સખ્તાઇ;જુલમ;નિર્દયતા;જબરસ્તી.

Tyrant,(ટાઇ'રૅન્ટ્)*n.*[L. *tyrannus.*]**1** An absolute ruler; a sovereign unrestrained by law or constitution:નિરંકુશ-સ્વતંત્ર રાજા. **2.** A person who exercises unlawful authority: જુલમગારી;જુલમી;પ્રજાપીડક.

Tyro,(ટાઇ'રો)*n.*A beginner;one who is in the rudiments of any branch of study;a novice: શિખાઉ;નવો નિશાળીઓ.

U.

U,(યુ)The twenty first letter of the English alphabet:ઇંગ્રેજી મુળાક્ષરનો એકવીસમો અક્ષર.It has three sounds viz:અ,યુ,ઉ as in *bud,mule & full.*

U-biqui-ta-ry,-ous,(યુબિક્'વિટૅરિ,-ટસ્)*a* Existing in all places at the same time; omnipresent:સર્વવ્યાપક;વિશ્વવ્યાપક;સર્વગત.

U-biqui-ty,(યુબિક્'વિટિ)*n.*[L. *ubique,* everywhere.]Omnipresence:વિશ્વવ્યાપ્તિ;અભિવ્યાપ્તિ.

Udder, (અડ્'અર્) *n.* The glandular organ in which milk is secreted:આંચળ;થાન;પાખર.

Ugli-ness,(અગ્'લિનેસ્)*n.* The quality or state of being ugly:બદસુરતી;બદશીકલ;કુરૂપતા.

Ugly,(અગ્'લિ) *a.* Deformed; unsightly; repulsive:કુરૂપ;કદરૂપું;બેડોળ;બદસુરત;વિરૂપ;રૂપહીન.

Ulcer,(અલ્'સર્)*n.* [L. *ulcus.*]A sore discharging pus:ભગંદર;નાસુર;વ્રણ;ક્ષત;ચાંદિ;ગુમડું;ટાંકી.

Ulcer-ate,(અલ્'સરેટ્) *vi.*To be formed into an ulcer:માં નાસુર પડવું;વ્રણ પાડવો..*vt.* To affect with an ulcer:ને ટાંકી-ચાંદી ગુમડાં થવાં.

Ul-cer-ation,(અલ્સરે'શન્)*n.*Ulcer:નાસુર;સડો.

Ulcer-ous,(અલ્'સરસ્)*a.* Having the nature or character of an ulcer:નાસુર-ભગંદરવાળું.

Ul-teri-or,(અલ્ટી'રિઅર્)*a.*[L. *ultra,*beyond.] **1.** Situated beyond; thither:પેલી પારનું; આગે પાસેનું **2.** Further; remote:બીજું;અગાડી;અપર. *n.*Ulterior side or part:ઇતર-અપર ભાગ-બાજુ.

Ulti-mate,(અલ્'ટિમેટ્) *a.* [L. *ultimus,* last.] Last;final:આખરનું;છેવટનું;છેલ્લું.

Ulti-mate-ly, (અલ'ટિમેટ્લિ) *adv.* At last;in the end:છેવટ;આખરે;અંતે;છેલ્લે સરવાળે;પરિણામે.

Ul-ti-matum,(અલ્ટિમે'ટમ્)*n.* A final proposition:છેલ્લી બોલી શરત;અંત્યપ્રતિજ્ઞા.

Ulti-mo, (અલ્'ટિમો) *a.* The last month:ગયો [માસ-મહિનો.

Ultra,(અલ'ટ્રે)*a.*Extreme;fanatical; uncompromising:અત્યંત;ઘણું *or*.છેલ્લે પાટલે બેઠેલું.

Ultra-ma-rine,(અલ્ટ્રમૅરીન")*a.*[L. *ultra.*beyond and *marinus,* marine.]Situated beyond the sea:દરીઆપારનું;પેલી તરફનું.

Ul-tra-montane,(અલ્ટ્રમૉન્'ટેન્)*a.* [L.*ultra,* beyond and *mons,*a mountain.] Being beyond the mountain:પહાડની પેલીમેરનું;આલ્પ્સ પર્વતની પેલી તરફનું. *n.* One who resides beyond the mountains:પહાડની પેલી પાર રહેનાર.

Ul-tra-mundane,(અલ્ટ્રમન્'ડેન્)*a.* Being beyond the world:આ દુનીઆપારનું;પારલૌકિક.

Umbel,(અમ્'બેલ્)*n.* [L.*umbella,* a little shadow.]A kind of flower cluster:માથામાં ઘલવાની ફુલની વેણી;કલગી.

Um-bilic,Um-bili-cal,(અમ્બિલ્'ઇક્,-કલ)*a.* Of or pertaining to a umbilicus cord: નાભી-નાળ-નાયડા સંબંધી. U.*cord,*the navel string: નાભિ;નાળ;નાયડો.

Umbles,(અમ્'બલ્સ્)*n.*The entrails and coarser part of a deer:હરણનાં આંતરડાં;આંતરડાં.

Umbra,(અમ્'બ્રે)*n.*[L.] *pl.* **umbræ.** (*a*) The conical shadow projected from a planet or satellite on the side opposite to the sun: છાયો;પડછાયો.(*b*) The central dark portion of a sun-spot:સૂર્યની ડાઘાનો વચલો કાળો ભાગ.

Umbrage,(અમ્'બ્રેજ્) *n.* [L.*umbra,*a,shade.] Shade;shadow:છાય;છાયો;છાયા.To *take* **u** :મે-

ટું લગાડવું;માઠું લાગવું;ગુસ્સે થવું.

Um-brageous, (અમ્બ્રે'જસ્) *a.* Shady; shaded:છાયાવાળી;ઘટાવાળી.છાયાદાર;ઘટાદાર.

Um-brella, (અમ્બ્રેલ઼ા) *n.* A shade screen, carried in hand for sheltering the person from the sun or rain:છત્રી;છત્ર;છત્તર.

Umpir-age,(અમ્'પાઇરેજ)*n.* The office of an umpire:અમિનગીરી;લવાદી;મધ્યસ્થતા.

Umpire,(અમ્'પાઇર)*n.*[L. *impar*,unequal.]1. A person to whose sole decision a controversy between parties is referred: મધ્યસ્થ; લવાદ;પંચ.2.A third person who is to decide a quesion in case of disagreement:લવાદ;પંચ. *vt.* To decide as umpire: ત્રાહીત થઇને ચુકાદો કo. *vi.*To act as an arbitrator:લવાદ થઇને મત આપવો.

Un, (અન્) An inseparable verbal prefix or particle:છુટો ન પાડી શકાય એવો ક્રિયાપદનો ઉપસર્ગ.

Un-able,(અનૅ'બલ)*a.*Weak;helpless:અશક્ત.

Un-a-bridged,(અનૅબ્રિજડ્')*a.*Full;complete; entire:સંક્ષેપમાં નહિ કરેલું;સંપૂર્ણ.

Un-ac-cepta-ble,(અનઍક્સેપ્ટ્'એબલ્) *a.* Not pleasing;not welcome:નાપસંદ; અમાન્ય.

Un-ac-commo-dat-ing, (અનઍકૉમ્'મોડેટિંગ્)*a.*Not ready to oblige;unsuiting:નિરૂપયોગી.

Un-ac-compa-nied,(અન્ઍકમ્'પૅનિડ્)*a.* Not attended;single:સાથ વિનાનું;એકલું;અસહાય.

Un-ac-complished, (અન્ઍકૉમ્'પ્લિશ્ડ્) *a.* Unfinished:અપૂર્ણ;અધુરું;અપ્રવીણ;અસિદ્ધ.

Un-ac-counta-ble,(અન્ઍકાઉન્ટ્'એબલ્)*a.* 1 Not responsible;free from control:જવાબદાર નહિ એવું.2.Not to be accounted for:જેનું કારણ નહિ જડે એવું;અનિર્વાચ્ય;ગૂઢ;ગહન.

Un-ac-customed,(અન્ઍક્સ્'ટમ્ડ્)*a.*Not used; unused:ટેવ-મહાવરો નહોય એવું;અણઘડ.

Un-ac-knowledged,(અન્ઍક્નોલ્'એજ્ડ્)*a.*Not owned;not confessed:અસ્વીકૃત;માન્ય નહિ કરેલું.

Un-ac-quainted,(અન્ઍક્વેન્ટ્'એડ્)*a.*Not acquainted:ઓળખાણ નહિ હોય એવું;અજાણ્યું.

Un-a-dorned,(અન્ઍડૉર્ન્ડ્)*a.* Not adorned:શણગારેલું નહિએવું;સાદું ;અભૂષિત;અનલંકૃત.

Un-ad-visa-ble,(અન્ઍડ્વાઇઝ્'એબલ્) *a.* Not advisable;inexpedient:અયોગ્ય;અનુચિત;નાલાયક.

Un-ad-vised,(અન્ઍડ્વાઇઝ્ડ્)*a.* Not prudent; illadvised:વગર વિચાર્યું;કાચા વિચારનું.

Un-a-dulter-at-ed (અન્ઍડલ્'ટરેટેડ્) *a.* Not adulterated:ભેળસેળવગરનું;અમિશ્રિત;અદૂષિત;નિર્મલ.

Un-af-fected,(અન્ઍફેક્ટ્'એડ્)*a.* Not affected or moved:અવિકૃત;અસર વિનાનું;કઠણ હૈયાનું.

Un-af-fected-ly,(અન્ઍફેક્ટ્'એડ્લિ)*adv.*Really:ખરેખર;ઢોંગવગર;અકૃત્રિમ.

Un-alien-a-ble,(અન્ઍલ્'યએનેબલ્)*a.*Inalienable:બીજાને વેચાતું ન અપાય તેવું;સ્થાવર.

Un-al-loyed,(અન્ઍલૉઇડ્')*a.*Unmixed;pure: ભેળ-મેળવણી વગરનું;ચોખ્ખું;નર્યું;નરદમ;અમિશ્રિત.

Un-alter-a-ble,(અન્ઑલ્'ટરેબલ્)*a.*Unchangeable;immutable:ફેરવાય-બદલાય નહી એવું.

Un-ami-a-ble,(અન્એ'મિઍબલ્) *a.* Not amiable;morose;ill-natured:જેહેં ન ગમે એવું;ચીડીયું.

Un-ani-mat-ed,(અન્ઍન્'ઇમેટેડ્)*a.*Inanimate; spiritless:નિર્જીવ;અપ્રાણ;અજીવ;અચેતન;દમવગરનું.

U-na-nimi-ty,(યુનૅનિ'મિટિ)*n.*The quality or state of being unanimous:એકો;ઐક્ય;એકી.

U-nani-mous,(યુનૅન્'ઇમસ્)*a.* [L.*unus*,one & *animus*,mind.] Being of one mind:એકમત-ચિત-દીલ.

U-nani-mous-ly,(યુનૅન્'ઇમસ્લિ)*adv.*With entire agreements of mind:એકમતે;સર્વાનુમતે.

Un-answer-a-ble, (અન્ઍન્'સરબલ્) *a.* Not answerable:જેનો ઉત્તર અપાય નહિ એવું;નિરુત્તર.

Un-ap-parent,(અન્ઍપૅ'રેન્ટ્)*a.* That cannot be seen:અદૃશ્ય;અસ્પષ્ટ;અપ્રકટ.

Un-ap-peasa-ble,(અન્ઍપીઝ્'એબલ્)*a.* Not placable:શાંત કરવાને અયોગ્ય;અશામ્ય;અસાંત્વનીય.

Un-ap-preci-at-ed,(અન્ઍપ્રી'શિએટેડ્)*a.*Not duly estimated:બરોબર બુજ નહિ થયેલું.

Un-ap-proacha-ble,(અન્ઍપ્રોચ્'એબલ્) *a.* Inaccessible:પાસે જઇ શકાય નહિ તેવું;અગમ્ય.

Un-ap-propri-at-ed, (અન્ઍપ્રો'પ્રિએટેડ્) *a.* Not granted to any person:અમુક માણસને નહિ આપેલું તેવું;નિધણીયું;ધણી વગરનું.

Un-apt,(અન્ઍપ્ટ્')*a.*1.Slow;dull:મંદ;જડ બુદ્ધીનું. 2.Unsuitable:અનુપયોગી;અયોગ્ય;નાલાયક.

Un-armed,(અન્આર્મ્ડ્')*a.*Not armed:હથીઆર વગરનું;બિન હથીઆર; અશસ્ત્ર;શસ્ત્રહીન-રહિત-શૂન્ય.

Un-ascer-tained,(અન્ઍસ્'અર્ટેન્ડ્")*a.* Uncertain:અનિશ્ચિત;તપાસ ન કરેલું;અનિર્ણિત.

Un-aspi-rat-ed,(અન્ઍસ્'પિરેટેડ્)*a.* Not aspirated:અલ્પપ્રાણ.

Un-as-piring,(અન્ઍસ્પાઇરિંગ્)*a.* Not ambitious:મ્હોટી ઉમેદ ન રાખતું.

Un-as-saila-ble,(અન્ઍસેલ્'એબલ્)*a.* That can not be assaulted:બેલાગ; હુમલો થઈ શકે નહિ તેવું.

Un-as-sisted,(અન્ઍસિસ્ટ્'એડ્)*a.* Alone;helpless:એકલું;મદદ વગરનું;અસહાય.

Un-as-suming,(અન્ઍસ્યુમ્'ઇંગ્)*a.*Modest; humble:વિનયવાળું;નમ્ર;મર્યાદશીલ;નિરભિમાની.

Un-at-tached,(અન્ઍટૅચ્ટ્')*a.* 1. Not closely adhering:સામેલ નહિ એવું.2.Not assigned to any company:કોઇ ટુકડી માટે નિર્માણ નહિ કરેલું.

Un-at-taina-ble,(અન્ઍટેન્'અબલ)*a.*Incapable of getting:અપ્રાપ્ય;અસાધ્ય; અગમ્ય;દુ:સાધ્ય.

Un-at-tempted, (અન્ઍટેમ્પ્ટ્'એડ્) *a.* Not attempted:યત્ન નહિ કીધેલો હોય એવું.

Un-at-tended,(અન્ઍટેન્ડ્'એડ્) *a.* Alone:એકલું;

Un-a-uthentic,(અન્ઑથેન્'ટિક્)*a.* Uncertain: ખાતરી વગરનું;વિશ્વાસ નહિ રાખવા લાગ;અપ્રમાણ.

Un-author-ized,(અન્ઑ'થૅરાઇઝ્ડ્)*a.*Not warranted by proper authority:બીન હુકમી;સત્તા વગરનું;ગેર હુકમી;વિધિહીન.

Un-a-vaila-ble,(અન્‌ઍવેલ'ઍબલ્)*a.* Vain;useless:નિરૂપયોગી;કામ વગરનું;ફોગટ.

Un-a-vailing,(અન્‌ઍવેલ'ઇંગ્)*a.*Useless:વ્યર્થ.

Un-a-voida-ble,(અન્‌ઍવૉઇડ્'ઍબલ્)*a.* Inevitable:અનિવાર્ય;અનિવાર.

Un-a-ware,(અન્‌ઍવેર્)*a.*Not aware;inattentive:ખબર નહિ હોય એવું;અજાણ્યું.

Un-a-ware,Un-a-wares,(અન્‌ઍવેર્-અન્‌ઍવેર્ઝ્) *adv.*Suddenly;unexpectedly:ઓચિંતું;અચાનક.

Un-awed,(અન્ઑડ્') *a.* Undaunted:બીક વગરનું; નિર્ભય.

Un-bar,(અન્બાર્')*vt.*To open:ઉઘાડવું;ખોલવું.

Un-beara-ble,(અન્બૅર્'ૅબલ્)*a.*Not to be endured:ખમી શકાય નહિ એવું;અસહ્ય.

Un-be-coming,(અન્બીકમ્'ઇંગ્)*a.*Not becoming;unfit:અયોગ્ય;અનુચિત;અઘટિત;નાલાયક

Un-be-fitting,(અન્બીફિટ્'ઇંગ્)*a.* Unsuitable; unbecoming:નિરૂપયોગી; નાલાયક; જેવું જોઈએ તેવું નહિ અયોગ્ય;અઘટિત;અનુચિત.

Un-be-lief,(અન્બીલીફ્')*n.*Doubt;incredulity: અણપતિજ-વિશ્વાસ;અણભરોસો;અવિશ્વાસ.

Un-be-liever,(અન્બીલીવ્'અર્)*n.*1. An incredulous person:શંકાશીલ માણસ.2.A disbeliever;an infidel;a free thinker:નાસ્તિક;અશ્રદ્ધાળુ.

Un-bend,(અન્બેન્ડ્')*vt.*To free from flexure; to loosen:ઢીલું કo;શિથિલ ની પણછ ઉતારવી.

Un-bending,(અન્બેન્ડ્'ઇંગ્)*a.*1.Not bending; stiff:વળે નહિ એવું;મજબુત. 2.Resolute:દબી ન જાય એવું.3.Unyielding in nature:ચળ;દ્રઢ;સ્થિર.

Un-bias,(અન્બાઇ'ઍસ્)*vt.*To free from bias or prejudice:નિષ્પક્ષપાત હોય એવું કરવું.

Un-bidden,(અન્બિડ્'ન્)*a.*1. Not bidden:નહીં ફરમાવેલું.2.Uninvited:વગર તેડે આવેલું;અણતેડ્યું.

Un-bind,(અન્બાઇન્ડ્')*vt.*To set free;to untie: બંધ ખોલવો;છોડવું;ઉતારવું;બંધન મુક્ત કo.

Un-blama-ble,(અન્બ્લેમ્'ઍબલ્)*a.*Not culpable;innocent:નિર્દોષ;નિરપરાધી;અનિંદ્ય;અદૂષણીય.

Un-blemished,(અન્બ્લેમ્'ઇશ્ટ્)*a.*Not blemished;pure;spotless:કલંક-ડાઘ રહિત;નિષ્કલંક;નિર્દોષ.

Un-blest,(અન્બ્લેસ્ટ્')*a.*Not blest; excluded from benediction:આશીર્વાદ નહિ પામેલું.

Un-blown,(અન્બ્લોન્')*a.*Not having the bud expanded:વગર ખીલેલું;અપ્રફુલ્લ;અપ્રફુલ્લિત.

Un-bolt,(અન્બોલ્ટ્')*vt.*To unfasten:ઉઘાડવું;આગળી-ભુંગળ ઉઘાડવી.

Un-born,(અન્બોર્ન્')*a.*Not born:નહિ જન્મેલું;અજાત;અનાગત.

Un-bosom,(અન્બૂઝ્'મ્)*vt.*To disclose freely;to reveal the secrets:પડદો ખોલીને મનની વાત કo.

Un-bounded, (અન્બાઉન્ડ્'એડ્) *a.* Having no bound or limit:બેહદ;અનંત;અપાર;ઘણું જ;અનંત.

Un-bridled,(અન્બ્રાઇ'ડ્લ્ડ્)*a.*Loosed from the bridle:હાથથી ગયેલું;બીનલગામી;સ્વચ્છંદ;બેહદ.

Un-brother-ly,(અન્બ્રધ્'અર્લિ)*a.*Not becoming a brother:ભાઇને નહિ ઘટે તેવું;બંધુભાવહીન.

Un-burden,(અન્બર્'ડન્)*vt.*1.To relieve from a burden:-નું દુઃખ ખુલાસાથી કહેવું.2.To throw off as a burden:ભાર-બોજો ઉતારી લેવો.

Un-called-for, (અન્કોલ્ડ્ફોર્) *a.* Not called for;not required or needed:અનિમંત્રિત.

Un-candid,(અન્કૅન્'ડિડ્)*a.* Not frank or sincere:દગાખોર;મનનું મેલું;કપટી.

Un-ceasing,(અન્સીસ્'ઇંગ્)*a.*Not intermitting; continual:નહિબંધ પડે એવું;નિરંતર;અખંડ;સતત.

Un-cere-moni-ous, (અન્સેરિમો'નિઅસ્) *a.* Not formal:આદરસત્કાર વિનાનું;અસભ્ય;બેમુરવત.

Un-certain,(અન્સર્'ટેન્)*a.*1. Not certain:અનિશ્ચિત;શક ભરેલું. 2.Questionable:શકમંદ;સંશયાત્મક 3.Not sure:ખાતરી વગરનું; ભરોસા વગરનું; સંશયી.

Un-certain-ly,(અન્સર્'ટેન્લિ) *adv.* In an uncertain manner:શક ભરેલી રીતે.

Un-certain-ty,(અન્સર્'ટેન્ટિ) *n.* The quality or state of being uncertain:અનિશ્ચય;અનિર્ણય.

Un-chain,(અન્ચેન્')*vt.*To free from chains;to let loose:બેડી કાઢવી;ખુલાસો કરવો;બંધન મુક્ત કo.

Un-changea-ble,Un-changing,(અન્ચેન્જ્'ઍબલ્,અન્ચેન્જ્'ઇંગ્)*a.*Not capable of change; immutable:અવિકારી;ફરેનહીએવું;નિર્વિકાર;નિર્વિકલ્પ.

Un-chari-ta-ble,(અન્ચૅ'રિટૅબલ્)*a.* Contrary to charity;harsh;censorious:અપ્રેમી;નિંદાકરનાર.

Un-chaste,(અન્ચેસ્ટ્)*a.*Not chaste;not continent;lewd:છિનાળવું;પાક નહિ તેવું;વ્યભિચારી.

Un-chasti-ty,(અન્ચૅસ્'ટિટિ)*n.*The quality or state of being unchaste:વ્યભિચાર;છિનાળું.

Un-checked,(અન્ચેક્ટ્')*a.* Not restrained;not hindered:અટકાવ વગરનું;નહિ અટકાવેલું.

Un-christi-an,(અન્ક્રિસ્'ટિઍન્)*a.*Contrary to the laws of Christianity:ખ્રીસ્તીધર્મ વિરુદ્ધ.

Un-circum-cised, (અન્સર્'કમ્સાઇઝ્ડ્) *a.* Not circumcised:સુન્નત નહીં કીધેલું;બેસુન્નત.

Un-circum-spect,(અન્સર્'કમ્સ્પેક્ટ્)*a.*Careless: ગાફેલ;અસાવધ;પ્રમત;પ્રમાદી;બેદરકાર;અસાવધાન.

Un-civil,(અન્સિ'વિલ્)*a.* Not civilized; savage,rude:જંગલી;અસભ્ય; નાલાયક;અશિષ્ટ.

Un-civil-ized, (અન્સિ'વિલાઇઝ્ડ્)*a.* Not civilized;rude;savage:નહિ સુધરેલું;જંગલી;અશિક્ષિત.

Un-claimed,(અન્ક્લેમ્ડ્')*a.*Not demanded;not called for:નહિ માગેલું; ધણી વગરનું; નધણિયાતું.

Un-clasp,(અન્ક્લૅસ્પ્')*vt.*To loose the clasp of; to open:આંકડી કાઢવા;ચોપડો ખોલવો.

Uncle,(અન્‌'કલ્‌)*n.*The brother of one's father or mother; also applied to an aunt's husband:કાકો;મામો;ફુવો;માસો.

Un-cleanly,(અન્‌ક્લીન્‌'લિ)*a.* Not clean;foul; dirty:મલીન;ગંદું;મેલું.

Un-cleanness,(અન્‌ક્લીન્‌'નેસ્‌)*n.*1 Foulness:મલીનતા;મેલ. 2. Ceremonial impurity:અશુદ્ધતા;

Un-close,(અન્‌ક્લોઝ્‌')*vt.*To open; to break the seal of:સીલ તોડવું;ઉઘાડવું;ફોડવું.

Un-clouded,(અન્‌ક્લાઉડ્‌'એડ્‌)*a.*Free from the clouds;not darkened:વાદળાં વગરનું;નિર્મળ.

Un-coil,(અન્‌કોઇલ્‌')*vt.* To unroll;to unwind or open:ઉકેલવું;ખોડવું.

Un-comely,(અન્‌કમ્‌'લિ)*a.*Not comely;unseemly:અસુંદર;રૂપહીન;શોભિતું નહિ હોય એવું.

Un-comfort-a-ble(અન્‌કમ્‌'ફર્ટેબલ્‌)*a.*1.Uneasy: અસુખી.2. Disagreeable: સુખકારક નહિ એવું.

Un-common,(અન્‌કોમ્‌'મન)*a.*1.Unusual;infrequent:અસાધારણ; અસામાન્ય. 2. Remarkable: અપૂર્વ;અલૌકિક.

Un-compro-mis-ing,(અન્‌કોમ્‌'પ્રોમાઇઝિંગ્‌) *a.* Not admitting of comprise: શરત નહિ કબુલ કરે એવું;હઠીલું;ન હટે એવું.

Un-con-cern,(અન્‌કોન્‌સર્ન્‌')*a.*Want of concern; indifference:બેપરવાઇ;બેતમા;બેદરકાર.

Un-con-cerned,(અન્‌કોન્‌સર્ન્ડ્‌')*a.*1. Not concerned;easy in mind:નિષ્કાળજી;બે પરવા.2.Having no interest in: જેને કંઇ લાગતું વળગતું નથી એવું;અનપેક્ષ.

Un-con-dition al,(અન્‌કોન્ડિ'શનલ) *a.* Absolute;unreserved:બાંધા-તકરાર વગરનું;બિનશરતે.

Un-con-fined,(અન્‌કોન્‌ફાઇન્ડ્‌)*a.*Free from restrain:બંધ વગરનું;છૂટું;અબંધ;ખુલાસા ભરેલું.

Un-con-geni al,(અન્‌કોન્‌જી'નિઅલ્‌)*a.*Not congenial:આફક નહિ હોય એવું;પ્રતિકૂળ.

Un-con-nected,(અન્‌કોન્‌નેક્ટ્‌'એડ)*a.*Not united: separate:સંબંધ રહિત;નિરાળું;છૂટાછેડું;છુટું;પૃથક્‌.

Un-conquer-a-ble, (અન્‌કોન્‌ક'રેબલ્‌) *a.* Not conquerable:અજીત;કોઇથી જીતાય નહિ એવું;અજેય.

Un-conquered,(અન્‌કોન્‌ક્ર્ડ્‌)*a.*Not vanquished or defeated:કોઇથી નહિ જીતાયેલું;અજીત.

Un-conscious,(અન્‌કોન્'શસ્‌)*a.*Not conscious: અચેત;બેભાન;જડ.

Un-conscious-ly,(અન્‌કોન્'શસ્લિ)*adv.* Without knowledge:અજાણપણાથી;અજાણતાં.

Un-con-strained,(અન્‌કોન્‌સ્ટ્રેન્ડ્‌)*a.*Free from constraint;voluntary:સ્વતંત્ર;સ્વેચ્છાધીન;છુટું.

Un-con-trolla-ble,(અન્‌કોન્‌ટ્રોલ્‌'અબલ્‌)*a.*Ungovernable;irresistable:વશ નહિ થાય એવું.

Un-con-trolled,(અન્‌કોન્‌ટ્રોલ્ડ્‌')*a.*Not governed;not subjected or restrained:નિરંકુશ.

Un-con-verted,(અન્‌કોન્‌વર્ટ્‌'એડ્‌)*a.*1 Not converted or exchanged: ફેરવી નહિ શકાય એવું.2. Not changed in opinion or from one faith to another:જેનોવિચાર ફેરવાયો-ફર્યો નથી એવું;એક ધર્મમાંથી બીજા ધર્મમાં નહિ ગએલું.(*a*) Not persuaded of the truth of the Christian religion; heathenish:ઇસ્ત્રી ધર્મ જેણે સ્વીકાર્યો નથી એવું;મૂર્તિપૂજક;નાસ્તિક.

Un-cork,(અન્‌કોર્ક્‌')*vt.*To draw the cork from: [ડાટો ખોલવો;ઉઘાડવું.

Un-corked,(અન્‌કોર્ક્ડ્‌)*a.* Not corked; open:બુચ નહિદીધેલો;ઉઘાડું

Un-co-rrected,(અન્‌કોરેક્‌'એડ્‌)*a.*Not revised; not reformed:અશુદ્ધ;નહિ સુધરેલું. [વિત્ર;પાક.

Un-co-rrupt,(અન્‌કોરપ્ટ્‌')*a.*Not depraved:પ-

Un-courteous,(અન્‌કોર્ટ્‌'ઇઅસ્‌) *a.* Uncivil;unpolite:જંગલી;નાલાયક;અસભ્ય;અવિનયી;અવિવેકી.

Un-courteous-ly,(અન્‌કોર્ટ્‌'ઇઅસ્લિ) *adv.* Uncivilly;unpolitely:જંગલી રીતે;નાલાયક રીતે.

Un-courtly,(અન્‌કોર્ટ્‌'લિ)*a.* Uncivil;rude:જંગલી;અસભ્ય;રાનટું;અશિષ્ટ;અવિનયી.

Un-couth,(અન્‌કુથ્‌')*n.*1.Unknown:અજાણ્યું.2. Uncommon:અસામાન્ય;અપૂર્વ.3.Strange:તરેહવાર;વિચિત્ર.4.Odd;awkward:જંગલી;અનાડી.

Un-cover,(અન્‌'વર્‌) *vt.* 1. To take the cover from:ઢાંકણ કાઢી નાંખવું;-નું મોં ઉઘાડવું;ઉઘાડું ક૦.2. To divest of the hat or cap:માથા ઉપરથી ટોપી અગર પાઘડી ઉતારી લેવી;માથું ઉઘાડું ક૦.

Unction,(અંક્‌'શન્‌)*n.*[L.*ungo*,I anoint.]1.The act of anointing,smearing, or rubbingwith an ungent oil or ointment: તેલ ચોપડવું-ચોળવું તે.2.An ointment:લેપ;લેપન.

Unctu-ous,(અંક્‌'ટ્યૂઅસ્‌)*a.*[L. *unctus*,smeared.]Fat;oily;greasy:ચીકણું;તેલીયું.

Un-culti-vat-ed,(અન્‌કલ્‌'ટિવેટેડ્‌)*a.* Not tilled;not instructed:નહિ ખેડેલું;પડતર;અભણ;અશિક્ષિત. [તારીખ વગરનું.

Undat-ed,(અન્‌ડે'ટેડ્‌)*a* Having no date:મિતિ-

Un-daunted,(અન્‌ડોન્‌ટ્‌'એડ્‌) *a.* Not subdued and depressed by fear:ધાસ્તી-ભયવગરનું;નિર્ભય.

Un-de-caying,(અન્‌ડીકે'ઇંગ્‌)*a.*Immortal:ક્ષીણ નહિથાયએવું;અક્ષય;અવિનાશી;અનશ્વર;અજર;નિરવ્યય.

Un-de-ceive,(અન્‌ડીસીવ્‌)*vt.*To cause to be no longer deceived:શક દૂર કરવો; નિર્ભ્રાન્ત ક૦;ભ્રમભ્રાન્તિ દૂર ક૦ ખસેડવી.

Un-de-cided,(અન્‌ડીસાઇડ્‌'એડ્‌)*a.*Not settled: નક્કી નહિ કીધેલું;અનિશ્ચિત;અનિર્ણિત;અકૃત નિશ્ચય.

Un-de-filed,(અન્‌ડીફાઇલ્ડ્‌')*a.*Not polluted:અશુ નહિ કીધેલું;નિર્મળ;શુદ્ધ.

Un-de-nia-ble,(અન્‌ડીનાઇ'અબલ્‌)*a.*Incapable of denial:ના નહિ કહેવાય એવું;નિર્વિવાદ;નિઃસંદેહ.

Un-der,(અન્‌'ડર્‌)*prep.*Beneath:નીચે;તળે;હેઠળ. **U.** *arms*, (*mil.*) Drawn up fully armed: હથીઆરબંધ તૈયાર કરેલું. **U.** *canvas*, Provided

with tents:તંબુ સહીત.(*b*) Moved or propelled sails:શઢથી આગળ ચલાવાયું.U *the breath*: ધીરેથી ધીમેથી.U *way*:રસ્તે પડેલું;ચાલે પડેલું;ધંધે વળગેલું *adv.* In a lower subject or subordinate condition:પરવશપણે;તાબામાં રહી.*a.* Subject: ઉતરતા દરજાનું;હાથ નીચેનું

Un-der-agent, (અન્‌ડર્‌એ'જન્ટ્‌)*n.* A subordinate agent:તાબાનો આડતીઓ.

Un-der-bid,(અન્‌ડર્‌બિડ્‌')*vt.* To offer to contract, tsell for a less price than:ઓછી કિંમતે આપવું.

Under-brush,(અન્‌'ડર્‌બ્રશ્‌)*n.* Shrubs or small trees;undergrowth:નાનાં ઝાડવાં ભેડવા.

Under-cu-rrent,(અન્‌'ડર્‌કરેન્ટ્‌)*n.*1.A current below the water:પાણીના નીચે ચાલતો પ્રવાહ.2. An unseen influence:અંદર ઉઠતી મનોવૃત્તિ.

Under-foot, (અન્‌ડર્‌ફૂટ')*adv.* Under feet:પગતળે. *a.* Low;base;abject:નીચું;હલકું;અધમ.

Un-der-go,(અન્‌ડર્‌ગો')*vt.*1.To go or move below:નીચે જવું. 2. To suffer:ભોગવવું;સહેવું;વેઠવું. 3.To hazard:જોખમમાં નાખવું-માં પડવું-ચલાવવું.

Un-der-gradu-ate.(અન્‌ડર્‌ગ્રૅ'ડ્યુએટ્‌)*n.* A member of a university who has not taken his first degree:પાઠશાળામાં જે વિદ્યાર્થીએ પહેલી પદવી નથી મેળવી તે;અંડર્‌ગ્રૅડ્યુએટ્‌.

Under-ground, (અન્‌'ડર્‌ગ્રાઉન્ડ્‌)*n.* Place beneath the surface of the ground:તળીઆની જમીન *a.* Being below the surface of the ground:જમીનની નીચેનું.

Under-hand, (અન્‌'ડર્‌હૅન્ડ્‌) *a.* Secret;mean; unfair આનું;ગુપ્ત;ચોરીનું *adv.* By fraud:દગાથી

Un-der-let,(અન્‌ડર્‌લેટ્‌')*vt.*1.To let below the value:થોડી કિંમતે આપવું.2.To sublet:આડ ભાડે આપવું. [below:શબ્દોની નીચે લીટી દોરવી.

Un-der-line,(અન્‌ડર્‌લાઇન્‌')*vt.* To make a line

Under-ling,(અન્‌'ડર્‌લિન્‌ગ્‌)*n.* A subordinate: તાબાનો હલકો માણસ.

Un der-mine,(અન્‌ડર્‌માઇન્‌')*vt.*1.To form a mine under:નીચેથી જમીન ખોદી કાઢવી;સુરંગ કરવી-પાડવી. 2.To remove the foundation:પાયો ખોદી નાખવો. 3. To ruin in an under hand way: ગુપ્ત રીતે નાશ કરવો;-ને નુકશાન-ધોકો પહોંચાડવો

Under-most,(અન્‌'ડર્‌મોસ્ટ્‌)*a.* Lower to:કનિષ્ટ; સર્વથી નીચેનું. [તળે;હેઠળ;નીચે.

Un-der-neath,(અન્‌ડર્‌નીથ્‌')*pre.* Under, below:

Under-prize,-rate(અન્‌'ડર્‌પ્રાઇઝ્‌,-રેટ્‌')*vt.* To under value:ઓછી કિંમત કo;-ની મૂલ્ય ઓછી જાણવી

Un-der rose,(અન્‌ડર્‌ રોઝ્‌)*adv.* Secretly:અજાણમાં;ગુપ્ત રીતે [price than:ઓછી કિંમતે વેચવું.

Un-der-sell,(અન્‌ડર્‌સેલ્‌')*vt.*To sell at a lower

Un-der-sign,(અન્‌ડર્‌સાઇન્‌')*vt.* To write one's name નીચે સહી કરવી. *The undersigned*: સહી કરનાર માણસ;નીચે સહી કરનાર.

Un-der-stand, (અન્‌ડર્‌સ્ટૅન્ડ્‌')*vt.* 1.To know; to comprehend:સમજવું; ધ્યાન-મગજમાં ઉતારવું. 2. To suppose to mean; to interpret :-નો અર્થ કo;સમજાવવું.

Un-der standing,(અન્‌ડર્‌સ્ટૅન્ડ્‌'ઇન્ગ્‌)*n.*1 Knowledge;discernment; comprehension;explanation:સમજ;જ્ઞાન.*Eye of the* U.:જ્ઞાનચક્ષુ.2.An agreement of opinion;harmony:બનાવ;સંપ; સમજુતી *Good* U.:મિત્રભાવ.3 The intelligence: સમજશક્તિ;સમજણ;બુદ્ધિ;અક્કલ;મતિ;ગ્રહણશક્તિ.

Un-der-state, (અન્‌ડર્‌-સ્ટેટ્‌')*vt.* To state less strongly than may be done truthfully:કરતાં ઓછું કરીને કહેવું.

Un-der-stood,(અન્‌ડર્‌-સ્ટુડ્‌')*a.*Meant but not expressed:અધ્યાહાર હોય એવું; અધ્યાહારગર્ભિત.

Under-take,(અન્‌'ડર્‌ટેક્‌)*vt.* 1. To take upon one's self;to take in hand:માથે લેવું;હાથમાં લેવું;બીડું ઝડપવું. 2. To guarantee;to affirm;to promise: -ના વતી છાતી ઠોકીને કહેવું;-ની બાંહ્યધરી આપવી. *vi.*To venture:હિંમત ધરવી.

Under-tak-er,(અન્‌'ડર્‌ટેકર્‌)*n.*1.One who undertakes:માથે લેનાર.2.A contractor:કન્ટ્રાક્ટ રાખનાર.3.One who takes the charge of funerals:મશાલચીઓ;દફનક્રિયાનો સઘળો ચાલો પુરી પાડનાર.

Under-tak-ing,(અન્‌'ડર્‌ટેકિન્ગ્‌)*n.*Enterprize: સાહસ;જોખમ. [of a tenant:પેટા ખેડુત-ભાડુત.

Under-ten-ant,(અન્‌'ડર્‌ટૅનન્ટ્‌)*n.* The tenant

Un-der-value,(અન્‌ડર્‌વૅ'લ્યૂ)*vt.*1. To depreciate:ઓછી કિંમત કo. 2.To dispose:તુચ્છ ગણવું.

Under-work, (અન્‌'ડર્‌-વર્ક્‌)*vt.*To undermine:છુપી રીતે નુકશાન કo;-ને ધોકા-હરકત પહોંચાડવી.

Un-der-write, (અન્‌ડર્‌રાઇટ્‌')*vt.* To subscribe: નીચે લખવું;સહી કરવી. [વીમો ઉતારનાર.

Under-writ-er,(અન્‌'ડર્‌રાઇટર્‌)*n.* An insurer:

Un-de-served,(અન્‌ડીઝર્વ્ડ્‌')*a.*Not merited:અઘટિત;ગેરવાજબી;નાલાયક;અયોગ્ય.

Un-de-serving,(અન્‌ડીઝર્વ્‌'ઇન્ગ્‌)*a.* Not deserving:ગુણહીન;નાલાયક;અપાત્ર.

Un-de-sign-ing,(અન્‌ડીઝાઇન્‌'ઇન્ગ્‌)*a.* Simple; artless:ભોળું;દગા વગરનું;નિષ્કપટી;અધૂર્ત;નિષ્કપટી.

Un de-sira-ble,(અન્‌ડીઝાઇર્‌'અબલ્‌)*a.*Not pleasing:નાપસંદ;અણગમતું;અરુચિકર;અનિષ્ટ;અપ્રિય.

Un-de-termined,(અન્‌ડીટર્‌'મિન્ડ્‌)*a.*Not settled:નિશ્ચય નહી કરેલું;અનિશ્ચિત.

Un-devi-at-ing,(અન્‌ડી'વિએટિન્ગ્‌)*a.*Straight: આડે રસ્તે નહિ જનાર;સીધું;સરળ.

Un-di-gested,(અનિડજેસ્ટ્‌'એડ્‌)*a.* Indigested: નહિ પચેલું;અજીર્ણ;અપચિત.

Un-digni-fied,(અનિડગ્‌'નિફાઇડ્‌)*a.* Unworthy: મ્હોટાને લાયક નહિ એવું;અપ્રૌઢ;અપ્રશસ્ત;નીચ.

Un-di-minished,(અનિડિમિ'નિશ્ટ્‌)*a.* Not les-

sened:એવું નહિ કરેલું;અન્યૂનીભૂત.

Un-dis-cerning, (અન્ડિઝર્ન્ઇંગ) *a.* Want of discernment:અવિચારી;અવિવેકી;વિચાર વગરનું.

Un-disci-plined,(અન્ડિસ'સિપ્લિન્ડ્)*a.* 1.Not educated:અશિક્ષિત. 2. (*Troops*): બીનકવાઇતી; બીનતાલમી.

Un-dis-guised, (અન્ડિસ્ગાઇઝ્ડ')*a.*Not covered with a mask:વેષ વિનાનું; ખુલ્લું;નિષ્કપટ;કપટરહિત.

Un-dis-puted,(અન્ડિસ્પ્યૂટ્'એડ્)*a.*Not contested:જે વિષે વિવાદ થયો નથી એવું;નિર્વિવાદિત; નિર્વિવાદ.

Un-dis-turbed,(અન્ડિસ્ટર્બ્ડ')*a.*Calm:શાંત;સ્વસ્થ.

Un-di-vided,(અન્ડિવાઇડ્'એડ્)*a.*1.Unbroken; whole:આખું;અખંડિત. 2. Not set off:અવિક્ત; સહીયારૂં;મજીઆરૂં.

Un-do,(અન્ડૂ')*vt.* 1.To reverse;to annul:કર્યું તે ન કર્યું ક૦;ઊંધું વાળવું; રદ ક૦;-કર્યા પર પાણીફેરવવું. 2. To bring to poverty;to ruin:નાશ ક૦;પાયમાલ ક૦;ખરાબ ક૦;ભીખ માગતું કરવું.

Un-doubted,(અન્ડાઉટ્'એડ્)*a.*Not doubted:શક વિનાનું;નિસ્સંશય;નિઃશંક;અશંકિત; અસંદિગ્ધ.–**ly**, *adv.*:વગર સંદેહે;બેશક.

Un-dress,(અન્ડ્રેસ્')*vt.*1.To divest or strip of clothes:લુગડાં કાઢી નાંખવાં.2.To take the dressing from:પાટો છોડી લેવો. *n.*A loose,negligent dress:ઢીલાં કપડાં.

Un-due, (અન્ડ્યૂ')*a.* 1.Not due:નહિ પાકેલું;મુદ્દત નહિ થયેલું. 2. Not right:અઘટિત;ગેરવાજબી. 3. Excessive:બેસુમાર;અમર્યાદ.

Undu-late,(અન્'ડ્યુલેટ્)*vt.*[L.*unda*,a wave.] To vibrate:લટકીને હિંચકા ખાવા;ડોલા ખાવા.

Undu-lat-ed, (અન્'ડ્યુલેટેડ્)*a.* Vibrating.મોજાંની પેઠે ઉંચું નીચું થતું.

Undu-lat-ing,(અન્'ડ્યુલેટિંગ્)*a.* Rising and falling like waves:ઉંચું નીચું થતું;ચઢ ઉતાર.

Un-du-lation,(અન્ડ્યુલે'શૅન્)*n.*A waving motion or vibration:લેહેરની પેઠે ગમન ક૦ તે;હિંચકા-ડોલા-ઝોલા ખાવા તે.

Undu-la-to-ry, (અન્'ડ્યુલ ટૉરિ)*a.* Moving in the manner of waves:હાલ્યાકરતું;ડોલતું.

Un-duly,(અન્ડ્યૂ'લિ)*adv.*In an undue manner: ગેરવાજબી રીતે;નાલાયક રીતે;ઝાઝું;અતિશય.

Un-duti-ful, (અન્ડ્યૂ'ટિફુલ્)*a.* Not obedient: આજ્ઞા-હુકમ નહિ માનનાર;બેહુકમી;સ્વધર્મ વિમુખ.

Un-dying,(અન્ડાઇ'ઇન્ગ્)*a.*Imperishable:અમર.

Un-earth,(અન્અર્થ')*vt.*To drive or draw from the earth:સંતાઈ રહ્યું હોય ત્યાંથી બહાર કાઢવું.

Un-earthly,(અન્અર્થ'લિ) *a.* Supernatural:આ દુનિયામાં હોય નહિ એવું;અલૌકિક.

Un-easi-ly, (અન્ઇઝ્'ઇલિ) *adv.* In an uneasy manner:બેચેનાથી;અસ્વસ્થતાથી;અવસ્થપણે;ચટપટી.

Un-easi-ness,(અન્ઇઝ'ઇનિસ્)*n.*Anxiety:બેચેની;

Un-easy,(અન્ઈ'ઝિ)*a.*1.Not easy;difficult:અઘરૂં; કઠણ.2.Restless;perturbed:બેચેન;અસુખી;અશાંત.

Un-edu-cat-ed,(અન્એડ્'યુકેટેડ્)*a.*Not educated:અભણ;કેળવણી નહિ પામેલું;નિરક્ષર.

Un-em-barrassed,(અન્એમ્બૅ'રેસ્ડ્)*a.*Not embarrassed:નહિ ગભરાયેલું.

Un-en-cumbered, (અન્એન્કમ્'બર્ડ્) Disencumbered:ગીરો નહિ મુકેલી.

Un-en-gaged,(અન્એન્ગેજ્ડ્')*a.* Free:નવરૂં;નિરૂદ્યમી.

Un-envi-ous,(અન્એન્'વિઅસ્)*a.*Not envious: અદેખાઈ નહિ કરનાર.

Un-equal,(અન્ઈ'ક્વૅલ્)*a.*1.Not equal:કમી;ન્યૂનતી; વિષમ.2.(*a*)Ill balanced;disproportioned:અતુલ્ય;અસમ (*b*)Partial:એક તરફી.

Un-equalled,(અન્ઈ'ક્વૅલ્ડ્) *a.* Unmatched; unrivalled:અનુપમ;નિરૂપમ;વિષમ;અતુલ;અતુલ્ય.

Un-e-quivo-cal, (અન્ઇક્વિ'વૉકૅલ્) *a.* Clear; evident;plain:સાફ;ખુલ્લું;સ્પષ્ટ;શંકા-સંદેહ રહિત.

Un erring,(અન્એર્'ઇંગ્)*a.* Certain; sure; unfailing:ભૂલવિનાનું;અચૂક;નિર્ભ્રાંત;અચૂકસંધાની;ચોકસ.

Un-es-sential,(અન્એસ્સેન્'શૅલ્) *a.*Unimportant:જરૂરનું ન હોય એવું;અનાવશ્યક.

Un-even,(અન્ઈ'વ્ન્)*a.*1. Not even; not level: સરખું;સપાટ નહીં હોય એવું;ઉંચું નીચું;ખડબચડું.2. Unequal:અસમ;અતુલ્ય;વિષમ;અસમાન.

Un-even-ness,(અન્ઈ'વન્નેસ્) *n.* Unequality; uniformity:અસમાનતા;ઉંચા નીચાપણું;વિષમતા.

Un-ex-ception-a-ble, (અન્એક્સેપ્'શનૅબ્લ્) *a.* Unobjectionable:તકરારવિનાનું;અબાધ;અબાધિત.

Un-ex-pected,(અન્એક્સ્પેક્ટ્'એડ્)*a.*Sudden:અણધારેલું;ઓચિંતું;એકાએક;અકસ્માત;અલક્ષિત;અકલ્પિત.

Un-ex-pected-ly,(અન્એક્સ્પેક્ટ્'એડલિ)*adv.*Suddenly:એકાએક;અચાનક;ઓચિંતા;અકસ્માત.

Un-ex-pressed,(અન્એક્સ્પ્રેસ્ડ્')*a.*Not expressed:અપ્રકાર;વગર બતાવેલું;અસૂચિત.

Un-ex-perienced,(અન્એક્સ્પિ'રિએન્સ્ડ્)*a.* Not experienced:અજાણ્યું;અનુભવ વગરનું;અપરિચિત.

Un-fading,(અન્ફેડ્'ઇંગ્)*a.*Fresh:તાજું;લીલું;અક્ષય;કરમાઇ-સુકાઇ ન જાય તેવું.

Un-failing,(અન્ફેલ્'ઇંગ્)*a.*Certain;sure;lasting;inexhaustible:અખૂટ;અક્ષય;ખચિત.

Un-fair,(અન્ફેર્')*a.*Not fair; not honest; unjust:ગેરવાજબી;ખોટું;અપ્રમાણિક;બેઇમાની;અન્યાયી.

Un-fairly,(અન્ફેર્'લિ)*adv.* Unjustly:ગેરવાજબી રીતે;બેઈમાનપણાથી.

Un-fairness,(અન્ફેર્'નેસ્)*n.* Dishonesty:અપ્રમાણિકપણું;ગેરવાજબીપણું;અપ્રમાણિકતા.

Un-faith-ful,(અન્ફેથ્'ફુલ્)*a.*Treacherous; perfidious:બેવફા;નિમકહરામ;બેઇમાન.

Un-faith-ful-ness,(અન્ફેથ્'ફુલ્નેસ્)*n.*Treachery;perfidy:બેવફાઈ;નિમકહરામી;દગો.

Un-falter-ing,(અન્ફૉલ્'ટરિંગ્)*a.* Not failing; not hesitating:અડગ;દૃઢ;અચકયા વગરનું;નિડર;નિઃશંક.

Un-fashion-a-ble,(અન્ફૅ'શનૅબલ્)*a.* Not according to the fashion:લોકવિરૂદ્ધ;અસભ્ય:રૂઢિવિરૂદ્ધ.

Un-fasten,(અન્ફૅસ્'ન)*vt.*To loose:છુટું ક૦.

Un-fathom-a-ble,(અન્ફૅ'ધમૅબલ્)*a.* So deep or remote that the limit or extent cannot be found:અથાગ;અગાધ;અપરંપાર;અગમ્ય;ગહન.

Un-favour-a-ble,(અન્ફૅ'વરૅબલ્)*a.* Adverse; contrary:અનુકૂળ ન હોય એવું;પ્રતિકુળ;ઉલટું;વિષમ.

Un-feeling, (અન્ફીલ્'ઇંગ) *a.* **1.** Destitute of feeling:લાગણી વિનાનું.2.Cruel:નિર્દય;ઘાતકી;ક્રુર.

Un-feigned,(અન્ફેન્ડ્')*a.*Real:ખરેખરૂં; વાસ્તવિક.

Un-fili-al,(અન્ફિલ્'ઇઅલ્)*a.* Not becoming a child:પુત્રધર્મને લાયક નહિ.

Un-finished,(અન્ફિન્'ઇશ્ડ્)*a.*Not finished;imperfect:અધુરૂં;કાચું;અસમાપ્ત; અપૂર્ણ.

Va-por-ation,(વેપૉરે'શન્)*n.* [L *vapor.*]The act or process of converting into vapor: વરાળના રૂપમાં ઉડી જવું તે.
Vapor-ous,(વે'પૉરસ્)*n.* 1. Having the form of vapour:વરાળના જેવું. 2.Full of vapour:વરાળવાળું.
Vapour-y,(વે'પૉરિ)*a.* 1.Full of vapour:બાફવાળું;બાષ્પમય-રૂપ. 2.Peevish:બળીએલ;ધૂંધવાતું; બળતું ઝળતું;ચીડિયું.
Vapour,(વે'પૉર્)*n.*1.Any substance in gaseous state the condition of which is liquid or solid:કોઇ પ્રવાહી પદાર્થ અતિ ઉષ્ણ થવાથી બનેલી

હવા-બાફ.*vi.*To emit vapor:-માંથી વરાળ-ધુમાડો નીકળવો.*vt.*To send off in vapor:વરાળ રૂપે કાઢી નાંખવું-ઉરાડી દેવું. [ર;શેખીખોર;ફુલણજી.

Vapour-er,(વે'પૉરર્)*n.*A braggart:પતરાજીખો-

Vapor-ize,(વે'પૉરાઇઝ)*vt.*To convert in vapour:ની વરાળ ક૦;વરાળના રૂપમાં લાવવું.*vi.*To pass off in vapour:વરાળરૂપે ઉડી જવું.

Vari-a-ble,(વે'રિએબલ્)*a.*Capable of alteration in any manner; changeable: ફરે-બદલાય એવું; જુદા પ્રકારનું થાય એવું. Fickle; unsteady: અદૃઢ;અસ્થિર;ચંચળ;અનિત્ય.**V.***stars*:તેજમાં વધઘટ કર્યા કરે એવા સ્થાયી તારાઓ. *n.* That which is variable:બદલી જાય એવો પદાર્થ.

Vari-a-ble-ness,Vari-a-bili-ty, (વે'રિએબલનેસ્,વે'રિએબિલ"ઇટિ) *n.* The quantity or state of being variable:અસ્થિરપણું;અસ્થિરતા; ચંચળતા.

Vari-ance,(વે'રિએન્સ્)*n.*1.Change of condition સ્થિતિમાં ફેરફાર;ફેર. 2. Disagreement:અણબનાવ;અબનાવ;ફુટ;લડાઈ;તટકલહ; વેર.

Va-ri-ation,(વેરીએ'શન્)*n.* 1.The act of varying;modification:ફેરફાર;તફાવત. 2. Extent to which a thing varies:ભિન્નતા;ફેર;તફાવત. 3. Change of termination of words:વિભક્તિ.

Vari-egate,(વે'રિએગેટ્)*vt.*To mark with different colors;to dapple:નાના રંગી-બહુરંગી ક૦.

Vari-e-gat-ed,(વે'રીએગેટ્એડ્)*a.*Having marks of different colors: ચિત્ર વિચિત્ર; બહુરંગી.

Vari-e-gation,(વે'રીએગે"શન્)*n.*Diversity of colors:વિચિત્રતા;બહુરંગી.

Va-rie-ty,(વેરા'ઇટિ)*n.*1.Diversity;multifariousness.વિચિત્રપણું;વિવિધતા;ભેદ. 2.Something differing from others of the same general kind;a sort:જાત;પેટાજાત;જુદી જાત.

Vari-ous,(વે'રિઅસ્)*a.*Different: diverse;several:તરેહ તરેહનું;જાતજાતનું;નાનાવિધ;અનેકવિધ.

Varlet,(વાર્'લેટ્)*n.*1.A servant:ચાકર;નોકર;ખીજમતદાર;ખવાસ.2.A rascal:ધુતારો;કમબખ્ત.

Varnish,(વાર્'નિશ્)*n.*[L. *vitrum,* glass.]1.A viscid liquid consisting of a solution of resinous matter in an oil laid on work with a brush:રોગાન;વારનીસ. 2. A glossy appearance:ચળકતો દેખાવ. 3. Outside show;gloss: બહારનો ભપકો;ટાપટીપ *vt.*1.To lay varnish on: વારનીસ-રંગ ચઢાવવો.2.To gloss over:ટાપટીપ ક૦.

Varu-na,(વૅર્'યુનૅ) *n.* The god of the water: દરીઆઈ દેવ;વરુણ.

Vary,(વે'રિ)*vt.*[L.*varius*, various.]1.To change the aspect of:to modify:તરેહ ઊળમાં ફેર કરવો. 2. To alternate:રૂપભેદ-રૂપાંતર ક૦. 3. To diversify;to variegate:વિચિત્ર કરવું-બનાવવું.*vi.* 1. To alter; to become different:બદલાવું-મા ફેર પડવો. 2. To differ or to be different:-થી જુદા પડવું;ભિન્ન હોવું.3.To alternate:એક પછી એક આવવું-બદલાવવું.

Vascu-lar, (વૅસ્'ક્યુલર્)*a.* [L. *vas*,a vessel.] Consisting of or containing vessels as an essential part of the structure:રસવાહીનિથી ભરપુર-નું બનેલું;નાડી-શિરાવિશિષ્ટ-સંબંધી.

Vase,(વેસ્)*n.* [L. *vas*,a vessel.] A vessel of elegant pattern:શોભીતું વાસણ-પ્યાલું;ચંબુ;કળશ.

Vassal,(વૅસ્'અલ્)*n.*[L.*vassalus*,a servant.]1. A feudatory:જાગીરદાર;માંડલિક. 2.A servant: ચાકર;નોકર.*vt.*To enslave:ગુલામ ક૦.

Vassal-age,(વૅસ્'અલેજ્)*n* 1. Political servitude:તાબેદારી;આધીનતા. 2. A territory held in vassalage:તાબાનો મુલક;માંડલિકનું સંસ્થાન.

Vast,(વૅસ્ટ્)*a.* [L. *vastus*, empty.]1. Waste; desert:ઉજ્જડ;વસ્તી વિનાનું; નિર્જન. 2. Of great extent;immense વિસ્તારવાળું; વિશાળ;વિસ્તીર્ણ. 3. Very great in number: ઘણું મોટું; જબરું; ગંજાવર.

Vastly,(વૅસ્ટ્'લિ)*adv.* Very greatly:અતિશય.

Vastness,(વૅસ્ટ્'નેસ્)*n.* The quality of being vast:વિસ્તાર.

Vas-tation,(વૅસ્ટે'શન્)*n.*[L.*vastus*,empty.]A laying waste;depopulation:નાશ;પાયમાલી.

Vasti-ty,(વૅસ્ટ્'ઇટિ)*n.*Vastness:વિશાળતા;વિસ્તાર.

Vat,(વૅટ)*n.*1. A large vessel cistern or tub for holding liquors:મોટું પીપ;ટાંકી;કુંડું. 2. A measure for liquids:પ્રવાહી પદાર્થોનું માપ. 3 A vessel for holding holy water:પવિત્ર જળ રાખવાનું વાસણ;ગંગાજમની.

Vati-cide,(વૅ'ટિસાઈડ્)*n.* [L.*vates*,a prophet & *caedo*,I kill.] The murder or the murderer of prophet:પેગંબરનું ખુન-અગર ખુન કરનાર.

Va-ticin-al,(વૅટિ'સિનૅલ્)*a.*Prophetic:જેમાં ભવિષ્ય વાણી રહેલી છે એવં;ભવિષ્ય સૂચક-દર્શક;ભવિષ્યમય.

Va-tici-nation,(વૅટિસ્'ઇને"શન્)*n.*Prophecy: ભવિષ્ય;અગમચેતી;ભવિષ્યકથન;આવિકથન.

Vault,(વાલ્ટ્)*n.*[L.*volvo*,I roll.]1.An arched structure of masonry forming a ceiling or canopy:કમાનવાળો દેખાવ;ઘુમટ;મહેરાબ.2.An arched apartment:મહેરાબદાર ઓરડો;ભોંયરૂં 3. The canopy of heaven:આકાશ; નભોમંડળ. *vt.* To form with a vault; to arch: કમાન ઘુમટ બનાવવો-કરવો. [બદાર;કમાનદાર;ઘુમટવાળું.

Vaulted,(વાલ્ટ્'એડ્)*a.* Arched;concave:મહેરા-

Vaulting,(વાલ્ટ્'ઇંગ્)*n.*Leaping;tumbling:કુદકો;કુદવાની કસરત;થેકડાબાજી.

Vaunt,(વાન્ટ્)*vi.*[L.*vanus*,empty.]To boast; to brag:બડાઇ કરવી;ડંફાસ મારવી. *vt.* To boast of:ને વિષે બડાઇ-મોટાઇ-શેખી મારવી.*n.*A boast; a brag:શેખી;ફિશિઆરી.

Vaunting-ly,(વૉન્ટ'ઇંગ્લિ)*adv.*In a vaunting manner:મોટાઇ-બડાઈથી.

Veal,(વીલ્)*n.*[L.*vitulus*,a calf.] The flesh of a calf when killed:વાછરડાનું માંસ;ગોવત્સમાંસ.

Veir,(વીર્)*vi.*To turn:ફરવું;બદલાવું. *vt.*To turn: ફેરવવું;દિશા બદલવી. *To* **v.** *away, or out*,to let out:મૂકવું;છોડવું.

Vege-ta-ble,(વેજ્'ઇટેબલ્)*a.* [L. *vegeto*,I enliven] 1. Of or pertaining to plants:વનસ્પતિ વિષયક. 2.Consisting of or comprising plants:છોડવિષેનું.*n.*1 A plant:વનસ્પતિ;ઔષધી;ભાજી-પાલો.2.A plant used for food for man:શાકભાજી.

Vege-tate,(વેજ્'ઇટેટ્)*vi.* [L *vegeto*,I enliven.] 1.To grow;to germinate:ઉગવું;અંકુર ફૂટવો.2. To grow exuberantly:ફુલવું;વધવું;ઉપસવું;સુઝવું.

Ve g-e-tation,(વિજીટે'શન્)*n.*1.Vegetable growth:અંકુર-પીલો ફૂટવો તે;રોહણ. 2.Vegetables or plants in general:ઝાડપાન; વનસ્પતિ;ઔષધી.

Vege-tat-ive,(વેજ્'ઈ ટેટિવ્)*a.*1.Growing:ઉગતું; વર્ધમાન;વૃદ્ધિ પામતું. 2. Having the power to produce growth in plants:ઝાડપાનની વૃદ્ધિકરે એવું.

Vehe-mence,(વી'હેમેન્સ્)*n.*[L.*veho*,I carry & *mens,mentis*,the mind.] Violence;fury:જોર; વેગ;ઝપાટો;તડાકો.પ્રબળ;પ્રાબલ્ય.

Vehe-ment,(વી'હેમેન્ટ્)*a.*1. Furious;violent: જબરૂં;ભારે;પ્રચંડ.2.Very ardent:ઝનુની;આવેશમાં આવેલું;આવેશી.

Vehi-cle,(વી'હિકલ્)*n.*[L.*veho*,I carry.]A means of conveyance, as a coach, carriage, wagon,cart,car &c.:ગાડી; રથ;બગી;પાલખી;વાહન. *Horse* **v.**:ઘોડાગાડી.*Man* **v.**:નરયાન;પાલખી.

Veil,(વેલ્)*n.*[L. *velum*,a covering.]1. (*a*) A cover;a curtain:આડો પડદો; આંતરો;ચક. (*b*) A screen to hide or protect the face:બુરખો; ઘુમટો.2.A disguise;a cover;a mask;a pretense:પડદો;ઢાંકણ;આવરણ.*vt.*1.To throw a veil over:બુરખો નાંખવો.To hide:ઢાંકપીછોડો ક૦.

Vein,(વેન્)*n* [L.*vena*,a vein]1. One of the vessels which carry blood either venous or arterial to the heart; artery:શિરા; નાડી; ધમની;નસ;રગ.2.Peculiar temper;tendency or turn:ભાવ;મનોવૃત્તિ;તબિયત;પ્રકૃતિ;તાસીર.3.A Current;a course:માર્ગ;પ્રવાહ;ધારા.

Veined,(વેન્ડ્)*a.*Full of veins:જૂદા જૂદા રંગોની રેખા-દોરા-તસરીથી રંગબેરંગ દેખાતું. [વાળું.

Veiny,(વે'નિ)*a.*Full of veins: રંગબેરંગી નસો-

Vellum,(વેલ્'અમ્) *n.* A fine kind of parchment usually made from calf-skin and rendered clear and white:સૂક્ષ્મ ચર્મપત્ર.

Ve-loci-pede,(વીલૉસ્'ઈપીડ્)*n.*[L.*velox,velocis* swift,*pes,pedis*,foot.] A light road carriage propelled by the feet of the rider: બેસીને પગ હલાવીને ચલાવવાની ગાડી.

Ve-loci-ty, (વીલૉસ્'ઇટિ) *n.* [L. *velox, velocis*, swift.]1.Swiftness;speed:વેગ;ઝડપ. 2. Rate of motion:ગતિ;વેગ;ગતિનો વેગ.

Velvet,(વેલ્'વેટ્)*n.* [L.*villus*,shaggy heir.]A silk fabric having a short close nap of erect threads: મુખમલ *a.* Made of velvet; soft and delicate like velvet: મુખમલ જેવું નરમ મુખમલનું.

Velvet-y,(વેલ્'વેટિ)*a.*Made of velvet;smooth; soft:મખમલના જેવું લીસુ-સુંવાળુ;કોમળ.

Venal,(વી'નૅલ્)*a.*[L.*vena*, a vein.]Venous:નસોમાંનું;શિરા સંબંધી-વિષયક.*a.*[L.*venus*, sale.] Salable;purchasable: વેચાણીયું;ખરીદ કરેલું.

Ve-nali-ty,(વીનૅલ્'ઇટિ)*n.* Mercinariness:લાંચ લઇને કામ કરવાની ચાલ;લાંચખોરી;લાંચલુચપત.

Vend,(વેન્ડ્)*vt* [L.*vendo*, I sell.]To dispose of by sale;to sell:વકરો કરવો;વેચી નાંખવું.

Ven dee,(વન્ડી')*n.*The person to whom a thing is vended:ખરીદ કરનાર;વેચાતું લેનાર. [વિક્રયી.

Vender, (વેન્ડ'અર્) *n.* A seller: વેચનાર; વિક્રેતા;

Vendi-ble,(વેન્'ડિબલ્)*a.*Salable:વેચવા જોગ. *n.* Something that can be sold:વેચવા યોગ્યપદાર્થ.

Ven-dition,(વેન્ડિ'શન્)*n.*Sale:વકરો;વેચાણ.

Vendor,(વેન્'ડૉર્)*n.*A vender;a seller:વેચનાર.

Vendue,(વેન્'ડ્યુ)*n.*An auction:હરાજી;લીલામ.

Ve-neering,(વનીર્'ઇન્ગ)*n.*1.Thin wood used as a veneer:ઉપર જડેલું કિંમતી લાકડાનું પાટીયું.2.The act of one who veneers:પાટીયું જડવાની કળા-હુન્નર-કામ.

Vene-r-a-ble,(વે'નરેબલ્) *a.*Worthy of veneration or reverence:માનનીય;પૂજનીય; પૂજ્ય;પવિત્ર.

Ven-e-rate,(વે'નરેટ્) *vt.* [L. *veneror*, I worship.]To honour with mingled respect and awe:પૂજ્યમાનવું-ગણવું;પ્રત્યે પૂજ્યબુદ્ધિ ધરવી-રાખવી.

Ve-ne-ration,(વિનરે'શન્)*n.*The act of venerating;the highest degree of respect and reverence:પૂજ્યતા;આદરબુદ્ધિ;માનપ્રતિષ્ઠા;આદરમાન.

Vene-rat-er,(વે'નરેટર્) *n.* One who venerates:માન આપનાર;પવિત્ર ગણનાર.

Ve-nere-al,(વિની'રીઍલ્)*a.*[L.*Venus*,the goddess of love.] 1. Relating to sexual intercourse:સ્ત્રી સંભોગ-મૈથુન સંબંધી. 2 (*Med*)(*a*) Arising from sexual intercourse:મૈથુનથી થતું; ગરમીનું.(*b*)Adapted to the cure of venereal diseases:ગરમીના રોગ મટાડવાને કામ લાગતું. 3. Consisting of copper:ત્રાંબાનું.

Vene-ry, (વે'નરિ) *n.* [L. *Venus*, the goddess of love.] Sexual love; sexual intercourse; coition:રતિસુખ ;સ્ત્રી સંભોગ;મૈથુન;સંભોગ;રતિક્રિડા.

Ve-ne-section,(વેનીસેક્'શન્)*n.*Blood letting:

ફ્સ ખોલવી તે;શિરાચ્છેદ.

Ve-neti-an,(વીની'શિઅન)*n*. A native of Venice:વેનીસનો રહેવાસી. *a*. Of or pertaining to Venice:વેનીસનું.V.*blind*:ફરેઠા;ભીલભીલ.

Vengeance,(વેન્જ'અન્સ)*n*.[L.*vindico*,I avenge.]Punishment inflicted in return for an injury;retribution:કીનો;...ર;ઝેર.

Vengeful,(વેન્જ'ફુલ) *a*.Vindictive; revengeful:ખારીલું;વેરીલું;ખુની;દ્વેષીલું;ઝેરીલું;ખુની;કીનાખોર.

Veni-al,(વી'નિઅલ)*a*.[L.*venia*, pardon.]Pardonable;excusable:માફ કરવા યોગ્ય-જોગ.

Venison,(વેન'ઝન-વેન'ઇઝન)*n*.[L.*venor*,I hunt.] Flesh of animals of the deer kind:મૃગમાંસ.

Venom,(વે'નોમ)*n*.1. Matter fatal to life;poison:વિષ;ઝેર;વિખ;હલાહલ.2.Malice:અદાવત;વેર; દુશ્મનાવટ.

Venom-ous, (વે'નોમસ) *a*. Full of venom: ઝેરી;વિષમય-યુક્ત;પ્રાણઘાતક-નાશક;સવિષ.

Venous,(વી'નસ)*a*.[L.*vena*,a vein.]Of or pertaining to a vein:નસો સંબંધી;શિરાવિષયક.

Vent,(વેન્ટ)*n*.Market:બજાર;ચૌટું.*vt*.To sell:વેચવું.*vi*.To snuff:સુંઘવું.*n*.1.A small aperture: ન્હાનું કાણું.2.Outlet:માર્ગ;બારી;દરવાજો 3.Utterance:ઉદ્ગાર.*To give* v.*to*,to let out:-નો ઊભરો કાઢવો.*To take* v.,to escape:પ્રગટ થવું;પ્રસિદ્ધ થવું. *vt*.To let out:કાણા-બાકામાંથી બહાર કાઢવું.

Ventage,(વેન'ટેજ)*n*.A small hole:નાનું બાકું.

Vent-hole,(વેન્ટ'હોલ)*n*. A touch hole:તોપનો કાન. [or air:પવનનો રસ્તો;બારી;જાળીયું.

Venti-duct,(વેન'ટિડક્ટ)*n*.A passage for wind

Venti-late,(વેન'ટિલેટ)*vt* [L.*vantus*, wind.]1. To air in;to open & expose to the free passage of air:માં ખુલ્લો પવન-હવા આવે જાય તે પ્રમાણે કરવું.2.To winnow;to fan:ઝાડકવું;ઝાટકવું.3. To sift and examine:ની ચર્ચા કo;ચર્ચા ઉપર લેવું. 4.To make public:પ્રસિદ્ધ કo.

Ven-ti-lation, (વેન્ટિલે'શન)*n*. 1. Free exposure to air:પવન આવે જાય તેમ કરવું તે;પવનની છુટ. 2. Refrigeration: ઠરી જવું તે; શિથિલતા.3.The act of giving vent or expression: ઉદ્ગાર; ઉચ્ચારણ;ઊભરો.

Ventri-ole,(વેન'ટ્રિકલ)*n*. [L. *ventriculous*,the stomach.]1.A cavity of an organ:ન્હાનો ખાડો; કોષ.2 Stomach:હોજરી;પેટ.

Ven-trilo-quism, (વેન્ટ્રિ'લોકિવઝમ) *n*. The act of speaking so that the voice would appear to come from a distance:ગારૂડાવાણી.

Venture,(વેન'ટ્યૂર)*n*.1.A hazard;a risk:સાહસ; જોખમ.2.Chance; accident:નસીબ;દૈવ;અણધાર્યો બનાવ.*vt*.1.To hazard one's self;to dare:માથે જોખમ લેવું;છાતી ચલાવવી.2.To take the chances:જોખમમાં ઝંઝાવવું.*To* v.*at,on or upon*,to dare to engage it:છાતી ચલાવવી.*vt* To risk:ભયમાં નાંખવું.

Venture-some,Ventur-ous, (વેન'ટ્યૂર્સમ,વેન'ટ્યૂરસ) *a*. Daring; adventurous: બહાદુર; સાહસી.

Venue, (વેન'યુ) *n*.A near place; the place or country in which anything is alleged to have happened:જ્યાં કંઇ બનાવ બન્યો હોય તે જગા અગર પ્રગણું;પાસેની જગ્યા.

Venus,(વી'નસ)*n*. 1. The goddess of beauty and love:કામદેવની સ્ત્રી;રતિ 2 One of the planets:શુક્રનો તારો.

Ve-racious,(વીરે'શસ)*n*.[L. *verus*, true.]Observant of truth;truthful:સત્યવાદી.

Ve-raci-ty,(વીરૅસ'ઇટિ) *n*.Truthfulness:સત્યતા.

Ve-randa,(વીરૅન'ડ)*n*. An open roofed gallery:ઓટલો;વરંડો;ઓસરી;પરસાળ;સ્તરી.

Verb,(વર્બ)*n* [L.*verbum*, a word]1. A word; a vocable:શબ્દ. 2. A word which affirms something of some person or thing ક્રિયાપદ. *Active* v.:સકર્મક ક્રિયાપદ. *Neuter* v.: અકર્મક ક્રિયાપદ *Passive*:v.:કર્મણિ ક્રિયાપદ.

Verbal,(વર્બ'અલ)*a*.1 Spoken;oral:મ્હોડાનું;બોલેલું.2 Consisting in words only:શબ્દનું;શાબ્દિક. V.*noun*:ધાતુ સાધિત નામ.

Verbal-ly,(વર્બ'અલિ)*adv* Orally:વાણીથી;મુખથી.

Ver-batim,(વર્બે'ટિમ)*a*.[L *verbum*, a word.] Word for word:શબ્દે શબ્દ;શબ્દશઃ;અક્ષરશઃ

Verbi-age,(વર્'બિએજ)*n*.Verbosity:ઘણા નકામા શબ્દો વાપરવા તે;શબ્દવિસ્તાર;વાક્પ્રપંચ.

Ver-bose,(વર્બોસ')*a*. Abounding in words: શબ્દ વિસ્તારનું;જોઈએ તે કરતાં વધારે શબ્દનું.

Ver-bosi-ty,Ver-boseness, (વર્બોસ'ઇટિ,વર્બોસ'નેસ)*n*.Verbiage:જોઈએ તે કરતાં અધિક શબ્દો વાપરવા તે;વાક્વિસ્તાર;અતિશયોક્તિ.

Verdan-cy,(વર્'ડેન્સિ)*n*.The quality or state of being verdant:તાજગી; લીલોત્રી;હરિયાળી.

Verdant,(વર્'ડેન્ટ)*a*.[L.*viridis*,green.]Green; fresh; flourishing:લીલું;તાજું;લીલોત્રીથી ભરપુર.

Verdict,(વર્'ડિક્ટ)*n*.The decision of a Jury: જ્યુરીનો ઠરાવ-ફેંસલો;હુકમનામું;ચૂકાદો.

Verdi-gris,(વર્'ડિગ્રિસ)*n*.[L.*viridis*,green *aes*, *aeris*,brass.]The green rust formed on copper:તાંબાનો કાટ;જંગાલ.

Verdure,(વર્'ડ્યૂર)*n*.Green;greenness;freshness of vegetation:લીલોત્રી;હરિયાળી;નવપલ્લવતા.

Verge,(વર્જ)*n*.[L *virga*,a sprout.]1.An edge; margin:કાનો;કોર;ધાર; કાંઠો;કિનારો. *On the* v. *of death*:મરણોન્મુખ.2 The edge of a bed:પાળી; સીમા;સીમાડો.*vi*.To border upon:કિનારે-છેડે આવવું-આવી રહેવું-હોવું. [સાબીત કરી આપવા જોગ.

Veri-fi-a-ble,(વેર'ઇફાઇઅબલ)*a*.Conformable:

Ver-i-fi-cation,(વેર'ઇફિકે'શન)*n*. Confirma-

tion; authentication:સાબીત કરી આપવું તે.

Veri-fy, (વેરિફાઈ)*vt.*[L.*verus*, true and *facio*, I do.]To establish the truth of;to confirm: ખરૂં કરી આપવું;-ની પ્રતીતિ આપવી.

Veri-ly, (વે'રિલિ) *adv.* In fact;certainly:બેશક; ખરેખર;નવાણું વસા;નિઃસંશય;ખચિત;અવશ્યે.

Veri-ta-ble,(વે'રિટેબ્લ્)*a.*Actual:સાચું;ખરેખર.

Veri-ty,(વે'રિટિ)*n.*Truth;reality:સાચવટ;સત્યતા.

Ver-mi-celli,(વર્મિસેલ્'લિ)*n.* The flour of a hard and small-grained wheat made in dough and forced through small cylinders till it takes a slender wormlike from: ખાવાની સેવ;શેવ.

Ver-micu-lar,(વર્મિક્'યુલર)*a.* Shaped like a worm:કૃમિ-કરમના જેવું;કૃમિસદૃશ.

Ver-micu-late,(વર્મિક્'યુલેટ્) *vt.*To form or work as by inlaying with regular lines or impressions: કરમના આકાર જેવું કરવું-બેસાડવું. *a.* Crawling like a worm:કીડાનીમાફક પેટે ચાલતું.

Vermi-cule,(વર્'મિક્યુલ્)*n.*A small worm or insect larva:નાનાં જીવડાં-કીટ-કૃમિ.

Vermi-fuge,(વર્'મિફ્યુજ્)*n.*A medicine that expels worms.કૃમિનું ઓસડ;કરમિયાનું એસડ.

Ver-milion,(વર્મિલ્'યૉન્) *n.* A red pigment consisting of mercuric sulphide:હિંગળોક.

Vermin,(વર્'મિન્)*n.*[L.*vermis*, a worm.] A noxious or mischievous animal; noxious little insects collectively:જીવાત;જીવજંતુ.

Ver-mivo-rous,(વર્મિવ્'ઑરસ્)*a.*[L.*vermis*,a worm & *voro*,I devour.]Feeding on worms: કીડા ખાનારૂં.

Ver-nacu lar,(વર્નૅક્'યુલર)*a.* [L. *vernaculus*, born in one's house.] Native; indigenous: દેશીય;સ્વદેશી.*n.*One's mother tongue:દેશીભાષા.

Vernal,(વર્'નૅલ્)*a.*1. Of or pertaining to the spring:વસંતઋતુમાં આવતું.2.Belonging to youth:તરૂણાવસ્થાનું.V.*equinox*:મહાવિષુવ;મેષવિષુવ.

Versa-tile,(વર્સ'અ ટાઇલ્)*a.*[L. *verto*,I turn.]1. Capable of being turned around:ગોળ ફરે તેવું. 2.Unsteady;inconstant:અસ્થિર;અદૃઢ;ચંચળ.

Vers-a-tili-ty,(વર્સેટિલ્'ઇટિ)*n.*Versatileness: ચપળતા;ચંચળપણું;ચંચળતા;ચાંચલ્ય;અસ્થિરતા.

Verse,(વર્સ્)*n.*[L *verto*,I turn.]1.A line consisting of a certain number of metrical feet:ચરણ;પાદ.2. Poetry:કવિતા;છંદ. 3. One of the short divisions of the chapters: જુના અને નવા કરારમાંના નાના ભાગ-વિભાગ; કલમ; વચન. 4.A piece of poetry:કવિતા.*vt.*To tell in poetry:કવિતા રૂપે કહેવું.*vi.*To make verses: કવિતા કરવી-બનાવવી-રચવી.

Versed, (વર્સ્ડ્)*a.* [L.*verto*, I turn.] Skilled; practised:વાકેફગાર;કાબેલ;નિપુણ;પ્રવીણ;પારંગત.

Versi-fi-cation,(વર્સિફિકે'શન્)*n.* The construction of poetry:કાવ્ય-શ્લોક રચના;પદરચના.

Versi-fi-er,(વર્સિ'ફાઇઅર્)*n.*One who makes verses:છંદ-કવિતા રચનાર;કવિ.

Versi-fy,(વર્સિ'ફાઇ)*vt.* To make verses:કવિતા બનાવવી-રચવી;પદ્ય રચના-યોજના ક૦;શ્લોક ક૦.

Version,(વર્'શન્)*n.* [L. *verto*,I turn.]1. The act of translating: તરજુમો ક૦ તે; ભાષાંતરકરણ. 2.A Translation: તરજુમો;ભાષાંતર. 3. An account or description from a particular point of view:હેવાલ;બ્યાન;વર્ણન;હકીકત;રૂપ;સ્વરૂપ.

Versus, (વર્'સસ્) *prep.* [L. *verto*, I turn.] Against:-ની સામે;વિરૂદ્ધ.

Verte-bra,(વર્'ટેબ્રૅ)*n.*[L. *verto*, I turn.] One of the serial segments of the spinal column:બરડાની કરોડ-સાટ-હાડકામાંનો મણકો-ગાંઠ.

Verte bral,-ate, (વર્'ટીબ્રૅલ્,-બ્રેટ્)*a.* Spinal:સાટના-હાડકાના મણકા સંબંધી.

Vertex,(વર્'ટેક્સ્)*n.*[L.*verto*, I turn.]A turning point;apex:માથું;ટોચ;શિખર;અગ્ર. (*a*) The top;the crown of the head:માથાનું તાળવું.(*b*) The zenith or the point:ઉર્ધ્વદિશા;ઉર્ધ્વ.

Verti-cal, (વર્'ટિકૅલ્)*a.* Of or pertaining to the vertex:ટોચ સંબંધી-નું-વિષે;શીરો બિંદુનું.

Ver-tigo,(વર્ટિ'ગો)*n.* Giddiness:તમ્મર;ફેર;ચક્કર; ભમરી;ભ્રમર;માથું ફરવું તે.

Very,(વે'રિ)*a.* True;real;actual: ખરેખરૂં;સત્ય એવ;તેજ.*adv.*Extremely;exceedingly:અતિશય; ભારે;પુષ્કળ;અતિ;અતીવ;અત્યંત;પરમ.

Verily,(વેરિલિ)*adv.*Really surely:બેશક;ખરેખર.

Vesi-cate,(વે'સિકેટ્)*vt.* To raise little bladders or blisters upon:ફોલ્લો ઉઠે તેમ કરવું.

Vesi-cle, (વે'સિક્લ્)*n.*[L. *vesica*,a bladder.]1. A bladderlike vessel; cell:પોલાણ;પોલ. 2. A small blister or pustule on the skin:ફોલ્લી ફોલ્લીઓ;ફોલ્લા. 3. A cavity or sac filled with fluid:પ્રવાહી પદાર્થથી ભરેલી કોથળીઓ.

Ve-sicu-lous,(વિસિક્'યુલસ્)*a.*Bladdery:ફોલ્લાવાળું.

Vesper, (વેસ્'પર્)*n.* The evening star;venus: શુક્રનો તારો. *pl.*The evening song or service: સાયંકાળનું ભજન-ગીત.

Vessel,(વેસ્'એલ્)*n.*[L.*vascellum.*]1.A hollow utensil for holding any thing:વાસણ;પાત્ર.2. A ship:વહાણ;નાવ;નૌકા.

Vest,(વેસ્ટ્)*n.*[L.*vestis*,a garment.]1.An outer garment;dress; a robe:અંગરખો;જામો;ઝભો. 2.Array;garb:પોશાક; વેશ. 3.A waist coat: વાસ્કુટ. *vt.*1.To dress;to robe:પોશાક પહેરાવવો. 2.To clothe with possession:માલકી-કબજાનો હક આપવો. (*c*)To give a person an immediate fixed right of present or future enjoyment of: કબજા-ભોગવટાનો હમેશાને માટેનો હક

આપવો.*vi*.To come or descend:પોહોંચવું;-ને ઉતરવું આવવું-મળવું.

Vestal,(વેસ્'ટલ્)*a*. [L. *vestalis*,belonging to vesta.]Pure;chaste:પવિત્ર;શુદ્ધ.

Vestal,(વેસ્'ટલ્)*n*. A virgin consecrated to Vesta:વેસ્ટા દેવીને અર્પણ કરેલી કુંવારી કન્યા.

Vested,(વેસ્ટ્'એડ્)*a*.1.Clothed;robed:લુગડાં પહેરેલું.2.Fixed:સ્થાપિત;નક્કી કરી મુકેલું;કાયમ;ઠરાવેલું.

Vesti-bule,(વેસ્'ટિબ્યુલ્)*n*.The entrance into the house;a porch;a lobby:પરસાળ;ચાલ;દેવડી

Vestige,(વેસ્'ટિજ્)*n*.[L.*vestigium*,foot-print.] The mark of the foot left on the earth; a trace:નિશાની;પત્તો;પગલું;પદાંક.

Vestment,(વેસ્ટ્'મેન્ટ્)*n*.A covering or garment:ઝભ્ભો;જામો;પોશાક;વસ્ત્ર;વેષ;પહેરાવ.

Vesture,(વેસ્'ટ્યૂર્)*n*. A robe;dress;apparel; covering;envelope:ઝભ્ભો;પોશાક;જામો;પહેરવેશ.

Vete-ran,(વે'ટરન્)*a*. Long practised or experienced:લાંબા અનુભવવાળું;બરાબર પાકું થએલું. *n*.One who has long exercised in war:કસાયેલો લડવૈયો-યોદ્ધો

Vete-ri na-ry,(વે'ટરિનેરિ) *a*. Of or pertaining to the treating of the diseases of animals:જનાવર વૈદાનું સંબંધી;પશુ ચિકિત્સા સંબંધી-વિષયક.

Veto,(વી'ટો)*vt*.[L.*veto*,I forbid.]1. A forbidding:મનાઈ;નિષેધ. 2. A power possessed by one department to prohibit, the carrying out of projects attempted by other department:મનાઈ-નિષેધ કરવાનો અધિકાર-સત્તા. *vt*. To prohibit:મનાઈ-નિષેધ-પ્રતિષેધ કર.

Vex,(વેક્સ્)*vt*.[L.*veho*,I carry.]1.To agitate; to disquiet:અસ્વસ્થ-ક્ષુબ્ધ કર.2.To harass;to afflict:દુઃખ દેવું;બેજાર કર;સતાવવું. *vi*.To be irritated:ચીડાવું;ખીજાવું;ગુસ્સે થવું.

Vex-ation,(વેક્સે'શન) *n*. Trouble;irritation; agitation: સંતાપ; દુઃખ; હેરાન ગતિ;કષ્ટ પીડા.

Vex-atious, (વેક્સે'શસ્) *a*. Causing vexation,agitating;afflictive:ક્લેશકર;પીડાકારી.

Via,(વાઇ'અ)*n* By the way of:થઈને; રસ્તે;-નેમાર્ગે.

Via-duct,(વાઇ'અડક્ટ્) *n* A bridge:ખીણ-નાળા ઉપર બાંધેલો પુલ-રસ્તો.

Vial,(વાઇ'અલ્)*n*.A small bottle of glass:નાની શીશી;બાટલી.*vt*.To put in a vial:બાટલીમાં મૂકવું.

Viands,(વાઇ'અન્ડસ્)*n.pl*.Food;provisions:ખાવાના પદાર્થ;મિષ્ટાન્ન;ખાનપાન;પકવાન.

Vi-ati-cum,(વાઇઍટ્'ઇકમ્) *n*. An allowance for travelling expenses:ભથ્થું;વાટખરચી.

Vibran-cy,(વાઇ'બ્રન્સિ)*n*. Resonance: અવાજ; રણકો. [resonant:હાલાવમાન અવાજ કરતું;હાલતું.

Vibrant, (વાઇ'બ્રન્ટ્)*a*.Vibrating; tremulous;

Vibrate,(વાઇ'બ્રેટ્)*vt*.1. To brandish;to move to and fro;to swing:આમતેમ ફેરવવું-હલાવવું.2. To mark by moving to and fro:આમતેમ હાલીને નક્કી કર. 3. To set in vibration:ઝોલા ખાતું કર.*vi*.1.To swing:ઝોલા ખાવા;ઝુલવું. 2.To produce quivering effect of sound:-નો ઝીણો અવાજ આવવો.

Vi-bration,(વાઇબ્રે'શન્)*n*.1 Quick motion to and fro;oscillation:ઝોલો;આંદોલન;સ્ફુરણ;સ્ફુર્તિ. 2.A limited reciprocating motion of a particle of an elastic body:આંદોલન.

Vibrat-ing,Vibra to-ry, (વાઇ'બ્રેટિંગ-બ્રેટરિ) *a*.Vibrative:આમતેમ હાલતું-ઝોલા ખાતું;હાલાવમાન.

Vicar, (વિ'કર્)*n*. [L.*vicarius*, supplying the plan of another.]1.A deputy:પ્રતિનિધિ;અવેજી. 2. The incumbent of an appropriated benefice:ધર્મોપાધ્યાય.

Vicar age,(વિ'કરેજ્)*n*. 1. The benefice of a vicar:ઉપાધ્યાય વૃત્તિ.2.The house of a vicar: પાદરીનું રહેવાનું ઘર.

Vi cari-ous,(વાઇકે'રિઅસ્)*a*. [L.*vicis*, change]Deputed;delegated:બીજાની વતી કામ કરનાર.

Vicar-ship,(વિક્'અરશિપ્) *n*. The office of Vicar:પાદરીની ઓફીસ-હોદ્દો.

Vice,(વાઇસ્)*n*. Immorality;depravity;wickedness:ભ્રષ્ટતા; દુષ્ટતા; પાપ;અધર્મ; અન્યાય; અનીતિ; દુરાચરણ;અધર્માચરણ;પાપાચરણ;દુર્ગુણ;અવગુણ.

Vice, (વાઇસ્) *n*. A kind of instrument for holding work as in filing: પદાર્થોને મજબુત રાખવાનો સાંચો;સેગડો.*vt*.To hold with a vice: ચાંપથી પકડવું.

Vice, (વાઇસ્) *prep*. In the place of; in the stead of:-ને બદલે-સ્થાને. *a*. Designating an officer that is second in rank:ઉપ;નહાનું.

Vice-admi-ral,(વાઇસ્-ઍડ્'મિરલ્) *n*. (*a*) An officer holding rank next below an admiral:એડમીરલના હાથ નીચેનો;નાયબનૌકાધિપતિ.

Vice-admi ral-ty, (વાઇસ્ઍડ્'મિરલ્ટિ) *n*. The office of admiral:એડમીરલની પદ્વી-હોદ્દો-નોકરી.

Vice-chancellor, (વાઇસ્-ચૅન્'સેલર) *n*.(*a*) (*Law*) An officer next in rank to a chancellor:મુખ્ય ન્યાયાધીશથી ઉતરતો અમલદાર.(*b*)An officer in a University who confers degrees in the absence of the chancellor:વાઇસચૅન્સેલર. [vicar:પ્રતિનિધિ;નાયબ.

Vice gerent, (વાઇસ્જી'રેન્ટ) *n*. A lieutenant;a

Vice-presi-dent,(વાઇસ્પ્રે'ઝિડેન્ટ)*n*. An officer below the rank of a president:નાયબસરમહીન;ઉપાધ્યક્ષ.

Vice-presi-den-cy,(વાઇસ્પ્રે'ઝિડેન્સિ) *n*. The office of vice president:નાયબ સરનશીની.

Vice-regal,(વાઇસ્રી'ગલ્)*a*. Of or pertaining to a viceroy:સુબાનું-ને લગતું; રાજપ્રતિનિધિવિષયક.

Viceroy,(વાઇસ્રૉઇ)*n.*[L. *vice*, in stead & *rex*, a king.] The governor of a country who rules in the name of the sovereign with regal authority:સુબો;રાજ્ય પ્રતિનિધિ; વાઇસરાય.

Vice-royal-ty,(વાઇસ્રૉઇ'અલ્ટિ)*n.*The dignity of a viceroy:રાજ્ય પ્રતિનિધિની જગ્યા-હોદ્દો.

Vicety, (વાઇસ્'ઇટિ) *n.* Fault;defect:ભૂલ;ખોડ; ચૂક;ખામી;એબ.

Vicin-age,(વિ'સિનેજ્)*n.*Neighbourhood; vicinity:પાડોશ;સન્નિધતા;સમીપતા;સન્નિધિ;નિકટતા.

Vi-cini-ty, (વિસિન્'ઇટિ) *n.* Neighbourhood: પાડોશ;નિકટવર્તી પ્રદેશ.

Vicious,(વિ'શસ્) *a.*1. Wicked; depraved:દુરાચારી;દુષ્ટ;દુર્ગુણી;પાપાચરણી.2.Foul;bad:ખરાબ; નુકસાન કારક;નઠારું; દુષ્ટ.

Vi-cissi-tude (વિસિસ્'ઇટ્યૂડ્)*n.*[L.*vicis*,change.]1 Regular change; alternation:નિયમિત ફેરફાર;અનુક્રમ. 2. Revolution:ઉથલપાથલ;ફરતી છાંયડી. **V.** *s of time*:કાળચક્ર.

Victim,(વિક્'ટિમ્)*n.*[L.*victima*,a beast.]1. A living being sacrificed to some deity:યજ્ઞ પશુ;ભોગ,બળી;બલિદાન. 2. A person or thing destroyed or sacrificed in the pursuit of an object or in the gratification of a passion:ભોગ;ભક્ષ.

Victim-ize, (વિક્'ટિમાઇઝ્) *vt.* 1. To make a victim of:-નો ભોગ-ભક્ષ કરવું.2 To cheat:છેતરવું.

Victor,(વિક'ટૉર) *n.* [L. *vinco*,I conquer.]A vanquisher;a conqueror:જીતનાર:વિજેતા.

Vic-tori-ous,(વિક્ટૉ'રિઅસ્)*a.*[L.*vinco*,I conquer.]Being a Victor winning;triumphant: ફતેહમંદ;વિજયી;જયનું;જયવંત;જયપ્રદ.

Victo-ry,(વિક્'ટૉરિ)*n.*Conquest;triumph:જીત; ફતેહ;જય;વિજય.

Victual,(વિટ્'લ્)*vt.* 1. Food:ખાણું;ભક્ષ્ય;ભોજન; આહાર 2 Grain of any kind:અનાજ.*vt.*To provide with food:અન્નપાણી પુરું પાડવું.

Victual-age,(વિટ્'લેજ્)*n.*Victuals;food:ખોરાક.

Victuall-er,(વિટ્'લર્)*n.*1.One who furnishes victuals:ખોરાક પુરો પાડનાર. 2.A tavern keeper:વિસીવાળો;ભઠીઆરો. 3 A vessel employed to carry provisions:ખોરાક ભરી જવાનું વહાણ.

Victu-als, (વિટ્'લ્ઝ્) *n.* Provisions:અન્નપાણી; ખોરાક.

Vide (વાઇ'ડી)*a* [L.*video,I see*]See above:જુઓ.

Vidu-age,(વિડ્'યૂએજ્)*n.*The state of widowhood:વિધવાપણું;રંડાપો;વિધવાવસ્થા.

Vi-dui-ty,(વિડ્યૂ'ઇટી)*n.*Widowhood:રંડાપો.

Vie,(વાઇ) *vi.* & *vt.* 1. To stake a sum upon a hand of cards:સરત-હોડ બકવી.2.To strive for superiority: હરીફાઈ કરવી. *n.* A contest for superiority:હરીફાઈ;સરસાઈ.

View,(વ્યૂ)*n.*[L *video*,I see.]1.Sight;look:દૃષ્ટિ; નજર;દેખાવ.2.Mental survey:મનની તપાસ;અવલોકન.3.Reach or range of sight:દૃષ્ટિગોચરતા. 4.Scene:દેખાવ. 5.The pictorial representation of a scene:ચિત્ર ઉપરથી નજરે દેખાતો દેખાવ. 6.Opinion:મત;અભિપ્રાય. 7. Object; aim:હેતુ; આશય.*To have in* **v**.,to have in mind:મનમાં હોવું.*vt.*1.(*a*)To see;to behold:જોવું.(*b*)To look at with attention; to inspect:ધ્યાન-લક્ષ પૂર્વક જોવું.2.To consider:વિચારવું.

Vigil,(વિ'જીલ્)*n* [L *vigil*,watchful.]1.Watch; sleeplessness:જાગરણ;ચોકી.2.Devotional watching:રાત્રે થતી ભક્તિને વાસ્તે ઉજાગરો;જાગરણ.

Vigi-lance,-cy,(વિ'જીલૅન્સ્,-સિ)*n.*1.Wakefulness:જાગરણ;ઉજાગરો.2 Care;caution:સાવચેતી.

Vigi-lant,(વિ'જીલૅન્ટ્) *a.* Wakeful; watchful: સાવધ;હુંશીઆર;સાવચેત;ચાક;જાગૃત;સાવધાન.

Vigor-ous, (વિ'ગૉરસ્) *a* Possessing vigor; strong:બળવાન;પ્રબળ;જબરૂં;ભારે.

Vigour, (વિ'ગૉર્) *a.* [L. *vigeo*, I am lively, strong.]Force; active strength or force of body or mind:જોર;ઉત્સાહ;બળ;સામર્થ્ય.

Vile,Vild,(વાઇલ્;વાઇલ્ડ્)*a.*[L.*vilis*, cheap.]1. Low;base;worthless; mean:કાઠીનું;નઠારું,હલકું; અધમ;નીચ.2.Wicked:નઠારું;પાપી; દુષ્ટ.

Vileness,(વાઇલ્'નેસ્)*a.*1.Baseness:અધમતા. 2. Wickedness:દુષ્ટપણું;કુટિલતા; દુર્જનતા.

Vili-fy,(વિ'લિફાઇ)*vt.* 1 To make vile; to debase:હલકું પાડવું.2.To degrade; to defame:-નું માન ખંડન કo.3.To despise:ધિક્કારવું;નિંદવું.

Vili-pend,(વિ'લિપેન્ડ્)*vt.*[L *vilis* vile & *pendeo*,I value.]To despise:ધિક્કારવું;તુચ્છકારવું.

Villa,(વિલ્'અ)*n* A country seat:શહેર બહારનો બંગલો-વાડી;ગ્રામ્યગૃહ;વિનોદસ્થાન.

Village,વિલ્'એજ્) *n.* A small assemblage of houses in the country:ગામડું; ખેડું. **V.** *accountant*:તલાટી; કુલકરણી; મહેતો. **V.** *divinity*: ગામદેવી;ગામદેવતા.

Villag-er,(વિલ્'એજર્)*n.* An inhabitant of a village:ગામડીઓ;ગ્રામી;ગામમાં રહેનાર;ગ્રામવાસી.

Villain,(વિલ્'અન)*n.*[L.*villa*,a farm.]1.A base born person;a boor:નીચ-અધમ માણસ. 2. A wicked person:લુચ્ચો;સોદો;ચંડાળ;હરામી.

Villainous,(વિલ્'અનસ્)*a.*1 Base;vile,mean:નીચ;દુષ્ટ.2 Suited to a villian:લુચ્ચાને લાયક;અધમ.

Villain-y,(વિલ્'અનિ)*n.*Atrocious crime. ઘોરકર્મ;હરામખોરી;લુચ્ચાઈ;શઠતા;ખળતા.

Villan-age,(વિલ્'અનેજ્)*n.* 1.The state of a villain:ખીજમત;ચાકરી;ગુલામી.2.Infamy:અપમતા.

Vinci-ble,(વિન્'સિબલ્)*a.* Conquerable: જીતી શકાય તેવું,જેય;જેતવ્ય.

Vincu-llum, (વિન્ક્યુ'લમ્)*n.* [L. *vinctum*,

bound.]1.A bound of union;a tie:ગાંઠ;ગ્રંથી. 2.A band or bundle of fibers:પટો;દોરો.

Vindi-ca-ble (વિન્ડિકેબલ્)a.Capable of being vindicated:ખરૂં એવી ખાતરીથી કહેવા જોગ.

Vindi-cate,(વિન્ડિકેટ્)vt.[L.*vin*, power and *dico* I say.]1.To claim:હકબતાવવો.2.To maintain with success;to prove to be valid:પુરવાર કરવું.3 To defend;to justify:બચાવી રાખવું; ને દોષ ઉઠાવવો.

Vin di cation,(વિન્ડિકેશન)n.Defence;justification against denial or censure:દોષમોચન;દોષ નિવારણ;પ્રતિપાદન;રક્ષણ.

Vindi cat-ive,(વિન્ડિકેટિવ્)See **Vindictive.**

Vindi-cat-or,(વિન્ડિકેટર)n.One who vindicates:સાબીત કરી આપી દોષ ઉઠાવનાર;રક્ષક.

Vindi-ca-to-ry,(વિન્ડિકેટોરિ)a Justificatory; vindicative:દોષ મોચક;દોષ નિવારક.

Vin-dictive, (વિન્ડિક્ટિવ્) a. Revengeful; disposed to revenge:કીનાખોર;દ્વેષીલું;ઝેરીલું

Vine,(વાઈન્) n. [L. *vinea*, a vine.] (*a*) Any woody climbing plant which bears grapes: દ્રાક્ષ-લતા;દરાખનો વેલો;દ્રાક્ષી.(*b*)Creeper:વેલ.

Vinegar.(વિનેગર્)n.[L. *vinea* a vine and *acer*,sour.]1.A sour liquid:સરકો.2.Anything sour:ખાટો પદાર્થ.vt.To convert into vinegar; to make like vinegar:સરકા જેવું ક૦;નો સરકો ક૦.

Viner-y.(વાઈનરિ)n. A vineyard:દરાખને માટે કીધેલો મંડપ-માંડવો; દ્રાક્ષવાટિકા.

Vineyard,(વિન્યાર્ડ્)n.Any yard for grapevines:દ્રાક્ષ ઉગે છે તે વાડી;દ્રાક્ષબાગ;દ્રાક્ષવાટિકા.

Vinous, (વાઇનસ્) a. Of or pertaining to vine:દ્રાક્ષરસના ગુણનું-વાળુ ;દ્રાક્ષરસમય.

Vintage,(વિન્ટેજ્)n.1.The produce of the vine for one season in grapes:દ્રાક્ષનો પાક.2. The time of the gathering the crop of grapes:દ્રાક્ષની મોસમ-ૠતુ

Vintner,(વિન્ટ્નર)n.[L.*vinum*,vine.]One who deals in wine:દ્રાક્ષનો દારૂ વેચનાર;પીઠાવાળો.

Viol,Vio la,(વાઇઓલ્-લૅ)n.A kind of musical instrument:છ તારવાળું વાજીંત્ર.

Vio-la ble,(વાઇઓલૅબલ્)a.Capable of being violated:ઉલ્લંઘન કરવા-તોડવા જોગ;ઉલ્લંઘનીય.

Vio-late,(વાઇઓલેટ્)vt.[L.*violo*, I violate.]1. To abuse:પર જુલમ ગુજારવો.2.To do violence to:ભંગ ક૦;તોડવું;ભ્રષ્ટ-દૂષિત ક૦;ની વિરૂદ્ધ આવવું.3. To ravish; to outrage:જબરજસ્તી-બળાત્કારથી સંભોગ ક૦;ની આબરૂ લેવી-લુંટવી.

Vi-o-lation,(વાઇઓલેશન)n.(*a*)Infringement: ભંગ;ઉલ્લંઘન.(*b*)Profanation of sacred things: અપવિત્રી-ભ્રષ્ટીકરણ.(*c*)Ravishment:બળાત્કારસંભોગ.

Vio-lence,(વાઇઓલેન્સ્)n.1.Vehemence;force; impetuosity:જોર;વેગ; બળ; જુસ્સો; આવેશ. 2. Profanation; infringement:જોરાવરી; બળજોરી; અપમાન.3.Ravishment;rape:બળાત્કાર;બળાત્કાર સંભોગ.*To do* v.*on*,to murder:નું ખુન ક૦;ને મારી નાંખવું.

Vio-lent,(વાઇઓલેન્ટ્)a. [L. *vis*, strength.]1. Forcible;impetuous;fierce: પ્રચંડ;વેગવાળું;જબરૂં;ભારે.2.Outragious:જુલમ ભરેલું. 3. Unnatural; abnormal:કવખતનું; કુદરતી નહિ તેવું. 4. Extreme:અતિશય; અતિઘણું; પુષ્કળ.

Vio-let,(વાઇઓલેટ્)n 1.Any plant or flower of the genus viola:એક જાતનું ઝાડ ને તેનું ફુલ;પાટલ.2.The color of a violet:પાટલ ફુલનો રંગ.

Vio-lin, (વાઇઑલિન્)n. A small instrument with four strings:બેઠા સુરની વિલાયતી સારંગી.

Vio-lon-cello,(વાઇઑલોન્સેલ્લો)n.A string instrument of music:સારંગી.

Viper, (વાઇપર્)n. A kind of the snakes:એક જાતનો ઝેરી સાપ.

Viper-ous,(વાઇપરસ્)a. Having the qualities of a viper:સાપના ગુણવાળું; ઝેરીલું;ડંસીલું.

Vi-ra-gin,Vi-rago, (વિરેજીન વિરેગો) n.1. A female warrior:વીરાંગના. 2. A termagant; a vixen:કર્કશા;લડાયક બૈરી;વાઘેણ.

Virent,(વાઇરેન્ટ્)a Not withered:તાજું;લીલું.

Virgin,(વર્જિન્)n. 1.A maid;a woman who has no carnal knowledge of man:કુમારિકા;કન્યા.2.Virgo:કન્યા;કન્યારાશિ.*The* v.*or the blessed* v., the Virgin Mary:ઈસુ ખ્રિસ્તની મા કુંવારી મરિયમ. a. Pure;unmixed:કોરૂં;તાજું;નવું; નિર્ભેળ.V.*gold*:શુદ્ધ સોનું vi.To act the virgin; to be chaste:કુંવારૂં રાખવું;પવિત્ર-શુદ્ધ રાખવું.

Virgin-al,(વર્જિનૅલ્)a. Maidenly:કુંવારી કન્યા જેવું;શરમાળ;કોમળ. n. A musical instrument: સારંગીને મળતું વાજીંત્ર.

Vir-gini ty,(વર્જિનિટિ)n.1.Maidenhood;undefiled purity or chastity:કુંવારાપણું;કુમારીત્વ. 2.The unmarried life;celibacy:કુંવારીજીંદગી.

Virgo,(વર્ગો)n.[L.*virgo*,a virgin.] A constellation of the zodiac:કન્યારાશી;કન્યા.

Vi-ridi-ty,Virid-ness,(વિરિડિટિ-નેસ)n.Greenness;freshness:તાજાપણું;લીલાશ.

Virile, (વિરાઈલ્) a. [L. *vir*, a man.]Having the nature, properties or qualities of an adult man:પુરૂષનું;મરદાની;પુરૂષાર્થનું.

Vi-rili-ty,(વિરિલિટિ)n.1.Manliness; developed manhood:પુરૂષપણું;મરદાઇ; પુરૂષાર્થ;પુરૂષાતન. 2.The power of procreation:વિર્યવાનપણું;પુરૂષત્વ;ઓજ;જનનશક્તિ;પુરૂષશક્તિ.

Vi-ripo-tent, (વિરિપૉટેન્ટ્) a. Marriageable:પરણવા યોગ્ય-લાયક;વિવાહ યોગ્ય;યુવાન.

Virose, (વાઇરોસ્) a. Poisonous:ઝેરી;દુર્ગંધયુક્ત.

Virtu-al,(વર્ટ્યૂઍલ્)a. Potential;energetic:

શક્તિમાન;ગુણવાળું;ફળદ્રુપ.

Virtu-al-ly,(વર્'ટ્યૂઅલિ)*adv.* Practically: ખરેખર;વાસ્તવિક રીતે;વસ્તુત: યથાર્થત:

Virtue,(વર્'ટ્યૂ)*n.* [L. *vir*, a man.] 1. Manly strength:મરદામી.2.Value;merit:ગુણ;ધર્મ;કસ; દમ;સત્વ.3.Moral excellence;purity of soul; integrity of character:ગુણ;સદ્ગુણ; નેકી; સદાચાર.4.Chastity;purity;virginity:સ્ત્રીઓનું પતિવ્રત.. *By* **V.***of*,through the force of:-ના પ્રતાપે;-ના લીધે.

Vir-tu-oso,(વર્ટ્યૂઓ'સો)*n.* One skilled in fine arts:કળા-હુન્નરમાં પ્રવીણ માણસ.

Virtu-ous, (વર્'ટ્યૂઅસ્) *a.* 1. Possessing or exhibiting virtue:ગુણવાળું.(*a*)Efficacious:ગુણવાળું;ગુણકારી. (*b*)Upright;righteous:સદાચરણી;ધાર્મિક.2.Chaste;pure:સતિ;સાધ્વી;પતિવ્રત;શુદ્ધ.

Viru-lence,-cy,(વિ'ર્યૂલેન્સ્, સિ) *n.* Poisonousness;malignancy:કરડાપણું;ઝેર.

Viru-lent, (વિ'ર્યૂલેન્ટ્)*a.* Extremely poisonous:પ્રાણનાશક;ઝેરી;જીવ લે એવું;પ્રાણઘાતક.

Virus,(વાઇ'રસ્)*n.* Poison:ઝેર;ઝેરી પદાર્થ.

Visage,(વિ'ઝેજ્)*n.*[L.*video*, I see.] The face, countenance of a person:ચેહેરો;સુરત;મ્હો;શિકલ.

Visard,(વિઝ્'આર્ડ્)*n.*A mask:બુરખો.*vt.*To mask:બુરખો નાખવો.

Visce-ra,(વિસ્'એરે)*n.pl.*of **viscus**.Organs,as the brain,heart or stomach:ઇંદ્રિયો;મગજ-અંત:કરણ વિ૦.

Viscid,Viscous, (વિસ્'ઇડ્,વિસ્'કસ્)*a.*Sticky; clammy:ચીકણું;ચોંટી જાય એવું;સ્નિગ્ધ.

Visc-idi-ty,Viscosity,(વિસિડ્'ઇટિ-વિસ્કૉસ્'ઇટિ)*n.*Stickiness:ચીકાશ;ચીકણાપણું;સ્નિગ્ધતા.

Viscount,(વાઇ'કાઉન્ટ્)*n.* A nobleman of the fourth rank next in order below an earl and next above a baron:અર્લથી ઉતરતી પદવીનો સરદાર;વાઇકાઉન્ટ.

Vi-si-bili-ty,(વિઝિબિલ્'ઇટિ)*n.*The quality or state of being visible:ઉઘાડાપણું; દૃષ્ટિગોચરતા.

Visi-ble, (વિ'ઝિબલ્) *a.* 1. Capable of being seen, perceptible:પ્રગટ;દૃશ્ય;દૃષ્ટિગોચર;દૃષ્ટિગમ્ય; નજરે પડતું.2.Open:ખુલ્લું;ઉઘાડું;પ્રકટ;પ્રત્યક્ષ.

Vision,(વિ'ઝ્હન્)*n.*[L. *video*, I see.] 1. Actual sight:નજરે પડવું તે. 2.The faculty of seeing;sight:જોવાની શક્તિ. 3.That which is seen;an object of sight:દૃષ્ટિ-વિષય.4.An apparition;a phantom; a spectre:ભ્રમ;આભાસ;ઓળો;પડછાયો. *vt.* To dream:સ્વપનું આવવું.

Vision-a-ry,(વિ'ઝ્હનરિ)*n.* 1. One who sees visions or phantoms:દુરંગબાજ;શેખચલ્લી. 2.A day dreamer:શેખચલ્લી. *a.*1.Of or partaining to a vision:સ્વપ્નાને લગતું;સ્વપ્નમય.2.Fanciful: માનસિક;કાલ્પનિક.

Visit,(વિ'ઝિટ્)*vt.*[L.*video*,I see.] 1. To go or come to see; to call upon:-ને મળવા જવું-આવવું;-ની મુલાકાત કર-લેવી.2.To examine:તપાસવા-જોવા જવું.*vi.*To make a visit or visits:મુલાકાત લેવી. *n.*The act of visiting or going to see a person or thing:બીજાને મળવા જવું તે;મુલાકાત.

Visit-ant,(વિ'ઝિટન્ટ્)*n.* A guest;a visitor:પરોણો;મિજમાન;મહેમાન;મળવા જનાર.

Vi-sit-ation,(વિઝિટે'શન્)*n.*[L.*video*,I see.]1. The act of visiting;access for examination: મળવા જવું તે. 2. The act of a superior who visits:તપાસણી;તપાસ.

Visit-or,(વિ'ઝિટર્)*n.*1. One who visits:મળવા-મુલાકાત લેવા આવનાર-માણસ. 2. A superior who makes formal visits of inspection: દેખરેખ રાખનાર;ઉપરી;જોવા આવનાર.

Visor-Vizard, (વિ'ઝોર્-વિઝ્'આર્ડ્) *n.* A part of a helmet arranged so as to lift or open, and so show the face:બખ્તરના મુખવટો.

Vista,(વિસ્'ટે)*n.*[L.*video*,I see.]The trees or other objects that form the avenue: કુંજ; કુંજગલી;તરુપંક્તિ-શ્રેણી;વીથિ.

Visu-al, (વિ'ઝ્હ્યુઅલ્)*a.*Used in sight; of or pertaining to sight: દૃષ્ટિ-જોવાની ઇંદ્રિ સંબંધી. **V.***point*:સંપાત બિંદુ.**V.***plane*:દૃષ્ટિબિંદુમાં પસાર થતી સપાટી.

Vital,(વાઇ'ટલ્)*a.*[L.*vita*,life.]1.Necessary to life; contributing to life:જીવનરક્ષક;જીવને ઉપયોગી;પ્રાણરક્ષક. 2.Containing life;living: જીવતું;સજીવન.3.Being the seat of life; mortal: જેમાં વાગવાથી જીવ ન રહે-જીવ જાય તેવું;માર્મિક. 4. Essential:આવશ્યક. **V.***air*,oxygen gas:પ્રાણવાયુ. **V.***statistics*:આયુષ્ય મર્યાદાનું પરિમાણ. *n.* A vital part:મર્મ-સ્થાન;મર્મસ્થળ;પ્રાણસ્થાન.

Vi-tali-ty,(વાઇટૅલ્'ઇટિ)*n.* Vital force;animation; the principle of life:ચેતના;જીવ;ચૈતન્ય.

Vitals, (વાઇ'ટલ્સ્)*n.* Organs that are necessary for life:મર્મ;મર્મસ્થાન;સુંવાળી-કુમળી જગા.

Viti-ate,(વિ'શિએટ્)*vt.* To impair;to spoil; to contaminate:ભ્રષ્ટ-ખરાબ કરવું;દૂષિત-મલિન કર.

Vi-ti-ation,(વિશિએ'શન્)*n.*Depravation;corruption;invalidation:બગાડ;દૂષણ;અનીતિ.

Vitre-ous,(વિટ્'રીઅસ્)*a.*[L.*vitrum*,glass.]1. Glassy:કાચનું;કાચના જેવું. 2.Derived from glass:કાચનું વિષે-સંબંધી-માંનું.

Vitri-fy,(વિટ્'રિફાઇ)*vt.*To convert into glass: કાચ બનાવવો.*vi.*To become glass:કાચ જેવું થવું.

Vitri-ol,(વિટ્'રિઑલ્)*n.* (*Chem.*)(*a*)A sulphate of any one of certain metals: તાંબુ;લોઢું,જસત વિના મિશ્રવાળો પદાર્થ.(*b*)Sulphuric acid:તેજાબ;સલ્ફ્યુરીક એસીડ.*Blue* **v.**: મોરથુથુ.*Green* **v.**: હીરાકશી. *White* **v.**,zinc sulphate:ખાપરિયું.

Vi-tupe-rate,(વાઇટ્યૂપેરેટ્)*vt.* [L.*vitium*,fault & *paro*,I set in order.]To find fault with; to scold:ઠપકો દેવો;દોષ મુકવો;આક્ષેપ ક૰;નિંદવું.

Vi-tupe-ration, (વાઇટ્યૂપેરે"શન્)*n.* Blame: ઠપકો;આક્ષેપ;આળ;અપવાદ.

Vi-tupe-rat-ive,(વાઇટ્યૂપેરેટિવ્)*a.*Scolding; abusive:ઠપકા ભરેલું;દોષ આક્ષેપક;અપવાદાત્મક.

Vi-vacious, (વાઇવે'શસ્) *a.* [L. *vivo*, I live.] 1. Long lived: લાંબા આયુષ્યવાળું; દીર્ઘાયુષી. 2. Lively:ચાલાક;ચંચળ;ચપળ;ઉલ્લાસી;પ્રફુલ્લ.

Vivaci-ty,(વાઇવૅસ્'ઇટિ)*n.*1. Tenacity of life; vital force:દીર્ઘાયુષ્ય;જીવનશક્તિ 2.Animation: ઉત્સાહ;તેજસ્વિતા;ઉલ્લાસ,આનંદવૃત્તિ;ચપળતા.

Vivid,(વિ'વિડ્)*a.* [L. *vivo*,I live.] Animated; bright:જુસ્સાવાળું;ભભકાદાર;ખલખલખતુ;તેજસ્વી.

Vivid-ness,(વિ'વિડ્નેસ્)*n.*Sprightliness:આબેહુબપણું;ભભક;ચળકાટ;સુસ્પષ્ટતા.

Vivific-ate,(વિવ્'ઇફિકેટ્) *vt.* 1. To revive; to animate:જીવ ઘાલવો;સજીવન કરવું.2.To reduce: માંના રૂપમાં આણવું-લાવવું.

Vivi-fy. (વિ'વિફાઇ) *vt.*To animate; to endue with life:સજીવન કરવું;જીવ ઘાલવો;સજીવ ક૰.

Vivi-fi-cation,(વિવ્'ઇફિકે"શન્)*n.*Revival;restoration of life:સંજીવન;ચેતના;ચૈતન્ય.

Vixen,(વિક્સ્'એન્)*n.*1.A female fox:શિયાળણી. 2.A cross illtempered woman:શંખણી;કર્કશા.

Viz,(વિઝ્)*adv.* That is;namely:તે એ કે; એટલે.

Vi-zier(વિઝિઅર)*n.*A councillor of state:પ્રધાન

Voca-ble,(વૉ'કેબલ્)*a* [L.*voco*,I call.]A word; a term;a name:બોલ;શબ્દ;નામ;વાચક.

Vo-cabu-la-ry,(વૉકૅબ્યુલૅરિ)*n.*1 A word-book; a dictionary or lexicon:નાહાનો શબ્દકોષ; શબ્દસંગ્રહ

Vocal, (વૉ'કલ્) *a.* [L. *voco*,I call.] 1. Of or pertaining to the voice or speech: બોલતું; વાણીયુક્ત.2.Oral:મોંઢાનું. 3.Sonant:મધુર.4. (*a*) Intonated;voiced:કંઠ્ય. (*b*) Vowel:સ્વરનું. *n.* A tonic element:કંઠસ્વર.

Voca-list,(વૉ'કલિસ્ટ્)*n.*A singer:ગવૈઓ;ગાનારો.

Voca-lize,(વૉ'કૅલાઇઝ્)*vt.*1.To make vocal:બોલતું કરવું.2.To practise singing on the vocal sounds:કંઠસ્વરથી ગાવું.

Vocal-ly,(વૉ'કલિ)*adv.*Orally:મોંઢેથી;શબ્દદ્વારા.

Vo-cation,(વૉકે'શન્)*n.*[L. *voco*,I call.]1. A call;a summons:તેડું;આમંત્રણ.2.Calling;occupation:ધંધો;રોજગાર;ઉદ્યોગ;વ્યવસાય.

Voca-tive,(વૉક્'ઍટિવ્)*n.*[L.*voco*,I call.]Vocative case:સંબોધન;આઠમી વિભક્તિ. *a.*Appellative:સંબોધક.

Vo-cifer-ance,(વૉસિફ્'અરૅન્સ્)*n.*Noise;clamor: બુમ;ઘોંઘાટ;અવાજ;ધાંધલ;કરાહોળ.

Vo-cife-rant,(વૉસિફ્'અરૅન્ટ્)*a.*Noisy;clamorous:ઘોંઘાટવાળું;કરાસોળીયું;ધાંધળીયું.

Vo-cife-rate,(વૉસિફ્'અરેટ્)*vt.*To shout out: બુમ મારવી;બુમ પાડવી;બુમાબુમ કરી મૂકવી; ઘાંટા પાડવા;પોકાર ક૰.

Vo-cifer-ation,(વૉસિફ્'અરે"શન્)*n.*A violent outcry:બુમાબુમ;કોલાહોલ;પોકાર;ઘોંઘાટ.

Vo-cifer-ous, (વૉસિફ્'અરસ્) *a.* Clamorous; noisy:બુમાબુમ-પોકાર કરતું-વાળું;સકોલાહલ.

Vogue (વૉગ્) *n.* 1. The way or fashion of people at any particular time,temporary mode,custom or practice:ચાલ;રૂઢિ;પ્રચાર.

Voice,(વૉઇસ્) *n.* [L. *vox, vocis*, a voice.]1. Sound uttered by the mouth:અવાજ; સ્વર. *Broken or hoarse* v.:ખોખરો અવાજ.*Change of* v :સ્વર ભેદ; ધ્વનિવિકાર. The tone or sound emitted by anything:નાદ;અવાજ;ધ્વનિ.4.The faculty or power of utterance:વાણી; વાચા. 5. Opinion;judgment: આપેલો વિચાર-મત-અભિપ્રાય.6. (*Gram.*)A particular mode in inflecting or conjugating verbs:ભેદ. *With one* v.,unanimously:સર્વાનુમતે.*vt.*To utter:બોલવું.

Void,(વૉઇડ્)*vt.* [L.*viduus*,bereaved]1.Empty; vacant:ખાલી;ઠાલું;શૂન્ય.2.Destitute;wanting: રહિત;શૂન્ય;વગરનું.3.Null:રદ;બાતલ. *n.*Any empty space;vacuum:ખાલી જગ્યા;શૂન્ય;આકાશ.*vt.* To quit;to leave:છોડી-મુકી દેવું.*vi.*To be emitted or evacuated:બહાર નીકળવું;ખાલી થવું.

Voida-ble,(વૉઇડ્'અબલ્)*a.*1.*a.*Capable of being evacuated:ખાલી-શૂન્ય થવા જેવું 2.Capable of being avoided or confirmed:રદ-બાતલ થઇ શકે તેવું.

Volant,(વૉ'લૅન્ટ્)*a* [L.*volo*,I fly.](*a*)Flying: ઉડતું;પાંખો ફફડાવતું.(*b*)Current:ચાલતું;ચલણમાં.

Vola-tile,(વૉલ્'ઍટાઇલ્)*a.* [L. *volo*, I fly.]1. Flying:જલદીથી ઉડી જાય તેવું;ઉડતું. 2. Subject to evaporation:હવામાં ઉડી જાય એવું.3.(*a*)Lively:ચંચળ,ચપળ.(*b*)Fickle:ચલિત;અસ્થિર;અદૃઢ.

Vol-a-tility,(વૉલૅટિલ્'ઇટિ)*n.* Fickleness;changeableness:ઉડી જાય એવો ગુણ;ચપળતા;અસ્થિરતા.

Vol-canic,(વૉલ્કૅન્'ઇક્)*a.*1. Of or pertaining to a volcano:જ્વાળામુખીનું.2.Produced by a volcano:જ્વાળામુખીથી ઉત્પન્ન થએલું.

Vol-cano,(વૉલ્કે'નો)*n.*[*Vulcanus* Vulcan the God of fire.] A mountain or hill from which larva, cinders, steam,sulphur,gases and the like are ejected:બળતો પહાડ;જ્વાળામુખી પર્વત.

Vo-lition, (વૉલિ'શન્) *n.* [L. *volo*, I will.] The act of willing or choosing:મનનો સંકલ્પ. 2.Will;choice;preference:મરજી;ઇચ્છા;સંકલ્પ.

Volley,(વૉલ્'ઇ)*n.* 1. [L.*volo*,I fly.]A flight of missiles,as arrows, bullets or the like:

બાણતીસેનો માર; સામટો માર. 2. *On the* v., at random;જમે તેમ;વગર વિચારે. *vt.* To discharge with a volley:એકદમ છોડવું. *vi.* To be discharged at once:એકદમ છૂટવું-ફુટવું.

Vol-u-bili-ty, (વૉલ્યૂબિલ્'ઇટિ)*n.* The quality or state of being voluble:વાક્પટુતા;વાક્ચાપલ્ય.

Volu ble, (વૉલ્'યૂબલ્)*a.* [L. *volvo*, I roll.] 1. Apt to roll; rotating: ગબડી મારે એવું; ગબડતું; ફરતું. 2. Glib;of rapid speech:બોલનાર;વાચાલ.

Volume, (વૉલ્'યૂમ્) *n.* [L. *volvo*, I roll]1. A roll;a scroll:વિંટો;ગોટો. 2. A part of the work; a book:પુસ્તક;ગ્રંથ;ખંડ. 3. A roll:ગોટો;ગોળો;લોઢ.

Vo-lumin-ous, (વૉલ્યૂ'મિનસ્)*a.* Of or pertaining to volume:ગ્રંથનું-વિષે-લગતું. (*a*) Consisting of many folds, coils or convolutions: ઘણી ગુંચવાળું. (*b*)Large:મોહોળા લખાણવાળું. (*c*) Consisting of many books: ઘણી ચોપડીઓ એકઠી હોય એવું;બહુ પુસ્તકોવાળું.

Volun-ta-ry, (વૉલ્'અન્ટરિ)*a.* [L.*volo*, I will.] 1. Acting of oneself; free;spontaneous :સ્વેચ્છા-મરજી પ્રમાણે ચાલનાર-કરનાર;સ્વતંત્ર. 2. Intended;intentional;purposed:બુદ્ધિપૂર્વક. 3. Free: સ્વેચ્છાપૂર્વક.

Vo-lun-teer, (વૉલન્ટીર્')*a.* Voluntary:વગર માગે આપેલું;મરજીથી કરેલું. *vt.* To offer voluntarily: પોતાની મેળે રાજી ખુશીથી નોકરીમાં રહેવા કહેવું. *vi.* To enter into any service of one's own free will: રાજી ખુશીથી પોતાની મેળે નોકરીમાં રહેવું. *n.* One who enters into,or offers for,any service of his own free will:કોઇ કામ કરવાની મરજી પોતાની ખુશીથી જણાવનાર.

Vo-luptu a-ry, (વૉલપ્'ટ્યૂઅરિ)*n.* [L. *volo*, I wish]A voluptuous person;a sensualist;an epicure:સ્ત્રી લંપટ-વિષયીપુરૂષ;વ્યસનીપુરૂષ;વિલાસી; ભોગી.

Vo-luptu-ous, (વૉલપ્'ટ્યૂઅસ્) *a.* [L. *volo*, I wish.]Luxurious;sensual: લંપટ;વિષયી;વિલાસી.

Vomit, (વૉમ્'ઇટ્)*vi.* To puke; to spew: ઉલટી થવી;ઓકવું. *vt.* To emit:ઓકી કાઢવું. *n.* Matter that is vomited:ઓકેલું;ઓક;ઉલટી;વમન.

Vomit-ive,-to-ry, (વૉમ્'ઇટિવ્-ટૉરિ) *a.* Emetic: ઉલટીકરાવે એવું;વમનકારક;વાંતિકારક.

Vo-racious, (વૉરે'શસ્)*a.* Revenous:ખાઉખાનારૂં.

Vo-raci-ty, (વૉરૅસ્'ઇટિ)*n.* Voraciousness:વખવખ;વખવખાટ;ખાઉધરીયાપણું.

Vortex, (વૉર્'ટેક્સ્) *n.* [L. *verto*, I turn.] A whirlpool;an eddy:વમળ;પાણીમાંથી થતા ભમરા;ચક્કર.

Votary, (વૉ'ટરિ)*a.* Devoted:-માં નિમગ્ન થએલું.*n.* One devoted by vow or promise:સેવક;દાસ; ઉપાસક;ભક્ત;પૂજક;આશ્રિત.

Vote, (વૉટ્)*n.* [L.*votum*, a wish.]1. Suffrage;a wish, choice or opinion of a person:મત;ઇચ્છા;અભિપ્રાય. 2. Voice;a ballot:મતનીચિઠ્ઠિ;ટિકિટ. *vi.* To express the mind,will or preference either *viva voce*, or by ballot or by authorized means:અભિપ્રાય-મત આપવો. *vt.* To elect: મત આપી ચૂંટી કાઢવું.

Votive, (વૉ'ટિવ્)*a.* Devoted:માનતાનું; ચઢાવેલું.

Vouch, (વાઉચ્)*vt.*[L.*voco*, I call.] 1. To call;to summon:બોલાવવું;તેડાવવું. 2. To call upon to witness:સાક્ષી તરીકે બોલાવવું. 3. To call into court to warrant and defend:કોઇનો હક સાબીત કરવાને સાક્ષીતરીકે કોરટમાં બોલાવવું. *vi.* To bear witness:સાક્ષી પુરવી.

Voucher, (વાઉચ્'અર્)*n.* 1. One who vouches: સાહેદી;સાક્ષી. 2. A book, paper or document which serves to vouch the truth of accounts or to confirm and establish facts of any kind:પ્રમાણપત્ર;પ્રમાણ લેખ;સાધનપત્ર;વાઉચર.

Vouch safe, (વાઉચ્સેફ્')*vt.* To bestow;to concede:કૃપા કરીને-મહેરબાની દાખલ કરી આપવું. *vi.* To condescend:કૃપા-મહેરબાની ક૦.

Vow, (વાઉ)*n.*[L.*voveo*, I vow.] 1. A solemn promise made to God or to some deity:બાધા; માનતા. 2. A pledge of love or affection:વચન; કોલ,પ્રતિજ્ઞા. *vt.* 1. To devote:માનતા કરવી;બાધા રાખવી-લેવી. 2. To assert solemnly:ખાત્રીપૂર્વક કહેવું જણાવવું

Vowel, (વાઉ'એલ્)*n.*[L.*voco*, I call.]A free uncompounded modulation of the voice:સ્વર; સ્વરવરણ. *a* Vocal:સ્વર સંબંધી.

Voyage, (વૉઇ'એજ્)*n.* Journey by water:દરીયાની મુસાફરી;સફર;સમુદ્રયાન *vi.* To take a voyage:સફર ક૦ *vt.* To travel:મુસાફરી-સફર ક૦.

Vulcan, (વલ્'કન્)*n.* The God of fire who presided over the working of metals:અગ્નિ દેવતા;વિશ્વકર્મા.

Vulcan-ize, (વલ્'કનાઇઝ્)*vt.* To change the property of India rubber:ગંધકમેળવીનેરબરનેકઠણક૦.

Vulgar, (વલ્'ગર્) *a.* [L. *vulgus*, the common people.]Mean; base; low:નીચ;અણઘડ;ગામઠીયું. *n.* A vulgar person:અસભ્ય;જંગલી;અનાડી.

Vulgar-ism, (વલ્'ગરિઝમ્)*n.* 1. Grossness;rudeness:જંગલીપણું;નીચપણું;ગ્રામ્ય રીતિ;ગ્રામ્યતા. 2. A vulgar phrase:નીચ લોકોની બોલી;અપશબ્દ.

Vul-gari-ty, (વલ્ગૅર્'ઇટિ)*n.* 1. Mean condition of life:જીંદગીની દુઃખી સ્થિતી. 2. Coarseness; grossness:અસભ્યતા;અનાડીપણું;અશિષ્ટતા.

Vulner-a-ble, (વલ્'નરેબલ્) *a.* [L. *vulnero*, I wound.] Capable of being wounded:જખમ વાગી શકે એવું;ભેદનીય;ભેદ્ય. V.*point*:મર્મસ્થાન.

Vulner-a-ry, (વલ્'નરરિ) *a.* Useful in healing wounds:ઘા મટી જાય એવું(ઓસડ.)

Vulpine, (વલ્'પાઇન્)*a.* Cunning;crafty:શિયાળને

લગતું;શીઆળ જેવું;હરામખાજ;લુચ્ચું;ધૂર્ત.

Vulture,(વલ્'ટ્યૂર્)n.Any one of the numerous species of rapacious birds:ગીધ;ગિધાડ.

W.

W,(ડબ્લ્યુ)The twenty third letter of the English alphabet:ઇંગ્રેજી મુળાક્ષરનો તેવીસમો અક્ષર; ગુજરાતીમાં એનો ઉચ્ચાર 'વ' થાય છે.

Wabble,(વૉબલ્)vt.To move staggeringly; to vacillate:ડોલવું;ડોલતાં ચાલવું;ડોલતા ડોલતાંફરવું. n.A staggering to and fro:ડોલું;ડોલો;ઝોકો.

Wad,(વૉદ્)n.1.A little mass:લુંદો;વીંટો.2.A soft mass,especially of some loose fibrous substance used for various purposes as for stopping an aperture:ડુચો ઘાલવાનો નરમ પદાર્થ; પરાળ.vt.1.To form into a mass or wad: ડુચો ક૦.2.To insert or crowd a wad into a gun: બંદુકમાં ડુચો ભરવો.

Waddle, (વૉડલ્) vi. To walk with short steps swaying the body from one side to other like a duck or very fat person:ડોલતાં-ઝુલતાં ચાલવું. vt. To trample or tread down: ચગદી નાંખવું;પગ તળે ખુંદી નાંખવું.

Wade,(વેડ્)vi.[L.vadum,a ford.]1.To go,to move forward:-માં ઉતરવું 2.To move with difficulty or labor:જેમતેમ કરી-મહામુશીબતે પસાર ક૦.vt.To pass or cross by wading:-માં થઇને પસાર થવું.

Wafer,(વેફર્)n.1.A thin cake made of flour and other ingredients:લોટની સાથે બીજા પદાર્થો ભેળવીને કરેલી પાતળી પુરી;પાપડ. 2. An adhesive disk of dried paste made of flour,for sealing letters and other documents:(કાગળ વગેરે બીડવા માટે તેપર) ચોંટાડવાની ચકતી.W.cake,a sweet thin cake:મીઠી પાતળી રોટલી.vt.To seal or close with a wafer:વેફર લગાડવું;વેફર લગાડી બીડવું.

Wafer-er,(વેફરર્)n.A confectioner:કંદોઇ.

Waft,(વાફ્ટ્)vt.1.To cause to move or go in a wavy manner;to bear along on a buoyant medium:તરંગવત ઉડાવી લઇ જવું;વહન કરી જવું. 2.To cause to float;to buoy:તરતું રાખવું;તરાવવું. vi.To float:હવામાં અથવા પાણીમાં તરવું;વહેવું.n. A wave or current of wind:મોજું અથવા પવનનો સુસવાટો-સપાટો-વેગ.

Wag,(વૅગ્)vt.To shake to and fro:માથું ધુણાવવું;ડોકું હલાવવું.vi.To move one way and the other:હાલ્યા ક૦. n. The act of wagging; a shake:વિક્ષેપ;વિધુતિ.

Wage,(વેજ્)vt.1.To pledge; to bet;to lay;to wager:હોડ મારવી-ક૦-બકવી 2.To engage in as a contest:લડાઇ ચલાવવી-ક૦-માંડવી. 3. To put upon wages;to hire; to employ: પૈસા આપી કામે લગાડવું;પગાર આપવો.vi.To bind one's self; to engage:બંધાવું;-ની સાથે શરત-બોલી ક૦. n.1. That which is staked or ventured; prize: ઈનામ;સરત;હોડ.2.Meed;pay:પગાર;મુસારો;મજુરી.

Wager, (વે'જર્)n. A bet;a pledge;a stake: સરતમાં મુકેલો પદાર્થ;હોડ;સરત.vt. To bet;to stake;to lay:સરત-હોડ મારવી-બકવી. vi.To make a bet;to lay a wager:સરત ક૦.હોડ મારવી.

Wages,(વેજેઝ્)n Price paid for labor;hire; recompense:પગાર;મુસારો;મંજુરી;મહેનતાણું.

Wagger-y,(વૅગ્'અરિ)n.The manner or action of a wag;pleasantry:મશ્કરી;ઠઠ્ઠાબાજી; ચેષ્ટા.

Waggish,(વૅગ્'ઈશ્)a. Like a wag;frolicsome:ઠઠ્ઠાબાજ-ખોર;ટિખળી;વિનોદી;નકલી.

Wagon,Waggon,(વૅગ્'ઑન્)n. 1.A wheeled carriage;a vehicle on four wheels:પૈડાંવાળી ગાડી;બોજો લઇ જવાનું ચાર પૈડાનું ગાડું;ખટારો. 2.A freight car on a railway:ભારખાનું;વેગન.

Waggon-er,(વૅગ્'ઑનર્)n One who conducts a wagon:ગાડાવાળો;ગાડાવાન;ગાડીત.

Waif,(વેફ્)n.1. Goods found of which the owner is not known: જેનો કોઇ માલીક નથી એવો જડેલો માલ; નિધણીયાનો માલ; બીનવારસી માલ. 2.A wanderer;a stray:ભુલું પડેલું છોકરું-માણસ.

Wail,(વેલ્)vt.To lament; to bewail:શોક ક૦; પશ્ચાતાપ ક૦. vi. To weep;to make mournful outcry:રડવું;વિલાપ ક૦. n.Loud weeping;violent lamentation:આક્રંદ;રડાપીટ;રોકકળ.

Wailing,(વેલ્'ઈંગ્)n. Loud weeping:રડાપીટ; વિલાપ;શોક;પોક;આક્રંદ;રડારોળ;હાહાકાર.

Wailful,(વેલ્'ફુલ્)a. Sorrowful; mournful: દિલગીરી ભરેલું;શોકમય;વિલાપયુક્ત-મય.

Wail-ment,(વેલ્'મેન્ટ્)n.Lamentation;loud weeping:વિલાપ;રડાપીટ;શોક;આક્રંદ;રડારોળ.

Wain,(વેન્)n. A four wheeled vehicle for the transportation of goods,produce, etc; a wagon:ખટારો;ગાડું;ભાર ભરનારી ગાડું;વેગન.

Wainscot,(વેન્'સ્કોટ્)n.1.Oaken timber:ઓકનું લાકડું. 2. A wooden lining or boarding of the walls of apartments:ખાણીઆંની ફરેતણ. vt.To line with board or panelwork:ફરેતણ જડવી-કરવી;પાટીયાંની ભીંત કરવી.

Waist,(વેસ્ટ્)n.That part of the human bo-

dy below the ribs:કેડ;કમ્મર;કટી;કટિપ્રદેશ.

Waistband,(વેસ્ટ્'બૅન્ડ્)*n*.The band which encompasses the waist:કમ્મરપટો.

Waistcoat,(વેસ્ટ્-કોટ્)*n*.(*a*)A short sleeveless coat or garment for men worn under the coat:પહેરણ;કુરતુ;બંડી;બદન;વાસ્કુટ (*b*)A garment occasionally worn by women as a part of fashionable costume:પોલકું;ચોળી.

Wait,(વેટ્)*vi*.1.To stay or rest in expectation;to rest in patience:થોભવું; દમ ખાવો;ઉભા રહેવું;વાર-ઢીલ-વિલંબ કo;સબુરી પકડવી.*To* **w**.*on or upon*, (*a*) to attend as a servant:-ની સેવા બરદાસ-સેવાચાકરી કo. (*b*) To attend; to go to see:-ને મળવા જવું (*c*) To perform:-નું કામ કo. *vt*.1.To stay for to await:રાહ-વાટ જોવી.2.To attend on; to accompany: આનપુર-સર ચાકરી ઉઠાવવી.*n*.1.The act of waiting;a delay:ઢીલ; વિલંબ;વાર.2.Ambush:સંતાઇ રહેવાની જગ્યા.

Waiter,(વેટ્'અર્)*n*.One who or that which waits;an attendant:ચાકર;નોકર;સેવક;ખીજમતદાર.

Waive,(વેવ્)*n*.A waif;a cast away:જેનો કોઈ માલીક નથી એવો જડેલો માલ.*vt*.To relinquish;to give up claim to: છોડવું;-નો ત્યાગ કરવો *vi*. To turn aside;to recede:-નો ત્યાગ કo;-થી દૂર થવું; ત્યજવું;-થી વિમુખ થવું.

Wake,(વેક્)*vi*.1.To watch;not to sleep:જાગવું. 2.To sit up late for festive purposes:મોડા સુધી સારે પ્રસંગે જાગતા રહેવું. *vt*.1.To awake:જગાડવું. 2. To watch or set up with at night as a dead body:-ની ચોકી કo;-ની પાસે જાગતા બેસી રહેવું. *n*.The act of waking;a vigil:જાગરણ;ઉજાગરો.

Wakeful,(વેક્'ફુલ્)*a*.Not sleeping;vigilant: જાગૃત;જાગતું;સાવધ;હોશીઆર.

Waken,(વેક'ન્)*vi*.To wake;to be awakened: જાગવું;જાગૃત થવું; નિદ્રા ત્યજવી. *vt*. To wake; to awake:જગાડવું;જાગૃત કo;ઉત્તેજન આપવું;ઉશ્કેરવું.

Wald-grave,(વૉલ્ડ્'ગ્રેવ્)*n*. In old German empire the head forest keeper:જંગલનોઉપરી.

Wale,(વેલ્)*n*.1.A streak or mark made on the skin by a rod or whip;a stripe:સોળ.2. A ridge or streak rising above the surface as of cloth:સળ;વળ.3.A wale knot:ત્રણ દોરનો ગુંથેલો દોર.*vt*.To mark with wales or stripes:સોટી-ચાબુક મારીને સોળ ઉઠાડવા.

Walk,(વૉક્)*vi*.1.To move along on foot;to advance by steps:પગલાં ભરવાં; પગે ચાલવું. 2. To go on foot:પગે ચાલીસહેલ કરવી. 3. To be stirring;to go abroad:બહાર નીકળવું;હરવું ફરવું. 4.To behave:વર્તવું. 5.To move off;to depart:જુદા પડવું;જતા રહેવું. *To* **w**.*in*,to go in:અંદર જવું. *To* **w**.*after the spirit*,to be guided by the counsels and influences of the spirit and by the word of God: પરમેશ્વરની સલાહ અને સહાયતા પ્રમાણે વર્તવું.*To* **w**.*in the flesh*,to live this natural life which is subject to infirmities and calamities: આધિવ્યાધિ અને ઉપાધિવાળી આ મનુષ્યની જીંદગી ગાળવી *n*. 1 The act of walking or moving on the feet with a slow pace:સહેલ;ચાલ. 2.The act of walking for exercise:સહેલ;વિહાર. 3.Manner of walking;gait:ચાલવાની ઢબ-રીત 4.Way;road: રસ્તો;માર્ગ.5.A frequented track પ્રદેશ;લત્તો. 6.Conduct;behaviour:ચાલ;વર્તણુક;ચાલચલગત.

Walker,(વૉક્'અર્)*n*. One who walks;a pedestrian:ચાલનાર;ફરનાર;પાદચારી.

Walking,(વૉક્'ઇંગ્)*a*.& *n*.The walking: ફરવું તે; સહેલ કરવી તે; સહેલ. **W**. *stick*, a cane: ફરવા જતી વખતે રાખવામાં આવતી સોટી.

Wall,(વૉલ્)*n* [L.*vallum*,a wall.]1.A work of stone,brick or other materials raised to some highest and intended for defence or security or for an inclosure:ભીંત;દીવાલ;કરો.2. A defence;a rampart:કોટ.*To go to the* **w**.,to be hard pressed or driven:મુશીબતમાં આવી પડવું. *vt*.1.To inclose with a wall:-ની ફરતી ભીંત બાંધવી 2.To fortify:કિલ્લો બાંધવો.

Wallet,(વૉલ્'એટ્)*n*.A bag or sack for carrying about the person,as a bag for carrying the necessaries for a journey; a knapsack:મુસાફરની બચકી;ખડીઓ;ભીખારીની ઝોળી.

Walled,(વૉલ્ડ્)*a*.Fortified:કોટવાળું.

Wall-eye,(વૉલ્'આઇ)*n*. An eye in which the iris is of a very light gray or whitish color: માંજરી આંખ.

Wall flow-er,(વૉલ્'ફ્લાઉઅર્)*n* A perennial cruciferous plant with sweet-scented flowers varying in color:પીળાથી નારંગી રંગનાં સુગંધીદાર ફુલવાળો એક રોપો.

Wallop,(વૉલ્'લૅપ્) *vi*. To gallop:કુદવું. *n*. A gallop:કુદકો;ફલંગ;છલંગ.*vt*.To boil with a continued bubbling or heaving and rolling with a noise:ખખળતાં આમ તેમ હાલવું-હાલ્યાં કરવું. *vt*. To wrap up temporarily:થોડા વખત માટે વિંટાળી મૂકવું.*n*.A blow:ધક્કો;મુક્કો;ઘા;પ્રહાર;માર.

Walloping,(વૉલ્'લૅપિન્ગ્)*n*.Flogging punishment:માર;શિક્ષા;દંડ.

Wallow,(વૉલ્'ઓ)*vi*.[L.*volvo*,I roll]1.To roll one's self about;to flounder:લોટવું;-માં રગદોળાવું-ખરડાવું;ગબડવું. 2.To wither;to fade:કોહીસડી-સુકાઈ-કરમાઈ જવું.*vt*.To roll:આળોટવું.

Walnut,(વૉલ્'નટ્)*n*.The fruit or nut of any tree of genus *Juglans*:અખોડ;અખરોટ.

Walrus,(વૉલ્'રસ્) *n*. A very large marine

mammal of the Seal family,native of Arctic ocean:દરીઆઈ ઘોડો.

Walter,(વૉલ્ટર્) *vi.* To roll or wallow;to welter:લોટવું;આળોટવું;માં ગડબડવું-રગદોળવું.

Waltron,(વૉલ્ટ્રોન્)*n.*A walrus:દરિઆઈ ઘોડો.

Waltz, (વૉલ્ટ્સ્) *n.* A dance performed by two persons in circular figures with a whirling motion:એક જાતનો નાચ; કૂદડી.

Waltz-ing,(વૉલ્ટ્સિંગ્)*n.* The act of dancing a walter:કુદડી ફરવી તે;કુદડીનો નાચ.

Wampum,(વૅમ્પમ્)*n.*Beads made of shells used by the North Americans as money: ઉત્તર અમેરીકામાં કોડીનું ચલણ;શીપના કરેલા મણકા.

Wan,(વૅન્)*a.*Pale;pallid:ફીકું;નિસ્તેજ;પીળું. *n.* Wanness:પીળાશ;ફીકાશ. *vi.* To become pale: ફીકું થવું;પીળું થવું;નિસ્તેજ થઇ જવું.

Wand,(વૅન્ડ્)*n.*1.A small stick;a rod:સોટી; લાકડી;છડી;દંડ.2.A staff of authority:અધિકારની છડી;રાજ્યદંડ.

Wander,(વૅન્ડર્) *vi.* To ramble here and there;to stroll;to rove:ભટકવું;રખડવું;રઝળવું. *vt.* To travel over without any certain course: ભમવું;રઝળતા ફરવું.

Wander-er,(વાન્ડરર્)*n.*A rambler:ભમું પડેલું માણસ;ભટકનાર

Wane,(વૅન્)*vi.* 1. To be diminished; to decrease(as the moon):(ચંદ્રનીકળા)ઓછીથતીજવી; (કળા)નો ક્ષય થતો જવો-થવો.2. To decline:ઉતરતી દશા-હાલત થવી.*vt.*To cause to decrease:ઉતરતા પાયાપર લાવવું *n* 1.The decrease of the illuminated part of the moon to the eye of a spectator:ચંદ્રનો કળાક્ષય.2.Decline:ક્ષય;પડતી.

Wang,(વૅન્ગ્)*n.*1.The jow,jowbone or cheek bone:જડબું;દાઢ;ડાચું.2.A slap;a blow:તમાચો.

Wanger,(વૅન્ગ્અર્)*n.*A pillow for the cheek ગાલમસૂરીયું.

Wanhope,(વૅન્હોપ્)*n.*1.Want of hope;dispair:ખોટીઆશા;નાઉમેદી.2.Delusion:ભ્રમ;ભ્રાન્તિ.

Wankle,(વૅન્કલ્)*a.*Weak;unstable:અસ્થિર; અઢૂઢ;નબળા મનનું.

Want,(વૅન્ટ્)*n.*1. Deficiency; lack:અછત;અભાવ.2.Absence or lack of necessaries;destitution:ગરીબી;કંગાલિયત.3.That which is needed or desired:ખોટ;તંગી.*vt.*1.To be without;to be deficient in;to lack:(કંઇ)વગરના-રહિત હોવું; ઓછું હોવું;-ની ખોટ પડવી.2.To require;to need: જરૂર હોવી.*vi.*To be absent;to fail;to lack:ખોટ પડવી;જરૂર હોવી;-ની તંગી પડવી.

Wanting,(વૅન્ટિંગ્) *a.* Absent; lacking; missing:અધુરૂં;ઓછું;કમી;ઉણું;ન્યૂન.

Wanton,(વૅન્ટન્) *a.* 1. Untrained; unrestrained:નિરંકુશ;બેકેદ;મનસ્વી;વિલાસી.2.Deviating from the rules of chastity;lewd:લંપટ;વિષયી;વ્યભિચારી;લુચ્ચું.3.Reckless;heedless:જાણી જોઇને કરેલું. *n.*1. One brought up without restraint;a pampered pet:લાડમાં ઉછરેલો; લાડકો; વહી ગયેલો માણસ.2.A lewd person:વ્યભિચારિણી; લોડી સ્ત્રી;લોટો;કામાતુર પુરૂષ. *vi.*1. To rove and ramble without restraint:લ્હેર કo;મોજ મારવી. 2.To sport in lewdness;to play the wanton:કામ વિલાસ કરવો;ઇશ્કબાજી કo.

Wanton-ly,(વૅન્ટન્લિ)*adv.* 1.In a wanton manner:લંપટપણે;વિલાસિપણે. 2.Unintentionally:ઓચિંતા;એકદમ;અણધાર્યું.

Wanton-ness,(વૅન્ટન્નેસ્)*n.* The quality or state of being wanton;sportiveness:લોદાઇ;લુચ્ચાઇ;ત્રેકેલપણું;વિષયવિલાસ;વ્યભિચાર.

Wan-trust,(વૅન્ટ્રસ્ટ્)*n.*Distrust:અણભરોસો.

Want-wit,(વૅન્ટ્વિટ્)*n.*A blockhead:મૂર્ખ.

Wap,(વૅપ્)*vt.*& *i.*To beat; to whip:મારવું;ઝુડવું;ફટકો લગાવવો. *n.* A blow or beating; a whip:મારવું તે.

Waped,(વૅપ્ડ્)*a.*Crushed by misery;dejected:નાઉમેદ થએલો;ઉદાર;દીલગીર;નાસીપાસ.

War,(વૉર્) *n.* Armed conflict of sovereign powers;declared and open hostilities:લડાઇ; યુદ્ધ;રણ; વિગ્રહ; સંગ્રામ. *Civil* **w.**:એકજ રાજ્યના લોકોમાં માંહોમાંહે લડાઈ. *vi.*To make war:લડાઇ કરવી-ચલાવવી;યુદ્ધ કરવું.

Warble,(વૉર્બલ્)*vi.*1.To trill:લહેકાવીને ગાવું.2. To utter musically; to carol: રાગબંધ ગાવું. 3.To sing in trilling manner or with many turns and variations:મધુર-મીઠા-સુરવડથી ગાવું. *n.*A song:ગીત;ગાયન.

War-cry,(વૉર્ક્રાઇ) *n.* A cry or signal used in war:લડાઇનો પોકાર;રણહાક;વીરહાક;સિંહનાદ.

Ward,(વૉર્ડ્)*n.*1.Watch; guard:ચોકી; સંભાળ. 2. Garrison;defender:રક્ષણ કર્તા; રક્ષક. 3. The state of being under guard or guardianship:દેખરેખ;સંભાળ;નજર. 4. (*a*) A minor or person under the care of a guardian: રક્ષિત પુરૂષ;સગીર.(*b*)A quarter of a town or city: શહેરનો લત્તો-ભાગ.(*c*)A division of a forest: જંગલનો ભાગ.*vt.*To keep in safety,to watch; to guard:ચોકી-રક્ષણ કo. *vi.*1.To be vigilant; to keep guard: ચોકી કરવી. 2. To act on the defensive with a weapon:સામે ટક્કર લેવી;-ના સામા બચાવ કરવો.

Wardon,(વૉર્ડન્)*n.* 1.Keeper;a guardian: સંભાળ રાખનાર-લેનાર;વાલી. 2. An officer who keeps or guards:તપાસ-ચોકસી રાખનાર અમલદાર. 3.A head official:મોટો અધિકારી;ઉપરી;અધ્યક્ષ.

Warder, (વૉર્ડ્અર્) *n.* One who wards or keeps; a guard:સંભાળ રાખનાર-લેનાર;રક્ષક;દરવાન;પહેરગીર.

Ward-robe,(વૉર્ડ્‌રોબ્)*n*.1.A room or apartment where clothes are kept or wearing apparel is stored;a portable closet for hanging up clothes:તોશાખાનું; પોશાકખાનું. 2. A privy:સંડાસ;વાડો.

Ward-room,(વૉર્ડ્‌રૂમ્)*n*. A room occupied as a mess room by the commissioned officers of a war vessel: વહાણના અમલદારોને ખાવા બેસવાનો ઓરડો.

Ware,(વેઅર્)*n*.Articles of merchandise;goods; commodities:માલ;સોદો.*China* **w**.:ચિનાઈ વાસણ.*Hard* **w**.:લોખંડી સામાન.

Warehouse, (વેર્‌હાઉસ્) *n*. A store house for wares:વખાર;કોઠી; કોઠાર.*vt*. To deposit or secure in a warehouse: વખારમાં ભરી રાખવું.

Warfare,(વૉર્‌ફેર્)*n*. Military service; hostilities;war:લડાઈ;યુદ્ધ;સંગ્રામ;વિગ્રહ.

Wari-ly,(વેરિલિ)*adv*.In a wary manner:ચોકસાઈથી;વિચારીને;ચોકસી પૂર્વક.

Wari-ness,(વેરિનેસ્)*n*. Cautiousness:હોશીઆરી;સાવચેતી;સાવધાનતા.

Warkloom, (વર્ક્‌લૂમ્) *n*. A tool;an implement:ઓજાર;હથિઆર.

Warlike,(વૉર્‌લાઇક્)*a*. Fit for war;disposed for war:લડવૈયું;શુરું;લડાયક;રણધીર.

Warm,(વૉર્મ્)*a*.1. Having heat in a moderate degree:ઉનું;ગરમ. 2.Having a sensation of heat:સ્હેજસાજ ઉનું. 3. Subject to heat: જ્યાં તડકો ઘણો પડતો હોય તેવું;ગરમ. 4. Zealous; ardent:હોંસીલું;ઉત્સાહી. *vt*.To communicate a moderate degree of heat to; to render warm:ઉનું-ગરમ કરવું; તપાવવું. *vi*. 1. To become warm or moderately heated:ગરમ થવું; તપવું. 2.To become ardent: ઉત્સાહ આવવો; ઉમળકો આવવો.

Warm-ful, (વૉર્મ્‌ફુલ્)*a* Having warmth: ગરમ;હુંફ આપે તેવું.

Warm-heart-ed, (વૉર્મ્‌હાર્ટેડ્) *a*. Cordial; sincere;hearty:માયાળુ;સ્નેહી;મમતાળુ;પ્રેમાળ.

Warmly,(વૉર્મ્‌લિ) *adv*. Ardently:આતુરતાથી.

Warmth, (વૉર્મ્થ્) *n*. The quality or state of being warm;gentle heat:ગરમી;હુંફ.

Warmth-less,(વૉર્મ્થ્‌લેસ્)*a*.Being without warmth;cold:ટાઢું;ઠંડું;સ્નેહ-ઉમળકા વગરનું.

Warn,(વૉર્ન્)*vt*.1.To make ware or aware; to give to:સૂચના આપવી-કરવી. 2.To give notice to of approaching or probable danger or evil:ખબરદાર-સાવધ રહેવાનું કહેવું.

Warner,(વૉર્ન‌અર્)*n*.One who warns;an admonisher:ચેતવનાર;ચેતવણી-સૂચના આપનાર.

Warning,(વૉર્નિંગ્)*a*. Giving previous notice;cautioning:ચેતવતો;ચેતવણી આપતો;ચેતવતું. *n*.1.Previous notice:વરધી;તાકીદ. 2.Caution against danger:ચેતવણી.

Warp,(વૉર્પ્)*vt*. 1. To throw; *hence*, to send forth or throw out as words:to utter:બોલવું. 2. To turn or twist out of shape:મરડી નાંખવું. 3.To turn aside from the true direction:ફેરવવું;બગાડવું. 4.To weave;to fabricate: વણવું. 5.To arrange as a warp beam:તાણાના યંત્રપર ગોઠવવું. *vi*.1.To turn twist or be twisted out of shape:મરડાવું. 2. To turn or incline from a straight, true or proper course:અવળે રસ્તે જવું. 3. To wind yarn off bobbins for forming the warp of a web:તાણો કરવાને માટે સુતરને બાબીનપરથી ઊકેલવું. *n*. The threads which are extended lengthwise in the loom and crossed by the woof:ઊભો દોરો-સુતર;તાણો.

Warrant,(વૉરંટ્)*n*. 1. That which warrants or authorizes;authority:સત્તા;અધિકાર; સનદ;પરવાનો.(*a*)A writing which authorizes a person to receive money or other thing: અખત્યારનામું;પરવાનો. (*b*)A precept issued by a magistrate authorizing an officer to make an arrest: વારંટ. 2.Guarantee; security: સલામતી;જામિનગીરી. 3.That which attests or proves:ખત; દસ્તાવેજ. 4. Right; legality:હક; અધિકાર.*Dock* **w**.:જકાત રસીદચિઠ્ઠી.*vt*.1.To make secure; to give assurance against harm: ની સહીસલામતીનું માથે લેવું. 2. To justify; to maintain: આધાર-પુષ્ટિ આપવી. 3. To give a warrant or warranty to: ખાતરીપૂર્વક-ખરી ખાતરીથી કહેવું;નક્કી-ખચીત કહેવું. 4.(*a*)To indemnify against loss:નુકસાન ભરી આપવાનું માથે રાખવું.

Warrant-a-ble, (વૉરંટેબલ્) *a*. Justifiable;defensible:વાજમ;ઉચીત;યોગ્ય; વાજબી;માન્ય.

Warran-ty,(વૉરંટિ)*n*. Security; warrant; guarantee:પ્રમાણપત્ર;ખાત્રી;જોખમદારી;જામિનગીરી.

Warray,(વૉરે)*vt*. To make war upon:લડાઇ કરવી;ની સાથે યુદ્ધ-સંગ્રામ-વિગ્રહમાં ઊતરવું.

Warren,(વૉરેન્)*n*. (*a*) A place privileged by grant from the king for keeping certain animals called beasts and fowls of *warren*:પશુઓને રાખવાની જગા. (*b*) A privilege which one has in lands by royal grant of hunting and taking wild beasts and birds of warren:પોતાની જમિનમાં ફક્ત પોતે એકલાને શિકાર કરવાનો રાજ્ય તરફથી મળેલો હક-પરવાનો.

Warri-or,(વૉરિઅર્)*n*. A soldier;a champion:શૂરવીર;યોદ્ધો;લડનાર;વીર;ભટ;લડવૈયો.

Wart,(વૉર્ટ્)*n*.[L.*verruca*,wart.]A small usually hard tumor on the skin:મસો;માંસાંકુર.

Warty,(વૉર્ટિ)*a*. Having worts:મસાવાળું-થી ભરપુર.

Wary,(વેરિ)*a*.Cautious of danger:હોશીઆર.

Was,(વૉઃઝ્)The first and third person singular of the verb *be* in the indicative mood: હતો;હતું;હતી.

Wash,(વૉશ્)*vt.*1.To cleanse by ablution or by dipping or rubbing in water:પાણીથી સાફ કરવું.2.(*a*)To wet;to fall on and moisten:ભીનું કરવું;ભીંજવવું.(*b*)To overflow or dash against: પર પાણી ફરી વળવું. *vi.* To perform the act of ablution:નાહવું;અંગ ધોવું;સ્નાન કરવું.*n.*1.The act of washing;an ablution:પ્રક્ષાલન;માર્જન;સ્નાન 2. Substances collected and deposited by the action of water:નદીના પાણીથી ખેંચાઇ આવેલો કચરો-કાદવ.3.The flow,swash,or breaking of a body of water as a wave:પાણીનો પ્રવાહ;મોજું.

Washa-ble,(વૉશ્'એબલ્)*a.*Capable of being washable:ધોવા લાયક-જેવું.

Wash-board,(વૉશ્'બોર્ડ્)*n* A fluted or ribbed board on which clothes are rubbed in washing them:કપડાં ધોવાનું પાટીયું;પાટલો.

Washer-man,(વૉશ્'અર્મેન્)*n.*A man who washes clothes:ધોબી;કપડાં ધોનાર;રજક

Washern,(વૉશર્ન્)*n.*A place where clothes are washed:ધોવાની જગ્યા;ઘાટ.

Washy,(વૉશ્'ઇ)*a.*Watery;damp;soft:પોચું.

Wasp,(વૉસ્પ્)*n*[L.*vespa.*]Any one of numerous species of stinging hymenopterous insects:ભમરો;ભમરકીટ;ડંખ મારતી માખીની એક જાત.

Waspish,(વૉસ્પ્'ઇશ્)*a.*Resembling a wasp in form:ભમરાના આકારનું-જેવું.

Waste,(વેસ્ટ્)*a.*[L.*vastus.*]1.Desolate;devastated:વેરાન;જંગલ;ઉજ્જડ. 2. Lying unused; worthless;unproductive; *hence*,dreary;dismal; gloomy:પડતર;ઉદાસી;ગમગીન. 3. Superfluous:વધારાનું;ઉપરાંતનું. *vt.*[L.*vastus*,desert.]1. To destroy;to desolate:નાશ કરવું;ધૂળધાણી-પાયમાલ કo.2.To wear away by degrees:નબળું કરવું.3.To spend unnecessarily or carelessly: ઉડાવી દેવું 4.To damage:જાણી જોઇને બગાડવું.*vi.*1. To be diminished; to be consumed:નબળું-ક્ષીણ-કમજોર થઇ જવું.2.To procure or sustain a reduction of flesh:કમી થવું;ઘટી જવું.*n.*1.Needless destruction:ક્ષય;નાશ;બગાડ;ખરાબી 2.Prodigality:ઉડાઉપણું.**W**.*of time*:કાળક્ષેપ-હરણ.3.A deserted region;a desert;a wilderness:ઉજ્જડ-વેરાન દેશ-ભૂમિ-જમીન;જંગલ;વેરાન. 4.Uncultivated land:પડતર-ખેડ્યા વગર રહેલી જમીન.

Waste-bas-ket,(વેસ્ટ્'બૅસ્કેટ્)*n.*A basket used,for waste paper:નકામા કાગળો રાખવાની ટોપલી.

Waste-book,(વેસ્ટ્'બુક્)*n.* A book in which rough entries of transactions are made: કાચો ખરડો-મેળ.

Wasteful,(વેસ્ટ્'ફુલ્)*a.*1.Full of waste;ruinous:નુકશાનકારક;નકામું.2.Lavish:ઉડાઉ.3.Waste; untilled:પડતર;વગર ખેડેલું.

Waste-thrift, (વેસ્ટ્'થ્રિફ્ટ્) *n.* A prodigal;a spendthrift:ઉડાઉ;પોલા હાથનું માણસ.

Waster,(વેસ્ટ્'અર્)*n.* A waster; a thief:ચોર; ઠગ;ઠગારો.

Watch,(વૉચ્)*n.* 1.Vigil; guard; preventive vigilance;close observation:જાગરણ; ચોકી;પેહેરો;ચોકીપેહેરો;સંભાળ;દેખરેખ;નજર; નિગેહબાની. 2. A watchman;a sentry;a guard:ચોકીદાર; પેહેરેગીર. 3.The post or office of a watchman:ચોકીદાર-પેહેરેગીરનું કામ;ચોકી;પેહેરો. 4.The period of the night during which a person does a duty as a sentinel or guard: પેહેરો ભરવાનો-ચોકી કરવાનો વખત. 5. A small time-piece or chronometer to be carried about the person,the machinery of which is moved by a spring:ન્હાનું ગજવામાં રાખવાનું ઘડીઆળ.*To be on the* **w.**,to be looking steadily for some event: કંઈ બનાવટની વાટ-રાહ જોયાં કo.**W.***night*,the last night of the year:વર્ષની છેલ્લી રાત. *vi.*1.To be awake;to wake:જાગતા બેસવું.2.To be attentive or vigilant;to give heed to:નજર રાખવી; ધ્યાન આપવું.3.To keep guard:ચોકી રાખવી.4.To be expectant;to wait:રાહ જોવી;વાટ જોવી.5.To serve the purpose of a watchman:ચોકીદારની ગરજ સારવી *vt.*To give heed to:જોતા રહેવું;દેખરેખ રાખવી.

Watchet,(વૉચ્'એટ્)*a.* [L. *vaccinium*, blueberry.]Pale or light blue:ફીકું;આછું આશમાની.

Watchful,(વૉચ્'ફુલ્)*a.* Full of watch;cautious:સાવધ;હોશીઆર; જાગૃત. *To be* **w.** *of*:વિષે સાવધ હોશીઆર રહેવું.

Watch-house,(વૉચ્'હાઉસ્)*n.*1. A house in which a watch or guard is placed:જે ઘરમા ચોકી પહેરો હોય છે તે.2.A police station;a lock-up:ચોકી;જેલ;ચાવડી;હીવડી.

Watch-mak-er, (વૉચ્'મેકર્)*n.* One whose occupation is to make and repair watches: ઘડીઆળ બનાવનાર તથા સાજ-દુરસ્ત કરનાર;ઘડીયાળી.

Watchman,(વૉચ્'મૅન્)*n.*One set to watch; a guard;a sentinel:ચોકીદાર;પહેરેગીર.

Watchword, (વૉચ્'વર્ડ્) *n.* 1. A counter sign;a password:વરધી-સંકેતનો શબ્દ.2.A sentiment or motto:ધુમ;નીશાની.

Water,(વૉ'ટર્)*n* 1.The fluid which descends from the clouds in rain and which forms rivers,lakes,etc:પાણી.2.The urine:પિશાબ;મુતર.3. The limpidity and luster of a precious stone:હીરા મોતી વગેરેનું પાણી.*Fig*:દમ;પાણી; છવ;કસ;આબ.*Of the first* **W.**,of the first excellence:ઉત્તમ;સર્વોત્કૃષ્ટ *Mineral* **W.**:ઔષધના ગુણ-

વાળું પાણી. *Soft* **w.**:ચોખ્ખુ પાણી. *To make* **w.**, to pass urine:મુતરવું. *vt.*1.To wet or supply with water:ઉપર પાણી છાંટવું;પાણી સિંચવું.2.To supply with water for drink:પાણી પુરૂં પાડવું. *vi.* To shed, secrete, or fill with water or liquid matter: પાણી નીકળવું-ઝરવું. *The mouth* **w.***s*:મ્હોડામાં પાણી છુટેછે; લાલસા-ઇચ્છા થાય છે.

Water-bear-er,(વૉ'ટર્બેરર્) *n.* 1. (*Astron.*) The constellation Aquarius:કુંભરાશી.2.One who fetches water:કાવડિયો;ભિસ્તી.

Water-ce-ment,(વૉ'ટર્સીમેન્ટ્)*n.*Hydraulic cement:પાણીમાં કઠણ થાય એવો સીમીટ-કેલ.

Water-clos-et,(વૉ'ટર્ક્લૉઝેટ્)*n.*A privy:જાજરૂ;સંડાસ;વાડો;પાયખાનું;પિશાબખાનું.

Water-col-or,(વૉ'ટર્કલર્)*n.*(*Paint.*)1.A color ground with water and gum or other glutinous medium:પાણીને ગુંદરથી બનાવેલો રંગ. 2.A picture painted with such colors:છબી.

Water-course,(વૉ'ટર્કોર્સ્)*n* 1.A stream of water;a river or brook:ઝરો;વહેળીઓ;નાળું.2.A natural channel for water:જળમાર્ગ.*Also*,a canal for the conveyance of water:નળ;મોરી;ગટર.

Water-craft, (વૉ'ટર્ક્રેફ્ટ્) *n.* Vessels and boats:વહાણો;નૌકાસમૂહ.

Water-cure,(વૉ'ટર્ક્યૂર્) *n.* (*Med.*) Hydropathy:દવા દાખલ પાણી વાપરવું તે.

Water-fall,(વૉ'ટર્ફૉલ્)*n.* A fall of water a cascade;cataract: પાણીનો ધોધ-ધોધવો.

Water-fowl, (વૉ'ટર્ફાઉલ્) *n.* An aquatic fowl:પાણીમાં રહેનાર પક્ષિ.

Water-gru el,(વૉ'ટર્ ગ્રૂએલ્)*n.*A liquid food composed of water and a small portion of meal:પેજ;કાંજી;રાબડી;ઘયડી. [પાણી જેવું.

Water-ish,(વૉ'ટરિશ)*a.*Thin; watery:પાતળું;

Water-li-ly,(વૉ'ટર્લિલિ)*n.*A blossom of plant of the genus Nymphœa distinguished for its large floating leaves and beautiful flowers:જળકમળ;કમળનું ફૂલ.

Water-man,(વૉ'ટર્મેન્)*n.*1. A boat-man;a ferryman:ખલાસી;ખારવો;નાવિક.2.An attendant on cabstands:પાણી ભરનાર.

Water-mark, (વૉ'ટર્માર્ક્) *n.* 1. The usual limit of high or low water:ભરતી-રેલની મર્યાદા; ભરતીની હદ-નિશાન. 2.A letter or device into paper during the process of manufacture: કાગળ બનાવતાં માંહે ઊઠાડેલા અક્ષર.

Water-me-lon, (વૉ'ટર્મેલૉન) *n.* The very large ovoid or roundish fruit of a cucurbitaceous plant:તડબુચ;કાલિંગડું;ખડબુચ.

Water-mill, (વૉ'ટર્મિલ્) *n.* A mill whose machinery is moved by water:પાણી ચક્કી.

Water-pot,(વૉ'ટર્પૉટ્)*n.*A vessel for holding or conveying water:જળપાત્ર;ઘડો.

Water-proof,(વૉ'ટર્પ્રૂફ્) *a.* Impervious to water:જેની અંદર પાણી પેસે નહિં એવું. *n.* Cloth made water-proof or any article made of such cloth or of other waterproof material as rubber:પાણી પેસી નહિ શકે એવું લુગડું. *vt* To render impervious to water:પાણી ન પેસે એવું કરવું-બનાવવું.

Water-shed,(વૉ'ટર્શેડ્)*n.*The whole region or extent of country which contributes to the supply of a river or lake:નદીઓની મૂળભૂમિ.

Water-spout, (વૉ'ટર્સ્પાઉટ્) *n.* A meteorological phenomenon of the nature of a tornado or whirlwind usually observed over the sea:સમુદ્રમાં થતો સ્થંભ;ગાંધર્વ નગર.

Water-thief,(વૉ'ટર્થીફ્)*n.*A pirate:ચાંચીઓ.

Water-y,(વૉ'ટરિ)*a.*1.Consisting of water: પાણીથી ભરેલું ; જળમય. 2. Resembling water: પાણી જેવું પાતળું.

Wattle,(વૉટ્'લ્)*n.*1.A twig or flexible rod: તાડું;લાકડી;ત્રાપો.2.A rod laid on a roof to support the thatch:મોભ.*vt.*To bind with twigs: ડાળી સાથે બાંધવું. [squall:મીયાઉ મીઆઉ કo.

Waul,Wawl,(વૉલ્) *vi.* To cry as a cat; to

Wave,(વેવ્)*vi.*1.To play loosely; to float: ઝુલવું;હાલવું. 2.To be moved to and fro as a signal:ફરકવું;ફડફડવું;નિશાન-સંકેત તરીકે ઊડવું.3.To fluctuate;to waver:ડચુપચું હોવું.*vt.*1.To move one way and other:આમતેમ હલાવવું.2.To move like a wave;to waft:મોજાની પેઠે હલાવવું.*To* **w.** *off*:ફરાકામુકવું.*n.*An undulation:તરંગ;મોજું;છોળ.

Waveless,(વેવ્'લેસ્)*a.*Free from waves;not agitated:લહેર-છોળ-મોજાં વગરનું;શાંત;અસ્થિર.

Waver,(વેવર્)*vi* 1.To play or move to and fro;to reel;to swing: આમતેમ હાલવું-ડોલવું. 2. To vacillate; to fluctuate:મન ડચુપચું થવું;આનાકાની કo;આરંભ લેવી-ધરવી;અચકાવું;ખમચાવું.

Waver-ing,(વેવરિંગ)*a.*1.Unsteady;unsettled:અસ્થિર;અટૂટ;ડચુપચું; અનિશ્ચિત. 2. Moving to and fro:આમતેમ હાલતું-ડોલતું;ડોલાયમાન.

Wax,(વૅક્સ્) *vi.* To grow bigger: કદમાં વધવું; ફુલવું *n.*1.A fatty solid substance produced by bees and employed by them in the construction of their comb:મીણ. 2.(*a*)Cerumen or earwax:કાનનો મેલ.**W.***light*,a candle of wax:મીણબત્તિ;મોમબત્તિ.*vt.*To smear or rub with wax:મીણ પાવું;-પરમીણ ચોપડવું.

Wax-cloth,(વૅક્સ્ ક્લૉથ્)*n.*A cloth covered with a coating of wax:મીણ પાયેલું લુગડું;મીણીયું.

Waxen,(વૅક્સ્'અન્)*a.*1.Made of wax: મીણનું બનેલું.2.Covered with wax;waxed:મીણ પાએલું.

Wax-end,(વૅક્સ્'એન્ડ્)*n.* A thread covered

with wax used in sewing leather:જોડા શીવવાનો મીણ પાએલો દોરો.

Wax-work, (વૅક્સ્‌'વર્ક્) *n*. Work made of wax:મીણનું બનાવેલું કામ;મીણનાં પુતળાં.

Waxy,(વૅક્સ્'ઈ)*a*. Viscid;adhesive;soft;resembling wax:મીણના જેવું પોચું-નરમ-ચીકણું.

Way,(વે) *n*. [L. *veho*, I carry.] 1. That by, upon or along which one passes;passage; road:રસ્તો;વાટ;માર્ગ;પંથ.2.A moving;passage journey:મુસાફરી રસ્તો.3.Scheme;device:યુક્તિ; કળા;ઉપાય.4. Mode: રીત; પ્રકાર. *By the* w.,in passing;aside:બાજુએ;એક તરફ. *By* w. *of*, for the purpose of:ને માટે-વાસ્તે;ની રૂએ. *Covert* w.,(*fort*.):ચોરવાટ.*In family* w.,pregnant: ગર્ભવંતી.*Milk* w.,galaxy:આકાશ ગંગા. *On the* w.,travelling or going:જતાં.*To go one's* w.. or *come one's* w., to go or come:આવવું-જવું; રસ્તો લેવો-પકડવો.*To go the* w. *of all the earth*, to die:મરી જવું.*To make one's* w.,to advance in life by one's personal efforts: ઉંચું ચઢવું; ફતેહ પામવું. *Ways and means*, methods;resources:રીત;સાધન;સાહિત્ય.W.*of the rounds*.:પહેરો ફરવાની જગા.W.*passenger*:અધવચથી બેસાડેલો ઉતારૂ. W.*s. of God*, his providential government or his works: ઈશ્વરની લીલા. w. *warden*,the survey of a road:આપણી કરનાર. *Right* w.:સન્માર્ગ;સુપંથ;સત્પંથ.*In various* w.*s*.:અનેકધા;બહુધા;નાનાવિધ.

Wayfar-ing,(વે'ફ઼રિંગ્)*a*. Travelling;passing:જતું;મુસાફરી કરતું;માર્ગી;રાહગીર;પાંથિક.

Way-lay,(વેલે') *vt*. To lie in wait for; to beset in ambush:સંતાઈ રહીને રસ્તામાં લુટવું.

Waylay-er,(વેલેયર્) *n*. One who waylays another:વાટપાડુ. [path:રસ્તા વિનાનું;અણું પડેલું.

Wayless, (વે'લેસ્) *a*. Having no road or

Waymark,(વે'માર્ક્)*n*. A mark to guide in travelling:રસ્તો જડવાની નિશાની.

Wayward, (વે'વર્ડ્) *a*. Taking one's own way;disobedient; froward;perverse:હઠીલું; જીદ્દી;સ્વચ્છંદી. [velling:મુસાફરીથી થાકી ગએલું.

Way worn, (વે'વોર્ન્)*a*. Wearied by tra-

We,(વી)*pro.pl*.of *I*. The plural nominative case of the pronoun of the first person: અમે;આપણે;આપણ.

Weak,(વીક્)*a*.[L.*vicis*,a change;turn.]1.(*a*) Feeble;infirm;sickly:દુર્બળ;નબળું;અશક્ત. (*b*) Not able to sustain a great weight: ભાર નહિ ખમી શકે એવું.2.(*a*)Wanting in point or vigor of expression:નબળું; નિર્જીવ; નિરર્થક. (*b*) Lacking in elements or political strength: કમજોર. 3. Pertaining to or designating a verb which forms its imperfect & past participle by adding to the present the suffix *ed*&*d*:નિયમિત.W.*conjugation (gram)*, the conjugation of weak verbs:નિયમિત ક્રિયાપદનાં રૂપાંતર.W.*side*,weakness:અશક્તિ;દુર્બળતા.*A* w. *point*:છિદ્ર;રંધ્ર;દોષ;એબ;દુષણ;ખોડ;મર્મ.

Weaken,(વીક્'ન્)*vt*. 1. To make weak; to debilitate:દુર્બળ-નબળું-કમજોર-નરમ કરવું;અશક્ત-કમતાકાદ કo.2.To reduce in quality,strength or spirit:મોળું કરી નાંખવું; ઢીલું કરવું. *vi*.To become weak or weaker:નરમ થવું;દમ વિનાના થવું.

Weakheart-ed,(વીક્'હાર્ટેડ્) *a*. Having little courage;dispirited:નબળા મનનું;દમ વિનાનું.

Weakly,(વીક્'લિ)*adv*. Feebly:નબળી રીતે; કમજોરપણે.*a*.Infirm;feeble:નિર્બળ.

Weakmind-ed, (વીક્'માઈન્ડેડ્) *a*. Feeble minded;foolish;idiotic:નબળા મનનું;મૂર્ખ;ગાંડું.

Weakness, (વીક્નેસ્) *n*. 1. Lack of vigor; want of resolution or strength:અશક્તિ;કમજોરી;દુર્બળતા;અશક્તતા;દૌર્બલ્ય. 2. A fault;a defect:ખોડ;દોષ;છિદ્ર;એબ;ખામી.

Weakside,(વીક્'સાઈડ્) *n*. Weakness; Infirmity:ખોડ;ખામી;દોષ;અપૂર્ણતા;દુષણ.

Weal,(વીલ્)*n*. The mark of a stripe: સોળ; વળ.*vt*.To mark with stripes:પટા પાડવા; સોળ ઊઠાડવા.*n* Prosperity;welfare:કલ્યાણ; હિત;શ્રેય. W.*or woe*:શુભાશુભ;સુખ દુઃખ. [રાન;મેદાન.

Weald,(વીલ્ડ્) *n*. A wood or forest: જંગલ;

wealsman, (વીલ્સ્'મૅન્) *n*. A statesman; a politician:રાજદરબારી માણસ;રાજનીતિજ્ઞ પુરૂષ.

Wealth,(વેલ્થ્) *n*. Riches;estate;opulence: સંપત્તિ;દોલત;ધન.સમૃદ્ધિ;વિભવ;વૈભવ.

Wealthy,(વેલ્થ્'ઇ)*a* Having wealth;opulent; rich:સંપત-દોલત-ધનવાન;દ્રવ્યવાન;ધનવંત.

Wean, (વીન્)*vt*. 1 To take finally from the breast or udder:ધાવણ મુકાવવું.2.To reconcile to the want or loss of anything:ઉપરથી મન-ઢીલ ઉઠાવવું. *n*.A young child:નાનું છોકરૂં; ધાવણ છોડેલું છોકરૂં.

Weanling,(વીન્'લિંગ્)*n*.A child or animal newly weaned:ધાવણ છોડાવેલું-મુકાવેલું બાળક.

Weapon,(વેપૅન્) *n*. An instrument of offensive or defensive combat:અસ્ત્ર;શસ્ત્ર;આયુધ.

Wear,(વેર્)*vt*. [L. *vestio*,I clothe.]1.To carry or bear upon the person; to have on: શરીરે ઘાલવું-ઓઢવું-પહેરવું.2.To have or exhibit an appearance of as an aspect or manner: ચહેરા ઉપરથી કૃપા દૃષ્ટિ જણાઈ આવવી.*To* w.*away*, to consume; to impair: ક્ષીણ થઈ જવું. *To* w. *out*,to consume or render useless by attrition or decay:જીર્ણ-જુનું કરી નાંખવું. *vi*. To be wasted or consumed by use:ધીમે ધીમે ઘસાઈ-વપરાઈ જવું. *To* w.*off*,to pass away by de-

grees:ધીમે ધીમે જતું રહેવું. *To w. on*, to pass on: ગુજરવું. *n*. The act of wearing or the state of being worn: ઘસારો. **W**. *and tear*, the loss by wearing: પહેરફાડ; ઘસારો.

Weari-ness, (વ્હી'રિનેસ્) *n*. 1. Exhaustion of strength; fatigue: થાક; શ્રમ; કષ્ટ; આયાસ. 2. The quality or state of being weary: કંટાળો; ત્રાસ.

Weari-some, (વ્હી'રિસમ્) *a*. Tiresome; tedious: કંટાળો ભરેલું; થકવી નાખે એવું; શ્રમ; ખેદજનક.

Weary, (વ્હી'રિ) *a*. 1. Tired; fatigued: થાકેલું. 2. Tiresome; tedious: કંટાળેલું. 3. Tired; sick: ખિન્ન; મ્લાન. *vt*. 1. To tire; to fatigue: શ્રમ આપવો. 2. To make weary of anything: ત્રાસ આપવો. 3. To harass by anything irksome: હેરાન કo. *vi*. To grow tired: થાકવું.

Weasand, Weazand, (વ્હી'ઝેન્ડ્) *n*. The wind pipe: શ્વાસ લેવાની નળી.

Weasel, (વ્હી'ઝલ્) *n*. Any one of various species of small carnivores belonging to the genus *Putorius*: નોળીઓ.

Weather, (વ્હેધ્'અર્) *n*. 1. Meteorological condition of the atmosphere: હવા; ઋતુ. 2. Vicissitude of season: ઋતુમાં ફેરફાર. *To make fair w.*, to flatter: -ના વખાણ-સ્તુતિ કo. *Under the w.*, ill: માંદો. *Also*, financially embarrassed: પૈસા સંબંધી તંગીવાળું. *vt*. To place (*a hawk*) unhooded in the open air: હવામાં ઊડાવવું; ઊડતું મેલવું. *To w. a point*, to pass a point of land leaving it on the lee side: પવનની સામેની બાજુએ હંકારી અમુક સ્થળ પસાર કo. *To w. out*: મુશ્કેલીથી-નડતા છતાંપાર પાડવું-પસાર થવું. *vi*. To undergo or endure the action of the atmosphere: હવામાં ફેરફાર થવો.

Weather-beat en, (વ્હેધ્'અર્બીટન્) *a*. Beaten by the weather: પવનના ઝપાટા સહન કરેલું.

Weather-board, (વ્હેધ્'અર્બોર્ડ્) *n*. (*a*) Side of a vessel which is toward the wind: પવન તરફની વહાણની બાજુ. (*b*) A piece of plank to keep out water: પાણી અંદર આવતું અટકાવવાનું પાટીયું.

Wearher-cock, (વ્હેધ્'અર્કૉક્) *n*. 1. A vane or weather vane: પવનની ગતિ જણાવનારું યંત્ર. 2. Any thing or person that turns easily: ચંચળ; અસ્થિર; ચલિત.

Weather-fend, (વ્હેધ્'અર્ફેન્ડ્) *vt*. To shelter: પવનથી રક્ષણ કર.

Weave, (વ્હીવ્) *vt*. 1. To entwine or interlace into a fabric: વણવું. 2. To form as cloth by interlacing threads: વણવું; જોડીકાઢવું. *vi*. To work with a loom: સાળ ઉપર કામ કરવું.

Weaver, (વ્હીવ્'અર્) *n*. 1. One who weaves: વણનાર; સાળવી; વણકર. 2. A weaver bird: સુઘરી.

Weaving, (વ્હીવ્'ઇંગ્) *n*. The act of one who or that which weaves: વણવું તે; વણતર; વણાટ.

Weazn, (વ્હી'ઝ્ન્) *a*. Thin; sharp; withered: આગળ આવેલું; પાતળું; ક્ષીણ; લાંબુ; તીણું.

Web, (વ્હેબ્) *n*. 1. That which is woven; a texture; textile fabric: વણેલી વસ્તુ; વણાટ. 2. A whole piece of linen cloth as woven: તાકો; થાન. 3. The membrane which unites the fingers or toes either at their bases: જળચર પક્ષિના આંગળાં વચ્ચેની ત્વચા-ચામડી. *vt*. To unite or surround with a web; to entangle: જાળમાં ફસાવું-પકડવું; ફાંદામાં નાખવું.

Webbed, (વ્હેબ્ડ્) *a*. 1. Provided with a web: જાળવાળું. 2. (*Zool.*) Having the toes united by a membrane or web: પાતળી ચામડીથી જેનાં પગનાં આંગળાં જોડાએલાં છે એવું.

Webfoot-ed, (વ્હેબ્'ફુટેડ્) *a*. Having webbed feet; palmiped: જેના પગનાં આંગળાં ચામડીથી જોડાએલાં હોય એવું; જાલપાદ.

Webster, (વ્હેબ્'સ્ટર્) *n*. A weaver; a female weaver: વણનાર; વણનારીસ્ત્રી.

Wed, (વ્હેડ્) [L. *vas, vadis*, security.] To marry; to espouse: વિવાહ-લગ્ન કo; પરણાવવું; -ની સાથે વરવું-પરણવું. *vi*. To marry: લગ્ન થવું; પરણવું; નું પાણિગ્રહણ કo; વરવું.

Wedded, (વ્હેડ્'એડ્) *a*. Joined in wed-lock; married: પરણેલું; લગ્ન થએલાં એવું; વિવાહિત; પરિણીત.

Wedding, (વ્હેડ્'ઇંગ્) *n*. Marriage; nuptials: લગ્ન; વિવાહ; શાદી; વિવાહોત્સવ; લગ્નસમારંભ.

Wedding-fa-vor, (વ્હેડ્'ઇંગ્ફેવર્) *n*. A marriage favor: વરમાળા; લગ્ન વખતે પહેરાતી પટ્ટી.

Wedge, (વ્હેજ્) *n*. A piece of metal thick at one end and tapering to a thin edge at the other used in splitting wood, rocks, etc: ફાચર; ખિલો. *vt* 1. To force or drive: -માં ફાચર મારવી. 2 To press closely ઠાસી-દાબીને ભરવું. 3. To fasten with a wedge or wedges: ફાચર મારવી.

Wedlock, (વેડ્'લૉક્) *n*. Ceremony or the state of marriage; matrimony: વિવાહ; લગ્ન.

Wednesday, (વ્હેન્ઝ્'ડે) *n*. The fourth day of the week: બુધવાર; સૌમ્યવાર.

Wee, (વ્હી) *n*. A little; a bit: થોડી જગો; કકડો. *a*. Very small; little: થોડું ઝીણું; નાનું; અલ્પ.

Weed, (વ્હીડ્) *n*. 1. A garment: પોશાક. 2. An article of dress worn in token of grief: શોકની નીશાનીમાં પહેરાતું લુગડું; શોકનાં લુગડાં.

Weed, (વ્હીડ્) *n*. 1. Underbrush; low shrubs: ઝાડવાં. 2. An useless or injurious plant: પાકને નુકશાનકારક છોડવાં; નિંદણ; ઘાસ. *vt*. To free from noxious plants; to clear off weeds: ઘાસ કાઢી નાંખવું; નિંદવું.

Weeding-hook,-tongs, (વ્હીડ્'ઇંગ્હુક્,-ટૉન્ગ્ઝ્) *n*. A hook used for cutting away weeds: નિંદવાનું ઓજાર; દાતરડું નિંદણી; ખરપડી.

Weeding,(વીડ્ઇન્ગ્) Act of removing or freeing from weeds:નિંદવું તે;નિંદણ.

Weedy,(વીડ્'ઇ)*a*.1.Consisting of weeds:સેવાળથી ભરેલું;ઘાસવાળું; નકામા છોડપાલાનું બનેલું -થએલું.2.Abounding with weeds:નિંદણથી ભરપૂર.

Week,(વીક્)*n*.[L *vicis*, turn, alteration.] A period of seven days:અઠવાડીઉં;સમાહ;વારસપ્તક.

Week-day,(વીક્'ડે)*n*.Any one of the seven days except sunday: રવિવાર શિવાય અઠવાડીઆનો ગમે તે દિવસ.

Weekly,(વીક્'લિ)*a*.1.Of or pertaining to a week or week day:અઠવાડીઆનું વિષે-વિષયક.2. Coming, happening or done once a week: અઠવાડિએ અઠવાડિએ આવતું-બનતું-થતું-કરાતું-અપાતું-મળતું-નીકળતું-બહાર પડતું.*n.pl*.A publication issued once in seven days or appearing once a week: અઠવાડીએ છપાતું-નીકળતું પત્ર;અઠવાડિકપત્ર.*adv*.Once a week.દર અઠવાડીએ; અઠવાડીએ.

Weel,(વીલ્)*n*.A kind of trap or snare for fish made of twings:માછલાં પકડવાની જાળ.

Ween,(વીન્)*vi*.To think:ધારવું;વિચારવું.

Weep,(વીપ્)*vi*.1.To shed tears; to cry:રડવું; રૂદન કરવું.2.To lament; to complain:દિલગીરી બતાવવી;ફરિયાદ કo.*vt*.1. To lament;to bewail; to bemoan: વિલાપ કરવો;રૂદન કરવું. 2. To shed tears:આંસુ ઢાળવાં-પાડવાં. [શોક કરનાર;રડનાર.

Weeper,(વીપ્'અર્)*n*.One who weeps:વિલાપ

Weeping,(વીપ્'ઇન્ગ્)*a*. Grieving:વિલાપ કરતું. *n*. Shedding of tears; lamentation with tears:વિલાપ;શોક;રૂદન;અશ્રુપાત [ગરૂદન-ડોકવાળું પક્ષી

Weet-bird,(વીટ્-બર્ડ્)*n*.The wryneck:વળેલી

Weft,(વેફ્ટ્)*n*.1.A thing waved, waived or cast away;a waif:જેનો કોઈ માલીક નથી એવો જડેલો માલ. *n*. The woof of cloth: વાણો;કપડાનું આડું સૂતર.

Weftage,(વેફ્'ટેજ્)*n*.Texture:પોત;કુમાસ.

Weigh,(વે)*vt*.[L. *veho*, I carry.]1.To bear up;to raise:ઊંચું કo.2. To examine by the balance:તોળવું;જોખવું;વજન કo.3. To be equivalent in weight: તોળાવું; સમતોલ થવું. 4. To pay,allot,by weight:તોલથી આપવું.5.To examine;to ponder in the mind:મનમાં તોલ કo-વિચારવું. *To* **w**. *down*, to overbalance: તોલ-વજન-ભારમાં વધારે હોવું-થવું.*vi*.1.To have weight; to be heavy:વજનદાર લાગવું. 2. To bear heavily;to press hard:ભારરૂપ થઇ પડવું.3.To judge:વિચાર કo;ધારવું.

Weighage,(વે એજ્)*n*.A duty or toll paid for weighing merchandise:જોખામણ.

Weight,(વેટ્) *n*. 1. The quality of being heavy:વજન;તોલ.2. The quantity of heaviness:વજન;તોલ.3.Importance:વજન;કદર;ભાર; વજનદારી કદર. 4. A mass used as a standard for weighing:કાટલું;વજન.

Weight-less, (વેટ્'લેસ્) *a*. Light; having no weight:નજીવું;વિસાત વગરનું;હલકું;લઘુ.

Weighty,(વેટ્'ઇ)*a*.1. Having weight:heavy;ponderous:ભારે;વજનદાર;સંગીન. 2.Important:અગત્યનું;વજનદાર;મ્હોટું;ગંભીર.

Weird,(વીર્ડ્)*n*.1.Fate;destiny:નશીબ;કર્મ.2. A spell or charm:જાદુ;મંત્ર. *a*. 1. Concerned with destiny:નશીબને લગતું-સંબંધી. 2. Of or pertaining to witch craft:ડાકણનું;અમાનુષ્ય.

Welcome,(વેલ્'કમ્)*a*.1.Received with gladness.સ્વાગતાનું;આદરસત્કાર આપવા જોગ.2.Pleasing:આનંદકારક.3.Free to have gratuitously: ખુશીથી છુટ આપેલી.*n*.1. Salutation to a new comer: અભિનંદન. 2. Kind reception of a guest:આગત સ્વાગતા;સન્માન; આદરમાન.*To bid* **w**.;to receive with profession of kindness: સ્નેહપૂર્વક અંગીકાર કo; આગતાસ્વાગતા કo. *vt*. To receive and entertain hospitably and cheerfully:આગતાસ્વાગતા કo.

Weld,(વેલ્ડ્)*vi*. To wield:ચલાવવું; વાપરવું. *n*. Dyer's broom; dyer's rocket; wild wood: જરદાનું ઝાડ.*vt*. To unite closely or intimately:સાથે જોડવું;એકત્ર થવું. *n*. The state of being welded:સાંધો;સાંધ. [સુખ;આબાદી;ચડતી;કલ્યાણ.

Wele,(વેલ્)*n*. Prosperity;happiness; weal:

Welfare,(વેલ્'ફેર્)*n* Prosperity;happiness: કલ્યાણ;ક્ષેમ;સારૂં;કુશળતા;ખેરિયત; આબાદાની.

Welfaring,(વેલ્ફેર્'ઇન્ગ્)*a*.Faring well;prosperous:ફતેહમંદ;ચડતી પદવીએ પહોંચતું.

Welk,(વેલ્ક્)*vi*.To wither;to fade:કરમાઇ જવું; કોહી જવું.*vt*.1. To cause to wither:કરમાવી નાખવું.2.To shorten:ટુંકુ કo.3. To beat severely:સખત માર મારવો;ટીપવું.*n*.A pustule:ગુમડું.

Welkin,(વેલ્'કિન્)*n*. The vault of heaven; the sky:આકાશ;ગગન;નભ;નભોમંડળ.

Well,(વેલ્) *n*. A pit or hole sunk into the earth to such a depth as to reach a supply of water:કુવો; વાવ; વાવડી. *vi*. To flow;to spring:વહેવું;-માંથી નીકળવું. *vt*. To pour forth as from a well: કુવામાંથી પાણી કાઢવું-તાણવું.*adv*. Justly;rightly:બરાબર-વાજબી-ખરી રીતે;ઠીક.*As* **w**.*as*,and also:પણ-અને-પણ;અને તેની સાથે વળી. **w**.*enough*,well or good in a moderate degree:જોઈએ તેવું સારૂંજ;સારૂંજ.**W** *to do*,well off: સુખી.*a*.1.Being in health; healthy: તંદુરસ્ત; સુખી;કુશળ.2.Safe:સહીસલામત.

Wella-day, (વેલ્'અડે) *Interj*. Alas ! wel-away ! :હાયહાય;હાય;અફસોસ.

Well-be-ing,(વેલ્'બીઇન્ગ્)*n*. Welfare; happi-

ness;prosperity:સુખ;કલ્યાણ;આબાદાની;ક્ષેમ;હિત.

Well-born,(વેલ્‌'બાર્ન્‌)*a.* Born of a noble family:ઊંચા કુળમાં જન્મેલું;ખાનદાનનું;કુલીન;કુળવંત.

Well-bred,(વેલ્‌'બ્રેડ્‌)*a.* Refined in manners; polite:સારી રીતભાતવાળું;મર્યાદશીલ; સભ્ય.

Well-dis-posed, (વેલડિસ્પોઝ્ડ્‌) *a.* Of good temper;gentle:સુશીળ;સારા સ્વભાવનું.

Well-do-er, (વેલ્‌ડુઅર્‌)*n.* A benefactor:ભલું કરનાર;હિતસ્વી;હિતૈષી.

Well-done, (વેલ્‌ડન્‌) *Int.*:ભલે ! વાહવાહ ! વાહરેવાહ ! શાબાશ ! ખાસુ ! ખુબ ! બેશ !

Well fa-vored, (વેલ્‌'ફેવર્ડ્‌) *a.* Handsome; beautiful:શોભિતું;દેખાવડું;ખુબસુરત;ફુટડું;રૂપાળું.

Well-in-formed, (વેલ્‌'ઇન્ફોર્મ્ડ્‌)*a.* Correctly informed;intelligent:સુજાણ;સુજ્ઞ;જ્ઞાતા;બહુ શ્રુત.

Well-known, (વેલ્‌'નાન્‌)*a.* Fully known: સારી રીતે જણાયેલું;સુજ્ઞાત;જાહેર;પ્રસિદ્ધ;જગપ્રસિદ્ધ.

Well-mean-ing, (વેલ્‌'મીનિંગ્‌)*a.* Having a good intention: ભલું;સજ્જન; સદાશયવાળું; હિતબુદ્ધિનું. [લગભગ;મોવસા.

Well-nigh,(વેલ્‌'નાઈ) *adv.* Almost;nearly:

Well-off,Well-to-do, (વેલ્‌'ઑફ્‌,-વેલ્‌'ટુડૂ) *a.*Happy; in good condition:સુખી;સારી સ્થીતિમાં;આબાદ;પૈસેટકે સુખી.

Well-read (વેલ્‌'રેડ્‌) *a.* Deeply versed:જેણે ઘણું વાંચેલું એવું;જેણે ઘણા ગ્રંથો વાચેલા એવું;બહુશ્રુત.

Well-seen, (વેલ્‌'સીન્‌)*a.* Accomplished; experienced:અનુભવી;હોશીઆર.

Well-spring, (વેલ્‌'-સ્પ્રિંગ્‌)*n.* A fountain;a spring:ઝરણ;ઝરો;મગમ [શાબાશ;ભલે-ભલે.

Well-Well, (વેલ્‌'વેલ્‌) *Int.*Thanks:શાબાશ-

Well-Wish-er, (વેલ'વીશર્‌) *n.* One who wishes the good of another:હિતેચ્છુ;શુભેચ્છક.

Welt,(વેલ્ટ્‌)*n.*(*a*) An edge of cloth folded on itself usually over a cord, and sewed down:કોર; આંતરા; કિનારી. (*b*) A hem, border or fringe:કીનારી;કોર;મગજી;સંજાપ;ઝુલ;ફરેબ.*vt.*To furnish with a welt:પટી ચોડવી;કોર ચોડવી.

Welter,(વેલ્‌'ટર્‌)*vi.*To roll;to tumble about; to wallow: -માં રગદોળવું; કાદવવાળું થવું. *vt.* To wither; to wilt: કરમાવી નાંખવું; -થી ખવાઇ જવું. *n.*Filth;mire:કચરો;કાદવ.

Wem,(વેમ્‌)*n.*1.The abdomen; the uterus;the womb:ગર્ભાશય;કમળ;ગર્ભસ્થાન.2 Spot;blemish: ડાઘ;કલંક *vt.*To stain:ડાઘોલગાડવો;કલંક લગાડવું

Wen,(વેન્‌)*n.* An indolent encysted tumor of the skin:રસોળી;ગાંઠ;અવાળુ;ગળગંડ.

Wench,(વેન્ચ્‌)*n.*A young woman;a girl; a maiden:જુવાન સ્ત્રી;છોકરી;કુમારીકા;કન્યા;તરૂણી. *vi.* To frequent the company of wenches: વેશ્યા-છિનાળ બૈરીઓની સંગત કરવી.

Wencher,(વેન્ચર્‌)*n.* A lewdman:છિનાળવો;કાછડી છુટો પુરૂષ;શીલપટ.

Went,(વેન્ટ્‌)*imp.*& *p.p.* of *wend.* Imperfect of *go*:ગયો;ગઇ;ગયું [રસ્તો;માર્ગ;પંથ.

Went,(વેન્ટ્‌)*n.*Course;way;path;journey:ર-

West,(વેસ્ટ્‌) *n.*1. The point in the heavens where the sun is seen to set at the equinox: પશ્ચિમ-આથમણી દીશા.2.A country or region of country with regard to some other country or region situated in the direction toward the west: પશ્ચિમ દિશામાં આવેલો દેશ-પ્રાંત વિગેરે.3.The Occident:પશ્ચિમ ભાગ; પશ્ચિમ ગોળાર્ધ *a.*Lying toward the west:પશ્ચિમ તરફ આવેલો. *adv.* Westward:પશ્ચિમે. *vi.*1. To pass to the west: પશ્ચિમમાં જવું 2.To turn or move toward the west:પશ્ચિમ તરફ વળવું.

Wester-ly,(વેસ્ટર્‌'અર્લિ)*a.* Toward the west; western:પશ્ચિમ તરફનું.*adv.*Westward:પશ્ચિમે.

Western,(વેસ્ટ્‌'અર્ન્‌)*a.* Being in that quarter where the sun sets:પશ્ચિમ તરફનું 2.Moving toward the west: પશ્ચિમ તરફ જવું;પશ્ચિમમાંથી આવવું;પશ્ચિમાભિમુખ.

Western-er,(વેસ્ટ્‌'અર્નર્‌)*n.*An inhabitant of the west:પશ્ચિમ દીશાનો રહેવાશી.

Westward,(વેસ્ટ્‌'વર્ડ્‌)*adv.* Toward the west: પશ્ચિમે *a.*Lying toward the west:પશ્ચિમેઆવેલું.

Westward-ly,(વેસ્ટ્‌'વર્ડ્‌લિ) *adv.* In a westward direction:પશ્ચિમ તરફ. [આવે એવું.

Westy,(વેસ્ટિ)*a.* Dizzy;giddy: ફેર-ચક્કર-તમ્મર

Wet,(વેટ્‌)*a*,1.Containing water;moist:ભીનું. 2.Very damp;rainy:વરસાદનું.**W**.*goods*,intoxicating liquors:દારૂ:માદક પદાર્થ. *n.*Water or wetness:પાણી; ભીનાશ. *vt.* To fill or moisten with water or other liquid:ભીનું કરવું;ભીંજવવું.

Wether,(વેધ્‌'અર્‌)*n.*[L.*vetus*,old.] A castrated ram:ખાસી કરેલો મેંઢો-ઘેટો.

Wetness,(વેટ્‌નેસ્‌)*n.*1. Moisture: ભેજ. 2. A watery or moist state of atmosphere: શરદી; ઠંડી. [a child:ધવાડનારી સ્ત્રી;ધાવ;ઊપમાતા;ધાત્રી.

Wet-nurse,(વેટ્‌'નર્સ્‌)*n.*Anurse who suckles

Whack,(હ્વેક્‌)*vt.*To strike;to beat:મુક્કી મારવી; મારવું. *vi.* To strike anything with a smart blow:મુક્કી મારવી.

Whale,(હ્વેલ્‌) *n.* Any aquatic mammal of the order Cetacea especially any one of the large species some of which become nearly one hundred feet long:મગરમચ્છ;વ્હેલ નામની માછલી.

Whale-man,(હ્વેલ્‌'મૅન્‌)*n.* A man employed in the whale fishery: મગરમચ્છનો શીકાર કરનાર માણસ.

Whaler,(હ્વેલ્‌'અર્‌) *n.* A vessel or person employed in the whale fishery: મગરમચ્છ

પકડનાર વહાણ અગર પુરૂષ.

Wharf,(હ્વૉર્ફ્)*n.*1.A quay;a pier:બંદર;ડક્કો. ફુરજો 2.The bank of a river:કીનારો; કાંઠો;તીર; ઘાટ. **W.** *rat,* the common brown rat: ભુરો ઉંદર.*vt.*1.To guard or secure by a firm wall of timber or stone constructed like a wharf: ડક્કો બાંધવો 2.To place upon a wharf: ડક્કે-બંદરે-ઘાટે લાવવું-ઊતારવું.

Wharfage,(હ્વૉર્ફ્‌એજ્)*n.*Pierage;quayage; the fee duty paid for the privilege of using a wharf:બંદરપરનો કર-જકાત-ભાડું.

Wharfinger,(હ્વૉર્ફિંજર્) *n.* A man who owns or has the care of a wharf:ઘાટ-બંદરનો ધણી-માલીક.

What, (હ્વૉટ્) *pro.* 1. As an interrogative pronoun used in asking questions regarding either persons or things:કોણ; શું;કયું;કયો. 2.As an exclamatory word:(*a*)Used absolutely or independently:અરે! શું ! અહો ! (*b*) Used adjectively, meaning *how great*: કેવી; કેટલી બધી.3.As a relative pronoun:(*a*)Used substantively with the antecedent suppressed equivalent to *that which*:જે;તે. (*b*)Used adjectively equivalent to *the...which; the sort of...which*; rarely *the...on*,or *at,which*: કીયું;કેવું.5.Party;somewhat:કંઇક;જરાક;અંશે;કેટલેક દરજ્જે.**W.***ho* ! an exclamation of calling: અરે ! હો ! **W.***if*,what will it matter if: જો તે બનશે તો શું;તો શું;તેથી શું.**W.***though*,even granting that;supposing that:એમ હોય તોપણ;તેમ હોય તો શું.

What-ever,What-so-ever, (હ્વૉટ્‌એવર્, હ્વૉટ્‌સોએવર્) *pron.* Anything soever which;being this or that;one thing or another:જેજે;જે કાંઇ;જેટલું-તેટલું.

Wheat, (હ્વીટ્) *n.* A cereal grass and its grains which furnishes a white flour for bread used by the human race:ઘઉં.

Wheaten,(હ્વીટ્‌ન્)*a.*Made of wheat:ઘઉંનું; ઘઉંનું બનેલું. *Fine* **W.***flour*:મેંદો.

Wheedle,(હ્વીડ્‌લ્)*vt.*1.To entice by soft words; to cajole:ફોસલાવવું,પટાવવું; લલચાવવું.

Wheel,(હ્વીલ્)*n.* A circular frame turning about an axis:પૈડું; ચક્ર. 2. (*a*) A spinning wheel:રેંટીઓ. (*c*) A potter's wheel:કુંભારનો ચાક.*A* **W.** *within* **W.**or *wheels within wheels*;a complication of circumstances, motive,etc:ગુંચવાડો;અટપટી બાબત.*vt.*1.To convey on wheels:ગાડીમાં ઘાલી લઈ જવું. 2. To cause, turn or revolve:ફેરવવું;ફરતું કર. *vi.*1.To move about;to revolve:ફરવું; ચક્કર મારવો. 3. To go round in circuit:આસપાસ ફરવું;ચક્કર મારવું.

Wheeze, (હ્વીઝ્) *vi.* To breathe hard and with an audible piping or whistling sound as persons affected with asthma:ગળામાં કફ બોલવો;શ્વાસ લેતાં મુકતાં ઘુર ઘુર થવું; કફ *n.* 1. A piping sound:ગળામાં કફ બોલવો તે.

Whelm,(હ્વેલ્મ્)*vt* 1. To overwhelm;to ingulf:ડુબાડવું-તરબોળ કરી દેવું. 2. To cover completely:-માં ગરકાવ-કરી દેવું.

Whelp,(હ્વેલ્પ્)*n.*1.A puppy:કુરકુરીયું.

When,(હ્વેન્)*adv.*1.At what time:ક્યારે;કીયે વખતે. 2.At what time; at, during or after the time that; the moment that:પછી; જ્યારે-ત્યારે;ક્યારે;કીએ વખતે. 3.While:જ્યારે;જે વારે 4. which time:ત્યારે;તેવારે;તે વખત વેળા.

Whence,(હ્વેન્સ્)*adv.* 1. From what place; how:ક્યાંથી;કેણીગમથી. 2.From what or which place,source,material,cause,etc.:શાથી;કયાંથી.

Where,(હ્વેર્)*adv.* 1. At or in what place: જ્યાં,જે ઠેકાણે; જે જગાએ-જગ્યામાં. (*Interrog.*): ક્યાં;કયે ઠેકાણે;કઈ જગાએ.*Conj.*Whereas:જ્યારે.

Where-a-bout,-s,(હ્વેર્‌અબાઉટ્,-ટ્સ્)*adv.*1. About where; near what or which place: કયાં;કયાં કયાં;કયે ઠેકાણે-જગ્યામાં. 2.About which: જેને વિશે,જેમાં. *n.* The place where a person or thing is:સ્થાન;ઠેકાણું;સ્થળ.

Where-as,(હ્વેર્‌ઍઝ્) *ad.& conj.*1. Considering that;it being the case that;since:જ્યારે-ત્યારે;તેટલા માટે;છે તેથી. 2.When in fact;while in the contrary:ખરે પુછાવો તો;વસ્તુત.

Where-at, (હ્વેર્‌ઍટ્) *adv.*1.At which;whereupon:શાથી;શાણે;શા ઉપરથી;કેમ;શા માટે.

Where-by,(હ્વેર્‌બાઇ)*adv.*1. By which:જેણે કરીને;જેથી.2.By what;how:શા ઉપરથી;શાથી.

Wherefore,(હ્વેર્‌ફોર્)*& conj.*1. For which reason:જે કારણ સારૂ-માટે; લીધે. 2. For what reason,why:કાં;કેમ;શા સારૂ.

Where-in,Where-in-to, (હ્વેર્‌ઈન્,-ઈન્ટુ) *adv.*1.In which place:જેમાં;જેથી કરીને;જેની.*In* what:શેમાં;શામાં.

Where-of,(હ્વેર્‌ઑફ્) *adv.* 1. Of which; of whom:જેનું;જેમાંનું.2.Of what:જેનું,જેમાંનું.

Where-so-ever, (હ્વેર્‌સોએવર્) *adv.* In what place soever;where-ever:જ્યાં જ્યાં; જ્યાં કહીં;જે-જે ઠેકાણે;ઠેકાણેઠેકાણે;ગમ્યાં; યત્રયત્ર.

Where-to,(હ્વેર્‌ટુ)*adv.* 1. To which:જેને;જ્યાં; જ્યાંસુધી.2.To what;to what end:ક્યાં સુધી.

Where-up-on,(હ્વેર્‌અપૉન્)*adv.* Upon which;after which:તે ઉપરથી;પછી;તે પછી.

Where-with,where-with-al, (હ્વેર્‌વિથ્, -વિથૉલ)*adv.*1.With which:જેણે કરીને;જેવડે.

Wherry,(હ્વેરિ) *n.* (*a*) A passenger barge on rivers:નદી ઉપરના ઉતારૂઓને બેસવાની હોડી.

Whet, (હુઇવેટ્) *vt.* To sharpen by attrition: કાનસ,પથ્થર વગેરે સાથે ઘસીને ધાર કાઢવી; સરાણ પર ચઢાવવું. *n.* The act of whetting: પ્રદીપન; ઉત્તેજન.

Whet-stone, (હુઇવેટ્‌સ્ટોન્) *n.* (*Min.*) Novaculite: પથરી; સરાણ; સિલ્લો.

Whether, (હુઇવેધ્‌અર) *Pron* Which (*of two*); which one (*of two*).કયું; કીયું; જે કંઇ *Conj.* In case;if: કે અથવા નહિ કે; અથવા; કિંવા.

Yearn,(યર્ન્)*vi*.& *vt*.To curdle as milk:દુધ જમવું-જમાવવું;અખરાવું;આખરવું.

Yearning.(યર્નઇન્ગ્)*a*. Desirous;eager:આતુર; ઘણુંજ ઉત્કંઠિત;ઉત્સુક. *n*.Longing;desire: સ્પૃહા; ઉત્કંઠા;તલપ.

Yeast,(યીસ્ટ્)*n*. 1. Barm;ferment:ખમીર;તાડી. 2. Spume or foam of water:પાણીનું ફીણ.

Yelk, (યેલ્ક્)*n*. The yellow part of an egg: ઇંડાની અંદરનો પીળો માવો;દાળ; જરદી.

Yell, (યેલ્)*n*. A sharp loud outcry:ચીસ;બુમ. *vi*. To cry out:ચીસ પાડવી;બુમ પાડવી.

Yellow,(યેલ્લો)[L.*gilvus*,pale yellow.]*a*.Being of a bright saffronlike color:પીળું;કેસરી. **Y**.*atrophy*,a fatal affection of the liver:કાળી કમળી;તાવ અને કમળો થાય એવો એક તરેહનો યકૃતનો રોગ.**Y**.*fever*:કમળો *n*.1.A bright golden color reflecting more light than any other except white:પીળો રંગ 2.A yellow pigment: પીળો લેપ-મલમ.*vt*.To make yellow:પીળું રંગવું. *vi*. To become yellow:પીળું હોવું.

Yellow-ish,(યેલુ'ઑઇશ્)*a*.Somewhat yellow :પીળાશ ઉડતું;પીળાશપર;પીળાશ મારતું;પીળચટું.

Yellow-ness,(યેલુ'ઑનેસ્) *n*.The quality or state of being yellow:પીળાશ;પીળાપણું.

Yelp,(યેલ્પ્)*vi*.1.To boast:અભીમાન-અહંકાર-ફુલ મારવી;પતરાજી ક૦. 2.To bark shrilly:ભસવું. *n*. A sharp quick cry;a bark:ચીસ;ભસવું તે.

Yeoman,(યૉ'મૅન્)*n. pl* **Yeomen**.1.A free-holder;a man free born:જમીનદાર;ખેડુત. **Y**.*of the guard*,one of the body guard of the sovereign:રાજાનો અંગરક્ષક;મધ્યમ પદવીનો અમલદાર.

Yeoman-ry, (યૉ'મૅરિ)*n*. 1. The position or rank of a yeoman:ખેડુતની પદવી. 2. The collective body of yeoman:ખેડુત સમસ્ત.

Yerk, (યર્ક્)*vt*. 1.To throw or thrust with a sudden smart movement:ઝટપથી ફેંકવું;ચકો-હડસેલો દેવા-મારવો. *vi*.To throw out the heels; to jerk:જોરથી ફેંકવું;ફેંકવું;પાટુ મારવું.2.To move with quick jerking motion:આંચકો ખાવો. *n*. A sudden or quick thrust or motion; a jerk:ઝટકો;ચકેલો;આંચકો.

Yes,(યેસ્)*adv*.Ay;yea;a word expressing affirmation:હા;ઠીક;વારુ;હોય.

Yester,(યેસ્'ટર્)*a* Last;past:કાલનું;ગયું;છેલ્લું.

Yester-day,(યેસ્'ટર્ડે)*n*.1.The day last-past: ગઈ કાલ;ગત કાલનો દીવસ. 2.A recent time:કાલેજ;હમણાં;થોડા વખતપર. *adv*.On the day last past:ગઈ કાલે.

Yester-night,(યેસ્'ટર્-નાઇટ્)*n*.The last night: ગઈ રાત-રાત્રી.

Yet,(યેટ્)*adv*.1.In addition:હજુ;હજુ તો;ઊપરાંત. 2.Up to the present time;thus far;hitherto: આજ સુધી-પર્યંત;હજુ;અદ્યાપિ. 3. Before some future time;before the end:તે પહેલાં;હજુ નેમજ પણ. *Conj*. Nevertheless; notwithstanding:તેમ છતાં.

Yew,(યૂ)*n*.1.An ever green tree:આ નામનું બારે માસ લીલું રહેતું ઝાડ.2.The wood of the yew:યુ જાતનું લાકડું. *a*. Of or pertaining to yew:યુ ઝાડને લગતું-નું.

Yield,(યીલ્ડ્) *vt*.1.To give in return for labor expended;to produce as payment or interest; to pay:આપવું; બદલો આપવો;ઉપજાવવું;-ની ઉપજ-આવક-પેદાશ થવી. 2.To furnish;to afford; to render:પુરૂં પાડવું;આપવું;-માંથી નીકળવું. 3 To give up;to resign;to surrender: છોડી દેવું;ત્યજવું;તાબે ક૦;-જવા દેવું;મરજી ઊપરાંત આપવું-હવાલે ક૦. 4.To concede;to allow:કબૂલ-માન્ય ક૦. *To y. the breath, the ghost, or the life*:to die:મરી જવું *vi*. 1.To give up the contest;to submit;to surrender:તાબે થવું;શરણ થવું. 2. To comply with; to assent:કબૂલ-માન્ય કરવું-રાખવું.3.To give way:-ને તાબે-આધીન થવું;-તુચ્છ ગણવું.*n*.Amount yielded;product:પેદાશ;ફળોત્પન.

Yielding,(યીલ્ડ્'ઇંગ્)*a*. Inclined to give way or comply:દબી જાય એવું,નરમ.

Yoke,(યોક્) *n*. [L. *jugum*, an yoke] 1. A bar or frame of wood by which two oxen are joined at the heads or necks for working to-gether:ઝુંસરી;ધુંસરી.2 (*a*)A frame of wood fitted to a person's shoulders for carrying pails:કાવડ.3.That which connects or binds; a chain;a link;a bond or connection:સંબંધ; ગાંઠ.4.Slavery;bondage:ગુલામગીરી. 5.A couple:જોડ;જોડી.6.The quantity of land plowed in a day by a yoke of oxen:બળદની જોડે એક દિવસમાં ખેડેલી જમિન 7.A portion of the working day:કામ કરવાના દિવસનો ભાગ; વખત. *vt*. 1. To put yoke on:જોડવું;ધુંસરીએ વળગાડવું. 2.To couple:-સાથે જોડવું. 3.To enslave:તાબે ક૦. *vi*. To be joined or associated: સાથે જોડાવું;-ના સંસર્ગમાં આવવું.

Yokefell-ow,(યોક્'ફેલો)*n*. A mate;a fellow: જોડીઓ;સાબતી;બરોબરીઓ;સંગાથી;ગોઠીઓ.

Yolk,(યોક્)*n*. 1.The yellow part of an egg: ઇંડાની અંદરનો પીળો ભાગ;જરદી.

Yon,yonder,(યૉન્,-યૉન્'ડર્)*a*.Being at a distance but within view:પેલીમેરનું;પેલું.*adv*.At a distance but within view:પણે;પેલીમેર-તરફ.

Yore,(યોર્)*adv*.In old time;long since:અસલ. *Of y*.:અસલનું;આગલા જમાનાનું;પ્રાચીનકાળનું.

You, (યુ) *Pron*. The pronoun of the second person in the nominative, dative & objective case indicating the person or persons addressed:તમે.

Young,(યંગ્)*a*.1.Not old;juvenile:જુવાન;ન્હાનીઊમરનું;તરૂણ;બાળ. 2.Being in the first part or period of growth:કુમળું;ન્હાનું;થતું. *n*.The offspring of animals:બચ્ચું;વત્સ. [જન્મા.

Younger,(યંગ્'ગર્)*a*.Junior: વયારે ન્હાનું; અનુ-

Youngster,(યંગ્'સ્ટર્)*n*.A young person;a lad:જુવાન માણસ;છોકરો;કુમારક.

Your,Yours,(યૂર્ ,યૂર્સ્)*pro*.The form of the possessive case of the personal pronoun *you*:તમારૂં;તારૂં;ત્વદીય.

Your-self,(યૂર્-સેલ્ફ્') *pro*. In emphasized or reflexive form of the pronoun of the second person:તમેજ;હુંજ; તમે જાતે;હું જાતે;તમારી-તારી મેળે.

Youth,(યૂથ્)*n*.1.The quality or state or being young; youthfulness juvenility:યુવાની; જોબન;કૌમારાવસ્થા.2.The part of life that succeeds to childhood:જુવાની; તારુણ્ય;યૌવન;યુવાવસ્થા. 3.A young person:જુવાન માણસ;કિશોર

Youthful, (યૂથ્'ફુલ્)*a.*1. Not yet mature or aged; young:જુવાન;ન્હાનું;યુવાન;તરૂણ.3.Fresh; vigorous:તાજું;નવું.

Yule,(યુલ્)*n.* Christmas:નાતાલનું અસલનામ. **Y.** *block or* **y.***log*,a large log of wood formerly put on the hearth on Christmas eve as the foundation of the fire: નાતાલની આગલી રાત્રે દેવતા ઊપર મૂકેલું લાકડાનું મોટું ગચિયું.

Z.

Z,(ઝેડ્) The twenty sixth and last letter of the English alphabet: અંગ્રેજી મુળાક્ષરનો છવીસમો અક્ષર.

Zany,(ઝે'નિ)*n.*[L.*zanni*,a baffoon.]A merry andrew;a baffoon:મશ્કરો; વિદુષક; ભાંડ. *vt.* To mimic:મશ્કરી ક૦.

Zarnich,(ઝાર્'નિક્)*n.*Native sulphide of arsenic:મનશીલ.

Zeal,(ઝીલ્)*n.* [L.*zelus.*]1.Passionate ardour in the pursuit of anything:ઉત્સાહ; હોંશ;આતુરતા;આસ્થા;ઉત્કંઠા;ધુન;જોશ;ઉલટ;હવસ.

Zealot,(ઝે'લોટ્) *n.* One who is zealous:બેહદ આતુરતા વાળો માણસ;ગાંડો;હવસખોર;અતિચ્ચય.

Zealous, (ઝે'લસ્) *a.* 1. Filled with zeal;ardent:આતુર; ઉત્સુક. 2. Filled with religious zeal:ઝનુની;ધર્માંધ

Zealous-ly, (ઝે'લસ્લિ) *adv.*Ardently:હોંસથી; આતુરતાથી;હોંશથી;આસ્થાપૂર્વક;આસ્થાપુરઃસર.

Zebra, (ઝી'બ્રા) *n.* South African wild horses remarkable for having white body and marked with dark brown bands:છટ્ટા ભાતનું જનાવર;રોઝ;વનગર્દભ. [બળદ;ગોધો.

Zebu,(ઝી'બ્યૂ)*n.* A bovine mammal: આખલો;

Zedo-a-ry,(ઝેડ્'ઓઆરિ)*n.*A medicinal substance obtained in the East Indies, having a fragrant smell and a warm taste:આંબા હળદર;વન હરિદ્રા.

Zem-in dar,(ઝેમિન્'દાર્)*n.* Landlord:જમીનદાર.

Ze-nana, (ઝેનાં'ને) *n.* The part of a dwelling appropriated to women:જનાનો; અંતઃપુર;જનાનખાનું.2.Females:સ્ત્રી વર્ગ.

Zend.(ઝેન્ડ્)*n.* The name of a language: જન્દ ભાષા; જે ભાષામાં પારસીઓનું અવસ્થા નામનું ધર્મ પુસ્તક લખાયું છે તે ભાષા.

Zend-a-vesta, (ઝેન્ડ્અવેસ્'ટ) *n.* The sacred writings of the ancient Persian religion: પારસીઓનું ધર્મ પુસ્તક;ઝન્દેઅવસ્થા.

Zenith,(ઝી'નિથ્)*n.*1.The point of the heavens directly over heads: શિરોબિંદુ; સ્વસ્તિક. **Z** *distance*:નત; નતાંશ; નતભાગ. *Sine of the* **z.** *distance*:દૃગ્જ્યા.2.The point of culmination; the height of success or prosperity: ટોચ; શિખર;પરકાટિ. [શીતળ મંદમંદવાયુ;મંદવાયુ.

Zephyr,(ઝેફ્'અર્)*n.* Any soft gentle breeze:

Zero,(ઝી'રો)*n.*A cipher;nothing:મીંડું;શૂન્ય;બિંદુ.

Zest (ઝેસ્ટ્) (*a*)An appetizer:સ્વાદ-રૂચિ આપનાર પદાર્થ-વસ્તુ. (*b*) Gusto;relish:લેહેજત;સ્વાદ;રૂચિ; અભિરૂચિ.

Zigzag,(ઝિગ્'ઝૅગ્) *a.* 1. Something that has short turns or angles:વાંકોચૂકો પદાર્થ.*a.*Having short sharp turns: સર્પાકાર; વક્ર. *vt.* To form with short turns:લહેર પાડવી.

Zinc, (ઝિંક્) *n.* A bluish white metal:જસત. *vt.*To coat with zinc:જસત વાળુ ક૦.

Zincky,(ઝિં'કિ) *a.* Pertaining to zinc:જસત વાળું-નું-સંબંધી.

Zincode,(ઝિં'કોડ્) *n.* The positive electrode of an electrolytic cell:વીજળીના સાંચાનો જસતના પતરાને જોડેલો તાર.

Zin-cogra-phy, (ઝિંકોગ્'રૅફિ) *n.* The art or process of engraving or etching on zinc: જસતનાં પતરાં ઉપર કોતરવાની વિદ્યા.

Zion,(ઝાઇ'ઓન્)*n* 1.The church of God:ઈશ્વરના સેવકોનું મંડળ. 2. A hill in Jerusalem, which after the capture of that city by the Israelites,became the royal residence of David: જેરૂસલેમશહેરના અંદર દાઉદ રાજા જે ટેકરી ઉપર રહેતા હતા તે.3.Heaven:સ્વર્ગ.

Zodi-ac,(ઝો'ડિઍક્)*n.*[Gr.*zodion*,a little animal.] 1. An imaginary belt in the heavens:રાશી;મંડળ;રાશિચક્ર *Passage of the sun or a planet from one sign of the* **z.** *into another*:સંક્રાંતિ-સૂર્યસંક્રમણ. *String or ring of the signs of the* **z.** લગ્નકુંડળી.

Zo-diac al, (ઝોડાઇ'ઍકલ્) *a.* Situated within the zodiac:રાશીમંડળનું.

Zone,(ઝોન્)*n.*1. A girdle:કમર-કટી-બંધ-બંધન; કમરપટો;કટિમેખલા. 2. One of the five great divisions of the earth:કટિબંધ.There are five *zones*,viz:–the *torrid zone*:ઊષ્ણકટિબંધ.Two *temperate zones*:સમશીતોષ્ણ કટિબંધ.and two *frigid zones*(શીતકટિબંધ 3 (*Math.*) The portion of the surface of a sphere included between two parallel planes: બે સમાંતર સપાટીઓની વચ્ચેનો પ્રદેશ.

Zo-ogra-pher, (ઝોઑગ્'રેફર્) *n.* One who

describes animals:પશુવર્ણન કરનાર.

Zo-ogra-phy,(ઝોઑગ્રૅફી)*n.* A description of animals:પશુવર્ણન;પશ્વાદિવર્ણન.

Zo-o-logic-al,(ઝોઑલૉજ્'ઇકલ્)*a.* Of or pertaining to zoology:પ્રાણી વિદ્યાને લગતું.

Zo-olo-gist,(ઝોઑલ્'ઑજીસ્ટ્)*n.* One who is well versed in zoology:પ્રાણી વિદ્યામાં પ્રવિણ-કુશળ.

Zo-olo gy,(ઝોઑલ્'ઑજી)*n.*[L.*zoon*,an animal & *logos*, a discourse.]1. That part of biology which relates to the animal kingdom: જીવજંતુવિદ્યા;પશ્વાદિ શાસ્ત્ર.2.A treatise on this science:પશુગ્રંથ.

Zo-ono-my,(ઝોઑન્'ઑમિ)*n.*[Gr.*zoon*,an animal & *nomos*,a name.] The laws of animal life:પ્રાણીની જીંદગીના નિયમો.

Zoo-phyte,(ઝો'ઓફાઇટ્)*n.* [L. *zoon* & *phuton*,a plant.]Any one of numerous species of investebrate animals,which more or less resemble plant in appearance, or mode of growth:પ્રાણી તથા વનસ્પતિને મળતો આવતો કોઈ પદાર્થ;પ્રાણી શરીર વ્યવચ્છેદ;પશ્વાદિવ્યવચ્છેદન.

Zor-o-astri-an-ism,(ઝોરોઍસ્ટ્રીઍનીઝમ્)*n.* A religion founded by Zoroaster: જરતોસ્તે આપેલો ધર્મ-પારસીધર્મ.

Zulu,(ઝુ'લુ)*n.* A branch of the Bantu division belonging to South Africa: દક્ષિણ આફ્રિકાના બંટુ જાતના લોકોની શાખા.

Zymur-gy,(ઝાયું'મર્જી) *n.* The department of Chemistry treating of wine making: દારૂ બનાવવાનો રસાયણ શાસ્ત્રનો ભાગ.



APPENDIX A.

Abbreviations and Contractions used in Printing & Writing.

A

A. or a. Adjective.
a. or @. At.
a. or *aa.* (Med.), Of each the same quantity.
A. A. G. Assistant Adjutant-General.
A. B. or B. A. Bachelor of Arts. [tion.
Abbr., or Abbrev. Abbreviated, or Abbrevia-
Abl. Ablative.
Abr. Abridged.
Acc. Accusative.
Acc. or Acct. Account; Accountant.
A. C. (L. *Ante Christum*), Before Christ.
Act. Active. [Lord.
A. D. (L. *Anno Domini*), In the Year of our
Ad., Adv. Adverb.
Adj. Adjective or Adjectival.
Adjt. Adjutant.
Ad lib., or Ad libit. (L. *ad libitum*) at pleasure.
Admr. Administrator.
Admx. Administratrix.
Adv. Adverb; Advent; Advocate
Æ., Æt. (L. *ætatis*), of age: aged.
Ag. Acting.
A. G. Adjutant-General; Accountant-General.
Agr., Agric. Agriculture; Agricultural.
A. H. (L. *Anno Hegiræ*), in the year of the Hegira, or flight of Mohammed. [Art.
A. M., M. A. (L *Artium magister*), Master of
A. M. (L. *Ante meridiem*), Before noon or mid-day. (L. *Anno mundi*), In the Year of the world.
Amt. Amount.
An. (L *Anno*), In the year.
Anal. Analysis.
Anat. Anatomy; Anatomical.
Ang. Sax. Anglo Saxon.
Anon. Anonymous.
Ans. Answer.
Ant. or Antiq. Antiquities; Antiquarian.
Aor. Aorist.
Ap. Apostle; April.
App. Appendix.
A R.A. Associate of the Royal Academy.
Arch. Archit. Architecture; Architect.
Archæol. Archæology.
Arith. Arithmetic.
Art. Article.
A. S. Anglo-Saxon.
Asst. Assistant.
Astrol. Astrology.
Astron. Astronomy.
Att., Atty. Attorney.
Att.-Gen. Attorney-General.
Aug., Augt. August.
Avoir. Avoirdupois.

B.

B. Born; Bible. [America.
B. A. Bachelor of Arts. See. A. B. British
Bal. Balance.
Bart. or Bt. Baronet.
B. C. Before Christ.
B. C. L. Bachelor of Civil Law.
B. D. Bachelor of Divinity.
Bib. Bible; Biblical.
Bib. Antiq. Biblical Antiquities.
Biog. Biography; Biographical.
Bk. Bank; Book.
B. L. Bachelor of Laws.
B. LL. Bachelor of Laws.
B. M. Bachelor of Medicine.
Bot. Botany; Botanical.
Bp. Bisphop.
Br. or. Bro. Brother.
Brig. Brigade; Brigadier.
B.S. Bachelor in Surgery.
B. Sc. Bachelor of Science. [vale Farewell.
B.V. (*Beata, Virgo*), Blessed Virgin. (*Bene*
B. V. M. Blessed Virgin Mary.

C

C. Cæsar; Church; Congress; (*Centum*), a hundred; Centigrade.
C. or Cap. (L. *caput*), Chapter. [accounts.
C. A. Chartered Accountant; Controller of
Cal. Calendar; (*Calendæ*), Calends.
Cantab of Cambridge.
Cap. (L. *caput*), Capital; chapter.
Caps. Capitals or capital letters.
Capt. Captain.
Card. Cardinal.
Carp. Carpentry.
Cat. Catalogue.
Cath. Catholic.
C.B. Companion of the Bath; Cape Breton.
C.E. Civil Engineer; Canada East. [1 hundred.
Cent. Centigrade (Thermometre); (L. *centum*),
Centry. Century.

Cf. (L. *confer*), Compare.
C. H. Court House; Custom House.
Ch. Chap. Chapter.
Chem, Chemistry.
Chr. Christian.
Chron. Chronicles; Chronology.
Civ. Pro Civil Procedure.
C. J. Chief Justice.
Cl. Clerygyman; Clerk (Clk).
Class. Classical.
Class. Antiq. Classical Antiquities.
C.M. Certificated Master. Common Metre. (L. *Chirurgiæ Magister*), Master in Surgery.
Co. Company; Country.
Col. Colonel; Column; Colossians.
Coll. College; Collector; Colleague.
Colloq. Colloquial; Colloquially.
Com. Commander; Commissioner; Commodore; Common; Commerce.
Com. Ver. Common Version.
Comm. Commentary.
Comp. Comparative.
Con. cr. Contra; Credit.
Con (L. *contra*), against; in opposition.
Conj. Conjunction.
Const. Constable; Constitution.
Contr. Contracted or Contraction.
Cons. (*Consules*) Consuls.
C. P. S. Keeper of the Privy Seal.
Cr. Creditor or Credit.
Crim. Con. Criminal Conversation or [Adultry.
Crim. Pro. Criminal Procedure.
C.S. Court of Session; Clerk to the Signet; Commissioner of supply; Keeper of the Seals.
C. S. I. Companion of the Star of India.
Ct., *Cent.* (L. *centum*), a hundred.
Cwt. (*c.* for L *centum*, a hundred; *wt.* for Eng. *weight*), a hundred weight or 112 Pounds.
Cyc. Cyclopædia.

D.

d. died; daughter. [a penny or pence.
D. In number 500 (L. *denarious* or *denarii*),
Dat Dative.
D.C.L. Doctor of Civil (or Canon) Law.
D. D. Doctor of Divinity.
Dd. Dated.
Dec. December; Declination; Declension.
Def. Definition.
Deft. Defendant.
Deg. Degree; degrees.
Dep. Deputy; Department.
Dept. Department, Deponent. [Faith.
D. F. Dean of the Faculty; Defender of the
D.G (L. *Dei gratia*), by the grace of God; (L. *Deo gratias*), thanks to God.
Dict. Dictionary.
Dim. Diminutive.
Dis., *Disct.* Discount.
Dist. District.
Div. Division; Dividend.
D L. Deputy Lieutenant.
D. Lit. Doctor of Literature.
D. L. O. Dead-letter office.
Do. or *do.* *ditto*, (It. *Detto*), the said; the same; that which was said.
Dols. Dollars.
Doz. Dozen.
D. P. Doctor of Philosophy.
Dr. Debtor; dram; Doctor.
D. Sc. Doctor of Science.
D.T. (*Doctor Theologiæ*), Doctor of Divinity.
D. V. (L. *Deo volente*). God willing.
Dwt. (L. *denarius*, a silver coin, a penny; and first and last letters of Eng. *weight.*), penny weight.
Dy. Deputy.
Dyn. Dynamics.

E.

E. East.
Eccl. or Eccles. Ecclesiastes; Ecclesiastical affairs.
E. C. Eastern Central; Established Church.
Ed. Editor; Edition.
Edin. Edinburgh.
Edul. Educational.
E. E. Errors Excepted.
E. G. (L. *Exempli gratia*, for the sake of example), for example; for instance.
E. I. East Indies; East India.
E. I. C. East India Company.
E. I. C. S. East India Company's Service.
E. long. East longitude.
Elec. Electricity-
Ency., *Encyc.* Encyclopædia.
E. N. E. East-north-east.
Eng. English; England.
Engin. Engineering. *Engr.* Engineer.
Ent, *Entom.* Entomology.
E and O.E. Errors and ommissions excepted
Eq. Equal or equivalent.
E. S. E. East-south-east.
Esq. or *esp.* Especially.
Esq., *Esqr.* Esquire.
Esqs., *Esqrs.* Esquires.

E. T. English Translation.
Et al (L. *et alibi*) And elsewhere. (L. *et ali or alia*) and others. [rest; and so forth.
Etc. (L. *Et. cætera*), &c., and others; and the
Et. seq. (L. *et sequenia*) and the following.
Etym. Etymology.
Ex. Example; exception.
Exch. Exchequer; Exchange.
Exon. (L. *exomia.*), Exter.

F

F. Feminine; farthing or farthings, foot or feet
F. Fellow; Franc; Florin; French; Fusly.
Fahr. Fahrenheit.
Far. Farriery; Farthing.
F.A.S. Fellow of the Society of Arts; Fellow of the Antiquarian Society.
F.A.S.E. Fellow of the Antiquarian Society, Edinburgh. [Socisty of London.
F. A. S. L. Fellow of the Anthropological
Fav. Favour. [Edinburgh.
F.B.S.E. Fellow of the Botanical Society of
Fep. Foolscap.
F.C.P. Fellow of the College Preceptors.
F.C.P.S. Fellow of the Cambridge Philosophical Society.
F.C.S. Fellow of the Chemical Society.
F.D. (*Fidei Defensor.*) Defender of the Faith.
Feb. February.
Fec. (L. *Fecit*), he did it. [of Scotland.
F.E.I.S. Fellow of the Educational Institute
F.E.S. Fellow of the Entomological Society. Fellow of the Ethnological Society.
Fem. Feminine.
F.G.S. Fellow of the Geological Society.
F.H.S. Fellow of the Horticultural Society.
Fig Figure; Figuratively.
F. K. Q. C. P. I. Fellow of the King's and Queen's College of Physicians, Ireland.
Fl. Flemish; Florida; Florin; Flourished.
F.M. Field-Marshal.
Fo. Fol. Folio; one sheet in two leaves.
Fort. Fortification.
F.P.S. Fellow of the Philological Society.
Fr. France; Francis; French.
Fred. Frederick.
Fri Friday. [Society.
F.R.A.S. Fellow of the Royal Astronomical
F.R.C.P. Fellow of the Royal College of Preceptors, or of Physicians.
F.R.C.P.E. Fellow of the Royal College of Physicians, Ediuburgh. [Surgeons.
F. R. C. S. Fellow of the Royal College of
F.R.C.S.L. Fellow of the Royal College of Surgeons, London. [Society.
F.R.G.S. Fellow of the Royal Geographical
F.R.S. Fellow of the Royal Society. [burgh.
F.R.S.E. Fellow of the Royal Society, Edin-
F. R. S. L. Fellow of the Royal Society of Literature; Fellow of the Royal Society of London. [Antiquaries.
F.S.A. Fellow of the Society of Arts, or of
F.S.S. Fellow of the Statistical Society.
Ft. Foot; Feet.
F.T.C.D. Fellow of Trinity College, Dublin.
Fur. Furlong.
F.Z.S. Fellow of the Zoological Society.

G.

G. Genitive; Guinea; Gulf.
Gall. Gallon or gallons.
G. A. General Assembly.
G. B. Great Britain.
G.C.B. Grand Cross of the Bath. [Empire.
G.C.I.E. Grand Commander of the Indian
G.C.S. I. Grand Commander of the Star of India.
G. D. Grand Duke; Grand Duchess.
Gen. Genesis; Gender; Genitive.
Gen. Genl. General.
Gent. Gentleman; Gentlemen.
Geog. Geography.
Geol. Geology.
Geom. Geometry.
G. M. Grand Master. [St. Patrick.
G.M.K.P. Grand Master of the Knight of
Govt. Government.
G. P. O. General Post Office.
Gr. Greek; Grains; Gross.
Gram. Grammar.
Gun. Gunnery.

H.

H. Hour.
H. B. C. Hudson's Bay Company.
H.B.M. His or Her Britannic Majesty.
H.C. House of Commons; Herald's College.
H. C. M. His or Her Catholic Majesty.
H. E. His Excellency.
H.E.I.C. Honorable East India Company.
H. H. His or Her Highness; His Holiness the Pope.
Hhd. Hogshead; hogsheads.
Hind. Hindoostan; Hindoostanee.
H. I. H. His (or Her) Imperial Highness.
Hist. History.
H. M. His or Her Majesty.

H. M. P. (L. *hoc monumentum posuit*). Erected this monument. [Ship or Service.
H. M. S. His, or Her, Majesty's Steamer,
Hon. Honorable.
Hond. Honoured.
Hort. Horticulture.
H. R. House of Representatives.
H. R. E. Holy Roman Empire or Emperor.
H. R. H. His or Her Royal Highness.
H. R. I. P. (L. *hic requiescit in pace*), Here rests in Peace.
H. S. H. His or Her Serene Highness.
H. S.S. (*Historiæ Societatis Socius*), Fellow of the Historical Society.
Hund. Hundred.
Hyd. Hydrostatics.
Hydraul. Hydraulics.
Hypoth. Hypothesis.

I.

I., Island; Iodine; the numeral for 1.
Ib., *ibid.* (L. *ibidem*), in the same place.
Id. (L. *idem*), the same.
I. E. (L. *id est*), that is.
I.H.S. (L. *Jesus Hominum Salvator*), Jesus the Human Saviour. [ciple.
Imp. Imperial, Emperor; Imperfect parti-
Im., *Impera.* Imperative.
Incog. (L. *incogonito*), Unknown.
Ind. India. Indian.
Inf., *Infin.* Infinitive.
In lim. (L. *in limine*), At the outset.
In loc. (L. *in loco*). In its place.
I. N. R. I. (*Jesus* or *Jesus Nazarenus, Rex Iudœorum*), Jesus of Nazareth, King of the Jews.
Ins. Inspector.
Inst. Instant; the present or this month.
Int. Interjection; interest.
Int., *Interj.* Interjection.
I.O.O.F. Independent Order of Odd Fellows.
I. Q. (L. *idem quod*), the same as.
It. Ital. Italian; Italic.

J.

J. A. Judge Advocate.
Jan. January.
J. C. Justice Clerk. [Civil Law.
J. C. D. (*Juris Civilis Doctor*), Doctor of
J. D. (*Jurum Doctor*), Doctor of Laws.
J. G. W. Junior Grand Warden.
J. H. S. Jesus the Human Saviour.
J. P. Justice of the Peace.
Jr., *Junr.* Junior.
Jnl. July; Julep.
Jus. Justice.
J. W. Junior Warden.

K.

K.B. Knight of the Bath; king's Bench.
K. C. B. Knight Commander of the Bath.
K. C. S. I. Knight Companion of the Star of India.
K.G. Knight of the Garter (Great Britain).
K. G.C. Knight of the Grand Cross (Great Britain); King of the Garden Circle.
K G C B. Knight of the Grand Cross of the Bath (Great Britain).
Knt., *Kt.* Knight.
K. P. Knight of St. Patrick (Ireland.)
K. T. Knight of the Thistle.

L.

L. The numeral for 50.
L. or £. A pound sterling; Lord; Lady; Lake.
L or *lb.* (L. *libra*), a pound in weight or value.
Lat. Latin; Latitude, N. or S.
L.c. (L. *loco citato*), in the place cited.
L. C. Lower Canada.
L. C. B. Lord Chief Baron. [neering.
L.C. E. Licentiate of the College of Engi-
L. C. J. Lord Chief Justice.
L.C.P. Licentiate of the College of Preceptors
Legis. Legislature.
L. G. Life Guards.
L. I. Light Infantry; Long Island.
Lib. (L. *liber*), a book.
Lieut., *Lt.* Lieutenant.
Lit. Literally; Literature.
L.L. B. (*Legum Baccalaureus* ,) Bachelor of Laws. *N.B.* The initial letter of a word is sometimes doubled, as in the present instance, to signify the *plural*.
L.L. D. Doctor of Laws (an Academic title, higher than L.L. B).
L.M. & S. Licentiate of the medine & science.
Lond. London.
Lon., *Long.* Longitude, E. or W.
L. L. I. Lord Lieutenant of Ireland. [side.
L.S. (*C. locus sigilli*) Place of the Seal; Left
L.S.D., *or £.s.d.* Pound, shillings, pence.

M.

M. or m. Masculine; Month; Mile; Morning; Monday; Marquis; Minute.
M. Married; Masculine.
M.A. Mastsr of Arts; Military Academy.
Mag. Magazine.
Maj. Major.

Marq. Marquis.
Mas., Masc. Masculine.
Math. Mathamatics.
M.B. Bachelor of Medicine.
M.B. Bachelor of Music.
M.C. Member of Congress; Master of Ceremonies; Master Commandment.
M. D. Doctor of Medicine.
Mdlle. (F. *Mademoiselle*). Miss.
Mds. Maunds.
M.E. Methodist Episcopal: Military or Mechanical or Mining Engineer; Most Excellent.
Mech Mechanics.
Med. Medicine.
Mem. Memorandum.
Mem. (L. *Memento*), remember.
Messrs. (F. *messieurs*), Gentlemen, Sirs.
Met., Meta Metaphysics.
Meteor. Meteorology.
M.G. Mejor General.
Min. Mineralogy; Minute.
Mlle. (F. *Mademoiselle*), Miss.
M M. Their Majesties.
M.M. (Fr. *Messieurs*). Gentlemen or Sirs.
Mme. (Fr. Madame), Madam.
M.N.S. Member of the Numismatical Society.
Mod. Modern.
Mons. (Fr. *Monsieur.*), Mr. or Sir.
Mos. Months.
MP. Member of Parliament; Member of Police
M.P.S. Member of the Philological Society; Member of the Pharamaceutical Society.
Mr. Master or Mister.
M.R-A.S. Member of the Royal Academy of Sciences.
M. R. T. & B. S. Madras Religious Tract and Book Society.
M. R. C. P. Member of the Royal Collage of Preceptors, or of Physicians [Surgeons.
M. R. C. S. Member of the Royal College of
M. B. C. V. S. Member of the Royal College of Veterinary Surgeons.
M. R. I. Member of the Royal Institution.
M.R.I. A. Member of the Royal Irish Academy.
Mrs. Mistress (Pronounced *Missis*).
M.S. Manuscript; Master in Surgery.
Mt. Mts. Mount; Mountains.
Mus. Music.
Mus. B. Becheler of Music.
M.W.G.M. Most Worthy Grand Master.
Myth. Mythology.

N.

N. or n. Noun; Neuter; North; Note; Now; Nitrogen.
N. A. North America.
N. B. North British; North Britain, that is, Scotland; New Brunswick. (L. *nota.* note; *bene*, well), note or mark well; take notice.
N. E. North East; North Eastern (Postal District, London); New England.
Neut. Neuter.
New Test. New Testament.
N.L. (*Non liquet*), It appears not; the case is not clear.
N. Lat. North Latitude.
N. N. E. North-north east.
N. N. W. North-north-west.
No. (L. *numero*), number.
Nom. Nominative.
Non con. Non-content.
Non obst. (L. *non obstante*) notwithstanding.
Non pros. (L. *non*, not; *prosequiter*, he follows after; he prosecutes), he does not prosecute
Non seq. (L. *non*, not, *sequitur*, it follows), it does not follow.
Nor. Norman.
Nos. Numbers.
Nov. November.
N. P. Notary Public.
N.S. New Style (Since 1752); Nova Scotia; New Series.
N. T. New Testament.
Num. Numbers.
N. W. North West; North Western (Postal District London-)

O.

O. Old; Oxygen.
Ob. (L. *Obiit*), he died.
Obdt. Obedient.
Obj. Objective; Objection.
Obs. Observatory; Obsolete.
Oct. October.
Offg. Officiating.
O. H. M. S. On Her Majesty's Service.
O. M. Old Measurement.
Opt. Optics.
Orig. Original; Originally.
Ornith. Ornithology.
O. T. Old Testament.
Oxon. (L. *Oxonia*), Oxford.
Oz. Ounce or Ounces.

P.

P. or p. Page; part; *pp*, pages.
Par. Paragraph.
Part. Participle.

Pass. Passive.
Path. Pathology.
P. B. Bachelor of Philosophy.
P. C. Privy Council or Councillor.
P.C.(L.*patres conscripti*)conscript fathers.
Per an(L.*Per annum*), per year;by the year.
Per cent.(L.*Per*,by, *centum*, a hundred) by the hundred.
Pers. Person; Persons.
P.*D.* Paid.
P. G. Past Grand.
Ph. B. Bachelor of Philogophy.
Ph. D. Doctor of Philosophy.
Philom (L.*Philomathes*),Lover of learning.
Phot. Photography.
Physiol. Physiology.
Phys Physiology or Physical; Physics.
Pl. Plur. Plural.
Plff. Plaintiff.
Plup. Pluperfect.
P.M. (L. *post meridiem*), afternoon; After Midday.
Port. Portuguese.
Poss. Possessive.
P. P. Past or Perfect participle.
Pph. Pamphlet.
P. pr. Present Participle.
P.R. A. President of the Royal Academy.
Pr. per. (L *per*, by), by the.
Pref. Prefix.
Prep. Preposition.
Pres. Present.
Pres., Presdt.—President.
Pret. Preterit.
Priv. Privative.
Prob. Problem.
Prof. Professor.
Pron. Pronoun.
Prop. Proposition.
Pro tem.(L*pro tempor*).for the time being.
*Prov.*Proverbs provost;Province;Provincial.
Prox.(L *Proximo*),next;of the next month.
P. S. (L. *post scriptum*), postscript.
Pt. Pint; Part; Payment; Past tense.
P. T. O. Please turn over.
Pub. Public; Publisher.
P. W. Dept. Public Works Department.

Q.

Q or Qu. Query; Question.
Q. B. Queen's Bench.
Q. C. Queen's Counsel; Queen's College.
q. *e.* (L. *quod est*), which is.
Q. *E. D.* (L. *quod erat demonstrandum*).
Q.E.F (L.*quod erat faciendum*), which was
Q l.(L.*Quanium libet*),as much as you please
Q.M. Quartermaster.
Q.M.G. Quartermaster-general.
*Qr.or qr.*Quarter(28pounds);Farthing;Quire
Qt. Quart; Quantity.
Qu., *Ques.* Question.
Q.v.,or qv.(L *Quod vide*), which see.

R.

R. (L. *recipe*), take.
*R.A.*Royal Academy or Academician;Royal Artillery;Rear Admiral;Right Ascension.
R. C. Roman Catholic.
R. D. Royal Dragoons.
Ref. Ch. Reformed Church.
Reg. Register.
Regt. Regiment.
Rel. Relative (pronoun).
Rep. Representative; Republic.
Rev. Reverend; Revelation;Revolution;Revenue; Revise.
Revd. Reverend; *Revs.* Reverends.
R. H. A. Royal Aibernian Academy;Royal Horse Artillery.
Rhet. Rhetoric.
R. I. P. (L., *requiescat in pace*) may rest in peace.
R. M. Royal Mail; Royal Mariners.
R. N. Royal Navy.
Rom. Roman; Romans.
Rom. Cath. Roman Catholic.
R S.A. Royal Society of Antiquaries,Royal Scottish Academy.
R. S. L. Royal Society of London.
R. W. Right Worshipful.
Rt. Hon. Right Honorable.

S.

*S.*Saint;Saturday;Second;Sign;(L. *solidus*), Shilling;South; Sunday.
Sans. Sanskrit.
Sax. Saxon.
S. B. South Britain.
Sc. B Bachelor of Science.
Sc. D. Doctor of Science.
Sc.,or Scil (L. *Scilicet*),to wit;namely;being understood.
Sc ,Sculp.,Scupt.(L*Sculpsit*),he or she engraved it.
Sch. School.
Sch. (L.*Scholium*), a note or comment.
Scrip. Script. Scripture.
Sculp. Sculpture.
Sec., *Secy.* Secretary.
Sect. Section.

Sep. or Sept. September, Septuagint; also Lxx.
Seq. (L. *Sequentes* or *Sequentiæ*), the following, the next.
Serg., Sergt.; Serj. Serjt. Sergeant; Serjeant.
S. I. R. South India Railway.
S. J. Society of Jesus.
S. J. C. Supreme Judicial Court.
S. M. Short Metre; Sergeant Major.
Sol. Gen. Solicitor-general.
Sq. Square.
S. R. S. Fellow of the Royal Society.
SS. Saints.
S. S. E. South south-east.
S. S. W. South-south-west.
S. T. D. (*Sacræ Thologiæ Doctor*), Doctor of Divinity.
S. T. P. (*Sacræ Theologiæ Professor*), Professor of Theology.
St. Saint; Street.
Ster. or *Stg.* Sterling.
Subj. Subjunctive.
Subst. Substantive. *Suff.* Suffix.
Sun. or *Sund.* Sunday.
Sup. Superintendent; Supplement; Superfine; Superior.
Superl. Superlative.
Supt. Superintendent.
Surg. Surgeon; Surgery.
S. v. (L. *sub voce*), under the word or title.
Syn. Synonym; Synonymous.

T.

T. Township; Ton; Tenor; Tuesday, (*tutti*), all.
T. B. S. Tract Book Society.
Teut. Teutonic.
Theol. Theology.
Theor. Theorem; Theoretical.
Tho'. Though.
T. O. Turn over.
Top. Topography.
Tr. Translation; Transpose; Trustee; Treasurer.
Trans. Transactions; translations.
Trig. Trigonometry.
Typ. Typography.

U.

U. C. (L. *urbs Condita*, the founding of the city.) the year of Rome.
U. C. S. Uncovenanted Civil Service.
Ult. (L. *ultimo*, in the last), noting a day in the last month, or the month preceding the present: as on the 25th *ult.*
Univ. University.
U. S. United States.
U. S. A. United States of America.
U. S. N. United States Navy.

V.

V. Victoria; verb; verse; the numeral for 5.
V. a. Verb active.
V. C. Vice-Chancellor.
V. G. Vicar General; Vice Grand.
V. I. Verb Intransitive.
V., Vid. (L. vide). See.
Via. By the way.
V. g. (*verbi gratia*). for example.
Vis., Visc. Viscount.
Viz. (L. *vedelicet*), namely; to wit.
V. n. Verb neuter.
Vol. Volumn; vols—volumes.
V. P. Vice-President; Value Payable.
V. R. (L. *Victoria, Regina*), Queen Victoria.
V. t. Verb transitive.
V., Vs. (L. *Versus*)., Against or in opposition.

W

W. West. Welsh; Warden.
W. C. Water-Closet; Western Central.
Wed. Wednesday.
W. I. West Indies; West India.
W. long, West longitude.
W. M. Worshipful Master.
W. N. W. West-north-west.
W. S. W. West south-west.
Wt. Weight.

X.

X. The numeral for **10**.
X. or *Xt.* Christ.
Xm. or *Xmas.* Christmas.
Xn. or *Xtihn.* Christisn.
Xt. Christ.

Y.

Y. Yr. Year.
Yd. Yard; *Yds.* Yards.
Yr. Your; Younger. *Yrs.* Yours.

Z.

Zool. Zoology.
a/c. account.
@. at
c/o. care of.
& and.
&c. and so forth.
4to. *Quarto*, size of a sheet when folded into 4 leaves.
8vo. *Octavo*, do in 8 leaves.
12mo. *Duodecimo*. do in 12 do.
18mo. *Octodecimo*, do in 18 do.
24mo. *Vicesimo quarto*, do, in 24 do.

APPENDIX B.

WORDS, PHRASES, AND NOTEWORTHY SAYINGS.

From the Latin, French and other languages frequently occurring in English authors, &c., rendered into English with their Gujarati equivalents.

A.

A bas.[Fr.]Down:નીચે. [બાજુથી.

Ab extra.[L.]From without: બહારની; બહારની

Ab incunabilis.[L.]From the cradle:પારણામાંથી;બાલ્યાવસ્થામાંથીજ.

Ab initio.[L.]From the beginning:શરૂઆતથી; અસલથી; આદિથીજ; પહેલેથીજ.

A bon chat,a bon rat.[Fr.]Tit for tat:ભાગુના દેવને કપાસીઆની આંખો; આડે લાકડે આડો વેહ..

Ab origine.[L.]From the beginning:શરૂઆતથી; પહેલેથી.

Absente reo.[L.]The accused person being absent:તહોમતદારની ગેરહાજરીમા.

A capite ad calcem [L.]From head to heel: નખશિખ; નખથી શિખાસુધી; પગથી માથાસુધી.

A compte.[Er.]In part payment: હફ્તે હફ્તે; કડકે કડકે.

Ad emi[Fr.] By halves: અડધે અડધે; કડકે કડકે; અડધું પડધું; ઉપર ચોટિયું;ઉપર ટપકે.

Ad eundem gradum.[L.]To the same degree:એટલેજ અંશે;એટલે-એટલી હદ સુધી.

Ad extremum[L.]To the extreme;to the last degree:ઠેઠ સુધી;છેવટસુધી; નિદાન.

Ad finem.[L.]To the end;છેવટ-આખર સુધી.

Ad infinitum [L.]To infinity:અનંતકાળ-અનાદિકાળ સુધી;સર્વદા;સતત્.

Ad interim.[L.]In the meon while:દરમ્યાન; અરસામાં; વચમાં.

Ad Kalendal Gracas [L.]At the Greek Calends;never: કાળીચૌદશરાતે; સોમવતી અમાસ અને શુક્રવારે; એટલે, કદી નહિ. [સ્વેચ્છાનુસારે.

Ad libitun.[L.]At pleasure:ખુશીમાં આવે ત્યારે;

Ad literan [L.]Letter for letter: અક્ષરે અક્ષર; અક્ષરસઃ; શબ્દે શબ્દ. [કાયર થતા સુધી.

Ad nauseam.[L.]To disgust:કંટાળો આવતાસુધી;

Ad patres.[L.]Gathered to his fathers;dead: રામશરણ થયેલું;-ના દાદા પાસે ગયેલું;મરી ગયેલું.

Ad rem.[L.]To the point:મુદ્દાસર.

Ad unguem [L.] To the nail; nicely: જરાએ જરા;સંપૂર્ણ રીતે;સચોટ;રામબાણ.

Ad valorem.[L.]According to the value:કિંમત પ્રમાણે;કિંમતવાર;મૂલ્યાનુસાર; મૂલ્યાનુરૂપ.

Æqo animo.[L.]With equanimity: શાંતપ્રકૃતિથી;મગજ ઠેકાણે રાખીને;ઠંડે પેટે.

A fortiori.[L.]With stronger reason: સબળ કારણસર.

Agenda.[L.] Things to be done:કરવાનાં કામો.

Ahuis clos.[Fr.]With closed doors;secretly: બંધ બારણે; ખાનગી-છુપી રીતે;કોઇ ન જાણે તેમ;અપ્રસિદ્ધપણે.

A la mode.[Fr.]According to the prevaling custom or fashion:સંપ્રદાય મુજબ;રીવાજપ્રમાણે;ચાલતી રૂઢી પ્રમાણે.

Alere flammam.[L.]To feed the flame:અગ્નિમાં લાકડાં હોમવાં;ભડકો કo.

Amicus usque ad aras.[L.] A friend even to the alter:માથું આપે તે મિત્ર.

Ami de cour.[L.]A false friend:શેરીમિત્રો સોગણા,તાળીમિત્રઅનેક;ભીડપડેવળગીરહે,સોલાખનમેં એક.

Amorpatriæ.[L.]Love of country: સ્વદેશપ્રેમ.

Amour propre.[L.]Self-love;vanity:આપવડાઈ.

Anno Domini.(*A.D.*)[L.]In the year of our Lord: ઇ૦સ૦; સને; સન.

Anno mundi.[L.]In the year of the world: દુનિયાંના વરસમાં. [રનું;પડેલા પહોરનું.

Ante meridiem [L.]Before noon: બપોરે;બપો-

A posse ad esse, [L.] From possibility to reality:સંભવિત વાત ઉપરથી ખરીવાત ઉપર.

A posteriori. [L.] From the effect to the cause: કાર્યથી કારણ ઉપર.

A priori.[L.]From the cause to the effect: કારણથી કાર્ય ઉપર.

A propos[Fr.]In the point;seasonably:મુદ્દાસર.

Aqua vitæ.[L.]Brandy: બ્રાન્ડીદારૂ.

Ars-en ciel.[Fr.] Rainbow:મેઘધનુષ્ય; ઇંદ્રધનુષ્ય.

Argumentum a fortiori.[L.]:સુતરાંન્નતરાંન્ન્યાય.

A tout prix.[Fr.]At any price:ગમેતે-તેટલીકિંમતે.

Aut Cæsar out nullus [L.]Cæsar or nobody; first or nothing:મારવોતોહસ્તિનેલૂંટવોતોભંડાર.

Aut vini ceri out mori.[L.]Either to conquer or die: મારવું કે મરવું.

A vant propos.[Fr.]Preface:પ્રસ્તાવના.

A volonte.[Fr.]At pleasure: મરજીમાં આવે ત્યારે.

B. [સ્ત્રી; વિદુષી.

Bas bleu.[Fr.]Literary woman: પંડિતા;વિદ્વાન્

Bean ideal.[Fr.] A perfect model of beauty: રતિ.

Beaux yeux[Fr.]Attractive looks:સ્વરૂપવાનકાંતિ
Beles prit.[Fr.] A person of genius:મહાબુદ્ધિમાન પુરૂષ.
Bete noire.[Fr.]A bug-bear:બાવો; મણુમઠીઓ.
Bis dat qui cito dat.[L.]He who gives quickly, gives twice as much:તરતદાન ને મહાપુન્ય.
Bis pueri sense.[L.]Old men are twice boys: ઘડપણ એ બીજું બચપણ.
Bona fide.[L.] In good faith: સદ્બુદ્ધિથી.
Bon ami.[Fr.]Good friend: સારો મિત્ર.
Bon bon.[Fr.]A sweetmeat:મિઠાઈ;સારૂંસારૂં(ખાવાનું);મિઠાની ચાઈ ચાઈ. [આડા રહીને.
Bon gre,mal gre.[Fr.]Willing or unwilling:
Bonhomie.[Fr.]Good nature;frankness:સારો સ્વભાવ;નિખાલસપણું; નિષ્પાપ.
Bon jour.[Fr.]Good-day: રામ રામ. [ફીશીઆરી.
Bon ton.[Fr.]The height of fashion:ફાસીનની
Bon vivant.[Fr.]A good liver;a gourmand: અત્યાહારી.
Brevi manu.[L.]Without delay: સત્તર.
Brutum fulmen.[L.] A harmless thunderbolt:ઢમઢોલ ને માંહે પોલ.

C.

Cætera desunt.[L.] The remainder is wanting:બાકીનું ક્યાં ગયું ?
Cæteris paribus. [L.] Other things being equal: એવાજ સંજોગ હોય તો. [આંધળી છે.
Caca est invidia [L.]Envy is blind: અદેખાઈ
Canaille.[Fr.]The rabble: ઘાંચી ગોલા.
Cap-a-pie.[Fr.]From head to foot: સર્વાંગે; નખથી શિખા સુધી. [કચરો; પુંજો.
Caput mortuum.[L.]The worthless remains:
Carpe diem.[L.]Enjoy the present day:સમય વર્તે સાવધાન. [ઈ કરવીજ જોઇએ.
Casus belli.[L.]That which justifies war:લડા
Causa sine rua non [L.]An indispensable cause: અનિવાર્ય સરત.
Cest-a-dire.[Fr.]That is to say: સારાંશકે.
Chacun a son gout. [Fr.] Every one to his taste:રાજાને ગમી તે રાણી,અને છાણાં વીણતી આણી.
Chef d'œuvre.[Fr.]A masterpiece:વિદ્વત્તાભરેલો લેખ. [પ્રીયતમ;પ્રિયા.
Chere amie.[Fr.] A dear friend;a mistress:
Chevalier d'industrie.[Fr]A swindler:ગજવાંકાતરૂ;ચીનનો શાહુકાર.
Cogito ergo sum. [L.] I think therefore I exist: વિચાર વિના વિશ્વ નહિ. [sent:સર્વાનુંમતે
Communi consensu. [L.] By common con-
Compos mentis [L.]Of a sound mind: અક્કલ હોશિયારીવાળો.
Con amore.[It.]Earnestly: ખરા અંતઃકરણથી.
Conditio sine qua non.[L.]A necessary condition: અગત્યની શરત.
Consensus facit legem.[L.] Consent makes the law:કબુલાત વિના કાયદો કેવો !
Constantia et virtute.[L.]By constancy and virtue:દ્રઢતા અને સદ્ગુણ વડે.
Corpus delicti.[L.]The body of the offence: ગુન્હાનો સાર-મતલબ.
Couleur de rose [Fr.]Rose colour;an aspect of attractiveness:ચિત્તાકર્ષકપણું.
Coup de grace. [Fr.] The finishing stroke: છેલ્લો હાથ મારવો તે. [terprise:સાહસકર્મ.
Coup de main.[Fr.] Disperate effort or en-
Coup d' œil.[Fr.]The first view: પ્રથમ દર્શન.
Credula res amor est. [L.]Love is a credulous affair: ઇશ્ક આંધળો છે.
Cucullus non facit monachum [L.]The cowl does not make the friar: ટીલાં તાણે ભગત ન કહેવાય.
Cul de sac [Fr.]A blind alley:ગલીગુંચી.

D.

Da capo.[It.]From the beginning:શરૂઆતથીજ.
Damnum absque injuria.[L.]Loss without injury(*law phrase*):નુકસાન [રાયએવીખોટ-ટોટો.
Damnum fatale.[L.]Irretrievable loss:ન પુ-
De bonne grace.[Fr.]With good grace; willingly:ખુશીની સાથે. [દિવસે.
De die in diem.[L.] From day to day: દિવસે
De facto.[L.]Really:ખરી રીતે જોતાં.
De gustibus nonest disputandum.[L.]There is no disputing about tastes:સૌસૌનાસ્વાદજૂદા.
Dei gratia[L.]By the grace of God: ઈશ્વરકૃપાએ
De jure.[L.]By right:હક પ્રમાણે; મારી ઠોકીને.
Delenda est Carthago.[L.[Carthage must be destroyed,*i.e.* our rival must be completely disposed of:રોગઅનેશત્રુનેતોપ્રથમથીજમારવા.
Desmortuis nil nisi bonum.[L.]Of the dead say nothing but good:મરનારનુંકંઈભૂંડું ન બોલો.
De novo.[L.]Anew: નવેસર-નામે;ફરીથી.
Deo gratias[L.]Thanks to God:ઇશ્વરનોપાડમાનો.
Deo juvante.[L.]With God's help:પ્રભુસહાયથી.
Deo non fortuna.[L.] From God, not from fortune:નસીબથી નહીં પણ પરમેશ્વરને લીધે.
Deo volente.[L.]God willing:પરમેશ્વર કરશે તો.
Dernier ressort.[Fr.] A last resource;a last appeal: છેલ્લો ઈલાજ. [વાંકાચુંકો રસ્તો.
Detour. [Fr.] A turning;a circuitous route:
Dies non.[L.]A day on which judges do not sit (*law phrase*): અણુજે;રજાનો દહાડો.
Dieu defend le droit[Fr.]God defends the right:સત્યનો બેલી રામ.
Dieu et mon droit.[Fr.]God and my right; જેને રામ રાખે તેને કોણ ચાખે ?

Dulce est desipere in loco.[L.]It is pleasant to play the fool or unbend one's self, at the proper time:સમ્રનાં ગીત તે સમ્રમાંજ ગવાય.
Dum spiro, spero. [L.] While I breathe, I hope:સાસ ત્યાં સુધી આશ.
Dum vivimus,vivamus.[L.]While we live, let us live: જીવવું તો જીવ્યાનું સાર્થક કરવું.
Duomo.[It.]A cathedral: દેવળ.

E.

Eau de vie.[Fr]Water of life;brandy:બ્રાંડી;દારૂ
Ego et rex meus [L] I and my king:હું અને મારા રાજા.
El Dorodo. [Sp.]The golden land:સુવર્ણભૂમી.
Embonpoint.[Fr.]In good condition;plump: માતું તાજું;હૃષ્ટ પુષ્ટ.
En arriere.[Fr.] In the rear, back: પાછળ.
En deshabille.[Fr.] In undress: નગ્ન; નવસ્ત્ર.
En grande tenue.[Fr]In full dress:સોળેશણગાર સજીને.
En masse.[Fr.]In a body: ભેગા મળીને.
En passant.[Fr.]In passing; by the way:માંહેથી માંહે; વાતમાં વાત.
En regle.[Fr.]According to rules:નિયમપ્રમાણે.
En route.[Fr.]On the way: જતાં.
En suite.[Fr.]In company: રસાલા સાથે.
En tout.[Fr.]In all:એકંદર;કુલ. [જાણીએ છો ?
Entre nous.[Fr.]Between ourselves:આપણુંજ
En verite.[Fr.]In truth; verily: ખરેખર.
Errare est humanum. [L.] To err is human: મનુષ્ય જાત દોષ કરે. [દોષ.
Erratum.Pl. Errata.[L].An error:ભૂલ; ચૂક;
Esprit de corps. [Fr.]The animating spirit of a collective body, as of the bar: મંડળ ચાંચલ્ય.
Et cœtera.[L.]And the rest: ઈત્યાદિ. [રણપૂર્વક.
Ex animo.[L.]Heartily:ખરાઅંતઃકરણથી;અંતઃક-
Ex capite [L.]From the head;from memory: મોઢેથી; યાદદાસ્તી ઉપરથી. [મુખ્ય સત્તાથી.
Ex cathedra. [L.] From the chair: સર્વોપરી-
Excelsior.[L.]Higher: વધારે ઉંચું.
Ex curia. [L.] Out of court: કોર્ટમાંથી.
Ex cempti gratia.[L.] By way of example: દાખલા તરીકે.
Exit.[L.]He goes out: તે મરી ગયો.
Exitus acta probat [L.] The event justifies the deed:વિવાહનાં ગીત માંડવેજ ગવાય. [રૂએ.
Ex officio.[L.]In virtue of his office: હોદ્દાની
Ex parte.[L.]On one side only: એક તરફી.
Experto crede.[L.]Trust one who has tried: પરડાં વિના ગાડાં ન વળે. [રાંડયા પછીનું ડહાપણ.
Ex post facto. [L.] After the deed is done:
Ex tempore. [L.] Without premeditation: શીઘ્રપણે;તેને તેજ વખતે.
Ex uno dice omnes.[L.]From one learn all: થોડું લખ્યું ઘણું કરી વાંચજો.

F.

Facilis descensus Averno.[L.]The descent to hell is easy:વાળી ઘડાવતાં વાર,નાકકાપતાંશીવાર!
Fac simile [L.]Make it like;an exact imitation:નો સાક્ષાત્ અવતારજ.
Factotum.[L.] Do all;a man of all work:સબ બંદરકા વેપારી. [વાંકું છે.
Fata obstant.[L.]The fates oppose it:નસીબજ
Felicitas mullos habes amicos.[L.]Prosperity has many friends:હીલાવનનાં સુડા ઘણા.
Felo de se.[LowL.]A suicide:આપઘાત;આત્મહત્યા.
Femme de chambre. [Fr.] A chambermaid: દાસી; લુંડી. [કુમારીકા.
Femme sole.[Old Fr.]An unmarried woman:
Fiat justitia ruat cœlum.[L.]Let justice be done, though the heavens should fall:આભ તૂટી કાન પડે; પરંતુ ઈન્સાફતો કરવોજ જોઇએ.
Fidei defensor.[L.] Defender of the faith: ધર્મ પ્રતિપાળ. [વિશ્વાસઘાત.
Fides Punica. [L.] Punic faith; treachery:
Fidus Achates.[L.]Faithful Acha:માથું આપે એવો ખરો વિશ્વાસુ મિત્ર.
Fortuna favet fortibus.[L.] Fortune favors the brave:હિંમતે મરદા તો મદદે ખોદા.
Fronti nulla fides.[L]There is no trusting to appearances: પીળું એટલું સોનું નહિ; કાળા એટલા ભુતનાસાળા નહિ. [ભાઈ,ઉતર્યા અમલ કોડીના.
Fuit Ilium[L.]Troy has been,but is no more:

G.

Gaide du corps.[Fr.] A bodyguard:અંગરક્ષક.
Gens d' armes.[Fr.]Armed police:હથિયારબંધ પોલીસ.
Gens de letters [Fr.]Literary people:સાક્ષરમંડળ.
Gli assenti hunno torto.[It.]The absent are in the wrong:જાગતાની પાડી અને ઉંઘતાનો પાડો.
Gloria Deo in excelsis.[L.]Glory to God in the highest:ઇશ્વરનો પરમ મહિમા.
Gloria Patri.[L]Glory be to the Father:એ સર્વ મહિમા પ્રભુનો.
Grande parure. [Fr.]Full:સોળે શણગાર.

H.

Historiette.[Fr.] A little history;a tale:વાર્તા; અલ્પ વૃતાન્ત. [મ વર્ગ; નીચ લોકો.
Hoi polloi.[Fr.] The many; the rabble:અધ-
Homme d'esprit. [Fr.] A man of talent or of wit:બુદ્ધિશાળી પુરૂષ.
Honi soit qui maly pense.[Fr.]Evil to him who evil thinks: જેંસના શિંગડાં જેંસને ભારે, ખોદે તે પડે.

Honorarium.[L.]A fee paid for professional services:ફી;લવાજમ. [વાને છાજ ઉપડતી નથી.

Horribile dictu.[L.]Terrible to be said: કહે-

Hotel de ville. [Fr.] A town hall:ટાઉનહૉલ.

Humanum est errare.[L.]To err is human: મનુષ્ય ભુલ કરે; માણુસ જાતની ભૂલ થાય.

I.

Ibidem. [L.] In the same place:એજ જગ્યાએ.

Ich dien. [G.] I serve:હું સેવા બજાવુંછું.

Id est.[L.] That is: એટલેકે;અર્થાત્.

Ignorantia legis neminem exusat. [L.] Ignorance of law is no exuse:કાયદાનું અજાણ્-પણું એ કંઈ બહાનું ચાલે નહિ.

Il n'est sauce que d' appetit. [Fr.] Hunger is the best sauce:ભૂખ ન દેખે સુક કે લુખ.

In ambiguo.[L.]In doubt: શકમાં.

In articulo mortis. [L.] At the point of death: મરતી વખતે.

In esse.[L.] In being: હૈયાતીમાં.

In extenso.[L.]At full length:સવિસ્તાર;સદાબરૂ.

In extremis.[L.]At the point of death:મરણ્-ની અણી ઉપર. [બ માણુસ તરીકે.

In forma pauperis.[L.]As a poor man:ગરી-

In foro conscientiæ.[L.]Before the tribunal of conscience:અંતર્યામિના દરબારમાં.

In loco.[L.]In the place: યોગ્ય સ્થાને.

In loco parentis. [L.] In the place of a parent: માબાપને ઠેકાણે [રણાર્થે.

In memoriam.[L.]To the memory of:નાસ્મ-

In ovo.[L.]In the egg: ગર્ભમાં.

In pace.[L.]In peace:સલાહ સંપમાં;સુખ ચેનથી

In petto.[L.]In reserve: ઇલાયદુ;અલગ;અનામત.

In posse.[L.]In possible existence:કદાચ;વખતે.

In propria persona.[L.]In person:જાતે;પંડે.

In puris naturalibus.[L.]Completely naked:આખે જન્મ્યું હોય તેવું.

In re.[L.]In the matter of: ના સંબંધમાં.

In rem.[L.]Against the thing or property: વસ્તુ-મિલકત સામે. [things:સ્વભાવિક રીતે.

In rerum natura. [L.] In the nature of

In sano sansu.[L.] In a proper senses: ખરી રીતે જોતાં. [યોગ્ય સ્થાને.

In situ. [L.] In its original situation: તેના

In statu quo.[L.]In the former state:આગલી સ્થિતિમાં. [માંહે.

Inter alia.[L.] Among other things: માંહેથી

Inter nos.[L.]Between ourselves: આપણે બે જણજ જાણીએ હો !

In terrorem.[L.]As an example; as a warning:દાખલા તરીકે; ચેતવણી દાખલ.

Inter se.[L.]Among themselves: માંહોમાંહે.

In toto. [L.] In the whole;entirely: આખું ને આખું; સદાબરૂ. [માંહે.

Intra muros [L.] Within the walls: કિલ્લાની

In transitu.[L.]On the passage:રસ્તામાં;માર્ગમાં.

In vacuo.[L.]In empty space: ખાલી જગ્યામાં.

In vino veritas.[L.]There is truth in wine: દારૂ પીધા પછી પેટની વાત બહાર આવે.

Ipse dixit.[L.] He himself said it;dogmatism:પોતાનોજ કક્કો ખરો;પોતે બોલ્યા તે જાણે પરમેશ્વરજ બોલ્યા. [શબ્દો.

Ipsissima verba.[L.]The very words:એનાએજ

Ipso facto.]L.] In the fact itself:એજવાતમાં.

Ira furor brevis est. [L.] Anger is brief madness:ગુસ્સોએ થોડીવારનું ગાંડપણુ છે.

J.

Jacta est alea [L.]The die is cast:પાસો પડયો તે પડયો. [જાણે મારી.

Je ne sais quoi.[Fr.] I know not what: બલા

Judicium Dei.[L] The judgment of God: દેવનિર્ણય. [યદા મુજબ.

Jure divino. [L.] By divine law: ઇશ્વરના કા-

Jure humano[L.]By human law:માનુષીનિયમથી

Jus civile. [L.] Civil law:દિવાની કાયદો.

Jus divinum[L.]Divine law:ઈશ્વરીકાયદો-નિયમ.

Jus gentium.[L.] Law of nations:પ્રજાનોકાયદો.

Juste milieu.[Fr] The golden mean: વચલો વાંધો;મધ્યપક્ષ.

L.

Labour ipse voluptas. [L.] Labour itself is pleasure:મહેનતમાંજ આનંદ છે.

